૧૯૪૫ - 1945

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266

લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬] મુંબઈ: ૧ જાન્યુઆરી ૧૯૪૫ સોમવાર [અંક ૧૭

આ તે વાસ્તવિકતા કે કવિકલ્પના ?

(કેટલીક વાસ્તવિક હકીકતો કવિકલ્પનાને વટાવી જાય તેવી હોય છે. આ કોટિમાં આવતાં થોડા સમય પહેલાં 'પ્રવાસી'માં પ્રગટ થયેલાં શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠનાં બાલ્યકાળના કેટલાક સ્મરણો નીચે આપવામાં આવે છે. —તંત્રી)

એક મિત્રે મારો છેલ્લો લેખ વાંચેલો. તે વાંચીને મને એમણે ગયા રવિવારે કહ્યું કે 'તમે ત્રીશ રૂપિયાના પગારમાં નોકરી કરતા હતા, એ તો આજે વાંચ્યું ત્યારે જાણ્યું.'

હકીકત એમ છે કે મારા નામની પાછળ 'શેઠ' શબ્દ આવે છે તેને અંગે મારી સ્થિતિ સંબંધમાં ખોટી માન્યતાના ઘાડાં ધુમ્મસ છવાયાં છે. મારા મિત્રની ઉપર જણાવેલ ટીકા પણ એ જ પ્રકારની છે. એ બધાં ધુમ્મસ વિખેરી નાખવાનો પ્રયાસ હું હંમેશાં કરતો આવ્યો છું. પણ જાહેરમાં અને એક લેખ દ્વારા એમ કરવાની આજે હું તક લઉં છું.

મારૂં કુટુંબ લીંબડીનું શેઠ કુટુંબ છે. મારી ત્રણ પેઢી પહેલાં અમારૂં કુટુંબ સારૂં પૈસાવાળું હતું. ચારેક પેઢીથી લીંબડીમાં માન, કુટુંબની સંપત્તિ અને પ્રતિષ્ઠા ચાલ્યાં આવતાં હતાં. અમારૂ કુટુંબ નાનજી હુંગરસી શેઠવાળાનું કુટુંબ કહેવાય છે ઇતકથાઓ તો એવી છે, અને ઇતિહાસથી અમુક પ્રકારે તેને સમર્થન મળે છે, કે લીંબડીના રાજ્યકર્તાઓના અમે શેઠ હતા. રાજા પોતે આવીને અમારે ત્યાં પૈસા માટે લાંધવા બેસતા. એક રાજકુમારીના લગ્ન પ્રસંગે એ કુમારીને કાપડામાં અમારા કુટુંબે સવાલાખ રૂપિયા આપ્યાનું કહેવાય છે. અનેક પ્રકારની નકશીવાળા અમારા ઘરોના થાંભલા અને ઝરૂખાઓ જોવા માટે અનેક માણસો આવતા. મર્હૂમ સર જસવંતસિંહજી પોતાના યુરોપિયન મિત્રોને અમારા ઘરોની કારીગીરી જોવા લઇ આવતા. આજે પણ એ તોતીંગ દરવાજાવાળા અમારા ડેલાઓ, એ જીર્ણ રતંભો, એ ઇતકથા જેવા અમારા ઘરના ગોખા અને ઝરૂખાઓ અમારા કુટુંબની જૂની જાહોજલાલીની સાક્ષી પૂરે છે.

અમારી એ જૂની જાહોજલાલીના અવશેષ રૂપ મારૂં ઘર મેં હમણાં જ વેચી નાંખ્યું છે. એક દેશી રાજ્યસ્થાનના પ્રજાજન તરીકેની મારી ગુલામી મને એટલી ત્રાસ–આપતી હતી કે મારા કુટુંબનો ઇતિહાસ, મારા જૂના ઘર માટેનો મારો મોહ, અને મારા પ્રિય વતન લીંબડી માટેની મારી ગાઢ મમતાને મેં તોડીફોડી ફેંકી દીધાં છે. ભાવનાની આગમાં મમતાને બાળી મૂકી છે. સ્વાધીનપ્રિયતાના યજ્ઞમાં પુરાણા પ્રેમને સળગાવી દીધો છે.

સ્થૂળ લીંબડી સામે મારા ચર્મચક્ષુઓ હું બંધ રાખવા માંગુ છું. છતાંયે મારૂં વતન અને મારા વતનના બિરાદરોની યાદનો અખંડ દીવો મારા જિગરમાં સદાયે જલતો રહે એવું હું ઇચ્છું છું.

વળી પાછો હું આડો ઉતરી ગયો.

હું એમ કહેવા માગતો હતો કે મારા પિતામહ સુધી અમે શ્રીમંત હતા. મારા પિતાનું બાળપણ શ્રીમંતાઇમાં પસાર થએલું. પણ પછી, સને ૧૮૬૪ ના અરસાના તેલના સટ્ટાએ અમારી સંપત્તિ લૂંટી લીધી. લીંબડી, ધ્રોલેરા વગેરેની અમારી પેઢીઓ સાફ થઇ ગઇ. મારા પિતાએ પોતાનું યૌવન ગરીબાઇમાં શરૂ કર્યું પોતાનું જીવન માસિક ચૌદ રૂપિયાના એક ગ્રામ શિક્ષક તરીકે પસાર કર્યું. મારૂં બાળપણ તો આજે પણ મને રીબાવતી ગરીબાઇની યાદ આપે છે.

મારા પિતા ધ્રાંગધ્રા રાજ્યમાં ગ્રામ શિક્ષક તરીકે નોકરી કરતા. હું અને મારા મોટાભાઇ લીંબડીમાં અને પછી વઢવાણમાં ભણતા. મારા સદ્‌ગત માતુશ્રી પારકાં દળણાંપાણી કરી અમારો અભ્યાસ ચાલુ રખાવતા.

તે કાળમાં પ્રાથમિક શિક્ષણ માટે લીંબડીની શાળાઓમાં માસિક એક આનાની ફી હતી. ફી ભરવાનો દિવસ આવે ત્યારથી કંઇ દિવસો અમારે માટે વિપત્તિના આવતા. એક પાઇનું પાણીનું એક બેડું; એમ બાર બેડાં પણી મારા બા ભરી આવે ત્યારે એક આનો મળે. એ એક આનો મળે ત્યારે મારી નિશાળની ફી અપાય ! અમારે ખાવા માટે શાકો કે દાળો તો કયાંથી હોય ? એટલે છાશ જોઇએ તે કાળમાં છાશ વેચાતી મળતી એક પાઇની એક બોઘરણી; અથવા એક પૈસાનું એક બોઘરણું છાશ મળે. એ પાઇ કે પૈસો આપવાની પણ અમારી તાકાત નહિ એટલે એ બોઘરણી છાશને માટે એક પાલી દળવાનું મારા બા લઇ આવે. એટલું દળી આપી તેના બદલામાં છાશ લઇ આવે; તે બાદ એ. દૂધ તો તે વખતે એક પૈસે શેર મળતું. પણ પૈસો લાવવો કયાંથી ? લીંબડીની પ્રાથમિક શાળામાં ભણતી વખતે કોઇ વખત દૂધ ખાધાનું મને યાદ આવતું નથી.

હું ગુજરાતી શાળાઓમાં ભણતો ત્યાં સુધી તો કોઇ વખત મ્હારે પહેરવા જોડા હું મેળવી શકયો નહોતો. જોડાની એક જોડના છ આના તે વખતે પડતા હોવાનું મને યાદ છે. એટલા પૈસા નહોતા. મને યાદ છે ત્યાં સુધી અંગ્રેજી ધોરણ બીજામાં જ્યારે હું આવ્યો ત્યારે મેં પહેલવહેલા જોડા પહેરેલા. અત્યારે આ લખું છું ત્યારે પણ તે દિવસ મારી નજર આગળ જાણે તરી આવે છે. મારા પિતાશ્રી લીંબડી આવેલા. તેમણે બાર આના ખર્ચીને મને બૂટ શીવડાવી આપેલા. તે બૂટ પહેરીને મોરબાઇના ડેલા પાસે હું રમવા ગએલો. મારા જેવી જ ગરીબી ઘરાવતા મારા રમતના મિત્રો પાસે મારી સંપત્તિનું હું પ્રદર્શન કરતો હતો !

સંવત ૧૯૫૬ ની સાલમાં કાઠિયાવાડમાં દુષ્કાળ પડેલો. એની કારમી યાદ છપ્પનિયા દુષ્કાળ તરીકે હજી પણ ચાલુ છે. તે કાળ આજે પણ મને બરાબર યાદ છે. તે વખતે મારી ઉમ્મર ૮–૯ વર્ષની હતી. અમારા ઘરનાં મારા મતુશ્રી, અમે ત્રણ ભાઇઓ અને એક બ્હેન, એમ પાંચ જણા હતા. દુષ્કાળથી મૃત્યુ પામેલા મુડદાંઓ તો જોએલા નહિ, કારણકે એ પ્રકારની સમજણ, દૃષ્ટિ કે તક કયાંથી હોય ? આજના બાળકોને જે સમજણ દૃષ્ટિ તક મળે છે, તે તે વખતે નહોતી. અમે તો ઘોર અંધકારમાં સબડતા હતા. પણ મારા ઘરની વાત મને યાદ છે. મારા બાએ ઘરનું ખર્ચનું બજેટ કરેલું. ઘી દુધનો પ્રશ્ન નહોતો. શાક દાળની પણ એ જ સ્થિતિ હતી. લાલ મરચાંનો મસાલો બનાવીને તેમાં તાજા તેલનું ટીપું નાખવું. તે શાક થયું. તેમાં સહેજ સહેજ બોળીને રોટલો ખાવો. એ માટે દર મહિને બે આનાનું તેલ લાવવું. બાકી પરચુરણ ખર્ચના બે આના. બાજરી અને ખીચડી દર મહિને ૩॥-૪ રૂપિયાના મેળવવા. કુલ પચાસ રૂપિયામાં છપ્પનિયો કાઢયો હોવાનું મને યાદ છે. એ પૈસા પણ કરજે કાઢેલા; કારણ કે ધ્રાંગધ્રા રાજ્યે દુષ્કાળને કારણે નોકરીઆતોના પગાર જ ચુકવેલા નહીં ! એટલે મારા પિતાશ્રી માંડમાંડ પોતાનું ત્યાં નીભાવતા અને અહીંઆં સગાંવહાલાં ઓળખીતાઓ પાસેથી કરજે કાઢીને અમે નીભાવ્યું !

નિશાળમાં તદ્દન ફ્રી કે અર્ધ ફ્રી વિદ્યાર્થી તરીકે ગુજરાતી અને અંગ્રેજી હું ભણ્યો છું. નવાં પુસ્તકો ખરીદવાને કોઇ દિવસે અમારી પાસે પૈસા નહોતા. આગળ ભણી ગએલા વિદ્યાર્થીઓ પાસેથી જૂનાં પુસ્તકો માંગી લાવીને કે બેચાર પૈસામાં ખરીદ કરીને મારા પાઠય પુસ્તકો હું મેળવતો.

આવી ગરીબાઇમાં હું જન્મ્યો, ઉછર્યો, અને કેળવાયો છું. 'શેઠ' શબ્દ મારી સ્થિતિ સંબંધમાં ભ્રામક ખ્યાલ ઉત્પન્ન કરનારો છે, એ વસ્તુ સ્પષ્ટ કરવા આટલું પીંજણ મ્હેં કર્યું છે. **અમૃતલાલ દલપતભાઇ શેઠ.**

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જાન્યુઆરી ૧ ૧૯૪૫

સ્વ. શ્રી કુંવરજીભાઈ આણંદજી

ભાવનગરમાં પોષ શુકલ એકાદશી તા. ૨૫-૧૨-૪૪ ના દિવસે જૈનદર્શનના પ્રખર વિદ્વદ્રત્ન શ્રીયુત કુંવરજીભાઇનો ૮૧ વર્ષની ઉમ્મરે એદજનક સ્વર્ગવાસ થયો. અને જૈન સૃષ્ટિમાં એક જ્યોતિર્માન તારકનો અસ્ત થયો; એઓશ્રી ભાઇ પરમાનંદના પિતા થાય; તેઓ શેઠ આણંદજી પુરુષોત્તમના વિશાળ કુટુંબમાં એક નરરત્ન હતા; એમનું અખિલ જીવન ધાર્મિક અને સામાજિક સેવાના વિવિધ કાર્યોમાં અને સાહિત્યસમૃદ્ધિમાં વ્યતીત થયું; ભાવનગર શ્રી સંઘની તેઓ અગ્રગણ્ય વ્યક્તિ હતા; ભાવનગર શ્રી સંઘના પાંજરાપોળ, વિદ્યાશાળા તથા કન્યાશાળા વગેરે અનેક સંસ્થાઓના સેક્રેટરી તરીકે ઘણા વર્ષો સુધી સફળ કાર્યવાહી કરી હતી; સં. ૧૯૬૪ માં ભાવનગરમાં જૈન કોન્ફરન્સના સેક્રેટરી તરીકે કાર્ય કરી કોન્ફરન્સને ફતેહમંદ બનાવી હતી; એ વખતે શ્રી જૈનધર્મપ્રસારક સભાનો રૌપ્ય મહોત્સવ સ્વ. પટણી સાહેબના અધ્યક્ષપણા નીચે ઉજવાયો હતો અને જૈન સમાજનું સન્માન પ્રાપ્ત કર્યું હતું; પાંજરાપોળ માટે લગભગ પાંચ વર્ષ પહેલાં મુંબઇ આવી સારું ફંડ એકઠું કરવામાં અગ્રભાગ લીધો હતો; ભાવનગરમાં સ્વ. પૂ. શ્રી વૃદ્ધિચંદજી મહારાજ પાસે એમણે પોતાના સહાધ્યાયીઓ સ્વ. વહોરા અમરચંદભાઇ તથા અમારા પૂ. પિતાશ્રી સ્વ. શ્રી ઝવેરભાઇ વગેરે સાથે બાલ્યાવસ્થાથી ધાર્મિક અભ્યાસની શરૂઆત કરી હતી; એ અભ્યાસ પ્રતિદિન વિશાળ થતો ગયો અને જૈનદર્શનના અનેક ગ્રંથોનું કુશાગ્રબુદ્ધિથી વિશાળ વાંચન અને અવગાહન કર્યું; અનેક સાધુસાધ્વીઓએ અને ગૃહસ્થોએ એમના પાસે ધાર્મિક અભ્યાસ કરેલો છે; સંસ્કૃત અને માગધી ભાષાના જ્ઞાન ઉપર અજબ કાબુ હતો; જૈનદર્શનના ચારે અનુયોગોના ઉચ્ચ જ્ઞાનનો ક્ષયોપશમ સુંદર રીતે પ્રાપ્ત કરેલો હતો; ધાર્મિક પ્રશ્નોના શાસ્ત્રીય દૃષ્ટિએ ઉત્તરો તો તેમને કંઠસ્થ જ હોય; જૈનધર્મ પ્રસારક સભાના પ્રમુખ તરીકે અને જૈનધર્મપ્રકાશ માસિકના સંચાલક તરીકે લગભગ સાઠ વર્ષની એમની જ્વલંત કારકીર્દી છે; પુષ્કળ લેખોદ્વારા જૈનસૃષ્ટિને સાહિત્યસમૃદ્ધ કરી છે; વિદ્વત્તાવાળી છતાં સાદી ભાષા વાળી લેખનશક્તિ અને વક્તૃત્વશક્તિ ઉભયનો વિરલ સંયોગ એમનામાં હતો; સ્વ. મણીલાલ દ્વિવેદીનું 'પુરુષાર્થહીન જીવન મૃત્યુ કરતાં પણ અધિક દુઃખકારક છે'-વાક્ય-આખા જીવનમાં પુરુષાર્થપરાયણ રૂપે અવિરતપણે વર્તનમાં મુકયુ હતું; ઉપરાંત દેશવિરતિપણાનું સંયમી જીવન-સામાયિક પોષધ પ્રતિક્રમણાદિ આવશ્યક કાર્યોવાળું અને દ્વાદશ વ્રતધારીરૂપે આચારમાં મુકેલું-એ એમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનનું ફળરૂપ હતું; આહારમાં માત્ર પાંચજ ચીજો લેવી અને લીલોતરીનો સદંતર ત્યાગ એ વર્ષો થયાં એમનો વાસનાસંયમ હતો; સભાદ્વારા લગભગ અઢીસો ગ્રંથોનું સંપાદન એમના આધિપત્ય નીચે થયું છે; **'परिचरितव्याः सन्तः कथयंति यद्यपि न सदुपदेशम्'**-એ સુભાષિત -એમને માટે સાર્થક હતું. કમકે હરકોઇ જિજ્ઞાસુ મનુષ્યને એમને મળીને આવ્યા પછી કોઇ પવિત્ર અને પ્રોત્સાહક મૌન વાતાવરણમાંથી ઉચ્ચ સંસ્કારો મેળવીને આવેલ છે એમ લાગણી અનુભવાતી; અનેક મુનિવર્યોના ગાઢ પરિચયમાં આવી વર્ષો સુધી દર્શન જ્ઞાન ચારિત્રનો લાભ એમણે પ્રાપ્ત કરેલો હતો અને પોતાના સમાગમમાં આવનાર મનુષ્યોને વહેંચ્યો છે; સદ્ભાગ્યે અમોને પણ એમના પ્રશસ્ત સમાગમનો અવારનવાર લાભ મળ્યો હતો; સ્વ. સન્મિત્ર મી કર્પૂરવિજયજી મહારાજ પાસે શ્રીમાન હરિભદ્રસૂરિ કૃત 'યોગ બિંદુ' સાથે વાંચતા હતા અને એમની પોતાની પાસે લોકપ્રકાશ વગેરે ગ્રંથો વાંચવાનો અને સમજવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો; મનુષ્યસહજ અપૂર્ણતા એમનામાં પણ હોઇ શકે; પરંતુ જે સર્વગ્રાહી અને ઉદાત્ત ધાર્મિક જીવન જીવી ગયા એ આપણા અનુભવના આરીસામાં અવલોકવું તે મર્યાદા બહારનો વિષય છે; સમાધાનપ્રિયતા એ તો એમનું જીવનસૂત્ર હતું; સુખદુઃખના પ્રસંગોમાં નિમિત્ત કારણ કરતાં ઉપાદાન કારણ-પૂર્વકૃત આત્માનાં કર્મોની મુખ્યતા ઉપર એમનો હમેશનો ઉપદેશ હતો અને પોતે તે મુજબ વર્તતા; સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રના સત્રો-મંદિરો, ઉપાશ્રયો, પાઠશાળાઓ, બોર્ડીંગો અને ધર્મશાળાઓ વગેરે માટે અનેક મનુષ્યોને સલાહ અને તન મન ધનથી સહાય અર્પી હતી; ભાવનગર મહાજનમાં પણ તેમની સલાહની મુખ્યતા હતી એટલું જ નહિં પરંતુ સ્વ. દિવાન સાહેબ શ્રી. પ્રભાશંકર પટણી સાથેનો તેમનો ભર્તૃહરિના વચનાનુસાર સજ્જનમૈત્રીમય સંબંધ હતો. એમનામાં પ્રચંડ વિદ્યાભ્યાસ, ઇંદ્રિયસંયમ, વ્યવહારનિપુણતા, ધર્મશ્રદ્ધા, જ્ઞાનદાન, વિશાળવાંચન અને સ્નેહી સંબંધી રૂપે જીવનમય અનેક ગુણ વિકાસ પામેલી શક્તિઓ હતી. લગભગ દશ વર્ષ પહેલાં પ્રસારકસભાનો સુવર્ણ મહોત્સવ પણ ઉજવાયો હતો અને એમના જીવન કાર્યોનું ઉચિત સન્માન સ્વ. સાક્ષર શ્રી આનન્દશંકર ધ્રુવની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું; એકયાશી વર્ષનું જીવન ધાર્મિક અને સામાજીક સેવામાં વ્યાપક હોઇ આ વિલાસમય જમાનામાં તો સૌભાગ્યરૂપ ગણાય; એમના અભાવથી એમના કુટુંબને, ભાવનગર શ્રી સંઘને અને મહાજનને અને અખિલ હિંદુસ્તાનના જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે; પ્રાચીન અને અર્વાચીન જમાનાની સાંકળ રૂપ થવા જેટલું તેમનું ઉદાત્ત અને વિશાળ હૃદય હતું. વર્તમાન ઉચ્ચ જીવન જીવી શુભ સંસ્કારોથી સમૃદ્ધ થયેલો એમનો અમર આત્મા જો કે સ્થૂલપણે અદૃશ્ય થયો છે પરંતુ એમણે વહેંચેલા ધાર્મિક સંસ્કારોના બીજો જૈન સમાજમાં ભવિષ્યમાં ફાલીફૂલીને વૃક્ષ અવશ્ય બનશે; કવિ ભવભૂતિની **'जयति तेऽधिकं जन्मना जगत्'**-એ ઉક્તિપૂર્વક આપણે એમને અલ્પ નિવાપાંજલિ અર્પી સાર્થકતા માનીએ અને સ્વ. કવિસમ્રાટ્ રવીંદ્રનાથ ટાગોરના કાવ્યમય શબ્દોમાં-'આ ભરપૂર ભરેલું જીવન મારું, દશે ધરાવી જીવન સારું-જે દિન મરણ પધારે દ્વારે.'-સમર્પણશીલ સેવામય એમનું જીવન ભવિષ્યમાં જૈન સમાજને અનુકરણીય દૃષ્ટાંતરૂપ બની રહે તેટલા માટે એમના લઘુ બંધુ ગુલાબચંદભાઇ, શ્રીયુત મોતીચંદભાઇ અને પરમાનંદભાઇનો શાંતિ રાખવા સાથે સંસ્મરણરૂપે એમની સમગ્ર જીવનકલાના રંગો જીવનચરિત્રરૂપે જૈન સમાજ સમક્ષ મુકવા પ્રબંધ કરવા તથા ભાવનગર શ્રી સંઘને એમની સમાજસેવા અને ધાર્મિક સેવાની અલ્પ કદર તરીકે એમનું યોગ્ય સ્મારક રચવાની યોજના કરવા નમ્ર સૂચના કરી વિરમીએ છીએ.

ફતેહચંદ ઝવેરભાઈ

—:o:—

મુંબઈ જૈન યુવક સંઘનો ખેદ

જૈન કોમના અગ્રણી, જૈન કોમ અને જૈન સાહિત્યની જીવનભર સેવા કરનાર ભાવનગરનિવાસી શ્રી કુંવરજીભાઇ આણંદજી કાપડીઆના તા. ૨૫ મી ડીસેમ્બર ૧૯૪૪ ના રોજ થએલા અવસાનથી સમસ્ત જૈન સમાજને ભારે ખોટ પડી છે. સદ્ગતનું જીવન સાદું અને સેવાભાવથી ઓતપ્રોત હતું. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની તા. ૧-૧-૪૫ ના રોજ મળેલી સભા તેઓશ્રીના અવસાન અંગે પોતાનો અત્યંત ખેદ જાહેર કરે છે, તેઓશ્રીના કુટુંબીઓ પ્રત્યે દીલસોજી દર્શાવે છે અને સદ્ગતના આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે.

યુગધર્મ અને આત્મવિશ્વાસ

(સાધ્વીજી શ્રી ઉજ્જવલ કુમારીજીના એક વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

યુગધર્મ એટલે આજના યુગનો ધર્મ. કદાચ કોઇને પ્રશ્ન થાય કે શું ધર્મ યુગે યુગે બદલાતો હશે? નહિ જ. ધર્મ તો એક છે. ધર્મ કોઇ કાળે બદલાતો નથી–અને બદલાશે પણ નહિ. ફેરફાર થાય છે ફકત એનાં સાધનોમાં–દેશ કાળ અનુસાર સાધનોમાં અવશ્ય ફેરફાર થવો જ જોઇએ.

ઋતુઓ બદલાય છે, અને જેમ ખાનપાનમાં ફેરફાર થાય છે–શિયાળો આવે છે–અને ગરમ કપડાં અંગ ઉપર ધરાય છે.–એટલે કે ઋતુઓનાં પરિવર્તને જીવન વ્યવહારનાં સાધનોમાં ફેરફાર જરૂરી છે, તેમ ધર્મના સાધનોમાં પણ કાળ બદલાયે પરિવર્તનની આવશ્યકતા છે. વિવેકાનંદે કહ્યું છે કે યુગની સાથે એના હીત સિધ્ધાંતે બદલાવા જ જોઇએ.

ભક્તિયુગનો પણ એક યુગ હતો. કબીર–મીરાં એ યુગનાં પ્રધાન સંત હતા મહાવીર અને બુદ્ધ જ્ઞાન યોગી હતા. રાજયોગનો પણ એક સમય હતો. આજનો યુગ છે કર્મયુગનો આજના યુગને નિષ્કામ કર્મ-યોગની જરૂર છે. નિષ્કામ–કર્મ એટલે સેવાધર્મ.

આજના યુગની વિષમતા

જ્યારે સમાજ સ્થિતિમાં વિષમતા વધી જાય છે ત્યારે કર્મયોગની જરૂર રહે છે. સમાનતા હોય ત્યાં એની જરૂર નથી. જ્યાં બધા સ્વતંત્ર હોય–બધા સુખી હોય–ત્યાં ભક્તિયોગ જરૂરનો છે. અત્યારે જગતમાં વિષમતાનું જોર વ્યાપેલું છે એ વખતે કર્મયોગની જરૂર છે. વિષમતાને ટાળી સમભાવ–સામ્યભાવ પ્રાપ્ત કરવો એ આજનો યુગધર્મ છે.

માનવ–માત્રની સાર્વત્રિક સમાનતા થવી અસંભવિત છે. એના બે કારણો છે:—

(૧) કર્મભેદ–જૈન સિદ્ધાંત એમ કહે છે કે દરેકને પોતાના કર્માનુસાર ફળ ભોગવવા જ પડે છે. તો પછી સાર્વત્રિક સમાનતા સંભવે જ કેમ? દરેક માનવ માત્રના કર્મ ભિન્ન ભિન્ન હોય છે. તદનુસાર એને એ મુજબ જીવનની સામગ્રી પ્રાપ્ત થાય છે.

(૨) બુદ્ધિનું તારતમ્ય,–દરેકને સરખું જ મળે એવી જે વ્યવસ્થા હોય તો વધુ મજુરી કરનાર કે વધુ બુદ્ધિનો ઉપયોગ કરનાર બન્ને ઓછી આવડત ધરાવનાર જેટલું જ પ્રાપ્ત કરે. ત્યારે એને એમજ થાય છે કે અમારે અમારી શક્તિનો વધુ ઉપયોગ શા માટે કરવો? આમ જોતાં કોઇ કાળે સાર્વત્રિક સમાનતા સંભવિત નથી જ. પરંતુ અત્યારે જે પ્રકારની વિષમતા વ્યાપેલી છે તેમાં સમાનતા લાવવાની જરૂર છે જ. આજની વિષમતા કેવી છે તે આપણે જોઇએ.

(૧) એક માણસ અધિકમાં અધિક શ્રમ કરે છે–અને બીજી તરફ એક માણસ અધિકમાં અધિક આરામ ભોગવે છે.

(૨) એક માણસ ક્ષુધાથી પીડાય છે. બીજી તરફ બીજા માણસને જરૂર કરતાં અધિક ભોજન મળે છે.

(૩) એક તરફ સત્તાની જમાવટ થઇ રહી છે, બીજી બાજુએ અનેક પ્રજાઓ ગુલામી નીચે કચડાઇ રહી છે. આ બધી આજના યુગની વિષમતા છે. એ વિષમતાને દૂર કરવી એ આજનો યુગધર્મ છે.

આત્મવિશ્વાસ.

આ યુગધર્મના પાલન માટે સૌથી વધારે જરૂર છે આત્મ-વિશ્વાસની. તેત્રીસ કરોડ દેવતાઓ હિંદુસ્થાનમાં છે એમ કહેવામાં આવે છે. તેત્રીસ કરોડ દેવતાઓ કે ચોવીસ તીર્થંકરો–જે કહો તે બધી શક્તિઓમાં તમને શ્રદ્ધા હોય પણ તમારામાં આત્મવિશ્વાસ ન હોય તો એ કશું કામનું નથી. સૌથી પ્રથમ પોતામાં આત્મવિશ્વાસ હોવો જોઇએ.

ટેરીઆ નામની એક અંગ્રેજ સાધ્વી હતી. એ આર્થિક દૃષ્ટિએ ગરીબ હતી પરંતુ એમનું હૃદય ગરીબ ન હતું પણ શ્રીમંત હતુ. એક દિવસ એણે વિચાર્યું કે અનાથ બાળકો માટે કાંઇ સાધનો કે સગવડો નથી તો એક અનાથાલય ઉભું કરવું. આ વિચાર તેણે પોતાના પાડોશીને જણાવ્યો. પાડોશીએ કહ્યું–"આ તમો શું કહો છો? તમારો પોતાનો નિર્વાહ માંડમાંડ ચલાવો છો અને ત્યાં આનાથાલય કયાંથી ઉભું કરશો? તે સાધ્વીએ ધીમા સ્વરે ઉત્તર આપ્યો કે "તમારી બાત સાચી છે, પરંતુ મારી પાસે ત્રણ મહોરો છે. એથી એ કાર્ય થઇ રહેશે. હું જ્યાં સુધી મારૂં જે કાંઇ હોય તે જાળવીને કાંઇ કરવા માંગીશ ત્યાં સુધી કંઇ નહિ થાય. હું અને મારી પાસેની ત્રણ મહોરો થેલું ઘણું કાર્ય કરી શકશું. પણ હું ત્રણ મહોરો અને મારો ઇશ્વર એમ ત્રણ સાથે મળીને તમામ કાર્ય પુરૂં કરી શકીશું" અહિં મારો ઇશ્વર એટલે આત્મવિશ્વાસ. એમણે એ કાર્ય ખરેખર પાર ઉતાર્યું અનેક અસંભવિત કાર્યો માત્ર આત્મવિશ્વાસથી જ પાર પાડવાના આપણી પાસે મોજુદ દૃષ્ટાન્તો છે.

એક હાથી છે અને એક સિંહ છે. હાથીનું શરીર અને શક્તિ સિંહ કરતાં વધુ છે, છતાં હાથી હંમેશા જુથમાં–ટોળામાં જ ફરશે, જ્યારે સિંહ એકલો જ વિચરશે. કારણ શું છે? સિંહને પોતામાં આત્મવિશ્વાસ છે–હાથીમાં એ નથી

કલિયુગ અને સતયુગ

(૧) કલહનો યુગ તે કલિયુગ. કલહની શાંતિ માટે સહિષ્ણુતા અને ગંભીરતાની જરૂર છે. સહિષ્ણુતા અને ગંભીરતા આવે કે સતયુગના મંડાણ સમજવા.

(૨) કલિયુગ એટલે કાલનો યુગ. પ્રત્યેક કાર્યમાં કાલની આજ કરી નાખો. અને કાર્યમાં આજ થઇ કે સતયુગનો આરંભ થયો જાણવો.

(૩) કલયુગ એટલે કળનો યુગ. કલના ઠેકાણે કરની સ્થાપના કરો એટલે કે કરયુગ ઉભો કરો. કલિયુગ એટલે મશીનનો યુગ અને કરયુગ એટલે ગ્રામઉદ્યોગનો યુગ. હાથની બનેલી ચીજોની વપરાશનો યુગ તે કરયુગ એટલે કે સતયુગ. લોટ દળાવવાની ચક્કીઓ આવી અને હજારો વિધવાઓ અને ગરીબ બહેનોની રોજી ટળી ગઇ. કાપડની મીલો તૈયાર થઇ અને હજારો બદલે લાખો કાંતનારાઓની અને વણનારાઓની રોજી ટળી ગઇ. આ મુજબ જ્યારથી યંત્રવાદનું જોર વધ્યું ત્યારથી ગ્રામોદ્યોગ ઘણો ઓછો થઇ ગયો. એ ગ્રામોદ્યોગને ફરી સજીવન કરવાની જરૂર છે અને એ કર્યે જ છૂટકો છે.

આજનો યુગ પરિવર્તનનો છે–ક્રાન્તિનો છે. તમો નહિ કરો તો તમારી પાસે કુદરત કરાવશે જ. પરિવર્તન તો આજે પણ આપણામાં થઇ રહ્યું છે પણ એ વિવેક વિનાનું છે. એક માણસ શ્રમથી થાકીને નિદ્રા લે છે અને બીજો બીમારીથી આરામ લે છે. બન્નેની નિદ્રામાં ફેર છે. બે સુપ્રાફરો છે. એક ઘોડા ઉપર સ્વાર થઇને પોતાના ધારેલા સ્થાને પહોંચે છે ત્યારે બીજો પગે ઘસડાઇને, બન્ને પહોંચશે તો ખરા જ, પણ એક જીવતો અને બીજો મરેલો, આ ઉપરથી તમો જાણી શકશો કે વિવેકપૂર્વકનું પરિવર્તન તમો જાતે જ–સ્વયં કરો, કુદરત કરાવે તે પહેલાં એ થાય એ જ ઉત્તમ છે. આ માટે પણ આત્મવિશ્વાસની જ જરૂર છે. હું ફરી ફરીને એ જ કહું છું કોઇ પણ ક્ષેત્ર લ્યો આત્મવિશ્વાસની તો પહેલી જરૂર છે. એક વ્યાપારીને પોતાનામાં આત્મવિશ્વાસ ન હોય તો એ વેપાર કરતાં પહેલાં જ વિચારશે કે હું જેનો વ્યાપાર કરીશ તે ચાલશે કે નહિ? મારા માલનો ભાવ તો ઘટી નહિ જાયને? આવા આવા વિચારો કરશે અને આત્મવિશ્વાસના અભાવે એ વ્યાપાર નહિ કરી શકે. સામાજિક ક્ષેત્રમાં જોઇએ તો એક સમાજ સુધારક કોઇપણ સુધારો સમાજમાં રજુ કરવા પહેલાં એવું વિચારે કે આ સુધારો સમાજ સ્વીકારશે કે નહિ? આમાં તો બહુજ ઉહાપોહ થશે. આવા આવા કારણોને લઇને સમાજ સુધારક સુધારાને રજુ ન કરે તો કશું થાય નહિ–પરંતુ જો તેનામાં આત્મવિશ્વાસ હોય એટલે કે વાસ્તવિક સત્ય રજુ કરતાં જરા પણ અચકાય નહિ એટલે કે નિર્ભય હોય તો તે જરૂર કાર્ય કરી શકે અને સમાજને ધારી દિશામાં દોરી શકે. આજના યુગધર્મનું ખરૂં પ્રેરક બળ આત્મવિશ્વાસ

સંઘ સમાચાર

રાહત પ્રવૃત્તિમાં ભરાયેલી વધુ રકમો.

૧૨૫ મહેતા નારાણજી પરશોતમ અમરશી (કચ્છ માંડવી)
૧૦૧ શ્રી મણીલાલ મોકમચંદ શાહ
બ્હેન શારદાની લગ્નની ખુશાલીમાં
૧૦૦ શ્રી ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ
૧૦૦ શ્રી ડાહ્યાભાઈ ત્રીભોવનદાસ
૧૦૦ શ્રી કાન્તીલાલ ભોગીલાલની કું.
૫૦ એક ગૃહસ્થ તરફથી હા. શ્રી હરિલાલ શંભુલાલ શાહ
૫૦ પ્રેમચંદ વેલજી મહેતા

૬૨૬

ઉપરની રકમોનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

મંત્રી. રાહત સમિતિ.

શ્રી મ. મો. વાંચનાલય પુસ્તકાલય

ગત માસમાં પુસ્તકાલયને નીચે જણાવેલ ભેટ મળી છે.

રૂા. ૨૫) શેઠ વાડીલાલ મનસુખલાલ
પુસ્તક ૩૫ શેઠ શાંતિલાલ બી. ઝવેરી
,, ૨ શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી

જોઈએ છે—લાયબ્રેરી માટે હોંશીયાર લાયબ્રેરીયન. મળો મંત્રી. વાં. પુ સમિતિ મહાવીર પ્રિ. વર્કસ ધનજી સ્ટ્રીટ સીલ્વર મેન્શન **મુંબઈ ૩.**

મંત્રી. **વાં. પુ.**

શ્રી કુંવરજી કાપડીઆના અવસાન માટે શોક સભા

જાણીતા યુવક કાર્યકર્તા શ્રી પરમાનંદ કાપડીઆના વિદ્વાન પિતાશ્રી કુંવરજી આણંદજી કાપડીઆનું ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયું તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં વિદ્યાલયના કૃષ્ણપતિ શ્રી. કાંતિલાલ ડાહ્યાભાઇ કોરાના પ્રમુખપદે એક શોક સભા મળી હતી. સભામાં નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

"શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ, જાણીતા જૈન સમાજસેવક, વિદ્વાન લેખક અને અનેક પુસ્તકોના પ્રકાશક શ્રી. કુંવરજી આણંદજી કાપડીઆના દુઃખદ અવસાન માટે ઊંડું દુઃખ અનુભવે છે. મુરબ્બીશ્રી પરમાનંદભાઇ અને તેમના કુટુંબીજનો પર આવી પડેલી આફત માટે દિલસોજી વ્યકત કરી સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે અંતઃકરણ પૂર્વક પ્રાર્થે છે."

ત્યારબાદ સ્વર્ગસ્થના આત્માની શાંતિમાટે થોડીવાર મૌન રાખી સભા વિસર્જન થઇ હતી.

આંતર જ્ઞાતિય લગ્ન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યવાહિ સભાના સભ્ય ભાઇ અમીચંદ ખેમચંદ શાહના પુત્ર ભાઇ લાલુ શાહના લગ્ન તા. ૩૦-૧૨-૪૪ શનીવારના રોજ કુમારી શાલીની દીલીપરાય રાયજી સાથે થયા છે ભાઇ લાલુ શાહ ઓશવાલ જ્ઞાતિના જૈન છે જ્યારે બેન શાલીની નાગર કોમના છે. વર-વધુ બંને બી. એ. ની પરીક્ષામાં પાસ થયા છે. અમો વરવધુ બંનેને અભિનંદન આપીએ છીએ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ
વાર્ષિક સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪-૧-૪૫ રવિવારના રોજ બપોરે ત્રણ વાગે નીચે જણાવેલ સ્થળે મળશે જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષનો વૃતાન્ત તથા તપાસાયલો હિસાબ મંજુર કરવો.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.

(૩) બંધારણ અનુસાર નવા વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ, કોષાધ્યક્ષ તેમજ કાર્યવાહક સમિતિની ચુંટણી કરવી.

(૪) હિસાબ નિરીક્ષકની નિમણુંક કરવી.

સંઘના સર્વે સભ્યોને વખતસર હાજર થવા વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
વ્રજલાલ ધરમચંદ મેઘાણી
રતિલાલ સી. કોઠારી.

મા. મંત્રીઓ.

સ્થળ:—શ્રી શ્વેતાંબર જૈન કોન્ફરન્સ ઓફીસ, ગોડીજીની ચાલ, બીજે માળે પાયધુની, **મુંબઇ-૩.**

આત્મઓજસ

——:o:——

ઉડી ગયો કૃપુંજ બુઝાઇ બત્તીઓ
થંભી ગયો ઘુમી રહેલ પંખો
ને વીજળીની કૃતિ શાન્ત સૌ થઇ.
ઓડીસને ધૈર્ય ના કલ્પના બળે
જેનું કર્યું શોધન તે પળેકમાં
ઉડી, કુબી ગૈ વી-ર અંધકારે
બતાવી વૈજ્ઞાનિકની કૃતિની
મહાન શક્તિ જગ જીતવાની.

× × ×

ઉડી ગયો કૃપુંજ બતાવી ઓજસઃ
બતાવીને ઓજસ જાતું ઉડી
ઉડી ગયેલા કૃપુંજ જેમ આંહી
પ્રકાશી ઝાઝું અજવાળી અન્યને
ને અન્યને ઠંડક આપી જીવને.
બ્રહ્માંડના સર્વ તિમિર વચ્ચે
પ્રકાશવાની મુજ શક્તિ મોંઘી
રહી રહી હાર્દ ની માંડી આજે

ભગીરથ મહેતા

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

ધી બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫, ૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

જે. આત્મવિશ્વાસ ઉપર જ અનિષ્ટ પ્રણાલિકાઓનો ભંગ થઇ શકે, નવા રાહો શોધી શકાય, આજની દુનિયાની વિષમતાઓ ટાળી શકાય અને વ્યાપી રહેલા કલિયુગનો અંત આણી સતયુગની સ્થાપના કરી શકાય. બદલાયલા દેશકાળને લક્ષ્યમાં લઇને તદનુકુળ સામાજિક પરિવર્તન સાધવું અને નવા આચાર વિચારની સ્થાપના કરવી એ આજનો યુગધર્મ અને તે યુગધર્મની જે શકિત વડે સ્થાપના થઇ શકે તેનું નામ આત્મવિશ્વાસ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬] મુંબઈ: ૧૫ જાન્યુઆરી ૧૯૪૫ સોમવાર [અંક ૧૮

સંઘનો વાર્ષિક વૃત્તાંત

(સંવત ૨૦૦૦)

વિક્રમ સંવત્ ૨૦૦૦ના પ્રારંભ સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સોળમા વર્ષમાં પ્રવેશ કરે છે. ૧૯૩૯ સપ્ટેમ્બર માસમાં શરૂ થયેલું વિશ્વયુદ્ધ હજુ પણ ચાલી રહ્યું છે અને જો કે હજુ દેશની અંદરના ભાગમાં વસતી પ્રજાને આ યુદ્ધનો સીધો પરિચય થયો નથી એમ છતાં પણ યુદ્ધે ઉભી કરેલી પ્રજાજીવનની વિષમ પરિસ્થિતિ ઉત્તરોત્તર વધારે વિકટ અને વિકરાળ બની રહી છે, અને ૧૯૪૪ના પશ્ચદ્ અર્ધમાં જે ભુખમરાએ બંગાલના પ્રાણ શોષી લીધા હતા અને જે બીમારીઓએ સંખ્યાબંધ માનવીઓને યમસદન પહોંચાડયા હતા તે ભુખમરો અને બીમારીઓ હિન્દુસ્થાનના અન્ય પ્રદેશોનું આક્રમણ કરી રહેલ છે અને લોકોની હાડમારીઓ ઉત્તરોત્તર વૃદ્ધિગંત થઇ રહેલ છે. આજે દેશ આખો અન્ન, વસ્ત્ર અને ઔષધની જે અસહ્ય તંગી અનુભવી રહેલ છે તેવી તંગી આગળના વર્ષોમાં કદી પણ અનુભવ ગોચર થઇ હોય એવું સ્મરણમાં આવતું નથી. આ ૨૦૦૦નું વર્ષ મુંબઇ માટે તો વર્ષ દરમિયાન થયેલા ભીષણ અગ્નિસ્ફોટના કારણે ભયંકર શાપરૂપ બન્યું છે. એ અગ્નિસ્ફોટે કરેલી જનમાલની પારાવગરની હાનિ અને સંખ્યાબંધ કુટુંબોની ઉપજાવેલી હાલબેહાલ સ્થિતિ આજે પણ સંભારતાં મન ઉપર અસાધારણ ગ્લાનિની છાયા પથરાય છે. આવા દુર્દૈવપૂર્ણ ૨૦૦૦ની સાલ દરમિયાન શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં બે કાર્યો ખાસ નોંધવાયોગ્ય બન્યા છે.

સંઘની રાહત પ્રવૃત્તિ

એક તો સંઘે ૧૯૪૪ ના ભાદરવા માસમાં શરૂ કરેલી વિવિધ પ્રકારની રાહત પ્રવૃત્તિ. આ રાહત પ્રવૃત્તિનું સંચાલન આગળનાં વર્ષમાં કરવામાં આવેલું પણ તે પ્રવૃત્તિનો ખરો અમલ સંવત ૨૦૦૦ દરમિયાન જ થયો હતો અને મુંબઇના કેટલાંક જૈન કુટુંબોએ પ્રસ્તુત રાહતનો સારો લાભ ઉઠાવ્યો હતો. એ રાહત પ્રવૃત્તિ બે પ્રકારની હતી. એક તો જૈન સમાજ પુરતી અને બીજી સાર્વજનિક. રાહતની અપેક્ષા ધરાવતા જૈન કુટુંબોને રેશનનું જે કાંઇ બીલ આવે તેમાં ૫૦ ટકા અને કોઇ કોઇ કીસ્સામાં ૭૫ ટકા સુધી રાહત આપવામાં આવતી. તેમજ કેટલાક જૈન કુટુંબોને માસિક રોકડ મદદ પણ આપવામાં આવતી. સાર્વજનિક મદદ હાથે કંતાયલા સુતરના કંતામણ બદલ ખાદી બંડાર તરફથી ચુકવાતી રકમથી બમણી રકમ આપવાને લગતી હતી. રોકડ તેમજ રેશન રાહત લેવા માટે શરૂઆતમાં બહુ જુજ જૈન કુટુંબો આગળ આવેલા, પણ તો વધી વધીને આ સંખ્યા લગભગ ૧૧૫ સુધી પહોંચી હતી અને કેટલાક કુટુંબોને માસિક રૂ. ૨૦થી ૨૫ સુધી મદદ આપવામાં આવી હતી. કેટલાય મહીનાઓ સુધી દર માસે આ રાહત પાછળ લગભગ રૂ. ૯૦૦) વહેંચવામાં આવતા હતા. મુંબઇના ધડાકાએ આ પ્રમાણે રાહત લેતા કુટુંબોની સંખ્યામાં સારો ઘટાડો કર્યો. કેટલાય કુટુંબો મુંબઇ છોડીને પોતપોતાને વતન ચાલી ગયા. આ રાહત પ્રવૃત્તિ આજે પણ ચાલુ છે અને અત્યારે ૫૬ કુટુંબો આ રાહતનો લાભ લે છે. સુતર કંતામણને લગતી સાર્વજનિક રાહતની યોજના મુંબઇની બગિની સમાજ સાથે મળીને અમલમાં મૂકવામાં આવી હતી. પણ સંઘના તેમજ બગિની સમાજના અનેક પ્રયત્નો હોવા છતાં એ યોજનાનો બહુ લાભ લેવાયો નહિ અને તેથી આ યોજના ગઇ દીવાળીથી બંધ કરવામાં આવી છે.

સ્વર્ગસ્થ શેઠ કુંવરજી આણંદજી

સંઘની રાહત પ્રવૃત્તિ અંગે ૨૦૦૦ નાં કાર્તક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીમાં રૂ. ૭૪૧૯–૩–૦ રાહત માર્ગે ખરચાયા છે અને તેને પહોંચી વળવા માટે જૈન સમાજના સુસ્થિત વર્ગે સંઘને રૂ. ૯૦૭૪–૧૦–૦ આપ્યા છે. સંઘની આ રાહત પ્રવૃત્તિને આર્થિક મદદ આપી અપનાવી લેવા માટે જૈન સમાજનો આ તકે આભાર માનવામાં આવે છે અને તેમાં પણ શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠનો ખાસ ઉલ્લેખ કરવો ઘટે છે. તેમની પાસે આ યોજના ઘડાતી હતી તે દરમિયાન રજુ કરવામાં આવતાં તેમણે આ ખ્યાલને એકદમ વધાવી લીધો હતો એટલું જ નહિ પણ શરૂઆતમાં દરમાસે રૂ. ૫૦૦) એમ ૭ માસ સુધીમાં આ રાહત પ્રવૃત્તિમાં સંઘને કુલ રૂ. ૩૦૦૦ ની મદદ આપી હતી.

શ્રી મણિલાલ મોકમચંદ શાહને રૂ. ૧૩૮૩૩ ની થેલીનું અર્પણ

પ્રસ્તુત વર્ષ દરમિયાન બીજી મહત્વની ઘટના સંઘના માન્યવર મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહને સંઘની તેમણે કરેલી અનેકવિધ સેવા બદલ તેમના મિત્રો અને પ્રશંસકો પાસેથી એકઠી કરેલ રૂ. ૧૩૮૩૩ ની થેલીના અર્પણને લગતી છે. કોઇ પણ જૈન સંસ્થાએ પોતાના પ્રમુખ કાર્યકર્તાનું આવું જાહેર સન્માન કર્યાનો પહેલો જ દાખલો છે. ૧૯૪૪ ના અંતભાગમાં ગંભીર માંદગીમાંથી સાજા થયા બાદ જે સંસ્થા સાથે મણિભાઇનું અપૂર્વ તાદાત્મ્ય રહેલું છે તે સંસ્થાના વાંચનાલય પુસ્તકાલયમાં રૂ. ૧૦૦૦૭) ની રકમ આપવા શ્રી મણિભાઇએ ઇચ્છા દર્શાવી. તેની સામે સંઘના કાર્યવાહકોએ રૂ. ૧૦૦૦૭) એકઠા કરીને તે રકમ શ્રી મણિભાઇને અર્પણ કરવાનો નિર્ણય કર્યો અને લગભગ દોઢ માસની અંદર રૂ. ૧૦૦૦૭) ને બદલે રૂ. ૧૩૮૩૩) એકઠા કર્યા. એ થેલી સમર્પણ અંગે તા. ૨–૪–૪૪ ના રોજ આનંદભુવનમાં શ્રી. વૈકુંઠભાઇ લલ્લુભાઇ મહેતાના પ્રમુખપણા નીચે એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો, જે પ્રસંગે જૈન તેમજ જૈનેતર સમાજની અનેક વિશિષ્ટ વ્યક્તિઓએ શ્રી મણિભાઇને સન્માન અંજલિઓ આપી હતી. આ પ્રસંગે ઉપર જણાવેલ રૂ. ૧૩૮૩૩) માં રૂ. ૬૬૭) ઉમેરીને કુલ રૂ. ૧૪૦૦૦) ની રકમ સંઘના વાંચનાલય પુસ્તકાલયને શ્રી મણિભાઇએ ભેટ આપી હતી. આ રીતે કુલ એકઠી થયેલ રૂ. ૨૪૦૦૦) ની રકમનું ટ્રસ્ટડીડ કરવામાં આવ્યું છે અને એ ટ્રસ્ટડીડ અનુસાર સંઘના વાંચનાલય પુસ્તકાલયને સંઘથી અલગ કરવામાં આવ્યું છે અને તેને 'શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય, નામ આપવામાં આવ્યું છે. આ રીતે સંઘનું વાંચનાલય પુસ્તકાલય સ્થાયી અને સ્વતંત્ર પાયા ઉપર મૂકવામાં આવ્યું છે આ વાંચનાલય પુસ્તકાલયનો વહીવટ ચલાવવાની અને તેના ચાલુ ખર્ચને પહોંચી વળવાની જવાબદારી સંઘે પોતાના માથે સ્વીકારી છે.

સંઘના સભ્યોને ઉદ્બોધન

તા. ૧૪-૧-૪૫ રવિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સભા અને નવી કાર્યવાહક સમિતિની ચુંટણી થઇ. આ વર્ષે પણ સંઘના પ્રમુખ તરીકે મારી વરણી કરવા બદલ સંઘના સભ્યોનો ઉપકાર માનતાં સંઘના સભ્યો જોગ મારી આ વિજ્ઞાપના છે.

સંઘનું નવું બંધારણ થયાને આજે છ વર્ષ ઉપર થવા આવ્યાં. સંઘના બંધારણની શરૂઆતના ભાગમાં એક ચોકકસ વિચાર ભૂમિકા અને સાથે સાથે સંઘના સભ્યોએ અમલમાં મૂકવાના ચોકકસ શિસ્ત-નિયમો રજુ કરવામાં આવ્યા છે. આજે સંઘમાં લગભગ ૩૦૦ ભાઇ બહેનો સભ્યો છે. પ્રસ્તુત વિચાર ભૂમિકાનું અને શિસ્ત નિયમોનું હાર્દ શું છે તે દરેક સભ્યના ધ્યાન ઉપર હું લાવવા માંગું છું અને તે રીતે તપાસતાં પોતાના વિચાર આચારમાં જે કાંઇ શિથિળતા કે મંદતા નજરે પડે તે દૂર કરીને પોતાના જીવનને વિશુદ્ધ કરવા અને સંઘની પ્રતિષ્ટા અને ગૌરવને વધારવા હું વિનંતિ કરૂં છું.

રાષ્ટ્ર માટે આઝાદીની અને સમસ્ત સમાજની નવરચના માટે આખી પ્રજાના જીવનનું નવું ઘડતર થાય અને પ્રજાજીવનમાં આજ સુધી રૂઢ થયેલાં પ્રગતિબાધક દૃષ્ટિકોણો બદલાય એ અતિ આવશ્યક છે. વિશાળ રાષ્ટ્રની દૃષ્ટિએ આવું આવશ્યક ઘડતર અને વિચાર પરિવર્તન જૈન સમાજમાં નિપજાવવું એ સંઘના નવા બંધારણ પાછળ રહેલો એક મુખ્ય ઉદ્દેશ છે. એવી જ રીતે દેશના વિશાળ કાર્યમાં જૈન સમાજ બને તેટલો ફાળો આપે એવી જૈન સમાજને પ્રેરણા આપવી અને પ્રવૃત્તિઓ યોજવી એ પણ ઉપરના ઉદ્દેશ સાથે જોડાયલો વિચાર છે. આ ધોરણે રાષ્ટ્રીય મહાસભાની પ્રવૃત્તિને બને તેટલો સહકાર આપવો એ સંઘની કાર્યનીતિનું મુખ્ય અંગ બને છે અને જૈન સમાજ વચ્ચે રહીને કોમી ભાવના નાબુદ કરવી અને સાંપ્રદાયિક સંકીર્ણતાનો બને તેટલો સામનો કરવો એ દરેક સભ્યને આવશ્યક કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે. જૈન સમાજમાં પણ હું શ્વેતાંબર મૂર્તિપૂજક છું, દિગંબર છું કે સ્થાનકવાસી છું એવી ફીરકાભેદની વૃત્તિને અને સાંપ્રદાયિક અભિમાનને જરા પણ સ્થાન નથી. "પોતે જૈન છે એટલે ભગવાન મહાવીર પ્રરૂપિત જૈનધર્મ અને સંસ્કૃતિનો વારસ છે" આવી વિશાળ દૃષ્ટિની દરેક સભ્ય પાસેથી ખાસ અપેક્ષા રાખવામાં આવી છે. જે કોઇ ધાર્મિક તેમજ સામાજિક રૂઢિઓ સમસ્ત રાષ્ટ્રની કે જૈન સમાજની પ્રગતિને બાધક માલુમ પડે તે રૂઢિઓનો ઉચ્છેદ કરવો તે દરેક સભ્યને ધર્મરૂપે પ્રાપ્ત થાય છે. વિચાર અને વાણીના સ્વાતંત્ર્ય ઉપર આખું બંધારણ ખુબ ભાર મૂકે છે. આપણા કરતાં અન્યથા વિચારો ધરાવનાર પ્રત્યે સહિષ્ણુતા અને ઉદારતા દાખવવી એ આ વિચારસ્વાતંત્ર્યના સિદ્ધાંતમાંથી સહજ ફલિત થાય છે. સંપ્રદાયનિષ્ઠા કરતાં સત્યનિષ્ઠા, રૂઢિનિષ્ઠા કરતાં પરિવર્તનનિષ્ઠા, અને કોમી ભાવનાને સ્થાને રાષ્ટ્રિયભાવનાની પ્રતિષ્ટા આ આખા બંધારણની વિચારભૂમિકાનું હાર્દ છે. કોમ અને સંપ્રદાય વચ્ચે રહીને કોમી ભાવનાના વિષનું વમન કરાવવું અને સાંપ્રદાયિક ઝનુન અને ધમંડને નિમૂળ કરવું અને એ રીતે રાષ્ટ્રના વ્યાપક કાર્યને સરળ કરવું અને સાથે સાથે જૈન સમાજના કેટલાક અંગત પ્રશ્નો સંબંધમાં જૈન સમાજને વિશાળ દૃષ્ટિએ માર્ગદર્શન આપવું—આ પાયા ઉપર નવા બંધારણની રચના કરવામાં આવી છે. શિસ્તને લગતા નિયમો રાષ્ટ્રિય મહાસભાના સભ્યત્વને, સ્વદેશી વસ્ત્રોના ઉપયોગને તેમજ જીવનવ્યવહારમાં અસ્પૃશ્યતા-નિવારણને ફરજિયાત બનાવે છે. એ નિયમો અનુસાર સંઘનો કોઇ પણ સભ્ય કોઇ પણ અનિષ્ટ લગ્નમાં ભાગ લઇ શકતો નથી, કોઇ પણ જ્ઞાતિનું અધિકારપદ સ્વીકારી શકતો નથી, કોઇ પણ અયોગ્ય દીક્ષાને સહકાર આપી શકતો નથી તથા દેવદ્રવ્યની વૃદ્ધિમાં ફાળો આપી શકતો નથી.

સંઘના બંધારણની વિચારભૂમિકા અને શિસ્તનિયમોનો આ સાર છે. સંઘના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવા છતાં ઘણા સભ્યોના આચાર-વિચાર પ્રસ્તુત બંધારણને અનુરૂપ જોવામાં આવતા નથી, તેમનાં ચિત્ત સાંપ્રદાયિક અભિનિવેશથી મુક્ત માલુમ પડતા નથી; જે ક્રાન્તિની તમન્ના ને આપણે વાતો કરીએ એ ક્રાન્તિની તમન્ના આપણા ચાલુ જીવનને ખરેખર સ્પર્શી હોય એમ હજુ દૃષ્ટિગોચર થતું નથી. આ આપણી ત્રુટિ ઉપર સર્વ સભ્યોનું હું ખાસ ધ્યાન ખેંચું છું અને જે ઉંચું અસિધારાસમું આચારવિચારનું ધોરણ સંઘનું બંધારણ માંગે છે તેને મનથી કે તનથી પહોંચી શકાય તેમ નથી એમ જે કોઇ સભ્યને પ્રમાણીકપણે લાગતું હોય તે સભ્યને સંઘથી છુટા થઇને પણ સંઘના ગૌરવ અને પ્રતિષ્ટામાં વધારો કરવા હું વિનંતિ કરૂં છું. સભ્યની સંખ્યા આપણો સંઘ જે આદર્શ સ્વીકારીને ઉભો છે તે આદર્શના ધોરણે અતિ મહત્વની વસ્તુ નથી. પ્રમાણીક અને સત્યનિષ્ટ સભ્યોની અલ્પ સંખ્યા પોલા સભ્યોની વિપુળ સંખ્યા કરતાં વધારે આવકારદાયક છે એમ હું માનું છું. ઉપર જણાવેલ વિચાર-સરણી ધ્યાનમાં રાખીને મારા કાર્યને સરળ કરવા અને મને બને તેટલો ટેકો આપવા હું સર્વ સભ્યોને વિનંતિ કરૂં છું.

પરમાનંદ કુંવરજી કાપડીઆ
પ્રમુખ, મુંબઇ જૈન યુવક સંઘ

સંઘનું સ્નેહસંમેલન

તા. ૨૮-૧-૪૫ રવિવારના રોજ બપોરના ૩ વાગે સંઘના માન્યવર મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોનું એક સ્નેહસંમેલન ઘાટકોપર ખાતે નવરોજ લેનમાં આવેલ રામનિવાસમાં શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણીના નિવાસ સ્થાન ઉપર યોજવામાં આવ્યું છે. આ સંમેલનમાં સર્વ સભ્યોને વખતસર હાજર રહેવા નિમંત્રણ આપવામાં આવે છે અને સંમેલનમાં ભાગ લેવા ઇચ્છતા સભ્યોને અઠવાડીઆની અંદર સંઘના મંત્રીઓ કે પ્રમુખને તે બાબતની ચોકસ ખબર આપવા ખાસ વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વાર્ષિક સભા.

શ્રી મુંબઇ જૈન યુવકસંઘની વાર્ષિક સભા તા. ૧૪-૧-૪૫ ના રોજ પાયધુની ઉપર આવેલ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના પ્રમુખપણા નીચે મળી હતી જે વખતે સં. ૨૦૦૦ નો વાર્ષિક વૃત્તાન્ત, આવક જાવકનો હીસાબ તથા વાર્ષિક સરવૈયું (જે અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે) તેમજ આવતા વર્ષનું અંદાજ પત્ર સંઘના મંત્રી શ્રી રતિલાલ કોઠારીએ રજુ કર્યું હતું જે મંજુર કરવામાં આવ્યું હતું અને સંઘના ઓડીટર તરીકે મેસર્સ ખીમજી કુંવરજીની કું. ને નીમવામાં આવ્યા હતા. ત્યારબાદ નવી કાર્યવાહી સમિતિની નીચે મુજબ ચુંટણી કરવામાં આવી હતી.

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ	પ્રમુખ
,, ચીમનલાલ ચકુભાઈ શાહ	ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ ,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી ,, રતીલાલ ચીમનલાલ કોઠારી	મંત્રીઓ
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ	કોષાધ્યક્ષ

સભ્યો.

શ્રી હર્ષચંદ્ર કપુરચંદ દોશી	શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ
,, મનસુખલાલ હીરાલાલ લાલન	,, વલ્લભદાસ પ્રભુચંદ મહેતા
,, સુશીલાલ કલ્યાણજી કામદાર	,, લીલાવતીબહેન દેવીદાસ
,, ભાનુકુમાર જૈન	,, રમણલાલ સી. શાહ
,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી	,, ખીમચંદ મગનલાલ વોરા
,, વેણીબહેન વિનયચંદ કાપડીયા	,, અમીચંદ ખેમચંદ શાહ
,, જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ	,, મેનાબહેન નરોતમદાસ શેઠ
	,, લીલાવતીબહેન કામદાર

ઉપરોક્ત ચુંટણીનું કાર્ય પુરૂં થયા બાદ શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી માંદાની માવજતનાં સાધનો માટે રૂા. ૧૦૦) ની મદદ જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

શ્રી રાહતખાતાનું સં. ૨૦૦૦ ના કારતક સુદી ૧ થી આસો વદી ૦)) સુધીનું સરવૈયું.

જ				ઉ			
૬૬૪	૧૧	૬	૧૯૯૯ ની આખરે સિલક	૬૭૦૪	૧૪	૦	શ્રી રાહત ખાતે.
૮૦૦૬	૧૪	૩	જુદા જુદા ગૃહસ્થો તરફથી મળેલ રાહતમાં ભેટ.	૪૬૩	૬	૦	શ્રી હોનારત અને તાત્કાલીક રાહત ખાતે.
૩૦૦	૦	૦	શ્રી હસ્તઉદ્યોગમાં મળેલી ભેટ.	૭૨	૪	૬	શ્રી ખર્ચ ખાતે
				૧૫૨	૧૧	૬	શ્રી હસ્તઉદ્યોગ રાહત ખાતે.
				૧૮૫૫	૭	૦	શ્રી યુવક સંઘ પાસે વર્ષની આખરે સિલિક
				૨૫	૧૫	૦	શ્રી પુરાંત.
૬૨૭૪	૧૦	૦		૬૨૭૪	૧૦	૦	

શ્રી વાંચનાલય-પુસ્તકાલયનો સંવત ૨૦૦૦ ના કારતક સુદી ૧ થી અષાડ વદી ૦)) સુધીનો હીસાબ

જ				ઉ			
૩૦૬	૮	૬	દંડ અને પાસ બુક વિગેરેના આવેલ તે	૨૨૦	૬	૩	ખર્ચના
૩૪૦૭	૬	૩	શ્રી મ. મો. શાહ વાંચનાલય પુસ્તકાલયનો હવાલો	૨૫૨૨	૬	૬	પુસ્તકો અને ફરનીચર અને છપાઇના
				૬૭૩	૬	૬	વાર્ષિક પચાસ ટકાના ફાળાના
૩૭૧૬	૬	૬		૩૭૧૬	૬	૬	

પ્રબુદ્ધ જૈનનો આવક જાવકનો હીસાબ

જ				ઉ			
૧૪૬૫	૧૫	૦	લવાજમના	૮૬૩	૪	૦	છપામણીના
૨૫૪	૦	૦	ભેટના	૮૩૩	૨	૦	કાગળો વપરાયા
૩૨૪	૮	૦	સભ્યોના લવાજમનો હવાલો	૪૫૬	૦	૦	પોસ્ટ ખર્ચ વી. પી. ખર્ચ સાથે
૮૫૨	૧૫	૬	વર્ષની આખરે ખોટ	૬૮	૭	૬	પરચુરણ ખર્ચ
				૨	૦	૦	સ્ટેશનરી
				૬૪૧	૬	૩	જનરલ ખર્ચનો અડધો હીસ્સો
૨૮૬૭	૬	૬		૨૮૬૭	૬	૬	

શ્રી સંઘનો આવક જાવકનો હીસાબ

જ				ઉ			
૮૩૬	૦	૦	સભ્યોના લવાજમના	૨૧૮	૮	૩	ખર્ચના કુલ
			૧૯૯૯ ૨૦૦૦				૭૦ ૭ ૬ ખર્ચ
			૧૩ ૦ ૦ ૮૨૩ ૦ ૦				૬૦ ૧ ૬ સ્ટેશનરી
૩૪૮	૬	૩	વર્ષ આખરે નુકસાન				૨૬ ૨ ૬ પોસ્ટ
							૬૧ ૧૨ ૦ છપાઇ
				૩૨૪	૮	૦	સભ્યોના લવાજમનો પ્રબુદ્ધ જૈનમાં હવાલો
				૬૪૧	૬	૦	સામાન્ય ખર્ચનો અડધો હીસ્સો
૧૧૮૪	૬	૩		૧૧૮૪	૬	૩	

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સંવત ૨૦૦૦ ના વર્ષનું સરવૈયું

જ				ઉ			
૧૧૦૦	૦	૦	શ્રી રીઝર્વ ફંડ ખાતે	૧૬૦૦	૦	૧	શ્રી આવક જાવક ખાતે
૮૬૬૦	૦	૦	,, જનરલ ફંડ ખાતે	૫૩૮	૨	૦	,, પેપર ખાતે (સિલકમાં)
૩૫	૭	૦	,, મકાનની મરામત ખાતે	૧૦	૦	૦	ઘાટી શાન્તારામ ખાતે
૧૨	૧	૩	,, વ્યાખ્યાનમાળા ખાતે	૬૦૭૦	૫	૭	શ્રી મ્યુનીસીપાલીટી લોન ખાતે
૧૮૫૫	૭	૦	,, રાહત ખાતે	૪૨૩૬	૬	૨	શ્રી હ્યુમ પાઇપ ડીપોઝીટરો ખાતે
૧૭	૪	૦	,, ડાહ્યાભાઇ મેઘાણી ખાતે	૨૫૨૫	૭	૧૧	શ્રી બેંક ઓફ ઇન્ડીઆ ખાતે
૨૦૦૦	૦	૦	,, પુસ્તકપ્રકાશન ખાતે				
૧૦૦૦	૦	૦	,, નર્સિંગ શિષ્યવૃત્તિ ખાતે	૧૪૬૮૦	૫	૬	
૪૬	૦	૦	,, ૨૦૦૧ ના સભ્ય લવાજમ ખાતે	૪૮	૧૩	૬	સિલક
૧૫૦૨૬	૩	૩		૧૫૦૨૬	૩	૩	

પ્રવીણચંદ્ર હેમચંદ કોષાધ્યક્ષ

તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

હરિલાલ શંભુલાલ શાહ

તા. ૨૬-૧૨-૪૪ ઓડીટર

મણિલાલ મોકમચંદ શાહ
બ્રજલાલ ધરમચંદ મેઘાણી
રતીલાલ સી. કોઠારી
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી:—
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266

લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬] મુંબઈ: ૧ ફેબ્રુઆરી ૧૯૪૫ ગુરૂવાર [અંક ૧૯

મારા પિતા

(ઘણાક મિત્રોનો આગ્રહ છે કે મારા પિતાને મેં જેવા જાણ્યા હોય અને તેમને હું જે રીતે સમજ્યો હોઉં તેનું યથાર્થ નિરૂપણ કરતું એક રેખાચિત્ર આળેખી પ્રબુદ્ધ જનદ્વારા રજુ કરવું. તેમની વિનંતિને માન આપીને મારા પિતા વિષેની જે મૂર્તિ મારા ચિત્ત ઉપર અંકાયલી છે તેને શબ્દાકાર આપવાનો આ પ્રયત્ન છે. પરમાનંદ)

અનેક વિભૂતિઓના કેન્દ્રસમા મારા પિતાના જીવનનું મુખ્ય તત્ત્વ તેમનામાં રહેલી ઉંડી ધર્મશ્રદ્ધા હતી. તેમની અનેકવિધ પ્રવૃત્તિઓનું પ્રેરકબળ પણ તેમની શ્રદ્ધા જ હતી. વીતરાગ–સર્વજ્ઞ–પ્રણીત જૈન ધર્મ એ તેમના જીવનનું મોટામાં મોટું અવલંબન હતું. જન્મકાળથી ધર્મક્રિયા તરફ તેમનું સ્વાભાવિક વળણ હતું. યૌવનના ઉગમકાળમાં શાન્તમૂર્તિ સદ્‌ગત શ્રી વૃદ્ધિચંદ્રજી નામના એક ઉચ્ચ કોટિના જૈન સાધુનો તેમને સમાગમ થયો અને તે યુવકની તેમની ધર્મબુદ્ધિને ખુબ સતેજ કરી અને ધર્મશાસ્ત્રના અભ્યાસ તરફ તેમને આકર્ષ્યા. આમ તો અંગ્રેજી બીજા ધોરણનો પણ અભ્યાસ પુરો કર્યો નહોતો. અંગત સંજોગોએ તેમને બહુ નાની ઉમ્મરે અભ્યાસ છોડી દેવાની ફરજ પાડેલી. પણ શાસ્ત્રાભ્યાસની રૂચિએ તેમને સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાનો ગાઢ પરિચય કરાવ્યો અને અનેક ધર્મગ્રંથો–સંસ્કૃત, પ્રાકૃત તેમજ ગુજરાતી–તેમની આંખ તળેથી પસાર થયા. આ રીતે ધર્મ-શ્રદ્ધાથી સીંચાયેલો તેમનો જ્ઞાનદેહ બંધાયો અને આજ સુધીમાં પ્રગટ થયેલા જૈન સાહિત્યમાં સૌથી મોટો ફાળો તેમના ભાગે નોંધાયો.

સુવિદિત શાસ્ત્રવચન છે કે **જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** । તેમનું જીવન એટલે જ્ઞાનની અખંડ ઉપાસના અને અપૂર્વ કર્મકુશળતા. વાંચવું, વંચાવવું, ભણવું ભણાવવું, લખવું અને પુસ્તકો પ્રગટ કરવા–આ તેમનો અંત સમય સુધીનો એકસરખો વ્યવસાય હતો. પાછળના વખતમાં શરીર ઉત્તરોત્તર શિથિલ બનતું જતું હતું તેના પ્રમાણમાં તેમની કાર્યશક્તિ પણ ક્ષીણ થતી જતી હતી; પણ જ્યાં સુધી જેટલું કામ પોતાના શરીર પાસેથી લઈ શકાતું હતું ત્યાં સુધી શક્ય તેટલું કામ શરીર પાસેથી લેવામાં અને શક્ય તેટલી સેવાઓ સમાજને આપવામાં તેમણે કદિ પણ પ્રમાદ રાખ્યો નહોતો. મજા કરવી, આનંદ માણવો, આરામ ભોગવવા કોઈ સુંદર સ્થળે જઈને રહેવું અને નિષ્ક્રિય બનીને થોડા દિવસો ગાળવા–આવી બાબતોને તેમણે કદિ પણ પોતાના જીવનમાં નાનું સરખું પણ સ્થાન આપ્યું હોય એવું મારા સ્મરણમાં આવતું નથી. કામ વિના તેમને કદિ ચેન પડતું નહિ. પ્રવૃત્તિની ફેરબદલી એટલે સમાજસેવામાંથી જ્ઞાનોપાસના અને જ્ઞાનોપા-સનામાંથી સમાજસેવા–આજ તેમના જીવનનો નિત્યક્રમ હતો.

તેમની અગાધ કાર્યશક્તિનો મોટો ભાગ તેમણે જૈન સમાજની વિવિધ સેવાઓ પાછળ ખર્ચ્યો હતો. એમ છતાં પણ ભાવનગરના જાહેર જીવનમાં તેમની સેવાઓનો ફાળો નાનોસુનો નહોતો. આજે તો સમાજનાં રૂપરંગ બદલાયાં છે અને રાજકારણના પ્રવાહોએ આજના જાહેર જીવનને નવું ઘડતર આપ્યું છે. પણ તેમના પ્રવૃત્તિકાળમાં મહાજનની સંસ્થા જીવતી અને જાગતી હતી અને પ્રજાને રાજ્ય તરફથી જ્યારે પણ કોઇ અગવડ કે આફત ઉભી થાય અને કોઇપણ પ્રકારનો પ્રજાને ત્રાસ થાય ત્યારે પ્રજાની વતી દરબાર સમક્ષ પોકાર રજુ કરવો અને રાહત મેળવવી એ કાર્ય મુખ્યપણે મહાજનનું લેખાતું. આ ઉપરાંત શહેરજીવનનું નિયમન કરવું, દુષ્કાળ જેવા પ્રસંગોએ લોકોને રાહત પહોંચાડવી અને ભિન્ન ભિન્ન વર્ગો વચ્ચે એકતા જાળ-વવી અને મતભેદો ઉભા થાય ત્યાં દરમિયાનગીરી કરીને સલાહસંપ સ્થાપવો એ કાર્ય પણ મહાજનનું જ લેખાતું. આ મહાજનમાં મારા પિતાનું અગ્રસ્થાન હતું અને તેમની સમાધાનપ્રિય વૃત્તિએ ભાવનગરના જાહેર જીવનના અનેક કાર્યોમાં મહાજન મહાજનના કામકાજમાં બહુ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. દુષ્કાળનિવારણની અનેક પ્રવૃત્તિઓના તેઓ સૂત્રધાર હતા. રાજ્ય પ્રત્યે વફાદારી ધરાવવી, પ્રજાની બને તેટલી સેવા કરવી અને અખંડિત ધર્મોપાસના કરવી–આ ત્રણ તત્વોનું બનેલું તેમનું સમગ્ર જાહેર જીવન હતું.

ઉપર જણાવ્યું તેમ સમાધાનપ્રિયતા એ તેમનો એક મોટો ગુણ હતો. જ્યારે પણ નાતમાં, સંઘમાં, કોમમાં કે પ્રજામાં કોઇ ઝગડો ઉભો થતો ત્યારે તેઓ બેચેન બની જતા અને બન્ને પક્ષોને કોઇપણ રીતે સમજાવી દબાવીને પણ એકત્ર કરવા પોતાની સર્વ શક્તિઓનો તેમજ લાગવગનો તેઓ ઉપયોગ કરતા. તેમણે આ રીતે પોતાના જીવન દરમિયાન કેટલીયે પતાવટો કરી હશે અને કેટલાય તુટેલા તંત્રો સાંધ્યા હશે. સૌ કોઇને તેમની પ્રમાણિકતા અને સમાધાનકુશળતામાં ખુબ શ્રધ્ધા હતી.

આ સમાધાનપ્રિયતાએ તેમના અંગત જીવનને પણ ચોક્કસ વળણ આપ્યું હતું. જાહેર જીવનમાં ભાગ લેનાર સર્વ કોઇને અવારનવાર પોતે જે સમાજમાં કામ કરતા હોય તે સમાજના કોઇપણ નાના મોટા વિભાગ સાથે અથડાવાનો પ્રસંગ આવ્યા વિના રહેતો નથી. કોઇપણ બાબતને કે વિચારને વળગી રહેવાનો આગ્રહ દાખવતાં સમાજમાં ભાગલા પડવાનો જ્યારે પણ સંભવ ઉભો થાય ત્યારે પોતાનો આગ્રહ છોડીને વિરોધી પક્ષ સાથે સમાધાની શોધવા તરફ તેમનું મન ઘણી વાર ઢળી જતું. **यद्यपि शुध्धं लोकविरुध्धं, ना करणीयं नाचरणीयम्** । આ જાણે કે તેમનો મુદ્રાલેખ હતો. જયવીયરાય સૂત્રમાં જેનો ઉલ્લેખ છે એ 'લોકવિ-રોધત્યાગ' તેમનું એક જીવનસૂત્ર હતું. તેઓ પોતાના ચોક્કસ મન્તવ્યને સમાજવિરોધનો સામનો કરીને ઠેઠ સુધી પકડી રાખતા નથી—આ તેમની એક મોટી નબળાઇ છે એમ ઘણાને લાગતું. જાહેર જીવનના કોઇ કટોકટીના પ્રસંગે તેઓ પોતાના વિચાર કે પક્ષને મક્કમપણે વળગી રહેશે કે કેમ આ બાબત તેમની સાથે ચાલનારના મનમાં કદિ કદિ શંકા ઉપજતી. પણ આ નબળાઇ કે અસ્થિરતા પાછળ કામ કરતી વૃત્તિ કેવળ સમા-ધાનપ્રિયતાની જ હતી. કુસંપથી તેઓ કાયર હતા. 'કજીયાનું મોં કાળું' એમ તેઓ માનતા. કોઇ વિચારનો અમલ આજને બદલે ભલે આવતી કાલે થાય, પણ તે ખાતર કલેશ કુસંપ શું કામ કરવો? સમાજમાં ભાગલા પડવા ન દેવા, પડેલા ભાગલા સાંધવા અને નવા જુના વચ્ચે

ભંગાણ પડવા દેવાને બદલે કોઇ ને કોઇ અનુસંધાન ભૂમિકા શોધતા રહેવું આ તેમની નીતિ હતી.

સત્ય અને પ્રમાણિકતા ઉપર તેઓ હંમેશા ખુબ ભાર મૂકતા. સાધારણ રીતે વ્યાપાર એક એવો વ્યવસાય છે કે જે માણસને પ્રમાણિકતા ઉપર એકસરખો સ્થિર રહેવા દેતો નથી. મારા પિતા કહેવાયા શેઠ અને વ્યાપારી, પણ તેમને વ્યાપારની આંટીઘુંટીમાં પડવાનો કદિ પ્રસંગ જ ઉભો થયો નહોતો. મારા કાકાઓએ અને ખાસ કરીને મારા મોટા કાકા ગીરધરદાદાએ દ્રવ્યોપાર્જનને લગતી પ્રવૃત્તિથી મારા પિતાને લગભગ નચિન્ત રાખ્યા હતા. મારા પિતાનું ધર્મ તરફનું તથા જાહેર જીવનને લગતું વિશિષ્ટ વળણ જોઇને તે દિશાએ તેમને યથેચ્છ વિચરવાની તેમણે અસાધારણ પ્રેમ અને ઉદારતાપૂર્વક ખુબ સરળતા કરી આપી હતી. અમારો એક વખત ભાવનગરમાં કાપડનો બહુ મોટો વ્યાપાર હતો અને આણંદજી પુરૂષોત્તમના નામની અમારી પેઢી કાઠિયાવાડમાં બહુ મશહુર હતી. આ પેઢીનું કેટલાંક વર્ષો સુધી નામું સંભાળવા સિવાય મારા પિતાએ બીજું કશુ જ વ્યાપારને લગતું કામ કર્યું નહોતું. આમ હોવાથી વ્યાપારને લગતી કોઇ કાલિમા મારા પિતાના જીવનને સ્પર્શી નહોતી. આ રીતે મારા પિતાને મહાન બનાવવામાં તેમના ભાઇઓનો ખરેખર ઘણો મોટો ફાળો હતો.

મારી બાળવય દરમિયાન મારામાં ધાર્મિક સંસ્કારો સુદૃઢ કરવા તેમણે ખુબ પ્રયત્ન કર્યો હતો. તે વય દરમિયાન તેમની પાસેથી મને ઘણું જાણવાનું મળતું. ધર્મચર્ચાનો તેમને ખુબ શોખ હતો અને તેઓ જ્યાં જાય ત્યાં ધર્મ અને તત્વજ્ઞાનના જિજ્ઞાસુ માણસોને શોધી કાઢતા અથવા તેવા માણસો તેમને શોધતા આવતા. આવી અનેક ચર્ચાઓનાં સ્મરણો મારા સ્મરણપટ ઉપર નોંધાયલાં છે. કોલેજના શિક્ષણે, ઉગતી ઉમ્મરે થયેલા અનેક વિશિષ્ટ સમાગમોએ તેમજ આસપાસના વાતાવરણે મારા વિચાર અને વળણોમાં ખુબ પરિવર્તન કર્યું અને ધીમે ધીમે હું તેમનાથી બહુ જ નિરાળી વિચારભૂમિકા ઉપર ઉભો રહેતો થયો. આમ છતાં પણ અમારા વિચારભેદે અમારા વચ્ચે લેશ માત્ર અંતર પડવા દીધું નહોતું કે કોઇપણ કાળે નાનું સરખું પણ વર્ષણ ઉભું થવા પામ્યું નહોતું. મારા વિચારો ગમે તે હોય પણ તેમને જરા પણ આઘાત થાય કે દુઃખ લાગે તેવું તેમની સમક્ષ હું કદિ પણ બોલતો નહિ કે તેવી રીતે હું કદિ વર્તતો નહિ. પણ આ મારી તો ફરજ હતી, જ્યારે પિતા તરીકે મને બે આકરાં વચન કહેવાનો તેમનો તો અધિકાર હતો. આમ છતાં પણ જ્યારથી તેમને માલુમ પડયું કે ધાર્મિક તેમજ સામાજિક બાબતોમાં મારી વિચારસરણી તેમનાથી ઘણી રીતે જુદી પડે છે ત્યારથી આજ સુધીમાં મારા વિષે કદિ પણ રોષ કે ગ્લાનિ સૂચવતો તેમણે નાનો સરખો પણ ઉદ્‌ગાર કાઢયો હોય એમ મારા જાણવામાં આવ્યું નથી. મારા વિચારની જબાબદારી મારી અને તેમના વિચારની જબાબદારી તેમની—આવું વળણ તેમણે મારી પુરતું કંઇ કાળથી સરળપણે અને ઉદારભાવે સ્વીકાર્યું હતું. મારૂં લખેલું તેઓ ઘણું ખરૂં વાંચતાં અને જ્યારે પણ તેમને મારી કોઇ ખાસ ભૂલ લાગતી ત્યારે તેઓ મારૂં ધ્યાન ખેંચતા અને તેમાંથી અમારી વચ્ચે કદિ કદિ મીઠી ભાવભરી ચર્ચા ઉપસ્થિત થતી. અમારાં અંગત વળણ બહુ જુદા હોવા છતાં હું તેમને બરોબર સમજતો અને મારી તો પ્રતીતિ છે કે તેઓ પણ મને બરોબર જ સમજતા. આમ છતાં પણ અમારી વિચારભૂમિકા તથા રસના વિષયો ભિન્ન ભિન્ન હોવાથી અમારી વચ્ચે વિચારવિનિમય પ્રમાણમાં બહુ ઓછો થતો. તેમણે મને આવી રીતે નિભાવ્યો, એટલું જ નહિ પણ મારા માર્ગે મને મોકળા મને જવા દીધો—આમાં સંભવ છે કે કોઇ કોઇને માથા ભારી પુત્ર પ્રત્યે પિતાનો મોહ કે દાક્ષિણ્ય દેખાયાં હોય, પણ મને તો તે પાછળ તેમનો ઉદાત્ત પ્રેમ, અસીમ ઉદારતા તેમજ નવા વિચારને સમજવા જેટલી ચિત્તની વિશાળતા જ દેખાઇ છે. મારા વિચારો તેમણે સ્વીકાર્યા નહોતા, પણ મારામાં તેમને શ્રદ્ધા હતી. સંભવ છે કે મેં તેમને મનદુઃખનાં અવારનવાર કારણો આપ્યાં હોય; મારા વર્તન વિચારને લગતી કડવી મીઠી વાતો પણ તેમને દુઃખપુર્વક ગળવી પડી હોય. પણ મેં તો તેમના તરફથી હંમેશાં એકસરખું નીતાન્ત વાત્સલ્ય જ અનુભવ્યું છે. અમારા પરસ્પર સંબંધની કમનસીબ બાજુ તો એ હતી કે તેઓ સ્વભાવે ખુબ નરમ અને સહનશીળ હતા. તેથી તેમના આ સ્વભાવનો લાભ લઇને જૈન સમાજનો સ્થિતિચુસ્ત વર્ગ તથા કેટલાક ધર્મગુરૂની સાધુઓ મારા ધર્મવિરોધી ગણાતા વિચારો સામેનો તેમનો રોષ મારા પિતા ઉપર અવારનવાર ઠાલવતા. ગરમને દબાવી ન શકાય ત્યારે ગરમ સાથે જોડાયેલા નરમ ઉપર રોષ ઠાલવવો એ સાધારણ જનસ્વભાવ છે. આ રીતે મારા કારણે તેમને ખુબ ખમવું પડયું હતું જેનું મને ઘણું દુઃખ હોવા છતાં આ બાબતમાં મારી નિરૂપાય સ્થિતિ હતી. બાકી તેમનાથી મને જે સંસ્કારવારસો મળ્યો છે તેનું મૂલ્ય મોલવવું એ મારી તાકાતની બહારનો વિષય છે. તે વારસાએ મારા જીવનને અનેક રીતે ધન્ય બનાવ્યું છે અને તે દ્વારા જ મેં એક ભવ્ય જીવનદર્શન પ્રાપ્ત કર્યું છે.

પરમાનંદ

અપૂર્ણ

સંઘ સમાચાર

તા. ૨૩–૧–૪૫ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ મળી હતી જે વખતે કાર્યવાહક સમિતિમાં નીચેના ત્રણ સભ્યોને ઉમેરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

શ્રી નાનચંદ શામજી
શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ
શ્રી ખુશાલદાસ જગજીવનદાસ શાહ

રાહત સમિતિ

સંઘની રાહત સમિતિ નીચે મુજબ નક્કી કરવામાં આવી હતી.

૧. શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ
કલ્યાણ હાઉસ, શેખ મેમણ સ્ટ્રીટ, ટે. નં. ૪૪૧૭૬
૨. વ્રજલાલ ધરમચંદ મેઘાણી
રામનિવાસ, નવરોજ લેઇન, ઘાટકોપર. ટે. નં. ૮૬૯૭૯
૩. હરિલાલ શંભુલાલ
લલિતકુંજ, ચંદાવર્કર ક્રોસ લેઇન, માટુંગા (જી. આઇ. પી.)
૪. શ્રી જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ 'બી બ્લોક
ગીરગામ ટ્રામ ટરમીનસ પાસે, ટે. નં. ૪૪૫૯૩.
૫. શ્રી મેનાબહેન નરોત્તમદાસ
૨૬૬/૭૭૦ ત્રીભોવન કેશવજીનો માળો, ફ્રીયર રોડ.
૬. શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન
મહાવીર પ્રીન્ટીંગ વર્કસ ૪૫/૪૬ ધનજી સ્ટ્રીટ.
૭. શ્રી રતિલાલ ચીમનલાલ ઝોહારી
ડાયમન્ડ મરચન્ટસ એસોસીએશન
ધનજી સ્ટ્રીટ, ટે. નં. ૨૩૦૬૫.

જે કોઇ કુટુંબને સંઘની ચાલતી રાહત પ્રવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે ઉપર જણાવેલ સમિતિના કોઇ પણ સભ્યને મળવું. તે કુટુંબની જરૂરિયાત મુજબ તેને રાહત આપવામાં આવશે.

મ. મો. વાંચનાલય પુસ્તકાલય સમિતિ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય માટે નીચેના સભ્યોની સમિતિ નક્કી કરવામાં આવી છે.

શ્રી. દીપચંદ ટી. શાહ
,, મનસુખલાલ હીરાલાલ લાલન
,, ચુનીલાલ કલ્યાણજી કામદાર
,, તારાચંદ લક્ષ્મીચંદ ઝોહારી

નીચેના સભ્યો પ્રસ્તુત વાચનાલય પુસ્તકાલયના ટ્રસ્ટીઓ હોઇને અધિકારની રૂએ ઉપરની સમિતિના સભ્યો તરીકે ચાલુ રહે છે.

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ
,, અમીચંદ ખેમચંદ શાહ
,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, રમણલાલ મણિલાલ શાહ

ટ્રસ્ટનો વહીવટ શ્રી રમણલાલ મણીલાલ શાહ સંભાળે છે અને વાંચનાલય પુસ્તકાલય સમિતિના મંત્રી તરીકે શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનને નીમવાની ભલામણ કરવામાં આવી છે.

માવજત સાધન સમિતિ.

માવજત સાધન સમિતિ નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

શ્રી મનસુખલાલ હીરાલાલ સાલન
,, સુનીલાલ કલ્યાણજી કામદાર
,, દીપચંદ ટી. શાહ મંત્રી

સંઘના કાર્યાલયમાં માંદાની માવજતનાં વિવિધ સાધનો પુરતા પ્રમાણમાં રાખવામાં આવે છે અને નાંત જાતના કશાપણ ભેદ શિવાય જેને જરૂર હોય તેને વાપરવા આપવામાં આવે છે. આ સગવડનો લાભ લેવા નજીક-દૂર રહેતા ભાઇ બહેનોને વિનંતિ કરવામાં આવે છે.

પ્રબુદ્ધ જૈન

અમને જણાવતાં આનંદ થાય છે કે પ્રબુદ્ધ જૈનને ન્યુસ પ્રીન્ટ ઉપર છાપવાની સરકાર તરફથી મંજુરી મળી ગઇ છે જેના પરિણામે હવેથી છથી આઠ પાના જેટલી વાંચન સામગ્રી પ્રબુદ્ધ જૈનના વાચકોને પુરી પાડવાનું શકય બન્યું છે. પ્રબુદ્ધ જૈનના કદના ઘટાડાએ ગ્રાહકોની સંખ્યાને સારો ધક્કો પહોંચાડયો હતો. આશા છે કે પ્રબુદ્ધ જૈન વિષેનો અસંતોષ હવે દુર થશે અને ગ્રાહક સંખ્યામાં પાછી ભરતી થવા માંડશે.

સંઘનું સ્નેહસંમેલન

તા. ૨૮-૧-૪૫ રવિવારના રોજ સંઘના માન્યવર મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી ઘાટકોપર ખાતે શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીના નિવાસસ્થાન ઉપર સંઘના સભ્યોનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સભ્યો ઉપરાંત કેટલાક અન્ય ભાઇ બહેનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. સંઘના સભ્યોની સારી હાજરી હતી. પંડિત સુખલાલજી પણ સંઘના નિમંત્રણને માન આપીને આવ્યા હતા. આનંદવિનોદ તેમજ વાર્તાલાપ દરમિયાન પ્રત્યેક ભાઇ તથા બહેને પોતાની ઓળખાણ આપી હતી અને ત્યારબાદ સંઘે શું શું પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ, જૈન સમાજની આજે શું જરૂરિયાતો છે, સંઘ તરફથી જૈન સમાજ શી શી આશા રાખે છે, સંઘની કાર્યશકયતા કેટલી છે અને કાર્યમર્યાદા પણ કઇ કઇ છે વગેરે બાબતો ઉપર અવિધિસરની ચર્ચા થઇ હતી અને તે ચર્ચા દરમિયાન કેટલીક વ્યવહારૂ સૂચનાઓ રજુ કરવામાં આવી હતી. આ સૂચનાઓ ઉપર, સંઘની કાર્યવાહક સમિતિ વિચાર ચલાવશે અને જે કાંઇ થઇ શકે તેમ હશે તેનો અમલ કરવા પ્રયત્ન કરશે એમ સંઘના અધિકારીઓ તરફથી ખાત્રી આપવામાં આવી હતી. છેવટે વિપુલ ઉપાહાર સાથે સ્નેહસંમેલન વિસર્જન કરવામાં આવ્યું હતું.

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

ધી બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦.૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સ્વાતંત્ર્યદિનની પ્રતિજ્ઞા.

(જાન્યુઆરી માસની ૨૬ મી તારીખ ૧૯૩૦ ની સાલથી આજ સુધી દર વર્ષે હિંદુસ્થાનભરમાં સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવાતી આવી છે, તેવી જ રીતે ગઇ ૨૬ મી તારીખે હિંદના ગામડે ગામડે અને શહેરે શહેરે અસાધારણ ઉત્સાહપુર્વક સ્વાતંત્ર્ય દિન ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે લાખો નરનારીઓએ જે સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા લઇને દેશને આઝાદ બનાવવાની તમન્નાને સતેજ કરી હતી તે પ્રતિજ્ઞા નીચે મુજબ છે.)

અમે માનીએ છીએ કે બીજી કોઇ પણ પ્રજાની માફક હિન્દી પ્રજાને પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો, શ્રમનાં ફળોનો ઉપભોગ કરવાનો, અને જીવનની જરૂરીઆતો મેળવવાનો જન્મસિધ્ધ હકક છે કે જેથી હિન્દની પ્રજા સંપૂર્ણ વિકાસ સાધી શકે. અમે એમ પણ માનીએ છીએ કે જો કોઇ સરકાર જનતાના આ આધિકારો આંચકી લે અને તેની પર જુલમ ગુજારે તો જનતાને એ સરકાર ઊથલાવી નાખવાનો અને નાબુદ કરવાનો વધારેનો અધિકાર પણ છે. હિન્દમાંની બ્રિટિશ સરકારે માત્ર હિંદી પ્રજાની આઝાદી જ નથી છીનવી લીધી પણ આમવર્ગના શોષણ પર પોતાના પાયા ચણ્યા છે અને આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ને આધ્યાત્મિક દૃષ્ટિએ હિન્દને બરબાદ કર્યું છે; માટે અમે માનીએ છીએ કે હિંદે બ્રિટન સાથેના સંબંધોને ફગાવી દેવા જોઇએ અને પૂર્ણ સ્વરાજ્ય અથવા તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય હાંસલ કરવું જોઇએ.

અમે સ્વીકારીએ છીએ કે હિંસા એ હિંદની આઝાદી હાંસલ કરવા માટે અસરકારક માર્ગ નથી.

મહાત્મા ગાંધીજીના પ્રેરણાપ્રેરક નેતૃત્વ હેઠળ અહિંસક માર્ગ અનુસરીને હિંદે શક્તિ અને આત્મશ્રધ્ધા પ્રાપ્ત કર્યા છે અને સ્વરાજ માટેની લાંબી મજલ કાપી છે. પૂર્ણ શ્રધ્ધાથી અને અચલપણે એમને અનુસરવાની અને એમણે દાખવેલા અહિંસક પ્રતિકારના પંથ પરથી કદી યે ચલિત ન થવાની અમે નવેસરથી પ્રતિજ્ઞા લઇએ છીએ.

રચનાત્મક કાર્યક્રમની વિધૂત શક્તિનું અમને ભાન ઊગ્યું છે અને અમે એને જોમ અને ભકિતપૂર્વક પાર પાડીશું.

કોમી એકતામાં અમારી શ્રધ્ધા દિનપ્રતિદિન વધતી જ જાય છે. અને આ પ્રસંગે અમે અમારા નિશ્ચયને ફરીથી દૃઢ કરીએ છીએ કે સમાન રાષ્ટ્રિયતા અને સમાન રાજકીય અને આર્થિક હિતોથી સંકળાયેલ બીજી કોમો સાથેના અમારા સંબંધોમાં અમે માતૃભૂમિ હિંદના સંતાન તરીકે વર્તશું.

જેમણે મુંગા ભોગો આપ્યા છે, અને જેમણે સ્વતંત્રતા ખાતર ખુદ દેહની આહુતિ અર્પી છે એવા અમારા બિરાદરોને અમે અંતરની અંજલિ અર્પીએ છીએ. જ્યાં સુધી અમે શ્રમ અને યાતનાઓ સહન કરીને આઝાદી હાંસલ નહિ કરીએ ત્યાં સુધી જંપીને ન બેસવાના અમારા કર્તવ્યની યાદ આ બિરાદરોનાં ગરવાં ભોગો આપશે.

અમારા વહાલસોયા નેતાઓને—મહાસભા કારોબારી સમિતિના સભ્યોને—અને હજી યે કારાવાસના સળીઆની ભીતરમાં સબડતા કરતાં બીજા બિરાદરોને આ પ્રસંગે અમે વિસરી શકીએ નહિ. એમને અમારૂં પૂરૂં પીઠબળ છે એ પુનઃ સ્થાપિત કરીએ છીએ અને જે કારણ કાજે એ લોક યાતનાઓ સહી રહ્યાં છે તે માટે અમારૂં જીવન સમર્પણ કરવાના નિશ્ચયની ફરીથી બાંહેધરી આપીએ છીએ.

મહાસભાના સિધ્ધાંતો અને નીતિનું શિસ્તપૂર્વક પાલન કરવાની અને આર્યાવર્તની આઝાદીના આંદોલન માટે મહાસભાની હાકલને ઝીલવા સદાય સુસજ્જ રહેવાની અમે પ્રતિજ્ઞા લઇએ છીએ. હાડમારી, સીતમ અને પ્રસંગોપાતના પરાજયથી પણ લેશ માત્ર ડર્યા સિવાય, અમારા ધ્યેયની સત્યતામાં અમારી શ્રધ્ધા અમે ફરીથી વ્યકત કરીએ છીએ અને પૂર્ણ સ્વરાજની પ્રાપ્તિ સુધી જંગ જીવંત રાખવાની અમે પવિત્ર પ્રતિજ્ઞા લઇએ છીએ.

વંદે માતરમ્

सव्वस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यमूतां ववेद्वात्मम्

૧ ફ્રુઆરી ૧. ૧૯૪૫

જૈન ધર્મ અને આજના જૈનોનું કર્તવ્ય

તા. ૨૨-૧-૪૫ ના રોજ થીઓસોફીકલ સોસાયટીના અગ્રગણ્ય પુરૂષ વિદ્વદ્વર્ય શ્રી. જિનરાજદાસ ભાવનગર ગયેલા તે દરમિયાન તેમને શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં નિમંત્રણ આપવામાં આવેલું. આ સભાની આજ સુધીની ઉજ્જવળ કારકીર્દી પોતે અનુભવેલી પ્રસન્નતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે "મારા અભ્યાસ ઉપરથી હું ખાત્રીથી કહું છું કે જૈન ધર્મ હિંદુસ્થાનનો જુનામાં જુનો ધર્મ છે. આર્ય લોકો હિંદુસ્થાનની બીજી બાજુએથી વૈદિક ધર્મ સાથે આવ્યા તે પહેલાં ઘણા જુના વખતથી હિંદુસ્થાનમાં જૈન ધર્મ પ્રચલિત હતો, અને આ ધર્મની જ્યોત સમયે સમયે ઉપસ્થિત થયેલા તીર્થંકરોએ જીવતી અને ઝળહળતી રાખી હતી. આ ધર્મના અનુયાયીઓ બદલાયા હશે; ધર્મના બાહ્ય આકારમાં કેટલાક ફેરફારો થયા હશે, પણ તે ધર્મના મૂળ સિદ્ધાન્તો તો અખંડ એક સરખા આજ સુધી જળવાઇ રહ્યા છે."

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની પુસ્તક પ્રકાશન પ્રવૃત્તિ વિષે ઉલ્લેખ કરતાં તેમને જણાવ્યું કે "થીઓસોફીકલ સોસાયટીના મુખ્ય કેન્દ્ર અડિયારમાં પણ એક બહુ જ મોટું પુસ્તકાલય છે. તેમાં દશ હજાર જેટલા હસ્તલિખિત ગ્રંથો છે જેમાંના કેટલાક તાડપત્ર ઉપર લખાયલા છે. આવી જુની હસ્તલિખિત પ્રતો મેળવવી, સંગ્રહિત કરવી, સુરક્ષિત રાખવી તેમજ યથાવકાશે છપાવીને બહાર પાડવી એ ખરેખર એક ઉત્તમ કાર્ય છે. કેટલીયે જુની પ્રતો આજે બીનગી માણસોના ઘરમાં ઉધાઇ ખાઇ રહી હશે તેને હસ્તગત કરી કરીને આવા પુસ્તકાલયમાં સુરક્ષિત બનાવવી જોઇએ. આ બાબતમાં અડિયારના પુસ્તકાલયમાં કેવી વ્યવસ્થા છે તે નજરે જોવાની અહિંના ભાઇઓને હું ખાસ ભલામણ કરું છું."

જૈન ધર્મના સિદ્ધાન્તોનો આપણા જીવનમાં વ્યવહાર અમલ કેવો હોઇ શકે તે વિષે પોતાના વિચારોનું નિરૂપણ કરતાં તેમણે જણાવ્યું કે "જૈન ધર્મ અહિંસાનું ખાસ પ્રતિપાદન કરે છે. અજ્ઞાન-પીડિત ગરીબ માણસોનો અયોગ્ય લાભ લેવો, મુડીના જોરે તેમનું શોષણ કરવું, તેઓને આર્થિક ગુલામીમાં રાખવા, તેમની સામાન્ય જરૂરીયાતો સામું પણ ન જોવું, ગરીબ માણસોને ચુસી ચુસીને અઢળક પૈસો એકઠો કરવો,—આવા કૃત્યો કેવળ હિંસામય છે. જૈનોનો મોટો ભાગ વ્યાપારમાં પડેલો છે. તેમાંના કેટલાક લક્ષાધિપતિઓ અને કોઇ કોઇ કરોડપતિઓ છે. મીલ ઉદ્યોગો, શેર બજારો, દાણા બજારો, કાપડ બજારો—આવા અનેક ધંધાઓ તેમના હાથમાં છે. ખરા જૈન વ્યાપારીએ એવી છાપ પાડવી જોઇએ કે તે કદિ અસત્ય બોલે નહિ કે બોલ્યું વચન પાળ્યા વિના રહે નહિ, મોટા મોટા સોદાઓની ગમે તેવી ઉથલપાથલમાં ગમે તેટલી લાભ હાનિ હોય પણ તે કદિ અન્યથા વચ્ચે કાઢે નહિ, ગરીબ લોકોની ચુસણનીતિમાં તેનો કોઇ ભાગ સંભવે જ નહિ, આવા પ્રકારની વ્યાપારનીતિની જૈન વ્યાપારીઓ-એ અન્ય સમાજ ઉપર છાપ પાડવી જોઇએ. થોડા પણ વ્યાપારીઓ આવો નિશ્ચય કરે, આવું વ્રત લે તો પણ તેની બહુ જ મજબુત અસર નીપજે. કાળા બજારો ઉભા કરવા અને તે દ્વારા ધન એકઠું કરવું એ ખરેખર અધર્મ છે. આવું કામ ખરા જૈનને કદિ શોભે નહિ. આવી રીતે અધર્મથી મળેલો પૈસો કદિ ટકતો નથી. આવો પૈસો નીતિ અને ધર્મના અધઃપતનનું પરિણામ છે તેમ જ કારણ બને છે. મોટા વ્યાપારીની જેમ નાનો વ્યાપારી પણ પોતાની ટેક રાખી શકે છે અને એ રીતે નાનો વ્યાપારી પણ ચારે બાજુના અંધકારથી ભરેલા આ જગતમાં નાનામાં નાની જ્યોતથી બીજા અનેકને માર્ગદર્શક બની શકે છે. આવી વ્યાપારી નીતિવાળી એક નાની પણ વ્રતધારી સંસ્થા જન સમાજનું અનેકવિધ કલ્યાણ સાધી શકે છે."

પુરોહિતો, પાદરીઓ, મૌલવીઓ અને બીજા ધર્મગુરૂઓને ઉદ્દેશીને તેમણે જણાવ્યું કે "આ કહેવાતા ક્રિયાકાંડમાં માનનારા અને રચ્યાપચ્યા રહેનારા જોવામાં આવે છે. પોતાના વાડાના અનુયાયીઓ ઉપર પોતાનું વર્ચસ્વ કેમ રહી શકે તેનો જ વિચાર ચોવીશે કલાક તેમના મગજમાં રોળાયા કરતો હોય છે, અને તેથી તેમનો ઉપદેશ માનવીના જીવનને સ્પર્શી શકતો નથી. તેમનો ધર્મોપદેશ કેવળ વાણીના વિલાસ જેવો બની રહે છે. આવા ધર્મગુરૂઓથી સમાજ જરા પણ ઉંચે આવી શકતો નથી. તેથી ઉપર જણાવ્યું તે મુજબ આજના સમાજને જેટલી જરૂર જૈન ધર્મના સિદ્ધાન્તોને બરોબર વર્તનમાં ઉતારતા તથા ન્યાયપૂર્ણ દ્રવ્યોપાર્જન કરનાર વ્યાપારીઓની છે તેટલીજ જરૂર ધર્મના મૂળ તત્વોને સમજનાર અને પોતાના ઉચ્ચ ચારિત્ર્ય વડે સાચા જીવનનો ઉપદેશ આપનાર ધર્મગુરૂઓની છે."

અમરનાથ

(થોડા દિવસ પહેલાં હું ભાવનગર હતો તે દરમિયાન જુનાં પત્રો અને લેખો વાંચતાં એક મિત્રે કેટલાય વર્ષો પહેલાં લખેલું 'અમરનાથનું' વર્ણન મળી આવ્યું. આ કોનું લખેલું છે તે યાદ આવતું નથી. તે જેવું મળ્યું તેવું અહિં હું પ્રગટ કરું છું. પરમાનંદ)

શકયતા અને અશકયતાના વિચારો સાથે અમે અમરનાથ જવા નીકળ્યા. અમરનાથ જઇ આવનાર સર્વે ત્યાંની મુશીબતો એવી રીતે વર્ણવતાં કે અમને પણ લાગ્યું કે કદાચ ખૂબ મુશ્કેલ તો નહિ હોયને. પણ અમારો ત્યાં જવાનો નિશ્ચય ખૂબજ દૃઢ હતો. તેને ડગાવવામાં તેમનાં મુશ્કેલીનાં વર્ણનો સફળ થયા નહિ અને અમારી અડગતાએ વિજય મેળવ્યો. ત્યાં જઇ આવ્યા પછીજ અમને ખબર પડી કે તેઓની મુશ્કેલીઓ તેમને પોતાનેજ આભારી હતી. સાધારણ રીતે ઠંડા પ્રદેશમાં જવું હોય એટલે પૂરતી સામગ્રી સાથે રાખ્યા વિના જવાય જ કેમ અને તેથી તો જરૂર હેરાન થવાય. અમોએ તેમની મુશ્કેલીઓ સારી રીતે સમજી લીધી હતી એટલે સંપૂર્ણ સગવડ સાથે જ અમે નીકળ્યા હતા. અમરનાથ જવાનો અમારો ઉત્સાહ તો પહેલેથીજ હતો. પણ જેમ જેમ અમો તેની નજીક આવતા ગયા તેમ તેમ ઉત્કંઠા વધતી જ ગઇ. એ ગુફા પાછળનું રહસ્ય તો અમને વારે વારે યાદ આવે છે. અમરનાથને લગતી દંતકથા નીચે મુજબ છે:-

પાર્વતીજીને અમર થવાની ઇચ્છા થઇ અને તેમણે શિવજીને વાત કરી. શિવજીએ તેમને અમર કરવા.. વચન તો આપ્યું, પરંતુ કહ્યું કે હું તમને કોઇ એકાંત સ્થાન શોધી કાઢી જણાવીશ અને ત્યાં આપણે વાત કરીશું. આ વાત શુકદેવજી છુપી રીતે સાંભળી ગયા અને તે પણ તેમની સાથે એકાંત સ્થળમાં જવાની તૈયારી કરી. શિવજી પાર્વતીને અમરનાથનીજ ગુફા પાસે લઇ આવે છે અને ત્યાં તેઓ બન્ને વાત કરતા હોય છે ત્યારે શિવજીને ગુફામાં માણસ હોવાની ખબર પડે છે. આથી તેઓ ઉશ્કેરાઇ જઇ શાપ આપે છે. તેથી શુકદેવજી પક્ષી બની જાય છે અને ત્યાંજ વસવાટ કરે છે. શીવજી જેવા મહાપુરૂષને પણ પોતાની વાત કોઇ સાંભળી જાય માટે કોધ આવ્યો ખરો !

પહેલગામ છોડ્યા પછી ચંદનવાડી આવ્યું જે ત્રણેક માઇલ દૂર છે. રસ્તો ઘણોજ મનોરંજક લાગતો હતો. ખાસ ફરીને ચંદનવાડી પહોંચ્યા એટલે જાતજાતના શુરૂ, ચીનાર અને બીજા કેટલાક ઝાડોના જુથોના જુથોએ અમને "ઝુકી ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી" પંક્તિની યાદ આપી. નદીનો પ્રવાહ પુર જોસમાં વહેતો હતો. તરંગો ઉઠતા

ને નાશ પામતા દોડાદોડી કરતા હતા. તેઓ આગળ જ ધપતા હતા. તેમના થોડા સમયના જીવનમાં પણ પીછેહઠને સ્થાન ન હતું. તેમણે અમને કહ્યું કે "ડગલું ભર્યું કે ન હઠવું ન હઠવું."

આખને કઇ રીતે સ્થિર કરવી તેનો તો ખ્યાલજ ન આવે. ઘડીમાં નદીમાં આવતા તોફાની તરંગો જોવા અને ઘડીમાં વૃક્ષરાજીઓ તરફ નજર નાંખવી અને તેમની સુંદરતાનું પાન કરવું. આવું આંખા રસ્તે ચાલ્યા કરતું હતું. પરંતુ ખરૂં જોવાનું તો ત્યાર પછી આવ્યું. કલ્પનામાં પણ ન આવે એવા હીમના પર્વતે તો અમને ઘેલા બનાવી મૂકયા અને નાનપણની જેવી મસ્તીએ ચઢયા. બરફના ગોળાઓ બનાવી એકમેકને માર્યા. ખૂબ રમ્યા, અને થાકયા. પડાવ પણ અહીંજ (ચંદનવાડી) નાંખ્યો. સાદું ભોજન પણ થાકને લીધે અતિ મિષ્ટ લાગ્યું. અજવાળી રાત્રી હતી. થોડી સંગીતની રમઝટ પછી પ્રાર્થના કરી નિદ્રાદેવીને શરણે થયા. પ્રભાત થયું. આગળ જવા માટે નીકળ્યા. જેમ જેમ આગળ ગયા તેમ તેમ બરફના પહાડોનાં દર્શન થવા લાગ્યાં અને છેવટે એક મોટો ઘાટ ચઢવાનો આવ્યો. પીશુ ઘાટ તેનું નામ. ચઢાવ ખૂબ કઠણ છે. ચઢતાં ચઢતા માણસ જરૂર હાંફી જાય. ઘેાડાઓ પણ થાકેલા હતા. ધીરે ધીરે ઉપર ચઢયા અને વિસામો લીધો અને વળી પાછા ચાલી નીકળ્યા. રસ્તામાં જોજપાળ કરીને એક સ્થળ આવે છે. તેની પણ સુંદરતા મનને ગમે અને આંખને ઠારે તેવી છે. પછી વાયુંજન કરીને સ્થળ પાસે આવ્યા અને આ સર્વે નિહાળતાં નિહાળતાં છેવટે શેષનાગ આવી પહોંચ્યા.

શેષનાગ એક બહુ મોટું સરોવર છે. સાત પર્વતો સાત સર્પના માથાની ફેણની માફક તેના કીનારા પર ઉભા છે. તેમાં બરફ અને ઝરણાઓનાં પાણી ભરાય છે. પાણીનો રંગ તથા તેની નિર્મળતા અજબ છે. કાચની નિર્મળતા પણ તેની આગળ ઓછી કહી શકાય. સરોવર પહાડના પ્રતિબિંબો ઝીલે છે અને તે પ્રતિબિંબો પહાડ કરતાં વધુ સુંદર જણાય છે. કોઇ વખતે ખોટું રત્ન પણ સાચા રત્ન કરતા વધુ સુંદર જણાય છે. આ સુંદર શેષનાગ તો કોઇ કાળે ભુલાય તેમ છે જ નહિ.

જોજપાળ મૂકયા પછી ઝાડીનું જરાય નામનિશાન નહોતું. ચોતરફ મોટા પત્થરોના પહાડો અને વચમાં બરફ પથરાયેલો, જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં કંઇક તો નવીન હોય જ. શેષનાગ તો જ સૌથી સુંદર ચારે બાજુએ મોટા પહાડો અને વચમાં નિર્મળ સરોવર. આ બધું જોતાં કયો માનવી કુદરત પર મુગ્ધ ન બને?

વિચાર તો થયો કે શેષનાગ થોડો વખત વધુ રોકાઇએ, પણ અમરનાથે અમારા પર એવું અજબ આકર્ષણ જમાવ્યું હતું કે શેષનાગ છોડી અમો ચાલી નીકળ્યા અને પંચતરણી જવાનો માર્ગ લીધો. જેમ જેમ ઉંચે ગયા તેમ તેમ ચારે બાજુએ બરફના ઢગલાઓથી છવાયેલા શ્વેત પહાડો સિવાય બીજું કાંઇ જ ન જણાય. અમે બરફમાં જ ચાલતા હતા. તેમાં ચાલવાની મઝા કોઇ જુદી જ હતી. બરફમાં ચાલતાં ચાલતાં ખૂબ વાતો કરી થાકયા પણ ખરા; પરંતુ શારીરિક થાક કરતા આવા સુંદર કુદરતી દૃષ્યોનો અને ઇશ્વરની અદ્‌ભૂત લીલાના વખાણનો માનસિક થાક ખૂબ હતો. અમારૂં દરેક ડગલું અમને જાણે કે કૈલાસ તરફ જવાનો માર્ગ સૂચવી રહ્યું હતું! અને જાણે કે દુનિયાથી પર થતા જઇએ છીએ એમ લાગતું હતું. શાંત ખુશનુમા વાતાવરણ થકાવેલા મનને પણ શાંત કરતું હતું. એક તો બરફની શીતળતા, ચારે બાજુએ મોટા મોટા બરફના જ પહાડો, વળી સંધ્યા પડવાનો વખત. આમાં અમારી ડોળીઓ ચાલી રહી હતી. વચ્ચે વચ્ચે ડોળીમાં બેસતાં થાકીએ ત્યારે બરફના ઢગલામાં ચાલવાનો પણ અનુભવ કરી લેતા હતા. વારે વારે એક જ વિચાર આવે કે ધન્ય છે આ કૈલાસ ભૂમિને અને તેમાં રહેનાર અમરનાથજીને. અને જો મુશ્કેલીઓથી ડરી જઇ અમોએ પણ અમરનાથ જવાનું મુલતવી રાખ્યું હોત તો તો "કાલ કાલ ભાઇ કાલે" જ થાત. ખરેખર માણસ ઉપર વાતાવરણની અસર તો જરૂર થાય છે જ. મનની તેમજ વાતાવરણની અપૂર્વ શોભાથી પળવાર માનવી પ્રભુની લીલા પર મુગ્ધ બને છે અને પોતાનો બધો ગર્વ ઉતારી તેના શરણમાં લીન થઇ પોઢી જાય છે.

લગભગ સાતેક વાગે સાંજે પંચતરણી પહોંચ્યા. અહીં અમને ઠંડીનો ચમકાર જણાયો. એક તો પહાડ અને બીજું નદીનો કિનારો એટલે ઠંડી સારી રીતે લાગતી હતી. પડાવ પણ અહીં જ નાંખ્યો.

પ્રભાત થયું. હવે અમરનાથ થોડું કજ દૂર હોવાથી આતુરતા અનેકગણી વધી. સૌ જલ્દી તૈયાર થઇ ગયા અને ખૂબ મુશ્કેલ એવો અમરનાથનો રસ્તો ચઢવા સૌએ કમર કસી. રસ્તો સાંકડો છે અને ચઢાવ કઠણ છે. તક ચૂકયા તો અમરનાથના શરણે. પણ છેવટે અમો ખૂબજ નજદીક આવ્યા. અહીં પણ જેમ નદીમાં રેતી પથરાયેલી હોય તેમ બરફની રેતીના જ ઢગલા પડયા હતા. ચારે બાજુ પરમ શાન્તિ હતી અને આતુરતાનો વેગ વધ્યે જ જતો હતો. "કયારે અમરનાથજી આવે અને તેમનાં દર્શન કરીએ" એજ અમો સર્વનું ધ્યાન હતું.

આખરે ગુફાનાં દર્શન થયાં અને અમો સર્વેએ તે પવિત્ર ગુફામાં પ્રવેશ કર્યો. ગુફા ઘણી જ મ્હોટી છે, ઉપરથી પાણી પડયા કરે છે. અહીં એક જગા છે ત્યાં પાણીના ઝરણું જોવું છે. આ પાણી અમુક જગાએ આવે છે. ત્યાં તેનો બરફ થાય છે અને તે બરફનો ઢગલો શંકરના લિંગનો દેખાવ ધારણ કરે છે. અહિં બાવાઓએ પોતાની ધુન લગાવી દીધી હતી. કેટલાક સમાધિમાં બેઠા હતા; કેટલાક સુંદર ઉંચા રાગે પ્રભુ કીર્તન કરતા હતા; આવા ભક્તિના ભાનમાં અમો પણ ભાન ભુલ્યા અને ભક્તિમાં લીન થઇ ગયા. અમર ધૂન લગાવવાનો વિચાર આવ્યો અને ચાલી ગયો. બરફના લીંગને બાવાઓ અને શ્રદ્ધાળુઓ પુષ્પ ધૂપદીપ વગેરે સામગ્રીથી પૂજા રહ્યા હતા. તેઓ બહુ જ ભક્તિથી શંકરપ્રભુનાં યશોગાન ગાતા હતા. અમને તેઓ માટે માન ઉત્પન્ન થયું. પરમ ભક્તિ અને પરમ શાન્તિનો કેવો સુંદર સંયોગ!

અહીં બરફના જેવા સફેદ રંગના કબુતરો પણ હોય છે. પક્ષીઓ પણ જાણે ગુફામાં ભક્તિ કરવા ન આવતા હોય તેમ ત્યાં કબુતરોના એકધાર્યા કલાકો સુધી બેસી રહેવાથી અમને લાગ્યું. રસ્તામાં કોઈ પણ જગાએ અમે પક્ષી જોયા ન હતા આ કબુતરોને "Rock Pigion" રોક પીજીન કહેવામાં આવે છે. અહીં અમે પણ ધૂન લગાવી. બીજીવાર કયારે અવાશે તેની ખબર ન હોવાથી પેટ ભરીને નિરાંતે દર્શન કર્યાં. છતાં તૃપ્તિ તો ન જ થઇ. આવા સુંદર સ્થળને છોડતાં કોને દુઃખ ન લાગે? પણ શું કરીએ આપણને હજુ અમર થવાને વાર છે. એ સ્વર્ગીય ભૂમિને છોડતાં અમને બહુ ગ્લાનિ થઇ. આખરે દૂર ને દૂર જતા ગયા તેમ તેમ મનનો આનંદ ઘટવા લાગ્યો. છેવટે અમે પહેલગામ આવી પહોંચ્યા.

જૈન સુભાષિત

पूर्वजा ह्यनुवर्त्यन्ते, सत्कर्मस्वेव कोविदै ॥ १५३ ॥
पूर्वजेषु दरिद्रेषु दिदरिद्रासतीह कः ।
को वा रोगाभिभूतेषु तेषु कामयते रुजः ॥ १५४ ॥

બુદ્ધિશાળી લોકો બાપદાદાને સારાં કામમાં જ અનુસરે છે. પૂર્વજો દરિદ્રિ કે રોગી હોય તેથી નિર્ધન કે રોગી રહેવાની કામના કોણ કરે?

यथा यः शोधकश्चेतस्वर्णमाणिक्यखानिषु ।
प्राप्तासु कुरुते विद्वानुत्तरोत्तरसंग्रहम् ॥ १५५ ॥

લોઢા, સીસા, રૂપા, સોના તથા માણેકની ખાણ આવે તો બુદ્ધિશાળી પુરૂષ આગલી આગલ છોડીને પાછલી પાછલીથી લાભ ઉઠાવે છે.

यः पुनः प्राग्मया प्राप्तमित्यस्यैव सादरः ।
नोत्तरोत्तरसंग्राही स शोच्यः खलु बालिशः ॥ १५६ ॥

પણ આ મને પ્રથમ મળ્યું હતું એમ કરીને લોઢાનો જ જે માણસ આદર કરે અને એના પછી મળી આવેલી સરસ વસ્તુને ન સંઘરે તે મૂરખની દશા શોચનીય છે.

(ઉપદેશચિન્તામણિ—બીજો અધિકાર)

વાલજી ગોવિંદજી દેસાઈ.

આ તે કઈ જાતનો રજત મહોત્સવ!

આજ કાલ જાહેર સંસ્થાઓને રજત મહોત્સવો તેમજ સુવર્ણ મહોત્સવો ઉજવવાની કોઈ જુદાજ પ્રકારની ઘેલછા લાગી છે. છેલ્લા પાંચ વર્ષોમાં આવા મહોત્સવો જેટલા ઉજવાયા છે તેટલા તેથી આગળના પચ્ચાસ વર્ષોમાં પણ ઉજવાયા નહિ હોય. કોઈ દશ વર્ષનું તો કોઈ પચ્ચીસનું, કોઈ પચ્ચાસનું તો કોઈ સાઠ વર્ષનું આયુષ્ય પુરૂં કરે છે કે આવો કોઈ સમારંભ ઉજવાય છે. જે સંસ્થાએ જનસમાજની એક યા બીજા ક્ષેત્રમાં મહત્વની સેવા કરી હોય તે સંસ્થા આવો ઉત્સવ ઉજવતી હોય તો તેમાં તો કશું વિરોધ કરવા જેવું નથી લાગતું, પણ આજ કાલ તો એવી સંસ્થાઓ પણ આવા સમારંભો ઉભા કરે છે કે જેનું આપણે પહેલાં નામ સરખું પણ સાંભળ્યું ન હોય. આ બાબતમાં વિવેક અને ઔચિત્ય બુદ્ધિનો ઉપયોગ થવાની ખાસ જરૂર છે.

સંસ્થાઓના પગલે હવે દેશી રાજાઓએ આવા સમારંભો ઉભા કરવા માંડયા છે. ગાદી ઉપર આવ્યા અને પચ્ચીશ વર્ષો થયાં કે રજત મહોત્સવની નોબત વાગવી શરૂ થાય છે. કંઈ કાળથી પોત-પોતાના રાજ્યમાં રાજ્ય તરફથી રાજાઓનો જન્મ દિવસ ઉજવવાની પ્રથા ચાલતી આવી છે. પોતાના જન્મદિવસે રાજ્યની નિશાળોમાં સાકર વહેંચાય, દરબાર ભરાય, ગાર્ડન પાર્ટી ગોઠવાય, ગરીબોને તેમજ બ્રાહ્મણોને અન્નવસ્ત્ર અપાય, રમત ગમતની ઠેકાણે ઠેકાણે ગોઠવણી થાય અને રાજ્ય તરફથી પ્રજાકલ્યાણ સાધતી જુદી જુદી પ્રવૃત્તિઓને નાની મોટી રકમોથી નવાજવામાં આવે. આ રીતે રાજાનો જન્મ દિવસ પ્રજાને મન એક મહાન ઉત્સવનો ગણાતો અને તેનો સર્વ ભાર રાજ્ય પોતે ઉપાડતું.

પણ આજ કાલના રાજાઓના રજત મહોત્સવો જુદીજ રીતે ઉજવાય છે. રાજ્યના સૂત્રસંચાલનથી પ્રજાની અંગેવાનોની એક સમિતિ ઉભી કરવામાં આવે છે. આ સમિતિ પ્રજા પાસેથી બને તેટલા પૈસા ઉઘરાવે છે. આ ઉઘરાણી પાછળ રાજા તેમજ રાજ્યાધિકારીઓનું અમુક પ્રકારનું દબાણ ચાલુ હોય છે. આ સમિતિના પ્રતિનિધિઓ મુંબઈ, કલકત્તા જેવા શહેરોમાં પણ આવે છે અને આવા મોટા શહેરોમાં રહેતા તે તે રાજ્યના પ્રજાજનો પાસેથી મોટી મોટી રકમો ઉઘરાવે છે. આ રીતે પ્રજા પાસેથી એકઠી કરાયલી રકમ રાજાને હવાલે કરવામાં આવે છે જેનો ઉપયોગ રાજાની મરજી પ્રમાણે થાય છે. આવી રકમમાંથી ફટલીકવાર કોઇને કોઇ લોકોપયોગી સંસ્થા ઉભી કરવામાં આવે છે અને કેટલું કદ્રવ્ય રજત મહોત્સવને લગતા ઉત્સવ સમારંભ પાછળ ખરચાય છે. આમ પ્રજા પાસેથી દબાણથી એકઠા કરવામાં આવતા દ્રવ્યમાંથી પોતાનો રજત મહોત્સવ ઉજવવો એ એક પ્રકારની ઉજળી ગુંડાગીરી જ છે. દબાયલી પ્રજા 'જી હજુર'ની મનોદશામાંથી ઉંચે આવી શકતી જ નથી. રાજા દેવ હોય કે દાનવ-પ્રજાએ તો તેની પૂજા કરવી જ રહી અને તેનાં કીર્તિ મંદિરો ઉભા કરવાં રહ્યાં.

આવી જ રીતે આજકાલ પાલીતાણાના ઠાકોર સાહેબ પોતાનો રજત મહોત્સવ ગોઠવી રહ્યા છે. પાલીતાણાના ઠાકોર સાહેબના અંગત જીવન વિષે કે તેમના રાજ્ય વહીવટ વિષે કોઇને કશું જ કહેવાપણું નથી. તેમની ઉજાણી કારકીર્દી દરમિયાન રાજ્યની આર્થિક સ્થિતિ ઘણી જ સુધરી છે અને પ્રજા સાધારણ રીતે સુખી છે. રાજા અને પ્રજા વચ્ચે મીઠી મહાલત છે. પણ ઠાકોર સાહેબે પોતાના રજત મહોત્સવને અંગે અખત્યાર કરેલી નીતિ ભારે વિલક્ષણ છે અને તે તરફ જાહેર જનતાનું ધ્યાન ખેંચવું જરૂરી છે. બીજે સ્થળે તો આવા રજત મહોત્સવોમાં પ્રજાજનો પાસેથી સારી સારી રકમો ઉઘરાવવામાં આવે છે. પણ અહિં તો માત્ર પ્રજાજનો પાસેથી જ નહિ પણ રાજ્યમાં ઉભી કરવામાં આવેલી અનેક જૈન સંસ્થાઓ ઉપર દબાણ લાવીને રકમો ઉઘરાવવામાં આવી છે. પાલીતાણાના જૈન ગુરૂકુળને આ રજત મહોત્સવમાં રૂા. ૫૦૦ ભરવા પડયા છે; જૈન બાળાશ્રમને પણ લગભગ એટલી જ રકમ ભરવી પડી છે. જુદી જુદી ધર્મશાળાઓને તેમજ ખુદ આણંદજી કલ્યાણજીની પેઢીને પણ આ રજત મહોત્સવના ફાળામાં કાંઇ ને કાંઇ આપ્યા સિવાય છુટકો નથી. ઉપર જણાવેલી બે સંસ્થાઓ જૈન સમાજની ઉદારતા ઉપર નભે છે અને કેળવણીના ક્ષેત્રમાં બહુ ઉપયોગી સેવા કરે છે. નિરાધાર અને ગરીબ માબાપનાં બાળકોનો નિભાવ થાય અને તેમને સારૂં શિક્ષણ મળે એ હેતુથી ત્યાં જતા આવતા યાત્રાળુઓ આ સંસ્થામાં નાણાં ભરે છે. આવી રીતે એકઠા થયેલા દ્રવ્યમાંથી તે તે સંસ્થાના અધિકારીઓને રાજાઓની કેવળ અહંતાને પોષનારા રજત મહોત્સવના સમારંભમાં એક પણ પાઇ આપવાનો અધિકાર નથી. પણ દેશી રાજ્યમાં ઉભી કરેલી શિક્ષણસંસ્થાઓના અધિકારીઓનો આ બાબતમાં બહુ દોષ કાઢવો યોગ્ય નથી—કારણ કે તે તે સંસ્થાઓ દેશી રાજ્યમાં રહી અને તે તે સંસ્થાના અધિકારીઓ ઘણું ખરૂં મુંબઇવાસી અથવા તો અન્યત્ર વસનારા રહ્યા. દેશી રાજાની જોહુકમી જુદા જ પ્રકારની હોય છે. 'રીઝે તો રાજા, અને રૂઠે તો રાક્ષસ' આવી તેમની રાજ્યનીતિ હોય છે. રાજાને નારાજ કરીને સંસ્થા ચલાવવા જતાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઉભી થાય છે. કારણ કે અનેક બાબતોમાં રાજ્ય સાથે આવી સંસ્થાઓને કામ લેવાનું હોય છે અને એક વખત કોઇ બાબતમાં રાજા આડો પડે તો તેની સામે અંગ્રેજ સરકાર તો શું પણ ઇશ્વરના ઘેર પણ અપીલ થઇ શકતી નથી. પણ આશ્ચર્યજનક પ્રશ્ન તો એ છે કે આવી સંસ્થાઓને મળતું ધન અમૃતસમું દુધ આપતી ગાયોના મોઢા આગળ ધરેલા ઘાસના તરણા જેવું છે. અને ગોપાળક કહેવાતા દેશી રાજાઓ ગાયોના મોઢામાં પડેલાં તરણાં આવી રીતે ઝુંટવી લઇને પોતાના રજત મહોત્સવો ઉજવવામાં એવો તે કયો આનંદ અને કૃતકૃત્યતા અનુભવતા હશે? આ તો ખરેખર મૂર્તિમન્ત કલિયુગ છે! **પરમાનંદ**

સુધારો.

પ્રબુદ્ધ જૈન અંક ૧૮ માંનાં "સંઘનો વાર્ષિક વૃત્તાંત" ના હેડીંગ નીચે રાહત માર્ગે ખર્ચાયેલા રૂા. ૭૪૧૯-૩-૦ છપાયા છે તેને બદલે રૂા. ૭૩૮૩-૪-૦ વાંચવા અને રાહતમાં સમાજના સુસ્થિત વર્ગે રૂા. ૬૦૭૪-૧૦-૦ આપ્યાનું જે લખાયું છે તે જગ્યાએ રાહત અને હસ્તઉદ્યોગ માટે ૮૩૦૬-૧૪-૩ ૨૦૦૦ ની સાલ દરમ્યાન આવ્યા છે એમ વાંચવું.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સંઘની રાહત પ્રવૃત્તિ

સંઘની રાહત પ્રવૃત્તિ છેલ્લાં બાર વર્ષથી ચાલે છે. આ યોજનાનો આજે આશરે ૬૫ કુટુંબો લાભ લે છે અને દર માસે રૂા. ૫૦૦ લગભગ વહેંચવામાં આવે છે. આ રાહત પ્રવૃત્તિને વિસ્તારવાની સંઘની કાર્યવાહક સમિતિ વિચાર કરી રહી છે. આજે જે યોજનાનો અમલ થઈ રહ્યો છે તેને પહોંચી વળવા માટે તેમજ તેનો કાર્ય-પ્રદેશ જે રીતે વિસ્તારવામાં આવે તે વિસ્તૃત યોજનાનો અમલ સરળ બને તે માટે આપ આપનાથી બને તેટલું દ્રવ્ય આપો. આપની આસપાસ રહેતા રાહતની અપેક્ષા ધરાવતા જૈન કુટુંબોને સંઘના કાર્યાલયમાં મોકલો. અમને મદદ આપનારાનો તેમજ અમારી પાસેથી મદદ લેનારાનો-બન્નેનો-અમને ખાસ ખપ છે.

મંત્રી, રાહત સમિતિ

શ્રી. ધર્માનંદ કોસાંબી અને વાણીની સભ્યતા

ધાર્મિક માન્યતા અને આપણા ઇષ્ટદેવની કલ્પના એક એવી વસ્તુ છે કે જેના મર્મને આઘાત પહોંચે એવું કોઇપણ વ્યકિત–પછી તે ગમે તેટલી વિશિષ્ટ, વિદ્વાન અને પ્રમાણિક હોય તો પણ–વિધાન કરે તો તે ધર્મ અથવા સંપ્રદાય સાથે સંબંધ ધરાવતા વર્ગને આઘાત તથા દુઃખ લાગ્યા વિના ન રહે તેમ જ રોષ પણ આવ્યા વિના ન રહે. શ્રી. ધર્માનંદ કોસાંબીએ પોતાના 'બુદ્ધ ચરિત્ર'માં કરેલા ભગવાન મહાવીર અને જૈન સાધુઓના 'આમિષઆહાર'ને લગતા અમુક વિધાનોએ જૈન સમાજમાં આવી જ એક પરિસ્થિતિ ઉભી કરી છે. પ્રસ્તુત બુધ્ધચરિત્ર ગુજરાતીમાં પ્રગટ થયે આજે ઘણાં વર્ષો થઇ ગયાં, પણ આજ સુધી ઉપર જણાવેલ વિધાનો તરફ કોઇનું ખાસ લક્ષ્ય દોરાયું નહોતું. પણ તેનો બે વર્ષ પહેલાં મરાઠી ભાષામાં અનુવાદ પ્રગટ થયો અને સી. પી. બીરાર જૈન રીસર્ચ ઇન્સ્ટીટ્યુટે આ બાબત તરફ જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું. ત્યાર બાદ તો આ સંબંધમાં ખુબ ઉહાપોહ ચાલુ થયો અને આવાં વાંધા પડતાં વિધાનો સામે વિરોધ દર્શાવતી હીલચાલ મુંબઇના જૈન સમાજમાં પણ આજે ચાલી રહી છે. થોડા સમય પહેલાં આ બાબતમાં સખ્ત વિરોધ દર્શાવવા માટે શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપણા નીચે ત્રણે ફીરકાની એક જાહેર સભા મુંબઇમાં પણ ળી હતી.

આ સભામાં શ્રી. ધર્માનંદ કોસંબીના ભગવાન મહાવીર અને પૂર્વકાળના જૈન સાધુઓ સંબંધે જૈન સમાજનું અતિશય દિલ દુઃખવનારાં વિધાનો સામે સખ્ત વિરોધ રજુ કરતાં બહુ જ ઉગ્રતાભર્યાં ભાષણો થયાં હતાં. આવા નાજુક પ્રશ્ન સંબંધે જૈન સમાજની ઉગ્રતા સહજ સમજી શકાય તેવી છે, પણ આ સભામાં કોઇ કોઇ વકતાએ ધર્માનંદ કોસાંબી સંબંધે ફાવે તેવા આક્ષેપો અને સભ્યતા–શિષ્ટતાને બાજુએ મુકીને અનેક અઘટિત ઉદ્‌ગારો કાઢયા હતા. આવી વર્તણુક સામે વિરોધ દર્શાવવા માટે મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી. ભ.ગુલાબ મોકમચંદ શાહ એ સભામાં ઉભા થયા હતા,–પણ એ સભા એમને સાંભળવા જ માંગતી નથી એવું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું અને પરિણામે તેઓ પોતાના વિચારો પ્રગટ કરી શકયા નહોતા.

જ્યારે પણ કોઇ પ્રશ્ન ઉપર વિચાર કરવા માટે મળેલી સભામાં અતિશય ગરમી અને આવેશની લાગણીઓ કામ કરવા માંડે છે ત્યારે આમ બને તે સ્વાભાવિક છે. પણ આવી સભાના સૂત્રધારોની ફરજ છે કે કોઇપણ વકતા કોઇપણ વિષય કે વ્યકિત ઉપર વિવેચન કરતાં વાણીનો સંયમ ન ગુમાવે અને શિષ્ટતા અથવા તો સભ્યતાના ધોરણને બરોબર વળગી રહે. આપણે જે વ્યકિતને ધર્મવિરોધી લેખવા માંડીએ છીએ તેને ગમે તેમ ઉતારી પાડવામાં અને તેના વિષે ઘડા તડા બોલવામાં આપણે જાણે કે આપણા ધર્મની મોટી સેવા કરીએ છીએ અને એમ કરવાથી આવી વાતો લખાતી ફેલાતી અટકી શકે છે એવો ખ્યાલ આપણામાંના કેટલાક ધરાવે છે. ઘણી વખત આપણે મુસલમાનોને આવી બાબતમાં આપણા આદર્શ તરીકે આગળ ધરીએ છીએ અને કહીએ છીએ કે તેમના ધર્મશાસ્ત્રની વિરૂધ્ધ કોઇની બોલવાની જરા પણ હીંમત ચાલે છે ખરી? કોઇ જરા બોલ્યો તો સમજી જ લેવું કે તેનું આવી બન્યું છે. આપણે પણ આપણા ધર્મની આવી રક્ષા કરવી જોઇએ. આવી દલીલ કરનારા અને આવી રીતે આંધળા અવિચારી ઝનુનને ઉપદેશનારા ભાઇઓ સમાજને બહુ જ ખોટા માર્ગે દોરે છે. પહેલાં તો ઉપર જણાવેલી રીત કેવળ ગુંડાગીરીની છે. એ રીતથી સંભવ છે કે સાધારણ માણસો ડરના માર્યા પોતાના દિલમાં હોય તે ન બોલે. પણ એ રીતથી ઇસ્લામ ધર્મને અને મુસલમાન પ્રજાને ઘણું જ નુકસાન થયું છે. એ રીતથી તેમના ધર્મગ્રંથ કુરાન અને મહમદ પયગંબર પ્રત્યે જનતાનો આદર વધવાને બદલે ઘટયો છે. ધર્મ ઝનુનને અનેકાન્ત અને અહિંસાને પ્રમુખસ્થાન આપનાર જૈન ધર્મમાં તો બીલકુલ સ્થાન છે જ નહિ. આખી હિંદુ સંસ્કૃતિનો પાયો

ગુજરાતને આંગણે ગંગા–અવતરણ

મેડમ મોન્ટીસરીનું નામ ગુજરાતને સૌથી પહેલું સંભળાવનાર સદ્‌ગત ગીજુભાઇ હતા. પોતાના બાળકોના શિક્ષણનો વિચાર કરતાં ગીજુભાઇને મોન્ટીસરીનાં પુસ્તકો મળી આવ્યાં અને તેમાંથી તેમને નવો પ્રકાશ સાંપડયો અને સાચા બાળશિક્ષણની ચાવી મળી. જુની પધ્ધતિમાં થતા બાળકોના એકધારા રૂંધન પ્રત્યે અને તેમનામાં રહેલી અનેક શકયતાઓને છુંદી નાંખતાં અને એક જ પ્રકારના ચોગઠાંમાં બધાં બાળકોને જડબેસલાક કરતી જુની બાળશિક્ષણ પધ્ધતિ પ્રત્યે તેમને અત્યંત ઘૃણા આવી અને સ્વયંસ્ફુર્તિનું અવલંબન લઇને કુમળા છોડની માફક બાળકોના વિકાસને સાધતી મોન્ટીસરી પધ્ધતિમાં જ તેમને બાળજગતનો ઉધ્ધાર દેખાયો. મોન્ટીસરીનો સંદેશ તેમણે ગુજરાતને ઘેર ઘેર ફેલાવ્યો અને પોતાનું આખું જીવન એ શિક્ષણ પધ્ધતિના પ્રચાર પાછળ સમર્પણ કર્યું. એ મેડમ મોન્ટીસરી કોણ હશે, કેવાં હશે તેનો તે વખતે આપણને કશોજ ખ્યાલ નહોતો. ૧૯૩૯માં શરૂ થયેલા વિશ્વયુધ્ધે મેડમ મોન્ટીસરીને હિંદુસ્થાન તરફ ધકકેલ્યા અને તેમણે હિંદ ખાતે પોતાનો પહેલો મુકામ અડિયારમાં કર્યો અને ત્યાં તેમણે પોતાની વિશિષ્ટ શિક્ષણ પધ્ધતિનું સ્વરૂપ સમજાવવાના હેતુથી વર્ગો ચલાવ્યા. ત્યારબાદ તેમને હિંદુસ્થાનમાં મરજી મુજબ ફરવાની છુટ નહિ હોવાથી દક્ષિણ હિંદુસ્થાનના એક વિશ્રાન્તિધામ કોડાઇકનાલમાં આજ સુધી તેઓ રહેતાં હતાં. ત્યાં નૂતન બાળશિક્ષણ સંઘના પ્રમુખ શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઇને તેમનો નિકટ પરિચય થયો અને તેઓ તેમનાથી ખુબ મુગ્ધ બન્યાં અને તેમને ગુજરાતમાં બોલાવીને વર્ગો ચલાવવાનો વિચાર સ્ફુર્યો. કેટલી મુશ્કેલીએ સરકારે મેડમ મોન્ટીસરીને અમુક જ સ્થાન કે પ્રાંતમાં રહેવાના પ્રતિબંધથી મુકત કર્યા અને મેડમ મોન્ટીસરી અમદાવાદ આવી શકયાં. ગયા ડીસેંબરની ૨૭ તારીખથી તેમના ત્રિમાસિક વર્ગો અમદાવાદ ખાતે શરૂ થયા છે. શિક્ષણની દુનિયામાં મેડમ મોન્ટીસરી અપ્રતિમ સ્થાન ધરાવે છે. તેમની શિક્ષણ પધ્ધતિ–એ બાલશિક્ષણના પ્રદેશમાં તો અપૂર્વ ક્રાન્તિ પેદા કરી છે એટલું જ નહિ પણ સમગ્ર શિક્ષણ ઉપર તેમના સિદ્ધાંતોની છાયા ફેલાઇ રહી છે. જેમની મૂર્તિની ગીજુભાઇએ ગુજરાતમાં સ્થળે સ્થળે પ્રતિષ્ઠા કરી હતી અને જેમની ઉપાસનાની ગીજુભાઇએ અનેક શિક્ષણરસિક બાઈ બહેનોને દીક્ષા આપી હતી તે મેડમ મોન્ટીસરીને જાતે જોવાં અને સાંભળવાં એ કાંઇ નાનુંસુનું સદ્‌ભાગ્ય ન ગણાય. આવું સદ્‌ભાગ્ય ગુજરાતને આંગણે ઉતારવાનો યશ શ્રી સરલાદેવીને ભાગે જાય છે. તેમને અહિં તેઓ લઇ આવ્યા છે એટલું જ નહિ પણ પોતાને ત્યાં તેમને રાખ્યા છે તથા આજે જે વર્ગો ચાલી રહ્યા છે અને જેનો

ઉદાર વિચાર સ્વાતંત્ર્ય ઉપર રચાયલો છે અને તે સંસ્કૃતિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ જૈન ધર્મદ્વારા પ્રગટ થયું છે. ઉગ્ર અને અઘટિત ભાષા જેને ઉદ્દેશીને વાપરવામાં આવી હોય તેને નુકસાન કરવાને બદલે આવી ભાષા વાપરનાર વ્યકિતને અને તે વ્યકિત જે સમાજની પ્રતિનિધિ હોય તેને જ મોટું નુકસાન કરે છે. અને ઘણી વખત આપણે જેનો વિરોધ કરવા માંગતા હોઇએ તે વ્યકિતને તેથી પ્રતિષ્ઠા મળે છે અને તેનાં વિધાનો મહત્વને પ્રાપ્ત કરે છે. વાંધા પડતા વિધાનો સામેની દલીલો યોગ્ય ભાષામાં રજુ કરવી અને તે સંબંધેનો આપણો રોષ પણ પુરા સંયમપૂર્વક રજુ કરવો—અને આપણી વાત અને વિરોધ સાચો અને ખરા દિલનો છે તો જનતા વાંધા પડતા વિધાનો જરૂર ફેંકી દેશે અને એ સંબંધમાં આપણે જેને શાસ્ત્ર સંમત અને સત્યપૂત મન્તવ્ય ગણીએ છીએ તે જરૂર સ્વીકારશે એવી શ્રધ્ધા રાખવી. કોઇ પણ ધર્મવિરોધી વ્યકિતને કે તેના વિધાનને અપ્રતિષ્ઠિત બનાવવાનો આજ એક રાજમાર્ગ છે. અવર્ણવાદ, નિન્દા કે આવી બાબતમાં આખો ઝગડો કોર્ટે લઇ જવાની વૃત્તિ અને પ્રવૃત્તિ કોઇપણ સત્ય મન્તવ્યને રાખી શકશે નહિ કે અસત્ય વિધાનને કદિ આદરણીય બનાવશે નહિ. **પરમાનંદ.**

લગભગ ૩૦૦ ભાઇ બહેનો લાભ લઇ રહ્યા છે તે વર્ગો ગોઠવવાની તેમજ આ માટે એકઠા થયેલા ભાઇ બહેનોને રહેવા ખાવાની બધી યોજના શ્રી સરલાદેવીએ એકલાંયે કરી છે. આવી જહેમત ઉઠાવવા બદલ ગુજરાત તેમનું ખરેખર ઋણી બન્યું છે. ગુજરાતના આંગણે મોન્ટીસરી–ગંગાને ખેંચી લાવવા માટે શ્રી સરલાદેવીને ખુબ ધન્યવાદ ઘટે છે.

આમ મેડમ મોન્ટીસરીની ગુજરાતમાં થયેલી પધરામણીને આનંદથી વધાવવા સાથે તેમના વર્ગોને લગતી આખી રચના વિષે થોડું કહેવાનું પ્રાપ્ત થાય છે. આ વર્ગમાં જે કોઇ ભાઇ કે બહેન ત્રણ માસના શિક્ષણના લવાજમ તરીકે રૂા. ૧૫૦) આપે તે જોડાઇ શકે છે. આ ઉપરાંત આવી રીતે જોડાયલા ભાઇ કે બહેને રૂા. ૨૫) પરીક્ષાનું લવાજમ અને રૂા. ૧૫) પ્રમાણપત્રનું લવાજમ ભરવાનું રહે છે. આ ઉપરાંત ગુજરાતી અનુવાદનો લાભ લેવો હોય તેને ઘણું ખરૂં બીજી અમુક રકમ આપવાની હોય છે. તદુપરાંત આ ચાલુ વર્ગોમાં જોડાયા ન હોય એવા બહારના ભાઇ બહેનો માટે મેડમ મોન્ટીસરીએ અઠવાડીઆનાં ત્રણ વ્યાખ્યાનો એમ ત્રણ માસ માટે અમુક વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે જેનો લાભ લેવા ઇચ્છનારે રૂા. ૭૫) આપવા પડે છે. એમ કહેવાય છે કે આ ત્રણ માસના વર્ગો ચલાવવાના મહેનતાણા બદલ પ્રસ્તુત વર્ગના પ્રયોજકો તરફથી મેડમ મોન્ટીસરીને રૂા. ૫૫૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માન્યતા બરોબર હો કે ન હો પણ આજે ચાલતા મોન્ટીસરી વર્ગોમાં ૩૦૦ ભાઇ બહેનો દાખલ થયા છે. તેમને આપવી પડતી રકમોનો સરવાળો કરીએ તો પણ રૂા. ૫૫૫૦૦ થાય છે. આ ઉપરાંત જાહેર જનતા માટે ગોઠવાયલી અલગ વ્યાખ્યાન માળામાં આવક થાય તે જુદી. આ બધી આવક જ્યારે તેના ઉપયોગના બીજી કોઇ યોજના આપણી જાણવા સાંભળવામાં આવી નથી ત્યારે મેડમ મોન્ટીસરીનેજ મળવાની છે એમ આપણે માની લેવાનું રહ્યું.

મેડમ મોન્ટીસરી શાહીબાગ રહે છે; વર્ગોની અને વિદ્યાર્થીઓને રહેવા વગેરેની ગોઠવણ ગુજરાત વિદ્યાપીઠમાં રાખવામાં આવી છે. સાધારણ રીતે મેડમ મોન્ટીસરી અઠવાડીઆમાં ત્રણ વખત ગુજરાત વિદ્યાપીઠમાં આવે છે અને કલાક કલાક વ્યાખ્યાન આપી જાય છે. તેઓ ઇટાલીયન ભાષામાં બોલે છે. તેમનો ભત્રીજો મેરીઓ મોન્ટીસરી અંગ્રેજીમાં સમજાવે છે અને ત્યાર બાદ તેનો ગુજરાતી અનુવાદ શ્રી. મજુમદાર સંભળાવે છે. બાકીની બધી પ્રવૃત્તિઓ મેરીઓ મોન્ટીસરી ચલાવે છે. આ પ્રમાણે દર અઠવાડીએ લગભગ ત્રણ વ્યાખ્યાનો આપવા ઉપરાંત મેડમ મોન્ટીસરીનો વિદ્યાર્થીઓ સાથે વિશેષ કોઇ સંપર્ક રહેતો નથી.

ગુજરાત વિદ્યાપીઠમાં રહેવાની સગવડનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ માસિક રૂા. ૭૫) લેખે ત્રણ માસના રૂા. ૨૨૫) આપવાના છે. આ બાબત દરેક વિદ્યાર્થી માટે ફરજીયાત નથી. આ ઉપરાંત કુલ ખરચ ગણતાં જે કાંઇ બચત રહેશે તે વ્યક્તિ દીઠ ફાળવીને પાછી આપવામાં આવશે એમ જાહેર કરવામાં આવ્યું છે.

આ વર્ગોમાં દાખલ થવાની યોગ્યતા માટે કોઇ ચોકકસ ધોરણ નક્કી કરવામાં આવ્યું નથી. ઓછું ભણેલ, વધારે ભણેલ, અંગ્રેજી ભણેલ, અંગ્રેજી નહિ ભણેલ, બાલશિક્ષણનો અનુભવ હોય, ન પણ હોય, માબાપો તેમજ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ–જે કોઇ ઉપર જણાવેલ લવાજમો આપે તેમને દાખલ કરવામાં આવ્યા છે.

સૌથી પ્રથમ તો ત્રણ માસના ઉપર જણાવ્યા મુજબના વર્ગો ચલાવવા માટે મેડમ મોન્ટીસરીને રૂા. ૫૫૦૦૦ જેવડી મોટી રકમ આપવામાં આવે તે યોગ્ય છે કે કેમ તે વિચાર કરવા જેવી બાબત છે. શિક્ષણ પ્રદાનદ્વારા દ્રવ્યોપાર્જન અને તે પણ આવડા મોટા પાયા ઉપર–આ બાબતનો આપણે ત્યાં આજ સુધી જે વિચારપરંપરા ચાલતી આવી છે તેની સાથે જરા પણ મેળ બેસતો નથી. જેવી રીતે ધર્મોપદેશ તેવીજ રીતે શિક્ષણપ્રદાન આપણે ત્યાં કેવળ સેવા બુદ્ધિથીજ અપાતું આવ્યું છે. ગીજુભાઇ પણ આવા વર્ગો ચલાવતા. પણ આવા વર્ગોની યોજના કરતી વખતે ગીજુભાઇને આપવાનું શું એ પ્રશ્ન કોઇ દિવસ આગળ આવ્યો જ નહોતો. પણ આપણને કહેવામાં આવે છે કે યુરોપમાં આવી કોઇ સેવા પ્રણાલિનો ખ્યાલ અસ્તિત્વ ધરાવતો નથી અને આવી રીતે દ્રવ્યોપાર્જન કરવામાં કશું ખોટું હોય એમ કોઇ માનતું નથી. આપણે પણ આ વિષયમાં આપણું દૃષ્ટિકોણ બદલવું જોઇએ અને એ ન બદલીએ તો પણ પશ્ચિમની કોઈ આવી વ્યકિતના વિશિષ્ટ જ્ઞાનનો લાભ લેવો હોય તો આપણે તે માંગે તે કીંમત આપવી જ રહી.

હવે આ રચનાનો લાભ લેનારને ઉપર ગણાવેલ હીસાબે ભણવાના તેમજ ખાવા પીવા તથા રહેવાના રૂ. ૪૨૫) અને ૭૫) જવા આવવા વગેરેના પરચુરણ ખર્ચના થાય એમ ગણીએ તો આશરે રૂા. ૫૦૦ ની દરેક વિદ્યાર્થીએ વ્યવસ્થા કરવી પડે. આ વર્ગોમાં ગરીબ કે સારી સ્થિતિના એવો કોઇ ભેદ રાખવામાં આવ્યો નથી, એટલે કે વર્ગોમાં જોડાવા ઇચ્છનાર કોઇ ગરીબ ભાઇ કે બહેનને કશી પણ રાહત આપવાની ગોઠવણ નથી. આની અંદર કેટલાક તો બાળશિક્ષણમાં કામ કરતા અને મહીને દહાડે ૩૫ કે ૪૦ રૂપીઆ કમાતા શિક્ષક શિક્ષિકાઓ જોડાયા છે–એ આશ એ કે મોન્ટીસરી ડીપ્લોમા મળશે તો પોતાના માસિક પગારમાં પાંચ દશ રૂપીઆનો વધારો થશે. આવી સ્થિતિના માણસોને રૂપિઆ ૫૦૦ ની સગવડ કરવા માટે કેટલું ખેંચાવું પડે અને દેવું કરવું પડે–અને ઘણો મોટો વર્ગ લગભગ આવી જ સ્થિતિનો આ શિક્ષણ વર્ગોમાં દાખલ થયો છે–આ બાબતની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવો ઘટે છે. એક બાજુ રૂા. ૫૫૦૦૦ જેટલી મોટી રકમની થેલી મેડમ મોન્ટીસરીને આપવી અને બીજી બાજુએ એ રકમ આ વર્ગોનો લાભ લેવા માંગતા સાધારણ રીતે ગરીબ વર્ગ ઉપર ફાળવવી–એવો કોઇ આ રચનાનો સાર તારવે તો આપણે તેને શું જવાબ આપવો ?

ત્રીજી બાબત એ કે જે વર્ગોમાં દાખલ થવાની યોગ્યતાનું કોઇ પણ ચોકકસ ધોરણ રાખવામાં આવ્યું ન હોય તે વર્ગોમાં વ્યાખ્યાનો કયા ધોરણ ઉપર આપવામાં આવતા હશે તે કલ્પનામાં આવતું નથી. જેમ સર સર્વપલ્લી રાધાકૃષ્ણનનું વેદાન્ત ઉપર વ્યાખ્યાન ગોઠવવામાં આવે અને તેને સાંભળવાને એકઠા થયેલાંમાંથી જેમને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોય અને તત્ત્વવિચારણાનો પરિચય હોય તેવા થોડાક તો તેમને બરોબર સમજે, બીજા કેટલાક પોતાની યોગ્યતા મુજબ સાર ગ્રહણ કરે, બાકીનામાંથી કેટલાક તેમનું અંગ્રેજી સાંભળીને મુગ્ધ બને અને બાકી રહેલા તેમની પ્રતિભાસંપન્ન મુખમુદ્રાનાં દર્શન કરીને અને તેમની શાસ્ત્રપૂત વાણી કેવળ શ્રવણગોચર કરીને કૃતકૃત્યતા અનુભવે–આવું જ કાંઇક આ વર્ગોમાં લાભ લેતા ભિન્ન ભિન્ન કોટિના વિદ્યાર્થીઓ પરત્વે બનતું હશે એમ લાગે છે.

આખી આલોચનાનો સાર એ છે કે જેમ કોઇ વિજ્ઞાનશાસ્ત્રી પોતાની શોધમાંથી પૈસા કમાવા લાગે ત્યારે તે વિજ્ઞાનનો ભેખધારી–મીશનરી–મટી જાય છે તેવી જ રીતે મેડમ મોન્ટીસરીને આપણે લેખવા જોઇએ. તેમની પાસે જે કાંઇ આપણી પ્રજાને લાભદાયી નીવડે એવાં બાળશિક્ષણને લગતા અમૂલ્ય તત્ત્વો હોય તે આપણે તેઓ જે કાંઇ મૂલ્ય માંગે તે આપીને જરૂર ખરીદવા, પણ તે માટે આપણે આવા સમુહ વર્ગો યોજવાને બદલે તેઓ પોતે જ્યારે આવા વર્ગો યોજે ત્યારે બાળશિક્ષણનો સારો અનુભવ ધરાવનાર અને બાળશિક્ષણના પ્રચારનેજ જીવનના ધ્યેય તરીકે સ્વીકારનાર યોગ્ય વ્યકિતઓને પસંદ કરીને મોકલવા. તેઓ મેડમ મોન્ટીસરી પાસેથી જાણવાનું જાણી લે અને જોઇતી પ્રેરણા મેળવી લે અને પછી પોતે જે કંઇ પ્રાપ્ત કર્યું હોય તેનો લાભ ગુજરાતના બાળશિક્ષણરસિકોને આપે. આમ છતાં પણ આવા પંચરંગી ટોળાના સમૂહ વર્ગોની જેને આવશ્યકતા લાગતી હોય તે આવા વર્ગોનો આર્થિક ભાર ગરીબ શિક્ષક શિક્ષિકાઓ ઉપર ન પડે તેટલી જરૂર સંભાળ રાખે.

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સુર્યકાન્ત પ્રિન્ટીંગ પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬] મુંબઈ: ૧ માર્ચ ૧૯૪૫ ગુરૂવાર [અંક ૨૦–૨૧

મારા પિતા

(ગતાંકથી ચાલુ)

તેમનું ચિર સ્મરણ રહે એવાં તેમના બે જીવન કાર્યો. એક ભાવનગર પાંજરાપોળ. પોતાની સમજણ પ્રમાણે આ કાર્યને વિકસાવવા વધારવા તેમજ સ્થાયીપણાને પહોંચાડવા પાછળ તેમણે ખુબ શક્તિ ખરચી હતી. પાછળના ભાગમાં શરીર જરા–જર્જરિત થતું ગયું એટલે આ કાર્યની જમ્માદારી તેમણે છોડેલી. એમ છતાં પણ પાંજરાપોળનો ખર્ચ વધતો ચાલ્યો અને દ્રવ્યની ત્યારે ભીડ પડી, ત્યારે શરીરની અત્યન્ત નાજુક સ્થિતિ હોવા છતાં કેટલાંક ગૃહસ્થો સાથે આજથી લગભગ ચારેક વર્ષ પહેલાં તેઓ મુંબઇ આવ્યા હતા અને લગભગ ૩. ૫૫૦૦૦ નું ફંડ તેમણે એકઠું કર્યું હતું.

બીજું તેમનું કાર્ય શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. આ સભાની આજથી ૬૩ વર્ષ પહેલાં તેમણે પોતેજ સ્થાપના કરેલી ત્યારથી આજ સુધી સભાના અધ્યક્ષસ્થાને રહીને તેમણે સભાને મોટી કરી અને નાની મોટી અનેક આફતોનો સામનો કરીને ટકાવી રાખી. આ સભાનાં મુખ્યત્વે કરીને બે કાર્ય–પુસ્તક પ્રકાશન અને 'જૈન ધર્મ પ્રકાશ' નામના માસિકનું સંચાલન. સભા હસ્તક આજ સુધીમાં તેમની નજર, દેખરેખ તેમજ દોરવણી નીચે ૩૦૦ ઉપરાંત પ્રકાશનો થયા છે અને 'જૈનધર્મ પ્રકાશ' ૬૧ વર્ષથી આજ સુધી એકસરખું પ્રગટ થઇ રહ્યું છે. પાછળના આઠેક મહીના તેમની જોવા વાંચવાની શક્તિ બહુ જ ઘટી ગઇ હતી એમ હોવા છતાં પણ પોતે લેખો લખાવતા, ધાર્મિક બાબતોને લગતા પ્રશ્નોના ઉત્તરો પણ પોતે જ લખાવતા અને માસિકનું છેલ્લું પ્રુફ પોતે સાંભળીને મંજુર કરે પછી જ તે છપાતું. ઉપર જણાવેલ જૈનધર્મ પ્રસારક સભાએ તેમના જ જીવન દરમિયાન સર પ્રભાશંકર પટણીના પ્રમુખપણા નીચે રજત મહોત્સવ ઉજવ્યો હતો અને આજથી દશેક વર્ષ પહેલાં આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના પ્રમુખપણા નીચે સુવર્ણ મહોત્સવ ઉજવ્યો હતો. સભાને હીરક મહોત્સવ ઉજવવાની તેમની ઇચ્છા મનની મનમાં જ રહી ગઇ.

તેમનાં વળણ સામાન્યત: સ્થિતિચુસ્તનાં હતાં. જીવનનો યૌવનકાળ તેમ જ પ્રૌઢકાળ દરમિયાન તેમની પ્રકૃતિમાં અમુક પ્રકારની અસહિષ્ણુતાનું તત્વ જોવામાં આવતું. ધર્મ વિરુદ્ધની કોઇપણ પ્રરૂપણા તેઓ જાણે કે સાંભળે તો તેમનું દિલ ઉકળી ઉઠતું. સામાજિક બાબતોમાં પણ તેમનું વળણ સાધારણ રીતે રૂઢિચુસ્ત હતું. જૈન સાધુઓ પ્રત્યે તેમનો અમાધરણ ભક્તિભાવ હતો. સાધુઓમાં ગુણે હોય તેથી પણ તેમને મોટા દેખાય અને તેમના અવગુણો તેમની નજરે ઘણું ખરૂં પડે જ નહિ અને એમ છતાં પણ અવગણી કે નકારી ન શકાય એવી કોઇ હકીકત ધ્યાનમાં આવે ત્યારે પણ આખા વર્ગ પ્રત્યેનો તેમના અસાધારણ પક્ષપાતને લીધે આવી હકીકતોની ઉપેક્ષા કરવા તરફ જ તેમનું મન ઢળી જતું. પણ તેમની ઉત્તરાવસ્થા દરમિયાન આપણા દેશમાં ગાંધીછનું આવવું થયું. તેમના પ્રત્યે મારા પિતાના દિલમાં ચોક્કસ પ્રકારનું આકર્ષણ જન્મ્યું. તેમનો થોડો સરખો પરિચય પણ થયો. તેમનો ત્યાગ, તપ, સાદાઇ, આધ્યાત્મિકતા અને સાથે સાથે તેમના હાથે થતી દેશની ભગીરથ સેવાઓ, ગરીબો, અસ્પૃશ્યો, દલિતો પ્રત્યે તેમના દિલની દાઝ–આ બધું જેમ જેમ તેમના જોવા અનુભવવામાં આવતું ગયું તેમ તેમ તેમનું દૃષ્ટિકોણ અમુક પ્રમાણમાં બદલાતું ગયું અને તેમનાં સ્થિતિચુસ્ત વળણો જૈન સાધુઓ પ્રત્યેનો એકધારો આદરભાવ તેમજ જુના રીત રીવાજો જાળવી રાખવાનો આગ્રહ–આ બધી ગ્રંથીઓ અંશત: ઢીલી થઇ ગઇ. નવા યુગના વિચારો તેઓ સાંભળવા લાગ્યા અને સમાજ ક્રાન્તિના મનોરથ ધરાવતા કાર્યકર્તાઓના સમાગમમાં તેઓ આવવા લાગ્યા. કહેવાતી ધાર્મિક વ્યક્તિઓના જીવનમાં રહેલું કેટલુંક પોકાણ અને કહેવાતી ધર્મવિરોધી વ્યક્તિઓના જીવનમાં રહેલી સત્યનિષ્ઠા તથા પોતાની બુધ્ધિ પ્રમાણે જનતાની સેવા કરવાની કંડી ઘગશ તેમની નજરે પડતાં માણસોને માપવાનાં તેમનાં માપતોલાં બદલાવાં લાગ્યાં અને જેમના વિચારો પોતાને માન્ય ન હોય એવી અનેક વ્યક્તિઓ વિષે પણ તેઓ સ્વાભાવિકપણે આદર અનુભવતા થયા. તેમની ધર્મશ્રદ્ધા જીવનના અન્તભાગ સુધી એક સરખી સુદૃઢ હતી; તેમજ સાધુસંસ્થા પ્રત્યે તેમના દિલમાં એક સરખો ઉંડો આદર હતો; પણ જીવનભરની ધર્મોપાસનાએ તેમનામાં બે તત્વો ખુબ વિકસાવ્યા હતા (૧) સત્યનિષ્ઠા અને (૨) ચારિત્ર્યશુદ્ધિનો અત્યન્ત આગ્રહ. 'સત્યનિષ્ઠા' એવી વસ્તુ છે કે જે અસ્થાને પ્રતિષ્ઠિત થયેલા મોહ કે પક્ષપાતને લાંબો વખત સ્થિર રહેવા દેતી નથી. તે રીતે તેમને પણ જ્યાં ત્યાં અસત્ય કે દંભ નજરે પડતાં ત્યાં ત્યાંથી તેઓ એકદમ પાછા હઠવા લાગ્યા. જ્યાં ચારિત્ર્ય–દોષ તેમના જોવા કે સાંભળવામાં આવતો ત્યાં તેમને એકાએક ધૃણા ઉપજી આવતી. આમ તેમના અંગત વિચારોનું મૂળ કલેવર ઘણી બાબતોમાં કેટલે સુધી એકસરખું ટકી રહેલું હોવા છતાં તેમનો આદર તેમજ સહાનુભૂતિ ઉત્તરોત્તર વ્યાપક બની રહ્યાં હતાં. અનેક જૈન સાધુઓ સાથે તેમનો સંબંધ એકસરખો જળવાઇ રહ્યો હતો એમ છતાં ધર્મવિરોધી ગણાતી અનેક વ્યક્તિઓ પંડિત લાલન, મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ વગેરે સાથે પણ તેમને બહુ સારો નાતો હતો. એવી જ રીતે ધાર્મિક ક્રિયાકાંડો તરફની તેમની રૂચિ પહેલાં જેટલી જ તીવ્ર હતી એમ છતાં પણ આજે માનવજાતની પાર વિનાની આફતો, અગવડો, હાડમારીઓ, દુ:ખભરો તેમના હૃદયને કોર્યાજ કરતાં હતાં અને આ બધાની ઉપેક્ષા કરીને ધાર્મિક જલસાઓ, સમારંભો તેમજ વરઘોડાઓ પાછળ અનર્ગળ દ્રવ્ય ખરચાતું જોઇને તેમને ખુબ દુ:ખ થયા કરતું. તેમનામાં ઉંડી અને દર્દભરી માનવતાએ જન્મ લીધો હતો. આ તેમનું પરિવર્તન તેમના દિલની વિશાળતાનું દ્યોતક હતું.

ધર્મ કે તત્વની મૌલિક વિચારણામાં તેમનો ફાળો કોઇ ખાસ મહત્વનો હતો એમ હું ન કહું. તત્વદૃષ્ટા રાધાકૃષ્ણન, આચાર્ય આનંદશંકર કે પંડિત સુખલાલજીની મર્મસ્પર્શિ બુદ્ધિ તેમની કદાચ ન લેખાય. તેમની વિરાટ અક્ષર પ્રવૃત્તિ મોટે ભાગે જૈન સાહિત્ય પુરતી મર્યાદિત હતી. તેમનું કાર્ય મુખ્યત્વે કરીને સંગ્રાહકનું, સંપાદકનું, વિવેચનકારનું અને ઉપદેશકનું હતું. જનતાને તેમનો ઉપદેશ ખુબ સ્પર્શતો કારણ કે એક તો તેમની ઉપદેશ શૈલિ બહુ જ આકર્ષક અને રોચક હતી અને બીજું તેમના ઉપદેશ પાછળ સંયમ, સાદાઇ અને પવિત્રતાથી ભરેલું તપોમય જીવન હતું. તેઓ ઉચ્ચ કોટિના વક્તા અને સારા લેખક હતા. તેમની ભાષા સાદી અને સામાન્ય જનોને સુગ્રાહ્ય હતી. તેઓ જ્ઞાનની એક પરબ સમાન હતા. તેમની પાસેથી કેટલાયે લોકોએ જ્ઞાનામૃતનું પાન કર્યું હશે; કેટલાય લોકોએ ધર્મપ્રેરણા પ્રાપ્ત કરી હશે. તેમની દ્વારા ધર્મતત્વ જીવન્ત–મૂર્તિમન્ત બન્યું હતું. લેખો તેમજ ઉપદેશદ્વારા ધાર્મિક ભાવનાની જનસમાજમાં પુષ્ટિ કરવી એ જ જાણે કે તેમનું જીવનવ્રત હતું. તેમનાથી કેટલાય ધર્મમાર્ગે ચડ્યા હશે; કેટલાય પાપમાર્ગેથી પાછા વળ્યા હશે. તેઓ વહેતી જ્ઞાનગંગા હતા. એ જ્ઞાનગંગાને આરે બેસીને કેટલાય મુમુક્ષુજનોએ વિશ્રાન્તિ અનુભવી હશે અને અધ્યાત્મ, વૈરાગ્ય અને સમભાવની દીક્ષા લીધી હશે.

(અનુસંધાન પાનું ૧૦૬)

'ગુજરાતને આંગણે ગંગા–અવતરણ'

(પ્રબુદ્ધ જૈનના છેલ્લા અંકમાં શ્રી. પરમાનંદભાઇનો લખેલો ઉપર દર્શાવેલ શિર્ષકવાળો લેખ પ્રગટ થયો હતો. તે સંબંધમાં શ્રી. સરલાદેવી સારાભાઇએ શ્રી. પરમાનંદભાઇ ઉપર એક પત્ર લખ્યો છે અને શ્રી. પરમાનંદભાઇએ તે પત્રનો જવાબ લખ્યો છે જે બન્ને અહીં પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

શ્રી પરમાનંદભાઈ તા. ૧૫-૨-૫૪

મોન્ટેસોરી વર્ગના એક વિદ્યાર્થી ભાઇએ "પ્રબુદ્ધ જૈનના" તા. ૧-૨-૫૪ ના અંકમાં તમારી સહી સાથે પ્રસિધ્ધ થયેલાં "ગુજરાતને આંગણે ગંગા–અવતરણ" વાળા લેખતરફ મ્હારૂં ધ્યાન દોર્યું. તેમાં દર્શાવેલા તમારા અંગત વિચારો વિષે મ્હારે કંઇજ કહેવાનું હોય નહી, પણ તેમાં કેટલીક હકીકતોનો વિપર્યાસ થયેલો છે કે જે જનતાને વસ્તુસ્થિતિનો તદ્દન ભ્રામક ખ્યાલ આપે છે. આથી એ હકીકતોમાં રજુ થતાં અસત્ય અને અર્ધસત્ય કથનો પ્રત્યે તમારૂં ધ્યાન દોરવું મ્હને જરૂરી લાગે છે.

૧. "૧૯૩૯ માં શરૂ થયેલાં વિશ્વયુધ્ધે મેડમ મોન્ટેસોરીને હિંદુસ્તાન તરફ ધકેલ્યાં" એ કથન અસત્ય છે. એ યુદ્ધ શરૂ થયાં પહેલાં ડો. એરન્ડેલ તથા તેમનાં પત્ની શ્રી. રૂકિમણી દેવી મેડમ મોન્ટેસોરીને યુરોપમાં મળ્યાં હતાં અને આ પતિ પત્નીએ મેડમને હિન્દુસ્તાન આવવા આમંત્રણ આપ્યું હતું. એ આમંત્રણનેજ કારણે—નહિ કે લડાઇના કારણે–મેડમ મોન્ટેસોરી હિન્દમાં આવેલા છે.

૨. "ત્યાં (કોડાઇકેનાલમાં) નૂતન બાલ શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇને તેમનો નિકટ પરિચય થયો, અને તેઓ તેમનાંથી ખૂબ મુગ્ધ બન્યાં અને તેમને ગુજરાતમાં બોલાવીને વર્ગો ચલાવવાનો વિચાર સ્ફુર્યો" આ કથનમાં ઘણું અર્ધસત્ય છે.

હું મેડમને કોડાઇમાં મળી તે પહેલાંજ અમારા કુટુંબનો તેમની સાથે ગાઢ પરિચય થયેલો છે. વસ્તુતઃ અમારો તેમની સાથેનો માનસિક સંબંધ દૈવયોગે અનેક વર્ષો પહેલાં, આજથી લગભગ એકત્રીસ વર્ષ પહેલાં શરૂ થયેલો તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો ચાલ્યો છે. અલબત્ત તેમને–પ્રત્યક્ષ મળવાનો સુયોગ તો તેઓ હિન્દમાં આવ્યાં ત્યાર પછીથીજ પ્રાપ્ત થયો હતો. મુંબઇમાં અમારા ઇલપ્લાઝાના ફ્લેટમાં ઘણું કરીને ૧૯૪૦ ના જુન જુલાઇના અરસામાં તમે મને એક વખત મળવા આવ્યા હતા ત્યારે આપણી વચ્ચે અનાયાસે નૂતન બાલ શિક્ષણસંઘ સંબંધી તેમજ શ્રી. ગિજુભાઇ, શ્રી. તારાબ્હેન મોડક, મેન્ટેસોરી સિદ્ધાન્તે, મારા બાળકોની કેળવણી વિગેરે બાબતો ઉપર લંબાણથી વાતો થઇ હતી ત્યારે આ બધી હકીકતો મેં તમને કહી હતી. એટલે મેડમ મોન્ટેસોરી સાથેના મારા સંબંધના પ્રકાર વિષે તમે પૂરૂં જાણો છો.

ગુજરાતમાં વર્ગો ચલાવવાને મેં તેમને બોલાવ્યાં છે એ તમારૂં વિધાન સાચું નથી. વર્ગોની ગોઠવણ થઇ તે પહેલાં એક વર્ષથી મેં તેમને કેવળ અમારી સાથે શાન્તિથી વખત ગાળવા અને સ્થાનફેર અર્થે અમારા મહેમાન તરીકે અમારે ત્યાં આવીને રહેવા માટે આમંત્રણ આપ્યું હતું. પણ કેટલાક સંજોગોને લઇને તેઓ અહીં વહેલાં આવી શકેલાં નહીં. દરમ્યાન જો મેડમ આ બાજુ આવી શકે તો ગુજરાતમાં તેમની પદ્ધતિનો એક તાલિમ વર્ગ તેઓ ખોલે તો સારૂં, એવી આગ્રહભરી માગણીઓ ઘણા ભાઇ બ્હેનો તરફથી મને મળવા લાગી. મેડમને મેં તેની ખબર આપી અને જણાવ્યું કે જો તેમનાથી બની શકે તો, અને તેમની ઇચ્છા હોય તો, આવો તાલિમ વર્ગ શરૂ કરવાની પ્રાથમિક તૈયારીઓ હું કરી આપીશ. એટલુંજ મેં સૂચવ્યું હતું. મોન્ટેસોરી પદ્ધતિ તાલીમ વર્ગ અહીં શરૂ કરવાનું મેડમને અનુકૂળ આવતાં તેમણે અનુમતિ આપી અને એવી રીતે આ વર્ગ શરૂ થયેલો છે. વર્ગ ચલાવવા માટે મેં તેમને આ બાજુ આવવા બોલાવ્યાં છે એ તમારૂં કથન સાચું નથી.

૩. "આ ત્રણ માસના વર્ગો ચલાવવાના મહેનતાણા બદલ પ્રસ્તુત વર્ગના પ્રયોજકો તરફથી મેડમ મોન્ટેસોરીને રૂા. ૫૫૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે." તમારા લેખમાંનું આ કથન તદ્દન અસત્ય અને પ્રજાને ઉન્માર્ગે દોરે એવું છે. આ કોર્સ આપવાને માટે કોઇ પણ રકમ નાની યા મોટી, મેડમને આપવાનું મેં તેમને વચન કે એવી કોઇ પણ જાતની સમજુતી આપી નથી. તેમજ એવી કોઈ અપેક્ષા તરીકે પણ મેડમના મનમાં કોઇ સમજુતી નથી. ઉપરોક્ત કથન પછી તમે પ્રસ્તુત લેખમાં વાચકને સાર કહાડી આપો છો કે–

"એક બાજુ રૂા. ૫૫૦૦૦ જેટલી મોટી થેલી મેડમ મોન્ટેસોરીને આપવી અને બીજી બાજુએ એ રકમ ગરીબ વિદ્યાર્થીઓ ઉપર ફાળવવી" આ સાર "રૂા. ૫૫૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે" એવી તમે ગ્રહીત કરેલી માન્યતા ઉપરથી કાઢયો છે. એટલે કે, ગરીબ શિક્ષક શિક્ષિકાઓને તેમની લાયકાત, અલાયકાત વિગેરે તપાસ્યા વિના, ત્રણસો જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓને વર્ગમાં મેં દાખલ કર્યા છે, અને રૂા. ૫૫૦૦૦ જેટલી મોટી રકમ તેમના ઉપર ફાળવી નકામો આર્થિક બોજો તેમના ઉપર નાંખ્યો છે. તમારી આવી માન્યતા થી મને ખરેખર દિલગીરી સાથે આશ્ચર્ય થાય છે કે, તમારી જેવા વિચારવંત અને જવાબદાર વ્યક્તિની કલમમાંથી આવો સાર કેવી રીતે નીતરી આવ્યો હશે? આવું વિધાન મને તો અન્યાયકર્તા છે જ અને "પ્રબુદ્ધ જૈન"ની અહિંસા અને સત્યની દૃષ્ટિએ જોતાં એ સાપ્તાહિકને અને તમારે પોતાને માટે પણ એ કથન શોભાસ્પદ નથી.

કોર્સની ફી વિગેરે ભારે છે એ તમારા અંગત અભિપ્રાયની મારે ચર્ચા કરવી નથી. મારે આ વિષયમાં એટલુંજ જણાવવાનું છે કે આવા પાંચ કોર્સ હિન્દમાં થયેલા છે તે સર્વમાં ફીનું આજ ધોરણ રાખેલું હતું. ફી કેટલી રાખવી તે વિગેરે માટેની અગાઉની પ્રથા અહીંપણ સ્વીકારવામાં છે. મારા પોતાના અંગત વિચારો કે માન્યતાઓને આ પ્રથામાં સ્થાન હોઇ શકે નહી. કારણ કે કોર્સની બધી ઉપસ્થિતિ અગાઉની પ્રણાલિની પ્રમાણેજ છે.

હા, એક વાતમાં હું મારી જવાબદારી સ્વીકારૂં છું. મેડમ અને મિ. મોન્ટેસોરીના વર્ગો અંગ્રેજીમાં હોય છે તેથી તેમાં જોડાવા માટે અંગ્રેજીના સારા જ્ઞાનની આવશ્યકતા તો હતી જ. અલબત્ત, મેડમની પદ્ધતિનું રહસ્ય પૂરૂં સમજવા માટે તે ઉપરાંત લીબરલ એજ્યુકેશન પણ હોવું જરૂરી છે. છતાં ઓછું અંગ્રેજી જાણનાર પણ જિજ્ઞાસુ અને બાળ કેળવણીમાં રસ ધરાવનાર ભાઇબ્હેનો—તમારાજ શબ્દોમાં કહું તો—પોતાના આંગણે થયેલા "ગંગા–અવતરણ" ના પ્રસંગે તે પુણ્ય જળમાં સ્નાન કરવા એટલા ઉત્સુક હતા કે તેઓને નિરાશ કરવા મને ઉચિત ન લાગ્યું. દરેક જુદા જુદા હેતુથી આવ્યા હશે, પણ બધાંજ બાળ કેળવણીના આ વિચારો લેવા ઉત્કંઠ હતાં. આથી મેં તેમને સહેલાઇથી દાખલ કરેલાં છે. આ સાથે હિંદી, મરાઠી તથા ગુજરાતી ઘણા શિક્ષક ભાઇબ્હેનો અને અન્ય બાળશિક્ષણમાં રસ લેનારાઓ કે જેઓનું અંગ્રેજી જ્ઞાન નહિ જેવું કે મુદ્દલે ન હતું તેમની અનેકની આગ્રહભરી લેખી અને મૌખિક માગણી આવી કે અંગ્રેજી સાથે ઉપરની ત્રણે ભાષામાં પણ વર્ગો ચાલે તો આ બાજુના બીજા પ્રાંતોના ઘણા બાળશિક્ષકો વિગેરે તેનો લાભ લે. પરિણામે આપણા બાળશિક્ષણમાં નવો પ્રાણ આવે. આ આગ્રહ પણ મને સપ્રયોજન લાગ્યો. હિંદી અને મરાઠીમાં તો હું કંઇ વ્યવસ્થા સમયના અભાવે ન કરી શકી, પણ મેડમની અનુમતિ લઇને ગુજરાતી વર્ગની મેં યોજના કરી આપી છે. તેનો શુભ હેતુ એ હતો કે જનતા મોટા પ્રમાણમાં આ વર્ગનો લાભ લે. નહિ કે રૂા. ૫૫૦૦૦ ની થેલી પૂરી કરી આપવાનો.

૪. "જાહેર જનતા માટે બીજા અલગ વ્યાખ્યાન માળા" ગોઠવાયેલી નથી. મા બાપો કે બાળ શિક્ષણમાં રસ લેનાં અન્ય કોઇ જેમને સવાર સાંજના વર્ગો માટે પૂરતો સમય ન હોય અને છતાં મેડમનાં માનસશાસ્ત્ર અને શિક્ષણની તત્ત્વ વિવેચના ઉપરનાં ભાષણોનો

લાભ લેવો હોય તેવાંઓને માટે અધી ફી રાખવામાં આવી છે. આ યોજના પણ જનતાના આગ્રહને લઇનેજ કરવામાં આવી છે.

૫. મેડમ મોન્ટેસોરી અને મિ. મારિયો મોન્ટેસોરી બન્ને જણાંનો સંયુક્ત રીતે આ વખતનો વર્ગ ચાલશે એવું પહેલેથીજ પ્રોસ્પેકટસમાં જાહેર કરવામાં આવેલું છે.

૬. મેડમનાં અઠવાડિયાનાં ત્રણ વ્યાખ્યાનો ઉપરાંત મિ. મોન્ટેસોરીનાં પાંચ સ્વતંત્ર વ્યાખ્યાનો અઠવાડિયામાં હોય છે. મેડમ તેમજ મિ. મોન્ટેસોરી બન્નેનું પ્રત્યેક વ્યાખ્યાન એક કલાક નહીં પણ દોઢથી બે કલાક સુધીનું હોય છે.

૭. પરીક્ષાની ફી રૂા. ૨૫ અને પ્રમાણપત્રની ફી રૂા. ૧૫ નહીં પણ અનુક્રમે રૂા. ૧૫ અને રૂા. ૩ છે.

કેળવણી જેવા અતિ પવિત્ર ક્ષેત્રમાં તમારા જેવા આ કેળવણીથી સુપરિચિત તરફથી પણ પ્રજા કોઇપણ કારણસર ગેરરસ્તે દોરવાય એ શોચનીય છે. તેથી સત્ય અને ન્યાય ખાતર આ મારો આખો પત્ર "પ્રબુદ્ધ જૈન"ના આવતા અંકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશો.

લી. સરલાદેવી સારાભાઈના નમસ્કાર.

શ્રી પરમાનંદભાઇનો જવાબ

મુંબઇ, તા. ૨૮-૨-૪૫.

પૂજ્ય સરલાદેવીની પવિત્ર સેવામાં

આપનો તા. ૧૪-૨-૪૫નો પત્ર મળ્યો. જેના પ્રત્યે થઇ ઘણાં વર્ષો થયાં હું માત્ર આદરભાવ જ નહિ પણ એક પ્રકારનો પૂજ્યભાવ અનુભવતો આવ્યો છું તેમની જ સાથે અથડામણમાં આવવાનો પ્રસંગ ઉભો થાય એ ભારે દુઃખદ છે. જાહેર જીવન અને તેમાં પણ પત્રકારિત્વ એવો વ્યવસાય છે કે જેમાં કોઇક વાર આવી અથડામણ અનિવાર્ય બને છે. આ ઉપરાંત આપના પત્ર પાછળ એક પ્રકારનો ઉગ્ર રોષ હું જોઇ રહ્યો છું, તેથી આપને જવાબ લખવાનું કામ મારા માટે ઘણું કઠણ બને છે. મારૂં ચાલત તો હું મૌન જ રહેવાનું પસંદ કરત, પણ આપના પત્રમાં કેટલાક એવાં વિધાનો જોવામાં આવે છે અને એ ઉપરાંત મારા ચર્ચાપત્રના મુખ્ય મુદ્દાઓને એવી રીતે બાજુએ હડસેલી નાંખવામાં આવ્યા છે કે મારા માટે મૌનસેવન અશક્ય બને છે.

મારા ચર્ચાપત્રમાં માહીતીફેર કે ખ્યાલફેરના અંગે કોઈ કોઇ સ્થળે અયથાર્થ વિધાન થઇ ગયાં છે તે તરફ આપે મારૂં ધ્યાન ખેંચ્યું તે માટે હું આપનો ઉપકાર માનું છું, પણ આવા અયથાર્થ વિધાનોને અસત્ય અને અર્ધસત્ય તરીકે વર્ણવીને મને આપે ભારે અન્યાય કર્યો છે. જાણવા અને સમજવા છતાં જાણી જોઇને અન્યથા પ્રરૂપણા કરવી એનું નામ અસત્યકથન કહેવાય. મારા વિવાદાસ્પદ લેખમાં આવી કોઇ પણ પ્રરૂપણા મેં કરી નથી એમ આજે પણ હું ભારપૂર્વક કહું છું.

આપના ચર્ચાપત્રની શરૂઆતમાં જે બે ત્રણ બાબતો આપે ચર્ચી છે અને તે સંબંધમાં મારાં અમુક વિધાનોમાં રહેલી ત્રુટિઓ તરફ આપે મારૂં ધ્યાન ખેંચ્યું છે તે મારા લેખના મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં લેતા પ્રમાણમાં બહુ જ ગૌણ બાબતો છે, તેથી તે બાબતોની ચર્ચા કરવાની અને તેને લગતા સત્યાસત્યની તુલના કરવાની મને ખાસ જરૂર લાગતી નથી. જે બાબતે આપના દિલને બહુ જ દુભવ્યું છે તે તો પ્રસ્તુત સમુહ વર્ગો ગોઠવવા સંબંધમાં મેડમ મોન્ટીસરી સાથે તેની આર્થિક બાજુને લગતી કોઇ ગોઠવણ હોવાનું મારા લેખમાં સૂચન કરવામાં આવ્યું છે તેને લગતી છે. ગયા ડીસેંબર માસની આખરમાં ભાવનગર તરફ જતાં આશરે દિવસ મને અમદાવાદ રોકાવાનું બન્યું હતું. તે દરમિયાન મેડમ મોન્ટીસરીને પ્રસ્તુત સમુહ વર્ગો ચલાવવા બદલ રૂા. ૫૫૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે એમ કેટલાએક સ્થળોએથી મારા સાંભળવામાં આવ્યું હતું. એની એ જ વાત હું ભાવનગર ગયો ત્યાં મેં ફરી ફરીને સાંભળી. એ સંસ્કારની છાયા નીચે મારા લેખમાં મેં નીચે પ્રમાણે લખ્યું હતું:—

"એમ કહેવાય છે કે આ ત્રણ માસના વર્ગો ચલાવવાના મહેનતાણા બદલ પ્રસ્તુત વર્ગના પ્રયોજકો તરફથી મેડમ મોન્ટીસરીને રૂ. ૫૫૦૦૦ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માન્યતા બરોબર હો કે ન હો પણ આજે ચાલતા મોન્ટીસરી વર્ગોમાં ૭૦૦ ભાઇ બ્હેનો દાખલ થયા છે. તેમને આપવી પડતી રકમોનો જો સરવાળો કરીએ તો પણ રૂ. ૫૫૦૦૦ થાય છે."

આ અવતરણ ઉપરથી આપ જોઇ શકશો કે મેડમ મોંન્ટીસરીને રૂ. ૫૫૦૦૦ આપવાની જાહેરાત આપવામાં આવી છે એવું નિશ્ચિત વિધાન—positive statement—મેં કોઇ જગાએ કર્યું નથી એમ છતાં પણ મારા તરફનું આવું નિશ્ચિત વિધાન ગૃહિત કરીને મારી ઉપર આપે ખુબ રોષ પ્રગટ કર્યો છે અને સત્ય અને અહિંસાની ઉપેક્ષા કરવા બદલ આપે મને ખુબ ઠપકો આપ્યો છે. હકીકત તરીકે કોઇ વિધાન ખોટું હોય તે બાબત તરફ મારૂં અને જાહેર જનતાનું આપ ધ્યાન ખેંચો એ હું સમજી શકું છું. પણ એ બાબતમાં આપનો આટલો બધો રોષ હું સમજી શકતો નથી. કારણ કે જેમને આટલા બધા ખરચાળ સમૂહ વર્ગો ચાલે અને એ રીતે મેડમ મોન્ટીસરીને વિપુલ દ્રવ્યોપાર્જન થાય એ સંમત હોય અથવા તો આવું દ્રવ્યોપાર્જન સંમત ન હોય એમ છતાં પણ આવા વર્ગો આવકારદાયક છે એમ જેને લાગતું હોય તે મેડમ મોન્ટીસરીને આવા વર્ગો દ્વારા થતી અનિશ્ચિત આવક સંબંધમાં આવી કોઇ સમજુતીથી નિશ્ચિન્ત કરે તો તે કશું ખોટું કરે છે એમ માનવાને કશું જ કારણ નથી. ઉલટપક્ષે તે તો આવડું મોટું જોખમ ખેડીને બાલદુનિયાની સેવા કરે છે અને બાલશિક્ષણના કાર્યને આગળ વધારે છે એમ તેણે માનવું જોઇએ અને જાહેર જનતાએ સ્વીકારવું જોઇએ.

પણ મૂળ પ્રશ્ન તો અહિંજ છે કે શિક્ષણના કાર્યને આમ ધંધાદારીનો વિષય બનાવવામાં આવે તે યોગ્ય છે કે નહિ અને તે સાથે જોડાયલા બીજા બે મુદ્દાઓ—(૧) આવા શિક્ષણ વર્ગોનો લાભ લેવા ભાંગતા સાધારણ આર્થિક કક્ષાના ભાઇ બહેનોને આપવું પડતું મોટું લવાજમ તથા અન્ય આનુષંગિક ખર્ચ અને (૨) આવા વર્ગોમાં દાખલ થવા સંબંધમાં યોગ્યતાના કશા પણ ચોકકસ ધોરણને જાળવ્યા સિવાય જે કોઇ જરૂરી લવાજમ લેવાને આવે તેને દાખલ કરવાની નીતિ—આ બે મુદ્દાઓ પણ ખાસ વિચાર કરવા યોગ્ય બને છે. આ ત્રણે મુદ્દાઓનો કશો પણ વિગતવાર ખુલાસો કરવાને બદલે આપ નીચે મુજબનો જવાબ આપીને અમારા જેવાને સંતોષવા ઇચ્છો છો. આપના પત્રમાં આપ જણાવો છો કે:—

"કોર્સની ફી વગેરે બાબે આપ તમારા અંગત અભિપ્રાયની મારે ચર્ચા કરવી નથી. મારે આ વિષયમાં એટલું જણાવવાનું છે કે આવા પાંચ કોર્સો હિંદમાં થયેલ છે. તે સર્વમાં ફીનું આજ ધોરણ રાખેલું હતું. ફી કેટલી રાખવી તે વગેરે માટેની અગાઉની પ્રથા અહિં પણ સ્વીકારવામાં આવી છે. મારા પોતાના અંગત વિચારો કે માન્યતાઓને આ પ્રથામાં સ્થાન હોઇ શકે નહિ. કારણ કે કોર્સની બધી ઉપસ્થિતિ અગાઉની પ્રણાલી પ્રમાણેની જ છે."

આવા વર્ગોની ગોઠવણ સર કાવસજી જહાંગીર, સર એચ. એમ. મહેતા કે નામદાર આગાખાન તરફથી કરવામાં આવ્યા હત અને તેમના તરફથી આવો જવાબ મળ્યો હત તો તે સામે કોઇને કશું કહેવાપણું ન રહેત. પણ આ દેશમાં આપનું સ્થાન અનેરું છે. દેશની અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ, રાષ્ટ્રીય મહાસભા અને ખાસ કરીને રાષ્ટ્રશિક્ષણના ભગીરથ કાર્ય સાથે આપનો ગાઢ સંબંધ છે. અખિલ હિંદ નૂતન બાલશિક્ષણ સંઘના આપ પ્રમુખ છો. આપનું જેમ આ દેશમાં વિશિષ્ટ મહત્વ છે તેમજ આપની જવાબદારી મોટી છે. મેડમ મોન્ટીસરીના આજ સુધીમાં જુદે જુદે સ્થળે પાંચ વર્ગો ચાલ્યા હોય તેની ગમે તે પ્રથા હોય, પણ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલના ગુજરાતમાં આપ જેવાની મારફત જ્યારે આવા વર્ગો યોજાય ત્યારે તેની રચનાના અંગ ઉપાંગ વિષે કોઇને પણ આપને પ્રશ્ન કરવાનો

હકક પ્રાપ્ત થાય છે અને તેવા પ્રશ્નકારને અને તેટલો સંતોષવો એ આપનો ધર્મ બને છે. પ્રથમ તો મેડમ મોન્ટીસરીને આવા વર્ગો ઓછા ખરચાળ બનાવવા અને એ રીતે ઓછી આવકથી સંતોષ ધરવા આપે તેમને વિનવવા જોઇતા હતા. ધારો કે તેઓ તો ચલુ પ્રથા મુજબ જ પોતાના વર્ગો ચલાવવા માંગતા હોય તો આપ ધનાઢય અમદાવાદનો સહકાર મેળવીને આ ખર્ચને હળવો કરવા કંઇ ને કંઇ જરૂર કરી શકતા હતા. અને ત્રીજું આ વર્ગમાં પ્રવેશ આપવાને લગતી યોગ્યતાનું કોઇ ચોક્કસ ધોરણ નક્કી કરીને તેનો અમલ કરવામાં આવ્યો હત તો આવા વર્ગો ઘણા વધારે સફળ બન્યા હત અને વર્ગોના અન્તે મળતા ડીપ્લોમા વધારે કીંમતી, પ્રમાણભૂત અને પ્રતિષ્ઠાપાત્ર બની શકયા હત. આ બાબતમાં આપ કેવળ ગતાનુગતિકતા સ્વીકારીને ચાલ્યા છો એ સામે જ મારી જેવા અનેકનો વાંધો છે. ફરક એટલો જ કે બીજા મનમાં સમજીને બેસી રહે છે જ્યારે મારી જેવાએ આપને દુભવવાનું જોખમ ખેડીને પણ આ બાબત જાહેરમાં ઉચ્ચારવાની ધૃષ્ટતા કરી છે. આ ધૃષ્ટતાને ઉદાર ભાવે નિભાવી લેવા અને એની પાછળ રહેલો કેવળ શુભાશય સ્વીકારવા આપને મારી નમ્રભાવે વિજ્ઞપ્તિ છે.

આપની ઇચ્છા મુજબ આપનો પત્ર પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ કરવા માટે મેં આપ્યો છે. પ્રબુધ્ધ જૈનમાં એ પત્ર પ્રગટ થાય તે પહેલાં અથવા તો પ્રબુધ્ધ જૈનમાં એ પ્રગટ થવાનો જ નથી એવી પ્રતીતિ થવા પહેલાં આપે આપના પત્રની નકલ પ્રબુધ્ધના તંત્રી ઉપર પ્રકાશન માટે મોકલી આપી જેના પરિણામે એ પત્ર ઘણા દિવસ પહેલાં એ સાપ્તાહિકમાં પ્રગટ થઇ ગયો એ યોગ્ય નથી થયું એમ મને લાગે છે.

લે. આપનો પરમાનંદ.

સંઘ સમાચાર

પ્રબુદ્ધ જૈન.

સરકાર તરફથી ન્યુસ પ્રીન્ટ ઉપર પ્રબુધ્ધ જૈન છાપવાની પરવાનગી મળતાં આઠ પાનાનું પ્રબુધ્ધ જૈન નિયમિત રીતે છાપી શકાશે એવી માન્યતાના આધારે ફેબ્રુઆરીની પહેલી તારીખનો અંક આઠ પાનાનો પ્રગટ કરવામાં આવેલો અને તે અંકમાં તે પ્રકારની જાહેરાત પણ કરેલી. પણ તે દરમિયાન ન્યુસ પ્રીન્ટ કવોટાને લગતો સરકારી પત્ર મળતાં માલુમ પડયું કે મંજુર થયેલા કવોટામાં ચાલુ આઠ પાનાનો અંક છાપવાનું શકય નથી. તેથી ફેબ્રુઆરીની પંદરમી તારીખનો અંક મુલતવી રાખવાની અમને ફરજ પડી છે. આ બાબતમાં જરૂરી રાહત મેળવવા માટે સંઘ તરફથી શ્રી. પરમાનંદભાઇને દીલ્હી મોકલવામાં આવ્યા હતા. ત્યાંની વાટાઘાટના પરિણામે નિયમિત રીતે આઠ પાના છાપી શકાય તેટલો કવોટા મંજુર કરતો પત્ર સરકારી અધિકારી તરફથી અમને મળી ચુકયો છે અને તેથી અમને જણાવતાં આનંદ થાય છે કે હવેથી આઠ પાનાનું પ્રબુધ્ધ જૈન નિયમિત રીતે પ્રગટ કરી શકાશે. આ વખતે બે હફતાનો એક સાથે અંક બહાર પાડયો છે. ગયા હફતાનો અંક નહિ પ્રગટ કરી શકવા બદલ અમો અમારા ગ્રાહકો અને વાંચકોની ક્ષમા માંગીએ છીએ. તંત્રી, પ્રબુદ્ધ જૈન.

સંઘને મળેલી મદદો.

તા૦ ૧-૧-૪૫ બાદ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને નીચે મુજબ મદદો મળી છે.

સંઘની રાહત પ્રવૃત્તિ.

૨૫૦) શ્રી. ધીરજલાલ ટપણલાલ કેશરીચંદ.
૫૧) ધી મીલ સ્ટોર કું.
૫૧) એક ગૃહસ્થ તરફથી, હ: હરિભાઇ.
૫૦) શ્રી. પ્રેમચંદ વેલજી મહેતા.
૫૦) એક ગૃહસ્થ તરફથી હ: હરિભાઇ.
૫૦) શ્રી. ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ.
૧૫) સ્વ. શેઠ કુંવરજી આણંદજીના સ્મરણમાં હ: શ્રી. પરમાનંદભાઇ
૧૧) શ્રી. હંસરાજ એમ. કામદાર.

૪૭૮) રૂા.

આવજતનાં સાધનો પુરાં પાડવાની પ્રવૃત્તિ.

૧૦૦) શ્રી મણિલાલ મોકમચંદ શાહ.
૨૫) શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની.

૧૨૫)

શ્રીમ.મો. શાહ વાંચનાલય પુસ્તકાલય

૨૫) શ્રી કાન્તિલાલ નાનાલાલ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ચાલુ પ્રવૃત્તિમાં.

૨૫) શ્રી અભેચંદ કલ્યાણજી મેઘાણી.
ચી. પ્રભુદાસના લગ્ન નિમિત્તે હા. ડો. મેઘાણી.

જન શ્વે. મૂ. કોન્ફરન્સમાં રજુ થનારા ઠરાવો

જૈન સમાજના શ્વે. મૂ. વિભાગમાં એકતા સ્થાપિત કરવા માટે માલેગાંવ ખાતે ૧૯૪૨ ના એપ્રીલ માસમાં કેટલાક આગેવાન જૈનોની એક ઐકય સમિતિ ઉભી કરવામાં આવી હતી. આ સમિતિએ ૧૯૪૨ ના ડીસેંબર માસમાં નીચે મુજબના બે ઠરાવો ઘડી કાઢયા હતા.

ઠરાવ ૧.

શ્રી. જૈન શ્વે. મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુસંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધારી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેના બીજી કોઇ પણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના ઠરાવો અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે.

આ ઠરાવ શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સે પાસ કરવાનો છે.

ઠરાવ. ૨

ઐકય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક ધર્મના સિધ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓધ્ધેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહિ.

આ ઠરાવ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ અને ધી યંગ મેન્સ જૈન સોસાયટીએ પાસ કરવાનો છે.

આ સંબંધમાં તા. ૨૮-૨-૪૫ના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબ ઠરાવ કર્યો છે.

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના માર્ચ માસની આખરમાં મુંબઇ ખાતે મળનાર અધિવેશનમાં ઐકય સમિતિએ કરેલા બે ઠરાવો (જે ઉપર આપવામાં આવ્યા છે) અનુમોદન માટે આવવાના છે. આ બન્ને ઠરાવો અયોગ્ય દીક્ષા તેમજ વાણી સ્વાતંત્ર્ય સંબંધમાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની સ્વીકૃત નીતિના વિરૂદ્ધ હોઇને સંઘના સર્વ સભ્યોને એ બન્ને ઠરાવોનો સખ્ત વિરોધ કરવા સંઘની કાર્યવાહક સમિતિ આદેશ કરે છે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

પ્રકીર્ણ સમાચાર

જૈન શ્વે મૂ. કોન્ફરન્સ

શ્રી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું આગામી અધિવેશન તા. ૩૦, ૩૧ માર્ચ તથા તા. ૧ એપ્રીલ એમ ૩ દિવસ ભરવામાં આવનાર છે.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ

આ કોન્ફરન્સની જનરલ કમીટીની સભા તા. ૧૭ તથા ૧૮ ના રોજ મુંબઇ ખાતે શ્રી. મેઘજી થોભણ જૈનધર્મ સ્થાનક કાંદાવાડીમાં બપોરે બે વાગે મળશે જે વખતે અનેક અગત્યની બાબતોનો નિણય કરવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળ

ચાલુ વર્ષમાં જુદી જુદી પ્રવૃત્તિઓ માટે શ્રી પાટણ જૈન મંડળે નીચે મુજબ રકમો ખર્ચવાનું નક્કી કર્યું છે:—

રૂા. ૩૦૦૦) સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કુલ ફી માટે

રૂા. ૧૫૦૦) કૅલેજમાં ભણતા વિદ્યાર્થીઓને લોન સ્કૉલરશીપ
રૂા. ૧૦૦૦) વિદ્યાર્થીઓને પુસ્તકો માટે
રૂા. ૩૫૦૦) બાળાશ્રમમાં ફ્રી વિદ્યાર્થીઓ રાખવા માટે ગ્રાન્ટ
રૂા. ૩૦૦૦) લાયબ્રેરીમાં નવાં પુસ્તકો માટે
રૂા. ૫૦૦૦) જરૂરીયાતવાળાં ભાઇબ્હેનોને રોકડ તેમજ અન્ય પ્રકારની સહાય માટે

રૂા. ૧૭૦૦૦)

બાળદીક્ષા નામંજુર.

ભાવનગર ખાતે સ્થાનકવાસી સમાજમાં આશરે બાર વર્ષના એક બાળકને શ્રી. ધાસીલાલજી મહારાજના સમુદાયના એક સાધુ દીક્ષા આપવા માંગતા હતા. આ પ્રશ્ન ભાવનગરના સ્થાનકવાસી સંઘ સમક્ષ ઉપસ્થિત થતાં તે સંઘે આવી બાળદીક્ષાને અયોગ્ય જાહેર કરી અને આવી દીક્ષા આપવાની મના કરવામાં આવી. પરિણામે ભાવનગર ખાતે એ દીક્ષા આપવાનું અશકય બન્યું. આ બાબત બાદ એમ કહેવાય છે કે અન્ય સ્થળે એ બાળકને દીક્ષા આપવામાં આવી છે અને એ સાધુ આગળ વિહાર કરી ગયા છે. ભાવનગરના સંઘ બાબક સ્થળ, સ્થળના સર્વ જૈન સંઘો બાળ દીક્ષાની બાબતમાં મક્કમ બને તો આવી બાળદીક્ષાનો અનર્થ હંમેશાને માટે નાબુદ થઇ જાય. પણ કમનસીબે બાળદીક્ષામાં રહેલ ગંભીર અનર્થ તરફ સૌ કોઇનું એક સરખું ધ્યાન ખેંચાયું નથી અને જૈન સાધુઓના આ સ્વચ્છંદને પોષનાર વ્યકિતઓ તેમજ સંઘો જ્યાં ત્યાં હજુ મળી આવે છે.

શ્રી. ટી. જી. શાહને અભિનંદન

મુંબઇની જૈન એજ્યુકેશન સોસાયટીને શ્રી. ટી. જી. શાહે રૂા. ૧૫૦૦૦ની રકમ ભેટ આપી છે. શ્રી. ટી. જી. શાહ સ્થાનકવાસી કોમની એક આગેવાન વ્યકિત છે અને શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના પણ ઘણા વર્ષોથી સભ્ય છે. આવી ઉદારતાભરી સખાવત માટે શ્રી. ટી. જી. શાહને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે.

ભુલ સુધારણા

તા. ૧-૨-૪૫ ના પ્રબુદ્ધ જૈનના અંકમાં 'શ્રી. ધર્માનંદ કોશાંબી અને વાણીની સભ્યતા'ના મથાળા વાળા લેખકનું છેલ્લું વાકય નીચે મુજબ સુધારીને લખવું.

"અત્રણ વાદ, નિન્દા કે આવી બાબતમાં આખો ઝગડો કોર્ટે લઇ જવાની વૃત્તિ અને પ્રવૃત્તિ કોઇપણ સત્ય બાબતને **ટાળી** શકશે નહિ કે અસત્ય વિધાનને કદિ આદરણીય બનાવશે નહિ." આ વાકયમાં 'ટાળી' શબ્દને બદલે આગળના અંકમાં ભુલથી 'રાખી' છપાયું હતું.

મુનિશ્રી વિદ્યાવિજયજીનો આક્ષેપ અને શ્રી. ધર્માનંદ કોશાંબીનો ખુલાસો

'જૈન પ્રકાશ'ના તા. ૨-૧૧-૪૪ ના અંકમાં મુનિશ્રી વિદ્યાવિજયજીનો એક પત્ર પ્રગટ કરવામાં આવેલો. આજે શ્રી ધર્માનંદ કોશાંબીના માંસાહારપ્રરૂપક અમુક ઉલ્લેખો સામે ચાલી રહેલ હીલચાલના અનુસંધાનમાં 'જૈન પ્રકાશ'ના તા. ૮-૨-૪૫ ના અંકમાં તે જ પત્રમાંનો નીચેનો ભાગ અવતરિત કરવામાં આવ્યો છે.

"કૌશાંબીજી અહિંઆ છે. અહિંથી દશબાર માઇલ દૂર રહે છે. મેં બે ત્રણ પત્રો લખેલા તેનો જવાબ નહિ મળ્યો. છેવટે મારા તરફથી બે માણસો નિમંત્રણ કરવા મોકલ્યા. રાત્રે અગીયાર વાગે ત્યાં પહોંચેલા. બે માણસોની સાથે ખુબ અસભ્યતાપૂર્વક તેમણે વ્યવહાર કર્યો, સાહિત્યનો કોઇ ઉપાસક યા વિદ્વાન આવો વ્યવહાર ન જ કરે. ગયેલા બંને માણસોને એ જંગલમાં રાત્રી વિતાવવા માટે એક બીજા ગ્રહસ્થનો આશ્રય શોધવા પડયો. કૌશાંબીની વિદ્વતા માટે મને માન હતું, પણ તેમનો વિદ્વાનને ન છાજે તેવો આ અસભ્ય વર્તાવ ખરેખર તેમની વિદ્વતા માટે કલંકરૂપ છે. સાહિત્યની ચર્ચા માટે મતભેદો હોઇ શકે છે; પણ મતભેદ ધરાવનારા વિદ્વાનો પ્રેમપુર્વક સાથે બેસી વાર્તાલાપ કરવાનું તો ન જ ચૂકે. વાર્તાલાપની વાત તો દૂર રહી. એક નિમંત્રણ કરવા ગયેલા મારા પ્રતિનિધિ સાથે આવો અસભ્યતાભર્યો વ્યવહાર ખરેખર દુઃખદાયી છે. હું એક નિવેદન બહાર પાડવાનો હતો, પણ હમણાં લખવા વાંચવાની બધી પ્રવૃત્તિનું કાર્ય બંધ હોવાથી કાંઇ કરી શકતો નથી.

"કૌશાંબીજીના લખાણ સંબંધી ચર્ચા કરનારાઓને માત્ર મારો એટલોજ સંદેશ છે કે આપણે આપણી મર્યાદાને ચુકયા વિના રીતસર તેનો જવાબ આપવો એજ આપણું કર્તવ્ય છે. કૌશાંબી અગર સાચા હોત અને એક વિદ્વાન તરીકે પોતાના લખાણો માટે એમને જો માન હોત તો તેઓ આમ ભીરૂતા નજ બતાવત. એમણે આપણી ચેલેંજ સ્વીકારી લેવી જોઇતી હતી."

આ બાબતમાં શ્રી ધર્માનંદ કોશાંબી નીચે મુજબ ખુલાસો કરે છે:-

"મારા વિષયમાં શ્રી વિદ્યાવિજયજીના વકતવ્યનું જે ઉદ્ધરણ તા. ૮-૨-૪૫ ના જૈન પ્રકાશના વર્ષ. ૩૨ અંક ૯ માં પ્રકાશિત થયું છે તે દિશામાં મારું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે:-

હું ધન્દૌરથી ૧૫ા માઇલ દૂર પાતાલપાની સ્ટેશનની પાસે વર્ષાકાળમાં મારી ઝુંપડીમાં રહેતો હતો. મારા મિત્ર ડૉ. સુખટનકર મારી પાસે નાળાની પેલી પાર પોતાના બંગલામાં રહેતા હતા. તેઓ મારા ખાનપાન વિગેરે સર્વ આવશ્યક વસ્તુઓનો પ્રબંધ કરતા હતા. તે દિવસોમાં એક રાત્રે બે તરણોને લઇને સ્ટેશનનો સિપાહી મારી પાસે આવ્યો, કારણ કે તેઓ સીધા ડૉ. સુખટનકરના બંગલામાં જઈ શકતા નહોતા. ડૉ. સુખટનકરના બંગલામાં એક ભયંકર કુતરો હતો જે ગાડી આવી ગયા બાદ છોડવામાં આવતો હતો અને તેના ડરના કારણે કોઇપણ વ્યક્તિ ગમે તેટલા પૈસા દઇને પણ ત્યાં જવાનું સાહસ કરી શકતો નહોતો. એટલા માટે તે બંને યુવકોને સિપાહી મારી પાસે લઇ આવ્યો.

આ લોકો પાસે એક થેલા સિવાય બીજી કોઇ વસ્તુ નહોતી. મારી ઝુંપડીમાં મારી પાસે કોઇપણ પ્રકારનું સાધન નહિ હોઇને તથા અતિવૃષ્ટિના કારણે આ લોકોનું સુવું અસંભવ હતું. ત્યારે તે બંનેએ સ્ટેશન ઉપર જઇને રાત્રિ વ્યતીત કરવાનો વિચાર કર્યો. પણ મને એ પસંદ નહોતું કારણ કે ત્યાં પણ તેમને વધારે કષ્ટ થતે. એટલે મેં બહાર જઇને ડૉ. સુખટનકરના નોકરને સાદ દીધો. અંતમાં તે નોકર આવીને બંનેને ત્યાં લઇ ગયો અને ડૉ. સુખટનકરે બંનેના સુવાની સંપૂર્ણ વ્યવસ્થા કરી દીધી.

સવારે ગાડી આવવાની પહેલા બંને તરણ મારી પાસે આવ્યા. તેમણે મને શ્રી વિદ્યાવિજયજીનો સંદેશ સંભળાવ્યો જેનો સારાંશ આ છે:-શ્રી વિદ્યાવિજયજી મારી સાથે કોઇ પણ પ્રકારની ચર્ચા કરવા નહોતા ઇચ્છતા પરંતુ તેમનો આગ્રહ હતો કે હું તેમની વ્યાખ્યાનમાળામાં તથા જલૂસમાં ઉપસ્થિત થાઉં. મેં તે યુવકોને સમજાવ્યું કે યાવત શકય હું જલૂસમાં ઉપસ્થિત નથી થતો અને વ્યાખ્યાનોથી પણ બને ત્યાં સુધી દૂર રહું છું. મારું દૃષ્ટિબિંદુ જૈન સાધુ જલૂસમાં ભાગ લે તે મને પસંદ નહોતું કારણ કે ત્યાગમાર્ગને આજના આ મોંઘવારી અને તંગીના યુગમાં તે શોભા નથી આપતું અને હું પણ ત્યાગ માર્ગનો ભકત હોઇને તેમાં સમ્મલિત થવું મને યોગ્ય ન લાગ્યું. બીજું અત્રેથી રેલ્વે સિવાય ઇંદૌર જવાનું બીજું સાધન નથી. રેલ્વેની ભીડથી બધા સુપરિચિત છે અને આવી ભીડ મારા જેવા વૃદ્ધ પુરૂષ માટે સંકટ સમ હતી. મારું સ્પષ્ટીકરણ તે યુવકોને પસંદ પડયુ એવું મને લાગ્યું અને તેઓ સવારની ગાડીથી ઇંદૌર ગયા. ડૉ. સુખટનકરે શ્રી વિદ્યાવિજયજીને વચન આપ્યું હોઇને તેઓ તે દિવસે તેમની સભામાં ગયા. વિદ્યાવિજયજીએ પ્રારંભિક વકતવ્યમાં જે કહ્યું તેમાં જલુસોનો ધર્મપ્રભાવનામાં ઉપયોગ બતાવેલો જે મારી દલીલોના પ્રતિકારસ્વરૂપ હતું એમ ડૉ. સુખટનકરને લાગ્યું અને મને તેમણે જણાવ્યું!

આ સિવાય શ્રી વિદ્યાવિજયજીએ આ લખ્યું કે મેં શ્રી કોશાંબીજીને આ પહેલાં બે ત્રણ પત્ર શાસ્ત્રાર્થ માટે લખેલા-વાંચીને આશ્ચર્ય થયું છે. મારી પાસે વિદ્યાવિજયજીનો કોઇપણ પત્ર આવ્યો નથી!

ભવદીય ધર્માનંદ કોશાંબી.

જૈન સંસ્કૃતિનો પ્રચાર આજે શી રીતે કરવો ?

(રતલામ બાજુમે આવેલ પરાંસલિ તીર્થ ખાતે ભરાયેલ શ્રી. દેશવિરતિ ધર્મારાધક સમાજના નવમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી. કાન્તિલાલ ડુંગરલાલે આપેલ વ્યાખ્યાનનો ઉપયોગી ભાગ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

શ્રમણ સંસ્કૃતિના નાયક ભગવાન મહાવીરે વિશ્વશાંતિ માટે અહિંસા અને વિશ્વના ઐક્ય માટે અનેકાન્તવાદ આ બે અદ્વિતીય સાધનો જગતને સોંપી માનવસમાજને સાચા કલ્યાણમાર્ગે જવાનું નવું દિશાસૂચન આપ્યું છે. આજે જ્યારે જગતમાં બહુ સૂક્ષ્મતાપૂર્વક પ્રત્યેક વસ્તુની છણાવટ થઈ રહી છે, ત્યારે પ્રવૃત્તિ કે વિકાસ કર્યા વગર ખાલી ભૂતકાળના ગુણગાન કરવા માત્રથી આપણા તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિની રક્ષા ન જ થઈ શકે. કોઈ પ્રજા ફક્ત પોતાના ભૂતકાળની શોભાને ઉન્નતિ અને રક્ષણનાં ઉદ્યમ સિવાય યાદ કરવા માત્રથી આગળ વધી શકી નથી. આજે તો સંસારના દરેક ધર્મોનું પણ કેટલાંક વર્ષોથી સ્વતંત્ર દ્રષ્ટિએ વિશ્લેષણાત્મક અને તુલનાત્મક અધ્યયન થવા લાગ્યું છે. અને એટલાંજ માટે વર્તમાન શતાબ્દિને સંસ્કૃતિના સંક્રાંતિકાળ અથવા ધર્મમંથનકાળ તરીકે એક વિદ્વાને ઓળખાવેલ છે. એટલે વર્તમાન કાળની શોધોને, પ્રમાણોને અને નીતિને સર્વથા અનુકૂલ અને વધારનારો જૈન ધર્મ જ છે. પરંતુ આવું નક્કર સત્ય પ્રજામાં આપણા દેશવિરતિ ભાઈઓએ પ્રચારવું જોઇએ.

ગૃહસ્થો ! આ જમાનો બુદ્ધિનો છે. આ બુદ્ધિવાદના યુગમાં શ્રધ્ધા અને ભક્તિને આજનો શિક્ષિત માનવસમાજ તરત માનવા તૈયાર ન થાય તે બનવાજોગ છે. શ્રધ્ધાનું પણ જો બુદ્ધિથી પરિશોધન થશે તોજ તે ટકી શકશે. આ પ્રમાણે જો કાર્ય હાથ ન ધરાય તો નવીન બુધ્ધિશાળી શિક્ષિતવર્ગમાંથી જૈન ધર્મ નવા અનુયાયી ન મેળવી શકે. એટલુંજ નહી પણ જુવાન પ્રગતિશાળી વર્ગ પણ અપસરતો જાય. જૈન ધર્મમાંથી જૈન યુવાનો કેટલા શિથિલ થતા જાય છે તેનો વિચાર કોઇએ કર્યો છે ? હું અત્રે બાહ્ય ક્રિયાની વાતા નથી કરતો. ફક્ત બાહ્ય ક્રિયાને ધર્મ ગણી શકાય નહીં. તત્ત્વજ્ઞાનના ખરા પિપાસુઓની તેમાંથી તૃષા ન છીપી શકે. માટે એવો પ્રયત્ન કરવામાં આવે કે જૈન ધર્મના જ્ઞાનને બુધ્ધિશાળી, વિશાળ અને આધુનિક જૈન દૃષ્ટિવાળા વિદ્વાનો આગળ સ્ફોટન કરાવાય, જેથી બુદ્ધિની વેગીલી પ્રગતિમાં જૈન ધર્મ પોતાનું સ્વાભાવિક સ્થાન પ્રાપ્ત કરી શકે.

જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મવાદ, નયવાદ, સાપેક્ષવાદ, સ્યાદ્વિસાદિ, ગતો, ગુણસ્થાનક્રમ, યોગ, મતિજ્ઞાનાદિના સૂક્ષ્મ ભેદો આવા અનેક વિશિષ્ટ તત્ત્વોનો સમાવેશ થાય છે. તો તે દરેક પર સ્વતંત્ર વિચારકોએ પ્રાચીન જૈનશાસ્ત્રોમાંથી તારવી ઉહાપોહ અને પરિશિલનપૂર્વક નિબંધો, લેખો, પુસ્તકો અલગ અલગ રચવા ઘટે. આપણે ત્યાં જ્ઞાનની તૃષ્ણા છે પણ તેની પરિતૃપ્તિ માટે સાધનોની વિપુલતા નથી.

જૈન ધર્મની અનેકાન્ત સ્યાદ્વાદની ફીલોસોફીનો અર્થ એ છે કે એક પદાર્થને અનેક દૃષ્ટિબિન્દુથી જોઇ શકાય. પ્રત્યેક જીવાત્મા એ ભિન્ન ભિન્ન વ્યક્તિ છે. તેનામાં સંસ્કારની રુચિ ને પરંપરાની કેળવણીની ભિન્નતા છે. આ વિચારણા ખ્યાલમાં રાખી સામા માણસની દ્રષ્ટિ સમજવા જેટલી ઉદારતા કેળવીને સુધારવા માટે પ્રયત્ન કરીએ તો તેને વાત બરાબર સમજાય અને જગતમાં સાચો પ્રેમ, શાંતિ અને અભેદ નીતિ પ્રવર્તે અને શ્રી મહાવીર પ્રભુના સાચા અનુયાયીઓ થવાને આપણે વધારે અધિકારી બની શકીએ.

ગૃહસ્થો ! આવા સમસ્ત વિશ્વને ઉપકારી થઇ શકે તેવા જૈન ધર્મને જ્યાં આપણામાં ઉતારી શકયા નથી, ત્યાં જગત સમક્ષ તો ક્યાંથી મૂકી શકયા હોઇએ ? આ માટે આખા જૈન સાહિત્યનો, સંસ્કૃતિનો અને તત્ત્વજ્ઞાનનો લાભ આ અને આવતો યુગ કઇ રીતે બરાબર લઇ શકે અને જીવનમાં બરાબર ઉતારી શકે તે માટે યોગ્ય વિચારણા અને પછી રચનાત્મક કાર્યો હાથ ધરવાની ખાસ આવશ્યકતા છે. દેશની બીજી પ્રજા સાથે જૈન કોમને પણ સાથે રહેવું છે એટલે આ યુગની કેળવણી લીધાં સિવાય આપણો છુટકો નથી, એટલુંજ નહીં પણ જગતે જે પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે તે ઉપરથી એવો સમય બહુજ પાસે આવે છે કે ફક્ત ઉંચી કેળવણી લીધેલ વ્યક્તિઓ-નીજ કિંમત રહેશે અને સ્વમાનપૂર્વક જીવી શકશે. આવી રીતે વ્યવહારને માટે જૈન વર્ગને પણ કેળવણી લેવી જ પડે છે તો તેની સાથે આપણે ધાર્મિક કેળવણીને જોડીને તે વ્યવહારીક કેળવણી લેવા જાનારાને પણ જૈન શાસનમાં ઓતપ્રોત કેમ ન બનાવી શકીએ ? એટલે આ કેળવણી સાથે જ આપણા સાહિત્ય, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનને વેગ આપવા આપણે કઇ રીતે વ્યવહાર યોજના ઘડી શકીએ તે વિચારવું જરૂરી છે.

સૌથી પ્રથમ આખા દેશના જૈન બાળકો માટે પ્રાથમિક ધાર્મિક અભ્યાસનો એકસરખો ક્રમ તૈયાર કરવો જોઇએ. અને દરેક પ્રાંતની જુદી જુદી ભાષામાં તે ક્રમના એક જ જાતના ધાર્મિક અભ્યાસનાં પુસ્તકો દેશવિરતિસમાજ તરફથી બહાર પાડવાની જરૂર છે. આ આખા અભ્યાસક્રમમાં શરૂઆતથી જ આપણું એ ધ્યેય હોવું જોઇએ કે આપણે આપણા સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિને આપણા બાળકોમાં અને જગત સમક્ષ સાચા સ્વરૂપે રજુ કરવાનો આ પાયો નાખીએ છીએ. આ અભ્યાસનો પુરેપુરો લાભ લેવાય તે માટે દેશના દરેક શહેર કે નાના ગામડામાં જ્યાં પાઠશાળા ન હોય ત્યાં ધાર્મિક પાઠશાળાઓ ખોલવાનો પ્રબંધ થવો જોઇએ.

એક પણ જૈન બાળક કે બાળકી ધાર્મિક અભ્યાસ વિના ન રહે તે માટે સામાન્યે કરીને દરેક શહેર કે ગામડાના જૈન મહાજન ઉપર અને વિશેષ કરીને આગેવાનો ઉપર ખાસ દબાણ લાવવું જોઇએ. આ પ્રમાણે પ્રગતિમાર્ગની શરૂઆત કરવાની છે. ધાર્મિક સંસ્કારનો પાયો મજબુત હશે તોજ તેના ઉપર ઈમારત પણ ચણી શકાશે. એટલે કોલેજના જીવનમાં વિદ્યાર્થીને ધાર્મિક વૃત્તિ ઉપર શી રીતે દૃઢ બનાવવો તે ઉપર વિચાર કરવાનો છે. આ વિદ્યાર્થી તે જૈન સમાજની ભવિષ્યની આશા છે, જૈન સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનનો વારસદાર છે. શાસનને દિપાવવાનો બોજો આપણે એના પર મૂકવાનો છે એટલે બહુજ વિચારપૂર્વક આ ઉગતા યુવાનો માટે યોજનાઓ ઘડવાની રહે છે. આવા ઉગતા યુવકો ન્યાય ચાહે છે, યુક્તિ ઇચ્છે છે. અમે જે કહીએ છીએ તે પૂર્વજો કહી ગયા છે અને તે આ પ્રકારેજ કહી ગયા છે અને તેજ પ્રકારે સત્ય સ્વીકારો એમ કહેવાથી બધા યુવકો નાની જાય નહિ. તેમાં ન્યાય અને યુક્તિ હશે અને તે બરાબર સમજમાં ઉતરી શકે તેવી રીતે બતાવવામાં આવશે તોજ તેઓ સ્વીકારશે. એમને જૈન શાસ્ત્રોનું જ્ઞાન સમજાવવા, ઠસાવવા અને જીવનમાં ઉતારવા જેટલા આજે આપણી પાસે શિક્ષિત અધ્યાપકો નથી. આવા અધ્યાપકોમાં પ્રાચીન આદર્શ તરફ પ્રેમ અને નવયુગના આદર્શો સાથે એનો સમન્વય કરવાની આવડત હોવી જોઇએ અને અટપટા સવાલો નવયુગનો વિદ્યાર્થી પૂછે ત્યારે તેને (વિદ્યાર્થીને) સંતોષ થાય તેવા પધ્ધતિસરના જવાબો આપવાની તૈયારી હોવી જોઇએ અને તેનું ચારિત્ર્ય અત્યંત આદર્શપ્રિય હોવું જોઇએ. આવા અધ્યાપકો આપણે વ્યવહારિક ઉચ્ચ જ્ઞાન ધરાવનારા વિદ્યાર્થીઓમાંથી જ ઉત્પન્ન કરવાના છે. કારણ કે M. A. કે PH. D. ની પરીક્ષા જૈન તત્ત્વજ્ઞાન ઉપર નિબંધો લખીને પાસ કરનાર વિદ્યાર્થી જ આપણી યોજનાને કે તેહમંદ બનાવી શકે તેમ છે.

ખૂબ વિચારણા પછી અને બે વયોવૃદ્ધ વિદ્વાન આચાર્યો સાથેની ચર્ચા પછી નીચે મુજબની યોજના આપ સમક્ષ હું રજુ કરું છું.

આજની શિક્ષણયોજના સાથે આપણું સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિનો અભ્યાસક્રમ જોડાય તે માટે આપણી સ્વતંત્ર શિક્ષણસંસ્થા ખોલવી જોઇએ અને તેને પૂર્વ મહાપુરૂષના નામ સાથે વિદ્યાપીઠ તરીકે ઓળખવી જોઇએ. આ વિદ્યાધામને માગધી અને પ્રાકૃત ભાષાનું કેન્દ્ર બનાવવું. તેમાં ભણતા વિદ્યાર્થીઓ માટે M. A. સુધીની ડીગ્રી મળે

ત્યાં સુધીનો પાંચ વર્ષનો ધાર્મિક અભ્યાસક્રમ વિદ્વાન મુનિમહારાજોની સલાહથી સાથે મળી ઘડી કાઢવામાં આવે. વિદ્યાપીઠના સમય પછી દરરોજ દોઢેક કલાક આ ક્રમ લેવામાં આવે. પરિક્ષાઓમાં ઉંચે નંબરે આવનારાઓ માટે ઉંચી છાત્રવૃત્તિની ગોઠવણ કરવામાં આવે જેથી વિદ્યાર્થીવર્ગને ઉત્તજન મળે. આ પાંચ વર્ષની પરિક્ષાઓમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી જ્ઞાન અને ક્રિયા પ્રત્યે ખાસ રૂચિ ધરાવે છે એની સંચાલકો બહુજ બારીકાઇથી ખબર રાખે અને આવા વિદ્યાર્થીને જીવન સુધી અપનાવવાની આ વિદ્યાધામ તરફથી ખાત્રી આપવામાં આવે. જેમ ગવર્મેન્ટ ઑફ. સી. એસ. થનારને તેના જીવન પર્યંત ઉંચા પગારે જુદા જુદા સરકારી ઓધ્ધે રાખે છે અને તેની પાસે રાજ્યનું અગત્યનું કામ લે છે તેવી રીતે આ વિદ્યાપીઠની અનેક ધાર્મીક પરીક્ષાઓમાંથી પસાર થનારને આ સંસ્થા ઉંચા વેતને રોકે. તેના પગારની શરૂઆત ઓછામાં ઓછા માસીક રૂા. ૨૫૦ થી ૩૦૦ અને વધુમાં વધુ રૂા. ૧૫૦૦ સુધીની રાખવી જોઇએ કે જેથી વિદ્યાર્થીનો મોટો ભાગ આ કાર્યમાં રસ લેતો થાય.

વિદ્યાપીઠ સાથે આપણી એક મોટી સેન્ટ્રલ લાઇબ્રેરી અને આપણી સંસ્કૃતિ અને ઇતિહાસનું સંગ્રહસ્થાન (મ્યુઝીયમ) રાખવું. આ સેન્ટ્રલ લાઇબ્રેરીમાં આખા વિશ્વના ધર્મના પુસ્તકો હોવા જોઇએ અને આપણા જ્ઞાન ભંડારો કે જ્યાં કેટલાક અમુલ્ય પુસ્તકોનો ફકત સંગ્રહ ખાતર જ સંગ્રહ થતો હોય, અને વાંદા, ઉધઇ ને ઉંદરોથી તેનો નાશ થતો હોય તેને આ લાઇબ્રેરીમાં લાવવા. આવા પુસ્તકો કે જેની બાહ્ય પૂજા થઇ રહી છે તેને હવે અભ્યાસનું રૂપ ધારણ કરાવવામાં આ.ક. આવા મધ્યસ્થ પુસ્તકાલયમાં આપણો પસાર થનાર વિદ્યાર્થી "રીસર્ચ" એટલે સંશોધન દ્રષ્ટિએ તેનું સંશોધન કરે; જુદી જુદી ભાષાઓમાં તેનો ફેલાવો કરે અને આવા સાહિત્યનો દેશ-પરદેશ પ્રચાર કરે. આમ કરવામાં આવે તો આપણે આપણા સાચા જ્ઞાનની ખરી સેવા કરી ગણી શકાય અને જગત જે રાજમાર્ગ જેવા ધર્મથી વંચિત રહ્યું છે તેને તેના ખરા સ્વરૂપમાં મુકી શકાય. જ્ઞાનની આથી મોટી પૂજા મારી નજરે સમજ મુજબ બીજી કોઈ હોઇ ન શકે. મેં જે યોજના આપ સમક્ષ મુકી છે તેમાં આપણી એક સ્વતંત્ર વિદ્યાપીઠ કે જેમાં ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓ ભણી શકે, વિદ્યાર્થીઓમાં જૈન ધર્મની આજ્ઞાનું પાલન અને શિસ્ત જળવાય તે માટે એક મોટું છાત્રાલય, વચમાં આપણા પ્રાચીન પવિત્રતમ પુરૂષોની યાદ આપતું એક ભવ્ય મંદિર, તેની પાસે એક સેન્ટ્રલ લાઇબ્રેરી અને આપણા ઇતિહાસ અને સંસ્કૃતિને રજુ કરતું એક મ્યુઝીયમ-તેટલું તો ઓછામાં ઓછું હોવું જોઇએ. મ્યુઝીયમમાં વિધ વિધ પ્રાચીન કળાના નમૂના, ચિત્રો, નકશા, પૂઠા, પાટલી વિગેરે અનેક વસ્તુઓ મુકવામાં આવે તો પૂર્વના જૈનોનો કળા પ્રત્યેનો પ્રેમ પારખી શકાય અને તે તથા સુંદર તત્વોનું અનુકરણ પણ કરી શકાય.

આ આપણા વિદ્યાપીઠમાં દેશપરદેશના વિદ્વાનો આવવાને લલચાય અને જૈન ધર્મનો અભ્યાસ કરી શકે એવા જિજ્ઞાસુ વિદ્વાનોને જૈન ધર્મનો અભ્યાસ કરવાની આજે એકે સંસ્થા નથી તે ખોટ પણ પૂરી શકાય. આવી સંસ્થા શરૂ કરવામાં આવે તો પાંચ વર્ષ પછી દર વર્ષે ઓછામાં ઓછા ૨૫ થી ૫૦ ઉચ્ચતર જૈન ધર્મના અભ્યાસીઓ આપણે બહાર પાડી શકીએ. દશ વર્ષે આનું પરિણામ કેટલું મોટું આવે? દશ વર્ષે આપણે આવી સંસ્થામાંથી સેંકડો સંસ્કારી અને જૈન ધર્મને વફાદાર વિદ્વાનો બહાર પાડી શકીશું. તેમાંથી કેટલાક આપણી સેન્ટ્રલ લાયબ્રેરી દ્વારા (રીસર્ચ ખાતામાં) સંશોધન-વિભાગમાં રોકાશે, જેઓ જુદી જુદી ભાષાઓમાં આપણું સાહિત્યનું પ્રકાશન કરવાનું ચાલુ રાખશે. કેટલાકને આખા દેશના ધાર્મિક અભ્યાસ, સંસ્કાર અને આપણા ધર્મની મહત્તા સમજાવવા દેશના જુદા જુદા ભાગોમાં ફરતા રાખવાના રહેશે. કેટલાકને સાધુ સમુદાયના અભ્યાસ માટે ગોઠવવાના રહેશે. કેટલાક આપણી જૈન સંસ્થાઓ ઉપર આધુનીક પદ્ધતિએ દેખરેખ રાખશે. અને જેઓ બહુ તેજસ્વી વિદ્વાનો હશે તેમને જૈન ધર્મના સિદ્ધાંતોને સમજાવવા, ફેલાવવા દેશપરદેશ મોકલવાના રહેશે. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ વર્ગમાંથી ઘણાં સાધુ વર્ગમાં પણ ઉમેરો કરશે, અને આ યુગની પૂરતી ફેળવણી લીધેલ ધર્મના દૃઢ સંસ્કારી ફકત બે પાંચ સાધુ પણ જો આમાંથી મળી રહેશે તો આપણી બંધી ખર્ચેલ શક્તિ લેખે લાગશે. આના પરિણામે એકાદ દાયકા પછી આપણી સ્વતંત્ર જૈન તત્વજ્ઞાન, સંસ્કૃતી અને સાહિત્યને વેગ આપનારી યુનીવર્સિટી પણ ખોલી શકીશું. આ યોજના માટે જો કે ઓછામાં ઓછા પચીસેક લાખ રૂપીઆની જોગવાઇ કરવાની રહે પણ જૈન સમાજ માટે આ રકમ હું મોટી ગણતો નથી. આ વિષે આવા અધિવેશનના અગાઉના એક વિદ્વાન ધર્મચુસ્ત અને વયોવૃદ્ધ પ્રમુખશ્રી બદામી સાહેબના ભાષણમાંથી એક નાનો ઉપયોગી ફકરો આપ સમક્ષ વાંચું છું. "આપણા કાર્યોમાં આપણે ઘણે ભાગે બહારના દાઢમાંહમાં ને દેખાવ કરવામાં ટેવાઇ ગયા છીએ, આપણે ઘણે ભાગે જુના ચીલામાં ચાલ્યા કરવાનું પસંદ કરીએ છીએ અને તે માટે પૈસાનો વ્યય કરીએ છીએ, પણ મારૂં તો માનવું એવું છે કે આપણે જમાનાને ઓળખીને કયા માર્ગમાં ખર્ચ કરવો તે સમાજના હિતમાં વિશેષ પ્રકારે છે તે બાબતમાં પાકો વિચાર કરી જે માર્ગમાં વિશેષ હિત થતું હોય તે માર્ગમાં ખર્ચ કરવો જોઇએ." એક વિદ્વાન વયોવૃદ્ધ અને ધર્મચુસ્ત પુરૂષના આ સાદા કથનમાં ખુબ ગુઢ અર્થ સમાયેલો છે, તે તરફ આપ મુરબ્બીઓનું હું બહુજ ગંભીરતાપૂર્વક લક્ષ ખેંચું છું. આમાં ફકત નાણાં ખર્ચવાના વિવેકનીજ સવાલ છે, અને આવી કરકસર પાછળ આપણી ભાવના પણ કેટલી ઉચ્ચ રહેશે. "સવી જીવ કરૂં શાસનરસી"ની ભાવનાને સેવતી જૈન પ્રજા મારી ઉપરની અથવા બીજી કોઇ પણ એવી વ્યવહાર યોજના અમલમાં મુકે તો જરૂર જૈન ધર્મના અમૂલ્ય જ્ઞાનને આપણે જગત કલ્યાણ અર્થે મુકયું ગણાય.

વિદ્યાપીઠના નામથી કોઇએ ભડકવાની જરૂર નથી. તે વિષય તો ગૌણ છે. આપણો મુખ્ય આશય તો આપણા સાહિત્ય, સંસ્કૃતિ અને તત્વજ્ઞાનને પ્રચારવા, આપણી ઉગતી પ્રજાને ધર્મ, સંસ્કાર અને જ્ઞાનથી લેપિત કરવા અને આ જગતમાં જ્યાં અહિંસાનું નામ નિશાન પણ કોઇ વખત જોખમાય એવો ભયંકર દાવાનળ આજે યુદ્ધરૂપે ચારે બાજુ પ્રસરી રહ્યો છે તેવા જગત સમક્ષ પરમ ઉપકારી ભગવાન મહાવીરની અહિંસા અને સ્યાદ્વાદના સિધ્ધાંતને તેના સાચા સ્વરૂપે ફેલાવવાનો છે. જૈન સિધ્ધાંતોનો પ્રચાર જો પૂર્ણ રીતે કરવામાં આવે તો ભવિષ્યની બીજી લડાઇ આવા કારમા સ્વરૂપે તો ન જ પ્રગટે. આ યુધ્ધના દાવાનળમાં માનવજાતની અને માલ-મિલ્કતની જે ભયાનક ખુવારી થતી જાય છે તેનો ખ્યાલ લાવતાં પણ કંપારી છુટે. તેમ છે. ઉડતા બોમ્બોથી બે ત્રણ અઠવાડીઆમાં લાખો મકાનોને નુકશાન થયું અને લગભગ સત્તર હજાર ઘરો જમીનદોસ્ત થયાં તેવા દીલ કંપાવનારા સમાચારો આપણે થોડા સમય પહેલાં વર્તમાનપત્રોમાં વાંચેલા. આ અતિશય અનુકંપા ઉપજાવે એવી હકીકતથી મને કે તમને અરેકારો ઉપજે છે છતાં તે રોકવાનું સાધન નહી હોવાથી રોકાતો નથી. એકેંદ્રીય, બેઇંદ્રીય જીવ પણ હણાઇ જાય તો આપણે આલોયણા લેનારની શું એટલી જવાબદારી નથી કે ભગવાન મહાવીરના અહિંસાના મૂખ્ય સિધ્ધાંતને આપણે જગતના ખૂણે ખૂણે પહોંચાડવા તનતોડ મહેનત કરીએ? જેના પરિણામે સામાજીક, રાષ્ટ્રિય આર્થિક કે જાતીય વિગ્રહનાં અનેક કારણો સ્વતઃ ઓછાં અથવા નાબુદ થઇ જાય અને એને સ્થાને વિશ્વમૈત્રી ભાવનાનો પુનર્જન્મ થાય. આ ધર્મમંથન કાળમાં જો આપણા ગૌરવવંતા તત્વજ્ઞાન, સંસ્કૃતિ અને સાહિત્યને જગતના વિશાળ ચોકમાં પ્રદર્શિત કરવામાં ન આવે તો ભગવાન મહાવીરના એ તત્વજ્ઞાનના વારસદારો-આપણા માટે એ બીના બહુજ ખેદજનક કહેવાય.

લડાઇ પછી પોસ્ટ વોર (Post war) ના કાર્યક્રમો તરીકે ધંધાની શી રીતે ખીલવણી કરવી તે અંગેના કાર્યો અત્યારથી જ શરૂ થવા માંડયાં છે, પણ માનવજાતનું હૃદય આવી ઘોર હિંસા કરતાં અટકે

તેવું માનસ પેદા કરવા અને તે માટે યોગ્ય કાર્ય કરવા Post-war ના કાર્યક્રમમાં કોઈ જગ્યાએ સ્થાન નથી ! જૈન ધર્મ આપણા જેવા ગણ્યાગાંઠ્યા વણિકોના હાથમાં આવ્યો તેટલીજ કમનસીબી છે, નહિં તો જૈન ધર્મ જ એવો છે કે જે જગતને વિશ્વશાંતિ અને વિશ્વ-ઐક્યનો બોધપાઠ આપી શકે તેમજ સામાજીક, આર્થિક નૈતિક અને રાજકીય વિષયોમાં સાચી દોરવણી આપી શકે.

છેવટમાં દેશવિરતિ ધર્મ આરાધક સમાજનો મુખ્ય ઉદ્દેશ બર લાવવા માટે આપણે જ્ઞાન અને ક્રિયાને જેમ આપણા જીવનમાં ઉતારી શકીએ તેમ જગત સમક્ષ બરાબર રજુ કરી શકીએ, તેવા કોઇપણ વ્યવહારૂ રચનાત્મક કાર્યો હાથ ધરવાની જરૂર છે. આ યુગમાં બેલવા કરતાં કાર્યને અમલમાં મૂકવાની જરૂર છે. તો જ આવા સંમેલનો પાછળ ખર્ચાતી શક્તિનું ફળ મેળવ્યું ગણાય. જે મહાન ધર્મમાં આપણને મહા પુણ્ય યોગે જન્મ પ્રાપ્ત થયો છે અને જેને માટે આપણે ગૌરવ લઇ શકીએ તેમ છીએ તે મહાન પરમ ઉપકારી ધર્મમાં ભવોભવ આપણો જન્મ હોજો, ભવોભવ જીનમૂર્તિ અને આગમને વંદન હોજો અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત યોગશાસ્ત્રમાં મહારાજા કુમારપાળને શ્રાવકોએ જે મનોરથો સેવવાનો બોધ આપેલ છે તે નીચે જણાવેલ મનોરથો આપણા દિલમાં સદા જાગ્રત રહેજો !

"જૈન ધર્મથી રહિત થઇ ચક્રવર્તિ પણ હું ન થાઉં, પણ જૈન ધર્મથી વાસિત દાસ કે દરિદ્ર પણ થાઉ તો તે પણ મને સંમત છે. અહો ! હું આ સર્વ સંયોગોનો ત્યાગ કરી, જીર્ણપ્રાય વસ્ત્રવાળો થઇ મળથી ખિન્ન શરીરવાળો માધુકારી વૃત્તિવાળી મુનિચર્યાનો કયારે આશ્રય કરીશ ? દુઃશીલોની સોબતનો ત્યાગ કરી, ગુરૂ મહારાજની પાદરજને સ્પર્શ કરતો, યોગનો અભ્યાસ કરી આ ભવોનો નાશ કરવાને હું કયારે સમર્થ થઇશ ? મધ્યરાત્રિએ શહેરની બહાર કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા મને સ્થંભની માફક સ્થિર રહેલાને સ્થંભ જાણી બળદો પોતાના સ્કંધનું કયારે ઘર્ષણ કરશે ? વનની અંદર પદ્માસનમાં બેઠેલા અને બેળામાં મૃગના બચ્ચાંઓ રહેલા એવા મને મોઢા ઉપર વૃધ્ધ મૃગયુથપતિઓ કયારે સુંઘશે ? શત્રુ ઉપર અને મિત્ર ઉપર, તૃણ ઉપર અને સ્ત્રીસમુદાય ઉપર, સોના અને પત્થર ઉપર, મણિ અને માટી ઉપર, મોક્ષ અને ભવ ઉપર એકસરખી બુધ્ધિવાળો હું કયારે થઇશ ? આ પ્રમાણે મોક્ષ મહેલ ઉપર ચડવાને ગુણઠાણાની શ્રેણી રૂપ નિસરણી સરખા તથા પરમ આનંદરૂપ લતાના કંદ સરખા મનોરથો શ્રાવકોએ ચિત્તમાં ધારણ કરવા." ૐ શાન્તિ : **કાન્તિલાલ ઈશ્વરલાલ.**

મારા પિતા

(મુખપૃષ્ઠથી ચાલુ)

અસાધારણ બુદ્ધિશાળી અને તત્વવિશારદ વ્યકિત જનતાના સીધા સંપર્કથી પોતાની અસાધારણતાના જ કારણે ઘણી વખત વંચિત રહે છે. મારા પિતામાં એવી કોઇ બૌધિક અસાધારણતા નહોતી અને તેથી જ તેઓ જનતા સાથે બહુ સહેલાઇથી સીધો સંપર્ક સાધી શકયા. તેઓ જનતાની બોલી બોલતા અને જનતા તેમની બોલીને પુરા આદર અને ભાવથી ઝીલતી. તે જ કારણે જે કાર્ય અસાધારણ કોટિની લેખાતી વ્યકિતથી થઇ નથી શકતું તે કાર્ય–સોકોમાં ધર્મરૂચિ જાગૃત કરવાનું અને અધ્યાત્મપરાયણતા કેળવવાનું–મારા પિતા વિપુલ પ્રમાણમાં સાધી શકયા હતા. તેઓ મારા એકના જ નહિ પણ અનેકના પિતા, પ્રણેતા અને પથપ્રદર્શક હતા. સૌ કોઇના માટે તેમના દિલમાં નિર્મળ પ્રેમ ભરેલો હતો. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ–એ ચાર ભાવના ઉપર તેમના સમગ્ર ધાર્મિક જીવનનું મંડાણ હતું.

જીવનનાં છેલ્લાં વર્ષો દરમિયાન સાંસારિક બાબતો પરત્વે તેમના દિલમાં ઉદાસીનતા અને વૈરાગ્ય વધતા જતાં હતાં. પોતે ભલા અને પોતાનો જ્ઞાન વ્યવસાય ભલો. ઘરની કે કુટુંબની કોઇ બાબતમાં તેઓ જરા પણ માથું. મારતા નહિ. આમ જ થવું જોઇએ કે આમ થઇ ન જ શકે એવો કોઇ પણ આગ્રહ તેમણે રાખ્યો નહોતો. અમારૂં સુખ જાણીને તેઓ જરા રાજી થાય, અમારી કોઇ અગવડ સાંભળીને તેઓ જરા ખિન્ન થાય, પણ એ રાજી થવાપણું કે ખિન્ન થવાપણું તેમના મન ઉપરથી પાણીના રેલાની માફક સરી જતું. નાની મોટી શારીરિક તકલીફો તેમને કદિ કદિ અકળાવતી અથવા તો પોતાનું ધાર્યું ન થાય તો તેમના ચિત્તમાં કદિ કદિ અસમતા આવી જતી, પણ બીજી જ ક્ષણે આવી અકળામણ કે અસમતા થવા બદલ તેમને અન્તસ્તાપ થઇ આવતો. તેમના શ્વાસેશ્વાસે સર્વ ભૂત માત્ર પ્રત્યે મૈત્રી હતી, દૂર નજીકના મિત્રે સમભાવ હતો. જૈન સંસ્કૃતિ એટલે શું તેનું તેઓ એક સીમાચિહ્ન હતા. તેમના જવાથી જેની ખોડ આજે શોધવા ન મળે એવી એક વિલક્ષણ સંસ્કારમૂર્તિ ભૂતકાળમાં વિલય પામી છે.

મારા મિત્ર ભાઇ વ્રજલાલ ધરમચંદ મેંઘાણી આ પ્રસંગે મને આશ્વાસન આપતા એક પત્રમાં મારા પિતાના સમગ્ર જીવનની નીચેના શબ્દોમાં યથાર્થ તારવણી કરે છે. તેઓ જણાવે છે કે "સદ્‌ગત કુંવરજીભાઇના અવસાનથી જૈન સમાજે એક સાચો શાસ્ત્રજ્ઞ અને સમજદાર જૈન, ભાવનગરે એક અગ્રણી સમાધાનપ્રિય નાગરીક અને માનવસમાજે એક ચારિત્र्यવાન, કર્તવ્યમગ્ન અને જ્ઞાનપિપાસુ ગૃહસ્થ ગુમાવ્યો છે. આજના કટોકટીના સમયમાં આવા અનુભવી, સમાધાન-પ્રિય અને ભાંગતું બચાવી લેનાર વૃદ્ધની વિદાય બહુ સાલે તેવી છે"

સમાપ્ત **પરમાનંદ.**

થોડો સ્વાર્થ–થોડો લોભ–ઓછો કરો

શ્રી. અમૃતલાલ કાળીદાસ કોઇ એક જાહેર પ્રસંગે વ્યાખ્યાન કરતાં જણાવે છે કે:

"મારે એટલું જ કહેવાનું છે કે ખૂબ દીર્ઘદૃષ્ટિથી જોતાં શીખો અને સાહસો ન કરવાની વૃત્તિ છોડી દેતાં પણ શીખો. સાહસો જ આપણને ટોચ ઉપર મૂકી દેશે. આટલી હુન્નરઉદ્યોગ છે, આટલી બેંકો કે વીમા કંપનીઓ છે એથી સંતોષ માનવાનો ન હોય. મારી શેર-બજારની ભાષામાં કહું તો એ બધાં મારી પાઘડીમાંની એક ટાંકણી જેટલા છે. આપણે તો ખૂબ આગળ વધીને આખી પાઘડી ટાંકણીથી ભરી કાઢવાની છે–જેથી બહારના કોઇપણ વિદેશીને પોતાની ટાંકણી ખોસવાની જગ્યા જ ન રહે. વેપારી, મીલમાલેકો અને બધાને મારે એ જ કહેવાનું છે: સાહસો કરો, સંગીન ભૂમિ ઉપર ઉભા રહી આગળ વધો અને એકમેકની સાથે ખભો મીલાવી સદ્‌કારથી કામ કરશો તો ૧૦ વર્ષમાં જ પાઘડી ટાંકણીઓથી ભરાઇ જાય એવું તમે કરી શકશો. આપણા ધંધા-ઉદ્યોગોને મારવા, જીવાડવા કે વિસ્તારવા એ આપણા હાથની વાત છે.

"એક સિધ્ધાંત વિષે મારે કહેવાનું છે અને તે એ જ કે નાના નાના વેપારીઓને શોધી શોધીને મદદ કરો તો જ પૈસો પૈસાને ખેંચી લાવશે, ઉદ્યોગધંધા વધુ ખીલી ઉઠશે, નાના હશે તે મોટા થશે અને દેશનું હિત સધાશે. વળી હુન્નર એવા ઘરાકોને તમે સહેલાઇ થી અને સગવડથી નાણા ધીરશો તો તો બધા તમારી બેંકની જીવતી જાહેરાતો બની જશે. સહુને પાઘડીની, આબરૂની-નાકની કીંમત છે એટલે પૈસા જવાના ચિંતા કરવાના નથી.

"જે મીલમાલેકોએ અમદાવાદનું ગૌરવ વધાર્યું છે તેમને પણ મારે એક વિનંતિ કરવાની છે કે હવે થોડી લોભવૃત્તિ ઓછી કરો. થોડો સ્વાર્થ છોડી જનસેવામાં, નાનાઓને ઉત્તેજન આપવામાં નાના ઉદ્યોગોને ખીલવવામાં સહાય કરો. તમારા સાહસ અને કુનેહનો બીજાઓને થોડો લાભ આપો. દેશહિતની દ્રષ્ટિએ તમારે નાના-ઉદ્યોગોમાં રસ લેવો જોઇએ. તમારી પાસે સાધનો છે, નાણાં છે. એનો લાભ આપો. નવા માણસો તૈયાર કરો. એમ કરશો તો ૧૦ વરસમાં ગુજરાતના રૂપરંગ તમે બદલી નાખશો."

શ્રી. અમૃતલાલ કાલીદાસનું આ વિજ્ઞાપન જૈન સમાજના સુસ્થિત વર્ગે ખાસ ધ્યાનમાં લેવા જેવું છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સર્વાનન્દ પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :—
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬] મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૫ ગુરૂવાર [અંક ૨૨

યુદ્ધ પરિસ્થિતિએ નીપજાવેલો નૈતિક હ્રાસ— અને તેની ભાવી પ્રજા ઉપર પડનારી ભયંકર અસર

યુદ્ધને અંગે જાનમાલની ભયંકર ખુવારી, મોંઘવારી, વ્યવહારનાં સાધનોની તંગી અને અડચણ, જિંદગીની જરૂરિયાતની ચીજો મેળવવામાં ભારે મુશ્કેલી વગેરે પરિણામો ઘણે અંશે અનિવાર્ય છે. નિત્ય-વ્યવહારની અસ્થિરતા અને અનિયમિતતા પણ કેટલેક અંશે અનિવાર્ય છે. એ બધી મુશ્કેલીઓ અને અવ્યવસ્થા યુદ્ધના અંત સાથે ટળી જશે એમ માની શકાય. પરન્તુ આ યુદ્ધનાં વર્ષો દરમિયાન નીતિ, પ્રમાણિકતા, શુદ્ધ સાચો વ્યવહાર, પરસ્પર વિશ્વાસ, કોમળ લાગણીઓ અને માનવતાનો જે રીતે નાશ થઇ રહ્યો છે તેનાં પરિણામ સમાજને બહુ લાંબા સમય સુધી ભોગવવાં પડવાનાં છે. આપણાં બાળકો—જે ઉંમરમાં તેમના ચિત્ત ઉપર આજુબાજુના વાતાવરણના સંસ્કાર ખૂબ ઊંડાં પડે છે, તે ઉમ્મરનાં બાળકો—અત્યારે કેવા સંજોગો અને વાતાવરણમાં ઊછરે છે? ચારે બાજુએ પૈસા કમાવા પાછળ સૌ કોઇ દોડધામ કરી રહેલું નજરે પડે છે. કાળાધોળાં કરીને, લાંચરૂશ્વત, ઝાગચગ, દમામણી, સેતામણી, દાદાગીરી, ગરીબો અને ગરજાઉની રંજાડ, કાળાં બજાર, દાણચોરી, ચોરી લુચ્ચાઇ, નફાખોરી—વગેરે બધા જ આડા માર્ગે અનુસરીને ચારે બાજુએ સૌ ધનસંચય કરવામાં પ્રવૃત્ત થયેલું જોવામાં આવે છે. ગરીબ નિરાધાર વર્ગ, સામાન્ય નોકરિયાત વર્ગ અને નાના ધંધાદારીઓ નિત્યજીવનની હાડમારીઓ નીચે કચડાતા જાય છે, તે તરફ કોઇનું લક્ષ નથી. રાતદિવસ—ગમે તે માર્ગે—પૈસો પ્રાપ્ત કરવાના સારાખોટા માર્ગની યોજના થતી જોવામાં આવે છે અને એ રીતે ધન પ્રાપ્ત કરેલાઓ સુખચેનમાં મહાલતા અને સમાજમાં સફળ થનારા કાર્યકુશળ માનવીઓ ગણાય છે. પૈસો મેળવવા માટેના ગેરવાજબી માર્ગનો વિરોધ સમાજમાં થતો જોવામાં આવતો નથી. પોલીસ, રેલ્વે, રેશનિંગ, સરકારી ખાતાં, વેપારીઓ, મિલમાલેકો વગેરેને લાંચરૂશ્વત આપી પોતાનું કાર્ય સફળતાથી પાર પાડનાર ખરો દૃષ્ટાન્ત લેવા જેવો ગણાય છે. અનાજ, ખાંડ વગેરે સંગ્રહ કરનાર અગર ગેરવાજબી રીતે લેનાર, આપનાર, રેશનિંગ ઇન્સ્પેકટરોને થાપ આપનાર કે લાંચ આપી છૂટનાર પોતાનાં 'પરાક્રમો'ની કુટુંબનાં માણસો આગળ–ઉછરતાં બાળકો આગળ પણ—બડાશ હાંકે છે. રેલ્વેમાં રીતસર ટિકીટ ન મેળવી શકનાર પાંચ દશ રૂપિયા લાંચ આપી રેલ્વે ટિકીટ મેળવવામાં સફળ થાય છે, ત્યારે એ પોતાની 'હોંશિયારી'ની વાત ઘરનાં બાળકો આગળ નફટાઇથી કરે છે. માતાપિતા, વડીલો અને સમાજમાં શ્રીમંત હોવાને કારણે આગેવાન ગણાતા માણસોનાં આ પ્રમાણે વખાણ થતાં જોઇને બાળકો કેવું શિક્ષણ લે એનો સમાજે કદી વિચાર કર્યો છે? રેશનિંગ ઇન્સ્પેકટરને પાંચ દશ રૂપિયા લાંચ આપી કે જૂઠી હકીકત જણાવી ગુનામાંથી બચી જનારનું બાળક ઘરના નોકરને પાવલું, આઠ આના છાનામાના આપી સિનેમામાં નાસી જાય, અગર છાની, બીડીઓ મંગાવી પીએ અથવા છાના પૈસા ઉડાવે એમાં આશ્ચર્ય જેવું શું છે? કુટુંબમાં બસો ચારસો કમાનાર માણસ વીસ પચીસ હજાર કે લાખ રૂપિયા કાળાં બજારમાં અથવા દાણચોરી કરી કમાય અને એ પૈસાથી કુટુંબનાં બાળકોને અને બીજાં કુટુંબીઓને મોજશોખનાં સાધનો પૂરાં પાડે ત્યારે, બાળકોને પ્રમાણિકતાનાં ધોરણ સાચવવાનો વિચાર સરખો પણ શી રીતે આવે? રોજને રોજ હજારો અને લાખો નિર્દોષ માનવીઓનો સંહાર કરનારા 'વીરયોદ્ધા' ગણાતા જોવામાં આવે. 'દુશ્મન'ના માલ લૂંટનારા અને તેમના ઘરમાંથી ખાધાખોરાકીનો સામાન લૂંટી લઇ તેમને ભૂખે મારનારા 'બહાદુર સિપાઇઓ' ગણાતા હોય—છાપાંમાં તેમનાં ભારોભાર વખાણ આવતાં હોય, ત્યારે ઊછરતાં બાળકોમાં સુલેહ, શાંતિ, સૌમ્યતા, દયા, ભ્રાતૃભાવના ઉન્નત ગુણોનું બીજારોપણ કયાંથી થાય?

આ ઉપરાંત ગરીબીને કારણે—રોજરોજની કુટુંબની સામાન્ય જરૂરિઆતની ચીજો પણ ન મળી શકવાને કારણે—આજ મોટાં શહેરોમાં નીચલા મધ્યમ વર્ગના પુરૂષો મોટી સંખ્યામાં પોતાના કુટુંબની સ્ત્રીઓનાં શીલ વેચી રહ્યા છે એની સમાજને જાણ છે? આ જાતની નીતિની શિથિલતા છેલ્લાં ચાર વર્ષથી ભયંકર પ્રમાણમાં ચાલી રહી છે એ વાતની જેઓ અત્યારે સમાજમાં આંખ કાન ઉઘાડાં રાખી ફરે છે તેને બરાબર માહિતી છે. ખૂબ જ સહેલાઇથી વિના શ્રમે લાખો રૂપિયા કમાનાર માણસો પોતાની આસપાસમાં, આશ્રિતોની, કુટુંબનું ગુજરાન મુશ્કેલીથી ચલાવનારાંની, ગરજાઉનાં કુટુંબની સ્ત્રીઓને નીતિ-ભ્રષ્ટ કરવામાં પોતાના કુમાર્ગે મેળવેલા ધનનો અત્યારે દુર્વ્યય કરી રહ્યા છે એની સમાજને ખબર છે? આજે મુંબઇ, અમદાવાદ જેવાં શહેરોમાં આ જાતની સ્થિતિ ભયંકર પ્રમાણમાં વ્યાપી રહેલી છે. વધારે ભયંકર તો એ છે કે આવાં કાર્યો કરનારા માણસો સમાજમાં પોતાની શ્રીમંતાઇને જોરે આગેવાનો થઇ પડયા છે. સાધુસંતોની પધરામણી કરાવનારા અને દેરાંમંદિરોમાં ભેટ આપનારા માણસોમાંના કેટલા બધા શ્રીમંતો અઠવાડિયે પખવાડિયે મુંબઇ જઇ કેટલીક સિનેમા નટીઓ કે બીજી હલકી સ્ત્રીઓ સાથે સ્વચ્છંદ વિહાર કરી કાળાં ધોળાં કરીને મેળવેલા ધનને યથેચ્છ રીતે ઉડાવે છે. મુંબઇ, અમદાવાદના કેટલા બધા 'નવા' શ્રીમંતોના પુત્રો અત્યારે દારૂ અને જુગારની લતે ચડી ગયેલા છે. આ બધા અતિશય ઝેરી વાતાવરણમાં આપણાં બાળકો અત્યારે ઉછરે છે. એ જાતના વાતાવરણમાં ઉછરેલાંનો ફાલ પાંચ સાત વર્ષ પછી કેવો થશે તેની કલ્પના કરતાં કમકમાટી થાય છે. સમાજના હિતેચ્છુઓ આ પ્રશ્નોનો શાન્તિ અને રાગદ્વેષ રહિત ચિત્તે વિચાર કરશે?

'જ્યોતિર્ધરમાંથી સાભાર ઉધ્ધૃત — ગટુલાલ ગોપીભાઈ ધ્રુવ

'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોને

'પ્રબુદ્ધ જૈન'ના ગ્રાહકોને વિજ્ઞપ્તિ કે જ્યારે, જ્યારે જે કોઇ ગ્રાહકનું લવાજમ ખલ્લાસ થાય છે ત્યારે ત્યારે નવું લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવા છેલ્લા અંકમાં જણાવવામાં આવે છે અને જેનું મનીઓર્ડર ન આવે તેને નવો અંક વી. પી. થી મોકલવામાં આવે છે. આવા વી. પી. કેટલાક સ્વીકારવામાં આવે છે જ્યારે કેટલાક અસ્વીકૃત પાછા આવે છે અને વી. પી.નો ખર્ચ વિના કારણ સંઘના માથે પડે છે. જેમનું લવાજમ પુરૂં થયાની ખબર આપવામાં આવે તે નવા લવાજમના રૂા. ૩ મનીઓર્ડરથી અથવા બીજી રીતે સંઘના કાર્યાલય ઉપર મોકલી આપે. જેમને ગ્રાહક તરીકે ચાલુ રહેવું ન હોય તેઓ વખતસર ખબર આપે અને જેમના ઉપર વી. પી. કરવામાં આવે તેઓ વી. પી. સ્વીકારવા કૃપા કરે. કેવળ સમાજની સેવા અર્થે નીકળતું અને જાહેર ખબરની કમાણીના અભાવે અને આજની મોંઘવારીનાં લીધે ઓછી વધતી ખોટમાં ચાલતું પ્રબુદ્ધ જૈન દરેક ગ્રાહક પાસેથી આટલા સહકારની અપેક્ષા રાખે છે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

'બાળક'ને સન્માનો

(અમદાવાદમાં છઠ્ઠો મોન્ટેસોરી ટ્રેનિંગ કોર્સ શરૂ કરતી વેળાં ડોકટર મેડમ મોન્ટેસોરીએ તા. ૨૬-૧૨-૪૪ના રોજ આપેલ પ્રારંભિક વ્યાખ્યાન 'શિક્ષણ પત્રિકા'માંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે —તંત્રી]

આપણે સહુ અહીં મુખ્યત્વે કરીને 'બાળક'ને કારણે એકત્ર થયાં છીએ. આપણું મહાન કાર્ય બાળકની વ્યક્તિવિશેષતાને સંરક્ષવાનું અને તેને વિકસાવવાનું છે. દિવસે દિવસે માણસજાતને લાગતું જાય છે કે આપણે હજુ બાળકના પ્રશ્નોને હાથ ધરવા માટે પૂરતા કેળવાયેલ નથી. કેળવણીના જૂના ખ્યાલો જતા જાય છે—જેવા કે મોટેરાંઓએ અને શિક્ષકોએ બાળકોને તૈયાર કરવાનાં છે. એ જૂના ખ્યાલોને બદલે હવે બાળક અનેક શક્તિઓથી ભરેલ એક વ્યક્તિવિશેષ છે એમ મનાવા લાગ્યું છે. બાળક જ માણસનો—મોટા માનવીનો-વિધાતા (Constructor of man) છે એવું સમજાવા લાગ્યું છે અને એ વિચારમાં માણસ જાતની આશા અને મુક્તિ દેખાય છે.

એટલે કેળવણીનો વિચાર માત્ર શાળા, પાઠશાળા, વિદ્યાપીઠો કે વિદ્યાલયોનાં ખીલાંમાં વિચારવાનો રહેતો નથી, પણ મનુષ્યજાતના સામટા ઉત્થાન માટે માણસનો—તેના જન્મથી જ—વિચાર કરવાનો રહે છે. અર્થાત્ આપણું કામ બાળકમાં રહેલ સુષુપ્ત શક્તિઓ (Potentialities) નું સંરક્ષણ કરવાનું, એની ઉત્ક્રાંતિ કરવાનું, એને વિકસાવવાનું છે.

આપણું કામ બાળકને સંરક્ષવાનું અને મદદ કરવાનું છે એમ હું એટલા માટે કહું છું કે આપણે બાળકને કશું શીખવી શકતાં નથી. વિચાર કરો કે તાજા જન્મેલા બાળકને આપણે શું શીખવીએ છીએ? બે વર્ષના બાળકને આપણે ભાષાજ્ઞાન કેવી રીતે આપી શકીએ છીએ? બાળકને બોલતાં શીખવાના પાઠો આપીએ છીએ ખરાં?—આપી શકીએ ખરાં? અને છતાં બે વર્ષનું બાળક અધરામાં અધરી ભાષા સંપૂર્ણપણે બોલતાં શીખી જાય છે! એ ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો, ભાવો અને અર્થની ઝીણવટો પણ બાળક પકડી લે છે! આ બધું એને કોણ શીખવે છે?

આ જ હકીકત જુદા જુદા દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતા સઘળા વૈજ્ઞાનિકોને નજર આવી છે, અને સ્વતંત્રપણે જુદા જુદા દેશના ઘણા વૈજ્ઞાનિકો એકમત પર આવી ઊભા છે કે બાલજીવનનાં પહેલાં બે વર્ષ જ આખા જીવનના ઘડતરમાં અતિ ઉપયોગી વખત છે. આ વાતની પ્રતીતિ આપણને હવે થાય છે કે બાળકમાં ગૂઢ શક્તિઓનો ઝરો છે, અને તે વડે જ બાળક મનુષ્યનું ઘડતર કરે છે. નવાઇની વાત છે કે અત્યાર સુધી માનવજાત એ ખજાનાથી અજ્ઞાત હતી. આપણે જાણે કે એ ખજાના પાસેથી હજારો વર્ષોથી પસાર થયા કરીએ છીએ છતાં અજ્ઞાત રહ્યા છીએ!

અત્યારે હવે વૈજ્ઞાનિકો જેમ જેમ મનુષ્યના મનનું બાળપણથી અવલોકન કરે છે તેમ તેમ તેની વૃદ્ધિના નિયમો તેમને મળતા જાય છે. બાળક જાતે જ પોતાને કેમ શીખવે તે હવે સમજાતું જાય છે. બાળકમાં જ જાણે કે કોઇ અજ્ઞાત શિક્ષક વસેલો છે, તેની પાસે ચુસ્તપણે અમુક વખતે અમુક જ બાબતોને એક પછી એક ગ્રહણ કરાવે છે! એ જ એની ક્રિયાશક્તિ (Will) નું ઘડતર કરે છે. ફરી વાર ભાષાશિક્ષણનાં જ ઉદાહરણ લઇએ તો દેખાય છે કે કોઇ પણ દેશનું—કોઇ પણ ભાષા—વાતાવરણમાં જન્મેલું બાળક અંગ્રેજી, જર્મન, બંગાળી, મરાઠી કે ગુજરાતી ભાષા અમુક ચોકકસ વખતે જ પકડી લે છે અને તેને આત્મસાત્ કરે છે. આ કાર્ય જાણે કે કોઇ ચોકકસ વખતપત્રક પ્રમાણે જ ચાલે છે. અંગ્રેજ, જર્મન કે હિંદી બાળક એ જ વખતપત્રક પ્રમાણે ભાષા ઉપાડે છે. જાણે કે બાળકની અંદર જ કોઇ અતિ ચોકકસ શિક્ષક (Scrupulous Teacher) રહ્યો હોય! આ ચોકકસ વખતપત્રકને આપણે સંવેદન—કાળ (Sensitive Period) કહીશું.

આ બે વર્ષના ગાળામાં બાળક કોઇની સીધી સહાય વિના જ જાતે જ ભાષા ઉપર કાબુ મેળવે છે એટલું જ નહિ પણ પોતાની જાતિ (Race) અને રાષ્ટ્ર (Nation) ના ગુણોનું પણ પોતામાં ઘડતર કરી લે છે. બાળક જન્મે છે ત્યારે તે લગભગ બહેરા અને મૂંગા જેવું જ હોય છે. પણ પછી બે વર્ષમાં જ આટલી બધી બાબતો તે આત્મસાત્ કરે છે. આ ક્રિયાને આપણે સ્વયંસ્ફૂરિત સંસ્કૃતિનું ગ્રહણ કહી શકીએ. આ બધું તે માત્ર વાતાવરણમાંથી જ સંગ્રહે છે.

આ અવલોકન પરથી હું એવા વિચાર પર આવી છું કે આ જ બે વર્ષના ગાળામાં બાળક સામે સંસ્કૃતિના જેટલા વિષયો રજૂ કરી શકાય તેટલા રજૂ કરવા-ધરવા. અને બાળક વનસ્પતિ શાસ્ત્ર (Botany) જીવનશાસ્ત્રો (Biology) અને વિજ્ઞાનના બીજા બધા વિષયો જરા પણ થાક કે ભાર વિના આપોઆપ સ્વયંસ્ફૂરિત રીતે જ ગ્રહણ કર્યે જાય છે. આપણે વાતાવરણ તૈયાર કરવાનું છે આવા વાતાવરણમાં બાળક સ્વતંત્રપણે વધે છે, વિકસે છે. આપણી જૂની પદ્ધતિઓ બદલવાની જરૂર છે. જૂની માન્યતા પેઠે બાળકને આપણે એક ખાલી વાસણ માનવાનું નથી, પણ શક્તિઓથી ભરેલું, સ્વયંશિક્ષણને રસ્તે આગળ વધતું વિશિષ્ટ વ્યક્તિત્વવાળું માનવી સમજવાનું છે.

આથી આ કામ ચલાવવા માટે શિક્ષકો પણ નવીન પ્રકારના જ જોઇએ. બાળકને તેના વિકાસકાર્યમાં શિક્ષકે તો માત્ર મદદ કરવાની છે—જેમ નોકર શેઠને મદદ કરે છે તેમ. બાળક પોતાની મેળે જે જે શક્તિઓ અને ગુણો વિકસાવવાનું છે તેમાં તેણે તો મદદરૂપ જ થવાનું છે. બાળક સ્વતંત્રપણે પોતાના અનુભવથી પોતાનો જે વિકાસ સાધે છે તેના મૂંગા સાક્ષી તરીકે અને એક અનુકૂળ નોકરની પેઠે શિક્ષકે વર્તવાનું છે. બાળક એને મન એક પવિત્ર વ્યક્તિ હોવી જોઇએ.

માણસજાતે પણ આ જ દૃષ્ટિથી બાળકને જોવાનું છે. બાળક માણસજાતને અપનાવે છે; માણસે બાળકનું દૃષ્ટિબિંદુ અપનાવવું જોઇએ. બાળક અને તેની ભવ્યતા—મોટાઇ આપણે સમજવી જોઇએ. બાળક એ માણુસજાતનો એક શક્તિશાળી ભાગ છે; એના અસ્તિત્વ વિના માણુસજાત પ્રેમ, દયા, માયા વગેરે કયાંથી સમજત અગર અનુભવત? માતપિતા માટે બાળક પ્રેમની શક્તિરૂપ છે. એ જ વાત મોટા સ્વરૂપમાં સમગ્ર જાતને લાગુ પડે છે. વિચારો કે એના વિના માણસજાત કેટલી નિર્દય, કઠોર, અહંમન્ય (Egotistical) અને સ્વાર્થી થઇ જાત? પરમાર્થનો પહેલો પાઠ દરેક માણસ પોતાના બાળક પાસેથી જ શીખે છે. બાળકે જ માણસજાતમાં પ્રેમનો ઝરો વહેતો રાખ્યો છે!

આવાં દૃષ્ટિબિંદુઓથી જ આપણે કેળવણીનો વિચાર કરીએ, બાળક તરફ માન અને પ્રેમની દૃષ્ટિથી જોઇએ, અને સમજીએ કે આ બાળક જ માણુસ જાતનું ઘડતર કરે છે. બાળકના વિકાસના ક્ષેત્રમાંથી જ આપણને નવાં નવાં બળોનું ઉદ્‌બોધન થાય છે. એનામાંથી જ શાંતિ, પ્રેમ અને સંપૂર્ણતાનું આવિષ્કરણ થવાનું છે. બાળકમાં એવી શક્તિઓ ભરેલી છે કે જેથી તે માનવજાતને અત્યારની દુઃખ અને દર્દભરી દશામાંથી શાંતિ, પ્રેમ અને સંપૂર્ણતાને રસ્તે લઇ જશે. આપણે ઇચ્છીએ કે બાળકના વ્યક્તિવિશેષત્વને ઓળખવાની શક્તિ આપણને મળો.

અનુલેખક : **નરેન્દ્ર બ્રહ્મભટ્ટ.**

શતાવધાન વર્ગ

શ્રી. ટી. જી. શાહ જણાવે છે કે શતાવધાન શિખવાની ઇચ્છા ધરાવનાર ભાઇઓ માટે બ્યાવર (રજપુતાના) ખાતે એક ખાસ વર્ગ ખોલવામાં આવેલ છે. આ વર્ગ ચાલુ માર્ચ માસની ૨૦ મી તારીખે શરૂ થશે અને એપ્રીલ માસની ૫ મી તારીખે પુરો થશે. જેમની આ વર્ગમાં જોડાવાની ઇચ્છા હોય તેમણે શ્રી. ટી. જી. શાહને ટી. જી. શાહ બીલ્ડીંગ, પાયધોની મુંબઇ ૩ એ ઠેકાણે અરજી કરવી અને જેમની અરજી મંજુર થાય તેમણે ઉપર જણાવેલ તારીખ પહેલાં બ્યાવર પહોંચી જવું. શતાવધાનની કળા શિખવા માટે અસાધારણ સ્મરણશક્તિની જરૂર છે એમ કોઇ માની ન લે. આ વર્ગોનો શતાવધાનમાં રસ લેનારા ભાઇઓ પુરો લાભ લેશે એવી આશા રાખવામાં આવે છે.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યમૂતાં વદેદ્વાચમ્

માર્ચ ૧૫ ૧૯૪૫

આગામી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ અને ઐક્યસમિતિના ઠરાવો

આજથી ચાર વર્ષ પહેલાં માલેગાંવ ખાતે અમુક ધાર્મિક સમારંભ પ્રસંગે એકત્ર થયેલા કેટલાક શ્વે. મૂ. જૈન બંધુઓએ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં એકતા સ્થપાય અને શ્વે. મૂ. કોન્ફરન્સમાં જુદા જુદા પક્ષો ભાગ લેતા થાય તે હેતુથી શેઠ કસ્તુરભાઈ લાલભાઇના પ્રમુખપણા નીચે શાસન પક્ષ અને શ્વે. મૂ. કોન્ફરન્સના કેટલાક આગેવાન ગણાતા ગૃહસ્થોની એક ઐક્યસમિતિ ઉભી કરી હતી. આ ઐક્યસમિતિમાં યુવક પક્ષના કોઇ પણ પ્રતિનિધિને સ્થાન આપવામાં આવ્યું નહોતું. આ ઐક્યસમિતિની ૧૯૪૨ ના જાન્યુઆરી માસમાં મુંબઇ ખાતે સભા મળી હતી અને એ સભાએ નીચે મુજબના બે ઠરાવો ઘડી કાઢયા હતા.

ઠરાવ ૧

"શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની બીજી કોઇ પણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે.

આ ઠરાવ શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સે પાસ કરવાનો છે."

ઠરાવ ૨

ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભળામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિધ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓધ્ધેદારો તરફથી હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહિ.

આ ઠરાવ શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સે અને ધી યંગમેન્સ જૈન સોસાયટીએ પાસ કરવાનો છે."

આ બન્ને ઠરાવો પસાર કરવાની ભળામણ કરતો ઠરાવ ગયા એપ્રીલ માસમાં સુરત ખાતે મળેલ કોન્ફરન્સની અખિલ દિંદ સમિતિએ પસાર કર્યો છે અને ચાલુ માર્ચ માસની આખરમાં ભરાનાર પ્રસ્તુત કોન્ફરન્સના આગામી અધિવેશનમાં આ બન્ને ઠરાવો અનુમોદન માટે રજુ થવાના છે.

ઉપર જણાવેલ બન્ને ઠરાવો આજ સુધી જે મુદ્દાઓને આગળ ધરીને જૈન સમાજમાં સુધારક પ્રવૃત્તિ ચાલી રહી છે તે મુદ્દાઓને નિર્મૂળ અથવા તો નિર્બળ કરવાના હેતુથી અને એ રીતે સમય સુધારક પ્રવૃત્તિના મૂળમાં ઘા કરવાના હેતુથી ઘડવામાં આવ્યા છે. અયોગ્ય દીક્ષા સામે કેટલાંય વર્ષથી જૈન સમાજમાં ઝુંબેશ ચાલી રહી છે અને એ ઝુંબેશના પરિણામે અયોગ્ય દીક્ષા ઉપર અમુક પ્રમાણમાં અંકુશ મુકાયો છે, બાળ દીક્ષાના બનાવો વિરલ બન્યા છે અને વડોદરા રાજ્યમાં બાળ દીક્ષાની મના કરતો કાયદો અમલમાં આવ્યો છે. કેટલાંક વર્ષો પહેલાં અમદાવાદમાં ભરાયેલ મુનિસંમેલનના બાળદીક્ષાને લગતા અમુક ઠરાવને આગળ ધરીને પ્રસ્તુત ઠરાવનું વ્યાજબીપણું સૂચવવામાં આવ્યું છે. પહેલાં તો મુનિસંમેલનનો ઉપર્યુક્ત ઠરાવ બાળદીક્ષા સંબંધમાં જે રાહત આપે છે તે બહુજ મામુલી છે અને અયોગ્ય દીક્ષાના વ્યાપક અનર્થને જરા પણ સ્પર્શતો નથી. બીજું આ મામુલી નિયમનનો પણ તે સંમેલનમાં ભાગ લેનારા પ્રમુખ આચાર્યોએ આજ સુધીમાં અનેકવાર ભંગ કર્યો છે અને કહેવાતું મુનિસંમેલન પણ આજે કેવળ ભૂતકાળની બીના થઇ ગઇ છે. સાધુઓના આચાર કે વ્યવહારનું લેશ માત્ર નિયમન કરતી હોય એવી કોઇ પણ સાધુસંસ્થા આજે અસ્તિત્વ ધરાવતી નથી. પરિણામે આવો ઠરાવ પચ્ચીસ વર્ષ પહેલાં જૈન સમાજની અયોગ્ય દીક્ષા સંબંધે જે પરિસ્થિતિ હતી તે ઉપર જૈન સમાજને પાછો ઘસડી જાય છે અને આ સામાજીક પ્રશ્ન પરત્વે જૈન સાધુઓને ફાવે તેમ વર્તવાનો નવો પરવાનો આપે છે.

બીજો ઠરાવ ધાર્મિક બાબતોમાં દેશકાળ અનુસાર જરૂરી ફેરફારો કરવા સામે જ માત્ર નહિ પણ તેવા ફેરફારોની ચર્ચા સામે પણ એક મોટી દીવાલ ઉભી કરે છે. દેવદ્રવ્યોનો સામાજિક કાર્યોમાં ઉપયોગ થવો જોઇએ એ આજના જમાનાની સૌથી મોટી જરૂરિયાત છે. મૂર્તિપૂજનના નામે આંગી, શોભા, શણગાર અને પૂજા પ્રતિષ્ટા પાછળ થતો ઘણો મોટો બીનજરૂરી દ્રવ્યવ્યય, ખરચાળ ધાર્મિક સમારંભો, જમણવારો, મહોત્સવો, વરઘોડાઓ, બીનજરૂરી દેવાલયો અને ઢગલાબંધ મૂર્તઓ—આ બધું ધાર્મિક અનુષ્ઠાનોના નામ નીચે આવી શકે છે અને આવા અનુષ્ઠાનો વિરૂદ્ધ જૈન સંસ્થાઓએ કે તે સંસ્થાના આગેવાન અધિકારીઓએ કશું બોલવું કે લખવું નહિ એવો પ્રસ્તુત ઠરાવ આગ્રહ કરે છે. ધાર્મિક પરંપરા અને રૂઢિઓ જે કાળે કાળે ફરતી આવી છે તેમાં હવે પછીથી કશો પણ ફેરફાર થઇ શકશે નહિ અને એવો ફેરફાર કરવાનો વિચાર દર્શાવનાર આ ઠરાવ મુજબ ગુનેહગાર ગણાશે—આ ઉપર જણાવેલ બીજા ઠરાવનો મર્મ છે.

આ બંને ઠરાવો કેવળ પ્રત્યાઘાતી અને માત્ર કોન્ફરન્સને જ નહિ પણ આખા જૈન સમાજને પીછેહઠ કરાવનારા છે. જે કોન્ફરન્સ જૈન સમાજને પ્રગતિને માર્ગે લઇ જવાનો દાવો કરે છે તે જ કોન્ફરન્સ આ બે ઠરાવો સ્વીકારીને જૈન સમાજને જરા પણ આગળ તો લઇ જતી નથી પણ કેટલાંય ડગલાં પાછળ લઇ જવાની છે. આવી કોન્ફરન્સમાં આગળ પડતા વિચારો ધરાવનાર યુવકોને કે ઉદ્દામ સુધારકોને કામ કરવાનો જરાપણ અવકાશ રહેવાનો નથી. તેથી આ બન્ને ઠરાવોનો બને તેટલો સામનો કરવો એ પ્રત્યેક ક્રાન્તિપ્રિય યુવકની અનિવાર્ય ફરજ બને છે. આ બન્ને ઠરાવો સામે ઉગ્ર આંદોલન ઉભું કરવા, તે સંબંધમાં સ્થળે સ્થળે સભાઓ બોલાવીને વિરોધના ઠરાવો કરવા અને જ્યારે અધિવેશન ભરાય ત્યારે શકય તેટલી વિપુલ સંખ્યામાં હાજર રહીને આ ઠરાવોનો બને તેટલો સામનો કરવા જૈન યુવકોને આ નિવેદનથી હાકલ કરવામાં આવે છે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ
પ્રમુખ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

એકતા માટે ?

આપણી કોન્ફરન્સનું આગામી અધિવેશન થોડા દિવસમાં ભરાશે તેમાં શું કાર્ય થવાનું છે તે હજી આપણે જાણતા નથી, પણ એક હકીકત આપણે જાણીએ છીએ અને તે વિષે હું મારા વિચારો જણાવવા ઇચ્છું છું.

આપણા સમાજમાં કેટલાક પક્ષો છે તે સુવિદિત વાત છે. સ્થિતિચુસ્ત અને પ્રગતિશીલ વિચારો ધરાવતા વર્ગો દરેક સમાજમાં હોય. કહેવાય છે કે એ બે વર્ગો વચ્ચે આ અધિવેશનમાં એકતા થવાની છે. એકતા કોણ ન ઇચ્છે અને થતી હોય તો તેના જેવું સારૂં શું ? પણ આ એકતા કેવા પ્રકારની અને કેવી રીતે થવાની છે તે જોવાનું છે. વિવાદાસ્પદ પ્રશ્નો અત્યારે બે છે. બાળદીક્ષા અને પ્રચલિત અનુષ્ઠાનોમાં સમયાનુકુળ ફેરફારો. એક વર્ગ બાળદીક્ષાને આવકારે છે, તેનું સમર્થન કરે છે અને એવી દીક્ષા આપવામાં ધર્મનું ગૌરવ માને છે. તેવીજ રીતે પરંપરાથી ચાલી આવતા ધાર્મિક ક્રિયાકાંડો અને અનુષ્ઠાનોમાં જરા પણ ફેરફારો કરવા તેમાં ધર્મહાનિ જુએ છે.

દા. ત. દેવદ્રવ્યનો માનવ હિતાર્થે ઉપયોગ કરવો તેમને સ્વીકાર્ય નથી. બીજો વર્ગ બાળદીક્ષામાં ધર્મની વિડંબના માને છે અને યુગની જરૂરીયાતો પ્રત્યે સદંતર દુર્લક્ષ્ય કરી પરંપરાગત ધાર્મિક ક્રિયાકાંડોને વળગી રહેવામાં સમાજનું અહિત જુએ છે. આ મૂળભૂત સિદ્ધાંતના મતભેદો છે. આ સામાન્ય મતભેદ નથી.

કોન્ફરન્સનો આજ સુધીનો ઇતિહાસ કહે છે કે કોન્ફરન્સે પ્રગતિશીલ વિચારોને આવકાર્યા છે. વખતો વખત તેણે કરેલ કરાવો અને તેણે હાથ ધરેલ કાર્યો બતાવે છે કે યુગની જરૂરીયાતો કોન્ફરન્સે ઓળખી છે. પરિણામે ઉત્તરોત્તર સ્થિતિચુસ્ત વર્ગ કોન્ફરન્સથી દૂર થયો. મારા નમ્ર મત મુજબ કોન્ફરન્સે તેથી કાંઇજ ગુમાવ્યું નથી.

જુન્નેર અધિવેશન પછી કેટલાક ભાઇઓએ આ બે વર્ગો વચ્ચે એકતા સાધવા પ્રયત્ન આદર્યા. સ્થિતિચુસ્ત વર્ગ પોતાની શરતેજ કોન્ફરન્સમાં જોડાવા તૈયાર હતો. દુર્ભાગ્યે આ વખતે કોન્ફરન્સનું સુકાન જે ભાઇઓના હાથમાં હતું, તેઓ કોન્ફરન્સનો સઘળો ઇતિહાસ ભૂલી જઇ, સામા પક્ષની સઘળી શરતો સ્વીકારવા તૈયાર થયા અને અધિવેશનની સંમતિ મેળવવા આજે પ્રયત્ન કરે છે. તે સફળ થાય તો એમ થશે કે કોન્ફરન્સ બાળદીક્ષા જ માત્ર નહિ પણ સર્વ પ્રકારની અયોગ્ય દીક્ષા સામેનો પોતાનો વિરોધ ખેંચી લે છે અને પરંપરાગત ધાર્મિક ક્રિયાકાંડો અને સ્થિતિચુસ્તતા પર પોતાની મહોર મારે છે.

એક દૃષ્ટાંતથી આ સમજાવું. વર્ણાશ્રમ ધર્મ સભાના સભ્યો એમ કહે કે કોંગ્રેસ અસ્પૃશ્યતા સ્વીકારે તો અમો કોંગ્રેસમાં જોડાવા તૈયાર છીએ અને તે સાથે ગાંધીજી અને જવાહરલાલ નેહરૂ જેવાએ પણ તે સ્વીકારવું અને કોંગ્રેસ પાસે મંજુર કરાવવાનું માથે લેવું. એકતા ખાતર આ કરવું ?

હું એ સમજી શકું છું કે જો પ્રગતિશીલ વિચારો ધરાવતી વ્યક્તિઓની બહુમતિ ન હોય અને સ્થિતિચુસ્ત વર્ગની બહુમતિ હોય અને તે વર્ગ પોતાની બહુમતિથી કોન્ફરન્સનું સુકાન હાથ કરે તો આપણે નિરૂપાય થઇએ. જેમકે વર્ણાશ્રમધર્મ સભાના સભ્યો પોતાની બહુમતિથી કોંગ્રેસનું સુકાન હાથ કરે. પણ ગાંધીજી અને જવાહરલાલજી, જીવનભરની સાધના તજી, સામાપક્ષની શરતો એકતા ખાતર સ્વીકારે અને કોંગ્રેસ પાસે તે મંજુર કરાવે તે અશક્ય અને અસહ્ય સ્થિતિ છે.

સામાન્ય મતભેદ સંસ્થાઓમાં હોય પણ ઉંડા અને વ્યાપક જીવનસ્પર્શી મતભેદો હોય ત્યાં એકતા શક્ય નથી. એકતા ખાતર પોતાના આત્માને વેચી સિધ્ધાંતો જતા કરવા એવું જાણ્યું નથી. કોન્ફરન્સનું સુકાન, તેમની બહુમતિથી સ્થિતિચુસ્ત વર્ગના હાથમાં જતું હોય તો પ્રગતિશીલ વિચારો ધરાવતી વ્યક્તિઓ તેમાંથી છુટી થાય અથવા તેમાં રહીને પણ પોતાનો વિરોધ ચાલુ રાખે અને અંતે બહુમતિ મેળવવા પ્રયત્ન કરે. પણ પોતે શરણાગતિ સ્વીકારે તે સંભવતું નથી.

કોન્ફરન્સના અધિકારીઓએ ભૂલથી કે નિર્બળતાથી જાણતાં કે અજાણતાં, પોતાનાં કાંડા કાપી આપ્યા છે. તેઓ ભલે બંધાયેલ હોય અને વિરોધ ન કરી શકે, પણ તેમ કરવા બીજાઓને સમજાવવા, અને પોતે તેનું સમર્થન કરવું શોભાસ્પદ નથી.

અને આવી એકતાનો શું અર્થ કે ઉપયોગીતા છે? નીચે ઉતરવું શરૂ કર્યું તે ક્યાં અટકશે? સામો પક્ષ તો પોતાના વિચારોમાં લેશ માત્ર ફેરફાર કરવા તૈયાર નથી.

સામા પક્ષને સમાજ હૈયે હોય અને એકતા જોખતી હોય તો સરળ માર્ગ હતો. વિવાદાસ્પદ પ્રશ્ન અલગ રાખી સહકાર થઇ શકે તેવા કાર્યો હોય તેમાં એક થવું, આવી શરણાગતિ માગવાનો શું અધિકાર છે? આપનારની કીંમત શું? જો એમ કહેવામાં આવે કે સાથે મળી થઇ શકે એવું કાંઇજ નથી તો પછી એકતાથી શું કરવાના છો?

દા. ત. સમસ્ત જૈન સમાજના હિત માટે ઘણા કાર્યો સાથે મળી થઇ શકે તેવા છે. કેટલાક થાય છે પણ ખરા. તેમાં દિગમ્બર, શ્વેતામ્બરોને એમ કહે કે અમારી સઘળી માન્યતાઓ સ્વીકારો તોજ તમારી સાથે કામ કરીશું અથવા શ્વેતામ્બરો દિગમ્બરોને એમ કહે, અથવા શ્વેતામ્બર મૂર્તિપૂજક સ્થાનકવાસીને એમ કહે તો એકતા ખાતર કોઇ એમ કરશે? આવી માંગણી વ્યાજબી ગણાય?

કોનફરન્સના જે ભાઇઓએ આ ઠરાવો સ્વીકાર્યા છે તેમને હજી પણ હું નમ્ર વિનંતિ કરૂં છું કે પોતાની ભૂલ સમજતી હોય તો તે જાહેર કરી પોતે આપેલ બાંહધરીમાંથી મુક્તિ મેળવે અને જૈન સમાજની પીછેહઠ અટકાવે. પ્રગતિશીલ વિચારો ધરાવતા દરેક ભાઇ બહેનને મારી આગ્રહભરી વિનંતિ છે કે આ અધિવેશનમાં હાજર રહી આવી શરણાગતિ સામે પોતાનો વિરોધ નોંધાવે.

મણીલાલ મોકમચંદ શાહ.

જૈન સમાજને વિજ્ઞાપન

બન્ધુઓ!

જગત્ આજે સંક્રાન્તિકાળમાંથી પસાર થઇ રહેલું છે અને તે લગભગ નવા જુના બન્ને કાળની સીમા રેખા ઉપર ઉભું છે. તેવા કપરા સમયે સૌ સમાજોએ ભિન્ન ભિન્ન રીતે એકત્રિત થઇ રૂઢિગત માન્યતાઓ અને પૂર્વગ્રહો તજી નૂતન જગતરચના માટે તૈયાર થઇ માનવસમાજના ઉત્થાનમાં ફાળો આપવાનો છે. તે સિવાય બીજો કોઇ આરોવારો નથી કે સર્વોદય માટેનો માર્ગ નથી. અનેક અથડામણો, અનેક આંતર-બાહ્ય આંચકાઓમાંથી સફળતાપૂર્વક જો જગત્ પાર ઉતરી જશે તોજ આપણે, આપણો સમાજ અને ધર્મ ટકશે. જગતથી ભિન્ન આપણાથી નહિ ટકાય. આજનો પ્રશ્ન વ્યક્તિનો નથી પણ વિશ્વ સમસ્તનો છે, પણ તેનો ઉકેલ વ્યક્તિગત, સાંપ્રદાયીક અને સામાજિક પ્રયાસોથી થવાનો છે. આવા સમયે આપણા નાનકડા પણ આર્થિક અને ભાવનાની દ્રષ્ટિએ દેશભરમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા સમાજનું સામુદાયીક મીલન ખરેખર ઇચ્છનીય છે. આવા મીલન વખતે ભૂતકાળની ભવ્યતા દ્રષ્ટિ સમક્ષ રાખીને જેમાં આપણે જીવવું છે અને જે તરફ આપણે વહી રહેલા છીએ તે ભવિષ્યની મહાન યોજનાનો વર્તમાન સાધન પ્રમાણે વિચાર કરીએ તો, તે ઝડપથી ચાલ્યા આવતા કાળને અનુકુળ થવા જરૂર શક્તિમાન થઇશું. માણસને જીવવું છે પસાર થતા વર્તમાનમાં—ભાવિની મંગળ આશા માટે, —આવતી કાલ માટે, ભૂતકાળમાં નહિ. એટલે આપણી યોજનામાં ગયકાલ કરતાં આવતી કાલની દ્રષ્ટિ વધુ સ્પષ્ટ હોવી ઘટે. ભૂતકાળ ભવિષ્ય માટે ચોકસ પ્રકારનું માર્ગદર્શન મળે તેવી દ્રષ્ટિ જરૂર આપે અને તેવી જરૂરિયાત અનિવાર્ય છે તેટલું પણ સ્વીકારી લઇએ પણ આવતી કાલનું જીવન ગયકાલમાં જીવવાનો અખતરો ઇષ્ટ નથી.

સુખદ, તન્દુરસ્ત અને ઉપકારક સમાજની ભવ્ય કલ્પના એક વખતે આપણે કરી લઇએ, અને પછી તેવો સમાજ કેવી રીતે રચી શકાય, આપણા અત્યારના અસ્તિત્વ ધરાવતા સાધનો અને ભૂતકાળના વારસામાંથી મળતી પ્રેરણા અને દ્રષ્ટિ કેવી રીતે કાર્યમાં યોજી શકાય તેની વિચારણાજ આ યુગમાં થાય. સંસારની સુંદરતા, સંસ્કારિતા અને સામર્થ્ય વધારવાની મંગળ દ્રષ્ટિથી સકળ સમાજના મીલનનો વિચાર થાય તો તો ખરેખર માટીમાં મળેલો સમાજ જરૂર ઉંચો આવે. પણ આવી ભવ્ય વાતને બદલે આપણી કોન્ફરન્સ ડુંગર ખોદીને ઊંદર કાઢવા જેવી તદ્દન મામુલી અને સમાજને પાછળ લઇ જવાની બાબતો માટે મળે છે તે ખરેખર દુઃખ રૂપ છે અને તે પણ ઐક્યના મોટા બહાના નીચે! જુનવાણી રૂઢિચુસ્તોને મનાવી લેવા માટે! આ વિનિપાત સમાજને ઉંચે નહિ લાવે.

સમાજમાં સાધુતા વધે અને સાધુસંઘ સાચી શક્તિવાળો થાય, યુગને પલટાવી પલટાવી યુગ ઘડવાની શક્તિ ધરાવતો થાય તેતો ઇચ્છવા યોગ્ય છે પણ માત્ર વગરવિચાર્યે વેષધારીઓની ભરતી કરવામાં

આવે, તેથી નથી તો સમાજનું કલ્યાણ થવાનું કે નથી થવાનું. ધર્મનું. સાધુઓમાં વ્યાપેલી ધર્મઘેલછા, શિષ્યઘેલછા કે વંશ-વૃદ્ધિની ગાંડાઘેલે ઉભા કરેલા અનેક અનિષ્ટોથી ત્રાસીને, સમાજની અવહેલના થતી અટકાવવા ડાહ્યાઓએ કોઇ શુભ ચોઘડીયે પગલાં લીધાં. જ્યારે સાંપ્રદાયિક સંઘો તે દિશામાં અચલયાતન લાગ્યા ત્યારે રાજ્ય સત્તાઓએ એવી વધઘારીઓની અયોગ્ય રીતે થતી ભરતી સામે કાયદાથી પ્રતિબંધ મૂક્યો. ત્યારથી બાળદીક્ષા અને અયોગ્યદીક્ષા ગુનાહિત કાર્ય ગણાયાં. સાદી સમજથી નહોતું બનતું તે કાયદાની સોટીથી બની ગયું. સાધુવૃદ્ધિના કારણે સમાજમાં થતી નાના નાના બાળકોની ચોરી, વેચાણ અને ખરીદી, તેથી ઉદ્‌ભવતા અનેક કરૂણ પ્રલાપો અને દુઃખો, જેવા તેવા માણસોને ગુરૂપદ ઉપર બેસાડી દેવાની ઘેલછાએ કરેલો ધર્મપ્રીતિનો નાશ, સાધુસંસ્થા પાછળ રહેલ હેતુનો નાશ અને છીછરા-પણું સમાજમાં આણ્યા છે. યુરોપમાં જીપ્સીઓ બાળકોની ચોરી કરી જતા અને તેના શરીરમાં કોઇને કોઇ પ્રકારની વિકૃતિ કરી પોતાનો કેડવો અને મોહ ચાલુ રાખતા અને ચરી ખાતાં. તેવો નમાલો ધંધો આપણા કેટલાક ચેલકઘેલડાઓએ જ્યારે માંડયો ત્યારેજ બાળ અને અયોગ્ય દીક્ષા માટે પ્રતિબંધ મૂકી જૈન સમાજને ઉગારી લેવાની જરૂર લાગી હતી: આજે બન્ધુઓ! તે પ્રતિબંધને, સાધુઓની આપખૂદ શિષ્ય ઘેલછાને અને તેના પાછળ દટાઇ ગયેલા અનેક અનિષ્ટોને ફરી વખત સમાજમાં વહેતા મૂકવાની તૈયારી ઐક્યને નામે, ધર્મને નામે થઇ રહી છે. તેં ખરેખર આવા બારીક કાળમાં ભળતી કોન્ફરન્સને શોભતું નથી!

કેમ જાણે આ યુગદ્રોહ પૂરતો ન હોય તેમ સમાજની જીભ ઉપર તાળું દેવાની અને વાણીસ્વાતંત્ર્યને ગુંગળાવી નાખી સમાજને મુડદાસમ કરી નાંખવાની કુબુધ્ધિ ઐક્યને નામે, અને સમાજને મર્કટની માફક નચાવનાર થોડાક સાધુઓને રીઝવવાને કારણે કોન્ફરન્સને સુઝી છે. વાણીસ્વાતંત્ર્ય ઉપર મૂકાનારો પ્રતિબન્ધ સાધુઓને તેના વર્તન માટે કેટલો નિરંકુશ અને બેજવાબદાર બનાવી મૂકશે તેની કલ્પના આ યુગમાં પણ ન આવે તે ખરેખર કમનસીબ બીના જ ગણાય. આજે વાણી સ્વાતંત્ર્યના રક્ષણ માટે દેશભરમાંથી હજારો માણસોએ ભિષણ ભોગો આપ્યા છે; તે માટે જબ્બર આંદોલનો ચાલી રહ્યા છે; તેવા સમયે જેઓ વાણી સ્વાતંત્ર્ય માટે બીજાઓ સાથે લડી રહ્યા છે તેઓ પોતાના ઘરમાં જીભે તાળાં દેવડાવવા કેમ નીકળ્યા છે તે સમજાતું નથી. શું ઘરના અને બહારના ધર્મ જુદા જુદા છે? ટીકા સમાજની શુધ્ધિની રક્ષક છે અને અનેક ભૂલોમાંથી ઉગારી લેનાર મહાન મિત્ર છે તે વાત પણ ડાહ્યાઓને નથી સમજાતી?

ધાર્મિક સમારંભો અને અનુષ્ઠાનો જ્યાં સુધી સમાજને ઉપકારક હોય, બળદાતા હોય ત્યાં સુધી તેની સામે કોઇને કાંઇ પણ કહેવાપણું હોતું નથી, પણ જ્યારે તે નિમિત્તે સમાજની સંસ્કારિતા, અર્થ અને શક્તિને નુકસાન થતું દેખાય છે, તેની પાછળ હેતુશૂન્યતા દેખાય છે ત્યારે દિશાસુચન માટે પણ ટીકા ન થઇ શકે એતો બેહુંદુજ ગણાય. કોઇ જીવવા સરજાયેલો સમાજ આ રીતે પ્રજાની મોઢે તાળાં ન દઇ શકે!

સમાજમાં સુંદર માનવીઓ સરજાવવા માટે, સંસ્કારિતા વધારવા માટે, સાચી ધર્મભાવના ફેલાવવા માટે ધાર્મિક અનુષ્ઠાનો ઉપયોગી કે તેવા બીજા સમારંભો કરવા ઇષ્ટ છે. પણ તેને બદલે તેની પાંગળી દશા તો નાશ ન પામે પણ વહેમ અને ધર્માન્ધતા જાગી ઉઠે, ધર્મ ભૂલાઇ ક્રિયાકાંડ જ બાકી રહે એટલે ઉંધ વેચી ઉજાગરો જ થાય છતાં પણ તે સામે ચેતવણી રૂપે ટીકા કે વિરોધ પણ ન થાય તેવી ગાડરવૃત્તિ કોન્ફરન્સ આજે ધરાવે છે? સાધુઓ કે ક્રિયાકાંડી મોવડીઓ કેમ ડરી રહેલા છે? કોનો ડર છે? શા માટે ડર છે? સચ્ચા કામને ડર શાનો હોય? માણસ ડરના ભયની મૂર્તિ પોતાની ભૂલ અને ભીરૂતામાંથી સરજે છે. તેવું તો કંઇ નહિ હોયને? વાસ્તવિક દૃષ્ટિ અને નાસ્તિકતા, ધર્મ અને ક્રિયાકાંડ, શાસ્ત્ર અને યુગના ભેદ પૂરેપૂરા સમજે તો તેના ભયનું કારણ આપોઆપ નાશ પામે. પવિત્રતા અને પ્રમાણિકતાના આસન ઉપર બેઠા પછી જ ભિન્ન ભિન્ન ભેદો ઉકેલી શકાય!

બન્ધુઓ! વગર વિચાર્યે અપાતી અયોગ્ય અને બાળદીક્ષા સામે મૂકાયેલ સામાજીક પ્રતિબંધ અને રાજ્યે તે દિશામાં કરેલો કાયદેસર ઠરાવ તમે રદ કરાવવા નહિ જ ઇચ્છો! સમાજના વાણી સ્વાતંત્ર્ય એટલે વિચાર સ્વાતંત્ર્ય ઉપર તરાપ મરાઇ જાય અને સમાજમાં અમુક વર્ગની નિરંકુશતા સ્વીકારાઇ જાય તેવી પાંગળી પામર દશા પણ સમાજની તમે નહિજ નીભાવો! આપણી કોનફરન્સના આ બન્ને ઠરાવનો વિરોધ કરી યુગદ્રષ્ટિ, વાસ્તવિક દ્રષ્ટિ રજુ કરાવે તે આજનો યુગધર્મ છે!

કેળવણી, બેકારી, શારીરિક બળવૃદ્ધિ અને સંસ્કારિતાવૃદ્ધિ અને નાગરિકતા વિકસાવવા માટે આપણી કલ્પનામાં ન આવી શકે તેટલું વિશાળ કાર્ય સમાજ સામે પડયું છે. આ કરવામાં નહિ આવે તો સમાજ કે ધર્મ આગળ નહિ વધે–તેવું સમજવા છતાં તે દિશામાં કંઇ ન કરતાં દટાયેલા પાપો પુનઃ ખોદી બહાર કાઢવાનું ગોઝારું કામ કરવા કોન્ફરન્સ તૈયારી કરે છે તેમાં તમારો સાથ તો નહિજ હોય એવી ખાત્રી છે. **મણિલાલ જયમલ શાહ.**

કેટલાક સમાચાર અને નોંધ

આગામી જૈન શ્વે.મૂ. કોન્ફરન્સ અને મુંબઇ જૈન યુવક સંઘ

ઐક્ય સમિતિનો ઉગ્ર વિરોધ કરવાનું જ્યારે જૈન યુવક જનતાને કહેવામાં આવ્યું છે ત્યારે આ હાકલનો કેટલીએક દિશાઓથી સમગ્ર કોન્ફરન્સનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘ વિરોધ કરવાને કટિબદ્ધ થયેલ છે એવી ભ્રમણા ઉભી કરવાનો પ્રયત્ન ચાલી રહેલ છે. શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ શ્વે. મૂ. વિભાગની એક અતિ મહત્વની સંસ્થા છે અને એ સંસ્થાનું આજ સુધીનું સ્વરૂપ અને બંધારણ એવું છે કે એ સંસ્થાની કાર્યવાહીમાં ભિન્ન ભિન્ન વિચારો ધરાવનારા સર્વ પક્ષો પુરો ભાગ લઇ શકે છે અને પોતપોતાના વિચારોને બાધ ન આવે એવી કોન્ફરન્સ સાથે સંબંધ ધરાવતી અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકે છે. પ્રસ્તુત કોન્ફરન્સની કાર્યવાહીમાં ગમે તેટલી શિથિલતા આવી હોય તો પણ આ કોન્ફરન્સ આખા જૈન સમાજને પ્રગતિના માર્ગે લઇ જનારી અને સામાજિક તેમજ ધાર્મિક સુધારણાઓને જન્મ આપવાને તેમજ વેગ આપવાને નિર્માયલી એક અને અજોડ સંસ્થા છે આવી માન્યતા આજ સુધી પોષાતી આવી છે. આ ઉપરાંત હજુ આજ સુધીમાં એવો કોઇ બનાવ બની નથી કે જે બનાવને લીધે આ કોન્ફરન્સનો વિરોધ કરવાનું કે તેની સાથે અસહકાર કરવાનું કોઇને પણ ખાસ કારણ હોય. આજે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વિરોધ ઐક્ય સમિતિના કેવળ પ્રલોભાતી અને આવી કોન્ફરન્સને પીછેહઠ કરાવનારા ઠરાવો સામે છે અને તેનો આશય આજે કોન્ફરન્સનું નાવ કઇ દિશાએ ધસડાઇ રહેલ છે તે વિષે લાલબત્તી ધરવાનો છે. તેથી આજની કોન્ફરન્સ સામે કોઇ પણ યુવકે કશો પણ વિરોધ ચિન્તવવાનું કારણ નથી. ઉલટું આ કોન્ફરન્સમાં સ્વાગત સમિતિના સભ્ય કે પ્રતિનિધિ તરીકે બને તેટલી મોટી સંખ્યામાં સામેલ થઇને કોન્ફરન્સ પ્રત્યે પોતાની સક્રિય સહાનુભૂતિ દાખવવાની અને સાથે સાથે ઐક્ય સમિતિના ઠરાવો સામે સંગીન વિરોધ દાખવવાની દરેક યુવકની ખાસ ફરજ છે. આમ યુવક જનતને આગામી કોન્ફરન્સમાં બને તેટલો સાથ આપવાની વિજ્ઞાપના કરવા સાથે બીજી બાજુએ કોન્ફરન્સ સાથે સંબંધ ધરાવતા તેમજ તેમાં સામેલ થતા વર્ગોના ધ્યાન ઉપર આ બાબત લાવવી ખાસ જરૂરી છે કે ઐક્ય સમિતિના બે ઠરાવો પ્રસ્તુત કોન્ફરન્સના રૂપરંગ તેમજ ભાવી કાર્યવાહી ઉપર ભારેમાં ભારે પ્રલોભાતી અસર નીપજાવનારા છે. એ ઠરાવો જો આ અધિવેશનમાં પસાર કરવામાં આવશે તો તેની આખા સુધારક અને પ્રગતિશીલ વર્ગના સહકાર ઉપર બહુ ગંભીર અસર પડયા વિના નહિ રહે. એ ઠરાવોના પરિણામે જે પ્રકારના આંદોલનો અને હીલચાલો ઉભી થવાની ભીતિ રાખવામાં

આવે છે તે સાચી પડતાં એવી પણ પરિસ્થિતિ ઉભી થાય કે જેના પરિણામે આખા યુવક વર્ગને પોતાનો સહકાર ખેંચી લેવાની ફરજ પડે એટલું જ નહિ પણ કોન્ફરન્સના પ્રત્યાઘાતી સ્વરૂપ સામે ઉગ્ર વિરોધ કરવાનું તેમને ધર્મ રૂપે પ્રાપ્ત થાય. ઐકય સમિતિના ઠરાવો સંબંધમાં પોતપોતાનું વલણ નક્કી કરતાં પહેલાં આ ભાવી પરિસ્થિતિને ધ્યાનમાં લેવા પ્રત્યેક પ્રતિનિધિ ભાઇ યા બહેનને વિનંતિ કરવામાં આવે છે.

શ્રી. જયસુખલાલ મહેતાને રૂા. ૧૩૫૦૦૧ ની થેલી અર્પણ

તા. ૨૧-૨-૪૫ ના રોજ તાજ મહાલ હોટેલ ખાતે શેઠ પ્રાણલાલ દેવકરણ નાનજીના પ્રમુખપણા નીચે નિયોજાયેલ એક ભવ્ય સન્માન સમારંભ પ્રસંગે ઇન્ડીયન મરચન્ટસ ચેંબર અને બુરોના મંત્રી તરીકે સતત ૩૮ વર્ષ સુધી સેવા આપનાર શ્રી જયસુખલાલ કે. મહેતાને રૂા. ૧૩૫૦૦૧ ની થેલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુંબઇના આગેવાન શહેરીઓ અને ઉદ્યોગપતિઓ તરફથી શ્રી જયસુખલાલ મહેતાને તેમની એકનિષ્ઠાભરી સેવા અને ઉજ્જ્વળ કા-કીર્દી બદલ ધન્યવાદ અને પ્રશંસાની અત્યન્ત ભાવભરી અંજલિઓ આપવામાં આવી હતી. શ્રી જયસુખલાલ ચેંબરમાં ૧૯૦૭ માં જોડાયા અને ૧૯૧૭ માં ચેંબરના મંત્રી નિમાયા. ચેંબરના પ્રમુખસ્થાન ઉપર અનેક મહાશયો આવ્યા અને ગયા. મંત્રીત્વ તો આજ સુધી શ્રી. જયસુખલાલનું જ રહ્યું. શ્રી. જયસુખલાલને અનેક દિશાઓથી અત્યન્ત પ્રલોભક આમંત્રણ આવેલાં; એમ છતાં પણ તેમણે ચેંબરને છોડવાનો કોઇ કાળે વિચાર ન કર્યો. વ્યાપાર અને ઉદ્યોગની અનેક પ્રવૃત્તિઓ અને હીલચાલો તેમજ સરકાર સાથેની અનેક વાટાઘાટો સાથે શ્રી. જયસુખલાલનું નામ સદા જોડાયલું રહેશે. આ ઉપરાંત સાહિત્ય તેમજ રાષ્ટ્રીય મહાસભાના ક્ષેત્રમાં પણ શ્રી. જયસુખલાલની સેવાઓનો મહત્વપૂર્ણ ફાળો નોંધાયેલો છે. જે માન અને ભવ્ય થેલી શ્રી. જયસુખલાલને આપવામાં આવી છે તેને શ્રી. જયસુખલાલ સર્વ પ્રકારે યોગ્ય છે. શ્રી. જયસુખલાલને વ્યાપારી આલમના ધન્યવાદ ઘટે છે !

શ્રી સરલાદેવીનો પ્રત્યુત્તર

તા. ૧-૩-૪૫ ના પ્રબુદ્ધ જૈનમાં 'ગુજરાતને આંગણે ગંગા-અવતરણ' એ મથાળા નીચે શ્રી. સરલાદેવી સારાભાઇનો પત્ર અને મારો જવાબ પ્રગટ થયા હતા. તે જવાબના પ્રત્યુત્તર રૂપે શ્રી. સરલાદેવીનો તા. ૧૨-૩-૪૫ ના રોજ લખેલો પત્ર મને મળ્યો છે. અને પ્રબુદ્ધ જૈનમાં તે પ્રગટ કરવા તેમણે માંગણી કરી છે. પ્રસ્તુત વિષયની ઘણી ખરી બાજુઓ ઠીક ઠીક છણાઇ ગઇ છે તેમજ તેમનો આખો પત્ર આ અંકમાં પ્રગટ કરી શકાય તેટલી જગ્યા ન હોવાના કારણે મારા મૂળ લેખમાં મેડમ મોન્ટીસરી સંથેની રૂા. ૫૫૦૦૦ ની સમજુતીનું જે વિધાનો દ્વારા સૂચન કરવામાં આવ્યું છે તે સંબંધનાં તેમના પત્રમાંનો અગત્યનો ભાગ હું નીચે અવતરિત કરું છું. તેઓ જણાવે છે કે "એ વિધાનોમાં ગર્ભિત રહેલાં મારા ઉપરના આક્ષેપો ઘણા ગંભીર છે. તેથી મને તમારા ઉપર રોષ નથી આવ્યો, પણ મારું દિલ તો ખરેખર દુઃખાયું છે. એમાંથી નીકળતા આક્ષેપનો ધ્વનિ નિઃસંદિગ્ધ એ છે કે મેં મેડમ મોન્ટેસરીને અહિં વર્ગો ચલાવવા બોલાવ્યા, તેમના મહેનતાણા બદલ રૂ. ૫૫૦૦૦ આપવાનું પહેલેથી નકકી કર્યું અને પછી તે મારે પોતાને આપવા ન પડે માટે મેં વિદ્યાર્થીઓને દાખલ કરવાની યોગ્યતા અયોગ્યતાનું કોઇ ઉચ્ચ ધોરણ જોયા વિના જે આવ્યાં તે બધાંને જ દાખલ કરી એ રકમ બધાં ઉપર ફાળવી કુલ રૂ. ૫૫૦૦૦ મેડમને આપવા પુરા કર્યા. આવા લખાણથી તરી આવતી મારી અપ્રમાણિકતા તથા અયોગ્ય અને અન્યાયી માર્ગે આખી રકમ ભેગી કરવાની મારી ઇચ્છાથી આ રકમ સાધારણ રીતે ગરીબ વર્ગ ઉપર મેં ફાળવી—તે બધું તમે મારે માટે માની લીધું તેનું મને દુઃખ થયું છે." મને લાગે છે કે રૂ. ૫૫૦૦૦ની સમજુતીના મારા સૂચનમાંથી શ્રી. સરલાદેવી ઘણો વધારે પડતો અને જેઓ શ્રી. સરલા દેવીને જાણે છે તેવા કોઇની પણ કલ્પનામાં ન આવે તેવો અર્થ કાઢે છે. જે આવે તેને દાખલ કરવાની પ્રથા કાંઇ અમદાવાદના શિક્ષણ વર્ગે પ્રથમ શરૂ કરી નથી. એ પરિપાટી તો અદ્યિારના વર્ગોથી ચાલતી આવી છે અને પૂર્વ પ્રથાના સર્વ અંશો સ્વીકારીને અમદાવાદમાં વર્ગો યોજવાના હતા એમ તો શ્રી. સરલાદેવીએ આગળ ઉપર પ્રગટ થયેલ પોતના જ પત્રમાં જણાવ્યું છે. રૂા. ૫૫૦૦૦ શ્રી. સરલાદેવીએ પોતાને આપવાના હતા એમ પણ કોઇએ કદિ કહ્યું કે કલ્પ્યું જ નથી. એ તો એક પ્રકારની બાંહ્યધરી જેવું હતું એટલું જ મારા લેખમાં ગર્ભિત સૂચન હતું. એની પાછળ કાંઇ પણ કટાક્ષ હોય તો શ્રી. સરલાદેવી સંબંધમાં નહિ પણ મેડમ મોન્ટેસરીની અર્થેષણા પરત્વે જ હતો. મારા જે લેખ સામે તેમણે આવડો મોટો વિરોધ કર્યો છે તે લેખ પાછળ આથી અન્ય પ્રકારનો કોઇ પણ આશય કે કલ્પના મારા દિલમાં હતી જ નહિ. આમ છતાં પણ મને લાગે છે કે જે સત્યનિષ્ઠાનું ધોરણ મારા મન આગળ રાખીને પ્રબુદ્ધ જૈન માટે હું લખું છું તે ધોરણને લક્ષ્યમાં લેતાં પ્રસ્તુત મોન્ટીસરી વર્ગોની વિવાદાસ્પદ રચના સામેના મારા આવેગને વ્યક્ત કરવા જતાં પુરી તપાસ કર્યા સિવાય રૂા. ૫૫૦૦૦ ની સમજુતીનું સૂચન કરવામાં મેં ઉતાવળ કરી છે અને મારા વિધાનો ઉપરથી જો કોઇ અન્યથા અર્થ ઘટાવવા માંગે તો તેવા અર્થને બીલકુલ અવકાશ છે જ નહિ એમ ન કહી શકાય એટલા પુરતો શ્રી. સરલાદેવીને મેં અન્યાય કર્યો છે એ મારે કબુલ કરવું જોઇએ અને તે માટે મારે દિલગીરી જાહેર કરવી જોઇએ અને તેમની મારે ક્ષમા માંગવી જોઇએ.

આટલું પ્રાયશ્ચિત કર્યા બાદ પણ મને કહેવાની ફરજ પડે છે કે મારા લેખમાં રૂા. ૫૫૦૦૦ ની સમજુતીને લગતો કરવામાં આવેલો ઉલ્લેખ મારી દૃષ્ટિએ કેવળ ગૌણ બાબત હતી અને છે. મારા મુખ્ય મુદ્દાઓ—મેડમ મોન્ટેસરી જેવા જગવિખ્યાત કેળવણીકારનું ધંધાદારીપણું, વર્ગોનું અતિશય ખર્ચાળપણું, અને કશા પણ નિયમ કે યોગ્યતાના ધોરણ સિવાય જે જરૂરી લવાજમ લઇને આવે તેને આવા વર્ગોમાં દાખલ કરવાપણું—આ મુદ્દાઓ એમને એમ ઉભા રહે છે. આમાંના છેલ્લા મુદ્દા વિષે શ્રી. સરલાદેવી જણાવે છે કે પહેલાં તો વર્ગપ્રવેશ સંબંધી ચોકકસ ધોરણ નકકી કરવામાં આવ્યું હતું પણ પાછળથી ઓછી વધતી લાયલાયકાતવાળા વિદ્યાર્થીઓએ દાખલ થવા માટે ખુબજ આગ્રહ કર્યો જેના પરિણામે આગળ ઉપર નક્કી કરવામાં આવેલું ધોરણ જાળવી શકાયું નહિ. આ ખુલાસાની વધારે ચર્ચા કરવાની હું જરૂર જોતો નથી. હવે પછીથી આ પ્રશ્નની ચર્ચા 'પ્રબુદ્ધ જૈન' પુરતી બંધ કરવામાં આવે છે. **પરમાનંદ.**

ઐકય સમિતિના ઠરાવો વિષે સભા

તા. ૨૧-૩-૪૫ બુધવાર ના રોજ રાત્રીના સાડાઆઠ વાગે ધનજી સ્ટ્રીટમાં આવેલા શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆના પ્રમુખપણા નીચે સભા મળશે જે પ્રસંગે આગામી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશનમાં રજુ થનારા ઐકય સમિતિના ઠરાવો વિષે વિવેચનો કરવામાં આવશે.

સભ્યોનાં લવાજમ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને પોતપોતાનું ચઢેલું લવાજમ—ભાઇઓનું વાર્ષિક લવાજમ રૂા. ૪ અને બહેનોનું વાર્ષિક લવાજમ રૂા. ૩—સંઘના કાર્યાલયમાં મોકલી આપવા અને તેમ ન બને તેમને આ લવાજમ વસુલ કરવા માટે નિયોજાયેલ સંઘના કલાર્કને પોતપોતાનું લવાજમ વિના વિલંબે આપી દેવા વિનંતિ કરવામાં આવે છે. સભ્યોની સંખ્યા બહુ મોટી છે અને લવાજમ વસુલ કરનાર માણસની શકિત અને સમય મર્યાદિત છે. આ બાબતમાં બને તેટલો સહકાર આપી સંઘના કાર્યને સફળ બનાવવા સર્વ સભ્યોને પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ગ્રંથ, ગ્રંથકાર અને ગ્રંથાલય

(તા. ૩૧-૧૨-૪૪ ના રોજ ઘાટકોપર ખાતે ભરાયેલ પ્રથમ પુસ્તકાલય પરિષદનાં પ્રમુખસ્થાનેથી શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીએ આપેલ વ્યાખ્યાન).

આધુનિક પદ્ધતિએ કેળવણી શરૂ થઇ ત્યારથી જ પુસ્તકાલયની પ્રવૃત્તિ શરૂ થઈ છે એમ નથી. એ તો જ્યારથી જ્ઞાન લિપિબદ્ધ થયું ત્યારથી આપણા સમાજ જીવનમાં કેળવણી, ધર્મ અને સાહિત્યાદિના એક અગત્યના અંગ તરીકે ખૂબ મહત્વનું સ્થાન ભોગવતી આવી છે.

૧. અગાઉના જીવંત પુસ્તકાલયો:—અગાઉ લેખનની સામગ્રી પૂરેપૂરી શોધાઇ નહોતી એટલે તે સમયના જ્ઞાની માણસો ઉત્તરોત્તર શાસ્ત્રો અને સાહિત્યના અમુક અમુક વિષયો કંઠસ્થ કરતા અને તે વિષયોને જીવતા રાખવા સજીવ માનવ ગ્રંથો બની રહેતા. તે વખતે જ્ઞાનનું ક્ષેત્ર આજના જેવડું વિસ્તીર્ણ નહોતું, અને તે સમયના તંદુરસ્ત માનવીની યાદશક્તિ પણ તેવી સતેજ અને તિવ્ર હતી. તેથી આ વાત શક્ય હતી. સૈકાઓ સુધી આવા જીવંત પુસ્તકાલયો દેશભરમાં સ્થળે સ્થળે ગુરૂકુળો, ઋષિકુળો અને અરણ્યોમાં કે જળાશયનાં કાંઠે હતા. વિદ્યાવાંચ્છુઓ ત્યાં જતા, જ્ઞાન મેળવતા અને મેળવેલા જ્ઞાનનો વારસો પ્રજાને આપતા. ગરજ ગાંઠે અને વિદ્યા પાઠે રાખવાનો એ યુગ હતો.

૨. ગ્રંથલેખન અને પુસ્તકાલયની રચના:—સમયના વહેવા સાથે શાસ્ત્રો કંઠસ્થ કરવાની શક્તિ ઉપર જ નિર્ભર રહેવું જ્ઞાનીઓને યોગ્ય ન લાગ્યું એટલે તેઓએ ઉપયોગી શાસ્ત્રો જેવાં કે ધર્મ, સાહિત્ય, અર્થ વૈદ્યક, જ્યોતિષ, તત્વજ્ઞાન અને દર્શન આદિ શાસ્ત્રોને લિપિબદ્ધ કર્યા. આ રીતે પ્રથમ પુસ્તકો સૂત્રરૂપે ઝાડના પાંદડાં, ધાતુનાં પતરાં, લાકડાના પાટીયાં અને પત્થરની લદીઓ ઉપર લખાયાં. તેની સાથે જ તેવા બધા તૈયાર થયેલાં ગ્રંથોની જાળવણી અને વ્યવસ્થિત ઉપયોગ માટે ગ્રંથાલય પ્રવૃત્તિ અને પુસ્તકભંડારો રચાયા, પુસ્તકો લખવાનું અને જ્ઞાનને લિપિબદ્ધ કરવાનું માન મોટે ભાગે આપણા દેશમાં જૈન અને બૌદ્ધ સાધુઓને ફાળે જાય છે. ત્યારે પુસ્તકો વિક્રયની દૃષ્ટિએ ભાગ્યે જ લખાતા. રાજાઓ અને ધનપતિઓ કિંમતી પુસ્તકો પોતાના ભંડારમાં રાખતા અને જ્યારે કોઇ મહત્વનો ગ્રંથ લખાઇને તૈયાર થતો ત્યારે ગ્રંથ અને ગ્રંથકાર બહુમાન પામતા અને સામાજિક ઉત્સવ પ્રમાણે તેનો ઉત્સવ મનાતો. આવા પુસ્તક ભંડારો સાથે જ કેળવણીની સંસ્થાઓ પણ રહેતી એટલે વિદ્યાર્થીઓ ગ્રંથાલયમાં બેસી ગ્રંથોનો ઉપયોગ કરતા, કોઇ કોઇ પોતાની લેખિનીથી પુસ્તક ભંડારમાં ઉમેરો કરી પોતાનું ઋણ પણ ફેડતા. ગ્રંથ રચનાનું કામ પુસ્તક ભંડારો દ્વારા થતું.

૩. સંપ્રદાયો અને ગ્રંથાલયો:—ધાર્મિક સંપ્રદાયો અને તેના આચાર્યોની વિદ્વતા અને સંખ્યાના પ્રમાણમાં તેની ધાર્મિક માન્યતા પ્રમાણેના પુસ્તકોના ખાસ ભંડારો ઘણાં સ્થળે રહેતાં. આપણા ગુજરાત અને બૃહદ ગુજરાતમાં ખંભાત, પાટણ, જેસલમીર ઉપરાંત બૌદ્ધ વિહારોમાં આ જાતના મોટા મોટા પુસ્તક ભંડાર હતા. આવા ભંડારો જ્યાં જ્યાં રાજ્યાશ્રય કે ધર્માશ્રય મળે અને પરદેશીઓ તથા પરધર્મીઓથી રક્ષણ થઇ શકે એવા સ્થળોમાં સ્થપાતા. દેશ પરદેશમાંથી વિદ્યાર્થીઓ ત્યાં આવતા અને એ જ્ઞાનગંગામાંથી પાન કરતાં. જતે કાળે આવાં સ્થાનો યાત્રાના સ્થળ જેવા બની જતા. આજે પણ પ્રજાને સૈકાઓ વીત્યા છતાં પણ આવા સ્થાનો માટે સદ્‌ભાવ અને માન રહ્યાં છે. અને ત્યાં રહી વિદ્યાઉપાર્જન કરનારાઓ સન્માનને પાત્ર ગણાયા છે. કાશી અને કાશીના પંડીતો આજે પણ ભૂલાયા નથી. જેમ આજે કેળવણીની સંસ્થાઓ વચ્ચે વ્યવહારનું જોડાણ (affiliation) છે અને જેમ નાની નાની શાળાઓ કોલેજ અને કોલેજો માટે યુનિવર્સીટીની યોજના છે તેવી નહિ તો તેના જેવી યોજના અગાઉ પણ હતી. ગામડે ગામડે ચાલતા ગુરૂકુળો, વિહારો, ઋષિકુળો અને મઠોમાંથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે સારા સાધનવાળા સ્થળોએ જતા અને જ્ઞાનની ઉચ્ચતમ ભૂમિકાએ પહોંચતા. આવા દરેક સ્થાનોનો આધાર તેના ગ્રંથ ભંડારો અને તે દ્વારા તૈયાર થયેલા અધ્યાપકોના ઉપર જ રહેતો. આવી રીતે વિદ્યા ઉપાર્જન કરવા આવનારાઓને અભ્યાસ પૂરો થતાં ગુરૂ જ્ઞાનના પ્રમાણમાં ઉપાધિ અને તે વિષયના પુસ્તકોની ભેટ આપી વિદાય દેતા.

૪. પુસ્તકોનો દેશભરમાં ફેલાવો:—શિષ્યો પણ અન્ય ઉપયોગી ગ્રંથોની નકલો કરી સાથે લઇ જતા. આ રીતે જ્ઞાન અને પુસ્તકો દેશભરમાં વિસ્તરતા. આવા તૈયર થયેલા વિદ્યાર્થીઓ પોતાના વતન કે આશ્રય મળે તેવા સ્થળોમાં પોતાના આશ્રમો ચલાવતા અને જ્ઞાનની પરબ માંડી પોતાના પુસ્તક ભંડારોનો લાભ પ્રજાને આપતાં. સાંપ્રદાયિક સાધુસમાજ પણ પોતાના જ્ઞાનની ગાંઠડી સદાય ખાંધે ઉઠાવીને સ્થળે સ્થળે ફરતો અને પુસ્તકોનો ફેલાવો કરતો. ચાતુર્માસમાં તેઓ પુસ્તક લેખનનું કામ કરતા. આપણા ઘણા ઉપયોગી અને શાસ્ત્રીય ગ્રંથો સાધુઓએ જ લખ્યા છે અને જ્ઞાનભંડારો ભરી આપણને વારસામાં આપ્યા છે.

૫. લોકભાષા અને ગ્રંથો:—આપણા પ્રાચીન ગ્રંથભંડારો, ગ્રંથકારો અને ગ્રંથો આ રીતના હતા. તેવા ગ્રંથોમાં મુખ્યત્વે કરીને શાસ્ત્રીય ગ્રંથો હતા એટલે તે બધા સંસ્કૃત ભાષામાં જ લખાયેલા હતાં. પ્રાંતીય પ્રચલિત લોકભાષાનો પ્રજા પોતાના સાંસારિક વ્યવહાર માટે ઉપયોગ કરતી પણ શાસ્ત્રીય ગ્રંથો તેમાં નહોતા લખાતા. પણ જૈન તેમજ બૌદ્ધ ધર્મના ઉદય સાથે લોકભાષામાં ધર્મગ્રંથો લખવાની પહેલ થઇ અને ત્યાર પછી જ્ઞાનેશ્વર આદિ ઘણા વિદ્વાનોએ તેનું અનુકરણ કર્યું છે અને ત્યારથી પ્રાચીન ગ્રંથાલયોમાં પણ તેવા પુસ્તકો દેખાવા લાગ્યા છે.

૬. પઠન પાઠનના અધિકાર:—એ સમયની એક વાત ધ્યાન ખેંચે તેવી છે તે એ કે એ વખતની પ્રજામાં જ્ઞાનનું મહત્વ ઘણું હતું. તેઓનું જીવન પણ આધ્યાત્મિક અને ધાર્મિક હતું અને ઇશ્વર સૌના કર્તા અને પિતા છે અને આપણે તે પિતાનો પરિવાર છીએ એમ માનતા; છતાંય પુસ્તક ભંડારોનો ઉપયોગ અમુક વર્ગ જ કરી શકતો. કારણ કે પઠન પાઠન અને અધ્યયનના અધિકારના વિચિત્ર ખ્યાલે અમુક વર્ગને જ્ઞાન લેતો અટકાવવામાં આવતો એટલે પ્રજાનું એક અંગ પાંગળું રહેતું. ગ્રંથાલયોનો ઉપયોગ સ્થાપિત હકકોમાં માનવાવાળી ઇશ્વરની કૃપાપાત્ર ગણાતી અમુક કોમો જ ત્યારે કરતી. પણ આજે આ વિષયમાં આટલી કટ્ટરતા નથી. સૌ માટે કેળવણીનું ધોરણ એકસરખું થતાં કેળવણી માટે ગુણ, કર્મ કે વારસામાં ઉતરતા સંસ્કારો કે વ્યવસાય કે અધિકારને બદલે સામાન્ય માનવ અધિકારની ભાવના પ્રચલિત થતાં અને વર્ણભેદ, કોમભેદ કે ઉચ્ચ નીચના ભેદ તરફ અગાઉ જેવું પ્રજાનું વલણ જનસંપર્ક, રાજ્યકારણ અને પ્રજાની બદલાતી વૃત્તિને કારણે ન રહેતાં જ્ઞાન મેળવવાનો અને પુસ્તકો વાંચવાનો સૌને અધિકાર છે એમ લાગવા માંડ્યું છે. અગાઉ છાપવાની કળા નહોતી એટલે લહીઆઓ, સાધુઓ કે વિદ્વાનોને હાથથી મોટા મોટા ગ્રંથો લખવા પડતા અને બહુ જ કાળજીપૂર્વક તેનું જતન કરવું પડતું એટલે ગ્રંથની અછત અને જતનના કારણે પણ શ્રમજીવી વર્ગના પઠનપાઠન ઉપર પ્રતિબંધ કદાપિ મૂકાયો હોય તો ના ન કહેવાય.

૭. ગ્રંથ અને જ્ઞાન:—સમયના વહેવા સાથે સ્થિતિ પલટાણી, લોકોને ગ્રંથો સહેલાઇથી મળી શકે તેવી સગવડતા છાપવાની કળા અને લેખન સામગ્રીની વધતી જતી વિપુલતાએ કરી. આથી ગ્રંથલેખન પ્રવૃત્તિમાં વિક્રયભાવના પેઠી. આજે પુસ્તકો ખાનગી રીતે ખરીદી શકાય છે. એટલે વાંચનના અધિકારનો વાંધો ઉઠી ગયો છે. ઉપરાંત આજે સ્થળે સ્થળે નાના મોટા પુસ્તકાલયો અસ્તિત્વમાં આવ્યાં છે, લોકોની અભિરૂચિ વધી છે અને લેખકોને પોતાની લેખિની અજમાવવાની તાલાવેલી પણ જાગી છે, પણ લોકોની શોધક બુદ્ધિ, ઉંડાણ અને વિદ્યા પ્રેમ ઘટયાં છે અને તેમાંય જ્ઞાન માટે જ ઘરબાર તજી ત્યાગી થનારો વર્ગ તો આજે તે દિશામાં સાવ નિષ્ક્રિય થયો છે. અગાઉ જે

વિદ્વતાપૂર્વકના અર્થઘનતાવાળા ચિંતનપ્રધાન ભવ્ય ગ્રંથો લખાયા છે તેનો અંશ પણ આજે લખાતો નથી. વૈદક વિજ્ઞાન કે રસાયણીક વિજ્ઞાન, ખગોળ કે ભૂગોળ કે તત્વજ્ઞાન કે દર્શનશાસ્ત્ર ઉપરનું આપણું ઉંડાણ ઓસરી ગયું છે અને જ્ઞાનની બાબતમાં પણ છીછરાપણું આવી ગયું છે. એટલે આ દિશામાં જરાય પ્રગતિ થયેલી દેખાતી નથી. સદીઓ થયા કોઇ અભ્યાસ ગ્રંથ વિદ્વાનોએ કે વિજ્ઞાનીઓએ દેશને આપ્યો નથી. બીજાઓએ સાહિત્યની અન્ય દિશામાં પણ કાંઇ કર્યું છે પણ સંધુસમાજે તો કાંઇ જ નહી. આનું કારણ શું? અતિ પરિચયે અવજ્ઞા તો જન્મી નથીને? જેવું તેવું ઘણું વાંચતા અને વિચારતાં વધુ સુંદર વિચારવાની અશક્તિ–અનિચ્છા તો પ્રકટી નથીને? ગુરૂ બનાવતાં જ્ઞાન મેળવવાની જરૂર નથી એમ તો લાગતું નથીને?

૮. સાહિત્યના પ્રવાહો:–આપણું પુરાણું સાહિત્ય અને ગ્રંથો અગાઉ કહ્યું તેમ ધર્મ, સાહિત્ય, તત્વજ્ઞાન આદિને સ્પર્શતાં હતાં ત્યાર પછી યુગપ્રવાહ પલટાયો, સામાજિક સમસ્યાઓ કપરી બની ધર્મ અને સમાજને, ધર્મ ધર્મને ધર્ષણો થવા લાગ્યાં, જીવનમાં વિલાસ પેઠો ત્યારે તેની અસર સાહિત્ય ઉપર, લેખિની ઉપર અને ગ્રંથાલય ઉપર પણ થઇ. સાહિત્યમાં વિકૃતિ પેઠી જેણે સત્ય અને વાસ્તવિકતાને ગોપવી શાસ્ત્રોને સગવડીયાં બનાવ્યાં. સત્ય કરતાં તર્કને વધુ સ્થાન આપ્યું. તેમાં ખંડનાત્મક, વિવાદાત્મક અને સાંપ્રદાયિક તત્વો વધુ દેખાવા લાગ્યા જે ઝઘડા હજુ પણ શમ્યા નથી. પુસ્તકાલયમાં તેવા પુસ્તકો દેખાવા લાગ્યાં. લગભગ છઠ્ઠા સૈકા પછી જ્ઞાનયુગને બદલે કર્મયુગ મંડાયો. જ્યારે પરદેશીઓ અને પરધર્મીઓના આક્રમણો આવ્યા અને સ્વાતંત્ર્યરક્ષાનો પ્રશ્ન મહત્વનો બન્યો ત્યારે સાહિત્યમાં પણ તેવા જ ભાવો અને રંગો દેખાવા લાગ્યાં. ચિંતન અને મોક્ષપ્રધાન સાહિત્યને બદલે કર્મપ્રધાન સાહિત્ય આવ્યું. છેલ્લાં સો વર્ષ પહેલાં આપણું આખું સાહિત્ય કૃષ્ણ અને રામ, સીતા અને ગોપીકામય હતું. જીવનના બધા રસો, બધી સંસ્કારિતા પ્રજાએ રામ અને કૃષ્ણના જીવનમાં દેખ્યા હતાં. જ્યારે સમાજમાં વિલાસ વધ્યો ત્યારે જાતિય તત્વો સાહિત્યમાં, કળામાં વિશેષપણે દેખાવા લાગ્યા. આપણાં આજના સાહિત્યમાં નવલકથાઓ, નવલિકાઓ, નાટકો, કાવ્યો અને લોકસાહિત્યમાં આ વાત ભરપૂર રીતે લદાયેલી દેખાય છે. સારામાં સારા લેખકના પુસ્તકમાં પણ સ્ત્રી પુરૂષના અનેકવિધ સાંસારિક પ્રશ્નો, રોમાંચક વાતો અને દીક્ષને પંપાળતા વિલાસી ભાવો જ નજરે પડે છે. આમાં પણ સમાજ રચનાના નૂતન ઝંઝાવાતે ફેર કરાવ્યો, આર્થિક સમસ્યા પ્રજાજીવનનું લક્ષ્ય બની, ધનપતિ અને શ્રમજીવી, શહેર અને ગામડાં અને તેના જેવા ભાવો સાહિત્યમાં આવ્યા. આજનું આપણું કે જગતભરનું સાહિત્ય આ ભાવના બતાવતું સાહિત્ય છે, કારણ કે સાહિત્ય તે તે યુગના માનવજીવનનો, સમાજજીવનનો, ધાર્મિક જીવનનો પડઘો છે અને તેથી જેમ યુગપ્રવાહ પલટાય છે તેમ સાહિત્યનો ધ્વનિ પણ પલટાય છે. આવા કારણે ગ્રંથાલયોમાં જે અભ્યાસગ્રંથોની ભરતિ થતી હતી અને અભ્યાસકોને અભ્યાસની દૃષ્ટિએ મહત્વની પ્રવૃત્તિ હતી તેમાં સાહિત્ય લેખન માટેની પલટાઈ ગયેલી દૃષ્ટિએ જુદી જ જાતનાં પુસ્તકો આપવા માંડયા જે ખરેખર રીતે કહીએ તો સામાન્ય માહિતી-ગ્રંથો કે મનોરંજન માટેના ગ્રંથો જ કહી શકાય. આ કારણે આપણી લાયબ્રેરીઓ રેફરન્સ લાઇબ્રેરીને બદલે સામાન્ય કોટિની બની ગઇ.

૯. આપણી વૈજ્ઞાનિક દૃષ્ટિ:–દરેક દેશ કે પ્રાંતને સર્વ સામાન્ય વિશ્વવ્યાપી તેમજ પોતાના અંગત પ્રવાહો હોય છે જે તેના સાહિત્યમાં સ્પષ્ટપણે જોઇ શકાય છે છતાં પણ એક વાત તો ચોક્કસ છે કે આખા દેશમાં વિજ્ઞાનની દૃષ્ટિ સ્થિર તો થઇ નથી. પણ દૃષ્ટિ પૂરી ખુલી પણ નથી. આ ખામી દેશભરમાં સામાન્ય છે એટલે પરદેશની મોટી લાયબ્રેરીમાં દેખાતો વિજ્ઞાનના સાહિત્યની અહીં ઉણપ દેખી શકાય છે. છેલ્લાં વર્ષોમાં પ્રજાનું વળણ વિજ્ઞાન તરફ વળ્યું છે. તે માટે થોડું સાહિત્ય રચાતું જાય છે. પણ હજુ સુધી તો કોઇના ભાષાંતરરૂપે, અવતરણરૂપે કે કોઇના આધાર પરથી તૈયાર થયેલું જ હોય છે. આપણી મૌલિકતા હજુ પૂરેપૂરી જાગૃત થઇ નથી. ગ્રંથો સંબંધી આટલો વિચાર કર્યો તે સાથે તેની ઉતરતી જતી કક્ષા માટે પણ વિચાર કરી લઇએ. આપણા સાહિત્ય અને ગ્રંથોના ઉતરતા જતા ધોરણ માટે જેમ લેખકો અને પ્રકાશકો જવાબદાર છે તેમ રાજ્યસત્તા પણ જવાબદાર છે. રાજ્ય પોતાના સ્થાપિત હિતોને બાધક લાગતા ગમે તેવા પુસ્તકોને પણ વિદ્રોહી સાહિત્ય તરીકે જેટલી ચીવટથી અટકાવે છે તેટલી જ કાળજી પ્રજાની બુદ્ધિમત્તા, નીતિમત્તા અને સંસ્કારને વગોવતા કે નુકશાન પહોંચાડતા પુસ્તકોના પ્રકાશનોને અટકાવવામાં રાખે તો હરકોઇ ભાષાનું સાહિત્ય સુંદર અને ઉચ્ચ કોટીનું બની જાય અને પ્રજાની સંસ્કૃતિની કક્ષા ઉંચે આવી જાય પણ આજે તો તે આશા આકાશ કુસુમવત્ લાગે છે.

મને સ્પષ્ટ ખ્યાલ છે કે એક પુસ્તકાલય પ્રવૃત્તિના વિષયમાં સાહિત્ય-વિષયક દૃષ્ટિ રજુ કરી હું વિષયાંતર કરી રહ્યો છું, પણ તે એટલ માટે કે ગ્રંથકાર, ગ્રંથ અને ગ્રંથભંડારને અતિ અગત્યનો સંબંધ છે એટલે તે સૌનો સમગ્ર દૃષ્ટિએ વિચાર કર્યા વિના આપણે રહી શકીએ નહિ.

૧૦. વર્તમાનપત્રો અને સામયિકો:–આપણા જુના પુસ્તકાલયોમાં ગ્રંથોની બાબતમાં તો ફેરફારો થયા, પણ જેમ જેમ પ્રજાનો વ્યવહાર વધ્યો, જ્ઞાનની ભૂખ વધી તેમ તેમ નવાં નવાં વર્તમાનો જાણવાની જીજ્ઞાસા વધી. આ કારણે સાહિત્યમાં એક નવો ઉમેરો થયો અને તે વર્તમાનપત્રો અને સામયિકોના સ્વરૂપમાં. આજે જગતના સર્વદેશીય પ્રવાહો, લોકમાનસ, રાજ્યકીય આંદોલનો, પ્રજાજાગૃતિના સ્વરૂપો, સાહિત્ય અને વિજ્ઞાન ઉપરના ભિન્ન ભિન્ન અભિપ્રાયો, નવીન સ્ફૂરણો અને શોધો, વ્યાપારીક ઉથલપાથલો વિગેરે જાણવાનું આ એક અગત્યનું સાધન બની ગયું. પુસ્તકાલયોની સાથે વાંચનાલયની યોજના અમલમાં આવી, જેનો ઘણો લાભ પ્રજા લે છે. આ સિવાયની લાયબ્રેરીઓ અપૂર્ણ અને સૂની લાગે છે.— (અપૂર્ણ)

શ્રી. ધર્માનંદ કોશાંબીની તટસ્થ લવાદીની માંગણી

અધ્યાપક ધર્માનંદ કોશાંબીજીએ પોતાના 'બુદ્ધ ચરિત્ર' નામના મરાઠી પુસ્તકમાં ભગવાન મહાવીર અને જૈન સાધુઓના આહાર વ્યવહાર સંબંધમાં કેટલાક ઉલ્લેખો કર્યા છે જે સંબંધમાં જૈન સમાજમાં ખુબ ઉહાપોહ ચાલી રહેલો છે. તેવી જ ચર્ચા આજથી કેટલાંક વર્ષો પહેલાં સ્થાનકવાસી મુનિશ્રી ગુલાબચંદજીને તેઓ મળેલા અને તે બંને વચ્ચે અમુક વાતચીત થયેલી તે સંબંધમાં પણ ચાલી રહી છે. શ્રી. ભગવતી સૂત્ર, આચારાંગ સૂત્ર અને દશવૈકાલિક સૂત્રમાંના અમુક ઉલ્લેખોના અર્થ સંબંધમાં શ્રી. ધર્માનંદ કોશાંબી અને જૈન પરંપરા મુજબની માન્યતા વચ્ચે ઘણો મોટો મતભેદ છે. ઉપર જણાવેલ બન્ને બાબતોને લગતી ચર્ચાનો અન્ત આવે અને સત્ય શું છે તેનો છેવટનો નિર્ણય આવે તે હેતુથી ન્યાયમૂર્તિ હરસિધ્ધભાઇ દિવેટીઆ, ન્યાયમૂર્તિ ભગવતી કે એવી કોઇ વિદ્વાન, સંસ્કૃત ભાષાની જાણકાર અને પ્રતિષ્ઠાપાત્ર વ્યક્તિને લવાદી સોંપવાની શ્રી. ધર્માનંદ કોશાંબીએ જાહેર રીતે માંગણી કરી છે. બન્ને પક્ષને સંમત હોય એવા લવાદ સમક્ષ બન્ને પક્ષના આગેવાનો તેમજ પંડિતોએ પોતપોતાના અભિપ્રાયો અને માહીતીઓ રજુ કરવી અને બન્ને બાજુની બધી હકીકતો સાંભળીને તેમજ આગમ સાહિત્યનું આ બાબત પુનઃ જરૂરી હોય એટલું સંશોધન કરીને નિમાયેલ લવાદ જે કાંઇ ચુકાદો આપે તે બન્ને પક્ષને માન્ય ગણાય અને ત્યારથી આ બાબતની ચર્ચાનો અન્ત આવે. આવી લવાદીથી આ પ્રશ્નનો છેવટનો નિર્ણય આવે કે કેમ એ શંકાસ્પદ છે. એમ છતાં પણ આવી લવાદીથી આખા પ્રશ્નની સારી છણાવટ થાય અને આમાં રસ લેતા વર્ગને ઘણું માર્ગદર્શન મળે. વળી આ પ્રશ્ન પરત્વે ઉપસ્થિત થતા પક્ષો વચ્ચે સમાધાનીનો માર્ગ ઉભો થાય, અને કટુતાભરી ચર્ચાનો અન્ત આવે. પોતપોતાના મનનો ગમે તેવો આગ્રહ હોવા છતાં સત્યનું સંશોધન અને તદનુસાર નિર્ણય એજ બંને પક્ષનું આખરી ધ્યેય છે અને તેથી શ્રી. ધર્માનંદ કોશાંબીની આ માંગણી આદરયોગ્ય લાગે છે. **પરમાનંદ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૪

વર્ષ ૬] મુંબઈ: ૧ એપ્રીલ ૧૯૪૫ રવિવાર [અંક ૨૩

સાધુ સંમેલનના પ્રસ્તાવો અને તત્કાલીન પ્રત્યાઘાતો

દશ વર્ષ પહેલાંના ભૂતકાળ ઉપર દ્રષ્ટિપાત

(શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના તા. ૭–૪–૪૫ થી શરૂ થનાર અધિવેશનમાં ઐક્ય સમિતિના જે બે ઠરાવો રજુ થવાના છે તેમાં દીક્ષાને લગતા ઠરાવમાં અમદાવાદ ખાતે ૧૯૩૪ના માર્ચ માસમાં એકત્ર થયેલ શ્વે. મૂ. સાધુ સંમેલનના ઠરાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સાધુ સંમેલને ચોથી માર્ચથી છઠ્ઠી એપ્રીલ સુધી એમ કુલ ૩૪ દિવસ સુધી વાટાઘાટ અને ચર્ચા કરીને ૧૧ ઠરાવો પસાર કરેલા. આ ઠરાવમાંથી દીક્ષા, દેવદ્રવ્ય અને સંઘ એ ત્રણ વિષયને લગતા ઠરાવો અને તેને લગતા પ્રત્યામાતોની વિગતો ઐક્ય સમિતિના ઠરાવોની વિચારણામાં પૂર્વ ભુમિકારૂપે ઉપયોગી થશે એમ વિચારીને શ્રી વીરજલાલ ટોકરશી શાહે પ્રગટ કરેલ 'રાજનગર સાધુ સંમેલન' નામના પુસ્તકમાંથી જરૂરી વિભાગોનું સાભાર અવતરણ કરવામાં આવે છે. પરમાનંદ)

દીક્ષા

(૧) આઠથી સોળ વર્ષ સુધી માતપિતાની અથવા જે સમયે જે વાલી હોય તેની રજા સિવાઈ દીક્ષા આપી શકાય નહિં, કારણ કે ત્યાં સુધી "શિષ્યનિષ્ફેટિકા" લાગે છે.

આઠ વર્ષથી સોળ વર્ષવાળાની દીક્ષામાં, દીક્ષા લેનારનાં માબાપ અથવા તો વાલીની લેખિત સંમતિ લેવી. જે ગામમાં દીક્ષા આપવાની હોય, ત્યાંના સ્થાનિક પ્રતિષ્ઠિત બે શ્રાવકો દ્વારા લેખિત સંમતિ પ્રમાણે લેખિત સંમતિ આપનાર દીક્ષા લેનારનાં ખરા માતપિતા અથવા તો વાલી છે તેનો નિર્ણય, જે ગામનો તે હોય ત્યાં આદમી મોકલી નિર્ણય કરાવે અને નિર્ણય થયા પછી દીક્ષા આપવી.

દીક્ષા લેનારની યોગ્યતાની પરીક્ષા સામાન્ય રૂપે પોતે કર્યા પછી, વધારે સંમતિને માટે દરેક ગચ્છવાળાએ પોતાના સંઘાડા સિવાયના બીજા સંઘાડાના બે આચાર્યો અથવા તો વડીલોની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી તે પછી દીક્ષા આપવી. જે ગચ્છ કે સમુદાયમાં બીજા સંઘાડા ન હોય તેમણે પોતાના સમુદાયનાં બે યોગ્ય સાધુઓની પાસે યોગ્યતાની પરીક્ષા કરાવી સંમતિ મેળવી દીક્ષા આપવી.

દીક્ષા પ્રશસ્ત સ્થાનમાં, જાહેર રીતે, શુભ–મુહુર્તે આપવી.

દીક્ષા લેનારને દીક્ષા આપી ગ્રહણ–શિક્ષા તેમજ આસેવન–શિક્ષા માટે સોળ વર્ષ પર્યંતની ઉમર સુધી શ્રુતપર્યાય–સ્થવિર સાધુઓની પાસે રાખવો યોગ્ય છે. જો તેના પિતાદિ નિકટ સંબંધી સાધુ થયેલ હોય અને તે એની બરાબર રક્ષા કરી શકે તેમ હોય, તો તે સાધુને એના પિતાદિની પાસે પણ રાખવામાં વાંધો નથી.

(૨) સોળ વર્ષ પછીની દીક્ષામાં શાસ્ત્રોક્ત 'શિષ્યનિષ્ફેટિકા' લાગતી નથી, તો પણ હાલનું આ આખુંય બંધારણ કેટલાક અંશે થયેલ અનિચ્છનીય વાતાવરણને લઈને ઠરાવ રૂપે બાંધવામાં આવ્યું છે. તેને જ અનુસરતું ઠરાવવામાં આવે છે કે સોળથી અઢાર વર્ષ સુધીના દીક્ષા લેનારને પણ તેના વાલીની રજા સિવાય હાલમાં દીક્ષા આપવી નહિ.

(૩) અઢાર વર્ષ પછીની ઉમ્મરવાળો દીક્ષા લેનાર માતા, પિતા, ભગિની, ભાર્યા વગેરે જે નિકટ સંબંધી હોય, તેની અનુમતિ મેળવવા માટે તે તે પ્રયત્નો કર્યા છતાં પણ અનુમતિ ન મળે તો દીક્ષા લઈ શકે છે.

(૪) દીક્ષા લેનારે પોતાની સ્થિતિને અનુસારે પોતાનાં વૃદ્ધ માતા-પિતા, સ્ત્રી અને નાનાં પુત્ર પુત્રીના નિર્વાહનો પ્રબંધ કરેલો હોવો જોઇએ.

(૫) દીક્ષા દેનારે દીક્ષા લેનારમાં અઢાર દોષ પૈકીના કોઇ દોષ ન હોય એ ધ્યાનમાં રાખવું.

(૬) દીક્ષા ઋતુબદ્ધ કાળમાં તિથિ–નક્ષત્રાદિ મુહૂર્ત જોઇ શુભ દિવસે આપવી.

(૭) વયની અપેક્ષાએ અતિશય વૃદ્ધાવસ્થા ન થાય ત્યાં સુધી દીક્ષા આપવી.

(૮) પદસ્થ, વડીલ કે ગુરૂ ત્રણમાંથી ગમે તે એકને પૂછ્યા સિવાય દીક્ષા આપવી નહિ.

દેવદ્રવ્ય

(૧) દેવદ્રવ્ય જિનચૈત્ય તથા જિનમૂર્તિ સિવાય બીજા કોઇપણ ક્ષેત્રમાં ન વપરાય.

(૨) પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.

(૩) ઉપધાન સંબંધી માળા આદિકની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવા યોગ્ય જણાય છે.

(૪) શ્રાવકોએ પોતાના દ્રવ્યથી પ્રભુની પૂજા વગેરેનો લાભ લેવો જ જોઇએ. પરંતુ કોઇ સ્થળે અન્ય સામગ્રીના અભાવે પ્રભુની પૂજા આદિમાં વાંધો આવતો જણાય, તો દેવદ્રવ્યમાંથી પ્રભુપૂજા આદિનો પ્રબંધ કરી લેવો. પણ પ્રભુની પૂજા આદિ તો જરૂર જ થવી જોઇએ.

(૫) તીર્થ અને મંદિરોના વહીવટદારોએ તીર્થ અને મંદિર સંબંધી કાર્ય માટે જરૂરી મિલકત રાખી બાકીની મિલ્કતમાંથી તીર્થોદ્ધાર અને જીર્ણોદ્ધાર તથા નવીન મંદિરો માટે યોગ્ય મદદ આપવી જોઇએ એમ આ સંમેલન ભલામણ કરે છે.

સંઘ

(૧) શ્રમણપ્રધાન જે સંઘ તે 'શ્રમણસંઘ' એટલે સાધુ છે પ્રધાન જેમાં એવો સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તે 'શ્રમણસંઘ'

(૨) શ્રી ચતુર્વિધ સંઘને કરવા લાયક કાર્યોમાં શ્રી ચતુર્વિધ સંઘની મુખ્ય સત્તા છે.

(૩) (સકલસંઘ) શ્રાવક સંઘની શ્રાવક–શ્રાવિકાના સમુદાય ઉપર શાસન ચલાવાની બાબતમાં યોગ્ય કરવા પૂર્ણ સત્તા રહેશે, પણ શ્રાવક સંઘે સાધુ–સાધ્વી પ્રત્યે રાજા સમાન, માતાપિતા સમાન, ભાઇસમાન અને મિત્રસમાનપણે શુભાશયે વર્તવું યોગ્ય છે.

(૪) સાધુ–સાધ્વીઓ ઉપર તેમના સંઘાડાના વડીલની કુલ સત્તા છે. કારણ વિશેષે આચાર્ય અગર સંઘાડાના વડીલની આજ્ઞાથી શ્રાવક સંઘ તે સંઘાડાના સાધુ–સાધ્વી પ્રત્યે જરૂરી ફરજ અદા કરી શકશે. તેમજ કોઇ સાધુ–સાધ્વી અત્યંત અનુચિત કાર્ય કરે, તો તે સમયે શ્રાવક સંઘ ઉચિત કરી શકે છે, પણ આનો દુરૂપયોગ થવો ન જોઇએ.

સાધુ સંમેલન અંગે કોન્ફરન્સનો ઠરાવ

સાધુ સંમેલન બાદ સુરતમાં ભરાયેલ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશનમાં અમદાવાદમાં મળેલ સાધુ સંમેલન અંગે નીચેનો ઠરાવ પસાર થયો હતો:–

"તાજેતરમાં સાધુવર્યોના સંમેલને શાસ્ત્ર, પરંપરા અને વિવેકબુદ્ધિ એ ત્રણેની મદદથી તેઓએ પોતાની અંદરના મતભેદોને ધ્યાનમાં લઇ જે પ્રસ્તાવો સર્વાનુમતિથી કરવામાં એક માસ કરતાં વધારે દિવસો ગાળી જે મહા પ્રયાસ કર્યો છે, અને ધર્મના પ્રશ્નોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની આવશ્યકતા સ્વીકારી છે તે માટે તેમજ એકના સ્થાપન અને બીજાના ઉત્થાપનની કેટલીક વિષમ પરિસ્થિતિનો સમન્વય કરી

કરી છે, તે માટે સંમેલનને આ કૉન્ફરન્સ હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને નમ્રતાપૂર્વક જણાવે છે કે થયેલા પ્રસ્તાવોમાં જે કંઈ અપૂર્ણતા, અસ્પષ્ટતા, અનિશ્ચિતતા અવ્યાપકતા રહી હોય તે આવતા મુનિ સંમેલનમાં દૂર કરવામાં આવે તથા નીચે જણાવેલ બાબતોનો નિર્ણય કરવામાં આવે.

(૧) દીક્ષા લીધા પહેલાં જેટલા અભ્યાસની જરૂર હોય તે.

(૨) સાધ્વીઓ માટેની દીક્ષાની વય, અભ્યાસ, પવિત્રતા આદિના નિયમો.

(૩) દીક્ષા લઈ છોડનાર અને પાછા લેનાર માટેનું રહેવું જોઈતું બંધારણ.

(૪) શિથિલતા અને તે પોષક એકલવિહાર, જુદા જુદા ગચ્છના પ્રત્યેની વલણ, વિહાર, તંત્ર કેટલીક બાબતમાં એક સ્થાપે-બીજા ઉત્થાપે એવી વિમાસણ અને મુંઝવણમાં નાંખે તેવી સ્થિતિ, અમુક મુનિની સાલેકીવાળા થયેલ પુસ્તક ભંડાર અને અમુક સંઘાડાનેજ ઉતરવા માટેના ખાસ ઉપાશ્રયો વગેરે સંબંધી સમયોચિત સમયસૂચક ઉકેલ.

(૫) દીક્ષાને અંગે સંઘની સંમતિની આવશ્યકતા.

સાધુ સંમેલન અંગે જૈન યુવક પરિષદનો ઠરાવ

એજ અરસામાં મળેલી જૈન યુવક પરિષદે સાધુ સંમેલનને અંગે નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

"મુનિ સંમેલનમાં પસાર થયેલા ઠરાવો જૈન સમાજની વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવાને કોઇ પણ પુરતા નથી એમ આ પરિષદની માન્યતા છે, એમ છતાં પણ દીક્ષા આપવા સંબંધમાં અમુક નિયમો સ્વીકારીને તે વિષયમાં હાલ પ્રવર્તતી અતંત્રતા દૂર કરવા તરફ મુનિ સંમેલને પ્રાથમિક પગલું ભર્યું છે, અને શ્રાવકસંઘની ચોક્કસ પ્રસંગે સાધુ-સાધ્વી ઉપર આ સંમેલને સત્તા સ્વીકારી છે, એ બાબતની આ પરિષદ નોંધ લે છે અને જે મુનિઓ અત્યાર સુધી પરસ્પર મળી શકતા નહોતા તેઓ આજે સંમેલન રૂપે મળ્યા એ ઘટનાને આ પરિષદ આવકારદાયક અને અભિનંદનયોગ્ય ગણે છે."

એ સાધુ સંમેલનને અંગે શ્રી કકલભાઈ ભુદરદાસનું વકતવ્ય

એ જૈન યુવક પરિષદની સ્વાગત સમિતિના પ્રમુખશ્રી કકલભાઇ ભુદરદાસ વકીલે પ્રસ્તુત સાધુ સંમેલનને અંગે પોતાના સ્વાગત વ્યાખ્યાનમાં નીચે મુજબના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હતા:—

"મુનિ સંમેલનનું નાવ ખરાબા સાથે અથડી પડતાં સહેજમાં બચી ગયું છે. તેત્રીશ દિવસ સુધી વાટાઘાટ કર્યા પછી લોકલાગણીને માન આપી દીક્ષાને લગતા કેટલાક નિયમો મુનિ-સંમેલને પસાર કર્યા છે, તે જો કે અત્યારની જરૂરિયાતને બહુ જ ઓછે અંશે પહોંચી વળે છે, છતાં તે નિયમો લોકમતનો ભારે વિજય સૂચવે છે. યુવક સંઘે અયોગ્ય દીક્ષાની સામે જે મોરચા માંડયા હતા તેની સાર્થકતા સિદ્ધ થઈ છે. પોતાની મેળે જ પોતાને શાસનપ્રેમી, ધર્મપ્રેમી, દેશવિરતિ તરીકે ઓળખાવનાર ઋદ્ધિચુસ્તો મુનિ સંમેલનના ઠરાવો વાંચી હતાશ થઈ ગયા છે...સમાજે પણ જોઇ લીધું છે કે દીક્ષાપ્રકરણને અંગે સમાજમાં કલેશનાં બી રોપનાર બીજો કોઇ નહિ પરંતુ કહેવાતો આ ધર્મપ્રેમી વર્ગ જ હતો. મુનિ સંમેલને તેને યોગ્ય લપડાક લગાવી છે. મુનિ સંમેલનના ઠરાવોની સાથે અમો સર્વાંશે સંમત કહીએ. એમ કોઇએ માની લેવાની જરૂર નથી. દીક્ષા માટે આઠ વર્ષની વય યોગ્ય ગણવામાં આવી છે, અને મોળ વર્ષની ઉપરની ઉમ્મરના માટે માતા, પિતા, ભગિનિ, ભાર્યાની ફરજિયાત રજા લેવાનું ઠરાવ્યું નથી. અહીંઆ અમારો મુખ્ય વાંધો છે. આઠ વર્ષની વય અપવાદ માર્ગ છે. કોઇ કારણવશાત તેવો એકાદ દાખલો ઇતિહાસમાં બન્યો હોય અને શાસ્ત્રમાં તેનો ઉલ્લેખ હોય, તેથી તેને સામાન્ય નિયમ તરીકે લાગુ પાડી શકાય નહિ. અઢાર વર્ષની ઉંમર થયા પહેલાં અને માતાપિતા, ભગિની, ભાર્યા આદિની સંમતિ વિના દીક્ષા આપવામાં આવે તે અમારે માન્ય નથી. તેમાં સુધારો થવો આવશ્યક છે. દીક્ષાને લગતા જે નિયમો કર્યા છે, તેમાં ઉપર સુચવેલો સુધારો સ્વીકારવામાં આવશે તો મુનિસંમેલને નવીન યુગ પ્રવર્તાવ્યો ગણાશે.

"મુનિ સંમેલને ઠરાવ્યું છે કે દેવદ્રવ્ય જિનચૈત્ય તથા જિનમૂર્તિ સિવાય બીજા કોઇ પણ ક્ષેત્રમાં ન વપરાય. આપણાં મંદિરો દેવદ્રવ્યના નામે જે મિલકત ધરાવે છે, તેનો ઉપયોગ મુનિસંમેલનના ઠરાવ મુજબ થાય તેમાં વાંધો લેવા જેવું કશુંજ નથી, પરંતુ મુનિસંમેલને સવાંજની નાડ બરાબર તપાસી નથી, અને અત્યાર સુધી દેવદ્રવ્યને માટે જે સંકેત ચાલ્યો આવે છે તેમાં ફેરફાર કરવાની જરૂર જોઇ નથી. મંદિરો બહુ વૈભવશાળી બનાવવા પાછળ તેનો વ્યય થાય છે. અને વહીવટ કર્તાઓની બેદરકારીના પરિણામે કેટલીક વખત મોટી રકમો ધરાઇ જાય છે અગર મહેતાઓ તથા પૂજારીઓ ઉચાપત કરી જાય છે. આમાં પરિવર્તન થવાની જરૂર છે. અત્યાર સુધીમાં થયેલું દ્રવ્ય જીર્ણોદ્ધારમાં વપરાય અને હવે પછી બોલાતું દ્રવ્ય સાધારણ ખાતે લઇ જવાનું શ્રી સંઘ ઠરાવે તો તેમાં કોઇ શાસ્ત્રીય બાધ આવે તેમ નથી. આવા પરિવર્તનો અનેક વખતે થયાનાં દાખલા શાસ્ત્રમાં મોજુદ છે. પાંચમની ચોથ અને શ્વેત વસ્ત્રને સ્થાને પીતવસ્ત્ર તેનાં પ્રસિધ્ધ ઉદાહરણો છે. બોલીનો રિવાજ બહુ પ્રાચીન નથી. અસલનાં વખતમાં જે વ્યક્તિ મંદિર બંધાવતી, તે તેના નિભાવ માટે જમીન અથવા ગિરાસ વગેરેની વ્યવસ્થા પણ સાથે સાથે કરતી. બોલી જેવા સાધનની જરૂર જ નહોતી. પાછળથી ચૈત્યવાસીઓના સમયમાં બોલીની પ્રણાલિકા દાખલ થઇ અને તેમના જોરને લીધે તેને બહુ જ વેગ મળ્યો જણાય છે. લોકસમુહે જ જરૂરિયાતને અંગે શરૂ કરેલી અને પોષેલી પ્રણાલિકામાં પરિવર્તન કરવાનો લોકસમુહને સંપૂર્ણ અધિકાર છે."

સાધુ સંમેલનના પ્રસ્તાવોનો ભંગ

(૧૯૩૭ માં પ્રગટ થયેલ 'રાજનગર સાધુસંમેલન'માંથી ઉધ્ધૃત)

અધર્મ અને ધર્મ, પતન અને ઉદ્ધાર, અવ્યવસ્થા અને નિયમનનાં દ્વંદ્વ વિશ્વમાં સદાકાળ ચાલ્યાજ કરે છે. જ્યારે જ્યારે અધર્મ, અવ્યવસ્થા કે પતન જોર પકડે છે, ત્યારે ત્યારે તેના પ્રત્યાઘાતી સ્વરૂપે ધર્મ, ઉદ્ધાર અને વ્યવસ્થા હાજર થાય છે. અને ફરીયા જ્યારે એ ધર્માદિનું પરિમળ ઠંડુ પડે છે ત્યારે પુનઃ અધર્માદિ તત્ત્વો જોર પર આવે છે; અને આખું તંત્ર ચક્રની જેમ ચાલ્યું જાય છે.

જૈન સમાજનો ઇતિહાસ આ વાતની બરાબર સાક્ષી પૂરે છે. જ્યારે જ્યારે પવિત્ર શ્રમણ સંસ્થામાં શિથિલાચારનો પ્રવેશ થયો છે, ત્યારે કોઇને કોઇ ભડવીર નીકળ્યું છે અને શુદ્ધીકરણ માટે યોગ્ય પ્રયત્નો કર્યા છે. વર્તમાન સમયમાં પણ તેમજ બન્યું છે. સાધુઓમાં શ્રમણ સંસ્થાઓમાં દ્રિતપ્રતિદિન અનિચ્છનીય વાતાવરણ દાખલ થતું ગયું, કે તેમનો સામનો કરનારો સુધારકવર્ગ તૈયાર થયો; પરંતુ અનેક કારણોસર સાધુઓનો મોટો ભાગ શિથિલાચાર તરફ ઘસડાતો જ ગયો. પરિણામ એ આવ્યું કે એ પ્રશ્ન એકાદ મંડળ કે સંસ્થાનો મટી આખા સમાજનો બન્યો, ને ભારે કોલાહલ ઉત્પન્ન થયો. અને એ કોલાહલને શમાવવા માટે જ સાધુ સંમેલન ભરી બની શકે તેવો સંઘપટ્ટક તૈયાર કરાવ્યો.

હવે સંઘપટ્ટક ગમે તેવો મોટો હોય કે ઉચ્ચ હોય, પણ સાધુ સમુદાયની ફરજ એ હતી કે તેમણે સર્વાનુમતિથી કરેલા ને સ્વીકારેલા એ સંઘપટ્ટકને વફાદાર રહેવું, પરંતુ સંમેલનના મંડપને વીંખાયાને ગણ્યા-ગાંઠ્યા દહાડા વીત્યા કે ખુદ રાજનગરમાં જ શ્રી સૌભાગ્યવિજયજી નામના સાધુએ સંઘપટ્ટકની દીક્ષાને લગતી કલમોનું ખંડન છડેચોક કર્યું. એમણે એ જણને માબાપની રજા વગર, સગાંવહાલાઓની અનુમતિ વગર, રૂપિયાની લાલચ આપી અમદાવાદના નાગોરી સરાહના ઉપાશ્રયમાં દીક્ષા આપી દીધી!

આ ખબરો વર્તમાનપત્રોનાં પૃષ્ઠો પર ચઢી, જગજાહેર બની, પણ અમદાવાદના શ્રી સંઘે તે માટે એક હરફ પણ ન ઉચ્ચાર્યો. સમ્મેલનની નવની કમિટિએ પણ મૌન સેવવામાં પોતાની શોભા માની લીધી.

પણ ખરૂં જોતાં તો એ નવની કમિટિ કાંઇ કાયમને માટે નિયુક્ત થઇ નહોતી; એટલે આવા પ્રસંગે કઇ સત્તાના આધારે તે પગલાં લઇ શકે? એટલે આટલી જહેમત પછી પણ સાધુ સમુદાયની દશા પહેલાંના જેવી જ નિર્નાયક રહી, અને ઠરાવોનો ભંગ થતો જ રહ્યો. કેટલુંક વર્તમાનપત્રો પરથી ટપકાવેલું ટૂંકું ટાંચણ અત્રે આપવું ઉચિત થશે.

સમ્મેલન પછી જેઠ વદી પાંચમના દિવસે દર્શન વિજયજી નામના એક સામાન્ય સાધુએ, શ્રી સાગરાનંદ સૂરિના સાન્નિધ્યમાં અમદાવાદ ખાતે પાંજરાપોળમાંની જ્ઞાનશાળામાં, એટલે શ્રી વિજયનેમિસૂરિજીના ખાસ નિવાસ સ્થાને, ત્રીજે માળે જીવણલાલ ભોગીલાલ નામના ગૃહસ્થને છાનીમાની દીક્ષા આપી કે જે ગૃહસ્થ કેવળ ૧૯ દિવસ દીક્ષા પાળી મહેસાણાથી એક રાત્રે વેશ છોડી પલાયન થઇ ગયા.

ત્યાર પછી જાવાલમાં સમ્મેલનનાં મુખ્ય સૂત્રધાર ખુદ વિજયનેમિસૂરીજીએ એક ગૃહસ્થને સંમતિ વિનાની દીક્ષા આપવાનો પ્રયાસ કર્યો અને મોટું તોફાન થયું. પોલીસપાર્ટી હાજર થઇ. મામલો વધુ ગંભીર થતો મહામહેનતે અટકી ગયો. પાછળથી તે ગૃહસ્થની પત્નીને રૂ.૬૩૦૦) ની રકમ આપી શાંત પાડવામાં આવી, ને દીક્ષા દેવાઇ એમ કહેવાય છે.

કચ્છમાં શ્રી રવિચંદ્રજીએ ભચુ જગશી નામના ગૃહસ્થને દીક્ષા દેવા અને પતિ-પત્નીને ભાઇ બહેન તરીકે ઓળખાવવા કરેલા પ્રસંગોએ પણ સમાજમાં સનસનાટી ફેલાવી દીધી હતી. આ પ્રસંગોને પણ વિસરાવે તેવો ફિસ્સો મોરબીમાં બાઇ જયાનો બન્યો. પતિને ઘણું સમજાવવા છતાં પોતાને રઝળતી મૂકી, દીક્ષા લેવા બદલ તે ઘાંસચેટ છાંટી બળી મૂઇ.

પાનસર મુકામે શ્રી સાગરાનંદસૂરિએ શુભ મૂહૂર્ત અને પ્રશસ્ત સ્થાનની દરકાર કર્યા વગર બે સગીર બાળકોને દીક્ષા આપી.

ચાણસ્મા ખાતે મુનિ રામવિજયના શિષ્યોએ અમદાવાદના કાળુશાની પોળના બે યુવકોને સ્ટેશનથી ઉપાશ્રયે આવ્યા બાદ એક કલાકમાં જ દીક્ષાના કપડાં પહેરાવી દીધાં.

શ્રી વિજય લબ્ધિસૂરિજીએ શિહોરની બે બાળાઓને દીક્ષા આપી, ને ધર્મવિજયજીએ અમદાવાદના શેરદલાલ લાલભાઇ જેશીંગલાલના નાની વયના ભાઇ જયન્તિલાલને લીંચ મુકામે દીક્ષા આપી. લાલભાઇ ત્યાં જતાં બોલાચાલી થઇ, ને તોફાન જેવું વાતાવરણ જામ્યું. શ્રી વિજયભક્તિસૂરિજી અને કોળિયાકના બાળકને સંતાડવા-ભગાડવા માટેનું ભાવનગર તેમજ લીંબડી પ્રકરણ જગજાહેર છે. બીજા પણ કેટલાયે નાના મોટા ફીસ્સા બન્યા, જે બધાની યાદી આપવી શકય નથી.

આ ઉપરાંત એકલવિહારીઓ માટે ઠરાવ કર્યા છતાં, તેનું કંઇ પરિણામ આવ્યું નહિ. અને સવા છસો સાધુઓમાંથી લગભગ એકસો પચ્ચીસ જેટલા એકલવિહારી જ રહ્યા.

સાધુસંસ્થાની પવિત્રતા શી રીતે વધે અને જ્ઞાનવૃદ્ધિ કેમ થાય તથા તેમણે કેવી દેશના આપવી, તેને માટે કરેલા ઠરાવો કાગળ ઉપર જ રહ્યા તે માટે શુધ્ધ બુદ્ધિએ કોઇ સક્રિય પ્રયત્ન થયો હોય તેવું દેખાયું નહિં!

સંપની વૃદ્ધિનો ઠરાવ જેને કેટલાકે બહુ અગત્યનો માન્યો હતો, તે ઠરાવની પણ તેવીજ દુર્દશા થઇ. શ્રી વિજયરામચંદ્રસૂરિ અને શ્રી સાગરાનંદસૂરિજી વચ્ચે શાસ્ત્રચર્ચાને નામે ભાર વિતંડાવાદ ચાલી રહ્યો, જેની આજે પણ પુર્ણાહુતિ થઇ નથી.

દેવદ્રવ્ય સંબંધી ઠરાવ થવા છતાં કોઇએ પોતાનો આગ્રહ છોડયો નહિ. રાધનપુરમાં શ્રી વિજય રામચંદ્રસૂરિએ ચાતુર્માસ વેળાએ સુપનની બોલીનું ઘી દેવદ્રવ્યમાં જ લઇ જવાના આગ્રહથી સુપન ઉતારવાનું જ બંધ રાખ્યું.

એકતાના મૃગજળ પાછળ

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઐકયની સાધનાના મૃગજળ પાછળ પોતાના અત્યાર સુધીના કરેલા પ્રગતિશીલ ઠરાવો અને કાર્યો પર શી મહત્વાકાંક્ષા સેવીને લખેલું અને બોલેલું પાછું ખેંચવા તૈયાર થાય છે-કોન્ફરન્સના સંચાલકો અને સૂત્રધારો શાં સ્વપ્નાં સેવીને આ જાતની પીછેહઠ કરે છે એ ઘણું વિચારવા છતાં સમજ પડતી નથી. ઐકય સમિતિ તરફથી જે બે ઠરાવો કોન્ફરન્સની ખુલ્લી બેઠકમાં પસાર થવા માટે આવવાના છે, તે ઠરાવોથી જૈન સમાજ હવે અજાણ નથીજ. અલબત્ત, કોન્ફરન્સના કાર્યકર્તાઓ જૈન સમાજનું કલ્યાણ કરવાના શુભ મનોરથો સેવીનેજ આ ગંભીર પગલું ભરવા તૈયારી કરી રહ્યા હશે. પણ એ મહારથીઓ પોતે જેવા શુદ્ધ હૃદય લઇને જેમની સાથે ઐકય સાધના કરવા જાય છે, તેમનામાં પણ એવીજ હૃદયશુધ્ધિ છે કે હઠ-કદાગ્રહનું એકાંત મિથ્યાત્વભર્યું છે? ત્યાં પણ ખરેખર જૈન સમાજનું ભલું કરવાની તમન્ના, ધારણા યા ઉદેશ છે કે પોતાનો કક્કો ખરો કરાવવાનોજ હેતુ છે? અત્યાર સુધીના સમાજના રંગ જોતાં જણાય છે કે કોન્ફરન્સના સૂત્રધારો ભીંત ભૂલે છે. લોક કહેવત પ્રમાણે લખતાં બકરૂં કાઢતા ઉંટ પેસવા દેવા જેવી પરિસ્થિતિ ઉભી થતી લાગે છે. વડોદરા રાજ્યના દીક્ષા નિયામક નિમંધના પાસ થયા પછી ભગાડી નસાડીને અપાતી દીક્ષા, ચોરી છુપીથી અપાતી બાળદીક્ષા વિગેરે બનાવો પુરતી કંઇક આંશે જે શાંતિ હતી, તે શાંતિનો ભંગ ઐકય કરવા તૈયાર થએલ ભાઇઓ દ્વારા તો નથી થઇ રહ્યોને?

કોઇ પણ જૈન કે જે જૈનત્વના મર્મ જાણે છે, જે જૈન ધર્મનું રહસ્ય જાણે છે, તે પ્રાણાંતે પણ સંયમ અથવા દીક્ષા જેવી પવિત્ર વસ્તુની વિરૂદ્ધમાં નજ બોલે કે લખે, પણ જે આચરણથી જગતમાં જૈન સમાજની હાંસી થાય, જે બનાવથી ઘેરે ઘેર અશાંતિની જ્વાળા પ્રગટે, એવા ધર્મને નામે ચોરી છુપીથી અપાતા વેશપલટા, કે જેથી મહાન ગણાતા સંયમના મુલ્યાંકન સસ્તા બનાવી દેવાતાં હોય એવી ધર્મઘેલછા નજ સાંખી શકાય. સંયમ એ તો ખાંડાની ધાર છે. સંયમી જીવન જીવનારને ખાંડાની ધાર પર ચાલવાનું છે, એ કાંઇ બચ્ચાના ખેલ નથી. તેથી શિષ્યલોલુપતાથી ધર્મની નિંદા કરાવનારા બનાવો બને, ત્યારે સમાજે આંખમિચામણાં કરીને મૌન ધારણ કરવું એ કોઇ પણ રીતે યોગ્ય નથી.

બીજા ઠરાવમાં વાણી અને વિચારસ્વાતંત્ર્ય પર કુઠારાઘાત કરવામાં આવ્યો છે. કોઇ પણ સ્વમાની, પ્રગતિ ઇચ્છનાર વ્યકિત સ્ત્રી અથવા પુરૂષ જે સ્વતંત્ર વિચાર શકિત ધરાવનાર હોય, તે આવા ઠરાવને અક્ષરશઃ ટેકો નજ આપી શકે. પોતાની જાતને જૈન તરીકે ઓળખાવી જૈનત્વનો દાવો કરનાર કોઇ પણ જૈન, જૈન સિધ્ધાંતની વિરૂદ્ધ નજ બોલે કે લખે. પણ સમયે સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પ્રમાણે સમયોચિત આવશ્યક ફેરફાર માંગતા અનુષ્ઠાનો માટે પણ બોલનાર અથવા લખનારના હોઠ સીવી લેવામાં આવે અને હાથની કલમ છીનવી લેવામાં આવે એ જોહુકમી સહન ન જ કરી લેવાય.

ધર્મને નામે રૂઢી ઉપર મરી ફીટનો વર્ગ કે જેની સ્વતંત્ર વિચાર કરવાની શકિત છીનવી લેવામાં આવી હોય, જેમને અમુક જ બાબા વાકયં પ્રમાણું હોય, જેમને અમુક ક્રિયાદ્વારા જ મોક્ષ કે સ્વર્ગ મળે છે એવી વિચારશ્રેણી બંધાયેલી હોય, એવા વિચારવાળા જ આવા ઠરાવને ટેકો આપે. સિદ્ધાંત બાબત એકાંત નિશ્ચય હોય, પણ જેમાં અનેકાંત દૃષ્ટિનો મૂળમાંથી લોપ થઇ રહ્યો છે એવા અનુષ્ઠાનને લગતા ઠરાવ પર કોન્ફરન્સ જેવી પ્રગતિકારક અને વગદાર સંસ્થા જ ઐકયના ઓળા જેવા મૃગજળથી લોભાઇને મતું મારવા તૈયાર થાય એના જેવી શોકજનક બીના બીજી કોઇ હોઇ ન શકે. કોન્ફરન્સ જેવી સંસ્થાએ તો સમાજના સડાને તેમજ ધર્મને નામે પોષાતી રૂઢીને પડકારી સમાજ દેહને તંદુરસ્ત કરવો જોઇએ. તે ન બને તો મૌન રહેવું જોઇએ. પણ આવા અનર્થકારી ઠરાવ સમાજ સામે કદિ પણ ધરવા ન જોઇએ. હૃદયશુદ્ધિ વગર એકતા સાધવી આકાશકુસુમવત્ છે. એવી બોદી એકતાથી કશો લાભ થવાનો નથી. એ રીતે જૈન સમાજનું ભલું નહિ થાય. પ્રગતિસાધક વર્ગે કોઇ પણ જાતની મહત્વાકાંક્ષા તેમજ આત્મવંચનાથી પર રહીને એ ઠરાવોનો જોરશોરપૂર્વક વિરોધ કરવો જોઇએ.

લીલાવતીબહેન દેવીદાસ.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।

સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

સત્યપૂતાં વદેદ્વાચમ્

એપ્રીલ ૧ ૧૯૪૫

ઐકય સમિતિના ઠરાવો અને કૉન્ફરન્સના પ્રતિનિધિઓ.

આ સાતમી તારીખે જૈન મૂ. શ્વે. કૉન્ફરન્સનું અધિવેશન શરૂ થશે અને ઐકય સમિતિના ઠરાવો પ્રસ્તુત કૉન્ફરન્સમાં એકત્ર થયેલા પ્રતિનિધિઓ સમક્ષ અનુમતિ માટે રજુ કરવામાં આવશે. આ ઠરાવોનો ગુણદોષ અને સુધારકો વિરોધ કરે છે એટલા માટે જ નહિ પણ ખુદ ઐકયના દૃષ્ટિબિન્દુથી તેમજ પ્રસ્તુત ઠરાવોના અંગ ઉપાંગમાં રહેલા દોષોને ધ્યાનમાં લઇને આ ઠરાવોને કોઇ પણ પ્રકારની અનુમતિ નહિ આપવા કૉન્ફરન્સના પ્રતિનિધિઓને મારી નમ્ર ભાવે પ્રાર્થના છે.

મૂળમાં તો કૉન્ફરન્સની મુંબઇમાં મળતી સ્થાયી સમિતિએ કેટલાંક વર્ષો પહેલાં વડોદરા રાજ્યના બાળદીક્ષાની અટકાયત કરનારા કાયદાને અનુમોદન આપેલું તેટલા પુરતો જ કેટલાક સ્થિતિચુસ્ત ભાઇઓનો સખ્ત વિરોધ હતો. આ અનુમોદનનો ઠરાવ તો ૧૯૪૩ ના એપ્રીલ માસમાં મળેલી એ જ સ્થાયી સમિતિની સભાએ રદ કર્યો છે. આ સિવાયની પહેલા અને બીજા ઠરાવની બધી બાબતો પાછળથી ઉભી કરવામાં આવેલી છે. પહેલો ઠરાવ મુનિ સંમેલનના પ્રસ્તાવોને આગળ ધરીને કૉન્ફરન્સે આજ સુધીમાં દીક્ષાને લગતા કરેલા ઠરાવો રદ કરવાનું કહે છે. આ અંકમાં કયે કયે સમયે કૉન્ફરન્સે શું શું ઠરાવો કર્યા તેનો ઐતિહાસિક તારીખો સાથે વિગતો અન્યત્ર આપવામાં આવી છે. પહેલો ઠરાવ જુન્નેર મુકામે નીચે મુજબ થયેલો.

"દીક્ષા સંબંધી આ કૉન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા લેનારને તેના માતપિતા આદિ અંગત સગાંઓ તેમજ જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી."

આ ઠરાવ મુનિ સંમેલન પહેલાં કરવામાં આવ્યો છે અને એ ઠરાવમાં સુચવાયેલી ઘણીખરી બાબતોનો મુનિ સંમેલને સ્વીકાર કરેલ છે. તેથી એ ઠરાવને રદ કરવાનો કશો અર્થ નથી તેમજ તેવી જરૂર પણ રહેતી નથી. બીજો ઠરાવ મુનિ સંમેલન બાદ એક મહીના લગભગમાં મળેલ કૉન્ફરન્સે પસાર કર્યો હતો જે અન્યત્ર આપવામાં આવ્યો છે. આ ઠરાવ મુનિ સંમેલનના દીક્ષાને લગતા ઠરાવને વધાવી લે છે અને કેટલીક બાબતમાં સ્પષ્ટતા માંગે છે.

આ રીતે જોતાં કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ ગાયકવાડના કાયદાને આપેલું અનુમોદન બાદ કરતાં જુન્નેરનો સાધુ સંમેલન પહેલાંનો ઠરાવ અને મુંબઇની કૉન્ફરન્સનો ઠરાવ સાધુ સંમેલનના ઠરાવને આગળ પાછળ પુરક છે. વાંધા પડતું અનુમોદન કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ રદ કર્યું છે. વર્ષો પહેલાં મળેલી મુંબઇની કૉન્ફરન્સે સાધુ સંમેલનને યોગ્ય રીતે વધાવી લીધું છે. આ બધી વિગતો ધ્યાનમાં લેતાં ઐકય સમિતિનો દીક્ષાને લગતો ઠરાવ એક રીતે કેવળ બીનજરૂરી છે કારણ કે આજ સુધીની પરિસ્થિતિમાં તે ઠરાવથી કૉન્ફરન્સ પુરતો કશો પણ મહત્વનો ફેરફાર થતો નથી પણ સાથે બીજી રીતે વિચારતાં આ ઠરાવ અનેક કારણોસર વાંધા પડતો અને વિરોધ કરવા યોગ્ય છે. કારણ કે આકાશમાં હાથીની આકૃતિનું કોઇ એક વાદળ દેખાય અને "હાથી દેખાય છે, હાથી દેખાય છે" એમ કહીએ ત્યાં તો આકાર બદલાઇ જાય અને વાદળ અગોચર બની જાય એમ જેનું અલ્પકાલીન અસ્તિત્વ કેવળ ભૂતકાળમાં વિલીન થઇ ગયું છે એવું સાધુ સંમેલન અને તેના ઠરાવો જાણે કે વર્ત્યસ્વયુકત અસ્તિત્વ ધરાવતા હોય તેમ તેમને આગળ ધરીને દીક્ષા નિયમન સંબંધે હવે કોઇએ કશું પણ કરવાપણું રહેતું નથી, અને ગાયકવાડનો કાયદો બીનજરૂરી છે એવી ભ્રામક છાયા ઐકય સમિતિનો ઠરાવ ઉભી કરે છે અને અયોગ્ય દીક્ષાની આજે પણ બનતી નાની મોટી ઘટનાઓ સામે આંખ આડા કાન ધરવા માંગે છે અને દીક્ષા આપવાની બાબતમાં નિયમન ઉભું કરવાની છેલ્લા વીશ પચ્ચીશ વર્ષની આબ્રુ હીલચાલ ઉપર પાણી ફેરવવા માગે છે. આ રીતે વિચારતાં ઐકય સમિતિનો દીક્ષાને લગતો ઠરાવ અનેક અનર્થોથી ભરેલો છે અને તે ઉપરાન્ત સૌ કોઇને ઇષ્ટ એવા ઐકયના તો મૂળમાં જ ઘા કરનાર છે એમ કૉન્ફરન્સના કોઇ પણ પ્રતિનિધિને લાગ્યા વિના નહિ રહે.

બીજો ઠરાવ કૉન્ફરન્સના મુખ્ય કાર્યકર્તાઓની એકતાની ગરજને વટાવવા માટે જ ઉભો કરવામાં આવ્યો છે અને એ પણ નવા કલહોને જન્મ આપનાર છે. એ ઠરાવ પહેલી જ વાર 'જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક 'ધર્મ'' એવું જૈન ધર્મનું વિશિષ્ટ તેમજ વિચિત્ર લક્ષણ આગળ ધરે છે. બીજું પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે માન્ય રાખવાનું કહે છે. અનુષ્ઠાનો કોને કહેવા એજ એક મોટો પ્રશ્ન છે. પુજા, પ્રતિક્રમણ, સામાયિક, પૌષધ, તપક્રિયા આ બધું અનુષ્ઠાન કહેવાય એમ એક મત છે. બીજો મત આ અનુષ્ઠાનોમાં પ્રતિષ્ઠા, ઉપધાન, મંદિરો, વરઘોડા, સ્વામી-વાત્સલ્ય વગેરેનો સમાવેશ કરે છે. અમુક તિથિએ અમુક તપ કે ક્રિયા કરવી એ પણ અનુષ્ઠાનનો વિષય છે. આ અનુષ્ઠાનનો એક અર્થ હોય કે બીજો અર્થ સ્વીકારો—આ અનુષ્ઠાનોમાં—તેના સ્વરૂપ તેમજ પ્રક્રિયામાં—કાળે કાળે ફેરફાર થતાજ આવ્યા છે. કોઇ બાબત ઉપર ઓછો તો કોઇ બાબત ઉપર વધતો ભાર મૂકવામાં આવ્યો છે અને એજ રીતે વિધિનિષેધો પણ થતા આવ્યા છે. પૂર્વકાળથી આજ સુધીનો ધાર્મિક અનુષ્ઠાનોનો ઇતિહાસ જોતાં આવા અનેક દૃષ્ટાંતો મળે તેમ છે. જેમ સામાજિક તેમજ ધાર્મિક બાબતોમાં જરૂર જણાયે ફેરફાર કરતા રહેવું અને તેની રચના કરતા જતા સમાજ માનસને અનુકૂળ બનાવતા રહેવું એ પણ સમાજના દીર્ઘ દ્રષ્ટિવાળા અગ્રેસરોની ખાસ ફરજ છે. આને બદલે ધાર્મિક અનુષ્ઠાનો ચાલતા આવ્યા છે તેમજ રહેશે અને તેમાં કશો પણ ફેરફાર નહિ થાય એવો ફતવો કાઢવો એમાં નથી ડહાપણ કે નથી દીર્ઘ દૃષ્ટિ. આ ઠરાવ ધાર્મિક અચલાયતન ઉભું કરે છે એટલું જ નહિ પણ જૈન સંસ્થાના અધિકારીઓએ ધાર્મિક અનુષ્ઠાનોને પ્રતિકુળ અસર કરે એવું બોલવું કે લખવું નહિ—આવું એ ઠરાવમાં અન્તર્ગત કરવામાં આવેલું ફરમાન કેવળ બેહુદું લાગે છે અને આ યુગ કે જ્યારે માત્ર ધાર્મિક અનુષ્ઠાનો જ નહિ પણ ધર્મના મૂળભૂત ગણાતા સિધ્ધાન્તો પણ માનવીની બુધ્ધિના ત્રાજવે તોળાઇ રહ્યા છે આવા વર્તમાન યુગમાં કેવળ હાસ્યાસ્પદ બને છે. આવા ઠરાવથી આજના સમયને બંધબેસતી ન હોય એવી કોઇ પણ માન્યતા પુષ્ટ થવાની નથી અને અપ્રચલિત બનવાને નિર્માયેલા જે કોઇ અનુષ્ઠાનો આજે પ્રવર્તમાન છે તેને કોઇ નવી આવરદા મળવાની નથી. આ ઠરાવનું પરિણામ જુના અને નવા વચ્ચેનો સંક્ષોભ વધારે તીવ્ર બનાવવામાં આવશે અને ઉલટું પ્રચલિત અનુષ્ઠાનોજ વધારે જર્જરિત બનશે.

આ આખું નિરૂપણ કૉન્ફરન્સમાં ભાગ લેનાર એક યા બીજા પક્ષના પ્રતિનિધિઓના સર્વસામાન્ય દૃષ્ટિબિન્દુને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યું છે. મારી આ પ્રતિનિધિ બંધુઓને પુનઃ પુનઃ પ્રાર્થના છે કે અનેક નવી તકરારોનાં જેમાં બીજ રહેલાં છે એવા ઐકય સમિતિના ઠરાવોનો પક્ષાપક્ષીનું દૃષ્ટિબિન્દુ છોડી તટસ્થપણે તેઓ વિચાર કરે અને એ રીતે વિચારતાં પ્રસ્તુત ઠરાવોથી નથી કોમનું શ્રેય થવાનું કે નથી કોમમાં એકતા આવવાની એમ તેમને જો સ્પષ્ટપણે ભાસે તો એ ઠરાવોને પોતાનો ટેકો ન આપે અને જુના અને

આગામી અધિવેશન અને જૈન સમાજના પ્રશ્નો

આ મુંબઇમાં ૧૯૨૪–૨૫ માં મળેલ શ્રી શ્વે. સ્થા. જૈન કૉન્ફરન્સ વખતે જૈનોને અનુલક્ષીને આપણા કવિસમ્રાટ નાનાલાલે કહ્યું હતું કે "આજે અહિં જેટલી માનવમેદની મળી છે તેટલી જો રાણા પ્રતાપના સમયમાં મળી હોત તો રજપુતીનો ઉડી ગયેલો રંગ બદલી જાત." પણ ખેર! આહિં તો આજે ભેગા મળ્યા છે ગણત્રીબાજ વાણિયાઓ એટલે ખૂમો, બરાડા, હુંસાતુંસી અને તેવી વાતો સીવાય બીજું શું હોય?

આ ઉપાલંભ પછી ઘણી કૉન્ફરન્સો સ્થાનકવાસી તેમજ મૂર્તિપૂજક જૈનોની મળી છે અને દરેક વખતે તે જુનો દુઃખદ અને શરમજનક ઉપાલંભ એટલોને એટલો સાચો સિધ્ધ થયો છે. કોઇએ જૈન સમાજનો રંગ પલટાવીને તેનો ઉત્તર નથી આપ્યો. વર્ષો પર વર્ષ વીતતા જાય છે. સમાજનો રંગ વધુને વધુ ફિક્કો થતો જાય છે. કયારે કયારે બે પાંચ નિષ્ક્રિય બાવાઓની (સાધુઓની) ભરતી કરીને કે એકાદ ઇંટ ચુનાનું મંદીર ઉભું કરીને કે કોઇ ખર્ચાળ સમારંભ કે અનુષ્ઠાન યોજીને તેનામાં પ્રાણ પૂરવાનો પ્રયત્ન થાય છે અને કૃત–કૃત્યના અનુભવાય છે. તેમાંથી કોઇ કોઇમાં ધર્મઝનુન જાગે છે, આડંબર પ્રીતિ પ્રગટે છે, પણ ધર્મભાવ અને સહધર્મીપણાની ઉપયોગી વૃતિ નથી જાગતી. પ્રત્યેક કાર્ય ધર્મ નથી બનતું. પણ માની લીધેલા ધર્મજીવનનું અમુક વખતે કરવાનું કાર્ય બને છે.

જે જીવન સમાજના મોટા ભાગને જીવવાનું નથી હોતું તેની ચર્ચામાં લીધો છે તેટલો કે આજ સુધીમાં આપણે જેટલો રસ હંમેશા તેનાથી ઘણો ઓછો રસ આપણા નિત્ય જીવનને સ્પર્શતા પ્રશ્નોમાં નથી લીધો. આપણે આ લોક અને પરલોકને, શરીર અને સ્વર્ગને, નિત્ય જીવન અને સંયમને, સંસારના પ્રશ્નો અને કાલ્પનિક આધ્યાત્મિક જીવનને, અને ધર્મ અને જીવનસંગ્રામને કાયમ સંબંધ વગરના ભિન્ન ભિન્ન કલ્પીને તેને એક બીજાથી છૂટા પાડીને ધર્મ કે મોક્ષને મેળવવા ઇચ્છ્યું છે. પરિણામે આપણા નિત્ય જીવન અને ધર્મ વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. ધર્મ અને નિત્ય જીવનને એટલો બધો સંબંધ છે કે જો તે જીવન સ્પષ્ટ અને સરળ નહિ હોય તો ધર્મનો પ્રશ્ન પણ તેટલોજ અસ્પષ્ટ રહેવાનો છે. નિત્યજીવન જેમ ધર્મની ભૂમિકા છે તેમ તે દ્વારાજ ધર્મનો આવીર્ભાવ થાય છે. એટલે બન્નેનું કેટલું નિકટપણું છે તે સમજી શકાય છે.

આપણું નિત્યજીવન આર્થિક સંકડામણ, બેકારી, અજ્ઞાન, વહેમ, પાખંડ અને રૂઢિએ ડોળી નાંખ્યું છે. જીવનની ભૂમિકા ખરાબ અને ખરબચડી કરી નાંખી છે એટલે તેમાં ધર્મભાવના કેમ ઉગી શકે? અને કદાપિ તેવા જીવનમાં ઉગી હોય તો તેની પ્રતીતી પણ કેમ થાય?

નિત્ય થઇ રહેલો ધર્મ સંસ્કારનો લોપ આપણા આજના સાંપ્રદાયીક સમાજનો મોટો ચિંતાજનક પ્રશ્ન છે. જુના અને નવા પોતપોતાની રીતે તે વાત વિચારી રહ્યા છે. પણ જ્યાં સુધી નિત્યજીવન ઉંચુ લાવવામાં નહિ આવે, જ્યાં સુધી સમાજની રચના યુગ અનુસાર પલટવામાં નહિ આવે ત્યાં સુધી કંઇ બનવાનું નથી. એટલે આ વખતે તો આપણે અવશ્ય આશા રાખીયે કે શ્રી મણિલાલ જયમલ શેઠે લખ્યું તેમ "સંક્રાન્તિકાળમાં મળતી આ કૉન્ફરન્સ" સમાજનું નુતન વિધાન રચવાનો અને ધર્મ ભાવના માટે યોગ્ય ભૂમિકા તૈયાર કરવાનો પ્રયત્ન જરૂર કરશે.

સમાજની આખી ઇમારત આર્થિક બળ અને માનવ સહકારના પાયા ઉપર રચાયેલ છે. અર્થદ્વારા સાધન અને માનવ સહકારદ્વારા સાધનને કાર્યમાં મૂકનારી ભાવના અને બુધ્ધિમય જીવંત શકિત મળે છે. આ બન્નેના યોજના પૂર્વકના સંયોગીકરણમાંથી માનવ સુખ, શાન્તિ અને વિકાસ જન્માવી શકાય છે. આ બન્ને તત્વ વિના માનવ જીવન જેમ અશકય અને પાંગળું બને છે તેમ સંયોગીકરણની ભૂમિકા તૈયાર કર્યા વિનાનું જીવન ધાર્મિક ભાવના માટે બેકારજ રહે છે.

છેલ્લા થોડા વર્ષો થયાં આપણે પ્રસંગોપાત નિત્ય જીવનના પ્રશ્નો સંબંધી વિચાર કરીએ છીએ. બેકારી, કેળવણી, સાધુસંસ્થા, દેવદ્રવ્ય, મંદિરો અને ક્રિયાકાંડો આદિ ઉપર ઠીક ઠીક વિવાદો કર્યા છે. પણ તે સંપૂર્ણપણે નહિ. ઉપરછલ્લા વિચારો કર્યા છે. એટલે જેમ કરન્સી નોટના બે અડધીયાં જો જુદા જુદા હોય તો તેની કીમત કંઇ મળતી નથી, તેમ આપણા અડધા ચર્ચાયેલા પ્રશ્નોનું પણ થયું છે. દાખલા તરીકે આજે એક તરફથી બેકારી અને તેના ઉપાયની ચિંતા સમાજ સામે પડી છે. બીજી તરફથી દેવદ્રવ્ય અઢળક રીતે વધતું જતું પડયું છે. છતાં બન્ને વચ્ચે માનવ ઉપયોગના નિષેધનો અંતરાય ઉભો છે એટલે તેનો ઉપયોગ દેખી શકાતો નથી. એટલે જ સાધન સામે અછત અને તંગી પડયા છે. બેકારી અને ઉપાય તેમાં બેકારી એક અડધિયું, ઉપાય દ્રવ્ય બીજું અડધિયું–આ બંને ભિન્ન ભિન્ન રહે ત્યાં સુધી તેનું મૂલ્ય શું? આજે બેકારીનો ઉપાય થોડીક ભીખ ભેગી કરીને નિર્માલ્ય રીતે ઉકેલવાનો અખતરો વિચારાય છે. પણ કોઇ નથી પૂછતું કે જો દેવદ્રવ્ય માનવના ઉપયોગ માટે વાપરી શકાતું ન હોય તો બીજો કોઇ એવો માર્ગ નથી કે જેથી માની લીધેલો નિષેધ ભંગ પણ ન થાય, અને દ્રવ્યનો ઉપયોગ થઇ શકે? જેમ આજે તે બીજે વ્યાજે પડયું છે તેમ તેને જૈનોને સગવડતા આપે તેવી સહકારી બેંક, સહકારી મંડળ, નાના નાના ઉદ્યોગના કેન્દ્રો અને પશુ સંરક્ષણ અને વર્ધન (Cattle fram) જેવી સંસ્થાઓ ખોલવાનાં રોકી શકાય તો બેકારી, ઉદ્યોગ, પશુરક્ષા એટલે અહિંસાના પ્રશ્નો સુંદર રીતે ઉકેલી શકાય, સમાજને ઉપયોગી થઇ શકાય અને દેવદ્રવ્યને આમદાની કે નિષેધનો બાધ આવ્યા વિના વાપરી શકાય. અહિંસાને આપણે આપણો અતિ મહત્વનો પ્રશ્ન ગણતા આવ્યા છીએ. અને થોડાંક આંધળા, પાંગળા અને આવતી કાળે મરી જાય તેવા પશુઓને માગેલી ભીખમાંથી ખરીદી, ખવરાવી અને મરી જાય ત્યારે દટાવીને સંતોષ પામીએ તે કરતાં વધુ સારી રીતે આપણે ઉપયોગી અહિંસા યોજનાપૂર્વક કાર્યથી કરી શકીએ.

મંદિરો અને તેની વધતી જતી સંખ્યા અને જતે કાળે તેની રક્ષા અને મરામત માટેની પણ અશકિત, તેમજ સાધુઓનાં જીવનની નિષ્ક્રિયતાનો પ્રશ્ન જેમ આ યુગનો બળતો પ્રશ્ન છે તેમ કેળવણી અને ધાર્મિક સંસ્કારની જાળવણીનો પ્રશ્ન પણ તેટલો જ અગત્યનો છે.

અગાઉ મંદિરોનો મોટામાં મોટો ઉપયોગ વિદ્યામંદિર તરીકે (Temple School) તરીકેજ થતો. ત્યાં પૂજારીપદે બેઠેલા ગુરૂ જનતાના બાળકોને કેળવણી આપતા અને સંસ્કાર કેળવતા. એટલે મંદિરો જળવાતા, કેળવણી અને ધાર્મિક પ્રીતિ જીવંત રહેતી, પ્રજાની મમતા અને અસ્મિતાની ભાવના વધતી, ઉપરાંત જ્ઞાનીઓને યોગ્ય કામ મળી રહેતું.

આજે આપણી પાસે અનેક વિશાળ મંદિરો છે. કેળવણી તેમજ ધાર્મિક ભાવના જીવંત રાખવાનો કોયડો પણ ઉભો છે. અને કામ વગરના સાધુઓ પણ છે. પણ આ ત્રણના સંયોગીકરણની યોજના વિચારવાનો સમય હજુસુધી આવ્યો હોય તેમ કોઇને નથી લાગતું.

નવા સર્વ કોઇને માન્ય થાય એવી ઐકયની નવી ભૂમિકા રચે. આજના કટોકટીના વખતમાં ભૂતકાળના ભેદો બે ઘડિ ભુલી જઇને કેમનું શ્રેય થાય, વ્યાપાર ઉદ્યોગ અને કેળવણીમાં કોમ આગળ વધે, કહેવાતા મધ્યમ પણ આજના સંયોગોમાં કેવળ નિકૃષ્ટ સ્થિતિએ પહોંચેલા વર્ગની મુંઝવણો ટળે અને રાહત મળે, અને તેમની કમાણી અને ખર્ચના બે છેડા સંધાય એવી યોજનાઓ આપણે હાથ ધરીએ. આ પ્રશ્નને નથી દીક્ષા સાથે નિસબત કે નથી તિથિ નિર્ણય સાથેક શો સંબંધ, તેવીજ રીતે અનુષ્ઠાન રક્ષાથી પણ આજના ઉત્કટ પ્રશ્નોનો કોઇ નિકાલ કે ઉકેલ આવવાનો નથી. ઐકય સમિતિના અનૈકયપ્રેરક હરાવો આપસ આપસના ઝગડા મીટાવવાનો માર્ગ નથી એ સૌ કોઇ બરોબર સમજી લે અને કોઇની દોરવણી કે કોઇની પ્રેરણાથી નહિ પણ પોતાનો અંતરાત્મા જેમ કહે તેમ આગામી અધિવેશનમાં પોતાનો મત આપે. **પરમાનંદ.**

આપણા અસ્તિત્વ ધરાવતા સાધનો, અને શક્તિ હજુ પણ કયાં સુધી નિરર્થક વહી જવા દઇશું? સમાજને ઉન્નત કરવા મથતી કોન્ફરન્સ કેમ આવા પ્રશ્નો નથી વિચારતી?

આજે વિદ્યાર્થીકાળની શરૂઆતના ઘણાં વર્ષો જેવા તેવા વાતાવરણમાં ગાળ્યા પછી બોર્ડિંગો, વિદ્યાલયો અને સ્કુલોમાં ભાડુત ધાર્મિક શિક્ષકો રોકીને ધર્મ શીખવવાનો અને પ્રસંગોપાત અમુક વખત કોઇ પુસ્તક પાનાનું વાંચન સંભળાવી ધાર્મિક વાતાવરણ જમાવવાનો નિષ્ફળ અખતરો થઇ રહ્યો છે. પણ પરિણામ કંઇ દેખાતું નથી.

પ્રાથમિક કેળવણી નાગરિક બનાવવાની દ્રષ્ટિએ Temple School માં ઇષ્ટ માનેલા દેવની સાન્નિધ્યમાં ત્યાગી સાધુઓદ્વારા અપાય તો કેળવણી, સાધુઓ, ધર્મભાવના અને મંદિરના ઉપયોગના પ્રશ્નો આપોઆપ પૂર્ણ થાય. પણ આવું કરવું કયાં સમાજને સૂઝે છે?

સાધુઓને તેના જીવનમાં રસ જાગે તેવું કાર્ય ઉભું કરવા દેવામાં નથી આવતું તેથી જ તેઓ નિષ્ક્રિય, સુસ્ત અને જબરડાખોર બન્યા છે. તેને ચોકસ પ્રકારની સેવા આપવાની જવાબદારી હોતી નથી, તેમને માટે જ વિશિષ્ટ પ્રકારની શક્તિ મેળવવાની તેમને ગરજ નથી રહેતી. અને કામની પાછળ છુપાયેલી કસોટી નથી હોતી તેથી જ જેવા તેવા ધોતીયું, પહેરણ અને પાઘડીને બદલે અબોટો પછેડી અને ઓઘો લઇ થોડાક વેષપલટાથી આપણા સમાજમાં નિર્ભયપણે નભી જાય છે.

મંદિરો સાથે પ્રીતિ જન્માવે તેઓ તેનો ઉપયોગ, સાધુઓ સમાજ જીવનના ઘડવૈયા છે તેવી તેમની કામગીરીથી ઉભી થયેલી સન્માનની ભાવના, દેવદ્રવ્ય અમને ઉંચે લઇ જનારૂં છે તેવા જનતાને થયેલી પ્રતીતિ ધર્મ, સાધુ અને મંદિરની મમતા વધારશે. બાકી તો થોડાક વગર વિદ્યાએ ભેગા કરેલા સાધુઓ, વિદ્યાર્થીઓ પાસે ફરજિયાત ગોખાવેલી થોડીક ગાથાઓ કે આંખ આંજી નાંખે તેવા સમારંભો ધર્મને જીવનમાં જડવાનું કામ નહિ કરે તે ચોકકસ છે.

આવા પ્રશ્નો આ કોન્ફરન્સ ચર્ચશે? આટલી ભળેલી મેદની સમાજનો ઉડી ગયેલો રંગ પાછો લાવવા પ્રયત્ન કરશે? એમ ન કરે ત્યાંસુધી તો એ સમાજ! કવિ સમ્રાટનું મહેણું ઉભું છે!!! **વ્રજલાલ મેઘાણી.**

ઐકયસમિતિના ઠરાવો અને સમગ્ર જૈન સમાજ

અલબત એક સ્થાનકવાસી જૈનને આગામી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સને અંગે કંઇ પણ કહેવાનો અધિકાર ન જ હોય, પણ એક જૈન તરીકે જૈન કોમને, લાગેવળગે છે તેવા પ્રશ્નો પરત્વે અને આ યુગના માનવ-સમાજમાં રહેતી એક વ્યકિત તરીકે સમાજના સામાન્ય પ્રશ્નો કે જે માણસના જીવનમાં, ચારિત્રમાં અને વિકાસમાં મહત્ત્વ ધરાવે છે તેના ઉપર બોલવાનો જન્મ સિધ્ધ અધિકાર છે એ ન્યાયે મારા મૂર્તિપૂજક જૈનબંધુઓને બે શબ્દ કહેવાનું મન થાય છે.

જ્યારે સમાજજીવનના કે સાંપ્રદાયિક જીવનના માર્ગની સ્પષ્ટતા, સરળતા અને વ્યવસ્થા, સંજોગ, શક્તિ, અને દેશકાળના કારણે ડોળાઇ જાય છે, જોખમાઇ જાય છે અને વ્યકિતગત વિચારોની અરાજકતા જન્મે છે ત્યારે ઘણા ડાહ્યાઓ ભેગા મળીને બધા દૃષ્ટિકોણથી જીવનમાર્ગની ચર્ચા અને છણાવટ કરે, ભિન્ન ભિન્ન મંતવ્યોની તુલના કરે અને પૂર્વગ્રહ અને કદાગ્રહ તજી સર્વાંગ સુંદર લાગતો માર્ગ નક્કી કરે કે જેથી સમાજમાં જાગૃતિ આવે, જીવન આવે અને આગે કુચની શક્તિ આવે-આવા ઉચ્ચ હેતુથી સંમેલનો કે પરિષદો યોજાય તો જરૂર તેમાંથી સુંદર માર્ગ મળવા ઉપરાંત સ્નેહવૃદ્ધિ પણ થાય. સ્નેહવૃધ્ધિ બળવૃધ્ધિની પૂરોગામીની છે. આપણે તો આજે મળીએ છીએ પૂર્વગ્રહો પાકે પાકાં ઘૂંટીને અને થોડાએાએ નકકી કરેલ અંગત માર્ગને નૂતન વિધાન તરીકે ગણાવવાનો ખોળાધરી આપીને. એટલે શરતની કાચી ભૂમિકા ઉપર રચાતી અને પૂર્વગ્રહો અને કદાગ્રહોથી પોષાતી આવી પરિષદોમાં સત્યનું અન્વેષણ નથી થવાનું, યુગ અનુસાર માર્ગનું વિધાન નથી થવાનું, કે નથી વપરાવાની તેમાં કોઇ તુલનાશકિત! પણ રૂઢ માન્યતાઓને બીજી કોઇ પણ અગત્યની બાબતોનો કોઇ પણ દૃષ્ટિએ વિચાર કર્યા વિના બીજા ઉપર લગવગ, ધન અને જુથ બળે ઠસાવી દેવાનું કાર્ય બનવાનું છે પ્રગતિનો ઉત્સુક સમાજ જીવવા મથતો સમાજ આ રીતે જીવન માર્ગની છણાવટ ન કરે-યુગને ઓળખતો માનવી તેમાં પોતાનો સાથ કે સૂર ન આપે! મારા મૂર્તિપૂજક મિત્રોને એટલીજ ભલામણ છે કે આ આગામી કોન્ફરન્સમાં તમારા વલણ કે મંતવ્ય માટે ખાસ કાળજી રાખજો કે તે માનવોચિત અધિકારને ગુંગળાવી નાંખે તેવાં ન હોય, સંપ્રદાયના વિકાસને રૂંધી વાડાનીજ ઘેલછા જન્માવે તેવાં સંકુચિત ન હોય, અને રૂઢિ કરતાં પણ વાસ્તવિકતા, સંજોગ અને દેશકાળને વધુ અવકાશ તેમાં હોય કે જેથી સમાજ સુંદર, કાર્યશીલ અને પ્રગતિવાન બને. તેની સહકાર અને આર્થિક શકિતનો વ્યર્થ વ્યય અટકે. પૂર્વગ્રહ, મોટાની શેહ, અંધ શ્રદ્ધા અને આંખની શરમથી દોરાઇને કોઇપણ ઠરાવને તમારી બહાલી કે નાપસંદગી ન આપશો, કારણ કે આપણે કોઇને રાજી રાખવા નથી મળતા, પણ મળીએ છીએ સમાજનું નૂતન ભાવી ઘડવા. માનવતા, રાષ્ટ્ર, સંપ્રદાય અને વ્યકિત એક બીજાના ઉત્તરોત્તર સોપાનો છે અને એની વચ્ચે વિકાસની એક સળંગ પરંપરા ચાલી રહેલી છે તેને અખંડિત અને અબાધિત રાખવા!

આટલું મારા સાંપ્રદાયિક મિત્રોને અનુલક્ષીને કહ્યા પછી એક જૈન તરીકે સ્પર્શતા પ્રશ્નોનો વિચાર કરીએ. બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન જેટલો મૂ. પૂ. જૈનોને લાગે વળગે છે તેટલોજ સ્થાનકવાસી જૈનોને પણ સ્પર્શે છે. તેના અનિષ્ટો બન્ને ફિરકામાં એક સરખા દુઃખદ છે. તમારે ત્યાં જેટલો ધાર્મિકતાનો આધાર તે માટે લેવામાં આવે છે તેટલો જ અમારે ત્યાં પણ લેવાય છે. એટલે આ સમસ્પર્શી પ્રશ્નનો નિકાલ કે ઉકેલ એક સંપ્રદાયથી નહિ પણ જૈનોની ભિન્ન ભિન્ન શાખાઓના સંયુકત જોરથી જ લાવી શકાય તેમ છે. રાજ્યે બાળદીક્ષા નિષેધનો ખરડો પણ સંયુકત જૈન કોમ અરે! આખી હિન્દુ કોમ માટે કર્યો છે. એટલે આ પ્રશ્નને, રાજ્યના ઠરાવને અને અને ભિન્ન ભિન્ન ફિરકાઓને અતિ મહત્વનો સબંધ છે. જો કોઇ પણ કડી નબળી થઇ તો તે પ્રશ્નની આખી સાંકળ ઢીલી થઇ જવાની પૂરેપૂરી શકયતા છે.

શિષ્ય ઘેલછાના અતિરેકે અને વગર વિચાર્યે સાધુઓની થતી દીક્ષાના અનિષ્ટે જ આ પ્રશ્નને ગંભીર બનાવ્યો છે. આ ઘેલછા ઓછા વધતા પ્રમાણમાં બધે ઠેકાણે છે. વ્યાપક સંસારીઓના જેટલીજ પોતાનો વંશ વધારવાની તીવ્રેચ્છા ત્યાગીઓને પણ હોય છે. આજે તો નૂતન યુગ પ્રજોત્પતિના અતિરેકને સંતતિ નિયમન દ્વારા રોકવા તૈયાર થઇ રહેલો છે. તેવા કપરા કાળમાં પરપીંડજીવિત અપાત્ર સાધુઓના ઉપયોગ વગરના ટોળાંને સમાજ કેમ નીભાવશે તે પ્રશ્ન છે. કુસાધુના ત્રાસે સુસાધુ તરફનો ભાવ પણ નાબુદ ન થઇ જાય તે માટે જ આ અગત્યનો ઠરાવ કરવાની સમાજને જરૂર પડી હતી. રાજ્યે તેમાં સાથ આપ્યો. હવે જો આ કોન્ફરન્સમાં તે પ્રશ્નને ઢીલો કરી નાંખવામાં આવશે તો આપણા બીજા ફિરકાઓમાં અને આખી હિન્દુ કોમમાં કે જ્યાં આ પ્રશ્ન કાયદાના ભારથી દબાઇને પડયો છે તે આપોઆપ ઢીલો થઇ જશે. પછી તો અપાત્રોની પરંપરા સાધુઓમાં ચાલશે અને જશે ધર્મ રસાતળે! આટલા માટે આ બાળદીક્ષાના કોન્ફરન્સે હાથ ધરેલા ઠરાવનો હું નૈતિક વિરોધ કરૂં છું અને જેનો અધિકારપૂર્વકનો અવાજ પહોંચી શકે તેમ છે તેઓ અધિકારપૂર્વકનો સબળતાથી તેનો વિરોધ કરે તેવો અનુરોધ કરૂં છું.

વાણી સ્વાતંત્ર્ય અને યુગનો અવાજ પ્રગટ કરવા સામે બંધારી વાડ તો માનવોચિત નૈસર્ગિક અધિકારની ચોકખે ચોકખી અવહેલના છે. એ હકક ગુમાવીને માનવી બીજું શું પાછળ રાખવાનો છે? પ્રબળ સંપ્રદાયની સામે, પ્રબળ વિરોધની સામે અને રૂઢિની શકિત સામે પહેલામાં પહેલી એટલે પ્રાથમિક શકિત અવાજ ઉઠાવવાની છે તે પણ જો ગુંટવી લેવામાં આવે તો બાકી શું રહ્યું? આ નાલેશીને ભરેલા તહનામા ઉપર કોઇ સમજવાળો આદમી તો કદિ પોતાની અનુમતિ તો ન જ આપે.

દીપચંદ ત્રીભોવનદાસ શાહ

જૈન સમાજને વિજ્ઞાપન

બન્ધુઓ, ૨

આપના નેતાઓ આજે "ઐક્ય", "સમાધાન" કરવા નીકળ્યા છે. આનંદની વાત છે! કોને એકતા નથી ખપતી? કોને ભાગલા મીઠા લાગે છે? સૌને એકતા જોઇએ છે. પહેલાં તો આપણે એકજ હતા. તો શા માટે જુદા પડયા કે આજે "એક" થવા માટે સરતી સમાધાની સ્વીકારવાની અને તે રીતે ઉપજતી "એકતા" નો વિરોધ કરવાની એકતાપ્રેમીઓને પણ જરૂર પડી છે?

આપણે એક હતા, પણ પ્રાગતિક અને જુનવાણી ભિન્ન ભિન્ન વલણને કારણે ઉભા થયેલા સિદ્ધાન્તભેદે અપણને એક બીજાથી દુર કર્યા. આજે સિધ્ધાન્તભેદને દુર કરીને એક થવા નીકળ્યા છીએ. આ પ્રત્યાઘાતથી આજનો અગત્યનો પ્રશ્ન ઉભો થયો છે કે શું કરવું? સિધ્ધાન્ત કે પ્રત્યાઘાતી ઐક્ય? યુગ જવાબ માગે છે! "સિધ્ધાન્તત્યાગ" અને "ઐક્યમોહ" કેવી રીતે સાથે સાથે ચલે છે તે જોવાનું છે. સિધ્ધાન્ત વગરના ઐક્યના મંડાણ ઉપર સામુદાયીક જીવન નથી જીવાતાં, સિધ્ધાન્તના પાયા ઉપર જ એકતા સધાય અને જીવન જીવાય, એમ સમાજ-શાસ્ત્રીઓ કહે છે. મગદડીયા સમાધાનવાદીઓ આ સિદ્ધાન્ત ન સ્વીકારે તે સ્વભાવિક છે.

પ્રગતિવાન સમાજમાં કોઇ મહાન યોજનાની સિધ્ધિ માટે ઐક્ય થાય કે કોઇ મહત્વના પ્રશ્નના ઉકેલ માટે ઐક્ય થાય. આપણે ત્યાં ઐક્ય થાય છે અજ્ઞાન અને અણસમજુ બાળકોને અને અપાત્રને દીક્ષા આપી સાધુ બનાવવાના સિધ્ધાન્તને સ્વીકારવાના મહાન્ (?) આશયથી, અને રૂઢિના ઘોરણે જ થતાં પ્રચલિત અનુષ્ટાનોમાં સમયાનુસાર ફેરફાર માટે યોગ્ય અવાજ પણ બંધ કરી નાખવા પ્રજાના મોઢે તાળા દેવાની ઉન્નત (?) મુરાદથી!.... આ નબળી ભૂમિકા ઉપર થતા ઐક્યના અખાડામાં નવા અને જુના, યુવક અને વૃધ્ધ, દેખતા અને અંધ સૌને આમંત્રણ છે કે સિધ્ધાન્તને ભોગે ઐક્યની આરતી ઉતારવા આવજો!!!.

આવા મુડદાલ પ્રશ્નો ફરી વખત સમાજમાં ઉભા થવા દેવાની, ઐક્ય નિમિ-તે બહાલી આપી જુનવાણી માનસને રાજી રાખવાની ખોળાધરી ઉપર ઉભી થતી કોન્ફરન્સ સમાજનું કેટલું હિત સાધી શકશે તેનો વિચાર કરવાનું સમાજની વિવેકબુદ્ધિને સોંપું છું. પણ તેજ વખતે એક પ્રશ્ન ઉભો થાય છે કે કોન્ફરન્સના એટલે કોમના અગ્રગણ્ય મોવડીઓને આવી જાતની ખોળાધરી શા માટે આપવી પડી? એવી કેવી મુંઝવણ ભરેલી વિકટ પરિસ્થિતિ ઉભી થઇ હતી કે આવું પ્રત્યાઘાતી વલણ લેવું પડયું? તેઓ તેવી ખોળાધરી આપીને અને કરેલા સિદ્ધાંતના ભંગની નાલેશી વહોરીને સમાજમાં કયું સુંદર તત્વ દાખલ કરવા માગે છે? આ બધું સામાન્ય રીતે તો નથી સમજાતું એટલે તેઓનું વલણ એકને જોડી બીજા પક્ષને તોડવાનુંજ કાર્ય કરશે એમ લાગે છે. આપણા નેતાઓએ સમાજના હિત માટે આપેલી ગમે તેવી ખોળાધરીઓને જરૂર આપણે સ્વીકારી લઇએ, પણ પ્રત્યાઘાતી વાતો ન સ્વીકારાય! આજે આવા બે કે બાવીસ ઠરાવોનો પ્રશ્ન નથી. કદાપિ લાગવગ, ધનબળ અને ધર્મઘેલાઓની બહુમતીથી તે ઠરાવો પાસ થઇ જાય તે પણ મોટી વાત નથી. પણ અગત્યનો પ્રશ્ન તો એ છે કે પ્રગતિના યુગમાં, ઐક્યના નામે અયોગ્યદીક્ષાનિષેધ સામે અને અનુષ્ટાનાદિ વિષે યુગપ્રેરીત અભિપ્રાય વ્યકત કરવા સામેના અયોગ્ય પ્રતિબંધથી આખા સમાજનું માનસ કેટલું ગુલામ અને વિકૃત કરી નાંખવામાં આવે છે તે છે.

સમાજ પાસે રજુ થનારા બે વિવાદગ્રસ્ત પ્રશ્નોના ગુણદોષમાં ઉતરીએ તો આપણને સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે તેની પાછળ નથી તો દેખાતી કોઇ ધર્મપ્રીતિ, નથી દેખાતી સમાજ પ્રીતિ કે નથી દેખાતી દીર્ઘદૃષ્ટિ કે વિવેક બુધ્ધિ. સાધુઓને રાજી રાખવાની, તેઓને પંપાળવાની અને એ રીતે મનની મોજ સંતોષવાની વૃત્તિ જ મોટે ભાગે દૃષ્ટિગોચર થાય છે. કારણ કે આજ સુધીમાં જેઓ બાળ અને અયોગ્ય દીક્ષાના શિકાર બન્યા છે તે કાંતો હતાં અનાથ બાળકો, કાંતો હતા ગરીબના સંતાનો કે કાંતો હતા સંસારની ધૂરા વહવાને અશકત નીવડેલા કરજાઉ કે ગરજાઉ આદમી અગર તો વેવલા બેજવાબદાર માનવીઓ. કોઇ ધનિક શાસનપ્રેમીનો દીકરો બાવો બન્યો? કોઇ સંસારના રાગને ભરપૂર માણી ચૂકેલો મૂડીપતિ વિરકિતના માર્ગે ચડયો? કોઇ મોવડીનો બાળક સાધુ થયો? સાધુ, દીક્ષા, સમકિત વીગરાગી માર્ગ આદિમાં માનવા છતાં આ આજ સુધીમાં આમ કેમ ન બન્યું? શું ધર્મ અને ધર્મપ્રીતિ, સાધુ કે સાધુપ્રીતિની ધતિશ્રી પારકાને 'જતિ' બનાવવામાં આવી ગઇ? આ જોતાં ધર્મની ખાતર દીક્ષાનો આગ્રહ કરવામાં નથી આવતો. દીક્ષા અપાવનારાઓ દીક્ષાનો ઉમેદવાર કેવો હળુકર્મી જીવ છે તે તો નાણાની છુપી રકમો ઉમેદવારના સગાઓને ચૂકવતી વખતે કે એક સ્થળેથી બીજે સ્થળે બિલાડીના બચ્ચાની માફક દીક્ષાના ઉમેદવારને ફેરવતા અને સંતાકુકડીની રમત રમતા જાણતા હશે, અગર તો જાણતા હશે તેની પાછળ ઉઠેલ હાયપીટથી! એટલે જરૂર મનથી તો સમજતા હોય છે કે સમાજનું કે ધર્મનું હિત કેટલું સધાવાનું છે. છતાં આવો જડભાર સમાજના અગત્યના અંગ ધાર્મિક સંપ્રદાય ઉપર લાદવામાં નથી દેખાતી સમાજ પ્રીતિ! બાકી રહી દીર્ઘદ્રષ્ટિ. જો આ હોય તો યોગ્યતા સિવાય વગર તૈયારીએ અને જેને માથે બીજી જવાબદારીઓ ઉભી છે તેવા કોઇને વગર વિચાર્યે મૂંડી ન મરાય કે સાધુતાના સુંદર સ્થાન ઉપર ગોઠવી ન દેવાય.

સાધુઓ આજે ફરતા ફરતાં માત્ર ધર્મલાભ જ નથી દેતા પણ ધર્મલાભ સાથેજ તેના અંધભકતો તેના હાજીહાની બિરદાવળી પણ ગાવાનું અને તે રીતે માનભૂખ્યા માણસોને જગબત્રીસીએ ચડાવવાનું કાર્ય કરે છે. સાધુઓને રાજી રાખવાનું આ પણ એક કારણ આજે છે.

કોઇ કોઇને સાધુઓમાં અમુક પ્રકારના ચમત્કાર અને સિદ્ધિનો ભ્રામક ખ્યાલ બંધાઇ ગયો હોય છે એટલે મમતાથી, લાલચથી કે ડરથી, થોડાક ભેખને ભગવાનના ભેરૂ સમજવાની શ્રદ્ધાથી સાધુઓને રાજી રાખવાનું હંમેશા કરે છે. ભેખધારીઓ જે કંઇ ભાખે તેજ ખરૂં માની તેની ઇચ્છાના વાજબી કે ગેરવાજબીપણાનો વિચાર કર્યા વિના પૂર્ણ કરવામાંજ ધર્મ માને છે. આ સાધુઓ જો સમાજશ્રેય માટેની માનવદૃષ્ટિ ધરાવતા હોય, તેમનામાં ખરી કલ્યાણકર ધર્મપ્રીતિ હોય તો તેઓને રાજી રાખવા અને અનુસરવામાં જરૂર આનંદ થાય, પણ જે રીતે સાધુઓની પસંદગી કરવામાં આવે છે, જે જાતનો વર્ગ તે માટે મેળવવામાં આવે છે અને જે જાતનું વાતાવરણ તેની આસપાસ જામતું રહે છે તે જોતાં તેવી ઉન્નત ભાવનાની આશા તેઓમાં રાખવી વ્યર્થ છે. માટેજ તેઓની ફાંટાબાજ ધર્મઘેલછાને ગુરૂવાણી-ધર્મવાણી ગણી અનુસરવામાં શ્રેય નથી. જગતને સાધુઓ જરૂર જોઇએ છે, સમાજમાં ઉપયોગી ગરવા ગુરૂ બની રહે તેવી વિભૂતિઓ જોઇએ છે, એટલે જ તે વર્ગની શુધ્ધિ માટે સાધુ ઓલાદ સુધારવાની જરૂર અનિવાર્ય લાગતા અયોગ્ય દીક્ષા, બાળદીક્ષા માટે પ્રતિબંધ મૂકાવો જરૂરી છે.

બીજો અગત્યનો પ્રશ્ન છે વાણી સ્વાતંત્ર્ય ઉપર પડતી તરાપનો. દેવદ્રવ્ય સમાજમાં માનવહિત માટે નથી વપરાતું પણ ક્રિયાકાંડ અને તેવા કાર્યો માટે ખર્ચાય છે અગર તો નિષ્ક્રિય રીતે જમા થયા કરે છે અને બીજાને ત્યાં વ્યાજે પડયું રહે છે. તેમાંથી મોટા ભાગે સરકારી લોનો, ઓચરીઆઓ ખરીદી આડકતરી રીતે જૈનોએ નિષેધ કરેલ અનેક કાર્યોમાં તેનો ઉપયોગ થઇ રહેલો છે. તે કરતાં જો તે નાણામાંથી જૈનોની સહકારી બેન્કો, ઉપયોગના કેન્દ્રો, પશુપાલન સંસ્થાઓ આદિ ખોલી શકાય તો વ્યાજની આવક ઉપરાંત જૈનોની સ્થિતિ સુધારવાનું, તેનો બેકારી અને આર્થિક પ્રશ્ન ઉકેલવાનું બની શકે. આ માટે વર્ષો થયાં સમાજનું અરણ્યરૂદન ચાલુ છે જ. પણ સમાજના ચાલુ દાનનો મોટો ભાગ પણ સમાજની જરૂરિયાત વિચાર્યા વિના અનુષ્ઠાનો, સમારંભો આદિ અલ્પજીવી કાર્યો માટે વેડફી નાખવામાં આવે છે. આ સામે રજુ થતો યુગઅભિપ્રાય કે અવાજ જુનવાણી અને તે

૧૯૩૦ થી ૧૯૪૫ સુધીની કેટલીક ઐતિહાસિક વિગતો

૧૯૩૦ ના ફેબ્રુઆરી માસમાં જુન્નેર ખાતે મળેલ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશને દીક્ષા સંબંધમાં નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

"દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા લેનારને તેના માતપિતા આદિ અંગત સગાંઓ તેમ જ જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી. સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી."

* * *

૧૯૩૧ માં વડોદરા રાજ્યે સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ નામનો બાળદીક્ષાની અટકાયત કરતો કાયદો અમલમાં મૂક્યો.

* * *

૧૯૩૪ ના માર્ચ માસમાં અમદાવાદ ખાતે શ્વે. મૂ. સાધુ સંમેલન ભરાયું અને તેજ અરસામાં એપ્રીલ માસમાં મુંબઇ ખાતે શ્વે. મૂ. કોન્ફરન્સ અને જૈન યુવક પરિષદનાં અધિવેશનો ભરાયાં જેમાં પસાર થયેલા ઠરાવોની વિગતો અન્યત્ર આપવામાં આવી છે.

* * *

૧૯૪૦ ના ડીસેંબર માસમાં નીંગાળા ખાતે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું અધિવેશન મળ્યું જેમાં શ્વે. મૂ. વિભાગમાં એકતા સ્થપાય અને કોન્ફરન્સના કાર્યમાં સર્વ પક્ષો સામેલ થાય એવી હીલચાલ હાથ ધરવાને લગતો એક ઠરાવ કરવામાં આવ્યો.

* * *

૧૯૪૧ ના એપ્રીલ માસમાં શાસનપક્ષ અને શ્વે. મૂ. કોન્ફરન્સ ના કેટલીક આગેવાનોની શેઠ કસ્તુરભાઇ લાલભાઇની પ્રમુખપણા નીચે ઐક્ય સમિતિ ઉભી કરવામાં આવી. આ ઐક્ય સમિતિમાં સુધારક પક્ષનો એક પણ પ્રતિનિધિ લેવામાં આવ્યો નહોતો.

* * *

૧૯૪૨ ના જાન્યુઆરી માસમાં ઉપર જણાવેલ ઐક્ય સમિતિએ સર્વાનુમતે નીચે મુજબના બે ઠરાવો ઘડી કાઢયા.

ઠરાવ ૧. શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની બીજી કોઇપણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે.

ઠરાવ ૨. ઐક્ય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાન્તો અને પ્રચલિત અનુમાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓધેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવા કે લખવામાં આવશે નહિ.

* * *

૧૯૪૩ ના એપ્રીલ માસમાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની મુંબઇમાં સ્થાયી સમિતિની સભા મળી, આ સભાને એમ લાગ્યું કે જે પ્રકારના ઠરાવો ઐક્ય સમિતિએ પસાર કરવા માટે મોકલ્યા છે તે ઠરાવો તે આકારમાં પસાર કરવાનું મુંબઇની સ્થાયી સમિતિના અધિકાર બહારની વાત છે એમ છતાં પણ એ ઠરાવો સંબંધમાં જરૂરી નિર્ણય તો કરવો જ જોઇએ. આ ઉપરથી ઐક્ય સમિતિના ઠરાવોનું હાર્દ જળવાય એવા ભાવવાળા નીચે મુજબના ઠરાવો મુંબઇની સ્થાયી સમિતિએ પસાર કર્યા.

ઠરાવ ૧ વડોદરા રાજ્યે સગીર સંન્યાસ દીક્ષા પ્રતિબંધક કાયદો પસાર કર્યો ત્યારપછી સાધુસંમેલને અમદાવાદ મુકામે સને ૧૯૩૪માં દીક્ષા સંબંધી ઠરાવ કરેલો છે, અને તે ઠરાવને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે મુંબઇમાં મળેલા સને ૧૯૩૪ ના અધિવેશનમાં સહાર્યો છે, તે લક્ષમાં લઇ સ્થાયી સમિતિની આજની મળેલી સભા, વડોદરા રાજ્યના ગગડુર કાયદા માટેના નિબંધ અંગેની પેટા સમિતિના રીપોર્ટ અનુસાર તા. ૧૭-૯-૩૧ ની કાર્યવાહી સમિતિએ તે કાયદાને અનુમોદન આપવાનો ઠરાવ કરેલો તે સંબંધી કેટલીક ગેરસમજુતી ઉત્પન્ન થઇ છે, તે ધ્યાનમાં લઇ અને ઐક્ય સમિતિએ કરેલ સૂચના ધ્યાનમાં લઇ તે ઠરાવ રદ કરે છે અને સાધુ સંમેલને કરેલ દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે.

ઠરાવ ૨ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે આજ સુધી જૈન ધર્મના સિદ્ધાંતો અનુસાર કાર્યવાહી કરેલી છે, તેમ છતાં ઐક્ય સમિતિએ સુચના કરેલી છે તે ધ્યાનમાં લઇ આ સભા પણ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન ધર્મના સિદ્ધાંતો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે અને તેની વિરૂદ્ધ કંઇ કરશે નહિં.

* * *

આ રીતે પસાર થયેલા ઠરાવો શેઠ કસ્તુરભાઇ લાલભાઇને માન્ય ન બન્યા અને ઐક્ય સમિતિના ઠરાવો જ અક્ષરશ: કોન્ફરન્સ પસાર કરે પછી જ ઐક્યના મુદ્દાને આગળ ચલાવી શકાશે–એવો તેમણે આગ્રહ દાખવ્યો, જેના પરિણામે ૧૯૪૪ ના એપ્રીલ માસમાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની અખિલ હિંદ સમિતિ બોલાવવામાં આવી અને એ સમિતિએ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સને ઐક્ય સમિતિના ઠરાવો મૂળ આકારમાં જેવા છે તેવાને તેવા પસાર કરવાની ભલામણ કરી.

* * *

એ બે ઠરાવો પસાર કરવાના મુખ્ય આશયથી મુંબઇ ખાતે એપ્રીલ માસની તા. ૭-૮-૯ ના રોજ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું અધિવેશન મળનાર છે જે શું કરે છે તે હવે પછી જોવાનું રહે છે.

પરમાનંદ

નિમિતે સસ્તી પ્રતિષ્ઠા પામતા સાધુઓના આંખના કણા કે હૃદયના શલ્યની માફક સાલે છે તેથી આ અવાજ કરવાનો અધિકાર પણ બંધ કરી દેવાનો પ્રયત્ન આજે આ અધિવેશનમાં થવાનો છે.

"બાળદીક્ષા અને વાણીસ્વાતંત્ર્ય" આજના આપણા બળતા પ્રશ્નો છે. આપણા મોવડીઓએ ઐક્ય કરવા માટે આ બંને બાબતો જુનવાણી માનવીઓની ઇચ્છા મુજબ છોડી છે. તેઓએ અલબત ભૂલ કરી છે, પણ આપણે તે સુધારવી રહી અને તે આવનારા પ્રત્યાઘાતી ઠરાવો ઉડાવી દઇને!

ધણાને લાગતું હશે કે જ્યાં આવી નબાલી વાતો જ થવાની છે ત્યાં ભાગ જ ન લેવો અને જે કોન્ફરન્સ આવી પ્રત્યાઘાતી બને તેનો બહિષ્કાર જ કરવો જોઇએ, પણ તેમ વિચારવું યોગ્ય નથી. કોન્ફરન્સ અખિલ કોમની એકની એક મધ્યવર્તી છે. સંસ્થા હોય તે સમાજનું કેન્દ્રિત બળ છે. તેથી તેને સમાજશ્રેયના યોગ્ય માર્ગ પર લઇ જવામાં જ સમાજનું કલ્યાણ છે. કારણ કે સામુદાયીક કાર્યમાં વ્યક્તિ કરતાં સંસ્થાનો અવાજ અને મંતવ્યોને વધુ વજન અપાય છે. એટલે આવી જામેલી સંસ્થાને નવયુગમાં ખેંચી જવા માટે અને તેને યુગાનુસાર કાર્ય કરતી રાખવા માટે નવીન વિચારના અનેક ભાઇ બહેનોએ તેમાં પ્રવેશવું જોઇએ અને પ્રયત્નપૂર્વક તેનો કબજો લેવો જોઇએ. આપણી પાસે અનેક પ્રશ્નો પડયા છે. એટલે કોન્ફરન્સને માત્ર મેળવેલા નાણાનો પોતાના નિભાવમાંજ ઉપયોગ કરી નાંખતી ખાઉધરી સંસ્થા અથવા તો દીક્ષા કે ન દીક્ષા બાંગી કે અનુષ્ઠાન, મોક્ષ અને સિદ્ધશિલાનીજ ચર્ચા કરતી અને વર્ષ આખરે ભર્ય પાસ કરાવી, બજેટ રજુ કરતી સંસ્થાજ રહેવા ન દેતાં જૈન સમાજના બધા પ્રશ્નો ઉકેલતી આપણી બળવાન પાર્લામેન્ટ બનાવવાનો સમય આવ્યો છે.

આ મહદ કાર્ય એ યુગદૃષ્ટિના માનવીઓ! તમારા 'સિવાય કોણ કરશે?

મણિલાલ જયમલ શેઠ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

તંત્રી :–
મણિલાલ મોકમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર

પ્રબુદ્ધ જૈન

Regd. No. B. 4266
લવાજમ રૂપિયા ૩

વર્ષ ૬] મુંબઈ: ૧૫ એપ્રીલ ૧૯૪૫ રવિવાર [અંક ૨૪

ઐકય સમિતિના ઠરાવોનું પર્યવસાન

એપ્રીલ માસની ૭, ૮, ૯ ના રોજ મળેલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવામાં આવેલ ઐકય સમિતિના બે ઠરાવો ઉપર રીતસર મત લેવાતાં પક્ષમાં ૧૨૧૫ મત અને વિરૂદ્ધમાં ૧૨૪૦ મત પડતાં એ બંને ઠરાવો ઉડી ગયા છે. આ રીતે પર્યવસાન પામેલા યાદગાર ઠરાવો નીચે મુજબ હતા.

ઠરાવ ૧. શ્રી. જૈન શ્વે. મૂર્તિપૂજક કોન્ફરન્સ સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે (કોન્ફરન્સે) અથવા તેની બીજી કોઇપણ પેટા સમિતિએ કરેલા વડોદરા રાજયના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ કરે છે.

ઠરાવ ૨. ઐકય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાંતો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓહદેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવામાં કે લખવામાં આવશે નહિ.

ઐકય સમિતિના ઠરાવોના વિરોધમાં કરવામાં આવેલાં નિવેદનો

(કોન્ફરન્સના પ્રસ્તુત અધિવેશનમાં રજુ થયેલા ઐકય સમિતિના ઠરાવોનો અધિવેશનની ખુલ્લી બેઠકમાં કેટલાંક ભાઇઓએ તેમજ બહેનોએ વિરોધ કર્યો હતો તેમાંથી શ્રી. તારાચંદ કોઠારી, શ્રી. લીલાવતી બહેન તથા શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ રજુ કરેલા વિચારો અનુક્રમે નીચે આપવામાં આવે છે. તંત્રી)

શ્રી તારાચંદ કોઠારી

ઐકય સમિતિના નામે જે ઠરાવ તમારી સમક્ષ મૂકવામાં આવ્યો છે તે ઠરાવની પાછળની હકીકત હું તમને જણાવવા ચાહું છું. ૧૯૩૦ માં જૈન શ્વે. કોન્ફરન્સે જુન્નેરમાં જે ઠરાવ કર્યો ત્યારે કેટલાક ભાઇઓ રીસાઇને કોન્ફરન્સ છોડી ગયેલા. ત્યાર પછીના પંદર વર્ષમાં ઘણા ભાઇઓને લાગ્યું કે આપણે કાંઇક રસ્તો કરવો જોઇએ. એમણે સમાધાન માટે પ્રયાસો કર્યા અને એ પ્રયાસો કરતાં કરતાં એ લોકો થાકી ગયા. છેવટે એમણે શ્રી. કસ્તુરભાઇ લાલભાઇ અને શ્રી. બદામીને સોંપ્યું અને તેઓ જે કરે તે કબુલ કરવા બંધાયા. આને પરિણામે શ્રી. બદામીએ અને કસ્તુરભાઇએ ઉતાવળમાં આ ઠરાવ ઘડયો. અને થાકી ગએલા માણસોએ એને નિરૂપાય બનીને સ્વીકાર્યો. પણ કોન્ફરન્સની સ્થાયી સમિતિએ આ ઠરાવોનું હાર્દ સ્વીકારી ૧૯૪૩ ના એપ્રીલમાં જુદા ઠરાવો કર્યા. શ્રી. કસ્તુરભાઇએ એનો સ્વીકાર કર્યો નહિ અને અક્ષરશઃ ઐકય સમિતિના ઠરાવોને જ પસાર કરવાનો આગ્રહ કર્યો.

આજે કસ્તુરભાઇના નામે એ ઠરાવ પસાર કરવાનું આપણને કહેવામાં આવે છે. હું કસ્તુરભાઇએ જૈન સમાજની કે કોન્ફરન્સની કંઇ સેવાઓ કરી છે એ જાણવા માગું છું. વ્યક્તિઓના નામે નહિ, પણ ઠરાવના ગુણદોષ પર આ ઠરાવ પર તમે અભિપ્રાય આપો એમ હું તમને વિનંતિ કરું છું.

આ ઠરાવ જો ઐકયનો જ હોત, તો આ ઠરાવ રજુ કરવા માટે વિષય વિચારિણી સમિતિમાં કોણ રજુ કરે તે માટે ૪૦–૪૫ મીનીટ શા સારૂ ગુંચવણ ઉભી થઈ હતી? જેમાં તમામ લોકોનું કલ્યાણ જ હોય તે કામ શા સારૂ ઉત્સાહથી કરવા દરેક આગળ ન દોડી આવ્યા?

ભાઇ ભાઇ વચ્ચેના ઝઘડા જ્યારે શમન થાય ત્યારે કોઇ Legal Contract કરતું નથી કે ફલાણા મહિનાની ફલાણી તારીખે અમે આ ગાળ દીધી હતી અને તમે તે ગાળ દીધી હતી. ભાઇ ભાઇ પોતાની ભૂલ પરત્વે પસ્તાય, એક બીજાને મિચ્છામિ દુક્કડમ્ કરી માફી માગે અને ભેટે, નવા ઉત્સાહથી સમાજકાર્ય શરૂ કરે. પણ અહિં તો એકજ ભાઇને ભૂલ સ્વીકારાવવાનો, અને તે પણ ચોકકસ શબ્દોમાં જ સ્વીકારાવવાનો આગ્રહ થતો લાગે છે અને એવો આગ્રહ એમનાં હેતુ વિષે શંકા ઉભી કરે તે બનવા જોગ છે. પ્રમાણિક સમાધાન કાં તો ભૂતકાળ ભૂલી ભેટીએ તો શકય છે અગર તો તમે તમારી ભૂલો માટે પસ્તાવો કરો અને અમે અમારી ભૂલો માટે પસ્તાવો કરીએ તોજ શકય છે.

કહેવામાં આવે છે કે કોન્ફરન્સે દીક્ષાના જે ઠરાવો ૧૯૩૦ પછી કર્યા છે તે ઉતાળમાં કર્યા છે. આ વાત બરાબર નથી. ૧૯૨૯ થી ૩૬ સુધીનાં દૈનિક પત્રોનાં પાનાં જુઓ. જે રીતે દીક્ષાઓ અપાતી હતી તે રીત સામે જૈનોની આ મહાસભા ચૂપ કેમ રહી શકે? અને વડોદરાનો કાયદો તો ત્યાંની પ્રજાના આગ્રહ પછી કરવામાં આવ્યો છે. એની પાછળ કેટલાંય માતાઓનાં, પિતાઓનાં અને યુવાન નવવધૂઓનાં આંસુઓ સીંચાયાં છે– કારમાં રૂદન પડયાં છે. આ ઠરાવ રદ કરાવતાં પહેલાં તમારે માલેગાંવના આગેવાનોને નહિ પણ પાટણ–વડોદરા–ગુજરાતનાં લોકોને પૂછવું જોઇએ. શ્રી. હેમચંદ્રાચાર્યનું આજ્ઞેય સ્મારક સાચવતાં એજ હેમચંદ્રાચાર્યના સંસ્કારપુત્રો શા સારૂ નવા હેમચંદ્રાચાર્યની–નવ વર્ષના બાળકોની દીક્ષાનો વિરોધ કરે છે તે તમારે વિચારવું જોઇએ. ઐકય સમિતિના ઠરાવો કસુંવાવડમાંથી જન્મેલા બાળક જેવા છે. એને અણઘડ દશામાં આપણી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે અને એજ સ્થિતિમાં પસાર કરાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે.

સાધુ સંમેલન ૧૯૩૪ માં મળ્યું હતું. તેણે જે ઠરાવ કર્યો તેને આપણે ૧૨ વર્ષે આવકાર આપીએ છીએ. જે સંમેલન અસ્તિત્વમાં નથી, જેના ઠરાવનો છડેચોક ભંગ થઇ રહ્યો છે, જેના ઉપર કોઇનો કાબુ નથી, એવા સંમેલનના ઠરાવનો આ ઐકય સમિતિના ઠરાવને આધાર આપવામાં આવ્યો છે.

આ ઠરાવ એક રેલ્વે સ્ટેશને મળી આવેલી બેગ જેવો છે. તે બેગમાં હજામતનાં, સુતારનાં, દરજીનાં સાધનો હતાં. એટલે નકકી ન થઇ શકયું કે એનો માલિક કોણ હશે અને શા સારૂ એણે આ ભેળું કર્યું હશે!

અનુષ્ઠાનો માન્ય રાખવાનું આ ઠરાવોમાં કહેવામાં આવ્યું છે. તમે–જૂના વિચારનાઓ! કયા અનુષ્ઠાનોને પ્રચલિત માનો છો? તમે તમારા વિચારો ફેરવો છે, તિથિ માટે ઝઘડા કરો છો અને પ્રચલિત અનુષ્ઠાનો માટે અમારા હાથો જકડવા માગો છો? અહિં કહેવામાં આવ્યું છે કે એ ઠરાવ ભલામણ રૂપે હોઇ બંધન કર્તા નથી. એ શિથિલતાને અમે સહમત થતા નથી. એ વાત પ્રમાણિક નથી. અમને પ્રચલિત એટલા બધાંય અનુષ્ઠાનો માન્ય નથી. એ વાત બરાબર છે કે એને વખોડતાં હિણપતભરી ભાષા નહિ વાપરવી જોઇએ.

અમે ત્રણેય ફિરકાના ઐક્ય માટે ઝંખનારાં, અને ભગવાન મહાવીરના તમામ સંસ્કાર વારસોની એકતા માટે પ્રયત્ન કરનારી યુવક સંઘના સભ્યો આ ઠરાવનો–ભાઇ ભાઇની એકતાનો–કેમ વિરોધ કરીએ છીએ તે તમે ખૂબ વિચારજો.

એક માતાનો પુત્ર અયોગ્ય આચરણ કરે છે. માતા તેને ઠપકો આપે છે. પુત્ર ઘર છોડી જાય છે. વર્ષો વીતે છે ને સંપની ભાવના પ્રકટે છે. ત્યારે પુત્ર કહે છે કે માતાએ દિલગીરી દર્શાવવી જોઇએ જે કે પુત્ર એના અયોગ્ય આચરણ માટે દિલગીર થવાની પોતાની ફરજ સમજતો નથી. આમ સંપને નામે પણ કોન્ફરન્સ મૈયાના મ્હોં પર આ ઝાંખપ લગાડવાની આ પુત્રોની મનોદશા સમજાતી નથી. એવી ઝાંખપ પોતાના મ્હોં પર લગાડીને જ ઐક્ય કરાયું હશે તો જ્યારે જ્યારે માતાનું મ્હોં આપણે જોશું ત્યારે ત્યારે શરમથી આપણે ઢુબી જશું. આ રીતનું સમાધાન કે ઐક્ય એ ભાવનાની દૃષ્ટિએ બરાબર નથી અને એવા સમાધાન કે ઐક્ય કરાવનારના હેતુ માટે આપણામાં વિશ્વાસ પેદા થતો નથી. આમ કશોય વધુ વિચાર કર્યા વિના આ ઠરાવને ફગાવી દેવાની હું તમને સૌને વિનંતિ કરું છું.

શ્રી. લીલાવતીબહેન દેવીદાસ

હું ઠરાવની વિરોધમાં બોલવા ઉભી થઇ છું. ઐક્ય સમિતિએ કોન્ફરન્સ દ્વારા જુદા જુદા મતવાળા ભાઇ બ્હેનોને ભેગા કરી પોતપોતાના વિચારોનો સમન્વય કરવાની જે તક આપી છે, તે માટે હું કોન્ફરન્સના સૂત્રધારોનો આભાર માનું છું. અમે સુધારકોએ ગળામાં પડઘમ બાંધી વગાડી વગાડીને જાહેર કર્યું છે કે અમે પવિત્ર દીક્ષાના બીલકુલ વિરોધી નથી, પ્રાણાન્તે પણ અમે એનો વિરોધ કરીશું નહિ. અમે માનીએ છીએ, કે સંયમ વગર સિદ્ધિ નથી. અમે અયોગ્ય દિક્ષા, એટલે નસાડી ભગાડી કોઇના બાળકની ચોરી કરીને અપાતી અયોગ્ય દીક્ષાના વિરોધી છીએ. શાસ્ત્રો પણ અઢાર જાતના દોષ વર્જીને દીક્ષા આપવાનું કહે છે. અમે માંગીએ છીએ, કે જેઓ સમાજના કર્ણધાર અને ઉદ્ધારક એવા પૂજ્ય ગણાના સાધુઓની સંસ્થામાં દાખલ થવા માંગતા હોય તેમની લાયકાતની પુરેપુરી તપાસ થવી જોઇએ. જેમ બીજાને ધર્મ જોઇએ છીએ તેમ અમે પણ ધર્મ માંગીએ છીએ પણ તે દંભથી ભરેલો ધર્મ ન હોવો જોઇએ. સુધારકો સાથે હું વર્ષોથી કામ કરું છું. હું સત્ય અને અહિંસાથી પ્રકાશતા ધર્મમાં માનનારી છું. જ્યાં અધર્મ દેખાય ત્યાં હું એક ક્ષણ પણ ઉભી ન રહું. સાચી એકતા કરાવવી હોય, ખરેખરી સમાજની સેવા કરવાની તમન્ના જાગી હોય, તો આવા તકરારી પ્રશ્નોને હજી પાંચ વર્ષ છોડી દઇ ક્ષેત્રશુદ્ધિ થવા દો. આ ઠરાવ પસાર થાય તોજ એકતા થાય, અને તોજ સમાજનાં કલ્યાણ કરવાનાં દ્વાર ખુલ્લાં થાય, એવી અવળી વાતો મુકી દો. આજ પ્લેટફોર્મ ઉપર અત્યારથી જ અનેક જાતના તત્કાલ હાથ ધરી શકાય સાથે એસી કામ કરી શકાય, એવાં કાર્યો હાથ ધરો.

બીજા ઠરાવ સંબંધમાં ઘણું બોલાયું છે તેથી તે સંબંધમાં હું લાંબું વિવેચન કરવા ઇચ્છતી નથી. આપણે દ્રવ્ય ઉદ્યોત ઉપર ખુબ ભાર મૂકીએ છીએ પણ ખરી અગત્ય ભાવ ઉદ્યોતની છે. આ બાબતમાં એક દાખલો આપું. એક વખતે મેરૂભા નામના એક ચારણભાઇને મુંબઇમાં ગૌપૂજામાં માનનાર પાંચ સાત બ્હેનોએ આમંત્રણ આપ્યું કે "અમે રોજ ઘરમાં ગૌપૂજા કરીએ છીએ, તમે અમારે ઘેર પધારી ગૌપૂજાના ફળ બાબત થોડું વ્યાખ્યાન કરો અને સમજાવો." મેરૂભાએ હા પાડી અને તેમને ઘેર ગયા. જેમને ઘેર ગૌપૂજન હતું તે બ્હેન ભુલેશ્વરના લતામાં એક માળામાં ત્રીજે માળે રહેતા હતા. ઘર પાસે મેરૂભા આવતા તેમણે નીચે ગાય જોવાની ધારણા રાખી હતી, પણ ઓટલા પાસે કોઇ ગાય બાંધેલી ન દેખતાં તેમને વિચાર થયો કે ગામડામાં તો ઘર આંગણે ગાય બાંધેલી હોય, પણ અહિં ત્રીજે માળે ગાય શી રીતે ચડાવતાં હશે ? વળી લીફ્ટ જોતાં તેમને થયું, કે વખતે ગાયને લીફ્ટમાં નાંખી પૂજન માટે ઉપર લઇ ગયા હશે. મુંબઇગરાનું ભલું પુછવું. એમ પણ કરે. ત્યારબાદ ઉપર જતાં તેમણે જોયું કે ત્યાં તો એક ચાંદીની ગાય હતી, તેના ગળામાં ફુલની માળા હતી. પાસે ઘીનો દીવો પ્રગટાવવામાં આવ્યો હતો, અને પાંચ સાત બ્હેનો કંકુથી તેની પૂજા કરતી હતી. મેરૂભાને બારી પાસે બેસાડવામાં આવેલા. તેઓ આ પ્રકારે થતી ગૌપૂજા જોઈ સ્તબ્ધ થઇ ગયા. ત્યાં નીચે દૃષ્ટિ પડતાં એક જીવતી ગાય મીઠાઇવાળાની દુકાન પાસે ઉભેલી હતી. તેનાં હાડકા ચામડા એક થઇ ગયાં હતાં, અને ભુખ્યા પેટે ઉભી ઉભી કાગળના ડુચા ચાવતી હતી. મીઠાઇની દુકાનવાળો લાકડીએ લાકડીએ તેને મારવાની પૂજા કરતો હતો. આ દેખાવ જોઇ ચારણનું હૃદય દ્રવ્યું, તેની આંખમાં પાણી આવ્યાં અને તેણે વિચાર્યું કે અંધશ્રદ્ધા તે આનું નામ. ભુખી ગાયને પાંચ દશ મણ કપાસીયા નીરીને કરેલી પૂજા સફળ ગણાય કે ચાંદીની ગાયની આ રીતે કરેલી પૂજા ? આપણી જૈન સમાજની આજની મનોદશા આવી છે. દરેક ભાઇઓએ અને બ્હેનોએ પોતાની આત્મવંચના ન કરતાં જેમ યોગ્ય લાગે તે રીતે પોતાનો વિરોધ રજુ કરવો જોઇએ.

શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ

ઐક્ય સમિતિના ઠરાવોનો પ્રમાણીકપણે વિરોધ કરવા હું અહિં ઉપસ્થિત થયો છું. આ ઠરાવ વિષે ટુંકાણમાં જ કહેવાનું હોય તો એટલું જ કહેવું બસ થાય કે જે ઠરાવો આપણા સમાજમાં ઐક્ય લાવવાના હેતુથી ઘડાયા છે એમ કહેવામાં આવે છે એ ઠરાવો સામે આટલો બધો વિરોધ અહિં દાખવવામાં આવે છે એ હકીકત જ એ ઠરાવોની ઐક્ય ઉપજાવવાની અયોગ્યતા સિધ્ધ કરવા માટે પુરતી છે. ઐક્ય ઉપજાવે એવી જે કોઇ સમજુતી હોય તે તો પ્રમુખસ્થાનેથી મુકાવી જોઇએ અને તેને સૌ કોઈ સહર્ષ વધાવતું હોવું જોઇએ. કપાળે કપાળે મતિ જુદી એ ન્યાયે એમ પણ કહી શકાય કે ગમે તેવી આદર્શ સમજુતી લાવો પણ તેનો વિરોધ કરનારા કોઇને કોઇ તો નીકળી આવવાના. આમ આવી બાબતનો મારા જેવા બે પાંચ ગણ્યા ગાંઠ્યા માણસો વિરોધ કરે તો પણ લગભગ સર્વસંમત હોય એવી કોઇ સમજુતી લાવવામાં આવી હોય તો તે આપણે સૌએ જરૂર આવકારદાયક લેખવી જોઇએ. પણ અહિં તો આજે આપણે કોઇ જુદી જ પરિસ્થિતિ જોઇ રહ્યા છીએ. તો પછી જે સમજુતીમાં ઐક્યનું અમૃત ભરેલું છે એમ કહેવામાં આવે છે તે સમજુતીમાં એવું તે શું વાંધા પડતું છે કે જેથી મારી જેવા સંખ્યાબંધ ભાઇબ્હેનો તેનો વિરોધ કરવા પ્રેરાયા છે. તેનો આપણે જરા વિગતથી વિચાર કરીએ.

ઐક્ય સમિતિનો પહેલો ઠરાવ ૧૯૩૪ માં અમદાવાદ ખાતે મળેલા સાધુસંમેલનના દીક્ષા સંબંધીના ઠરાવોને વધાવી લે છે અને આ કોન્ફરન્સે કે તેની કોઇ પણ પેટાસમિતિએ આજ સુધીમાં દીક્ષા સંબંધી કરેલા સર્વ ઠરાવોને રદ કરે છે. તો આપણે પહેલાં એ વિચારીએ કે આ કોન્ફરન્સ કે તેની કોઇ પેટા સમિતિએ દીક્ષા સંબંધી એવા તે શું શું ઠરાવો કર્યા છે કે જેને ઐક્ય સમિતિનો પહેલો ઠરાવ રદ કરવા માંગે છે. આવી ત્રણ બાબતો છે. સૌથી પહેલી બાબત ૧૯૩૦ માં મળેલી જુન્નેર કોન્ફરંસમાં કરવામાં આવેલા ઠરાવને લગતી છે. એ ઠરાવ નીચે મુજબ હતોઃ–

"દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા લેનારને તેના માતપિતા આદિ અંગત સગાંઓ તેમ જ જે સ્થળે દીક્ષા અપાવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી."

આ કોન્ફરન્સ બાદ ૧૯૩૪ માં સાધુ સંમેલન મળ્યું અને એ સંમેલને જુન્નેર કોન્ફરન્સનો ઠરાવ તેમજ અયોગ્ય દીક્ષા વિરૂદ્ધની સર્વ હીલચાલ લક્ષ્યમાં લઇને દીક્ષા પ્રવૃત્તિ સંબંધમાં યોગ્ય નિયમન કર્યું. આ નિયમન અઢાર વર્ષ સુધીના દીક્ષાના ઉમેદવાર સંબંધમાં માતપિતા અથવા તો વાલી અને સ્થાનિક સંઘની સંમતિ અને તત્સંબંધી યોગ્ય જાહેરાતને ફરજિયાત ગણે છે. ત્યાર પછીની ઉમ્મરવાળાને દીક્ષા આપતી વખતે આવી સંમતિ આવશ્યક ગણે છે

(અનુસંધાન પાનું ૧૨૭ જુઓ)

ગ્રંથ, ગ્રંથકાર અને ગ્રંથાલય

(અંક ૨૨ થી ચાલુ)

ગ્રંથકાર, ગ્રંથ અને ગ્રંથાલય સંબંધી આટલો વિચાર કર્યા પછી કેળવણીના એક મહત્વના અંગ જેવા ગ્રંથાલયોને વધુ આકર્ષક, ઉપયોગી અને વ્યાપક કેમ બનાવી શકીએ તેનો વિચાર કરવા આપણે ત્યાં આજે અસ્તિત્વ ધરાવતા ભિન્ન ભિન્ન પ્રકારના પુસ્તકાલયો ઉપર એક ઉડતી નજર નાંખી જઇએ.

(૧) અમુક વિષય ઉપરના અભ્યાસ માટેના પુસ્તકોનો સંગ્રહ ધરાવતા પુસ્તકાલયો તેમજ ખાસ વિષયો ઉપર ભિન્ન-ભિન્ન વિદ્વાનોએ લખેલા ગ્રંથોનો સંગ્રહ હોય તેવાં ગ્રંથાલયોઃ આવા ભંડારો સામાન્ય જનતા માટે બહુ ઉપયોગી ન બને પણ વિશિષ્ટ અભ્યાસીઓને ઉપયોગી બને. એ અભ્યાસીઓ ત્યાં જઇ તેનો ઉપયોગ કરે અને એકજ વિષય ઉપર અનેક વિદ્વાનોના અભિપ્રાયો જાણી તેઓની તુલનામાંથી પોતાનું સ્વતંત્ર મંતવ્ય ઘડવાનું આથી તેઓને સુલભ અને સગવડતાભર્યું બને. નજીવા ખર્ચે સુલભ થતી આવી યોજના વિદ્યાર્થી આલમ માટે ખરેખર એક આશિર્વાદરૂપ છે. દરેક રાષ્ટ્ર આ રીતેજ પોતાની કેળવણી સંગીન બનાવી શકે છે. આપણે ત્યાં અગાઉના પુસ્તક ભંડારો આ જાતનાજ હતા, જેનું રૂપ આજે પણ આપણે ઇતિહાસદ્વારા જોઇ શકીએ છીએ. આજે આપણે ત્યાં ભાંડારકર ઇન્સ્ટીટ્યુટ, હિન્દ સેવક સમાજ, ગુજરાત પુરાતત્વ મંદીર ભારતીય વિદ્યાલયની લાઇબ્રેરીઓ અને જુના ભંડારોમાં ખંભાત, જેસલમીર, પાટણ આદિના ભંડારો તેના ઉદાહરણરૂપે છે. વિજ્ઞાન અંગેની કોઇ ખાસ સધ્ધર લાયબ્રેરી આપણે ત્યાં નથી. કારણ કે હજુ સુધી આપણી આધ્યાત્મિક અસર નીચે ઉછરેલી પ્રજાને તે દિશામાં જોઇએ તેવી અભિરૂચી જાગી નથી; પણ ધીમે ધીમે પ્રજા તે માર્ગે વળતી જાય છે.

આજે આપણે ક્યાં છીએ? પશ્ચિમાદિ દેશોમાં અભ્યાસીઓ માટેના પુસ્તકાલયો સ્થળે સ્થળે હોય છે, જેમાં હજારો પુસ્તકો સંગ્રહિત કરવામાં આવે છે અને પ્રતિદિન નવો ઉમેરો તેમાં થયાજ કરે છે. ધનિકો અને રાજ્યસત્તા બન્ને તરફથી આવી સંસ્થા ભરપૂર પોષણ પામે છે. જ્યારે આપણે ત્યાં તેવું નથી. જડવાદી ગણાતા તે દેશોમાં ધાર્મિક અભ્યાસ માટેની પણ સુંદર લાયબ્રેરીઓ હોય છે. જગતના ધર્મોનો અભ્યાસ અને સમન્વય કરી શકાય તેવી સગવડતા પણ ત્યાં મળે છે, જ્યારે અધ્યાત્મવાદી ગણાતા આપણા દેશમાં વિજ્ઞાન તો દુર રહ્યું, પણ જ્ઞાન, પ્રજ્ઞાન પણ વીસરાતું જાય છે અને અધ્યાત્મિક વિદ્યા "હતી" બની ગઇ છે. આપણે ત્યાં ધાર્મિક અભ્યાસ માટેના પુસ્તકાલયો વિદ્યમાન નથી. અગાઉના હતા ત્યાં પણ તાળાં દેવાયાં છે. હાલમાં દેશના વિદ્વાનોનું લક્ષ્ય તે દિશામાં કંઇક ગયું છે અને કોઇ કોઇ સ્થળે શુભ શરૂઆત થતી જોવામાં આવે છે. ખુદ સાધુઓ પાસે પોતાના નિત્ય બપના પુસ્તકો નથી હોતા. એક વિદ્વાનેચ્છુ સાધુએ ઉચ્ચાર્યું હતું કે 'અમારૂં જ્ઞાન તાજુ, તુલનાત્મક અને નિર્ભેળ કયાંથી રહે? અમે વિદ્વાન કેમ થઇ શકીએ? અમારી પાસે થોડાં પુસ્તકો છે કે અભ્યાસ કરીએ? અમારા માટે એવી વ્યવસ્થા પણ કયાં છે કે જેનો આશરો લઇએ?' આ વાત આજે સાચી છે. સમાજની કેળવણી વિષયક આજની સ્થિતિ જોતાં જરૂર લાગે છે કે દરેક કેળવણી તેમજ ધાર્મિક સંસ્થાને પોતાની વિશિષ્ટ અભ્યાસ માટેની લાયબ્રેરી હોવીજ જોઇએ અને રેફરન્સ લાયબ્રેરીઓ વિશેષ પ્રમાણમાં ઉઘડવી જોઇએ જે પ્રજામાં સાચા જ્ઞાનની આશા રાખતા હોઇએ તો.

(૨) પ્રજાગણને ઉપયોગી સામાન્ય માહિતી તેમજ મનોરંજન કરે તેવાં પુસ્તકો ધરાવતી અને વર્તમાનપત્રો પૂરાં પાડતી લાઇબ્રેરીઓ અને વાંચનાલયોઃ— સામાન્ય પ્રજા આવાં પુસ્તકાલયોનો ખૂબ લાભ લે છે અને જ્યારથી જગતના રંગો નિત્ય બદલતાં થયાં છે ત્યારથી રોજે રોજની હકીકતો જાણવાની જીજ્ઞાસા અને ચાલુ પ્રશ્નો છણતાં પુસ્તકો, નવલકથાઓ, નવલિકાઓ, જીવનવૃતાંતો અને રાજકીય, સામાજિક આર્થિક અને ધાર્મિક પ્રશ્નો ઉપર લખાયલાં પુસ્તકો વાંચવાની રસવૃત્તિ જાગી છે. પ્રજાજાગ્રતિનું અગત્યનું કામ આવાં પુસ્તકાલયો બજાવે છે. પુસ્તકો તેમજ પત્રોની પસંદગી ઉપરજ હેતુની સફળતાનો આધાર છે. આવી લાઇબ્રેરીઓ સહેલાઇથી ઉપયોગી માહીતી મળે તેવા નકશાઓ, માહિતીપત્રો, ચિત્રો, પુસ્તકોની યોગ્ય વિભાગવાર બરાબર ગોઠવણ અને વાંચનારને માર્ગદર્શન મળે તેવી ગ્રંથાલયના વ્યવસ્થાપકની ગ્રંથપાળની તત્પરતા ખરેખર ગ્રંથાલયને વધુ આકર્ષક, ઉપયોગી અને વ્યાપક બનાવી શકે છે. દૈનિકો કે થોડા વખતે કાઢી નાખવા જેવા પત્રોમાંથી અમુક વખતે તેમાંથી ઉપયોગી લેખો કે વાંચનનાં કટીંગો કાઢી વિષયવાર પેઇસ્ટીંગ ફાઇલમાં સંગ્રહવામાં આવે તો ભવિષ્યમાં રેફરન્સ માટે ઉપયોગી સામગ્રી વગર ખર્ચે જળવાય રહે અને અભ્યાસીઓને ઉપયોગી નીવડે. લાઇબ્રેરીયન કે સંચાલકોની થોડી કાળજી આ કામ સહેલાઇથી કરી શકે.

આપણા આજના કહેવાતા ગ્રંથાલયોઃ—આપણે ત્યાં થોડાં કબાટો, પુસ્તકો, છાપાં, પડેલાં ટેબલો અને વગર તૈયારીએ બેઠેલો એક આદમી એટલે લાઇબ્રેરી પૂર્ણ થઇ જાય છે. લાઇબ્રેરીના સંચાલકો કે આશ્રયદાતાઓ તેથી કૃતકૃત્યતા અનુભવે છે. પણ આ બ્યાંજળી નથી. લાઇબ્રેરીમાં વાંચવાનું માનસ જન્માવે અને જાગ્રત રાખે તેવું વાતાવરણ, સુઘડ આંગણું, કલાત્મક દ્રષ્ટિ, બાળકો, સ્ત્રીઓ અને સામાન્ય જનો તેમજ અભ્યાસીઓ માટે અલગ અલગ વિભાગો અને તે મુજબની ચોપડીઓ, પત્રો વગેરેની યોજના આ યુગમાં પુસ્તકાલય વાંચનાલયનું અંગ ગણાવું જોઇએ.

અહિં સ્થળ, સાધન અને સુરૂચિના અભાવે જેવા તેવા સ્થળોમાં જેવી તેવી રીતે ગ્રંથાલયો ચલાવાય છે. ગમે તેવા માણસને ગ્રંથપાળ બનાવી તેનો વહિવટ સોંપાય છે અને પરિણામે કંઈ દેખાતું નથી એ વાતનો ખટકો કેળવણીનો પ્રચાર કરવા ઇચ્છતી જનતાને જરૂર હોવો જોઇએ, જો કેળવણીને સર્વાંગી અને વ્યાપક બનાવવી હોય તો. યુગની તાસીર પ્રમાણે પ્રજાના ભિન્ન ભિન્ન સંપ્રદાયો કે વર્ગો સૌને પોતાના અહેવાલોમાં બતાવવા પૂરતી અનેક સંસ્થાઓની સાથે પુસ્તકાલય જેવી સંસ્થા પણ હોવી જોઇએ એવો મિથ્યા મોહ જાગ્યો છે. પણ તેના વિકાસ માટેની મમતા જોઇએ તેવી જાગી નથી એટલે તે બીચારી સંસ્થા કોઈ છાને ખૂણે મરતી મરતી જીવે છે. આ વાત તરફ પ્રજાનું ધ્યાન ખેંચું છું કે સૌ પોતપોતાના હસ્તકની સંસ્થાઓનું નિરીક્ષણ કરી લે, ગામમાં રાજ્ય કેળવણીની સંસ્થાઓ પણ જ્યાં મરતાં મરતાં ચલાવે છે ત્યાં તેની પાસેથી સમૃદ્ધ પુસ્તકાલયની ખર્ચ કરાવનારી સંસ્થાની શી આશા રાખી શકાય? જેમ દરેક ગામને પોતાનાં દેવસ્થાનો, ઠાકરચોરો, ગોંદરો અને ભિન્ન ભિન્ન ન્યાતોને પોતાની સંસ્થા હોય છે તેમ ગામને એક પુસ્તકાલય હોવું જ જોઇએ એ વાત આ યુગમાં જરૂર સ્વીકારવા જેવી છે.

(૩) ફરતાં પુસ્તકાલયોઃ—આપણે ત્યાં પુરૂષોમાં વાંચવાની વૃત્તિ જાગી છે. સ્ત્રીઓમાં તે જગવવી પડે તેમ છે. છતાંય નવા યુગના આંદોલનો તેને પણ અડકયાં છે. તે જ્ઞાન મેળવવા કરતા પણ વખત ગાળવા માટે કંઇક વાંચવા માંગે છે, પણ લાજ શરમનો ભ્રામક ખ્યાલ તેઓને પુસ્તકાલયોમાં જઇ વાંચવા કે પુસ્તકો લેવા જવા દેતો નથી. ઉપરાંત દિવસભર ઘરની બહાર રહી કામ કરતા માણસો પુસ્તકો મેળવી શકતા નથી તેમજ ઘણાં સ્થળે પુસ્તકાલયો નજદીક હોતા નથી. તેઓ

સૌને માટે પણ જાગ્રતિના યુગમાં કંઇ કર્યા વિના ચાલી શકે તેમ નથી. તેથી તેઓ વાંચ્યા વિના રહે કે જેવું તેવું વાંચે તે કરતાં તેમની શક્તિ અને ઉપયોગની દ્રષ્ટિએ પસંદગી કરેલાં પુસ્તકોની પેટીઓ પુરી પાડવાની યોજના ખુબ આવકારદાયક હોય છે. પોતાના પછાત રહેલા શ્રમજીવી ભાંડરડાઓને, બાજુના નાના ગામડાઓને આ રીતેજ ઉપયોગી થઇ શકાય. આ યોજના આજે ઘણાં સ્થળોએ હાથ ધરવામાં આવી છે. તેનો ઠીક લાભ લેવાય છે. પણ જોઇએ તેવી વ્યાપક બની નથી. તે તરફ પુસ્તકાલયપ્રવૃત્તિના પ્રવર્તકોનું ધ્યાન ખેંચું છું.

એકીકરણની યોજના:—પ્રાન્ત-પ્રાન્તની ન બની શકે તો ગામની બધી લાયબ્રેરીઓનો સમન્વય થઇ શકે અગર તો તેનું એકીકરણ થઇ શકે તો તે કરવામાં આર્થિક અને ઉપયોગ તેમજ વિકાસની દ્રષ્ટિએ ખુબ લાભ થઇ શકે. નાની નાની ગામની રમકડાંઓ જેવી લાયબ્રેરીઓ ઓછા ખરચે ચલાવવા માટે જેવા તેવા પુસ્તકોની ખરીદી કરી કે મેળવી ખરાબ સાહિત્ય પ્રજાને આપી દે તે ઉપયોગની દ્રષ્ટિએ ઇષ્ટ નથી.

પુસ્તકાલય પ્રવૃત્તિનો અંતર્ગત હેતુ:—લાયબ્રેરીઓ માત્ર મફત કે સસ્તુ વાંચન આપનારી સંસ્થા વાસ્તવિક રીતે નથી. પણ પસંદ કરેલું, સુંદર, ઉપકારક સાહિત્ય સસ્તું અને મફત પુરું પાડનારી અને અભ્યાસક વૃત્તિ વિકસાવનારી પ્રવૃત્તિ છે. બાળ, વૃધ્ધ, સ્ત્રી અને પુરૂષ સૌને કેળવનારી સંસ્થા છે. અહેવાલોમાં માત્ર ગણાવી સસ્તો આત્મસંતોષ મેળવી લીધા જેવી તકલાદી પ્રવૃત્તિ નથી. પાંચ પંદર માણસો આવીને લડાઇના સાચા ખોટા ખબર જાણી જાય કે બજારની ઉથલ પાથલના આંકડા જોઇ જાય કે થોડાંક નવલકથા કે નવલિકાના પુસ્તકો લઇ જાય અને માસ કે વર્ષ આખરે હાજરી આપનારની સંખ્યાનો મોટો આંકડો દેખાઇ જાય તેથીજ આપણે ખરી રીતે ખુશ થવાનું કે કૃતકૃત્યતા અનુભવવાનું નથી. આ પ્રવૃત્તિની પાછળ જનકેળવણીનો તેના સંસ્કાર અને સમજવૃદ્ધિનો મહાન ઉદ્દેશ પડયો છે. પુસ્તકાલય અને વાંચનાલયની પ્રવૃત્તિથી કેટલા અભ્યાસીઓની અભ્યાસક વૃત્તિને પોષણ અપાયું, કેટલાની દ્રષ્ટિ અને સામાન્ય સમજ નિર્મળ અને સ્પષ્ટ કરવાનું બની શકયું, કેટલાને તેના અંગત સમજણના અજાણ્યા ખૂણામાંથી કાઢી જગતની વચ્ચમાં મૂકવા જેવા બનાવ્યાં, કેટલા ન વાંચનારાને વાંચતા કર્યા અને એ રીતે પ્રૌઢ શિક્ષણની દિશામાં પ્રગતિ કરી દેશની નિરક્ષરતા કાઢવા ઉપયોગી બન્યા અને સાહિત્ય વિષયક બાબતમાં પ્રજા પાસે સાચી સાહિત્ય પ્રવૃત્તિ અને દૃષ્ટિ રજુ કરી તેમાંજ આવી પ્રવૃત્તિની સફળતા રહેલી છે.

પુસ્તકાલય સાથેની અન્ય સહપ્રવૃત્તિઓ:—આ દિશામાં વધુ વિકાસ કરવો હોય તો આવી પ્રવૃત્તિની સાથોસાથ સાહિત્યકારોની સેવા પણ આવી સંસ્થાઓ માટે મેળવી હસ્તલિખિત સામયિકો, વાંચનસાર લેખન વિભાગ, પત્ર મંડળ, લેખક મંડળ, સમાલોચન વિભાગ જેવી પ્રવૃત્તિઓ પણ યોજવી જોઇએ. પ્રાસંગિક વિવેચનો, ચર્ચાઓ, વાર્તાલાપો, નિરક્ષરતા ટાળવા માટેની રાત્રીશાળા, મજુરશાળા જેવી યોજના અને ભિન્ન ભિન્ન ભાષા શીખવવા માટેના વર્ગો વગેરે પ્રવૃત્તિ પણ આ પુસ્તકાલય પ્રવૃત્તિને ખૂબ ઓપ આપી સારી કેળવણીના સંસ્થા બનાવી શકશે. આટલું સામાન્ય પુસ્તકાલયના સબંધમાં કહ્યા પછી આ સંસ્થાને કંઇ વિશેષ કરવાપણું રહેતું નથી. કારણ કે એક આદર્શ પુસ્તકાલય પ્રવૃત્તિને અંગે મેં રજુ કરેલા વિચારો અને સુચનાઓમાં આ સંસ્થા માટેની વિચારણા અને સુચનાઓ સહજ આવી જાય છે. હવે મારે જે કંઇ કહેવું છે તે સ્થાનિક પ્રજાજનોને.

સ્થાનિક જનતાને:—આપણું ઘાટકોપર જનસંખ્યા, ક્ષેત્ર વિસ્તાર અને નાતજાતની બાબતમાં ઘણું મર્યાદિત અને સહેલાઇથી સંભાળી શકાય તેવું પરું છે. તેની પાછળ દાન-સેવાનો નાનકડો ઉજળો ઇતિહાસ છે. તેને એક આદર્શ ગામ બનાવી શકાય તેવા આર્થિક સંજોગો છે. છતાં પણ તે તેવું નથી બની શકયું તે નવાઇની વાત છે! આની પાછળ ખાસ તત્વો હશે, જેની ઝીણવટમાં ઉતરવાની આ ઘડીયે જરૂર નથી. પણ એટલું કહીશ કે જો પ્રજામાં અને સંસ્થાના કાર્યકર્તાઓમાં એકરૂપતા, એકનિષ્ઠા, એકદીલી, ખેલદીલી અને ગામ માટે સર્વોદયની ભાવના હોય અને સંસ્થાના સંકુચિત મોહ કરતા કાર્ય અને સાધ્ય માટે કલ્યાણકારી મમતા હોય તો આદર્શની ભાવના સિધ્ધિ કાંઇ કઠીન નથી. સંસ્થાનો મોહ સર્વોદયની ભાવના સાથે હોય તો જરૂર સંસ્થાને વિકસાવી વધુ ઉપયોગી બનાવે. પણ જો સર્વોદય અને એકીકરણની બન્ને ભાવના સાથે હોય તો તેમાંથી આદર્શ વિશાળકાય, અને આર્થિક દ્રષ્ટિએ ફાયદાકારક બને. અને આ બન્ને ભાવના વગરનો સંસ્થાનો સંકુચિત મોહ પક્ષાપક્ષી, ખોટી હરીફાઇ ઉભી કરી સંસ્થાને પાંગળી બનાવે. હું આક્ષેપ નથી કરતો પણ ઇચ્છું છું કે કાર્યકર્તાઓ વધુ ખેલદીલ બને તો જે ખર્ચ અને સાધનથી આજે કાર્ય થઇ રહ્યું છે તે કરતાં ઘણું વધારે કાર્ય તેટલાજ ખર્ચે થશે એ નિર્વિવાદ વાત છે.

જેમ એક વખતના મંદિરો માટેના મિથ્યા મોહે અનેક સ્થળે ખપના અને ખપ વગરના મંદિરો ઉભા કરાવ્યાં, તેની પાછળ પ્રજાનું દ્રવ્ય હોમાવ્યું, જતે કાળે તેની મરામત પણ થઇ શકે તેવી તેવડ કે ઇચ્છાશક્તિ પણ ન રહ્યાં, એટલે એ રીતે મંદિરો, મંદિરભક્તિ અને જનતાનું દ્રવ્ય ગયાં અને મંદિર પાછળનું હાર્દ વિસરાયું તેમ એક નાનકડા સ્થળમાં એકજ ઉદ્દેશથી ઉભી થતી ઘણી સંસ્થાઓની લાંબે કાળે આજ સ્થિતિ થાય છે. પ્રજા અને સંચાલકો બન્ને થાકે છે. સંસ્થા અહેવાલી સંસ્થા બની ચેતનહીન બને છે. અને ખોટી હરીફાઇમાં આગળ આવવા તકલાદી કાર્યો જનતાને બતાવવા પડે છે. સ્થાનિક જરૂરીયાત, સ્થિતિ અને શક્તિના બરાબર ખ્યાલથી જનતા પોતાની બધી ભિન્ન ભિન્ન સંસ્થાઓનું એકીકરણ કરે તો નાની નાની રમકડાં જેવી સંસ્થાને બદલે વધુ સમૃદ્ધ સંસ્થા ગામને મળે અને ગામ આદર્શ ગામ બની શકે. પણ સંસ્થાના મોહમમતાનાં પડળ કયારે ખરે? કયારે સર્વોદયની ભાવના પ્રગટે?

ઘાટકોપરને નાની નાની નાનકડા રૂમમાં ચાલતી થોડીક મીનીચેચર લાયબ્રેરીઓ છે, જ્યારે પ્રજાની જરૂરિયાત વધુ સમૃધ્ધ પુસ્તકાલય માટેની છે. જો અનેક નાની નાની લાયબ્રેરીઓ એક થઇ જાય અને સૌના સમગ્ર બળથી એક સંપૂર્ણ આધુનિક સાધનસંપન્ન સંસ્થા તેમાંથી તૈયાર કરી શકાય તો પુસ્તકાલય પ્રવૃત્તિની પાછળ રહેલી ભાવના ખરેખરી રીતે મૂર્તિમંત બની શકે. બાકી તો અસ્સારની લાયબ્રેરીઓ લડાઇના ખબર જાણવા માટેની વાંચનની થોડી જેવી ચોપડીઓ આપનારી મામુલી સંસ્થા સિવાય વધુ કંઇ નહી બની શકે!

આ સંસ્થાના કાર્યકરો સંસ્થાને નવા રૂપમાં અને ઉપયોગી સ્વરૂપમાં જોવા ખૂબ ઉત્સુક છે. આજના આ પ્રસંગની પાછળ પણ તેજ હેતુ છે. જનતા તેને ટેકો આપે અને નાની નાની સંસ્થાઓનું એકીકરણ કરી તેને એક સ્વરૂપે વિકસાવે, જૈન સંઘ તેને રીપોર્ટમાં લખવા જેવીજ સંસ્થા લેખવાને બદલે ખરેખર ઉપયોગી સંસ્થા માની પોષે એવી વિનંતી છે.

સમાપ્ત. **વ્રજલાલ ધ. મેઘાણી**

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

બી બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

(પૃષ્ઠ ૧૨૪ થી ચાલુ)

પણ ફરજિયાત લેખવામાં આવતી નથી. સાધુ સંમેલનનું આ નિયમન જુન્નેર કોન્ફરન્સના ઠરાવનો કોઇ પણ રીતે વિરોધ કરતું નથી પણ તેના ઘણા અંશોનું સમર્થન કરે છે. જુન્નેર કોન્ફરન્સનો ઠરાવ પૂર્વ ભૂમિકા છે. સાધુ સંમેલનના ઠરાવો તેનું સ્વાભાવિક પરિણામ છે.

દીક્ષાને લગતો બીજો ઠરાવ પૂર્વોકત સાધુ સંમેલન બાદ તુરતમાં જ મુંબઇ ખાતે મળેલ કોન્ફરન્સના અધિવેશને કર્યો છે. આ ઠરાવ સાધુ સંમેલનના ઠરાવોને વધાવી લે છે અને સાથે સાથે કેટલીક બાબતોમાં સ્પષ્ટતા માંગે છે. આ ઠરાવ પણ સાધુ સંમેલનના ઠરાવો સામે નાની સરખી પણ પ્રતિકુળતા દાખવતો નથી.

ત્રીજી બાબત ૧૯૩૧ માં બાળદીક્ષાની અટકાયત કરતો નામદાર ગાયકવાડ સરકારે કાયદો કર્યો તે કાયદાને તે કાયદો અમલમાં મુકાયો તે પહેલાં મુંબઇમાં મળતી કોન્ફરન્સની સ્થાયી સમિતિએ અનુમોદન આપ્યું હતું તેને લગતી છે. આ અનુમોદન સાધુ સંમેલનનું પુરોગામી હતું એમ છતાં કેટલાક સ્થિતિચુસ્ત ભાઇઓને આ અનુમોદન ખુબ જ ખુંચતું હતું અને તે પાછું ખેંચી લેવામાં આવે તો જ તેઓ કોન્ફરન્સને સાથ અને સહકાર આપી શકે એમ તેમના તરફથી જણાવવામાં આવતું હતું. ઐકય સમિતિના ઠરાવો ૧૯૪૨ ના જાન્યુઆરી માસમાં કરવામાં આવ્યા. ૧૯૪૩ ના એપ્રીલ માસમાં મળેલી મુંબઇની સ્થાયી સમિતિએ કેટલાક સ્થિતિચુસ્ત ભાઇઓની દૃષ્ટિએ અત્યન્ત વાંધા પડતું એવું ગાયકવાડના કાયદાને અપાયેલું અનુમોદન રીતસર ઠરાવ કરીને રદ કર્યું. આજે આપણે ૧૯૪૫ ના એપ્રીલ માસમાં મળીએ છીએ. ઐકય સમિતિના ઠરાવો ઘડાયાને આજે ત્રણ વર્ષ ઉપર મુદત થવા આવી છે. આજે સાધુ સંમેલનના ઠરાવોને બાધક એવી એક પણ હકીકત અસ્તિત્વ ધરાવતી નથી કે જેને રદ કરવાની જરૂર છે એમ કોઇ પણ કહી શકે. એમ છતાં આજે આ ઠરાવ શા માટે લાવવામાં આવે છે અને સાધુ સંમેલનના આગળ અને પાછળ પૂરક એવા આ કોન્ફરન્સના ઠરાવોને શા માટે પાછા ખેંચી લેવાનો આગ્રહ કરવામાં આવે છે એ સમજી શકાતું નથી. કરેલા ઠરાવો પાછા ખેંચી લેવા પડે એ સ્વમાન ધરાવતી સંસ્થા માટે નાક કપાવવા બરોબર લેખાય. વળી કોન્ફરન્સના ઠરાવો પાછા ખેંચી લેવાની ગેરવ્યાજબી માંગણી શા માટે કરવામાં આવે છે? મુનિ સંમેલનના ઠરાવોને વધાવી લેવા માટે? હું પૂછું છું કે એ મુનિ સંમેલન આજે કયાં છે? એના ઠરાવો આજે કોણ પાળે છે? એ ઠરાવોનો ૧૯૩૪ થી આજ સુધીમા તે સંમેલનમાં ભાગ લેનાર અગ્રગણ્ય આચાર્યોએ તેમજ કેટલાય સાધુઓએ આજ સુધીમાં કેટલીયે વાર છડેચોક ભંગ કર્યો છે. તેમને આજ સુધીમાં કોઇએ પૂછ્યું છે કે તેમની જરા પણ કદિ ખબર લેવામાં આવી છે? સાધુ સંમેલન એ આજથી અગિયાર વર્ષ પહેલાં બનેલી ભૂતકાળના પેટાળમાં સમાઇ ગયેલી એક ઘટના છે. તેને આગળ ધરીને કોન્ફરન્સના ઠરાવોને રદ કરવાનું કહેવું એ નર્યું તુત છે, સ્વ અને પરની વંચના છે.

આવા વિચિત્ર અને ઢંગા ઠરાવ પાછળ અમને એક જ મનોદશા દેખાય છે. આપણામાં એવો એક વર્ગ છે કે જે સાધુઓની ચાલી રહેલી દીક્ષાપ્રવૃત્તિના કશા પણ નિયમનમાં માનતો નથી, જેમનું એવું ધારવું છે કે દીક્ષા એ ધાર્મિક સવાલ છે અને એમાં આપણે શ્રાવકોએ બીલકુલ વચ્ચે પડવું ન જોઇએ અને સાધુઓને ફાવે ત્યાં ઠીક પડે તેને દીક્ષા આપી દેવાની છુટ હોવી જોઇએ. દીક્ષા સંબંધી નાનું મોટું નિયમન સૂચવનાર કોન્ફરન્સના ઠરાવો રદ કરવાનું કહેવું અને તે માટે ભૂતકાળમાં વિલીન થયેલ સાધુ સંમેલનના ઠરાવોને આગળ ધરવા એ પાછળ સાધુઓની દીક્ષા પ્રવૃત્તિને કેવળ નિરંકુશ બનાવવા સિવાય અમને બીજી કોઇ મનોદશા કે બીજું કોઇ પરિણામ દેખાતું નથી.

અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે અમે કોઇ સંયમના વિરોધી નથી; દીક્ષાના વિરોધી નથી. ધર્મની રક્ષા ખાતર સાચા ત્યાગી સાધુઓની ખૂબ જ જરૂર છે એમ અમે પણ માનીએ છીએ. પણ જે આવ્યું તેના યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા સિવાય અપાતી દીક્ષા સામે અમારો વાંધો છે. અમને સાધુઓની સંખ્યાનો જરા પણ મોહ નથી. અમને ગુણનો આગ્રહ છે. કહેવાતા પાંચસો કે પાંચ હજાર સાધુઓ કરતાં સાચા પચ્ચીસ સાધુઓ વધારે કીંમતી છે એમ અમે માનીએ છીએ અને તેથી દીક્ષા લેનાર ઉમેદવારની પુરી યોગ્યતા પુરવાર થયા બાદ તેને દીક્ષા અપાવી જોઇએ એવો અમારો આગ્રહ છે. બાળ દીક્ષા સામેનો અમારો વિરોધ પણ તેજ કારણે છે. જ્યાં સુધી દીક્ષા સંબંધી કડક નિયમન કરવામાં નહિ આવે ત્યાં સુધી સાધુ સંસ્થાનો સડો વધતો જ જવાનો છે, અને એ સંસ્થાનો ઉદ્ધાર કદિ શકય બનવાનો નથી.

હવે ઐકય સમિતિના બીજા ઠરાવની આલોચના કરીએ. એ ઠરાવ સાંપ્રદાયિક સંકીર્ણતાથી ભરેલો છે, ધાર્મિક બાબતોમાં કાળે કાળે જરૂરી બનતી સુધારણાઓનો વિરોધ કરે છે અને ધાર્મિક પ્રશ્નો સંબંધી સ્વતંત્ર વિચારણા અને ચર્ચાની અટકાયત કરે છે. આપણા ધર્મને આપણે હંમેશાં 'જૈન ધર્મ' ના વિશાળ નામથી ઓળખતા આવ્યા છીએ; આ ઠરાવ 'જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મ' એવા વિશિષ્ટ નામાભિમાનથી આપણા ધર્મની વિશાળ અને વ્યાપક કલ્પનાને વિનાકારણ મર્યાદિત કરે છે. ધાર્મિક અનુષ્ઠાનો કાળે કાળે બદલાતા આવ્યા છે અને આજે પણ જે નિયિચર્ચા આપણા સમાજને ક્ષુબ્ધ કરી રહી છે તે પણ આ હકીકતને પુરવાર કરે છે. પ્રચલિત અનુષ્ઠાનો માન્ય રાખતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એવો ઐકય સમિતિનો ઠરાવ આદેશ કરે છે અને આ પ્રચલિત અનુષ્ઠાનો વિરૂદ્ધ જૈન સંસ્થાના આગેવાન અધિકારીઓએ કશું બોલવું કે લખવું નહિ એવો આદેશ કરે છે. આવો દેશ કાલની સંપૂર્ણ અવજ્ઞા કરતો અને ધાર્મિક ઇતિહાસની ઉપેક્ષા કરતો તેમજ વાણી સ્વાતંત્ર્યનું રૂંધન કરતો ઠરાવ આગલા ઠરાવની માફક કેવળ પ્રત્યાઘાતી છે અને કોન્ફરન્સને પીછેહઠ કરાવનારો છે એમ અમારૂં પ્રમાણીકપણે માનવું છે અને તેથી આ બન્ને ઠરાવો સામે અમારો ઉગ્ર વિરોધ છે.

આપણામાંના એક ભાઇ પૂછે છે કે અમે મહામહેનત કરીને બધા પક્ષો વચ્ચે સમજુતી થાય એવી એક ભૂમિકા નકકી કરી લાઇ આવ્યા તે તમે સ્વીકારતા નથી. તો પછી તમે આપણી સર્વ વચ્ચે સમજુતી થાય એવો કોઇ માર્ગ–એવી કોઇ ભૂમિકા–કેમ સૂચવતા નથી? આના જવાબમાં જણાવવાનું કે અમુક અગત્યના વિભાગને કોઇ પણ રીતે માન્ય થઇ ન શકે એવી વિચાર સરણીને સૌ કોઇ વચ્ચે સમજુતી થઇ શકે એવી ભૂમિકા તરીકે આગળ ધરવી એ મૂળથી જ ડહાપણનો માર્ગ નહોતો. આજે જ્યારે સાધારણ સમાજનો પણ આ બાબતમાં આટલો મોટો વિરોધ પ્રત્યક્ષ થઇ રહ્યો છે ત્યારે પણ આવા પ્રત્યાઘાતી ઠરાવોને આગળ ને આગળ ધર્યા કરવા એ એટલું જ અનુચિત અને બીનડહાપણભર્યું છે. આપણા મુરબ્બી આગેવાનોની ફરજ છે કે આ બધું નજરે નિહાળીને આ બાબત ઉપર તેમણે ફરીથી વિચાર કરવા મળવું જોઇએ અને સૌ કોઇને સ્વીકાર્ય બને એવી ભૂમિકા શોધી કાઢવા તુરત જ પ્રયત્ન હાથ ધરવો જોઇએ અને એવી ભૂમિકા શકય જ નથી એ કોઇ કહેતું હોય કે માનતું હોય તો તે બરોબર નથી. આજના આપણા જીવનના મર્મભાગને સ્પર્શતા અનેક સવાલો આગળ ઐકય સમિતિના ઠરાવોના ગર્ભમાં રહેલા પ્રશ્નો કેવળ મામુલી છે. આપણને જુદા પાડતી બાબતો બહુ જ થોડી અને બહુ જ નાની છે. આજે સળગતો પ્રશ્ન છે જૈન સમાજનો મોટો ભાગ જેનો બનેલો છે તેવા મધ્યમ વર્ગની પાર વિનાની મુંઝવણનો છે. તેમના ધંધા ભાંગી પડયા છે; બેકારી તેમને બાળી રહી છે; જીવનનિર્વાહનો પ્રશ્ન તેમને દિનરાત ગુંગળાવી રહેલ છે. આવા પ્રશ્નનો વિચાર કરવામાં, આવાં ભાઇબહેનોને રાહત આપવામાં આપણો કોઇ પણ વિચારભેદ આડે આવી શકતો નથી. ઐકય સમિતિના ઠરાવો આપણા મતભેદોને આગળ ધરે છે; સુતેલા પ્રશ્નોને જીવતા કરે છે; નૂતન વિચારનું મોહું શીવી લેવા માંગે છે. અમે કોઇ પણ સમજુતી ઉપર આવવાને તૈયાર છીએ. આજે સળગતા પ્રશ્નોનું દર્દ જેટલું

તમને છે તેટલું જ અમને છે. પણ જે કોઇ સમજુતી સાધવાનો પ્રયત્ન કરવામાં આવે તે પ્રયત્ન સફળ તોજ થાય અને આપણી વચ્ચે સ્થાયી એકતા તોજ પ્રતિષ્ઠિત થાય કે જો આપણે ભવિષ્યને ધ્યાનમાં રાખી વર્તમાનની ગુંચોનો વિચાર કરતા થઇએ. ઐક્ય સમિતિ ભૂત-કાળનાં પડો અને અસ્તરો ઉખેળે છે અને શમી ગયેલાં આપણી વચ્ચેનાં ધર્ષણો પ્રદિપ્ત કરે છે. સમજુતીનો આ માર્ગ ન હોય. બીજું આપણ સર્વ વચ્ચે ઉદારતાની ભાવના–પરસ્પર સાહિષ્ણુતાની વૃત્તિ–કેળવવી જોઇએ. નવા વિચારો તમે જે સાંભળી રહ્યા છો તે તમને ક્ષુબ્ધ કરતા હોય, તમારામાં ઉકળાટ પેદા કરતા હોય, તમારી ધાર્મિક વૃત્તિને દુભવતા હોય તો પણ તે વિચારો ધરાવતા તમારાં જ સંતાનો અને વારસ-દારો છે. તેમને અવગણીને તેમને ધુત્કારીને, તેમના પ્રત્યે ધૃણા દાખવીને તમે કોઇ માર્ગ કાઢી નહિ શકો. તેમને અપનાવતા શિખો. તોજ જુના અને નવા પરસ્પર હાથ મીલાવીને કામ કરી શકશે; કોઇ કાર્ય સાધી શકશે. આ માટે આવશ્યક છે ખુલ્લા દીલનું મીલન, ઉદારતાભરી ખેલદીલી, અને નહિ કે ચાર દિવસના આંદરણા જેવી ઉપર ઉપરની સરતી સમજુતી. આ વિચાર ભૂમિકા ઉપર આપણે બધા મળીએ, આપણા આજના સળગતા પ્રશ્નોનો સાથે બેસીને ઉકેલ વિચારીએ અને ચોતરફ વ્યાપી રહેલા દુઃખદાવાનળને ઓલવવા આપણું સંયુક્ત સામર્થ્ય ખરચીએ. આ ધોરણે જે કોઇ સમજુતીની વિચારણા ચલાવવામાં આવે તેમાં બને તેટલું નમતું આપવા હું અને મારો પક્ષ તૈયાર છે એટલું જ નહિ પણ અત્યન્ત આતુર છે. આ બધી બાબતો ધ્યાનમાં લઇને આજે રજુ કરવામાં આવેલા ઠરાવો સંબંધમાં તમારો પ્રમાણીક અભિપ્રાય આપવા મારી સર્વ ભાઇ બહેનોને વિજ્ઞપ્તિ છે.

કદાગ્રહનો પરાભવ

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશને ઐક્ય સમિતિના ઠરાવો સંબંધે સૌ કોઇને ચકિત કરે તેવો ચુકાદો આપી દીધો અને ૧૨૧૫ પક્ષમાં ૧૨૪૦ વિરૂદ્ધ મતે એ બન્ને ઠરાવો ઉડી ગયા. આ નિર્ણયનું તત્કાળ પરિણામ શાસન પક્ષના ગણાતા કેટલાક આગેવાન ભાઇઓના તત્કાળ ચાલી જવામાં આવ્યું અને આજ સુધી કોન્ફરન્સને સાથ અને સહકાર આપતા કેટલાક આગેવાન ભાઇઓનો ભાવી સહકાર શંકાસ્પદ બન્યો. બીજી બાજુએ કોન્ફરન્સની ભાવી કાર્યવાહીમાં નવા લોહીનો સંગીન ઉમેરો થયો અને કેટલાક વર્ગો કોન્ફરન્સ પ્રત્યે સ્વાભાવિક રીતે આકર્ષાયા. ઐક્ય સમિતિના ઠરાવો પસાર થવાના પરિણામે આખો સ્થિતિ-ચુસ્ત વર્ગ કોન્ફરન્સમાં સામેલ થશે એવી આશા આજે નષ્ટ થઇ છે. એમ છતાં પણ કોન્ફરન્સે આ વખતની પોતાની લોકશાસનને અનુકૂળ કાર્યવાહીથી અનેક યુવાન ભાઇબહેનોને આકર્ષ્યા છે અને સમાજમાં મોટી લાગવગ ધરાવતો કેટલોક વર્ગ સામેલ થયો છે. આ હકીકત ઉપરથી કોન્ફરન્સની ભાવી કાર્યવાહી વધારે સક્રિય અને પ્રાણવાન બનશે એમ જરૂર આશા રહે છે.

કોન્ફરન્સના છેલ્લા અધિવેશનમાં જે કાંઇ બન્યું છે તેનું સ્થુળ પરિણામ ઉપર મુજબ આંકી શકાય. એ જ ઘટના બીજી રીતે વિચા-રતાં અત્યંત મહત્વની છે અને સમાજ પ્રગતિની દૃષ્ટિએ આવકારદાયક છે એમ પણ આખી પરિસ્થિતિનો તટસ્થપણે વિચાર કરનારને લાગ્યા વિના નહિ રહે. ઐક્ય સમિતિના ઠરાવો સંબંધમાં મત ગણતરીએ આપેલો નિર્ણય જૈન શ્વેતાંબર સંપ્રદાયની બીજી સંસ્થાઓની અપેક્ષાએ કોન્ફરન્સની જે ખાસ વિશેષતાઓ છે તેને આગળ લાવે છે અને તેનું વિશેષતઃ સમર્થન કરે છે. આ કોન્ફરન્સ સર્વ પક્ષોને મળવાની સંયોગીભૂમિ છે. એ કોન્ફરન્સમાં બહુમતીથી નિર્ણય લેવામાં આવે છે અને એ રીતે લેવામાં આવેલો નિર્ણય કોન્ફરન્સને સમગ્રપણે બંધન-કર્તા બને છે. આ કોન્ફરન્સમાં કોઇ એક પક્ષની આપખુદીને અવકાશ નથી એમ છતાં પણ એવી આપખુદી સ્થપાય તો તે લાંબો વખત ટકી શકે તેમ નથી. આ બધી બાબતો આ અધિવેશનમાં બનેલી ઘટનાએ આરપાર સિદ્ધ કરી આપી છે. આ ઉપરાન્ત આ કોન્ફરન્સ નાની હશે કે મોટી, પાતળી હશે કે જાડી, થોડા વર્ગોનો સાથ હશે કે સર્વ વર્ગોનો, આ કોન્ફરન્સ કોમને પ્રગતિના માર્ગે લઇ જવાને સરજાયલી છે. તે ધીમા પગલાં માંડશે; બે ઘડિ ઉભી રહેશે, પણ કદિ પણ બે પાછાં પગલાં નહિ ભરે. એ બાબત પણ અદ્યતન ઘટનાથી પુરવાર થઇ ચુકી છે. ઐક્ય સમિતિના ઠરાવો કોન્ફરન્સના આજ સુધીના ઇતિહાસમાં કદિ નહિ બનેલી એવી પીછેહઠ કરાવનારા હતા. આ ઠરાવોને ફેંકી દઇને કોન્ફરન્સે પીછેહઠ કરવાની ચેષ્ઠા ના પાડી છે એટલું જ નહિ પણ જે બાબતના મહત્વ તરફ હજુ સમાજનું પુરૂં લક્ષ્ય ખેંચ્યું નથી એવા સાધુ સંમેલનને લગતા ઠરાવને વિષય વિચારિણી સમિતિમાં તેમજ અધિવેશનની ખુલ્લી બેઠકમાં સર્વાનુમતે પસાર કરીને આ કોન્ફરન્સે પ્રગતિની દિશાએ એક મહત્વનું આગળ પગલું ભર્યું છે. એ ઠરાવ નીચે મુજબ છે:—

"શ્રી સાધુ સંમેલને સને ૧૯૩૪ માં અમદાવાદ મુકામે દીક્ષા સંબંધી જે ઠરાવ કર્યો છે તેનું સર્વાંશે પરિપાલન સંપ અને શાન્તિ માટે ઇષ્ટ છે એમ આ કોન્ફરન્સ માને છે અને તે ઠરાવ પ્રમાણે જ દીક્ષા અપાય તે જોવાની પૂજ્ય મુનિવર્યોની તેમજ સર્વસ્થળોના સંઘો તેમજ આગેવાન તેમજ અન્ય પ્રતિષ્ઠિત સજ્જનોની ફરજ છે તે તેઓ અન્તઃકરણપૂર્વક સત્યનિષ્ઠાથી અદા કરે એવી આ કોન્ફરન્સ આગ્રહપૂર્વ ભલામણ કરે છે. આ ફરજપાલન પરત્વે એમને સતત જાગૃત રાખવા કોન્ફરન્સની સ્થાયી સમિતિએ પાંચ વ્યક્તિઓની એક સમિતિ નીમવી."

જે ભાઇઓએ ઐક્ય સમિતિના ઠરાવો ઉડી જવાથી અધિવેશન છોડી ચાલી જવાનું પસંદ કર્યું છે તેમનામાંના આગેવાન ગૃહસ્થો શ્રી. જીવતલાલ પરતાપશી, અમૃતલાલ કાળીદાસ; શ્રી. પોપટલાલ ધારશી, તેમજ શ્રી. નગીનદાસ કરમચંદે પણ વિષય વિચારિણી સમિતિમા આ પ્રસ્તાવને પુરો ટેકો આપ્યો હતો એટલું જ નહિ ખુલ્લા અધિ-વેશનમાં આ ઠરાવ પ્રમુખસ્થાનેથી મુકાય અને સર્વાનુમતે પસાર થાય ત્યાર બાદ આ ઠરાવની અગત્ય સમજાવવાનું કાર્ય શ્રી. સુરચંદ બદા-મીએ તેમજ શ્રી. અમૃતલાલ કાળીદાસે સ્વીકાર્યું હતું. આ હકીકત ખાસ નોંધ લેવા લાયક છે. કમનસીબે મતગણનરીના પરિણામે જે ક્ષોભ ઉત્પન્ન કર્યો અને કેટલાક ભાઇઓ ચાલી ગયા તેને લીધે અધિવેશનમાં આ ઠરાવની અગત્ય સમજાવવાનું કાર્ય થઇ શકયું નહિ એમ છતાં પણ સર્વાનુમતે કરવામાં આવેલ આ નિર્ણયના અમલમાં કોન્ફરન્સથી જુદા પડતા ભાઇઓ જો સહકાર આપશે તો એ સહકારમાંથી જ સૌ કોઇને એકત્ર કરવાનો કોઇ માર્ગ નીકળી આવશે એવી આશા અહિં અસ્થાને નહિ ગણાય.

આ પરિણામને યુવક પક્ષનો મહાન વિજય લેખવામાં અને વર્ણવવામાં આવે છે. જો ઐક્ય સમિતિના ઠરાવોનું પ્રત્યાઘાતી સ્વરૂપ પુરેપુરું લક્ષ્યમાં લઇને પ્રતિનિધિ ભાઇઓએ પોતાનો મત વિરૂદ્ધમાં આપ્યો હોય તો જરૂર યુવક પક્ષનો એ વિજય ગણાય. પણ અધિ-વેશન દરમિયાન ઉત્તરોત્તર બનેલી ઘટનાઓ, આ ઠરાવો બને ત્યાં સુધી સર્વાનુમતે જ સ્વીકારાવા જોઇએ એવો આગ્રહ ધરાવનાર કેટલાક ભાઇઓએ કરેલા સભ્યતાવિરોધી દેખાવો, કોઇ પણ પ્રકારની સમજુતી, બાંધછોડ વિચારવાની જ ના, ઐક્ય સમિતિના ઠરાવોમાં કાનો માત્ર પણ ફરી ન જ શકે એવો તેમના તરફથી દાખવવામાં આવેલો કદાગ્રહ–આ બધા તત્ત્વોએ મત આપનાર પ્રતિનિધિ ભાઇઓ ઉપર ગંભીર અસર નીપજાવી અને ઠરાવોને ટેકો આપવાનો નિર્ણય કરીને આવેલા કેટલાય ભાઇઓને પ્રતિકૂળ બનાવી દીધા. પરિણામે જે નિર્ણયની કોઇ પણ પક્ષને કલ્પના ન હોતી એવો નિર્ણય સૌ કોઇની સમક્ષ રજુ થયો. આ નિર્ણય સૌ કોઇએ શાન્તિ અને સમભાવથી સ્વીકારી લેવો જોઇતો હતો. પણ કેટલાક ભાઇઓને તે ન રૂચ્યું અને ભીષણ કોળાહલ પૂર્વક તેઓ અધિવેશન છોડીને ચાલી ગયા. આ રીતે આ વિજય યુવક પક્ષનો છે એમ કહેવા કરતાં આ પરાભવ કદાગ્રહનો–તુમાખીનો છે–એમ કહેવું વધારે ઉચિત છે. આ રીતે વિચારતાં પોતાનો ભારે વિજય થયો છે

એમ માનીને મલકાઈ જવાનું યુવક પક્ષને કશુંજ કારણ નથી. પોતાના વિચારનો સ્વીકાર થયેલો જોઇને બે ઘડિ આનંદની લાગણી અનુભવાય અને એકમેકને અભિનંદન આપવા મન થઇ આવે એ માનવમાત્રમાં રહેલા અહંને સ્વાભાવિક છે. પણ મતનિર્ણયના પરિણામે કેટલાક આગેવાન ભાઇઓ નવી પરિસ્થિતિને સમભાવથી સ્વીકારી લેવાને બદલે ચાલી ગયા એ ઘટના ઇચ્છવા યોગ્ય બની નથી એ તો સૌ કોઇએ કબુલ કરવું પડશે. આ સંબંધમાં એ વખતે પણ સૌ કોઇના દિલ ઉપર એક સરખી ગ્લાનિ છવાયલી જોવામાં આવતી હતી. પણ આ બાબતનો વિશેષ પરિતાપ પણ શું કરવો ? યુવક પક્ષ આ બાબતમાં બને તેટલું નમતું આપવાને તૈયાર હતો, પણ સામેથી હાથ લંબાવવાની જ ના હતી એનું શું થાય ? વિધિની ઘટનાની કોને ખબર છે ? આ દેખાતા ભંગાણ પાછળ બળાબળનું સાચું ભાન અને તેમાંથી ઉદ્‌ભવતી સાચા દિલની એકતા નિર્માયલી નહિ હોય એમ માની લેવાને કશું જ કારણ નથી. ઐક્ય સમિતિની આમૂળ હીલચાલ યુવક પક્ષની–સુધારક પક્ષની –સદન્તર ઉપેક્ષા કરીને સ્થિતિચુસ્ત પક્ષને બને તેટલી રીઝવવાની હતી. આ આખી હીલચાલનો પાયો કેટલો ખોટો હતો તે આ ઐતિહાસિક અધિવેશને પુરવાર કરી આપ્યું છે. આ ઉપરથી જૈન સમાજના આગેવાનોએ અગણ્ય ગૃહસ્થોએ–પુરો ધડો લેવો ઘટે છે. નવી પેઢીનો અનાદર કરીને પોતાનો વ્યાપાર વધારવાની આકાંક્ષા સેવનાર જુની પેઢીના નસીબે નિષ્ફળતા અને દેવાળું જ લખાયલું છે એ સૌ કોઇ સમજી લે. જે નેતાઓ આ વસ્તુસ્થિતિને બરોબર સમજશે અને તે ધ્યાનમાં રાખીને કોમના વિવિધ બળોને એકત્ર કરવા અને સમન્વિત બનાવવા પ્રયત્ન આદરશે તેઓ જ સાચી એકતા જન્માવી શકશે અને તેમના નેતૃત્વ નીચે જ કોમ પ્રગતિના માર્ગે આગળ ગતિમાન થઇ શકશે.

સમગ્રપણે નિહાળતાં ઐક્ય સમિતિના બે ઠરાવોને અસંમત કરીને કોન્ફરન્સે પોતાના સ્વત્વની ભારે રક્ષા કરી છે અને પોતાના ગૌરવને અનેક રીતે વધાર્યું છે. એ ઠરાવો પસાર થયા હત તો બધા પક્ષો તત્કાળ એકત્ર થયા હત અને સંભવ છે કે જૈન સમાજને લાભ થાય એવાં બે પાંચ કાર્યો માટે બે અઢી લાખ રૂપીઆ કદાચ એકત્ર થઇ શકયા હત. તત્કાળ દેખાતો આ લાભ કોન્ફરન્સે અને સમાજે ગુમાવ્યો છે, પણ કોઇ નવા વિચારની પ્રતિષ્ઠા કરવી હોય અથવા તો કોઇ અઘટિત અને પ્રત્યાઘાતી પ્રસ્તાવનો સમુહગત સામનો કરવો હોય ત્યારે આવા તત્કાળ લાભની સંભાવનાને ગુમાવવાનું જોખમ આવી મહાન સંસ્થાએ ખેડવું જ રહ્યું. બીજી બાજુએ એ આર્થિક લાભ તો કોન્ફરન્સ દ્વારા નહિ તો બીજી રીતે અને બીજા કોઇ પ્રસંગે સમાજને મળી જ રહેવાનો. બળાબળના પુરા ભાન સિવાયની એટલે કે પોત-પોતાની મર્યાદાના સાચા ખ્યાલ સિવાયની એકતા ઉપરછલીજ રહેત અને ચાલુ અભિનિવેશોને આઘાત પહોંચાડે એવા બીજા કોઇ વિચાર કે પ્રસ્તાવની અથડામણમાં આવતાં આવી એકતાને ટકાવી રાખવાનું અત્યંત મુશ્કેલ બનત. આજના સામુદાયિક સંમેલનોમાં આપખુદી, કાનો માત્રા પણ ફરી ન શકે એવી હુજ્જત, આગેવાન સ્થાન ભોગવતી વ્યક્તિઓ ફાવે તેમ બોલી કે વર્તી શકે એવું ધમંડ, કોઇ પણ અગત્યના વર્ગની ઉપેક્ષા–આ બધું ચાલી ન જ શકે. પોતાના અમુક અભિપ્રાયને ચોતરફથી ગમે તેટલું સમર્થન મળતું હોય તો પણ આવા સામુદાયિક સંમેલનમાં એ અભિપ્રાયને મતપ્રદાનની કસોટીએ ચઢાવતાં બહુમતી મળશે જ એવી લોકશાસનના આ જમાનામાં કોઇથી પણ કોઇને ખાત્રી આપી ન જ શકાય. કોઇ પણ વિચારને લોકસ્વીકૃત કરાવવો હોય તો તે વિચાર પાછળ સત્યનું બળ હોવું જોઇએ, તે વિચારને વ્યકત કરતી વાણી સ્પષ્ટ, નિડર છતાં સૌમ્ય અને નિર્મળ હોવી જોઇએ અને તે વિચારને રજુ કરનારના વર્તનમાં પુરી નમ્રતા અને સામા પક્ષની મુશ્કેલી સમજી લેવાની તાકાત તેમજ તત્પરતા હોવી જોઇએ. આવા અનેક બોધપાઠો શિખવનાર કોન્ફરન્સના આ અધિવેશને સમાજના કાર્યકર્તાઓને ભવિષ્ય માટે અત્યંત ઉપયોગી માર્ગદર્શન કરાવીને ઘણી મોટી અને ચરસ્મરણીય સેવા સાધી છે, જેના પ્રમાણમાં તત્કાળ થયેલું નુકસાન ઘણું નજીવું છે. આ અધિવેશનની સમગ્ર ઘટનાએ સામાજીક ઉત્થાનના ઇતિહાસમાં એક અતિ મહત્વનું પ્રકરણ ઉમેર્યું છે, સમાજને ક્રાન્તિના માર્ગે લઇ જવા ઇચ્છતા યુવકો માટે એક નવું આશાદ્વાર ઉઘાડયું છે, લોકશાસનની ભાવનાને એક નાના ક્ષેત્રમાં અને એક નાના મુદ્દા ઉપર જવલન્ત વિજય પ્રાપ્ત કરાવ્યો છે અને તદ્વિરોધી બળોને અદ્‌ભુત રીતે પરાભવ પહોંચાડયો છે. **પરમાનંદ**

સંઘ સમાચાર

(ગયા અંકમાં જગ્યાના અભાવે આપવા રહી ગયેલા સમાચાર)

તા. ૨૪–૩–૪૫ ના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબ નિર્ણયો કર્યા હતા.

(૧) જૈન શ્વે. મુ. કોન્ફરન્સના આગામી અધિવેશનમાં રજુ થનારા ઐક્ય સમિતિના બે ઠરાવોનો ઉગ્ર વિરોધ કરવાનો મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહીએ નિર્ણય કર્યો હતો એ લક્ષ્યમાં લઇને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન કે જેમની પ્રસ્તુત કોન્ફરન્સની પ્રચાર સમિતિના મંત્રી તરીકે નીમણુક કરવામાં આવી હતી તેમણે સંઘના ભિન્ન ભિન્ન અધિકારો ઉપરથી તેમજ સભ્ય તરીકે રાજીનામું આપ્યું હતું. તે રાજીનામું દિલગીરી સાથે સ્વીકારવામાં આવ્યું અને તેમણે સંઘને આજ સુધીમાં જે અનેકવિધ કીંમતી સેવાઓ આપી હતી તેની ખાસ નોંધ લેવામાં આવી.

(૨) શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલનનું રાજીનામું સ્વીકારવામાં આવવાથી શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક પુસ્તકાલયના મંત્રી તરીકે ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારીની નીમણુંક કરવામાં આવી અને તેને લગતી સૂમિતિમાં એક સભ્યની ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી. પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદની નીમણુક કરવામાં આવી.

(૩) સંઘ તરફથી ચાલતી રાહત પ્રવૃત્તિ અધિક ચૈત્ર વદ ૦)) સુધી ચલાવવાનો ઠરાવ કરવામાં આવેલો તે પ્રવૃતિ બંધ કરવી કે ચાલુ રાખવી તે વિષે કેટલીક ચર્ચા થયા બાદ આવતી દીવાળી સુધી સંઘની રાહત પ્રવૃત્તિ ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) સંઘ તરફથી માવજતનાં સાધનો પુરાં પાડવાની પ્રવૃત્તિ ચાલે છે અને તે માટે જરૂરી સાધનો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવે છે. આ પ્રવૃત્તિનો વિસ્તાર કરવા સંબંધી વિચાર કરીને સૂચ-નાઓ કરવા માટે નિમાયેલ સમિતિની ભલામણ ધ્યાનમાં લઇને મુંબઇ તેમજ પરાંઓમાં મળીને પાંચ કેન્દ્રમાં વધારેમાં વધારે રૂા. ૧૫૦ સુધીની કીંમતનાં માવજતનાં સાધનો વસાવવાં અને કોઈ પણ જાતના ભેદભાવ સિવાય ચાલુ પદ્ધતિએ એ સાધનો પુરાં પાડવાનો પ્રબંધ કર-વાનું ઠરાવવામાં આવ્યું અને આ કાર્ય માવજત સાધન સમિતિને સુપ્રત કરવાનું નક્કી કરવામાં આવ્યું.

* * *

સંઘને નીચે જણાવેલ પ્રવૃત્તિ માટે નીચેની રકમો મળી છે.

રાહત પ્રવૃત્તિ

૧૦૦ શ્રી. ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ
૨૫ ,, કાન્તિલાલ રણછોડદાસ
૫૦ ,, સરૂપચંદ એન. શ્રોફ
૧૦ ,, કરસનજી પ્રેમચંદ વેરાવળ

મ. મો. સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય

૫૦ શ્રી. સરૂપચંદ એન. શ્રોફ.

માવજત સાધન

૨૫ શ્રી. કાન્તિલાલ રણછોડદાસ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

— જૈન ઈતિહાસનું નવું પાનું —

શ્વે. મૂર્તિપૂજક બંધુઓની ૧૬ મી કૉન્ફરન્સનું મુંબઈમાં મળેલું અધિવેશન, એ જૈન ઇતિહાસ તથા સંસ્કૃતિની તવારીખમાં અમર બની રહેવાનું. સામાન્યતઃ જ્યારે જ્યારે આવાં અધિવેશનો મળે છે ત્યારે સમાજોપયોગી ઠરાવોની હારમાળાઓ પસાર થાય છે; જનતા તાલીઓથી આવા ઠરાવોને વધાવી લે છે; અને સમાજ સંગઠનના ઉત્સાહી ઠાઠ અને ઠઠ્ઠ વચ્ચે અધિવેશન સંપૂર્ણ થાય છે. પરિણામે સમાજનું ચેહું એકીકરણ થાય છે અને એકાદ નહાની શિક્ષણ સંસ્થા જન્મ લે છે કે વેગ પામે છે અને જનતાને સંઘદર્શનનો સંતોષ મળે છે.

પરન્તુ ગોવાલીઆ ટેન્કમાં મળેલું આધિવેશન તો એક નવલ ઇતિહાસ સર્જન કરે છે. ઐકય સમિતિએ જે બે ઠરાવો ઘડી જનતાની સમક્ષ મૂકયા હતા તે વિચાર માંગી લે છે. એક દીક્ષા વિષયક પ્રસ્તાવ હતો અને બીજો પ્રણાલિકા પરંપરાથી ચાલી આવતા જૈન અનુષ્ઠાનો સંબંધમાં હતો. વડોદરા રાજ્યે કરેલ દીક્ષા સંબંધી કાયદાને કૉન્ફરન્સની મુંબઇની સ્થાયી સમિતિ તરફથી ઇ. સ. ૧૯૩૧ માં અનુમોદન આપવામાં અવેલું તે અનુમોદનને તેમજ દીક્ષાને લગતા કૉન્ફરન્સે આજ સુધીમાં કરેલા બધા ઠરાવોને રદ કરતો એક પ્રસ્તાવ ઐકય સમિતિએ ઘડી કાઢયો હતો અને તે આ અધિવેશનમાં રજુ કરવામાં આવ્યો હતો. બીજો ઠરાવ એ મતલબનો હતો કે દેશ, કાળ, ભાવ લક્ષ્યમાં લીધા સિવાય અને યોગ્યાયોગ્યનો કશોજ વિચાર કર્યા સિવાય જૈન પ્રણાલિકાને અનુસરવી અને તેમાં કોઇ કાર્યસાધક ફેરફાર કરવાને અવકાશ ન આપવો.

ખુબ ગવાયેલા અને ચર્ચાયેલા એ બે પ્રશ્નો અત્યન્ત વિવાદાસ્પદ હતા, અને જે વિશાળ જનમેદની હાજર રહી હતી તેનું કારણ પણ આ પ્રશ્નો જ હતા. જનતા પાસે બે દૃષ્ટિબિન્દુઓ સ્પષ્ટ રજુ કરવામાં આવ્યા. એક તો એ કે સમાજના શ્રીમન્ત અને જુનવાણી પક્ષનો જેમને તેમ અક્ષરશઃ સહકાર મેળવવો હોય તો રજુ થયેલા ઠરાવ પસાર કરવા. બીજું એ કે જો આ ઠરાવો પસાર થશે તો પુનઃ અયોગ્ય દીક્ષાઓના દરવાજા સદંતર ઉઘાડા થશે અને પ્રતિપળે પ્રગતિ કરતાં જગતમાં જૈનસમાજ સ્થગિત થશે. કોણ જીત્યું અને કોણ હાર્યું તથા કોને કેટલા મત મળ્યા એ સવાલ મહત્ત્વનો નથી; પરન્તુ જૈન-સમાજ વર્તમાન યુગમાં કયાં ઉભો છે? જૈન સમાજના વિશાળ ભાગનું માનસ શું ઇચ્છી રહ્યું છે? પ્રાગતિક દિશા પ્રતિ સમાજનું કેટલું વલણ છે? અને સમાજ ધર્મને માત્ર ક્રિયાકાંડ પુરતો જ પૂરી રાખવા માગે છે કે જીવનની દૈનિક ક્રિયાઓમાં ઓતપ્રોત બનાવી પ્રમાણિકપણે જીવન જીવવા માગે છે? આ પ્રશ્નો મહત્ત્વના છે અને નોંધપાત્ર છે. જુદે જુદે સમયે સમાજજીવનના વહેણમાં જે દિશાસૂચક અને સર્વગ્રાહી ફેરફાર થાય છે તે અત્યંત મહત્ત્વના બને છે. જૈન ઇતિહાસ સાક્ષી પૂરે છે કે પ્રત્યેક તીર્થંકરે માત્ર પુર્વગત તીર્થંકરનું અનુસરણ જ કર્યું નથી પરંતુ દેશ, કાળ અને જનસમાજની ભાવના મુજબ ફેરફાર કરેલ છે. જે કાળે જે જરૂરિયાત પ્રગટે છે તે ધર્મનો એક મહત્ત્વનો ભાગ બને છે. દૃષ્ટાંત તરીકે હિંસાના યુગમાં ભગવાન મહાવીરે અહિંસાનો મહદ ધર્મ ઉપદેશ્યો, હિંદુ ધર્મના આપતકાળે શિવાજીએ યુદ્ધને ધર્મ બનાવ્યો, શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના જ ગુરૂજનો સામે હથિયાર ઉપાડવાનો આદેશ કરી તેને ધર્મ બનાવ્યો. ગાંધીજીએ રાષ્ટ્રને લક્ષી ધર્મ ઉપદેશ્યો છે. એટલે પ્રત્યેક સંક્રાન્તિ કાળે ધર્મના મૂળ સિદ્ધાંતો એક રહેવા છતાં તેના અનુષ્ઠાનોમાં સમયાનુસાર ફેરફાર કરવાને અવકાશ છે. ધર્મ કોઇ એવી જડ અને રૂઢ વસ્તુ નથી કે જેમાં દેશ, કાળ અને તે તે સમયના સમાજની જરૂરિયાતોને અનુલક્ષીને કોઇ જ ફેરફાર ન થઇ શકે.

અહીંજ જૈન ઇતિહાસની મહાન તવારીખ ઉઘડે છે. એક પક્ષ કોઇ પણ પ્રકારના યુગાનુકુળ ફેરફાર કરવાની સ્પષ્ટ ના પાડી ચુસ્તપણે પરંપરાગત ક્રિયાકાંડને વળગી રહેવા કહે છે જ્યારે બીજો સમજુ તથા વિચારક વર્ગ કહે છે, "ભાઇઓ! સમજો!! યુગ કહે છે કે માનવતા રૂઢીચુસ્તપણામાં નથી, પરન્તુ સમયધર્મ સમજવામાં છે અને તેજ સાચો ધર્મ છે."

મળેલા અધિવેશનમાં હાજર રહેલા જનસમાજ પાસે આટલો જ પ્રશ્ન હતો કે તેઓ આર્થિક, વ્યાપારિક, વૈજ્ઞાનિક અને બૌધ્ધિક પ્રગતિ માગે છે તેમાં નવી નવી શોધ તથા વ્યાપકતાને આવકારે છે; ત્યારે માત્ર શું ધર્મ જ એક એવું પ્રતિબંધિત સરોવર બની રહે છે કે જેમાં કોઇ યોગ્ય ફેરફારને પણ અવકાશ નથી?

હાજર રહેલાઓએ આ ઐતિહાસિક પ્રસંગે ખરે જ નોંધ લીધા જેવો અને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જૈનોએ ઐકય સમિતિના ઠરાવો ફગાવી એ પુરવાર કર્યું છે કે તેઓ વર્તમાન જગતને, તેના ફેરફારોને, તેની પ્રગતિશીલતાને પીછાને છે અને તેઓ પણ રાષ્ટ્ર તથા વિશ્વ સાથે જ પ્રગતિ ઇચ્છે છે. આ રીતે આ અધિવેશન ઐતિહાસિક બને છે, અમે જૈનસમાજની પ્રગતિ ભાવનાનું પૂરક બને છે.

ચુનિલાલ કામદાર

આપણો ધર્મ

યુવકોએ પોતે જીવ્યા છે એમ સમજી ફુલાવાનું કારણ નથી, પણ આપણા પ્રત્યે જે સહકાર જૈન જનતાએ બતાવ્યો છે એ હંમેશનો કાયમ રહે અને જનતા આપણી સાથે સહકારથી જોડાઇ જાય તેને સારૂ જનતાના સમાગમમાં આવવાનો તેની સેવા કરવાનો તેના સુખદુઃખ જાણવાનો, અને તેને સારૂ આપણાથી બને તેટલો સમય એ દિશામાં વાપરવાનો આપણો ખાસ ધર્મ બને છે એ આપણે બરોબર સમજી લઇએ. જે પક્ષની હાર થઇ છે, તેમને પણ સમાજની સેવા કરવાની મનોભાવના છે તમન્ના પણ છે. તેમને હું વિનંતિ કરૂં કે સમાજનો આર્થિક ઉદ્ધાર થાય, સમાજના દુઃખદર્દોની સારવાર થાય, સમાજના ભાઇઓને સુખસગવડવાળાં રહેવાનાં મકાનો મળે, તેમનાં બાળકોને અભ્યાસ કરવાનાં પૂરતાં સાધનો મળે એવી સમાજ ઉદ્ધારની યોજનાઓ તૈયાર કરી એમાં પોતાની લક્ષ્મીનો તેઓ સદુપયોગ કરે. જીત કે હારના કારણે કોઇએ પણ અભિમાની કે હતાશ થવાનો જરૂર નથી. સમાજનો સેવા કરવાની આપણી સૌની વૃત્તિ હોય તો યુવકોએ અત્યારથી જ એ દિશામાં કાર્ય કરતા થવું જોઇએ અને શ્રીમંતોએ અને આગેવાનોએ પણ જરૂર એજ દિશામાં પ્રયાણ કરવું જોઇએ એમ મારી સૌને વિનંતિ છે.

મણિલાલ મોકમચંદ શાહ

સમગ્ર જૈન સમાજની કૉન્ફરન્સ

(જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સમાં પસાર થયેલો ઠરાવ)

(અ) વિશ્વવિગ્રહ સમાપ્ત થતાં દુનીયાભરમાં રાજકીય, સામાજિક આર્થિક, વ્યાપારિક ઔદ્યોગિક સ્થિતિને સ્પર્શતાં જે લાભાલાભ થાય તેનો વિચાર કરવા અને સમસ્ત જૈન કોમનું હિત જળવાય તેવા સવાલોની અભ્યાસપૂર્ણ ચર્ચા કરી સમાજનું ધ્યાન કેન્દ્રિત કરવા અને તેને માટે યોગ્ય પગલા લેવા વાતાવરણ તૈયાર કરવા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક બંધુઓને આ કૉન્ફરન્સ ભારપૂર્વક ભલામણ કરે છે.

(બ) તે સાથે જ, સ્થાનકવાસી તથા દિગંબર જૈન બંધુઓ પણ તેવા પ્રશ્નોની ચર્ચા કરી યોગ્ય ભુમિકા તૈયાર કરે તે માટે તેમની સંસ્થાઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(ક) અને તેવા પ્રશ્નોમાં ત્રણે ફીરકાઓના સર્વ સામાન્ય પ્રશ્નોનો વિચાર કરી સમસ્ત જૈન કોમનું હિત જળવાય તેવાં પગલાં લેવા માટે જેમ બને તેમ જલદી ત્રણે ફિરકાઓનું એક સંયુકત સંમેલન કરવા માટે ત્રણે ફિરકાઓની સંસ્થાઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

(ડ) એવા સંયુકત સંમેલનમાં કોઇ પણ ફિરકાના અંગત કે વિવાદગ્રસ્ત પ્રશ્નો સિવાયના ફકત સર્વ સામાન્ય પ્રશ્નોની વિચારણા કરી સમસ્ત જૈન કોમની ઉન્નતિ થાય એ પદ્ધતિએ કામ કરવા ભલામણ કરે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

18 બુદ્ધ જૈન

૧૯૫૫ થી ૫૬-૨-૧૯૫૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧

મુંબઈ: ૧ મે ૧૯૫૫ મંગળવાર.

લવાજમ રૂપિયા ૩

ધર્મને નામે ધતીંગો

(અમદાવાદ ખાતે તાજેતરમાં ઊજવેલ ગીતા રજતજયન્તી તથા વિશ્વશાન્તિ યજ્ઞ સંબંધમાં 'જ્યોતિર્ધર'ના તંત્રી શ્રી ગઢલાલ ગોપીભાઇ ધ્રુવે એક મર્મ સ્પર્શી નોંધ લખી છે. જે જ્યોતિર્ધરમાંથી અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. આ નોંધમાં રજુ કરવામાં આવેલા ઉદ્‌ગારો જૈન સમાજના સમારંભપ્રિય આચાર્યોને અને દેશકાળની અસાધારણ જરૂરિયાતોની ઉપેક્ષા કરીને ઉત્સવ સમારંભો પાછળ હજારો રૂપીઆનું પાણી કરનારા જૈન ધનિકોને ઘણે અંશે લાગુ પડે છે અને બે વર્ષ પહેલાં પાલીતાણા ખાતે ઊજવેલા આવા જ એક વિરાટ ધાર્મિક સમારંભનું સ્મરણ કરાવે છે. પરમાનંદ.)

વર્તમાન યુદ્ધને પરિણામે અસહ્ય મોંઘવારી, હંમેશની જરૂરીઆતની ચીજો પણ મળવાની અતિશય મુશ્કેલી, ભૂખમરો, કપડાંનો દુકાળ, મધ્યમ વર્ગની હાડમારી વગેરે પૂરતું ન હોય તેમ આ અતિનિર્ધન દેશમાં અઢળક ધનનો બીજી રીતે નિરર્થક વ્યય થઇ રહ્યો છે અને દેશની અજ્ઞાનતાને લીધે આડે માર્ગે દોરાયેલી ભાવનામયતાનો લાભ લઇ ધૂતારાઓ સફળ પ્રયત્નો કરી પ્રજાજનોના અત્યારના મહાકષ્ટમાં વધારો કરી રહ્યા છે, એ જાણીને અતિશય દુઃખ થાય છે.

અત્યારે આપણા પ્રાન્તમાં યજ્ઞોનો જોરથી પવન ફુંકાયલો છે, અને જ્યાં જુઓ ત્યાં વિષ્ણુને નામે, શિવને નામે, માતાને નામે અને નવીનતા આણવાના મોહમાં ગીતાને નામે યજ્ઞો થાય છે. આ યજ્ઞોમાં લાખ્ખો રૂપીઆ વપરાય છે અને હજારો સ્ત્રીપુરૂષોની ભાવિકતા ભોળપણનો લાભ લઇ એવા સમારંભોના આગેવાનો સસ્તી કીર્તિ પ્રાપ્ત કરવા ફાંફાં મારી રહ્યા છે. આ યજ્ઞોના સમારંભો ઉભા કરનારા ભરભરી ધાર્મિક વૃત્તિથી આ જાતનાં ધાંધલ કરતા હોય તો તેમણે સમજવું જોઇએ કે જે વખતે દેશના મોટા ભાગના ગરીબ માણસો અને નીચલા મધ્યમ વર્ગના સ્ત્રી-પુરૂષો ભૂખે મરી રહ્યા છે, તે વખતે આવા સમારંભોની પાછળ દ્રવ્ય વેડફી દેવું એ અધર્મ છે. જે વખતે દેશના મોટા ભાગના બાળકોને છોટો દૂધ મળવાની મુશ્કેલી છે તે વખતે મોના ડબ્બા ને ડબ્બા અગ્નિના હવાલે કરવા એ પાપનો ઘડો ભરવા જેવું છે. જે વખતે પ્રજાને કરોડો જેટલા ઘાસચારા દેશનીગમે ત્યાંથી મળી રહે તે વખતે ઘાસમસતા ચામડાની ચુગો કાળા બજારમાંથી અઢળક ધન ખરચી ખરીદવી તેની અનિતિ અને અગર સશક્ત નિરૂપયોગી ગાયો, બળદ વગેરે મૂકીને ભાલમર્દન ખતરનાક વાહનવ્યવહારમાં વાપરી દેવી એ અક્ષમ્ય ગણાય છે.

અત્યારે ગીતાજયન્તિના મોટા સમારંભ ચાલી રહ્યા છે. દરરોજ દશ બાર માણસોની મિટીંગો જમાડાય છે. યજ્ઞની આહુતિઓની તૈયારીઓ થઇ રહી છે. હજારો સ્ત્રી-પુરૂષોના ટોળાં વેગળા થઇ આ સમારંભના દર્શન માટે દોડાદોડ કરે છે અને એ ધક્કામુક્કી કચેરાકચરીને પરિણામે અનેક જાતના અનિષ્ટ પરિણામો ભોગવે છે.

શ્રી. વિદ્યાનંદજી મહારાજ પ્રજાના આમંત્રણના હેવામાં સોસરી ઊતરી જાય એવી ઢબે કથા કરે છે; ગીતાનું માહાત્મ્ય અને રહસ્ય સમજાવી વ્યવહારમાં ધર્મની ભાવના રાખવાનો સહજ ઉપદેશ કરે છે. હજારો સ્ત્રી-પુરૂષો એમના બોધને મુગ્ધ ભાવે અને અતિ આદરથી ઝીલે છે. સ્વામી વિદ્યાનંદજી ઊંચી કોટીના વિદ્વાન કે ઉન્નતાવસ્થાએ પહોંચેલા આધ્યાત્મિક સંત નથી, છતાં એમની વાકછટા, મધ્યમ જ્ઞાન વાળા સ્ત્રીપુરૂષોને ઉચિત ભૂમિકા અને શૈલીમાં કથા કહેવાની આવડત અને વ્યવહારકુશળતાને લીધે તે અમદાવાદમાં તો લોકપ્રિય થયા છે.

એવા પુરૂષે પોતાના અંગત વર્તનથી, સંન્યાસીને ઉચિત આચરણ અને વૃત્તિ રાખીને, એમના અનુયાયીઓમાં ત્યાગ, સંયમ, ઉન્નત વિશાળદૃષ્ટિ, નિષ્પક્ષપાત વૃત્તિ, ધન, કીર્તિ પ્રશંસાથી પર એવી મનોવૃત્તિ અને શુદ્ધ સાત્વિક ચારિત્ર્ય ઉત્પન્ન કરી એમની પાસે ઉપદેશ સાંભળ રાઓમાં સૌમ્ય સાત્વિક છાપ પાડવી જોઇએ, તેને બદલે જાતના સમારંભો કરી અનિષ્ટ વાતાવરણ ઉત્પન્ન કરવામાં એ સહાયભૂત થાય છે એ ખેદનો વિષય છે.

આ જાતના સમારંભો માટેના નાણાં કયાંથી આવે છે? કોણ તે મોકલે છે—આપે છે? રેશનિંગથી પીડાતા ને ખાંડ મળે છે તે એટલું થોડું છે કે વર્ણા કુટુંબને તે પૂરું પડતું નથી, તેવે સમયે નિષ્ઠાની માટે, યજ્ઞ માટે ઘી-ખાંડ-બાજરી-ઘઉં-ઘઉંનો લોટ-ઘઉંનો ફરાલાભવ ક્યાંથી આવે છે? કોણ મોકલનાર સરજનહાર, કાળા બજારમાં વેચનાર અને કાળા બજારનો ઉપભોક્તા શોષતારા પ્રજાના ગરીબ [illegible] અનીતિમાંથી ઉત્પન્ન થયેલી આ બધી સામગ્રી [illegible] વિદ્વાનદેજી જેવા વ્યવહારકુશળ પુરૂષથી અજાણ [illegible] અનીતિને માર્ગે પ્રાપ્ત થયેલું ધન જોને અર્પે [illegible] તે પવિત્ર ગણાય? અનુચિત ધનના વાપરનારા અનીતિ [illegible] રીતની કહેવાતી પવિત્રકાર્યો કરાવે પ્રજાને પ્રેરણા કરે [illegible] દેવીય ઉત્તરજન આપણું ઘડે [illegible] પવિત્રતા [illegible] પવિત્ર ગંગાજીની પ્રાપ્તિ આ રીતે હવન કરી [illegible] ભરી ઘેરછાનો આ રીતને દૂરપયોગ કરવાથી સન્માર્ગ [illegible] અને અનન્યમાર્ગીતે [illegible] ધર્મની [illegible] પ્રીતિ નથી, પ્રજાની [illegible] સામાન્ય મનુષ્યની કલ્પિત [illegible] જરૂરી જણાય નહીં. [illegible] દિવસ ત્યારે સ્વામી વિદ્યાનંદજીનું પૂતળું ગી [illegible] સામે મૂકવામાં આવ્યું તે વખતે અમે આ પત્રમાં જ [illegible] ગીતાની સ્તુતિ કરતા આ પૂતળાની મહત્તા વધતા [illegible] આજે તો સ્વામી વિદ્યાનંદજીના અનેક અનુયાયીઓની [illegible] વિદ્યાનંદજીની કલ્પનાઓની છબીઓની પ્રથમ પંક્તિ [illegible] અને તે પોતપોતાની દેરાસરની ઓરડીમાં [illegible] પ્રજા થાય છે એવી સ્થિતિ થઇ ગઇ છે. બાલમુકુન્દ [illegible] શિવલિંગ કે અંબાજીની મૂર્તિ કરતાં અધિક આદર અને [illegible] પોતાને ઘેર એવી છબી રાખવાથી વિદ્યાનંદજીનું કાંઇ ભલું [illegible] શકતા નથી, પરન્તુ વસ્તુસ્થિતિ એવી છે. તે ભ્રામતની [illegible] પોતાના અનુયાયિઓને યોગ્ય માર્ગદર્શન કરાવવાની અમે સ્વા [illegible] નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ.

અમે આ બાબત હૃદયની ખૂબ અન્તર્વ્યથાથી લખીએ છીએ; કારણકે હજારો સ્ત્રીપુરૂષોને યોગ્ય ધાર્મિક ઉપદેશ આપી સન્માર્ગે વાળવાનું સામર્થ્ય જે સ્વામી વિદ્વાનદ્વયમાં તેમના વકતૃત્વ અને છટાદાર વ્યાખ્યાનપદ્ધતિને લીધે રહેલું છે તે એમનાથી ઘણું વધારે વિદ્વાન અને સાચા શુદ્ધ સંન્યાસીઓમાં નથી હોતું એ અમે જાણીએ છીએ, અને તેથી જ આવી સમર્થ શક્તિ વિમાર્ગે જતી જોઇ અમને ખેદ થાય છે.

કથા શ્રવણ કરાવનાર, સદુપદેશ કરનાર સંન્યાસીઓ કે મહંતોને, તેઓ નિસ્પૃહ રહે, સૂક્ષ્મ અને સાત્વિક આહાર કરનારા હોય, નિરાડંબરી અને સર્વ રીતે સાત્વિક મનોવૃત્તિવાળા હોય, તો પણ તેમના શ્રોતાજનો પરસ્પર ચડસાચડસી અને સ્પર્ધા કરી અનેક મૂલ્યવાન પદાર્થો તેમને અર્પણ કરે છે. આ અર્પણ ભક્તિભાવથી પણ કવચિત થાય છે. પરન્તુ એ બધું અસ્થાને થાય છે એવું સ્પષ્ટ સૂચન આવા ત્યાગી મહાત્માઓએ કરવું જોઇએ. એવી સર્વ સામગ્રીનો તેમણે અસ્વીકાર કરવો જોઇએ અને સ્વીકાર કરે તો તે પોતાના સશક્ત, નિરૂદ્યમી, આલસ્યમાં સમય વ્યતીત કરતા સંન્યાસીઓના ટોળાને ન આપી દેતાં ગરીબ, કંગાલ, માંદા માણસોને વહેંચી દેવું જોઇએ. આવે સ્થળે અર્પણ થતો મેવો સંન્યાસીઓને આપી દેવા કરતાં ઇસ્પિતાલમાં મેલેરીઆ કે ટાઇફોઇડમાં તરફડતા અનેક ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના દરદીઓને આપવાનો વિચાર આ મહંતોને કદી સૂઝયો છે? મોસંબી અને ઉપર રાખવાનું જેને ડાકતરો તરફથી ફરમાન થયું હોય એવા [illegible] અને નીચલા મધ્યમ વર્ગના અનેક દરદીઓ બબે અને ત્રણ ત્રણ આને એકેક મળતી મોસંબીઓ કયાંથી લાવી શકે? એવા અસંખ્ય દરદીઓને. રાજમહારાજાઓ અને રાણીશેઠાણીઓ તરફથી મળતા મેવાના કરંડીઆ ઇસ્પીતાલમાં અગર ગરીબોની ઝુંપડીઓમાં પહોંચાડવાનો યોગ્ય માર્ગ આ મહંતોને કોણ સમજાવશે? ખરો સાચો સાત્વિક ધર્મ આ જનની સહાનુભૂતિની વૃત્તિમાં રહેલો છે. ગીતાના શ્લોકોનાં ઉચ્ચારણોમાં કે સંન્યાસીઓનાં પૂતળાંને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવામાં અગર અગ્નિના ભડકામાં મૂલ્યવાન પદાર્થો આપી દેવામાં નથી રહ્યો એવા ઉપદેશની આશા આ સ્વામીઓ અને સંન્યાસી પાસે રાખવી એ વ્યર્થ છે.

આ જાતનો ઘર્તીગ વધતો જાય છે, તેનું કારણ અમને તો એ જણાય છે કે અઢારના સુશિક્ષિત અને વિદ્યાભ્યાસ કરતાં નવા જમાનાના સ્ત્રીપુરૂષોમાંથી જુના જમાનાના માણસોએ માની લીધેલો 'ધર્મ' અસ્ત થતો જોતામાં આવવાથી તેને પુનર્જીવન આપવાનો આ મહંતો અને સંન્યાસીઓનો પ્રયત્ન છે. જેને કોઇપ્રકારેણ ધનવાન થયેલા માણસો પોતાનાં ધનથી એને પુષ્ટિ આપી રહ્યા છે એમ માનીને કે એમનાં કાળાં કર્મોનો આ જાતના ધનવ્યયથી છેદ ઉડી જશે. પરંતુ એ ક્રિયાયજ્ઞયાગ, પારાયણો અને સમારંભોના દિવસો ભરાઇ ચૂકયા છે. શુદ્ધ સ્વરૂપનો હિંદુ ધર્મ એ રીતે પુનર્જીવન પામવાનો [illegible] વ્યર્થ જવાનો છે. શુદ્ધ [illegible] ધર્મનું સ્વરૂપ નવા પુરૂષોને સમજાવવાનું હોય તો આ બધા ધતીંગ છોડી મિશનના સાધુઓની માફક માનવસમાજની સાચી સેવા આ સંન્યાસીઓએ સ્વીકારવી જોઇએ.

ચંદુલાલ ગો. ધ્રુવ

પરિગ્રહ પરિમાણનો દાખલો

પસારસન (Pierson) કૃત જ્યોર્જ ઝેલર નામે ખ્રિસ્તી સજ્જનના પ્રકાશક-અર્પર એંડ ટ્રેવલર કું.) માં બોસ્ટનના એક વેપારી કે. (Cobb) નો વૃત્તાન્ત આપ્યો છે કે વૈરાગ્યપ્રેરણ તેણે નીચે લખતે કર્યું :-

'ઇશ્વરની કૃપાથી ૫૦,૦૦૦ ડોલરથી વધારે ધન હું સંઘરીશ નહિ. 'ઇશ્વરની કૃપાથી મારા વેપારમાં જે ચોકખો નફો થાય તેનો ચોથો ભાગ ધર્માદામાં નાખીશ.

'જો કદાપિ મારી ગાંઠે ૨૦,૦૦૦ ડોલર થાય તો ચોકખા લાભમાંથી અર્ધાનો ધર્માદો કરીશ; અને જો કદાપિ મારી આગળ ૩૦,૦૦૦ ડોલર થાય તો પોણાનું દાન કરીશ અને ૫૦,૦૦૦ ડોલર થયા પછી આખાનો ધર્માદો કરીશ. આમ કરું તો ભગવાન મને સહાય થાય; નહિ તો મને દૂર કરીને વધારે નિષ્ઠાવન્ત વાણોતરને રાખે.'

મિ. કોબે એ આમ પોતે લીધેલી પ્રતિજ્ઞા પૂરેપૂરી પાળી. એ પોતાના નફામાંથી ઉત્તરોત્તર વધારે ભાગ ધર્માદામાં કાઢતા ગયા અને અંતે પોતે બાંધેલી મર્યાદાએ પહોંચ્યા એટલે કમાણી માત્ર ભગવત્ પ્રીત્યર્થે દેવા મંડયા. એક વાર એણે જોયું કે પોતા આગળ ૫૦૦૦૦ ડોલરથી વધારે ધન થઇ ગયું છે, એટલે વધારાના ૭૫૦૦ ડોલર એણે તરત ધર્માદામાં નાંખ્યા.

અંતકાળે એ બોલ્યા "ઇશ્વરની કૃપાથી—બીજા કોનાથી નહિ પણ કેવળ ઇશ્વરની કૃપાથી—આ પ્રતિજ્ઞાને પ્રતાપે ૪૦,૦૦૦ ડોલર કરતાં મોટી રકમનું હું દાન કરી શકયો છું. પ્રભુની દયા મારા ઉપર અપાર થઇ છે."

મિ. કોબ તો ધર્મશુના શ્રાવક હતા.

મહાવીર સ્વામીના શ્રાવકોમાં આવા ભગવાનલાલ કોઇ છે કે?

વાલજી ગોવિંદજી દેસાઇ

જૈન કોન્ફરન્સ

મુંબઇમાં મળેલી સોળમી જૈન શ્વે. કોન્ફરન્સની કાર્યવાહી એ કોમને જરૂર બતાવી આપશે કે પોતે કયાં ઊભી છે અને કઇ કાર્યદિશાએ વળવાની હવે જરૂર છે. વસ્તુતઃ કોન્ફરન્સે એક જ મુખ્ય કામ કર્યું છે અને તે ઐકય સમિતિના ઠરાવ ઉપર મત આપવાનું. બહુમતીથી કોન્ફરન્સે એ ઠરાવ ઉડાડી દીધો છે અને એ રીતે ઐકયને નામે એક પ્રત્યાઘાતી ઠરાવ પસાર કરાવવા માંગતા જુનવાણી મતના જૈનોને તેમની આંખો ઉઘાડી નાંખે તેવો જવાબ આપ્યો છે. ઐકય સમિતિનો ઠરાવ જુના અને નવા મતના જૈનો વચ્ચેનો કલહ મિટાવી ઐકય સ્થાપી કોન્ફરન્સનો પ્રભાવ વધારવા માટેનો હતો, પરન્તુ તે સાથે તેણે એવો તોડ આણ્યો હતો કે જે સુધારક પક્ષના, બાળદીક્ષા વિરોધી અને ધર્મને નામે થતા દ્રવ્યના અપવ્યયને અટકાવવા માંગનારા જૈનોના મોઢે બંધ કરાવતો હતો. એ ઠરાવને ઉડાડી દઇને અથવા તો તે પસાર કરવાની ના કહીને જૈનોની બહુમતીએ બતાવી આપ્યું છે કે ધર્મને નામે ચાલ્યો આવતો સડો સાફ કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે અને ધર્મની પ્રતિષ્ઠા જવાના ખોટા ભયથી સડાને ઢાંકી કે છૂપાવી રાખવાથી કોમ તથા ધર્મ વધારે ને વધારે સડાને વશ થતાં જાય છે. ધર્મની અંધશ્રદ્ધા ઉપર નવયુગના બુદ્ધિવાદી સંસ્કૃતિના વિજયનું આ પ્રાતું દેશના સામાજિક-ધાર્મિક ઇતિહાસમાં જરૂર મહત્વનું સ્થાન રોકશે.

'પ્રજાબંધુ'.

માવજત સાધનોના પાંચ કેન્દ્રો

ગયા અંકમાં જણાવવામાં આવ્યું છે કે સંઘ તરફથી મુંબઇ અને પરાંઓમાં આશરે વધારેમાં વધારે રૂા. ૧૫૦ સુધીની કીમતના માવજતના સાધનો વાળા પાંચ કેન્દ્રોનો પ્રબંધ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સંબંધમાં ખુલાસો કરવાનો કે કુલ પાંચ કેન્દ્રોમાં મળીને નહિ પણ પ્રત્યેક કેન્દ્રમાં વધારેમાં વધારે રૂા. ૧૫૦ સુધીની કીમતનાં સાધનો વસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું સોળમું અધિવેશન અને તેનો બોધપાઠ

રાષ્ટ્રિયતાના આ યુગમાં ભાગ્યેજ કોઇપણ કૉન્ફરન્સના અધિવેશનો જનતાનું જેટલું લક્ષ આ વર્ષની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફ ખેંચાયું તેટલું ખેંચે છે. આ વર્ષનું અધિવેશન તેના આશ્ચર્યજનક પરિણામો માટે ચિરસ્મરણીય રહેશે. અને સામાન્ય જનતાની દૃષ્ટિએ આવેલ પરિણામ ઘણું જ આવકારદાયક ગણાશે. સમાજના જુનવાણી અને જડસુ તત્ત્વોને કૉન્ફરન્સમાં લાવવાના તેના અધિકારીઓના સાચા દિલના પરંતુ અવિચારી પ્રયત્નોને મળેલી આ આશ્ચર્યજનક નિષ્ફળતા ખરેખર બોધદાયક છે. આખી કાર્યવાહીને નિષ્પક્ષ રીતે તપાસતાં એ જણાઈ આવશે કે કૉન્ફરન્સના અધિકારીઓ તરફનું જુનવાણી તત્વોનું વલણ તેમને જરાએ મદદ કરતું નહોતું. તેમના પક્ષની માની લીધેલી સમળતામાંથી ઉત્પન્ન થએલા અહંતા અને સામાન્ય જનતાના અભિપ્રાયોની ક્રૂર મશ્કરી અને અવગણના આ આશ્ચર્યજનક પરિણામો માટે મોટે ભાગે જવાબદાર છે તેમ માનવું જરાએ ખોટું નથી.

જુનવાણી તત્વો તરફથી એમ દાવો કરવામાં આવે છે કે કૉન્ફરન્સના અધિકારીઓએ આ વિવાદાસ્પદ ઠરાવ સર્વાનુમતે જે શબ્દોમાં તે મૂકવામાં આવ્યો હતો તેમાં એક પણ શબ્દનો ફેરફાર કર્યા વગર પસાર કરાવવાની બાંહેધરી આપેલી હતી. આવી બાંહેધરી જો અપાઇ હોય તો તે ઘણી જ અવિચારી ગણાય. શું કૉન્ફરન્સના અધિકારીઓએ એમ માની લીધેલું કે જનતા તેમનાં આ પગલાંને વગર વિચારે વધાવી લેશે? કૉન્ફરન્સ ભરતાં અગાઉ આ પ્રશ્ન પરત્વે જનતાની શી લાગણી છે તે જાણી લેવાની જો કૉન્ફરન્સના અધિકારીઓએ કોશીષ કરી હોત તો અધિવેશનનું પરિણામ કદાચ જુદું જ આવત.

આવા ઠરાવ ઉપરના મતપ્રદર્શને આવા પ્રશ્નો પરત્વે જનતાની લાગણી શી છે તે બહુ જ સ્પષ્ટ રીતે બતાવી આપ્યું છે. ધર્મના નામે ચલાવાતી જોહુકમી આજની જનતા કોઇ પણ રીતે વધારે વખત નભાવી લે તેમ નથી. ધર્મના નામે પળાતી નિષ્ક્રિયતાથી હવે જનતા કંટાળી છે. તેને અમલી કામ જોઇએ છીએ; નહિ કે કૃત્રિમ કારીક ભાષાની હારમાળા.

ઠરાવના સમર્થકો તરફથી અઠ્ઠાવનવાર સુધારકો સામે તેઓ અધાર્મિક છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ આક્ષેપ કેટલો હાસ્યાસ્પદ છે તે તો વિવાદાસ્પદ ઠરાવના સમર્થકો તરફથી ઠરાવના સમર્થનમાં થયેલા ઉશ્કેરણીભર્યા ભાષણોનું દરમ્યાન સુધારકોએ બતાવેલી અદ્‌ભુત સમતા અને શિસ્તે બતાવી આપ્યું છે. તેમની વર્તણુંકથી સુધારકોએ બતાવી આપ્યું કે જૈન ધર્મમાં બોધેલી "સમતા અને સહિષ્ણુતા" નું મૂલ્ય તેઓ બરાબર સમજે છે. અને ગમે તેવા ઉશ્કેરણીભર્યા સંજોગોમાં પણ તેઓ તેનું મુક્તપણે પાલન કરી શકે છે અને પોતાના અનુયાયીઓ પાસે તેનું પાલન કરાવી શકે છે. ઠરાવ ઉપર મતપ્રદાન થઇ ગયા પછી તેના સમર્થકોના કેટલાકે કરેલો સભાત્યાગ એમ બતાવે છે કે તેઓ પોતે જ જૈન ધર્મે બોધેલ "સમતા અને સહિષ્ણુતા" આચરવા તૈયાર નથી. લોકશાસનના આ જમાનામાં મતપ્રદાનનું અને તેમાંથી ઉદ્‌ભવતી હારજીતનું રહસ્ય જો આ સદ્‌ગૃહસ્થો સમજતા હોત તો તેઓએ બતાવેલી વર્તણુક જરૂર જુદી જ હોત. તેઓએ બતાવેલી વર્તણુક ઉપરથી એમજ અનુમાન કરી શકાય છે કે તેઓ આજના લોકશાસનવાદને ઓળખી શકયા નથી અને તેઓની "સમતા અને સહિષ્ણુતા" ની વ્યાખ્યા તેમના પૂરતી જુદી જ છે. યુવકો નાસ્તિક થઇ ગયા છે તેવી બુમ તદ્દન ખોટી અને યુવકોને બદનામ કરનારી પૂરવાર થઇ છે. અલબત્ત યુવકોમાંથી સાંપ્રદાયિકતા ઓછી થઇ છે. સાંપ્રદાયિકતા એ ધર્મ નથી. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોમાં યુવકોની આસ્થા બીજા કોઇ પણ વર્ગ કરતાં જરા પણ ઓછી નથી. યુવકો માને છે કે ધર્મ એ ધર્મના પુસ્તકોમાં ગોંધી રાખવા માટે જ સર્જાયેલ નથી પરંતુ જીવનની દરેક ક્ષણે અને દરેક પ્રસંગોએ સક્રિય રીતે આચરવા યોગ્ય વસ્તુ છે. ભગવાન મહાવીરે બોધેલા "અહિંસા અને સત્ય" માનવીને તેની મુંઝવણના વખતમાં યોગ્ય માર્ગ બતાવતા ધ્રુવ તારકો છે. કમનસીબે અત્યાર સુધી આ મહાન સિદ્ધાંતો જૈનોની નિષ્ક્રિયતાના પરિણામે "પોથી માંહેલા રીંગણા" જ બની ગયા હતા. તેનો ઉદ્ધાર કરવાનો બધો યશ યુગપુરૂષ મહાત્મા ગાંધી ખાટી ગયા છે. તેમણે આ મહાન સિદ્ધાંતોને ધર્મની પોથીઓમાંથી બહાર કાઢી જગત પાસે મૂકી તે કેવી રીતે માનવીને સુખ અને શાન્તિ આપી શકે છે તે બતાવી આપ્યું છે. આવા મહાન સિદ્ધાંતોને યુવકોએ કદિ પણ ઉવેખ્યા નથી. તેમાંથી ઉદ્‌ભવતા ત્યાગમાર્ગ તરફ યુવકોએ હંમેશા આદર બતાવ્યો છે. તેમને સાલે છે ફકત આ ત્યાગ માર્ગના નામ ઉપર ચાલી રહેલો દંભ, તે માર્ગે ચાલવાનો દાવો કરતી વ્યક્તિઓની નિષ્ક્રિયતા. આવી વિષમ સ્થિતિમાંથી બહાર નીકળવા આ યુગને અનુકુળ માર્ગો યોજવા તે યુવક માનસ ધરાવતા વર્ગનો એક માત્ર ધર્મ છે.

આ વિવાદાસ્પદ ઠરાવના સમર્થકો તરફથી એમ જણાવાયું હતું કે આ ઠરાવ તેમની ઇચ્છા પ્રમાણે પસાર થશે તો આવતા પાંચ વર્ષમાં તેમના પ્રયત્નોના પરિણામે સમાજનો દેખાવ જ ફરી જશે અને સમાજમાં ચારે તરફ પ્રગતિ અને સુખશાન્તિ નજરે પડશે. આ દાવો કેટલો હાસ્યાસ્પદ છે તે તો તેમના હાથમાં જે કાળમાં કૉન્ફરન્સની લગામ હતી તે કાળનો કૉન્ફરન્સનો ઇતિહાસ તપાસતાં તરત જણાઇ આવશે. સમાજના પ્રગતિકારક તત્વો તરફની તેમની સુગ અને પ્રગતિકારક વિચારો અને બનતા બનાવો પરત્વેની તેમના તરફથી બતાવાતી અવગણના અને કેટલાક સંજોગોમાં ઉગ્ર વિરોધ તેમના આ દાવાની પોકળતા પુરવાર કરે છે. જનતાના અભિપ્રાયોને રજુ કરતાં વિરોધ પક્ષ તરફ આ વડીલોએ જરા જેટલી પણ સહિષ્ણુતા બતાવી હોત તો જનતા તેમના વચનોમાં વિશ્વાસ મુકવા જરૂર પ્રેરાત. પરંતુ સદ્‌ભાગ્યે કે કમભાગ્યે તે નિર્મિત નહોતું.

સમાજના હિતમાં સમાજનાં ભિન્ન ભિન્ન મતવાળા બધાં તત્વો વચ્ચેની એકતા ખરેખર આદરણીય છે. પરંતુ તે આવી રીતે મૂળભૂત સિદ્ધાંતોના ભોગે તો નહિ જ. આવી એકતા સાધવાનો માર્ગ શ્રી પરમાનન્દ કુંવરજી કાપડીઆએ આ ઠરાવ ઉપરના પોતાના ભાષણ દરમ્યાન બતાવ્યો હતો. તે જ એક સાચો માર્ગ છે. તેમણે કહ્યું કે "આવો, ભૂતકાળને ભૂલી જઇએ અને વિવાદાસ્પદ પ્રશ્નોને કોરે મૂકી જે પ્રશ્નો ઉપર મતભેદ હોવાનો સંભવ બહુજ ઓછો છે તેવા સામાન્ય હિતના પ્રશ્નો હાથ ધરી નીકાલ લાવીએ અને આ વિષમકાળમાં સામાન્ય જનતાને પડતી હાડમારીઓ ઓછી કરવાની કોશીષ કરીએ અને કાંઇક રચનાત્મક કાર્ય હાથ ધરીએ અને તે રીતે જનતાની અને શાસનની જે કાંઇ સેવા આપણાથી બની શકે તે કરીએ."

જનતાની સેવા કરવાનો અને જૈન સમાજનો ઉત્કર્ષ સાધવાનો આ એકજ રાજમાર્ગ હતો. કમભાગ્યે આ મુરબ્બીઓને જનતા ઉપર વચ્ચ જોઇએ છીએ, નહિ કે તેમની સેવા કરવાનો લાભ. આ કાંઇ એક યા બીજા પક્ષના જય પરાજયનો પ્રશ્ન નથી. જીતનાર પક્ષે જરૂર નથી અને હારનાર પક્ષે ક્ષોભ પામવાની જરૂર પ્રજાશાસનના આ જમાનામાં આવેલ પરિણામોને બન્ને પક્ષો પૂર્વક સ્વીકારી સાથે રહી જનતાની સેવા કરવામાં બીજા રચનાત્મક માર્ગો શોધવાની કોશીષ કરવી જોઇએ. તેમણે સમજ કે સામાન્ય જનતાને તો જે વર્ગ તરફથી તેમની વધારેમાં થતી દેખાશે તે વર્ગને જ તે આવકારશે. આશા રાખીએ કે પાછો આવે અને પોતાની અમૂલ્ય સેવા કૉન્ફરન્સને આપે.

આ અધિવેશનના બીજા ઠરાવો પણ ઘણા સુંદર છે. ત્રણે શીરકાની એક સામાન્ય કૉન્ફરન્સ ભરવા વિષેના ઠરાવ સ્થાનકવાસી તથા દિગંબર ભાઇઓનું લક્ષ ખેંચવું અસ્થાને નહિ ગણા. આ બન્ને શીરકાઓના મોવડીઓએ પોતપોતાની લાગવગના ક્ષેત્રોમાં આ પ્રશ્ન પરત્વે જનતાનો અભિપ્રાય કેળવવા પાછળ લાગી જવું જોઇએ અને આ ઠરાવને મૂર્ત અને તેમ જલદી અમલી સ્વરૂપ આપવું જોઇએ.

(અનુસંધાન પૃષ્ઠ ૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

મે ૧ ૧૯૪૫

સપ્તમ વર્ષ પ્રવેશ

પ્રબુદ્ધ જૈન આજે છ વર્ષ પૂરાં કરીને સાતમા વર્ષમાં પ્રવેશ કરે છે. ઉત્તરોત્તર ઉત્કર્ષને સાધતું પ્રબુદ્ધ જૈન ગયા વર્ષ દરમિયાન સરકારી વટહુકમોને લઇને પહેલાં જેટલી વિચાર સામગ્રી રજુ કરી શકયું નથી. ન્યુસ પ્રીન્ટના ફરજિયાત ઉપયોગે તેની દેહકાન્તિને પણ ઝાંખપ લગાડી છે. જે પ્રબુદ્ધ જૈન સાધારણ રીતે આઠથી દશ પાનાનું વાંચન પુરું પાડતું હતું તે ગયા જુલાઇ માસથી ચાર પાનાનું બની ગયું હતું. ત્યારબાદ કેટલીક હીલચાલના પરિણામે ફેબ્રુઆરી માસથી ન્યુસ પ્રીન્ટ ઉપર છાપવાની સરતે આઠ પાના છાપવાની સરકારે પરવાનગી આપી છે, અને ત્યારથી પ્રબુદ્ધ જૈન આઠ પાનાનું નીકળવા લાગ્યું છે. વચ-ગાળે પ્રબુદ્ધ જૈનનું કદ નાનું થયું તેની ગ્રાહક સંખ્યા ઉપર પણ થોડી-એક અસર પડયા વિના રહી નથી. પ્રબુદ્ધ જૈન જેવું વિચારગહન પત્ર ન્યુસ પ્રીન્ટ જેવા હલકા કાગળ ઉપર છાપવું પડે છે એ અમને અત્યંત દુઃખનો વિષય છે. લડાઇ ચાલે છે ત્યાં સુધી આ અને અન્ય બંધનો સ્વીકારીને ચાલવા સિવાય બીજો કોઇ માર્ગ નથી. આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ પ્રબુદ્ધ જૈન પોતાની વિશેષતા એક સરખી રીતે જાળવી રહ્યું છે અને કોમ, સમાજ તેમજ રાષ્ટ્રના વિવિધ પ્રશ્નો સંબંધે નિડરપણે જ સ્પષ્ટ માર્ગદર્શન આપતું રહ્યું છે. છેલ્લાં છેલ્લાં જૈન શ્વે. મૂ. પૂ. કોન્ફરન્સમાં રજુ થનારા ઐક્ય સમિતિના બે પ્રત્યાઘાતી ઠરાવોનો ઉગ્ર સામનો કરીને અને તે ઠરાવોને અનેક બાજુઓથી ચર્ચીને પ્રબુદ્ધ જૈને જૈન સમાજની એક મોટી સેવા બજાવી છે. આજ પ્રમાણે જૈન સમાજની તેમજ રાષ્ટ્રની સેવા કરતા રહેવાનો અને આજની સમાજ રચના પરિવર્તન પામતી દેશ તેમ જ કાળની પરિસ્થિતિને અનુરૂપ જરૂરી પરિવર્તન પામતી રહે અને લોકપ્રગતિ સાધાતી રહે એવા વિચાર આંદોલનો ફેલાવતા રહેવાનો પ્રબુદ્ધ જૈનના તંત્રવાહકોનો મનોરથ છે.

યુરોપીય વિગ્રહ સમાપ્ત થવા આવ્યો છે. જપાન સમેતો વિગ્રહ પણ હવે બહુ લાંબો વખત નહિ ચાલે એવું વાતાવરણ આવી રહ્યું છે. પરિણામે લડાઇને લીધે સામયિક પત્રો ઉપર જે વિવિધ પ્રકારનાં અંકુશો [illegible] છે તે ધીમે ધીમે દૂર થશે અને બાહ્ય તેમ જ આન્તર [illegible] મુક્ત થશે એમ આશા રાખીએ છીએ. વાણી સ્વાતંત્ર્યને [illegible] આજનું અને [illegible] બનેલું [illegible] બને અને [illegible] વિચાર તેમજ વાણીને કશું [illegible] બંધન ન હોય એવું નિર્મળ વાતાવરણ કયારે જન્મે [illegible] આજે સૌ કોઇ રાહ જોઇ રહ્યું છે. જેમ જેમ સમય [illegible] ગોની અનુકૂળતા વધતી જાય તેમ તેમ ઉત્તરોત્તર વિકાસ [illegible] લકમલની માફક પ્રબુદ્ધ જૈન પણ અનેક બાજુઓથી [illegible] જાય અને રાષ્ટ્રના સર્વતો મુખી ઉત્થાનમાં પ્રબુદ્ધ જૈન પણ [illegible] નો ફાળો નોંધાવે એવું અમારું સ્વપ્ન અને મનોકામના છે. પ્રબુદ્ધ જૈનના પ્રશંસકો તેમ જ પ્રબુદ્ધ જૈન પ્રત્યે સદ્‌ભાવ ધરાવનારા વિદ્વાન લેખકો તેમ જ વિચારકો અમારા આ ધ્યેયને સફળ કરવાના માર્ગે શકય તેટલો સહકાર આપે એવી અમારી પ્રાર્થના છે.

તંત્રી: પ્રબુદ્ધ જૈન.

શ્રમણ ભગવાન મહાવીરની ઓળખ

આપણા પરમવલ્લભ માનવ તરફ આપણી શ્રદ્ધા કે ભક્તિ જ્યારે અતીવ થઇ જાય છે ત્યારે તેમાં ઘણીવાર અંધતા, અજ્ઞાન વા અવિવેક પેસી જાય છે એ હકીકત તદ્દન સાધારણ જનસમાજના ગાડરિયા પ્રવાહના વલણની અપેક્ષાએ ખોટી ન હોઇ શકે. અંધશ્રદ્ધા કે અંધ-ભક્તિવાળું માનસ સમતોલપણું ગુમાવી બેસે છે, વિજ્ઞાનની રીતે વિચાર કરવાની ના જ પાડે છે અને ચમત્કારો ભલે સાવ સાચો હોય છતાં તેનો ઉપયોગ ચૈતન્યનું અકળ સામર્થ્ય સમજવામાં ન થતાં આપણી કેવળ ઘેલછાને જ વધારવામાં થાય છે. અંધશ્રદ્ધા વા અંધભક્તિમાં નથી વિરહની વેદના, નથી તન્મયતાનો લય કે નથી પોતાની ભૂલ સમજવા જેટલી ધીરજ. આવી સ્થિતિમાં જનસમાજની અંધશ્રધ્ધા કે અંધભક્તિનો લાભ લઇ બીજા વ્યવહાર ચતુર લોકો ધર્મનું નામ દઇ આપણી પાસે સ્વપ્નોની પૂજા કરાવે, પોતાની જ પ્રતિષ્ઠા રચાવે, અને આપણાં ધન, મન અને તનને ભોગે પોતાની અહંતાને પોષે તો દોષ કોનો કહેવાય ? અંગ્રેજો અહીં આવીને આપણું મૂળિયાં ઉખેડવા તૈયાર થયા તેમાં તેમના કરતાં આપણો જ દોષ વધારે છે તેમ જ પેલા વ્યવહાર ચતુરની જાળમાં આવનારાઓ આપણે અને જાળમાં ફસાવ-નારા એ વ્યવહાર ચતુરો એ બેમાં વધારે દોષ ફસાનારાની અંધશ્રધ્ધા અંધભક્તિનો જ છે. ખરી રીતે તો આ પ્રકારની અંધશ્રધ્ધા વા અંધભક્તિને લીધે આપણે આપણા પરમવલ્લભને પીછાણી જ શકતા નથી અને એથી જ એ પરમવલ્લભને અત્યંત કઠે એવાં કાર્યો આપણે હાથ નિરંતર થયા છે છતાં ખુશી એ છે કે એવાં કાર્યો કરનારા આપણે આપણી જાતને એ પરમવલ્લભના સાચા ઉપાસક માનતા રહીએ છીએ. એ આપણાં કાર્યો અને એ આપણી અંધશ્રદ્ધા વા અંધભક્તિ આપણી ડૂબતી હોડીને કિનારે લઇ જવાને બદલે ધંટીના પડની ગરજ સારી ઠીક ઠીક રઝળાવે છે વા ડુબાડી દે છે.

માની લઇએ વા એ ખરી હકીકત હોય કે માનવની પ્રારંભિક ભૂમિકાએ તો શ્રદ્ધા કે ભક્તિમાં વિવેક શી રીતે આવી શકે ? પ્રારંભિક દશામાં તો આપણે પોતે જ અંધ હોવાથી આપણી શ્રદ્ધા, ભક્તિ વા બીજું બધું જ અનુષ્ઠાન અંધ જ રહેવાનું. તદ્દન નવો જ નિશાળિયો પેન્સિલ બેસતાં જ એકડો શી રીતે કાઢે ? એ તો શરૂ શરૂમાં લીંટા જ કાઢવાનો. વાત તદ્દન ખરી છે. નવો નિશાળિયો ભલે લીંટા કાઢે અને એનું વર્તણૂક ધસારા જાય ત્યાં સુધી પણ લીંટા કાઢવા ભલે થાક ન ખાય, પરંતુ તેની નજર એકડા કાઢવા ભણી હશે તો જરૂર તે લીંટામાંથી જ એકડો નીકળવાનો. પણ તેની નજર એકડા તરફ જ નહીં હોય તો ભલેને લાખ વરસ તે લીંટા કાઢવા કરે તો ય કદી પણ એ નિશાળિયો એકડો નહીં જ કાઢી શકે. તે જ પ્રકારે અંધશ્રધ્ધા કે અંધભક્તિવાળા જનસમાજની દૃષ્ટિ "આત્મવત્ સર્વભૂતેષુ" તરફ હશે, તો જરૂર તેમાંથી સંયમ પ્રગટશે, અહિંસા, સત્ય અને અસ્તેય વગેરે સમાજના જીવનને ધારણ પોષણમાં સહાયક એવા એવા અદ્‌ભુત ગુણો પ્રગટશે અને એવો પણ સમય આવશે જ્યારે એકવારનો અંધશ્રદ્ધાળુ વા અંધભક્ત પોતાના જીવતાં જીવતાં જ નિર્વાણના સુખને સુધાં અનુભવી શકશે. પરંતુ એમ કહેવામા આવતું હોય કે કેવળ અંધશ્રધ્ધા વા અંધભક્તિથી ચાલ્યા જ જાઓ, ચાલ્યા જ જાઓ અને એ રીતે ચાલતાં ચાલતાં જ કોક વાર કાંઇક થઇ જશે તો એ, એકડાના લક્ષ્ય વગરના પેલા નર્યા લીંટા કાઢવા જેવું તદ્દન નકામું જ છે.

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે નરી શ્રધ્ધા માત્રમાં કે કેવળ ભક્તિ માત્રમાં ધર્મદર્શન–ધર્માચરણ આવી જતું નથી–સમાઇ જતું નથી માટે જ મહાવીરવાણી કહે છે કે:

धम्मं पि हु सद्दहंतया दुल्लहया काएण फासया ।
इह कामगुणेहिं मुच्छिया समयं गोयम ! मा पमायए ॥

[उत्तराध्ययन सूत्र अध्ययन १० गाथा २०]

અર્થાત્ અનુભવજ્ઞાની પુરૂષ કહે છે કે ધર્મ તરફ શ્રદ્ધા રાખનારાઓમાં પણ એવા લોકો ઘણા વિરલ હોય છે જેઓ ધર્મને પોતાના આચરણમાં ઉતારે. ધર્મશ્રદ્ધા રાખનારાઓમાં વધારે ભાગે લોકો કામગુણોમાં મુર્છિત હોય છે એટલે ધર્મશ્રધ્ધાળુની મોટી સંખ્યા પોતાની એક જાતને જ માટે શરીરસુખ, ઇંદ્રિયસુખ, ભોગો વિલાસો, ધનવૈભવની પ્રાપ્તિ, સ્ત્રીની વાંછા, પુત્રનું સુખ, દાવા ફરિયાદીમાં લાભ, આંક ફરકનો લાભ, પ્રતિષ્ઠાની પ્રાપ્તિ, સ્વચ્છંદનું પોષણ અને પોતાની વાસનાનું પ્રાબલ્ય વગેરે વિવિધ પ્રકારના કામગુણોમાં રચીપચી રહેલી હોય છે. એ વર્ગ, એની જાતનો ધર્મ શોધે છે વા કરે છે કે જેનાથી એના કામગુણોના રસમાં લેશ પણ ન્યૂનતા ન આવે, એટલું જ નહીં ઉલટું જાણ્યે અજાણ્યે પોતાના કામગુણોમાં વધારો જ થતો રહે.

કોઇ એક હિતૈષી કોઇને ઉપર ચડવા માટે નીસરણીની સૂચના કરી પછી તે ખસી ગયા. જેને સૂચના કરી તે અંધશ્રધ્ધાળુ અને અંધભક્ત માનસનો હતો. પેલા હિતૈષી તો પુરૂષાર્થ કર્યા વિના કેવળ નીસરણી ઘરમાં રાખવાથી જ લાખો કરોડો વરસે પણ નીસરણી ઉપર ચડી શકવાનું નથી, અને ધારેલે સ્થળે પહોંચાવાનું નથી, પુરૂષાર્થ વિના જ નીસરણી ઉપર ગમે તેટલી શ્રધ્ધા વા ભક્તિ રાખવાથી પણ કશો દહાડો વળવાનો નથી એમ ચોકખું કહી ગયા હતા; છતાં પેલા શ્રધ્ધાળુ ભકતે જોયું કે પુરૂષાર્થ કરવા જતાં તેનો વિલાસ, ભોગ, સ્વચ્છંદ વગેરે બધું માર્યું જાય છે એટલે એણે તો બીજો કશો પુરૂષાર્થ ન કર્યો, પરંતુ પોતાના સ્વચ્છંદ વગેરેનો પોષક એવો પેલી નીસરણીને પૂજવાનો પુરૂષાર્થ શોધી કાઢી શરૂ કર્યો. રોજ રોજ નીસરણીને પૂજે, તેના ઉપર ઘરેણાં દાગીના ચડાવે અને નવાં નવાં નિવેદ ઘરે અને સાથે પોતાનો બધો સ્વચ્છંદ ચલાવ્યે જ રાખે. આમ કરતાં કરતાં એ નીસરણી માટે મોટા ખાસ મહાલયો બંધાવ્યાં, મોટી મોટી ધામધૂમો થવા લાગી એટલું જ નહીં પણ મોટા મોટા પુરોહિતો તેના સમર્થન માટે રોકવામાં આવ્યા અને, શાસ્ત્રના પાઠો આપી આપીને એ નીસરણીની જ રક્ષા કરવાના ઉપાયો માટે મોટી ફોજને પોષવામાં આવી અને આ સાથે સાથે જ નીસરણીનો ભક્ત, તેના પુરોહિતો અને તેની ફોજ વગેરેનો વિવિધ સ્વચ્છંદ ચાલ્યા જ કરતો. હવે તો એવું પણ થઇ ગયું કે સરકાર દાદની ઉપજ ન આવે તો કેળવણી શી રીતે આપે? એમ આ ભક્ત પુરોહિત વગેરે લોકો સ્વચ્છંદે ન વર્તે તો પેલી નીસરણીનો ખપ જ ન નભે એટલે સુધી નોબત આવી ગઇ. માટે જ જ્ઞાની અને અનુભવી પુરુષે કહ્યું કે ધર્મમાં શ્રધ્ધા રાખનારોની વધારે માં વધારે સંખ્યા કામગુણોમાં મૂર્છિત હોય છે અને તેઓ પેલી નીસરણીની જ પૂજા કરવાનો પુરૂષાર્થ કરે છે જે, પેલા મિશનરીયોના કોઇપણ લક્ષ્ય વગરના લીંટા કાઢવાના પ્રયત્ન કરતાં જરા પણ ઉતરતો નથી. કહેવાનું તાત્પર્ય એ કે શ્રદ્ધા અને ધર્માચરણ-ધર્મ પ્રાપ્તિ-વચ્ચે ઘણું મોટું અંતર છે, એટલું જ નહી પણ સર્વાત્મભાવની વૃત્તિ કેળવાયા વિનાની એ શ્રધ્ધા કે ભક્તિ આપણને ઠગે છે, ઊંડા ખાડામાં ઉતારે છે; અને જે પુરૂષ, શાસ્ત્ર કે પદાર્થ તરફ આપણી એ શ્રધ્ધા કે ભક્તિ હોય છે તે પુરૂષ, શાસ્ત્ર કે પદાર્થનું ખરૂં સ્વરૂપ પણ આપણને સમજવા દેતી નથી, ઉલટી તેમના તરફ વિપરીતાચરણ જન્માવે છે, આપણે હાથે તેમની અશાતના કરાવે છે અને એ રીતે એ આપણી શ્રધ્ધા વા ભક્તિ તેના ખરા અર્થમાં તદ્દન વાંઝણી જ રહે છે. આ જ હકીકત ભગવાન માનતુંગ પોતાના એક જ વાક્યમાં સમજાવે છે:

"ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે."

આવી આપણી અંધશ્રદ્ધા દૂર થાય અને આપણામાં વિવેકવતી શ્રદ્ધા પ્રગટે માટે જ કવિરાજ માનતુંગ કહે છે કે-

"**त्वामेव सम्यग् उपलभ्य जयन्ति मृत्युम्**-(ભક્તામર શ્લો. ૨૩)

અર્થાત્ હે ભગવાન! તને જ બરાબર ઓળખવામાં આવે તો મૃત્યુ ઉપર જય મેળવી શકાય છે.

ભગવાન મહાવીરને ઓળખવા એટલે એમની માતાને આવેલાં સ્વપ્નોને પૂજવાં એ નહીં, એમણે મેરૂને પણ કંપાવી દીધો એમ કહી તેમને પૂજવા એ નહીં, પૂજન સમયે એમની પદ્માસનમયી ધ્યાનસ્થ મૂર્તિ સામે છતાં એમાં બાળભાવ, રાજપણાનો ભાવ વગેરે મૂર્તિની સ્થિતિને તદ્દન અસંગત ભાવોની કલ્પના કરી તેમને નવરાવવા પૂજવા-શણગારવા એ પણ નહીં, બાળપણામાં એમણે એમની નિશાળના મહેતાજીને સુદ્ધાં હરાવી દીધો એમ કહી તેમને સ્તવવા એ નહીં, અદ્‌ભુત રાજકુમારી સાથે તેઓ પરણ્યા હતા એમ કહેવાથી પણ તેમનું સ્વરૂપ કળી નહીં શકાય, એમની ભોગસામગ્રી, સૌંદર્ય, લાવણ્ય વગેરે દેવો કરતાંય વધારે હતાં એમ કહેવાથી પણ એમને નહીં ઓળખી શકાય, એઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળના જાણકાર છે અને વિશ્વનાં અણુથી માંડીને મોટા હિમાલય જેવા તમામ પદાર્થોની તેમને માહિતી હતી એટલાથી પણ તેઓને નહીં ઓળખી શકાય અર્થાત ગમે તેવા લૌકિક વા અલૌકિક ચમત્કારોને લીધે તેઓની ખરી ઓળખાણ આપણને કદી જ થવાની નથી. માટે જ માનતુંગજી કહે છે કે "**त्वामेव सम्यग् उपलभ्य**" તનેજ બરાબર ઓળખવાથી મૃત્યુને પણ જીતી શકાય છે. એમની જે પ્રકારની મૂર્તિ છે, જે પ્રકારનાં એમનાં પ્રશમપૂર્ણ નિર્મળ નેત્રો છે, જે પ્રકારનું એમનું ધ્યાનાસન છે એનો વિચાર કરતાં તેમણે, જગતમાં જેને કોઇ ભાગ્યે જ જીતી શકે છે એવી પોતાની વાસનાઓને જીતી લીધી છે, એવા જ ભયાનક ક્રોધ, લોભ, મોહ, માયા, મદ વગેરે આંતર રિપુઓને જીતી લીધા છે અને કોઇ ભાગ્યે જ કેળવી શકે એવી સર્વાત્મ સમભાવની વૃત્તિ કેળવી-તદનુસાર જીવી દેખાડયું છે-આવી વિચારણા તરફ લક્ષ્ય કરતાં તેમના સ્વરૂપની આપણને સ્થૂલ રૂપે ઝાંખી થશે અને તેઓ આપણા જ જેવા સાધારણ માનવ હોવા છતાં એક માત્ર પોતાના લક્ષ્યસાધક પુરૂષાર્થ વડે વીતરાગ, અલોલુપ, અપરિગ્રહી અને સ્થિતપ્રજ્ઞ બની શકયા છે માટે જ તેમની સરખા આપણ માનવો માટે જ તેમનું ચરિત્ર અનુકરણીય છે, અનુસરણીય છે અને આચરણીય છે એ જાતની વિમળ પ્રજ્ઞા આજે શ્રમણ ભગવાન મહાવીરના જન્મ દિવસે આપણામાં પ્રગટે તોય ઘણું કહેવાય.

એક મહાકવિ કહે છે કે:-

"**देवागम-नभोयान चामरादिविभूतय: ।**
मायाविष्वपि दृश्यन्ते, नातः त्वमसि नो महान्"

(સ્વામી સમન્તભદ્ર)

અર્થાત્ જે લોકો ઇંદ્રજાળ કરનારા હોય છે તેઓ પણ પોતાની પાસે દેવો આવે છે એવું બતાવી શકે છે, તેઓ આકાશમાં અધર ચાલવાનો દેખાવ કરી શકે છે, તેઓ પોતાની પાસે ચામર છત્ર પાદપીઠ વગેરે વિભૂતિ આકાશમાં અધર ઉડતી ચાલતી દેખાડી શકે છે માટે હે ભગવાન! એવી ઇંદ્રજાળ કરનારાઓ જેવી શક્તિ તારામાં છે એટલા માત્રથી કાંઇ તું અમારે માટે મોટો નથી-એટલા માત્રથી અમે તને પૂજતા નથી.

કવિના વાકય ઉપરથી આપણે શ્રમણ ભગવાન મહાવીરને કેમ ઓળખી શકીએ એનો ખ્યાલ જરૂર આવી શકે એમ છે અને કવિએ એ વાકય પોતાના જમાનામાં શા માટે ઉચ્ચાર્યું હશે તેનો પણ વિચક્ષણ વાચકો ખ્યાલ કરી શકશે. વળી, બીજા એક આપણા જ સૈકાના અનુભવી કવિ કહે છે કે-

જે જિનદેહપ્રમાણને, સમવસરણાદિ સિધ્ધિ.
વર્ણન સમજે જિનતણું, રાખે રહે નિજબુધ્ધિ ॥

(આત્મસિધ્ધિ ગા૦ ૧૫)

આપણને આપણા પૂર્વજોએ ભગવાનને ઓળખવા માટે ઘણી ઘણી રીતે ચેતવ્યા છે, છતાંય આ વિજ્ઞાનના સમયમાં પણ આપણે નહીં ચેતીએ અને આંખમીંચા કાન કરીને જેમ ચાલીએ છીએ તેમજ ચાલ્યા કરીશું તો-

"**आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि**"

-(કલ્યાણ મંદિર સ્તોત્ર શ્લો૦ ૩૮)

અર્થાત્ હે ભગવાન! મેં તમને સાંભળેલા છે, તમને પૂજેલા છે અને નીરખેલા છે છતાં હજુ મારો આરો આવ્યો નથી, એવી સ્થિતિથી આપણા સમાજને શાસનદેવ બચાવી લ્યે એ એક જ પ્રાર્થના આજે કરવી રહી.

પંડિત બેચરદાસ.

મૂ. જૈન કૉન્ફરન્સ ઉપર એક દૃષ્ટિ

કેટલાયે દિવસો થયાં જૈનસમાજ કુતૂહળતાપૂર્વક જેની રાહ જોતો હતો તે પરિષદ આવી અને ગઇ, અનેક સુખદ-દુઃખદ સંભારણાં પાછળ મૂકતી ગઇ, ભાવિ માટે મૂંગી ટકોર કરતી ગઇ અને જૈન સમાજના ઉત્થાનના ભૂતકાળના પ્રયત્નોમાં એકનો ઉમેરો કરતી ગઇ.

સામાન્ય લોકમેળા અને પરિષદોમાં અંતર હોય છે. લોકમેળા આનંદ પ્રમોદ સાથે લોકમાનસને લોકજીવનને જીવતાં રાખતા ખડબચડી રીતે કોઇ ખાસ જવાબદારી વગર ઉભા થતાં સામુદાયીક મીલનો છે. તે આવે છે, જનતાના દિલમાં આનંદના ઉમળકા લાવે છે અને અનેકનો મીઠો મેળો કરાવી ચાલ્યા જાય છે પ્રજા તેનાં સ્મરણો માણે છે, પરિષદો જો કે છે તો વિશિષ્ટ કોમ. સંપ્રદાય કે વર્ગની પહેલિસર અમુક હેતુથી મળેલી માનવમેદની, મેળો, પણ ત્યાં માત્ર આનંદ પ્રમોદ જ ન હોય, પણ જીવનના માર્ગની વિચારણા હોય, યોજના હોય, અને આપણા અનુભવો અને અન્યોના મુકાબલાએ સુઝાડેલ જ્ઞાન પ્રમાણે માર્ગ પરિવર્તનની ચર્ચા હોય, પણ કમભાગ્યે આજની પરિષદ તેવી ગંભીર તો નથી બનતી, પણ લોકમેળામાંથી પણ ગઇ છે તેમ લાંબા અનુભવથી કહેવું પડે છે.

જ્યાં જીવનરીતિ અને જીવનમાર્ગ નક્કી કરવાનાં હોય, જ્યાં સમાજના સુખ-શાન્તિ, સંસ્કાર અને વિકાસની યોજના વિચારવાની હોય તેવા સામાજિક સંમેલનોમાં બનતા બનાવોને જય, પરાજયની દૃષ્ટિએ દેખવા ન ઘટે. ચાલુ યુગની જનતાનો ધ્વનિ શું છે તે જાણી જીવન માર્ગમાં પરિવર્તન કરી પ્રગતિ સાધવા પૂરતો જ આવા સંમેલનોનો હેતુ માનવો ઘટે. જય અને પરાજય તો બે ભિન્ન ભિન્ન સ્વાર્થ માટે કે તેના રક્ષણ માટે લડતા પક્ષો વચ્ચે સંભવે છે. આહિ તો બંનેનું મધ્યબિંદુ સમાજ છે-એટલે બંનેને સ્વાર્થ કહો કે વિરોધનું દૃષ્ટિબિંદુ કહો તો તે સમાજ ઉત્કર્ષ હતો. એટલે યુવકો તો ખુલ્લેખુલ્લી રીતે જાહેર કરે છે કે "આમાં મુરબ્બીઓ પોતાની જાત નથી માનતા, વડિલો કે સાધુઓની હાર નથી માનતા, પણ યુગનો પ્રવાહ, વિચારસરણી શી છે તે જ માત્ર તેમણે બતાવ્યું છે.

જ્યાં સમાજની શિથિલતાને ખંખેરી પ્રગતિશીલ બનાવી તેને વધુ વિકસિત કરવાના વિચારથી આપણા જુના અનુભવોમાંથી મેળવેલું જ્ઞાન અને તેમાંથી સુઝેલો ભાવિ માર્ગ વધુ વિચારણા માટે રજુ કરવાનો હોય ત્યાં ચોડીક વ્યક્તિઓ કોઇ પણ કારણે જુની વાતોને જ સજીવ રાખવાનો પાકો નિર્ધાર કરીને કે તેવી જાતની બાંહેધરી આપીને સમાજને એકત્રિત કરે તો નવી વિચારણા અને સુઝેલા માર્ગનો કોઇ અંત શું ? અને સમાજના ભેગા થવાનો અર્થ શું ? ભેગા મળીને પણ તેનો રીત અને માર્ગ તેની અનુપયોગીતા જાણવા છતાં પણ જરા પણ ફેરફાર કર્યા વિના ચાલુ રાખવાના હોય તો આટલી બધી ધમાલ, સમય, શક્તિ અને દ્રવ્યવ્યય કરવાનું કારણ શું ? શાન્તિ જોખમાઇ જાય તેવું વાતાવરણ ઉભું કરવાનો હેતુ શું ? પૂર્વગ્રહ બાંધીને કે કોઇ માર્ગને અનંતકાલીન માનીને કે મનાવવાની બાંહેધરી આપવાની શરતે સમાજનું એકત્રિત કરવાનું સાહસ કેટલું વિષમ અને જોખમ ભરેલું છે તેનો આ સોળમા અધિવેશને બતાવી આપ્યું છે. સમાજને પીછેહઠ કરાવતા પ્રગતિ રોકતા પ્રશ્નોને તેઓ સમાજ પાસે મૂકે, પોતાનો અનુભવ માર્ગદર્શન માટે રજુ કરે અને તેના ઉપર નિર્દોષ છણાવટ કરી તેમાંથી નીકળતું નવનીત પ્રજા પાસે ભાવિ માર્ગની યોજના માટે મૂકે તેટલું જ યોગ્ય કહેવાય, પણ "છોકરાઓ તમે વિચાર કરજો, પૂરેપૂરો વિચાર કરજો. પણ નિર્ણય તો અમે અગાઉથી જાહેર કરેલ જ સ્વીકારજો" એવું ફરમાન આ યુગમાં ન ચાલે.

અમારા નેતાઓના ગંભીર વચનને અમે માન આપી પાળી ન શકીએ, તેઓને પ્રચંડ માનવમેદની પાસે શરમજનક સ્થિતિમાં મૂકાવું પડે એ અમારા માટે પણ ઓછું શરમજનક અને દુઃખદ નથી. નેતાઓ ભવિષ્યમાં પોતે મુકેલીમાં મુકાય અને સમાજને શરમમાં મૂકાવું પડે તેવી સ્થિતિ કદિ ઉભી ન કરે એવું તો આ વખતે જરૂર વિનવીએ. કારણકે નેતાઓનું સન્માન અને વર્ચસ્વ તે સમાજનું બળ છે.

મતાગ્રહ જેટલો તીવ્ર હોય તેટલીજ તે પછી થતો નિર્ણય સ્વીકારવાની તૈયારી પણ હોવી જોઇએ. એ સિદ્ધાંતનો અમલ આ સંમેલનમાં નથી થયો. તે બતાવે છે કે સત્યના, જનતાના નિર્ણયના, કે સમાજના ઉત્કર્ષના આગ્રહ કરતાં પણ પોતાના મતનો આગ્રહ ત્યાં વધુ હતો. આ ખેલદીલી ન કહેવાય. ખેલદીલી વિના જય પરાજય જીરવાય નહિ અને એકદીલી બને નહિ. જ્યારે ચર્ચાની કસોટી ઉપર બે ભિન્ન ભિન્ન અભિપ્રાયો રજુ થાય ત્યારે નિર્ણય તો એકજ પક્ષની તરફેણમાં આવે એ બીના સમજીને આવો. અખતરો કરવા નીકળનાર પોતાના મતનો વધુ પડતો આગ્રહ રાખે અને સમાજના ભાગલા પાડવા જેવું તંગ વાતાવરણ ઉભું કરે તે યોગ્ય નથી. કોઇ ખેદદીલ માણસ આવું ન કરે.

દીક્ષાનો કે સાધુનો પ્રશ્ન અલબત્ત સમાન માટે અગત્યનો છે; પણ તે માત્ર સમાજના પા કે અરધા ટકા માનવીને સ્પર્શે છે. જ્યારે બીજા સામાજિક અને આર્થિક સંસ્કાર અને કેળવણીના પ્રશ્નો નવાણું ટકા જેટલાને સ્પર્શતા પ્રશ્નો છે. છતાં આ પ્રશ્નો ઉપરની વિચારણા કેટલી તકલાદી, કેટલી ઝડપી અને ઉડતી રીતે થઇ અને પા કે અરધો ટકાવાળો નજીવો પ્રશ્ન કેટલો રસમય બનાવી દેવામાં આવ્યો તે આપણને આપણા પોતાના જીવન-પ્રશ્નો તરફ રહેતી બેદરકારી અને અંધતા બતાવે છે. જે કારણે આપણા સંસ્કાર ઘસાતા જાય છે, જે કારણે આપણા જીવનું ધોરણ પ્રતિદિન ઉતરતું જાય છે તેનો વિચાર ઉપર-છલ્લો જ થયો છે, અને તેના ન્યાયમાં હંમેશની માફક હાથમાં રામપાત્ર લઇને ભીખ માગવાનું જ સુચન થયું છે!!

જૈન બેન્ક, ઉદ્યોગકેન્દ્રો, સહકારી મંડળો, કેળવણીની સંસ્થાઓ, પશુરક્ષક સંસ્થાઓ, શાસ્ત્રીય સંશોધન અને પ્રકાશન મંદિર આદિ આજના યુગમાં દેખાતી બધી ઉંચી પ્રવૃતિની લાંબી હારમાળ રજુ કરવામાં આવી છે. આપણે સૌ રાજી થયા, ગરીબોનો ઉદ્ધાર થયો માન્યો, પણ એ બધા શામાંથી ઉભા કરવા છે, કોણ આપવાનું છે તે નથી વિચારાયું. મુઠ્ઠીભર ધનિક માણસોના દાનના આધાર ઉપર આ વાત છોડવામાં આવી છે. એ ગાડી કેમ આગળ ચાલશે ? આજે સમાજમાં નથી રહેયાની વરાળ ધરાવતો કોઇ જગડુશા કે ભામાશા, નથી કોઇ વસ્તુપાળ કે તેજપાળ કે નથી કોઇ ખીમો હડાળીયો. એમજ ધનિકોના કોઇ કોઇ વૈભવના પ્રસંગે ફેંકેલા ટુકડાઓમાંથી આ બધી પ્રવૃતિ ચલાવવાની હોય, સમાજનો ઉદ્ધાર કરવો હોય, તેનું જીવનધોરણ અને સંસ્કાર ઉંચા લાવવાના હોય તો તે વાત ભુલી જજો, ભુલી જજો!

જૈનોની સમૃદ્ધિનો ખ્યાલ આપતી વિશાળ શામીયાણો, ભેગી મળેલી પ્રચંડ માનવમેદની, તરવરતો ઉત્સાહ, અને સ્વયંસેવકોની ફોજ કાર્યકારણ અને ઉપાયોના માર્ગની પૂર્વ તૈયારી વિના સમાજનો ઉદ્ધાર નહિ કરી શકે એટલું તો અનેક વખતે આપણે જોયું છે. આજે ફરી વખત તેનું તે સત્ય જોઇએ છીએ! **વ્રજલાલ ધ. મેઘાણી.**

(પૃષ્ઠ ૩ થી ચાલુ)

અધિવેશનના બીજા મોટા ભાગના ઠરાવોને અમલી બનાવવા માટે મોટા ભંડોળની અપેક્ષા રહે છે. કમભાગ્યે અધિવેશને પ્રશ્નની આ બાજુ તરફ જરાએ લક્ષ આપ્યું નથી. કોન્ફરન્સે જરાક વધારે નિડર થવાની જરૂર છે. તે પોતાની આસપાસ નજર નાખશે તો તેને જણાશે કે તેની આસપાસ ધર્મના નામે ભેગા થયેલ ધનના ઢગલા બીલકુલ નિષ્ક્રિય અવસ્થામાં પડયા છે અને તેનો ઉપયોગ જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો ઉચ્છેદ કરતાં કાર્યોમાં થતો જોવામાં આવે છે અથવા તો અમુક વ્યક્તિઓના આર્થિક હિતો સાધવા પાછળ થતો જોવામાં આવે છે. આ ધનનો ઉપયોગ ભગવાન મહાવીરના પોતાના જ બાળકોના હિત સાધનમાં થવો જોઇએ અને તે પ્રમાણે થાય તેવો બંદોબસ્ત કરવાની કોન્ફરન્સના અધિકારીઓની ફરજ છે. આશા રાખીએ કે કોન્ફરન્સ આ પ્રશ્ન ઉપર જેમ અને તેમ જલ્દિ લક્ષ આપશે. **દીપચંદ ત્રીભોવનદાસ શાહ.**

સમાજ ઉત્થાનમાં યુવકોનું સ્થાન

(જૈન શ્વે મ. કોન્ફરન્સની સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલના વ્યાખ્યાનમાંથી ઉધ્ધૃત.)

આખું જગત એક મહાન પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, યુદ્ધના અંતે આખું જગત તદ્દન જુદી જ ભાતથી અને કલ્પનામાં પણ ન આવે તેવા ફેરફારોથી ભરપૂર હશે અને જૈન સમાજ પણ આ જગતના નકશાના એક ભાગમાં જ વસેલું છે, તે કાંઇ મહાવીદેહ ક્ષેત્ર જેવા જુદા ક્ષેત્રમાં વસવાટ કરતું નથી, એટલે આ યુગના દરેક આંદોલનો, સંયોગો, ફેરફારોની અસર જૈન કોમ ઉપર પણ થવાની જ. યુદ્ધ અંગે દેશોની ફેરફારી જોતાં નાણાં કરતાં કેળવણીને જ મહત્વ અપાશે તેવો સમય તદ્દન નજીક છે, એટલે હવે તો કેળવણીની પિપાસાની મર્યાદા જ ન હોય. જગતના ઘણા ભાગની માલમીલ્કત લગભગ નાશ થતી જાય છે. એની પુનર્રચના કરતાં કે.ઈ.પણ સરકાર કોઇને નાણાવાન બનવા ન જ દે. Capitalist તે શબ્દ દિનપ્રતીદિન આકો થતો જશે. ફકત વિદ્વાન, ભણેલા જ અને શ્રમજીવીઓ જ કમાઇ શકશે. ભણેલાના મગજની બુદ્ધિને જ દોલત ગણવામાં આવશે. કેળવણી અંગેનો હવે બોલવાનો સમય રહ્યો નથી. હવે તો રચનાત્મક કાર્ય હાથ ધરવાનું છે.

છેલ્લા કેટલાક વર્ષમાં આ દિશામાં કાંઇક ઠીક પ્રમાણમાં આપણે પ્રયાણ કરી રહ્યા છીએ. એટલા પ્રમાણમાં આ યુગને આપણે સમજતા થયા છીએ એમ કહીએ તો ચાલે. કેળવણીને પ્રગતિ આપે તેવી અનેક સંસ્થાઓની હજી આપણે ઘણી જરૂર છે. તે સાથે મારી એક નમ્ર સૂચના છે કે આખા સમાજની કેળવણી અંગેની દરેક સંસ્થાઓનું એકત્રિત સમુહમંડળ સ્થાપવાનું જરૂરી છે, જેનો ઉદ્દેશ એ હોય કે જુદી જુદી સંસ્થાઓમાં ખર્ચાતી શક્તિ અને તેમાંથી મેળવાતો લાભ કઇ દિશામાં કેટલો ઓછોવત્તો કરવા જેવો છે તેનો ખ્યાલ આવી શકે અને સર્વ સંસ્થાઓને દેશકાળ અનુસાર યોગ્ય દોરવણી આપી શકે. મારા નમ્રસૂચન મુજબ આ કાર્ય આપણી મહાસભાએ હાથ ધરવા જેવું છે.

આધુનિક કેળવણી સાથે આપણા વિદ્યાર્થીમાં ધર્મરૂચિ વધે અને સ્વ-પરનું ભાન થાય, એને આત્માની અનંત શક્તિ સમજાય, એને આ જીવનનો ઉદ્દેશ સમજાય, એને આ સંસારયાત્રા સફળ કરવાના સાચા માર્ગો સાંપડે અને આ બુદ્ધિવાદના યુગમાં પોતાની શ્રદ્ધાને દૃઢ બનાવી એ જ્ઞાન અને ક્રિયાને યોગ્ય રીતે આચરણમાં મૂકતો જાય તથા આખા જગતને અહિંસા અને સ્યાદ્વાદના માર્ગે વાળવા જેવો સમર્થ અને પ્રભાવશાળી બને તે કાર્ય એક ભવ્ય જૈન વિદ્યાપીઠ સ્થાપવાથી જ થઇ શકે તેવો મારો નમ્ર મત છે. આપણી સંસ્કૃતિ અને તત્વજ્ઞાનનો વારસો આપણે આ વિદ્યાર્થીઓને સોંપવાનો હોઇ તેમના પ્રત્યે અત્યંત પ્રેમ અને સહાનુભૂતિ બતાવવાનાં છે.

દેશવિરતિના છેલ્લા અધિવેશનના પ્રમુખસ્થાનેથી આપણી ભાવી પ્રજાને જૈન તત્વજ્ઞાન અને સંસ્કૃતિથી રંગાયેલી બનાવવા મેં જે રચનાત્મક કાર્યનું સૂચન કર્યું છે તે તરફ આપ સર્વ મુરબ્બીઓનું નમ્ર ભાવે ધ્યાન ખેંચું છું. આ માટે એક મધ્યસ્થ જૈન વિદ્યાપીઠ સ્થાપવાની જે યોજના રજુ કરી છે તેને અપનાવવા મારી આગ્રહભરી વિનંતિ છે. આજે જ્યારે જગતમાં બહુ સુક્ષ્મતાપૂર્વક પ્રત્યેક વસ્તુની છણાવટ થઇ રહી છે ત્યારે પ્રવૃત્તિ કે વિકાસ કર્યા વગર ખાલી ભૂતકાળનાં ગુણગાન કરવા માત્રથી આપણું તત્વજ્ઞાન અને સંસ્કૃતિની રક્ષા ન થઇ શકે. કોઇ પ્રજા ફકત પોતાના ભૂતકાળની શોભાને ઉન્નતિ અને રક્ષણના ઉદ્યમ સિવાય વાદ કરવા માત્રથી આગળ વધી શકી નથી. મેં સૂચવેલ વિદ્યાપીઠનું કાર્ય હાથ ધરાય તો મારૂં ખુબ શ્રદ્ધાપૂર્વક માનવું છે કે આપણી એ સંસ્થાદ્વારા ભાવિ પ્રજાને ધર્મમયી બનાવવા સાથે આખા વિશ્વને અહિંસા અને સ્યાદ્વાદને માર્ગે વાળી શકીએ. જગતને અહિંસાનો બોધ આપવાનો ધંધો અને ફરજ જૈન સમાજની મુખ્યત્વે હોઇ શકે. દુનીયાના એક ખુણામાં પણ જ્યાં સુધી હિંસા વર્તી રહી હોય ત્યાં સુધી આપણો આ અહિંસા ધર્મ પરાજિત છે. આવી વિદ્યાપીઠમાંથી જ્યારે ભાવિ પ્રજા તૈયાર થઇને બહાર પડશે ત્યારે આજના આપણા ક્ષુદ્ર મતમતાંતરો અને આંતરવિગ્રહો તેમને હાસ્યાસ્પદ લાગશે, આપણી સંકુચિત મનોવૃત્તિ ઉપર તેઓ દીલગીર થશે અને આપણા મતભેદના ખેદજનક અવશેષો ઉપર તેઓ આંસુ પાડશે, અને ખાસ અફસોસ તો તેઓ એટલા માટે કરશે કે જે સમયે નગરશેઠ પોપટલાલ ધારસીભાઇ તથા સંઘવી શેઠ નગીનદાસ કરમચંદ જેવા ધર્મનિષ્ઠ, દીર્ઘદૃષ્ટા અને શાસન શુભેચ્છકો વિદ્યમાન હતા, છતાં મતમતાંતરોનો અંત કેમ નહી લાવ્યા હોય?

ગૃહસ્થો! આધુનિક કેળવણીથી આપણી સંસ્કૃતિનો હ્રાસ થતો જાય છે તેવા વિચારો આજે ઘણે ઠેકાણેથી જાણવામાં આવે છે. પણ આ વિચારો સાથે હું સંમત થઇ શકતો નથી. બાળપણના સંસ્કારો અને માતા પિતાઓની બાળકોના ચારિત્ર્યના ઘડતર પ્રત્યે સંપૂર્ણ કાળજી હોય તો કેળવણી ઉપર દોષ મુકવાનો પ્રસંગ આવે જ નહીં. ગાંધીજીથી માંડીને આપણા દરેક દેશનેતાઓ અને કાર્યકરો ઉચ્ચ શિક્ષણથી જ કેળવાયેલા છે. છતાં તેમનો ત્યાગ અને સંયમ ઓછો અનુકરણ કરવા જેવો નથી. આપણા કેળવાયેલા યુવકોએ જ રાષ્ટ્રની અહિંસક લડતમાં સારો ફાળો આપ્યો છે. આધુનિક કેળવણીને દોષ આપનારાઓને હું પૂછું છું કે હજારો યુવકો અને યુવતીઓએ વર્ષો સુધી જેલની અંધારી કોટડીઓમાં દેશ માટે ગોંધાવાનું પસંદ કર્યું હશે તેમાં આધુનિક કેળવણીનો સ્પર્શ કયા રૂપમાં થયેલો તમે સમજશો?

વેપાર અને ધંધા અંગે આ ઔદ્યોગિક યુગમાં જૈન કોમનો કેટલોક વર્ગ સાધનસંપન્ન હોઇ પુરતી મીલવણી કરી શકે તેમ છે. મધ્યમ વર્ગને માટે તો જ્યાં સુધી આપણે સહકારી બેંકો અને સંસ્થાઓની યોજના અમલમાં ન મુકીએ ત્યાં સુધી આ વર્ગ ધંધા અંગે યોગ્ય પ્રગતિ કરી શકે એમ નથી.

રાષ્ટ્રવાદના આ યુગમાં જૈન કોમ અલગ રીતે ધંધામાં શી રીતે આગળ વધી શકે તે મારા વિચારમાં ઉતરી શકતું નથી. જ્યાં સુધી દેશ પરત્વે ત્રિ સ્થિતિમાં હોય ત્યાં સુધી આપણા ગમે તેવા સહકાર ઉદ્યોગોને પાછો સરકાર કલમના એક ઘોદે ગુંગળાવી નાખી શકે એમ છે. એટલે જ્યાં સુધી આપણી રાષ્ટ્રિય મહાસભાની સ્વતંત્રતાની લડતને ફતેહ ન મળે અથવા તો આપણી National Government ન સ્થપાય ત્યાં સુધી વેપાર કે ઉદ્યોગ માટે આપણી બધી મહેનત રેતીના ઢગલા ઉપર મહેલ ચણવા જેવી છે. રાષ્ટ્રના ઉદ્ધારમાં જૈન સમાજના વેપારનો ઉધ્ધાર છે. એટલે આ અંગેનું આપણું લક્ષ્ય ખાસ કરીને વેપારી દૃષ્ટિએ મહાસભાની અહિંસક લડતને ટેકો આપવાનું છે.

હવે હું આપણી મહાસભાએ આવતા વર્ષ માટે બે નાના કાર્યક્રમો હાથ ધરવાની સુચના કરું છું. આપણા સમાજમાં કેટલાક ઝીણા મતમતાંતરોને ખ્યાલમાં રાખીને આ બે નિષ્પક્ષ કાર્યક્રમો હાથમાં લેવાની મારી વિનંતિ છે.

૧. વસ્તીગણતરી: વસ્તીગણતરીના જે આંકડાઓ મધ્યસ્થ સરકાર તરફથી બહાર પાડવામાં આવે છે તેમાં મારી સમજ મુજબ આપણી જૈન વસ્તીનો સાચો ખ્યાલ આવતો નથી. આ માટે આપણી કોન્ફરન્સે પોતાના રચનાત્મક કાર્યમાં સૌથી પ્રથમ કાર્ય તરીકે આખા દેશની જૈન વસ્તીની ગણતરીનું હાથ ધરવું જોઇએ એવું હું સૂચવન કરું છું. જો આ કાર્ય બરાબર હાથ ધરી પાર પડાય તો મારૂં માનવું છે કે આપણી વસ્તીનું પ્રમાણ આપણા ધારવા કરતાં અતિશય મોટા પ્રમાણમાં આવે. એને પરિણામે જૈન સમાજની જુદા જુદા ક્ષેત્રની સાચી પરિસ્થિતિનું આપણને ભાન થશે અને તે મુજબ આપણે વ્યવસ્થિત કાર્ય હાથ ધરી શકીશું.

૨. શ્રી મહાવીર જન્મ કલ્યાણક: શ્રી જન્મકલ્યાણક દિન આપણે જે ઉત્સાહ અને ધર્મ ભાવનાથી ઉજવવો જોઇએ તે રીતે

આપણે ઉજવતા નથી. આવા મહાન અને પવિત્ર દિવસને જો આપણે યોગ્ય મહત્વ ન આપીએ તો પછી આપણા જૈનેતર ભાઇઓ તે જ આપે અને આ દિવસ આખા દેશના તહેવાર તરીકે ને જ પળાય એ સ્વાભાવિક છે. આખા વિશ્વને અહિંસાની સુક્ષ્મ છણાવટ કરીને બોધ આપનાર મહાન વિભૂતિનો સંદેશ જગતને સમજાવવાના સૌથી પ્રથમ કાર્ય તરીકે આ દિવસની મહત્તાનો વ્યાપક પ્રચાર આપણી આ મહાસભા તરફથી થવાની જરૂર છે. એક માસ અગાઉ કોન્ફરન્સ દરેક શહેર અને ગામડામાં આ માટે ઘટતો પ્રચાર કરે. આ માંગલિક દિવસે આખા દેશના દરેક શહેરો અને નાના ગામડામાં આપણી મહાસભાના આદેશ મુજબ ભગવાનનો જન્મકલ્યાણક દિન ઉજવાય તે માટે સંમેલનો થાય, આખા દેશના દરેક દહેરાસરોના બહારના ભાગમાં રાતના પૂર રોશની થાય, શ્રાવકો પણ પોતાના ઘેરે દિવાળી માફક દીવા કરે, તોરણો બાંધે અને જૈનોની દરેક સંસ્થાઓ, પેઢીઓ, દુકાનો, ઓફિસો ઉપર કોન્ફરન્સના આદેશ મુજબના એક સરખા વાવટા ફરકે અને આ પ્રમાણે આખા વર્ષમાંના સૌથી વધુમાં વધુ આનંદના દિવસ તરીકે એ દિન ઉજવાય. આપણી મહાસભા તરફથી આ દિવસે ભગવાનના અહિંસાના સિધ્ધાંતોનો પ્રાંતિક ભાષાઓની પત્રિકાદ્વારા દરેક પ્રાંતમાં ખુબ છુટથી પ્રચાર કરવામાં આવે અને રેડીઓ દ્વારા જુદી જુદી ભાષામાં આ દિવસે સમજાવવામાં આવે. જો આ કાર્ય સંપૂર્ણ રીતે હાથ ધરવામાં આવે તો તેની અસરના પરિણામે આખો દેશ આ જન્મ દિનને અહિંસા દિન તરીકે પાળવા આગળ ઉપર જરૂર તત્પર થશે, અને જગત એ અદ્વિતીય આત્માનું શરણ લેશે.

× × ×

આપણે ત્યાં યુવક, વિદ્વાન અને લેખકો આવા ત્રણ તત્વોવાળો વર્ગ છે. આ ત્રણેના સહકારથી આપણું આપણી મહાસભા દ્વારા સમાજને ખુબ પ્રગતિને માર્ગે દોરી શકીએ. ઉપરનો ત્રણમાંથી એક પણ અંગને ખોવું આપણને પોસાવે તેમ નથી. કોન્ફરન્સના પ્લેટફોર્મ ઉપર એક પણ પક્ષ ગેરહાજર હોય તો તે કોન્ફરન્સ અપૂર્ણ ગણાશે. દરેક સાથે સમજાવટથી, મૈત્રીથી, નમ્રતાથી, સહિષ્ણુતાથી, ઉદારવૃત્તિથી અને એક બીજાના ગુણો તરફ જ જોવાની વૃત્તિથી આપણે સાથે મળી કાર્ય કરીશું તો જ સુંદર પરિણામ લાવી શકીશું. આ વૃત્તિઓ આપણે કેળવ્યે જ છુટકો છે. હું તો આને પણ ધર્મનું એક અંગ જ ગણું છું. જરા વિચારભેદ થયો કે વાણી ઉપરનો સંયમ આપણે ગુમાવીએ તો કેટલાં માઠાં પરિણામ આવે તે સમાજની ચાલુ સ્થિતિથી આપણે જોઇ શકીએ છીએ. આપણી તો વેપારી કોમ રહી એટલે દરેક બાબતમાં આપણે ક્ષત્રીય થવું જ પાલવે. આપણે તો સમજાવટથી અને છુટછાટથી કામ કાઢી લેનારા. વળી આપણે જેની સાથે મતભેદ હોય છે તે પરદેશી ગુજ્જુ સાથેનો નહિ પણ આપણા ભાઇ સાથે જ હોય છે, તે વિચાર એક ક્ષણમાત્ર પણ ભુલવો જોઇએ નહિ. આપણે દરેક અપૂર્ણ છીએ. એકમાં એક બીજા મોટા ગુણ પણ સાથે રહેલો જ હોય છે. જો આ સત્ય દરેક જ આપણે દૃષ્ટિ રાખીએ તો આપણે આપણામાં અને બીજામાં અનંતો ગુણગ્રાહી બનાવી શકીએ.

યુવકો ધર્મવિમુખ બને એમ આપણે ઇચ્છીએ નહિ. જીવનના છેલ્લા અંત સુધી તેમને સમજાવવા અને સાચી દોરવણી આપવાની ફરજ આપણી છે. જેમ નાસ્તિક કે અધર્મી છે એવું માનવા કરતા એમ પણ જૈનનો દાવો છે, યોગ્ય સાધન મળે તો અસલ સંસ્કારના વારસદારો છે, એનો હાથમાં જઇ ધર્મના સુદેશો પહોંચાડવાની કળા છે અને એની અસર તળે ભવિષ્યની જૈન આગેવાનો છે. એમનામાં સરળતા છે, નિખાલસતા છે અને જ્યાં આ બે ગુણો મુખ્યત્વે હોય છે ત્યાં સમકિતને સ્પર્શતાં જરાપણ વાર નથી લાગતી.

પ્રત્યેક જીવાત્મા એ ભિન્ન ભિન્ન વ્યક્તિ છે. તેનામાં સંસ્કારની, રૂચિની, પરંપરાની ને કેળવણીની ભિન્નતા છે. આ વિચારણા ખ્યાલમાં રાખી સામા માણસની દૃષ્ટિ સમજવા જેટલી ઉદારતા કેળવીને સુધારવા માટે પ્રયત્ન કરીએ તો તેને વાત બરાબર સમજાય અને એક બીજા પ્રત્યે સાચો પ્રેમ, શાંતિ અને અભેદનીતિ પ્રવર્તે. યુવકોને હડધુત કે સ્વમાનહીન શબ્દોથી આપણાથી ન સંબોધાય. દરેકને સ્વમાન વ્હાલું હોય છે. જરા પ્રેમથી બોલાવાય તો એક બીજાના વિચારોનું સમન્વય કરી માર્ગ કાઢી શકાય. આવા યુવકોને આપણે સાથે રાખીએ, સમાજનો બોજો તેમના ઉપર મૂકતા જઇએ અને વડીલ વર્ગ દેખરેખ રાખતા રહે. ગમે ત્યારે પણ તેમને બોજો સોંપ્યે જ છૂટકો છે. આજનો યુવાન તે આવતી કાલનો વૃધ્ધ છે. આજનો ઉદ્દામવાદી તે આવતી કાલનો નરમ વિચારનો ગણાય છે. પચાસ વર્ષ પહેલાં શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધી ધર્મના કાર્ય અર્થે પરદેશ ગયા, પાછા ફર્યા પછી તેમને માનપત્ર આપવાનું યોજાયું, તેમાં એક વર્ગ તરફથી તેમની સામે ખુરશીઓ ઉછળી અને આજે વિલાયત જનારને જતાં અને આવતાં પુષ્પહારથી વધારવામાં આવે છે. સમયના ફેરફારોને આપણા કોઇથી રોકી શકાય તેમ નથી.

વસ્તુતઃ અંધશ્રધ્ધા, ગતાનુગતિકતા, કુપ્રથાઓ સામે પ્રહાર કરી જ્ઞાનપુર્વક શ્રધ્ધા, વિચારપૂર્વક પ્રવૃત્તિ અને સુપ્રથાઓનું વાતાવરણ જમાવવું એ એક જાતનું બંડ છે. એવું બંડ તો આદરણીય છે. આ અંગે લખનૌ વિદ્યાપીઠના ૩૧ મા પદવીપ્રદાન સમારંભ પ્રસંગે સર રાધાકીશનના ભાષણનો એક મનનીય ફકરો આપ સમક્ષ રજુ કરું છું:-

"બગડી ગયેલી સામાજિક વ્યવસ્થા અને ધાર્મિક ઝનુન સામે બંડ કરનાર યુવકોના હાથમાં ખરૂં ભવિષ્ય છે. અત્યારે પરિસ્થિતિ એવી ગંભીર છે કે જેઓ તે યુવકો પ્રત્યે ઉપેક્ષા રાખે છે તેઓ સમાજનો બહુ મોટો અપરાધ કરે છે. લોકોની ઉપેક્ષા ઉપર અન્યાય વૃદ્ધિ પામે છે. બરાબ શેઠ, ભ્રષ્ટ નેતા, અસત્યનિષ્ઠ ગુરૂ એ બધા વધતા જાય છે. તેનું કારણ તેમના પ્રત્યે સામનો કદી પણ કરવામાં નથી આવ્યો તે છે. અન્યાય કરનારા નભે છે, કારણ કે જેઓમાં ન્યાયની ભાવના હોય છે તેઓ જડભરત જેવા અક્રિય બેઠા રહે છે. સમાજમાંના અન્યાયો સામે સામનો કરવાનો જુસ્સો એ આજ્ઞાનો કે નિયમોનું અનાદર અથવા અસહનશિલતા છે એવી ખોટી ભ્રમણામાં પડવાનું નથી. બીજાઓની લાગણી પ્રત્યે માન અને ઉંચા આંતરિક વિવેક સાથે તે સામનો તદ્દન સંગત છે. આપણે શિષ્ઠ સમાજ માટેની આવશ્યક એવી પ્રધાનભૂત, વિનયશીલ રીતભાતને તિલાંજલી ન દેવી જોઇએ."

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

બી બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ને એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધુ યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૨

મુંબઈ: ૧૫ મે ૧૯૪૫ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૩

સમાજમાં વહેતા ધર્મપ્રવાહો અને આનુષંગિક સમસ્યાઓ

(સર સર્વ પલ્લી રાધાકૃષ્ણનના કેટલાક લેખોનો શ્રી. ચંદ્રશંકર શુકલે અનુવાદ કર્યો છે અને તેનો સંગ્રહ 'ધર્મોનું મિલન' એ નામથી પુસ્તકાકારે બહાર પાડવામાં આવ્યો છે. આ પુસ્તક ઉપર પંડિત સુખલાલજીએ આજના અનેક પ્રશ્નોના મર્મ ભાગને સ્પર્શતી અત્યન્ત વિચારપ્રેરક ઉપોદ્‌ઘાત લખ્યો છે, જે પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી.)

આમાં શ્રી રાધાકૃષ્ણનની ત્રણ વિશેષતાઓ વિશેષરૂપે નજર આગળ તરી આવે છેઃ (૧) કંટાળો ઉપજે એવું લંબાણ કર્યા સિવાય અત્યંત મનોહર શૈલીએ તદ્દન સ્પષ્ટ ચર્ચા કરવી; (૨) ચર્ચાના વિષય પર ગંભીરપણે લખનાર સંખ્યાબદ્ધ લેખકોની સાક્ષીઓ આપી તેમનાં કામલયક અવતરણોના સમુચિત સંકલનથી પોતાના વક્તવ્યને સ્પષ્ટ ને સમૃદ્ધ કરવું; (૩) એમનાં તર્કપાટવ અને સમભાવ.

ભૂતકાળની પેઠે આ યુગમાં પણ ભારતે અનેક સમર્થ ધર્મચિન્તકો, ધર્મ વિષે સાધિકાર લખનાર-બોલનારાઓ નિપજાવ્યા છે. અસાધારણતા તે બધાનો સામાન્ય ગુણ છે, છતાં તે સૌની ભૂમિકા જુદી જુદી છે. ભારત અને ભારત બહારના વિશ્વ ઉપર ધર્મ વિષેની પોતાની વિચારણા અને અનુભૂતિની વિશિષ્ટ છાપ પાડનાર પાંચ પુરુષો સુવિદિત છે. શ્રી અરવિંદ ગૂઢ તાન્ત્રિક સાધનાદ્વારા ને ગૂઢ વાણીદ્વારા ધર્મનાં ગૂઢ તત્વો પ્રકાશે છે; તે પારાના રસાયન જેવા હોઈ સર્વભોગ્ય નથી. કવિવર રવીન્દ્ર પોતાની કવિસુલભ સર્વતોમુખી પ્રતિભા અને સહજસિદ્ધ ભાષાસમૃધ્ધિના હૃદયંગમ અલંકારોથી ધર્મનાં તત્વનું રસપૂર્ણ નિરૂપણ કરે છે. તે ઉપનિષદ્ અને ગીતાની ગાથાઓ જેવું સરલતમ અને ગૂઢતમ બન્ને પ્રકારનું કાવ્ય બની રહે છે; તેથી તે બહુભોગ્ય છતાં વસ્તુતઃ અલ્પભોગ્ય જ છે. ગાંધીજીના ધર્મ વિષેનાં ઉદ્‌ગારો તેજસ્વિતા, સર્વલક્ષી હોઈ, તે ગંભીર છતાં પણ સંતસમા, તપસ્વીની વાણીરૂપે સર્વમાન્ય બને છે. તેથી તે અધિકારીભેદે બદરી અને ગાયનાં દૂધની પોષક ગરજ સારે છે. ડો. ભગવાનદાસનાં ધર્મચિન્તન અને વિચારલેખન એ અનેક ઉદ્યાનોમાંના અનેકવિધ પુષ્પોમાં રહેલ મકરંદને પચાવી ભૃંગરાજે કરેલા મધુસંચય જેવાં છે ને મધુર અને પથ્ય હોવા છતાં દૂધના જેટલાં સુપચ્ય નથી. શ્રી રાધાકૃષ્ણનનાં ધર્મપ્રવચનો એ અનેક ઉદ્યાનોમાંથી અનેકવિધ લતાવૃક્ષો પરથી ચૂંટી એકત્ર કરેલા અનેકરંગી ને અનેક જાતનાં કુસુમો વડે અસાધારણ કુશળતા ધરાવનાર માલાકારે ગૂંથેલી એક મનોરમ પુષ્પમાળા સમાન છે. તે ગમે તે પ્રેક્ષક અધિકારીની દૃષ્ટિને લોભાવે છે, અને પોતાની મહેકથી તેમજ વિવિધવર્ણી સુન્દરતાથી શ્રોતાને વિષયમાં લીન બનાવી રસ લેતા કરે છે.

ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમજ એ બે તત્વોની દોરવણી નીચે ઘડાતો જીવન વ્યવહાર. આજ ધર્મ પારમાર્થિક છે. બીજા જે વિધિનિષેધો, ક્રિયાકાંડો, ઉપાસનાના પ્રકારો વગેરે ધર્મની કોટિમાં ગણાય છે, તે બધા જ વ્યાવહારિક ધર્મો છે અને તે ત્યાં લગી અને તેટલે જ અંશે યથાર્થ ધર્મના નામને પાત્ર છે, જ્યાં લગી અને જેટલે અંશે તે ઉક્ત પારમાર્થિક ધર્મ સાથે અભેદ્ય સંબન્ધ ધરાવતા હોય છે. પારમાર્થિક ધર્મ એ જીવનની મૂલગત તેમજ અદૃશ્ય વસ્તુ છે. તેનો અનુભવ કે સાક્ષાત્કાર તે ધાર્મિક વ્યક્તિને જ હોય છે, જ્યારે વ્યાવહારિક ધર્મો દૃશ્ય હોઈ પરપ્રત્યેય છે. પારમાર્થિક ધર્મનો સંબન્ધ ન હોય તો ગમે તેટલા જૂના અને બહુસંમત બધા જ ધર્મો વસ્તુતઃ ધર્માભાસ જ છે.

આધ્યાત્મિક ધર્મ એ કોઈ એક વ્યક્તિના જીવનમાંથી નાના મોટા સ્રોતરૂપે પ્રગટ થાય છે, અને તે આસપાસના માનવસમાજની ભૂમિકાને પલ્લવિત કરે છે. એ સ્રોતનું બળ કે પ્રમાણ ગમે તેટલું હોય છતાં તે સામાજિક જીવનની ભૂમિકાને અમુક અંશે જ આર્દ્ર કરે છે. ભૂમિકાની એ અધૂરી ભીનાશમાંથી અનેક કીટાણુ જન્મે છે, અને તે પોતાની આધારભૂત ભૂમિકાને જ ભરખે છે. એવામાં વળી કોઈ બીજી વ્યક્તિમાં ધર્મનો સ્રોત ઉદ્‌ભવે છે, અને તે પ્રથમનાં કીટાણુજન્ય સડાને ધોઈ નાંખવા મથે છે. આ બીજો સ્રોત પ્રથમનાં સ્રોત ઉપર બાઝેલી લીલને ધોઈ નાખી જીવનની ભૂમિકામાં વધારે ફલદાયી કાંપ મૂકે છે. વળી એ કાંપના બીજ ઘરડા પર લીલ જામે છે, અને કયારેક કાલક્રમે ત્રીજી વ્યક્તિમાં પ્રભવેલ ધર્મસ્રોત એનું માર્જન કરી નાખે છે. આવી રીતે માનવજીવનની ભૂમિકા પર ધર્મસ્રોતનાં અનેક વહેણો વહેતાં છે, અને એ રીતે ભૂમિકા વિશેષ ને વિશેષ યોગ્ય તેમજ ફળદ્રુપ બનતી જાય છે.

ધર્મસ્રોતનું પ્રકટીકરણ એ કોઈ એક દેશ કે એક જાતિની પૈત્રિક સંપત્તિ નથી. એ તો માનવજાતિરૂપ એક વૃક્ષની જુદી જુદી શાખા પર ઉદ્‌ભવનાર સુકૃષ્ણ છે. તેનો પ્રભાવ વિરલ વ્યક્તિમાં હોય છે ખરો, પણ તે દ્વારા સમુદાયમાં અમુક અંશે વિકાસ અવશ્ય થાય છે. તે જ રીતે ધર્મની અમર્યાદ્ય શક્તિ અને પ્રતિષ્ઠા અને તેના નામ નીચે બધુંજ સારું નરસું કરવાની રાજ્યની પેઠે ધર્મ નરસાને ત્રાણ આપવાની એની શક્તિ, એ બધા બનાવો ઐતિહાસિક મનુષ્ય સમુદાયમાં અજ્ઞાન ને વાસનાજન્ય અનેક ભયસ્થાનો પણ ઉભાં થાય છે. કોઈ પણ ધર્મપંથ આવા એક યા બીજા પ્રકારનાં ભયસ્થાનોથી મુક્ત હોતો નથી. તેથીજ આ લોક અને પરલોકનો ભેદ મટાડનાર, ધર્મ અને ધર્મ વચ્ચે અભેદ સાધવાની, તેમજ આવતા બધી જાતના વિરોધોને ટાળી માનવજીવનમાં સામંજસ્ય સ્થાપવાની ધર્મની મૌલિક શક્તિ કુંઠિત બને છે. ધર્મનાં ઉત્થાન અને પતનનાં ઇતિહાસનું આજ રહસ્ય છે.

ધર્મનદીને કિનારે અનેક તીર્થો ઉભાં થાય છે. અનેક પંથનાં ઘાટો બંધાય છે. એ ઘાટો પર નભનાર વાડાબંધી સર્વ પંડા કે પુરોહિતો પોતપોતાના તીર્થ અને ઘાટની મહત્તા કે શ્રેષ્ઠતા ગાઈને જ સંતોષ નથી પામતા, પણ મોટે ભાગે તેઓ બીજાં તીર્થો અને બીજા પંથરૂપ ઘાટોની ઉણપો બતાવવામાં વધારે રસ લે છે. તેઓ ધર્મની પ્રતિષ્ઠા સાથે કેટલાંક તત્વોને સેળભેળ કરી નાખે છે. તેમાનું એક તત્વ તો એ કે અમારો ધર્મ એ મુલતઃ શુદ્ધ છે, અને તેમાં જો કોઈ અશુદ્ધિ

હોય તો તે પરપંથની આગંતુક અસર છે. બીજું તત્વ એ કે બીજા ધર્મપંથોમાં કંઈ સારું હોય તેને પોતાના ધર્મની અસર તરીકે બતાવવું. ત્રીજું તત્ત્વ એ કે સનાતનતા સાથેજ શુદ્ધિ અને પ્રતિષ્ઠાનો સંબંધ વિચારવો. આ અને આના જેવાં બીજા વિકારી તત્વોથી લોકોનું ધાર્મિક જીવન પણ ક્ષુબ્ધ બને છે. દરેક પંથ પોતાની સનાતનતા ને પોતાની શુદ્ધિ સ્થાપવા મથે છે, અને બીજા ધર્મપંથોમાં રહેલ ઉચ્ચ તત્ત્વો સામે આંખ મીંચી દે છે.

ધાર્મિક જીવનનાં આ સડાને દૂર કરવાનાં અનેક માર્ગો પૈકી એક માર્ગ—અને સુપરિણામદાયી માર્ગ—એ પણ છે કે દરેક ધર્મ-જિજ્ઞાસુને ધર્મનું જ્ઞાન ઐતિહાસિક તેમજ તુલનાત્મક દૃષ્ટિએ આપવું જેથી ધર્મનું શિક્ષણ માત્ર એકપંથગામી મટી સર્વપંથગામી બને, અને સ્વ કે પર દરેક પંથનાં સ્થૂલ તેમજ સૂક્ષ્મ જીવનના ઇતિહાસનું પણ ભાન થાય. આ જાતના શિક્ષણથી પોતાના પંથની પેઠે બીજા પંથમાં પણ રહેલ સુતત્ત્વોને સહેલાઈથી જાણી શકાય છે અને પર પંથની જેમ સ્વપંથમાં રહેલી ત્રુટિઓનું પણ વાસ્તવિક ભાન થાય છે તેની સાથે સાથે પ્રાચીનતામાં જ મહત્તા અને શુદ્ધિનો બંધાયેલો ભ્રમ પણ સહેલાઈથી ટળે છે. આ દૃષ્ટિએ ધર્મના ઐતિહાસિક અને તુલનાત્મક શિક્ષણનું બહુ ઊંચું સ્થાન છે.

ધર્મનું વ્યાપક અને તટસ્થ દૃષ્ટિએ ઐતિહાસિક ને તુલનાત્મક શિક્ષણ આપવું હોય તો તે માટે પૂર્ણ યોગ્ય સ્થાન તો સાર્વજનિક કોલેજો ને યુનિવર્સિટીઓ જ છે. એમ તો દરેક દેશમાં અનેક ધર્મ-ધામો છે, અને જ્યાં જ્યાં ધર્મધામ હોય ત્યાં ત્યાં નાનાં મોટાં વિદ્યાધામ હોવાનાં જ. પણ આપણે જાણીએ છીએ કે એ વિદ્યાધામો જે જે પંથના હોય તે જ પંથના વિદ્યાર્થીઓ અને મોટે ભાગે તેજ પંથના અધ્યાપકો તેમાં હોય છે. તે વિદ્યાધામ ગમે તેટલું ઉદાર વાતાવરણ ધરાવતું હોય છતાં તેમાં પરપંથોના વિદ્યાર્થીઓ કે અધ્યાપકો જેવા નથી, અને જાય તો તેમાં એકરસ થઈ શકતા નથી, એટલે પરિણામ એ આવે છે કે દરેક પંથ દ્વારા ચલાવાતાં વિદ્યાધામોમાં ધર્મનું શિક્ષણ એકદેશી જ રહી જાય છે. એને લીધે પંથપંથનાં અનુયાયીઓની વિચારણામાં રહેલું અંતર કે તેમાં રહેલી ભ્રાન્તિઓ મટવાને બદલે, વિશેષ વધે નહિ તો પણ, કાયમ તો રહે છે જ, જ્યારે વર્તમાન યુગ દૂરવર્તી ભિન્ન ભિન્ન ખંડના માણસોને સહેલાઈથી મળવાનાં સાધનો ધરાવે છે, અને અનેક બાબતો પરત્વે વિશ્વસંઘની વ્યવસ્થા કરવાની શક્તિ ધરાવે છે, ત્યારે તે યુગમાં માણસ જાતનાં હાડમાંસ સાથે સંકળાયેલ ધર્મ-તત્ત્વનું એકદેશીય શિક્ષણ કદી નભી ન શકે, નભવું ન જોઈએ. ખરી રીતે આ યુગે જ સર્વમિલન જેવાં કોલેજો અને યુનિવર્સિટીઓ ઉભી કરી છે; અને તેજ સંસ્થાઓ પ્રાચીન વિદ્યાધામો અને ધર્મશિક્ષણનાં ધામોનું સ્થાન લઈ રહેલ છે. તેથી જ અત્યંત ઐતિહાસિક તેમજ તુલનાત્મક ધર્મશિક્ષણનો પાયો નખાયો છે. આ શિક્ષણથી તો પ્રાચીન ધર્મ-ધામોને પોતાની ઉદારતાથી અજવાળશે અને કાં તો જે તેઓ પોતાની સંકીર્ણતા નહીં છોડે તો, તેમને એકદમ તેજોહીન બનાવશે. શ્રી રાધાકૃષ્ણન સાચુજ કહે છે કે કોલેજો ને યુનિવર્સિટીઓ એ ધર્મપ્રચારનાં ધામો નથી એ તો શુદ્ધ બુદ્ધિ પ્રગટાવનાર શિક્ષણ સંસ્થાઓ છે. આજે જ્યાં જુઓ ત્યાં દરેક વર્ષના સાર્વજનિક શિક્ષણની મહત્તા વધી રહી છે. તે યુગમાં ધર્મના પણ સર્વગ્રાહ્ય સાર્વજનિક શિક્ષણની કેટલી અગત્ય છે, અને તે વિષે લોકો કેટલી રુચિ ધરાવે છે એ વસ્તુ દિવસે દિવસે વધતા જતા અને લોકપ્રિય થતા ધર્મવિષયક ઐતિહાસિક અને તુલનાત્મક શિક્ષણથી સિદ્ધ થાય છે. જો કે આવા શિક્ષણની શરૂઆત યુરોપિયનોદ્વારા ને યુરોપની ભૂમિ પર જ થઈ, છતાં ખુશીની વાત તો એ છે કે ભારતનાં એક સાચા બ્રાહ્મણે એ યુરોપની ભૂમિમાં પણ આ વિષયનું ગુરૂપદ પ્રાપ્ત કર્યું છે. જ્યારે મનુએ કહેલું કે કોઈ પણ દેશનો વાસીએ ભારતમાં આવીને વિદ્યા મેળવવી, ત્યારે કદાચ તેનો ઉંડો આશય એ પણ હોય કે ભારતના યુગાનુરૂપ બ્રાહ્મણો ભારતની બહાર જઈને પણ યુગાનુરૂપ ભાષામાં યુગાનુરૂપ શિક્ષણ આપશે. જ્યારે સનાતન સંસ્કારના એ દ્વિજો મનુના એ શબ્દને આજ પણ વળગી રહ્યા છે, ત્યારે મનુના જ્ઞાનનો વારસો ધરાવનાર એક શ્રી રાધાકૃષ્ણન્ જેવા સનાતની માત્ર તેના શબ્દોને વળગી ન રહેતાં તેના ગર્ભિત અર્થને અમલમાં મૂકે છે.

બુદ્ધિ, સ્મૃતિ, વિશાળ વાચન, સંકલન શક્તિ, અને ભાષા પરનું અસાધારણ પ્રભુત્વ એ બધું હોવા છતાં જો શ્રી રાધાકૃષ્ણનને આર્ય ધર્મ અને તેનાં તત્વોનું વિશદ, સૂક્ષ્મ અને સંમભાવી જ્ઞાન ન હોત તો તેઓ આટલી સફળતાથી દુનિયાના બધા જ ધર્મોની તાત્વિક અને વ્યાવહારિક મીમાંસા ભાગ્યે જ કરી શકત.

અપૂર્ણ

પંડિત સુખલાલજી

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી. વિજયરામચંદ્રસૂરિનો અલ્પકાલીન સમુદાયબહિષ્કાર

થોડા સમય પહેલાં જૈન શ્વે. મૂ. વિભાગના સાધુ સમાજમાં એક મહત્વનો બનાવ બની ગયો જેની પ્રબુદ્ધ જૈનમાં નોંધ લેવાનું બીજી વધારે અગત્યની બાબતો આડે રહી જતું હતું. આ બનાવ છે એપ્રીલ માસની પહેલી બીજી તારીખ લગભગમાં થયેલી બાળદીક્ષાના પ્રખર હીમાયતી શ્રી વિજયરામચંદ્ર સૂરિના અલ્પકાલીન સમુદાય-બહિષ્કારને લગતો. શ્રી વિજયરામચંદ્રસૂરિના એક શિષ્ય શ્રી ચારિત્ર્ય-વિજયના કહેવાતા દુરાચારને અંગે શ્રી વિજયરામચંદ્રસૂરિના ગુરૂ અને તેમના સમસ્ત શિષ્યસમુદાયના વડિલ શ્રી વિજયપ્રેમસૂરિએ પ્રસ્તુત ચારિત્ર્યવિજયને પોતાના સમુદાય બહાર કરવાનો આદેશ ફરમાવ્યો. આ આદેશના પરિણામે શ્રી ચારિત્ર્યવિજયનો પરિત્યાગ કરવાની ફરજ શ્રી વિજયરામચંદ્રસૂરિ ઉપર આવી પડી, જે ફરજનું પાલન કરવાની શિષ્યમોહના કારણે કે પોતે પણ ચારિત્ર્યવિજયજી સાથે કોઈ બાબતમાં સંડોવાયલા હોય એવા કોઈ કારણે શ્રી. વિજયરામચંદ્રસૂરિએ સ્પષ્ટ ના પાડી અને ચારિત્ર્યવિજયજીને કોઈ પણ હિસાબે અને જોખમે પોતાની સાથે રાખવાની હઠ લઈને બેઠા. આવો આમન્યા ભંગ અસહ્ય લાગતાં શ્રી વિજયપ્રેમસૂરિએ શ્રી. વિજયરામચંદ્રસૂરિનો પોતાના સમુદાયમાંથી બહિષ્કાર જાહેર કર્યો અને 'શ્રી રામચંદ્રસૂરિ સમુદાય બહાર, સંઘાડા બહાર' આવી હકીકત તે વખતના અનેક દૈનિક પત્રોમાં ત્રગટ થઈ, અને આ ઘટનાની મુંબઈની જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશનમાં સામેલ થયેલા તેમના અનુયાયીઓ ઉપર બહુ ગંભીર અસર પડી. આ બનાવે આખા શ્રાવક સમુદાયમાં બહુ ખળભળાટ પેદા કર્યો અને રૂઢિચુસ્ત વર્ગનું જાણે કે નાક કપાઇ ગયું હોય એવી સર્વત્ર ગમગીની ફેલાઇ ગઇ. આવા એક સુવિખ્યાત આ આચાર્યનો જાહેર બહિષ્કાર રાણી ટાણી નાંખવાની ચોતરફથી કોશિષો અને વાટાઘાટો શરૂ થઇ અને આઠ કે દશ દિવસમાં શ્રી. વિજયરામચંદ્ર સૂરિને એમના ગુરૂએ એમને એમ પોતાના સમુદાયમાં પાછા લઇ લીધા. પેલા ચારિત્ર્ય વિજયજીનું શું થયું તે હજુ બહાર આવ્યું નથી. પણ લાગે છે કે તેમ આજ સુધીમાં જૈન સાધુઓના ચારિત્ર્યને લગતા અનેક ગોટાળાઓ ભૂતકાળમાં સમાઇ ગયા છે, અને ગઈ કાલના તિરસ્કૃત સાધુઓ આજે પાછા વંદાઇ રહ્યા છે તેમ ચારિત્ર્યવિજયની વાત પણ લોકો બે પાંચ દિવસમાં ભુલી જશે અને એના એ જ ગુરૂને એની એ જ ભોળી શ્રાવક-જનતા પંચાંગી પ્રણામ કરતી રહેશે.

આ બનાવ જૈન સમાજની અનેક રીતે આંખ ઉઘાડે તેવો છે. કોઇ પણ સાધુના કે આચાર્યના વિચાર વળણો ગમે તે પ્રકારનાં હોય, પણ જૈન સાધુનું નામ ધરાવતી દરેક વ્યક્તિનું ચારિત્ર્ય તો પરિશુદ્ધ અને શંકાતીત હોવું જ જોઇએ—આ બાબતનો આગ્રહ નવા કે જુના વિચારના સૌ કોઇનો એકસરખો હોવો જોઇએ. આ બાબતમાં જરા પણ મતભેદને અવકાશ હોઇ ન શકે. પ્રસ્તુત ઘટનામાં એક પ્રતિષ્ઠિત જૈનાચાર્ય પોતાના એક કુચારિત્ર્યશીલ લેખાતા સાધુને નિભાવી લે એટલું જ નહિ પણ પોતાના ગુરૂની આજ્ઞાને ઉલ્લંઘીને પણ એવા એક સાધુને વળગી રહેવાનું પસંદ કરે. વળી આવા કહેવાતા શિષ્યનો

બહિષ્કાર જાહેર કરીને આઠ દશ દિવસમાં જ બહારની લાગવગ અને વાટાઘાટોના દબાણ નીચે એના એ જ ગુરૂ એના એ જ શિષ્યને પોતાના સમુદાયમાં એમને એમ પાછો લઇ લે–આ બધી ઘટના આપણો આખો સાધુસમાજ માત્ર નહિ પણ આખો જૈન સમાજ ચારિત્ર્યશુદ્ધિ પરત્વેના આગ્રહ સંબંધમાં કેટલો બધો શિથિલ અને પોલો બની ગયો છે–એ ભારે ઘોતક રીતે પુરવાર કરી આપે છે. આ આખી બીના આખા જૈન સમાજને ભારે શરમાવનારી અને નીચું જોવરાવનારી છે.

ખેવકુફીના માથે શીંગડાં ઉગતાં નથી.

આ ઘટનાના અનુસંધાનમાં બીજી પણ એક બાબતનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય. શ્રી. વિજયરામચંદ્રસૂરિના ઉપર જણાવેલ બહિષ્કારની વાત બહાર આવવા સાથે શ્રી. વિજયરામચંદ્રસૂરિ અને તેમના અલ્પકાલીન પ્રસિદ્ધિ પામેલ શિષ્ય શ્રી. ચારિત્ર્યવિજયના ચારિત્ર્ય અને આચાર વર્તન સંબંધમાં કંઇ કંઈ વાતો ચોતરફ ફેલાવા અને પ્રગટ થવા લાગી. આ સમુદાય બહિષ્કારનું પ્રકરણ તો આઠ દશ દિવસમાં ભીનું સંકેલાઇ ગયું, પણ પ્રસ્તુત ગુરૂશિષ્યને લગતી કિંવદન્તીઓ કાંઇ ઓછી જ ફેલાતી અટકે? શ્રી. વિજયરામચંદ્ર સૂરિને પાછા સંધરનાર એમના ગુરૂને આ બાબતમાં કાંઇક કરવું જોઇએ એમ થઇ આવ્યું અને દૈનિક છાપાઓમાં તેમણે પોતાની સહીથી નીચે મુજબની એક જાહેરાત મોકલી આપી.

"આથી જાહેર જનતાને સત્તાવાર જણાવું છું કે આજ દિન સુધી મારા સમુદાય અને સમુદાયના અન્યોન્ય સાધુઓ સંબંધી પત્રિકાઓ તેમજ જાહેર પત્રો વિગેરે દ્વારા જે કાંઇ લખાણો આવ્યા છે, તે વિરોધી પ્રચારકોના હોવાથી કોઇએ સાચા માનવાં નહિ. વિક્રમ સં. ૨૦૦૧ ના પ્રથમ ચૈત્ર વદિ ૧૩ મંગળવાર, તા. ૧૦–૪–૪૫.

વિજયપ્રેમસૂરિ"

આ જાહેરાત પ્રગટ થયા પછી તેમના અનુયાયીઓએ શ્રી. વિજયપ્રેમ સૂરિનું ધ્યાન ખેચ્યું કે છાપામાં કેટલાંક લખાણો તો તેમના પક્ષનાં પણ આવ્યાં છે. તેવાં લખાણો પણ વિરોધી પ્રચારકોનાં છે એમ જાહેર કરવું અને એવાં લખાણોને નહિ માનવાનું જાહેર જનતાને કહેવું એ તો પોતાના સાથળમાં કુહાડી મારવા જેવું ગણાય. આ બાબત ખરેખર ધ્યાનમાં લેવા જેવી છે એમ લાગતાં વયોવૃદ્ધ શ્રી. વિજયપ્રેમ સૂરિએ ત્રણ દિવસ બાદ એક બીજો જાહેર ખુલાસો બહાર પાડયો જે નીચે મુજબ છે.

" આથી જાહેર જનતાને હું જણાવું છું કે તા. ૧૦–૪–૪૫ ના રોજ મારી સહીથી જે જાહેરાત બહાર પડેલી છે તેમાં જનતાને કેટલીક ગેરસમજુત થવા પામી છે તેથી હું નીચે મુજબ સુધારો જાહેર કરું છું.

" આજ દિન સુધી મારા સમુદાય અને સમુદાયના અન્યોન્ય સાધુઓ સંબંધી પત્રિકાઓ તેમજ જાહેર પત્રો વિગેરે દ્વારા જે કાંઇ લખાણો આવ્યા છે તે પૈકી કેટલાક અમારા વિરોધી પ્રચારકો તરફના હોવાથી કોઇએ સાચા માનવા નહિ. વિક્રમ સંવત બીજા ચૈત્ર શુદિ ૧ ને શુક્રવાર તા. ૧૩–૪–૪૫. **વિજયપ્રેમસૂરિ."**

શ્રી વિજયપ્રેમ સૂરિને આમ ઉત્તરોત્તર જાહેરાત કરવી પડી તો સાથે સાથે વિરોધીઓએ કઇ કઇ બાબતો બહાર પાડી છે અને તો પ્રગટ કરી છે તેની એક યાદી આપી હોત તો જનતાને વધારે માર્ગદર્શક થઇ પડત. વળી કોઇ પણ લખાણ વિરોધીએ લખ્યું છે તેટલા જ કારણસર તે ખોટું છે એમ માની લેવાનું મહારાજ તો કહે, પણ આજની જનતા એટલી સરળ, ભોળી કે બેવકુફ નથી કે મહારાજ કહે તે પ્રમાણ ગણીને સ્વીકારી લે. તે તો પ્રસરેલી વાતો શા માટે ખોટી છે તે સંબંધમાં વધારે વિગતોની પણ અપેક્ષા રાખે. ખરી વાત તો એ છે કે પ્રસરેલી વાતો કરતાં પણ આવી બેવકુફી ભરેલી જાહેરાતો જ તેમના સમુદાયમાં ઘર કરી રહેલી પોકળતાનું વધારે સમર્થન કરે છે. આવી જાહેરાતો કરવાને બદલે આત્મશુદ્ધિ અને સમુદાયશુદ્ધિ તરફ શ્રી. વિજયપ્રેમસૂરિ વધારે લક્ષ્ય આપે અને આજની અટપટી દુનિયામાં 'પોતે ચોખ્ખા છે. પોતાનો સમુદાય ચોખ્ખો છે' એવી જાહેરાતો કરીને પોતાની જાતને તેમ જ આખા સાધુ સમુદાયને હાંસીપાત્ર ન બનાવે એ વધારે ઇષ્ટ અને ઉચિત છે

જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના છેલ્લા અધિવેશન ઉપર એક દૃષ્ટિપાત

જૈન શ્વે. મૂ. અધિવેશન ભરાઇ ગયાને આજે એક માસથી વધારે દિવસો પસાર થયા છે. એ અધિવેશન મેળવવાનો આશય કેટલાંક વર્ષો પહેલાં નીમાયલી ઐક્ય સમિતિએ ઘડેલા અમુક બે ઠરાવો પસાર કરાવીને જે વર્ગો અને વિભાગો જૈન શ્વે. મૂ. કોન્ફરન્સથી અમુક વિચારભેદના કારણે અલગ રહે છે તે વર્ગો અને વિભાગોને સામેલ કરવાનો અને એ રીતે નબળી પાતળી કોન્ફરન્સને સક્રિય અને સપ્રાણ બનાવવાનો હતો. આ હેતુપુરઃસર ભરવામાં આવેલ અધિવેશનનો સામાન્ય ક્રમ એવો હોય કે ઉપર જણાવેલ ઉદ્દેશ મુજબ અધિવેશન ભરાય, તેમાં નિયત કરેલા ઠરાવો રજુ થાય અને એ ઠરાવો સર્વાનુમતે કે બહુમતે પસાર થતાં અલગ રહેતા વર્ગો કોન્ફરન્સમાં સામેલ થઇ જાય અને એ રીતે પુષ્ટ બનેલી કોન્ફરન્સ પોતાની નવી કાર્યવાહી ઘડી કાઢે અને તે મુજબ અમલી કાર્ય શરૂ થાય. પણ આ કોન્ફરન્સના અધિવેશનની આગળ પાછળની ઘટનાઓ તો કોઇ જુદાજ પ્રકારની નિર્માણ થઇ ગઇ. વિવાદાસ્પદ ઠરાવો પસાર થવા બાદ જે વર્ગો જોડાય એવી અપેક્ષા રાખવામાં આવે તે વર્ગો પ્રસ્તુત ઠરાવો પસાર થવાના જ છે એવી આગામી પ્રતીતિને વશ થઇને કોન્ફરન્સના કાર્યમાં પહેલેથી જ બહુ મોટી સંખ્યામાં જોડાયા અને અધિવેશનની કાર્યવાહીમાં તેમણે સારો સહકાર આપ્યો. બીજી બાજુએ જે ઠરાવો પસાર થવા સંબંધમાં કોઇ પણ શંકાને સ્થાન નહોતું એ ઠરાવોને બહુમતીએ આશ્ચર્યજનક રીતે ઉડાવી દીધા. બહુમતીનું આ પરિણામ લઘુમતી પક્ષે પુરી ખેલદીલીથી સ્વીકારી લીધું હત તો આગલા બે દિવસ દરમિયાન સીધેસીધી અનુભવગોચર થયેલી એકતા સ્થાયીપણાને પામી હોત અને કોન્ફરન્સની સ્થિતિ અને પ્રતિષ્ઠા ઘણી વધારે સધ્ધર અને સર્વમાન્ય બની હોત. પણ લઘુમતીપક્ષે આવેશમાં આવી જઇને એ વખતે અધિવેશનનો ત્યાગ કર્યો અને આ રીતે જે હેતુથી અધિવેશન ભરવામાં આવ્યું હતું તે હેતુ સિધ્ધ થયો નહિ. પ્રસ્તુત અધિવેશનને અંગે નીચેની હકીકત ખાસ ધ્યાન ખેંચે તેવી છે કે એક બાજુએ ઐક્ય સમિતિના જે ઠરાવો ઉપર આટલો બધો ભાર મૂકવામાં આવે છે તે ઠરાવો પસાર નહોતા થયા એ પરિસ્થિતિમાં આપણે બધાય એકત્ર થયા, સાથે મળીને કાર્ય કર્યું અને વિષયવિચારિણી સમિતિમાં સાથે બેસીને વિવાદાસ્પદ બે ઠરાવો સિવાયના બીજા બધા ઠરાવો સર્વાનુમતે નક્કી કર્યા, જ્યારે બીજી બાજુએ ઐક્ય સમિતિના ઠરાવો સંબંધમાં સમગ્ર અધિવેશને પોતાનો બહુમતી નિર્ણય જાહેર કર્યો કે તુરત જ સામેલ થયેલા નવા વર્ગો છૂટા પડી ગયા. આ ઉપરથી એ બાબત તરી આવે છે કે કહેવાતા ઐક્યપ્રેમી ઠરાવો વસ્તુતઃ આપણને જુદા પડાવનાર હતા અને બીજું ઐક્ય સમિતિના ઠરાવો હો કે ન હો તોપણ આપણે બધા ધારીએ તો આપણી અંતિમ વિચારસરણીમાં ગમે તેટલા જુદા પડતા હોય તો પણ આપણે એક થઇ શકીએ છીએ, અને કોન્ફરન્સના સર્વસામાન્ય અનેક પ્રશ્નો ઉપર આપણે સાથે મસલત કરીને કાર્ય કરી શકીએ છીએ. બીજા દિવસની વિષય વિચારિણી સમિતિમાં હાજર રહેલા ભિન્ન ભિન્ન પક્ષના આગેવાનો પરસ્પર ખેલદીલીથી જુદા જુદા ઠરાવોની ચર્ચા કરતા હતા, અને નાની મોટી બાબત ઉપર જોઇછોડ કરીને નિર્ણયો કરતા હતા તે જેમણે નજરે નિહાળ્યું હતું તેઓ ઉપર જણાવેલી બાબત નિઃશંકપણે કબુલ કરે તેમ છે. જે ભાઇઓએ ઐક્ય સમિતિના ઠરાવો નામંજુર થતાં કોન્ફરન્સનો પરિત્યાગ કરવાનું ઇષ્ટ ગણ્યું છે તેમના ધ્યાન ઉપર આ બાબત લાવવા હું ઇચ્છું છું. તેમને મારો નમ્રપણે એ પ્રશ્ન છે કે આપણે બધા એકત્ર થઇને જૈન સમાજનું કાંઇ કામ કરીએ એ વસ્તુ તમારે મન ખરા મહત્વની છે કે ઐક્ય સમિતિના

(અનુસંધાન પાનું ૧૩ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

મે ૧૫ ૧૯૪૫

વિનાશવાહી ધૂમકેતુનો વિલય :
યુરોપીય વિગ્રહની ઉપશાન્તિ

જે વડવાનલ ૧૯૩૯ ના સપ્ટેંબર માસની પહેલી તારીખે યુરોપની ભૂમિ ઉપર પ્રદીપ્ત થયો હતો અને ત્યારબાદ દુનીયાભરના અનેક દેશો ઉપર વિસ્તાર પામ્યો હતો તે વડવાનલનું યુરોપ પુરતું મે માસની સાતમી તારીખની સાંજે પ્રશમન થયું છે અને એ વડવાનલનો મુખ્ય સૂત્રધાર હર હીટલર અદૃષ્ય થયો છે. આ હીટલર માર્યો ગયો છે, કોઇએ તેનું ખુન કર્યું છે, અથવા તો તેણે આપઘાત કર્યો છે કે ભૂમિતળ નીચે અદૃષ્ય થયો છે એ સંબંધમાં હજુ સુધી કોઇ પણ પ્રમાણભૂત સમાચાર સાંપડ્યા નથી. પણ જે હીટલરને એક પ્રચંડ સંહારક શક્તિ તરીકે દુનિયાએ જાણ્યો છે તે હીટલરનો તો હમેશાને માટે અસ્ત જ થયો છે.

આ હીટલરનો જન્મ ૧૮૮૯ ના એપ્રીલ માસની ૧૮ મી તારીખે થયો હતો. ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી ચાલેલા યુરોપીય વિગ્રહમાં તેણે એક સૈનિક તરીકે ભાગ લીધો હતો અને એ વિગ્રહ તે ઘાયલ થયો હતો. એ વિગ્રહના અન્ત બાદ કેટલાંક વર્ષો સુધી તેનું નામ બહુ આગળ આવ્યું નહોતું, પણ ૧૯૩૩ માં જર્મનીના પ્રેસીડેન્ટ વોન હીન્ડનબર્ગે હીટલરને જર્મનીનો ચેન્સેલર બનાવ્યો ત્યારથી દુનિયાનું ધ્યાન આ એક પ્રચંડ શક્તિના ઉદય તરફ એકાએક ખેંચાવું શરૂ થયું. ૧૯૩૪ ની ઓગસ્ટની ૨ જી તારીખે તેણે પ્રેસીડેન્ટ અને ચેન્સેલરના બન્ને હોદ્દા કબજે કર્યા અને ત્યાર પછી સત્તર દિવસમાં જ તે આખા જર્મનીને સરમુખત્યાર બન્યો. આખો જર્મનીને આગામી વિગ્રહ માટે તેણે તૈયાર કરવા માંડ્યું. ગયા વિગ્રહમાં ગુમાવેલા પ્રદેશો એક પછી એક તેણે કબજે કરવા માંડ્યા. ૧૯૩૬ રહાઇનલેન્ડ તેણે સર કર્યું. ત્યાર પછી ૧૯૩૮ માં ઓસ્ટ્રીઆ અને ઝેકોસ્લેવાકીઆ કબજે કર્યા. એ વખતે લડાઇ ઉભી થતી થતી બ્રીટનના મુખ્ય પ્રધાન નેવીલ ચેમ્બરલેનની દરમિયાનગીરીથી અટકી ગઇ. ૧૯૩૯ ના ઓગસ્ટ માસમાં રશીઆ સાથે સંધિ કરીને સપ્ટેંબરની પહેલી તારીખે તેણે બ્રીટન સામે યુદ્ધ જાહેર કર્યું અને પોલાન્ડ ઉપર ભયંકર આક્રમણ કર્યું. ત્યાર પછી યુરોપના દેશો એક પછી એક તેણે સર કરવા માંડ્યા અને બ્રીટનની સ્થિતિ ચિન્તાજનક બનાવી દીધી. યુરોપનો મોટો ભાગ કબજે કર્યા બાદ રશીઆ ઉપર તેણે એકા એક આક્રમણ શરૂ કર્યું. રશીઆ પણ જરા પણ ઝુક્યું નહીં. હીટલરના અભ્યુદયનું આ પરમ રિપુ હતું. આખી દુનિયાએ જબરદસ્ત સાહસો કર્યો અને મોસ્કો પાસે હીટલરના બખ્તરોથી હીટલરને પાછા ફરવું પડ્યું અને એ ઘટનાઓ સાથે હીટલરની પડતીની શરૂઆત થઇ. ત્યારબાદ ઉત્તરોત્તર બની રહેલી પ્રતિકૂળ ઘટનાઓએ હીટલરના યુરોપ વ્યાપી ભયંકર સપને નાબુદ કરવા માંડ્યું અને આજે જર્મની ભાંગી ગયું અને ભયમૂર્તિ હીટલર નામશેષ થઇ ગયો.

આ હીટલર કોઇ સામાન્ય માનવી નહોતો. દુનિયામાં વિનાશ અને પ્રલય લાવવા માટે જાણે કે તેણે જન્મ લીધો હતો. કાલીની સંહારશક્તિનો જ જાણે કે તે અવતાર હતો. તેની મહત્વાકાંક્ષાને કોઇ સીમા નહોતી. માનવતાને તો તેણે મૂળમાંથી તિલાંજલિ આપી હતી. 'હું અને મારી જર્મન પ્રજા' એ સિવાય તેની દુનિયામાં બીજી કોઇ વ્યક્તિ કે પ્રજાને સ્થાન નહોતું. યહુદી પ્રજા ઉપર પોતાની પ્રકૃતિમાં રહેલા ઘાતકીપણાંના પહેલા પ્રયોગો તેણે શરૂ કર્યા હતા અને પછી તો જેવો પોતે એવા જ તેના સાથીઓએ સૌએ મળીને માનવીની કલ્પનામાં ન આવે એવાં અનેક હત્યાકાંડો નીપજાવ્યા હતા. શક્તિ, સામર્થ્ય, વ્યવસ્થા, અસાધારણ નેતૃત્વશક્તિ—આ બધા તેના અસાધારણ ગુણો હતા અને એ ગુણોની મદદ વડે પ્રારંભમાં આખી જર્મન પ્રજાને ૧૯૧૮ ના પરાજયના ઉંડા ગર્તમાંથી તે ઉંચે લાવી શક્યો હતો, એટલું જ નહિ પણ યુરોપની રાજ્યસત્તાઓમાં જર્મનીને તેણે સર્વોપરિસ્થાન પ્રાપ્ત કરાવ્યું હતું. પણ આટલાથી સંતોષ ન માનતાં તેણે સર્વે મર્યાદાઓને ઓળંગીને આગળ વધવા માંડ્યું. કોઇ પણ કોલકરાર, સુલેહ સંધિ, કે આન્તરરાષ્ટ્રીય સમજુતી તેના માટે બંધનકર્તા ન રહી. એ ચૈલછાતું—મદોન્મત્તતાતું—આજે પોતાના અને જર્મનીના ભયંકર વિનાશ અને દુર્દશામાં પરિણામ આવ્યું છે. દશમા-આવો રાવણ આજે ભૂમિશરણ થયો છે. આખી જર્મન પ્રજાને શરણાગતીની નામોશી નીચે મોઢે સ્વીકારવી પડી છે. ક્ષુબ્ધ દુનિયાએ આજે રાહતનો શ્વાસ ખેંચ્યો છે. આવી રીતે છેલ્લાં છ વર્ષથી ચાલી રહેલા ઘોરતમ વિશ્વવિગ્રહનો અતિ મહત્વનો પૂર્વાર્ધ પુરો થાય છે. જાપાન સાથેના ચાલુ વિગ્રહનો અવશિષ્ટ ઉતરાર્ધ હવે કયારે અને કેમ પુરો થાય છે એ જોવાનું રહે છે. આ સંબંધમાં અત્યારે અનેક તર્કીવિતર્કો ચાલે છે. કોઇ આ વિગ્રહની બહુ થોડા કાળમાં સમાપ્તિ દેખે છે; કોઇ નવા સંધાનો અને યુધ્ધની નવી આવૃત્તિઓ કલ્પે છે. સામાન્યતઃ તો એમ લાગે છે કે જર્મનીના પતન બાદ જાપાન હવે લાંબો વખત ટકી નહિ શકે અને બહુ થોડા સમયમાં આપણે સમસ્ત વિગ્રહનું ઉપશમન જોવા ભાગ્યશાળી થઇશું. આ યુધ્ધના ઉપશમન સાથે આ દુનિયામાં કોઇ નવરચના ઉભી થવાની કે સ્થાયી સુલેહ શાન્તિ નિર્માણ થવાની આશા હજુ બંધાતી નથી. પડેલા દેશો ઉપર પોતપોતાનાં સત્તાવર્તુલો જમાવવાની ચિન્તામાં જ આજે સામ્રાજ્ય સત્તાધીશો ડુબેલા હોય એમ દેખાય છે. સાનફ્રાન્સીસ્કોમાં સુલેહ શાન્તિ અને નવ નિર્માણના નામે આજે એક મોટું નાટક ભજવાઇ રહ્યું છે. પણ તે પાછળ નથી કોઇ ભવ્ય દર્શન કે નવસર્જનની ઉદાત કલ્પના, મહાત્મા ગાંધીજીએ આ પરિવદના અંગે એક મંતવ્યાતું નિવેદન બહાર પાડી આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. તેમણે જણાવ્યું છે કે આ પરિવદની સફળતાનો આધાર એ બાબતો ઉપર રહેલો છે. હિંદને આઝાદી આપીને કોઇ પણ રાષ્ટ્રની ગુલામી કે આર્થિક શોષણના દિવસો હવે ગયા છે એ બાબતની દુનિયાને પ્રતીતિ કરાવો. જર્મની કે જાપાન—પરાસ્ત થયેલા દેશો ઉપર હીણપત અને ગુલામી લાદવાને બદલે સંભાળ અને ઉદારતાનો વર્તાવ કરીને એ દેશો સાથેના વ્યવહારનું નિર્માણ કરો અને એ રીતે સ્થાયી શાન્તિનો પાયો નાંખો. આજે નાઝીવાદ-ફેસીસ્ટવાદનો તો નાશ થયો છે. પણ એવો જ પ્રાણશોષક શાહીવાદનો રાક્ષસ હજુ એમને એમ જીવતો જાગતો. ઉભો છે અને લાખો માનવીઓને પરાધીનતા અને ગુલામીની બેડીમાં જકડી રહ્યો છે. અન્ય દેશોના આર્થિક શોષણદ્વારા આત્મોન્નતિ અને આર્થિક અભ્યુદયનાં સ્વપ્નાં સેવતાં મહારાજ્યો હિંદ જેવા પરાધીન દેશોને શી રીતે સ્વાધીન અને સ્વતંત્ર બનાવવાનો વિચાર કરી શકે? અને વૈર, વૈર અને વૈરથી જ અંધ બનેલા વિજેતાઓ જર્મની કે જાપાન સાથે અન્યથા વર્તાવની કલ્પના પણ શી રીતે કરી શકે? આમ હોવાથી વૈરમાંથી વૈર, અને અલ્પકાલીન શાન્તિની પાછળ વધુ પાછું વધારે ભયાનક વિશ્વાસંગ્રામ—આજ દશાચક્રમાંથી હજુ આજનો પીડિત અને ત્રસ્ત દુનિયા છુટવાની અધિકારી થઇ હોય એમ લાગતું નથી. આમ છતાં પણ આજની પારવિનાની હાડમારીઓ, અન્ન વસ્ત્રની તંગી, વ્યાપક ભુખમરો, જાતજાતનાં નિમંત્રણો—આ બધાં વર્તમાન વિશ્વ વિગ્રહના સ્વાભાવિક તેમજ માનવ-સર્જિત પરિણામોમાંથી આપણે—આપણી દુનીયા—થોડા વખતમાં મુક્તિ અને રાહત મેળવે તો એટલું પણ આજના દુઃખદાવાનળમાં ઓછું આશ્વાસક નથી. કોઇ રીતે આજે માનવજાતનો વિના કારણ સંહાર કરતું અને માલ મીલ્કતનો ભયંકર વિનાશ કરતું યુદ્ધ અટકે તો પણ ઘણું છે. આટલા માટે પણ આજે થયેલા એકદેશીય યુદ્ધવિરામને આપણે આવકારીએ અને સંપૂર્ણ યુદ્ધવિરામનું જેમ બને તેમ જલ્દિથી નિર્માણ કરવા આપણે સૌ અન્તઃકરણથી પ્રાર્થના કરીએ. **પુરુષોત્તમ દ.**

કેટલાક સમાચાર અને નોંધ (પૃષ્ઠ ૧૧ થી ચાલુ)

ઠરાવોના ગર્ભમાં રહેલા અમુક વિચારોનો સ્વીકાર સૌ કોઇએ કરવો જોઇએ એ જ માત્ર તમારા ખાસ આગ્રહનો વિષય છે? જો ઐક્ય એ જ તમારું ધ્યેય હોય તો ઐક્ય માટે એકત્ર થયેલી છતાં અનૈક્યમાં પરિણામેલી આ કોન્ફરન્સે આપણને થોડો સમય પણ મધુર ઐક્યનો અને સંવાદિતાનો એટલો મીઠો અનુભવ કરાવ્યો છે કે એ અનુભવના આધારે આપણે સાથે મળીને અનેક મંજલો જરૂર કાપી શકીએ અને કોમનાં અનેક રચનાત્મક કાર્યો જરૂર સાધી શકીએ–આ વિષે કોઇને પણ શંકા રહેવાનું કશું કારણ રહ્યું નથી એમ જરૂર કહી શકાય. પણ જો અમુક વિચારનો સ્વીકાર એ જ જો તમારો આગ્રહ હોય અને બીજી બધી બાબતો તમારે મન ગૌણ હોય તો પછી આજે કે કાળાન્તરે એવી એકતા સધાવાનો અથવા તો ધારો કે અમુક સંયોગમાં અમુક વિચારના સ્વીકાર સાથે એકતા સિધ્ધ થઇ તો પણ એવી એકતા ટકી રહેવાનો કોઇ માર્ગ કે ઉપાય છે જ નહિ. જો ઐક્ય તમને ખરેખર ઇષ્ટ હોય તો આવો! આપણે સૌ એકત્ર થઇએ અને કાંઇને કાંઇ કાર્ય કરીએ. ઐક્ય તમને જેટલું ઇષ્ટ છે એટલું જ અન્ય પક્ષોને ઇષ્ટ છે. પણ અમુક વિચારના સ્વીકારપૂર્વકની જ એકતા તમને ખપતી હોય તો એવી શરતી એકતાનો ભૂમિકા નીચે સર્વ વિચારપક્ષો કદિ પણ એકત્ર થાય એ શકય નથી. આ વાસ્તવિકતા ધ્યાનમાં લઇને જે ઐકયનું ઝાંખું દર્શન ગત અધિવેશનની કાર્યવાહી દરમ્યાન આપણે સૌએ કર્યું છે તેનું મહત્વ સમજવા, સ્વીકારવા અને તે ઐકયને વિકસાવવા અને વિરાટ સ્વરૂપ આપવા સર્વ પક્ષના અગેવાનોને મારી વિજ્ઞપ્તિ છે.

જેઓ આજે પાછા કોન્ફરન્સની નિન્દા કરવામાં આનંદ માની રહ્યા છે, તેઓ સમજી લે કે સર્વ પક્ષોને–આખા શ્વે. મૂ. વિભાગને–એકત્ર થવા માટે આજે કે કાળાન્તરે કોન્ફરન્સ સિવાય બીજી કોઇ ભૂમિકા પ્રાપ્ત થવાની નથી. આ સ્થાન નથી દેશ વિરતિ ધર્મારાધક સમાજ લઇ શકવાની કે નથી જૈન યુવક પરિષદ લઇ શકવાની. આણંદજી કલ્યાણજીની છત્રછાયા નીચે પણ આવી ભૂમિકા કદિ ઉભી થઇ શકવાની નથી. કોઇ નવું મંડળ ઉભું કરશો તો કાં તો તે સર્વ પક્ષોનું નહિ હોય અને જો તેમાં સર્વ પક્ષો સંમીલીત હશે તો ત્યાં પણ આવી અથેડાપણો આવીને ઉભી જ રહેવાની. આને બદલે જેનો ઝળહળો લાંબો અને ઉજ્જવળ પૂર્વ ઇતિહાસ છે એ કોન્ફરન્સ શું ખોટી છે? જેઓ કોન્ફરન્સની ફાવે તેમ નિન્દા કરી રહ્યા છે તેમને કહેવું પ્રાપ્ત થાય છે કે તમો કોન્ફરન્સની અવહેલના કરીને ઐકયની–કોમી સંગઠ્ઠનની–ભૂમિકા મૂળ-માંથી છેદી રહ્યા છો; આખી કોમના સમગ્ર હિતો અને સ્વાર્થોનો વિદ્રોહ કરી રહ્યા છો. આ રીતે જેઓ તમારા છે અને તમારી સાથે રહેવા માંગે છે તેમને નાસ્તિક–અધર્મી–વગેરે શબ્દોથી ભાંડીને તમે તમારું પોતાનું જ બળ ઘટાડો છો.' કોન્ફરન્સને ઉતારી પાડવાનો આવો નાદ કેટલાક સાધુઓને અને પ્રતિષ્ઠિત આચાર્યોને લાગ્યો છે. કોન્ફ-રન્સના છેલ્લા અધિવેશન બાદ ગોડીજીના ઉપાશ્રયની વ્યાખ્યાનપીઠ ઉપરથી આગમોધ્ધારક શ્રી. સાગરાનંદ સૂરિએ ઉપરા ઉપરી ત્રણ દિવસ સુધી પોતાના સ્થાનને ન શોભે એવી કેટલાક ગલીચ દાખલા દલીલ વાપરીને કોન્ફરન્સને અને તેના કેટલાક કાર્યવાહકોને ઉતારી પાડ-નારાં–સમાજની નજરમાં હલકા પાડનારાં–વ્યાખ્યાનો આપ્યાં હતાં. આવી નિન્દા અને રાગદ્વેષની પ્રરૂપણા તેમના પાંચ મહાવ્રતના પાલન સાથે–તેમણે સ્વીકારેલા મનવાણી અને કર્મના આજીવન સંયમ સાથે–શી રીતે બંધ બેસતી થાય છે તે વિચાર કરવાનું તેમને જ હું સોંપું છું. સાધુ જ્યાં જાય ત્યા સમભાવની સ્થાપના કરે, મૈત્રીની ભાવનાને પોષણ આપે, સમાજમાં પડેલા ભાગલા સાંધી આપે અને રાગદ્વેષનો નિમિતો ઓછાં કરે. સાધુજીવનનો આ આદર્શ કયાં અને આજે અનુભવગોચર થતી સાધુ જીવનની આવી અધોગતિ કયાં? મારી તેમને વિનંતિ છે કે જૈન સમુદાયમાં પડેલા ભાગલા સાંધવાનું તો તમારાથી નથી બની શકવાનું, પણ અંદર અંદર વૈર વૈમનસ્ય વધારવાનો આજે જે ધંધો તમે લઇ બેઠા છો તે તો કૃપા કરીને બંધ કરો! સમાજના જર્જરિત દેહને સુધારે જર્જરિત શા માટે બનાવો છો?

પરમાનંદ.

સંઘની રાહત પ્રવૃત્તિ

અત્યારના જીવન વ્યવહાર ચલાવવાના કપરા કાળમાં જૈન કુટુંબોને આર્થિક મદદ પહોંચાડવાની એક યોજના શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી લગભગ છેલ્લાં બે વર્ષથી ચલાવવામાં આવે છે. આ યોજના દ્વારા મદદની અપેક્ષા ધરાવતા જૈન કુટુંબોને ૫૦ થી ૭૫ ટકા સુધીનું રેશન બીલ ચુકવી આપવામાં આવે છે, અથવા તો ચોક્કસ રોકડ રકમ દર મહીને આપવામાં આવે છે અથવા તો કોઇ અસાધારણ જરૂરિયાતને પહોંચી વળવા માટે જરૂરી આર્થિક મદદ આપવામાં આવે છે. આ યોજનાનો આજે લગભગ ૬૦ કુટુંબો લાભ લે છે અને દર મહીને લગભગ રૂ. ૬૦૦ થી ૭૦૦ સંઘ તરફથી આ રાહત કાર્યને અંગે ચુકવવામાં આવે છે. આમ છતાં પણ આવી રાહત યોજનાની પુરી માહીતીના અભાવે આ યોજનાનો પુરો લાભ લેવામાં આવતો નથી. જે જૈન કુટુંબોને આવી મદદની અપેક્ષા હોય તેમણે સંઘની રાહત સમિતિના કોઇ પણ સભ્યને મળવું અથવા તો સાધારણ રીતે સંઘના કાર્યાલયમાં (સીલ્વર મેન્શન, ધનજી સ્ટ્રીટ) બપોરના બે થી ત્રણ વાગ્યા સુધી રાહત સમિતિના મંત્રી શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી હોય છે, તેમને મળવાથી પણ જરૂરી મદદની ગોઠવણ થઇ શકશે. રાહત પ્રવૃત્તિ લગતી માહીતી કોઇ પણ વખતે સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

આ રાહત પ્રવૃત્તિ ચલાવવા માટે સંઘ પાસે કોઇ ફંડ નથી. એક બાજુથી આ પ્રવૃત્તિ પ્રત્યે સદ્‌ભાવ ધરાવનારા ગૃહસ્થો તરફથી સંઘને નાની મોટી રકમ મળતી રહે છે અને બીજી બાજુએ રાહતની યોગ્યતા ધરાવતા કુટુંબોને જરૂરી મદદ વહેંચી આપવામાં આવે છે. આ આ પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે સંઘને હજીની પુરી અપેક્ષા છે. જેવી રીતે અનાજના રેશનમાં રાહત આપવામાં આવે છે તેવી જ રીતે ગરીબ જૈન કુટુંબોને સરકારી રેશન વ્યવસ્થા દ્વારા બાળકો માટે મળતું દુધ સંઘ તરફથી પુરું પાડવાની ગોઠવણ પણ બહુ સહેલાઇથી થઇ શકે તેમ છે. આજે ચાલી રહેલી રાહત યોજનાનો આ રીતે તેમજ બીજી રીતે પણ સારો વિસ્તાર થઇ શકે તેમ છે, પણ તેનો આધાર આખરે આ કાર્ય માટે સમાજ પાસેથી મળતા દ્રવ્ય ઉપર જ રહે છે. આ શુદ્ધ પરોપ-કારના કાર્યને ટકાવવા તેમજ આગળ વધારવા માટે નાની મોટી રકમો મોકલી આપવા જૈન સમાજનો સુખી અને સ્વસ્થ ભાઇ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

રતિલાલ ચીમનલાલ કોઠારી.
મંત્રી–રાહત સમિતિ.

નવી મળેલી મદદ

સંઘ તરફથી ચાલતી રાહત પ્રવૃત્તિ માટે નીચે મુજબ રકમો મળી છે.

૨૦૦] શ્રી ભાઇચંદ માણેકચંદ શાહ
૧૫૦] મેસર્સ કાંતિલાલ ભોગીલાલ એન્ડ કું.
૧૫૦] શ્રી પ્રેમચંદ વલ્લભદાસ ઝવેરી
૧૫૦] એક ગૃહસ્થ હ. શ્રી હરિભાઇ
૧૦૦] શ્રી ગલાભાઇ નીલાનંદાસ
૫૦] શ્રી. મી. બી. શાહની કું.
૨૫] સદ્‌ગત જીવરાજ ભીખાભાઇના સ્મરણાર્થે તેમના પુત્રો તરફથી.

૮૨૬]

આ ઉપરાંત ભોજનનાં સાધનો પુરાં પાડવાની પ્રવૃત્તિમાં રૂ. ૪ તથા પ્રબુદ્ધ જૈનને રૂ. ૩ શ્રી. હીંમતલાલ નારણદાસ ઝવેરી તરફથી તેમજ સંઘને રૂ. ૬ શ્રી. વૈકુંઠરાય કચરાભાઇ છાપીયા તરફથી મળ્યા છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવકસંઘ

"આપણો ઉદ્ધાર કેળવણીથી જ છે"

(તા. ૧૪-૫-૪૫ ના રોજ બારસી ખાતે 'શેઠ રામચંદ મુળચંદ વખારીયા જૈન વિદ્યાભુવનનું' ઉદ્ઘાટન કરતાં શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલે નીચે મુજબ વ્યાખ્યાન આપ્યું હતું. તંત્રી)

વિદ્યાર્થી વર્ગને જ્ઞાનનાં સાધનો પુરાં પાડી જ્ઞાન મેળવવાનો માર્ગ સરળ કરી આપવાનો શુભ અવસર પ્રાપ્ત થવો એ મહા ભાગ્યની નિશાની છે. પૂર્વ પૂણ્યના યોગે જ તે મળી શકે છે. તેવો લ્હાવો લેવાનો અવસર આપને સાંપડયો તે માટે શેઠ રામચંદ મુલચંદ અને તેમના કુટુંબીઓનું આ તકે હું અભિનંદન કરું છું. શેઠ રામચંદ મુલચંદ અને તેઓના સુપુત્ર શેઠ દીપચંદ રામચંદે પોતાની સકમાઇમાંથી બાદશાહી રકમ અલગ કાઢી સુકૃત ટ્રસ્ટ ફંડની સ્થાપના કરી તેમાંથી આજનું વિદ્યાભુવન રચી આપવા વિચાર રાખ્યો છે. લક્ષ્મીનો આનાથી વધારે સારો વ્યય હોઈ શકે નહીં. સકમાઇનો પૈસો હોય તો જ તેનો સદ્‌ઉપયોગ થઇ શકે છે. ભાગ્યશાળી પિતાના ભાગ્યશાળી પુત્રે પિતાના ઉચ્ચ મનોરથો અમલમાં મૂકવા આજે કમર કસી છે. બારસીના ઇતિહાસમાં આ એક અપૂર્વ અવસર છે, અને તે સદાને માટે યાદગાર રહી જશે.

જૈન શાસ્ત્રમાં જ્ઞાનની મહત્તા ભારેમાં ભારે કહી છે. જ્ઞાન પ્રત્યે જેટલો આદર જૈન ધર્મમાં છે તેટલો બીજા ધર્મમાં ભાગ્યે જ મળી આવશે. પ્રથમ જ્ઞાન અને પછી દયા એવું શાસ્ત્રકારોએ પોકારી પોકારીને કહ્યું છે. ક્રિયા કરતાં પણ જ્ઞાનની મહત્તા વધારે છે. જ્ઞાનના કોઇ પણ સાધનની આશાતના થાય, પગ નીચે આવી જાય અથવા થુંક લાગે, તો જૈન શાસ્ત્રમાં પ્રાયશ્ચિત કરવાનું કહ્યું છે. જ્ઞાનપંચમીનો દિવસ વર્ષમાં એક વખત જ્ઞાન અને તેનાં સાધનોની પૂજા માટે ખાસ જુદો રાખવામાં આવ્યો છે. આટલી ઉંચી હદે જ્ઞાનનો મહિમા જૈન શાસ્ત્રમાં વર્ણવ્યો છે. એવા જ્ઞાનનાં સાધનો પોતાના જ્ઞાતીબંધુઓને પુરા પાડવાનો અપૂર્વ અવસર કોઇ વીરલાને જ પ્રાપ્ત થાય છે. બારસી જેવા દેશની અંદરના ભાગમાં આવેલા શહેરમાં રહીને પણ આપ કેળવણીની આટલી બધી કદર કરો છો તે જાણીને મને બહુ જ હર્ષ થાય છે; અને આપનો દાખલો લઇ આપણા બીજા ભાઇઓ ગામેગામ આવાં વિદ્યાભુવનો ઉભાં કરે તો દેશના સપુતોને કેળવણીના ક્ષેત્રમાં આંગળ વધતાં વાર ન લાગે. આવા મેળાવડા કરવાનો હેતુ પણ જ્ઞાનનાં આંદોલનો દેશના ચારે ખુણામાં ફેલાય અને બીજા ભાઇઓ તેવા કાર્યની અનુમોદના કરી અનુકરણ કરવા લલચાય તે સિવાય બીજો કંઇ નથી. આમાં જ્ઞાનની પ્રભાવના છે. જ્ઞાનની પરબો દેશનાં ખુણે ખુણામાં મંડાય એજ આવા ઉત્સવોનો હેતુ છે. આવો અવસર આપના આંગણે આવ્યો તે માટે આપને અનેક ધન્યવાદ ઘટે છે.

કેળવણીના ક્ષેત્રમાં આપણને ઘણું ઘણું કરવાનું છે. માત્ર વિદ્યા ભુવન કરીને બેસી રહેવાનું નથી. આ તો માત્ર પ્રથમ પગથીયું છે. વિદ્યાભુવન પછી હાઇસ્કુલ અને કોલેજ એ આપણી ભાવના હોવી જોઇએ.

વ્યવહારિક જ્ઞાન સાથે ધાર્મિક જ્ઞાન પણ તેઓ આ સંસ્થામાં રહી મેળવે અને ધર્મના સંસ્કારોની ઉંડી છાપ લઇ તેઓ ઘરે જાય એવી જાતની વ્યવસ્થા આ વિદ્યાભુવનમાં કરવામાં આવી હશે એમ હું માની લઉં છું. આજની કેળવણીમાં હું સાથે વધારે અગત્ય વ્યાયામને આપું છું. શરીર સંપત્તિ સારી હોય તો બધું ભણતર ધુળ ધાણી વળે છે. માટે વિદ્યાભુવનમાં લાભ લેનાર વિદ્યાર્થી વર્ગ માટે વ્યાયામ-શાળાની જોગવાઇ કરવા તેના સંચાલકોનું આ તકે ધ્યાન ખેંચવાની રજા લઉં છું. વિદ્યાભુવન સ્થાપીને શેઠ રામચંદ મુલચંદે દેશના રાષ્ટ્રીય ચણતરમાં એક ઇંટ મુકી છે. આપણે બધા જો આ પ્રમાણે એક એક ઇંટ આવી રીતે મૂકતા જઇએ તો સ્વરાજરૂપી મકાન તૈયાર થતાં વાર ન લાગે. આપણો ઉદ્ધાર કેળવણીથી જ છે. દુનીઆના જુદા જુદા દેશોની સરખામણીમાં આપણો દેશ કેળવણીમાં બહુજ પછાત છે. દેશની પરાધીનતાને લક્ષમાં આપણે કંઇ વધારે કરવા માગતા હોઇએ તો પણ તે થઇ શકતું નથી. દેશના રક્ષણના નામે કરોડો રૂપીયા આપણી સરકાર દર વર્ષે ખરચે છે, જ્યારે કેળવણી પાછળ માત્ર નામની જ રકમ દર વર્ષે સરકાર તરફથી ખરચાય છે. આપણી સરકાર રાષ્ટ્રીય હોય તો આખા દેશમાં ફરજીયાત કેળવણીની પ્રથા દાખલ થઇ હોત અને દેશનો એક પણ સપુત અક્ષરજ્ઞાન મેળવ્યા વિના રહ્યો ન હોત. આ પરદેશી સરકારને આપણી કાંઇ પડી નથી. માત્ર પોતાને જોઇતા કારકુનો પુરતા પ્રમાણમાં મળી શકે તેટલા પુરતી કેળવણી આપવાની જોગવાઇ અંગ્રેજ સરકાર તરફથી કરવામાં આવી છે. દેશના આવા કફોડા સંજોગોને લક્ષમાં લઇને પ્રજાના મોટા ભાગને કેળવવાનો આધાર ખાનગી સાહસ અને ધનિકોની ઉદારતા ઉપર અવલંબી રહે છે. દાનવીર શેઠ રામચંદ મુલચંદે દેશની આ હાકલ સ્વીકારી બારસીના ઇતિહાસમાં એક સોનેરી પ્રકરણ ઉમેર્યું છે. જૈન કોન્ફરન્સનો જન્મ આવા હેતુથી જ થયો છે. કોન્ફરન્સે કંઇ કર્યું નથી એવું કહેનારાઓને હું પૂછીશ કે તમે તમારા ગામ માટે તમારી જ્ઞાતિ માટે, તમારા દેશ માટે કેટલો ભોગ આપ્યો છે? તમારી શક્તિ પ્રમાણે કેટલું દ્રવ્ય જ્ઞાનના વિકાસ માટે સમાજને ચરણે ધર્યું છે? દાનવીર શેઠ રામચંદ મુળચંદની માફક તમારી મુડીનો કેટલો ભાગ જનહિતાર્થે અલગ કાઢયો છે? શેઠ રામચંદ મુલચંદની માફક આપે કેટલું ભાતું આવતા જન્મ માટે બાંધ્યું છે? જો દરેક વ્યક્તિ પોતાના આત્માને ઉપરના સવાલો પૂછે અને તેનો યથાશક્તિ અમલ કરવા મન ઉપર લે તો આખો જૈન સમાજ તરતો થઇ જાય. કોન્ફરન્સના પ્રચારકાર્યને પરિણામે આવાં વિદ્યાભુવનો, છાત્રા-લયો, હાઇસ્કુલો, કોલેજો, હોસ્પીટલો, કન્યા છાત્રાલયો, વસ્તીગૃહો, ઉદ્યોગગૃહો દેશના ખુણે ખુણામાં આજે હસ્તીમાં આવ્યાં છે. કોન્ફરન્સનો જન્મ સં. ૧૯૫૮ માં થયો તે પહેલાં ભાગ્યે જ આવી પ્રગતિશાળી સંસ્થાઓ હસ્તીમાં હતી. મારો એક અંગત દાખલો આપું. અમારા રાધનપુર શહેરમાં અગાઉ હાઇસ્કુલ નહીં હોવાથી અમો કેટલાક વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે સં. ૧૯૫૯ ની સાલમાં મુંબઇ આવ્યા. મુંબઇ જેવું પ્રગતિમાન શહેર તે વખતે વિદ્યાર્થીને રહેવા માટે એક પણ છાત્રાલય ધરાવતું નહીં હતું. મુંબઇમાં રોટલો મળે પણ ઓટલો નહીં મળે. અમારી મુશ્કેલીનો પાર નહીં હતો. અમારા સદ્‌ભાગ્યે તે પ્રસંગે લાલબાગ ખાતે મુનિશ્રી મોહનલાલજી મહારાજ બીરા-જતાં હતા. મુંબઇનાં જૈન સાધુ માટેનાં દ્વાર ખોલનાર તથા પ્રવેશ કરનાર આ પ્રથમે જૈન સાધુ હતા. પ્રાતઃસ્મરણીય મુનીશ્રી મોહનલાલજી મહારાજ પાસે અમો કેટલાક વિદ્યાર્થીઓએ અમારી મુશ્કેલીઓ રજુ કરી અને લાલબાગની ધર્મશાળામાં વિદ્યાર્થીઓને રહેવા માટે હોસ્ટેલ જેવી રહેવાની સગવડ કરી આપવાની વિનંતિ કરી. મને જણાવતાં હર્ષ થાય છે કે અમારી આ માગણીનો તુરત જ સ્વીકાર કરવામાં આવ્યો અને મહારાજશ્રીના ઉપદેશથી લાલબાગ જૈન બોર્ડીંગની સ્થાપના કરવામાં આવી અને તેની ઉદ્‌ઘાટન ક્રિયા તેઓશ્રીના વરદ હસ્તે થઇ. આખી જૈન કોમમાં આ પ્રથમ બોર્ડીંગ હતી એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય. લાલ-બાગ જૈન બોર્ડીંગ બાદ શ્રી ગોકુલભાઇ મુલચંદ જૈન હોસ્ટેલ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી. સયુંકત જૈન વિદ્યાર્થી ગૃહ વિગેરે સંસ્થાઓ હસ્તીમાં આવી. મુંબઇનું અનુકરણ કરી ગુજરાત–કાઠીઆવાડ–પંજાબ–રાજપુતાના–મહારાષ્ટ્ર વિગેરે પ્રાન્તોમાં આવાં છાત્રાલયો એક પછી એક જન્મ પામ્યાં. આનો ચેપ બારસી જેવા દેશના એક ખુણામાં આવેલા પરંતુ વેપારમાં આગળ પડતો ભાગ લેનારે શહેરને લાગ્યો, જેના પરિ-ણામે શેઠ રામચંદ મુળચંદ જૈન વિદ્યાભુવનના ઉદ્‌ઘાટનમાં આપણે ભાગ લેવા ભાગ્યશાળી થયા છીએ. આવો પ્રસંગ આણવા માટે શેઠ રામચંદ મુળચંદ તથા તેઓના સુપુત્ર શેઠ દીપચંદ રામચંદનો આપ બધાની વતી આભાર માનું છું, જેમાંથી પુણ્યાનુબંધી પુણ્ય થાય તેવા ઉત્તમોત્તમ દાન માટે તેઓશ્રીનું અભિનંદન કરું છું અને શેઠ રામચંદ મુલચંદ જૈન વિદ્યાભુવન ખુલ્લું મુકાયેલું જાહેર કરું છું.

કકલભાઈ ભુદરદાસ વકીલ

ગાંધી યુગ જન્મે છે.

સ્થળ: ધનિકોની હવેલી સામેના મેદાનમાં થોડાંક ગરીબોના ઝુંપડાં. સમય–ઉનાળો.

દેવલો–બાપા, સામેનો ધનામલ શેઠ બીજી નવી હવેલી બંધાવે છે અને તે માટે તેણે ભંગા માળીનું ઝુંપડું પડાવી નાંખ્યું. તે બિચારો રાતે પાણીએ રોતો હતો. શેઠના ઘરમાં માણસ છે આપ્પા ચાર, તેમાં આ ત્રીજી હવેલી! બાપા, એના શરીર શું એવડાં બધાં મોટાં છે કે બે હવેલીમાં પણ સમાઈ શકતા નથી કે સાત માણસને સંધરતું ગરીબનું ઝુંપડું પડાવીને ત્રીજી હવેલી બાંધવી પડે? બધા છતના છાગ છે. શાહુકારો પલીત હોય છે એટલે આવું જ સુઝે, પણ ભગવાન આ ફાટ નહિ સાંખે!

ભોળો–બાપુ, એવું ના બોલીએ. સૌ પોતાના પુણ્યનું ફળ ભોગવે છે. શેઠના ગત જનમના પુણ્ય મોટાં હશે કે આ ભવે તેને શેઠાઈ મળી. આપણાં ગરીબનાં પુણ્ય પાતળાં હશે કે આવી દશા થઇ. બધા ભાગ્યશાળી પુણ્યશાળી જ ગણાય એટલે તેની બુરાઇ બોલીને શું કામ લેવાદેવા વગર પાપમાં પડવું?

દેવલો–બાપા, તમેય કેવી વાતો કરો છોઃ પારકાનાં ખોરડાં પોતાની ધૂન માટે પડાવી નાંખે, ગમે તેને રસ્તામાં રખડતા કરી મૂકે, મરજીમાં આવે તેમ મઝા ઉડાવે, ગમે તેની બેઇજ્જતી કરી નાંખે તોય તે પુણ્યશાળી! ભગવાનના ઘરમાં ઘોર અંધારૂં લાગે છે, નહિતર આવો અન્યાય થોડો હોય! પુણ્યશાળી હોય તો પુણ્ય કરે. પાપ થોડું કરાય?

ભોળો–મૂકને વાત. આપણે નાહકનો આપણો જીવ બગાડવો નહિ કે અદેખાઇ કરવી નહિ. લાકડું લાકડાનાં ભારે ભાંગશે. આપણે ભગવાનના મારગમાં હઇશું તો આ વખત નહિ તો આવતો ભવ તો આપણા સુખનો છે જ. પુણ્ય અને નીતિના ઉદરમાં સૌનાં સુખનો ગર્ભ સરજાઇ રહ્યો છે તો તેને બુરાઇથી ગાળી નાંખવામાં દીકરા, સર નહિ. હું તો ભગવાન પાસે રોજ માગું છું કે હ્યાપ, બળ દેજે કે વગર અદેખાઇએ દુનિયાના રંગ ઝીલી જાઉં અને તારા મારગમાં ટકી રહું. માંડમાંડ આ માનવદેહ મળ્યો છે તો તેને સાર્થક કરી લેવાં દેજે. હવે ચકડોળમાં ફરી વખત નથી ચડવું. (માળા ફેરવે છે.)

(શેઠિયાઓને પોતાની હવેલી સામે પડેલાં ઝુંપડા ભૂંડા લાગતાં. જો ઝુંપડા જાય તો તેના બાળકોને ખેલવાનો એક બાજુએ બગીચો અને મંદિર ત્યાં બનાવી શકાય. તેથી તેમણે સુધરાઇને અરજી કરેલી. ધનિકોને રાજી રાખવા આરોગ્ય અને સંસ્કારના નામે ખીલતુજ્જર લતામાં પડેલા આંખના કણા જેવાં ઝુંપડાને કઢાવી નાંખવા એક અમલદાર પટાવાળા સાથે આવે છે. સાથે થોડાક શેઠિયાઓ છે.)

અમલદાર–મ્યુનિસિપાલિટીની આ જમીન ઉપર રજા વગર ઝુંપડાં કેમ બાંધ્યાં છે? શું બાપની જમીન સમજી ગયા? આવો સુંદર લતો ગંધવી માર્યો! એય બુડથલ, શું સામું જોઇ રહ્યો છે? કયારથી બાંધ્યાં છે આ ઝુંપડાં? ભાડું બાડું કાંઇ આપે છે કે નહિ?

ભોળો–ના સાહેબ, ભાડું તો નથી આપ્યું. ભંગીવાસની છેલ્લી આગમાં ઘરવખરી અને કમાનાર છોકરો બળી ગયા પછી આહિંજ તમારા આશરે બારેક માસ થયાં પડ્યાં છીએ. તમ જેવાની રહેમ છે તો રેવાય છે. બીજે ક્યાંય ઉભા રહેવાનો આરો નથી.

અમલદાર–એમ? ઠીક! ત્યારે તો પહેલાં બાર માસનું ભાડું રૂપિયા બાર આપી દે અને પછી જગ્યા ખાલી કર. આ જગ્યા ઝુંપડા માટે નથી. બગીચા અને મંદિર માટે છે. જલદી ઉઠાવી લે તારા ગાભા અને આપી દે ભાડના રૂપિયા!

ભોળો–ગાભા ઉઠાવીને સરકાર ક્યાં જાઉ? આજે ક્યાં ગરીબો માટે કોઇએ જગ્યા રહેવા દીધી છે કે જાઉ? અને ભાડુંયે ક્યાંથી કાઢું? છોકરાં તો જ્વર વગર ટળવળે છે. રે'મ કરો માબાપ!

અમલદાર–ક્યાં જઇએ એટલે? જાવ જહાનમમાં, પડો ખાડ જે બીજી જગ્યા ન હોય તો! આંહિ તો કાયદો ઇ કાયદો અને કાંઇ થોડો મારા બાપનો છે? સરકારી કામમાં તો લખાણું ઇ વંચાણ ભાડું નથી તો શું સરકાર છોડી દેશે એમને? (નોકરને) અબ્દુલ, ઇસમની કોદાળી, પાવડો, તગારૂં અને બકરી ભાડા પેટે જપ્તીમાં પછી કોણ તેનું ઘર ગોતવા જશે અને સરકારને જવાબ દેશે? અ જો સાળાઓ સેળે મેળે ઝુંપડા ન પાડી નાંખે તો આપણા માણ પાસે પડાવી માલ જપ્તીમાં લે. (અબ્દુલ ઝુંપડા પાડી નાંખે (શેઠિયાઓને) બસને શેઠિયાઓ! હવે ઘાણ નહિ થાય. મારો પટ બે પાંચ દિવસે એકાદ ફેરો મારી જશે. છ માસમાં લીલેાછમ બગીચો મ્યુનિસિપાલિટી ખર્ચ આપશે તેવું ગઈ સભામાંજ પાસ થઇ ગયું

શેઠ–સારૂં! સાહેબ તમારા જેવા સમજુ માણસ ખુરશી ઉ છો તો આટલું થયું. બે મહિના થયાં રોજ સાળાઓને ભાઇ બા કર્યા કે જોઇએ તો રૂપિયો બે રૂપિયા લઇ જાઓ પણ આંખ સામેથ દૂર થાઓ; રોજ સવારે પૂજા કરવા જઇએ ત્યાં આ કાળમુખા સામા સામા! બહુ જ કંટાળ્યા હતા. તમે આજે દુઃખ કાઢયું! સાહેબ, જા ઘરે પગલાં કરો અને ચા પાણી પીને જજો—

× × ×

(૨)

સ્થળ: ગામના પાદરમાં એક આંબાના ઝાડ નીચે.

ભોળો–(સ્વગત) આપ્પા ગામમાં ભટકયો. કયાંય કામ ન મળ્યું અને કામ હોય તો ભંગિયાને કોણ આપે! એક ઠેકાણે હતું તો કોદાળી પાવડો અને તગારૂં નહોતાં એટલે જતું કર્યું. બધે માણસો નવરા બે બેઠા આવતી કાલની ચિંતા કરતાં હતાં. સૌ કહે છે કે જ્યારે અમારે ઘરે કામ હતું ત્યારે અમે બીજાને કામ આપતા. આજે તો શેઠિયાઓએ કારખાનાં કર્યાં એટલે અમારાં કામ પણ ગયાં. શું કરીએ? ભૂખે મરવાનો અને ગામ તજવાનો સમય આવ્યો છે.

કારખાનાંમાં ગયો તો તેય બંધ પડ્યાં છે. માલ બનાવવો કે બહાર ગામ મોકલવો પરવડે તો કારખાનાં ચાલેને! ગાડીવાની ગાડીવા રાઓને માલ પરદેશથી હાલ્યો આવે ત્યાં મરવા વાંકે જીવતાં કારખા નાનું શું ગજું? સરકાર બાપાએ કારખાનાવાળાને માર્યા. કારખાનાએ કારીગરોને માર્યા. કારીગરોએ મજુરોને માર્યા. મજુરો હવે ગામ છોડીને એને મારવા બેઠા છે. બધે મારવાની પરંપરા ચાલી છે. ક્યાંય જીવાડવાનું કોઇનું નથી સુઝતું ત્યાં હવે રૂમ જીવાશે? છતી શક્તિએ પેટના પાંપળા થયાં! સમય આવ્યો છે નૂ કોઇનો.

છોકરી–બાપા, ભૂખ લાગી છે. શું ખાઉં?

ભોળો–બા, તારા બાપનું કાળજું? કયાંથી લાવું ખાવાનું? કોણ જાણે કેવાય કરમ લઇને જન્મ્યા છીએ. દુઃખ, દુઃખ ને દુઃખ. (છોકરી રડે છે. એટલે ગુસ્સામાં ભોળો તેને પછાડે છે. માથું કુટે છે. પોતે પણ રડે છે. અચાનક રસ્તામાં પડેલી સુડાની ટોચેલી એક કરી દેખે છે તે લઇને છોકરીને આપી. તેને ખોળામાં બેસાડે છે. આંખમાંથી આંસુ દડ દડ દડી પડે છે. દૂર બેઠેલો આબાવાડીયાનો રખોપીયો આ દેખી જાય છે. એટલે ગુસ્સામાં આવીને છોકરીના હાથમાંથી કરી આંચકી લઇ ભોળાને મારે છે.)

રખોપીયો–સાળા હરામખોર, કરી ચોરીને ખાય છે? શું બાપનો માલ છે? કાલે હું રૂપિયો રોકડો આપીને રૂડકી સાથે વાત કરતો હતો તેમાં તારી આબરૂ જાતી તી. આજે ચોરીનું ખાતા નથી જાતી? આંહિ તો રૂપિયા છે તો ધણી રૂડકી સલામ ભરવા તૈયાર છે. તારી રૂડકી તારે ઘરે રાખ બેટમજી! ચાલ થાણાં પર એટલે દેખાડી દઉં કે હું કોણ છું. (ભોળાનું કાંડું ખેંચીને લઇ જાય છે). કરી મફતની નથી આવતી. તારા ડોસાએ ફાંટ એક રૂપિયા સરકારને આપ્યા છે. ગરીબ ગોલા નહિ તો!

ભોળો–માફ કર, ભાઇ, ભૂલ થઈ ગઇ. છોકરી ભૂખ્યે રડતી હતી એટલે નીચે પડેલી, સુડાની ખાધેલી કેરી લીધી છે. સારી તો નથી લીધી. જરાક તો દયા રાખ!

રખોપીયો–દયાને બયા! બોલ રડકી વાળી વાત કબુલ છે–હમણા છોડી દઉં–અને માથેથી રૂપિયો રોકડો.

ભોળો–જરા તો શરમ રાખો! બાપની આગળ દીકરીની છોકરીની માગણી કરતાં ભગવાનનો ત્રાસ તો રાખો. તમારેય દીકરી હશે! દાદા!

રખોપીયો–ચાલ એમ ન સમજે ગોલા! (થાણા પર લઇ જઇ રખોપીયો પોલીસને કંઇ કહે છે. પોલીસ ભોળાને તમાચો મારે છે.)

પોલીસ–સાલા ચોર, ચોરી કેમ કરી? કેટલી કેરી ચોરી? બોલ બાપનો માલ હતો (બીજો તમાચો મારે છે).

ભોળો–જમાદાર સાહેબ, રસ્તામાં પડેલી એક સડી ગયેલી કેરી લઇને ભૂખી છોકરીને આપી તેમાં મેં શું ઘોર પાપ કરી નાંખ્યુ છે કે તમે બન્ને મને ઢોરની પેઠે મારો છો! ઝાડ ઉપર કાગડા, સુડા કે બીજા પક્ષિઓ ખાઇ જાય તે માટે વાંધો નહિ માત્ર એક ભૂખ્યું માનવબાળ સડી ગયેલું ફળ નીચેથી વીણીને ખાય તેમાં આટલો બધો ત્રાસ! સાહેબ, જરા મેર રાખો. ભગવાન આમાં રાજી નહિ થાય. જ્યારે કંઈ આવાતું નહિ હોય ત્યારે કેરી લીધી હશે બાપ!

પોલીસ–પેટ ન ભરાતું હોય તો ફોડી નાંખોને! ચોરીનો માલ ખાઇને શું કામ ભરો છો? (એક વધુ તમાચો મારી કાઢી મૂકે છે)

× × ×

૩

(સ્મશાન પાસે આવતાં એક મુડદું બળી રહેલું છે. પાસે એક ઘડા ઉપર લાડવો અને દીવો છે. ઝાડ નીચે ડાધુઓ બેઠા બેઠા ગપાટા મારે છે. ભૂખ્યો ભોળો દીવો ઠારી નાંખી કોડીયામાં ઘી કુલેરના લાડવામાં મેળવીને ખાવા પ્રયત્ન કરે છે. જે જોઇને—)

ડાધુઓ–અરે! હરામખોર આ શું કર્યું? દેવીનો નૈવેદ્યનો લાડવો લઇને આ મુડદાને વટલાવ્યું? મૂકી દે, નીચે મૂકી દે, (બીજાઓ) શું જોઇ રહ્યા છો? આંચકી લ્યો એ લાડવો અને નાંખી દો કુતરાને! જો દેવીનો લાડવો ભંગીયાના પેટમાં જશે તો બ્રાહ્મણનો મનખો બગડી જશે. સાત ભવેય સુદ્ધિ નહિ થાય. કળીજુગ આવ્યોજ છે ને! માણસમાંથી ધરમ કરમ ગયાં! દેવ દેવીની શરમ પણ ગઇ! (બ્રાહ્મણોનું ટોળું ભોળા ઉપર તુટી પડે છે. તેને નીચે પછાડી તેના મોંમાથી લાડવો ખેંચી કાઢી કુતરાને નાખી દે છે.)

ભોળો–(રડતાં રડતાં–મોંમાથી નીગળતા લોહીયે) મુડદાનો લાડવો એક ભૂખ્યા માણસે ખાધો તેમાં તમારે કે દેવીનું શું બગડી ગયું? કુતરૂં ખાય તેમાં વાંધો નહિ માણસે માટેજ વાંધો! સ્મશાનનો લાડવો કુતરાને બદલે માણસ ખાય તેની નરકારની દુર્ગતિ થાય! હરિ! હરિ! દિલમાંથી દયા ગઇ?

સ્મશાનનો બાવો–મોરો સાલા ભંગીયાને! સ્મશાન વટલાવી માર્યું. દેવીનો લાડવો ખાઇ ગયો. દીવો બુઝવી નાંખ્યો. નકકી ગામનું આવી બન્યું. જો રોગચાળો ન આવે અને ગામના દીવા ન બુઝાય તો બાવો ઠેલી જાઉં! ભંગીયાના કારસ્થાન કમ નથી હોતા! હું તો કહું છું કે સાળાને આ સળગતી ચીતામાં હોમી દો એટલે પાપ ટળે. ગામમાં થાળી પીટાવી દેજો કે આવતા મંગળવારે દેવીના નિવેદ કરે. નીકર આ ભંગીયાના પાપે દેવી ગામને દુણશે (ભોળો માર પડવાની બીકે ભાગી છુટે છે.)

× × ×

૪

સ્થળ: ગામ બાંધે કુવો. ભોળાનો છોકરો ફુટેલો ઘડો લઇને પાણી ભરવા જાય છે અને કુવાની કુંડી પાસે ઉભો રહે છે, જે જોઇને કુવે કપડાં ધોતો બ્રાહ્મણ મુગટો ગુસ્સે થાય છે.

મુગટો મહારાજ–એ કોના પેટનો છે? નાહીને ઉભો છું ત્યાં માથે પડછાયો પાડયો! ઉભો રે સાળા (પાસે પડેલું ઢેકું ઉપાડીને છુંટું મારે છે એટલે ઘડો અને માથું બન્ને ફૂટી જાય છે) સાળાએ ઢેઢાઓનું હજાર વાર નાક કાપ્યું કે બ્રાહ્મણ નાતા ધોતાં હોય કે પાણી ભરતાં હોય ત્યાં ફરકવુંજ નહિ. પણ તમને તો નવે નાકે દીવાળી! માર્યાજ પાધરા. બાઇ બાપા કર્યે કામ ન આવે. (ફરી વખત નહાય છે) જય શંકર પાર્વતીપતે! દલિતો, દીન તું ઉધારતો!.....જય શંકર..... જય.....જય.)

છોકરો–કુંડીથી તો દૂર ઉભો છું અને તમથી તો હેઠવાશમાં છું. છતાંય નરાતાળ બોદું બોલીને મારૂં માથું અને એકનો એક ઘડો ફોડી નાંખ્યો! હવે પાણી શેમાં ભરીશ? જરાક તો ભગવાનનો ડર રાખો. મોઢામાં શંકરનું નામ છે ત્યાં સુધી તો સાચું બોલો! અમનેય કપાળમાં આંખ તો છે કે ઓતમ વરણ નાતું ધોતું હોય ત્યાં ન જવાય. આધો ઉભો છું ત્યાં તો માથું ફોડી નાંખ્યું? (રડે છે)

મુગટો–જા જા ડાયલીનો થયો છો તે. આ તો પડછાયો પડયો તેમાં માથું ફૂટયું, પણ જો કુંડીને હાથ લગાડયો હોત તો જીવતો ઘરે ન જાત. શું બધાને તારા જેવાં ભંગીયા સમજી ગયો! પૂજા વટલાવી. રસ્તે પડી જા. હવે હેમખેમ રહેવું હોય તો!

છોકરો–રસ્તો શું કોઇના બાપનો છે! એક તો વગર વાંકે માથું ફોડી નાંખ્યું અને ઉપરથી ગાળ્યું!

મુગટો–હા! હા! મારા બાપનો છે મારા બાપનો. ઉભો રે દેખાડી આપું. (મારવા દોડે છે. છોકરો ભાગીને બચવા બાજુના કાલીકા માતાના મંદિરમાં ઘુસી જાય છે. પાછળ ભીના ધોતીયે મુગટો દોડે છે. દૂરથી ભોળો આ દેખીને છોકરાને બચાવવા દોડતો આવી મુગટા અને છોકરાની વચ્ચમાં ઉભો રહે છે. મુગટો ભોળાના માથામાં લોટો મારે છે. એટલે તે બેભાન થઇને પડી જાય છે.) (પૂજારીને) મહારાજ રાજ! આ ભંગિયાએ મંદિરને અભડાવ્યું છે અને દેવીને ભ્રષ્ટ કર્યા છે. હવે તમે જાણો અને તમારું કર્મ જાણે. તમને ચેતાવવા તેટલું બ્રાહ્મણ તરીકે મારું કામ. (જાય છે.) મંદિરના પુજારીઓ મંદિરમાં માતાને બકરાનો ભોગ આપવાની તૈયારી કરી રહેલા છે. કપાળમાં કંકુનો ચાંદલો કરેલો એક બકરો કરૂણ આક્રંદ કરી રહેલ છે. મુગટાની વાત સાંભળીને પૂજારીઓ બધુ પડતું મૂકી બેભાન ભોળા અને છોકરા ઉપર તુટી પડે છે અને બન્નેને ઢસરડીને મંદિરની બહાર કાઢી આખું મંદીર પાણીથી ધોવા માંડે છે.)

પૂજારી–દેવી, માતા, માફ કરજે! અમારો વાંક નથી. સાળા ભંગિયાઓએ અજાડાથી મંદીર વટલાવ્યું. તારૂં પવિત્ર બલિદાન ભ્રષ્ટ કર્યું. અમે તો માતા લાચાર છીએ. આવતી અમાસને દિવસે એક વધુ બલિદાન ચડાવીશ. માતા દયા કરીને માફ કરજે.

ધન્ય હો ચંડિકે, મુંડિકે કાલીકા અંબિકા.
જગતતારીણી, દયાધારીણી.
જગત માવડી પાપહારીણી—જય હો! જય હો!

અપૂર્ણ

વ્રજલાલ ધ. મેઘાણી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૩

મુંબઈ: ૧ જુન ૧૯૪૫ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૩

સમાજમાં વહેતા ધર્મપ્રવાહો અને આનુષંગિક સમસ્યાઓ

(ગતાંકથી ચાલુ)

આ પુસ્તકમાં પદે પદે વિશદતા ટપકતી હોવા છતાં વાચકોને તેનો એકાદ નમુનો સૂચવવો હોય તો પૃ. ૧૪૯ પર આવેલ 'નિવૃત્તિ વિ, પ્રવૃત્તિ' એ મથાળા નીચે દોરાયલું ચિત્ર સૂચવી શકાય. વાચકો જોઈ શકશે કે એમાં પૂર્વ ને પશ્ચિમના ધર્મોને સ્વરૂપભેદ, તેમનો માનસભેદ અને ઉદ્દેશ્યભેદ કેટલી તાદૃશતાથી ચિત્રિત કર્યા છે. તેમની વિચાર-સૂક્ષ્મતા માટે બે ત્રણ સ્થળો સૂચવ્યા વિના સંતોષ નથી થતો. શ્રી રાધાકૃષ્ણન્ મોક્ષનું સ્વરૂપ ચર્ચતાં ધર્મોના એક ગૂઢ કોયડાને ઉકેલે છે. કેટલાક મોક્ષને ઈશ્વરની કૃપાનું ફળ માની બહારથી મળી આવનાર એક બક્ષીસ માને છે, જ્યારે બીજા કેટલાક તેને આત્મપુરુષાર્થનું ફળ ગણે છે. એનો ઝીણવટ ભરેલો ઉકેલ લેખક કરે છે ત્યારે ખરેખર તેઓ યોગશાસ્ત્રની ચિત્રભૂમિકાઓ, જૈન શાસ્ત્રનાં ગુણસ્થાનો અને બૌદ્ધ પિટકના 'માર્ગો'નું જ અત્યંત સરળ ભાષામાં સૂચન કરે છે. તેઓ કહે છે: "મોક્ષ એ આપણા હૃદયમાં વસતા ઈશ્વરત્વનો ધીમે ધીમે થતો વિકાસ છે." "ઈશ્વરની કૃપા ને આત્માનો પુરુષાર્થ એ એકજ ક્રિયાનાં બે જુદાં જુદાં પાસાં છે." (પૃ. ૯૯) કર્મ અને પુનર્જન્મ વિષે ચર્ચા કરતાં પાપીનું પાપ ધોઈ કાઢવા બીજો જ માણસ દુઃખ ભોગવે છે એવા ખ્રિસ્તી ધર્મના સિદ્ધાન્તની તેઓ જોરદાકાથી સમીક્ષા કરે છે; અને સમર્થ રીતે સિદ્ધ કરે છે કે સ્વકૃત કર્મ અન્યથા થઈ શકે નહીં, અને થાય તોયે કર્તાના પોતાના સત્પુરુષાર્થ વડેજ, આ આખી ચર્ચા પૃ. ૬૧૦ થી વાંચતાં ભારે રસ પડે તેમ છે.

ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં પરમાત્મદર્શન માટેના સાધનોની બાબતમાં કેટલાક ન ભુંસાય એવા વિરોધો દેખાય છે. કોઈ પરમાત્મ-દર્શન માટે એક અથવા બીજા પ્રકારની મૂર્તિનું અવલંબન લે છે, જ્યારે બીજા કેટલાક મૂર્તિને સાવ નિરર્થક માની જપ કે ચિન્તનને જ પરમાત્મદર્શનનું સાધન માને છે. આ બે માર્ગો વચ્ચે જે ઉંડો વિરોધ છે તેણે ભાઈ-ભાઈ અને કોમ-કોમ વચ્ચે સંક્રામક ઝેર સિંચ્યું છે, ને અનેકનાં પ્રાણ હર્યા છે. આ વિરોધનો પરિહાર શ્રી રાધાકૃષ્ણને જે શાસ્ત્રીયતા ને મૌલિકતાથી કર્યો છે તે સાંભળતાં મને મારા જ જીવનનો એક અદ્‌ભુત પ્રસંગ યાદ આવ્યો. હું જન્મથી મૂર્તિ ન માનનાર ફિરકાનો હતો. અનેક તીર્થો ને મંદિરોમાં જવા છતાં એમાં પાષાણની ભાવના સિવાય બીજી ભાવના સ્ફુરતી નહિ. કયારેક જન પ્રખર તાર્કિક યશોવિજયનું 'પ્રતિમાશતક' મારા વાંચવામાં આવ્યું. એમાં તેમણે એક સરળ દલીલ કરી છે કે પરમાત્માનું સ્મરણ કરવું એ ઉપાસકનું ધ્યેય છે. હવે તે સ્મરણ જો નામથી થતું હોય તો રૂપથી પણ થાય છે જ. એવી સ્થિતિમાં સ્મરણના કોઈ એક સાધનને જ માનવું ને બીજાને તરછોડી કાઢવું એ શું યોગ્ય છે? આ દલીલ મારે કાને પડી તે જ ક્ષણે મારો જન્મસિદ્ધ કુસંસ્કાર સરી ગયો. શ્રી રાધાકૃષ્ણને મૂર્તિ ન માનનારને સંબોધીને આ જ વસ્તુ બહુ વિસ્તારથી ને અતિ ઝીણવટથી કહી છે. તેમણે કહ્યું છે કે પરમાત્મ તત્વ એ તો ખરી રીતે વાણી ને મનને અગોચર જ છે; પણ આપણા જેવા અપૂર્ણ અધિકારીને માટે તે માર્ગે આગળ વધવાને-તેનું સ્મરણ પુષ્ટ કરવાને-અનેક પ્રતીકો છે. પછી ભલે તે પ્રતીકો કાષ્ઠ, પાષાણ કે ધાતુનાં મૂર્તરૂપ હોય, અગર કલ્પના કે જપ-સ્વરૂપ માનસિક ને અમૂર્ત હોય. આખરે તો એ બધાં મૂર્ત-અમૂર્ત પ્રતીકો જ છે. તેમણે આ ચર્ચા પ્રસંગે માનસશાસ્ત્રનાં સિદ્ધાન્તો અને તત્વજ્ઞાનનો જે સુમેળ સાધ્યો છે તેના ઉપર કોઈ તટસ્થપણે વિચાર કરે તો એના મનમાંથી મૂર્તિપૂજા સામેનો કાળજાનો વિરોધ ખરી પડયા વિના ન રહે.

શ્રી રાધાકૃષ્ણનનાં નિરૂપણની ખૂબી એમના સમભાવમાં છે. તેઓ સહિષ્ણુતા, દયા, અને ઉદારતા કરતાં પણ સમભાવને, ગાંધીજીની પેઠે જ, ઉંચું સ્થાન આપે છે. જ્યારે તેઓ ઇસ્લામની સમીક્ષા કરે છે ત્યારે પણ ઇસ્લામનાં બે તત્વો-ઈશ્વરનું પિતૃત્વ અને માનવોનું ભ્રાતૃત્વ-ને અપનાવવા અને જીવનમાં ઉતારવા હિંદુઓને કહે છે. તેઓ મુખ્યત્વે ખ્રિસ્તીઓ સમક્ષ બોલતા હોઈ ખ્રિસ્તી ધર્મની ક્ષતિઓ વિષે વધારે ટીકા કરે છે; છતાં પણ ખ્રિસ્તી ધર્મનાં માનવસેવા, વ્યવસ્થા આદિ તત્વોને અપનાવવા સૂચવે છે. હિંદુઓને તેમની અણઘડ ને જંગલી પ્રથાઓ ફેંકી દેવાનો દુરાગ્રહ રાખવા કહ્યું છે તે રાધાકૃષ્ણનની સમતોલ બુદ્ધિનું પ્રમાણ છે. પરંતુ રાધાકૃષ્ણનની ખરી સંસ્કારિતા અને સૌંદર્યદૃષ્ટિ તો ત્યારે વ્યક્ત થાય છે જ્યારે તેઓ કહે છે કે "અહિંસાની જેઓ છડીબોર વાતો કરે છે તેઓ પશુયજ્ઞોને ઉત્તેજન આપતા દેખાય છે;" તેમજ જ્યારે તેઓ કહે છે કે "એક બીજાનું ખંડન કરવામાં રચ્યાપચ્યા રહેલા અનેક વાદો, બુદ્ધિ ન સમજી શકે એવા તત્વોનાં ટૂંપણાં અને જુલમગાર પ્રથાઓ જેની નીચે મનુષ્યનો આત્મા સાવ કચડાઈ જાય છે, તે બધાને નાબુદ કરતાં બીજાનું બોલવું જોઈએ."

શ્રી રાધાકૃષ્ણન્ ધર્મ અને રાષ્ટ્રાભિમાન' એ મથાળા નીચે આજે વિચારકોનાં મનમાં ઘોળાઈ રહેલા અત્યંતના પ્રશ્નને છણે છે. એમનો મુદ્દો એ છે કે ધર્મસંસ્થાએ મિથ્યા રાષ્ટ્રાભિમાનને વશ ન થવું જોઈએ. તેમણે આ બાબતમાં મુખ્યપણે ખ્રિસ્તી ધર્મને લક્ષીને કહ્યું છે. ખ્રિસ્તી ધર્મે રાષ્ટ્રાભિમાનને વશ થઈ પોતાનો આત્મા ગુમાવ્યો છે. ખ્રિસ્તી સંઘો પોતાના રાષ્ટ્રને જ વફાદાર રહે છે, ધર્મના સિદ્ધાન્તને નહિ. આ દોષ મુસલમાનોમાં પાશ્ચાત્તાપ રૂપે પુનઃ આવે છે. કમસે કમ પછી એમ થશે કે ઇસ્લામ ધર્મ પાળનારે જ્યાં રહે તે દેશ જ સર્વોચ્ચ, નહિ કે કુરાનના સિદ્ધાંતો. જો હિંદુ મહાસભા એ પ્રમાણે કરે તો તે પણ હિંદુ ધર્મમાં વિકાર લાવે. જાપાની બૌદ્ધોએ પોતાના બૌદ્ધ ધર્મને જાપાનની રાજસત્તાને હવાલે કરી દીધો છે. આ રીતે ધર્મનું તેજ હણાતાં તે તે રાષ્ટ્રો લડે ત્યારે ધર્મગુરુઓ તેમને લડાઈથી મુક્ત કરવાનું ધાર્મિક બળ ગુમાવી બેસે છે. ગાંધીજી રાજકારણમાં પણ ધર્મ દાખલ કરે ત્યારે તે ધર્મ એટલે કોઈ સંપ્રદાય નહિ, પણ સર્વ સંપ્રદાયસંમત પ્રેમ, સેવા ને ત્યાગનો ધર્મ છે. ગાંધીજી

રાષ્ટ્રને માટે લડે છે, પણ તે ધર્મને નિર્જીવ કે ગૌણ કરીને નહિ. રાષ્ટ્ર આડે રસ્તે જાય ત્યાં તેને પણ તેઓ ધર્મ-દૃષ્ટિએ જ ચેતવે છે. તેઓ જેમ પરાધીનતામાંથી મુક્ત થવા ધર્મનો આશ્રય લઈ કાર્યની યોજનાઓ ઘડે છે તેમ સ્વરાષ્ટ્ર પણ શુધ્ધ ધર્મથી વિહોણું ન થાય તેવી સાવચેતી રાખે છે. ઘણા કહે છે કે ગાંધીજી રાષ્ટ્રીય, નહિ પણ ધાર્મિક છે, ત્યારે એમ સમજવું કે તેઓ છે તો રાષ્ટ્રીય, પણ રાષ્ટ્રને આડે રસ્તે ન જવા દેવામાં સાવધ રહે છે માટે જ તેઓ ધાર્મિક છે. માત્ર ધાર્મિક હોત તો તેઓ બીજા નિષ્ક્રિય બાવાઓની પેઠે એકાંતમાં બેસી જાત; પણ તેઓ તો ધર્મ વાટે જ રાષ્ટ્રોધ્ધાર કરવામાં ધર્મ માને છે, અને તે દ્વારા જ ધર્મ છે કે નહિ તેની પરીક્ષા કરે છે. ગાંધીજી માત્ર ધાર્મિક હોત તો ધર્મનું નામ લઈ આખા દેશને ઉસ્કેરત અને તેને બીજા ધર્મોની સામે થવા કહેત, પણ તેઓ તો બીજાઓની લૂંટારૂ વૃત્તિની સામે થાય છે, નહિ કે બીજાઓના અસ્તિત્વ સામે. એજ રીતે તેઓ સ્વદેશની નિર્બળતા સામે થાય છે, અને સાથે જ રાષ્ટ્રના ઉદ્ધારમાં ઉદાસીનતા પણ જરાયે દાખવતા નથી. જ્યારે ધર્મ રાષ્ટ્રને વશ થાય ત્યારે રાષ્ટ્રના આક્રમણ કાર્યમાં તે સહાયક બને છે, અને બીજાઓની ગુલામી પોષે છે; તેમજ સાચે સાચે સ્વરાજમાં ગુલામીનાં બીજો પણ વાવે છે. જેમ ક્રીસ, રોમ, અરબસ્તાન આદિમાં થયું છે તેમ. આજે જાપાની બૌદ્ધ ધર્મ આ જ વસ્તુ કરી રહ્યો છે. વળી જ્યારે ધર્મ રાષ્ટ્રને આધીન થાય છે ત્યારે રાષ્ટ્ર પોતાના બચાવ માટે અધર્માચરણ કરે તેમાં પણ ધર્મ સહાયક બને છે. જેમ કે ચીનનો બૌદ્ધ ધર્મ. ચીન દુશ્મનો સામે હિંસક લડાઇ લડે છે ત્યારે ત્યાંનો બૌદ્ધ ધર્મ તેમાં સહાયક બને છે. આજ ધર્મની રાષ્ટ્રાધીનતા. જો ધર્મ પ્રધાન સ્થાને રહે તો તે રાષ્ટ્રને આક્રમણ કરવા ન દે; તેમાં તે સહાયક ન બને; અને સ્વરાષ્ટ્ર ગુલામીથી મુક્ત થતું હોય ત્યારે પણ તે અધર્મ સાધનોથી તેમાં મદદ ન કરે. ઉલટું ધર્મ્ય સાધનો તરફ વળવા યોગ્ય તે દેશને ગુલામીથી છોડાવે. આ દૃષ્ટિએ જોતાં જો કોઈ પણ દેશ આજે ધર્મની સ્વતંત્રતા સાચવવા મથતો હોય તો તે ભારત જ છે, અને તે પણ ગાંધીજીને હાથે. ગાંધીજીનો ધર્મ સક્રિય છે અને નિષ્ક્રિય પણ છે. પરસત્ત્વ હરવામાં તે નિષ્ક્રિય છે, જ્યારે સ્વસત્ત્વ સિદ્ધ કરવામાં તે સક્રિય છે. ભારત આક્રમણ તો કરતું જ ન હતું એટલે તેના ધર્મોમાં આક્રમણ કાર્યમાં મદદ કરવાનો દોષ તો આવ્યો જ નહતો. જેવો ઇસ્લામ કે ખ્રિસ્તી ધર્મમાં આવ્યો છે. પણ તેનામાં બીજાનું આક્રમણ સહેવાનો દોષ કે અન્યાય ખમવાનો દોષ પુરેપુરો આવેલો તેને જ ગાંધીજી દૂર કરવા મથે છે. ધર્મ દ્વારા રાષ્ટ્રને ગુલામીથી મુક્ત કરવાનો ગાંધીજીનો અપૂર્વ પંથ છે. શ્રી રાધાકૃષ્ણન કે ટાગોર આદિ જ્યારે ધર્મ તે રાષ્ટ્રાભિમાનનો સેળભેળ થતા અટકાવવા કહે છે ત્યારે તેમની સામે એવાં અધર્મગ્રસ્ત રાષ્ટ્રોનું સજીવ ચિત્ર હોય છે.

આ પુસ્તકનું નામ 'ધર્મોનું મિલન' રાખેલું છે તે બહુ જ ઉચિત છે. એમાં સંગ્રહાયેલા બધા જ લેખોનું પ્રવચનો મુખ્યપણે ધર્મ-મીલનમાં જ પર્યવસાન પામે છે. ધર્મમિલનનું સાધ્ય શું એ મુખ્ય પ્રશ્ન છે. તેનો ઉત્તર શ્રી રાધાકૃષ્ણને પોતે જ 'મહાસમન્વય'ની ચર્ચા-દ્વારા આપ્યો છે. દરેક ધર્મના સૌથી અનુયાયી અને જ્ઞાતાઓનો આજે નિશ્ચિત મત છે કે ધર્માન્તરની બળાત્કારી પ્રવૃત્તિ અનિષ્ટ જ છે. સાથે સાથે કોઇ ધર્મનો ઉચ્ચતર અભ્યાસી અને વિચારક એવો નથી જે પોતાના પરંપરાગત ધર્મના સ્વરૂપમાં જ સંતુષ્ટ હોય. દરેક સુવિચારી ઉત્સાહી પોતાની પરંપરાગત ધર્મભૂમિકાને છે તે કરતાં વિશેષ ઉન્નત ને વિશેષ વ્યાપક બનાવવા માગે છે. એક તરફથી પન્થાન્તરનો કે ધર્માન્તરનો વધતો જતો અણગમો અને બીજી તરફથી પોતપોતાના ધર્મને વિકસાવવાની વિશેષ વ્યાપક અને શુદ્ધ બનાવવાની ઉત્કટ અભિલાષા—એમાં દેખીતો વિરોધ છે. પણ એ વિરોધ જ 'મહા સમન્વય'ની ક્રિયા સાધી રહ્યો છે. કોઈ એક ધર્મ સંપૂર્ણ નથી, જ્યારે બીજો કોઈ પૂર્ણપણે પાંગળો નથી. માત્ર જાગરૂક દૃષ્ટિ અને વિવેકશીલ ઉદારતા હોય તો દરકોઇ ધર્મ બીજા ધર્મમાંનું સારૂં એટલું બધું અપનાવી શકે અને બીજો ધર્મ પહેલામાંથી. આ રીતે જ દરેક ધર્મનું ઉચ્ચીકરણ સંભવે છે; અને એજ ખરા ધર્મજિજ્ઞાસુઓની ભુખ છે. આ ભુખ શ્રી રાધાકૃષ્ણનના સર્વ ધર્મ વિષયક ઉદાર ને તટસ્થ તુલનાત્મક અધ્યયનથી સંતોષાય છે. અને તે પોતે ગાંધીજીના જેટલા જ ધર્માન્તરના કટ્ટર વિરોધી હોવા છતાં પોતાના આવા નિરૂપણ દ્વારા જુદા જુદા દરેક ધર્મના અનુયાયીઓને પોતપોતાના ધર્મમાં રહીને ઉચ્ચીકરણ સાધવાની તક પુરી પાડે છે.

સમાપ્ત

પંડિત સુખલાલજી.

પ્રકીર્ણ સમાચાર

વ્યાપારી તથા ટેકનીકલ શિક્ષણઅંગે સગવડ

શ્રી પાટણ જૈન મંડળના મંત્રીઓ તરફથી જાહેરાત કરવામાં આવી છે કે "પાટણના કોઇ પણ જૈન ભાઈ અગર બહેનને અરધા અથવા કુલ ટાઇમ માટે કોમર્શીઅલ અને ટેકનીકલ વિષયો જેવાં કે ટાઇપિ રાઇટીંગ, શોર્ટહેન્ડ, એકાઉન્ટન્સી, બેંકીંગ, રેડીઓ ટેકનોલોજી, વાયરમેન્સ કોર્સ, કાઠીંગ, સ્પીનીંગ, વીવીંગ કે એવાજ કોઈ વિષયો શીખવાની ઇચ્છા હોય તેઓને તે શિક્ષણ અંગે દરેક જરૂરી સગવડ મંડળના ખર્ચે કરી આપવાનું નક્કી કર્યું છે. માટે જેઓ તેનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે ૩/૭ ધનજી સ્ટ્રીટ મુંબઈ ૩ એ સરનામે મંડળના મંત્રીઓ ઉપર તુરત લખી જણાવવું."

જૈન રાહત કેન્દ્ર

જૈન રાહત કેન્દ્રના મંત્રીઓ ગયા વર્ષના ભયંકર અગ્નિસ્ફોટમાં નુકસાન પામેલા ભાઈ બહેનોને ઉદ્દેશીને પાઠવેલા પરિપત્રમાં જણાવે છે કે:

"તા. ૧૪ મી એપ્રીલ ૧૯૪૪ના રોજ થયેલા ભયંકર ધડાકામાં તમોને નુકશાની થયેલી તેનો ક્લેઇમ તમોએ અમારા કેન્દ્રમાં નોંધાવેલ હતો. તે પછીથી નુકશાની આપવાની સરકારે કરેલી યોજના અનુસાર દાવો નોંધાવવા માટે અમારા ધારાશાસ્ત્રી પાસે જવાનો પત્ર અમોએ તમને લખેલ હતો. આશા છે કે તમોએ તે પ્રમાણે તમારો દાવો નોંધાવ્યો હશે. પરંતુ કોઇ પણ કારણસર તમો ક્લેઇમ નોંધાવવા ન જઇ શકયા હો તો આ પત્ર મળેથી નીચેના સરનામે અમોને અથવા અમારા ધારાશાસ્ત્રીને, સાંજના સ્ટા. ટા. ૫-૩૦ થી ૭ સુધીમાં મળી જશો. આપની બીજી યોગ્ય જરૂરીઆતો જણાવશો. સરકાર તરફથી આપને ક્લેઇમ ચુકવાઈ ગયો હોય તો જણાવશો.

મંત્રીઓનું સરનામું: **જૈન રાહત કેન્દ્ર**, મંત્રી બીલ્ડીંગ, ફીકાસ્ટ્રીટ, **મુંબઈ ૩.**

ધારાશાસ્ત્રીનું સરનામું: **શ્રી કેશવલાલ મગનલાલ શાહ** ૨૭, પીકેટ રોડ, **મુંબઈ ૨.**

શ્રી. ધીરજલાલ તુરખીયાને અર્પણ કરાયલી રૂ. ૨૧૧૧)ની થેલી

બીયાવર ખાતે ઉજવાયેલા જૈન ગુરૂકુળના ઉત્સવ પ્રસંગે ગુરૂકુળના નિયામક અને જૈન સમાજના જાણીતા સેવક શ્રી. ધીરજલાલ તુરખીયાને તેમની છેલ્લાં પચ્ચીશ વર્ષની અનેક સેવાઓની કદરરૂપે તેમના પ્રશંસકો ગુણપૂજકો તરફથી એકઠી કરેલ રૂા. ૨૧૧૧) ની થેલી મુંબઇના રેશમી કાપડના જાણીતા વ્યાપારી શ્રી. દુર્લભજી ખેતાણીના પ્રમુખપણા નીચે યોજાયેલ સન્માન સમારંભમાં તા. ૧૦-૪-૪૫ ના રોજ આપવામાં આવી હતી. આ રકમ શ્રી. ધીરજલાલભાઇએ સમાજશ્રેયના કાર્યમાં વાપરવા માટે શ્રી. સ્થાનકવાસી સંઘને પાછી આપી છે. શ્રી. ધીરજલાલ તુરખીયાને આ પ્રસંગે સમસ્ત જૈન સમાજના અભિનંદન ઘટે છે. જૈન સમાજે આવા ઉચ્ચ કોટિના સેવકની આ રીતે યોગ્ય કદર કરી છે અને પોતાને અર્પણ થયેલી રકમ સમાજશ્રેયાર્થે પાછી આપીને શ્રી. ધીરજલાલભાઇએ એક સાચા અને નિઃસ્વાર્થ સેવક તરીકેની પોતાની યોગ્યતા વિશેષતઃ પુરવાર કરી આપી છે.

શ્રી. રામચંદ મુળચંદ જૈન વિદ્યાર્થી ભુવનનું ઉદ્‌ઘાટન

પારસી ખાતે તા. ૬૪-૫-૪૫ ના રોજ શ્રી. કકલભાઇ ભુદરદાસ વકીલના હાથે શ્રી. રામચંદ મુળચંદ જૈન વિદ્યાર્થી ભુવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. શેઠ રામચંદ મુળચંદ વખારીઆ અને તેમના પુત્ર શેઠ દીપચંદ રામચંદ એક મોટી રકમ અલગ કરીને તેનું એક સુકૃત ટ્રસ્ટ ફંડ કર્યું હતું અને તેમાંથી રૂા. ૩૦૦૦૭) ની રકમ પ્રસ્તુત વિદ્યાર્થી ભવન ઉભું કરવા માટે આપવામાં આવી હતી. આવી

શેઠ રામચંદ મુળચંદ

ઉદારતાથી પ્રેરિત થઇને પારસીના તેમજ અન્ય સ્થળોના આગેવાન જૈન ગૃહસ્થોએ મળીને આ વિદ્યાર્થી ભવનના ફંડમાં રૂા. ૨૪૫૨૩ ની રકમ ભરી અને એ રીતે રૂા. ૫૪૫૨૩ ના પાયા ઉપર હાઇસ્કુલના વિદ્યાર્થીઓને ખાવા પીવા રહેવાની મદદ મળે તથા વ્યાયામ અને ધાર્મિક શિક્ષણની સગવડ મળે એવું આ વિદ્યાર્થી ભવન ઉપસ્થિત થવા પામ્યું છે. આવી ઉદારતા માટે શેઠ રામચંદ મુળચંદને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. આજે આવાં વિદ્યાર્થીભવનો અને શિક્ષણ સંસ્થાઓ જ્યાં ત્યાં ઉઘડી રહેલ છે અને ચોતરફ આવી સગવડોની વધતી જતી જરૂરિયાતો અને સગવડના અભાવે વિદ્યાર્થીઓને ભોગવવી પડતી પારવિનાની હાડમારીઓ ધ્યાનમાં લેતાં આવી પ્રવૃત્તિઓ ખુબ જ આવકારદાયક છે.

પ્રસ્તુત ઉદ્‌ઘાટન સમારંભના પ્રસંગે શ્રી. મહાવીર જૈન ઉદ્યોગ મંદિરમાં ચાલતા શિવણ ગુંથણકામનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું અને તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી. કકલભાઇનાં પત્ની શ્રી. કાન્તાબહેનના હાથે કરવામાં આવ્યું હતું. શ્રી. કકલભાઇએ પ્રસ્તુત પ્રસંગને અનુલક્ષીને પોતાની તરફથી નીચે મુજબનાં દાનની જાહેરાત કરી હતી.

૧૫૦૧) શ્રી. રામચંદ મુળચંદ જૈન વિદ્યાર્થીભુવન
૫૦૧) શ્રી. મહાવીર જૈન ઉદ્યોગમંદિર
૫૦૧) શ્રી. મુળચંદ જોતીરામ જૈન પાઠશાળા
૫૦૧) શ્રી. મહાવીર જૈન મંડળ.

આ ઉદારતા માટે શ્રી. કકલભાઇને પુનઃ ધન્યવાદ ઘટે છે.

ઓનરેબલ સર શાન્તિદાસ આસકરણને માનપત્ર

તા. ૧૯-૫-૪૫ ના રોજ મુંબઇની જુદી જુદી ૨૬ વ્યાપારી સંસ્થાઓ તરફથી ઇન્ડીયન મરચન્ટ્સ ચેમ્બર એન્ડ બુરોના પ્રમુખ શ્રી. મનસુખલાલ માસ્તરના પ્રમુખપણા નીચે મીનર્વા શ્રી. શાન્તિદાસ આસકરણને માનપત્ર આપવામાં આવ્યું હતું. ગયા વર્ષે એપ્રીલ માસમાં થયેલા ભયંકર અગ્નિકોટના પરિણામે જાનમાલની જે મારાવાર ખુવારી થઇ હતી તે પ્રસંગે બનતી રાહત પહોંચાડવાનું જે ભગીરથ કાર્ય સર શાન્તિદાસે કર્યું હતું અને સરકાર સાથેની લાગવગનો પુરો ઉપયોગ કરીને લોકોને થયેલી નુકસાની ભરપાઇ કરી આપવાની દિશાએ સર શાન્તિદાસે જે તનતોડ મહેનત કરી હતી તેની કદર કરવાના નિમિત્તે આ માનપત્રની યોજના કરવામાં આવી હતી અને આ સન્માન-સમારંભમાં મુંબઇ શહેરની અનેક આગેવાન વ્યકિતઓએ તેમજ ભિન્ન ભિન્ન પક્ષોએ ભાગ લીધો હતો. મુંબઇના ગવર્નરે તેમજ હિંદના વાઇસરોયે આ પ્રસંગે જે સહાનુભૂતિભર્યો ભાગ ભજવ્યો હતો તેમાં સર શાન્તિદાસની દરમ્યાનગીરી બહુ જ ઉપકારક નીવડી હતી. એ વખતે તેઓ મુંબઇના શરીફ હતા અને કમનસીબે મુંબઇના મેયર શ્રી. નગીનદાસ માસ્તર જેલના સળીયા પાછળ પુરાયલા હતા. આવે પ્રસંગે શરીફ તરીકેની પોતાની જવાબદારીનો પુરો ખ્યાલ કરીને સર શાન્તિદાસે જે કાર્ય બજાવ્યું છે તે ખરેખર આદર યોગ્ય છે અને હવે પછીના શરીફોની પરંપરાને અનુસરવા યોગ્ય છે.

મુંબઇમાં ઐકય સંવર્ધક સમિતિની સ્થાપના

થોડા સમય પહેલાં જાણીતા હિંદી લેખક શ્રી. જૈનેન્દ્ર કુમારનું મુંબઇમાં આગમન થયું હતું અને તેમની પ્રેરણાથી જૈન સમાજના ત્રણે વિભાગના કેટલાંક આગેવાનો શ્રી શ્રેયાંસપ્રસાદ જૈનની ઓફીસમાં એકત્ર થયા હતા. આ પ્રસંગે જૈન સમાજના જુદા જુદા ફીરકાઓમાં ઐકયની કેમ સ્થાપના અને વૃદ્ધિ થાય તે વિષય ઉપર ખુબ ચર્ચા થઇ હતી અને દરેકે આ વિષય પરત્વે પોત પોતાનું દૃષ્ટિબિન્દુ રજુ કર્યું હતું અને ઐકયની ભાવનાનું સૌ કોઇએ ખુબ સમર્થન કર્યું હતું. કેટલીક ચર્ચા અને વિચાર વિનિમય થવા બાદ નીચે મુજબનો નિર્ણય ઠરાવના આકારમાં કરવામાં આવ્યો હતોઃ-

"જૈન સમાજના ત્રણેય સંપ્રદાયના સમ્મલિત બંધુઓની આ સભા પ્રસ્તાવિત કરે છે કે ત્રણે સંપ્રદાયોને પરસ્પર અધિકાઅધિક સંપર્કમાં લાવવા અને તેમના સર્વ સામાન્ય વિષયોનો નિર્ણય કરી તેમાં એકતા સ્થાપિત કરવા તથા લોકમત શિક્ષણ અને જાગૃતિ માટે નિમ્ન લીખિત વ્યક્તિઓની જૈન એકતા સંવર્ધક સમિતિ સ્થાપિત કરવામાં આવે છેઃ—

(૧) શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈન (૨) શ્રી રતનચંદ ઝવેરી. (૩) શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ (૪) શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ (૫) શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ (૬) શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી—મંત્રી. આ સમિતિને પોતાનામાં યથાશકય સદસ્ય ઉમેરવાનો અધિકાર રહેશે." થોડા વખતમાં આ સમિતિ પોતાનો રિપોર્ટ આવી સભા સમક્ષ રજુ કરે તેમ નકકી થયું હતું.

જે વિશાળ ઉદ્દેશથી આ સમિતિ ઉપસ્થિત કરવામાં આવી છે તે ઉદ્દેશને આ સમિતિ પોતાના કાર્યવડે પાર પાડે અને આખા જૈન સમાજમાં એકતાની શુદ્ધિને પુરો વેગ આપે એવી આશા રાખવામાં આવે છે.

વનવાસી સેવાસંઘ, મેવાડ

શ્રી. કેશરીચંદ જેસંગલાલ જણાવે છે કે મેવાડની કુલ વસ્તી વીસ લાખની છે તેમાં ભીલોની વસ્તી સાડા ચાર લાખની છે. તેઓ હુંગરમાં રહે છે અને અજ્ઞાનમાં ડુબેલા છે. તેમના ઉધ્ધાર માટે છેલ્લા બાર મહીના થયા પૂ. ઠક્કર બાપાની પ્રેરણાથી વનવાસી સેવાસંઘ (ભીલ સેવાસંઘ) નામની સંસ્થા સ્થાપવામાં આવી છે. તેના તરફથી બાર પ્રાથમિક નિશાળો તથા ઉદેપુરમાં ભીલ વિદ્યાપીઠ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક નિશાળોમાં લગભગ સાડા ત્રણસો છોકરાઓ અભ્યાસ કરે છે તથા વિદ્યાપીઠમાં ચાલીસ છોકરાઓ વગર લવાજમે રહે છે અને અભ્યાસ કરે છે. તેમને રહેવા તથા જમવાની તથા કપડાંની બધી સગવડતા પુરી પાડવામાં આવે છે તેમજ ભીલોને કુવા ખોદાવવા માટે સાધનો પુરાં પાડવામાં આવે છે. સંસ્થાની કાર્યવાહીમાં તથા ફંડ કમીટીમાં લક્ષ્મીદાસ શ્રીકાંત શેઠ દાહોદ, સુખદેવભાઇ ત્રિવેદી દાહોદ, જીવણદાસ સંપટ તથા કેસરીચંદ જેસીંગલાલ (મુંબઇ) છે. ઉપરના ચાર ભાઇઓ સંસ્થાની કાર્યવાહી જોવા માટે ઉદેપુર તથા આજુબાજુના ગામડોમાં જ્યાં સંસ્થાનું કામ ચાલી રહેલ છે ત્યાં ગયા હતા. સંસ્થાનું કાર્ય જોઇને તેમને સંતોષ થયો છે અને આવા પછાત પ્રદેશમાં વધારે કાર્યની જરૂરીયાત જણાય છે તો આ સંસ્થાને મદદ કરવા સર્વે ભાઇઓને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. મદદ મોકલવાનું ઠેકાણું નીચે મુજબ છે.

શેઠ જીવણદાસ સંપટ કે. યુનાઇટેડ પોટરી
મહમદ અલી રોડ, મુંબઇ નં. ૩.

મુંબઇના જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો તથા ફીની મદદ

મુંબઇની શ્રી. જૈન શ્વે. મૂ. કેળવણી પ્રચાર સમિતિના મંત્રીઓ જણાવે છે કે આ સમિતિ તરફથી બાલવર્ગથી માંડીને મેટ્રીક સુધીના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને છેલ્લાં સાત વર્ષથી જરૂરી પાઠય

(અનુસંધાન પાનું ૨૨ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુન ૧ ૧૯૪૫

૧

વચનગુપ્તિ-ભાષાસમિતિ પરત્વે
અર્ધમાગધારકની આગમવાણી

બધા જીવો જ્યાં સુખની આકાંક્ષા સેવતા હોય એવા જગતમાં અહિંસાનું મહાવ્રત ધારણ કરીને જીવનયાત્રાનો નિર્વાહ કેમ કરવો એ મહા પ્રશ્નના નિરાકરણમાંથી બીજા ચાર વ્રતો સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની ઉપલબ્ધિ થઇ છે. જૈન સાધુજીવન માત્ર હિંસા ન કરવી, જુઠું ન બોલવું, ચોરી ન કરવી ઇત્યાદિ નિષેધોમાં પૂર્ણ થતું નથી, પણ તેની સાથે સર્વ જીવો પ્રત્યે મૈત્રી રાખવી, સત્ય બોલવું, વિનય ધારણ કરવો આદિ સત્પ્રવૃત્તિઓની પણ અપેક્ષા રાખે છે. અને આ રીતે અનિષ્ટથી નિવૃત્તિ અને ઇષ્ટમાં પ્રવૃત્તિ આ બન્નેનો સુમેળ સધાય ત્યારે જ સાધુજીવન પૂર્ણ બને છે. સાધુજીવનની ચાવી-રૂપ ગણાતી આઠ પ્રવચનમાતામાં મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ તથા ઇર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન ભંડમત્તનિક્ષેપણા સમિતિ, અને પારિષ્ઠાપનિકા સમિતિ એમ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનો સમાવેશ થાય છે. આમાં ગુપ્તિ અસત્ ક્રિયામાંથી નિવર્તનને અને સમિતિ સત્ ક્રિયાના પ્રવર્તનને સૂચવે છે. આમાં વચન ગુપ્તિ અને ભાષા સમિતિ સાધુજીવનના સમર્થ વાણી-વ્યવહારનું નિયમન કરે છે. આ સંબંધમાં દશવૈકાલિક સૂત્રમાં વચન શુદ્ધિ ઉપર એક મહત્ત્વનું પ્રકરણ આવે છે. જૈન સાધુઓના આચાર વિચારનું માર્ગદર્શન કરાવતું દશવૈકાલિક સૂત્ર એક અતિ મહત્ત્વનું આગમ છે. સર્વજ્ઞ ભગવાન મહાવીરની ગ્રંથારૂઢ વાણી એટલે જૈન આગમ-આવી જૈન પરંપરામાં ચાલી આવતી માન્યતા છે. આ આવા આગમો પ્રત્યે સાધુ તેમજ શ્રાવક ઉભય વર્ગ અપાર આદર તેમજ શ્રદ્ધા ધરાવે છે. મોક્ષમાર્ગના પરમ ઉપાસક જૈન સાધુની વાણી કેવી હોવી જોઇએ તે સંબંધી ઉપર જણાવેલ દશવૈકાલિક સૂત્રના-વચન શુદ્ધિને લગતા પ્રકરણમાંનો ઉપયોગી વિભાગ અહિં અવતરિત કરવામાં આવે છે.

"બુદ્ધિમાન પુરૂષે વાણીના ચાર પ્રકાર જાણીને તેમાંથી એનો પ્રયોગ કરવો; અને બીજાનો એનો કદી પ્રયોગ ન કરવો. તે ચાર પ્રકાર આ પ્રમાણે છે. સત્ય, અસત્ય, સત્યાસત્ય અને ન-સત્ય કે ન-અસત્ય. સાચી હોય પણ બોલવા જેવી ન હોય, સાચી-જૂઠી એમ મિશ્ર હોય, અસત્ય હોય, કે સાચી યા જૂઠી ન હોવા છતાં ડાહ્યા પુરૂષોએ આચરી ન હોય-આવી વાણી ન બોલવી. પહેલા અને ચોથા પ્રકારની વાણી પણ નિર્દોષ હોય, તથા પોતાને, બીજાને ઉપકારક હોય તો બોલવી. તે પણ કર્કશપણે નહિ અને સંદિગ્ધપણે નહિ એવી રીતે બોલવી. સત્ય વાણી પણ સપાપ હોય કે કર્કશ હોય, અથવા બીજી કોઇ રીતે શાશ્વત પદાર્થની સિદ્ધિમાં પ્રતિકૂળ હોય, કે થોડી સાચી તેમજ થોડી જૂઠી એવી મિશ્ર હોય, તો બુદ્ધિમાન પુરૂષે ન બોલવી."

* * *

"મોટા કે વડિલનું દિલ દુભાય એવી કઠોર વાણી સાચી હોય તો પણ ન બોલવી; કારણ કે તેથી પાપબંધન થાય છે. તે પ્રમાણે કાણાને કાણો, **નપુંસકને 'નપુંસક,'** રોગીને 'રોગી' કે ચોરને 'ચોર' એમ ન કહેવું. બીજા પણ એવા જે પ્રકારથી બીજાને મરવા જેવું લાગે તે પ્રકારની વાણીનો બુદ્ધિશાળી મનુષ્ય પ્રયોગ ન કરે. તે જ પ્રમાણે 'મુરખા!' 'રાંડના!' 'વર્ણસંકર!' 'કુતરા!' 'છિનાળ!' 'કંગાળ!' 'અભાગીયા!' એવાં સંબોધન ન વાપરવાં."

* * *

"જે વાણીથી કોઇના દોષનું અનુમોદન થાય તેવી વાણી, કે નિશ્ચયાત્મક વાણી, કે બીજાને પીડા કરનારી વાણી, ક્રોધથી, લોભથી, ભયથી કે હસતાં હસતાં પણ ન કહેવી."

"જે મુનિ પોતાની વાણી શુધ્ધ છે કે નહિ તેનો વિચાર કરી, દુષ્ટ વાણીનો પરિત્યાગ કરે છે, તથા પરિમિત અને દોષરહિત એવું વિચારીને બોલે છે તે સત્પુરૂષોમાં પ્રશંસા પામે છે. ભાષાના દોષો અને ગુણોનો બરાબર વિચાર કરીને દુષ્ટ વાણીનો હંમેશા ત્યાગ કરવો. છયે પ્રકારના જીવવર્ગોની બાબતમાં હંમેશા આત્મનિગ્રહી રહેનાર સાધુ પરિણામે સુન્દર તથા સામાના મનનું રંજન કરે તેવી વાણી બોલે. જે મુનિ વિચારીને બોલે છે, જેની ઇન્દ્રિયો સુનિગ્રહિત છે, જેણે ક્રોધાદિ વિકારોનો નિરોધ કર્યો છે તથા જે સર્વત્ર અનાસકત છે તે પૂર્વજન્મમાં કરેલું પાપ ખંખેરી નાખીને આ લોક તથા પરલોકને સુધારે છે એમ હું કહું છું."

* * *

એ જ દશવૈકાલિક સૂત્રના અન્તભાગમાં આ વિષય પરત્વે વિશેષતઃ જણાવવામાં આવ્યું છે કે:

"સત્ય વાણી બોલવાની સાથેજ તેણે કલેશ ઉભો કરે તેવી વાણી ન બોલવી; તેમજ અનુદ્ધત ઇંદ્રિયવાળા તથા રાગાદિ દોષોથી રહિત થઇને કોઇની ઉપર ગુસ્સો ન કરવો. સાચો ભિક્ષુ હંમેશાં સંયમમાં જ લવલી-ન રહે છે તથા અનાકૂળપણે વિચરે છે. માન્ય પુરૂષોનો તે કદી અનાદર કરતો નથી. સાચો ભિક્ષુ બીજાનાં મર્મવેધી વાગ્બાણો તેમજ તિરસ્કાર સહન કરે છે; તથા અત્યન્ત ભયજનક શબ્દો કે અટ્ટહાસ્યો બન્નેનાં સુખદુ:ખ સમાનરૂપે સહન કરી લે છે."

* * *

"તે મહા મુનિઓ હંમેશાં આર્યોએ જણાવેલા શુદ્ધ ધર્મમાર્ગનો જ ઉપદેશ કરવા તથા જાતે ધર્મમાં સ્થિત થઇને બીજાને પણ તેમાં સ્થાપિત કરવા. સર્વ પ્રકારના કુશીલનો તથા હાસ્ય-પ્રહાસ્યનો તેણે ત્યાગ કરવો. એ પ્રમાણે નિત્ય ક્રિયાકર એવા મોક્ષ માર્ગમાં સ્થિત થયેલો તે ભિક્ષુ આ અપવિત્ર અને અનિત્ય એવા દેહવાસનો ત્યાગ કરી, તથા જન્મ-મરણનું બંધન ત્યાગી, અપુનરાગમત્વવાળી સિદ્ધગતિને પામે છે એમ હું કહું છું."

૨

આવી વચનગુપ્તિ-ભાષાસમિતિના દૃષ્ટાન્તરૂપ
'આગમોદ્ધારક'ની અમૃતવાણી!

મુંબઇમાં ચાતુર્માસ ગાળીને વિહાર કરી ગયેલા સૂરિચક્રચૂડામણિ શ્રી સાગરાનંદ સૂરિ કહેવાય છે તે મુજબ કોન્ફરન્સના કાર્યને જ વેગ આપવા માટે અધિવેશનથી એક અઠવાડીઆ પહેલાં મુંબઇ ખાતે પાછા પધાર્યા, કોન્ફરન્સનું અધિવેશન ભરાયું, ઐક્ય સમિતિના બે ઠરાવો ઉપર ભારે રસાકસીભરી ચર્ચા થઇ, તે ઉપર મત લેવાયા અને બહુમતીએ એ બન્ને ઠરાવોનો અસ્વીકાર જાહેર કર્યો. પછીના દિવસે સવારે પાયધુની ઉપર આવેલા શ્રી ગોડીજી મહારાજનાં ઉપાશ્રયમાં સંખ્યાબંધ નર નારીઓ અને અનેક શ્રીમાન જૈન આગેવાનો શ્રી સાગરાનંદ સુરિની વ્યાખ્યાન શાળામાં માર્ગદર્શન માટે એકત્ર થયા. અને મહારાજશ્રીએ કોન્ફરન્સના કાર્યને તેમજ કાર્યકર્તાઓને અનુલક્ષીને એક ભવ્ય વ્યાખ્યાન આપ્યું. આ વ્યાખ્યાન તા. ૬-૫-૪૫ રવિવારના 'હિંદુસ્થાન-પ્રજામિત્ર'માં પ્રગટ થયું છે. એ આખું વ્યાખ્યાન અહિં આપવું શકય નથી. પણ જેણે વર્ષો સુધી આગમોની ઉપાસના કરી છે અને જેણે શત્રુંજયની તળેટીમાં એક ભવ્ય આગમ મંદિર બંધાવીને અને તેમાં જૈન આગમોને શિલાબધ્ધ કરીને 'આગમોદ્ધારક'નું પદ

પ્રાપ્ત કર્યું છે તેમની આ અમૃતવાણીમાંથી કેટલાક લાક્ષણિક નમુનાઓ તારવીને નીચે આપવામાં આવે છે.

કૉન્ફરન્સમાં ઐક્ય સમિતિના ઠરાવો પસાર થઇ ન શકયા તેમાં દોષ કોનો—આ પ્રશ્નની ચર્ચા કરતાં સૂરિસમ્રાટ જણાવે છે કે "જ્યારે આ લોકોએ (આજ સુધી કૉન્ફરન્સના કાર્યમાં ભાગ લેતા લોકોએ) ઠરાવો પસાર ન કર્યા અને મદદે ગયેલા પાછા આવ્યા એમાં વાંક કોનો? કોના માથે દોષનો ટોપલો? બાયડીઓ પણ કટાણા જનૈયાને નથી ગાતી. કોને ગાય છે? જેને ત્યાં પ્રસંગ હોય તેને. મદદે ગયેલાને શિર દોષારોપણ કરનાર બાયડીથી પણ હલકા ખરા? દયા જરૂર આવે કે મદદે આવ્યા છતાં આ બિચારા કાર્ય કરી ન શકયા. કેટલાક કહે છે કે આપણે હારી ગયા. પણ એ ભૂલે છે. હું તો તેમને ધર્મનો માર્ગ સંભળાવું. સાંભળનાર ના પામે તેમાં અમારો દોષ? કેસના ચુકાદાનું જોખમ કોને શિર? વાદી-પ્રતિવાદીને શિર પણ સાક્ષીને શું? શાસનપ્રેમીઓ તો સાક્ષી તરીકે ગયા છે. જપ્તી-જેલ સળીયા પાછળ જવાનું-વાદી આરોપી ઠરનારને, પણ સાક્ષીને શું? સાક્ષીએ તો માત્ર જોયેલું કહેવાનું. તમે હાર્યા નથી, નાપાસ થયા નથી. કહો કે બચી ગયા. આ લોકોએ અમને મદદે બોલાવ્યા. અમે ટોળાબંધ આવી મદદ કરી, છતાંય આ બીચારા કાર્ય કરી ન શકયા! તમારો વાંક શી રીતે?

"હીજડાને કન્યા દેવાઇ અને પુત્ર ન થાય તેમાં વાંક પરણાવનારનો કે પરણનારનો? કોઇએ પોતાની કન્યા હીજડાને ભુલમાં પરણાવી દીધી અને પુત્રસંતતિ ન થઇ તેથી કન્યાનો વાંક? પરણાવનારનો વાંક? કે રાંકડા એવા હીજડાનો? કોનો દોષ કોના શિરે? કંઇક વસ્તુ સમજો! શાસનદેવીની સ્તુતિ કરો કે તમને બચાવી દીધા! ઘડિભર માની લો કે પચ્ચીસ મત તમારા વધ્યા હત તો તમે જીત્યા એમ? ના. ના. થેલીઓ તમારી માલેકીની જાત અને વહીવટ હૃદયપલટા વિનાનાઓ કરત શાસનદેવીની સ્તુતિ કરો કે તમને એ હૃદયપલટા વિનાનાઓના સંસર્ગથી બચાવ્યા, અનર્થકર ભવિષ્યથી બચાવી લીધા."

ત્યાર બાદ આગળ ચાલતાં વ્યાખ્યાનસભામાંથી પ્રશ્ન કરવામાં આવ્યો કે "છાપામાંના એક મુદ્દાની ચોખવટની જરૂર જણાય છે. એક પક્ષ અરધે રસ્તે આવે તો અસ્વીકાર શા માટે? આ શિર્ષક તથા તે શિર્ષક તળે થતી ભળતી વાતથી ઘર્ષી ગેરસમજ દૂર કરવાની જરૂર લાગે છે." આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી. સાગરાનંદસૂરિએ જણાવ્યું કે "આ ભાઇનો પ્રશ્ન પોતાનો નથી. છાપામાંથી ઉઠીનો લીધો છે. એક લુંટારૂ એક ઘાડપાડુ-આવ્યો અને એક મનુષ્યને લુંટી લીધો અને પછી તે લુંટારૂએ તે માણસને કહ્યું કે "હવે મારી બે આંખો ફોડવા દે." પેલો આંખો ફોડવા દેવાની વાત કબુલે ખરો? પછી કોઇ મુસદ્દીરી ત્યાંથી જતો હતો તેણે કહ્યું "આવું હોય?" લુંટારૂ કહે "કાંઇ નહિ. એક આંખ ફોડવા દે." ત્યારે પેલો મુસદ્દીરી કહે કે "હવે એ અરધે રસ્તે આવ્યો છે. એમાંથી એકજ આંખ ફોડવાનું કહે છે માટે માની જા" તો એ મુસદ્દીરી કેવો? મુર્ખ હોય તે એમ જ કહે. કોઇ માણસ બીજા પાસે એક વાર મા તથા બાયડી બેયની માંગણી કરે. પછી પેલો ન માને ત્યારે કહે કે "કાંઇ નહિ. કાં મા આપ, કાં બાયડી આપ." આનું નામ અરધો રસ્તો? અને આને અરધે રસ્તે આવ્યાનું કહેનાર માનો કે એવાનો સાગરીત જ હોય અગર ગમાર હોય. માંગા તો બહેન બેટીનાં હોય, કાંઇ મા બાયડીના હોય?

"શાસનપ્રેમીઓને મદદે બોલાવ્યા અને તેઓએ કાયદો પાસ ન કર્યો. પછી જેઓ ચાલી આવ્યા તેમણે ફરજ બજાવી છે. બેસી રહ્યા તેમણે નહિ. પછી તો તે જ બેસી રહે કે જેનું કાળજું કુતરા ખાઇ ગયા હોય. હૃદયપલટાનું દેવાળું દેખાતાં ચાલી આવવાનું જ હોય. એમાં નવાઇ શી છે? તમે કોઇની જાનમાં બણી ઠણીને ગયા અને ત્યાં ચોરીમાં જાહેર થયું કે વરરાજા તો **નપુંસક** છે. પછી જાનૈયાની ફરજ શી? બેસી રહેવું એમ? પછી તો બેસી રહે એ નપુંસકનો ભાઇ."

પરિશિષ્ટ

યથા ગુરુસ્તથા શિષ્યઃ, યથા રાજા તથા પ્રજા.

એ જ અરસામાં ગુરૂના પગલે ચાલતા—શ્રી સાગરાનંદ સૂરિના શિષ્યરત્ન—શ્રી. ચંદ્રોદય સાગરે આ જ વિષય અને આ જ પ્રસંગ ઉપર જાણે કે જૈન ધર્મનો નિષ્કર્ષ હોય એમ "કાકા મટીને ભત્રીજા બનતા નહિ" એવું લાક્ષણિક માર્ગદર્શન માત્ર શ્રોતા મંડળીને જ નહિ પણ તે દ્વારા સમસ્ત જનસમાજને ભેટ ધરતું એક કાવ્યમય વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાનનો પ્રારંભ તેમણે નીચેની મર્મસ્પર્શી આખ્યાયિકાથી કર્યો હતો:—

"કાળું કરવા જતાં પોતાનું જ કાળું થાય છે. જુઓ, સાસુ વહુ બે જણા છે. વહુ વિચાર કરે છે કે સાસુને એક વખત બતાવી દઉં. તેથી તેણે ધુણવાનું શરૂ કર્યું. પતિ આવ્યો. ધુણતાં બોલી કે "તારી મા મુંડન કરાવે અને મોઢું કાળું કરે તો સારૂં થાય." ભાઇ પણ ઉસ્તાદ હતા. તેણે કહ્યું "બસ એટલું જને? તેમ કરી આપું." ભાઇ ઉપડયા પોતાની સાસુ પાસે. સાસુને કહે કે "તમારી દીકરીને ભૂત વળગ્યું છે. બચે તેમ નથી. ફકત એક ઉપાય છે. ભૂત કહે છે કે તેની મા માથું મુંડાવીને ગધ્ધા ઉપર બેસી અહિંઆ આવે તો હું ચાલી જઉં." સાસુ કહે "બસ એટલું જને? દીકરી બચે તો તેમ કરૂં." ઉપરની વિધિ કરી ધુંમટો તાણી સાસુ આવ્યા. વહુ બોલી કે "દેખ રંડીકા ચાળા, માથે મુંડન ઔર મોં કાળા!" ભાઇ પણ ઉસ્તાદ હતા. તે બોલ્યા કે "દેખ મરદકી ફેરી! મા તેરી કે મેરી?" એટલે વહુ સાસુનું મોં કાળુ કરાવવા જતાં પોતાની માનું જ મોંહું કાળું થયું. તેમ કૉન્ફરન્સવાળા શાસનપ્રેમીઓનું કાળું ઇચ્છતા પોતાનું જ કાળું થયું અને સહકારથી ઠગાયા. તે બીચારા નથી જાણતા કે સત્યથી વેગળા રહીને સત્યની વાતો કરીને દંભ ચલાવનારા તમારા માટે પણ એક દિવસ એવો છે કે કર્મરાજાની જંજિરોથી જકડાઇ જશો, ચુકકો નીકળી જશે પણ રડતાં પણ તમારો છુટકારો નહિ થાય."

૩

એ અમૃતવાણી અને બેકદર જૈનસમાજ!

ગુરૂમહારાજની આવી અમૃતવાણી અને શિષ્યરત્નની આવી સુંદર પુરવણી પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાને બદલે તે સામે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ પોતાની સખ્ત વિરોધ જાહેર કર્યો છે, અને સમસ્ત જૈન સમાજને આગમોદ્ધારક સૂરિ સમ્રાટ સાગરાનંદ સૂરિના આ શકવર્તી માર્ગદર્શન સામે પોતાની સખ્ત નાપસંદગી વ્યકત કરવા આહ્વાહન કર્યું છે. એ વિરોધનો ઠરાવ નીચે મુજબ છે:—

"તા. ૧૨-૫-૪૫ ના રોજ શ્રીગોડીજી મહારાજના ઉપાશ્રયમાં મોટી માત્રામાં મેદની સમક્ષ શ્રી. સાગરાનંદ સૂરિએ જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના છેલ્લા અધિવેશનના કાર્યને અને કૉન્ફરન્સના કાર્યકર્તાઓને વખોડી નાંખતું અત્યન્ત ગેરવ્યાજબી અને વાંધાજનક દાખલા દલીલોથી ભરપુર જે વ્યાખ્યાન આપ્યું હતું તે સામે તા. ૨૩-૫-૪૫ ના રોજ મળેલી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે અને જણાવે છે કે એ વ્યાખ્યાનમાં રજુ કરવામાં આવેલ વિચારો અને વાપરવામાં આવેલા ભાષા જે વચનગુપ્તિ અને ભાષા સમિતિનું અનુપાલન દરેક જૈન સાધુને માટે આવશ્યક છે તે વચનગુપ્તિ અને ભાષાસમિતિનો મૂળમાંથી લોપ કરનારૂં છે, એટલું જ નહિ પણ માનવ સભ્યતાની સામાન્ય વિવેક-મર્યાદાનું પણ અક્ષમ્ય ઉલ્લંઘન કરે છે, આવો વાણીસ્વચ્છંદ માત્ર સાધુ સંસ્થાને નહિ પણ આખા જૈન સમાજને શરમાવનારો અને નીચું જોવરાવનારો છે અને તેથી જૈન સંસ્કૃતિ અને સભ્યતાને હીણપત પહોંચાડતા આવા વ્યાખ્યાન સામે પોતાની સખ્ત નાપસંદગી જાહેર કરવા દરેક જૈન સંસ્થા અને જૈન સંઘને આ સભા ખાસ આગ્રહ કરે છે."

સંપાદકઃ—પરમાનંદ.

સંઘ સમાચાર

એપ્રીલ માસની ૨૪ મી તારીખે સંઘના નિમંત્રણથી દિગંબર સમાજના જાણીતા આગેવાન શ્રીમાન શ્રેયાંસપ્રસાદજી, તથા ડૉ. હીરાલાલ, શ્રી નાથુરામ પ્રેમીજી, ડૉ. જગદીશચંદ્ર જૈન, ડૉ. એ. એન. ઉપાધ્યાય, શ્રી નારાયણપ્રસાદ જૈન વગેરે દિગંબર સમાજના કેટલાક વિશિષ્ટ સજ્જનો સંઘના કાર્યાલયમાં આવેલ હતા; પંડિત સુખલાલજી પણ આ પ્રસંગે આવ્યા હતા. જૈન સમાજના ત્રણ ફીરકા વચ્ચે એકતા કેમ સધાય અને જૈન સમાજના સર્વ સામાન્ય કાર્યો કેમ આગળ વધારી શકાય અને એ દિશાએ મુંબઇ જૈન યુવક સંઘ જેવી સંસ્થા શું કાર્ય કરી શકે–આવી અનેક બાબતો વિષે સારો વિચારવિનિમય થયો હતો અને પરસ્પર સારો પરિચય સધાયો હતો.

* * *

કપોળ જ્ઞાતિના જ માત્ર નહિ પણ કાઠિયાવાડના સુવિખ્યાત કાર્યકર્તા અને મુંબઇના એક વિશિષ્ટ નાગરિક શ્રી ખુશાલદાસ કુરજી પારેખના સન્માનાર્થે સંઘની કાર્યવાહક સમિતિની એક સભા બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ખુશાલદાસને સંઘના પ્રમુખ તરફથી હાર્દિક આવકાર આપવામાં આવ્યો હતો અને તે આવકારનો ઉત્તર વાળતાં શ્રી ખુશાલદાસ પારેખે પોતાના જાત-અનુભવની અનેક હકીકતો જણાવી હતી અને પોતાની કાર્ય કરવાની રીતનું સ્વરૂપ સમજાવ્યું હતું. નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરવું, જે કાર્ય હાથમાં લીધું તે પુરું ન થાય ત્યાં સુધી જંપ વાળીને બેસવું નહિ, કોઇને દુઃખ લાગે તેવું બને ત્યાં સુધી બોલવું કે વર્તવું નહિ, કોઇ અપમાન કરે તો કદિ બોટું લગાડવું નહિ, વિરોધીને વિશેષતઃ ઉપયોગી થવાની કાળજી રાખવી, તથા સામાજિક કાર્ય કરતાં જે કોઇ ધસારો લાગે તે જાતે ખમી લેવો–આ મુજબ તેમના બૃહત્ સેવાકાર્ય પાછળ રહેલાં આવાં કેટલાંક રહસ્યો તેમણે બહુ સુન્દર રીતે રજુ કર્યાં હતાં. આજ પ્રસંગે હિંદુ યુનીવર્સીટીના અધ્યાપક ડૉ. બૂલચંદ્રજી પણ સંઘના નિમંત્રણને માન આપીને હાજર રહ્યા હતા અને કાર્યવાહક સમિતિના સભ્યોને તેમના પરિચય પણ સારો લાભ મળ્યો હતો.

* * *

તા. ૨૫-૫-૪૫ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભામાં શ્રી. વ્રજલાલ મોણાણીની વાર્તાઓનો સંગ્રહ બહાર પાડવાને લગતી મંત્રીઓ તરફથી મૂકાયલી યોજના મંજુર કરી હતી અને તેનો અમલ કરવાનું તેને લગતી પેટા-સમિતિને સોંપવામાં આવ્યું હતું.

તદુપરાન્ત શ્રી જૈન એજ્યુકેશન કોન્ફરન્સના છેલ્લા અધિવેશન બાદ શ્રી. સાગરાનંદ સૂરિએ અધિવેશનના કાર્ય અને કાર્યકર્તાઓને અત્યંત વખોડી નાંખતું અને અસભ્યતા ભરેલું જે વ્યાખ્યાન આપ્યું હતું તે સામે સખ્ત વિરોધ રજુ કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો જે આ અંકના અગ્રલેખમાં સંકલિત કરવામાં આવ્યો છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સંઘની રાહત પ્રવૃત્તિ

સંઘની રાહત પ્રવૃત્તિની પ્રબુદ્ધ જૈનમાં જાહેરાત વાંચીને મુંબઇ બહારના કેટલાક જૈન ભાઇઓ તરફથી મદદ માટેની માગણી કરતા પત્રો આવી રહ્યા છે. આ સંબંધમાં જણાવવાનું કે અમારી આ રાહતપ્રવૃત્તિ માત્ર મુંબઇ અને પરાંઓ પુરતી જ મર્યાદિત છે. એક તો અમારી આ કાર્યને પહોંચી વળવાની તાકાત પરિમિત છે. બીજું બહારથી મદદ માંગનારાઓની યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરવાનું કાર્ય અતિશય મુશ્કેલ અને અમારી આજની વ્યવસ્થા શક્તિની મર્યાદાની બહારનું છે. વળી વિશાળ ક્ષેત્રને પહોંચી શકાય એવી સંઘની પાસે આર્થિક સગવડ પણ છે જ નહિ. **આવાં અનેક કારણોને લઇને અમારી રાહત પ્રવૃત્તિ અમોએ મુંબઇ અને પરાંઓ પુરતી મર્યાદિત રાખી છે અને તેથી મુંબઇ બહારની મદદ માંગનારા જૈન ભાઇઓને નિરાશ કરવા બદલ અમો બહુ દિલગીર છીએ.**

× × ×

તા. ૧૫–૫–૪૫થી આજ સુધીમાં સંઘની રાહત પ્રવૃત્તિમાં નીચે મુજબ રકમો મળી છે.

૫૦૦ મેસર્સ કામાણી બ્રધર્સ.
૧૦૦ એક ગૃહસ્થ તરફથી હા. શ્રી પ્રેમચંદ અમરચંદ દોશી.
૫૧ શ્રી મંગળદાસ નાગરદાસ તલસાણીઆ.
૫૧ અમૃતલાલ ચુનીલાલ.
૨૫ રાવસાહેબ મણિલાલ હીરાચંદ શેઠ

રૂ. ૭૨૭

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, રાહત સમિતિ

(**પ્રકીર્ણ સમાચાર**.....પૃષ્ટ ૧૯ થી ચાલુ)

પુસ્તકો તેમજ વર્ગ ફીની મદદ આપવામાં આવે છે. તો આ સગવડનો લાભ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચેના સ્થળેથી આને લગતા ફોર્મ મંગાવી લેવા.

શ્રી મહાવીર પ્રીન્ટીંગ વર્કર્સ
સીલ્વર મેન્શન, ધનજી સ્ટ્રીટ.

શ્રી ખીમજી માંડણ ભુજપુરીઆને રૂા. ૭૦૦૦૧ ની થેલીનું અર્પણ

તા. ૧૨–૪–૪૫ના રોજ બી બોબે ગ્રેન ડીલર્સ એસોસીએશન તરફથી તે સંસ્થાના મુખ્ય કાર્યકર્તા શ્રી. ખીમજી માંડણ ભુજપુરીઆને તેમની આજ સુધીની તે સંસ્થાની, વ્યાપારી સમાજની, તેમ જ મુંબઇની વિશાળ જનતાની અનેકવિધ સેવાઓની કદર રૂપે ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર એન્ડ બુરોના પ્રમુખ શ્રી મનસુખલાલ મારતરના પ્રમુખપણા નીચે યોજાયલ ભવ્ય સન્માન સમારંભના મેળાવડામાં રૂા. ૭૦૦૦૧ ની થેલી અર્પણ કરવામાં આવી હતી. શ્રી. ભુજપુરીઆ કચ્છી સમાજની એક વિશિષ્ટ વ્યકિત છે. આજના કટોકટીના વખતમાં દાણાના પરચુરણ વ્યાપારીઓના હિતો જાળવવા પાછળ તેમજ તેમની દ્વારા પ્રજાને સરખી રીતે અનાજ મળી શકે તે માટે સરકાર સાથે સહકાર સાધીને વ્યવસ્થિત અનાજની માપબંધી ઉભી કરવાની દિશાએ તેમણે ખુબ કાર્ય કર્યું છે. કચ્છી પ્રજાની તેમણે અનેક સેવાઓ કરી છે તેમજ જરૂર પડે ત્યારે પોતાના વ્યાપારી બંધુઓના તેમજ કચ્છી પ્રજાના હિતમાં લડતો પણ ઉપાડી છે. તેઓ સાચા સેવક છે. તેમજ એક આગેવાન નેતા છે. બોબે મ્યુનીસીપલ કોરપોરેશન, ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ, ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર, કુડ એડવાઇઝરી બોર્ડ વગેરે અનેક સંસ્થાઓના તેઓ સભ્ય છે. ઇન્ડીયન ગ્રેન ડીલર્સ એસોસીએશનના તેઓ પ્રમુખ છે. મુંબઇના પ્રજાજનોમાં આવું વિશિષ્ટ સ્થાન ધરાવનાર વ્યકિતની આ રીતે યોગ્ય કદર કરવામાં આવી છે. શ્રી ભુજપુરીઆએ પોતાને મળેલ રૂા. ૭૦૦૦૧ ની દાણાના તેના વ્યાપારીઓના જ કલ્યાણકાર્યમાં વાપરવા માટે પાછી આપી છે.

જૈનાભ્યાસ માટે છાત્રવૃત્તિઓ

જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટીના પ્રમુખ ડૉ. બૂલચંદ જણાવે છે કે "બનારસ હિંદુ યુનિવર્સીટીમાં રહી જૈન તત્વજ્ઞાનનો ઉચ્ચ અભ્યાસ કરવાની ઇચ્છાવાળા યોગ્ય જૈન–જૈનેતર છાત્રોને તેમના બધાં ખર્ચને પહોંચી વળે તેટલી છાત્રવૃત્તિઓ આપવાની છે. છાત્રોએ નામ, ઠામ, જાત, અભ્યાસ તથા સંસ્કૃતની યોગ્યતાનો ઉલ્લેખ કરી પ્રમાણપત્રો સાથે 'જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટી, હિંદુ યુનીવર્સીટી, બનારસ એ સરનામે ડૉ. બૂલચંદ ઉપર પોતાનું આવેદનપત્ર તા. ૧૫ મી જુન સુધીમાં મોકલી આપવું.

સંગ્રાહક: પરમાનંદ

ગાંધીયુગ જન્મે છે.

(ગતાંકથી ચાલુ)

સ્થળ–ગામ ઝાંપે ઝાડ નીચે આવેલું ભોળાનું રહેઠાણ.

(ભોળાની પાસે કેટલાએક તેના જેવા દુઃખી માણસો આવે છે. તેઓએ પણ ભોળાની જેવી જ હાડમારીઓ, અપમાનો, અત્યાચારો અને ઉજળિયાત વર્ગની પાશવતા, સત્તાધારીઓના તુમાખીભર્યા જુલમો અને ધર્માન્ધ ધર્માચાર્યોના પ્રહારો ભોગવ્યા છે. ભૂખમરો, નરી નગ્નાવસ્થા અને તિરસ્કારોએ તેના આખા દિલને વજ્જડ કરી નાંખ્યું છે. તેઓમાં વૈરની, પાશવતાની ભાવના સળગી ઉઠી છે.)

પહેલો જણ–ભોળા, તારા અને તારા છોકરાના હાલહવાલ વિષે જાણ્યું ત્યારથી અમને લાગે છે કે આ જગમાં ભલા અને ગરીબ, નમ્ર થઇને હવે નહિ જીવી શકાય. ઘણાં વર્ષો સુધી દુઃખ ભોગવ્યાં, અપમાન વેઠયાં, લૂટાણાં અને માણસ મટીને પશુ જેવા થઇ રહ્યા, પણ દુઃખનો અંત ન આવ્યો. ન ભગવાન મદદે આવ્યો કે ન કોઇમાં રામ જાગ્યો! બસ સહનશીલતાનો અંત આવી ગયો! બધાને હદ હોયને!. હવે એકજ અવાજ નાદ અંતરમાંથી ઉઠે છે કે વૈર! હવે લાતો ખાઇને નથી જીવવું, હવે ભીખી ભીખીને નથી નભવું, હવે દયા નથી માગવી. તે નિશ્ચય! જો ભેળા! અમે શેઠિયાઓની હવેલીઓ ફાડવાનું, ધનિકોની મીલકતોમાં આગ લગાડવાનું, તક મળે ત્યાં લૂંટવાનું અને જેણે જેણે આપણને રંજાડયા છે, તેનું કાસળ કાઢી નાંખવાનુ નક્કી કર્યું છે, તો રાત્રે તૈયાર રહેજે. આજથી આપણા દુઃખનો અંત! બરાબર બાર વાગે આવશું. સમજ્યોને! કાં આ પાર કે કાં પેલે પાર!

ભોળો–અરે! આવો અધર્મ કરવો કેમ સુઝ્યો? એક પાપનાં ફળો તો આ ભવે પૂરાં થયાં નથી ત્યાં નવાં પાપ કરીને કરવું છે શું? કાઢયાં એટલા હવે નથી કાઢવાં. ભગવાનનો ભરૂસો રાખો મારા ભાઇ! કરમ ધરમનો હિસાબ દીધેજ છૂટકો છે!

બીજો જણ–જોઇ લીધો તારો ભગવાન અને જોયો તેનો ભરૂસો! આવી નમાલી ભગતાઇમાં જ ભવ આખો કરમ ધરમને રોઇ રોઇને કાઢયો, પણ કાંઈ ભાળ્યું નહિ તોય અક્કલ નથી આવતી? તારેને ભગવાનને શું? જો ભગવાન હશે તો કોઈ શેઠ શાહુકારનો હશે, વાણિયા બ્રાહ્મણનો હશે, રાજા મહારાજા કે ધરમગુરૂનો હશે. તારો કેવો! કાલો થયો કાંઇ! ભગવાન ભંગિયાનો થવા નવરો નથી! આ યુગમાં તો બધા પાપે જ પેટ ભરે છે ત્યાં સત્ ધરમની પૂંછડી થઇ મરીશ તોય સુખનો મારગ નઇ દેખ! હવે તો પાકું વેર લેવું તે કાળાન્તરેય નિર્ણય! તૈયાર રહેજે. ભલો થઇને અમારી બાજી ઉંધી વાળીશ મા. તેં કાઢવા એટલા નથી કાઢવા એટલે શું? તું તો મરીશ પણ તારી પ્રજાનું શું? તેની પ્રજાનું શું? તારી નાત બીરાદરીનું શું?

ભોળો–મારૂં દિલ તો ના પાડે છે. તમ તમારે કરવું હોય તેમ કરોને. મને મારે મારગે જવા દો!

પહેલો જણ–એટલે? છટકી જઇશ એમ? જ્યારે જ્યારે કાંઇ મારગ કાઢીએ ત્યારે આવાને આવા ભગતડા, ધરમના પૂંછડાં આડાંને આડાં! હવે તો મારગમાંથી આવા મેંઢાઓને કાઢયે જ છૂટકો. બીજું પછી. જો ભોળા! આજે જરાય આડો ચાલ્યો કે ચું‌ંચાં કર્યું તો તારી ખેરિયાત નથી. અમારા વેરની આગમાં શેકાઇ જતાં બીજાને તો ઠીક પણ તને તો વાર નહિ લાગે. નાહકનો વાલોળ ભેગી ધોળ માફક અફાઈ જઇશ. કાં તો અમારી સાથે ખંભેખંભો મેળવીને ચાલ અને કાં તો દુશ્મન બનીને ઉભો રહે; પણ તારી ભગતાઇ નથી જોઇતી. આજે હિસાબ ચૂકતો કરવો છે. અમે મરશું અને એ જુલ્મીઓ જીવશે? અમે ભૂખે ટળવળશું અને તેઓ ખાઇ જશે એમ? એમ હવે નહિ બને. અમારે તો આમેય મરવું છે અને મારીનેય મરવું છે.

બીજો જણ–એમ કર! તું રાત સુધીમાં વિચાર કરી રાખજે. પછી ન કહેતો કે અમે તને ચેતવ્યો નહોતો! (બન્ને જણ જાય છે)

ભોળો–હે! ભલા ભગવાન શું કરૂં? આ લોકોને પણ શું કહું? સૌ વાતને હદ હોય છે ને! દુઃખમાં ભાનભૂલી જવાય તો ઠપકો શું અપાય! હું તો મુંઝાણો માલિક! કયાં જાઉં! હે! ભગવાન! તેં તો કૃપા કરીને માનવદેહ આપ્યો, પણ આંહિ તો મારા જ ભાઇઓએ મને પશુ કરતાં પણ નપાવટ કરી નાંખ્યો! બિલાડા કે કુતરાંથી ન અભડાય, પણ મારો તો પડછાયો પણ પાપી ગણી મને દૂર રાખે છે! હે ભગવાન! શું મારી આવી મફકરી ઉડાવવા માટે તેં મને માનવદેહ આપ્યો છે? શું કહું વા'લા તને? શું ઠપકો આપું?

તેં તો મને સશક્ત શરીર આપ્યું કે જેથી જગતમાં તેના આધારે જીવનનો માર્ગ કાઢું. તેં કુદરતમાં ઘણું બનાવ્યું કે જેમાંથી હું કંઇ પામી શકું. પણ નાથ! આજે ધનિકોએ કોઇને માટે સ્થળ કે કામ કયાં રહેવા દીધાં છે કે મારૂં શરીર વાપરી જીવન ધરી રહું! કયાં કુદરતની લક્ષિસો ખૂલ્લી પડી છે કે તેમાંથી ચેતન મેળવું! પ્રભુ! આમ ભૂખે મરવા, લાચાર જીવન રોતા રોતા વીતાવવા તેં મને શા માટે માનવી બનાવ્યો? પશુ બનાવવો હતોને કે દુઃખ સુખ સમજી શકત નહિ અને જીવન પૂરૂં કરત!

નાથ! દુઃખથી હારીને ભાન ભૂલી રાની પશુ જેવો ન બની જાઉં કે લાગણીશૂન્ય જડ પત્થર જેવો ન થઇ જાઉં તેટલા માટે આશ્વાસન શોધવા તને શોધતો આવું છું, તો ત્યાંય દ્વાર બંધ છે, ત્યાંય મને મ.ર પડે છે, મારી અને તારી વચ્ચે દીવાલ બાંધી દેવામાં આવી છે. એટલે મારામાં માણસાઇ પણ કેમ ટકશે? કોના ભરૂસે, કોના આધારે હું દુઃખ સહી શકીશ? પ્રભુ! કદાપિ માણસાઇ વગર હું મારગ ભૂલી પતિત થઇ જાઉં તો ઠપકો ન આપજે! પેટનો બળ્યો, વેરનો બળ્યો પાપ કરૂં કે જગતને આગ લગાવી દઉં તો એમાં મારો વાંક પણ શો? પણ નાથ! ગભરાઉં છું કે અનેક ભવોના પુણ્યના સંચયથી આ માનવદેહ મળ્યો છે તે મિથ્યા થઇ જાય અને ફરી વખત એનો એ એકડો ઘૂંટવો પડે! ભગવાન! બળ આપ કે મારા અનેક ભવોનું ભારણ મિથ્યા ન થાય!

કંઇ મારગ સુઝતો નથી. મન મોકળું મુંઝાણું છે. મારા સમદુઃખી ભાઇઓ આકળા થયા છે. એટલે બન્નેની ભીંસમાં ભીંસાઇ મારે મરવાનું આવ્યું છે. તેથી બહેતર છે કે પાપમાં પડવા કરતાં મારા જીવનનો અંત લાવું! આમાંય પાપ થાતું હોય તો માલિક! માફ કરજે. (ફાંસો ખાવા જાય છે.)

અંતરિક્ષમાંથી.

વધે ગ્લાનિ જ્યારે ધરમ લોપાય અહિંઆ,
પીડા પામે પ્રાણી સબળતા અન્યાયથી જ્યાં,
અનાથોની વહારે ધસી જવા અજીતે અરે!
લઉં છું જન્મો હું જનજનમાં વિશ્વ આરે.

(ભોળો આશ્ચર્યચકિત થઇ તાકી રહે છે. એક શ્વેતવસ્ત્રધારી માનવી નજરે પડે છે.)

શ્વેતવસ્ત્રધારી–અરે! ઓ ભાઇ! આ શું કરી રહ્યો છે? આ શો ગજબ તારી જાત ઉપર ગુજારી રહ્યો છે? બોલ શું દુઃખ છે કે આવા મૂલ્યવાન માનવદેહનો નાશ કરવા તૈયાર થયો છે? જરા સબુર કર. મને વાત કર. કંઇ ઉપાય થઇ શકતો હોય તો કરીએ. ઉતાવળો થા મા.

ભોળો–જા, ભાઇ, જા. મને મરવા દે. તમે સુખે જીવવા તો દેતા નથી. હવે મરવાનો પણ મારો અધિકાર નથી કે મરીને તમારી આભડ-છેટ મટાડું છું, સમાજની શરમ અને સુગ દૂર કરૂં છું. તમે અને તમારો ધરમ બચે એટલા માટે હું મારે મારગે ચાલ્યો જાઉં છું. તું જા તારે મારગે. નાહકનો આ ગંદકીમાં ઉભીને શું કામ હેરાન થાય છે?

શ્વેતવસ્ત્રધારી–એક વાર મને તારી વાત કર અને તું‌ય મારી વાત સાંભળ. પછી ઠીક લાગે તેમ કરજે. થોડી વાર તો સબુરી કર! એકાદ ક્ષણમાં શું ખાઇ મોળું થઇ જવાનું છે?

ભોળો–બરાબર છે. પેટ ભરીને આવ્યા છો એટલે ભૂખ્યાને સબુરી પકડાવવી કેમ ન પાલવે! જો પેટમાં લાય લાગી હોત અને આંખ સામે છોકરાંઓને ભૂખે મરતા જોતો હોત તો ખબર પડત કે સબુરી કેમ પકડાય છે! નવરા દેહે ચીંથરેહાલ દશામાં જે ટાઢમાં થરથર કાંપવું પડતું હોત અને આંખ સામે ઝુંપડીય તુટી જાતી દેખી હોત તો ખબર પડત કે એક ક્ષણ પણ જીવવામાં કેટલી કડવાશ છે? ડગલે ને પગલે માર, અપમાન અને જબ્બારો મળતા હોત તો તમે કોઇને કોઇ દિવસ સબુરી પકડવાનું કહેત નહિ. તમને ધનિકોને, ધર્માત્માઓને, સત્તાવાળાઓને બોધ આપવાનો, અને બીજાને રમાડવાનો અબાધિત અધિકાર હોય છે ને? એટલે શું કામ અમારા ગરીબના દુઃખની કરૂણ મસ્કરી કરવા મને જીવવાનું અને સબુરી પકડી રોવાનું તમે ન કહો આજ સુધી તમારા જેવા અનેક કાનમાં શાસ્ત્રનાં પૂંભડા ભરીને, આંખ આડે ધર્માન્ધતાના પડળ પહેરીને, હૈયા ઉપર સમાજ-રક્ષાની શિલા બાંધીને અને હાથમાં સતાનો દંડ લઇને આવી ગયા, દયાનાં, પ્રેમનાં, ગીતડાં ગાઇ ગયા, હૈયા પંપાળી ગયા અને કોરા ધાકોર ચાલી ગયા! અને અમે કરમફુટયા, અકકલના આંધળા આ દોંગાઇ, બોટાઇને ન સમજ્યા એટલે તમોએ નચાવ્યા તેમ નાચ્યા, તમે ઇચ્છયું તેમ કરૂણ પ્રલાપો કર્યા, તમે કરાવી તેવી ગુલામી કરી અને આપી તેવી સ્થિતિ પત કરી. હવે હદ થઇ. અમારી માણસાઇ પરવારે અને દુનિયાને સળગાવી દઇ નરકાગાર કરી મૂકે તે કરતાં અમે જ પરવારી જઇએ તો શું ખોટું છે? બોલો! મને જીવાડીને તમારે શું લાભ કાઢવો છે? એમાંથી તો કંઇ સ્વાર્થ નથી સાધવો ને? કોઇ છાપે ચડાવી તમાસો તો નથી કરવો ને?

શ્વેતવસ્ત્રધારી–(સ્વગત) સાચો છે આનો પુણ્યપ્રકોપ, હૃદયનો કરૂણ પ્રલાપ! સદીઓ થયાં શાસ્ત્રોએ અને શાસ્ત્રકારોએ, સમાજે અને સમાજના ધૂરિણોએ, ધર્મે અને ધર્માત્માઓએ અને રાજ્યે અને રાજ્યસત્તાએ ગરીબોના દુઃખ સામે આંખવીંચામણાં જ કર્યા છે, તેનો રકત ઉપર, રૂદન ઉપર રાચ્યાં છે, કવિઓ અને લેખકોએ તે ઉપર મરસિયા માણ્યા છે, ત્યાં આજે તેને કયું મોહું લઇને સબુરી રાખવાનું કહું? બિચારાં માનવ પશુઓ! જ્યાં સુધી અમારા કાનમાંથી શાસ્ત્રના પૂંભડા ન જાય, આંખ ઉપરથી ધર્માન્ધતાના પડળ ન ખસે, હૈયા ઉપરથી સમાજ રક્ષાની શિલા અને સત્તાનો ડારનારો દંડ દૂર ન થાય ત્યાં સુધી ગરીબોની ખરી વાત કેમ સંભળાશે? તેમના દુઃખનો ખરો ખ્યાલ કયાંથી આવશે? ગરીબની આહ સાચી કેમ મનાશે? સમાજ આજે કોહી ઉઠયો છે, ગરીબોનાં રૂદનો અને નિશ્વાસો જગતની શાંતિને પ્રજાળી રહેલા છે, જગતમાંથી સારમાણસાઇ પરવારી પશુતા આવતી જાય છે તોય કયાં કોઇની આંખ ઉઘડે છે?

એનું મેણું સાચું છે. હું ધરાયો છું, તે ભૂખ્યો છે; હું વસ્ત્રોથી ઢંકાયેલો છું, તે લગભગ નગ્ન છે; મારું બધે સન્માન થાય છે, તેને સ્થળે સ્થળે લાત અને અપમાનો મળે છે, ત્યાં મને કેમ આવે તેના દુઃખની સાચી કલ્પના? અને કેમ કરીને તેના દિલની જવાળા? અને તેના ગળે પણ મારી વાત કેમ ઉતરે? દુઃખિયાઓની આ સ્થિતિ તેના કર્મે સરજાવી હોય તે કરતાં અમારા આજાતા અને સ્વાર્થે વધુ સરજી છે. અને તે સ્થિતિ પલટાવવાની તાકાત કે તક પણ ન મળે અને વધુને વધુ ખરાબ થતી જાય તેવી સમાજ અને ધર્મવ્યવસ્થા રચી દીધી છે. આ વસ્તુસ્થિતિ આખી પલટાવી જોઇએ. તેઓને તેના માનવ સ્વરૂપની અને તેમાં વસેલ અનંત શકિતના ધણી આત્માની પીછાણ કરાવવા સિવાય સદીઓ થયાં દટાયેલ જીવન, સંસ્કાર શકિત અને માનવતા જાગ્રત નહિ થાય. આ કાર્ય કર્યે જ છૂટકો છે. પણ જ્યાં સુધી હું મારૂં અંગત વ્યકિતત્વ ત્યાગું નહિ, જ્યાં સુધી સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી તેના જેવો થઈ રહું નહિ, જ્યાં સુધી મારી કેળવણી, સંસ્કાર, અને સ્થિતિના મિથ્યા ખ્યાલને તજી તેની સાથે આત્મીયતા સાધું નહિ ત્યાં સુધી બધી દયા, બધી સબુરી. બધું તત્ત્વજ્ઞાન બોટાં, હજારવાર બોટાં, નર્યું પાખંડ અને દયાનો દંભ!!!

(પ્રકટ) ભાઇ સમજાણી તારી વાત. જ્યાં સુધી સૌ કોઇને વસ્ત્ર ન મળે, જ્યાં સુધી સુખ ન મળે, જ્યાં સુધી સમાજમાં યોગ્ય સ્થાન ન મળે, જ્યાં સુધી સૌના ભૂખ્યા પેટમાં અન્ન અને આત્મામાં ધર્મ અને જ્ઞાન-પ્રકાશ ન મળે. અને જ્યાં સુધી સૌને કાર્યક્ષેત્ર ન મળે ત્યાં સુધી હું સુખે નહિ જંપું! આ મારી પ્રતિજ્ઞા. આ મારૂં વચન. જરા સબુર કર, હિંમત રાખ. તારાં દુઃખો અને સહનશીળતાએ મને સરજ્યો છે અને તારી સબુરી અને સચ્ચાઇ મને ટકાવશે. જો તું ભાંગી પડીશ તો મારાથી નહિ ટકાય. જો તું નિર્બળ થઇશ તો મારા પગ ઉભા નહિ રહી શકે અને જો તારૂં સાચ ગયું તો મારૂં સત્ત્વ ચાલ્યું જશે. આવ, આવ, આપણે સમદુઃખી બનીને સુખને ઢંઢોળી જગાડીએ! આવ આપણે જગતને નવો માનવતાનો ધર્મ આપીએ! આવ આપણે સૃષ્ટિમાં સ્વર્ગ ઉતારીએ!

ભોળો–અરે! ભાઇ હવે ભાંગી નહિ પડું. નબળોય નહિ પડું. એકલો હતો ત્યારે પગ ભાંગી ગયા હતા, નબળા ઇએ હીર હર્યું હતું. સહાનુભૂતિ મને નવું બળ આપશે. બાપ! દુઃખ તો ભોગવી નાંખું, પણ દિલની કડવાશ, તિરસ્કાર, અપમાન અને જબ્બારો અમારાથી નથી સહેવાતા. તેં આજે નવું જીવન આપ્યું. હવે શા ભાર છે દારૂણ દુઃખના કે મને તોડી શકે? શા ભાર છે પાપના, લાલચના, કે બુરાઇના કે અમને પટકીને ભવનું ભારણ મિથ્યા કરાવી નાંખે?

પ્રવેતવસ્ત્રધારી–(સ્વગત)

ગલીએ ગલી ઢૂંઢીશ હું ભમીશ ખૂણે ખાંચરે,
આ આંખનાં આંસુ વડે ઠારીશ દુઃખની આગને;
વેરાન સમ આ વિશ્વમાં અગણિત અરે! મુડદાં પડયાં,
તે શબ્દ મંહી ફૂંકીશ હું જગદીશ મીઠી ચેતના.–(વિલાપી)
દ્વૈતવાદી હું હતો, અદ્વૈતવાદી હું થયો.
બ્રહ્માન્ડ મારૂં, બ્રહ્મ મારૂં, બ્રહ્મવાદી હું થયો.–(કલાપી)

(બન્ને એક બીજાને બંભે હાથ મૂકીને જાય છે.)

અંતરિક્ષમાંથી—

ઉંચા નીચા ફરક વિસરી એક સાથે રમી હયો,
નોધારાંને કરથી ઉંચકી રે દિલાસા દઇ હયો;
સેવા કાજે પ્રિયજન બધાં દિવ્ય સંન્યાસ લેશે,
ત્યારે ઓહો! પરમ દુઃખની જવાળ હોલાઈ જાશે. (વિલાપી)

સમાપ્ત

વ્રજલાલ મેઘાણી.

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

શ્રી બોંબે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે, પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૪

મુંબઈ: ૧૫ જુન ૧૯૪૫ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૩

બંગાળાની વર્તમાન દુર્દશા અને અધોગતિ

(તા. ૬-૫-૪૫ ના સન્ડે ક્રોનીકલમાં પ્રગટ થયેલી કેટલીક નોંધો ઉપરથી)

કલકતા અને બંગાળાના કેટલાક તાલુકાઓમાં કેટલાય અઠવાડીઆ સુધી ફરી આવેલ એક મિત્ર જણાવે છે કે બંગાળા ઉપર હજુ પણ મૃત્યુની શ્યામ છાયા વ્યાપી રહેલી છે. લાખો ખેડુતો ઘરબાર વિનાના થઇ ગયા છે. કૌટુંબિક જીવન શીર્ણવિશીર્ણ થઇ ગયું છે. લાખો એકર જમીન નાના ખેડુતોના હાથમાંથી જમીનદારો, ધીરધાર કરનારાઓ અને કોન્ટ્રેક્ટરોના હાથમાં ચાલી ગઇ છે. બંગાળાની ગ્રામ્ય જનતાનું નૈતિક બંધારણ ભાંગીને ભુક્કો થઇ ગયું છે. હોઠે લીપ-સ્ટીક લગાડેલી અને વસ્ત્રાભૂષણોથી સજ્જ થયેલી કેટલીયે સ્ત્રીઓ આજે દિવસના ભાગમાં યુદ્ધને લગતાં બાંધકામો ઉપર મજુરી કરવા જાય છે અને રાત્રે પોતાના શરીરને વેચી રહેલ છે. સ્ત્રીઓને પુરી પાડવાનો અને વેચવાનો ધંધો લઇ બેઠેલાઓ ન કહી શકાય ન છાપી શકાય એવી ભયંકર દુરાચાર-લીલાઓ ચલાવી રહ્યા છે. આઠ દશ વર્ષનાં નાના છોકરાઓ પણ આવી જાતીય બાબતોથી વાકેફગાર બની ગયા છે અને સ્ત્રીદલાલોનું કામ કરી રહ્યાં છે. ગાંડપણનું પ્રમાણ પણ ચોતરફ ખુબ વધી રહ્યું છે. દુષ્કાળ બાદ એક પછી એક ઉપદ્રવો આપવા લાગ્યા. પહેલાં મેલેરીઆ આવ્યો, પછી કોલેરા, પછી કાળા બજાર. સ્ત્રીઓ, પુરૂષો અને બાળકો માખીઓની માફક મરી રહ્યા છે. ડાહ્યા, ભણેલા અને સમજુ ગણાતા અને દેશદાઝથી બળતા માણસો આ બધી પરિસ્થિતિથી અજાણ છે એમ નથી, પણ તેમનાં હૃદય આવીજ બીનાઓ કેટલાય સમયથી ચોતરફ બનતી જોઇ જોઇને તેમજ સાંભળી સાંભળીને ઠંડુર થઇ ગયાં છે અને આભ ફાટેલ છે ક્યાં થીગડાં કયાં દઇએ એવી અસહાયતા દાખવી રહ્યાં છે.

ગયા મહીનામાં મળેલ અખિલ હિંદ કિસાન સભાના સ્વાગત પ્રમુખ શ્રી. મણિ સિંહાએ પોતાના સ્વાગત-વ્યાખ્યાનમાં બંગાળાની વર્તમાન દુર્દશાનો નીચે મુજબ હૃદયવિદારક ખ્યાલ આપ્યો છે.

"બંગાળામાં આજે કાળાબજાર સિવાય બીજી કોઇ બજાર રહી નથી. અપ્રમાણીક અને ગેરકાયદેસર વ્યાપાર સિવાય બીજો કોઇ વ્યાપાર જોવામાં આવતો નથી. અને આ બધાં સાથે નાના મોટા અધિકારીઓની દરમિયાનગીરી અને લાંચરૂશ્વતના પરિણામે લોકોની આપદાઓ, આફતો અને હાડમારીઓ કલ્પનામાં પણ ન આવે એટલા મોટા પ્રમાણમાં ઉભરાતી રહી છે. અમુક જાતના માલનો વ્યાપાર કરવાના લાયસેન્સ મેળવવાની કેવી પડાપડી થાય છે એ આપણે જોયું છે. કાપડની કેટલીએ ગાંસડીઓ અધ્ધર જ આકાશમાં અદૃષ્ય થઇ જતી અને મીઠું, તેલ, કોલસો, કાગળ, દવાઓ, અને ખાનપાનની અનેક વસ્તુઓ સરકારનો પણ પત્તો ન ખાય એવા ભોંયરાઓમાં દટાઇ જતી આપણે અસહાયપણે નિહાળી રહ્યા છીએ. ભયંકર નફાખોરી કરતા નરપિશાચો કાળાં કરમ કરતાં ધોળા દહાડે નજરે પડે છે. છતાં પોલીસ તેમને પકડતી નથી અથવા તો સરકારી કોર્ટ તેમને યોગ્ય શિક્ષા કરતી નથી. એમ કેમ છે કે કાળાબજારના માલેતુજારોને જ સરકાર પોતાના એજન્ટ નીમે છે? એમ કેમ બને છે કે પ્રજાની ખોરાક સમિતિઓ સરકારી અધિકારીઓની યુક્તિપ્રયુક્તિઓથી નફાખોર-મંડળીઓમાં ફેરવાઇ જાય છે? એમ શા માટે બની રહ્યું છે કે નિરાધારોને કામ પુરૂ પાડનારી સંસ્થાઓ જ કેટલીયે વાર મલીન વ્યાપારનાં મથકો બની બેસે છે?" આગળ ચાલતાં સામાજિક તેમજ નૈતિક હ્રાસનું જે ચિત્ર શ્રી. મણિ સિંહા રજુ કરે છે તે ચિત્ર આર્થિક બરબાદીના પરિણામે પ્રજાનું આખું સામાજિક બંધારણ કેવી રીતે ભાંગીને ભુક્કો થઇ જાય છે તેનો આબેહુબ ખ્યાલ આપે છે અને તે વિચારતાં આપણું દિલ કંપી ઉઠે છે. તેઓ જણાવે છે કે:-" આપણે કબુલ કરવું પડે તેમ છે કે આજના વ્યાપાર વ્યવસાયના બદલામાં આપણે જીવનનું તત્ત્વ ખોઇ બેઠા છીએ અને આત્માને ગુમાવી બેઠા છીએ. આપણી નૈતિક ભાવનાઓ કાળા બજારના છળપ્રપંચ આગળ નિર્વીર્ય બની બેઠી છે. દુષ્કાળના દિવસોમાં જે બનાવ એક અપવાદ સમજી લેખાતો હતો તે આજે લગભગ રોજબરોજની ઘટના બની રહી છે. એ દિવસો દરમિયાન ભુખના માર્યા પુરૂષો પોતાની સ્ત્રીઓને અને માબાપો પોતાનાં બાળકોને છોડીને ચાલી જતા હતા અને સ્ત્રીઓ પોતાનાં શિયળને વેચતી હતી. દુષ્કાળના વિકરાળ પંજા નીચે પુરૂષો નાસી ગયા હતા અને સ્ત્રીઓ અસહાય બનીને લશ્કરી કોન્ટ્રેક્ટરોને શરણે જતી હતી અને કહેવાતી 'લેબર-કોર'-મજુરદળો-નાં દુરાચાર મથકોમાં દાખલ થતી હતી. કોઇ રીતે જીવવું એજ એક સર્વોપરિ ચિન્તા સૌ કોઇના ચિત્તને વળગેલી હતી. પણ તે વખતે જે અધઃપતન અનિવાર્ય લેખાતું હતું તે આજે ચાલુ સામાન્ય વ્યવસાય થઇ રહેલ છે. ગામડે ગામડે આ દુરાચારના મથકોની દુર્ગંધ ફેલાઇ રહી છે અને 'લેબર-કોર'-મજુરદળ-નાં નામે અને નિરાધાર-આશ્રય-કેન્દ્રના નામે લશ્કરી કોન્ટ્રેક્ટરો આ મથકોના આશ્રયદાતા બની બેઠા છે. લશ્કરી તેમજ બીનલશ્કરી ઘણાં ખરા લોકોમાં આજે સ્ત્રીશરીરની સૌથી વધારે પ્રમાણમાં માંગણી થઇ રહી છે. બંગાળામાં આજે હજારો ઘરોમાં માંજરી આંખવાળા અને ઘઉંવર્ણાં અંગ્રેજોનાં જાડા હોઠવાળા અને શ્યામવર્ણાં બાળકો નજરે પડે છે. આજે બંગાળાના કાળાબજારમાં સ્ત્રીનો દેહ અને સ્ત્રીનું શિયળ આજે એક અતિ અગત્યની બજારૂ વસ્તુ બની ગઇ છે." બંગાળાની આવી અધોગતિનો ખ્યાલ આપતા એ મિત્ર જણાવે છે કે શ્રી. મણિ સિંહાએ પોતાના વ્યાખ્યાનમાં જે રજુઆત કરી છે તે અક્ષરશઃ સાચી છે અને તેમણે પોતે નજરે નિહાળી છે. આપણા લોકોની આ પરાકાષ્ઠાએ પહોંચેલી અધોગતિની કથા સાંભળીને કોઇની પણ આંખોમાં આંસુ આવ્યા વિના રહે નહિ. આ અધોગતિ ક્યાં સુધી? ક્યાં સુધી? જેઓ મર્યાદા, શીલ અને સ્વમાનને વહાલું ગણતા હોય તે સર્વને માટે આ 'પતિત' બહેનોની વહારે ધાવાનો આ ખરેખરો અને ક્ષણભર પણ ઉપેક્ષા સહન ન કરી શકે તેવો અવસર છે અને તે પણ કોઇ ઉપર મહેરબાની કરવાની અને ઉપરથી નીચે હાથ લંબાવવાની રીતે નહિ, પણ પુરી નમ્રતાપૂર્વક અને એ બધા દોષની જવાબદારી પોતાની જ છે એમ સમજી સ્વીકારીને-કારણ કે જો તે બહેનો પતિત થઇ હોય તો તે આપણા લીધે-આપણી ઉપેક્ષા, ઉદાસીનતા, નિષ્ઠુરતા, આપણી ગુલામી અને પરાધીનતાને લીધે-થઇ છે. બંગાળાની સ્ત્રીજાતના શીયળના ચાલી રહેલા આ ભયંકર લીલામ સામે આપણું હૃદય ક્યારે બળવો કરશે અને આ હેવાનિયતનો ક્યારે છેડો આવશે? **પરમાનંદ**

કેટલાક સમાચાર અને નોંધ

શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળા સાર્વજનિક હાઇસ્કુલનું ઉદ્ઘાટન.

દમણરોડ પાસે આવેલા વાપી ખાતે શ્રી. જૈન યુવક મંડળના આશ્રય નીચે ઉભી કરવામાં આવેલ શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળા સાર્વજનિક હાઇસ્કુલનું તા. ૩-૬-૪૫ ના દિવસે શેઠ માણેકલાલ ચુનીલાલના હાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કેળવણીના ક્ષેત્રમાં આ જૈન યુવક મંડળની સેવાઓ ખાસ નોંધપાત્ર છે. ૧૯૩૮ માં શેઠ રાયચંદ હરખચંદ વાપીવાળાએ આ મંડળને વાપીમાં મીડલ સ્કુલ ખોલવા માટે રૂ. ૧૦૦૦૦ આપ્યા અને તેના પરિણામે આર. એચ. સાર્વજનિક મીડલ સ્કુલ ઉભી કરવામાં આવી જે આજે સ્થાનિક માધ્યમિક શિક્ષણની જરૂરિઆતોને પુરી ફત્તેહમંદીથી પહોંચી વળે છે. ત્યારબાદ શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળાએ આ મંડળ મારફત સાર્વજનિક હાઇસ્કુલ ઉભી કરવા માટે રૂ. ૩૧૦૦૬ ની સખાવત જાહેર કરી, જેના પરિણામે તૈયાર થયેલ હાઇસ્કુલના મકાનનું તા. ૩-૬-૪૫ ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. વાપીના જૈન યુવક મંડળની આવી સાર્વજનિક શિક્ષણ પ્રવૃત્તિઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે અને અન્ય કોમી મંડળોએ અનુકરણ કરવા યોગ્ય છે.

આ તે કઈ હદની કાંચનપૂજા?

પણ પાંચ બાળકોની માતા એવી પોતાની પત્નીનો ત્યાગ કરનાર, સ્વચ્છંદના જ પરિણામ રૂપ એકની હયાતીમાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરનાર, પત્નીદ્રોહી, કુટુંબદ્રોહી, દયાવારિધિના બિરૂદનો કેવળ પરિહાસ કરાવનાર ગૃહસ્થની પોતાને યુવક મંડળના નાંમથી ઓળખાવતી સંસ્થાએ પોતાના જ હસ્તક ઉભી થયેલી સંસ્થાનું ઉદ્ઘાટન કરવા માટે કેમ પસંદગી કરી હશે એ ભારે આશ્ચર્યજનક છે. આવા ઉદ્ઘાટન કાર્ય માટે શું શ્રીમાન જ જોઇએ? અને શ્રીમાન જોઇએ તો પણ શું બીજા કોઇ શ્રીમાન ઉપલબ્ધ જ નહોતા? આપણો જૈન સમાજ શ્રીમાનો પ્રત્યે જેટલો ઉદાર છે, તેટલો ઉદાર ભાગ્યે જ અન્ય કોઇ સમાજ હશે. કોઇ પણ શ્રીમાન એક કાળું કર્મ કરે છે. છાપામાં તે કાર્યની ચકચાર શરૂ થાય છે, અને થોડો સમય સમાજ ધૃણાનો વરસાદ વરસાવે છે. શ્રીમાન છુપાતો ફરે છે. જાહેરમાં મોઢું બતાવવાની તે હીંમત ધરતો નથી. પણ આ બધું કયાં સુધી? ધીમે ધીમે સામાજિક ધૃણા ઓસરતી જાય છે. શ્રીમાનના મનમાં પણ પોતે કરેલા અપકૃત્યની શરમ હળવી થતી જાય છે. ધાર્મિક વ્યાખ્યાનમાં અને જાહેર સભામાં પેલા શ્રીમાનનાં છુટા છવાયાં દર્શન થવા માંડે છે. જુદી જુદી સંસ્થાઓવાળા પોતપોતાની આર્થિક જરૂરિઆતો માટે શેઠ સાહેબની ખુશામત શરૂ કરી દે છે અને શેઠ સાહેબનો હોદ્દો તો છુટો હોય જ છે. પછી તો આમંત્રણો અને નિમંત્રણોની હારમાળા શરૂ થાય છે. કોઇ દેશના પ્રમુખસ્થાન માટે તો કોઇ સ્થળે ઉદ્ઘાટન કાર્ય માટે. લેખકો અને કળાકારો પોતાનાં પુસ્તકો અર્પણ કરવા માંડે છે. થોડા સમય પહેલાનું કાળું કૃત્ય સદાને માટે ભુલાઇ જાય છે, તે ઉપર વિસ્મરણનાં વારિ ફરી વળે છે, અને એના એજ શ્રીમાન પાછા દયાવારિધિ, સુખવંતે બહાદર, સારા સમાજના મુગટમણિ બની બેસે છે અને સમાજ અને સામાયિક પત્રો તેમને માનપત્રો અને સન્માનસમારંભોથી નવાજે છે. શ્રીમાનોને સદા પૂજતા રહેવાની અને તેમના ગમે તેવા દોષો બહુ જલ્દિથી ગળી જવાની સમાજની આ હીન મનોદશા ભારે શોચનીય છે. પરિણામે શ્રીમાન પોતે કદિ ખોટું કરતો જ નથી અને શ્રીમન્તાઇ ગમે તેવા પાપને ધોઇ નાખવાની શક્તિ ધરાવે છે આવી માન્યતા અને શ્રદ્ધા શ્રીમાનો ધરાવતા થાય છે અને એક બાજુ તેમના સ્વચ્છંદો અને બીજી બાજુ તેમના માન સન્માનોની પરંપરા ચાલ્યાજ કરે છે. જૈન ધર્મનો આદર્શ ચારિત્ર્ય પૂજા-ગુણ પૂજા ભલે હોય, પણ જૈન સમાજનો આદર્શ તો કેવળ કાંચનપૂજા જ છે-આ હકીકત અને સત્ય આવી ઘટના દ્વારા ફરી ફરીને ધ્યાન ઉપર આવે છે અને આ રીતે જૈન સમાજ નૈતિક ધોરણે માપતાં કેટલો નીચો ઉતરી ગયેલ છે એની વાસ્તવિક કલ્પના ભારે ગ્લાનિ અને નિરાશા ઉપજાવે છે.

ડો. બુલચંદજી અને જૈન સંસ્કૃતિ કેન્દ્ર

ડો. બૂલચંદજી હિંદુ યુનીવર્સીટીના રાજકારણી વિજ્ઞાનના અધ્યાપક છે. તેઓ જૈન છે અને શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ તરફથી નિયોજાયલી જૈન ચેર જેના પ્રાધ્યાપક તરીકે પહેલાં પંડિત સુખલાલજી કાર્ય કરતા હતા અને તેમના નિવૃત્ત થવા બાદ હાલ શ્રી. દલસુખ માલવણીયા કાર્ય કરે છે તે જૈન ચેરના વહીવટને શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રતિનિધિ તરીકે સંભાળે છે. તેઓ થોડા દિવસ મુંબઈ રહી ગયા અને તે દરમિયાન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યકર્તાઓને મળ્યા અને જૈન ચેરની વર્તમાન પરિસ્થિતિ, તેના ભાવી વિકાસની શક્યતાઓ અને સાથે સાથે પાર્શ્વનાથ જૈનાશ્રમ, તથા જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટીના કાર્ય સંબંધે તેમની સાથે તેમણે પુષ્કળ ચર્ચા કરી અને એ બન્નેની જરૂરિયાતો સંબંધે મુંબઇની જૈન સમાજના આગેવાન કાર્યકર્તાઓનું સારી પેઠે ધ્યાન ખેંચ્યું. હિંદુ યુનીવર્સીટીની છત્રછાયા નીચે જૈન શાસ્ત્રો અને ધર્મસાહિત્યના અધ્યયનની કેટલી બધી સગવડ છે અને તેનો લાભ લેવા માટે જૈન વિદ્યાર્થીઓને સારા પ્રમાણમાં આકર્ષવા જોઇએ અને સાથે સાથે સંશોધન કાર્યમાં ઉપયોગી થઇ શકે એવું મોટું જૈન પુસ્તકાલય જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટીના આશ્રય નીચે ઉભું કરવું જોઇએ, તદુપરાન્ત વધારે વિદ્યાર્થીઓને રાખી શકાય તે માટે તેમના રહેવાની અને તેમના અધ્યયન-વિષયક ખર્ચની પુરી વ્યવસ્થા કરવી જોઇએ અને આ રીતે હિંદુ યુનીવર્સીટીનું અંગભૂત એવું એક જૈન સંસ્કૃતિ કેન્દ્ર ઉભું કરવું જોઇએ-આ બધી બાબતો તરફ ડૉ. બુલચંદજીએ તેમના સમાગમમાં આવનાર સૌ કોઇનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. મુંબઇના કાર્યકર્તાઓએ તેમના કાર્યને પુરા ઉત્સાહથી વધાવી લીધું હતું, અને તેમની તત્કાળ જરૂરિયાતોને પહોંચી વળવાની પુરી તત્પરતા દાખવી હતી.

ઉપર જણાવેલ પાર્શ્વનાથ જૈનાશ્રમ થોડા સમય પહેલાં અવસાન પામેલા મુનિશ્રી સોહનલાલજીના સ્મરણમાં ઉપસ્થિત કરવામાં આવેલ શ્રી. સોહનલાલ જૈનધર્મ પ્રચારક સમિતિ તરફથી ૧૯૩૮ માં સ્થાપવામાં આવેલ છે અને એ આશ્રમ સાથે શતાવધાની રત્નચંદ્રજી જૈન પુસ્તકાલય પણ જોડવામાં આવ્યું છે. આ આશ્રમનો હેતુ હિંદુ યુનીવર્સીટીમાં ભણવા આવતા અને ખાસ કરીને જૈનદર્શન, સાહિત્ય તેમજ સંસ્કૃતિનો વિશિષ્ટ અભ્યાસ કરવાના હેતુથી યુનીવર્સીટીમાં જોડાતા જૈન વિદ્યાર્થીઓને ખાવાપીવા તથા રહેવા વગેરેની સગવડ આપવાનો છે. આ આશ્રમનો આજે આઠ વિદ્યાર્થીઓ લાભ લે છે અને તે પાછળ તેમજ રત્નચંદ્રજી જૈન પુસ્તકાલય પાછળ ઉપર જણાવેલ શ્રી સોહનલાલ જૈન ધર્મ પ્રચારક સમિતિ દર વર્ષે લગભગ રૂા. ૮૦૦૦ ખર્ચે છે. આ આશ્રમ કોઈ પણ જૈન વિદ્યાર્થી માટે ખુલ્લું છે. સમિતિ તરફથી આશ્રમમાં રહેલા વિદ્યાર્થીઓને દર માસે રૂા. ૩૫ ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે તેનો લાભ સ્થાનકવાસી જૈન પુરતો મર્યાદિત છે. આ આશ્રમ વિશેષ વિકાસની આવશ્યકતા તેમજ અપેક્ષા ધરાવે છે. તેની બાજુએ આશરે વીશેક વીઘા જમીનનો ટુકડો પડયો છે તે ટુકડો કાળાન્તરે ત્યાં જૈન વિદ્યાર્થીભવન ઉભું કરવાના હેતુથી ખરીદી લેવાનું જવાબદાર જૈન આગેવાનો તરફથી ડો. બુલચંદજીને ખાસ કહેવામાં આવ્યું છે.

આની સાથે જ જોડાયલી બીજી પ્રવૃત્તિ Jain Cultural Research Society-જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ-ની છે. આ મંડળની થોડા સમય પહેલાં જ સ્થાપના કરવામાં આવી છે. ડૉ. બૂલચંદજી આ મંડળના પ્રમુખ છે. (૧) જૈન તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને સાંસ્કૃતિક સાહિત્યનું સંશોધન (૨) જૈન સંપ્રદાયોનો ઇતિહાસ અને તેમની મૌલિક એકતાના આધારોનું અન્વેષણ અને (૩) સંશોધનાત્મક સાહિત્યનું પ્રકાશન એ મંડળના ઉદ્દેશો છે અને જૈનો આગેવાનો

મારી 'જિજીવિષા' અને મારૂં 'રામરાજ્ય'

પુદ્ગલ-પરાવર્તનની શક્યતા

યુનાઇટેડ પ્રેસના શ્રી. શૈલેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે મને નીચેના પ્રશ્નો પૂછ્યા છે.

૧. આપ ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા શા માટે રાખો છો?

૨. રામરાજ્ય એટલે શું?

પ્રશ્નો એટલા ઉચિત અને (મારે માટે) ટાણાસરના છે કે આજકાલ જવાબ ન આપવાની મેં જે ટેવ પાડી છે એને છોડીને આ સવાલના જવાબ આપવાને હું લલચાયો છું. એજ સવાલો મુલાકાતીઓ અને પત્ર લખનારાઓ પૂછ્યા કરે છે, તેથી હું આ તકને વધાવી લઉં છું અને મારી શક્તિ પ્રમાણે એક વખત એના જવાબ આપીને એ સવાલો પતાવી દેવાની આશા રાખું છું.

૧૨૫ વર્ષનું આયુષ્ય કેમ સધાય

મુંબઇમાં મહાસમિતિની બેઠકમાંના ૧૯૪૨ ની ૮ મી ઓગસ્ટના મારા ભાષણ દરમિયાન ૧૨૫ વર્ષ જીવવાનો વિચાર મારા મગજમાં એકાએક સ્ફુર્યો. સંભવ છે કે ખાનગી વાતચીતમાં પહેલાં પણ એ વિચાર મેં પ્રકટ કર્યો હોય. પણ તેમ કર્યાનું મને અત્યારે સ્મરણ નથી.

ઇષોપનિષદ્નો હું સતત અભ્યાસી છું. એમાં ફક્ત ૧૮ મંત્રો જ છે. બીજા મંત્રના પૂર્વાર્ધમાં કહેલું છે કે "આ પૃથ્વી ઉપર કર્તવ્ય કર્મ કરતો કરતો ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા રાખ." મૂળમાં સંખ્યાવાચક શબ્દ 'શતમ્' છે. એનું ભાષાંતર સો કરવામાં આવશે. પરંતુ મારા ભાષણ પહેલાં થોડા જ વખત અગાઉ તેનું એક ભાષ્ય મારા વાંચવામાં આવ્યું. જેમાં 'શતમ્' નો અર્થ ૧૨૦ કે ૧૨૫ કરવામાં આવેલો મેં જોયો. સભામાં મેં મોટામાં મોટો આંકડો ઇરાદાપૂર્વક વાપર્યો. કારણ મારે માટે નિર્માયેલું કામ પૂરૂં પાડવા બને તેટલું વધારે જીવવાની મારી ઉત્કટ ઇચ્છા હું ત્યાં પ્રગટ કરવા ઇચ્છતો હતો. એ ઇચ્છા પ્રગટ કરવામાં મેં માનેલાં ધર્મ-વચનો પ્રમાણે વર્તવાની ઇચ્છા રાખવાની મારી જૂની ટેવને હું અનુસર્યો.

વળી નિસર્ગપ્રચારક તરીકે હું માનું છું કે આયુષ્યની પૂરી અવધ પ્રમાણે જીવવું માણસને માટે શક્ય છે. વૈદકીય દૃષ્ટિએ જોતાં એ શક્યતા મારે માટે ઓછી ગણાય. કારણ હું હંમેશાં કુદરતને અનુસર્યો નથી. બરાબર કુદરતી રીતે જીવન ગાળવાનું તો દક્ષિણ આફ્રીકામાં સને ૧૯૦૩ માં અથવા તે સુમારમાં મેં શરૂ કર્યું. મારા પરિણીત જીવનના પૂર્વ ભાગમાં બ્રહ્મચર્યનો અભાવ એ પણ પૂરી અવધ જીવવાની સામે જાય છે.

બીજી બાબતોની બાદબાકી નૈસર્ગિક ઉપચારના મારા વિચારોમાં પણ ઉત્તરોત્તર પ્રગતિ થતી ગઇ છે. ઘણાં વર્ષોથી હું માનતો આવ્યો છું કે માણસ પ્રભુમય જીવન ગાળતો થાય તો દીર્ઘાયુષ્ય સામેની મુશ્કેલીઓને તે તરી જઇ શકે. વળી મેં કરેલાં નિરીક્ષણ ઉપરથી તેમ જ શાસ્ત્રના વાચન ઉપરથી હું એ નિર્ણય ઉપર આવ્યો છું કે માણસને એ મહાન શક્તિ ઉપર સંપૂર્ણ અને જીવનતઃ શ્રદ્ધા હોય અને એણે રાગદ્વેષ જીત્યા હોય તો એના શરીરમાં આન્તરિક રૂપાન્તર થવા પામે છે.

આ વસ્તુ કેવળ ઇચ્છા કર્યે પ્રાપ્ત થતી નથી. તે માટે સતત જાગ્રતિ ને સતત અભ્યાસની જરૂર છે અને તે બે હોવા છતાં પણ જ્યાં સુધી ઇશ્વરની કૃપા ન ઊતરે ત્યાં સુધી મનુષ્યપ્રયત્નનું કશું ચાલતું નથી.

રાગ ઉપર વિજય મેળવવો એ બહુ કઠણ વસ્તુ છે. જો અમા ન હોય તો સંપૂર્ણ અહિંસા સિદ્ધ કરવી બહુ સહેલી વાત થઇ પડે. અહિંસા વિષે મારૂં ઠીક જ્ઞાન અને તે પ્રમાણે આચારનો પ્રયત્ન હોવા છતાં રાગ ઉપર વિજય મેળવવામાં હું કેવળ દમનની કક્ષા સુધી જ પહોંચ્યો છું. દમન કરવામાં શરીર તેમ જ મન ઉપર ભારે તાણ પડે છે. ખરી વસ્તુ તો શમન છે. એનો અર્થ એ નથી કે માણસમાં લાગણી જ ન રહે. જે પ્રાણીમાત્ર સાથે અભેદ અનુભવવા ઇચ્છે છે તેને જગતના આ દુઃખો જોઇને જરૂર લાગણી થાય. પરન્તુ એ તેનાથી નિર્લેપ રહેવો જોઇએ. આવી જાતની સમતામાંથી જે ક્રિયા નિપજે તેની અસર દૂરગામી, વ્યાપક અને સત્વર હોય. સ્વાભાવિક રીતે એ ક્રિયા સંપૂર્ણ અહિંસક હોય.

આ વસ્તુ સિદ્ધ કરવી કઠણ છે તેથી ચિન્તા કરવાની જરૂર નથી. આપણે સાચે માર્ગે હોઇએ તો ધ્યેયની સમીપ જ જઇએ છીએ. તેથી જો કે હું ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા રાખું છું અને આશા પણ સેવું છું. તો પણ કાલે જ મરણ આવે તોય શું? મરણને ભેટતાં મને કોઇ જાતની શોકની કે નિષ્ફળતાની લાગણી થવાની નથી. હું વહેલો ચાલ્યો જાઉં તો તેનું મને કશું દુઃખ નથી. વળી હું લાંબું જીવવાની ઇચ્છા સેવું છું તેથી કાંઇ મારી પ્રવૃત્તિઓમાં શિથિલતા ન થવી જોઇએ. એ ઇચ્છા ફળીભૂત થવાના ગર્ભમાં જ કશી પણ ચેત-વણી વિના શરીરનો ત્યાગ કરવાની તૈયારી હોવી જોઇએ. બીજી શરત એ છે કે રોજનું કામ સહેલાઇથી ઉકેલાવું જોઇએ. કોઇ પણ જાતની તાણ મૃત્યુને આગળ લાવે છે.

મૃત્યુ એ કાંઇ તમામ પ્રયત્નોનો અંત નથી. જો મૃત્યુ એ મનુષ્ય પ્રયત્નોનો અંત હોય તો એ જીવન્ત કાયદો જેને આપણે 'ઇશ્વર' નામે ઓળખીએ છીએ તેની તોહીન જ થાય. આ જીવન પછી શું? એ ઇશ્વરી ભેદ છે. એમાં ડોકીયું કરવાનો આપણને અધિકાર નથી. આટલું જાણવા પૂરતી બધ્ધા આપણામાં હોવી જોઇએ કે સાચી રીતે જીવેલાં જીવન પછીનું મરણ એ બીજા વધારે સારાં અને વધારે સમૃધ્ધ જીવનનો આરંભ છે.

રામરાજ્ય એટલે શું?

હવે રામરાજ્ય વિષે. એનો ધાર્મિક અર્થ આ પૃથ્વી ઉપર ઇશ્વરનું રાજ્ય એવો થાય. એનો રાજકીય અર્થ સંપૂર્ણ લોકતંત્ર, જેમાં ધન, રંગ, કોમ, સંપ્રદાય કે લિંગના ભેદ ઉપર રચાયેલી અસમાનતાઓને સ્થાન ન હોય, જેમાં જમીન અને રાજસત્તા લોકો પાસે હોય, જેમાં ઇન્સાફ સત્વર પૂરો અને સસ્તો હોય, જેમાં ધર્મની, વાણીની અને અખબારની સ્વતંત્રતા હોય. આ બધું એટલા જ માટે શક્ય બને છે કે એમાં જાતે સ્વીકારી લીધેલા નીતિ અને સંયમના નિયમથી તંત્ર ચાલે છે.

આવું રાજ્યતંત્ર સત્ય અને અહિંસા ઉપરજ જ રચી શકાય. અને તે સમૃધ્ધ, સુખી અને સ્વાવલંબી ગામડાં અને ગ્રામપંચાયતોનું બનેલું હોય. સંભવ છે કે મારૂં આ સ્વપ્નું સ્વપ્નું જ રહી જાય. પરંતુ એ સ્વપ્નસૃષ્ટિમાં જીવવામાં, વહેલામાં વહેલું એ સિધ્ધ કરવાના પ્રયત્નમાં મોટું સુખ અને શાન્તિ રહેલાં છે.

મોહનદાસ કરમચંદ ગાંધી.

પ્રમાણીક સંપાદન તથા પ્રકાશન, સન્મતિ સાહિત્યમાળાનું તથા મંડળના મુખપત્રનું પ્રકાશન આદિ પ્રવૃત્તિઓ આ મંડળ હાથ ધરવા માંગે છે. આ મંડળની કાર્યકારિણી સમિતિ તેમજ સંપાદન સમિતિ હિંદભરના કેટલાક જાણીતા વિદ્વાનોની બનેલી છે અને આ મંડળના કાર્યને આર્થિક તેમજ અન્ય પ્રકારે સહકાર અને સહાયતા આપીને આગળ વધારવાની ખાસ આવશ્યકતા છે.

હિંદુ યુનીવર્સીટીમાં સ્થપાયેલ જૈન ચેરના પાર્શ્વનાથ જૈન આશ્રમ અને જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ પુરક અંગો છે અને ત્રણેના સંપુર્ણ વિકાસદ્વારા હિંદુ યુનીવર્સીટીની છાયમાં એક મહત્વપૂર્ણ જૈન સંસ્કૃતિ કેંદ્ર ઉભું કરવું એ આ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓનું ધ્યેય છે. આ સર્વ પ્રવૃત્તિઓ પાછળ ડો. બુલચંદનો શક્તિશાળી આત્મા છે. હિંદભરના જૈન સમાજને આ આખી પ્રવૃત્તિને અપના-વવાનો અને ત્યાંના કાર્યકર્તાઓનાં સ્વપ્નને અલ્પ સમયમાં મૂર્તિમન્ત કરી આપવાનો ખાસ અનુરોધ કરવામાં આવે છે. **પરમાનંદ**

વિશ્વસમસ્યા અને વ્રતવિચાર

(સદ્‌ગત ડૉ. વેણીપ્રસાદ જૈન હતા, જૈન ધર્મના ઊંડા અભ્યાસી હતા, અને અલ્હાબાદ યુનીવર્સીટીમાં રાજનીતિ શાસ્ત્રના અધ્યાપક હતા. તેમણે જૈન ધર્મના જ માત્ર નહિ પણ સમગ્ર હિંદુ ધર્મના આચાર વિચારના પાંચ મુખ્ય 'રથંભસમાન પાંચ વ્રત–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય' અને અપરિગ્રહના ધોરણે આપણા જગતની આધુનિક સમસ્યાઓનો ઉકેલ દાખવતો 'World Problems and Jain Ethics' એ મથાળાનો એક વિચારપ્રેરક નિબંધ લખ્યો હતો જે બનારસની 'જૈન કલ્ચરલ રીસર્ચ સોસાયટી' તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. થોડા સમય પહેલાં જ એ અતિ તેજસ્વી અને આશાસ્પદ તારકનો અસ્ત થયો. એમના ઉપર જણાવેલ લેખનો અક્ષરશઃ નહિ પણ સારગ્રાહી અનુવાદ મૂળ હિંદીમાં કરવામાં આવેલો જે તેમણે મંજુર કર્યો હતો. તે હિંદી લેખનો આ અનુવાદ શ્રી. શાન્તિલાલ મણિલાલે કરી આપ્યો છે જે માટે તેમનો આભાર માનવામાં આવે છે. ડૉ. વેણીપ્રસાદની માત્ર જૈન સમાજને જ નહિ પણ આખા હિંદી સમાજને કેવડી મોટી ખોટ પડી છે તેનો તેમના આ નાના સરખા છતાં વિદ્વત્તાપૂર્ણ અને વિચાર-ગૂહન નિબંધ ઉપરથી 'પ્રબુદ્ધ જૈન'ના વાંચકોને ખ્યાલ આવશે. થોડા સમય પહેલાં ડૉ. ભગવાનદાસના પ્રમુખપણા નીચે સ્થપાયેલ હીંદી કલ્ચર એસોસીએશનના તેઓ એક અતિ ઉપયોગી સભ્ય હતા. **પરમાનંદ.**)

ધર્મની પરિભાષા

ધર્મની અનેક રીતે વ્યાખ્યા કરવામાં આવે છે, પરંતુ માનસ-શાસ્ત્રની દૃષ્ટિએ આપણે કહી શકીએ છીએ કે વ્યક્તિનો સમષ્ટિ અને મૌલિક આધ્યાત્મિક તત્ત્વોની સાથે મેળ એજ વસ્તુતઃ ધર્મ છે. તેથી ધર્મમાં એક બાજુ તો જીવ, અજીવ અને તેમના પારસ્પરિક સંબંધોનો વિચાર કરવામાં આવે છે તો બીજી બાજુ મનુષ્ય પોતાના સ્વરૂપનો બોધ અને પોતાની અભિવ્યક્તિ જેવી રીતે કરે છે તેનું નિરૂપણ કરવામાં આવે છે. આ બીજી દૃષ્ટિને સન્મુખ રાખી આપણે એ જોવાનો પ્રયત્ન કરશું કે જેને સમગ્ર માનવ સમાજ પોતાના વિશાળ અનુભવથી સંસારને માટે કલ્યાણકારી માને છે તેવા કયા કયા સિદ્ધાન્તોનો ધર્મમાં સમાવેશ થાય છે. બીજા શબ્દોમાં આપણે એ જોવાનો પ્રયત્ન કરશું કે ધર્મમાં કયાં સુધી સામાજિક ન્યાય, હિત અને સુખનાં તત્ત્વોનો સમાવેશ થાય છે.

જૈન આચાર

આ સામાજિક દૃષ્ટિકોણને સન્મુખ રાખી આપણે સંક્ષેપમાં જૈન–આચારશાસ્ત્ર ઉપર દૃષ્ટિપાત કરશું. સંક્ષેપમાં તેમાં પાંચ મહાવ્રત તથા અણુવ્રતનું વિધાન છે. પાંચ મહાવ્રત આ પ્રમાણે છે–અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. મહાવ્રતોના મર્યાદિત પાલનને અણુવ્રત કહેવામાં છે. તેથી અહિંસાદિ પાંચવ્રતોનો અણુવ્રતમાં પણ સમાવેશ થાય છે. આ પાંચ અણુવ્રતોની રક્ષા વાસ્તે ત્રણ ગુણવ્રત–દિગ્વિરતિ, દેશવિરતિ અને અનર્થદંડવિરતિ તથા ચાર શિક્ષાવ્રત–સામાયિક, પોષધોપવાસ, ભોગોપભોગપરિમાણ અને અતિથિસંવિભાગનું વિધાન કરવામાં આવ્યું છે. એક બીજી દૃષ્ટિએ ધર્મના દશ લક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ધર્મનાં તે દશ લક્ષણ આ પ્રમાણે છે–૧. ઉત્તમ ક્ષમા, ૨. ઉત્તમ માર્દવ, ૩. ઉત્તમ આર્જવ, ૪. ઉત્તમ શૌચ, ૫. ઉત્તમ સત્ય, ૬. ઉત્તમ સંયમ, ૭. ઉત્તમ તપ, ૮. ઉત્તમ ત્યાગ, ૯. ઉત્તમ અકિંચનતા અને ૧૦ ઉત્તમ બ્રહ્મચર્ય. જો અહિં બધા મહાવ્રત, અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત અને ધર્મના દશ લક્ષણોની ચર્ચા કરશું તો લેખ બહુ લાંબો થઈ જશે. તેથી અહિં તો કેવળ સામાજિક સંબંધ, વર્તન અને સંગઠનની દૃષ્ટિએ જૈન આચારશાસ્ત્રના પાંચ મુખ્ય વ્રત અને અણુવ્રતની ચર્ચા કરવી યોગ્ય લાગે છે. આપણા પ્રાચીન વિચારકોની દૃષ્ટિ કેટલી સૂક્ષ્મ હતી તેનું આથી વધારે બીજું કયું પ્રમાણ હોય શકે કે તેઓએ ઉચ્ચજીવન માટે સૌથી પહેલો અને સૌથી વધારે ઉત્કૃષ્ટ સિદ્ધાંત અહિંસા માન્યો છે.

સામાજિક સંબંધોમાં હિંસાનું સ્થાન

આજ સુધી મનુષ્યોના પારસ્પરિક સંબંધનું નિયમન, સર્વાંશતઃ નહિ પણ અધિકાંશતઃ પાશવ બલપ્રયોગ (હિંસા) ના આધારે થતું આવ્યું છે. અર્થાત્ વ્યક્તિ, દલ, વર્ગ, રાષ્ટ્ર અથવા વિભિન્ન જાતિઓ પોતાના ભૌતિક બળનો ઉપયોગ કરીને જ બીજાનું શોષણ કરતી આવી છે. તેમને પોતાના આધિપત્યમાં રાખી તેમનો પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે આજ સુધી ઉપયોગ કરવામાં આવ્યો છે. આનું ફળ એ આવ્યું છે કે વ્યક્તિના વ્યક્તિત્વની અને મનુષ્યત્વની મર્યાદાની કોઈ કીમત નથી રહી. બીજી બાજુ, જેમના ઉપર બળપ્રયોગ કરવામાં આવ્યો તેમણે ધૂર્તતા અથવા છળપ્રપંચનો આશ્રય લીધો છે. આ રીતે બળપ્રયોગ અને છળકપટ એક બીજાનાં પૂરક બન્યાં છે. જ્યારે આપણે સામાજિક સંબંધોનું વિશ્લેષણ કરીએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે આ બંને એક જ વસ્તુનાં બે જુદાં જુદાં રૂપ છે. છળકપટનું અવલંબન માત્ર શોષિત જ નથી લેતા, પરંતુ બળનો પ્રયોગ કરવા છતાં જ્યારે તેમાં કાંઇક ત્રુટી જણાય છે ત્યારે પોતાના શોષણનું ચક્ર પૂર્ણપણે ગતિશીલ કરવા શોષક પણ છળકપટનો આશ્રય લે છે. આઝાદી–સ્વાધીનતા–તરફ દરેક વ્યક્તિને ખેંચી જતી સ્વાભાવિક પ્રેરણાઓ પરાધીન દશા સાથે હંમેશાં ધર્ષણમાં આવે છે. સ્વાધીનતા તરફ દરેક વ્યક્તિ સ્વભાવથી જ ખેંચાય છે. ગ્રેહામ વેલેસે સ્વાધીનતાની સુંદર વ્યાખ્યા કરી છે. તે કહે છે કે સંપૂર્ણ ઉન્નતિના પથ પર સદા અગ્રસર રહેવાની અને ઉન્નત બનવાની સતત આન્તરિક પ્રેરણા–એક શબ્દમાં કહીએ તો સ્વાનુભૂતિ–એ જ સ્વાધીનતા છે. તેથી પરાધીનતા–ગુલામી–સામે માનવીનુ માનસ સ્વભાવતઃ બળવો અનુભવે છે. સત્તાધીશો આ બળવાની સ્વાભાવિક વૃત્તિને દબાવે છે, પ્રચાર દ્વારા જીવનનું ભાન ભુલાવે છે, અને ભય, લોભ, જડતા, સ્વાર્થપરતા આદિ પતન તરફ લઇ જનારી પ્રવૃત્તિઓને ઉત્તેજન કરીને જીવનનાં સ્વાભાવિક મૂલ્યોની વિસ્મૃતિ કરાવે છે. આમ આજના સામાજિક સંબંધોના મૂળમાં બળપ્રયોગ અને છળકપટ વ્યાપ્ત છે. આ ઉપરથી આધુનિક સમાજશાસ્ત્રી એજ નિર્ણય ઉપર આવે છે કે સભ્યતાનો મૂળ આધાર આ બળપ્રયોગ અને છળકપટ જ છે.

વર્તમાન યુગની મૂળ સમસ્યા

આ આક્ષેપ સત્ય છે અને ખાસ કરીને આધુનિક યુગ વિષે તો આ વધારે સત્ય છે. છેલ્લાં સો વર્ષમાં પહેલાં જે એક સ્થાનથી બીજા સ્થાનનું અન્તર હતું તે નષ્ટ થઇ ગયું છે. વિભિન્ન જાતિઓ, સંસ્કૃતિઓ અને વિચારના દૃષ્ટિકોણ એક બીજાની નજીક આવ્યાં છે. આવી અવસ્થામાં નવીન વ્યવસ્થા માટે પ્રયત્ન થવો અનિવાર્ય છે, પરંતુ આવા પ્રયત્નોની પાછળ પ્રાયઃ વર્ગવિશેષનું પ્રભુત્વ સ્થાપિત કરવાની ભાવના પ્રધાન રહી છે. તેથી પ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રી બટ્રાન્ડ રસેલને કહેવું પડ્યું છે કે જેમ ભૌતિક વિકાસનો મૂળ આધાર શક્તિ છે તેમ રાજનીતિનો મૂળ આધાર બળપ્રયોગ છે. છેલ્લા બસો વર્ષના ઇતિહાસમાં વિજ્ઞાનની પ્રગતિ સૌથી વધારે પ્રધાન રહી છે. વિજ્ઞાને ઉત્પાદન અને સંગઠનનાં નવાં યંત્રો આપ્યાં, જેથી સંસારના બધાં સ્ત્રી–પુરૂષો માટે આનંદ અને સુખ, સંસ્કૃતિ અને જ્ઞાન તથા શાન્તિ અને સુરક્ષાનાં સાધન સુલભ થયાં છે. પરંતુ અત્યાર સુધી થોડાજ દેશોમાં અને તેમાં વળી થોડાજ વર્ગોમાં આ સાધન સુલભ થઇ શકયાં છે. આમાં યુદ્ધને લીધે વચ્ચે વચ્ચે વ્યવધાન પણ પડે છે. આનું કોઈ ગૂઢ કારણ નથી. આનું મુખ્ય કારણ તો સંઘર્ષ, ઘૃણા, શોષણ અને પરાજયની જૂની ભાવનાઓથી ઓતપ્રોત જાતિઓ, રાષ્ટ્રો, વર્ગો અને સમ્પ્રદાયોએ નવીન સાધનો ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરી લીધો છે તે છે. તેથી આજે આપણે આ વિરોધાભાસ જોઇએ છીએ કે વસ્તુઓની પ્રચુરતા હોવા છતાં મનુષ્ય ગરીબ છે. અને આત્મપ્રકાશના અનેક સાધન ઉપલબ્ધ હોવા છતાં પણ તે અંધકારથી વ્યાપ્ત છે.

સ્વપ્નભંગ

આ સમસ્યા આખી દુનિયાની સામે ઉપસ્થિત છે. આ સમસ્યાનો ઉકેલ આણવા માટે દાર્શનિકોએ અને રાજનીતિજ્ઞોએ વિવિધ યોજનાઓ ઘડી છે. આજથી ૨૫ વર્ષ પહેલાં, ગત પ્રથમ મહાયુદ્ધના અંત પછી, માનવકુલોના વિચારશીલ પુરૂષોનું ધ્યાન લોકતંત્રવાદ, આત્મનિર્ણય, આન્તરરાષ્ટ્રીય સહયોગ તથા ન્યાય્ય નિઃશસ્ત્રીકરણ અને સ્થાયી શાન્તિના ઉપાય શોધવામાં પ્રવૃત્ત થયેલું. તે સમયની યુગભાવના અમેરિકાના પ્રેસીડેન્ટ વુડરો વિલ્સનની વાણીમાં વ્યકત થઈ. તેના આદર્શવાદ અને વાગ્મિતાએ પૂર્વ અને પશ્ચિમના લોકોને એક સરખી રીતે આકર્ષિત કરેલાં. પરંતુ ૨૦ વર્ષના ગાળામાંજ બધાં સ્વપ્નો નષ્ટ થઈ ગયાં. અને ફરીથી વર્તમાન યુદ્ધ શરૂ થયું, સ્વપ્નભંગનું પ્રધાન કારણ રાજનીતિમાં પ્રાયઃ થતી આપણી એક ભૂલ છે. આપણે રાજનૈતિક અને આર્થિક ક્ષેત્રના રોગોના મૂળ કારણનો ઉપચાર ન કરતાં લક્ષણોનો ઉપચાર કરવાનો પ્રયત્ન કરીએ છીએ. રાજનીતિનું વાતાવરણ અશાન્તિ અને જલ્દી જલ્દી બધું પતાવી નાખવાની વૃત્તિથી વ્યાપ્ત હોય છે. સામાન્યતઃ રાજનીતિજ્ઞ ઉંડાણમાં ન ઉતરતાં કેવળ ઉપરના સ્તરનું નિરીક્ષણ કરે છે અને ઉપર ઉપરથી ઉપચાર કરી સંતોષ માને છે. ૧૯૧૮ થી ૨૦ ના સંસારમાં આજ વસ્તુ બનેલી. આનું ફળ એ આવ્યું કે જૂના રોગો ફરીથી દેખાવા લાગ્યા અથવા તે રોગો ચાલુ જ રહ્યા. શસ્ત્રીકરણની પ્રતિદ્વન્દ્વિતા પહેલાના જેવી જ રહી, ગુપ્ત કૂટનીતિ કાયમ રહી, અને ઉગ્ર રાષ્ટ્રીયતા, સામ્રાજ્યવાદ, સબલ દ્વારા નિર્બળનું શોષણ, નીતિગત અહંકાર તથા યુદ્ધની બોલબાલા રહી. સ્વપ્નભંગના એક દુઃખદ પરિણામનો અહિં ખાસ ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે. જ્યારે ઉદાત્ત વિચાર અને અદમ્ય ઉત્સાહની સૌથી વધારે આવશ્યકતા હતી ત્યારે નિરાશાને લીધે મનુષ્યમાં બધી વાતોનો ઉપહાસ કરવાની અને તેમાં દોષ કાઢવાની એક વિશેષ વૃત્તિ ઉત્પન્ન થઈ. પાશ્ચાત્ય રાજનીતિ મૌલિક પુનર્નિર્માણની વાતથી ભડકે છે અને એમજ માલુમ પડે છે કે એનામાં ભવિષ્ય વિષે વિશ્વાસ નથી રહ્યો.

યુદ્ધ : વર્તમાન સમાજવ્યવસ્થાનું એક અંગ

તેથી અહિં એ નિર્દેશ કરવો જરૂરી લાગે છે કે યુદ્ધ, શસ્ત્રીકરણ અને કુટિલ રાજનીતિ આ બધાં એક બીજાથી જુદાં નથી. આનાં તાત્કાલિક કારણો ઉપર દૃષ્ટિપાત ન કરીએ તો. પણ એટલું તો કહેવું જ પડશે કે પોતાનો દાવો મનાવવાનો અને ઝગડાનું નિરાકરણ કરવાના ઉપાયરૂપે આ બધાનો ઉપયોગ થયો છે. સંક્ષેપમાં જે સમાજ, વ્યવસ્થામાં હિંસા આવશ્યક ગણાતી હોય અને એક વર્ગ બીજા વર્ગ ઉપર બળ પ્રયોગ કરી તેનું શોષણ કરતો હોય તે સમાજ વ્યવસ્થામાં આ બધું સર્વથા સ્વાભાવિક છે. આપણું સામાજિક જીવન ધૂણા, નૈરાશ્ય અને શોષણથી ઓતપ્રોત છે તેથી બલપ્રયોગ દ્વારા ઝગડાનું નિરાકરણ કરાય છે. આ ભાવના આન્તરરાષ્ટ્રીય સંબંધોમાં, આંતરિક સંગઠનમાં, સાહિત્યમાં અને જીવનના પ્રત્યેક દૃષ્ટિકોણમાં ઓતપ્રોત છે. સામાજિક જીવનમાં પણ હજી બલપ્રયોગ અને છળકપટનું પ્રાધાન્ય છે. તેથી સુધારનો પ્રારંભ મૂળમાંથી થવો જોઇએ. જનતાને અત્યધિક બૌદ્ધિક અને નૈતિક પ્રયત્ન વડે આ વાત સમજાવવાની ખાસ આવશ્યકતા છે કે વર્તમાન સંઘર્ષોનો અંત કરવાનો અને વિશ્વશાન્તિની સ્થાપના કરવાનો ઉપાય બલપ્રયોગ (હિંસા) નથી. અહિંસા જ તેનો એક માત્ર ઉપાય છે. તેથી અહિંસાના પાયા ઉપરજ સામાજિક સંબંધોનું સંશોધન થવું જરૂરી છે.

આન્તરરાષ્ટ્રીય અનુભવ

સ. ૧૯૧૯માં સ્થાપિત રાષ્ટ્રસંઘ તથા નિઃશસ્ત્રીકરણ કમીશનો અને સમ્મેલનોના અનુભવ ઉપરથી માલુમ પડે છે કે યુદ્ધનું નિરાકરણ તેના મૂળભૂત કારણ હિંસાના નિરાકરણથીજ શકય છે. અહિંસાની ઉચ્ચ ભૂમિકા ઉપર આવવાનો અર્થ એ છે કે રાજનૈતિક અને આર્થિક ક્ષેત્રમાં એક વર્ગ પર બીજા વર્ગના પ્રભુત્વના વિચારને તિલાંજલિ આપવી પડશે અને યુરોપ અથવા અમેરિકાની, એશિયા અથવા આફ્રીકાની બધી પ્રજાઓની અબાધ ઉન્નતિના અને તેમને સમાન અવસર આપવાના સિદ્ધાન્તનો વ્યાવહારિક રૂપે સ્વીકાર કરવો પડશે.

(અપૂર્ણ)

ડો. વેણીપ્રસાદ

આજના રાજ્યવહીવટમાં ગંભીર ફેરફાર સૂચવતી સરકારની નવી દરખાસ્તો

આજે દેશભરમાં જે રાજકીય મડાગાંઠ ઘર ઘાલીને બેઠી છે તેનો ઉકેલ લાવવાના હેતુથી તા. ૧૪–૬–૪૫ ના રોજ અંગ્રેજ સરકાર તરફથી નીચે મુજબની દરખાસ્તો રજુ કરવામાં આવી છે.

(૧) હિંદી સરકારની મધ્યસ્થ કારોબારી સભા નામદાર ગવર્નર જનરલ અને સરસેનાધિપતિ સિવાય કુલ હિંદીઓની બનશે અને યુધ્ધ ખાતા સિવાય બીજા બધા ખાતાઓ–નાણાખાતું તથા પરદેશોને લગતું દફ્તર પણ–હિંદીઓને સોંપવામાં આવશે.

(૨) આ કારોબારી સભા સર્વ વર્ગોનું પ્રતિનિધિત્વ ધરાવતી હશે અને તેમાં મુસલમાનો અને સવર્ણ હિંદુઓનું પ્રતિનિધિત્વ સરખું રહેશે.

(૩) આ કારોબારી અત્યારના બંધારણના ચોગઠામાં રહીને કામ કરશે અને નામદાર વાઇસરોયની ખાસ સત્તા (વીટો પાવર) નો અંકુશ કાયમ રહેશે. આમ છતાં પણ આ સત્તાનો ગેરવ્યાજબી રીતે ઉપયોગ કરવામાં આવશે નહિ.

(૪) આ કારોબારીની નીમણુંક પચ્ચીશમી જુનના દિવસે સીમલામાં બોલાવવામાં આવનાર નીચે જણાવેલ આગેવાનોની પરિષદ સાથે મંત્રણા કર્યા બાદ ગવર્નર–જનરલ પોતે કરશે. ઉપર જણાવેલ નેતા પરિષદમાં નીચે જણાવેલ વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવશે.

પ્રાન્તોમાં અત્યારે જે વડા પ્રધાનો અધિકાર ઉપર હોય અથવા તો ૯૩ મી કલમ નીચેના પ્રાન્તોમાં છેલ્લાં છેલ્લાં જેમણે વડા પ્રધાનોનો અધિકાર ભોગવ્યો હોય તેઓ, મધ્યસ્થ ધારાસભાના કોંગ્રેસ પક્ષના નેતા, મુસ્લીમ લીગ પક્ષના ઉપનેતા, રાજસભા (કાઉન્સીલ ઓફ સ્ટેટ)ના કોંગ્રેસ અને લીગ પક્ષના નેતાઓ, તથા ધારાસભાના નેશનાલીસ્ટ પક્ષ તથા યુરોપીયન પક્ષના નેતાઓ તથા બે પ્રમુખ રાજદ્વારી પક્ષના નેતાઓ તરીકે મહાત્મા ગાંધી અને જનાબ ઝીણા.

(૫) નવી કારોબારીનું મુખ્ય કાર્ય નીચે મુજબ રહેશે.

(૬) જાપાનનો સંપૂર્ણ પરાજય થતાં સુધી પુરેપુરી તાકાતથી જાપાન સામેનું યુદ્ધ ચલાવવું.

(૫) નવા કાયમી બંધારણ વિષે નિરાકરણ થાય અને તે અમલમાં આવે ત્યાં સુધી બ્રીટીશ હિંદની સરકાર સમક્ષ પડેલા યુદ્ધોત્તર વિકાસનાં વિવિધ કાર્યો સમેત બ્રીટીશ હિંદની સરકારનો વહીવટ ચલાવવો.

(૭) આવું બંધારણીય નિરાકરણ કેવા ઉપાયો દ્વારા સિધ્ધ થઈ શકે તેમ છે તે વિષે સરકારના સભ્યો વિચારણ કરતા રહે અને યોગ્ય લાગે તેવા પ્રયત્નો હાથ ધરે.

(૬) હિંદમાં બ્રીટનના વ્યાપારી તથા ઇતર હિતોની રક્ષા કરવા માટે સંસ્થાનોની માફક હિંદ માતે પણ એક બ્રીટીશ હાઇ કમીશનરની નીમણુંક કરવામાં આવશે.

આ ઉપરાન્ત પ્રાન્તોમાં જ્યાં જ્યાં ૯૩ મી કલમ હેઠળ સરકારી વહીવટ ચાલે છે ત્યાં ત્યાં વિસર્જન થયેલા પ્રધાન મંડળો પુનઃ અસ્તિત્વમાં આવે અને વહીવટની જવાબદારીઓ ધારણ કરે એવી અને આ પ્રધાનમંડળો મિશ્ર હોય એવી વાઇસરોય તરફથી આશા સેવવામાં આવી છે.

કોંગ્રેસની કારોબારી સમિતિના સર્વ સભ્યોને મુકત કરવામાં આવ્યા છે અને બાકીના રાજકેદીઓની મુકિતના પ્રશ્નનો ઉપર જણાવ્યા મુજબની નવી મધ્યવર્તી સરકાર ઉભી થાય તો તેને અને પ્રાન્તિક સરકારોને સોંપવામાં આવ્યો છે.

આ બધા રાજકીય ફેરફારોને માત્ર બ્રીટીશ ઇન્ડીઆ સાથે જ સંબંધ છે. દેશી રાજ્યો સાથેના સંબંધોમાં આ દરખાસ્તોથી કશો પણ ફેરફાર થવાનો નથી.

આ દરખાસ્તોએ રાજદ્વારી ત્રણ ગુંચો તત્કાળ માટે ઉભી કરી છે.

વીતરાગની મૂર્તિની આ તે કેવી વિડંબના ?

(પર્વદિવસોએ તીર્થંકર પ્રભુની મૂર્તિ ઉપર થતી જાત જાતની આંગીઓ અને શણગારરચનાથી અનુભવેલા આઘાતને ડૉ. જયન્તીલાલ એમ. બદામીએ પોતાની વિશિષ્ટ શૈલિ વડે નીચેની પંક્તિઓદ્વારા સુન્દર અને સચોટ રીતે વ્યક્ત કર્યો છે. પરમાનંદ)

શાન્ત અને પદ્માસને અલંકૃત
દયાનિધિ કેવલજ્ઞાની !
મહાપ્રભુ નિરંજન નિરાકાર તીર્થંકર !
વીરોના વીર ને આત્માના ઉદ્ધારક !
આજ કયાં તારી શાન્ત મુખમુદ્રા ને
કયાં ગયા અમીઝરંતાં ચક્ષુઓ ?
એક ધ્યાને આત્માસહ સંચરવા સૂચવતું
જામા વાઘા તળે કેમ સંતાડયું પદ્માસન ?
હા – કારણ —
ધર્મઘેલછાએ શિલ્પના શાન્ત સૌમ્ય ભાવ વેડફ્યા ને
કૃત્રિમ અનન્ત આભૂષણો ચઢાવ્યાં.
શાસ્ત્રના નિયમો ઉલ્લંઘી
શાન્ત સર્જાયેલી મૂર્તિ રાગી બનાવી.
રત્નોજડિત મુગુટ પહેરાવી
મુખભાવ વિકૃત કીધાં;
હીરા મોતી પાનાએ અંગ મઢી
સ્ફટિક સૌંદર્ય ગૌણ ગણ્યું.
વાઘા, જામા, સાફા રચી
કૃષ્ણના શૃંગારની સ્પર્ધા કીધી.
જીવાજીવની સૂક્ષ્મતાના સંબોધકને
પુષ્પોના ઢગલાએ ઢાંકી
જીવહિંસાને ઉપહાસી.
અન્ય ધર્મોના અન્નકોટ અવગણી
અનન્ત વૈવિધ્યભર્યા નૈવેદ્ય ધર્યા.
ફૂલફલાદિ એ જીવહિંસા જાણવા છતાં
છાબોની છાબો છલકાવી.
એમાં ખરો ધર્મ માન્યો ને આત્માની મુકિત ગણી.
ખરી રીતે—
ધર્મ સ્થાનો એવાં હોય કે જ્યાં
દીનને દીનતા ન દેખાય,
ધનિકની ઘેલછા ન દેખાય ને,
આત્મમુક્તિનો એકજ માર્ગ
દીન અને ધનિક સમતોલ રહી
આનંદે એકે સંસ્કાર પર્ણલાં પાંડે.
નિરાગી, નિર્લેપ, નિર્મોહ
અલભ્ય મોક્ષસુખગામી પ્રભુ !
પ્રાર્થનાના અવલંબનકાજ
જ્ઞાનીઓએ તને આકાર આપ્યો;
પાદચરણ સેવી આત્મ-એકતા આણવા
ચંદન પૂજા ને સ્તુતિ સ્વીકારી;
પણ
ધર્મ ધુરંધરો અને સાધુજનોએ
અંધ શ્રધ્ધાનો આશરો લઇ
મનમાન્યો ધર્મવ્યવહાર રચ્યો;
પૂજામાં વૈવિધ્ય આણ્યુ;
રથયાત્રા, સ્વપ્નાં, ઉજમણાં—
સંપત્તિ રેડતા અનેક માર્ગો-ચોજ્યા
જ્યાં ધનિકની પૂજા થઇ ને
દીનોનાં દુઃખ ન ભાંગ્યાં.
પણ હવે હે શિવગામી !
અંધશ્રધ્ધાનો અંચળો અળગો થયો ને
કારણ અને સત્ય સમજવા માનસ જાગ્યું,
રૂઢ ભક્તિ અને આડંબર અળગાં કરી
સત્ય ધર્મ સમજવા કુતુહલતા આવી;
શાસનદેવ ! દાખવ કે
આગમોએ આજ્ઞા છે આહવી કે
રચવી અમારે સુંદર આંગી ?
ધર્મકાજે એકેન્દ્રિય હિંસા અવગણવી ?
પૂજા કરવી શણગારની કે પ્રભુની ?
દાખવ. સત્ય દાખવ.
અંધારે અથડાતાને માર્ગ સૂજાડ કે
વિપથગામી બનતા અટકે અટકાવે.

* * * *

શાન્તિ સ્થિર પ્રેરણા પાતી,
એકાગ્રતાનું આહ્વાન કરતી,
નમણાં નયને શાંત સૂચવતી,
સ્થાપત્યની મંગળમયી મૂર્તિ !
ભવ્ય મહાકલાને અવગણતા
ધર્મનાં કહેવાતા સ્થંભોને સદ્‌બોધ કે
તને તાળા સાંકળથી મુકત કરે,
અખિલ માનવ જાતને તારાં દર્શન દે ને
સત્ય અહિંસાએ સર્વને દોરે.
તુજ દર્શને ન્હોય ધનધન.
ભાવિક આવે અને પ્રણિપત કરી
સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર
અહિંસા સત્ય સિધ્ધાંતને
પ્રાર્થના કરતા આત્મામાં ઝીલારે.
તું આંગણે ન્હોય આડંબર આંગી,
ન્હોય વસ્ત્રાલંકાર, પુષ્પાદિ,
દર્શનકાજ દ્વાર ખુલ્લાં હોય
જ્યાં ન્હોય વર્ણાન્તરભેદ.
જૈનત્વ સ્વીકારે તે જૈન
તુજ મૂર્તિનાં દર્શન પાવે
વંદન કરતા કરતા
આત્મ મુકિતના પંથે સંચરે.

જયન્તીલાલ એમ પટણી.

---

(૧) રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ શ્રી મૌલાના અબુલ કલામ આઝાદને ઉપર જણાવેલ નેતાઓની પરિષદમાં નિમંત્રણ આપવામાં આવ્યું નથી.

(૨) હિંદુ મહાસભાની સદન્તર ઉપેક્ષા કરવામાં આવી છે.

(૩) સંપૂર્ણ કારોબારી સભા માટે હિંદુઓ અને મુસલમાનોની સરખા હીસ્સે પસંદગી કરવાની છે. મુસલમાનોની પસંદગી કરવાનું મોસ્લેમ લીગને કહેવામાં આવશે અને સંપૂર્ણ હિંદુઓની પસંદગી કરવાનું કોંગ્રેસને કહેવામાં આવશે. પરિણામે કોઇ રાષ્ટ્રવાદી મુસ્લીમનું આ યોજનામાં કશું પણ સ્થાન નહિ રહે અને કોંગ્રેસ આખરે હિંદુઓની એક સંસ્થા છે એવો આડકતરી રીતે સ્વીકાર કર્યો ગણાશે.

વિશેષ ચર્ચાને અહિં અવકાશ નથી. આવતાં પખવાડીયા દરમિયાન હિંદના ભાવી પરત્વે અસાધારણ મહત્વના નિર્ણયો કરવામાં આવશે.

પરમાનંદ

અભ્યાસ છોડયા પછી

એક તાજેતરમાં પરીક્ષામાં પાસ થયેલો ગરીબ વિદ્યાર્થી પોતાની દુઃખદ કથા જણાવે છે, જેનો સાર નીચે મુજબ છે.

"હું એક ગરીબ વિદ્યાર્થી છું. મારાં માબાપ નાનપણમાં ગુજરી ગયા હતા તેથી અનાથાશ્રમમાં રહીને પ્રાથમિક કેળવણી અને જ્ઞાતિની એક બોર્ડીંગમાં મારી વિદ્યાર્થી તરીકે રહીને બી. એ. થયો. વિદ્યાર્થીકાળ દરમિયાન મને બોર્ડીંગમાં આશરો મળ્યો, જ્ઞાતિના મંડળો તરફથી પુસ્તકોની સગવડતા મળી અને નાનાં નાનાં પારિતોષકો મેળવીને અને બ્હાનગી વિદ્યાર્થીઓને ભણાવીને મેં મારૂં કપડાદિનું બીજું ખર્ચ કાઢયું. આ રીતે મને કોઇને કોઇ રીતે મદદ મળી, જેના આધારે મેં મારો અભ્યાસ પૂર્ણ કર્યો અને જીવનના વીશ વર્ષ ખેંચી કાઢયાં! ત્યાર પછીનો મારો થોડો સમય કપરામાં કપરો ગયો. પરીક્ષાનું પરિણામ આવ્યું એટલે હું વિદ્યાર્થી મટી ગયો; તેથી બોર્ડીંગમાંથી મળતી બધી સગવડતા અને બીજી સહાયતા બંધ થઇ.

"બોર્ડિંગનું રસોડું બંધ થયા પછી થોડા વિદ્યાર્થીઓએ પરિણામ આવતાં સુધી પોતાનાં ખર્ચે રસોડું ચાલુ રાખ્યું હતું. મેં પણ તેનો આશરો લીધો હતો, કારણકે મારે જવા જેવું બીજું કોઇ ઠેકાણું નહોતું. ઉપરાંત મારે અહીં રહીને કોઇ ધંધાની શોધખોળ અને ભવિષ્યની વ્યવસ્થા કરવાની હતી. પરિણામને બીજે દિવસેજ રસોડું બંધ થયું ત્યારે બાર દિવસના ખર્ચના રૂપિયા નવનો પ્રશ્ન મારે માટે અતિ ભારે હતો. મને વીશ વર્ષમાં જે નહોતું વીત્યું તે આ નવ રૂપિયા અને ધંધે લાગું ત્યાં સુધી આલુ ખર્ચ માટે જરૂરી રકમ મેળવતાં વીત્યું. વિદ્યાર્થી તરીકે કોઇ ઉદાર ગૃહસ્થ પાસે મદદ માગી શકાય; પણ હવે તો હું વિદ્યાર્થી મટી ગયો હતો. એટલે મદદ કેમ માગી શકાય? કોણ મદદ કરે? ઘણીવાર હું છાનો છાનો રડયો છું અને નિરાશ થઇ ગયો છું. કારણ કે મારે ખોટી રીતે મદદ માગવી કે લેવી નહોતી. મારી સ્થિતિ સમજીને મને ટેકો આપે તેવો કોઇ સગો કે સ્નેહી મારા ધ્યાનમાં ન હતો. અને જેવાતેવા પાસે માગતાં મારૂં સ્વમાન અને કેળવણી ઘવાતાં હતાં. છેવટે એક સહવિદ્યાર્થીએ થોડી રકમ ઉછીતી આપી. એટલે રૂપિયા નવ ભરી શકયો. અને એક ઓળખીતાની સાથે એક બ્હાનગી મંડળમાં 'ઘરગતુ જમવાના બહાને' દાખલ થયો. તુરત માટે ચિંતામુક્ત થયો. પછી તો રે રોડ ઉપર એક લાકડાના વ્યાપારીને ત્યાં નોકરી મળી ગઇ. આવી સ્થિતિ મારી એકની નથી. અનેક ગરીબ વિદ્યાર્થીઓની છે. અભ્યાસ બંધ થયા પછી ધંધે લાગી જવાય ત્યાં સુધી ટેકો આપી વિદ્યાર્થીઓને ભાંગી પડતા બચાવવાની કોઇ યોજના સમાજ ન વિચારે?"

આ વિદ્યાર્થીની ઉપર જણાવેલી હકીકત ગંભીર વિચારણા માંગે છે. આપણી આખી કેળવણીની પધ્ધતિજ એવા પ્રકારની થઇ ગઇ છે કે તે અતિ લાંબો સમય લે છે અને તેની પાછળ નિત્ય ખર્ચજ કરવું પડે છે. પ્રાથમિક કેળવણીથી માંડીને કોલેજની બી. એ. સુધીની સોળ વર્ષની લાંબી કેળવણીમાંથી કંઇ ઉત્પન્ન મળે અને મનની આ કેળવણીની સાથોસાથ હાથની તાત્કાલીક ઉપયોગી થઇ શકે તેવી કળા કે હુન્નર મળે તેવી કોઇ પણ વ્યવસ્થા કે પધ્ધતિ તેમાં હોતી નથી. એટલે કેળવણીનો બોજો ભણનારને તેમજ તેના વાલી બન્નેને ભારે પડે છે. જો આપણી અત્યારની કેળવણીની પદ્ધતિ બદલાવી નાંખી તેમાં ઉત્પાદક શ્રમવિભાગને દાખલ કરવામાં આવે અને તે રીતે જે કંઇ ઉત્પન્ન થઇ શકે તેમાંથી વિદ્યાર્થીને કંઇક મળે તેવી ગોઠવણ કરવામાં આવે તો કેળવણીના ખર્ચનો બોજો અમુક અંશે હળવો બની જાય અને જ્યારે વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરી સંસારમાં પ્રવેશે ત્યારે તેના હાથમાં થોડીક બચત રહે અને તુરત કામ આપે તેવી એકાદ કળા મળે. આ ઉપર જણાવેલ મુશ્કેલ પ્રશ્નનો સાચો ઉપાય દેખાય છે, અને આથી એકી સાથે બે કાર્ય સરે છે. જ્યારે આવી પધ્ધતિએ કેળવણી અપાય ત્યારે બધા વિદ્યાર્થીઓ માટે એકજ ધોરણ ન રહેતાં શક્તિ અને કુદરતી વલણ મુજબ વિષયો અને કામની પસંદગી તે કરી શકે. સામાન્ય રીતે આ પદ્ધતિથી અરધા સમયમાં આપણી કેળવણીનો કાર્યક્રમ સંપૂર્ણ અને તાત્કાળીક ઉપયોગમાં યોજવા લાયક બની જાય. આ તો કેળવણીના ક્ષેત્રમાં પાયાના ફેરફાર કરવા જેવી દૂરની વાત થઇ, પણ અત્યારની ચાલુ પદ્ધતિથી ભણતો ગરીબ વિદ્યાર્થી જ્યારે અભ્યાસ પૂરો કરે છે ત્યારે તે કંઇ પામતો નથી. તેના મસ્તકમાં જ્ઞાન હોય છે, પગ અને હાથમાં કાર્ય કરવાનું જોમ હોય છે, કળા પણ હોય છે, પણ કામના ક્ષેત્રો તૈયાર હોતા નથી. હસ્તોદ્યોગ જાણનાર માટે તો કોઇ પણ ઠેકાણે કામ કરવાની તક મળી જાય છે પણ મસ્તકના જ્ઞાન માટે તો ક્ષેત્રો શોધતાં જરૂર અમુક સમય લાગે છે, એટલે ક્ષેત્ર અને સાધન મળે ત્યાં સુધી પરીક્ષા-પસાર કરી નવરો પડેલો ગરીબ વિદ્યાર્થી શું કરે? શી રીતે ટકે? આ સમય ખરેખર વિષમ હોય છે. આ સમયમાં ભાંગી પડેલો વિદ્યાર્થી ભવ આખો નિરાશામયજ રહે છે.

આપણો સમાજ વિદ્યાર્થીઓને મદદ કરવા થોડો ઘણો તૈયાર હોય છે. પણ તાજેતરમાંજ વિદ્યાર્થી મટી ગયેલાને ધંધે લાગે ત્યાંસુધી મદદ આપી ટકાવવાને કોઇ તૈયાર નથી હોતા, કારણ કે તેવાઓને કરેલી મદદ જ્ઞાનદાન ગણાતી નથી; એટલે કે વિદ્યાદાન કે જ્ઞાનદાનના પુણ્યના વાંચ્છુએ બીજી રીતે મદદ ન કરે તે સ્વાભાવિક છે. પણ કેળવણીનો પ્રચાર કરવા ઇચ્છતી સંસ્થાઓનું લક્ષ્ય પણ આ વાત તરફ ગયેલું દેખાતું નથી તે નવાઇની વાત છે.

થોડાને કેળવણી આપી સંતોષ માનવો અને આખા સમાજમાં કેળવણીનું માનસ ઉભું કરવું તે બન્ને વચ્ચે ઘણું અંતર છે. યુગની અસરથી આપણામાં કેળવણીને મદદ કરવાની એટલે વિદ્યાર્થીઓને સાધન-સામગ્રી આદિ પૂરાં પાડવાની વૃત્તિ અવશ્ય જાગૃત થઇ છે, પણ કેળવણીનું માનસ સરજવા જેવી તૈયારી આપણી ખુદ આપણા કેળવાયેલાઓની અને કેળવણીકારો ગણાતાં મહાનુભાવોની—પણ પૂરેપૂરી નથી. એટલે અલબત પ્રતિવર્ષ થોડાક ભણેલા વધે છે. પણ ખરા અર્થમાં કેળવણી વધતી નથી. લોકોનું માનસ કેળવણીમય બની જીવન કેળવાતાં નથી. આ તો ત્યારે બને કે જ્યારે કેળવણી નિત્યના જીવનમાં ઉપયોગમાં લઇ શકાય તેવી અને કેળવણી પામેલાઓ જીવનના હરકોઇ ક્ષેત્ર માટે સદાય તૈયાર અને નવો આદર્શ રજુ કરે તેવા દેખાય. એમ થતાં સમાજમાં એક જાતનું ઉત્સાહ પ્રેરક સુખદ વાતાવરણ ઉભું થાય છે અને જનતા સહજ કેળવણીની પક્ષપાતી બની કેળવણી તરફ ઢળતી જાય છે.

આપણે ત્યાં કેવળાયેલાઓમાં વ્યાપેલી બેકારી અને નિરાશાજનક મનોદશા કેળવાયેલાને જ નુકશાન કરે છે એટલું જ નહિ પણ કેળવણીના આખા પ્રશ્નને નુકશાન પહોંચાડે છે. જ્યારે કેળવાયેલો ઉચ્ચ ખર્ચાળ કેળવણી પછી પણ સાધન વગર લાચારપણે ભટકતો દેખાય છે, જ્યારે માત્ર પ્રાથમિક સાધનને અભાવે જેવી તેવી રીતે જીવન જીવતો દેખાય છે, જ્યારે મામુલી ટેકા માટે પણ મામુલી માણસ પાસે નાના દેખાવું પડે તેવી કઢંગી સ્થિતિમાં તે મૂકાય છે ત્યારે તેની અસર બન્ને કેળવાયેલા અને બીનકેળવાયેલા ઉપર શું થાય? લોકોની આંખમાં કેળવણીની શું કીમત વસે? જો એક વખત કેળવણીની નિરર્થકતા લોકોના દિલમાં વસી જશે, અને કેળવાયેલાઓના દીલમાં હતાશા પ્રવેશી જશે તો તેઓની દૃષ્ટિમાંથી કેળવણીના ઉચ્ચ આદર્શ મરી જશે. સમાજમાં કેળવણી વ્યાપક કરવી હોય તો તો કેળવાયેલા બીજાના આદર્શ બની રહે તેવું ઉચ્ચ વાતાવરણ ઉભું કરવાની પ્રથમ જરૂર છે અને તેટલા માટે કેળવાયેલાઓમાં વ્યાપતું માનસિક દૌર્બલ્ય અટકાવવા તેઓને ધંધો સાંપડે ત્યાં સુધી ટકાવી રાખે તેવી સંગીન યોજના હાથ ધરવાની અનિવાર્ય જરૂર છે. આવા આશયથી કરેલી મદદ જ્ઞાનદાન જ ગણાય એમ મારૂં માનવું છે.

પ્રજલાલ ધ. મેઘાણી.

આ સ્વચ્છંદ વાણિવિહાર પહેલવહેલો છે ?

શ્રી સાગરાનંદ સૂરિના વ્યાખ્યાન સંબંધે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે કરેલા ઠરાવ પરત્વે તા. ૧૦-૫-૪૫ના જૈનનો અગ્રલેખ જણાવે છે કે :—

"જૈન કોન્ફરન્સના છેલ્લા અધિવેશનના અંગે શ્રી સાગરાનંદસૂરિ અને એમના શિષ્ય શ્રી ચંદ્રોદયસાગરે આપેલા એક-બે વ્યાખ્યાનોને અંગે હાલમાં થોડો ઊહાપોહ થયો છે. એમ કહેવામાં આવ્યું છે કે જૈન મુનિની ભાષા-મર્યાદાને ન શોભે એવા શબ્દોનો એમણે ઉપયોગ કર્યો છે, ઘણી અશિષ્ટ શૈલીમાં ગાલીપ્રદાન કર્યું છે-અને તે પણ હજારો માણસોની મેદની વચ્ચે. મુંબઇના જૈન યુવક સંઘે તો તેનો ખુલ્લો વિરોધ પણ કર્યો છે. તે પોતાના ઠરાવમાં કહે છે કે વચનગુપ્તિ અને ભાષાસમિતિનું જે અનુપાલન દરેક જૈન સાધુને માટે આવશ્યક છે, તેનો એમણે મૂળમાંથી લોપ કર્યો છે, એટલું જ નહિ પણ માનવ સભ્યતાની સામાન્ય વિવેક-મર્યાદાનું પણ અક્ષમ્ય ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. આ વાણીસ્વચ્છંદ માત્ર સાધુ સંસ્થાને નહિ, પણ આખા જૈન સમાજને શરમાવનારો અને નીચું જોવરાવનારો છે. જાણે કે સૂરિજી સાગરાનંદે આ પહેલવહેલો વચનગુપ્તિ અને ભાષાસમિતિનો ભંગ કર્યો હોય અને જૈન સંઘને પહેલવહેલો શરમાવાનો કે નીચું જોવાનો પ્રસંગ આવી પડ્યો હોય એમ આ ઠરાવ વાંચતાં લાગે. આવી મર્યાદાના ભંગનું પહેલવહેલું માન સાગરાનંદ ખાટી જતા હોય એવો પણ કોઇ કોઇને આભાસ થાય. જૈન ચર્ચાની જૂની ફાઇલો અને તે પછી દેવદ્રવ્યની ગરમાગરમ ચર્ચા વખતે પત્રિકાઓ-રૂપી વીંઝાતી સમશેરોના તેજ અને ખણખણાટ જેમણે સાંભળ્યા છે અને અંતરમાં શાંતિથી સમાવી દીધા છે-પાંચમા આરાનો પ્રભાવ ગણી વિસ્મૃતિમાં વોસરાવ્યા છે તેને "હીજડાના લગ્ન" અને "સાસુના શિરનું મુંડન" જેવી વાતો અતિ સામાન્ય લાગશે. કોઇ કહેશે કે સાગરાનંદજીની જબાનમાં આવી કટુતા છે-જૂના સમયની અશિષ્ટતા છે-તેથી કરીને મધુરતા કે સભ્યતા નથી ખૂની જતી. વાત ખરી છે. પણ સાગરાનંદજી પાસે જે ગાળોનું સાહિત્ય છે તેનો ઉપભોગ કરનારો વર્ગ નાનો સૂતો નથી. એમની કદર થાય છે એટલે તો એમને ઉત્તેજન મળે છે અને વાણીસ્વચ્છંદમાં વખતોવખત ભરતી આવે છે. કટુતા અને અશિષ્ટતા ભલે મધુરતા કે સભ્યતા ન બને, પણ એને રસપૂર્વક સાંભળનારા અને ઉદાસીનભાવે-મૌનભાવે અનુમોદનારા હોય ત્યાં સાગરાનંદજીનો વાંક કાઢવો નકામો છે. એમણે આવા એક-બે નહિ પણ જેની ગણતરી કરવી મુશ્કેલ બને એટલા વાણીનાં યુદ્ધ ખેલ્યાં છે અને એ સઘળામાં એમનો આ પ્રકારનો મર્યાદાભંગ સોળે કળાએ ખીલી નીકળ્યો છે. ચર્ચા એ માત્ર યુદ્ધનું મેદાન નથી-યુદ્ધના મેદાનમાં નીતિ-અનીતિનો વિચાર વિરલા જ કરે છે. આપણે તો આવા ઉહાપોહને ધર્મરક્ષાનું અંગ માનીએ છીએ-મનાવવા મથીએ છીએ. શ્રી સાગરાનંદજી પણ ધર્મરક્ષા માટે જ આવા ઝનુની બને છે એમ પોતાના શ્રોતાઓને ઠસાવતા હોય છે. મર્યાદાભંગ કે સામાન્ય સભ્યતાનો ભંગ થતો હોય તો પણ તેઓ જૈનધર્મની પ્રણાલી અને સિદ્ધાંતોની રક્ષા માટે ઝઝુમી રહ્યા છે એમ માની મૌનભાવે એનો બચાવ કરનારાઓ એક-બે ગણ્યાગાંઠ્યાજ નથી હોતા-મોટી માનવમેદની હોય છે. એટલે તો મર્યાદાની કે શિષ્ટતાની પરવા કર્યા વિના તેઓ વિરોધીઓને ઉઘડા લઇ શકે છે. સાગરાનંદજી જેવા સૂરિઓ તો પોતાની પાસે જેવા પ્રકારની માલમીલ્કત હોય તેનું ખુલ્લેખુલ્લું પ્રદર્શન કરી બતાવે, પણ એના ગ્રાહકોની-અનુમોદકોની સંખ્યા જોયા પછી એની જવાબદારી કોને શીરે મૂકવી એ શું એક સમસ્યા નથી બની જતી ? તિથિચર્ચા પ્રકરણ કે જે હજી પણ ધૂંધવાયા કરે છે તેમાં કયો પક્ષ હિમ્મતપૂર્વક મર્યાદા કે સભ્યતાના નામે પોતાનો બચાવ કરી શકશે ? અને છતાં આપણે બધું મૌનભાવે-ઉદાસભાવે નભાવી લેવામાં જ ધર્મ અને સમાજનું ગૌરવ હોય એમ નથી માનતા ? આ વાત આટલેથી જ નથી અટકતી. જેઓ આમાં વાણીસ્વચ્છંદ સામે પોકાર ઉઠાવે છે તેમની જ પાસે બીનશરતી શરણાગતિની દરખાસ્તો રજુ કરવામાં આવે છે. ઐક્ય અને સુલેહની ખાતર હવે પછી એ વિષે એક અક્ષર સરખો પણ ન બોલવાના કરાર ઉપર સહીઓ લેવાય છે. ઐક્યનો અર્થ જ એ કે સૂરિવરોના ગમે તેવા સ્વચ્છંદ સહી લેવા.

ચિત્રપટમાં કે નાટકમાં કોઇ ચિત્ર યા નાટક અશિષ્ટ કે મર્યાદાભંગ કરનાર હોય તો વિવેચકો એની ખબર લઇ નાંખશે અને પ્રેક્ષકવર્ગ પણ એવા ચિત્રનો બહિષ્કાર કરશે. માત્ર ધર્મના ક્ષેત્રમાં એક આગમોદ્ધારકની અસભ્ય વાણી વિષે જાણે કે એક-બે પત્રો અથવા સંસ્થાઓ સિવાય કોઇને કંઇ પડી જ નથી. શ્રોતાઓ પણ એથી સંતુષ્ટ કે પ્રસન્ન હોય એમ લાગે છે. આવી સ્થિતિમાં આપણે ચંદ્રોદયસાગર કે સાગરાનંદજીનો દોષ કાઢીએ એ લગભગ નિરર્થક છે. સમાજનો મોટો ભાગ વાણીસ્વચ્છંદને જ્યાં સીધી-આડકતરી રીતે સત્કારતો હોય ત્યાં એના સૂત્રધારો પણ જૈન ધર્મ અને સંસ્કૃતિના સ્તંભ ગણાતા હોય ત્યાં કોનો ધોખો કરવો ?

અમે માત્ર મુંબઇમાં અપાયેલા એક-બે વ્યાખ્યાનો વિષે જ અહીં નથી બોલતા. અમારી દૃષ્ટિ સામે છેલ્લા દશ વર્ષ દરમ્યાન ખેલાયેલી પત્રિકાઓની ગંદી રમત તરવરી રહી છે-જેના પૃષ્ઠપોષકો આપણા જૈન ધર્મના સમર્થ આચાર્યો હતા. ક્ષમાશ્રમણ ગણાતા પુરૂષોના વાણીસ્વચ્છંદ માટે ઘણીવાર એમ લાગે છે કે જૈન સમાજના મોટા ભાગની રૂચિ અને ઉદાસીનતા ઓછી જવાબદાર નથી. જે ધર્મ અને સંસ્કૃતિમાં નવું-કલ્યાણમય વિશ્વ રચવાની શકિત રહેલી છે તે ધર્મ અને સંસ્કૃતિના આચાર્યોની આ વાસ્તવતા જોઇને કયો શ્રદ્ધાળુ એવો હશે કે જેની આંખ આગળ નિરાશા નહિ છવાતી હોય ?"

ગયા અંકના અગ્રલેખમાં આપેલા શ્રી. સાગરાનંદસૂરિના વ્યાખ્યાનમાંના કેટલાક ફકરાઓ વાંચીને કેટલાક ભાઇઓ પૂછાવે છે કે "ખરેખર સાગરાનંદસૂરિ આવું બોલ્યા હતા ?" આગમોદ્ધારકનું બીરૂદ ધરાવવા જેવડી પ્રતિષ્ઠા પામેલ આચાર્ય તો શું પણ એક સામાન્ય સાધુ, સામાન્ય શ્રાવક, સભ્યતાનો સાધારણ ખ્યાલ ધરાવનાર કોઇ એક સામાન્ય માનવી પણ આવા ઉદ્‌ગારો ન કાઢે એવી ઉપરનો પ્રશ્ન કરનારાઓની માન્યતા હોવાને લીધે જ તેઓ આવો પ્રશ્ન કરે છે. ઉપરનું વ્યાખ્યાન એ કોઇ આકસ્મિક માનસિક વિકૃતિનું પરિણામ નથી, પણ આ શ્રી સાગરાનંદસૂરિનો તેમજ એમની હરોળના કેટલાક અન્ય આચાર્યોનો આ સામાન્ય અભ્યાસ છે અને વિરોધીઓ સામે આવો ગલીચ ભાષા પ્રયોગો કરવાની તેમને ચાલુ આદત છે-આ હકીકતનો આવા પ્રશ્નકારોને ખ્યાલ આવે તે હેતુથી ઉપરનો લેખ ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. એ લેખમાં આ વ્યાધિનું જે નિદાન કરવામાં આવ્યું છે કે આવો વાણી સ્વચ્છંદ જૈન સમાજમાં ચાલે છે તેની ખરી જવાબદારી તેમના આવા વ્યાખ્યાનોને મુંગે મોઢે નિભાવી લેતા અને કદિ કદિ અનુમોદન આપતા જૈન સમાજની છે તે નિદાન તદ્દન બરોબર છે. આપણે સાંભળીએ છીએ એટલે તેઓ નિરંકુશપણે બોલ્યે જાય છે. તેથી આ વ્યાધિના નિવારણનો ઉપાય પણ જૈન સમાજના હાથમાં છે. આવા આચાર્યો જ્યાં સુધી પોતાની વાણી ઉપર જરૂરી સંયમ ન મૂકે ત્યાં સુધી તેમનો બહિષ્કાર કરવો અને તે રીતે તેમની સાન ઠેકાણે લાવવી આજ એક ઉપાય છે. પણ દુઃખની વાત એ છે કે જૈન સમાજની સભ્યતાની વૃત્તિ પણ બુઠ્ઠી બની ગઇ છે. તેનામાં સભ્યતાનો આગ્રહ રહ્યો નથી; અસભ્યતા સામે કશી ધૃણા રહી નથી. આથી આચાર્યો નિર્ભયપણે વર્તે છે અને ફાવે તેમ ચાલે છે. આ દૂષિત ચક્રનો કોઇ પણ રીતે અંત આવવો જોઇએ. નહિ તો સાધુસંસ્થા અને સંઘસંસ્થા ઉભયનો ઉત્તરોત્તર હ્રાસ અને આખરે વિનાશ જ નિર્માયલો છે એ સૌ કોઇ સમજી લે.

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪ પેરી કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૫

મુંબઈ: ૧ જુલાઈ ૧૯૪૫ રવિવાર.

લવાજમ
રૂપિયા ૩

૧૯૪૨ થી ૧૯૪૫ સુધીના રાજકારણનું વિહંગાવલોકન અને માર્ગદર્શન

શ્રી શંકરરાવ દેવ સંઘના કાર્યાલયમાં

તા. ૨૬-૬-૪૫ ના રોજ કોંગ્રેસ કારોબારીના સભ્ય અને મહારાષ્ટ્રના આગેવાન રાજકારણી નેતા શ્રી શંકરરાવ દેવનું શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો ઉપરાન્ત બીજા પણ કેટલાક ભાઈ બહેનો હાજર હતાં. પ્રારંભમાં સંઘના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ શ્રી શંકરરાવ દેવને અવકાર આપતાં ૧૯૪૨ ના ઓગસ્ટ માસથી આજ સુધીની રાજકારણી ઘટનાઓ સંબંધે તેમના દિલ ઉપર જે કાંઈ પ્રત્યાઘાતો પડયા હોય તેનો કાંઇક ખ્યાલ આપવા અને હવે પછીની પરિસ્થિતિ પરત્વે માર્ગદર્શન કરાવવા તેમને વિજ્ઞપ્તિ કરી, જેના પ્રત્યુતર રૂપે શ્રી શંકરરાવ દેવે એક કલાક સુધી એક અતિ મનનીય પ્રવચન કર્યું હતું. શરૂઆતમાં પોતાના સ્વાગત માટે આભાર પ્રદર્શિત કરીને તેમ જ ૧૯૪૨ ના ઓગસ્ટની અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક બાદ તુરતમાંજ સંઘના કાર્યાલયમાં આવવા માટે તેમણે શ્રી પરમાનંદભાઇને આપેલું વચન આજે પોતે પુરું કરે છે એ બાબતનો ઉલ્લેખ કરીને આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે–

"૧૯૪૨ ના પ્રારંભમાં જ્યારે યુરોપમાં જર્મની ઝુમજ આગળ વધેલું હતું અને યુરોપની દક્ષિણેથી અને આફ્રીકાની બાજુએથી જર્મની એશીઆ તરફ ઢળી રહ્યું હતું ત્યારે આ બાજુએ જાપાન દૂર પૂર્વના સર્વ દેશો એકાએક સર કરીને હિંદુસ્થાનની સરહદ ઉપર આવીને ઉભું હતું અને હિંદુસ્થાન ઉપર કયારે ચઢાઇ કરે એની જ રાહ જોવાતી હતી. હિંદી સરકારની એ વખતની સ્થિતિ બહુ જ ડામાડોળ હતી અને જો જાપાન હિંદ ઉપર ચઢાઇ કરે તો અંગ્રેજ સરકાર તેનો શી રીતે સામનો કરી શકશે એ એક મોટો સવાલ હતો. આનું મોટું કારણ તો એ હતું કે સરકારને હિંદી પ્રજાનો હાર્દિક સહકાર નહોતો. કોંગ્રેસનું એમ કહેવું હતું કે આ વખતે જાપાન સામે હિંદુસ્થાનનો તો જ બચાવ થઇ શકે, જો હિંદી પ્રજા પોતાના દિલનો ખરો સહકાર આપે અને પોતાના સર્વસ્વનો આ માટે ભોગ આપવાને તૈયાર થાય આ તો જ બની શકે કે જો હિંદી પ્રજાના દિલમાં એમ સ્પષ્ટપણે ભાસે કે આ જાપાનનો સામનો કરવો તે માત્ર બ્રીટીશ હકુમતને હિંદુસ્થાનમાં ટકાવી રાખવા માટે નથી, પણ પોતાના દેશની આઝાદીની જ રક્ષા કરવા માટે છે. આ ત્યારે સંભવે કે જ્યારે હિંદી પ્રજાને તરતમાં જ સ્વાધીન અને સ્વતંત્ર બનાવવામાં આવે અને શાહી સત્તાનો હિંદમાંથી વાસ્તવિક અન્ત આવે. આ ખ્યાલ નીચે રહેલી કોંગ્રેસને જ્યારે એમ લાગ્યું કે ક્રીપ્સની રાજકીય દરખાસ્તો પ્રજાને સત્તાનું સત્ત્વ નથી આપતી, પણ સત્તાની ફેરબદલીનો કેવળ ઉપરછલ્લો દેખાવ રજુ કરે છે ત્યારે કોંગ્રેસે તે દરખાસ્તોનો અસ્વીકાર કર્યો. ગાંધીજીએ 'Quit India' ની–'હિંદ છોડ જાઓ'ની–ઘોષણા શરૂ કરી. આ ઘોષણાનો અર્થ પણ 'હિંદ ઉપરની સત્તાનો ત્યાગ કરો' એટલોજ હતો. આ નેમથી ૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક બોલાવવામાં આવી અને એ બેઠકમાં ઐતિહાસિક ઠરાવ કરવામાં આવ્યો. આ ઠરાવનો આશય પણ એજ હતો કે કોંગ્રેસ પહેલાંથી ધરી રાજ્યોનો વિરોધ કરતી આવી છે અને આજે પણ એ રાજ્યોની નીતિની એટલી જ કટ્ટર વિરોધી છે અને જો મિત્રરાજ્યો હિંદને સ્વાધીન બનાવે તો મિત્રરાજ્યોને વર્તમાન વિશ્વયુધ્ધમાં શકય તેટલો સહકાર આપવાને તૈયાર છે, પણ જો સરકાર આ માંગણી સ્વેચ્છાએ મંજુર ન રાખે તો સામુદાયિક સત્યાગ્રહનો આશ્રય લઇને આ માંગણી સરકાર પાસે કોઈ પણ રીતે મંજુર કરાવવાનો કોંગ્રેસ ઇરાદો ધરાવે છે. એ ઠરાવ કરતી વખતે તુરતમાં જ સત્યાગ્રહની લડાઈ શરૂ કરવાની ગાંધીજીને કલ્પના સરખી નહોતી. પ્રતિપક્ષી સાથે બને તેટલી વાટાઘાટો કરીને કોઇ પણ યોગ્ય સમાધાનની ભૂમિકા ઉભી કરવી અને સરકાર સાથે ઉપસ્થિત થઇ રહેલો ઝગડો કોઇ પણ રીતે ટાળવો એમ ગાંધીજી ખરા દિલથી ઇચ્છા ધરાવતા હતા. પણ સરકારની આવી કોઇ દાનત જ નહોતી. ૧૯૪૨ ઓગસ્ટની નવમી તારીખે શું બન્યું તે તમે સૌ જાણો છો. અમે જ્યારે અહમદનગરના કીલ્લામાં પ્રવેશ કર્યો ત્યારે અમને માલુમ પડયું કે ત્યાં તો એક મહીનાથી અમને રાખવાની તૈયારી અને ગોઠવણ ચાલી રહી હતી. ત્યારથી તે આજ સુધીના ગાળામાં શું બન્યું તે અમારા કરતાં તમે બધાં વધારે જાણો છો.

૧૯૪૨ ના પ્રજાકીય ઉત્થાન સંબંધે સૌથી મુખ્ય પ્રશ્ન એ કરવામાં આવે છે કે તે પાછળ આપણો જે હેતુ હતો તેમાં આપણે તદ્દન નિષ્ફળ નીવડયા કે કેમ? તત્કાળનું પરિણામ જોઇએ તો આપણે કબુલ કરવું જોઇએ કે સામુદાયિક લડતના પરિણામે તરતમાં જ આપણે સરકારને નમાવીએ અને આપણી સાથે સંધિ કરવાની સરકારને ફરજ પાડીએ એ આપણી નેમમાં તે વખત પુરતા આપણે જરૂર નિષ્ફળ નિવડયા છીએ. પણ પ્રજાએ જે પાર વિનાનો ભોગ આપ્યો તે નકામો ગયો, કોંગ્રેસ દબાઇ ગઇ, રાષ્ટ્રની આઝાદીની વાત હાલ તુરત તો સ્વપ્ના જેવી થઇ ગઇ એમ કોઇ કહેતું હોય તો તે તદ્દન ખોટું અને કારણ વિનાની નિરાશા ફેલાવનારું છે. તમે જોશો કે ૧૯૪૨ ના ઓગસ્ટની ઘટનાથી અમારા છુટા થયા સુધીની સરકારની નીતિ એક સરખી રહી છે. તેણે એ ગાંઠ બાંધી હતી કે ઓગસ્ટનો ઠરાવ પાછો ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી બીજી કશી રાજકીય વાટાઘાટ શકય જ નથી અને કોંગ્રેસ કારોબારીના સભ્યોને જેલમુક્ત કરી શકાશે નહિ. અને બીજું ઉપરની બાબત બને તો પણ ક્રીપ્સની જે દરખાસ્તો આજથી ત્રણ વર્ષ પહેલા રજુ કરવામાં આવી હતી તે હજુ એમને એમ ઉભી છે. તેમાં કશો ફેરફાર થઇ શકે તેમ નથી. આજે જે બનાવો બની રહ્યા છે તે જોતાં તમારે કબુલ કરવું પડશે કે આ બન્ને બાબતનો આગ્રહ છોડી દેવાની સરકારને ફરજ પડી છે. ૧૯૪૩ ઓગસ્ટનો ઠરાવ હજુ એમનો એમ ઉભો છે; કોંગ્રેસ કારોબારીના સભ્યોને બીનશરતે છોડી

મૂકવામાં આવ્યા છે; અને ક્રીપ્સની દરખાસ્તોને બાજુએ મૂકી નામદાર વાઇસરાય લોર્ડ વેવલ નવી દરખાસ્તો આજની મડાગાંઠનો ઉકેલ કરવાના હેતુથી લઇ આવ્યા છે. આ આખી કોંગ્રેસની લડતનો એક ભારે વિજય છે. જેલ બહાર રહેલી પ્રજાને પણ ધન્યવાદ ઘટે છે કે ગમે તેટલી યાતનાઓમાંથી પસાર થવા છતાં પ્રજા કોંગ્રેસને એક સરખી વફાદાર રહી છે, ઓગસ્ટનો કરાવ પાછો ખેંચી લેવાનો કે સરકાર સાથે કોઇ પણ રીતે સમાધાન કરી લેવાનો પ્રજાએ સ્વપ્ને વિચાર સેવ્યો નથી.

લોર્ડ વેવલની યોજનાસંબંધમાં આજે કશો પણ અભિપ્રાય આપવાનો અર્થ નથી. સીમલામાં આ સંબંધમાં આપણા આગેવાનો વાટાઘાટ કરી રહ્યા છે. તેઓ આપણા સ્વમાનને હાનિ થાય કે કોંગ્રેસના સ્વત્વને આઘાત પહોંચાડે એવું કશું કબુલ નહિ કરે એવી આપણને શ્રદ્ધા હોવી જોઇએ. સાથે સાથે એ પણ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણે વેવલને પગે પડતા ગયા નથી; આપણને તેણે બોલાવ્યા છે. આપણે હારી ગયા છીએ અને દયા માંગી રહ્યા છીએ એવી કોઇ મનોદશામાં આપણામાં હોવી ન જોઇએ. તેમ હોવાને કશું કારણ પણ છે જ નહિ અને કોઇ આપણને દયાથી કાંઇ આપશે અને આપણો ઉધ્ધાર કરશે અને એ પણ રાજકારણમાં કે જ્યાં કેવળ બળાબળની ન્યૂનાધિકતા ઉપર જ બધા નિર્ણયો અવલંબે છે ત્યાં આવી કોઇ માન્યતા ધરાવતું હોય તો તે કેવળ બેવકુફી છે. દયાધર્મને રાજકારણમાં–પ્રજા પ્રજા વચ્ચેના રાજકારણમાં–કશું પણ સ્થાન છે જ નહિ."

ત્યારબાદ આન્તર બાહ્ય પ્રશ્નો પરત્વે કોંગ્રેસની આજ સુધીની નીતિ અને અહિંસાના સિદ્ધાન્તનો કેવો અને કઇ મર્યાદા સુધીનો મેળ છે એ સંબંધમાં ચોખવટ કરતાં શ્રી શંકરરાવ દેવે જણાવ્યું કે "એક બાજુએ અંગ્રેજ સરકારની ગુલામીમાંથી મુક્ત થવા સંબંધમાં કોંગ્રેસે અહિંસાની નીતિને સ્વીકારી છે અને તેને આજ સુધી પુરી વફાદારીથી વળગી રહી છે અને વળગી રહેવા માંગે છે, જ્યારે બીજી બાજુએ આન્તર રાષ્ટ્રીય પ્રશ્નો સંબંધી નિર્ણયો કરતી વખતે અને સરકાર જો હિંદનું રાજતંત્ર પ્રજાને સ્વાધીન બનાવે તો કોંગ્રેસ આ યુદ્ધમાં લોકશાસનના પક્ષે સરકારને પુરો સહકાર આપવાને તૈયાર છે એવી અવાર નવાર જાહેરાતો કરતી વખતે કોંગ્રેસે અહિંસાના તત્વને કદિ આગળ ધરેલ નથી કે પોતાનો સહકાર અહિંસાની નીતિથી મર્યાદિત હશે એવું સરતી વેણ કોંગ્રેસે કદિ ઉચ્ચાર્યું નથી. આનો અર્થ એ છે કે કોંગ્રેસે અહિંસાને લગતી પોતાની તાકાતની મર્યાદા બાંધી છે. એ પાછળ એ પણ સૂચિત છે કે પોતાના દેશનું અન્ય દેશોના આક્રમણ સામે અહિંસાથી રક્ષણ કરવાની પ્રજામાં હજુ તાકાત નથી, એટલી શ્રદ્ધા પણ નથી. રખેલા તરીકે આપણા હાથમાં દેશઆખાનો રાજ્યવહીવટ આવે તો તે અહિંસક રીતે આપણે ચલાવી શકવાના નથી. વળી ઘડીભર માની લ્યો કે સરકાર સાથે અત્યારે ચાલતી વાટઘાટના પરિણામે કોંગ્રેસની સરકાર સાથે સમજુતી થઇ અને કોંગ્રેસ અધિકાર ઉપર આવી તો જાપાન સામેના સશસ્ત્ર યુદ્ધમાં કોંગ્રેસને સામેલ થવું પડે એ આજની વસ્તુસ્થિતિ છે. આ વસ્તુસ્થિતિનો ઇનકાર કોંગ્રેસ નહિ કરી શકે. આવા પ્રસંગે ગાંધીજીનું વ્યક્તિગત વળણ શું હશે તે કહી ન શકાય. પણ કોંગ્રેસની નીતિ આ બાબતમાં સ્પષ્ટ છે. આ આપણી અહિંસા વિષેની અશ્રદ્ધા નથી સૂચવતું, પણ આપણી તેને લગતી તાકાતની મર્યાદા સૂચવે છે. આની અંદર કોઇને પરસ્પર વિરોધ જેવું જરૂર દેખાશે એટલું જ નહિ પણ એ વિરોધ વાસ્તવિક છે એમ પણ આપણે કબુલ કરીએ. પણ એ રીતે તો આપણે સૌ કોઇ પરસ્પર વિરોધી વળણોથી ભરેલું જ જીવન જીવી રહ્યા છીએ. અપૂર્ણ માનવીઓના જીવનનું સ્વરૂપ જ આવું હોય છે."

એકત્ર થયેલી મંડળી મુખ્યત્વે કરીને જૈનોની હોવાથી જૈનોના અહિંસા ધર્મને અનુલક્ષીને તેમણે જણાવ્યું કે "તમારા ધર્મનો મુખ્ય સિદ્ધાન્ત અહિંસા છે. તે અહિંસાને ગાંધીજી જગત આગળ ધરી રહ્યા છે અને ભિન્ન ભિન્ન પ્રયોગો વડે અહિંસાના તત્વને અસા-ધારણ વેગ આપી રહ્યા છે–આ તમારે મન અત્યન્ત આનંદ અને ગૌરવની હકીકત હોવી જોઇએ. અહિંસાને લગતી સામાન્ય કલ્પના અને ગાંધીજીની અહિંસામાં થોડો ફરક છે. ગાંધીજીની અહિંસા અન્ય લોકમાં સ્વર્ગ મેળવી આપવા માટે નથી કે મોક્ષપ્રાપ્તિનો હેતુ ધરાવતી નથી. એ તો આ લોકને માટે છે; બની શકે તો આ લોકમાંજ સ્વર્ગને ઉતારવા મથી રહી છે. દુનિયાનો વ્યવહાર વધારે સરળ અને ઓછો કલેશમય થાય એ હેતુ ગાંધીજીની અહિંસા પાછળ રહેલો છે. રાષ્ટ્રના અને સમાજના પ્રશ્નો અહિંસક સાધનો વડે તેઓ ઉકેલવા કરવા માંગે છે. આપણા આખા સામાજિક વ્યવહારને તેઓ અહિંસાની ભાવનાથી સંસ્કારવા માંગે છે. દુનિયાની ગંદકી જોઇને તેઓ ભાગતા નથી. એકાન્ત ખુણો પકડીને પોતે સંપૂર્ણ અહિંસક જીવન અખત્યાર કર્યું છે આવી ભાવના કે વૃત્તિ કદિ તેમની નથી. દુનિયાનાં સુખદુઃખ અને ગંદકી સાથે તેઓ તાદાત્મ્ય અનુભવી રહ્યા છે અને તે દૂળવાં ન બને ત્યાં સુધી તેમનો આત્મા આ ભવે તો શું પણ અનેક ભવો પણ સુધી જંપ વાળીને બેસવાનો નથી. આમ જણાવું છું ત્યારે મારી નજર આઝાદી પ્રાપ્ત કર્યા પછીની આપણા દેશની સામાજિક પુનર્ઘટના તરફ જાય છે. એ સામાજિક પુનર્ઘટના અથવા તો વધારે યોગ્ય શબ્દ વાપરૂં તો સામાજિક ક્રાન્તિ–Social Revolution–સિવાય આપણા દેશનો ખરો ઉદ્ધાર સંભવતો નથી; ગોરા વહીવટદારોનું સ્થાન કાળા વહીવટદારો લે એથી આપણું કોઇ દળદર ફીટવાનું નથી. એ પરિસ્થિતિમાં તો એનું એજ શોષણ અને દેશના ઘણા મોટા ભાગનું દારિદ્રય અને હાડમારીઓ ચાલ્યાં કરવાનાં છે. આ માટે આપણે મોટા પાયા પર સામાજિક ક્રાન્તિ કરવી રહી અને આખી રચનામાં ધરમૂળથી ફેરફારો કરવાના રહ્યા–આ આપણે શી રીતે કરીશું? આ માટે રશીઆએ સ્વીકારેલો માર્ગ કેવળ હિંસાનો છે. એ માર્ગ સાથે સરસુખત્યારીનાં ભયંકર દૂષણો અને માનવીના સર્વ સ્વાતંત્ર્યનું અપહરણ જોડાયલાં છે. બીજો માર્ગ અહિંસાનો હોઇ શકે છે. પણ અહિંસાના માર્ગે સામાજિક ક્રાન્તિ શી રીતે વ્યવહારૂ બની શકે છે એ ઘણો જ અટપટો સવાલ છે. આ અહિંસક સામાજિક ક્રાન્તિની સમસ્યાનો હું ઉકેલ શોધી રહ્યો છું."

અહિંસાના નામે નિવૃત્તિ માર્ગનો આશ્રય લેતાં સાધુ સંન્યાસીઓને અનુલક્ષીને તેમણે જણાવ્યું કે "વળી દુનિયા પાપ અને હિંસાથી ભરેલી જોઇને કોઇ સંસારનો ત્યાગ કરે છે, ધર્મસ્થાન, ઉપાશ્રય કે ઉપવનના ખુણે જઇને બેસે છે અને તેના ભક્તજનો તેની બધી જરૂરિઆતો પુરી પાડે છે. આ ત્યાગી પુરૂષ પોતાને કૃતકૃત્ય સમજે છે અને જાણે કે સંપૂર્ણપણે અહિંસક જીવન પોતે જીવી રહેલ છે એમ પોતા વિષે ગૌરવ ચિન્તવે છે. પણ આ કેવળ ભ્રમણા છે. તેની જરૂરિયાતો પુરી પાડનારા ભક્તજનોની સમૃદ્ધિ જો અન્યના શોષણનું પરિણામ હોય અને એ રીતે તેમનું જીવન હિંસાથી ભરેલું હોય તો તેના આશ્રય ઉપર નિર્ભર રહેતા સાધુજનો પણ એ હિંસાદોષથી મુક્ત રહી શકતા જ નથી. આનો અર્થ એ છે કે આપણું સમગ્ર જીવન અહિંસાની દૃષ્ટિએ શુદ્ધીકરણની અપેક્ષા ધરાવે છે અને એ શુદ્ધીકરણની જવાબદારી જેટલી દુનિયાદારીમાં ડુબેલા ગૃહસ્થ વર્ગની છે તેટલી સંસારથી વિરકત કહેવાતા સાધુજનોની છે. સંસારથી કોઇ દૂર જઇ શકતું જ નથી. આખરે આપણે આ સંસારને જ સુધારવો રહ્યો." ત્યારબાદ શ્રી. શંકરરાવ દેવનું પુષ્પોપહારથી સન્માન કરવામાં આવ્યું અને અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી. **સંપાદક: પરમાનંદ.**

મારો વારસદાર કોણ?

"મારો વારસદાર તો એ જ બને, જે પાંત્રીશ કરોડ માનવીઓમાં પોતાની જાતને ઓતપ્રોત કરે. મારો વારસદાર તો એ જ બને, જે આ દેશના ગરીબોનું નસીબ પોતાના નસીબ સાથે જોડી રહે, જે સત્ય બોલે, જે સદાચરણમાં જ મશગુલ રહે, જે અહિંસાનું પૂજન કરે, અને જે આ જગતના દુઃખીયારાઓને તારવા માટે પોતાનો જાન કુરબાન કરે."

ગાંધીજી.

ધર્મને નામે !

નોંધ–(એક યુગ હતો કે ધર્મની સત્તા સામે થનાર વ્યક્તિને ધર્મગુરૂઓ ચલાવી લેવા તૈયાર નહોતા. સ્વતંત્રવિચારણા કે મતપ્રદર્શન એ એક ગુન્હો ગણાતો. આજે સહજ જુદી રીતે પણ પ્રચલિત ધર્મસમાજ સામે કે સાધુસમાજ સામે થનારને સમાજ સન્માનતો નથી કે સંઘરતો નથી. ધર્મગુરૂઓની સત્તા આજે પણ માનવસમાજને ગુંગળાવી તેને સ્વતંત્ર હવા લેવા દેતી નથી. ધર્મ અને ધાર્મિકતા નહિ પરન્તુ ધાર્મિક માન્યતાઓનું આંધળું ઝનુન આ રીતે માનવતાનો માર્ગ રૂંધી રહેલ છે એ ખરે જ શોચનીય છે. પૂર્વ કે પશ્ચિમ બધા દેશોમાં ધર્મઝનુન લગભગ સમાન સેતાનસ્વરૂપ રહ્યું છે. લેખક)

"બોલ હવે તારી શી માન્યતા છે?"

"મારી માન્યતા?" કેદી ઉભા થવાનો પ્રયત્ન કરતા બોલ્યો. "મારી માન્યતા જગજાહેર છે. આજ ત્રીસ ત્રીસ વર્ષથી એ જેવીને તેવી અફર રહી છે. બાઇબલમાં લખેલી અનેક વાતો ખોટી છે. સત્ય એ જ ભગવાન છે. સત્ય એ જ જીવન અને ધર્મનો મર્મ છે."

"આને રેક પર સુવાડો. એનું શરીર છોલાઈ જાય ત્યાં સુધી રેક ચાલુ કરો." એક સફેદ વસ્ત્રધારી ધર્માચાર્યે આજ્ઞા કરી.

ઝુનો શાન્તિથી એક શબ્દ પણ બોલ્યા સિવાય રેક પર જઇ જાતે સુતો. એનું અંગેઅંગ સખ્ત રીતે જકડી લેવામાં આવ્યું. રેક ચાલુ થઇ. ઝુનોના કપાળે પ્રસ્વેદ નીતરવા લાગ્યો. આંખોમાં લોહી તરી આવ્યું. હાથ પગની નસો તણાવા લાગી. તેને અપાર વેદના થવા લાગી. ફરી ધર્મગુરૂનો અવાજ તેના કાનમાં અથડાયો, "બોલ! હવે તારી માન્યતામાં ફેર થયો? ભગવાન ઇશુની સામે બળવો કરી નાસ્તિક બનવાનો લાભ જોયો? હજી પણ વિચાર." ઝુનો ચુપ રહ્યો. ધર્મગુરૂના ગુસ્સાનો પાર ન રહ્યો. રેક ચલાવનારાઓને તે જોરથી ફેરવવા આજ્ઞા કરી. ઝુનોની આંખમાંથી લોહીની ધારા વછૂટી. તેની નસકોરી ફૂલી ગઇ. મોંમાંથી લોહીની ઉલટી થઇ અને તે બેભાન બની ગયો.

બેશુધ્ધ બનેલા ઝુનોને કેદખાનામાં લઇ જવાની આજ્ઞા થઇ. પ્રચંડ અને ભીમકાય ધર્મગુરૂએ તેના સાથીદારોને ઉદ્દેશી કહ્યું; "આ જલ્દી ઘેટું એમ નહિ માને! એને તો જીવતો સળગાવી નાંખવો પડશે. એટલું જ નહિ પણ તે પહેલાં તેનો ચામડી ઉતરડાવવી જોઇશે."

એ હતો ઇટાલીના નેપલ્સ શહેરની બાજુના નોલા નામના ગામડાનો ભડવીર યુવક ઝુનો. એનો પિતા સત્તાના જબરદસ્ત માટે ખૂનખાર યુધ્ધ કરતાં સરદારોનો એક સૈનિક હતો અને તે કાર્યમાંજ મરી ખૂટ્યો હતો. એની માતાના પ્રેમને વશ બની આ નિડર યુવાન યોદ્ધો ન બનતા ધર્મગુરૂ બન્યો. ધર્મગુરૂ પાસે દીક્ષા લઇ એક વરસના જ સતત અભ્યાસ અને ચિંતનમાં બાદ તેની બાઇબલ પરથી શ્રદ્ધા ઉડી ગઇ. એણે ધર્મશાસ્ત્ર પર ખૂબ વાંચ્યું અને વિચાર્યું. ભગવાન ઇશુની આસપાસ ઉભા કરેલાં ઝાડાઝાંખરામાં તેણે અસત્ય જોયું. ધર્મની ગાદીઓ પર ચઢી લોકોના દર્શન પામતાં એ વેવલાઓના સંપર્કમાં તેને સાધુતાનો દંભ દેખાયો. મહાત્મા ઇશુને નામે ચરી ખાતા લોભપ્રદિપ્ત સ્વાર્થધારીઓ જ્યારે જ્યારે બાઇબલ વિષે વાત કરતા ત્યારે તેમાંનાં અનેક અસત્યો તેણે જોઇ લીધાં. મનથી, બુદ્ધિથી, ચિત્તથી અને હૃદયથી તેણે ફરી બાઇબલ વાંચી અને મન સાથે નક્કી કર્યું કે મહાન ધર્મ એ એક માત્ર સત્ય છે. સત્ય એજ માનવજીવનનો રાજમાર્ગ છે. બાકી હૈયાત સંપ્રદાય તો ધર્મને નામે ચાલતા મહાન ધતીંગો છે અને જનસમાજની શ્રદ્ધા પર આશાની મીટ માંડી તેમને અજ્ઞાનપન્થે દોરવનારા છે.

ઝુનોને સત્ય સમજાયું. એટલે એણે જન સમાજને એ રીતે ઉપદેશ આપવો શરૂ કર્યો. દેશ ભરના સાધુસંઘો ઝુનોનો ધર્મવિરોધ સાંભળી કકળી ઉઠયા. ઝુનો નાસ્તિક છે તેવો પોકાર તેમણે શરૂ કર્યો. પણ ઝુનોએ પોતાની હકીકત પ્રજા સમક્ષ અણુરૂક કહેવી જારી રાખી. "દેવળની આસપાસ અંધશ્રધ્ધાની ઉભી કરેલી દિવાલો તોડી નાખવા જેવી છે. નરક અને દેવલોકના કાલ્પનિક ભયો મનુષ્યની વિચારસૃષ્ટિની વિકાસ પ્રગતિના રૂંધનારા છે. મનુષ્ય પોતે જ કર્મકારણનો કર્તા છે; અને તે કર્તા–આત્મા–શરીરસાધનદ્વારા પોતાનું નસીબ ઘડે છે. એટલે આત્માની શુધ્ધ વૈજ્ઞાનિક સ્થિતિમાં સ્ફુરેલ વિચારશક્તિ એ માનવ પ્રગતિનું પ્રાથમક સાધન છે. વિચારશક્તિનો ઉપયોગ ન કરતાં જે દંભ અને અસત્ય દેવળની આસપાસ વસતા ધર્મગુરૂઓ શ્રધ્ધાને નામે ચાલાવે છે તે અસત્ય છે, અસત્ય છે."

ઝુનો પ્રતિ તેના ગુરૂ એન્સેલમને ઘણો પ્રેમ હતો. તેણે તેમને બાઇબલ વિરૂધ્ધ તથા પ્રચલિત ધર્મસંઘ વિરૂધ્ધ કશું ન બોલવા વિનવ્યો. "જે સત્ય છે અને જે જનસમાજના હિતમાં છે એમ મને લાગે છે તે હું અવશ્ય જ કહેવાનો છું. સત્ય વાત જાહેર કરવી જ જોઇએ" એમ તેણે ધર્મગુરૂને સંભળાવી દીધું.

જેમ જેમ ઝુનો સત્યવક્તા થતો ગયો અને જાહેર રીતે કહેવા લાગ્યો કે "હું કેથોલીક નથી, હું પ્રોટેસ્ટન્ટ નથી, પરંતુ હું તો સત્ય ભગવાનનો પૂજારી છું અને લોકો સત્ય સમજે એ જ માત્ર ઇચ્છું છું." તેમ તેમ સાધુસંઘો વધુને વધુ ઉશ્કેરાતા ચાલ્યા. છેવટે તેને મારવાનું કાવતરૂં ગોઠવાયું. તેના પ્રતિ મમતા રાખતા વૃધ્ધ એન્સેલમે તેને મઠમાંથી નાસી જવા સુચના કરી. તેણે કહ્યું; 'ઝુનો! બેટા!! તારા વિચારો તારા દુશ્મન બન્યા છે. હું મઠાધીશ પાસેથી સીધો આવું છું. તું નાસ્તિક પ્રચાર થયો છે. સાધુ જોરોમના ગુસ્સાનો પાર નથી. કાલે સવારે તને પકડી લઈ જવામાં આવશે. બચવાનો તારે માટે કોઇ ઉપાય નથી. માટે હું કહું છું કે તું આજ રાત્રે અહીંથી નાસી છૂટ." વૃધ્ધની આંખો પલળી. કંઠ રૂંધાયો.

જુવાનની આંખો ચમકી, પગ ટટાર થયા, અભિમાનમાં માથું સ્થિર બન્યું, છાતી ફુલાણી. નિડરતાના પડઘા પાડતો એનો સીધો અને સ્પષ્ટ અવાજ આવ્યો, 'મારે માટે કદિ ડરશો નહી, કારણ કે મૃત્યુથી હું ડરતો નથી.'

વૃધ્ધની અત્યંત વિનવણીથી જીવવા ખાતર નહિ પણ સત્યનો પ્રચાર કરવાના હેતુથી અંતે તે મઠમાંથી નાસી છૂટ્યો અને પગપાળા મૂસાફરી કરી ભટકતાં ભટકતાં સૂર્યપ્રકાશમાં ઝગમગતા એપીનાઇન્સનાં શિખરોની લગોલગ આવી પહોંચ્યો. તેને થયું કે આ શિખરોની પેલી બાજુ સ્વીઝર્લેન્ડના લોકો સુધારક છે. ત્યાંના લોકો તેને સમજશે અને વિચારસ્વાતંત્ર્ય પણ મળશે. છેલ્લી વખત તેણે ઇટાલીપ્રતિ જોયું. તેનું હૃદય પોકારી ઉઠ્યું, 'આવડા મોટા વિશાળ દેશમાં એક મારે માટે જ જગ્યા નથી. ભલે! હું જાઉં છું' અને વિસુવિયસના લાવાના ધુમાડાંઓ સાથે તે અદૃશ્ય બની જીનીવા શહેરમાં આવ્યો. અહીં આવી સુધારકો અને બુધ્ધિમાનોના તેણે બારણાં ઠોકયાં.

વિદ્વાનોની અને વિચારકોની સભા ભરાઇ. ત્રીસ વરસના નવયુવાને એરીસ્ટોટલ વિષેની અંધશ્રધ્ધા પર પ્રહાર કર્યા. એણે ધર્મના ધતીંગો ઉઘાડા પાડયા. સત્ય સમજવાની અને આચરવાની તેણે હાકલ કરી.

સુધારકો પણ ધવાયા. આંખમાં ઝેર લાવી ઝુનોને તેઓએ ધર્મદ્રોહી જાહેર કર્યો અને તેનો પ્રાણ લેવા ઇંતેજાર બન્યા. કોઇપણ પળે તેને જેલની દિવાલો પાછળ ધકેલવાની તૈયારી હતી. ઘેર આવી વિચાર કરી ઝુનોએ અંધારી રાત્રે સ્વિટઝર્લેન્ડને કેલ્લી સલામ કરી ઉચાળા ઉપાડયાં. એકલવાયો અને અટૂલો એ જુવાન સત્યને ખાતર શહેરની દિવાલો વટાવી અંધકારમાં ભળી ગયો.

હવે તે પેરીસ આવ્યો. ઝુનો આવ્યાના સમાચાર મળતાંજ રાજા લુઇએ તેનો સત્કાર કર્યો. પેરીસની વિદ્યાવીઠમાં તેને ખુરશી આપવાની ઇચ્છા દાખવી. રાજાએ કહ્યું, "ઝુનો! મેં સાંભળ્યું છે કે તમે ધાર્મિક ફરજોમાં જરા બેદરકાર છો. તો હવે સામુદાયિક પ્રાર્થનામાં રોજ હાજર રહેજો; કારણ કે લોકો પરની તમારી છાપની અસર બહુ ઉપયોગી છે."

"માફ કરજો રાજા! હું ધાર્મિક ફરજોમાં બેદરકાર નથી; ધાર્મિક ક્રિયાકાંડોમાં હું માનતો જ નથી. હું તો ધાર્મિક જીવનમાંજ માનું છું."

"શું તમે પવિત્ર દેવળની સત્તા નથી માનતા? તમે લ્યુથરની કેલ્વીનના સુધારા પણ નથી માનતા? તમને ધર્મમાં શ્રધ્ધા પણ નથી?

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુલાઈ ૧ ૧૯૪૫

એક વિલક્ષણ લગ્નઘટના

તા. ૧૮-૬-૪૫ ના રોજ અધ્યાપક શ્રી રામનારાયણ પાઠકે મુંબાઈની કર્વે કૉલેજના અધ્યાપિકા શ્રી. હીરાબહેન મહેતા સાથે કરેલું લગ્ન ગુજરાતી જનતામાં ભારે ચર્ચાસ્પદ અને વિસ્મય પમાડનારું નીવડ્યું છે. આજ કાલ યોજાતાં અને ચર્ચાસ્પદ બનતાં અનેક લગ્ન સંબંધો કરતાં પ્રસ્તુત લગ્ન વિલક્ષણ પ્રકારનું છે. આ કાંઇ એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી કરવાનો કોઇ કીસ્સો નથી; એકના ભોળપણનો લાભ લેવાતો હોય કે પરણનાર વચ્ચે કોઇ છેતરપીંડી કરવામાં આવી હોય એવો પણ આ કોઇ બનાવ નથી. જે ઘટનાથી હજુ આપણે ટેવાયા નથી તેવું સ્થળ, જાતિ કે કુલક્રમાગત ધર્મનું અસાધારણ અંતર દાખવતી એવી કોઇ લગ્નઘટના આ નથી. વિશેષતઃ આ લગ્ન કોઇ ક્ષણિક આવેગનું પરિણામ નથી. બંને વ્યક્તિઓ લાંબા મનોમંથનના પરિણામે અને સાધક બાધક સર્વ બાજુઓનો પુરો વિચાર કરીને સ્વેચ્છાએ લગ્ન સંબંધથી જોડાયેલ છે. આમ છતાં પણ કોઇ પણ માણસ અમુક લગ્ન સંબંધના સમાચાર સાંભળે કે તરત જ તેને આઘાત થાય અને સાંભળીને સહજ પ્રશ્ન કરે કે "આ શું સાચી વાત છે?" એવી આ એક વિચિત્ર ઘટના તો જરૂર છે જ. આવો આઘાત સૌ કોઇ અનુભવે છે તેનાં કેટલાંક કારણો છે. (૧) સૌથી મોટું કારણ તો બંનેની વય વચ્ચે મહદન્તર. શ્રી. હીરાબહેનની ઉમ્મર ૨૯ વર્ષની છે જ્યારે શ્રી. પાઠકની ઉમ્મર ૫૮ વર્ષની છે. આ ઉપરાંત જે સ્થુળ અર્થમાં આપણે લગ્ન સંબંધનો વિચાર કરીએ છીએ તે અર્થના ધોરણે વિચારતાં કોઇની પણ સાથે લગ્ન સંબંધથી જોડાવાને અપાત્ર ગણાય એવી શ્રી પાઠકની જર્જરિત શરીરસ્થિતિ પણ પ્રસ્તુત સંબંધની આલોચના કરતાં આપણા ધ્યાન ઉપર આવ્યા વિના રહેતી નથી. (૨) બીજું કારણ બન્ને વચ્ચે વર્ષોથી સ્થપાયલો ગુરૂ શિષ્યાનો સંબંધ. શ્રી હીરાબહેને કર્વે યુનીવર્સીટીની પી. એચ. ડી ડીગ્રી ધરાવે છે. આ ડીગ્રી જે નિબંધને લીધે તેમને મળી છે તે નિબંધ શ્રી પાઠકની દોરવણી નીચે તેમણે આજથી કેટલાંક વર્ષ પહેલાં તૈયાર કર્યો હતો અને તે પહેલાં કેટલાક સમયથી તે આજ સુધી તેઓ બન્ને વચ્ચે આ પ્રકારનો સંબંધ ચાલુ રહ્યો છે. શ્રી હીરાબહેનની ગુજરાતી સાહિત્ય પ્રત્યેની નિષ્ઠા એક મીશનરી જેવી છે. તેમનું આ સાહિત્યઘડતર શ્રી રામનારાયણ પાઠકને આભારી છે. આ રીતે તેમની વચ્ચે રહેલો ગુરૂ શિષ્યાનો સંબંધ કેવળ ઔપચારિક, આકસ્મિક કે અલ્પકાલીન નથી, પણ વાસ્તવિક અને અનેક વર્ષો પર્યન્તનો છે. આવો જ જ્યાં સંબંધ હોય છે ત્યાં જ્યારે લગ્ન સંબંધનું નિર્માણ થયાનો સમાચાર બહાર આવે છે ત્યારે ગુરૂશિષ્યાના સંબંધમાં અમુક પ્રકારના પાવિત્ર્યની ભાવનાનો આરોપ કરવાને ટેવાયેલ સમાજ સ્વાભાવિક રીતે સખ્ત આંચકો અનુભવે છે. (૩) ત્રીજું કારણ શ્રી. રામનારાયણ પાઠક વિષે સારા સમાજના અસાધારણ આદર બુદ્ધિ અને તેમના ચારિત્ર્ય વિષે સમાજનો ઘણો જ ઉંચો ખ્યાલ. શ્રી. પાઠક માત્ર સાક્ષર કે કવિ જ નથી. તેઓ એક સુક્ષ્મ વિવેચક અને સારાસારના મિમાંસક છે. વિશેષમાં સંયમ ઉપર તેઓ હંમેશા અસાધારણ ભાર મૂકતા આવ્યા છે. दृष्टिपूतं न्यसेत् पादम्। આ તો તેમનો મુદ્રાલેખ છે. તેમની સત્તાવીશ વર્ષ જેટલી લાંબી વિધુર અવસ્થા પણ તેમના અસાધારણ સંયમી જીવનની સૂચક છે. આવી વ્યક્તિ આ ઉમ્મરે અને આવી નાજુક શરીરસ્થિતિ હોવા છતાં પોતાની જ શિષ્યા સાથે પરસ્પરની વયની આટલી બધી અસમાનતાની ઉપેક્ષા કરીને લગ્ન કરે આ કદિ કલ્પનામાં ન આવે એવી એક ઘટના બની છે અને તેથી જ સમાજ આ સંબંધમાં વિસ્મય અનુભવી રહેલ છે. (૪) વળી ઉપર જણાવેલ કારણો ઉપરાન્ત આ લગ્નસંબંધ વિશેષતઃ આઘાતક એટલા માટે બને છે કે શ્રી રામનારાયણ પાઠક હીરાબહેનના કુટુંબની એક અંગભૂત વ્યક્તિસમાન હતા. હીરાબહેનના પિતા શ્રી રામનારાયણને પોતાના મોટા ભાઇથી પણ વિશેષ લેખતા. નાનાં મોટાં વેકેશનો મોટે ભાગે તેઓ મુંબઇ ખાતે શ્રી હીરાબહેનના ઘેરજ ગાળતા. હીરાબહેનના માબાપનો શ્રી. પાઠક ઉપર અસાધારણ વિશ્વાસ હતો અને તેના કારણે હીરાબહેન પાઠક સાથે ગમે ત્યાં જાય, ગયે ત્યાં ગમે તેટલા દિવસ રહે તે બાબતમાં તેમના માબાપના મનનું એક રૂંવાડું સરખું પણ ફરકતું નહિ. શ્રી. પાઠકે આ લગ્નસંબંધ સ્વીકારીને હીરા બહેનના માતાપિતાનો ભારેમાં ભારે વિશ્વાસદ્રોહ કર્યો છે. આ લગ્નવિધિ હીરાબહેનના કુટુંબીઓથી કેવળ છુપી રીતે કરવામાં આવી છે. જો શ્રી રામનારાયણ પાઠક જેવી એક આદર્શ પરાયણ અને સાધુચરિત વ્યક્તિ આવું કરી બેસે તો કયા માબાપે આજે કોનો વિશ્વાસ કરવો એ એક મોટો પ્રશ્ન થઇ પડયો છે.

શ્રી હીરાબહેન સ્વતંત્ર રીતે વિચાર કરવાનું સામર્થ્ય ધરાવતી પ્રાણવાન સંસ્કારમૂર્તિ છે. તેમનામાં સ્વાતંત્ર્ય સાથે સંયમનો મેં સારો સુમેળ જોયો છે. તેમનામાં કઢંગુ, અસ્વાભાવિક abnormal—એવું કશું જોવામાં કે અનુભવવામાં આવ્યું નથી. તેમની સાથેના અંગત પરિચયના પરિણામે બંધાયલો આ મારો અભિપ્રાય છે. આ બધું જોતાં આપણી નજરે કેવળ અસ્વાભાવિક લાગતો સંબંધ સ્વેચ્છાએ સ્વીકારી લેવા તેઓ કેમ કટિબધ્ધ થયા હશે એ એક ભારે માનસિક કોયડો છે. એમ છતાં પણ તેમને પોતાના જીવન સાથે બીજા કોઇના અધિકાર ઉપર કશો પણ કાપ ન પડે એ રીતે પોતાને ફાવે તેવો પ્રયોગ કરવાનો હક હતો એમ સમજીને તેમના વિષે આપણે મૌન ધારણ કરીએ અથવા તો જેના પરિણામે તેમનાં આખા ભાવી જીવનની અમુક મર્યાદા લગ્નસંબંધ સાથે જ નિર્માણ થઇ બેસે છે એવો વિચિત્ર અને અસંભવનીય નાદ તેમના ચિત્તમાં કેમ ઉદ્‌ભવ્યો હશે એ વિષે આપણે વિસ્મય અને સાથે સાથે વિષાદ અનુભવીએ. પણ શ્રી રામનારાયણ પાઠક વિષે આમ વિચારી શકાય તેમ નથી. તેમની જવાબદારી ઘણી મોટી હતી; તેમના સંયોગો ઘણા ભિન્ન હતા. તેમનું આ કાર્ય કોઇ પણ રીતે સહજ ક્ષમ્ય બની શકતું નથી. સદ્‌ભાગ્યે આવા લગ્ન સંબંધોનું અનુકરણ થવાનો સંભવ બહુ ઓછો છે. કારણ કે હાથમાં દીવો લઇને ખાડામાં કુદી પડનાર માનવી જ્યાં ત્યાં મળતા નથી. પણ આ બનાવે અનેક વિશ્વાસયોગ્ય સ્ત્રી પુરૂષોને અવિશ્વસનીય બનાવ્યા છે એ કાંઇ જેવું તેવું સામાજિક નુકસાન નથી.

આ બધો વિચાર આપણે શ્રી રામનારાયણ પાઠક તથા હીરાબહેનના લગ્નને લગતા બાબાંગો લક્ષ્યમાં લઇને કર્યો. પણ આ ઘટનાના મૂળમાં રહેલો એક પ્રશ્ન એ છે કે જેઓ વચ્ચે ઉમ્મર અને શરીર સ્થિતિની આવડી મોટી અસમાનતા રહેલી છે અને જેમના લગ્ન સંબંધને બાધક બીજાં પણ અનેક અંગત કારણો જોવામાં આવે છે તેઓના દિલમાં એકમેક સાથે લગ્નથી જોડાવાની વૃત્તિ કેવી રીતે ઉદ્‌ભવતી હશે? બીજો પ્રશ્ન એ છે કે પરસ્પર વિષે ઉત્તરોત્તર વધતી જતી કામાભિમુખતા એ જ માત્ર આવા લગ્ન સંબંધોની પ્રેરક ભૂમિકા હોય છે કે એ સિવાય અન્ય કોઇ ઉચ્ચતર ભૂમિકાની સંભાવના થઇ શકે છે ખરી? આ બંન્ને પ્રશ્નો જરા વિગતવાર પૃથક્કરણની અપેક્ષા ધરાવે છે.

સ્ત્રી પુરૂષના સંબંધનું સ્વરૂપ જ એવું છે કે કોઇ પણ સ્ત્રી પુરૂષ વચ્ચે જેમ જેમ પરિચય વધતો જાય છે તેમ તેમ તેમનામાં વધારે સહવાસની આકાંક્ષા ઉભી થતી જાય છે. આવા સંબંધોમાં બીજા કોઇ બહારના અતુલ્લંઘનીય અન્તરાયો આડે આવે તેમ ન હોય તો બન્નેના દિલમાં સતત સાહચર્યની કલ્પના ઉગે છે; એ કલ્પના ધીમે ધીમે ઇચ્છાનું

અને એ ઇચ્છા નાદનું સ્વરૂપ પકડે છે. આ નાદ ઉભયમાં રહેલી નાની મોટી અસમાનતાનો છેદ ઉડાડી મુકે છે અને એક અન્યને અપ્રતિમ ભાવથી નિહાળવા લાગે છે, જેનું પરિણામ સાધારણ રીતે લગ્ન સંબંધમાં આવે છે. આ ઉપરથી એમ કહી શકીએ કે આવા ઐચ્છિક લગ્નો સતત સાહચર્યની કામનામાંથી જન્મે છે અને આવી કામના ગમે તેટલી ભિન્ન કક્ષા ઉપર ઉભેલાં સ્ત્રી અને પુરૂષમાં પણ સંભવે છે.

હવે બીજો પ્રશ્ન વિચારીએ. કોઇ અમુક સ્ત્રી અને પુરૂષના દિલમાં ઉદ્‌ભવેલી આવી સતત સાહચર્યની કામના હંમેશા તીવ્ર કામાભિમુખતાનું જ પરિણામ હોય છે એવી સાધારણ માન્યતા બરોબર નથી. ઘણી વખત અમુક વિષય કે પ્રવૃત્તિમાં સમાન રસનો અનુભવ અને સમાન સંવેદન એજ માત્ર સ્ત્રી અને પુરૂષની મીલનભૂમિકા બને છે. સાહિત્ય, કળા, ધર્મોપાસના, અધ્યાત્મ–સાધના–આમાંના કોઇ પણ વિષયની ભૂમિકા ઉપર બીજી રીતે ઘણી અસમાનતા ધરાવતા અમુક સ્ત્રી અને પુરૂષના પરિચયનો પ્રારંભ થાય છે, અને એ વિષયનો સમાન અધ્યાસ જ આ પરિચયને ગાઢતર બનાવે છે, જેમાંથી કાળાન્તરે સતત સાહચર્યની આકાંક્ષા જન્મે છે. બન્નેના દિલમાં એમ થવા લાગે છે કે જો બન્નેને સાથે રહેવાનું બને તો બન્નેના સમાન રસવિષયમાં કેટલું બધું કાર્ય થઇ શકે અને બૌદ્ધિક પ્રગતિ પણ કેટલી બધી સાધી શકાય. બન્નેનો સંબંધ એક બાજુએ બહુ જ ગાઢ અને હાર્દિક હોય છે, પણ બીજી બાજુએ કેવળ નિર્મળ અને વિશુધ્ધ હોય છે. તેમના મીલનની ભૂમિકા કેવળ બૌદ્ધિક અથવા તો આધ્યાત્મિક હોય છે અને કોઇ ચોક્કસ વિષયનો નાદ જ તેમને સતત સાહચર્યની કલ્પના તરફ ખેંચ્યા કરે છે. આવી સાહચર્ય બુદ્ધિ પણ ઉભય વચ્ચેની બીજી વિષમતાઓના ભાનને સર્વથા લુપ્ત કરે છે. આવા સંબંધો ઘણી વખત આખરે ઉભયના લગ્નમાં પરિણમે છે. બૌદ્ધિક સાહચર્યની સાધના કાયદેસરના લગ્નની અપેક્ષા ધરાવે જ છે એમ નથી. જો પરસ્પરનાં મન નિર્મળ અને પવિત્ર હોય તો પરણ્યા વિના પણ તેઓ સાથે રહી શકે છે. પણ સમાજ આવું સાહચર્ય સહન કરી શકતો નથી; આવા સહચર્યમાં સમાજને સ્વચ્છંદની જ ગંધ આવ્યા કરે છે. તેથી સમાજની ઝખલગીરી અને વધતા જતા ત્રાસથી બચવા માટે બૌધ્ધિક ભૂમિકા ઉપર જોડાયલા સ્ત્રીપુરૂષ લગ્ન સંબંધનો આશ્રય લેવાનું કેટલીક વખત પસંદ કરે છે. ગુજરાતી સાહિત્ય પરત્વે ઉભયની ઉંડી ભક્તિ અને નિષ્ઠા એજ શ્રી રામનારાયણ પાઠક અને શ્રી હીરાબહેન મહેતાની મીલન ભૂમિકા હતી. તેમના પરિચયનો ઉત્તરોત્તર વિકાસ પણ એ ભૂમિકા ઉપર જ થતો આવ્યો હતો. સંભવ છે કે એ જ વિષયના અધ્યાસે તેમનામાં સતત સાહચર્યની ભૂખ જગાડી હોય અને આજના સામાજિક સંયોગોમાં આવું સતત સાહચર્ય લગ્ન સંસ્થાનો આશ્રય લીધા સિવાય શક્ય નહિ લાગવાથી તેમણે લગ્નસંબંધનો આશ્રય લેવાનું પસંદ કર્યું હોય. બીજી અનેક દૃષ્ટિએ અનિષ્ટ લાગતા લગ્નની આવી વિશુધ્ધ ભૂમિકા પણ હોઇ શકે છે. આપણે જ્યારે તેમના લગ્ન સંબંધને બીજાં અનેક કારણોસર વખોડી રહ્યા છીએ ત્યારે તે સંબંધ પાછળ આવી કોઇ ઉદાત્ત સંભાવના પણ હોઇ શકે છે એ બાબત તરફ સમાજનું ધ્યાન ખેંચવું તે–રખેને શ્રી. પાઠક તથા હીરાબહેનને આપણાથી અન્યાય થઇ ન જાય તે માટે–ખાસ જરૂરી છે. તેમના પુરતી આ સંભાવના કેટલે દરજ્જે સાચી અને વાસ્તવિક છે તે વિષે કાંઇ પણ ચોક્કસ નિર્ણય આપવો તે આપણી માહીતી અને અધિકાર બહારની વાત છે. આપણે તો એટલું કહીએ કે તેમના અંગત સંબંધની ગમે તેટલી વિશુધ્ધ ભૂમિકા હોય તો પણ ઉપર જણાવેલ ભિન્ન ભિન્ન સંયોગો અને કારણો ધ્યાનમાં લેતાં આ લગ્ન સંબંધને આપણે કોઇ પણ રીતે આવકારી શકતા નથી.

પરમાનંદ

ધર્મને નામે! (પૃષ્ટ ૩૫ થી ચાલુ)

"નાજી" એ જુવાને એકજ શબ્દમાં પતાવ્યું.

"હેં! તો તમે નાસ્તિક છો?"

"હાજી"

"તમે કોની સામે બોલો છો તેનું ભાન છે?' રાજા ઉકળી ઉઠ્યો.

"બખબર છે. ડરાવવા માગો છો મહારાજા?" જુવાનની આંખો ચમકી રહી. તેની નિડરતાને લુબ જોઇ રહ્યો. તેણે જુવાનનો હાથ ઝાલી પ્રેમથી કહ્યું; "ખુનો! તમે ફ્રાન્સ છોડી જાઓ એમ મારી સલાહ છે. સોરબોનના વિદ્વાનો તમને જીવતો નહિ છોડે." પાણીના રેલાની માફક તે ફરી પ્રવાસે ઉપડ્યો અને સુધારક રાણી એલીઝાબેથ પ્રતિ ઉપડ્યો. એને આશા હતી કે જેણે પોપની સત્તા નાબુદ કરી દીધી છે, જેણે રોમની ધર્મ સત્તાને ફગાવી દીધી છે, તે કદાચ મને આશરો આપશે. તે ઓક્સફર્ડ આવ્યો. વિદ્વાનો અને વિચારકોથી આ શહેર ભરચક હતું. એણે વિદ્યાપીઠના બારણાં ઠોકયાં. ઓકસફર્ડના વ્યાખ્યાનગૃહમાં બીજે દિવસે તેને સાંભળવા માનવમેદની ઉલટી. વ્યાસપીઠ પરથી સાવજની જેમ તે પોકારી ઉઠ્યો "ધર્મ પ્રાથમિક દશાનો તરંગ છે. માણસ વિચાર કરતો બને ત્યારે તે તરંગ નાશ પામે છે. દેવળની સત્તાનો નાશ થવો જોઇએ. લોકસત્તા વિના બીજી કોઈ સત્તા માનવા જેવી નથી. વાસ્તવ જીવવનું સત્ય એજ સાચું છે" લોકોમાં કોલાહલ થયો, 'સેતાન! પાપી!! નાસ્તિક!!! ધર્મનિંદક!' ધર્મગુરૂઓએ પોકાર પાડ્યો, "એને જીવતો શેકી નાખો!"

બીજેજ દિવસે ઇંગ્લાન્ડ છોડી તે મારબર્ગમાં પહોંચ્યો. ત્યાંની વિદ્યાપીઠના કુલપતિએ તેને ડોક્ટરની પદવી આપી, પણ યુવાન–યુવતીઓ સમક્ષ શિક્ષણ આપવાની મના કરી; એટલે ડોકટરની ઉપાધિનો કાગળ તેણે ફગાવી દીધો. કુલપતિ ગુસ્સે થયા અને કેદ પકડવાની ધમકી આપી. ખુનો ત્યાંથી ફરી ઉપડ્યો અને જર્મની પહોંચ્યો. જર્મનીએ એને જીરવ્યો. એના વિચારને જીરવ્યા.

જર્મનીમાં બે વર્ષ રહ્યો તેવામાં ઇટાલીના એક અમીરનું તેને આમંત્રણ મળ્યું. માતૃભૂમિનું તેને બહુજ આકર્ષણ થયું. 'ધર્મગુરૂઓ શેકી નાખે તો ભલે પણ ઇટાલી તો જવું જ' તેમ માની તે ત્યાં જવા માટે તૈયાર થયો. વેનીસ શહેરમાં આવ્યા પછી થોડાજ દિવસોમાં અંધારી રાત્રે જ્યારે તે કુદરતના સૌંદર્યનું અવલોકન કરતો હતો ત્યારે ધર્મગુરૂઓના કાવતરાખોરોએ તેને પકડ્યો અને કેદી બનાવી ઉપાડ્યો.

તે યુગમાં ધર્મરક્ષક ગુરૂઓ ધર્મપરંપરાની વિરૂદ્ધ જનારાઓને ભયંકર યાતનાઓ આપતા અને એ રીતે તેઓ ધર્મની રક્ષા કર્યાનો સંતોષ અનુભવતા. આપણે જોયું કે કેદ પકડાયેલ ખુનોને રેક પર ચડાવી કેવી યાતના આપવામાં આવી હતી.

"મને કોઇનો આશરો ન ખપે. મારે કોઇની દયા માંગવી નથી. સત્ય સિવાય કોઇ ધર્મસંપ્રદાયનો હું ઉપાસક નથી" એ શબ્દો વારંવાર બોલતા બોલતા કેદમાં સખ્ત જુલ્મ અને ત્રાસ સહન કરતા આઠ વરસ વીતી ગયાં. તેનાં અંગ બેચાયાં; વાળ પિખાયાં; દિવાલો સાથે જકડી બંધાયો; શરીરના હાડમાંસનેઅંગોપાંગને ધર્મની પવિત્ર અદાલતે ચુંથાય તેટલા ચુથ્યાં. એનો સમસ્ત દેહ બેડોળ બની ગયો. આંખો ઉંડી ઉતરી ગઇ. ચામડી ઉતડરાઈ ગઇ. એ જીવતો હતો–જીવનના છેલ્લા શ્વાસો પૂરતો, પણ તેનું કપાળ તેજથી તગતગતું હતું; તેની ઉંડી આંખોમાં નિર્દોષતા તથા નિર્મળું હાસ્ય દૃષ્ટિગોચર થતું હતું.

આખે ધર્મગુરૂઓએ કેદીને હાજર કરવા માટે ફરી આજ્ઞા કરી અને તેને જીવતો બાળી મુકવાની તૈયારી કરવા જણાવ્યું. લાકડાઓની ચિતા પર ખુનો જાતે જ ચડવા માટે પગલા ભરવા લાગ્યો. આટલે વર્ષે તેની માતા 'ખુનો! મારો ખુનો!!'–ની ધુમ નાખતી ત્યાં આવી ચડી અને પોતાના પ્યારા પુત્ર પાસે બેભાન બની પડી ગઇ. ખુનોની આંખમાં માતૃપ્રેમનું એક અશ્રુબિન્દુ દેખાયું, પણ જોતજોતામાં તો લૂંછી તે સ્વસ્થ બન્યો. તેની એ જીવતી ચિતાને ધર્મસત્તાધીશોએ હવે અગ્નિ ચાંપ્યો.

છતાંય તે અડગ રહ્યો. અણનમ રહ્યો.

સત્ય એ જ ધર્મ છે એમ એણે ફરી પોકાર્યું. ધર્મના નામે પ્રત્યેક સંપ્રદાયના ધર્મગુરૂઓ લોકોને પુણ્ય પાપ, નરક સ્વર્ગ, લાભ લોભ દેખાડે છે તે અસત્ય છે એ તેણે ફરી જાહેર કર્યું.

બળતાં બળતાં તે પોકારી ઉઠ્યો, "લોકો ચેતજો! આ અને આવા પ્રત્યેક ધર્મના સંપ્રદાયગુરૂઓ તમારી અવૈજ્ઞાનિક અંધશ્રદ્ધાનો લાભ ઉઠાવી ધર્મને નામે પાખંડ ચલાવે છે; અધર્મ ઉપદેશે છે; જીવનની સચ્ચાઈનો ઉચ્છેદ આચરાવે છે. તમે-ઓ લોકો!-એક માત્ર સત્યને-જીવનની સચ્ચાઇનેજ ઓળખજો!"

જોતજોતામાં આ ક્રાન્તિવીરના દેહની રાખ બની ગઇ. પણ જનતાને તેણે બોધેલું સત્ય આજે પણ એટલું જીવતું અને જાગતું છે. અમર છે.

ચુનિલાલ કામદાર.

કેટલાક સમાચાર અને નોંધ

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

મુંબઈ શહેરમાં કોલેજમાં ભણતા જૈન વિદ્યાર્થીઓને રહેવા ખાવાની સગવડો આપતી જે ગણીગાંઠી જૈન સંસ્થાઓ છે તેમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય બહુ જાણીતી સંસ્થા છે. હાલમાં જૈન એજ્યુકેશન સોસાયટી તરફથી એક છાત્રાલયની શરૂઆત કરવામાં આવી છે. ગોકુલભાઇ મુળચંદ હોસ્ટેલની કેટલાંક વર્ષ પહેલાં સ્થાપના કરવામાં આવેલી, જે વચગાળે કેવળ સુષુપ્ત અવસ્થામાં હતું, પણ થોડા સમય પહેલાં હાલ જેનો શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પુનરૂધ્ધાર કર્યો છે અને જ્યાં આજે ૪૦ જૈન વિદ્યાર્થીઓને રાખવામાં આવે છે. શ્રી હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડીંગ આવી જ એક સંસ્થા છે જે સૌથી વધારે જુની છે. આ બધી સંસ્થાઓ દ્વારા જૈન વિદ્યાર્થીઓને સારી સગવડો મળે છે. એમ છતાં પણ આ બધી સંસ્થાઓ અમુક એક અથવા તો બીજા ફીરકાઓના વિદ્યાર્થીઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે નિર્માયેલી છે. ત્રણે ફીરકાના જૈન વિદ્યાર્થીઓને રાખવાનો કોઇ પણ સ્થળે પ્રબંધ થતો હોય તો તે માત્ર સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ જ છે. આ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનો પરિચય આપવો એ આ નોંધનો હેતુ છે.

આવા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની મૂળ પ્રેરણા આપનાર જૈન સમાજના પ્રસિધ્ધ તત્ત્વજ્ઞ લેખક અને વકતા સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહના નામથી ભાગ્યેજ કોઇ જૈન અજાણ્યુ હશે. તેઓ અને તેમના મિત્ર શ્રી મણિલાલ મોકમચંદ શાહની બ્રીજ મણિલાલ એન્ડ કું. ના નામની ભાગીદારી પેઢી ચાલતી હતી. તે પેઢી તરફથી રૂા. ૩૬૦૦૦ પ્રસ્તુત સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરવા માટે સંભાવત કરવામાં આવી હતી અને ૧૯૧૯ ની સાલમાં ઝાલાવાડના મરહુમ મહારાજાના હાથે આ સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એ ઉદ્‌ઘાટન પ્રસંગે જ આ સંસ્થા માટે બીજા રૂા. ૨૫૦૦૦ ની રકમ એકઠી થઇ હતી અને કુલ રૂા. ૫૬૦૦૦ ના ફંડ ઉપર આ સંસ્થાનો વહીવટ શરૂ થયો હતો. પ્રોન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલા પીરભાઈ બીલ્ડીંગના ચોથા માળ ઉપર સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની શરૂઆત કરવામાં આવેલી. આજે પણ એ સંસ્થા તે સ્થળે જ છે અને તેનો આજે ૪૨ વિદ્યાર્થીઓ લાભ લે છે. ઉપર જણાવેલ ફંડના વ્યાજની વાર્ષિક આવક રૂા. ૨૨૪૦ માંથી આ સંસ્થા ચાલે છે અને તેના હાલના ટ્રસ્ટીઓ નીચે મુજબ છે.

શ્રી. માણેકલાલ અમુલખરાય મહેતા
,, મણિલાલ મોકમચંદ શાહ
,, ચીમનલાલ ચકુભાઇ શાહ
,, શાન્તિલાલ હરજીવન શાહ
,, શાન્તિલાલ વાડીલાલ શાહ

વિશેષ આવકના અભાવે આ વિદ્યાર્થીગૃહમાં આજે ફકત રહેવાની તથા અભ્યાસ કરવાની સગવડ આપવામાં આવે છે. ખાવા પીવાની સગવડ વિદ્યાર્થીઓએ પોતેજ કરી લેવાની રહે છે.

આજે ઉપર જણાવેલી ત્રણ ચાર સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી હોવા છતાં ઘણા જૈન વિદ્યાર્થીઓને સગવડના અભાવે પોતાનો અભ્યાસ છોડી દેવો પડે છે. જેટલી અરજીઓ આવે છે તેના ચોથા ભાગનો પણ આ સંસ્થાઓમાં સમાસ થઇ શકતો નથી. કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે આજે જેટલી સગવડ વધારી શકાય એટલી ઓછી છે. આ હકીકત ખ્યાલમાં રાખીને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને વિકસાવવાની ખુબ જરૂર છે.

બીજું આજે ત્રણ ફીરકાની એકતાની વાતો આપણે ઘણી કરી રહ્યા છીએ, પણ એ એકતાની ભાવનાનો અમલી દિશાએ આપણી પાસે કશો કાર્યક્રમ નથી. જૈન સમાજના ત્રણ ફીરકાની એકતાની ખરી શરૂઆત વિદ્યાર્થી જીવનથી જ થઇ શકે છે. ઉગતા વિદ્યાર્થીઓના દિલમાં એકતાની ભાવના રોપવામાં આવે તો એકતાના ધ્યેયને બહુ જલ્દિથી વેગ આપી શકાય. થોડા સમય પહેલાં જાણીતા લેખક અને પ્રચારક શ્રી. જૈનેન્દ્રકુમારની પ્રેરણાથી મુંબઇના કેટલાક આગેવાન જૈનોની એક ઐક્ય સંવર્ધક સમિતિ ઉભી કરવામાં આવી છે. આવી સમિતિના સભ્યોને એકતાની પ્રાથમિક ભૂમિકા રૂપે ઉપર જણાવેલ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને વિકસાવવા તરફ પોતાનું ખાસ લક્ષ્ય એકત્ર કરવા વિનંતિ કરવામાં આવે છે. સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ જૈનોની સમગ્ર એકતાનું કેન્દ્ર બની શકે છે. એ સમિતિમાં સામેલ ન થયા હોય એવા એકતાપ્રિય બંધુઓ પણ સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને લગતી આ વિજ્ઞપ્તિ ધ્યાનમાં લે અને જ્યાં સંખ્યાબંધ જૈન વિદ્યાર્થીઓ પોતે શ્વેતાંબર કે દિગંબર એવા કશા પણ ભેદભાવ વિના સાથે રહે અને વિશાળ જૈનત્વની ભાવનાથી ઓતપ્રોત બને એવું વિશાળ જૈન વિદ્યાર્થી કેન્દ્ર ઉભું કરવામાં કટિબદ્ધ થાય એવી પ્રાર્થના કરવામાં આવે છે. આજે આ સંસ્થાના મુખ્ય કાર્યવાહક શ્રી. મણિલાલ મોકમચંદ શાહ છે. આ સંસ્થાને સારા અને સંગીન પાયા ઉપર મુકવાની તેમને ખુબ જ ઝંખના છે અને તે માટે બનતું કરી છૂટવા તેઓ તૈયાર છે. શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ પછી બીજી કોઇ બાબત તેમના દિલને ગાઢપણે વળગેલી હોય તો આ શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ છે અને સમગ્ર જૈન સમાજનું ઐક્ય આવી એક વિશાળકાય સંસ્થાદ્વારા મૂર્તિમન્ત થયેલું જોવાની તેમની ભાવના છે. પણ આ બાબતમાં તેમને અન્ય કાર્યકર્તાઓ અને આગેવાન જૈનોનો પુરો સહકાર જોઇએ. એ સહકાર જૈન સમાજ તરફથી તેમને પુરા પ્રમાણમાં મળી રહેશે અને સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને વિકસાવવાની તેમની પ્રબળ ઇચ્છા પાર પડશે એવી આશા રાખવામાં આવે છે.

શ્રી. એન. બી. શાહનું દુઃખદ અવસાન

શ્રી. નરોત્તમદાસ બી. શાહનું તા. ૨૭-૬-૪૫ ના રોજ એકાએક હૃદય બંધ પડવાથી અવસાન થયું છે. આગળના દિવસે શ્રી. શંકરરાવ દેવ સંઘના કાર્યાલયમાં આવેલા ત્યારે તેઓ હાજર હતા. તે પ્રસંગે આપણને કલ્પના સરખી પણ નહોતી કે બીજે દિવસે તેઓ આપણી વચ્ચેથી હંમેશાને માટે વિદાય લેવાના છે. કાળની ગતિ ગૂઢ અને અગમ્ય છે! સદ્‌ગત બંધુ ધોધારી જૈન દવાખાનાના સ્થાપક હતા; જૈન સમાજના એક નમ્ર કાર્યકર્તા હતા; અને જૈન વસ્તીગણતરી અને તેને લગતા અવાન્તર પ્રશ્નો તેમના ખાસ રસ અને અભ્યાસનો વિષય હતો. આ સંબંધે તેમણે આજ સુધીમાં વિપુલ સાહિત્ય તેમજ સામયિક પત્રોમાં અનેક ચર્ચાપત્રો અને લેખો પ્રગટ કર્યા હતા અને જૈનોની ઉતરતી જતી વસતીવિષયક પરિસ્થિતિ અને આનુષંગિક બાબતો ઉપર જૈન સમાજનું સતત ધ્યાન ખેંચ્યા કર્યું હતું. તેઓ એક મૂક સમાજ-સેવક હતા અને શાન્ત સુચારિત્ર્યશાળી સજ્જન હતા. ચિત્તની પ્રસન્નતા અને સંતોષ એ તેમના વિશિષ્ટ ગુણો હતા. એક નિર્મળ પવનલહરિ માફક પોતાના સંકીર્ણ સંયોગોમા જે કાંઇ બની શકી તે સેવાઓ કરતે કરતે ઐહિક જીવનની મર્યાદા વટાવીને તેમણે પરલોકમાં પ્રવેશ કર્યો છે. તેમના આત્માને પરમ શાન્તિ મળો!

શેઠ ભોગીલાલ દોલતચંદ હાઇસ્કુલનું ઉદ્‌ઘાટન

તા. ૧૬-૬-૪૫ ના રોજ પાટણ ખાતે ગાયકવાડ રાજ્યના વિદ્યાધિકારી શ્રી. જ્યોતીન્દ્ર માર્કંડરાય મહેતાના શુભ હસ્તે શ્રી.

ભોગીલાલ દોલતચંદ હાઇસ્કુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. દેશભરમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા એટલા મોટા પ્રમાણમાં વધતી જાય છે કે આજની કોઇ પણ સરકારી વ્યવસ્થા આ જરૂરિયાતને પહોંચી વળી શકતી જ નથી. આ માટે સમાજના શ્રીમાનો તરફથી નિશાળો, હાઇસ્કુલો અને કોલેજો ઉઘડવાની ખુબ જ જરૂર છે અને સાથે સાથે સંખ્યાબંધ છાત્રાલયોની પણ એટલી જ આવશ્યકતા છે. બહેનોને શિક્ષણ આપવા માટે કન્યાશાળાઓની પણ એટલી જ અપેક્ષા છે. સદ્‌ભાગ્યે સ્થળે સ્થળે નવી નવી શિક્ષણ સંસ્થાઓના ઉદ્‌ઘાટન સમાચાર આવ્યાજ કરે છે અને આ ખરેખર ખુબજ આવકારદાયક અને પ્રશંસાયોગ્ય છે. ઉપર જણાવેલી સાર્વજનિક હાઇસ્કુલની શરૂઆત કરવા માટે શ્રી. ભોગીલાલ ભાઈ તરફથી થોડા સમય ઊપર રૂા. ૬૧૦૦૦ ની રકમ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પ્રસ્તુત ઉદ્‌ઘાટન-સમારંભ પ્રસંગે આ હાઇસ્કુલને વધારે સંગીન પાયા ઉપર મૂકવાના



શેઠ ભોગીલાલ દોલતચંદ

હેતુથી શ્રી ભોગીલાલભાઇએ બીજી રૂા. ૫૬૦૦૦ ની રકમ એ જ કાર્યમાં ચોકકસ સરતો સાથે આપવાની ઇચ્છા દર્શાવી છે. જાણીતા હીરાના વ્યાપારી શ્રી. એચ. બી. શાહના શ્રી. ભોગીલાલભાઇ પિતા થાય. બંને પિતા પુત્ર સમાજના તેમ જ રાષ્ટ્રના અનેક કાર્યોમાં અવારનવાર નાની મોટી રકમો આપતા આવ્યા છે. તેમની ઉદાર વૃત્તિ અને દિલનો ભાવ-સરળતા તથા સુજનતા-સૌ કોઇ શ્રીમાનોને અનુકરણીય છે. એક લાખ અને અગિયાર હજાર જેવી ભવ્ય સખાવત આવા જ્ઞાનદાનના સાર્વજનિક કાર્યમાં આપીને પોતાની શ્રીમન્તાઇને તેમણે સાર્થક કરી છે. તેમના હાથે ઉતરોત્તર આવાં અનેક કાર્યો થતાં રહે એવી પરમાત્માને પ્રાર્થના છે. પ્રસ્તુત પ્રસંગે યોજાયેલ સમારંભમાં પાટણ શહેરના જૈન જૈનેતર આગેવાનોએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો અને સૌ કોઇએ શ્રી ભોગીલાલ ભાઇને ધન્યવાદથી વધાવી લીધા હતા. **પરમાનંદ.**

ભુલ સુધાર

તા. ૧-૬-૪૫ ના અંકમાં સંઘના રાહત કાર્યમાં મળેલી મદદોની યાદીમાં 'રૂા. ૧૦૦ એક ગૃહસ્થ હઃ પુલચંદ અમરચંદ દોશી' એમ જણાવ્યું છે તેને બદલે 'રૂા. ૧૦૦ એક ગૃહસ્થ હઃ પુલચંદ માણેકચંદ દોશી' એમ વાંચવું.

તા. ૧૫-૬-૪૫ ના અંકમાં 'વીતરાગની મૂર્તિની આ તે કેવી વિડંબના ?' એ લેખના મથાળાની નોંધમાં 'શ્રી. જયન્તીલાલ એમ. બદામી' લખ્યું છે ત્યાં 'બદામી'ને બદલે 'પટણી' વાંચવું. **તંત્રી**

વિશ્વસમસ્યા અને વ્રતવિચાર

(ગતાંકથી ચાલુ)

આન્તરિક વ્યવસ્થામાં અહિંસા

આમ કેવલ આન્તરરાષ્ટ્રીય સંબંધોમાં જ નહિ બલ્કે આન્તરિક વ્યવસ્થામાં પણ નવીન અધ્યાયનો સૂત્રપાત થશે. કોઇપણ સ્થૂલદ્રષ્ટાને આ વાત જણાયા વગર નહિ રહે કે ઘણા ખરા દેશોની આન્તરિક આર્થિક વ્યવસ્થા અધિકાંશ જનવર્ગને સમાન સગવડ ન આપવાની નીતિ પર અવલંબિત છે. તેથી જો આપણે વિશ્લેષણ કરીશું તો સ્પષ્ટ ભાસશે કે આપણી જાતિવ્યવસ્થા તથા વર્ગવ્યવસ્થા કાંઇક તો બળપ્રયોગ ઉપર અને કાંઇક તો પરંપરા તથા પ્રકૃતિ ઉપર નિર્ભર છે. પ્રાચીન સમયમાં વસ્તુઓની અછતને લીધે આ વ્યવસ્થાના પક્ષમાં ગમે તે દલીલો કરવામાં આવતી, પરંતુ તે બધી દલીલો આધુનિક યુગમાં વસ્તુઓની છતને લીધે નકામી થઈ ગઈ છે. હવે નવીન સિદ્ધાન્તો પર માનવીય સંબંધોની રચના કરવાનો માર્ગ પ્રશસ્ત થયો છે. અહિંસાના સિદ્ધાન્તનો વસ્તુતઃ એજ અર્થ છે કે પ્રત્યેક સ્ત્રીપુરૂષના હિતનો સમાન રીતે વિચાર કરવામાં આવે, અને વધારે ને વધારે પ્રમાણમાં દરેકને આત્માનુભૂતિનો અવસર મળે.

અહિંસાનું વિધેયાત્મક સ્વરૂપ

આથી એ વસ્તુ તો સ્પષ્ટ થઈ ગઈ હશે કે અહિંસાનો સિદ્ધાન્ત એના નામથી સૂચિત થાય છે તેમ કોઇ નિષેધાત્મક સિધ્ધાન્ત નથી. આ તો એક ક્રાન્તિકારી વિધેયાત્મક સિદ્ધાન્ત છે. આ સિદ્ધાન્ત વિભિન્ન રાષ્ટ્રોની આન્તરિક શાસનં પ્રણાલીમાં આમૂલ પરિવર્તન અને સામાજિક તથા આર્થિક વ્યવસ્થામાં સંશોધન કરવા તરફ સંકેત કરે છે. આ સિદ્ધાન્તની દૃષ્ટિમાં સંસ્થાઓનું પુનઃ સંગઠન જેટલું મહત્ત્વપૂર્ણ છે તેટલું જ મહત્ત્વપૂર્ણ આપણા દૃષ્ટિકોણમાં થવું જોઇતું જરૂરી પરિવર્તન પણ છે. ટુંકમાં, સંપૂર્ણ જીવનના સંપૂર્ણ દૃષ્ટિકોણમાં પરિવર્તનની આવશ્યકતા છે. પ્લેટો અને એરિસ્ટોટલનું કહેવું છે કે પ્રત્યેક પ્રકારની સંસ્થા માટે તદનુકૂળ આચારનીતિનું હોવું જરૂરી છે. જો તદનુકૂળ આચારનીતિનું નિર્માણ નથી થતું તો સંસ્થાઓનું સંગઠન શક્તિહીન થઇ જાય છે, તે યંત્રવત્ બની જાય છે અને થોડા વખત પછી તે સંસ્થાઓ કાં તો પ્રભાવહીન થઇ જાય છે અથવા તેમાં વિકૃતિ ઉત્પન્ન થાય છે. તેથી અહિંસાના સિદ્ધાંતનો જીવનપથના માર્ગદર્શક તરીકે સ્વીકાર થવો જોઇએ. પરંતુ અહિં એક ભ્રમથી સાવધાન રહેવું આવશ્યક છે.

ઉપર જે કાંઇ કહ્યું છે તેનો એ અર્થ નથી કે માનવ માનવ વચ્ચેનો સંબંધ માત્ર બલપ્રયોગ (હિંસા) પર અવલંબિત છે. આવી જાતનું વાતાવરણ સમાજ સહન ન કરી શકે. પારિવારિક, કૌટુંબિક અને જાતીય જીવનના નિર્માણમાં અધિકાંશતઃ સહાનુભૂતિ, પારસ્પરિક સહાયતા, સ્નેહ, ત્યાગ અને એકનિષ્ઠાની ભાવનાઓનો પણ ફાળો હોય છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આ ભાવનાઓ જેટલી જોઇએ તેટલી માત્રામાં વિદ્યમાન નથી. હિંસાની પ્રબલતા છે. તેથી હિંસાના પૂર્ણ અવરોધ ઉપર જ અહિંસાપરક સામાજિક ગુણોના અંકુર ઉત્પન્ન થઇ શકે એમ છે અને તેમનો વિકાસ સંભવે છે. બીજી પણ એક વાત સમજવાની જરૂર છે કે વૈયકિતક જીવનની નૈતિકતા અને સામાજિક વાતાવરણનો નિકટ સંબંધ છે. વ્યક્તિત્વનું નિર્માણ સમાજમાં થાય છે. બીજા શબ્દોમાં વ્યકિતત્વ સમાજની ઉત્પત્તિ છે. તેનો સામાજિક વ્યવસ્થા સાથે ઘનિષ્ટ સંબંધ છે. અનુભવથી માલુમ પડે છે કે જાતીય જીવનમાં નૈતિકતા આણવા માટે કેવળ ઉપદેશ કે પ્રાર્થના પર્યાપ્ત નથી. બીજાના વિકાસ માટે તદનુકૂળ ખાતર અને ઋતુ અર્થાત વાતાવરણની જરૂર હોય છે. તેથી સમસ્ત સંસારના જીવનમાં વાસ્તવિક રીતે અહિંસાનો પ્રાદુર્ભાવ તો જ થઈ શકે કે જો સામાજિક સંગઠન અને

વ્યવહારનો આધાર અહિંસા ઉપર હોય. તેથી અહિંસાના સિદ્ધાન્તનો વાસ્તવિક અર્થ એ છે કે સંપૂર્ણ માનવ જીવન બલ પ્રયોગ (હિંસા) ની ભૂમિકાનો ત્યાગ કરીને વિવેક, નમ્રતા, સહનશીલના અને પારસ્પરિક સેવાના સ્તર ઉપર પ્રતિષ્ઠિત થાય.

સત્ય

એ તો બધા જાણે જ છે કે અહિંસાનો સત્યની સાથે નિકટ સંબંધ છે. ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યારે સત્તાધીશ બલપ્રયોગ કરે છે ત્યારે પરાધીન છળ કપટનો આશ્રય લે છે. ઉપર એ પણ કહેવામાં આવ્યું છે કે કેવળ બળપ્રયોગથી સામાન્યતઃ ઉદ્દેશની સિદ્ધિ નથી થતી અને તે માટે છળકપટ અથવા ધૂર્તતાનું અવલંબન લેવાની પણ જરૂર પડે છે. તેથી જ કહેવામાં આવે છે કે યુદ્ધમાં બધું ન્યાયસંગત હોય છે. વસ્તુતઃ યુદ્ધમાં બધી જાતનાં માયા મૃષાવાદ અને છેતરપીંડીનો આશ્રય લેવામાં આવે છે. આધુનિક કાળમાં યુદ્ધમાં બધી શક્તિઓનો પ્રયોગ કરવામાં આવે છે. અર્થાત સંપૂર્ણ બૌદ્ધિક, નૈતિક અને ભૌતિક સાધનો વડે યુદ્ધનું સંચાલન થાય છે. આનું પરિણામ એ આવે છે કે શસ્ત્રાસ્ત્રોના બળની સામે જનતાનો અભિપ્રાય દબાઈ જાય છે. પરન્તુ આજના વખતમાં જનતાના અભિપ્રાયની આમ ઉપેક્ષા કરવી પાલવે તેમ નથી. વર્તમાન યુદ્ધને લીધે જનતાના સહયોગનું મહત્ત્વ વધી ગયું છે. તેથી આજકાલ જુદા જુદા રાજ્યો મનોવૈજ્ઞાનિક પ્રચારદ્વારા જનતાના અભિપ્રાયને અનુકૂળ કરવા આટલું બધું વિશાળ સંગઠન કરે છે. તેથી યુદ્ધમાં સૌથી પહેલાં સત્યની કતલ કરવામાં આવે છે એમ કહેવામાં આવે છે તે તદ્દન બરોબર છે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ઓગણીશમી સદીની સૌથી વધારે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે. પરન્તુ આધુનિક પ્રચારસાધનોએ આનું મહત્ત્વ એકદમ શૂન્ય બનાવી દીધું છે. આજે પ્રચારની ગંધ વાતાવરણમાં સંપૂર્ણપણે ફેલાયેલી છે. જલ, સ્થલ અને આકાશમાં રેડીઓનું બટન દબાવતાં તે સાંભળી શકાય એમ છે. રાષ્ટ્રોની આન્તર્ગત નીતિનું વાતાવરણ પણ કાંઇ સારું નથી રહેતું. બધા આ વાત જાણે છે કે ચુંટણીને લગતાં પ્રચારકાર્યમાં સત્યની જરાપણ પરવા કરવામાં નથી આવતી અને કચેરીઓ અને નોકરીઓમાં તો સત્યની સૌથી વધારે હત્યા કરવામાં આવે છે.

તેથી એજ કહેવું પ્રાપ્ત થાય છે કે સત્યનો માર્ગ તેટલો જ કઠણ છે જેટલો અહિંસાનો. કહેવત છે કે **'सत्यमेव जयते'**. જો આનો અર્થ એ થતો હોય કે છેવટે સત્યનોજ વિજય થાય છે તો તે ઠીક છે. પરંતુ એ કહેવું ભ્રમપૂર્ણ છે કે મન, વચન અને કર્મથી સત્યનું પાલન કરવું એ સહેલાઇનો સરળ માર્ગ છે. આજે સત્યનો માર્ગ કાંટાથી ભરેલો છે. તે વિરોધ, ઉત્પીડન અને કષ્ટસહનથી પરિપૂર્ણ છે. સત્યના માર્ગ પર ચાલવા માટે સાહસ, ધૈર્ય અને સહનશીલતાની આવશ્યકતા રહે છે. વસ્તુતઃ અસત્યનો હિંસાની સાથે ઘનિષ્ટ સંબંધ છે અને હિંસાના અન્ત સાથેજ અસત્યનો પણ અન્ત નીપજાવી શકાશે. આજે એક મનુષ્યના વૈયક્તિક જીવનમાં સદા સત્ય બોલવાની સંભાવના હોઇ શકે છે, પરંતુ એટલાથી આપણી સમસ્યાનો ઉકેલ નથી આવતો. વાસ્તવમાં આ સમસ્યાના બે રૂપ છે. એક તો એ કે કેવી રીતે સામાન્ય વ્યક્તિના જીવનમાં સત્યનાદિતા સંભવી શકે અને બીજું એ કે ભિન્ન ભિન્ન સંઘો, રાજનૈતિક દળો અને જુદી જુદી સરકારો માટે પણ, વૈયક્તિક જીવનમાં સત્યનું પાલન જેટલું સંભવિત છે તેટલું જ સંભવિત કેવી રીતે બનાવાય. સામાજિક કલ્યાણની દૃષ્ટિએ એવા વાતાવરણનું નિર્માણ આવશ્યક છે, કે જેમાં સત્ય ભવિષ્યમાં જ નહિ પરંતુ તત્કાલ પણ લાભદાયી સિદ્ધ થાય. અહિં ફરીથી કહેવું જરૂરી જણાય છે કે જીવન અખંડ છે. તેના વિવિધ અંગોનો વિકાસ પારસ્પરિક સહયોગ ઉપર અવલંબિત છે. ચારે બાજુનો વિચાર કર્યા પછી આપણે એક જ પરિણામ ઉપર આવીએ છીએ કે જીવનના દુષ્ચક્રને રોકવા માટે, તેના પર ચારે બાજુથી પ્રહાર કરવો આવશ્યક છે. એ તો બધા સ્વીકાર કરે છે કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં એકસરખી રીતે સત્યનો ઉચ્ચ આદર્શ સ્થાપિત કરવાની જરૂર છે. સત્યનો આદર્શ જેટલો ઊંચો હશે તેટલો જ સમાજ વર્તમાન દુષ્ચક્રમાંથી નીકળી વિવેક અને નૈતિકતાના ઉચ્ચ સ્તર પર સ્થિર થઇ શકશે.

અચૌર્ય

આ વાત કહેવાની તો ભાગ્યેજ જરૂર હશે કે આવા સામાજિક પુનઃ સંગઠનમાં પ્રત્યેક વ્યક્તિ બીજાના સમુચિત અધિકારોનો આદર કરશે. ત્રીજા વ્રત અચૌર્ય અથવા અસ્તેયનો મૂળ આધાર આ જ છે. આનો શબ્દાર્થ તો એટલો જ છે કે ચોરી ન કરવી. પરંતુ આનો માર્મિક અર્થ એ છે કે કોઈ પણ વ્યક્તિએ બીજાના અધિકારો પર આક્રમણ ન કરવું. અહિં અધિકારોની તાત્ત્વિક ચર્ચા અનાવશ્યક છે, પરંતુ એટલો સંકેત કરવો તો જરૂરી જણાય છે કે વ્યક્તિત્વના વિકાસ માટે જે કાંઇ સામાજિક પરિસ્થિતિ અનિવાર્ય અથવા અનુકૂળ હોય તેનું નામ અધિકાર છે. અધિકાર અર્થાત સામાજીક જીવનની અનુકૂળ અવસ્થાનો દરેક ઉપભોગ કરે છે. તેનો ઉપભોગ સંયુક્તરૂપે કરવામાં આવે છે. અધિકાર પૂર્ણતઃ વયક્તિક ન થઇ શકે; તે તો સામાજિક હોય છે. તેના પ્રાદુર્ભાવનો આધાર પારસ્પરિક સહકાર ઉપર છે અને પારસ્પરિક સહકાર ઉપર જ તે ટકી શકે છે. બધા વાસ્તે જો ઉત્તમ જીવનની વ્યવસ્થા સંભવિત કરવી હોય તો કેવળ પોતાને માટે જ તેની આશા ન રાખવી, પરંતુ દરેક માણસે એવું વર્તન અખ્તયાર કરવું જોઇએ કે જેથી બીજાના ઉત્તમ જીવન અખ્તયાર કરવાના અધિકારમાં બાધા ન પડે, એટલું જ નહિ પરંતુ પ્રત્યેક વ્યક્તિએ એવો પ્રયત્ન કરવો કે જેથી બીજાને તે દિશામાં જવાની પ્રેરણા મળે. જે પોતાના પ્રત્યે અધિકાર છે તે જ બીજા પ્રત્યે પોતાનું કર્તવ્ય છે. આમ અધિકાર અને કર્તવ્ય પરસ્પર સાપેક્ષ છે. તે એકજ વસ્તુના બે જુદા જુદા સ્વરૂપ છે. જો પોતાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તે અધિકાર છે પરંતુ તેને જો બીજાની દૃષ્ટિએ આપણે જોઇએ તો તે કર્તવ્ય છે. આ અધિકાર અને કર્તવ્ય બન્ને સામાજિક છે અને દરેકને વાસ્તે ઉત્તમ જીવત વ્યતીત કરવાની તે આવશ્યક શર્ત છે. અધિકાર કર્તવ્યની પહેલા આવે છે કે પછી આવે છે તેની ચર્ચા કરવાથી કાંઇ વળે એમ નથી. જો પ્રત્યેક વ્યકિત પોતાના અધિકારનો આગ્રહ રાખે અને બીજા પ્રત્યેના કર્ત્તવ્યની અવહેલના કરે તો તે અધિકાર જ નથી. આ સામાજિક જીવનનો મૂળ પાઠ છે, જે બધાએ ગ્રહણ કરવો જોઇએ. એ કહેવાની ભાગ્યે જ જરૂર જણાશે કે બીજાના અધિકારોનું સમાન કરવું એ પણ અહિંસાનું જ એક સક્રિય રૂપ છે.

બ્રહ્મચર્ય

ઉપરથી દૃષ્ટાણ કરીને બીજાના અધિકારોનું સન્માન અને કર્તવ્યનું પાલન વધારે વખત ન કરાવી શકાય. વસ્તુત : નૈતિક આચરણનું બળજબરીથી પાલન કરાવવું એ જ એક વિરોધગ્રસ્ત વસ્તુ છે. નૈતિક આચરણને અનુકૂળ એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી પરોક્ષ રીતે તેનું પાલન કરાવવું શકય છે. આપણે ઉપર જોઇ ગયા છીયે કે અહિંસાનું પાલન હિંસાની ગંધથી મુક્ત વાતાવરણમાં જ સંભવે છે. આ રીતે નૈતિકતાનું પાલન ઉપરના દબાવથી ન કરાવી શકાય. તે તો આન્તરિક પ્રેરણાથી જ થઇ શકે. તેથી વિચાર કરતાં માલુમ પડે છે કે સામાજિક જીવન છેવટે તો આત્મસંયમ ઉપર જ નિર્ભર છે. ચોથા બ્રહ્મચર્ય વ્રતનો મર્મ આ જ છે.

ડૉ. વેણીપ્રસાદ.

[અપૂર્ણ]

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૬

મુંબઈ: ૧૫ જુલાઈ ૧૯૪૫ રવિવાર. લવાજમ રૂપિયા ૩

શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતનો અમેરિકાને પડકાર : સ્વાતંત્ર્યદિન-પ્રવચન

શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે અમેરિકા જઈને હિંદુસ્થાનની જે સેવા કરી છે તેનું મૂલ્ય શબ્દોમાં આંકી શકાય તેમ નથી. અંગ્રેજ સરકારના પ્રચાર ખાતાએ કૉંગ્રેસ અને ગાંધીજી વિરૂદ્ધ અમેરિકામાં પાર વિનાની ગેરસમજુતીઓ ફેલાવી હતી. આ ગેરસમજુતીઓ અનેક નિવેદનો, વ્યાખ્યાનો, છાપાજોગી મુલાકાતો તેમજ લેખો દ્વારા શ્રીમતી વિજયા લક્ષ્મીએ નાબુદ કરી છે અને હિંદની વર્તમાન પરિસ્થિતિને સત્ય આકારમાં રજુ કરી છે. તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વે હિંદના ગૌરવ અને પ્રતિષ્ઠામાં ખુબ વધારો કર્યો છે. તેમના કાર્યની પ્રબુદ્ધ જૈનના વાંચકોને કાંઈક ઝાંખી કરાવવાના હેતુથી તેમનાં અનેક તેજસ્વી વ્યાખ્યાનો અને પ્રવચનોમાંના એક લાક્ષણિક વ્યાખ્યાનનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આ વ્યાખ્યાન શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે હિંદભરમાં સ્વાતંત્ર્યદિન તરીકે ઉજવવામાં આવે છે તે ગયા જાન્યુઆરી માસની ૨૬ મી તારીખે મીસ પર્લ બકના પ્રમુખપણા નીચે મળેલી અમેરિકનોની એક જાહેર સભામાં આપ્યું હતું. આ વ્યાખ્યાનની સળંગ નકલ હજુ થોડા સમય પહેલાં જ હિંદુસ્થાનમાં આવી પહોંચી છે. મૂળ અંગ્રેજી વ્યાખ્યાન અનેક દૈનિક અંગ્રેજી છાપાઓમાં પ્રગટ થઇ ચૂકયું છે.

મીસ પર્લ બક અને મિત્રો !

મિત્રો તરીકે તમને સંબોધવાની હું અનુજ્ઞા માગું છું. કારણકે તમારા દિલમાં મારા માટે, જે વિચારપક્ષનું હું પ્રતિનિધિત્વ ધરાવું છું તે વિચારપક્ષ માટે અને મારા દેશ માટે જો અમુક અંશે સદ્‌ભાવ અને પક્ષપાત ન હોત તો આટલી કડકડતી ઠંડીમાં સખ્ત વાયુવીંઝતી શિયાળાની રાત્રીએ જેને તમે બહુ ઓછું જાણો છો એવી એક બહેન પાસેથી પહેલાં અનેકવાર સાંભળેલી જ વાતો ફરીને સાંભળવાને તમો સર્વ અહિં ભાગ્યે જ એકઠા થયા હોત. અત્યારે કેટલાક અમેરિકન મિત્રોને ઉદ્દેશીને કહેવાનો આ અવસર મને પ્રાપ્ત થયો છે તેને હું મારૂં એક સદ્‌ભાગ્ય લેખું છું. કારણ કે મીસ મેકસવેલે હમણા જ જણાવ્યું તે મુજબ હિંદી પ્રજાના સદ્‌ભાવની અને શુભેચ્છાઓની તમને ભેટ ધરવી અને સાથે સાથે પ્રસંગોચિત બે વાતો તમને સંભળાવવી એજ માત્ર મારા અહિં આવવાનો હેતુ છે. હિંદ અને અમેરિકા વચ્ચે આજે કેટલાંક વર્ષોથી સંપર્ક શરૂ થયો છે. આ સંપર્ક આપણે ઇચ્છીએ તે પ્રકારનો હજુ ઘડાયો નથી; એમ છતાં પણ એક–મેક સાથેનો સંપર્ક અને અને એકમેકની ઓળખ આપણે પરસ્પર નજીક આવતા હોવાનું પ્રથમ ચિહ્ન છે.

આજે આપણે એક ભાવનાનું–ધ્યેયનું–ઉદ્યાપન કરવા એકઠા થયા છીએ, કારણ કે તમે જાણો છો તેમ હિંદની આઝાદી હજુ અમૂર્ત-મન્ત સ્વપ્ન છે. અત્યારે જો હું અમારી સ્વાતંત્ર્યદિનની પ્રતિજ્ઞાનો અમુક ભાગ તમને સંભળાવું તો તમે કૃપા કરીને ધીરજપૂર્વક મને સાંભળશો. સ્વાતંત્ર્યના ધ્યેયની પુનઃ દીક્ષા અંગીકાર કરવાની ભાવના સાથે આ આખી પ્રતિજ્ઞા વાંચી જવી એ આજના દિવસે દરેક હિંદી માટે ધર્મકાર્ય જેવું થઇ પડયું છે. તમોએ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું છે અને તેથી આજે એ હકીકતનો, સંભવ છે કે, તમને બહુ વિચાર આવતો નહિ હોય. પણ જેણે હજુ સ્વાતંત્ર્ય હસ્તગત કર્યું નથી એવી અમારી પ્રજા માટે સ્વાતંત્ર્યદિનનું ઉદ્યાપન ખાસ આવશ્યક બને છે. અમારા માટે એવા એક નિશ્ચિત દિવસની વધારે આવશ્યકતા રહે છે કે જ્યારે માત્ર અમારા દેશને જ આઝાદ બનાવવા માટે નહિ પણ આખી માનવજાતને મુક્તિ આપાવવા ખાતર–જે માટે હિંદ પ્રતિજ્ઞાબદ્ધ છે –અમારી સ્વાતંત્ર્યપ્રતિજ્ઞાને અમે તાજી કરી શકીએ. અમારા દેશના ચાલીસ કરોડ માનવીઓને જ મુક્તિ અપાવવી એવા કેવળ સાંકડા અર્થમાં અમે લડી રહ્યા છીએ એમ નથી, પણ દુનિયાભરની સર્વ દબાયલી પ્રજાઓની મોક્ષસાધના એ અમારી લડતનું ધ્યેય છે. (તાળીઓ) કારણ કે અમને માલુમ પડયું છે કે દુનિયાના સર્વ વિભાગોમાં વસતી પ્રજા જ્યાં સુધી મુક્ત જાહેર ન થાય અને સમાનતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી દુનિયામાં ખરી શાન્તિની સ્થાપના થઇ શકવાની નથી કે સાચી પ્રગતિ સધાવાની નથી. અને આજ ભાવનાથી આજે હિંદુસ્થાનમાં હજારો કુટુંબો એકઠા થયા હશે અને આ પ્રતિજ્ઞા કે જેમાંનો થોડો ભાગ હું તમને હમણા જ વાંચી સંભળાવું છું તેનું તેમણે પુનરાવર્તન કર્યું હશે. એવો એક વખત હતો કે જ્યારે અનેક શહેરો અને ગામડાંઓમાં સંખ્યાબંધ માનવીઓ એકઠા થતા અને મોટી મોટી વિરાટસભાઓમાં આ પ્રતિજ્ઞા જાહેર રીતે લેવાતી હતી. પણ આજે એ શક્ય નથી, કારણ કે ૧૯૪૨ થી હિંદુસ્થાન એક વિરાટ કારાગૃહ બન્યું છે, જ્યાં ૮૬૦૦૦ સ્ત્રી પુરૂષોને કશી પણ કોર્ટની કાર્યવાહી સિવાય એમને એમ જ જેલમાં પુરવામાં આવ્યા છે. એ એક એવો દેશ છે કે જ્યાં અમારે કહેવું હોય તે અમે કહી શકતા નથી, અમારી ઇચ્છા મુજબ છાપું છાપી શકતા નથી, તેમજ ધાર્યા મુજબ સભાઓ ભરી શકતા નથી. કારણ કે આ બધી બાબતોની અમારા દેશમાં બંધી કરવામાં આવી છે. કોઇ એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં મુસાફરી કરે અને ખબર લઇ જાય એ સિવાય એક પ્રાંતમાં શું બની રહ્યું છે તેની બીજા પ્રાંતને ખબર પડતી નથી. આમ હોવાથી પહેલાં માફક આજે ત્યાં જાહેર સભાઓ ભરી શકાતી નથી. આમ છતાં પણ આજે એવા અસંખ્ય જુવાન છોકરાઓ અને છોકરીઓ, વિદ્યાર્થીઓ અને અન્ય પ્રજાજનો જરૂર નીકળી આવશે કે જેઓ પાંચથી વધારે માણસોએ કોઇ પણ જાહેર સ્થાનમાં એકઠા થવું નહિ એ કાયદાનો છડેચોક ભંગ કરશે અને લાઠીમાર, ગોળીબહાર કે જેલવાસનું જોખમ ખેડશે. (તાળીઓ) અને આજે આખા દેશમાં કેટલીયે ધરપકડો થશે અને જે હું તમારી સમક્ષ વાંચી સંભળાવું છું તે વાંચવાની ધૃષ્ટતા કરવા ખાતર આવતી કાલે આ વખતે કેટલાયે નવજુવાનો જેલની દીવાલો પાછળ પુરાઇ ગયા હશે.

સ્વાતંત્ર્યપ્રતિજ્ઞા

"અમે માનીએ છીએ કે હિંદની પ્રજા પોતાનો સંપૂર્ણ વિકાસ સાધી શકે તે હેતુથી બીજી કોઇ પણ પ્રજાની માફક હિંદી પ્રજાને

સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો, શ્રમનાં ફળોનો ઉપભોગ કરવાનો, અને જીવનની જરૂરિયાતો મેળવવાનો જન્મસિદ્ધ હક્ક છે. અમે એમ પણ માનીએ છીએ કે જો કોઇ સરકાર જનતાના આ અધિકારો ઉપર આક્રમણ કરે અને તેની ઉપર જુલમ ગુજારે તો જનતાને એ સરકાર ઉથલાવી નાંખવાનો અને નાબુદ કરવાનો વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત થાય છે. હિંદમાંની બ્રીટીશ સરકારે માત્ર હિંદી પ્રજાની આઝાદી જ છીનવી લીધી છે એમ નથી, પણ આમ વર્ગના શોષણ ઉપરે પોતાની મહેલાતોના પાયા ચણ્યા છે અને આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ હિંદને બરબાદ કર્યું છે. માટે અમે માનીએ છીએ કે હિંદે બ્રીટન સાથેનાં સંબંધો કૃગાવી દેવા જોઇએ અને પૂર્ણ સ્વરાજ્ય અથવા તો સંપૂર્ણ સ્વાતંત્ર્ય હાંસલ કરવું જોઇએ.

"જાત જાત કે ધર્મના ભેદ સિવાય પ્રજાજનો વચ્ચે સદ્‌ભાવની લાગણીનો ફેલાવો થાય તે માટે અમે શક્ય તેટલા પ્રયત્નો કરીશું. જેમની આજ સુધી ઉપેક્ષા કરવામાં આવી છે તેમને અજ્ઞાન અને ગરીબાઇમાંથી ઉંચે લાવવા માટે તેમજ જેમને પછાત અથવા તો દલિત વર્ગો કહેવામાં આવે છે તેમને દરેક રીતે આગળ લાવવા માટે અમે સદાય પ્રયત્નશીલ રહીશું. અમે જાણીએ છીએ અને જણાવીએ છીએ કે જો કે અમે આજની શાહી પદ્ધતિને નાબુદ કરવા કટિબદ્ધ થયા છીએ, એમ છતાં પણ અધિકારી કે બીનઅધિકારી અંગ્રેજો સાથે અમને કોઇ પણ પ્રકારનો ઝગડો કે વૈરભાવ નથી."

હું તમને પૂછું છું કે જે પ્રજાની મેં હમણાં વાંચી સંભળાવી તેવી પ્રતિજ્ઞા છે અને જે પ્રજા અપાર સંકટો, આપદાઓ અને કેટલીક વખત પ્રાણહાનિનું પણ જોખમ ખેડીને દર વર્ષે એક ભાવના ખાતર લડવાની–માત્ર પોતા ખાતર જ નહિ પણ દુનિયાભરની સમસ્ત ત્રસ્ત પ્રજાઓ ખાતર લડવાની–પ્રતિજ્ઞા લઇ રહી છે તે પ્રજામાં એવું કાંઇક નથી કે જેની તમને સાચી સમજણ હોવી ખાસ જરૂરી છે? એ પ્રજામાં એવી એક શક્તિ તમને નથી દેખાતી કે જે શક્તિનો દુનિયાના કલ્યાણ માટે ખુબ ઉપયોગ છે અને દુનિયાની વિવિધ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં જે ખુબ મદદ રૂપ નિવડે તેવી છે? અને આમ છતાં કમનસીબે હિંદી સમસ્યા એવી વિકટ અને જટિલ છે કે જેની આંટીઘુંટી ઉકેલવા માટે વર્ષોનો અભ્યાસ જોઇએ અને તો પણ જેનો પુરો ઉકેલ થઇ શકે કે નહિ એ એક સવાલ છે એમ આપણને કહેવામાં આવે છે.

હિંદી સમસ્યાનું સાદું અને સીધું સ્વરૂપ

પણ હું તમને હિંદી સમસ્યા બીજા દૃષ્ટિકોણથી સમજાવવા માગું છું. હિંદની સમસ્યા એ કાંઇ હિંદુ, મુસલમાન અને અસ્પૃશ્યોની સમસ્યા નથી. એ કાંઇ ધર્મ, સંપ્રદાય કે લઘુમતીની સમસ્યા નથી. એ એવી પણ સમસ્યા નથી કે જેના માટે ઉંડા અભ્યાસની કે સંશોધનની કોઇ જરૂર હોય. એ કેવળ સાદી અને સીધી સમસ્યા છે. તે એક પ્રજાના ઘણા મોટા વર્ગની સમસ્યા છે—તે એ લોકોની સમસ્યા છે કે જેઓ ભુખ્યા છે, નવસ્રા છે, અભણ છે, જેમને માંદગીમાં કોઇ મદદ મળી શકતી નથી. હિંદની આ સમસ્યા છે. અને આ ચાલીશ કરોડની વસ્તીને લાગુ પડે છે–પછી તે ગમે તે જાતના હોય કે ધર્મના હોય. આ સમસ્યાને અમેરિકા બરોબર સમજે અને તેનું ગાંભીર્ય અમેરિકા યથાર્થ રીતે ગ્રહણ કરે એમ હું ખાસ ઇચ્છું છું.

મતભેદોનું તુત

અમારે ત્યાં મતભેદ છે, જરૂર અમારે ત્યાં મતભેદ છે અને અમારે ત્યાં હંમેશા મતભેદ રહેવાના. જે પ્રજામાં મતભેદ હોવાનું બંધ થઇ જાય તો તે પ્રજા જડ બની જાય અને તેનો આત્મા અવસાન પામે. અને જન્મ થયા પહેલાં જ હિંદનું આવું અવસાન થાય એ તો પરમેશ્વર પણ ન કરે! પણ હું પૂછું છું કે એવી કઇ પ્રજા છે–એવી કઇ પ્રજા તમે મને દેખાડી શકો છો–કે જે પ્રજામાં કોઇ આન્તર્ગત મતભેદો અસ્તિત્વ ધરાવતા નથી? જ્યાં સરમુખત્યારી–ડીકટેટરશીપ–થી રાજ્ય ચાલતું હોય ત્યાં જ આવી સ્થિતિ શક્ય છે જ્યારે હિંદુસ્થાન તો લોકશાસનની ભાવનાનો, માણસ માણસ વચ્ચે–પ્રજા પ્રજા વચ્ચે–ન્યાય અને સમાનતાનો, સ્વતંત્ર વિચાર અને નિરંકુશ વાણીનો ટુંકામાં કહું તો સ્વાતંત્ર્યચતુષ્ટયનો પક્ષ લઇને ઉભું છે.

હિંદ અને અમેરિકા વચ્ચેનું સામ્ય

તમારી અને અમારી વચ્ચે ઘણી બાબતમાં સરખાપણું છે. તમે અંગ્રેજો પાસેથી તમારી આઝાદી પ્રાપ્ત કરી છે. અમે અમારી સ્વતંત્રતા તેમના પાસેથી જ હાંસલ કરવા હીલચાલ કરી રહ્યા છીએ. કેટલીક વાર જ્યારે જ્યારે તમે હિંદી લડતની અમુક બાજુ વિષે નાપસંદગી દર્શાવો છો અને લાંબા વર્ષોના દમનના પરિણામે જેમના દિલમાં એક જાતની તીખાશ અને કડવાશ ઘર કર્યું છે તેવા હિંદી પ્રજાજનોની કોઇ કોઇ બાબતમાં ટીકા કરવા તરફ તમારું મન ઢળી જાય છે ત્યારે ત્યારે તમને એ યાદ કરવા હું વિનંતિ કરું છું કે બે દિવસો ગયાને હજુ બહુ વર્ષો પસાર નથી થયાં કે જ્યારે તમે પણ એવી જ લાગણીઓથી પ્રેરાઇને બળવો કર્યો હતો કે જેના પરિણામે દુનિયાની એક મહાન પ્રજાનું સ્થાન તમે પ્રાપ્ત કરી શકયા છો. કારણ કે જો વર્ષો પહેલાં અમેરિકાનો પોતાના સ્વાતંત્ર્ય વિગ્રહમાં વિજય થયો ન હોત તો આજે અમે જોઇ રહ્યા છીએ તેવી દુનિયાની એક સર્વોત્કૃષ્ટ પ્રજા અમેરિકા શી રીતે બની શકયું હોત?

એક બીજું આપણી વચ્ચેનું સરખાપણું આપણે વિચારીએ. તમે તમારૂ સ્વાતંત્ર્યચતુષ્ટય આગળ ધરી રહ્યા છો. અમે પણ અમારા લોકો માટે એજ વસ્તુની સાધના કરી રહ્યા છીએ. તમે આજે દુનિયાના ભાવીને ઘડી રહેલાં નવાં બળો સમજવાનો યત્ન કરી રહ્યા છો, દુનિયામાં માનવતાની ભાવના જેથી વધારે સ્થાયી પદ્ધને પ્રાપ્ત કરે એવી રીત રસમો તમે શોધી રહ્યા છો, અને પુનર્ઘટનાની યોજનાઓ ઘડવી તમે શરૂ કરી દીધી છે. તે દિશાએ અમારાથી બને તેટલો ફાળો આપવો એ બીજી કોઇ પણ વસ્તુ કરતાં અમને વધારે દૃષ્ટિ છે. છેલ્લાં થોડાં વર્ષ દરમિયાન દુનિયામાં જે કોઇ અનિષ્ટ તત્વો ઉભાં થયા છે તે નાબુદ થાય, હવે પછી નીચલા વર્ગોનું–પરાધીન પ્રજાઓનું–શોષણ બંધ થાય, મોટી સત્તાઓ, નાની સત્તાઓ, તવંગર અને ગરીબ, શોષક અને શોષિત એવા ભેદો નિર્મૂળ બને, દરેક પ્રજા પોતાનો પૂર્ણ વિકાસ સાધી શકે, અને દરેક પ્રજા પોતાના સંસ્કાર વારસાની ભરપુર સમૃધ્ધિમાંથી આપી શકાય તેટલું આપીને દુનિયાના સંસ્કાર વારસાને વિશેષ અને વિશેષ સમૃધ્ધ બનાવે એવી રાજ્યનીતિ દુનિયાની પ્રજાઓ અને રાજ્યો અંગીકાર કરે–આવી સમજણ ફેલાવવાની અને આવી પરિસ્થિતિ નીપજાવવાની બાબતમાં તમને મદદરૂપ બનવા અમે ખુબ ઉત્તેજાર છીએ. મને લાગે છે કે આ કાર્યમાં અમે તમને જરૂર મદદ કરી શકીએ, પણ ગુલામ પ્રજા તરીકે નહિ.

સરમુખત્યારોને પંપાળવાની નીતિ સામે કોંગ્રેસનો મૂળથી વિરોધ

સરમુખત્યારોને સંતોષવા અને પંપાળવાની જે રાજ્યનીતિ જુદા જુદા રાષ્ટ્રો અનુસરી રહ્યા હતા અને યુરોપમાંથી આગળ વધતી જે રાજ્યનીતિ આફ્રીકા થઇને એશીઆ સુધી પ્રસરી રહી હતી અને જેનું આખરી પરિણામ આજે ચાલી રહેલ વિશ્વવિગ્રહમાં આપણે જોઇ રહ્યા છીએ તે સરમુખત્યારોને પંપાળવાની રાજ્યનીતિમાં રહેલા જોખમો તરફ ૧૯૨૯ ની સાલથી જે રાજકીય પક્ષ દુનિયાનું બને તેટલું ધ્યાન ખેંચતો આવ્યો છે તે રાજકીય પક્ષની હું એક સભ્ય છું. હું ૧૯૩૮ માં મધ્ય યુરોપમાં હતી અને પોલાંડ, ઝેકોસ્લેવાકીઆ અને હંગરીમાં પ્રવાસ કરી રહી હતી. એ એ વખત હતો કે જ્યારે આખા યુરોપમાં એક પ્રકારની અંધાધુંધી ફેલાઇ રહી હતી અને હિંદુસ્થાનમાં જેવો હિંદુ–મુસલમાનનો પ્રશ્ન છે તેવા જ સુડેટન જર્મનના પ્રશ્નનો ઉકેલ કરવા માટે રોમાનીઆનું પ્રતિનિધિ મંડળ ઝેકોસ્લેવાકીઆમાં આવી પહોંચ્યું હતું. વળી જ્યારે ચેમ્બરલેન હીટલરને મળવા બર્ચેસ્ગેડન ગયેલ ત્યારે હું લંડનમાં આંગની સભામાં હાજર હતી. જ્યારે ચેમ્બરલેન તત્કાળ જેનાથી શાન્તિ સ્થપાઇ

(અનુસંધાન પૃષ્ઠ ૪૭ જુઓ)

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકનું પ્રતિક્રમણ અને 'મિચ્છામિ દુક્કડમ્'

સવાત્રણેક વરસના ગાળા પછી હમણાં સરદારશ્રીને મળવા ગયો ત્યારે મારા દિલમાં ડુમો ભરાઈ આવ્યો. લાંબા કારાવાસ દરમ્યાન તેમનું શરીર રોગથી પીડાયું હશે. તે કરતાં પણ તેમનું દિલ દેશના દુઃખદર્દથી અને શ્રી. કસ્તુરબા ને શ્રી. મહાદેવભાઈના અવસાનથી વધારે ઘવાયું હશે. વ્યાધિની પીડા, અંતરના ઘા અને નવા કામના ભારની રેખાઓ તેમના ચહેરા પર જણાઈ. પણ તેમની તીરછી નજરનું તેજ ઘટયું નથી-તેમાં વજ્રથીયે કઠણ અને કુસુમથીયે કોમળ હૃદયનો પ્રકાશ ચળકતો દેખાયો.

ત્રીસ વર્ષનાં સ્મરણો

તેમને જોઈને હું નમી પડયો ને નમ્રભાવે કંઈક વાત કરી. પણ ખરું જોતાં મને કેમ વર્તવું ને શું બોલવું તેની ગમ ન પડી. લગભગ ત્રીસ વરસના ગાળા દરમ્યાન મેં તેમને કેટલી વાર પૂજ્યા, તો કેટલી વાર તરછોડયા, તેનું ભાન મને થઈ આવ્યું અને અમારા જૂના સ્નેહી ને સાથી ડૉ. ચંદુભાઈએ ટકોર કરી કે: "હવે પાછો પલટો ખાશો?" ત્યારે મારી જબ્બાન લગભગ બંધ થઈ ગઈ.

સન ૧૯૧૭ માં નડીઆદના સ્ટેશને બીજા વર્ગના ડબ્બામાં શ્રી વલ્લભભાઈને પહેલો મળ્યો ત્યારથી તેમણે મને સહેજે અપનાવી લીધો. પછીનાં વરસોમાં તેમના સ્નેહને વિશ્વાસનું પાત્ર હું વધારે ને વધારે બનતો ગયો. સન ૧૯૧૮ ના ખેડા સત્યાગ્રહ, અને લશ્કરી ભરતીના, સન ૧૯૧૯ ના દુષ્કાળનિવારણ અને કાળા કાયદાની તેમજ ૧૯૨૦-૨૧ ની પ્રચંડ અસહકારની પ્રવૃત્તિમાં તેમની સાથે નાના ભાઈ તરીકે મેં કામ કર્યું છે, તેનાં મીઠાં સ્મરણો મારા દિલમાં તરવરે છે.

પહેલું ભંગાણ

દુર્ભાગ્યે સન ૧૯૨૧ માં પહેલું ભંગાણ પડયું. સરદારશ્રી પ્રખર રાજપુરુષ અને હું અસલી સમાજસેવક. અછૂત અને ભીલસેવાના મહત્વ વિષે તેમની સાથે મારે ઉગ્ર મતભેદ થયો. અને તેથી પ્રાંતિક સમિતિના મંત્રીપદનું મેં રાજીનામું આપ્યું, ત્યારે મારી આંખોમાંથી ચોધાર આંસુ વહ્યાં, તો શ્રી. વલ્લભભાઈની આંખો સ્નેહભાવથી ભીની થઈ.

આ ભેદ દિલનો નહિ, પણ દૃષ્ટિનો હતો. તે પાછો સંધાવા લાગ્યો. મહાત્માજીની નિર્ભેળ અસહકારની નીતિ પર સ્વરાજ પક્ષે હાથ ઉગામ્યો ત્યારે હું પાછો સરદારશ્રીને પડખે આવી ઉભો અને ગયા કોંગ્રેસના ઠરાવ મુજબ સત્યાગ્રહની તૈયારી કરતાં હું જેલ ગયો-ને યરોડામાં મહાત્માજીનો સાથી થયો.

સને ૧૯૨૪ માં જેલમાંથી છુટો થયા બાદ થોડા માસમાં ચરખાના મતાધિકાર વિષે ગાંધીજી અને મહાસભા પ્રત્યેજ મતભેદ થતાં મેં ગુજરાત અને તેની સાથે જાહેર જીવન છોડયું. જુવાની-દીવાનીના તોરમાં મુંબાઈમાં પરદેશી વાધા સળી ઉન્મત્ત પત્રકાર બન્યો અને ગાંધીજી, મહાસભા અને બારડોલીની લડત પર સખ્ત ટીકાની ઝડીઓ વરસાવતો ગયો.

ત્યારે સફાળો જાગ્યો

દુનિયાના અનેક રંગ જોયા પછી સન ૧૯૩૦ માં રાષ્ટ્રિય લડત શરૂ થઈ ને ગાંધીજી જેલમાં ગયા ત્યારે મને કંઈક ભાન આવ્યું છતાં પુરું નહિ. જ્યારે આઝાદ મેદાન પર વીરાંગનાઓ પર લાઠીઓ વરસી ત્યારે હું સફાળો જાગ્યો. પરદેશી વાધા ઘડીવારમાં ફગાવી દીધા. મુંબાઈના કોંગ્રેસભવનનો યાત્રાળુ બન્યો એવામાં સરદારશ્રી જેલમાંથી છુટી રાષ્ટ્રપતિ તરીકે મુંબઈ પધાર્યા ત્યારે તેમને મળવા ગયો. તેમણે ભૂતકાળની ભૂલો વિષે એક શબ્દ ઉચાર્યો નહિ-એકે ટાણો માર્યો નહિ. નિઃસીમ ક્ષમાભાવ અને સ્નેહભાવથી મને સહેજે અપનાવી લીધો અને કામકાજ વિષે કંઈક ચર્ચા કરવા લાગ્યા. પણ એવામાં મને પરદેશ જવાનો મુદ્દો આવ્યો. તે સંબંધી પ્રો. કે. ટી. શાહ સાથે વાતચીત કરવાને, મારા આગ્રહથી મારી સાથે તેઓતેમની ઓફીસે ગયા. મારી મુંઝવણ પારખી તેમણે મિત્રભાવે રજા આપી અને હું સાડાપાંચ વરસ માટે પરદેશ પરવર્યો.

ફરી મને અપનાવ્યો

વિલાયતમાં જઈને પણ હું સખણો તો ન જ રહ્યો. ગાંધી-ઇરવીન સમાધાન થતાં વાર તેના પર મેં ટીકાનો વરસાદ વરસાવવા માંડયો અને ગાંધીજી વિષે એક ટીકાત્મક પુસ્તક લખવા માંડયું, પણ જેમ સન ૧૯૩૧ માં તેમણે જ લંડનમાં મને એક નાદાન છોકરા તરીકે સત્કાર્યો, તેવા જ ભાવથી શ્રી વલ્લભભાઈએ સન ૧૯૩૫ ની આખરે અમદાવાદના સ્ટેશને મને બાથમાં લેધો. ફરી વાર ગઇગુજરાંતી ભૂલીને તેમણે મને સ્નેહભાવથી અપનાવ્યો-જૂના સાથી તરીકે સ્વીકાર લીધો. એક જાહેર સભામાં તેમણે મુકતકંઠે જે શબ્દોમાં મારા અતિશયોકિત ભરેલાં વખાણ કર્યાં તેનું સ્મરણ થતાં મને આજે ઘણી શરમ આવે છે.

ફરી વાર સામા મોરચામાં

પણ તેમને શી ખબર કે મારું સ્વાભિમાની બુદ્ધિવાદનું અજીરણ શમ્યું નહોતું. થોડા જ માસમાં ગુજરાતમાંથી હૃદપાર થતાં મુંબઈ જઈને મેં નવા મોરચા માંડયા. અસલી અસહકારી તરીકે હું પ્રધાનપદાંનાં સ્વીકારનો કટ્ટર વિરોધી હતો; પણ સરદારશ્રી હવે આવા હોદ્દા સ્વીકારવાનો વિચાર માત્ર કરે છે એમ જાણીને હું તેમની સાથે રીસાઈ ગયો. ન હું તેમને મળ્યો. ન તેમની સાથે ચર્ચા કરી અને કિસાનવાદી બની જમીનદારી મૂડીદારીનો હું કટ્ટર વિરોધી બનતો ગયો. તેમ તેના કંઈક તરફદાર તેમને જાની લઈને તેમની સાથે વિરોધભાવ સેવતો ગયો. ફરીવાર તેમનાથી-અને મહાત્માજી તેમજ મહાસભાથી-સામા પક્ષમાં હું ભરાઈ બેઠો.

સરદારશ્રીના ચરણમાં નમું છું

આ બધું તો નિર્દોષ રાજકીય મતભેદનું પ્રકરણ ગણાય, પણ અહંભાવ અને મદમત્સરથી હું એટલો આંધળો બની ગયો કે નવી ધારાસભાના અગ્રેસર તરીકે અમારા માનીતા ભાઈ નરીમાનને બદલે મારા જૂના મિત્ર શ્રી બાળાસાહેબ ખેરની ચૂંટણી થઈ, ત્યારે તો મેં સરદારશ્રી પરજ નનામી તીરંદાજી છાપામાં શરૂ કરી. રાજદ્વારી રમત તરીકે આરંભેલું આ પ્રકરણ ધીમે ધીમે ઘણું આગળ વધી ગયું. કદાચ શ્રી વલ્લભભાઈ પર કદી ન વરસી હોય એવી ઝેરીલી અને દ્વેષીલી ટીકાઓ વરસાવવામાં હું નિમિત્તરૂપ બન્યો. ઝનુની પાર્ટીબાજી અને રાજકીય દ્વેષભાવ શ્રી વલ્લભભાઈ જેવા સદ્ગતના હિતસ્વી વડીલ તરફ દાખવવા માટે મેં સન ૧૯૪૨ માં ખાનગી રીતે બિનશરતી માફી માગી છે-અને જાહેરમાં આજે શરમથી તેમના ચરણ આગળ હું શિર નમાવું છું.

મહાત્માજીના આદર્શોનું વ્રત

કદાચ તે વખતે જ તેમણે ધાર્યું હશે કે હું બધા આગલાં શસ્ત્ર છોડી દઈ તેમની સાથે રાજકારણમાં જોડાઈશ. અનેકવાર તેમને મળી આવી કેટલાક મિત્રોની આશાઓને મેં ઉત્તેજન પણ આપ્યું હશે, છતાં તે વખતે મેં સામ્યવાદી બનતી જતી કિસાન સભામાં અલગ ચોતરો કાયમ રાખ્યો.

પણ '૪૨ના ઓગષ્ટની લડત શરૂ થઈ અને સર્વે મહારથીઓ જેલમાં પુરાયા ત્યારથી મારું દિલ વલોવાવા લાગ્યું. ધીમે ધીમે મહાત્માજી, સરદારશ્રી અને મહાસભા તરફ મારો ભાવ વધતો જ ગયો. મહાસભાની નીતિ ને તેનાં કાર્યકર્તાઓ પર સામ્યવાદીઓએ જે તીરંદાજી ચલાવવા માંડી, તેથી તેમનાથી મારું દીલ અળગું થતું ગયું. તેથી '૪૩ ના જુલાઈમાં મેં કિસાન સભા છોડી. ગઈ સાલ જુહુ ખાતે મહાત્માજીનાં કેટલે વરસે દર્શન કર્યાં ત્યારે નિર્દય ખેવકાઇનું ભાન થતાં મારું દિલ રડી ઉઠયું. તેમને સેવાગ્રામમાં મળ્યો, ત્યારે તેમના

(અનુસંધાન પૃષ્ઠ ૪૬ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

જુલાઈ ૧૫ ૧૯૪૫

જૈન કોમનું ખાસ પ્રતિનિધિત્વ !

રાજકીય નવી રચનામાં જો બીજી કોમોને અગત્યની લઘુમતી કોમો હોવાના કારણે પ્રતિનિધિત્વ મળતું હોય તો જૈન કોમ પણ એક અગત્યની લઘુમતી કોમ હોઇને તેને પણ ખાસ પ્રતિનિધિત્વ મળવું જોઇએ. આવી માંગણી ચોતરફથી સંભળાઈ રહી છે. આ માંગણી પાછળ જૈન કોમ હિંદુઓથી અલગ એવી એક કોમ છે અને વિશિષ્ટ રાજકીય હકકો મેળવવાની યોગ્યતા ધરાવે છે એવી માન્યતા રહેલી છે. લઘુમતી કોમોના ખાસ હકકોના પ્રશ્ને હિંદુસ્થાનના રાજકારણી પ્રશ્નને અત્યન્ત જટિલ બનાવી દીધેલ છે. આ પ્રશ્નને જૈન કોમ કોમી ધોરણે ખાસ હકકો અને પ્રતિનિધિત્વની માંગણી કરીને વધારે જટિલ બનાવે તે કોઈ પણ રીતે ઇચ્છિવા યોગ્ય નથી. વિશેષમાં આવી માંગણી જૈન કોમને પોતાને લાભપ્રદ થવાને બદલે અત્યન્ત હાનિપ્રદ થવા સંભવ છે.

જે કોમ પોતાની યોગ્યતા મુજબ ચાલુ રાજ્યરચનામાં પોતાનું સ્થાન મેળવી શકતી નથી અથવા તો જે કોમના આગેવાનો રાષ્ટ્રના સમગ્ર કલ્યાણને ગૌણ અથવા તો કેવળ ઉપેક્ષાપાત્ર ગણીને કોઇ પણ ભોગે પોતાની કોમને જ આગળ વધારવી એ ધ્યેયને આગળ રાખીને કોમી કે સાર્વજનિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોય છે તે કોમ જ ઉપર જણાવી તેવી–પોતાની કોમ માટે ખાસ હકકો, અધિકારો અને પ્રતિનિધિત્વની–માંગણી કરે છે. મુસલમાનોના મોટા ભાગનો અવાજ રજુ કરતી મોસ્લેમ લીગના આગેવાનોનું ધ્યેય કેવળ કોમી છે; તેમને સમગ્ર રાષ્ટ્રના કલ્યાણ–અકલ્યાણની કાંઇ પડી જ નથી. આ આપણે આજ સુધીની તેમની સર્વ હીલચાલોમાં જોઇ રહ્યા છીએ. આ વર્ગે અન્ય લઘુમતી કોમોની અપેક્ષાએ પોતાની અતિ વિપુલ સંખ્યાનો લાભ લઇને હિંદની રાજકારણી પરિસ્થિતિમાં ગુંડાગીરી અને ધાકધમકીથી એક એવી કૂટ વસ્તુસ્થિતિ ઉભી કરી છે કે વસ્તીગણતરીના ધોરણે અત્યંત અઘટિત લાગતી એવી તેમની માંગણીઓને બને તેટલી સંતોષીને પણ કાંઇક માર્ગ કાઢવા આપણા રાષ્ટ્રવાદી નેતાઓ અને ગાંધીજી પણ પ્રયત્ન કરી રહ્યા છે. કેળવણી, રીતરીવાજ તેમજ સભ્યતામાં બીજા વર્ગોની હરોળમાં ઉભી રહી શકે તેમ ન હોય અને તેને લીધે માત્ર યોગ્યતાના ધોરણે ચાલુ રાજ્યરચનામાં જેને યોગ્ય સ્થાન મળવા બહુ ઓછો સંભવ હોય તેવા આપણા દેશના પછાત વર્ગો છે જેને 'Scheduled castes' તરીકે ઓળખવામાં આવે છે અને જેમાં અસ્પૃશ્ય ગણાતા વર્ગોનો મોટા ભાગે સમાવેશ થાય છે. આ વર્ગોના હકકો સંબંધે વિચાર કરતાં સાપેક્ષભાવની અને વિશિષ્ટ સહાનુભૂતિની આવશ્યકતા સર્વત્ર સ્વીકારવામાં આવી છે અને તેથી તેમના ખાસ પ્રતિનિધિત્વની માંગણીને આપણા રાજકારણી સૂત્રધારો હંમેશા મંજુર રાખતા આવ્યા છે. આ સિવાય બીજી કોઇ કોઇ લઘુમતી કોમને કોઈ ખાસ હક્ક કે પ્રતિનિધિત્વ આપવાનું વિચારાયું કે સંમત કરવામાં આવ્યું હોય તો તે પાછળ કોઇને કોઇ વિશિષ્ટ રાજકારણી હેતુ કે પ્રાન્તિક મહત્ત્વનો ખ્યાલ રહેલો હોય છે. જૈન તરીકે ખાસ પ્રતિનિધિત્વની માંગણી કરવા માટે જૈન કોમ પાસે આવું કોઇ મહત્ત્વનું કે ખાસ વિશિષ્ટતા ધરાવતું કારણ નથી, એટલું જ નહિ પણ બીજી કોમોની અપેક્ષાએ ધન, વિદ્યા તેમ પ્રભુત્વમાં જૈન કોમ એટલી આગળ પડતી છે કે સર્વ સામાન્ય હરીફાઇમાં જૈન કોમના આગેવાન કાર્યકર્તાઓ જે વિશિષ્ટ સ્થાન ભોગવી રહ્યા છે તે ધ્યાનમાં લેતાં એક કોમ તરીકે વિશિષ્ટ હક્ક કે પ્રતિનિધિત્વની માંગણી કરવા જતાં જૈન કોમને કાંઇ વિશેષ મેળ વવાને બદલે ઉલટું ઘણું ગુમાવવું પડે એવો સંભવ છે. આજ રીતે હિંદુઓથી પણ પોતાને તદ્દન અલગ લેખાવવા જતાં જૈન કોમ પોતાને અત્યન્ત હાનિ કરી બેસશે અને સમગ્ર હિંદુ સમાજ ઉપર આજે જે વર્ચસ્વ ભોગવી રહેલ છે તે પણ ખોઇ બેસશે એ ભીતિ પણ અવાસ્તવિક નથી. આ બધા વ્યવહારૂ ખ્યાલો ધ્યાનમાં લઇને જૈન કોમે કોઇ પણ વિશિષ્ટ હક્કની કે ખાસ પ્રતિનિધિત્વની માંગણી કરવી જરા પણ ઉચિત નથી. આવું સ્પષ્ટ વિધાન વાંચીને કોઈ પ્રશ્ન કરશે કે જો મધ્યસ્થ કારોબારીમાં પારસી પ્રતિનિધિ હોય તો એક જૈન પ્રતિનિધિ કેમ નહિ ? પહેલાં તો પારસી કોમે કદિ પણ ખાસ પ્રતિનિધિત્વની માંગણી કરી જ નથી. મધ્યસ્થ કારોબારીમાં કે અન્યત્ર જો કોઇ પણ પારસી મહત્વનું સ્થાન ધરાવતો હોય તે પારસી છે એટલા માટે નહિ પણ એક વ્યકિત તરીકે તે સ્થાનની યોગ્યતા ધરાવે છે એ કારણે જ તે સ્થાન સુધી તે પહોંચેલ હોય છે. જૈન કોમે હજુ દાદાભાઇ નવરોજી કે સર પ્રીરોજશાહ મહેતા જેવા નરપુંગવો પેદા કર્યા નથી. આ દ્રિષ્ટાએ પારસી કોમ બીજી કોમો કરતાં ઘણી આગળ છે. જૈન સમાજ પણ આવતી કાલે આવા અસાધારણ પ્રતિભાવાળા પુરૂષો જરૂર પેદા કરશે અને પોતે જૈન છે એટલા માટે નહિ પણ પોતામાં રહેલી અસાધારણ વિશિષ્ટતાના કારણે તેઓ નવી રાજ્યરચનામાં સર્વોપરિ સત્તાસ્થાનો પ્રાપ્ત કરશે. આજે પણ ધારાસભાઓમાં, યુનીવર્સીટી સીનેટમાં, કોલેજોમાં તેમજ સરકારી નોકરીઓમાં જૈનો મહત્વનું સ્થાન ભોગવે છે. વ્યાપારી મંડળીઓમાં તેમ જ ઉદ્યોગપતિઓમાં જૈનો આગેવાન સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય મહાસભાની સર્વ હીલચાલોમાં જૈનોએ આગળ પડતો ભાગ ભજવ્યો છે અને તેને લીધે અનેકે સ્થાનિક મહાસભાની કાર્યવાહીમાં અધિકાર–આરૂઢ જૈનો નજરે પડે છે. જે કોમમાં પુરૂષાર્થ છે અને સ્વાશ્રય છે, જે કોમ અન્ય વર્ગો સાથે કેળવણી, વ્યાપાર અને ઉદ્યોગમાં આગળ વધી રહેલી છે તેણે પોતાના ઉજ્જવળ ભાવી કે ભાવી નવરચનામાં પોતાને મળનાર સ્થાન વિષે લેશ માત્ર ચિન્તા કરવાની જરૂર નથી. ઉલટું તે કોમે જ્યારે અનેક લઘુમતી કોમો પોતાની માંગણીઓ કોમના નામે આગળ ધરી રહી હોય ત્યારે એવી જાહેરાત કરવાની જરૂર છે કે "અમારી કોમના નામે કોઇ પણ વિશિષ્ટ હક્ક, અધિકાર કે પ્રતિનિધિત્વની અમને લેશ પણ આકાંક્ષા નથી. જ્યાં રાષ્ટ્રીય મહાસભા ત્યાં જ અમે. દેશની આઝાદી એજ અમારી કોમના. તે ખાતર સૌથી વધારે બલિદાન આપવું એજ અમારો અધિકાર. એ ખાતર અમને જે કાંઇ કામ–નાનું કે મોટું–સોંપવામાં આવે–તે પુરી નિષ્ઠાથી કરી છૂટવું એજ અમારૂં ધ્યેય. દેશ પહેલો, પછી અમે અને અમારી કોમ" આવી જાહેરાત કરીને રાષ્ટ્રનિષ્ઠાની સૌ કોઇને પ્રતીતિ કરાવવી એમાં જ જૈન કોમની શોભા, પ્રતિષ્ઠા અને ઉજ્જવળતા રહેલી છે. **પરમાનંદ.**

નવા–જૂનાનું ઘર્ષણ

છેલ્લા એકાદ દશકાથી આપણા સમાજમાં જૂના અને નવા વચ્ચેનું ઘર્ષણ દેખાયાં કરે છે. આ ઘર્ષણ કંઇ નવું નથી. એ તો સનાતન છે, ઇતિહાસ કાળથી જાણીતું છે. પરંતુ એમ કહી શકાય કે છેલ્લા દશકામાં એ ઘર્ષણ વધુ સ્પષ્ટ અને વધુ તીવ્ર બન્યું છે.

સને ૧૯૩૦ ના સત્યાગ્રહ સંગ્રામમાં આપણને કેટલાંક નવાં મૂલ્યો પ્રાપ્ત થયાં છે જેમાંનો એક 'આત્માનો અવાજ' છે. ત્યાં સુધી જુવાનો પોતાના અંગત વિચારોને સમાજ પાસે રજુ કરવાને જોઇએ તેટલી હિંમત દાખવતા નહોતા, અથવા તો અને ત્યાં સુધી સમાધાનવૃત્તિથી કામ લેતા. ગાંધીયુગમાં જુવાનોમાં નૈતિક હિંમત રહેલી છે, અને તેઓ 'આત્માના અવાજ' રજૂ કરતા થયા છે, ત્યારથી નવા જૂના વચ્ચેનું ઘર્ષણ તીવ્ર થયું છે.

આ ઘર્ષણ દરેક ક્ષેત્રમાં છે. રાજદ્વારી, સામાજિક અને ધાર્મિક ક્ષેત્ર ઉપરાંત કૌટુંબિક ક્ષેત્રમાં પણ સ્પષ્ટ વકતવ્ય ખીલતું થયું છે.

અને એને કારણે આગેવાનો વચ્ચે, ગુરુ શિષ્ય વચ્ચે, અને સ્નેહી મિત્રો વચ્ચે પણ મતભેદ અને અથડામણ ઉત્પન્ન થયેલ છે.

પ્રમાણિક મતભેદ એ પ્રગતિમાન બુધ્ધિવાદની નિશાની છે. અંધ-શ્રધ્ધાવાદનો યુગ આજે આથમી ગયો છે અને દરેક મૂલ્યો બુધ્ધિની કસોટી પર કસાતાં થયાં છે. ઐતિહાસિક પ્રમાણો કે બુધ્ધિગમ્ય દલીલોથી જ આજે પોતાનાં મંતવ્યો બીજાને ગળે ઉતરાવી શકાય એવી પરિસ્થિતિ પ્રવર્તે છે.

આમ છતાં નવયુગનાં મંડાણને ન ઓળખનાર જુનવાણી મનોદશા સેવતા આગેવાનો આજે નવા વર્ગના નવા વિચારોથી ચોંકી ઉઠે છે અને તેમની દૃષ્ટિએ 'ઉતાવળીઆ,' 'ટુંકી દૃષ્ટિવાળા' અને 'બીન-અનુભવી' જુવાનિયા સમાજનું સત્યાનાશ કાઢી નાખશે એવો ભય એમના મનમાં પેસી જાય છે.

આમાંના કેટલાક આગેવાનો પોતાના જૂનવાણી અને પ્રત્યાઘાતી વિચારોને ચુસ્તપણે સાચા, હરેલ અને શ્રેયસ્કર માને છે, જ્યારે એમાંનો જ એક બીજો પણ એવો વર્ગ છે કે જેમને પોતાના વિચારો કરતાં પોતાનું મમત્વ, મોભો, સાચવી રાખેલી પ્રતિષ્ઠા અને આગેવાનીની રક્ષાનો જ પ્રશ્ન અગત્યનો હોય છે. જૂનવાણી વિચારના આગેવાનો વધુ ભયંકર નીવડે છે.

આજે આપણી કોન્ફરન્સો, સંમેલનો અને સ્થાનિક સંઘોમાં આ જાતનું ઘર્ષણ ઠેર ઠેર પ્રવર્તતું આપણે જોઇ શકીએ છીએ. ઠેર ઠેર જુવાનોના નવા વિચારો સામે ભડક ઉભી થઇ છે, અને જૂનવાણી તત્ત્વોના મોરચા મંડાયા છે. જૂનવાણી તત્ત્વો પાછળ કુટુંબ-જનોનું, આશ્રિતોનું, સાધુઓનું, રાજ્યતું અને અંગત મૂડીનું જબરું પીઠબળ હોય છે; અને એના પ્રતાપે ઘણીવાર તેઓ નવા તત્વ સામે વિજય મેળવી જાય છે; અથવા ઉશ્કેરાટ જાય છે. ઉશ્કેરાટમાંથી તણખા પણ ઉત્પન્ન થાય છે, અને સમાજમાં કલેશનું વાતાવરણ છવાઇ રહે છે.

કલેશથી આપણે બહુ ડરી જઇએ છીએ. કલેશ એ ખરાબ વસ્તુ છે, એમ સહુ કોઇ માનતું આવ્યું છે. પરંતુ કલેશ પહેલાંની શાન્ત પરિસ્થિતિ કશી પ્રગતિકારક કે શ્રેયસ્કર નીવડી નથી, જ્યારે કલેશમાંથી કર્તવ્યપરાયણતા અને જાગૃતિનો ઉદ્‌ભવ થાય છે એ વાત સામાન્ય જનસમુહને સમજાતી નથી.

કલેશમાંથી ઘણીવાર સારાં પરિણામો આવે છે. દરેક પક્ષને જનતાની સહાનુભૂતિ મેળવવાની કોશીષ કરવી પડે છે, અને તેથી આપખુદી હળવી બને છે. જનતાને પોતાના તરફ ખેંચવા માટે સમાજનું શ્રેય અને સેવાનો માર્ગ દરેક પક્ષે અંગીકાર કરવો પડે છે. અને જે પક્ષના હાથમાં સંસ્થાનો કાબુ હોય છે અથવા આવે છે, તેમણે કંઇ સારૂં, હરિફાઇને માટે પણ, કરી બતાવવું પડે છે.

આમાંથી સારો માર્ગ એ લે કે જુના આગેવાનો જેમને ઘણાં વર્ષો સુધી પોતાની ઇચ્છા મુજબ કામ કરવાની તક મળી છે, તેમણે હવે નવાની તરફેણમાં રાજીખુશીથી નિવૃત્ત થવું જોઇએ. કોઇ સ્થાને પરાણે ચોંટી રહેવાથી ચોંટી રહેનારની કિંમત કોડીની થઇ જાય છે. 'નવા કામ કરી શકવાના નથી' એમ કહેવાને બદલે નવાને કામ સોંપવાથી, જો તેમનામાં અવડત નહિ હોય તો જનતા જ તેમને ફેંકી દેશે, અને નિવૃત્ત થએલા આગેવાનોને માન સહીત પાછા બોલાવશે. એમ કહેવું અને વિચારવું વધારે યોગ્ય છે.

પરંતુ જૂના આગેવાનોને એમાં શ્રદ્ધા નથી, એટલે પોતાના સિદ્ધાંતોની સત્યતામાં જ શ્રદ્ધા નથી; એટલે તેઓ પોતાના સ્થાને ચોંટી રહે છે, અને સમાજમાં સ્વયં માનહાનિ પામે છે.

આવી રીતે સ્થાન પર ચોંટી રહેનારા આગેવાનોએ પોતાની જવાબદારી સમજી લેવી જોઇએ. જો તેઓ સમાજને પ્રગતિને પંથે લઇ જઇ શકે એમ ન હોય તો એ સ્થાન તેમણે સ્વયં ત્યજી દેવું જોઇએ; નહિતર સમાજને બંધિયાર કુવામાં પૂરી રાખવા માટે, ભાવી સમાજના શાપ તેમના પર ઉતરશે. દેશ, પ્રાન્ત કે શહેરની સંસ્થાઓના હોદ્દેદારો આ પ્રશ્નને શાન્તચિત્તે પૂર્વગ્રહરહિત થઇને વિચારે.

જટુભાઈ મહેતા.

ભિખ્ખુંધી સંબંધી સૂચિત સરકારી નિયમન

શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના મુખ્ય મંત્રી તરફથી તા. ૧૦-૪-૪૫ ના સરકારી ગેઝેટમાં ભિખ્ખુંધીને અંગે પ્રગટ થએલ કાયદાના ખરડા સંબંધમાં નીચે મુજબનું નિવેદન પ્રસિધ્ધિ માટે મોકલવામાં આવ્યું છે:-

"મુંબઇ પ્રાન્તમાં ભિખ માંગવાની બંધી કરવી, ભિખારીઓને અટકમાં લેવા, તેમને તથા તેમના આશ્રિતોને સરકારમાન્ય સંસ્થાઓમાં હુન્નર ઉદ્યોગની તાલીમ આપી કામધંધે વળગાડવા અને ભિક્ષુક ગુનેહગારોને પકડી તેનની તપાસ ચલાવી તેમને સજા કરવા મુંબઇ સરકારે કાયદાનો ખરડો ઘડી કાઢયો છે જે તા. ૧૦ એપ્રીલ ૧૯૪૫ ના મુંબઇ ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે. આ ખરડામાં 'ભિખારી' ની કરવામાં આવેલી વ્યાખ્યા જૈન સાધુઓ તથા સાધ્વીઓને લાગુ પડે છે એમ શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું મન્તવ્ય છે. આ બાબતમાં શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ તરફથી મુંબઇ સરકારના સ્વદેશ ખાતાના મંત્રી ઉપર એક પત્ર લખીને જણાવવામાં આવ્યું છે કે કાયદાના ખરડામાં ભિખની એવી વ્યાખ્યા કરવામાં આવી છે કે 'ભિખ માંગવી' એટલે 'ખાનગી મકાનોમાં ભિક્ષા લેવા અથવા માંગવા માટે દાખલ થવું.' આ વ્યાખ્યા એટલી વ્યાપક છે કે એમાં જૈન સાધુઓ તથા સાધ્વીઓ આવી જાય છે. જ્યારે એક માનવી સંસાર ત્યજી સાધુ બને છે ત્યારે તે ધન, દોલત અને માલમીલ્કતને ત્યજી દે છે અને ભિક્ષાના રૂપે સ્વેચ્છાપૂર્વક વહોરાવવામાં આવતી તૈયાર રસોઈ ઉપર નભે છે. આ કારણસર તેમને ખાનગી મકાનોમાં પ્રવેશ કરવો પડે છે. જૈન શાસ્ત્ર પુજબ જૈન સાધુ ખાસ પોતાને માટે બનાવવામાં આવેલી રસોઇ લઇ શકતો નથી. આથી જૈન સાધુ ભિખારીની વ્યાખ્યામાં કોઇ પણ રીતે આવી શકતો નથી, અમને દહેશત રહે છે કે જ્યાં સુધી સૂચિત કાયદામાં એવું સ્પષ્ટ પ્રતિપાદન કરવામાં નહિ આવે કે ભિખ્ખુંધીનો કાયદો જૈન સાધુઓ તથા જૈન સાધ્વીઓને લાગુ પડતો નથી ત્યાં સુધી એ કાયદાની ઇર્શ્યે પોલીસ તરફથી જૈન ધર્મના પ્રકાશધ્વજા સાધુઓ તથા સાધ્વીઓની કનડગત થવાની પકી રહે છે. જૈન સાધુ સંસાર ત્યજે છે ત્યારે તે પોતાના સગાંવહાલાંઓ સાથેનો સંબંધ તોડી નાંખે છે તેથી તેને કોઇ આશ્રિત હોતો નથી. જો સૂચિત કાયદો હાલના સ્વરૂપમાં પસાર થશે તો જૈન સાધુઓ તથા સાધ્વીઓને ભૂખે મરવું પડશે અને જૈન સાધુ તથા સાધ્વીની ધર્મ સંસ્થાની હસ્તીનો અન્ત આવી જશે. આ માટે સૂચિત કાયદામાં ઉપર મુજબનો સુધારો કરવાની અત્યન્ત આવશ્યકતા છે."

જૈન ભોજનશાળાની વિચારાઇ રહેલી યોજના

જૈન સમાજના મધ્યમ વર્ગને રાહત આપવાને લગતો ઠરાવ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના મુંબઇ ખાતે મળેલા છેલ્લા અધિવેશનમાં કરવામાં આવ્યો હતો. તે ઠરાવને અમલી સ્વરૂપ આપવાની દિશાએ શું કરવું તે વિષે મુંબઇની સ્થાયી સમિતિની છેલ્લી સભામાં કેટલીક ચર્ચા થઇ હતી અને આ કાર્ય માટે બને તેટલું ભંડોળ એકઠું કરવું અને પહેલાં પગલાં તરીકે મુંબઇના મધ્યમ વર્ગના જૈનોને રાહત મળે તે હેતુથી મુંબઇમાં એક જૈન ભોજનશાળા બનતી તાકીદે ખોલવી એવો નિર્ણય કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કોન્ફરન્સના મુખ્ય મંત્રી જણાવે છે કે આ કાર્ય માટે જોઇતી રકમોનાં વચનો મેળવવામાં આવ્યાં અને કાલબાદેવી, પાયધોની કે માંડવી જેવા લતાઓમાં ૨૫૦ થી ૫૦૦ માણસોને જમાડવાની અને તેટલી રસોઇની વ્યવસ્થા થઇ શકે તેવી જગ્યા મળે કે તુરત જ જૈન ભોજનશાળા શરૂ કરવાની ધારણા છે. આવી જગ્યા મેળવી આપવામાં મદદરૂપ થવા લાગવગ ધરાવતા જૈન બંધુઓને તેઓ તરફથી ખાસ વિજ્ઞપ્તિ કરવામાં આવી છે.

એક સાંભળેલો સંવાદ:

રપીનિંગ માસ્તર–અલ્યા રાણીયા ! તું નવી બૈરી પરણી લાવ્યો કે શું ?

રાણીયો–હા શાબ !

રપી. મા.-પણ તું તો ઘરડો છે અને બૈરી જુવાન દેખાય છે.

રાણીયો–મારે કાંઈ વાંધો નહિ, શાબ ! હું કયાં સાક્ષર છું ? (પ્રજાબંધુ)

સંઘ સમાચાર

શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠ સંઘના કાર્યાલયમાં

તા. ૨–૭–૪૫ ના રોજ અમેરિકાના પ્રવાસનાં સંસ્મરણો સંભળાવવા માટેના સંઘના નિમંત્રણને માન આપીને શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠ સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ અન્ય મિત્રો સમક્ષ પોતાના ઉડતા પ્રવાસની કેટલીક બાબતો તેમણે બહુ રસપ્રદ રીતે સંભળાવી હતી. સાન ફ્રાન્સીસ્કોની પરિષદની કેટલીક વિગતો ઉપરાંત ત્યાંના છાપાઓ–સામાજિક પત્રો–કેવા ગંજાવર પાયા ઉપર ચાલે છે અને ખેતીવાડીના વિષયનો પણ કેટલો વ્યવસ્થિત વિકાસ કરવામાં આવ્યો છે એ વિષે તેમણે ઘણી આશ્ચર્યજનક હકીકતો રજુ કરી હતી. અમેરિકાની વિરાટ સમૃદ્ધિનો અને સાનફ્રાન્સીસ્કોના અપૂર્વ સૌન્દર્યનો અને તેની સરખામણીમાં આપણો દેશ કેટલો પછાત અને ગરીબ છે તેનો તેમણે આબેહુબ ખ્યાલ આપ્યો હતો. સાથે સાથે શ્રી. વિજ્યાલક્ષ્મી પંડિતે ત્યાં રહીને આપણા દેશની કરેલી સેવાનું અને તેમના અપૂર્વ વ્યક્તિત્વનું તેમણે રોચક વર્ણન કર્યું હતું. સંઘ તરફથી શ્રી. અમૃતલાલ શેઠનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સંઘના પ્રમુખે તેમનો આભાર માનતાં સંઘની વિવિધ પ્રવૃત્તિઓ પ્રત્યે તેમની સહાનુભૂતિનો અને સંઘની રાહત પ્રવૃત્તિમાં કુલ રૂા. ૩૦૦૭ ની રકમ આપીને તે પ્રવૃત્તિને તેમણે જે અસાધારણ વેગ આપ્યો હતો તે હકીકતનો ઉલ્લેખ કર્યો હતો.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘની રાહત પ્રવૃત્તિ

સંઘની રાહત પ્રવૃત્તિ યથાપૂર્વ ચાલી રહી છે અને આજે ૬૦ જૈન કુટુંબો આ યોજનાનો લાભ લઇ રહ્યા છે. આ ખાતામાં આજ સુધીમાં મળેલાં નાણાં દીવાળી સુધી પણ આ પ્રવૃત્તિ ચલાવવા માટે પુરતાં નથી. જૈન સમાજે અમારી આ રાહત પ્રવૃત્તિને આજ સુધી જે રીતે નિભાવી છે તેજ રીતે હવે પછી પણ સંઘને જરૂરી નાણાં મોકલતા રહીને આ રાહત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા જૈન સમાજના સુસ્થિત વર્ગને અમારી આગ્રહભરી વિનંતિ છે. આ પ્રવૃત્તિ મુંબઇમાં વસતાં જૈન કુટુંબો પુરતી મર્યાદિત છે એ ધ્યાનમાં રાખીને જે કોઇ કુટુંબને રેશન રાહત, રોકડ રાહત કે અન્ય પ્રકારની મદદની અપેક્ષા હોય તેમને રાહત સમિતિના નીચે જણાવેલ સભ્યોમાંથી કોઇને પણ મળવા વિનતિ કરવામાં આવે છે.

૧. શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ
કલ્યાણ હાઉસ, શેખમેમન સ્ટ્રીટ, ટે. નં. ૪૪૧૭૬.

૨. ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી
રામનિવાસ, નવરોજ લેન, ઘાટકોપર ટે. નં. ૮૬૯૭૯

૩. શ્રી. હરિલાલ શંભુલાલ
લલિતકુંજ, ચંદાવરકર ક્રોસ લેન, માટુંગા, જી. આ ઇ. પી.

૪. જસુમતીબહેન મનુભાઇ કાપડીઆ
બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ. બી બ્લોક
ગીરગામ ટ્રામ ટરમીનસ પાસે ટે. નં. ૪૪૫૯૩

૫. શ્રી મેનાબહેન નરોત્તમદાસ
૨૬૬/૨૭૦, ત્રીભોવનદાસ કેશવજીનો માળો ફીયર રોડ

૬. શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
મુંબઇ જૈન યુવક સંઘ કાર્યાલય, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ

વિશેષતઃ સંઘના કાર્યાલયમાં રવિવાર સિવાય સાધારણતઃ હંમેશાં બપોરના ૨॥ થી ૩॥ દરમિયાન જે કોઇને મદદની અપેક્ષા હોય તે મને મળી શકે છે. મદદની અપેક્ષા ધરાવતા અને છતાં પણ સંકોચ સેવતા જૈન ભાઇઓને અમારી તરફ મોકલી આપવા અન્ય બંધુઓને પણ અમારી ખાસ વિજ્ઞપ્તિ છે.

તા. ૧–૬–૪૫ થી આજ સુધીમાં સંઘની રાહત પ્રવૃત્તિમાં મળેલી મદદોની યાદી નીચે મુજબઃ—

૨૫૧	શ્રી	જાદવજી નરસીદાસ
૭૫	,,	કનૈયાલાલ મુલજી
૧૫	,,	ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની
૧૧	,,	નીમચંદ ધારસી ચુડાચેકસીવાળા

રૂા. ૩૫૨

આ ઉપરાંત પ્રબુદ્ધ જૈનને શ્રી. કનૈયાલાલ મુળજી કાણકીયા. તરફથી રૂા. ૨૫ મળ્યા છે. આ સર્વ ગૃહસ્થોનો સંઘ તરફથી આભાર માનવામાં આવે છે.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, રાહત સમિતિ

'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકોને અને વાંચકોને–

પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને સવિનય વિજ્ઞપ્તિ કે જે જે ગ્રાહકોનાં જે અંક સાથે લવાજમ પુરૂં થાય છે તેમને આગળના અંકમાં એ બાબતની રીતસર ખબર આપવામાં આવે છે અને નવું લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવા અથવા તો જો પોતે ગ્રાહક તરીકે ચાલુ રહેવા માંગતા ન હોય તો તે મુજબ વખતસર ખબર આપવા વિનંતિ કરવામાં આવે છે. આમ છતાં કોઇ પણ ગ્રાહક મનીઓર્ડરથી લવાજમ મોકલતું નથી તેમજ પત્ર બંધ કરવાની ખબર આપતું નથી. પછીનો અંક વી. પી. થી મોકલવામાં આવે છે, જેમાંથી કેટલાક વી. પી. સ્વીકારવામાં અવે છે જ્યારે કેટલાક વી. પી. પાછા આવે છે. આ રીતે વી. પી. કરવાની કેટલીક તકલીફ નકામી જાય છે અને વી. પી. ને લગતું કેટલુંક ખર્ચ નકામું જાય છે. પ્રબુદ્ધ જૈન કોઇ પણ પ્રકારની જાહેર ખબર લેતું નથી. તેને કમાણીનું અન્ય કોઇ સાધન નથી. અને તેને નિભાવવા પાછળ સંઘને દર વર્ષે આશરે રૂા. ૫૦૦ થી ૬૦૦ ઉમેરવા પડે છે. પ્રબુદ્ધ જૈન પાછળ જનસેવા અને લોકજાગૃતિ સિવાય બીજો કોઇ ઉદ્દેશ કે હેતુ નથી. સંઘનું તેમજ પ્રબુદ્ધ જૈનનું કામકાજ પરિમિત માણસોથી સંભાળવાનું હોવાથી સંઘની વિવિધ પ્રવૃત્તિઓને પહોંચી વળવું ઘણી વખત બહુ જ મુશ્કેલ બને છે. તો જે ગ્રાહકોને લવાજમ પુરૂં થયાની ખબર મળે તેઓ મની ઓર્ડરથી પોતાનાં લવાજમ મોકલી આપશે તો સંઘ ઉપર મોટી કૃપા થશે. એમ ન બને તો તેમના ઉપર કરવામાં આવતું વી. પી. તો કૃપા કરીને પાછું ન જ ઠેલે. છેલ્લાં ૭ વર્ષથી પ્રગટ થઇ રહેલ પ્રબુદ્ધ જૈન જૈન સમાજની તેમ રાષ્ટ્રની વિવિધ સમસ્યાઓ વિષે સ્પષ્ટ અને નિડર માર્ગદર્શન આપી રહ્યું છે તેથી જે કોઇ ભાઇઓ તેમજ બહેનોને પ્રતીતિ થઇ હોય તેઓમાંથી જેમનાથી બની શકે તેમને પ્રબુધ્ધ જૈનના નિભાવ અર્થે નાની મોટી રકમો મોકલી આપવા આગ્રહ પૂર્વક વિનંતિ કરવામાં આવે છે. આવી મદદોથી પ્રબુદ્ધ જૈન ચલાવવાની અમારી ચિન્તાનો ભાર હળવો થશે, એટલું જ નહિ પણ પ્રબુદ્ધ જૈનને વિકસાવવામાં અમને તેથી સવિશેષ પ્રોત્સાહન મળશે.

મણિલાલ મોકમચંદ શાહ
તંત્રી, પ્રબુદ્ધ જૈન

(પૃષ્ટ ૪૩ થી ચાલુ)

સાંગોપાંગ આદેશ પાળવાનું વ્રત લઇ આવ્યો. હવે શ્રી વલ્લભભાઇ આગળ શિર ઝુકાવીને ફરી વાર મને અપનાવવાની મૂક વિનંતી કરી આવ્યો છું.

હવે પલટો શક્ય નથી

ડૉ. ચંદુભાઇની મસ્કરીનો મેં જવાબ આપેલો કે હવે ૫૩ વર્ષે પલટો આવાનો સંભવ નથી. હવે જીવનનો ઉત્તરાર્ધ ગાંધીજી ને વલ્લભભાઇ જેવા જીવનના પહેલાં રાજકીય ગુરૂ અને સાથીના સંગમમાં જ ગાળવાની મારી સંપૂર્ણ ખાતરી છે.

ઇન્દુલાલ યાજ્ઞિક.

(પૃષ્ટ ૪૨ થી ચાલુ)

હતી તે સુલેહપત્રને હાથમાં પકડીને આમ તેમ દેખાડતો હતો ત્યારે હું વ્હાઇટહોલમાં હતી. હું લંડનના રાજમાર્ગો ઉપર થઇને પસાર થઇ રહી હતી અને 'શાન્તિ સ્થપાણી અને પોતાનાં બાળબચ્ચાં ઉગરી ગયાં.' એ રીતે ખુશ નિરાંત અનુભવતી, પ્રાર્થના કરતી અને આંસુ સારતી લંડનની અનેક સ્ત્રીઓના ટોળેટોળાં ચર્ચ તરફ ધસી રહેલાં મેં જોયાં હતાં. એ હૃદયદ્રાવક દૃષ્ય હતું. ફેસીસ્ટ ધાટલી કે નાઝી જર્મનીમાં લોકો એટલા બધા મૂઢ બની ગયેલા દેખાતા હતા કે તેમણે સ્વતંત્ર રીતે વિચાર કરવાની તાકાત જ ગુમાવી દીધી હતી. આ દૃષ્ય જેટલું જ ઉપરનું દૃષ્ય શોચનીય–કરૂણાપૂર્ણ–હતું. ૧૯૩૮ માં અંગ્રેજ પ્રજા પણ એટલી જ વિચારમૂઢ બની ગઇ હતી. આપખુદ સત્તાધીશોને પંપાળવાની અને તેમની હાએ હા ભણવાની રાજ્યનીતિના સ્વરૂપને બંનેમાંથી કોઇ પણ પ્રજા સમજી શકી નહોતી, તેમજ તે સામે પોતાનો અવાજ ઉઠાવવાની તાકાત બન્નેએ ગુમાવી દીધી હતી. આ ખરેખર ભયાનક હતું. કારણ કે જે આપણે ફરીથી ઉભું કરી શકીએ તેમ નથી તેને તોડી પાડવાનો મને, તમને કે આપણામાંથી કોઇને પણ શો અધિકાર છે? જે સભ્યતા અને સંસ્કૃતિનું હજારો વર્ષોનાં બલિદાન, પરિશ્રમ, આત્મભોગ, પ્રાર્થના અને શુભ મનોરથોની સામગ્રી વડે ચણતર કરવામાં આવ્યું છે તે જાપાનીઝ, જર્મન, ઇટાલીયન, ફ્રેંચ કે હિંદી ગમે તે હો –આવી સભ્યતા અને સંસ્કૃતિના રાજમહેલને જમીનદોસ્ત કરવાની આપણે કેમ હીંમત કરી શકીએ? દુનિયાની સંસ્કાર સામગ્રી આપણ સર્વના માલેકીની વસ્તુ છે અને મહત્ત્વાકાંક્ષા કે નવા દેશો સર કરવાના લોભને વશ થઇને દુનિયા સામે માથું ઉંચકવું અને લડાઇઓ જાહેર કરવી એ આપણને કોઇ પણ રીતે શોભતું નથી. (તાળીઓ).

જેણે ચેતવ્યા તેજ દંડાયા

જેઓ આ રાજ્યનીતિનાં અનિવાર્ય પરિણામો પહેલાથી જોઇ શકયા હતા અને તેની વારવાર નવાર આગાહી કરીને દુનિયાને ચેતવી રહ્યા હતા તેવા અમને દુનિયાનું ભાવી કેવું રચાવું જોઇએ તે વિષે અવાજ રજુ કરવાનો આજે કોઇ હક નથી. અમે કે જેમને એ આગાહી થઇ હતી અને એ આગાહી જગત સમક્ષ યથાસ્વરૂપે રજુ કરવાની જેમણે હિંમત દાખવી હતી તેમને આજે વાણી-સ્વાતંત્ર્યથી વંચિત રાખવામાં આવ્યા છે. અમારા નેતાઓ આજે જેલમાં છે. જેમણે આ જોખમો અને ભયસ્થાનો તરફ દુનિયાનું સૌથી પહેલાં લક્ષ્ય ખેંચ્યું હતું તેઓ આજે કારાવાસની અભેદ્ય દિવાલો પાછળ પુરાયલા પડયા છે.

જ્યારે જાપાનીઝ લસ્કર દૂરપૂર્વના એક પછી એક દેશો ઓળંગીને બર્મા તરફ ધસી રહ્યું હતું ત્યારે હિંદુસ્થાનના રક્ષણ કાર્યને પુરૂં સંગીન અને મજબુત બનાવવાની આવશ્યકતા તરફ અમે સરકારનું ખુબ ધ્યાન ખેંચ્યું હતું. હિંદને આ બાબતમાં પુરેપુરૂં સામર્થ્યવાન જોવાની અમને તીવ્ર આકાંક્ષા હતી. અમે એ વખતે હિંદને એટલા માટે સ્વતંત્ર અને સ્વાધીન બનાવવાની માંગણી કરી રહ્યા હતા કે જેથી હિંદ દુશ્મનનો બરોબર સામનો કરી શકે, જેથી હિંદ પોતાનું બરોબર રક્ષણ કરી શકે એટલું જ નહિ પણ બર્મા, મલાયા, અને ચીન અને આસપાસના અન્ય સર્વ દેશો જેમને હિંદુસ્થાનની મદદની પુરી અપેક્ષા હતી તે દેશોનું પણ હિંદ રક્ષણ કરી શકે. પણ આ માંગણીના જવાબમાં અમને શું મળ્યું? અમને એમ કહેવામાં આવ્યું કે જે સ્થિતિમાં અમે હતા એજ સ્થિતિમાં અમારે લડવાનું છે, લડાઇના વખતમાં પ્રજાને સ્વતંત્ર બનાવી શકાય નહિ, લડાઇના સમયમાં કશાપણ મહત્વના ફેરફારો થઇ શકે જ નહિ. પણ, તમને યાદ હોય તો ફ્રાન્સનું પતન થયું તેની થોડા દિવસ પહેલાં ફ્રાન્સનું ઇંગ્લાંડ સાથે જોડાણ કરવા મી. ચર્ચહીલે હાથ લંબાવ્યો હતો. એ શું એક મહત્વનો ફેરફાર નહોતો? અને તેથી, અમારી વિનવણી છતાં, હિંદુસ્થાનને જોખમાવી રહેલાં ભયસ્થાનો પ્રત્યે વરંવાર ધ્યાન ખેંચવા છતાં અમને એવું કોઇ પણ વચન આપવામાં નહોતું આવ્યું કે જેથી આ લડાઇ કોઇ આદર્શ ખાતર ચાલતી હતી એવી આશા રાખવાને કે કલ્પના સેવવાને અમને જરા પણ કારણ મળે.

ભૂતકાળની રચના ટકાવી રાખવી એજ માત્ર વર્તમાન વિગ્રહનો હેતુ

અમે જે કાંઇ સમજી શકયા તે એટલું જ હતું કે દુનિયાની જે સ્થિતિ અને રચના ચાલતી આવતી હતી તેની તેજ સ્થિતિ અને રચના ચાલુ રાખવાના હેતુથી આ લડાઇ લડવામાં આવતી હતી, અને જ્યારે લડાઇ પુરી થશે ત્યારે મોટી રાજ્યસત્તાઓ એકઠી થશે અને જીતેલા પ્રદેશો અને હાથ કરેલી સંપત્તિ અને સામગ્રી અંદર અંદર વહેંચી લેશે.–એ જ પરિણામ તે વખતે અમને દેખાતું હતું અને હજુ આજે પણ દેખાય છે. આવા કડવાં વેણ ઉચ્ચારવા માટે હું દીલગીર છું પણ હિંદુસ્થાનના લોકોના દિલમાં જે ખ્યાલ હતો તે આ છે.

અને જાપાનીઝ હુમલાનો જવાબ તમારા અમેરીકન લસ્કર વડે વાળવામાં આવ્યો. તમારા યુવાનોને હિંદુસ્થાનમાં મરવા માટે મોકલવામાં આવ્યા ત્યારે મૃત્યુને ભેટવાના બદલામાં કાંઇ પણ નક્કર વસ્તુ દેશને મળે એમ છે એવી લોકોને પ્રતીતિ હોત તો હિંદુસ્થાનના ચાલીશ કરોડ માણસો મરવા માટે તૈયાર અને તત્પર હતા. દેશની ખાતર પોતાના જન માલની આહુતિ આપવાના અવસરને તેઓ જરૂર રાજીખુશીથી વધાવી લેત. તમારા યુવાનોને ત્યાં મરવા મોકલવામાં આવ્યા અને આજે ત્યાં તેઓ મૃત્યુનો ભોગ થઈ રહ્યા છે. તમારા સૈનિકો બહુ મોટી સંખ્યામાં ત્યાં ગયા અને બંગાળામાં દુષ્કાળે આવેલો મોટો ભોગ લીધો તે અંશતઃ એ વસ્તુસ્થિતિને આભારી છે.

હિંદુસ્થાનમાં આ રીતે બધો કારભાર ચાલી રહ્યો છે. અમારામાં સહકાર બુદ્ધિ છે, અમારી પાસે વિરાટ માનવશક્તિ છે, અમારી પાસે ધન અને દૌલત છે, મિત્રરાજ્યોના સાથે અમારી બળ, શક્તિ અને સંપત્તિ વડે ખભેખભો મેળવવા અમે આતુર છીએ, કારણ કે અમને લાગે છે કે મિત્રરાજ્યો પાસે ચોકકસ આદર્શ અને ધ્યેય છે અથવા તો હોવા જોઇએ, જેનો અમને જે પુરો ખ્યાલ આપવામાં આવે તો અમે તે આદર્શ અને ધ્યેયને મૂર્તિમંત કરવામાં મદદરૂપ બની શકીએ અને અમે કે જેઓ મૂળથી ફેસીસ્ટવાદનો અને નાઝીવાદનો વિરોધ કરતા આવ્યા હતા તે ફેસીસ્ટવાદ અને નાઝીવાદને નિર્મૂળ કરવાના આખરી કાર્યમાં અમે અમારો ફાળો આપી શકીએ અને સુલેહ શાન્તિને હંમેશા ચાહનારા અમે દુનિયાને તે માર્ગે લઇ જવામાં બનતી સહાય આપી શકીએ. પણ રાજ્યસત્તાએ જુદી જ રીતે કામ લીધું અને અમારા મનોરથ મનના મનમાંજ રહ્યા.

સાચી સુલેહ કે કેવળ યુદ્ધવિરામ?

આજે આપણને એમ લાગે છે કે આપણે સુલેહની સમીપ આવીને ઉભા છીએ. એ દિવસ ગમે તે ઘડિએ આવીને ઉભો રહેશે કે જ્યારે સુલેહની જાહેરાત થશે. પણ હું એને સુલેહ નહિ કહું. એ તો માત્ર યુદ્ધવિરામ જ હશે. કારણ કે સાચી સુલેહ અને શાન્તિ કઇ રીતે આવી શકે? કોઇ નૈતિક સત્તાના બળ ઉપર જ સાચી સુલેહનું નિર્માણ થઇ શકે છે. અત્યારે તો જે સુલેહ થશે તે પાછળ તો અમુક રાજ્યસત્તા કરતાં અન્ય રાજ્યસત્તા વધારે શસ્ત્રસામગ્રી રજુ કરી શકી એ એક જ કારણ હોવાનું. વધારે બળવાન સત્તા ઓછી બળવાન સત્તાને કચડી નાંખશે; અને જ્યાં સુધી આ લડાઇ કોઇ ઉદાત્ત નૈતિક ભૂમિકા ઉપર રહીને લડવામાં આવે છે એવી જનતામાં પ્રતીતિ પેદા થાય એવું કાંઇક કરવામાં નહિ આવે ત્યાં સુધી આ લડાઇ પાછળ કોઇ નૈતિક સિદ્ધાન્ત રહેલો નથી એમ જ સૌ કોઇને કહેવાનું રહેશે (તાળીઓ) આજ સુધીમાં તો આવું કશું જોવામાં આવતું નથી.

ઘૃણાજનક પુનર્ઘટના

આપણે પુનર્ઘટનાની યોજનાઓ ચર્ચી રહ્યા છીએ. એ શબ્દ સાંભળે મને અત્યન્ત સુગ આવે છે. અમે ત્રાસી જઇએ અને તોબા પોકારીએ

એ હદ સુધી એ પુનર્ઘટના શબ્દ હિંદુસ્થાનમાં જ્યાં ત્યાં હાલતાં ચાલતાં અમારા માથા ઉપર મારવામાં આવે છે. એમાં કશો જ અર્થ નથી. તમારે શેની પુનર્ઘટના કરવી છે? સૌથી પહેલી પુનર્ઘટના તો તમારા પોતાના–મનના તમારા દિલની–કરવાની જરૂર છે. જ્યાં સુધી માણસોનાં મનમાં પરિવર્તન ન થાય ત્યાં સુધી તેઓ દુનિયા સામે જે સમસ્યાઓ આવીને ઉભી છે તેમાં પુનર્ઘટના શી રીતે નિપજાવવાના છે? (તાળીઓ)

તેથી, મિત્રો! આજે હું તમને વિનવવા આવી છું, નહિ કે મારા દેશની આઝાદી માટે કારણ કે મહેરબાનીની રાહે બક્ષાયલી આઝાદીનો કાંઇ અર્થ જ નથી, તે અપાયા ભેગીજ અદૃશ્ય થવાની છે પણ ઉપર જણાવેલી બધી બાબતો તમે બરોબર ધ્યાનમાં ઉતારો અને જેઓ આવતી કાલે દુનિયાની પુનર્ રચનાનું કાર્ય હાથમાં લેવાના છે, જેઓ સુલેહની ચર્ચામાં ભાગ લેવાના છે, જેઓ કાં તો દુનિયાનો ભાંગીને ભુક્કો થઇ જાય, એક લડાઇમાંથી બીજી લડાઇ અને એક અનિષ્ટ-માંથી બીજું અનિષ્ટ જન્મે અને એમ અનિષ્ટોની જ પરંપરા ચાલ્યા કરે એવી આ દુનિયાની સ્કીલ ઉભી કરી શકે તેમ છે અથવા તો જો તેઓ ધારે તો માનવજાત પ્રગતિ સાધી શકે અને અતિ ઉન્નત અને ભવ્ય ભાવી તરફ આગળ વધ્યે જાય એવી સુખ, સ્વાસ્થ્ય અને શાન્તિથી ભરેલી નવરચનાનું જેઓ નિર્માણ કરી શકે તેમ છે, આવી સત્તાધારી વ્યકિતઓના આત્મામાં જાગૃતિ આવે અને તેમને નૂતન ચેતના પ્રાપ્ત થાય એવું બળ તમે દાખવો અને એવો પ્રાણવાન અવાજ તમે રજુ કરો. આ માટે તમને વિનવવા હું અહિં ઉપસ્થિત થઇ છું. આ તમારી સત્તાની બાબત છે, તમારી શકિતનો વિષય છે. તમો એક મહાન પ્રજા છો, તમે એક આઝાદ પ્રજા છો કે જેણે આજે ચાલતી લડાઇમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. ઇંગ્લાંડ વિષે પણ એમ જ કહી શકાય તેમ છે. ઇંગ્લાંડ પણ એક મહાન પ્રજા છે. મારા નિકટવર્તી મિત્રોમાં અનેક અંગ્રેજ ભાઇઓ અને બહેનો છે એ જણાવતાં મને અભિમાન આવે છે. પણ સાથે સાથે ઇંગ્લાંડમાં ચાલી રહેલી જે રાજ્યપ્રણાલિકા મારા દેશને ગુલામીમાં જકડી રાખે છે એટલું જ નહિ પણ જેણે સંસ્થાનોને લગતી અનેક દૂષણોથી ભરેલી સમસ્યા ઉભી કરી છે અને જેના સત્તાલોભને કોઇ થોભ નથી એ રાજ્ય-પ્રણાલિકાનો સામનો કરવો એ પણ મારી એટલી જ મોટી ફરજ બને છે. આજે તમારી સામે દુનિયા જોઇ રહી છે. જો પોતામાં રહેલી તાકાતનું અમેરિકન પ્રજાને સાચું ભાન થાય તો આજે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ એ કહેવાની અને એનો નિર્ણય આપવાની ખરી યોગ્યતા અને અધિકાર અમેરિકન પ્રજા જ પ્રાપ્ત કરવાની છે.

૧૯૩૫ ની ચુંટણીનો અનુભવ

અમેરિકામાં ફરતાં ફરતાં અમે હિંદુસ્થાનમાં ૧૯૩૫ માં ચુંટણીનો સૌથી પહેલો જંગ ચલાવી રહ્યા હતા એ દિવસો મને યાદ આવે છે. તમને યાદ આપવાની જરૂર નથી કે ૧૯૩૫ નો હિંદી સરકારનો કાયદો ઇંગ્લાંડમાં અંગ્રેજોએ હિંદમાં હિંદીઓના ઉપયોગ માટે ઘડી કાઢેલો હતો અને તેનો હિંદમાં સૌ કોઇ પક્ષોએ અસ્વીકાર કર્યો હતો. છેલ્લાં દશ વર્ષમાં એવા માત્ર બે પ્રસંગો બનવા પામ્યા છે કે જે સંબંધમાં સર્વ હિંદીઓ એકમત હતા. એક તો ૧૯૩૫ ના કાયદાનો અસ્વીકાર અને બીજો ક્રીપ્સની દરખાસ્તોનો અસ્વીકાર. હિંદુસ્થાનમાં ત્રીજી એક-મતી 'ક્વીટ ઇન્ડીઆ'–'હિંદ છોડ જાઓ'–ની ઘોષણાને લગતી છે. અંગ્રેજો હિંદ છોડી જાય અને જેમ બને તેમ જલ્દિથી છોડી જાય એમ અમે સૌ કોઇ એક અવાજે માંગી રહ્યા છીએ.

પ્રસ્તુત બાબતથી આ જરા વિષયાન્તર થયો. આગળ મેં જણાવ્યું તેમ ૧૯૩૫ માં અમારે ત્યાં સામાન્ય ચુંટણીનો જંગ ચાલી રહ્યો હતો. એક ઉમેદવાર તરીકે મારા પોતાના મતદાર–વિભાગમાં અને ચુંટણીમાં ઉભા રહેલા અન્ય મિત્રો માટે પણ મારે હજારો માઇલની મુસાફરી કરવી પડી હતી. મારા મતદારોને મારે સમજાવવાનું હતું કે મતપ્રદાન એ મતદારને મળેલી એક ખાસ સત્તા છે અને એ મત તમારા વિભાગનો મતદાર તમને આપી શકે છે અથવા તો તમારી બાજુના હરીફ ઉમેદવારને પણ આપી શકે છે અને તે મત આપ્યા બાદ જે ઉમેદવારને તેણે મત આપ્યો હોય તે ઉમેદવારે ધારાસભામાં તે મતદારની જરૂરિયાતો અને માંગણીઓ બરોબર રજુ કરી છે કે કેમ એ જોવા, જાણવા તથા એ બાબત જવાબ માંગવાનો તે મતદારને હક્ક અને પુરી સત્તા છે. આ બધું આ મતદારને સમજાવવાનું કામ સૌથી વધારે કઠણ હતું. આ બાબત તે સમજી જ શકતો નહિ. પોતાના નામની સહી કરવી અથવા તો કાગ-ળના ટુકડા ઉપર પોતાના અંગુઠાની છાપ મારવી એ તો સમજવામાં કોઇ રીતે આવી શકતું નહોતું, કારણ કે જેને પુરતું ખાવાનું મળતું નહોતું અને જે પોતાનાં બાળકોને કેળવણી આપી શકતો નહોતો અને સો માઇલના વર્તુલમાં કશી પણ ડાકટરીની મદદના અભાવે જેનું કુટુંબ વખત સાથે જ નાશ પામતું જતું હતું, એવા એક અર્ધનગ્ન, અર્ધભુખ્યા ગામડીઆના અભિપ્રાયની કે મદદની કોઇને પણ જરૂર હોય તે તેની કલ્પનામાંજ આવી શકતું નહોતું. આ બધું તે કોઇ રીતે સમજી જ શકતો નહિ. ચુંટણીના આખા જંગની અડધી મહેનત તો તેને સમજાવવા પાછળ જ ખરચવી પડતી હતી.

દુનિયાના બીજા દેશોમાં અને બુદ્ધિશાળી પ્રજાઓમાં આજે હું આની આજ સ્થિતિ નિહાળી રહી છું. પણ તેનું કારણ બીજું છે. વિચારણા જવાબદારીના ખ્યાલની અપેક્ષા રાખે છે અને આપણે કોઇ પણ જાતની જવાબદારી સ્વીકારવા માંગતાં જ નથી. આપણે જેવા છીએ તેવાજ રહેવામાં આપણને સુખ લાગે છે. દિવસનું એક ભોજન મળતું હોય તો વધારે ગડમથલમાં પડવાની શું જરૂર છે? એક કરતાં બે મળે તો જરૂર વધારે સારું. પણ જ્યાં સુધી એક ભોજન સરખા રીતે મળે છે ત્યાં સુધી બીજાની ચિન્તા કે ઉપાધિ શું કામ કરવી?

આજ બપોરે અત્યંત ધનાઢય બહેનોની એક મંડળી સાથે હું મારું ભોજન લેતી હતી. તેઓ એટલી બધી ધનાઢય હતી કે હું તેમની દોલત અને સમૃધ્ધિ જોઇને કેવળ દિગ્મૂઢ જ બની ગઇ. તેમનામાંની એક બહેનનું હીટર (ચીજોને ગરમ કરવાનું યાંત્રીક સાધન) બરાબર કામ નહિ આપતું હોય અથવા તો નળ જરા બગડી ગયો હશે અથવા તો તે દિવસ ગરમ પાણી મળ્યું નહીં હોય. આવી કોઇ બહુજ સાધારણ સગવડનો ઉલ્લેખ કરીને એ બાઇએ જણાવ્યું કે "મારી જરૂરી-યાતો બહુજ ઓછી છે. મને જે રહેવાને સારું ઘર હોય, ઠીક ઠીક સારો ખોરાક મળતો હોય, મોટર હોય અને બીજી થોડીક નજીવી સગવડો હોય તો પછી બીજું કશું મારે જોઇતું નથી!" (હસાહસ)

વાહ! આ ઠીક વાત છે. અને આપણને ઘર, ગાડી અને બીજી કેટલીક મોજશોખની વસ્તુઓ મળે તો મને ખાત્રી છે, કે આપણામાંના ઘણા ખરા જરૂર આપણી જાતને ઠીક-ઠીક સુખી ગણીએ. પણ પ્રશ્ન તો એ છે કે આ બધું દુનિયાના બીજા બધા લોકો માટે આપણે સુલભ બનાવી શકીએ તેમ છે ખરું? "અરે હા, અમે તે બાબતની યોજના કરી રહ્યા છીએ" એવો જવાબ આપ્યે ચાલે તેમ નથી. આપણે ઘણાં ઘણાં વર્ષોથી યોજનાઓ કરી રહ્યા છીએ અને એ યોજનાઓનો અમલ કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે. જે ભવ્ય સ્વપ્નુ આપણે આજ સુધી ચિન્તવી રહ્યા છીએ તેને વાસ્તવિક સ્વરૂપ આપવાનો અવસર આ લડાઇના અંત સાથે આપણી સમક્ષ આવી રહ્યો છે.

સ્વાતંત્ર્ય અને સહિસલામતી

આપણે એવી રહેવું ન જોઇએ અને ડંખાર્ટન ઓક્સ અને એવી બીજી વાતો કરવામાં વખત ગુમાવવો ન જોઇએ. તે બધી તેની રીતે ઠીક બાબતો છે, પણ જ્યાં સુધી પ્રજાનો તેને ટેકો ન હોય, પ્રજામાં તે બાબતની સમજુતી ન હોય અને જ્યાં સુધી પ્રજાનું તેને પીઠબળ ન હોય ત્યાં સુધી આ બધી બાબતો તદ્દન નકામી છે અને મને ભય છે કે જો પ્રજા જાગૃત નહિ થાય અને વિચારવા નહિ લાગે તો કશું જ બનવાનું નથી. નવા શબ્દોવડે જુના વિચારો રજુ કરવામાં આવશે અને વળી પાછી બીજી લડાઇ, વળી પાછી સુલેહ અને વળી પાછી બીજી

વિશ્વસમસ્યા અને વ્રતવિચાર

(ગતાંકથી ચાલુ)

ચારિત્ર્ય

માનવ સ્વભાવ ન તો સારો હોય છે કે ન તો નરસો. એ તો માટીના પિંડ જેવો હોય છે. તેથી ચારિત્ર્ય સારૂં કે નરસું જેવું ઘડવું હોય તેવું ઘડી શકાય છે. વાતાવરણની સાથે પૂર્ણ સમન્વય સ્થાપિત કરવાની દૃષ્ટિથી પ્રેરણાને સાધવામાં આવેલ સમસ્થિતિની ઉપલબ્ધિ એજ ખરો વિકાસ છે. આનો અર્થ એ છે કે બધી પ્રવૃત્તિઓ એકજ ઉદ્દેશથી અર્થાત્ બુધ્ધિ અને હૃદયના સામંજસ્યથી નૈતિક ભાવનામાં એકાગ્ર કરવી જોઇએ. આનો બીજો અર્થ એ પણ છે કે પ્રવૃત્તિમાં સામંજસ્ય રહેવું જોઇએ. આવી સમસ્થિતિ અને પ્રવૃત્તિઓને એકાગ્ર કરવાની ભાવનાથી નિશ્ચિત ઉદ્યમ કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે. આ વૃત્તિને સંકલ્પ કહી શકાય. આવા વિવિધ સંકલ્પોનું એકીકરણ જ 'ઇચ્છાશક્તિ' કહેવાય છે. તેથી ઉપરના વિચાર પ્રમાણે ચારિત્ર્યની સર્વોત્તમ પરિભાષા 'સંપૂર્ણ સુસંસ્કૃત ઇચ્છાશક્તિ' કહી શકાય. કેટલાક મનોવૈજ્ઞાનિકો એમ માને છે કે રૂઢિગત દમનના પરિણામે જે આત્માભિવ્યક્તિ ઉત્પન્ન થાય છે તેજ ચારિત્ર્યનો મૂળ આધાર છે. આ માન્યતા બરાબર નથી. એવી આત્માભિવ્યક્તિ અવ્યવસ્થાની નજીક પણ પહોંચી શકે છે અને તેથી તો સામાજિક પ્રતિષ્ઠા અને સુખની વિનાશક છે. મનુષ્યના કલ્યાણ માટે આત્માભિવ્યક્તિ એક ખાસ ઉદ્દેશ સામે રાખીને સમન્વયશીલતા અને સહિષ્ણુતા પર અવલંબિત થવી જોઇએ. આનાં પરોપકાર, ત્યાગ, સેવા આદિ અનેક નામ છે. વ્યક્તિત્વનો ચરમ વિકાસ પણ આજ છે. તેથીજ સંયમની–આત્મસંયમની–આવશ્યકતા ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ આત્મસંયમ બહારના દબાણથી સર્વથા ભિન્ન વસ્તુ છે. બહારનું દબાણ દમન અને નૈરાશ્યભાવને ઉત્પન્ન કરે છે. જેમ છોડને યોગ્ય રીતે કાપવાથી તે વધારે સુંદર રૂપે પલ્લવિત અને પુષ્પિત થાય છે તેમ સંયમ આત્માને ભવ્યતા અને વિકાસ તરફ પ્રવૃત્ત કરે છે.

વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ

મનુષ્ય જો પોતાની અનેક જાતની પ્રવૃત્તિઓ અને બાહ્ય ઉત્તેજનાના પ્રવાહમાં પોતાને નિર્બાધ વહેતો મૂકે તો તે જીવનની પરસ્પર વિરોધી, ક્ષુદ્ર અને નિરર્થક વાતોમાં ફસાઇ પડે. તે જીવનના મૂળસ્ત્રોતને સ્પર્શી જ નહિં શકે. પરિણામે એક જાતની વ્યર્થતાની–શૂન્યતાની ભાવના એનામાં ઉત્પન્ન થશે. તેથી તેણે બીજી દિશામાં વિકાસ સાધવાની સાથે સાથે આત્મસંયમની દિશામાં પણ વિકાસ સાધવો જોઇએ. તેણે અનિષ્ટ વિષયનો ત્યાગ અને ઇષ્ટ વિષયનો સ્વીકાર કરવો જોઇએ અને કઇ વસ્તુ કલ્યાણકારી છે તેની પસંદગી કરવાની ટેવ પાડવી જોઇએ. ત્યાજ્ય વિષય તરફથી વૃત્તિ દૂર કરી અભીષ્ટ વિષય તરફ તેને લગાડવી જોઇએ. આમ વિવિધ પ્રલોભનોની જાળમાં ફસાતાં તેની જે ક્રિયાશક્તિનો વ્યય થવાની સંભાવના હોય છે તે ક્રિયાશક્તિ ગ્રાહ્ય વિષયો તરફ વાળવી જોઇએ. મનુષ્યના હૃદયમાં જે અનેક પ્રકારની લાલસાઓ ઉત્પન્ન થાય છે તેમનું અનુસરણ ન કરવાથી તે લાલસાઓ પોતાનું સ્વરૂપ બદલી ઇષ્ટ મનોકામનામાં પરિણત થઇ જાય છે. જ્યારથી બાળક આચારને–વિવેકને–ગ્રહણ કરવા લાગે છે ત્યારથી જ આ ઉર્ધ્વીકરણનો પ્રારંભ થાય છે. એક તરફ શક્તિ અને કામનાની વૃધ્ધિ થાય છે તો તેની તુલનામાં બીજી બાજુ નૈતિક ભાવના અને આત્મસંયમની વૃદ્ધિ થાય છે અને પરિણામે ઉર્ધ્વીકરણ સધાતાં વ્યક્તિનો વિકાસ અને પ્રગતિ થાય છે. આ ઉર્ધ્વીકરણની પ્રવૃત્તિ દમનની પ્રવૃત્તિથી બિલકુલ ભિન્ન છે. જો વિભિન્ન વાસનાઓ અને લાલસાઓનું ઉપર જણાવ્યા મુજબ ઉર્ધ્વીકરણ અને તે દ્વારા નિયમન ન કરવામાં આવે તો તે મનુષ્યની શક્તિનો નાશ કરે છે, તેનો વિકાસ અટકી પડે છે અને તેનું સ્વાસ્થ્ય બિલકુલ નષ્ટ થઇ જાય છે. જો તેમનું કેવળ દમન જ કરવામાં આવે છે તો તે અંદર ગુંચો ઉભી કરે છે, તેનાથી એક જાતનું માનસિક સંઘર્ષ ઉત્પન્ન થાય છે અને સ્વપ્ન, ચિંતા અને માનસિક સંઘર્ષના રૂપે તેનો પુનઃ પ્રાદુર્ભાવ થાય છે. વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ વ્યક્તિત્વને અખંડ રાખે છે. આત્મસંયમનો રાજમાર્ગ પણ તેજ છે. સૌ કોઇ વધારે અથવા ઓછે અંશે વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરે છે, પરંતુ ઉચ્ચ વિચાર અને આદર્શના પીઠબળ વિના અથવા ઉન્નત લક્ષ્ય અને જીવનની પ્રેરણા વગર તે અપૂર્ણ રહે છે. આવું ઉર્ધ્વીકરણ એટલે કે આત્મસંશોધન શક્તિવૃદ્ધિ અને નૈતિક ભાવના તથા મહત્ત્વાકાંક્ષાની વૃદ્ધિને બરાબર સમતોલ રાખે છે અને સંપૂર્ણ વિકાસનો માર્ગ ખુલ્લો કરે છે. તે અંદર કોઇ પણ જાતની ગૂંચ ઉભી નથી કરતું અને સારા અને નરસાનો વિવેક ઉત્પન્ન કરી યોગ્ય વિકાસમાં સહાયતા આપે છે. તે આદર્શને સમુજ્જવલ કરે છે અને સર્વસાધારણ જીવનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા પ્રેરિત કરે છે. જે સંપૂર્ણ આચારશાસ્ત્રનું ધ્યેય છે તેવા વ્યક્તિગત સર્વતોમુખી નિર્માણમાં તે સહાયતા આપે છે. આના વિના મનુષ્યમાં જે ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચવાની ક્ષમતા છે તે–જ્ઞાન, સાધના અને પવિત્ર આદર્શોની–ભૂમિકા સુધી પહોંચી શકાતું જ નથી. વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ આંતરિક વિકાસની એક સીડી છે, કેમકે તે જીવનનું નૈતિક ધોરણ ઉન્નત કરે છે અને અર્ધચેતન અથવા અચેતન મનની અધોમુખી પ્રવૃત્તિને અંકુશમાં રાખે છે. તે મનના ચેત્તન અને સુષુપ્ત ભાગોમાં સહયોગ ટકાવી રાખે છે; તે જીવનની એકતા સ્થિર રાખે છે અને વિવિધ પ્રવૃત્તિઓ, ભાવનાઓ અને આદર્શોમાં સામંજસ્ય સ્થાપિત કરે છે. વિરોધી પ્રવૃત્તિઓના નિરાકરણથી અથવા તેમના સ્વરૂપમાં પરિવર્તન કરવાથી વ્યક્તિત્વ અખંડ રહે છે અને તેનો અબાધ ગતિએ અને સુંદર રીતે વિકાસ થતો જાય છે. ઉર્ધ્વીકરણના પરિણામે વ્યક્તિત્વ શ્રેષ્ઠ નૈતિક ભૂમિકા ઉપર ઉંચુ ઉઠે છે અને તેથી બાહ્ય કે આંતરિક સંઘર્ષ ઉત્પન્નજ નથી થતાં. તે સુખપ્રાપ્તિનું સાધન છે કેમ કે તે વિવિધ ક્ષેત્રોમા સામંજસ્ય રાખી વ્યક્તિત્વના વિકાસને સંભવિત બનાવે છે. દુઃખ પરસ્પર વિરોધી પ્રવૃત્તિઓ અને ભાવનાઓનું જ પરિણામ છે.

સંયમ

ઉર્ધ્વીકરણનો સંયમની કોટિમાં જ સમાવેશ થાય છે. તે જુદી જુદી શક્તિઓને સંગઠિત કરે છે અને તેમને સામાજિક લક્ષ્ય તરફ પ્રવૃત્ત કરે છે. આપણે જોઇ ગયા છીએ કે સંયમનું પાલન આન્તરિક

લડાઇ–એમ બધું પહેલા હતું તેમનું તેમ ચાલ્યા કરશે. આપણે વાતો કરતાં રહીશું અને સભાઓ ભરતાં રહીશું અને જીત્યા હશું તો જીતને ઉજવતા હોઇશું અને હારીશું તો ખિન્ન બનીને ખૂણે બેસી રહીશું. પણ અત્યારે મને એવાં કેટલાંક ઘરોનો વિચાર કરવાનું મન થઇ આવે છે કે જે ઘરોમાં દીવા હવે સળગવાના નથી, કારણ કે તેમાં વસતા કુટુંબીઓએ આ દુનિયામાંથી હંમેશને માટે વિદાય લઇ લીધી છે. મારા દેશમાં પણ આ ઘટના બની રહી છે. અમારા અનેક વ્હાલસોયાં સ્વજનો જેલમાંથી અને અટકાયત છાવણીઓમાંથી પાછા ફર્યાં નથી. હું એ દિવસ માટે લડી રહી છું કે જ્યારે આવી ઘટનાઓ અસંભવિત બની ગઇ હશે, અને જ્યારે પુરી સહિસલામતીપૂર્વક રહેવાનો, પુરી સહિસલામતીપૂર્વક કામ કરવાનો, પોતાની મહેનતનાં મિષ્ટ ફળો ભોગવવાનો અને પોતાના પાડોશી સાથે સર્વ પ્રકારે સમાન બનવાનો દરેક માનવીને હક્ક પ્રાપ્ત થયો હશે. હું માનું છું કે જો અમેરીકા ઇચ્છે તો આ મહાન્ સ્વપ્ન જરૂર સત્ય અને સફળ બનાવી શકે. એટલા જ માટે મારા લેકોની શુભેચ્છાઓ રજુ કરવા માટે જ માત્ર નહિ, પણ તમારા માથે જે મહાન્ કાર્યની જવાબદારી રહેલી છે તેની માનવતાના નામે તમને યાદ આપવા માટે હું આજે રાત્રે અહિં ઉપસ્થિત થઇ છું. મને ખાત્રી છે કે અમેરિકાની પ્રજા આ પડકાર ઝીલી લેશે અને જેવી દુનિયા આપણાં બાળકો માટે હોવી જોઇએ તેવી દુનિયા ઉભી કરવા માટે પોતાથી બનતું કરી છૂટશે.

અનુવાદક : પરમાનંદ.

પ્રેરણાથી જ શક્ય છે, તે બહારના દબાણથી સંભવતું નથી. સંયમનો પાઠ ભણાવવમાં નથી આવતો. તે તો જ્યારે મનુષ્ય પોતાનું અને સમાજનું કલ્યાણ શેમાં છે તે સમજવા લાગે છે અને તેને અનુસરવા પ્રયત્ન આદરે છે ત્યારે અંદરથી આપોઆપ ઉત્પન્ન થાય છે. તે એક વિધેયાત્મક શક્તિ છે, તે નિષેધાત્મક નિયંત્રણ નથી. આનાથી આન્તરિક શક્તિઓ સુનિશ્ચિત માર્ગ તરફ વળે છે, જીવન વ્યવસ્થિત બને છે અને જવાબદારીની ભાવના પેદા થાય છે. એ મનને સમાજ તરફ પ્રવૃત્ત કરે છે અને વ્યક્તિત્વને વિશેષ વિકાસ તરફ ગતિશીલ કરે છે. સંયમમાં વિવેકનો પણ સમાવેશ થાય છે. આથી એ પણ સૂચિત થાય છે કે સંયમી મનુષ્ય પોતાના અનેકવિધ કાર્યોનો અર્થ, પોતાની વિવિધ પ્રવૃત્તિઓની પસંદગી, અને અભીષ્ટ લક્ષ્ય તથા ઉપલબ્ધ સાધનો વચ્ચે સામંજસ્ય કેવી રીતે સ્થાપિત કરવું તે બરાબર જાણે છે. સંયમ એ બુદ્ધિ અને નીતિના સંયોજનનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે. સામાજિક લક્ષ્ય સંગઠન અને અવસ્થાના મર્મો એવી રીતે હૃદયંગમ થવા જોઇએ કે જેથી તે જીવનચર્યામાં સહજપણે પ્રતિબિંબિત થાય. સંયમી પુરૂષ ઉચ્ચ ભૂમિકા પર પહોંચ્યો હોવાથી તે પોતે ઉદાહરણરૂપ બની બીજાને પણ તે ભૂમિકા ઉપર પહોંચવાની સતત પ્રેરણા આપે છે અને તેમ કરતાં સમાજના નૈતિક જીવનમાં પણ નિરંતર પોતાનો ફાળો આપ્યે જાય છે

આત્મસંયમ

સામાજિક વ્યવહારમાં આવા સંયમને આત્મસંયમ પણ કહી શકાય. આત્મસંયમ સામાજિક, આર્થિક અને રાજનૈતિક ઉચ્ચ નૈતિક ભૂમિકાનો મુખ્ય આધાર છે. આત્મસંયમ ન હોય તો રીતરીવાજ અને કાયદાઓ કાર્યસાધક નથી થઇ શકતા. એટલું સારૂં છે કે પ્રત્યેક સમાજમાં કાંઇક અંશે આત્મસંયમ વિદ્યમાન છે, પરંતુ તેને વિકસિત અને પ્રબુદ્ધ કરવાની જરૂર છે, જેથી તે વિશ્વકલ્યાણકારી આર્થિક વ્યવસ્થાનો મૂળ આધાર બની શકે અને તેને આવશ્યક પ્રેરણા આપી શકે.

અપરિગ્રહ

સંયમના શિક્ષણનું સ્વાભાવિક પરિણામ અપરિગ્રહ છે. આ જૈન ધર્મનો એક મૌલિક સિદ્ધાંત છે. સાંસારિક સુખોનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ, વાસનાઓથી વિરક્તિ, નિરાડંબરતા અને વસ્તુઓના સંગ્રહના મોહનો ત્યાગ—એજ અપરિગ્રહનાં લક્ષણ છે. અપરિગ્રહનો ભાવ સમજાવતાં શાસ્ત્રકાર કહે છે કે માણસે પોતાની ભૌતિક સંપત્તિનો મોહ છોડી દેવો અને પ્રલોભનથી સદા દૂર રહેવું. તે પોતાના આવશ્યકતાની પૂર્તિ અર્થે સંપત્તિ અને બીજી વસ્તુઓ રાખી શકે છે, પરંતુ પૈસા મેળવવાની ધુનની પાછળ તે પોતાને ભૂલી ન જાય એ જોવું જરૂરી છે. તેણે રાગ, દ્વેષ, ક્રોધ, માન, લોભ શોક, ભય, જુગુપ્સા વગેરેનો ત્યાગ કરવો જોઇએ.

જો આ વ્રતનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તો આધુનિક યુગના શાપ રૂપ અને બધાં દુઃખોનું મૂળ કારણ એવી ધન અને સામ્રાજ્ય માટે કરવામાં આવતી ક્રૂર અને પ્રચંડ પ્રતિયોગિતાનો અંત આવશે. આજે અપરિગ્રહની જેટલી આવશ્યકતા છે તેટલી પહેલાં કદિ નહોતી. અપરિગ્રહ સર્વભક્ષી ભૌતિકવાદનો પરિહાર કરી શકે એમ છે. વિજ્ઞાને વસ્તુઓનું ઉત્પાદન અનેકગણું વધાર્યું છે અને જ્યાં ત્યાં અનાવશ્યક ચીજોના ઢગલા ખડકી મૂક્યા છે. આધુનિક ઉદ્યોગ અને વ્યવસાયને લીધે મોટા મોટા શહેરોનો વિકાસ થયો છે, જ્યાં જીવન ખુબ ઉતાવળમાં અને એક પ્રકારના કૃત્રિમ વાતાવરણમાં વીતાવવું પડે છે. મનુષ્ય એક અજ્ઞેય દુશ્ચક્રમાં ફસાઇ જાય છે અને તે માનસિક વ્યાધિ અને અંશતઃ અથવા પૂર્ણતઃ એક જાતના માનસિક થાકના રોગથી પીડિત રહે છે. આ આધુનિક યુગની સૌથી વધારે દુઃખદ બાજુ છે. જીવન—સંગ્રામ અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો ઉચ્ચ જીવન જીવવા માટે ખેલવો પડતો સંગ્રામ એટલો બધો વિકટ થઇ ગયો છે કે તેનો એક માત્ર અપરિગ્રહના શસ્ત્ર સિવાય બીજી કોઇ રીતે સામનો થઇ શકે તેમ નથી. એક બીજા દૃષ્ટીકોણથી પણ આપણે કહી શકીએ એમ છીએ કે આ વ્રત વિવેકબુધ્ધિ અને વસ્તુઓના સમુચિત મૂલ્યાંકનની દિક્ષા આપે છે.

વ્રતોની અખંડતા

વ્રતોના ઉક્ત વિવેચનથી એ તો સ્પષ્ટ થયું હશે કે તે બધાં પરસ્પર સાપેક્ષ અને એક બીજાનાં પૂરક છે. એક વ્રતનું પાલન સ્વાભાવિક રીતે જ બીજા વ્રત તરફ આપણને દોરી જાય છે. બીજા વ્રતોના પાલન વગર તે વ્રત વસ્તુતઃ વ્યર્થ જ સિદ્ધ થશે. આ બધા વ્રતોમાં અહિંસાના વ્રતને જ સૌથી પહેલું સ્થાન આપવું પડશે. આ વ્રત ઉચ્ચ આધ્યાત્મિક જીવનનો મૂળ આધાર છે. જૈન અને બૌદ્ધ ધર્મમાં અહિંસાનો અર્થ માત્ર દયા જ નથી. તેનો વાસ્તવિક અર્થ તો પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ એ છે. અહિંસાનો સિદ્ધાંત સ્વતઃ પૂર્ણ છે. અહિંસા ચોક્કસ પ્રકારનો માનસિક દૃષ્ટિકોણ અથવા તો વળણ છે અને તેમાંથી સર્વ બાહ્ય આચારનું નિર્માણ થાય છે. અહિંસાની જેમ જ અસ્તેય અને અપરિગ્રહ પણ ઉપર ઉપરથી જોતાં નિષેધાત્મક સિદ્ધાંતરૂપે ભાસે છે, પરંતુ વ્યવહારમાં તે વિધેયાત્મક સિદ્ધાંત છે. પાંચે વ્રત ભેગા મળીને સમસ્ત નૈતિક અને આધ્યાત્મિક જીવનનો અખંડ સિદ્ધાંત સિદ્ધ થાય છે અને આત્મોન્નતિના માર્ગનો નિર્દેશ કરે છે.

સમાપ્ત

સ્વ. ડૉ. વેણીપ્રસાદ.

વિદ્યાર્થીએ લીધેલી લોન ઉપર વ્યાજનો અસહ્ય બોજો

આ બાબત સંબંધી એક મિત્ર તરફથી નીચેનું ચર્ચાપત્ર મળ્યું છે.

"મુંબઇ શહેરમાં કેટલાંક જૈન કેળવણી ફંડો છે. તેઓ વિદ્યાર્થીઓને ભણવા માટે ધીરેલ રકમ ઉપર ૫ થી ૧૦ ટકા સુધીનું વ્યાજ લે છે તે ઉપરાંત રકમ લેનાર વિદ્યાર્થી પાસેથી અમુક રકમનો વીમો લેવાય છે. એ ઉપરાંત એક અગર બે જમીન લેવાય છે. ધીરેલ રકમ પાછી વાળવા સામે કે તે મુદ્દલ રકમ કડકાઇથી વસુલ કરવા સામે પણ કોઇનો વિરોધ ન હોઇ શકે; પરંતુ ઉપર જણાવેલી વીમા જેવી સલામતી છતાં ધીરેલી નાની મોટી રકમો ઉપર અણઘટતા દરે જે વ્યાજ લેવાય છે તે જોઇ તેના ભોગ થનાર વિદ્યાર્થીગણ માટે આ લખનારનો અંતરાત્મા કકળે છે. દુનિયામાં બધું કાયદા અને બંધારણ નીચે પણ કરી શકાય છે અને વિદ્યાર્થીઓને અદાલતમાં પણ ઘસડી શકાય છે; છતાં એક બે ટકા જેવું નામનું વ્યાજ નહિ લેતાં કોઇ દેવાદાર કમનસીબે વહેલું મોડું કરે તો ફંડો તરફથી વ્યાજનો દર પાંચ—છ કે દસ ટકા સુધી લેવાય છે. મારૂં ચોક્કસ માનવું છે કે આ પ્રમાણેની મદદ વિદ્યાનું ઉતેજન નથી, પણ તેમાં વિદ્યાર્થીવર્ગનું શોષણ છે અને તે જૈન સમાજને શોભાસ્પદ નથી. સારા શહેરીઓ આમ તો ન જ ઉત્પન્ન કરી શકાય. વધુમાં આ સીતમચક્રીના દબાણમાં વિદ્યાર્થીઓનાં દેવાં વધતાં જાય અને તે સંજોગમાં તેઓ ઉદાસીનતા સેવે તો તે સહજ છે. મહારાષ્ટ્રો પણ દેવાનાં ભારનીચે શું કરે છે તે સુવિદિત છે. કોઇ કોઇ વ્યક્તિગત કેસોમાં વિદ્યાર્થીઓની ક્ષતિ જરૂર હશે. આમ છતાં નૈતિક રીતે આ પ્રશ્ન તપાસતાં વિદ્યાઉપાર્જન માટેની રકમ પર વ્યાજ લેવાની આ રીત ઘૃણાપાત્ર છે. આ આખોયે પ્રશ્ન હાલના સમયની કટોકટી અને અભ્યાસબાદ વિદ્યાર્થીઓને ભોગવવી પડતી આર્થિક તંગી અને બીજી જવાબદારીઓ ધ્યાનમાં લઇ સમજુ સંચાલકો અને જનતાની વિચારણા માંગી લે છે. હિત ધરાવતી જનતા આપની જેવા પાસે આવા પ્રશ્નમાં માર્ગ દર્શન મેળવવાની જરૂર ઇચ્છા રાખે."

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫—૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૭

મુંબઈ: ૧ ઑગષ્ટ ૧૯૪૫ બુધવાર.

લવાજમ
રૂપિયા ૩

હિંદી સમસ્યાનું તાત્ત્વિક પૃથક્કરણ

આર્ષદૃષ્ટિ પંડિત જવાહરલાલનું નિવેદન

જુલાઇ માસની ૧૪ મી તારીખે સીમલા પરિષદ ભાંગી પડી તે દિવસે ચાર મહત્વનાં નિવેદનો બહાર પડયાં હતાં. એક તો નામદાર વાઇસરોયનું ટુંકું નિવેદન જેમાં સીમલા પરિષદની નિષ્ફળતાની સર્વ જવાબદારી તેઓ પોતાના માથે વહોરી લે છે; બીજું કાયદે આઝમનું જેમાં વેવલ યોજના અને સીમલા પરિષદને એક જાળ તરીકે અને 'ગાંધી–હિંદુ કૉંગ્રેસ,' લોર્ડ વેવલ, પંજાબના ગવર્નર ગ્લાન્સી અને પંજાબના મુખ્ય પ્રધાન ખીઝર હયાતખાનના એક સંયુક્ત કાવતરા તરીકે તેઓ વર્ણવે છે; ત્રીજું રાષ્ટ્રપતિ અબુલકલામ આઝાદનું જેમાં તેમણે સીમલા પરિષદની વાટાઘાટો અને કૉંગ્રેસે ભજવેલા ભાગ વિષે કેટલીક અતિશય મહત્ત્વભરી ચોખવટ કરી છે અને કૉંગ્રેસની નિષ્ઠાને સચોટ રીતે પુરવાર કરી આપી છે; અને ચોથું પંડિત જવાહરલાલ નહેરુનું જેમાં તેમણે સીમલા પરિષદને નિમિત્તભૂત બનાવીને આજની આખી હિંદી સમસ્યાનું અદ્‌ભૂત પૃથક્કરણ કર્યું છે. સીમલા પરિષદને લગતા તત્કાલીન આઘાત પ્રત્યાઘાતો આડે પંડિત જવાહરલાલ નહેરુના નિવેદન તરફ પ્રજાનું જોઇએ તેવું લક્ષ્ય ખેંચાયું નથી. તેથી તેમનો નિવેદનનો અનુવાદ પ્રબુદ્ધ જૈનના વાંચકો સમક્ષ રજુ કરવામાં આવે છે. આ નિવેદન પંડિત જવાહરલાલે પત્રકારોની મંડળી સમક્ષ કર્યું હતું. દેશના આગેવાન રાજકારણી નેતાઓમાં આન્તરરાષ્ટ્રીય દૃષ્ટિ ખરેખરી કોઇને સાંપડી હોય તે પંડિત જવાહરલાલને છે. સાથે સાથે દેશના અન્તર ભાગમાં વહી રહેલા વિચારપ્રવાહોનું પણ તેમને આબેહુબ દર્શન હોય છે. દેશમાં કે દુનિયામાં બનતી પ્રત્યેક ઘટનાના ઘડકારા તેમનું સદા જાગ્રત અને તરલ માનસ ઝીલે છે અને પ્રતિધ્વનિત કરે છે. તેમના પ્રભુત્વભર્યા વ્યક્તિત્વની આપણને નીચેના નિવેદનમાં ઝાંખી થાય છે.

પરમાનંદ.

સીમલા પરિષદ પાછળની કોમી ભૂમિકા

ભાંગી પડેલી સીમલા પરિષદને અનુલક્ષીને પંડિત જવાહરલાલે પત્રકારમંડળીને જણાવ્યું કે "આ બધા પ્રયત્નો આવી રીતે નિષ્ફળતામાં પરિણમેલા જોઇને સ્વાભાવિક રીતે હું નિરાશ થયો છું. આમ છતાં પણ રાજદ્વારી ક્ષેત્રમાં મને થયેલા અનેક અનુભવોના પરિણામે હું ખડતલ રાજનીતિજ્ઞ બન્યો છું અને રાજદ્વારી ઘટનાઓમાં ચાલતા આરોહઅવરોહની પરંપરાનો મને પુરો ખ્યાલ હોવાથી હું છેક હતાશ થઇ બેઠો નથી. આ પરિષદનું અમુક પરિણામ ન આવ્યું એ હકીકત જેટલી દુઃખદ છે તે કરતાં પણ જે ભૂમિકા ઉપર આ બધા પ્રશ્નોની સાધારણ રીતે છણાવટ કરવામાં આવે છે તે ભૂમિકા વધારે દુઃખદ છે. એ ભૂમિકા આ છે. આપણા આ બધા પ્રશ્નો આખરે કોમી સમસ્યાને લગતી કોઇને કોઇ બાજુ ઉપર ઢળી જાય છે. કોમી સવાલનું તેમજ બીજા ઘણા સવાલોનું તમે પાયામાંથી પૃથક્કરણ કરશો તો મધ્યકાલીનતા અને અર્વાચીનતા અથવા તો જુનવાણી દૃષ્ટિબિન્દુ અને અદ્યતન દૃષ્ટિબિન્દુ વચ્ચેનો જ આ વિસંવાદ છે, અથડામણ છે એમ તમને માલુમ પડયા વિના નહિ રહે. એ સ્પષ્ટ છે કે એક જગ્યા અહિં કે કોઇ એક જગ્યા ત્યાં–કોઇ એક સભ્ય આ પક્ષનો કે કોઇ એક સભ્ય અન્ય પક્ષનો–એને લાગતો આ કોઇ પ્રશ્ન નથી. રાજકારણી તેમજ આર્થિક બાબતોને લાગે વળગે છે ત્યાં સુધી અને હું વિશેષ કહું તો રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રીતે પણ રાષ્ટ્રીય મહાસભા બીજા કોઇ પણ પક્ષ કરતાં ઘણા વધારે પ્રમાણમાં અર્વાચીન દૃષ્ટિબિન્દુ ધરાવે છે. મુસ્લિમ લીગ અથવા તો અન્ય કોઇ કોમી સંસ્થા અનિવાર્યપણે કોઇ પણ અમુક કોમ કે વર્ગના ચોક્કસ હકોનું જ પ્રતિનિધિત્વ ધરાવે છે, એટલું નહિ પણ તેનો પ્રચાર પણ તે મધ્યકાલીન ધોરણે જ કરે છે. કોમી ધોરણે રાજકારણનો વિચાર કરવો તે લોકશાસનના આદર્શ સાથે કે રાજકારણ કે અર્થશાસ્ત્રના કોઇ પણ અદ્યતન ખ્યાલો સાથે બીલકુલ અસંગત છે. અહિં જ ખરી ધુંચ રહેલી છે. આ મધ્યકાલીન ખ્યાલને નમતું આપવું એ હિંદુસ્થાનના રાજકીય તેમજ આર્થિક વિકાસના સર્વ ચક્રોને ઉલટાં ફેરવવા બરોબર છે તેમજ જીવનના કોઇ પણ ક્ષેત્રમાં આજની વાસ્તવિકતા સાથે જરા પણ મેળ ન ખાય એવી રચના ઉભી કરવા બરોબર છે. તમે વાસ્તવિકતાની લાંબા વખત સુધી કદિ પણ ઉપેક્ષા કરી નહિ શકો અને એમ કરવાનો પ્રયત્ન કરો તો તેનાં માઠાં ફળ તમારે જ ભોગવવાં રહ્યાં.

હું સમજુ છું ત્યાં સુધી આપણી કોમી સમસ્યાનું હાર્દ આ છે. એ કાંઇ હોદ્દાઓ, અધિકારો, બેઠકો કે બીજી કોઇ બાબતોનો પ્રશ્ન નથી. હિંદ પોતે લોકશાસનપ્રધાન અને અર્વાચીન રાષ્ટ્ર બનવા માંગે છે કે લોકશાસનવંચિત મધ્યકાલીન દેશ બનવા માંગે છે તે બાબતનો હિંદુસ્થાને આજે નહિ તો આવતી કાલે કે પછીના કોઇ દિવસે નિર્ણય કરવો જ પડશે. બીજો વિકલ્પ હિંદ સ્વીકારી શકે જ નહિ, કારણ કે આજે કોઇ પણ દેશ એ ભૂતકાળના માર્ગે જઇ શકે તેમ છે જ નહિ. દુનિયાના દેશોએ આજે પસંદગી કરવાની હોય તો તે મધ્યકાલીન રાજ્યપદ્ધતિ અને લોકશાહી વચ્ચે કરવાની નથી, પણ રાજકારણી લોકશાસન અને એથી પણ આગળની કોટિ આર્થિક લોકશાસન જે એક યા અન્ય પ્રકારનો સમાજવાદ જ છે–આ બે વચ્ચે કરવાની રહે છે.

આ બધા ઉપરછલ્લા વિસંવાદો જેને કેટલીકવાર ભિન્ન ભિન્ન પક્ષની આગેવાન વ્યક્તિઓ દ્વારા આગળ ધરવામાં આવે છે તેની પાછળ ચોક્કસ પ્રકારનાં અવ્યક્ત બળો કામ કરી રહ્યાં હોય છે: દાખલા તરીકે લોર્ડ વેવલ વાઇસરોય તરીકે અગ્રગણ્ય સ્થાન ધરાવી રહ્યા હતા અને તેમના વ્યક્તિત્વનો અમુક પ્રભાવ પડતો જ હતો. શ્રી. ગાંધી અથવા તો રાષ્ટ્રપતિ પણ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે અને તેઓ જે કાંઇ બોલે કે કરે તેનું મહત્ત્વ પણ ધ્યાનમાં લેવું જ રહ્યું. એ જ રીતે શ્રી. ઝીણા. પણ આ સર્વ વ્યક્તિઓ પાછળ એવાં અવ્યક્ત બળો રહેલાં છે કે જે આ વ્યક્તિઓનું નિયંત્રણ કરે છે તેમજ તેમને વેગ આપે છે. લોર્ડ વેવલે આખરે તો બ્રીટીશ રાજ્યનીતિની મર્યાદામાં

રહીને જ કામ કરવાનું રહ્યું. મહાસભાવાદીઓએ હિંદી રાષ્ટ્રવાદની અને હિંદી સ્વાતંત્ર્યની મર્યાદા સ્વીકારવાની રહી. મી. ઝીણાના પ્રેરકબળો અને મર્યાદાઓ શું છે એ કહેવાની હું યોગ્યતા ધરાવતો નથી. તેથી આખરે વ્યક્તિગત પ્રમાણીકતા અને નિષ્ઠાનો આ સવાલ નથી, પણ પ્રધાનપણે હિંદમાં રહેલી અંગ્રેજ સત્તા અને હિંદી રાષ્ટ્રવાદ વચ્ચે અને ગૌણપણે હિંદી પ્રજાના માનસ ઉપર પ્રભુત્વ ધરાવતી કેટલીક મધ્યકાલીન પ્રેરણાઓ તેમજ કેટલીક ભયગ્રંથિઓ અને આધુનિક પ્રગતિશીલ વળણો વચ્ચેનો—આવા પરસ્પર વિરોધી અવ્યક્ત તેમજ અનંગત બળો વચ્ચેનો—આ વિસંવાદ છે."

અંગ્રેજોની આજની રાજનીતિ

કેનેડાના એક પત્રકારે પ્રશ્ન કર્યો કે "કોઇ પણ હિસાબે સત્તાને વળગી રહેવું એજ અંગ્રેજોની રાજનીતિ છે અને જ્યારે પણ કોઇ ઘર્ષણ ઉભું થાય ત્યારે અંગ્રેજોની રાજનીતિ હિંદી રાષ્ટ્રવાદની સામેજ રહેવાની એવો આપનો અભિપ્રાય છે?" આ પ્રશ્નના જવાબમાં પંડિતજીએ કહ્યું કે "બ્રીટીશ શાહીવાદ અને હિંદી રાષ્ટ્રવાદ વચ્ચે મૂલભૂત વિસંવાદ તો છે જ, પણ બદલાતા સંયોગો અને બીજા અનેક નવાં તત્વોએ આ રાજ્યનીતિમાં પરિવર્તન નિપજાવ્યું છે. મને ચોક્કસ લાગે છે કે દુનિયાની પરિસ્થિતિ આજે જેવી છે અને હવે પછી જેવી નિર્માણ થવાની છે તેની અંગ્રેજ રાજ્યનીતિ ઉપર એવી અસર પડી રહી છે કે જેને લીધે તેમને હિંદી પ્રજા સાથે કોઇને કોઇ સમજુતી ઉપર આવ્યા સિવાય ચાલવાનું જ નથી. આ સમજુતીની સરતો બ્રીટીશ હિતોને બને તેટલી વધારે અનુકુળ હોય એ જોવાની તેમને જરૂર ચિન્તા રહેવાની અને તેવો પ્રયત્ન તેઓને જરૂર કરતા રહેવાના. આ સ્વભાવિક છે. પણ તેમને હવે ખ્યાલ આવ્યા વિના રહેશે કે હિંદમાં આગળની પુરાણી વ્યવસ્થા ચર્ચાઈલ ગમે તેટલું ઇચ્છે તો પણ કોઇ રીતે ચાલી શકે જ તેમ છે નહિ."

મોસ્લેમ લીગના બધા સભ્યો મધ્યકાલીન વળણના છે?

બીજા એક પ્રશ્નના જવાબમાં પંડિતજીએ જણાવ્યું કે "મોસ્લેમ લીગનો કોઇ પણ સરેરાશ સભ્ય મધ્યકાલીન દૃષ્ટિવાળો છે એમ હું કહેવા માંગતો નથી. હું એમ માનું છું કે મોસ્લેમ લીગમાં પ્રગતિશીલ વિચારો ધરાવતા એવા ઘણા મુસલમાનો છે કે જેઓ એક વખત મધ્યકાલીન વિચારસરણીને રૂખસદ આપવામાં આવે કે તરત જ રાજકારણમાં ઉદ્દામવાદી સ્થાને પહોંચી જવાના.

મોખરે આવેલા અલ્પ અગત્યના સવાલો

એવા કેટલાક સવાલોને આજે મહત્વ મળી ગયું છે કે જેને લીધે દેશના ખરેખરા અગત્યભર્યા રાજકારણી તેમજ આર્થિક સર્વ સવાલો લોકોના ધ્યાન ઉપરથી સરી જવા પામ્યા છે. આમ ઘણીવાર બને છે. તો પછી તમે પૂછશો કે આપણી રાજકારણી સમસ્યાના ખરા મુદ્દાઓ શું છે? હિંદમાં સૌથી મહત્વનો મુદ્દો ખેડુતો અને ખેતીને લગતો છે. એની સાથે જોડાયલો મુદ્દો મજુરો અને ઉદ્યોગોને લગતો છે. ઔદ્યોગિક પ્રશ્નના ઉકેલ સિવાય જમીન અને ખેતીના પ્રશ્નનો ઉકેલ લાવવો શક્ય નથી. તે બંને ક્ષેત્રો એકમેકમાં ઓતપ્રોત બનેલા છે. આ આપણા મૂળભૂત સવાલો છે કે જે હિંદુ અને મુસલમાનોને એકસરખી રીતે લાગુ પડે છે. કમનસીબી એ છે કે આ પ્રશ્નો બીજા વહેમો, આશંકાઓ અને કોમી કદાગ્રહો નીચે દબાઇ ગયા છે અને આ બધી માનસ ગ્રંથીઓ ગમે તેટલી પ્રજામાનસમાં ઉપરછલું સ્થાન ધરાવતી હોય એમ છતાં પણ આ ક્ષણે તો અભેદ્ય દિવાલો માફક આપણી સામે આવીને ઉભી રહી છે અને પ્રગતિના સર્વ માર્ગોનું રૂંધન કરી રહેલ છે.

હિંદની કહેવાતી કોમી સમસ્યાના મૂળ ઉંડાં નથી. આમ કહીને આજની કક્ષાએ તેના મહત્વની હું જરા પણ અવગણના કરવા માંગતો નથી. આજે એનું મહત્ત્વ ઘણું ગંભીર છે, પણ એમ છતાં પણ તેનાં મૂળ ઉંડાં નથી અને તેથી હું નથી ધારતો કે એક વખત આપણું ખુંચી ગયેલું ગાડું આગળ ચાલવા માંડે પછી કોમી સમસ્યાનો ઉકેલ લાવવામાં આપણને બહુ વાર લાગશે. કારણ કે જેવા આપણે મધ્યકાલીન વિચારગ્રંથિમાંથી છુટા થઇશું કે તરત જ આજના વાસ્તવિક પ્રશ્નો આપણી સામે આવીને ઉભા રહેશે, અને તે પ્રશ્નોને અમુક હિંદુ છે કે અમુક મુસલમાન છે એ રીતની વિચારણા સાથે કશી નિસબત છે જ નહિ."

કોમી મતદાર-મંડળો

પંડિત નહેરૂએ મધ્યપૂર્વના લોકોના વલણ વિષે ઉલ્લેખ કરતાં જણાવ્યું કે "જો કે આ લોકોને હિંદમાં કે અન્યત્ર વસતા પોતાના સાધર્મી મુસલમાનભાઇઓ પ્રત્યે સમાનધર્મીતાના કારણે સહાનુભૂતિ છે, એમ છતાં પણ આજે આપણે ત્યાં શુદ્ધ રાજદ્વારી બાબતોનું જે કોમી રૂપાન્તર કરવામાં આવ્યું છે અને ધાર્મિક સોગઠાંઓ વડે જે રાજદ્વારી ચોપાટ ખેલાઇ રહી છે તેની તેમને કશી સમજણ નથી કે તે પ્રત્યે તેમની કશી સહાનુભૂતિ નથી." તદુપરાન્ત દાખલા તરીકે આજે જો અમેરિકામાં કેથોલીક્સ, મેથોડીસ્ટ, યહુદી અને બીજી કેટલીક ખ્રીસ્તી અને અન્ય કોમોના ભિન્ન ભિન્ન મતદાર મંડળો ઉભા કરવામાં આવે તો શું થાય એ તરફ તેમણે પરદેશી પત્રકારોનું ખાસ કરીને ધ્યાન ખેંચ્યું અને જણાવ્યું કે "આવી કોઇ ભૂમિકા ઉપર લોકશાસિત રાજ્યરચના ઉભી કરી શકાય એવી તમને કલ્પના સરખી પણ નહિ આવે. આમ છતાં પણ આજ બાબત હિંદુસ્થાનમાં આજે બની રહી છે. આજે દેશમાં એવા સંયોગો નિર્માણ થઈ રહ્યા છે કે જેને લીધે પોતપોતાના મતદાર મંડળો સાથે જોડાયલી જુદી જુદી કોમો પોતપોતાના વર્ગના ખાસ લાભોની દૃષ્ટિએ જ બધો વિચાર કરવા પ્રેરાય છે. કોઇ પણ દેશમાં જો કોમી ધોરણે અલગ મતદાર-મંડળો ઉભા કરવામાં આવે તો હું તમને ખાત્રી આપું છું કે હિંદમાં કોમી પ્રશ્ન છે તે કરતાં પણ તે દેશમાં વધારે અનિષ્ટ પ્રશ્નો ઉભા થયા વિના રહેવાના નહિ."

મુસલમાનો એક અલગ પ્રજા?

મુસલમાનો એક અલગ પ્રજા છે એવો મોસ્લેમ લીગ જે દાવો કરે છે તે સંબંધમાં જવાબ આપતાં પંડિતજીએ જણાવ્યું કે "હું કબુલ કરીશ કે આપણાં દેશમાં એક અલગ પ્રજા એમ નહિ પણ એક એવો અલગ રાષ્ટ્રવિરોધી વર્ગ ઉભો થાય કે જે પોતાને અલગ પ્રજા તરીકે લેખાવે—આવી પરિસ્થિતિ, સંભવ છે કે, આપણા દેશમાં ઉપસ્થિત થાય. પણ ખરી વાત તો એ છે કે પ્રજાઓ સંબંધમાં આવી રીતે વિચાર કરવો પ્રસ્તુત નથી તેમજ યોગ્ય પણ નથી. પ્રજાના ખ્યાલ સાથે રાષ્ટ્રના ખ્યાલને ગુંચવવો ન જોઇએ એ આજનું વળણ છે. મોટા મોટા દેશો આજે અનેક પ્રજાઓના એક કેન્દ્ર સમા બની રહ્યા છે. પોતે એક અલગ પ્રજાના આદમી છે એમ માનવું મી. ઝીણાને ગમતું હોય તો ત્યાં તે બાબતનો છેડો આવે છે. તે રીતે તેઓ પોતાની જાતને ઓળખાવી શકે છે. પણ તેથી કોઇ પ્રશ્નનો નિકાલ આવતો નથી. હિંદુસ્થાનમાં બે, ત્રણ કે પાંચ પ્રજાઓ છે એમ માની લઇએ તો પણ આ બધાએ સાથે મળીને કેમ આગળ ચાલવું એજ આજનો ખરો પ્રશ્ન છે."

મુસલમાનોને ભયમુકત શી રીતે કરવા?

એક પત્રકારે પૂછ્યું કે "મુસલમાનો જે ભયો અને આશંકાઓ સેવી રહ્યા છે તેથી તેમને મુકત શી રીતે કરવા?" પંડિતજીએ જવાબ આપ્યો કે "ભય અને આશંકાઓ દૂર કરવાનો કોઇ રાજમાર્ગ છે જ નહિ. એ એક એવી ગ્રંથિ છે કે જેનું માનસશાસ્ત્રની દૃષ્ટિએ નિદાન અને ચિકિત્સા કરવી જોઇએ. વળી આ એક ભારે વિચિત્રતા છે. એક બાજુએથી જો કે મી. ઝીણા તરફથી નહિ પણ મોસ્લેમ લીગના કેટલાક આગેવાન સભ્યો તરફથી એમ કહેવામાં આવે છે કે મુસલમાનો ઘણા વધારે બળવાન અને તાકાતવાળા છે અને જો અંગ્રેજી હકુમત ન હોત

(અનુસંધાન પૃષ્ઠ ૫૮ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

સીમલા પરિષદ કેમ ભાંગી પડી ?

ઝીણાની કડકાઈ અને સરકારની નબળાઈ

આશારપદ વાતાવરણ સાથે શરૂ થયેલી સીમલા પરિષદ કેમ ભાંગી પડી તેની સવિસ્તર સમાલોચનાની હવે જરૂર રહી નથી. સામયિક પત્રોમાં આ વિષે એટલાં બધાં લાંબાં લાંબાં ટીપ્પણો આવ્યા છે કે એ દિશાએ કોઇ નવો પ્રકાશ આપી શકે એ સંભવિત નથી. તેથી સીમલા પરિષદનો સંક્ષેપમાં વિચાર કરીએ તો એટલું જ કહેવાનું રહે છે કે સીમલા પરિષદના સૂત્રધાર લોર્ડ વેવલ પ્રારંભમાં જેવા મક્કમ દેખાયા હતા તેવા પાછળના ભાગમાં રહી શકયા નહિ. મુસલમાન પાંચ સભ્યો મોસ્લેમ લીગના જ સભ્યો હોવા જોઇએ અને એમની નિમણૂક મોસ્લેમ લીગ જ કરી શકે એ કાયદે આઝમ ઝીણાની મક્કમ માંગણીને તેમણે સ્વીકારી તો નહિ; પણ તે માંગણીને ઠેલીને તેઓ અન્ય સર્વ પક્ષોને સંમત થાય એવી નવી કારોબારી રચી શકયા નહિ. ઘણાનું એમ માનવું છે કે જ્યારે શ્રી ઝીણાએ હકાર નકારની છેવટની ઘુંચ ઉભી કરી ત્યારે શ્રી ઝીણાને વટાવીને આગળ ચાલવાની બાબતમાં એમેરી–ચર્ચહીલ આડા પડયા અને લોર્ડ વેવલ અસહાય થઈ પડયા અને સીમલા પરિષદની નિષ્ફળતાની બધી જવાબદારી પોતાના માથે ઓઢી લઈ લોર્ડ વેવેલે પરિષદ વિસર્જન કરી. આ અનુમાન યથાર્થ હો કે ન હો, પણ ૧૯૪૨ માં ક્રીપ્સ પ્રકરણમાં બન્યું હતું તેમ આ વખતે પણ પાછળના ભાગમાં સરકારનું વલણ બદલાયું એમ તો જરૂર લાગે છે. કાયદે આઝમની સામે થવાની સરકાર હિંમત દાખવી ન શકી અને આખા દેશમાં જેને લીધે અપૂર્વ આશા અને ઉત્સાહનું આન્દોલન ઉભું થયું હતું તે પરિષદની કસુવાવડ થઈ ગઇ. આવા ફરી ફરી થતા અનુભવો ઉપરથી એક જ સાર તરી આવે છે કે આજે કે આવતી કાલે જ્યાં સુધી ઝીણા અને મોસ્લેમ લીગને બાજુએ મૂકીને આજની પરિસ્થિતિને યોગ્ય નીકાલ લાવવા અને તેને લગતા સર્વ જોખમો ખેડવાને અંગ્રેજ સરકાર કટિબદ્ધ નહિ થાય ત્યાં સુધી હિંદી સમસ્યાનો કોઇ ઉકેલ શકય કે સંભવિત નથી. કારણ કે કોઇ પણ પ્રકારનું સમાધાન કરવું એ તત્ત્વ જનાબ ઝીણા કે તેની પ્રેરણાથી પ્રેરાતી મોસ્લેમ લીગના માનસમાં જ નથી. જ્યારે પણ તેમને બોલાવો ત્યારે પોતાનું મોટું મોટું કરવું, માંગણીઓમાં વધારો કર્યા કરવો અને કોઇ પણ વ્યવહાર ઉકેલ શોધવામાં જરા પણ મદદરૂપ ન બનવું–આ તેમની રૂઢ નીતિ થઈ પડી છે. શ્રી. ઝીણાનું વળણ, વર્તન અને કથન હંમેશા દેશના અન્ય આગેવાનો તેમજ મોસ્લેમ લીગમાં ન હોય એવા પોતાના જ મુસલમાન બંધુઓ પ્રત્યે કેવળ તોછડાઇ, અપમાન અને તિરસ્કારથી ભરેલું હોય છે. આ બધા લોકોને 'દુશ્મનો' તરીકે સંબોધતા તેને જરા પણ સંકોચ નથી કે શરમ નથી. આપણી ઉપર કોઇ અસાધારણ દુઃખ, દુર્દૈવ કે વ્યાધિ આવી પડે છે ત્યારે આપણા મોઢામાંથી ઘણી વખત એવો સામાન્ય ઉદ્‌ગાર નીકળી આવે છે કે 'આવું દુઃખ, દુર્દૈવ કે વ્યાધિ દુશ્મનને ત્યાં પણ ન હોજો!' શ્રી ઝીણાની અખંડ રાષ્ટ્રદ્રોહી અને વિષ વમતી અને વિસ્તારતી રીતભાત તથા કાર્યનીતિ જોતાં આપણું દિલ ઉકળી ઉઠે છે, રાષ્ટ્રની આઝાદીનું અમૃત હાથવેંતમાં કેટલીયે વાર આવ્યું અને દરેક વખતે માત્ર તેની જ આડાઇ અને નફટાઇએ ઢોળી નાંખ્યું અને સરકારી હકુમતની શૃંખલાઓ આપણને–હિંદુ અને મુસલમાન સર્વ કોઇને–જકડતી જ રહી–આ સર્વ આસુરી લીલા જોતાં બેચેન બેચેન બની રહેલું આપણું દિલ પોકારી ઉઠે છે કે "દુશ્મનના દેશમાં પણ કોઇ કાળે ઝીણા ન પાકજો." આપણે એવા તે કયા અને કેવાં પાપો કર્યા છે કે આપણે ત્યાં આજે આવો શ્રાપ ઉતર્યો છે? આ ઉદ્‌ગારો સંભવ છે કે ચાલુ સભ્યતાની મર્યાદને કદાચ બોળગી જતા કોઇને લાગે, પણ એક જ માણસ આખા દેશની–હિંદુ અને મુસલમાનની–આઝાદી આડે, રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્વાધીનતાની આડે અભેદ્ય કીલ્લાની માફક ઉભો રહે અને આપણી પ્રગતિનાં–મોક્ષનાં–સર્વ દ્વારોનું રૂંધન જ કર્યા કરે–આ તે કેવી આપણી અસહાયતા? આવી મર્મવિદારક વેદના આડે વાંણીવિવેકની મર્યાદાના ખ્યાલો આપણા મન ઉપરથી કદિ કદિ સરી જાય છે. આ કીલ્લો તોડવાનું–આ દિવાલને જમીનદોસ્ત કરવાનું–ઇશ્વર આપણ સર્વને બળ આપે અને આઝાદીનું અમૃત સૌ કોઇના આસ્વાદ અને ઉધ્ધાર માટે છે એવી મુસલમાન ભાઇઓના દિલમાં આપણી અનન્ય નિષ્ઠાદ્વારા જેમ બને તેમ જલ્દિથી પ્રતીતિ નીપજે આવી દર્દભરી પ્રાર્થના અન્તરના ઉંડાણમાંથી ઉદ્‌ભવે છે.

કોંગ્રેસે સૂચવેલી કારોબારીની નામાવલિ

નાત જાત કે કોમી ખ્યાલોને જ્યાં કંઇ પણ સ્થાન કે અવકાશ નથી એવી શુદ્ધ રાષ્ટ્રનિષ્ઠાની ઉપર જણાવેલ સીમલા પરિષદ દરમિયાન રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિએ રાષ્ટ્રપતિ અબુલ કલામ આઝાદના કુશળ સૂત્રધારિત્વ નીચે આખા દેશને તેમજ દુનિયાને આ વખતે પુરેપુરી પ્રતીતિ કરાવી છે. આની વિગતવાર ચર્ચાને અહિં અવકાશ નથી. પણ મધ્યસ્થ કારોબારીની નામાવલિ તૈયાર કરીને રજુ કરવામાં સીમલા પરિષદમાં હાજર રહેલા સર્વ પક્ષોને લોર્ડ વેવલ તરફથી કહેવામાં આવતાં મહાસભાની કારોબારીએ જે નામાવલિ રજુ કર્યાનું કહેવામાં આવે છે તે નામાવલિ જો પ્રમાણભૂત હોય–અને આ નામાવલિ બધા છાપાઓમાં એકસરખી પ્રગટ થયેલી હોવાથી તેમજ તે નામાવલિ અપ્રમાણભૂત છે એવું સૂચન સરખું પણ કોઇ પણ દિશાએથી કરવામાં નથી આવ્યું એ જોતાં આ નામાવલિને પ્રમાણભૂત ગણવામાં શંકાને કોઇ સ્થાન હોય એમ લાગતું નથી. કોંગ્રેસે આ રીતે પોતાના વિશુદ્ધ બીનકોમી માનસની અને શંકાતીત રાષ્ટ્રનિષ્ઠાની એક વિશિષ્ટ પ્રતીતિ જગતને કરાવી છે. આ નામાવલિ નીચે મુજબ હતી.

કોંગ્રેસ સભ્યો	મૌ. અબુલ કલામ આઝાદ
,,	પં. જવાહરલાલ નેહરૂ
,,	સરદાર વલ્લભભાઇ પટેલ
,,	ડો. રાજેન્દ્રપ્રસાદ
,,	બેરીસ્ટર અસફઅલી
મુસ્લીમ લીગ સભ્યો	જનાબ ઝીણા
,,	નવાબઝાદા લિયાકત અલીખાન
,,	નવાબ મહમદ ઇસ્માઇલ
બીનકોંગ્રેસી સભ્યો	ડો. શ્યામપ્રસાદ મુકરજી
,,	શ્રી. ગગનવિહારી મહેતા
દલિત વર્ગના સભ્યો	શ્રી મુનીસ્વામી પીલ્લાઇ (મદ્રાસના માજી પ્રધાન)
,,	શ્રી રાજમેહનદાસ (બંગાળા)
અન્ય લઘુમતીના સભ્યો	માસ્તર તારાસીંગ (શિખ)
,,	સર અરદેશર દલાલ (પારસી)
,,	શ્રી. રાજકુમારી અમૃતકુંવર (ખ્રીસ્તી)

ગ્રીટનમાં લેબર ગવર્મેન્ટ–મજુર સરકાર

ગ્રેટ ગ્રીટનમાં છેલ્લી સામાન્ય ચુંટણી થઇ તેનું પરિણામ નીચે મુજબ આવ્યું છે.

લેબર (મજુર)	૩૮૬	કોન્ઝર્વેટીવ	૧૯૩
લીબરલ નેશનલ	૧૪	લીબરલ	૧૧
ઇન્ડીપેન્ડન્ટ	૧૦	ઇન્ડીપેન્ડન્ટ લેબર	૩
કોમ્યુનીસ્ટ	૨	નેશનલ	૧
કોમનવેલ્થ	૧		

આ ચુંટણીના પરિણામે લેબર પાર્ટી સત્તા ઉપર આવે છે; મેજર એટલી મુખ્ય પ્રધાન થાય છે; અને ચર્ચહીલ અને એનો પક્ષ સત્તાભ્રષ્ટ બને છે. હિંદની આઝાદીના કટ્ટર શત્રુ તરીકે પંકાયલા નામવર એમેરી સહિત ચુંટણીમાં ઉડી જાય છે.

ચર્ચહીલનો પક્ષ આવી રીતે મહાત થશે અને લેબર પક્ષ આટલી બધી બેઠકો મેળવશે એ આજની રાજકારણી દુનિયામાં એક અદ્‌ભુત અને અસાધારણ ઘટના બની છે. લોકશાસનના ઘોરણે કરાતા મત-સંચયનાં પરિણામો ફેટલીક વખત આપણી કલ્પનામાં ન હોય એવાં વિચિત્ર આવે છે અને જગતને આશ્ચર્યચકિત કરી નાંખે છે. આ ચુંટણીનું પરિણામ આવું જ અણધાર્યું અને અણકલ્પ્યું આવ્યું છે. આ પરિણામનો વિચાર કરતાં થોડા સમય પહેલાં ભરાયેલ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના અધિવેશનમાં અમુક ઠરાવો ઉપર લેવાયલા મતોનું જે અણધાર્યું પરિણામ આવ્યું હતું તેનું સ્મરણ થાય છે. સીમલા પરિષદ ચાલતી હતી તે દરમિયાન ચિન્તાવ્યાકુળ બનેલા જનાબ ઝીણાએ સામાન્ય ચુંટણી તાકીદે કરાવવાની સરકાર પાસે બહુ દબાણપૂર્વક માંગણી કરી હતી અને એ માંગણી હજુ પણ ચાલુ છે. કારણ કે આગામી ચુંટણી ઉપર તેઓ મોટી મદાર બાંધે છે અને ગઇ ચુંટણી કરતાં ઘણી મોટી સંખ્યાની બેઠકો મુસલમાનો માટે સર કરવાની તેઓ આશા સેવે છે. પણ 'ન જાને જાનકીનાથઃ પ્રભાતે કિં ભવિષ્યતિ' એ મુજબ આજની સદા ફરતી તરલ દુનિયામાં અને પરિવર્તન પામતા દેશના વાતાવરણમાં આગામી ચુંટણીમાં અમુક જ પરિણામ આવશે એમ કોઇ ચોક્કસપણે કહી શકે તેમ છે જ નહિ. આગામી ચુંટણી તેમની આશાનો છેલ્લો કીલ્લો છે. આપણે આશા રાખીએ કે પરસ્પર ઘાતક કોમી રાજનીતિ અને પાકીસ્તાનનું અનર્થ ગાંભીર્ય મુસલમાન જનતાની સમજણમાં બરોબર ઉતરે અને જેવું ગ્રેટબ્રીટનમાં ચુંટણીનું પરિણામ આવ્યું છે તેવું જ હિંદની ચુંટણીનું પરિણામ આવે અને હિંદુસ્થાનને આઝાદીથી દૂર રાખનારા અને ભાગલા પાડીને કમજોર બનાવનારા તેમજ કેવળ કોમી ધોરણે જ રાષ્ટ્રના સર્વ પ્રશ્નોનો વિચાર કરનારા વર્ગોની મુરાદ અથર્વંચિત બને.

આ તો આપણે જરા આનુષંગિક ચર્ચા કરી. બ્રીટનની ચુંટણીનું આ પરિણામ–લેબર પક્ષનું સત્તારોહણ–આપણા દેશની આઝાદીના ધોરણે કેવું નિવડવા સંભવ છે–આ પ્રશ્ન આજે આપણામાં અનેક તર્કવિતર્કો પ્રેરી રહેલ છે. ૧૯૩૦–૩૨ માં લેબર ગવર્મેન્ટ હતી. તે વખતનો આપણો અનુભવ આવકારદાયક નથી. પણ તે વખતનું લેબર પક્ષનું સત્તારોહણ બહુ જ અસ્થિર અને અન્ય પક્ષોના સહકાર ઉપર નિર્ભર હતું. આજે મજુર સરકારનું સત્તારોહણ બહુ જ સુદૃઢ પાયા ઉપર સ્થપાયું છે. મજુર પક્ષના આગેવાનોએ વચનો અને આશાઓ પણ બહુ મોટી મોટી આપી છે. આમ છતાં પણ બ્રીટનનો લોકમત હિંદને આઝાદી આપવા સંબંધમાં કેટલો આગળ વધ્યો છે તેનો આપણને કોઇ સ્પષ્ટ ખ્યાલ નથી. આ લોકમતનું ધોરણ એ જ હંમેશા લેબર પક્ષની કાર્યમર્યાદા રહેશે. હિંદી પ્રશ્ન સંબંધે ચર્ચહીલ–એમેરી અને લેબર પક્ષ એકમત થઇને આજ સુધી ચાલતા આવ્યા છે એમ માનવામાં આવે છે. સીમલા કોન્ફરન્સ જે પ્રશ્ન ઉપર ભાંગી પડી તે સંબંધમાં જો ચર્ચહીલ–એમેરી અને લેબર પક્ષની સહમેતી હશે તો તુરતમાં હિંદી પ્રશ્નનો ઉકેલ લાવવા તરફ લેબર પક્ષ જરા પણ ગતિમાન થાય એમ માનવું યોગ્ય નથી. જો સીમલા કોન્ફરન્સનું ભંગાણ માત્ર ચર્ચહીલ–એમેરીની મનસ્વીતાનું જ પરિણામ હશે તો જરૂર લેબરના સત્તારોહણમાં હિંદ માટે આશાનું નવું કિરણ ઉગ્યું છે એમ માનવાને કારણ રહે છે. દોડી દોડી પાછા પડેલા, આશા સેવીને અનેક વાર નિરાશ બનેલા આપણે આજે ધીરજ ધારણ કરીને શું થાય છે તે જોઇએ, ન નિરાશ બનીએ, ન ખોટી આશામાં ફુલાઇએ, અણધારી કોઇ ઘટનાના ગર્ભમાં બીજી અનેક અણધારી ઘટનાઓ રહેલી હશે એવી કલ્પના સાથે આપણે આપણા કર્તવ્યમાં વધારે જાગ્રત અને સક્રિય બનીએ.

શ્રી. મહાદેવભાઈ સ્મારક

સદ્‌ગત શ્રી મહાદેવભાઇનું નામ અને કાર્ય આજે એટલું બધું પરિચિત છે કે તેમના સ્મારકના અનુસંધાનમાં તેમનો કશો પણ પરિચય આપવાની જરૂર છે જ નહિ. તેમનું જે સ્મારક ઉભું કરવાની યોજના વિચારાઇ છે તેના બે વિભાગ છે. એક ગુજરાત માટે અને અન્ય મુંબઇ માટે. શ્રી. મહાદેવભાઇના સ્મરણમાં આજીવન ગ્રામસેવકો તૈયાર કરવા માટે એક ગ્રામ સ્વરાજ્ય વિદ્યાલય ઉભું કરવું, નવાં નવાં શિક્ષણ કેંદ્રો અવારનવાર ઉપસ્થિત કરવાં અને ગ્રામસેવાને લગતાં અભ્યાસ વર્ગો ચલાવવા અને ગાંધીજીની કલ્પના મુજબ ગ્રામસેવા કરનારા આજીવન ગ્રામસેવકોનો સંઘ ઉભો કરવો–આ ગુજરાતને લગતી સ્મારકયોજનાના હેતુઓ છે. શ્રી. મહાદેવભાઇનું પ્રગટ અપ્રગટ, પુરા અધુરા સર્વ લેખોનો સંગ્રહ કરવો, તેનું સંશોધન કરી યોગ્ય આકારમાં પ્રગટ કરવા, મહાદેવભાઇના સંગ્રહિત સર્વ લખાણો ઉપરથી ગાંધીજીના વિચારોનું તાત્ત્વિક નિરૂપણ તૈયાર કરવું તેમજ તેને લગતું સાહિત્ય પ્રગટ કરવું, ગાંધીજીના વિચારોનો ભાષણો, અભ્યાસ વર્ગો, તેમજ તેવાં બીજાં સાધનો વડે ફેલાવો કરવો અને ગ્રામોદ્યોગોની શક્યતાઓનો ખ્યાલ આવે અને અકેન્દ્રસ્થ ઉદ્યોગરચનાની વિશેષતા સમન્વય એવું એક સંગ્રહસ્થાન–મ્યુઝીયમ–ઉભું કરવું અને આ કાર્યના પ્રચાર માટે કાર્યકરો રોકવા–આ મુંબઇની સ્મારક યોજનાના હેતુઓ છે. ગુજરાતની સ્મારક યોજના માટે દશ લાખ રૂપીઆની અને મુંબઇની સ્મારક યોજના માટે પંદર લાખ રૂપીઆની માંગણી કરવામાં આવી છે. આ ઓગસ્ટ માસની સોળમી તારીખે સદ્‌ગત મહાદેવભાઇની સંવત્સરિ આવે છે તે પહેલાં આ કુલ પચ્ચીસે લાખ રૂપીઆ એકઠા કરવા જોઇએ એવો સ્મારક પ્રયોજકોનો ખાસ આગ્રહ છે. આજ સુધીમાં એકત્ર થયેલી રકમનો ખ્યાલ કરતાં પચ્ચીસ લાખના આંકડાને આ સોળમી તારીખ પહેલાં પહોંચી શકાશે કે કેમ તે વિષે શંકા છે. એમ છતાં પણ આ પચ્ચીસ લાખની ગાંધીજીએ અને સ્મારક યોજનાના સૂત્રધારોએ દેશ સામે જે ટેક નાંખી છે તેને જેમ બને તેમ જલ્દિથી પુરી કરવી તે આપણી ખાસ ફરજ છે. મહાદેવભાઇએ આખા હિંદુસ્થાનની ગાંધીજીના સાન્નિધ્યમાં રહીને જે સેવા કરી છે તેનો તો આપણે કોઈ રીતે બદલો વાળી શકીએ તેમ છે જ નહિ. પણ એ સેવાની નાની સરખી કદર તરીકે જેનાથી જેટલી બને તેટલી રકમ આ સ્મારક ફાળામાં ભરવાનો શ્રી. મહાદેવભાઇ પ્રત્યે અપૂર્વ આદર ધરાવતા દરેક પ્રજાજનનો ખાસ ધર્મ છે. આ વાત સૌ કોઇ પોતાના મન ઉપર લેશે તો ખાસ કરીને આજના પ્રુગાવાના સમયમાં આવતી સોળમી પહેલાં પણ પચ્ચીશે લાખ ભરાઇ જવા એ જરા પણ અશક્ય નથી. વિના વિલંબે પોતપોતાનો ફાળો મોકલી આપવા મહાદેવભાઇના પ્રશંસકો અને પૂજકોને–રાષ્ટ્રની આઝાદી ઝંખતા પ્રજાજનોને–આગ્રહ પૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

શ્રીમાન્ ભોળાભાઇ જેસંગભાઇને ધન્યવાદ



શ્રી ભોળાભાઇ જેસંગભાઇ દલાલ અમદાવાદના એક જૈન શ્રીમાન છે અને હાલ કેટલાક સમયથી મુંબઇ રહે છે. તેમણે થોડા સમય પહેલાં કોલેજના શિક્ષણબાદ હિંદી સંસ્કૃતિની ભિન્નભિન્ન શાખાઓનો અભ્યાસ કરવાની સગવડોવાળી એક 'એકેડેમી'–શિક્ષણસંસ્થા–ઉભી કરવા માટે ગુજરાત વર્નાકયુલર સોસાયટીને બે લાખ રૂપીઆ આપવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયને મુંબઇમાં જેવું વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થીગૃહ છે તેવું અમદાવાદમાં તેમના નામ સાથે જોડાયલું એક વિદ્યાર્થીગૃહ શરૂ કરવા માટે એક લાખ રૂપીઆ ઉપરની

રકમ તેમણે ભેટ આપી છે અને તે એ રીતે કે એલીસબ્રીજની બીજી બાજુએ સરખેજ રોડ ઉપર આવેલ તેમની એક મોટી મીલ્કત છે, જેની આજે ત્રણથી સાડાત્રણ લાખ જેટલી કીંમત આંકવામાં આવે છે. તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને બે લાખ રૂપીઆના બદલામાં શ્રી ભોળાભાઇ વેચાણ આપે જે બે લાખ રૂપીઆ ઉપર જણાવ્યા મુજબ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને સુપ્રત કરવામાં આવે, અને એ મીલ્કત ઉપર શ્રી મહાવીર જૈન વિદ્યાલય અમદાવાદ ખાતે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીગૃહની શરૂઆત કરે. શ્રી. ભોળાભાઇ શેઠની આ કાંઇ પહેલવહેલી સખાવત નથી. કેટલાક સમય પહેલાં તેમણે એક લાખ રૂપીઆ અમદાવાદમાં એક સેનેટોરીયમ બંધાવવા માટે આપ્યા છે. રૂા. ૫૦,૦૦૦ પોતાની ઓસવાલ જ્ઞાતિના ભાઇઓને મદદ આપવા માટે તેમણે કાઢયા છે, રૂા. ૧૦,૦૦૦ સર હરકીસનદાસ હોસ્પીટલને આપ્યા છે. શ્રી ભોળાભાઇ આપણને બહુ જાણીતા નથી, કારણ કે તેઓ જાહેર પ્રસિદ્ધિથી દૂર રહેનારા અને ઉચ્ચ કોટિનું શ્રદ્ધાપરાયણ જીવન ગાળનારા એક સજ્જન છે. કેટલાંય વર્ષોથી તેઓ એકાકી જીવન ગુજારે છે. સત્સંગ અને ધર્મકરણીમાં તેમને ખુબ રસ છે. સાદાઇ, સરળતા અને એકાન્તપરાયણતા એ તેમના ખાસ ગુણો છે. ઉપર જણાવેલ ઉદાર સખાવત માટે તેમને જૈન સમાજના હાર્દિક ધન્યવાદ ઘટે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું વિસ્તરતું કાર્યક્ષેત્ર

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક નાના સરખા સામાન્ય વિદ્યાર્થીગૃહથી શરૂઆત કરવામાં આવેલી, તે આજે મુંબઇમાં લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ માટે બે વિદ્યાર્થીગૃહો ચલાવે છે; એ ઉપરાન્ત પુના, કરાંચી તથા બનારસમાં ભણતા કેટલાક જૈન વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપે છે; મુંબઇમાં કન્યાછાત્રાલયની યોજના માત્ર અનુકુળ મકાન મળવાના અભાવે હજુ સુધી અમલમાં મુકી શકેલ નથી, એમ છતાં પણ મુંબઇમાં તેમજ અન્યત્ર ભણતી કેટલીક બહેનોને શ્રી. મહાવીર જૈન વિદ્યાલય તરફથી મદદ આપવામાં આવે છે. ઉપર જણાવેલ શેઠ ભોળાભાઇની માંગણી માન્ય કરીને શ્રી. મહાવીર જૈન વિદ્યાલયે એક નવું સાહસ ખેડયું છે અને નવી જવાબદારી સ્વીકારી છે. અમદાવાદ કેળવણી અને ઉચ્ચ શિક્ષણનું એક અસાધારણ મહત્વભર્યું કેન્દ્ર છે. થોડા સમયમાં ત્યાં ગુજરાત યુનીવર્સીટીની શરૂઆત થવાનો પુરો સંભવ છે. આવા વર્તમાન અને ભાવી સંયોગો વચ્ચે મહાવીર જૈન વિદ્યાલય મુંબઇમાં ચલાવે છે તેવા એક વિશિષ્ટ જૈન વિદ્યાર્થીગૃહની અમદાવાદ માટે અત્યંત આવશ્યકતા હતી. આવી જરૂરિયાત ઉપર જણાવેલી સખાવતને લીધે શ્રી મહાવીર જૈન વિદ્યાલયદ્વારા થોડા સમયમાં પુરી પાડવામાં આવશે એ સમસ્ત જૈન સમાજ માટે અતિ આવકારદાયક ઘટના છે. આશા રાખીએ કે અમદાવાદનો ધનાઢય જૈન સમાજ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના આ સાહસને પુરા ઉત્સાહ અને ઉદારતાથી અપનાવશે અને થોડા સમયમાં શરૂ થનાર પ્રસ્તુત વિદ્યાર્થીગૃહને ગુજરાતના પાટનગરને શોભાવે એવું સુસમૃદ્ધ બનાવશે.

શ્રી મયાભાઇ તલીએ એકની હયાતીમાં બીજી સ્ત્રી સાથે કરેલું લગ્ન

શ્રી મયાભાઇ તલી જૈન સમાજના એક સંસ્કારી યુવાન છે અને નવસારીમાં તેઓ ઉદ્યોગ વ્યવસાય ચલાવે છે. તેમનું પ્રથમ લગ્ન જે બ્હેન સાથે થયેલું તે બ્હેને વૈરાગ્યને લીધે કે વિષમ લગ્નજીવનથી કંટાળીને કેટલાંક વર્ષો પહેલાં દીક્ષા લીધી છે. ત્યાર પછી તેમણે પોતાની પસંદગીથી બીજું લગ્ન કર્યું હતું જેને આજે લગભગ પંદર વર્ષ થવા આવ્યાં છે. તાજેતરમાં કહેવાય છે તે મુજબ પોતાની પરિણીત સ્ત્રીની સંમતિ લઇને તેમણે શ્રી ભોગીલાલ મોતીલાલ ઝવેરીની પુત્રી સાથે લગ્ન કર્યું છે. પોતાની આગળની સ્ત્રી સાથે મનનો મેળ નહોતો એ આ નવા લગ્નની ભૂમિકા છે. આવાં લગ્નો વિષે સમાજ ધૃણા અનુભવે એ સ્વાભાવિક છે. પોતાના ઐહિક સુખ ખાતર પોતાની નજીકનાં સ્વજનોનાં સુખ તેમજ શ્રેયનો તથા તેમની પ્રત્યેની પોતાની જવાબદારીઓનો ગમે તેટલો ભોગ અપાય એ વિષેની તદ્દન બેપરવાઇ–આ તત્વ આજના વાતાવરણમાં વધારેને વધારે વ્યાપક બનતું જોવામાં આવે છે અને તેથી જ સમાજનો ગમે તેટલો વિરોધ તેમજ અણગમો હોવા છતાં આવા બનાવો અવારનવાર બનતા સાંભળવામાં આવે છે. સુખની ઘેલછા અને કર્તવ્યનિષ્ઠુરતા–આ વૃત્તિઓ આજની યુવાન જનતાને બેજવાબદાર બનાવી રહી છે અને જે દિશાઓથી અપૂર્ણ આત્મભોગ અને આદર્શનિષ્ઠાની આપણે આશા અને અપેક્ષા રાખીએ તે દિશાઓથી સ્વચ્છંદ અને ન સમજી શકાય તેવી મનસ્વીતાનો અનુભવ કરાવતી ઘટનાઓ આપણે જોઇ રહ્યા છીએ, સાંભળી રહ્યા છીએ. આમાં પણ જ્યારે એકની હયાતીમાં બીજી સ્ત્રી કરવાને લગતી ઘટનાઓમાં આગળની સ્ત્રીની સંમતિનું નાટક ભજવવામાં આવે છે ત્યારે દાઝયા ઉપર ડામ દેવાતો હોય અથવા તો પ્રહાર ઉપર અપમાનનું લીંપણ થતું હોય એમ આપણને લાગી આવે છે. એક સ્ત્રીના પત્ની તરીકેના સર્વ હક્કોને તમારે લાત મારવી હોય, અને તેની વિધવા સદૃશ સ્થિતિ કરવાને તમે ઉદ્યુક્ત થયા હો તો તમારું અપકૃત્ય તમને મુબારક પણ તે ઉપર પેલી ત્યકતા પત્નીની સંમતિની મહોર મારવાનો આ દંભ શું કામ આચરવામાં આવે છે તે સમજાતું નથી.

આ તો આવાં લગ્નો પ્રત્યે આપણા દિલમાં ઉદ્ભવતી ધૃણા આપણે વ્યકત કરી. પણ આવી ઘટનાઓ તો હવે બન્યા જ કરવાની એ વસ્તુસ્થિતિ આપણે સ્વીકાર્યા સિવાય આપણો છુટકો નથી. આવા લગ્નની ભોગ બનતી સ્ત્રીનું શું? તેણે પોતાના ધણીની ઓશીયાળી અને વિધવા સદૃશ સ્થિતિમાં જ બાકીનું જીવન પુરું કરવાનું કે તેના રક્ષણનો–ઉદ્ધારનો–કોઇ ઉપાય ખરો? આજે હિંદુ કાયદાનું, મોટા ફેરફારો સાથે પુનર્વિધાન કરવાની હીલચાલ ચાલી રહી છે અને તેમાં અમુક અસાધારણ સંયોગોમાં લગ્નવિચ્છેદ કાયદાથી થઇ શકે એવી છુટ અને એક પત્નીની હયાતીમાં અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાના પ્રતિબંધનો સમાવેશ કરવામાં આવ્યો છે. પણ આ આપ્યા પુનર્વિધાનને કાયદાનું અમલી સ્વરૂપ મળતાં હજુ કેટલો સમય લાગશે તે કહી શકાય તેમ નથી. તે દરમિયાન આજના કાયદામાં આટલો તાત્કાલિક ફેરફાર થવો જ જોઇએ. એક તો આવી ત્યકતા સ્ત્રીના સુખમય નિર્વાહની અન્ય સ્ત્રી સાથે લગ્ન કરતાં પહેલાં પુરેપુરી વ્યવસ્થા કરવાની પુનર્લગ્ન કરવા ઇચ્છતા પુરૂષને કાયદાથી ફરજ પાડવી જોઇએ અને આવી ત્યકતા સ્ત્રી જ્યારે પણ અન્ય કોઇ પુરૂષ સાથે લગ્ન કરવા ઇચ્છે ત્યારે તેને તેવા લગ્ન કરવાની કાયદાથી પુરી સરળતા કરી આપવી જોઇએ. આમ થવાથી કાંઇ પૂર્વપરિણીત સ્ત્રીને થયેલા અન્યાયનો પુરો બદલો મળી રહેશે અથવા તો આવા કાયદાઓનો આવા દુર્દૈવનો ભોગ થયેલી સર્વ સ્ત્રીઓ લાભ લેશે એમ માનવાને કશું જ કારણ નથી. પણ આથી ત્યકતા પત્નીઓને કાંઇક રાહત જરૂર મળશે અને જેને પોતાનો માર્ગ કરવાની તક સુલભ હશે તે તેવા તકનો લાભ લઇ શકશે.

શ્રી. અમૃતલાલ સવચંદ ગોપાણીને અભિનંદન

શ્રી. અમૃતલાલ સવચંદ ગોપાણી જેઓ કાઠીયાવાડના વતની છે અને કેટલાક સમયથી મુંબઇના શ્રી. ભારતીય વિદ્યાભુવનમાં કામ કરે છે તેમને દુર્ગદેવના 'રિષ્ટ સમુચ્ચય' નામનાં ગ્રંથની સટીક આવૃત્તિ તૈયાર કરીને રજુ કરવા બદલ મુંબઇ યુનીવર્સીટી તરફથી પી. એચ. ડી.ની પદવી સમર્પિત કરવામાં આવી છે. શ્રી. ગોપાણી જૈન સાહિત્ય અને દર્શનગ્રંથોના એક નિપુણ અભ્યાસી છે. આ સન્માન મળવા બદલ તેમને જૈન સમાજ તરફથી ધન્યવાદ આપવામાં આવે છે અને તેમની ઉત્તરોત્તર સાહિત્ય પ્રવૃત્તિ અંધારામાં પડેલા અતિ કીંમતી જૈન સાહિત્યને અધિકાધિક પ્રકાશમાં લાવવામાં ઉપકારક નીવડે એવી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ**

સંઘ સમાચાર

સંઘની રાહતપ્રવૃતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલતી રાહતપ્રવૃત્તિમાં હાલ હાલ ૧૧ કુટુંબોને રોકડ મદદ આપવામાં આવે છે, અને ૫૫ માણસોને રેશન રાહત આપવામાં આવે છે. આમ કુલ ૬૬ કુટુંબોમાં લગભગ માસિક રૂા. ૭૫૦ વહેંચવામાં આવે છે. આ રાહત યોજનાનો લાભ લેનાર કુટુંબોની સંખ્યામાં અને તદર્થે અપાતી રકમમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આ સંખ્યા પણ વધતી રહે, સંઘનું રાહતકાર્ય અને તેટલું વિસ્તાર પામે અને બીજી બાજુએ સંઘની આ પ્રવૃત્તિને ટકાવી રાખવા તેમજ વિકસાવવાની દિશાએ સુસ્થિત વર્ગના ભાઇઓ તરફથી નાની મોટી રકમોનો પ્રવાહ વહેતો રહે-એવી અમારી જૈન સમાજ પાસે માંગણી છે-વિનંતિ છે. આ રાહતપ્રવૃત્તિમાં તા. ૧-૭-૪૫ થી ૧૫-૭-૪૫ સુધીમાં અમને નીચે મુજબની રકમો મળી છે.

૫૦૦ શેઠ શાન્તિદાસ જીવણભાઇ

૨૫ રામપુરાવાળા શેઠ હરગોવિંદ ઠાકરસીના પુત્ર શ્રી. જમનાદાસના શુભ લગ્ન પ્રસંગે.

૧૦ શ્રી. પાસુભાઇ ખીયસી કુરીયા

આ ઉપરાંત માંદાની માવજતનાં સાધનો પુરાં પાડવાની પ્રવૃત્તિમાં અમને શ્રી પાસુભાઇ ખીયસી કુરીયા તરફથી રૂા. ૧૦ મળ્યા છે. આ રીતે સંઘની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરનાર ગૃહસ્થોનો આભાર માનવામાં આવે છે.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, રાહત સમિતિ

કાકાસાહેબ કાલેલકરને સંઘ તરફથી આવકાર

તા. ૨૧-૭-૪૫ શનિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી લાંબા સમયે જેલમાંથી છુટેલા શ્રી કાકાસાહેબ કાલેલકરને આવકાર આપવાની સભા પાયધુની ઉપર આવેલા જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં યોજવામાં આવી હતી. સભાસ્થાન શ્રોતાજનોથી ચીકાર ભરાઇ ગયું હતું. આ પ્રસંગે સંઘના પ્રમુખ તરફથી કાકાસાહેબ કાલેલકરનું સ્વાગત કરવામાં આવ્યું હતું, અને પહેલાં માફક હવે પછી પણ સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ લેતા રહેવા અને ખાસ કરીને પ્રબુદ્ધ જૈન માટે અવારનવાર લેખો મોકલીને પ્રબુદ્ધ જૈનના વિકાસમાં મદદરૂપ બનતા રહેવા વિનંતી કરવામાં આવી હતી. તે પ્રસંગના ઉત્તર રૂપે શ્રી કાકાસાહેબે એક સુંદર પ્રવચન કર્યું હતું, જે દરમિયાન પોતાના લાંબા જેલવાસની કેટલીયે હકીકતો, તેમજ જ્ઞાનચર્યાની વિગતો તેમણે સંભળાવી હતી અને આજની દુનિયાની સામાન્ય પરિસ્થિતિ વિષે ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે "આજની દુનિયાનાં ત્રણ ભયસ્થાનો છે-Concentration of people, of wealth and of power-મોટી સંખ્યામાં થતું લોકોનું કેન્દ્રીકરણ એટલે કે આજે મોટાં થતાં જતાં શહેરો, ધનદોલતનું કેન્દ્રીકરણ એટલે કે અમુક જ વ્યક્તિઓની વધતી જતી ધનાઢયતા અને નાઝીઝમ અને ફેસીઝમ જેવું વિકરાળ સ્વરૂપ ધારણ કરતું રાજ સત્તાનું કેન્દ્રીકરણ, આ કેન્દ્રસ્થ જનતા, ધનદોલત અને રાજ સત્તા વિકેન્દ્રિત નહિ થાય અને નાના એકમમાં વહેંચાઇ નહિ જાય ત્યાં સુધી દુનિયામાં સુખ, શાન્તિ અને સહીસલામતી સ્થપાવાનાં નથી." આ ઉપરાન્ત જૈન સમાજને ઉદ્દેશીને તેમણે કહ્યું હતું કે "જૈનોએ જીર્ણ પુસ્તકોદ્ધાર એટલે કે ભૂતકાળને સ્પર્શતા ગ્રંથોનું ઉદ્ધારકાર્ય છોડીને નવું અહિંસક અર્થશાસ્ત્ર, રાજશાસનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને આતરરાષ્ટ્રીય શાસ્ત્ર રચવું જોઇએ, જે દ્વારા ઐહિક સર્વ પ્રશ્નોનો અહિંસાના ધોરણે ઉકેલ કેમ લાવવો તેની જનતાને સુઝ પડે. આજ સુધી અન્ય સાંપ્રદાયિક સમાજ માફક જૈન સમાજ પણ વર્તમાન કાળમાં જીવતો આવ્યો છે, પણ તેની દૃષ્ટિ ભૂતકાળ તરફ રહી છે અને ભવિષ્યકાળ વિષે તેણે અંધતા સેવી છે. હવેથી જૈન સમાજે ભૂતકાળ તરફથી દૃષ્ટિ વાળીને ભવિષ્યકાળ ઉપર સ્થિર કરવી જોઇએ અને એ રીતે પ્રાપ્ત થતા દર્શનનું અવલંબન લઇને વર્તમાન કાળમાં જીવતાં શિખવું જોઇએ."

શ્રી કાકાસાહેબનું આખું ઉદ્બોધક પ્રવચન તૈયાર થઈ નહિં શકવાથી આ અંકમાં આપી શકાયું નથી. બનશે તો હવે પછી આપવામાં આવશે.

શ્રી શાન્તિલાલ શાહને આવકાર અને અભિનંદન

તા. ૨૮-૭-૪૫ ના રોજ શ્રી વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનની વ્યાખ્યાન શાળામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપણા-નીચે તાજેતરમાં લાંબા કારાવાસથી મુક્ત થયેલા સંઘના સભ્ય, મુંબઇની હાઇકોર્ટના સોલીસીટર, લેજીસ્લેટીવ કાઉન્સીલના સભ્ય અને મુંબઇની ધારાસભાની કોંગ્રેસપાર્ટીના સેક્રેટરી શ્રી. શાન્તિલાલ હરજીવન શાહને આવકાર આપવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પ્રસ્તુત સમારંભનો ઉદ્દેશ જણાવીને, શ્રી. શાન્તિલાલ શાહનો થોડો પરિચય આપી સભાનું કાર્ય શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆને શરૂ કરવા વિનંતિ કરી હતી. ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ શ્રી. શાન્તિલાલ શાહને સંઘ તરફથી આવકાર આપ્યો હતો અને દેશની ખાતર ઉપરાઉપરી જેલવાસ ભોગવવા માટે તેમને ધન્યવાદ આપ્યો હતો. સંઘ પ્રત્યે શાન્તિભાઇની મમતાનો સમાજનેતાને ખ્યાલ આપ્યો હતો અને તેમના વિસ્તૃત કાર્ય પ્રદેશમાં સંઘની ચિંતાને પણ થોડું સ્થાન આપતા રહેવા શાન્તિભાઇને તેમણે વિનંતિ કરી હતી. ત્યારબાદ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ જેઓ શાન્તિભાઇના બહુ લાંબા સમયના મિત્ર છે તેમણે શાન્તિભાઇના અપૂર્વ વ્યક્તિત્વનો-તેમની નિડરતા તથા સ્પષ્ટવક્તૃત્વનો, સાદાઇ અને સરલતાનો, બૌદ્ધિક વિચાર ધોરણ અને ખુલ્લા દિલથી દરેક બાબતને ગ્રહણ કરવાની ટેવનો, નિરપૃહતા અને ચિત્તના સમત્વનો-બહુ સુંદર ખ્યાલ આપ્યો હતો. શ્રી. કાકુભાઇ (ખાદી ભંડારવાળા) જેઓ તેમના ઘણો સમય જેલસાથી હતા તેમણે તેમની સાથેના જેલજીવન દરમિયાન બનેલા રમુજી ટુચકાઓ અને વિનોદી પ્રસંગો દ્વારા શાન્તિભાઇના અનેક વિશિષ્ટ ગુણો તરફ બહુ જ વિનોદી રીતે સભાજનોનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યાર બાદ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી. લીલાવતી બહેન દેવીદાસે શાન્તિ-ભાઇ વિષે પ્રશંસાના ઉદ્ગારો વ્યકત કર્યા હતા. શ્રી. અમૃતલાલ દલપત-ભાઇ શેઠે ભારે ઉમળકાથી શાન્તિભાઇને આવકાર આપ્યો હતો અને હૃદયની સચ્ચાઇ, નિષ્ઠા, પ્રમાણીકતા, નિઃસ્વાર્થતા, વિગેરે શાન્તિભાઇની વિશેષતાઓ ઉપર ભાર મૂકીને આજે આપણે ત્યાં જે પાંચ પચ્ચીસ સોળવલ્લા સોના જેવા અગ્રગણ્ય કાર્યકર્તાઓ આપણી જાણમાં છે તેમાંના શાન્તિભાઇ એક છે એમ જણાવ્યું હતું. શ્રી. સોભાગચંદ જેઠાભાઇએ પોતાના દિગંબર સમાજ તરફથી શાન્તિભાઇનું અભિનન્દન કર્યું હતું અને શ્રી. ચંદુલાલ કસ્તુરચંદે શાન્તિભાઇને બહુ મમતાથી આવકારીને મોટા ક્ષેત્રમાં પડીને નાત જાત કે કોમને આગળ વધારવાની કોઇ પ્રવૃત્તિમાં શાન્તિભાઇ ભાગ લેતા નથી કે રસ ધરાવતા નથી એની શાન્તિભાઇ વિષે તેમણે ફરિયાદ રજુ કરી હતી અને પોતાની નાત જાત અને દિગંબર સમાજને ન ભુલી જવા શાન્તિભાઇને તેમણે વિનંતિ કરી હતી. પ્રમુખ સાહેબે સર્વ વિવેચનોનો ઉપસંહાર કરીને પોતાના સ્વાર્થ ઉપર કુહાડી મારીને પણ પોતાને લાગતી સાચી બાબતનું શાન્તિભાઇએ અમુક પ્રસંગે કેવી રીતે સમર્થન કર્યું હતું તેનો દાખલો આપ્યો હતો અને એ રીતે શાન્તિભાઇનું તેમણે અનેક પ્રશસ્તિઓ વડે સન્માન કર્યું હતું. આ સર્વના ઉત્તર રૂપે શ્રી શાન્તિ-ભાઇએ લગભગ પોણા કલાક સુધી વ્યાખ્યાન કર્યું હતું જે દરમિયાન તેમણે અનેક બાબતો તેમણે ચર્ચી હતી. આ વ્યાખ્યાનનું સવિસ્તર નિરૂપણ આવતા અંકમાં કરવામાં આવશે. શાન્તિભાઇના વ્યાખ્યાન બાદ શ્રી. ખીમચંદ મગનલાલ વોરાએ સમારંભના મુખ્ય મહેમાન શ્રી શાન્તિભાઇનો તથા પ્રમુખ શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆનો તેમ જ અન્ય આમંત્રિત ગૃહસ્થોનો આભાર માનતા આવી વિશિષ્ટ વ્યક્તિનું આખા જૈન સમાજ તરફથી સન્માન યોજવું ઘટે છે એ બાબત તરફ સભાજનોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. પુલહારના સમર્પણ સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

માતાની ઝંખના

અનિલે પોતાની માતાને જોઇ હતી, તેનો ખોળો ખૂંદ્યો હતો, અનેક વાર તેણે તેને હસીને હસાવી હતી વિગેરે વાતોની સ્મૃતિ પણ તેને નહોતી. પોતે દોઢેક વર્ષનો હતો ત્યાં તો તે અદ્રશ્ય થઇ હતી. પણ જ્યારે તેને ઘરના જુના સામાનમાંથી પોતાને તેડીને ઉભેલી માતાની એક છબી મળી ત્યારે જ માતાની ઝંખના તેના દીલમાં જાગી. જેમ જેમ તે માતાની કલ્પના કરતો ગયો તેમ તેમ મનોમન માતાની જ નહિ પણ માતૃત્વની પણ મધુર-મંગળ મૂર્તિ તેના હૃદયપટ ઉપર અંકિત થતી ગઇ અને દિલમાં માતૃમીલનની ઝંખના વધતી ગઇ. ઘરના માણસોની ચંડાળ જીભે વર્ણવેલી—માતા કોણ હતી? કેવી હતી? વિગેરે—બધી અમંગળ વાતોને બદલે તેના દિલમાં નર્યું શુદ્ધ માતૃત્વ સ્થપાતું ગયું.

વાત એમ હતી કે અનિલની માતા જ્યારે તે દોઢ વર્ષનો પારણામાં પોઢતો ધાવણો બાળક હતો ત્યારે ઘર તજીને કયાંય ચાલી ગઇ હતી. પણ કયાં? કોની સાથે? અને શા કારણે? તે કોઇ કહેતું નહિ, પણ જ્યારથી તે ભાગી ગઇ, ત્યારથી અનિલના કાકા પુરૂષોત્તમ ગામમાં અનેકની ખાટી મીઠી ચર્ચાનો વિષય બન્યા હતા. અને ટીકાથી કંટાળી આફ્રિકા તરફ ચાલી ગયા હતા, જ્યાંથી હજુ સુધી ન તો પાછા ફર્યા હતા કે ન કાંઇ ખબર મોકલ્યા હતા. અનિલને મન આ એક અગમ્ય સમસ્યા જ હતી. અને તે ઘરમાં થતી સામાન્ય વાતોમાંથી કડીઓ મેળવીને તેને ઉકેલવાની હતી. લોકનિંદા કે લોકવાયકા સમાજ જીવનની પારાશીશી છે. અને અનેક કોયડાનો ઉકેલ તેમાંથી સાંપડે છે. તે તરફ દૃષ્ટિ રાખી જીવનને યોગ્ય વળાંક આપવાથી ઘણી વખત મોટી ગફલતીમાંથી બચી જવાય છે.

અનિલ જાણી શકયો કે તેના પિતા કીસનદાસ જ્યારે પરણ્યા ત્યારે તેની ઉમર ૪૫ વર્ષની અને તેની માતા માયાની માત્ર ૧૪ વર્ષની હતી. માયાના મામાએ બને તેટલા વધુમાં વધુ પૈસા લઇને આ લગ્ન સંબંધ યોજ્યો હતો. બહારગામ દીકરી ન પરણાવવાની કંઠાળીઓની પ્રચલિત રૂઢિને કારણે માયાની ખૂણામાં બેઠેલી વિધવા માતાએ આવા બીજવર સાથેના લગ્નની સંમતિ આપી હતી.

લગ્ન પછી બે વર્ષે અનિલનો જન્મ થયો અને તે માત્ર એક વર્ષનો થયો ત્યાં તો કીસનદાસ પ્લેગથી આ દુનિયા તજી બીજી દુનિયામાં ચાલી ગયા. પાછળ રહી ભયંકર કરજાઉ ગરીબી, ગભરૂ બાળ-વિધવા અને આધાર વગરનો ધાવણો બાળક. કીસનદાસના પરણવા યોગ્ય નાના ભાઇના લગ્નની આછી આછી દૂરની સંભાવના પણ આથી અદૃશ્ય થઇ ગઇ. થોડા વખત મરનાર ભાઇની આંખની શરમ રહી. પછી તો ધીમે ધીમે ભાઇના બેઠા જે ભાભી હતી તે અચાનક કલાણાની દીકરી બની ગઇ અને તેના કાળ પગલાંએજ ઘરનો નાશ કર્યો છે એમ તે ખુલ્લે ખુલ્લું કહેવા લાગ્યો. પછી તો અનેક જાતની કનડગત અને પતન થઇ જાય ત્યાં સુધીની સ્થિતિએ વાત પહોંચી. પરણવા યોગ્ય વય હોય, મહેનત કરીને ઘર નીભાવે તેવી સ્થિતિ હોય, પણ લગ્નના બીજા ખર્ચને પહોંચી વળે તેવી શકિત ન હોય કે તેવી સ્થિતિ તુરતમાં ઉત્પન્ન થવાની આશા ન હોય એટલે ઘર બંધાવાની કોઇ સંભાવના ન હોય એવું જ્યારે કોઇના મન ઉપર પૂરેપુરૂં ઠસાઇ જાય છે ત્યારે તેની લગ્ન માટેની વ્યગ્રતા વધતી જાય છે. કોઇ ભાગ્યશાળી માણસ પ્રયત્નપૂર્વક જીવનને કચરીને, ભાવના મારી નાંખી કોઇ પણ પ્રકારના રસ વગર જીવે છે, પણ મોટે ભાગે તો તે વિકારમાં સંપૂર્ણપણે ગળી જઇ વિકારમૂર્તિ બની જાય છે. તે અંધ બને છે. ગૃહજીવનના અંતર્ગત સડા આ અંધતાનું પરિણામ હોય છે. પ્રથમ મનમાં છૂપાયેલો વિકાર દૃષ્ટિમાં દેખાવા લાગે છે અને ત્યાંથી શરીર સુધી વ્યાપી તે પશુતાની સુધી પહોંચી જાય છે. ગરીબ દુનિયામાં મોટી ઉમરનાં કુંવારાઓમાં દેખાતો વિકાર આવા કારણે જ છે. પૈસાની ખામીએ ઉભી થતી કુંવારાપણાની દુઃખદ સ્થિતિ સમાજનો એક અતિ ભારે પ્રશ્ન છે. માયાએ મોટી ઉમરના કુંવારા દીયરની આંખમાં પશુતા દેખી. અતિ મુંઝાઇને આગળ પાછળનો વિચાર કર્યા વિના પ્રભુને ભરૂંસે બાળકને મૂકી ભગવાનભરૂંસે તે ભાગી નીકળી.

પછીની હકીકત અસ્પષ્ટ હતી. કોઇએ માયાને અમદાવાદમાં તો કોઇએ તેને વડોદરામાં જોઇ હતી. એવી ભિન્ન ભિન્ન વાતો સંભળાતી, પણ એક વાત તો તે ઉપરથી નકકી થઇ કે તે અમદાવાદ, સુરત કે વડોદરા જેવા શહેરની કોઇ સંસ્થામાં હતી.

માતાના ગૃહત્યાગ પછી અનિલને કોઇ ઉછેરે તેવું નહોતું એટલે તેની એક ફઇએ તેના ઉછેરનો બોજો લોકલાજે માથે લીધો હતો. જેટલી કાળજી અને પ્રીતિ તેને તેની નિર્જીવ મૂર્તિઓ માટે હતી, જેટલી ફળીમાં ચણતાં કબુતરાં માટે હતી, તેટલી નમાયાં, નબાપા દુઃખી બાળક માટે નહોતી. તે આકસ્મિક એક બાળકના ઉછેર પૂરતી માતા બની હતી, પણ તેનામાં માતૃત્વનો મધુ ભાવ કદિ આવ્યો જ નહોતો. માફી તો તે ધાર્મિક વૃતિવાળી હતી! જ્યારે બોર્ડિંગમાં મૂકવા જેવડી અનિલની ઉમર થઇ ત્યારે તેને એક અનાથાશ્રમમાં અનાથ તરીકે દાખલ કરી દીધો. આ સમયથી જ માતાની ખોટ તેને જણાવા લાગી. અનાથાશ્રમમાં સગવડતા મળવા છતાં પણ જીવનમાં બીચારાપણું આવતું હતું! ઉછેર થતો હતો છતાં પણ તેને જીવનમાં ખાલીખમપણું લાગતું હતું. પ્રતિક્ષણે જીવનમાં કંઇ ને કંઇ સમજ, પ્રકાશ ભરાતો હતો છતાં પણ ત્યાં ઘેરો અંધકાર દેખાતો હતો. બીજા બાળકોને પોતાથી ભિન્ન સ્થિતિમાં જોતો ત્યારે સહજ તેના મનમાં થઇ જતું કે "તેને તો બાબાપ હશે! મારે કયાં છે કોઇ? હું તો અનાથાશ્રમનો બાળક!" અચાનક તે વિચારે ચડી જતો કે "માતા શું કામ ચાલી ગઇ હશે? કોઇની માતા ચાલી જતી નથીને પોતાની જ માતા કેમ જતી રહી? શું કાકાએ પરાણે કાઢી મૂકી હશે? હશે! ગમે તે કારણ હશે! પણ તે સુખે તો નહિ જ ગઇ હોય! કોઇ મા પોતાના બાળકને તજીને થોડી સુખે જઇ શકે છે?" તેનું હૈયું પોકારી ઉઠતું "મા, મા, તારે કેટલુંયે શોધવું પડયું હશે? કેટલાયે કડવા ઘૂંટડા ગળવા પડયા હશે? કેટલાયે મર્મના ઘા છૂપા છૂપા સહવા પડયા હશે? માતા! મમતાનો તાર તોડતાં તોડતાં તારૂં દીલ તુટી ગયું હશે? આનો બદલો મા જીવીશ તો વાળીશ! મા...મા..."

પ્રતિદિન માતા માટેની તેની ઝંખના વધતી જતી હતી. પછી તો તે મેટ્રીક થયો. સ્કોલરશીપ મેળવીને કોલેજમાં દાખલ થયો. સ્વસ્થિતિ સંભાળી શકે તેવી શકિત અને વય આવી ગયાં, પણ માતાની ઝંખના તો એક નાના બાળકની માફક જેવીને તેવી રહી જ. તપાસ કરાવતાં વડોદરા શ્રધ્ધાનંદ આશ્રમમાંથી કેટલીક માહીતી મળી કે વર્ષો પહેલાં એક દિવસે બેભાન અવસ્થામાં કોઇ તેને લઇ આવ્યું હતું. ચાર પાંચ વર્ષ આશ્રમમાં તેણે અભ્યાસ અને નોકરીમાં કાઢયાં. પછી માધવરાવ જોશી નામના એક દક્ષિણી બ્રાહ્મણ સાથે પુનર્લગ્ન કરી સુરત ગઇ. ત્યાં.....પ્રીન્ટીંગ પ્રેસમાં તે ગૃહસ્થ મેનેજર તરીકે કામ કરે છે. માયાનો એક પત્ર ચાર પાંચ વર્ષ પહેલાં હતો તેમાં તેણે આશ્રમે કરેલી મદદના બદલામાં આભાર માન્યો હતો અને પચાસ રૂપિયા ભેટ તરીકે મોકલ્યા હતા. ત્યારપછી દર દિવાળીએ તે રીતે ભેટ નિયમીત મોકલે છે. આ માહિતી ઉપરથી તપાસ કરતાં જણાયું કે, એક વર્ષ થયાં તે કુટુંબ સુરત છોડીને નાસીક ગયેલ છે અને ત્યાં સ્વતંત્ર ધંધો કરે છે.

માતૃમીલનની તીવ્ર ઝંખનાએ અનિલને સુખે બેસવા ન દીધો. થોડા વખત પછી એક પ્રભુ-પ્રેમ-ઘેલા ભકતની માફક તે પુનઃ ઉપડયો. નાસીકઃ બે દિવસની સતત મહેનત પછી ભાળ મેળવી જ્યારે તે તેના ઘેર ગયો, ત્યારે તેણે ત્રણ નાનાં બાળકો અને એક ૩૫/૪૦ વર્ષની ઉમરની સ્ત્રીને ઘરમાં જોયાં. છાની રીતે પોતાની સાથેના ફોટા સાથે બાઇને સરખાવી જોતાં અને બાળકો સાથે વાત કરતાં તેને ખાત્રી થઇ કે તે તેજ છે કે જેની તે વર્ષો થયાં ઝંખના કરી રહ્યો છે, તે તેજ છે કે જેના વિના તેનું જીવન

ખાલીખમ લાગે છે; તે તે જ છે કે જેને મેળવીને તે ધન્ય થવાનો છે. આ રીતે તેને તેની માનસિક માતા મૂર્તિમંત સ્વરૂપે મળી. તેનું દિલ નાચી ઉઠ્યું. આ બધો વખત તે બાઇ તેને નીહાળી રહી હતી. તેથી જ્યારે બાળકો સાથેની વાતચીતમાંથી તે નવરો પડ્યો ત્યારે તેણે પૂછ્યું કે "ભાઇ, કોનું કામ છે? અંદર આવો." અનિલ અંદર જઇ ચટાઇ ઉપર બેઠો. અને પોતાની ઓળખાણ આપી. બાઇ પહેલાં તો આ સાંભળીને આશ્ચર્યચકિત થઇ લાગી. તેના મુખ ઉપર મિશ્ર લાગણીના પ્રવાહો એકી સાથે પસાર થઇ ગયા. શરમના! આનંદના! ગંભીર વિષાદના! પોતાનો અંગત આપ્તજન સુખ દુઃખના કઠીન રીતે વીતેલાં વર્ષો પછી જ્યાં માંડ ઠરીને ઠામ બેઠા ત્યાં જુની દુઃખદ કથા ઉખેળવા અને શરમભરી પૂર્વજીવનની વાત સ્વમુખે જાણવા આવ્યો છે તે વિચાર તેને અસહ્ય લાગ્યો. પુત્ર માતાની શરમ કથા જાણવા આવ્યો? જાણીને તેના દિલમાં શું થશે? માતા પુત્રને તે વાત કેવી રીતે કહી શકશે? વર્ષો થયાં દાટી દીધેલી જીવનની અંગત વાતો ફરી વખત કયા સુખે ઉખેળી શકાશે? આ વિચારે તેને વ્યગ્રચિત્ત કરી નાંખી. હારે શું કરવું? આવનાર અજાણ્યો જેને શોધે છે તે પોતે નથી તેવું જુઠું બોલીને આશાસહ આવેલા માણેલાને પાછો કાઢવો? તે પણ કેમ બને? એક તરફથી વર્ષો પછી પોતાના જીવનમાંથી સરજેલો બાળક તેને મળ્યો. જેની સ્મૃતિથી અનેક વખત આંખના આંસુ અસ્ખલિતપણે વહેવાડી અનિદ્રિત રાતો કાઢી છે તેવા બાળકને કેમ છેતરવો? શરમ અને દુઃખના દ્વંદ્વમાં માતૃત્વ જીતી ગયું! તેણે અશ્રુસહ આંખે કહી દીધું કે "જેને તું શોધે છે તે અભાગણી માતા હું જ છું! જેના નામથી શરમાવું પડે તેવી કલંકિણી માતા હું છું. તારા સમાજની અસ્પૃશ્ય નારી હું જ છું.!" અનિલ એકદમ માતાના પગમાં પડી ગયો. રડી પડ્યો. "મા. હું એ કંઇ નથી જાણતો! હું તો જાણું છું. માત્ર મારી બાને! મારી જનેતાને! મા મારે પૂર્વનું કંઇ નથી જાણવું. મોટે તારી દુઃખદ વાર્તા નથી સાંભળવી. એ કંઇ મારા માટે મારી બાની વાણી નથી; બાની વાણી બાળક માટે જુદી હોય. તે વાણીનો હું ભુખ્યો છું! તેં મને તજ્યો ત્યાર પછી લાગણી વગરના બીજાઓએ ઉછેર્યો તારી ઉપરનું વેર મારી ઉપર લેતાં લેતાં! પછી ઉછેર્યો અનાથાશ્રમે પાંજરાપોળનાં પશુ માફક દયા ધર્મ નિમિતે! પછી પડ્યો શહેરની વચ્ચમાં પડેલી કોલેજની હોસ્ટેલમાં! પણ કયાંય મે નથી સાંભળી માતૃ–વાણી! જીવન ભર તે વાણીથી હું વંચિત રહ્યો છું. આજે એ સાંભળવા માંગું છું. આજે મને તેની ભૂખ છે. આજે મારી તે વાંછના છે. મા!"

મા દીકરાએ કયાંય સુધી રડ્યાં કર્યું અને વાતો કર્યા કરી. બીજા છોકરાંઓ પણ નવાઇ પામતાં હતાં કે આ નવો રડાવનારો અને રડનારો કોણ છે? શા માટે રડે છે? શા માટે રડાવે છે? કેટલાં રૂદન એવાં હોય છે કે જેનો ચેપ બીજાને જલદી લાગે છે. એટલે બાળકો પણ ચુપચાપ રડતાં હતાં આખો પ્રસંગ અર્થગંભીર બની ગયો, સૌ રડતાં હતાં, પણ કોઇ જાણતું નહોતું કે પોતે શા માટે રડે છે? સૌ અપૂર્વ મીલન પામ્યાં હતાં છતાં પણ રડતાં હતાં! આ સુખદ મીલન અશ્રુમય કેમ તેય કોઇ જાણતું નહોતું! ભૂતકાળના દુઃખ અને તેની વાતો હવે ગુજરી ચૂકી હતી; દુઃખભાર નીચે દટાઇને ભૂલાણી હતી. તેમાંથી પાર નીકળી જઇ શાન્તિના કિનારે સૌ બેઠાં હતાં, છતાં પણ રૂદન કેમ? ભૂતકાળ કે દુઃખભાર આંસુદ્વારા વહેવાડી માણસ હળવો બને છે. સૌ હળવાં બન્યાં!

માતાએ આંસુ લૂછી બાળકોને કહ્યું "જુઓ આ તમારો મોટો ભાઇ! તેની સાથે વાતો કરો, હું દૂધ લઇ આવું. માતા ઉઠી. દૂધ અને કંઇ ખાવાનું લાવી. તે દરમ્યાન અનિલે આખા ઘરનું નિરીક્ષણ કરી લીધું કે સામાન્ય રીતે ઠીક ઠીક સ્થિતિના કેળવાયેલા દક્ષિણીના ઘર જેવું તે ઘર હતું. ઓછી વસ્તુઓ અને ઘણું સુંદર. ઓછી આવકને પણ દક્ષિણીઓ કેવી રીતે વ્યવસ્થાથી સગવડતાભરી રીતે વાપરી જાણે છે તે ગુજરાતે અવશ્ય શીખવા જેવું છે. ભિન્ન ભિન્ન પ્રાંતો અને પ્રજામાં કંઇ ને કંઇ વિશિષ્ટ તત્ત્વો હોય છે એટલે તેઓના પરસ્પરના મીલન રાષ્ટ્રીય અને સંસ્કારની દૃષ્ટિએ અતિ મહત્ત્વના છે. તે જ વખતે માધવરાવ પણ આવી ગયા. તે કંઇ પૂછે તે પહેલાં જ માતાએ તેને કહ્યું કે "આપણે ઘણી વખત જેની વાત કરતા હતા તે મારો આ બાળક. આજે મને શોધતો શોધતો મળવા આવ્યો છે." અનિલ તરફ ફરીને તેને કહ્યું "બેટા આ તારા કાકા. એણે તો મારૂં અનેક રીતે રક્ષણ કર્યું છે અને જગતમાં જીવવા જેવું રહેવા દીધું છે. જો એ ન હોત તો તારી માતા કુતરાને મોતે રસ્તામાં મરી ગઇ હોત. એણે અને એના સ્વર્ગસ્થ દેવીએ મને રસ્તા ઉપર બેભાન પડેલીને સુશ્રૂષા કરીને જીવાડી; પછી માંદગી અને ભૂખમરામાંથી પ્રભુ પ્રીત્યર્થે બચાવી, અને આશ્રમમાં મારા રક્ષણ અને વિકાસ માટે રાખી. પોતાની ગરીબ આવકમાંથી મને તે દંપતીએ મદદ કરી, પણ બધુ તો તેણે તે દેવીના મૃત્યુવખતના વચન ખાતર પંદર વર્ષ પહેલાં મારી સાથે પુનર્લગ્ન કરી મારા જીવનની એકાંત ટાળી. મને પુનર્જીવન આપ્યું અને આજે મારા ગુમાવેલા બાળકને જીવનમાં પાછો આપ્યો! તારા એ કાકા!" અનિલે હાથ જોડી નમન કર્યાં. તેણે તેના માથે હાથ મૂકી આશીર્વચન ઉચ્ચાર્યાં. અપૂર્ણ.

વ્રજલાલ ધ. મેઘાણી.

હિંદી સમસ્યાનું તાત્વિક પૃથક્કરણ (પૃષ્ટ ૫૨ થી ચાલુ)

તો તેઓ બીજા ઉપર કયારનાયે રાજ્ય ચલાવતા હોત. બીજી બાજુએ બહુમતી વર્ગની હકુમત તળે આવી જવાનો ભય જ્યારે ને ત્યારે રજુ તેઓ કરી રહ્યા છે. કોઇપણ એક વર્ગ આઠ કે નવ કરોડ મુસલમાનો ઉપર સત્તા ચલાવે એમ કહેવું એ કેવળ મૂર્ખાઇભર્યું છે. એ આખો ખ્યાલ જ કેવળ વિચિત્ર અને તરંગી છે. મારી વિચારભૂમિકા મી. ઝીણાની વિચારભૂમિકાથી કેવળ અલગ પ્રકારની છે. તે ઉતરતી કોટિની હશે, પણ ભિન્ન તો છે જ."

આમાં હવે રસ્તો શું?

બીજો પ્રશ્ન એ પૂછવામાં આવ્યો કે "આમાંથી હવે રસ્તો શું?" પંડિત નહેરૂએ જવાબ આપ્યો કે "રસ્તા તો ઘણાયે નીકળે. જે એક માર્ગ આજે સુલભ નથી તે માર્ગ તો એ છે કે આ રંગભૂમિ ઉપરથી ત્રીજો પક્ષ વાસ્તવિક રીતે કે તાત્વિક રીતે ચાલી જાય. હું એમ કહેવા માંગું છું કે ત્રીજો પક્ષ અન્ય બે પક્ષો ઉપર પોતાની ઇચ્છા કે નિર્ણય લાદી શકે એ વસ્તુસ્થિતિ આપણે ત્યાંથી ટળતા જોઇએ. અને બીજા બે પક્ષોને સ્પષ્ટ ભાન થવું જોઇએ કે ત્રીજા કોઇ પણ પક્ષની દરમિયાનગીરી સંભવિત જ ન હોય એવી રીતે પોતાના પ્રશ્નોનો પોતે જ સામનો કરવાનો છે અને નિકાલ આણવાનો છે. એમ થશે ત્યારે જ કાં તો વાસ્તવિકતાનો તેઓ પોતે જ સીધો સામનો કરી લેશે અથવા તો વિકલ્પ તરીકે અને તે પણ આવકારદાયક વિકલ્પ તરીકે બધા પક્ષો સાથે મળીને આગળ ચાલવાની કોઇ વ્યવહાર યોજના શોધી કાઢશે. બીજો પણ એક માર્ગ છે. પણ તેનો આધાર એક અથવા તો સાથે જોડાઇને કામ કરવા માંગતા વધારે પક્ષો અસાધારણ તાકાત કેળવે તેના ઉપર છે. આ તાકાત એટલી હદ સુધીની હોવી જોઇએ કે જેની અન્ય પક્ષો ઉપર અતિ બળવાન અસર પડવી જોઇએ. આખરે એમ પણ બને કે દેશની આર્થિક રચનાનો ઉત્તરોત્તર હ્રાસ થઇ રહ્યો છે. તે રચનાના પાયા ભાંગી પડે, સર્વત્ર અનવસ્થા ઉભી થાય અને દેશના જુદા જુદા ભાગોમાં બળવો અને ક્રાન્તિ ફેલાવા લાગે. આજની આર્થિક સ્થિતિ વિચારતાં ઉપરના વર્ગના કેટલાક લોકોએ અઢળક દ્રવ્ય એકઠું કર્યું છે એમ છતાં પણ હિંદુસ્થાનમાં આર્થિક જ્વાળામુખી ગમે ત્યારે ફાટી નીકળે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી."

અનુવાદક પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૮

મુંબઈ: ૧૫ ઑગષ્ટ ૧૯૪૫ બુધવાર.

લવાજમ
રૂપિયા ૩

પ્રજ્ઞાચક્ષુનું મંગળ પ્રવચન

(તા. ૧૪-૭-૪૫ના રોજ નવા વર્ષના સત્રારંભ પ્રસંગે શ્રી. મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ આપેલું મંગલ પ્રવચન)

ઉદ્‌બોધન

છેક છેલ્લી ઘડીએ શ્રીયુત મોતીચંદભાઇ પોતે મારા સ્થાને આવ્યા ન હોત તો તબિયતની પ્રતિકુળતાને લીધે હું આજે અહિં પ્રથમ કરેલ નિશ્ચય પ્રમાણે આવવાનો ન હતો. મેં તેથી જ કોઇ અમુક વિષય વિષે પ્રથમથી જ વિચાર કરી રાખેલો નથી. શ્રીયુત મોતીચંદભાઇની સાથે રસ્તામાં ચાલતી વખતે થોડોક વિચાર કરી લીધો છે એટલું જ.

શ્રીયુત મોતીચંદભાઇએ મારો પરિચય કરાવતાં કહ્યું છે કે હું વીશમી સદીના વિચારપ્રવાહો અને દૃષ્ટિબિંદુઓથી પરિચિત છું. તેમના આ કથનમાં સત્ય હોય તો હું મારી દૃષ્ટિએ તેનું સ્પષ્ટીકરણ કરવા ઇચ્છું છું. ભાગ્યે જ આદર્શો માણસની વસ્તીવાળા એવા એક ગંદા ગામડામાં મારો જન્મ અને ઉછેર છે. આધુનિક સંસ્કાર, શિક્ષણ અને સાધનનો સાવ અભાવ હોય તેવા જ વાતાવરણમાં હું ઓગણીશમી સદીમાં જન્મ્યો અને ભણ્યો છું. ગુજરાતી ગામડીયા નિશાળથી આગળ મારે માટે કોઇ શિક્ષણનું વાતાવરણ હતું જ નહિ. મને યાદ છે ત્યાં સુધી મેં વિશેક વર્ષની ઉંમરે એકાદ સાંપ્રદાયિક માસિકનું નામ સાંભળ્યું હતું. ઓગણીશમી કે વીશમી સદીના કોલેજ અને યુનિવર્સિટીના શિક્ષણવિષયક લાભો મેં મેળવ્યા નથી. આ દૃષ્ટિએ હું એક રીતે ઓગણીશમી સદીનોયે નહિ પણ ચૌદમી સદીનો ગણવા યોગ્ય છું.

આ બધું સત્ય હોવા છતાં તેઓ કહે છે તેમ જો હું વીશમી સદીનો હોઉં તો એક અર્થમાં તે સાચું છે. તે અર્થ એટલે ગમે તે કાળના, ગમે તે દેશના કે ગમે તે વિષયના જુના કે નવા વિચારો મારી સન્મુખ આવે છે ત્યારે હું તે ઉપર કશાજ બંધન સિવાય સંપૂર્ણ મુક્ત મને વિચાર કરું છું અને તેમાંથી સત્યાસત્ય તારવવા હું યથા-શક્તિ પ્રયત્ન કરું છું. મારા આ પ્રયત્નમાં મને જાતિ, ધર્મ, સંપ્રદાય, શાસ્ત્ર કે ભાષાના પૂર્વગ્રહો ભાગ્યે જ જકડી રાખતા હશે. હું આચરી શકું કે નહિ તે પ્રશ્ન પુરુષાર્થનો છે, પણ હું જિજ્ઞાસા અને વિચારની દૃષ્ટિએ મારા મનનાં બધાં દ્વારો એટલે સુધી ખુલ્લાં રાખવા કાળજી સેવું છું કે રખે કોઇ જ્ઞાતવ્ય એવો સત્ય અંશ માત્ર પૂર્વગ્રહ અને ઉપેક્ષાને કારણે ધ્યાન બહાર રહી ન જાય. મનને પૂર્વગ્રહો અને સંકુચિતતાનાં બંધનોથી પર રાખી તથ્ય જાણવા, વિચારવા અને તેને સ્વીકારવાની તત્પરતા સેવવી એ જો વીશમી સદીનું લક્ષણ હોય તો હું તે અર્થમાં વીસમી સદીનો ગણાઉં ખરો. ભલે બીજા અર્થમાં હું ઓગણીશમી કે ચૌદમી સદીનો હોઉં. હું એમ માનું છું કે સત્યની જિજ્ઞાસા અને શોધ કોઇ પણ એક સદીને વરેલી નથી. દરેક સદી અને યુગમાં બને તેને માટે એનો સંભવ છે અને બીજાને માટે ગમે તે સદીમાં અને ગમે તે યુગમાં પણ એનાં દ્વાર બંધ જ છે.

આ અંગત ચર્ચાથી હું આપ બધાનું ધ્યાન બે મુદ્દા તરફ ખેંચું છું. એક તો જીવનમાં હંમેશાં વિદ્યાર્થીપણું ચાલુ રાખવું અને કેળવવું અને બીજો મુદ્દો એ કે વિદ્યાર્થીપણું પણ મુક્ત મને એટલે કે નિર્બંધન અને નિર્ભયપણે કેળવવું.

વિદ્યાર્થીત્વ

માનસ તત્ત્વની દૃષ્ટિએ વિચારીએ તો વિદ્યાર્થીપણાના એટલે સંસ્કાર ગ્રહણ કરવાની યોગ્યતાનાં બીજો બાળકના માતા પિતા દંપત્ય-જીવનમાં પ્રવેશ કરે ત્યારથીજ તેમની મનોભૂમિકા રૂપે સંચિત થવા લાગે છે. અને તે બીજો ગર્ભાધાનના સમયથી વ્યક્ત રૂપ ધારણ કરતો જાય છે. પણ આપણું ગુલામી માનસ આ સત્ય વસ્તુનું આકલન કરી શકતું નથી. શિશુ, કિશોર અને કુમાર અવસ્થાના વિદ્યાર્થીજીવન-નને કાળજી ભરેલી સુવિચારિત દોરવણી મલતી હોય એવા દાખલા આપણે ત્યાં બહુ પ્રયત્ને પણ ભાગ્યે જ જોવા મળશે. આપણા સામાન્ય વિદ્યાર્થીઓનું જીવન નદી-પટમાંના પાષાણની પેઠે આકસ્મિક રીતે જ ઘડાય છે અને અને આગળ વધે છે. નદીના પટમાંનો પત્થર જેમ અવારનવાર પાણીના પુરના ધસારાથી ધસાતો ધસાતો કયારેક આપમેળે ગોળમટોળ સુંદર આકાર ધારણ કરે છે, તેમ આપણો સામાન્ય વિદ્યાર્થી વર્ગ નિશાળ અને સ્કુલના, સમાજ, રાજ તેમજ ધર્મશિરતાજના વિવિધ નિયંત્રણોવાળી શિક્ષણ પ્રણાલિકાના જંતરડામાંથી પસાર થઇ એક યા બીજી રીતે ઘડાય છે. સોળ વર્ષ સુધીનું વિદ્યાર્થીજીવન બીજાના ગળણે વિદ્યાપાન કરવામાં વીતે છે. એટલે આપણે ત્યાં ખરા વિદ્યાર્થીજીવનનો પ્રારંભ સ્કુલ છોડી કોલેજમાં પ્રવેશ કરતી વખતે જ થાય છે. એ વખતે વિદ્યાર્થીનું માનસ એટલું તો પકવ થઇ જાય છે કે હવે તે આપમેળે શું શિખવું, શું ન શિખવું? શું સત્ય અને શું અનુપયોગી? એ બધું વિચારી શકે છે. તેથી વિદ્યાર્થી જીવનમાં કોલેજ કાળ ભારે અગત્યનો ભાગ ભજવે છે. પહેલાંની અપકવ અવસ્થામાં રહી ગએલી ચુકીઓ કે થયેલી ભુલો સુધારવી એ કામ કરવા ઉપરાંત કોલેજ-જીવનમાં આખા જીવનને સ્પર્શે અને ઉપયોગી થાય એવી સમર્થ તૈયારી કરવાની હોય છે. અને તે વખતે એટલી જવાબદારી વિચારવા અને નિભાવવા પુરતી બુદ્ધિ અને શરીરની તૈયારી પણ હોય છે. તેથી આ સમય દરમ્યાન વિદ્યાર્થીએ લેશ પણ ગાફલ રહેવું એ જીવનના મધ્યબિંદુ ઉપર જ કુઠારાઘાત કરવા જેવું છે.

હું થોડું ઘણું કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે રહ્યો છું અને મેં જોયું છે કે તેમાંના બહુજ ઓછા વિદ્યાર્થીઓ મળેલ તક અને શક્તિનો સંપૂર્ણ જાગૃતિ પૂર્વક ઉપયોગ કરે છે. પરીક્ષામાં યેન કેન પ્રકારેણ પસાર થઇ જવું એ ધોરણ સામાન્ય હોવાથી વિદ્યાર્થીનો પુષ્કળ કિંમતી સમય અને તેમની શક્તિસંપત્તિ કાર્યસાધક રીતે વપરાતાં નથી. મારા એક મિત્ર જેઓ હમણાં કુશળ વકીલ અને પ્રજા સેવક છે, તેમણે મને કહેલું કે અમે વિદ્યાર્થીઓ-ખાસ કરી બુદ્ધિમાન ગણાતા વિદ્યાર્થીઓ-દિવસ અને રાતનો મોટો ભાગ ગપગોળા અને અનાવશ્યક વાગ્‌યુદ્ધમાં વેડફી નાંખતા અને એમ માની લેતા કે પરીક્ષા પાસ કરવી એમાં તે શું? જ્યારે પરીક્ષા નજીક આવશે ત્યારે તૈયારી કરી લઇશું અને એ પ્રમાણે કરી પણ લેતા. પરંતુ જ્યારે બી. એ. પાસ થયા અને આગળ ઊંડા અધ્યયનનો વિચાર આવ્યો ત્યારે એમને

જણાયું કે અમે શરૂઆતના ચાર વર્ષોનો ઘણો સમય ખોટી રીતે બરબાદ કર્યો છે. એ વખતે બધાજ સામર્થ્ય અને સમયનો યોગ્ય રીતે કરકસરપૂર્વક નિયમિત સદુપયોગ કર્યો હોત તો અમે ખાત્રીથી કૉલેજ જીવનમાં મેળવ્યું છે તે કરતાં બહુ વધારે મેળવી શકયા હોત. હું ધારું છું કે એ મારા મિત્રની વાત તદ્દન સાચી છે અને દરેક કૉલેજીયનને ઓછેવત્તે અંશે લાગુ પડે છે. તેથી હું દરેક વિદ્યાર્થી જે અત્યારે કૉલેજમાં નવો દાખલ થયો હોય કે આગળ વધેલો હોય તેનું ધ્યાન આ મુદ્દા તરફ ખેંચું છું. કૉલેજના જીવનમાં એટલી બધી સારી તકો છે કે માણસ પોતે ધારે તો પોતાનું સંપૂર્ણ નવસર્જન કરી શકે છે. તેમાં જુદા જુદા વિષયના સમર્થ અધ્યાપકો, જોઇએ તેવું પુસ્તકાલય, અને નવીન શોણિતના ઉત્સાહથી થનગનતા વિદ્યાર્થીઓનો સહચાર એ જીવન તૈયાર કરવા વાસ્તેની મુલ્યવતી સંપત્તિ છે. માત્ર તેનો ઉપયોગ કરવાની જીવનકળા હસ્તગત હોવી જોઇએ.

જીવનકળા

વિદ્યાર્થીજીવનમાં જો કંઇ સિદ્ધ કરવા જેવું તત્ત્વ મને લાગ્યું હોય તો તે જીવનકળા છે. જે જીવવાની કળા હસ્તગત કરે છે તેને સાધનો તથા સગવડની ઉણપ વિષે ફરિયાદ કરવાપણું હોતું નથી. તે તો પોતાની સામે જેટલાં અને જેવાં સાધનો હોય, જેટલી અને જેવી સગવડ હોય તેનો એવી સજીવ કળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઉભી થાય છે, તે વણમાગી આવી ઉભી રહે છે. જે આવી જીવનકળા જાણતો ન હોય તે હંમેશાં આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી એવી ફરીયાદ કર્યા જ કરે છે. અને તેની સન્મુખ ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેને તેનું મૂલ્ય સમજાતું નથી. કારણ કે તે જંગલમાંથી મંગલ કરવાની કળા જ ધરાવતો નથી.

પરિણામે એવા વિદ્યાર્થી મળેલ સગવડના લાભથી તો વંચિત રહી જ જાય છે અને ભાવી સગવડના લાભો તો માત્ર તેના મનોરાજ્યમાંજ રહી ઉલટી વ્યાકુળતા ઉભી કરે છે. તેથી આપણે ગમે તે ક્ષેત્રમાં ગમે તે કરતા હોઇએ, છતાં એમાં જીવનકળાની જ પ્રથમ જરૂર છે અને એ કળા એટલે ઓછામાં ઓછી અને ન જેવી ગણાતી સાધન સામગ્રીમાં પણ સંતુષ્ટ મને આગળ વધવામાં તેનો ઉપયોગ કરી લેવો અને સ્વપુરૂષાર્થથીજ પોતાને જોઇતી સૃષ્ટિ ઉભી કરવી.

અગવડોનો અતિભાર જો જીવનને કચડી નાંખતો હોય તો એ દોષ સગવડોના ઢગલામાં પણ રહેલોજ છે. જેને બહુ સગવડ તે હંમેશાં પ્રગતિ કરી જ શકે અથવા કરે છે એવો ધ્રુવ નિયમ નથી. તેથી ઉલટું જે વધારે અગવડ કે મુશ્કેલીમાં હોય તે પાછળ રહી જાય છે કે કચડાઇ જાય છે એવો પણ ધ્રુવ નિયમ નથી. પણ ધ્રુવ નિયમ તો એ છે કે બુદ્ધિ અને પુરૂષાર્થ હોય તો જ ગમે તે સ્થિતિમાંથી આગળ વધી શકાય. જેનામાં એ તત્ત્વ વિકસાવવાની ભૂખ હોય છે તે સગવડ અગવડની તથામાં બહુ પડતો નથી. ઘણી વાર તો તે **विपदः सन्तु नः शश्वत्** એ કુન્તીના વાકયથી અગવડોને નોતરે છે.

મેં એવા એક મહારાષ્ટ્રીય વિદ્યાર્થીને જોયેલો કે જે માતા-પિતા તરફથી મળતી બધી સગવડ છોડી દઇને આપ પુરૂષાર્થે જ કૉલેજમાં ભણતો હતો અને બી. એસ. સી. નો અભ્યાસ કરવા સાથે ખર્ચ લાયક કમાવા ઉપરાંત સ્વયંપાક કરી થોડા ખર્ચમાં રહેવાની કલા સિદ્ધ કરતો હતો. મેં તેને પૂછ્યું કે 'વાંચવા વિચારવાનું બહુ ઓછું બનતું હશે?' તે કહેક 'મેં ગોઠવણ જ એવી કરી છે કે આરોગ્ય અને અભ્યાસ સચવાય તેમજ સ્વાશ્રયવૃત્તિમાં આત્મવિશ્વાસ વધે.' છેવટે તેણે ઉચ્ચ વર્ગમાં બી. એસ. સી. ની પરીક્ષા પસાર કરી. આપણે એ જાણીએ છીએ કે માત્ર વ્યાપારી વૃત્તિવાળાં માતા-પિતા પોતાની સંતતિને વધારે સંપત્તિનો વારસો આપી જવાની જ ખેવના રાખતાં હોય છે, તેઓ કેટલીયે પેઢી સુધીની સ્વસંતતિના સુખની ચિંતા સેવતાં હોય છે, પણ આનું પરિણામ ઉલટું જ આવે છે અને સંતતિની કાયમી સલામતીની તેમની ધારણા જ ધૂળમાં મળી જાય છે. તેથી મારી દૃષ્ટિએ જીવનની ખરી ખુબી એજ છે કે ગમે ત્યાં ગમે તે સ્થિતિમાં હોઇએ છતાં વિદ્યાર્થીપણું ચાલુંજ રાખવું જોઇએ અને તેને ઉત્તરોત્તર વિકસાવવું જોઇએ.

ખુલ્લુ અને નિર્ભય મન

જ્ઞાન કે વિદ્યા એ માત્ર બહુ વાંચનથી જ મળી જાય છે એમ નથી. ઓછું કે વધું વાંચવું એ રૂચિ, શકિત, અને સગવડતાનો સવાલ છે. પણ, ગમે તેટલું ઓછું વાંચવા છતાં જો વધારે સિદ્ધિ અને લાભ મેળવવો હોય તો તેની અનિવાર્ય શરત એ છે કે મનને ખુલ્લુ રાખવું અને સત્ય જિજ્ઞાસાની સિદ્ધિમાં કોઇ પણ પૂર્વગ્રહોને કે રૂઢ સંસ્કારોને આડે આવવા દેવા નહિ. મારો અનુભવ એમ કહે છે કે આ માટે સૌથી પહેલાં નિર્ભયતાની જરૂર છે. ધર્મનો કાંઇ પણ ખરો અને ઉપયોગી અર્થ થતો હોય તો તે નિર્ભયતા સાથેની સત્યની શોધ છે. તત્વજ્ઞાન એ સત્યશોધનો એક માર્ગ છે. અને ગમે તે વિષયનું અધ્યયન કરતા હોઇએ છતાં ધર્મ અને તત્વજ્ઞાનનો સંબંધ રહેલોજ છે. એ બંને વસ્તુઓ કોઇ ચોકામાં બંધાતી નથી. મનનાં બધાં દ્વારો સત્યમાટે ખુલ્લાં હોય અને નિર્ભયતા એની પૃષ્ઠભૂમિમાં હોય તો જે કાંઇ વિચારીએ કે કરીએ તે બધું જ તત્વજ્ઞાન કે ધર્મમાં સમાઇ જાય છે.

જીવનસંસ્કૃતિ

જીવનમાંથી મેલ અને નબળાઇ દૂર કરવી અને તેને સ્થાને સર્વાંગીણ સ્વચ્છતા તેમજ સામંજસ્યપૂર્ણ બળ આણવું—એજ જીવનની સાચી સંસ્કૃતિ છે. આજ વસ્તુ પ્રાચીનકાળથી દરેક દેશ અને જાતિમાં ધર્મને નામે પ્રસિદ્ધ છે. આપણા દેશમાં સંસ્કૃતિની સાધના હજારો વર્ષ પહેલાંથી શરૂ થયેલી અને આજે પણ ચાલે છે. આ સાધના માટે ભારતનું નામ સુવિખ્યાત છે. તેમ છતાં ધર્મનું નામ સુગ ઉપજાવનારૂં થઇ પડયું છે અને તત્વજ્ઞાન એ નકામી કલ્પનાઓમાં ખપવા લાગ્યું છે. એનું શું કારણ? એ આજનો પ્રશ્ન છે. એનો ઉત્તર ધર્મગુરૂ, ધર્મશિક્ષણ, અને ધર્મસંસ્થાઓની જડતા તેમ જ નિષ્ક્રિયતામાંથી મળી જાય છે. ધર્મ કે તત્વજ્ઞાન પોતે તો જીવનનું સર્વવ્યાપી સૌરભ છે. એમાંથી આવતી દુર્ગંધ એ તેના દાંભિક ઠેકેદારોને લીધે છે. જેમ કાચું અન્ન અજીર્ણ કરે અને વાસી કે સડેલું અન્ન દુર્ગંધી ફેંકે તેથી ભોજન માત્ર ત્યાજ્ય બનતું નથી અને જેમ તાજા અને પોષક અન્ન વિના જીવન ચાલતું જ નથી તેમ જડતા-પોષક ધર્મનું કલેવર ત્યાજ્ય છતાં, સાચી સંસ્કૃતિ વિના માનવતા કે રાષ્ટ્રીયતા નથી સરજાતી કે નથી ટકતી.

વ્યકિતની બધી શકિતઓ સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ એક માત્ર સામાજિક કલ્યાણની દિશામાં યોજાય ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે. ધર્મ, સંસ્કૃતિ અને તત્વજ્ઞાનની વિકૃત સમજ દૂર કરવા અને સૈકાઓ-જુના વહેમોનું મૂલ ઉચ્છેદવા વાસ્તે પણ સંસ્કૃતિની સાચી અને ઉંડી સમજ આવશ્યક છે.

આ દૃષ્ટિએ ગાંધીજી

આપણે જાણીએ છીએ કે ગાંધીજી એક મહાન રાજપુરૂષ છે. તેમની રાજકીય પ્રવૃત્તિ અને હીલચાલના મૂળમાં સતત વહેતો અમૃતનો ઝરો પુરો પાડનાર કોઇ અખૂટ ઉગમ સ્થાન હોય તો તેમની સંસ્કૃતિવિષયક સાચી સમજ છે. તેમની નિર્ણાયક શકિત, સુનિર્ણયને વળગી રહેવાની મક્કમતા અને ગમે તેના ગમે તેવા જુદાં પડતાં દૃષ્ટિબિંદુઓને સહાનુભૂતિથી સમજવાની મહાનુભાવતા—એ બધું તેમની સંસ્કૃતિની સાચી સમજને જ આભારી છે. એ સિવાય તેમની પાસે બીજું કશું ધર્મબળ નથી. આવી સંસ્કૃતિ-પ્રધાન વિદ્યાનું વાતાવરણ રચવું એ જેમ સંસ્થાના સંચાલકો અને શિક્ષકો પર અવલંબિત રહે છે તેમ વિદ્યાર્થીઓ ઉપર પણ તેનો ઘણો આધાર છે.

ધંધાદારી અને કુટુંબપતિને

આપણે એમ માનીએ છીએ કે જે કાંઈ શિખવાનું છે તે તો માત્ર વિદ્યાર્થીઓને જ શિખવાનું છે અને આપણે ધંધાદારી કે કુટુંબમાં

(અનુસંધાન પૃષ્ઠ ૬૬ જુઓ)

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી સારાભાઇ મગનભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટની વિશિષ્ટ સમિતિએ નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તા. ૧-૬-૪૫ થી ૩૧-૫-૪૬ સુધી એક વર્ષના અભ્યાસ માટે લોન મંજુર કરી છે.

નંબર	નામ	ગામ	રૂા.	નંબર	નામ	ગામ	રૂા.
૧	શ્રી વિનયચંદ્ર પ્રભુલાલ દોશી	મોરબી	૧૨૦	૧૧	,, શાંતિલાલ દેવશીભાઇ પરીખ	લીંબડી	૧૨૦
૨	,, તેજપાલ ચીમનલાલ શાહ	અમદાવાદ	૧૨૦	૧૨	,, છોટાલાલ હીરાચંદ શાહ	રાંદેર	૧૨૦
૩	,, રમણુલાલ ચુનીલાલ ચાંપાનેરીઆ	બોરસદ	૧૨૦	૧૩	,, ભોગીલાલ મુલજીભાઇ શાહ	વઢવાણકેમ્પ	૧૨૦
૪	,, ગુલાબચંદ રતનચંદ નાદર	પુના	૧૨૦	૧૪	,, બાબુલાલ મણિલાલ મહેતા	રામપુરા	૧૫૦
૫	,, મનુભાઇ જેભાઇ શાહ	બેડવા	૧૫૦	૧૫	,, હરિલાલ હરજીવનદાસ શાહ	ભાવનગર	૧૫૦
૬	,, ધીરજલાલ જીવણલાલ શાહ	ભાવનગર	૧૨૦	૧૬	,, મણિકાન્ત રતિલાલ ગાંધી	બેડા	૧૫૦
૭	,, મોહનલાલ ભાઇચંદ શાહ	બારડોલી	૧૨૦	૧૭	,, ચંપકલાલ અમીચંદ મહેતા	મુંબઇ	૧૨૦
૮	,, કાન્તિલાલ ચિમનલાલ શાહ	માંગરોળ	૧૨૦	૧૮	,, રતિલાલ ચુનીલાલ ગુજર	ધરમપુર	૧૨૦
૯	,, અંબાલાલ પુનમચંદ શાહ	ચાણસ્મા	૧૫૦	૧૯	,, પુલચંદ બખ્તાવરમલ બાફના	મારવાડ	૧૨૦
૧૦	,, રતિલાલ જસરાજભાઇ શાહ	સાણંદ	૧૫૦				

શ્રી સારાભાઇ મગનલભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડની વિશિષ્ટ સમિતિએ નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તા. ૧-૬-૪૫ થી ૩૧-૫-૪૬ સુધી એક વર્ષના અભ્યાસ માટે લોન મંજુર કરી છે.

નંબર	નામ	ગામ	રૂા.	નંબર	નામ	ગામ	રૂા.
૧	શ્રી પુષ્પાબેન નગીનદાસ શાહ	ચુંડા	૩૬	૧૬	શ્રી જશવંતલાલ રૂપચંદ શાહ	રાંદેર	૮૭
૨	,, બાબુલાલ કસ્તુરચંદ શાહ	રણુંજ	૩૬	૧૭	,, હરખચંદ ઉગરચંદ શાહ	અહમદનગર	૧૨૦
૩	,, કાન્તિલાલ મોહનલાલ શાહ	રણુંજ	૩૬	૧૮	,, માણેકલાલ હીરાલાલ ચોરડીઆ	ચાલીસગાંવ	૪૮
૪	,, ભોગીલાલ ઉત્તમચંદ શાહ	સંડેર	૩૬	૧૯	,, રાજમલ જવારમલ બોરા	હિપરખેડા	૭૫
૫	,, જયંતિલાલ મણિલાલ શાહ	ધરઢોલ	૬૦	૨૦	,, મીસરીલાલ દગડુલાલ ડુંગરવાળ	પરસુલ	૩૬
૬	,, પ્રમીલાબહેન નગીનદાસ	ચુડા	૪૮	૨૧	,, મનુભાઇ મૂલીચંદ શાહ	માંડલ	૬૦
૭	,, રીખવચંદ પોપટલાલ શાહ	રણુંજ	૪૮	૨૨	,, ચંદ્રકાન્ત આશાલાલ શાહ	માંડલ	૬૦
૮	,, નવીનચંદ્ર પોપટલાલ શાહ	પાળજ	૫૧	૨૩	,, કેશરીમલ હીરાલાલ મહાજન	દેવાસ	૨૦૦
૯	,, જયંતિલાલ મોહનલાલ શાહ	જાલીયાનામઠ	૬૦	૨૪	,, મોતીલાલ ગણેશમલ સુરાણા	પીંપરગાંવ	૪૮
૧૦	,, મનસુખલાલ વાડીલાલ ગાંધી	માંડલ	૬૦	૨૫	,, નવીનચંદ્ર વાડીલાલ ઝવેરી	પુના	૬૦
૧૧	,, રમણિકલાલ મણિલાલ શાહ	માંડલ	૮૭	૨૬	,, ભોગીલાલ જીવરાજ ગુજરાતી	ડુબેરા	૬૩
૧૨	,, કુમારી દમયન્તી કચુભાઇ શાહ	પુના	૪૮	૨૭	,, ધરમચંદ સ્વરૂપચંદ શાહ	માંડવા	૯૭
૧૩	,, કુમારપાળ કચુભાઇ શાહ	પુના	૪૮	૨૮	,, પનાલાલ વનેચંદ ભંડારી	મનમાડ	૬૩
૧૪	,, સૌ. કલાવતી કચુભાઇ શાહ	પુના	૬૦	૨૯	,, મફતલાલ મંગળદાસ શાહ	ખાંડીબાર ગોધરા	૧૨૦
૧૫	,, જયંતિલાલ અમૃતલાલ શાહ	સમની	૬૦				

૧૯૪૪-૪૫ ના વર્ષમાં યુનિવરસિટિ તથા કોલેજની વાર્ષિક પરીક્ષાનાં પરિણામ નીચે મુજબ છે.

	બેઠા	પાસ		બેઠા	પાસ
એમ. બી., બી. એસ. (છેલ્લું વર્ષ)	૩	૨	ફર્સ્ટ એલ એલ. બી.	૧	૧
સેકન્ડ એમ. બી., બી. એસ.	૧	૧	સિનિયર બી. કોમ.	૮	૫
ફર્સ્ટ એમ. બી., બી. એસ.	૪	૪	ઇન્ટર કોમર્સ	૧૦	૬
બી. એસ સી. (ટેક)	૧	૧	ફર્સ્ટ ઇયર કોમર્સ	૧૬	૧૫
સિનિયર બી. એસ સી.	૪	૪	પુના એન્જીનિયરિંગ (ઇલે. મિકે.) છેલ્લું વર્ષ	૧	૧
જુનિયર બી. એસ સી.	૬	૫	,, ,, બીજું વર્ષ	૨	૧
ઇન્ટર સાયન્સ	૧૨	૧૦	,, ,, પ્રથમ વર્ષ	૧	૧
ફર્સ્ટ ઇયર સાયન્સ	૩૩	૩૩	બનારસ ,, ,, છેલ્લું વર્ષ	૨	૨
સિનિયર બી. એ.	૧	૧	,, ,, બીજું વર્ષ	૨	૨
ફર્સ્ટ ઇયર આર્ટ્સ	૪	૩	બી. એસ- સી. (ઇન્ડસ્ટ્રીયલ કેમીસ્ટ્રી)	૧	૧
			બહાર જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓ	૨૩	૨૧

વર્ષ દરમ્યાન ૧૭ ગ્રેજ્યુએટ થયા. એમ. બી., બી. એસ. ૨., બી. એસ સી. (ટેક) ૧., બી. એસ સી. ૪., બી. ઇ. (ઇલે. મિકે.) ૩., બી. એસ. સી. (ઇન્ડસ્ટ્રીયલ કેમીસ્ટ્રી) ૧., બી. કોમ. ૫., બી. એ. ૧.

૧૯૪૫-૪૬ માં દાખલ થવા ૧૬૬ અરજીઓ આવી હતી, તેમાંથી ૫૪ અરજીઓ દાખલ કરવામાં આવી છે. હાલ વાડીલાલ સારાભાઇ વિદ્યાર્થી ગૃહમાં ૧૧૦ વિદ્યાર્થીઓ છે અને એલ્ફીન્સ્ટન રોડ ઉપરના ગોકુળભાઇ મુળચંદ જૈન હોસ્ટેલમાં જે શાખા ખોલવામાં આવી છે તેમાં ૪૮ છે. તે ઉપરાંત ૧૯ વિદ્યાર્થીઓને લોન મંજુર કરવામાં આવી છે.

મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
सत्यनी आणमां रहेनारो बुद्धिमान मानवी मृत्युने तरी जाय छे.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓગષ્ટ ૧૫ ૧૯૪૫

વિગ્રહ વિરામ

આજે જાપાન બીનશરતી શરણાગતી સ્વીકારે છે અને ૬ ૬ વર્ષથી ચાલતા આ ભીષણ વિશ્વવિગ્રહનો એકાએક અણધાર્યો અંત આવે છે. વિગ્રહને અંગે કેટલાય સમયથી ક્ષુબ્ધ બનેલી દુનિયા આજે છુટકારાનો–શાન્તિનો; શ્વાસ ખેંચે છે–ઉગામેલાં શસ્ત્રો મ્યાન બને છે અને દુશ્મનોને સંહારવાને આકાશ વીંધીને ઉડી રહેલા હવાઈ જહાજો આજે સ્થગિત થાય છે. આજે દુનિયાભરનાં કેટલાંયે કુટુંબો લડાઇમાં રોકાયલાં પોતાના સ્વજનો વિષે નિશ્ચિન્ત બને છે અને કેટલાય સમય બાદ દુનિયાના લોકો આજ રાત્રે નિરાંતે ઉંઘવા પામે છે. વર્તમાન વિગ્રહનો વિકરાળ પંજો એક દેશથી બીજા દેશ ઉપર પસરી રહ્યો હતો; આફતોનો જ્યાં ત્યાં વરસાદ વરસી રહ્યો હતો; દેશ દેશની પ્રજાઓ ભયત્રસ્ત બની રહી હતી; દુનિયા ચોતરફથી ઉંધાઇ રહી હતી અને ઉત્તરોત્તર વધતી જતી મુંઝવણો, હાડમારીઓ અને પાયમાલીથી આકુળ વ્યાકુળ બની રહી હતી. આજે સ્વસ્થતાનું, શાન્તિનું, રાહતનું વિરાટ આન્દોલન જગતના ખુણે ખુણે ફરકી રહ્યું હશે અને આધિ, વ્યાધિ અને ઉપાધિથી વિકળ અને વ્યાકુળ બની ગયેલાં લોકહૈયાં આજે 'હાશ' કરીને હેઠાં બેઠાં હશે. દુનિયા આજે દાનવોના પાશમાંથી છુટી; કાળપુરૂષનું તાંડવ નૃત્ય પુરૂં થયું; પ્રલયકારિણી કાળીનું ખપ્પર આજે ભરાઇ ચુકયું; શંકરની સંહારલીલા આજે સમાપ્ત થઈ.

આ યુધ્ધના તત્કાળ પરિણામ લેખે ઉન્નતિ અને શકિતના ઉચ્ચ શિખરે પહોંચેલ જર્મની અને જાપાન પરાસ્ત થયાં અને તે એવી રીતે કે તે બન્ને દેશોને ઉચે આવતાં–અન્ય દેશોની સમકક્ષાએ પહોંચતાં–કોણ જાણે કેટલોયે સમય લાગશે! બન્ને મદોન્મત બન્યા હતા. બન્નેની મહત્વાકાંક્ષાને કોઇ સીમા નહોતી. પોતાના મનોરથોની સિદ્ધિ આડે બન્નેએ માનવતા ઉપર મૂળમાંથી છીણી મૂકી હતી. આપણે આ બન્ને દેશોને આ યુદ્ધ દરમિયાન એક વખત ચડતીની પરાકાષ્ટાએ પહોંચતા જોયા હતા. હીટલરના હોકારાએ જગત હાલી ઉઠતું હતું. યુરોપના ઘણા મોટા ભાગ ઉપર નાઝીનો સ્વસ્તિક ધ્વજ ફરકી રહ્યો હતો. જાપાનના દિગ્વિજયે જગતને ચકિત કરી નાંખ્યું હતું. આજે એ બન્ને સત્તાઓ ભોંય જોગી થઇ બેઠી; હીટલર પૃથ્વીના પેટાળમાં સમાઇ ગયો; જાપાનનો ચડતો સૂર્ય અસ્તાચળની પાછળ અલોપ થઇ ગયો.

આ વિગ્રહનું બીજું પરિણામ ચીનને સ્વાધીન બનાવવામાં અથવા તો જાપાને કેટલાંય વર્ષોથી ભરાવેલી ચુડમાંથી મુકિત અપાવવામાં આવશે. આજે આ વિગ્રહના પરિણામે ચીની પ્રજામાં જેટલો આનંદ વ્યાપી રહ્યો હશે તેટલો આનંદ ભાગ્યે જ અન્યત્ર વર્તતો હશે. છેલ્લે તળીયે બેઠેલું ચીન આજે ઉંચુ આવે છે; તેના માર્ગમાં હજુ અનેક વિઘ્નો આડે ઉભો છે; છતાં આશા રહે છે કે જાપાનના અભેદ્ય ભરડામાંથી છુટકારો પામેલું ચીન હવે જરૂર પોતાનો સર્વતોમુખી મોક્ષ સાધી શકશે.

વર્તમાન વિગ્રહના અન્તભાગમાં બનેલી બે ઘટનાઓ ખાસ વિચારણા માંગે છે. એક તો જાપાનને એકાએક નમાવવા માટે અમેરિકાએ કરેલો અણુબોંબનો ઉપયોગ અને બીજું રશીઆએ જાપાન સામે કરેલી યુદ્ધની એકાએક જાહેરાત. વર્તમાન વિગ્રહ દરમિયાન રશીઆનું સમગ્ર વર્તન ભારે વિવાદાસ્પદ અનુભવવામાં આવ્યું છે. દુનિયાનું ઉદ્ધારક હોવાનો દાવો કરનાર રશીઆ કેવળ સ્વાર્થસાધુ અને સામ્રાજ્યવાદી બની ગયું હોય તેમ તેની વિચિત્ર, કુટિલ અને મહત્વાકાંક્ષી રાજનીતિ ઉપરથી માલુમ પડે છે. જેવી રીતે જર્મનીની વિજયપરિકમ્માનો લાભ ઉઠાવવા ધટલીએ આ યુદ્ધમાં પ્રવેશ કર્યો હતો તેવી જ રીતે અણુબોંબ નીચે દુબવા માંડેલ જાપાનનો પોતા પક્ષે બને તેટલો લાભ ઉઠાવવાની કેવળ અશુભ નિષ્ટાથી જ રશીઆએ જાપાન સામે ચાલતા વિગ્રહમાં પ્રવેશ કર્યો હોય એમ લાગે છે. બીજાને શું મળશે અને શું નહિ મળે એ તો કોને ખબર! પણ સ્ટેલીન જાપાનીઝ શરણાગતીમાંથી ઘણો મોટો લાભ જરૂર ઉઠાવવાનો. રશીઆની જાપાન સામેની યુદ્ધ–જાહેરાતે રશીઆની નિષ્ટા વિષે સંદિગ્ધચિત્ત બનેલા અનેક લોકોને રશીઆવિરોધી બનાવ્યા છે. રશીઆની પ્રતિષ્ઠાને આથી ઘણો મોટો ધક્કો લાગ્યો છે અને ભાવી શાન્તિની સ્થાપનામાં રશીઆ એક મોટું ભયચિહ્ન બન્યું છે.

બે અણુબોંબના ઉપયોગે જાપાનના સુરત અને અમદાવાદ જેવડા બે મોટા શહેરોને તારાજ કરી નાંખ્યા છે અને આ અગમ્ય શકિતનો સામનો કરવા જતાં આખું જાપાન જમીનદોસ્ત બનશે એ ભીતિએ જાપાને હથિયાર હેઠાં મુકયાં છે અને જે યુદ્ધ હજુ છ આઠ મહીના તો જરૂર ચાલશે એમ સૌ કોઇ ધારતું હતું તે યુદ્ધનો એકાએક અન્ત આવ્યો છે. આ અણુબોંબથી ધાર્યું પરિણામ સિદ્ધ થવા બદલ અમેરિકા અને મિત્રરાજ્યો આજે બહુ મલકાઇ રહ્યા છે અને એકમેકનું અભિનન્દન કરી રહ્યા છે, પણ આ અણુબોંબની પ્રલયકારિણી શકિતની વિગતો સાંભળીને આખું જગત હેબતાઇ ગયું છે અને અનેક નિર્દોષ બાળબચ્ચાં અને સ્ત્રીપુરૂષોથી ભરેલાં શહેરોનો આમ આંખના પલકારામાં નાશ થયેલો સાંભળીને જનતાની આંતરડી કકળી ઉઠી છે. આ અણુબોંબના બચાવમાં અમેરિકાના પ્રમુખ ટ્રુમેને મોટો બચાવ કર્યો છે અને જેમ લડાઇનો અંત વહેલો લાવવા માટે અને સુલેહશાન્તિની સત્વર સ્થાપના કરવા ખાતર જ પોતે યુદ્ધમાં પ્રવેશ કર્યો છે એમ રશીઆ દાવો કરે છે તેવો જ દાવો અણુબોંબના પક્ષમાં પ્રેસીડેન્ટ ટ્રુમેન કરી રહ્યા છે, અને વિશેષમાં અમે આ શોધનો લાભ લીધો ન હોત તો જાપાન એ શોધની સમીપ જઇ રહ્યું હતું અને થોડા સમયમાં અમારી સામે આવા જ અણુબોંબનો ઉપયોગ કરવાનું હતું એમ તેઓ બચાવ કરે છે. સભ્યતાપરાયણ જગતને સખ્ત આઘાત લાગે એવા કોઇ પણ પગલાનો આવો જ બચાવ આક્રમણકારી રાષ્ટ્ર હંમેશા કરતું આવ્યું છે. જર્મનીએ લડાઇની શરૂઆત આવા જ બચાવથી કરેલી; રશીઆ સામેના આક્રમણનો પ્રારંભ આવી જ દલીલોથી કરવામાં આવેલો. રશીઆની પોલાંડ સામેની નીતિનું આ જ રીતે સમર્થન કરવામાં આવે છે. કાં તો આત્મરક્ષણ અથવા તો જગતનું કલ્યાણ આ બે સિવાય જાણે કે બીજું કોઇ પણ કારણ અજાણ્યું! સત્તાધારી રાષ્ટ્રોને કોઇ પણ અન્ય રાષ્ટ્ર ઉપર અનર્થોની–દુર્દશાની–આંધી વરસાવવા પાછળ હોતું જ નથી એમ દુનિયાને સમજાવવામાં આવે છે. પણ આ તો કેવળ સાધુતાના વેશમાં નરી પીશાચી મનોદશાનું જ પ્રદર્શન ચાલી રહ્યું છે. અણુબોંબનો આવો ઉપયોગ નરી નિષ્ઠુરતા જ દાખવે છે અને બતાવે છે કે જર્મની અને જાપાનનું દમન કરવામાં મિત્રરાજ્યો સવાઇજર્મન અને સવાઇજાપાન બની રહ્યા છે. અણુબોંબની વિનાશકતાની અપેક્ષાએ જર્મનીની સંહારકતા અને તદ્વિષયક જનતાની ધૃણા ગૌણ બની જાય છે.

અણુબોંબ હિંસક વૃત્તિ અને શકિતની પરાકાષ્ટા સૂચવે છે. એના ઉપયોગથી જેમ વર્તમાન વિગ્રહમાં મિત્રરાજ્યોને મળેલો સર્વાંગી વિજય કલંકિત બન્યો છે તેવીજ રીતે આગામી યુધ્ધ જ્યારે પણ ફાટી નીકળે ત્યારે કેટલું ભયાનક, ભીષણ અને પ્રલયકારી હશે એનું જગતને ભાન થયું છે. જેવી રીતે હવાઇ બોંબમારાએ જુના વખતના કીલ્લાઓ અને એવી અન્ય રક્ષણ યોજનાઓને નિરર્થક બનાવી દીધી છે, તેવી જ રીતે આ નવી સંહારક શકિત હવાઇ તેમ જ

દરિયાઈ જહાજોની રક્ષણ કે સંહારશક્તિને લગભગ શૂન્યવત બનાવે છે. આજે આવા સો બસો બૉંબની માલેકી ધરાવનાર દેશ અગણ્ય સૈન્ય અને યુદ્ધસામગ્રી ધરાવનાર દેશથી ઘણી ચડીયાતી સંહારશક્તિનો સ્વામી બને છે. આ બૉંબ શાસ્ત્રમાં વર્ણવેલી તેજોલેશ્યા જેવો છે. આજે તે અન્યનો વિનાશ કરી રહેલ છે, પણ દુનિયા આજથી નહિ ચેતે અને કાયમી સુસ્નેહશાન્તિની મજબુત પાયા ઉપર સ્થાપના નહિ કરે તો એ તેજોલેશ્યા અણુબૉંબના શોધકો અને પ્રયોજકો ઉપર જ પાછી ફરવાની છે. આ અણુબૉંબે અસહાય દેશોની શસ્ત્ર-વિષયક અસહાયતામાં તો જરૂર ઘણો વધારો કર્યો છે; પણ સાથે સાથે અણુબૉંબના શોધક અને અનુમોદક દેશોએ પોતા ઉપર જ એક જબ્બર-જસ્ત કાળચક્ર ઉભું કર્યું છે, કારણ કે તેઓ કહેવાય છે તો મિત્રરાજ્યો; પણ આજે પણ તેઓમાં પરસ્પર સંપૂર્ણ એકદીલી છે એમ માનવાને કશું જ કારણ નથી અને અન્યના ભેગે અને અન્યને દબાયલા રાખીને આત્મવિસ્તાર શોધી રહેલા અને સાધી રહેલા મિત્રરાજ્યો આવતી કાલે પરસ્પર અથડાયા સિવાય શી રીતે રહેવાના છે?

અણુબૉંબના બચાવમાં એમ કહેવામાં આવે છે કે આ શોધનો જરા પણ દુરૂપયોગ ન થાય તે માટે આ શોધ અત્યન્ત ગુપ્ત રાખવામાં આવશે અને તેનાથી જનતાને લાભ થાય એવી કેટલીયે કરામતો શોધવામાં આવશે. પહેલાં તો વૈજ્ઞાનિકોએ કરેલી કોઈ પણ શોધ લાંબા સમય સુધી ગુપ્ત રહી શકી જ નથી. આવી કોઇ ગુપ્તતા આજે શકય કે સંભાવિત જ નથી. બીજું તેનો વ્યાપાર ઉદ્યોગમાં લાભ ઉઠાવી શકાય એવી ભલે ગમે તેટલી કરામતો શોધાય પણ એથી અણુબૉંબની સંહારશકયતા કદિ નાબુદ થઈ શકવાની નથી. એ શકયતામાં તો દિનપ્રતિદિન વધારો જ થવાનો છે.

અને તેથી આજની દુનિયા સામે આ મોટો પ્રશ્ન આવીને ઉભો રહે છે. ૧૯૧૪-૧૮ ના યુરોપીય વિગ્રહથી પુરો બોધપાઠ દુનિયાને મળ્યો નહોતો અને તેથી ૧૯૩૯-૪૫ નો વિશ્વવિગ્રહ આવીને ઉભો રહ્યો અને આ વૈજ્ઞાનિક વિગ્રહનું ઉત્તરોત્તર વધતું જતું પીશાચી સ્વરૂપ દુનિયાએ નરી આંખોએ જોયું-નિહાળ્યું. અને સાથે સાથે અણુબૉંબ દ્વારા કેવા ભાવી તરફ આજની દુનિયા ધસડાઇ રહી છે એની પણ આજની દુનિયાને ઝાંખી થઇ ચુકી. આજે પણ હવે એના એ જ રસ્તે એટલે કે સરમુખત્યારવાદ, સામ્રાજ્યવાદ, મુડીવાદ, આત્યન્તિક યંત્રવાદ, નિર્બળ ઉપર સબળનું સર્વોપરીપણું આ માર્ગે જ આજની દુનિયા ચાલવા માંગે છે કે એથી અન્ય કોઇ માર્ગ ઉપર દુનિયા પોતાની ચાલ બદલવા માંગે છે? હિંસાની પરાકાષ્ટાએ પહોંચી રહેલ દુનિયા સત્વર આત્મવિનાશ નોતરી રહેલ છે. એક બાજુએ અણુબૉંબ દ્વારા પ્રગટ થતી આજના સત્તાધારી દેશોની હિંસા-પરસ્તી છે; બીજી બાજુએ જે યુગમાં આપણને અણુબૉંબનું દર્શન થયું છે એ જ યુગમાં ગમે ત્યારે પણ જેમનો જીવનપ્રદીપ ઓલવાઇ જાય એવી અત્યન્ત નાજુક શરીરસ્થિતિ ધરાવતા ગાંધીજીની અહિંસા-પરસ્તી 'ચેતો ચેતો'નો પોકાર કરી રહી છે. વિનાશ અને ઉદ્ધારની બને ચાવીઓ જગત્ આગળ વિધાતાએ રજુ કરી છે. એક રીતે યુદ્ધના અન્તભાગમાં અણુબૉંબ પ્રગટી નીકળ્યો એ બહુ જ સારૂં થયું. નહિ તો જાપાન તો થોડા સમયમાં પરાસ્ત થવાનું જ હતું અને આ યુદ્ધનો બહુ થોડા સમયમાં અન્ત આવવાનો જ હતો. પણ એમ છતાં પણ જગત તો એના એ જ માર્ગે આંધળાની માફક દોડયા જ કરતું હોત. અણુબૉંબ જગત્ની આંખ ઉઘાડે છે અને કઇ દિશાએ જગત્ ગતિ કરી રહ્યું છે તેનું ભાન કરાવે છે; ગાંધીજી તેમાંથી બચવાનો માર્ગ દેખાડે છે. જગત્ને ઠીક લાગે તો અણુબૉંબના માર્ગે ચાલીને જગત્ પોતાનું આત્મવિક્ષેપન સ્વીકારી લે; ઠીક લાગે તો ગાંધીજીનો માર્ગ સ્વીકારીને જગત આ પૃથ્વી ઉપર સ્વર્ગનું સર્જન કરે.

પરમાનંદ

વ્યાપારનું નૈતિક અધઃપતન

[શુક્રવારે સાંજે સતીયા નિરાશ્રિત ભોજનાલયના ચોગાનમાં શહેરના આશરે ૧૬૨ વેપારી મહાજનો તરફથી સરદાર વલ્લભભાઇનો સત્કાર કરવામાં આવ્યો હતો. હજારો શ્રોતાઓએ હાજરી આપી હતી. શ્રી ચંદુલાલ સતીયાએ આજની પરિસ્થિતિનું નીચે મુજબ નિવેદન વાંચ્યું હતું.]

"ઓગસ્ટ ક્રાન્તિમાં વિદ્યાર્થીઓ તથા મિલ કામદારોએ સુંદર ફાળો આપ્યો છે, પણ વેપારીઓ તથા મિલમાલિકોએ પ્રજાને સારી રીતે ચૂસી સરકારના ટેકસ ઉઘરાવનાર દલાલો તરીકે કામ કર્યું છે. પ્રજાને કાપડના અનહદ ભાવ આપવા પડયા. ૧૯૪૩ માં સરકારે કાપડનો કન્ટ્રોલ શરૂ કર્યો, જે ખરી રીતે મિલ માલિકો અને વેપારીઓની ફરજ હતી. આ પ્રસંગ ખરેખર અમો બધા માટે શરમાવનારો કહેવાય. સરકારી ખરીદી, પરદેશ નિકાસ વગેરે કારણે કાપડની તંગી રહી, સરકારે નાણાંનો કૃત્રિમ પુરવાનો ધોધ વહેતો મૂકયો, અમારી વેપારીઓની નાણાંની ભૂખ વધતી ચાલી. કાળા બજાર નીપજાવ્યાં. દરેક વસ્તુના કાળાં બજાર થયાં. મધ્યમ વર્ગની મુસ્કેલીનો પાર ન રહ્યો. ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સોનાના ચળકાટમાં બધું ભૂલી ગયા અને એ રીતે નૈતિક અધઃપતન નોતર્યું. બધું સાંભળતાં તમને ખેદ થશે પણ આ બધી હકીકત નગ્ન સત્ય છે. હવે તો માત્ર સરદારશ્રી! આપ સલાહ આપીને જોવ કે હવે બસ કરો, પ્રજાને વધુ ન લૂંટો અને ધંધામાં પણ નીતિનું ધોરણ રાખો." **પ્રજાબંધુમાંથી ઉધ્ધૃત.**

* * * *

તા. ૩-૮-૪૫ ના રોજ સીડનહામ કોલેજ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કરતાં આચાર્ય શ્રી કિરપલાણીજીએ જણાવ્યું હતું કે:—

"આજની રૂઢિગત વ્યાપારી નીતિમાંથી સમાજ પ્રત્યેની નૈતિક જવાબદારીનો ખ્યાલ તદ્દન લય પામી ગયો છે. ખરી રીતે માનવ-જીવનમાં તેના વિશિષ્ટ પ્રદેશની તેણે તદ્દન ઉપેક્ષા કરી છે. મૂળમાં સમાજની ચોકકસ સગવડો પૂરી પાડવા માટે તેમજ જુદી જુદી વસ્તુઓના વિનિમય માટે વ્યાપાર પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પણ આજે તે કેવળ દ્રવ્યોપાર્જક વ્યવસાયમાં અવનત થયેલ છે. વ્યાપારના ક્ષેત્ર જેટલું બીજા કોઇ પણ વ્યવસાયમાં દ્રવ્યને આટલું મોટું મહત્વ આપવામાં આવતું નથી. માનવજીવનમાં તેણે જે સામાજીક કાર્યની પુરવણી કરવાની છે તેની તદ્દન ઉપેક્ષા કરવામાં આવી છે. બધા ધંધાઓ એક યા બીજી રીતે લોકોની સામાજીક જરૂરીયાતોને પહોંચી વળવાના હેતુથી નિર્માણ થયા છે. પણ આજે આપણને માલુમ પડે છે કે વૈદ, વકીલ અને વ્યાપારી પોતાના ભોગોપભોગ માટે જ ઢગલાબંધ ધન એકઠું કરે છે, જ્યારે એ ધનનો મૂળ પેદા કરનાર ભૂખે મરતો જોવામાં આવે છે. કાળા બજારનો પૈસો ધર્મ-શાળાઓ બંધાવવા પાછળ વપરાય છે, અને તેમાંનો કેટલોક ગાંધીજીના ફંડમાં પણ ભરવામાં આવ્યો છે, પણ જો કોઇ ભૂખ્યો માણસ તેમના બારણે આવીને ઉભો રહેશે તો તેમનો તરફથી 'વ્યાપાર એ વ્યાપાર છે' એમ જવાબ મળવાનો, જેનો બીજો અર્થ છેતરપીંડી જ થાય છે.

જો સમાજને આગળ વધવું હોય તો આવી આત્મવંચનાનો છેડો આવવો જોઇએ. આજની ચાલુ વ્યાપારનીતિ સર્વ નૈતિક જવા-બદારીના ખ્યાલથી વંચિત બની છે અને લોકોની જરૂરીયાતો કે સગવડ, અગવડનાં ખ્યાલની તદ્દન ઉપેક્ષા કરી રહી છે. દેશ પ્રત્યે તેમજ લોકો પ્રત્યે તેમની ચોકકસ ફરજો છે એ વ્યાપારીઓ તદ્દન ભૂલી ગયાં છે. એ બરોબર છે કે જે દેશમાં રાજસત્તા પોતે જ અર્થશોષણ કરી રહેલ હોય અને કાળા બજારની ઉપેક્ષા કરતી હોય, ત્યાં લોકોને કશી સંગીન રાહત આપવાનું સંભવિત નથી. એમ છતાં પણ લોકોની હાડમારીઓ અને દુઃખો હળવાં

કરવાનું અનેક રીતે શક્ય છે. જો કે વ્યાપાર કેવળ દ્રવ્યલોલુપ બની ગયેલ છે એમ આજે આપણે કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી, એમ છતાં પણ વ્યાપાર એક વખત અન્ય વ્યવસાય જેટલી જ એક ઉમદા પ્રવૃત્તિ હતી. દ્રવ્યોપાર્જન એ તેનો મુખ્ય આશય ન હતો. આ તત્ત્વ જો સહુ કોઇ બરોબર સમજે અને તે પ્રમાણે તેનો અમલ કરે તો દેશનું અવશ્ય ઘણું શ્રેય થાય.

આજની મુડીવાદી પદ્ધતિ વ્યાપારી વર્ગોએ નિર્માણ કરી છે. હિંદુસમાજ રચનામાં વૈશ્યોને અન્ય વર્ગોથી અલગ લેખવામાં આવ્યા છે. એ ભારે દુરંદેશી ભર્યું તત્ત્વ છે. તેમનામાં ક્ષત્રીયની યુદ્ધશક્તિ નહોતી કે બ્રાહ્મણોનું પાંડિત્ય નહોતું. હિંદુ સમાજ રચનામાં જે વર્ગને અલગ કરવામાં આવ્યો હતો તેની પશ્ચિમમાં ભેળસેળ થઈ ગઇ છે, અને સૌ કોઇ વ્યાપારપરાયણ બની ગયા છે. આના પરિણામે શાહીવાદ અને ફાસીવાદ અસ્તિત્વમાં આવ્યા છે, અને તેના પ્રત્યાઘાત રૂપે સામ્યવાદનો પણ પ્રાદુર્ભાવ થયો છે. આ બન્ને પદ્ધતિનાં પરિણામો સમાજ માટે અત્યંત પ્રાણઘાતક નિવડયાં છે. આ બન્ને દૈત્યોને દૂર રાખે એવા કોઇ મધ્યમ માર્ગની આવશ્યકતા ઉભી થઈ હતી, અને ગાંધીજીએ આર્થિક સમધારણ ઉપસ્થિત કરતી પધ્ધતિ રજુ કરીને આ મધ્યમ માર્ગ પુરો પાડયો છે. ઉદ્યોગીકરણ સમાજને કેટલું ઉપયોગી છે અથવા સમાજ ઉપર તેનું કેટલું શાસન યોગ્ય ગણાય એ ગાંધીજીની યોજનામાં બહુ સુંદર રીતે રજુ કરવામાં આવ્યું છે. દરેક વસ્તુ પોતપોતાના યોગ્ય સ્થાને ગોઠવાઇ જાય એવું માનવજીવનનું સર્વતોમુખી દર્શન તેમાંથી મળી રહે છે. તેમણે જીવનનું અર્થશાસ્ત્ર પ્રજા સમક્ષ રજુ કર્યું છે. સામ્યવાદ આખા દેશને એક ફેકટરી સમાન કલ્પે છે. ફેકટરી ચલાવવા માટે એક સર્વસત્તાધીશ મેનેજર જોઇએ અથવા તો એક એવું સત્તાધારી નાનું સરખું મંડળ જોઇએ. જો ઉદ્યોગ અને વ્યાપાર ઉપર જ બધી બાબતોને નિર્ભર કરવી હોય તો સર્વ કાંઇ કેન્દ્રીભુત કરવું જોઇએ. આના પરિણામે વ્યક્તિસ્વાતંત્ર્ય સર્વથા નાબુદ થાય અને બૌદ્ધિક વિશેષતાની કોઇ ઉપયોગીતા રહે નહિ. આ રીતે વિચારતાં માણસ અને મશીન બેમાંથી કોને વધારે મહત્વ આપવું એ કોયડો આપણી સમક્ષ આવીને ઉભો રહે છે. તમે મશીનને વધારે પસંદગી આપો તો તમે સામ્યવાદ તરફ઼ ઢળો છો. અન્યપક્ષે ગાંધીજી માણસને પ્રાધાન્ય આપે છે અને મશીનને ગૌણ સ્થાન અર્પે છે. એક બાજુએ સર્વ સત્તાધીશ રાજ્યતંત્ર, યંત્રવાદ અને સરમુખત્યારી અને બીજી બાજુએ સત્તા અને યંત્રસમુહનું વિકેન્દ્રીકરણ આ બે વચ્ચે આખા જગતે પસંદગી કરવાની રહે છે. આજની વિશ્વસમસ્યાનું આ સ્વરૂપ છે. બધી બાબતોનું વિકેન્દ્રીકરણ થાય એવી જનતાના ભાવીની અપેક્ષા છે. વિકેન્દ્રીકરણ અર્થવિરોધી નથી, એટલું જ નહિં પણ વિજ્ઞાનવિરોધી પણ નથી. વિદ્યુત શક્તિના આગમન સાથે જેમ વિજ્ઞાનશાસ્ત્રીઓ મોટાં મોટાં કારખાના બાંધે છે તેમ ઘરગતુ કાર્યો સાધવા માટે નાનાં કારખાનાઓ પણ બાંધી શકે છે. દરેક કુટુંબ ખેતી કરી શકે છે તેમજ એટલી સરળતાથી પોતપોતાના ઘરગતુ ઉદ્યોગો પણ સંભાળી શકે છે. ગાંધીજીએ પોતાની યોજનાને પુરેપુરી વિકસાવી નથી તે બરોબર છે, પણ ગાંધીજીએ જે આદર્શ આપ્યો છે તેને વાણીદ્વારા વ્યક્ત કરવો અને પ્રયોગદ્વારા સિદ્ધ કરવો તે આજના વિદ્યાર્થીની ફરજ છે.''

અનુવાદક પરમાનંદ.

સંઘ સમાચાર

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો તા. ૩-૯-૪૫ સોમવારથી પ્રારંભ થશે. આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની અને સ્થાનકવાસી વિભાગની સાંવત્સરિક પર્વતિથિઓ અલગ દિવસો ઉપર આવવાથી આઠને બદલે નવ દિવસ ગોઠવવામાં આવી છે. શરૂઆતના સાત દિવસ શ્રી. વીઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનમાં સવારના નવથી અગિયાર સુધી હંમેશાં બે વ્યાખ્યાનો આપવામાં આવશે. છેવટના બે દિવસો માટે હજુ સ્થળ મુકરર કરવામાં આવ્યું નથી. પહેલા દિવસે પંડિત સુખલાલજી ''ઐતિહાસિક દૃષ્ટિએ ભગવાન મહાવીર'' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. તદુપરાન્ત 'સ્યાદ્વાદ–અને સર્વ ધર્મ સમભાવ' એ વિષય ઉપર પહેલા અને બીજા દિવસે કાકાસાહેબ અનુક્રમે બે વ્યાખ્યાન આપશે. આ ઉપરાંત જાણીતા સાહિત્યકાર શ્રી. જૈનેન્દ્રકુમારે આ વ્યાખ્યાનમાળામાં 'મત અને ધર્મ' તથા 'સેવા અને ધન' એ બે વિષય ઉપર વ્યાખ્યાન આપવા કબુલ્યું છે. અન્ય વ્યાખ્યાતાઓ તેમજ તેમના વિષયો હજુ નિશ્ચિત થયા નથી, પણ આ વખતની વ્યાખ્યાનમાળા અનેક રીતે રસપૂર્ણ અને ઉદ્બોધક બનશે એવી આશા રહે છે.

શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણીની ગ્રામપ્રવૃત્તિ

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને તા. ૧૧-૮-૪૫ નાં રોજ શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી મુંબઇની નજીક આવેલા વજ્રેશ્વરીની આસપાસનાં ગામડાઓમાં જે કામ કરી રહ્યા છે તેનો ખ્યાલ આપવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા. ખાદી પ્રવૃત્તિ સાથે પ્રારંભથી જોડાયલા શ્રી વીઠ્ઠલદાસ ભાઇને કોણ નથી ઓળખતું? ખરી રીતે લગભગ ૧૯૦૫ થી શરૂ થયેલ અને મુંબઇમાં ત્યારથી ચાલી રહેલ સ્વદેશીની પ્રવૃત્તિ સાથે તેમનો મૂળથી ઘનિષ્ઠ સંબંધ હતો અને લોકમાન્ય તીલક સાથે તેમના અવસાન સુધી શ્રી વીઠ્ઠલદાસભાઇએ સ્વદેશીના ક્ષેત્રમાં મુંબઇ ખાતે પુષ્કળ કામ કર્યું હતું. ત્યાર પછી ગાંધીજીની ખાદીની પ્રવૃત્તિ શરૂ થઇ અને તેમાં ઓતપ્રોત બનીને તેમણે આજ સુધી આપણા દેશને પુષ્કળ સેવા આપી. કાલબાદેવી ખાદી ભંડાર એ તેમનું મુખ્ય કાર્યાલય રહેતું. છેલ્લાં ચાર પાંચ વર્ષથી એ કાર્યનો બોજો તેમણે શ્રી કાકુભાઇના માથે નાખ્યો છે અને છેલ્લાં ત્રણેક વર્ષથી તો તેઓ વજ્રેશ્વરી પાસેના અકલોલ નામના ગામડામાં જઇને બેઠા છે અને ગામડાંનો લોકોની પરિસ્થિતિનો તલસ્પર્શી અભ્યાસ કરી રહ્યા છે અને એ પ્રદેશને અનુકુળ ગ્રામોદ્યોગો વિકસાવીને એ દ્વારા એ લોકોની શક્ય તેટલી સેવા સાધી રહ્યા છે. ઉપર જણાવેલ સભામાં તેમણે પ્રારંભમાં સ્વદેશીના ક્ષેત્રમાં શું શું કામ કર્યું હતું. એ પ્રવૃત્તિ ખાદી કાર્યમાં કેવી રીતે રૂપાન્તર પામી, એ કાર્યમાં તેમને શું શું અનુભવ મળ્યો. વજ્રેશ્વરી જવાનું શી રીતે બન્યું અને ત્યાં તેમણે શું જોયું, જાણ્યું અને અનુભવ્યું તેનો તેમણે બહુ વિગતવાર ખ્યાલ આપ્યો હતો. તેઓ જે પ્રદેશમાં વસે છે ત્યાંની વસતી અત્યન્ત પછાત વર્ગની બનેલી છે અને ત્યાં વસતો ઉંચામાં ઉંચો વર્ગ કણબી કોળીનો છે. વાણીયા બ્રાહ્મણનું તો ત્યાં લગભગ નામનિશાન નથી. તે લોકોની આપણી કલ્પનામાં ન આવે તેવી ગરીબાઇ, પ્રમાદ–શીલતા, અજ્ઞાન, શારીરિક નાદુરસ્તી અને સરકાર, શાહુકાર અને ઉદ્યોગપતિઓના હાથે થતું તેમનું ચાલુ શોષણ–આ બધી બાબતોનો તેમણે અત્યન્ત હૃદયસ્પર્શી ખ્યાલ આપ્યો હતો. લગભગ બે કલાક સુધી તેમનું કથન લંબાયું હતું અને એમ છતાં તેમને કહેવાનું ઘણું બધું રહી ગયું હતું. તેમ કાર્યનો અને કાર્યક્ષેત્રનો ખ્યાલ આપતા કેટલાંક ચિત્રો તેમજ ત્યાં ચાલતા ઉદ્યોગોના કેટલાક નમુનાઓ તેમણે રજુ કર્યા હતા. એક નવલોહીયા યુવાનને અનુરૂપ ધગશ, સેવાપરાયણતા, ઉત્સાહ અને પોતાથી હજુ કશું જ થઇ શકયું નથી એવી નમ્રતા તેમજ અસંતોષનો પ્રેરણાદાયી અનુભવ કરાવતા લગભગ ૭૦ વર્ષના શ્રી જેરાજાણીને સાંભળવા એ એક જીવનનો લહાવો છે. અન્તમાં ગ્રામસેવાના ક્ષેત્રમાં તેમના બહોળા અનુભવનો પ્રબુદ્ધ જૈનના વાચકોને અવારનવાર લાભ આપવાની વિનંતિ સાથે તેમનો ઉપકાર માનીને સભા વિસર્જન કરવામાં આવી હતી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ।

[તા. ૨૮-૭-૪૫ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલા સન્માન સમારંભ પ્રસંગે અનેક મિત્રોએ કરેલી તેમની ગુણપ્રશસ્તિના ઉત્ત રૂપે શ્રી શાન્તિલાલભાઇએ આપેલા વ્યાખ્યાનનો સાર ભાગ નીચે મુજબ હતો.]

મિત્રો, આ રીતે મારૂં સન્માન કરવા બદલ તમો સર્વનો હું અન્તઃકરણપૂર્વક ઉપકાર માનું છું. મારા લાંબા જેલવાસને મેં મોટા આત્મભોગ તરીકે તમોએ વર્ણવ્યો છે. કારણ કે જેલની સાથે અનેક પ્રકારનાં દુઃખો અને કષ્ટો સહન કરવાનો ખ્યાલ સાધારણ રીતે જોડાયલો હોય છે. પણ આ વખતનો અમારો જેલવાસ આવા કોઈ દુઃખોથી ભરેલો નહોતો. ઘર છોડીને લગભગ ત્રણ વર્ષ અમુક એક સ્થળે બંધાઇને રહેવું પડયું એ બરોબર છે, પણ આવા લાંબા જેલવાસ દરમિયાન જે વાંચન, લેખન, ચિન્તન અને ચર્ચાનો લાભ મળે છે તે લાભનો વિચાર કરતાં મેં જેલ જવામાં કોઇ મોટો ભોગ આપ્યો હોય એમ મને લાગતું નથી. સરવાળે ફાયદો જ થયો છે.

મારી કહેવાતી સાદાઇના તમો ભાઇઓએ બહુ વખાણ કર્યા છે, પણ એ મારી સાદાઇ મારા કોઇ ખાસ ગુણ તરીકે મને લાગતી નથી. વસ્તુતઃ હું નાનો હતો ત્યારે અણઘડ હતો. મને કપડાનું કે સ્વચ્છતાનું ભાન નહોતું. તે વખતે મારો એક સહાધ્યાયી મિત્ર હતો. તેને હું અભ્યાસમાં મદદ કરતો. તે મિત્ર મારાં કપડાંલતાં વગેરેની સંભાળ રાખતો અને મને સુઘડ બનાવવા સદા પ્રયત્નશીલ રહેતો. ઘરસંસારમાં પડયા પછી આ કામનો બોજો મારી પત્નીએ ઉપાડયો છે. જ્યારે તમે મારામાં સાદાઇનો આરોપ કરો છો ત્યારે મને મારી જાત વિષે એટલો જ ખ્યાલ આવે છે કે હું પહેલાં કરતાં ઓછા અણઘડ અને વધારે સુઘડ બન્યો છું. આ મારી આત્મસુધારણાને આ રીતે મૌલિક ગુણ તરીકે વર્ણવવામાં આવે છે તેમાં અતિશયોક્તિ થાય છે એમ મને લાગે છે. હું આધ્યાત્મિક વૃત્તિ કે વળણનો માણસ નથી. હવે પછીના ભવના કે પુનર્જન્મ છે કે નહિ એવા પ્રશ્નોમાં મને રસ પડતો નથી. દેશના અને સમાજના ઐહિક પ્રશ્નોમાં જ મને રસ છે અને તેને સમજવા, તેનો ઉકેલ શોધવો અને દેશ અને સમાજનાં કાર્યોમાં બને તેટલો ફાળો આપવો એ જ મારૂં જીવન લક્ષ્ય છે. જે મારાથી થઈ શકતું નથી તેની યોગ્યાયોગ્યતાની ચર્ચામાં હું પડતો નથી. દાખલા તરીકે રાત્રી ભોજનનો ત્યાગ મારા માટે શકય નથી એમ મને લાગે છે. તો પછી રાત્રી ભોજન યોગ્ય છે કે અયોગ્ય તેની ચર્ચામાં હું કશો રસ અનુભવતો નથી. મંદિરે જવાનો કાંઇ અર્થ નથી એમ એક વાર મને ભાસ્યું. પછી હું મંદિરે જતો નથી. મારી સાથે મારી પત્ની તેમજ બાળકો હોય અને તેમને મંદિરમાં જવાની ઇચ્છા હોય ત્યારે 'તમે બધાં મંદિરમાં જઇ આવો, હું બહાર બેઠો છું' એમ કહીને હું બહાર બેસી રહ્યો હોઉં એમ પણ કદિ કદિ બન્યું છે. શોખને ખાતર કોઇ કોઇ વાર ધર્મની અને અધ્યાત્મના પ્રશ્નો વિષે મિત્રો સાથે લાંબી લાંબી ચર્ચાઓ કરી હશે; પણ એ મારા ખાસ રસનો કે અભ્યાસનો વિષય નથી. હું આખરે સંસારી માણસ છું અને કોંગ્રેસ, રાજકારણ, આન્તર રાષ્ટ્રીય સમસ્યા, હિંદુ મુસલમાન એકતા, અસ્પૃશ્યતા નિવારણ, સમાજની પુનર્રચના, અર્થ-શાસ્ત્ર, હરિજન સેવા, મજુરો અને ખેડુતોના પ્રશ્નો, દલિત વર્ગોનો ઉદ્ધાર, સમાજવાદ અને સામ્યવાદ—આવા આપણા સંસારના પ્રશ્નોમાં જ હું સાધારણ રીતે રસ લઉં છું.

આજ પોરણે મને કોઇ પણ કોમ કે સંપ્રદાયના પ્રશ્નોમાં રસ નથી. તેમાં હું પડતો નથી. રાષ્ટ્રના વિશાળ વિષયમાં કોમ અને સમાજ આવી જાય છે એમ હું માનું છું. આજ રીતે મને સાંપ્રદાયિક સાધુઓના પરિચયની કદિ ઇચ્છા નથી. તેમના સાંકડા જીવનદર્શન સાથે મારો મેળ નથી ખાતો. હું કોઇનો શિષ્ય નથી. કોઇ પાસે મેં ધર્મ-દીક્ષા લીધી નથી.

આવી મારી મનોદશા હોવા છતાં હું શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ઘણાં વર્ષોથી સભ્ય છું અને એ સંઘના સભ્ય હોવામાં મેં ગૌરવ ચિન્તવ્યું છે. આનાં બે કારણ છે. એક તો શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું કાર્ય અને કાર્યક્ષેત્ર ભલે નાનું હોય, એમ છતાં પણ એ સંઘની આખી વિચારભૂમિકા અતિ વિશાળ અને સુમાજક્રાન્તિની સર્વ રીતે સમર્થક છે. સંઘનું બંધારણ એવું છે કે તેમાં કોઇ પણ રાષ્ટ્રવાદી મોકળા મને જોડાઇ શકે છે. સંઘની વિવિધ પ્રવૃત્તિઓ પણ રાષ્ટ્રવાદથી રંગાયલી છે અને સાર્વજનિકતા તરફ ઢળેલી હોય છે. બીજું કારણ સંઘના પ્રમુખ કાર્યકર્તા શ્રી. પરમાનંદ અને મણિભાઇ એ બે જ્યાં હોય ત્યાં જોડાવામાં મારી જેવાને કોઇ વાંધો કે સંકોચ હોઇ જ ન શકે. આ બેમાંથી પણ શ્રી. મણિભાઇ સંઘનો ખરો આત્મા છે. સંઘના ઉત્કર્ષની સર્વ ચિન્તા તેમના હૈડે છે. તેમનું હૃદય શુદ્ધ સેવાભાવથી સદા ધબકતું હોય છે અને તે સેવા-ભાવમાં કોઇ નાતજાતનો ભેદ મેં જોયો નથી. તેમનું તમોએ ગયે વર્ષે જે થેલી આપીને સન્માન કર્યું હતું તેમાં હું હાજર રહી શકયો નહોતો; તેથી આજે હું તેમને જાતે અંજલિ આપીને કૃતાર્થતા અનુ-ભવું છું. અહિં હું સ્પષ્ટ કરૂં કે જૈન ધર્મના મૂલભૂત આચાર વિચારો—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એમાં હું માનું છું અને એની ઉપયોગિતા હું સ્વીકારૂં છું. મને તેના ક્રિયાકાંડમાં અને સાંપ્રદાયિક મતભેદોમાં કશો રસ નથી. મુંબઇ જૈન યુવક સંઘ પણ આવી વિશાળ ભૂમિકા ઉપર રચાયલો હોઇને તેમજ રાષ્ટ્રીય ભાવનાથી સંપૂર્ણપણે ઓતપ્રોત હોઇને તે સંઘ પ્રત્યે મારૂં મમત્વ રહ્યું છે અને જો કે મેં સંઘની કોઇ ખાસ સેવા બજાવી નથી, છતાં પણ જ્યારે સંઘનું કોઇ પણ કાર્ય પરમાનંદે કે મણિભાઇએ મને બતાવ્યું છે ત્યારે તે કાર્યને પહોંચી વળવામાં મેં આનંદ માન્યો છે.

કોઇ પણ કામને મેં નાનું કે મોટું માન્યું નથી. જ્યારે જે કોઇ કામ આવ્યું અને મેં સ્વીકાર્યું તો તેને પુરી ચીવટથી કેમ પાર પાડવો એ જ મારૂં લક્ષ્ય રહે છે.

મારા જેવાની સેવાઓના અને કાર્યના જ્યારે બહુ વખાણ કરવામાં આવે છે અને એ બધી સેવાઓ અને કાર્યનો અમને જ બધો યશ આપવામાં આવે છે ત્યારે જેના ચાલુ મુંગા સહકારથી આવાં કાર્ય અને સેવાઓ શકય બને છે તે અમારી પત્નીઓનો આમાં કેટલો મોટો ફાળો હોય છે તેનો સાધારણ જનતાને પુરો ખ્યાલ હોતો નથી. ઘણી વાર એવું બને છે કે દુઃખ, આફત અને સંકટો રાજકારણી કાર્યકર્તાઓની પત્નીઓ ભોગવે છે અને અમાપ બલિદાન અને આત્મભોગ આપ્યાનો સર્વ યશ તેમના પતિઓને જાય છે. જો રાજકારણી કાર્યકર્તાઓની પત્નીઓની પરિષદ બોલાવવામાં આવે અને એ બહેનોને પોતાના ઘણી રાજકીય સાહસોને લીધે કેવાં દુઃખોમાંથી પસાર થવું પડે છે તે લગતી પોતાની વીતક કથાઓ તેઓ રજુ કરે તો મેં ઉપર જણાવ્યું તેનો જનતાને ખરો ખ્યાલ આવે.

સાધારણ રીતે હું જાણું છું અને મારા મિત્રો જાણે છે કે હું બહુ આળસુ માણસ છું, ધાર્યું કામ કરૂં નહિ, ધાર્યે વખતે પહોંચું નહિ એવો મારો સ્વભાવ છે. પણ કોઇક વખત મને કામ કરવાની શુર ચઢે છે. ૧૯૪૨ નો ઓગસ્ટનો બળવો મારા માટે આવો અવસર હતો. ૧૮૫૭ પછી આ બીજો જ અવસર હતો કે જ્યારે આખો દેશ ખળભળી ઉઠયો હતો અને આ પાર કે પેલે પાર એવી તમન્ના આખા દેશમાં ન કલ્પીએ એવો જુવાળ આવ્યો હતો. દેશની સાધારણ રીતે કેવળ સુષુપ્ત મનોદશા કયાં અને 'કરેંગે યા મરેંગે'ની તમન્ના કયાં? આ સર્વ દૃશ્ય જોતાં ભાઇ મેઘાણીની એક પંક્તિ મને એ વખતે વારંવાર યાદ આવતી હતી. એ પંક્તિ આ છે. "શી રીતે જગીયો આ અજગર સરખો સુપ્ત તોતીંગ દેશ?" એ વખતે મને જે કાંઇ થોડા દિવસો મળ્યા તે દરમિયાન શકય એટલું મેં કામ કર્યું

સરકારની મારી ઉપર નજર પડી અને મને જેલમાં પુરવામાં આવ્યો ત્યારે કાંઇક કર્યોનો મેં સંતોષ અનુભવ્યો અને એ રીતે જેલવાસથી પ્રાપ્ત થતા અબાધ આરામનો હું કાંઇક અધિકારી છું એમ મને લાગ્યું. પણ આજ વખત દરમિયાન દેશના નવ જુવાનોએ જે કામ કર્યું છે, જે ભોગ આપ્યો છે, જે જાન જવા સુધીના અને ફાંસીના લાકડે ચડવા સુધીનાં જોખમ ખેડયાં છે તેની સરખામણીમાં મેં જે કાંઇ કામ કર્યું હતું તે કાંઇ જ હીસાબમાં નથી એમ કહેવામાં હું જરા પણ અતિશયોક્તિ કરતો નથી. તમે જાણો છો એમ એ વખતે કોઇ ચોક્કસ કાર્યક્રમ નહોતો, જેના હાથમાં કાર્યનું સૂત્ર આવ્યું તેને સુઝે તેમ કાર્યની યોજના કરવાની હતી અને બલિદાન–તત્પર બનેલા યુવાનોને દોરવણી આપવાની હતી. આ વખતે જે કાંઇ થયું તે વિષે જ્યારે ગાંધીજી અને અન્ય દેશનેતાઓ છુટશે ત્યારે કેવો અભિપ્રાય આપશે એ બાબતનો અમો કેટલાક જેલસાથીઓના મન ઉપર ખુબ ભાર રહેતો હતો. રખેને તેઓ એવો ચુકાદો તો નહિ આપેને કે અહિંસાની સુક્ષ્મ દૃષ્ટિથી ચકાસતા ઓગસ્ટની ૮ મી તારીખ પછી જે કાંઇ બન્યું હતું, જે કાંઇ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી હતી–તે સર્વ અઘટિત હતી? આવો ચુકાદો આપવામાં આવશે તો, અમે તો ભુલ્યા ત્યારથી ફરીને ગણીશું એમ વિચારી મન વાળીને બેસી રહેશું; પણ જે નવ-જોહીયા જુવાનોએ પોતાની આખી કારકીર્દીની, ભવિષ્યની આશાઓની, જાન અને માલની બરબાદી કરી છે તેમને કેવો આઘાત લાગશે અને તેઓ કેટલા ઉત્સાહભંગ થશે એ બાબતની અમને ભારે ચિન્તા અને મુંઝવણ હતી સદ્‌ભાગ્યે પંડિત જવાહરલાલ નહેરૂએ એ યુવાનોનું અભિ-નન્દન કર્યું છે અને તેમની શુભનિષ્ટાને સ્વીકારી છે અને વિફરેલી સરકાર સામે બળવો કરતાં જે કાંઇ કરવામાં આવ્યું છે તેની સર્વ જવાબદારી પોતાના માથે લીધી છે. સરદાર વલ્લભભાઇ પટેલે પણ એજ રીતે બહાદુરી અને વીરતા દાખવતા યુવાનોના બલિદાનોને ધન્ય-વાદથી નવાજ્યા છે. આ જાણી સાંભળીને અમને ખુબ નિરાંત વળી, મુજ આશ્વાસન મળ્યું. અમારા પગમાં નવું જોર આવ્યું. આજે પણ ત્રાર આજ વળણ છે. જો દેશને ગુલામીમાં રાખતી સરકાર માથું મારે અને વિફરે અને પ્રજા પ્રાણને છુંદી નાંખતી દમનનીતિ અખ-તાર કરે તો પ્રજાએ શું કરવું? મારી પાસે તેનો એક જ ઉત્તર કે બની શકે ત્યાં સુધી અહિંસાને વળગી રહીને આવી સરકારનો જાએ સખ્તમાં સખ્ત સામનો કરવો. હિંસક સામનો અને કાયરપણા ચ્ચે જ પસંદગી કરવાની હોય તો કાયરપણાને પહેલી તકે તિલાં-લિ આપવી. મારી જીંદગીમાં જ્યારે પણ આવો પ્રસંગ આવશે ત્યારે ને સુઝશે તેવો અને બને ત્યાં સુધી અહિંસાને નજર આગળ રાખીને ાવી વિફરેલી સરકારનો હું સામનો કરવાનો હું કદિ કાયર ન બનું વી મારી અભિલાષા છે.

જેલના વાતાવરણમાંથી છુટયો અને બહાર આવીને જે ચિત્ર જોઉં છું તે ભારે નિરાશાજનક લાગે છે. આજે નીતિ અનીતિનો ય વિવેક રહ્યો નથી. જ્યાં ત્યાં કાળા બજાર વ્યાપેલાં નજરે પડે છે, ચરશ્વેત જીવનનો સામાન્ય ક્રમ થઇ પડયો છે. આ કાળાં બજારોનાં ને લાંચરૂશ્વતનાં પાપોથી જૈનો પણ મુક્ત નથી. વૈશ્ય વૃત્તિમાં અધ-તા અને હીનતા દાખલ થઇ ગયાં છે. લોકોની હાડમારીઓનો કોઇ ર નથી. અન્ન વસ્ત્રના અભાવે પ્રજાના કેટલાયે વર્ગો ટળવળે છે. નજવાબદાર રાજ્યતંત્ર, અને બીનજવાબદાર ઉદ્યોગપતિઓ તથા પારીઓ ઉભયે મળીને યુદ્ધ પરિસ્થિતિથી વિકટ બનેલા પ્રજાજીવનને ન્ત વિષમ બનાવી દીધું છે. આવી વિચિત્ર પરિસ્થિતિ વચ્ચે લયોજના આપણી સમક્ષ આવીને ઉભી રહી. ક્યાં ૧૯૪૨ની 'કરેંગે મરેંગે'ની ઉદ્‌ઘોષણા અને ક્યાં ચાલુ રાજ્ય વહીવટમાં ઉપર ઉપરનો લોક ફેરફાર સૂચવનારી વેવલ યોજના? ૧૯૪૨ ની ઉદ્દામ ભૂમિકા રથી નીચે ઉતરીને વેવલ યોજના અપનાવવા કોંગ્રેસ પોતાનો હાથ ાવે એમાં પહેલી દૃષ્ટિએ કોંગ્રેસની અમને મોટામાં મોટી હીણપત ી. પણ બીજી બાજુએ લોકોની ભયંકર દુર્દશાનો વિચાર કરતાં તેમને રાહત આપી શકાય એવી કોઇ પણ યોજનાને કોંગ્રેસે આજની વાસ્તવિકતાનો ખ્યાલ કરતાં પોતાના સ્વમાન અને સ્વરૂપને બાધ ન આવે એ રીતે સહકાર આપવા ઉદ્યુક્ત થવું જોઇએ એમ મને તેમજ મારા સાથીઓને સ્પષ્ટ દેખાયું અને તેથી સીમલા કોન્ફરન્સમાં કોંગ્રે-સની કારોબારીએ જે ભાગ ભજવ્યો છે તેમાં કશું ખોટું થયું નથી એમ અમને લાગે છે. મધ્યસ્થ સરકાર। જવાબદારી કોંગ્રેસના હાથમાં આવે તો એક તો લોકોની અનેક હાડમારીઓ હળવી કરી શકાય, લોકોમાં વિશ્વાસ ધીરજ અને નવો ઉત્સાહ પ્રેરી શકાય અને પ્રાન્તિક કોંગ્રેસી પ્રધાનમંડળો પણ પુનર્જીવિત કરી શકાય. મધ્યસ્થ સરકારમાં સત્તાવાહી સ્થાન મળ્યા સિવાય પ્રાન્તિક પ્રધાનમંડળો ઉભાં કરવાનો કાંઇ અર્થ નથી એમ હું માનું છું; કારણ કે આજની યુદ્ધ પરિસ્થિ-તિમાં મધ્યસ્થ સરકારમાં જ ઘણી ખરી સત્તાઓ કેન્દ્રિત થઇ છે અને તે સત્તાઓ હાથમાં આવ્યા સિવાય લોકોને કશી પણ સંગીન રાહત આપવી શકય જ નથી. આજે તો સીમલા પરિષદ ભાંગી પડી છે. હવે પછી શું બને છે તે જોવાનું રહે છે.

આજે આપણો આખો દેશ સમાજવાદ તરફ ધસડાઇ રહ્યો છે અને સમાજવાદના સિદ્ધાન્તોના અધિકાધિક અમલમાં જ આપણો ઉદ્ધાર રહેલો છે એમ હું માનું છું. મારા વિચારોનું સર્વ વલણ સમાજવાદ તરફ છે. જૈન ધર્મના અહિંસાથી માંડીને અપરિગ્રહ સુધીના મુખ્ય સિદ્ધાન્તો સમાજવાદના પોષક અને સમર્થક છે એમ મને લાગે છે. સમાજવાદની ચાવી નીચેના જાણીતા શ્લોકમાં રહેલી છે.

> न त्वहं कामये राज्यं, न स्वर्गं नापुनर्भवम्।
> कामये दुःखतप्तानां, प्राणिनामार्तिनाशनम्॥

આ મારો પ્રિય શ્લોક છે અને આમાંથી મળતી પ્રેરણા મુજબ્ય મારું બાકીનું જીવન ઘડતા રહેવું એ મારી ઇચ્છા છે. આમ છતાં પણ મારી અંગત પરિસ્થિતિનાં બંધનો અને મારી અંગત જવાબ-દારીઓની મારાથી ઉપેક્ષા થઇ શકે તેમ નથી. જેલમાં બેઠાં બેઠાં તો એવાં સ્વપ્નાં સેવતો હતો કે બહાર નીકળ્યા બાદ રાષ્ટ્રકાર્યમાં જ હવે આખું જીવન જોડી દેવું. પણ બહાર આવ્યા બાદ થતું વસ્તુસ્થિતિનું ખરૂ ભાન આ મનોરથને અમલમાં મૂકવા દે તેમ નથી લાગતું. આજે તો સોલીસીટરનો જે વ્યવસાય આજ સુધી હું કરતો આવ્યો છું તે ચાલુ રાખવો અને સાથે સાથે મજુરોનું જે કોઇ કામ થઇ શકે તે કરવું આવી મેં મારા માટે મર્યાદા બાંધી છે. આપ સર્વેએ મારા પ્રત્યે આ રીતે આટલો બધો સદ્‌ભાવ દાખવ્યો તે માટે તમો સર્વનો હું ફરીથી અન્તઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

શાન્તિલાલ હ. શાહ.

"સમય યુગધર્મ ઓળખજે"

જગત રડતું જરા જોજે, ગણી નિજ દુઃખ ત્યાં ધાજે;
પડે પોકાર ના ઊંધજે, સમય યુગધર્મ ઓળખજે.
વિતંડાવાદ તું તજજે, કલહ કંકાસ દૂર કરજે;
સમાજે સંપ રેલવજે, સમય યુગધર્મ ઓળખજે.
રૂઢા સંસ્કાર ત્યાં સીંચજે, જીવન પલટો થવા દેજે;
ઉરે કર્ત્તવ્ય કૈં ધરજે, સમય યુગધર્મ ઓળખજે.
સમર્પણ જ્ઞાન તું શિખજે, પરાર્થે શૌર્ય દાખવજે,
ફના કરજે ફના થાજે, સમય યુગધર્મ ઓળખજે.
સદા સાદાઈમાં વસજે, પ્રભુનું નામ ના ભુલજે;
દુઃખીની દાઝ દિલ લેજે, સમય યુગધર્મ ઓળખજે.
પ્રભુ મદદે હવે રહેજે, કિનારે નાવ લાંગરજે;
દિશા પ્રગતિ તરફ વળજે, સમય યુગધર્મ ઓળખજે.

મંગનલાલ દલીચંદ દેસાઈ.

માતાની ઝંખના

(ગતાંકથી ચાલુ)

બે દિવસ પછી જ્યારે અનિલ પાછો ફર્યો ત્યારે તેની માતા, નવા કાકા અને મરનાર દેવી તેના હૃદયનો મીઠો ખુશ્બો રોકી બેઠા હતા.

પછી બે વર્ષ વીતી ગયાં. તેનો અભ્યાસ પૂર્ણ થયો. વધુ અભ્યાસ માટે વિલાયત જવાની સગવડતા થઇ. તેની આખી જ્ઞાતિમાં વિલાયત ભણવા જનાર પ્રથમ પોતે હતો. તેથી જેટલો તેને પોતાને આનંદ હતો તેટલો જ બીજા સ્નેહીઓને પણ હતો, પણ માબાપ જેટલો હર્ષ બીજા કોઇને ન હોય; તે ખ્યાલે અનિલને વ્યગ્રચિત્ત કરી નાંખ્યો. "બાપ તો ન હતા. બા હતી. તેં શું ન આવી શકે? મને રટીમરમાં જતો નજરે ન નિહાળી શકે? હું જતાં જતાં દૂર દૂરથી પણ તેને હાથમાંનો રૂમાલ હલાવી મારાં આખરી નમન ન આપી શકું? અનેક વ્યક્તિઓ ત્યાં આવી હશે. પણ બધું લુખું, બધુ લુખું. મા વગર બધું અધુરું! તેના આશીર્વાદ પામવા એ પણ એક લ્હાવો! જતાં જતાં કહું કે 'બા હું દૂર દૂર સફેદ પરીઓના દેશમાં ભણવા જાઉં છું તું આશિષ આપ.' મા કહે કે 'માડી ભણીગણીને વહેલો આવજે. શરીર સાચવજે. સાજો નરવો રહેજે.' આવા ગામડી વચનોમાં જે લ્હાણ છે તે બીજે કયાં મળે? સદાય મને બાળક જ કલ્પનાર કોણ છે બીજું!" તેણે માયાને મુંબઇ આવવાનું લખ્યું અને તે આવી. મા દીકરો ચાર દિવસ સરદારગૃહમાં સાથે રહ્યા. અનિલ વિલાયત ગયો અને માયા પોતાને ઘેર!

વળી બીજા ત્રણ વર્ષ વીત્યાં, અનિલ પરીક્ષા પાસ કરીને પાછો આવ્યો. ધંધો શરૂ કર્યો. એક વર્ષમાં તો તે સારી રીતે ફાવવા લાગ્યો. દિન પ્રતિદિન તેની આવક અને સુખ વધતાં જતાં હતાં. તેના ઘરમાં હતાં માત્ર બે જણાં, પોતે અને તેની પત્ની શ્યામા. વધતાં જતાં સુખ સાથે અનિલને માનસિક દુઃખ વધતું જતું હતું. તે વધુ ધુની બનતો જતો હતો કે "આ બધું શા કામનું? જે પુત્રનું સુખ તેની મા ન વખાણે તે કાયમ અધુરું, અધુરું જ! મારી મા મારી સાથે હોય તો તેના જીવને કેટલી શાંતિ થાય? કેટલો આનંદ થાય? કેટલી ઓછી ઓછી થઇ જાય? પણ મારે તો છતી માતાએ પણ જીવનમાં શુન્યતા છે!" તેનું મન તેને કહ્યાંજ કરતું કે "શા માટે માતાને નથી બોલાવતો? બોલાવીને સાથે રાખતો? પુનર્લગ્ન કરેલા મામા અને દુવાની સાથે રહેતાં વાંધો નથી આવતો તો પુનર્લગ્ન કરેલી માતા સાથે રહેવામાં શો વાંધો છે? લગ્ન થોડું માને મા મટાડી દે છે. માત્ર મનની સુગ, ભ્રમણા અને અપ્રીતિ જન્માવે છે. તું તો લગ્નની બાબતમાં ઉદાત્ત વિચારનો છે. પુનર્લગ્નની બાબતમાં તું માનવાવાળો છે અને વધુ તો માતૃત્વનો પૂજારી છો તો શા માટે અચકાય છે? એક વખત મનની નબળાઇ ખંખેરી નાંખ, લોક શરમની ભ્રામક વાત છોડી દે અને અન્ય બધી બાબત સામે આંખ મીંચી મનને માતૃત્વ ઉપર સ્થિર કર એટલે માર્ગ સુઝી જશે. એક દિવસે તેણે શ્યામાને પોતાના મનની મુંઝવણ કહી, ત્યારે તેણે લોક અભિપ્રાયની ભીતિ આગળ ધરી કે "દુનિયા શું માનશે? આપણી આબરૂનું શું? સમાજમાં ભાગેડુની શાખ સારી નથી ગણાતી, એટલે આંગળી ચીંધામણ થશે. અને લોકો ડગલેને પગલે ટીકા કરી આપણને અને આપણી પ્રજાને પજવશે."

"શ્યામા મેં બધી વાતનો ખ્યાલ કર્યો છે. લોકાપવાદનો અને આપણી શાન્તિનો. મારા દિલમાં વર્ષો થયાં જાગેલી ઝંખના મારી માતાના પ્રેમાળ દીલનો પડઘો છે. તે પોતાના બાળકને છોડી ભાગી ગયેલી ગમે ત્યાં ગમે તે જાતનું જીવન જીવેલી અને છેવટે પરનાતીલાની સાથે લગ્ન કરી બેઠેલી જાણ્યા અને જોયાં છતાં પણ મારી વૃતિમાં જે નિશ્ચલતા રહી છે તેને માતાના પ્રેમની સાત્વિકતાની જીવંત અસર છે. 'હૃદયેષુ હૃદયમ્' જો સાચું હોય તો આ બે ભિન્ન ભિન્ન હૃદયોનું એકજ દિશામાં થતું આકર્ષણ તે સ્વયંસિદ્ધ સિધ્ધાંતનું પરિણામ જ છે."

"તમારી લાગણી ગમે તેવી હોય અને તેમાં બાના જીવનની અસર હોય તે સમજાય છે. પણ સમાજમાં વ્યકિત એકલી પોતાની લાગણી ઉપર જીવી ન શકે ને? બીજાની લાગણી પણ આપણા સમાજ-જીવનમાં સંમિલિત થઇને જ સુખદ સામાજિક સુર નીકળે છે. તે પણ ભૂલવા કે અવગણવા જેવું નથી. આપણે તેને મદદ કરીએ, તે સુખી રહે તેવો બંદોબસ્ત કરીએ, અવારનવાર તેને મળી આવીએ, અગર આપણી નજદીકમાં અજાણી રીતે તેને જુદા રાખીએ. તેમ તો હું પણ જરૂર ઇચ્છું. પણ સાથે રાખવા અને તે પણ મા તરીકે અને તેના પુનર્લગ્નના પતિ સાથે તે તો અતિ અજુગતું લાગે છે. ગમે તેમ તોય તે જગબત્રીસીએ ચડયા છે એટલે! એકલા આવીને રહેતા હોય તો બીજી વાત છે."

"શ્યામા, બા એકલા આવે તો કદાપિ તું સહન કરી શકે, પણ તેના પતિ નહિ! આમાં તું એક સ્ત્રીના દીલનો એક સ્ત્રી તરીકે વિચાર નથી કરતી. આજે જેવો તારે મન હું છું અને જેમ મારું સાન્નિધ્ય અહોનિશ તું ઇચ્છી રહી છે તેવા જ બાને મન પણ તેના પતિ છે, અને તેથી તેટલી જ લાગણીથી તે તેનું સાન્નિધ્ય ઇચ્છે જ. દંપતિના જોડા ખંડિત કરવાનું કામ એક સ્ત્રીને ન શોભે.

"જો આબરૂની ભીતિનો બાઉ ન હોય તો તને વાંધો નથી. એમજને? જો તારા દીલમાં તેના તરફ કડવી લાગણી નથી પણ શુભ ભાવના છે તો બીજા શું કહેશે તેની શું પડી છે? આપણે પુનર્લગ્ન કરેલાને કયાં ઘરમાં નથી રાખતા? તારા પિતાએ પુનર્લગ્ન કર્યા હતાં, મારા પિતાએ પણ પુનર્લગ્ન કર્યા હતા. તે બધા માટે કોઇએ વાંધો ન લીધો. માત્ર સ્ત્રી પુનર્લગ્ન કરે તેમાંજ વાંધો? એટલે ખરી રીતે આપણને પુનર્લગ્નનો વાંધો નથી પણ કોણે કરવાં અને કોણે ન કરવાં તેજ વાંધો છે. બીજું તો નહિને? આમાં નીતિ મર્યાદા કરતાં પણ સગવડતા અગવડતા, આબરૂનો માની લીધેલો ખ્યાલ અને પ્રચલિત રૂઢિ જ અગ્રસ્થાને આવે છે. આટલું જો જતું કરીએ તો બા સામેનો વાંધો ન આવે એમજને?"

"છતાંય જુના સંસ્કાર છે ને એટલે મનને ક્ષોભ રહે છે અને લાગે છે કે આ જંજાળમાં શું કામ પડવું? સમાજને કોઇ નથી પહોંચ્યું તો આપણે કોણ? આપણે ત્યાં આવીને એને પણ શું વધુ સુખ થવાનું છે? તેનેય સમાજ સુખે રહેવા કેમ દેશે? તેનું તો ઘવાયેલું દીલ છે. એટલે એવું આળું દીલ સમાજના પ્રહાર નહિ સહે. તેથી તે જ્યાં છે ત્યાંજ રહે તેમાંજ શ્રેય છે. તે જાણે છે કે તમે સુખી છે. તે જાણે છે કે તમને તેના માટે માન છે અને ઉપયોગી થાઓ તેમ છો. એટલું એના માટે પૂરતું નથી?"

"શ્યામા, એના દીલની ઝંખના તો પસ્તાવામાં બળી રહી છે. એને શું જોઇએ છે અને શું નહિ એ વાત વિચારવાનો પણ તેને કયાં અવકાશ કે અધિકાર છે? આ તો મારી માતૃઝંખના છે. એને બાળક જોઇએ છે કે નહિ તે એક વાત છે, પણ મારે મા જોઇએ છે તે બીજી વાત છે. છતાંય તને નારાજ કરીને મારા અંતરની ભૂખ નહિ સંતોષું."

"મારી તો મા છે, પણ આખર છે તો એક સ્ત્રીને? એનો એ રીતે વિચાર કર. એની વીતક કથા સાંભળ એટલે ખબર પડશે કે તેણે શું શું દુઃખ ભોગવ્યા છે! સમાજની ચારે તરફથી પડતી લાતોએ તેને ભાનભૂલી કરી નાખી એટલે જ તેણે બાળક તજ્યું, ઘર તજ્યું, સમાજમાં સ્થાન ત્યજ્યું અને જે આબરૂની તું આજે વાત કરે છે તેય તજી અને ભાગી. ભાગ્યના ભરોંસે કોઇ અગમ્ય ઉડાણમાં કોઇના પનારે આબરૂસર બેસી જીવન પુરૂ કરવા ઇચ્છ્યું. આમાં ગુન્હો નથી. અધર્મ નથી. નરી કરૂણા છે! એ બીચારી તો પોતાનું બધું હૃદયમાં દબાવીને જીવન વીતાવી રહી હતી અને એક ઉપકારક અજાણ્યા સજ્જનની એકલતા ટાળી તેની પત્ની રૂપે ઋણ ચૂકવી રહી હતી. તેના દુઃખના સૂતેલા સાપ તો શ્યામા મેં જગાડયા છે. તેના દિલના આછરતા નીરને હલાવીને મેં ડોળ્યું છે."

"હશે. જરૂર સંજોગ ખરાબ હશે. ભાવિની સહિસલામતી અને શાન્તિ માટે લગ્નજીવન તેણે ફરી વખત સ્વીકાર્યું હશે. બધું હશે.

જગત આ કયાં જોવાનું છે! પણ તેના પ્રત્યેક કાર્યમાં સમાજ પતન જ જોશે અને તેથી તમને અને તેને નીંદીને મૂઢ મારે મારી નાંખશે. એ ડરથી હું ના પાડું છું. બાકી તો મા તરીકે નહિ તો એક દુઃખી અબળા તરીકે જરૂર મને લાગી આવે તે સ્વાભાવિક છે."

"શ્યામા, પતિત કે પતિતાનાં દીલ ખોલીએ તો જાણી શકાય કે ત્યાં શું શું બન્યું છે; તેને કોણે પતિતા કરી? શા માટે કરી? અને આપણે પણ તેવા કયારે થઇ જઇશું અને આપણા પણ તેવા સંજોગ કયારે આવશે તે કાંઇ થોડા ખબર છે? શ્યામા! પતન સુખથી કે આનંદથી નથી થતું. પણ છેલ્લામાં છેલ્લો ભોગ લઇને જ થાય છે. પતનના પ્રથક્કરણ ન હોય. તેના તો પદચ્છેદ જ કરાય અને જ્યાં પતન પોતેજ પતિતને પ્રજાળી રહ્યું હોય છે ત્યાં માનવદુનિયામાંથી તો દયાની અમીવર્ષા જ શોભે. જો જગત મેલ ધોતું આવ્યું ન હોત તો તે નર્યું મેલમય જ બની જાત અને તેમાં જીવવું આકરું બનત! પાવનકારી ભાવના જ પતનની દુર્ગંધને દૂર કરે છે. બાકી તો માનવીના આજના સંજોગો ડગલેને પગલે પતનકારી જ છે."

"ભલે બાને બોલાવો મારી સંમતિ છે. તમારી માન્યતા તદ્દન સાચી અને માનવતા ભરી છે. મા એ મા તો છે, પણ વિશેષ તો તે સંજોગનો ભોગ બનેલી દુઃખી સ્ત્રી છે એ વાત હું કદી નહિ ભુલું!"

".....મારા જેવી માર્ગભૂલી માતાને જીવનમાં ફરી સ્થાન આપવાની તમારી તૈયારી અને ઇચ્છા મારા જીવનનો એટલે કે માતૃત્વનો અપૂર્વ વિજય છે. પણ બેટા! આને માટે સમાજ તેટલો તૈયાર નથી. તે મારા, તારાં કે શ્યામાના દીલને નહિ સમજે, તને સુખે બેસવા નહિ દે એ નિશ્ચિત વાત છે, એટલે મારા આવવાથી દુઃખ સિવાય બીજું કંઇ મને નથી દેખાતું. હું તો મારા ભાગ્યે દુઃખી છું જ. પણ તમને પણ મારા કર્મના ફળ શા માટે ભોગવવા જેવી સ્થિતિમાં મૂકું? મારા જીવનમાં મેં પ્રતિક્ષણે તને ઢુંઢયો છે, દૂર દૂર બેઠા મનથી તારું સુખ ઇચ્છયું છે તો આજે સુખની આશાએ ત્યાં આવી દુઃખ ઉભું કેમ કરું? હું નહિ આવું! બેટા તને આથી દુઃખ થશે તે બરાબર સમજું છું, પણ તે દુઃખ સમાજના સીતમ અને નિંદા કરતાં કયાંય ઓછું છે:–તને ભૂલી જવા પ્રયત્ન કરીશ, તું તારી અભાગિણી માતાને ભૂલી જા, ભૂલી જા. તારા સુખના માર્ગમાંથી હું જાઉં છું! એક વખત ગઇ હતી જ્યારે તું બાળક હતો ત્યારે. આજે જાઉં છું ફરી વખત તેજ માટે! ફરી વખત મને ઢૂંઢવા ન આવતો. હવે નહિ મળું. અમે નાશિક છોડીએ છીએ અને જઇએ છીએ દૂર.....દૂર.....જ્યાં તારી નજરે ન ચડું ત્યાં....."

સમાપ્ત **પ્રજલાલ ધ. મેઘાણી.**

પ્રજ્ઞાચક્ષુનું મંગળ પ્રવચન (પૃષ્ઠ ૬૦ થી ચાલુ)

પડેલા શું શીખીએ? અને કેવી રીતે શીખી શકીએ? પણ, આ માન્યતા સાવ ભૂલ ભરેલી છે. મોન્ટેસરીની શિક્ષણ પદ્ધતિમાં માત્ર શિશુ અને બાલકના જ શિક્ષણ ઉપર ભાર નથી અપાતો, પણ તેના વડિલો-સુદ્ધાંમાં સુસંસ્કારનું વાતાવરણ જમાવવાની હિમાયત કરાય છે. કેમકે એમ થાય તોજ શિશુઓ અને બાળકોનું જીવન ઘર અને શાળાના સંસ્કારભેદની અથડામણી વચ્ચે વેડફાતું અટકે. તેજ રીતે મોટી ઉમરના વિદ્યાર્થીઓની બાબતમાં પણ છે. ગમે તે ધંધાર્થી અને કુટુંબી હોય તો પણ તે બચત સમય અને શક્તિનો ઉપયોગ સુસંસ્કારિતા મેળવવા અને વિકસાવવામાં કરી શકે. એટલું જ નહિ પણ તેણે તેમ કરવું પણ જોઇએ. નહિ તો તેમનાં અને તેમનાં સંતાનો વચ્ચે એવી એક દિવાલ ઉભી થવાની કે સંતાન તેમને ઉવેખશે અને તેઓ સંતાનને ઉવેખશે. એવી સ્થિતિ કદી પણ ઇષ્ટ નથી કે જ્યારે સંતાનો કહે કે વડિલો વહેમી, જડ, અને રૂઢીચુસ્ત છે અને વડિલો કહે કે ભણેલા ગણાતા વિદ્યાર્થીઓ માત્ર હવામાં ઉડે છે. વડિલો અને વિદ્યાર્થીઓ વચ્ચેની ખાઇ વધારે ઉંડી ન બને તેનો રામબાણ ઇલાજ મુખ્યપણે વડિલોના હાથમાં જ છે. પછી ભલેને તે ગમે તેવા ધંધાદારી અને કુટુંબી હોય. એ ઇલાજ એટલે તેમણે પોતે પોતાની સમજને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો તે. **પંડિત સુખલાલજી**

મારો ત્રિવિધ ઉન્માદ

[૧૯૦૭–૮ દરમ્યાન શ્રી. અરવિન્દ ઘોષે પોતાનાં પત્ની શ્રી. મૃણાલિની દેવીને કેટલાંક પત્રો લખેલાં. તેમાંના એક પત્રમાંનો અગત્યનો ભાગ નીચે અવતરિત કરવામાં આવે છે. એ અવતરણ શ્રી. અરવિન્દ ઘોષની એ વખતની મનોદશાનું એક ભવ્ય દર્શન કરાવે છે અને આજની યુવક જનતા માટે પણ એટલું જ પ્રેરક ચિત્ર રજુ કરે છે. પરમાનંદ]

"તને કદાચ હવે બરોબર ખ્યાલ આવવા માંડયો હશે કે જેની સાથે તું લગ્ન સંબંધથી જોડાઇ છે તે ખરેખર એક ભારે વિચિત્ર માણસ છે. મારી ભાવનાઓ અને પ્રવૃત્તિઓ આ જમાનાના અન્ય લોકોના ખ્યાલો, ઇચ્છાઓ અને પ્રવૃત્તિક્ષેત્રો સાથે મળતી આવતી નથી... તો પછી તું તેને ગાંડો માણસ ગણીને કાઢી મૂકીશ?...તો પછી તું એક ખુણે બેસીને તારા કમનસીબને રડયા કરીશ? કે એક સાથીદાર માફક તેની સાથે જીવનમાં ઝુકાવવાનું કબુલ કરીશ? મને આજે ત્રણ ઘેલછાઓ વળગી છે. હું (૧) ચોકકસપણે માનું છું કે આપણી બધી શક્તિ, ગુણ, બુદ્ધિ, ઉચ્ચ શિક્ષણ અને કેળવણી, અને માલ મીલ્કત આ સર્વ ઇશ્વરનાં છે. જે કાંઇ કુટુંબના ભરણ પોષણ માટે જરૂરી હોય, અને જેના સિવાય જીવન વ્યવહાર ચલાવવો અશકય લાગે લાગે તેટલું જ અંગત ઉપયોગ માટે રખાવું જોઇએ. બાકીનું બધું ઇશ્વરને પાછું સોંપી દેવું જોઇએ. જો હું મારા હાથમાં રહેલી સર્વ માલ મીલ્કત મારી જાત માટે, મારી સગવડ અને ભોગવિલાસ માટે વાપરું તો હું ખરેખર ચોર છું.....આ કહણ દિવસોમાં દેશ મારા બારણે ભિક્ષા માંગી રહ્યો છે. આ દેશમાં મારાં ત્રીશ કરોડ ભાઇ ભાંડુઓ છે. તેમાંના કેટલાયે લોકો ભુખે મરે છે. તેમાંના કેટલાયે લોકો અનેક આપદાઓથી ભરેલું કંગાળ જીવન જીવી રહ્યા છે. આપણે તેમની પડખે ઉભા રહેવાનું છે, તેમને ઉપયોગી થવાનું છે. આ બધા મહાભારત કાર્યમાં તું મારી સક્રિય સાથી થવાને તૈયાર છો? (૨) બીજી એક ઘેલછા પણ મારામાં શરૂ થઇ ચૂકી છે તે આ છે. કોઈ પણ હિસાબે ઇશ્વરનો મારે સાક્ષાત્કાર કરવો છે. હાલતાં ચાલતાં વાકયે વાકયે ઇશ્વરનું નામ લીધા કરવું, સમુહ પ્રાર્થનાઓમાં ભાગ લેવો, પોતે કેટલો બધો ધાર્મિકતા ભરેલો છે એનો બહારની દુનિયા સમક્ષ દેખાડ કરવો–આજના ધર્મનું આ સ્વરૂપ જોવામાં આવે છે. આ બધાનો મને કશો ખપ નથી. જો ઇશ્વર અસ્તિત્વ ધરાવે છે તો તેના અસ્તિત્વને જાણવાનો, તેને નજરોનજર નિહાળવાનો કોઇને કોઇ માર્ગ હોવો જ જોઇએ. આ માર્ગ ગમે તેટલો કહણ અને અસાધારણ પ્રયત્ન સિવાય હાથ ન લાગે તેવો હોય તો પણ મારે તો તે જ માર્ગે જવું છે. હિંદુ ધર્મ કહે છે કે માણસના શરીર અને મનની અંદર જ તે માર્ગ રહેલો છે. આ પ્રવાસ માટે હિંદુ ધર્મે નિયમો ઘડી આપ્યા છે. એ નિયમોને અનુસરવાનું મેં શરૂ કરી દીધું છે. એક મહીનાના ગાળામાં મને પ્રતીતિ થઇ છે કે હિંદુધર્મના શબ્દો ખોટા નથી. તેમાં જે ચિહ્નો સૂચવવામાં આવ્યા છે તે મેં પ્રત્યક્ષ કર્યા છે. હવે મારી ઇચ્છા તથા પણ એ માર્ગે લઇ જવાની છે.....(૩) મારી ત્રીજી ઘેલછા આ છે. કેટલાક લોકો આપણી માતૃભૂમિ એટલે કે ખેતરો, જંગલો, નદીઓ અને પર્વતોનો જાણે કે કોઇ જડસમુહ હોય એમ માને છે. હું મારો દેશ મારી માતા હોય એમ અનુભવું છું. હું તેના વિષે અત્યન્ત આદરભાવ ધરાવું છું; તેને હું પૂજું છું." એક બીજા કાગળમાં તેમણે લખેલું કે "મને ખબર છે કે આ પડેલી પ્રજાનો ઉદ્ધાર કરવા માટેનું જરૂરી બળ હું ધરાવું છું. એ બળ શારીરિક બળ નથી, કારણ કે હું બંદુક કે તરવારથી લડવા માંગતો નથી. મારી પાસે જ્ઞાનબળ છે. શારીરિક શક્તિ અથવા તો ક્ષાત્ર–તેજ એજ કાંઇ એક માત્ર શક્તિ નથી. બ્રહ્મ અથવા ઇશ્વરના જ્ઞાનમાંથી ઉદ્‌ભવતું બ્રહ્મતેજ પણ એવી જ અથવા એથી પણ બળવત્તર શક્તિ છે."

અનુવાદક પરમાનંદ. **અરવિન્દ ઘોષ.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૯

મુંબઈ: ૧ સપ્ટેમ્બર ૧૯૪૫ શનિવાર. લવાજમ ૩ રૂપિયા

ભગવાન મહાવીર અને તેમના વારસદારો

[પંડિત બેચરદાસે ગઈ મહાવીર જયન્તી પ્રસંગે બેડાના અભિતમંડળ સમક્ષ આપેલા વ્યાખ્યાનમાંનો કેટલોક ઉપયોગી ભાગ નીચે આપવામાં આવે છે. પર્યુષણ પર્વ દરમિયાન ભગવાન મહાવીરના ચરિત્રનું સ્થળે સ્થળે પઠન પાઠન થાય છે. એ પર્વના પ્રારંભ પ્રસંગે નીચેનો લેખ વિશેષતઃ ચિન્તનપ્રેરક બનશે એવી આશા રાખવામાં આવે છે. પરમાનંદ]

તમે આજે બપોરે પંચકલ્યાણકની પૂજા ભણાવી તેમાં ભગવાન મહાવીરનું આખું ચરિત્ર પૌરાણિક પદ્ધતિએ વર્ણવાયેલું આપણે સૌએ સાંભળ્યું જ છે. વળી, તમે બધા, વરસોવરસ કલ્પસૂત્રના શ્રવણ દ્વારા પણ શ્રીમહાવીર સ્વામીનું આખુંય ચમત્કારમય ચરિત્ર સાંભળતા રહો છો. એટલે એ પૌરાણિક ચરિત્ર વિશે મારે ખાસ કશું કહેવાનું નથી. મારે તો ભગવાનના સમયનું કાળબળ ધ્યાનમાં રાખીને ભગવાન વિષે બેચાર વાતો તમારી સમક્ષ કહેવાની છે. તેના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છે; (૧) મહાવીરને વૈરાગ્ય થવાનું કારણ. (૨) મહાવીરની પ્રવૃત્તિ. (૩) મહાવીરના વારસો તરિકે આપણી પ્રવૃત્તિ.

આપણે બધાય જાણીએ છીએ કે વર્ધમાન મહાવીર રાજપુત્ર હતા, તેમની પાસે રાજવૈભવ હતો, સંપત્તિ, સત્તા અને વિલાસનાં બધાં સાધનો તેમને મળેલાં હતાં, જુવાન અવસ્થા હતી અને વલ્લભ પત્ની પણ હતી તથા શરીર, મન અને ઇંદ્રિયોને આનંદ ઉપજાવે એવી તમામ સામગ્રી તેમને સાંપડેલી હતી. છતાંય તેઓ ૨૮ વર્ષની ભરજુવાનીમાં એ બધું છોડી શા માટે વનવાસે ચાલી નીકળ્યા? તેમને આ બધા વૈભવ વિલાસો ખારા ઝેર જેવા શા માટે લાગ્યા? જગતની આ માયા મમતમાં પ્રાણીમાત્ર કેફમાં પડેલી માખીની જેમ ચોંટી રહે છે ત્યારે તેમણે આ માયા મમતાને તણખલાની પેઠે તજી કેમ દીધી? આ પ્રશ્ન એક કોયડો છે. શાસ્ત્રના અક્ષરો એનો ખુલાસો સાક્ષાત્ આપે તેમ નથી. પરંતુ ભગવાનના સમયનું વાતાવરણ, તેમના જ્ઞાતભાઇ ક્ષત્રિયોની રહેણીકરણી, તે સમયના ખેડુતો, નોકરો, ચાંડાળો અને વેપારીઓની પરિસ્થિતિ તથા તેમના સમયનું ધાર્મિક વાતાવરણ, દાસપ્રથા, સ્ત્રી સંસ્થા વગેરે વિષે વિચાર કરતાં સંભવ છે કે આ કોયડાનો ઉકેલ આવી જાય.

ભગવાનનો જન્મ વિશાલાનગરીના (વર્તમાન વસાડપટ્ટી) ક્ષત્રિયકુંડ નામે પરામાં થયેલો. પિતા સિદ્ધાર્થ રાજા હતા. એ સમયે મગધ અને બિહારમાં તથા તેની આસપાસના પ્રદેશમાં વધારે સ્થળે રાજસત્તા સ્થપાયેલી હતી. કેટલાંક ગણરાજ્યો–પ્રજાસત્તાક રાજ્યો હતાં. તે હવે તુટવા લાગ્યાં હતાં, જે હતાં. તે પણ અમેરિકાની પેઠે લોકપક્ષીય ન રહેતાં સત્તાપક્ષીય થવા માંડયાં હતાં. પ્રજા આખી રાજસત્તાના તથા સત્તાપક્ષીય ગણસંસ્થાના પંજામાં સપડાયેલી હતી. રાજાઓ પોતાના નિભાવ માટે કોઇ જાતનો ઉદ્યોગ કરતા ન હતા, છતાં તેમનાં મોટાં મોટાં મહાલયો, ઋતુઋતુનાં જુદાં જુદાં આરામગૃહો, તેમનાં બહુમૂલ્ય આભારણો, તેમની અનેક રાણીઓના શણગારો, મહામૂલ્ય જવાહીરો, તેમની નાચનારીઓ, ગાનારીઓ, નાટકિયા, દાસદાસીઓનું મોટું ટોળું અને એમનાં શરીર, મન અને ઇંદ્રિયોને સંતર્પક એવાં બીજાં અનેક સાધનો જે એમણે ઉભાં કરેલાં હતાં તે બધું આવ્યું કયાથી? એ સમયના રાજાઓની બધી મોજશોખની સામગ્રી જોતાં જણાઇ આવે છે કે એ રાજાઓએ તે સમયની ખેડ કરનારી, વેપાર કરનારી વા બીજી કારિગરીનાં કામો કરનારી પ્રજાઓ ઉપર જરૂર જબરા કરો નાંખ્યા હશે, પ્રજાઓ પાસે વેઠો પણ કરાવી હશે. જેમ વર્તમાન કાળના રાજવીઓ પ્રજાના ખભા ઉપર ચડીને અમન–ચમન ભોગવે છે અને મોજે ઉડાવી રહ્યા છે તેમ એ સમયના રાજાઓ પણ તે સમયની પ્રજાઓના ખભા ઉપર ચડી પોતાનાં વૈભવ વિલાસો માણી રહ્યા હતા. આપણે જેમ અત્યારે પરદેશની સત્તા નીચે કચરાયેલા છીએ, એ સત્તાની વ્યાપારનીતિ અને તે નીતિને સુરક્ષિત રાખનારૂં શસ્ત્રબળ આપણને ચગદી રહ્યું છે અને આપણું–આપણી તમામ પ્રજાનું–આપણાં વહાલાં પશુઓનું–લોહી પી રહ્યું છે તેમ તે સમયની રાજસત્તાના આક્રમણને લીધે તે કાળની પ્રજા પણ ભારે ભીંસાયેલી હતી અને જે રાજ્યો ગણરાજ્યો હતાં તે પણ ધનવાદી હોઇ પોતાની રાંક પ્રજાની સંભાળ લઇ શકતાં નહોતાં. જે લોકો જાતમહેનત કરે છે તેઓને સંયમપૂર્વક રહેવું પડે છે અને તેમના વિલાસોને અમુક મર્યાદા હોય છે. જાતમહેનત કરનારા કદી પણ આ રાજાઓ જેવા વિલાસો માણી ન જ શકે. અમર્યાદ વિલાસ હોય ત્યાં તેની પાછળ જુલમ હોય જ. જુલમ વિના એવો અમર્યાદ વિલાસ સંભવી જ ન શકે. જે રાજાઓ સાચા અર્થમાં ક્ષત્રિય હોય–પ્રજાપાલક હોય–તેઓ પણ એવો વિલાસ કદી માણી ન શકે. તેમનો વિલાસ મર્યાદાવાળો હોય. તેઓ પ્રજા ઉપર કરો તો નાંખે, પરંતુ તે પોતાના ભોગવિલાસ માટે નહીં, માત્ર પ્રજાના કલ્યાણ માટે. એ સમયના રાજા શ્રેણિક વા બિંબિસાર અથવા તેના પુત્ર કોણિક વગેરેનાં વર્ણનો વાંચતાં જે કમ્પના ચિત્તમાં ખડી થાય છે તે જોતાં એમના વિલાસો, વૈભવો અનહદ હોવા જોઇએ. કથાનકોમાં આવતાં વર્ણનો સાચાં હોય તો એ રાજાઓ ભારે વિલાસી અને વિષયલંપટ લોભી હોવા જોઇએ. એથી એ બધાં શાસ્ત્રીય વર્ણનોને આધારે એ શ્રેણિક આદિ રાજાઓને સ્વચ્છંદી, ક્ષત્રિયની ખરી પરંપરાને નહીં સાચવનારા અને લોલુપ કહેવાને હરકત નથી. શાસ્ત્રમાં જ્યાં જ્યાં અંતઃપુરની રક્ષા માટે અનેક કંચુકીઓ રોકયાની વાત આવે છે તે લગભગ બધા જ ષંઢ હોય છે. આટલા બધા ષંઢો જન્મથી ઓછા મળે છે? પરંતુ અન્તઃપુરની રક્ષા માટે અમુક પ્રકારના સંભવતઃ દાસજાતિના વા પરાજિત પ્રજાના મનુષ્યોને ખસી કરવામાં આવતી હતી અને આવા ખસી કરાએલા ષંઢો રાણીઓના અંતઃપુરને સાચવતા હતા. આનો અર્થ એ થયો કે રાજની રાણીઓને સાચવવા માટે પુરૂષોને ખસી કરી ષંઢ બનાવવામાં આવે છે અને એ જાતની એક જુદી જમાત જ રચવામાં આવતી હતી. આ કાંઇ ઓછો જુલમ છે? ફકત રાણીઓને સાચવવા સારૂ અમુક પ્રકારના પુરૂષોએ મને કે કમને ખસી થઇ ગૃહસ્થાશ્રમને તિલાંજલિ આપી પુરૂષ મટી જઇ આખી જીંદગી

વીતાવવી, આ કાંઇ ઓછી ભયાનક ઘટના છે? સ્ત્રીઓ માટે એ સમયના રાજાઓ લડી મરતા અને એ લડાઇમાં રાંક બિચારી પ્રજાનાં કલૈયાકુંવર જેવાં સંતાનો હોમાઇ જતાં. રાજા શ્રેણિકે રાણી ચિલ્લણાને મેળવવા ગણરાજા ચેટક સાથે ભયંકર યુદ્ધ કરેલું અને તેમાં અનેકોના પ્રાણ ચાલ્યા ગયા. સ્ત્રીઓ માટે શ્રેણિકે પોતાના પુત્ર અભયકુમાર પાસે તકંટો પણ કરાવેલાં. રાજા કોણિકે પોતાના પિતા શ્રેણિકને બંદીખાને નાખ્યો, પોતાના ભાઇ હલ્લવિહલ્લ સાથે એક હાથી અને હાર માટે કોણિકે ભારે સંગ્રામ કરેલો, તેમાં સંખ્યાતીત માનવો કપાઇ ગયાં. એ સંગ્રામને 'મહાશિલાકંટક' નામ આપી શ્રી ભગવતી સૂત્રમાં વર્ણવેલો છે. એ વાંચતાં એ લડાઇની ભયાનકતા જણાય આવે છે અને તેમાં થયેલી નરહત્યા કમકમાટી ઉપજાવે તેવી માલુમ પડે છે. આ ઉપરાંત તે સમયના રાજાઓની લોલુપ લડાઇનાં વર્ણનો નિયમાવલી સૂત્રમાં પણ આવે છે. તે સમયના પ્રજાપાલક ક્ષત્રિય રાજાઓની આવી પરિસ્થિતિ હતી. જે હેતુને મુખ્ય રાખી આર્યોએ ક્ષત્રિય સંસ્થાને ઉભી કરેલી તે પોતાનો ખરો ધર્મ તજી દઈ કેટલી બધી હીણી દશાએ પહોંચી હતી? તેમની શૂરવીરતા કયા માર્ગે વળેલી હતી? આવી રાજસંસ્થાની દશા જોઇ કોઇ પણ સાચો ક્ષત્રિય બચ્ચો રાજસત્તાને શી રીતે માણી શકે? વા તે દ્વારા મળતા વૈભવ વિલાસોને પણ કેવી રીતે ભોગવી શકે?

વર્તમાન કાળમાં થયેલા બાદશાહી કુટુંબના ટોલસ્ટોયે અને આપણા દેશમાં જન્મેલા ખાનદાન કુટુંબના ગાંધીજીએ રાજ્યની જુલમી પ્રથા તથા દબાયલી પ્રજાની પરિસ્થિતિ જોઇ ભોગો તરફ ઔદાસિન્ય કેળવ્યું તેમ તે સમયના રાજાઓની નિરંકુશ વૃત્તિ અને તેથી ભીંસાએલી પ્રજાની પરિસ્થિતિ જોઇ કોઇ પણ ખરો ક્ષત્રિય રાજસત્તા વા ભોગો તરફ ઔદાસિન્ય કેવળ એમાં શી નવાઇ?

ભગવાન મહાવીરમાં વિશુદ્ધ ક્ષાત્રતેજ હતું, તે સાચા ક્ષત્રિયની પરંપરાને સાચવનારા વીર હતા. નાનપણથી ગંભીર વિચારવંત હોઇ તેઓ પોતાના સમયની ઉકત પ્રકારની પરિસ્થિતિમાં કદી પણ રાજ્ય કરવું કબુલે એવા ન હતા. એટલે તેમના વૈરાગ્યનું એક કારણ તેમના સમયના રાજાઓની નિરંકુશ સ્થિતિ હતી. સંભવ છે કે એ સ્થિતિના છાંટા એમને પણ ઉડયા હોય અને એ દ્વારા પણ એમને રાજ્યસત્તા અને ભોગો તરફ ઔદાસિન્ય આવી ગયું હોય.

ક્ષાત્રતેજની પેઠે તે વખતનું બ્રાહ્મણતેજ પણ એ સમયે અત્યંત હીણું થઇ ગયેલું એ સ્થિતિ શ્રી વર્ધમાન મહાવીરે સાક્ષાત્ નજરે જોયેલી. તે સમયથી પહેલાનાં બ્રાહ્મણો અલોલુપ, અપરિગ્રહી, નમ્ર અને સદાચારવંત હતા, ત્યારે શ્રી વર્ધમાનના સમયના બ્રાહ્મણોનો મોટો ભાગ બરાબર એથી વિપરીત સ્વભાવનો એટલે લોલુપ, પરિગ્રહી, ઉદ્ધત, અને અસદાચારી હતો. એમ હોવાથી જ તે સમયના બ્રાહ્મણોએ ધર્મના વ્યવસ્થાને માઠી હદે પહોંચાડી હતી, ધર્મને નામે યજ્ઞયાગમાં પશુવધ દ્વારા ઘોર હિંસા ફેલાયી હતી, ક્ષત્રિય વગેરે બીજા ત્રણે વર્ણોની સ્વતંત્રતા તેમણે અપહરી લીધી હતી, ગુરૂસ્થાને રહેલો એ બ્રાહ્મણવર્ગ સર્વત્ર પોતાની જ સત્તા ચલવતો–ગૃહસ્થાશ્રમની દરેક પ્રવૃત્તિમાં–જન્મ સંસ્કારથી માંડી મરણસંસ્કાર સુધીની તમામ પ્રવૃત્તિમાં–પ્રભુત્વ બ્રાહ્મણનું જ. એ વિષે બીજા કોઇ સ્વતંત્રપણે વિચારી ન શકે તો વર્તી તો કેમ શકે? જન્મજાતિવાદનું જ પ્રાધાન્ય સ્થપાયેલું, ચોથો વર્ણ શૂદ્ર કીડા જેવું જીવન જીવતો, છતાં તેની તેમને કશી પડી ન હતી. શૂદ્રને ન ધર્મનો અધિકાર, ન ભણતરનો અધિકાર કે ન તપનો અધિકાર. કેવળ ત્રણે વર્ણોની તેમાંય બ્રાહ્મણોની તો ખાસ શૂદ્રે ગુલામી કરવાની. આ બધો વૃત્તાંત સ્મૃતિઓ અને ધર્મસૂત્રોમાં નોંધાયેલી વ્યવસ્થાને વાંચતાં સ્પષ્ટપણે કળાઇ આવે છે. આ રીતે તે વખતના ક્ષત્રિયો અને બીજી તમામ પ્રજા બ્રાહ્મણોના રીતભાતથી ભારે ત્રાસી ગયેલી હતી; એ જોતાં પણ સાચા ક્ષત્રિયને, ગીતામાં જણાવ્યા પ્રમાણે પુષ્પિતા વાણીને બોલનારા બ્રાહ્મણોને વશ રહીને રાજ્ય કરવાનું મન કેમ થઇ શકે? વનધર્મના પ્રવર્તકો તાપસો હતા. તેમણે આમ જનતા ન કરી શકે–ન આચરી શકે. એવાં ભયંકર દેહદમનો સ્વીકાર્યા હતા. તેને–જોઇને કેવળ ચમત્કાર પામતી આમજનતા તે તાપસોને ચરણે માથું નમાવતી. કોઇ તાપસો કેવળ નદીની શેવાળ જ ખાતા, કોઇ વળી પાણીમાં જ રહેતા, કોઇ લોઢાની અણીદાર શરશય્યા ઉપર પડયા રહેતા, કેટલાક વળી તદ્દન નગ્ન રહેતા; આ રીતે ભયંકર દેહદંડને ધર્મ માનવા મનાવવાની તેમની પ્રથા હતી. આ ભયાનક દેહદંડો આમ જનતા શી રીતે કરી શકે? આમ થવાથી આમજનતાનો નિત્યજીવન–વ્યવહાર ડોળાઇ ગયો હતો અને તેમને આચરણીય ધર્મ સૂઝે એમ ન હતું. આ પ્રકારે સાધારણ લોકો અહિંસાદિક પવિત્ર ધર્મોથી વિમુખ થયા હોય તો એમાં શી નવાઇ? આ ઉપરાંત સ્ત્રીઓની દશા પણ શોચનીય હતી. એને તો ભોગવિલાસનું જ સાધન ગણવામાં આવતું અને પુતળીની પેઠે તે શણગારાતી અને નરની લગભગ બધી પ્રવૃત્તિમાં અનુગામિની રહેતી. મોટા મોટા વેપારીયાઓ કેવળ ધન કમાવામાં જ પડયા હતા, ધીરધાર વ્યાજવટું પણ ઠીક ચાલતાં, માણસો પણ–સ્ત્રી કે પુરૂષ સુદ્ધાં–ભરબજારે વેચાતાં. ગુલામો રાખવાની અને તેને પશુ પેઠે પાલ્ય સમજવાની પ્રથા તે સમયે ચાલતી હતી. એમ એ સમયે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રીસમાજ વગેરેની પરિસ્થિતિ ધર્મવિમુખ હોઇ શોચનીય બની ગયેલી અને એને લીધે શ્રી વર્ધમાન–મહાવીરની જન્મભૂમિ બિહાર વા તેની આસપાસના મગધ વગેરે તમામ દેશોની પણ સ્થિતિ હીણી થઇ ગયેલી; એ બધું જોઇને પણ શ્રી વર્ધમાન મહાવીરને રાજ્યસત્તા, ભોગો વા વૈભવો પ્રતિ કંટાળો આવી ગયો હોય અને તેઓ એ તરફ ઉદાસીન બની અસંતોષી બન્યા હોય.

શાસ્ત્રમાં કહેલા વૃત્તાંત ઉપરથી આપણે જાણીએ છીએ કે શ્રી વર્ધમાન નાનપણથી જ વિશેષ સમજુ હતા, ચિંતનશીલ હતા અને ચાલુ ચીલા ઉપર ચાલવાના સ્વભાવવાળા ન હતા. એવા શ્રી વર્ધમાન તેમના સમયની ઉકત પરિસ્થિતિથી વ્યાકુળ થયા વિના રહે ખરા? એમને વ્યાકુળતા થવા સાથે ઓછામાં પૂરો માતપિતાનો દેહાંત થયો અને તેથી તેઓ વધારે વ્યાકુળ બની કોઇ પોતાના સમાધાનનો માર્ગ શોધતા જ હશે. તેમની દૃષ્ટિએ પાર્શ્વનાથ ભગવાનના શ્રમણો વા બીજા શ્રમણો આવ્યા હશે અને એમણે પછી પોતાની મેળે જ ઐચ્છિક ગરીબી સ્વીકારી સમાધાનભર્યું જીવન સ્વીકાર્યું હશે. જ્યાં દુઃખના ડુંગરના ભારથી જનતાનો મોટો ભાગ કચરાયેલો હોય ત્યાં તે તમામ જનતાને શારીરિક વા માનસિક સુખ પહોંચાડવું એ અશકય જેવું છે, પરંતુ તેમનાં દુઃખોમાં નિમિત્ત ન બનવું એ તો શ્રી વર્ધમાનસમાન શૂરવીર પુરૂષોને માટે સુલભ હોય છે. એથી જ એમણે જનતાનાં દુઃખોની જેવાં ઐચ્છિક દુઃખો પોતાને માથે સ્વીકાર્યાં અને એ ઉદ્દેશથી મહાભિનિષ્ક્રમણ કરી પોતે સમાધાન મેળવવા પ્રયાસ કર્યો હોય એમ ભાસે છે. ભારે કઠોર સાધનાઓ કરી પોતાની વૃત્તિઓને કેળવવાનો તેમણે જબ્બર પ્રયાસ કર્યો, વૃત્તિઓને સમ કરી, આત્મવત્ સર્વભૂતેષુના સિદ્ધાંતને આચરી બતાવ્યો, રાગ, દ્વેષ, ક્રોધ, મોહ વગેરે દોષોને દૂર હઠાવ્યા અને એ સમયના અન્યાયને, વૈષમ્યને દૂર કરવા અખૂટ શક્તિ મેળવવા ઘણા લાંબા સમય સુધી મૌન સેવ્યું, ખાનપાનનો ત્યાગ કર્યો, વ્યાપક બ્રહ્મચર્યની ભાવના કેળવી અને પછી ૪૨ વર્ષની પીઢ ઉમ્મરે આવ્યા પછી પોતાના સમયમાં પ્રવર્તી રહેલા અન્યાયને તોડવાનો રસ્તો તેમણે એકલા હાથે હાથ ધર્યો.

પ્રથમ તો એમણે બુદ્ધ થયા પછી તુરત એકદમ એક રાતે લાંબો વિહાર કરી બ્રાહ્મણો સામે બાથ ભીડી અને શાંતિ રાખી બધું તેમને સમજાવ્યું, ચંડાળોને અને કુંભારોને પોતાના સંઘમાં ભેળવ્યા, ગુલામ તરિકે વેચાયેલી ચંદના નામની નારીને પોતાના સંઘમાં લઇ પ્રવર્તીનીનું સ્થાન આપ્યું અને જન્મજાતિવાદને બદલે ગુણવાદને પ્રધાન સ્થાન આપી સાચા બ્રાહ્મણોનો ખરો સ્વભાવ તેમણે જનતા સમક્ષ ઘોષિત કર્યો. મનુષ્યમાત્ર મુક્તિનો અધિકારી થઇ શકે છે એ પણ જાહેર કર્યું, આત્મા માત્રમાં કશો ભેદ જ નથી એમ કહી સર્વત્ર આત્મવત્ રીતે વર્તવાનો પ્રચાર કર્યો અને વધારેમાં વધારે તો એમણે એમની શક્તિ તે

મયના અન્યાયને તોડવામાં જ વાપરી હતી. એ હકીકત આત્મસાધના તાં એમને જે જે યાતનાઓ સહવી પડી છે તે દ્વારા પણ સમજી ાય એમ છે. એ સમયના બ્રાહ્મણો લોકભાષા સામે સૂગ રાખતા પણ તેમણે આમજનતાની ભાષાનો ઉપયોગ કરી ટાળવા પ્રયાસ ેલો છે. અર્થાત્ પોતાના સમયના જે જે ક્ષેત્રોમાં અન્યાય અને મતા હતાં તે બધાંની સામે ભગવાન મહાવીરે ધર્મયુદ્ધ પોકારેલું ને જે માર્ગે પોતાને સમાધાન સંતોષ મળેલાં તે માર્ગનો તેમણે ાર કરેલો.

હવે મહાવીરના વારસો તરીકે આપણી પ્રવૃત્તિ સંબંધે આપણે વિચારીએ. વારસદારો ત્રણ પ્રકારના હોય છે. એક પોતાને વારસામાં ેલી સંપત્તિને વધારનારા, બીજા એ સંપત્તિને જેમની તેમ સાચવી રાખ રા અને ત્રીજા વારસામાં મળેલી સંપત્તિને ઘટાડનારા વા ઉડાડી દેનારા. ણે ભગવાન મહાવીરના વારસદાર આપણે એટલે સાધુ, સાધ્વી, ક અને શ્રાવિકા; એ ત્રણ પ્રકારના વારસદારોમાં કઇ કોટિમાં ીએ છીએ એ આપણે આજે જરૂર વિચારવું જોઇએ. હું અહીં એ વારસો વિષે વાત નથી કરવાનો, પણ પાછલા શ્રાવક અને વિકા વિશે જરૂર વાત કરવા માગું છું. હું પોતે શ્રાવક છું એટલે એ વાત ન કરું તો ઠીક ન કહેવાય. શ્રી વર્ધમાન મહાવીરની સંપત્તિ ટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તથા યાયને તોડવાની પ્રબળ શક્તિ. ભગવાને આપણને વારસામાં ઉપરની ામૂલી ચીજો આપેલી છે. આપણે તેને વધારી છે? જેમની તેમ ચવી છે કે ઘટાડી નાખી ઊડાડી દીધી છે? મારી બુદ્ધિ પ્રમાણે ાર કરતાં મને લાગે છે કે આપણે–શ્રાવક શ્રાવિકાઓએ–એ સંપત્તિ ારી નથી, સાચવી પણ નથી, કિંતુ ઘટાડી નાંખી તેને ઊડાડી દીધી એટલે આપણે ત્રીજા પ્રકારના વારસદારની કોટિમાં આવીએ છીએ. કહેશો કે દેશ આખામાં આટલાં બધાં દેવમંદિરો છે, લાખલાખ ાના તો ભગવાનને માથે મુગટ ચડી રહ્યા છે, સોના રૂપા હીરા ી ઝવેરાતની ભગવાનના અંગ ઉપર આંગીઓ શોભી રહી છે. દિરે મંદિરે અખંડ દીવા બળી રહ્યા છે અને રોજ રોજ ભગવાનને ના અભિષેક થઇ રહ્યા છે, સ્નાત્ર, પૂજા અને શાંતિસ્નાત્રો પણ જી રહ્યાં છે, છતાં આપણે ત્રીજી કોટીના વારસદાર છીએ એ શી ી? હું કહું છું કે આપણે ભગવાને બતાવેલી અહિંસા વગેરેને જ્યા હોત અને તેમની અન્યાયને તોડવાની શક્તિને આપણે વાર માં સાચી રીતે સાચવી રાખી હોત તો લાખલાખના મુગટોની રર ન પડત અને જે દેશમાં માનવબાળકોને દૂધ મળવું દુર્લભ છે ભગવાનને દૂધના અભિષેક કરવાને બદલે એ અભિષેકનાં દૂધ પણે એ બાળકોને પહોંચતાં કર્યા હોત. આપણે અહિંસાને સમજ્યા ી તો આપણા આખા સમાજના અંગ ઉપર અહિંસક વસ્ત્રો ી ગયાં હોત અને જે વસ્ત્રો કીડાના ભોગથી નીપજે છે તેવાં ની વસ્ત્રોને સમાજે કયારનાં ય તજી દીધાં હોત.

આ બધી તો આપણી બાહ્ય અહિંસાની ગેરસમજની હકીકત હવે આંતરઅહિંસા વિશે પણ થોડું કહી દઉં. શ્વેતાંબર - બરનો કલહ, સ્થાનકવાસી–દેરાવાસીનો કલહ, ગચ્છગચ્છનો કલ્પિત ભાવ, ભિન્ન ભિન્ન જૈન સંપ્રદાયના ભિન્ન ભિન્ન વેશવાળા સાધુઓમાં ન્યોન્ય ભાવનો આરોપ–આ બધું આપણી આંતર અહિંસાનો કરનારું છે અને ભગવાને કહેલી અહિંસાની મૂલગત વ્યાખ્યા સમજવાથી આપણામાં પેસી ગયેલું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં અને ગૌતમના સંવાદના અધ્યયનમાં એ બન્ને મહાનુભાવોએ ડાંવાળાં સાધુ અને કપડાં વિનાના સાધુ એ બન્નેનો સમન્વય કરી ેલો છે, છતાં આપણે શ્વેતાંબર દિગંબરો એક બીજા લડીએ એ અને વેશને જ પ્રધાન માની ગુણનો અનાદર કરીએ છીએ. ન પક્ષવાળા એક બીજાના શાસ્ત્રો પણ ન વાંચે અને એમને એમ સમજ વધાર્યાજ કરે તો એ કલહનો અંત શી રીતે આવે? કલહનો ત એજ સાચો ધર્મ છે એમ આપણે સમજ્યા હોત તો ધર્મને નામે કદીપણ કલહ ન જ કરત. વળી આપણે ત્યાં સ્યાદ્વાદની શૈલી છે. એટલે આપણી આપણી વચ્ચે અને આપણી પરની વચ્ચેના મતભેદો આપણે સમભાવે સહન કરતાં શીખવું જોઇએ અને સર્વ-ધર્મસમભાવની વૃત્તિને કેળવતાં શીખવું જોઇએ. આપણે ભગવાને કહેલી અહિંસાનું આંતર અને બાહ્ય બંને સ્વરૂપ સાચી રીતે સમજ્યા હોત તો વર્તમાનમાં આપણી અહિંસા તેજસ્વી હોત અને આપણે કાયર ન દેખાત. તથા આપણા ઉપર 'માણસ મારે અને મંકોડા બચાવે' એવો જે આક્ષેપ છે તે કયારનોય ભુંસાઇ ગયો હોત. આ રીતે ભગવાનની સંપત્તિને આપણે સાચવી નથી. ઉલટી વેડફી નાખી છે અને ઉંધે પાટે ચડાવી દીધી છે. એટલે આપણે ત્રીજી કોટીના અયોગ્ય વારસદારો છીએ એમાં મને તો શક લાગતો નથી.

પંડિત બેચરદાસ

કયાં ધર્મનો આદર્શ અને કયાં આપણો આજનો જીવનવ્યવહાર?

સર સ્ટેફર્ડ ક્રીપ્સે હેમ્પસ્ટેડના ઉદ્યાનનગરના સેંડ જ્યુડના દેવળમાં એક રવિવારે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે:–

"આપણાં ધાર્મિક તત્ત્વોને લગતાં પ્રવચનો એક 'રવિવાર'ના ઉપયોગ માટે તો ઠીક છે, પરંતુ દરેક વિચારશીલ મનુષ્યને પૂછવાનું મન થયા વિના રહેતું નથી કે એ તત્ત્વો ધંધા–વેપાર, રાજકારણ કે અર્થતંત્રને લાગુ પાડવાનો તમે કોઇ વાર વિચાર કર્યો છે ખરો? નૈતિક ધોરણો વિનાની લોકશાહી દુનિયાના ભાવિ સુખને માટે સરમુખત્યારશાહી કે ઉમરાવ-શાહીના જેટલી જ ભયંકર નીવડી શકે. વસ્તુતઃ એક માણસની કે માણસોના જુથની સત્તાશાહી કરતાં આપણી લોકશાહી ખ્રિસ્તી ધર્મની પ્રેરણાથી વધારે યુકત હોવાનો આપણો દાવો છે.

"આજે આખી દુનિયા પોતાના દુર્ભાગ્યથી અંધ થઇને સ્પષ્ટ અને નિશ્ચયાત્મક દોરવણીને ઝંખી રહી છે. હું માનું છું કે જેઓ ખ્રિસ્તના ઉપદેશોને ભાવનાપૂર્વક માને છે તેઓ જ આવી દોરવણી આપી શકે તેમ છે. આપણે આપણા જીવનના તાણાવાણામાં ખ્રિસ્તના ઉપદેશોને ગૂંથી લેવા જોઇએ છે, અને તેના જ સૂત્રોને અનુસરીને આપણા રોજબરોજનાં કાર્યોને વ્યવસ્થિત બનાવવાં જોઇએ છે. જેઓ પોતાને ખ્રિસ્તીઓ તરીકે માનતા અને ઓળખાવતા હોય, તેઓ બધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજનીતિની નવાં મૂલ્યાંકનની દૃષ્ટિએ ચકા-સણી કરવાનો આગ્રહ રાખવામાં સંગઠિત થાય તો આપણે થોડા દસકાઓની અંદર આખી દુનિયાને પલટાવી નાંખી શકીએ.

"એક ઐતિહાસિક હકીકત દીવા જેવી સ્પષ્ટ છે કે ભૌતિક મૂલ્યો ઉપર આપણે જે આપણું ધ્યાન કેંદ્રિત કરી રહ્યા છીએ તેથી જ આપણે અત્યંત કરુણ સ્થિતિમાં આવી પડયા છીએ અને આપણી સંસ્કૃતિમાં જે કાંઇ મૂલ્યવાન વસ્તુઓ છે તેનો નાશ થઇ રહ્યો છે. આપણાં દુઃખોનો દૈવી પ્રત્યુત્તર આપણને ખ્રિસ્તના ઉપદેશોમાંથી સાંપડે છે તે આપણે જાણીએ છીએ, પરંતુ આપણા રોજના જીવનમાં તે ઉપદેશો અને દોરવણી કરનારાં સૂત્રોને અનુસરવાની હિંમત આપણે દાખવી શકતા નથી. છેલ્લાં ૧૫ વર્ષના રાજકીય, સામાજિક અને આર્થિક કોયડાઓના અભ્યાસમાંથી મને કેટલોક અનુભવ મળ્યો છે, અને જેમ જેમ મેં વધુ મુશ્કેલીઓ જોઇ છે તેમ તેમ મને વધારે ખાતરી થતી આવી છે કે એ બધા કોયડાઓના ઉકેલનો એક જ ઉપાય વ્યવહારિક ખ્રિસ્તી ધર્મના માર્ગમાં જ રહેલો છે."

સર સ્ટેફર્ડ ખ્રીસ્તી હોઇને તેમણે આજના જીવનવ્યવહારની સર્વ ઘટનાઓ અને ખ્રીસ્તી ધર્મના મૂલભૂત આદર્શો વચ્ચે કેટલું અન્તર પડી ગયું છે અને ધર્મ વિચાર કેવળ રવિવારની કોઈ ચર્ચમાં યોજાતી સમુહ પ્રાર્થનાનો વિષય બની જતાં અને ખ્રિસ્તી પ્રજાની ચાલુ રહેણી કરણી તેમજ વિચાર સરણી ઉપર તેનો કોઇ જીવન્ત સ્પર્શ ન રહેતાં સમસ્ત ખ્રીસ્તી પ્રજાની કેવી અવનતિ થઇ છે તેનો ખ્યાલ આપ્યો છે, પણ આ કથન આજના સર્વ ધર્મો અને તેને અનુસરવાનો

શુદ્ધિપર્વ

વ્યક્તિ અને સમાજ: માત્ર મનુષ્યનો જ નહિ, પણ પશુ પંખી વગેરે કોઇ પણ પ્રાણીનો જીવનવ્યવહાર અને જીવનધર્મ નિહાળીએ તો વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે શો અને કેવો સંબંધ છે તે ધ્યાનમાં આવ્યા વિના નહિ જ રહે. સ્થુળ દૃષ્ટિએ જોતાં દરેક વ્યક્તિ સ્વપર્યાપ્ત કે કે પોતાનામાં જ પૂર્ણ ભાસે છે. ઉપર ઉપરથી જોતાં આપણને એમ લાગે છે કે દરેક પ્રાણી કે વ્યક્તિની આત્મકથા એ માત્ર તેના જ જીવનની કથા છે. કેમકે તે તેના જીવનના પ્રારંભથી શરૂ થાય છે અને તેના જીવનના અંત સાથે જ તે અંત પામે છે. પરંતુ જો આપણે સૂક્ષ્મ અને તાત્વિક દૃષ્ટિએ નિરીક્ષણ કરીએ તો આપણને તરતજ જણાશે કે કોઇ પણ વ્યક્તિનો જીવનપ્રવાહ માત્ર વ્યક્તિ-મર્યાદિત છે જ નહિ. કેમકે તે તેના પૂર્વકાલીન અને સમકાલીન સમાજનાં અનેક જીવનવહેણોથી રચાય છે અને સમૃદ્ધ થાય છે. કોઈ પણ મનુષ્ય પોતાના પૂર્વકાલીન અને સમકાલીન માનવ-સમાજ તેમજ ઇતર પ્રાણી-જગતના સંબંધો અને તેથી ઉત્પન્ન થતા સંસ્કારોને પોતાનામાંથી બાદ કરે તો તે માત્ર શૂન્ય બની રહે અને તેનામાં કશી જ જીવનશક્તિ શેષ ન રહે. પૂર્વ કાળનો પેઢીઉતાર અને સંસ્કાર-વારસો એ જ પ્રત્યેક વ્યક્તિનાં જીવનધારણ અને જીવન વિકાસની નક્કર ભૂમિકા છે; અને એ જ ભૂમિકા સમકાલીન સમાજ સાથેના વ્યક્તિનાં સારા કે નરસા સંબંધોથી વિશેષતા પામે છે અને તે ભાવિ સમાજના ઘડતરમાં સારો કે નરસો ફાળો આપવાની શક્તિ અનિવાર્યપણે કેળવે છે. આટલા ઉપરથી સ્પષ્ટ થશે કે વ્યક્તિ અને સમાજનો સંબંધ એ પુષ્પ અને તેની સુવાસના સંબંધ જેવો અવિભાજ્ય છે.

ગુણદોષ વિચાર: પ્રાણીવર્ગમાં માત્ર માનવજાતિ જ. એવી છે કે જે અતિ લાંબા કાળના સંસ્કારવારસાની રક્ષા કરવા ઉપરાંત તેમાં તે ધાર્યા પ્રમાણે ફેરફાર અને સુધારો વધારો કરી શકે. વળી તે ભાવિ પેઢીને આશીર્વાદ કે શાપરૂપ નિવડે એવી સામગ્રી પણ યોજી શકે. જે સદ્‌ગુણો કે દોષો વ્યક્તિમાં દેખાય છે કે વ્યક્તિગત મનાય છે તે ખરી રીતે સમાજ-સાપેક્ષ હોઈ તે તે સમાજના ગુણદોષનું પ્રતિબિંબ માત્ર છે. કોઇ પણ વ્યક્તિ રૂચિપૂર્વક પોતામાં, સદ્‌ગુણ કેળવવા અને વિકસાવવા માગે તો તે જીવનની દિશાને સમાજથી સાવ વિમુખ બનાવી કદી સદ્‌ગુણ સાધી શકે જ નહિ. સદ્‌ગુણનો અર્થજ એ છે કે ગમે તેવી અથડામણો અને ગમે તેવા સંઘર્ષ વચ્ચે પણ બીજા પ્રત્યેનું પોતાનું વળણ મધુર જ બનાવી રાખવું, તેમાં કડવાશ આવવા ન દેવી. માણસ સાવ એકલો હોય તો તેની વૃત્તિની મધુરતા કે કટુતાની કસોટી થઇ જ ન શકે અને તે પોતે પણ એમ નક્કી ન કરી શકે કે જેને તે સદ્‌ગુણ માની રહ્યો છે, તે વખત આવતાં સદ્‌ગુણ જ સિદ્ધ થશે. એ જ નિયમ દોષને પણ લાગુ પડે છે. કોઇ વ્યક્તિ ક્રૂરતા, લોભ કે ભોગવૃત્તિમાં રસ ધરાવતી હોય અને તે સમાજથી સાવ છૂટી પડે તો તે કદી પોતાની નવી રસવૃત્તિને તૃપ્ત કરી શકશે નહિ. સત્ય બોલવું અને આચરવું એ સદ્‌ગુણ છે. અસત્યાચરણમાં દોષ છે. પણ જો મનુષ્ય એકલો હોય તો તે સત્ય કે અસત્યનું આચરણ કેવી રીતે અને કોના પ્રત્યે કરે? તેથી એ નિઃશંકપણે ફલિત થાય છે કે ઇતર જગત સાથેનાં માણસના સંબંધમાં જ ગુણદોષની વૃધ્ધિ કે હાનિની શક્યાશક્યતા સમાયેલી છે.

મહાન પુરૂષો: પૃથ્વીના પટના કોઇ પણ ભાગ ઉપર કયારે પણ થઇ ગયેલ અને અત્યારે વર્તમાન એવા મહાન પુરૂષોની જીવનકથા એટલે સંક્ષેપમાં કહીએ તો તેમનો તેમની આસપાસના જગત પ્રત્યેનો દૃષ્ટિકોણ અને જીવનવ્યવહાર. જે રીતે ભગવાન મહાવીરે વારસામાં મળેલ સંસ્કારોને ઇતર જગત પ્રત્યેના પોતાના બંધુત્વમય અને વિશાળ દૃષ્ટિકોણ વડે તેમજ કોમળ અને મધુર આચરણથી ઉદાત્ત બનાવ્યા અને તેના પરિણામે માનવ-જાતિના અભ્યુદય અને નિઃશ્રેયસની દૃષ્ટિએ કાલાબાધિત મૂળભૂત સિધ્ધાંતો ઇતર પયગંબરોની પેઠે પ્રરૂપ્યા, તે જ સૂચવે છે કે તેમનો જીવનહેતુ વ્યક્તિ અને સમાજના સંબંધને કલ્યાણમય બનાવવાનો હતો. તેમણે જેમ સમાજના આશ્રયથી સ્વપુરૂષાર્થદ્વારા સદ્‌ગુણ વિકસાવવાની કળા સિધ્ધ કરી હતી તેમ તેમણે પોતાનાં એ સદ્‌ગુણ-ઉપાર્જનની કૃતાર્થતા સમાજના ક્ષેમમાં જ માની હતી.

પવિત્ર અષ્ટાહ્નિકા: દીર્ઘદૃષ્ટિ મહર્ષિઓએ યુગ યુગના નવ સમાજને દીવાદાંડીરૂપ બને એવા ઉદ્દેશથી વર્ષાવાસનું એક અઠવાડિયું એવી રીતે યોજ્યું છે કે તેમાં આપણે ભગવાન મહાવીરની પુણ્યકથા સાંભળવા અને તેના મર્મ ઉપર વિચાર કરવા પૂરો અવકાશ મેળવી શકીએ. ભગવાને પોતાની કઠોર સાધના દ્વારા જે સત્યો અનુભવ્યા હતા અને તેમણે પોતે જ જે સત્યોને સમકાલીન સામાજિક પરિસ્થિતિ સુધારવા અમલમાં મૂકયાં હતા અને લોકો એ પ્રમાણે જીવન ઘડે એ હેતુથી જે સત્યોનો સમર્થ પ્રચાર કર્યો હતો. તે સત્યે સંક્ષેપમાં ત્રણ છે.

(૧) બીજાના દુઃખને પોતાનું દુઃખ લેખી જીવનવ્યવહાર ઘડવો; જેથી જીવનમાં સુખશીલતા અને વિષમતાના હિંસક તત્વો પ્રવેશ ન પામે. (૨) પોતાની સુખ સગવડનો સમાજના હિત અર્થે પૂર્ણ ભોગ આપવો જેથી પરિગ્રહ બંધન મટી લોકોપકારમાં પરિણમે. (૩) સતત જાગ્રતિ અને જીવનનું અંતરનિરીક્ષણ કરતા રહેવું જેથી અજ્ઞાન કે નબળાઇને કારણે પ્રવેશ પામતા દોષોની ચોકી કરી શકાય અને આત્મપુરૂષાર્થમાં ઓટ ન આવે.

આત્મવંચના: ભગવાનની જીવનકથા સાંભળવી, તેના સ્થુળ અને બાહ્ય અંગોનું અનુકરણ કરવું એ એક વાત છે; અને તેના હાર્દને સમજી યથાશકિત તેનો પોતાના સમયની પરિસ્થિતિ સુધારવા ઉપયોગ કરવો એ જુદી વાત છે. એ ખરૂં છે કે નાનાં મોટા બધા જ ભાવુક જૈનો ઓછામાં ઓછું પજુસણના દિવસોમાં તો મહાવીરને પગલે ચાલી નાનું મોટું તપ આચરે છે અને અન્યના દુઃખને પોતાનું લેખવાના પ્રતિક રૂપે નાનું મોટું પંગલું ભરે છે. એ પણ સાચુ છે કે દરેક ધાર્મિક જૈન પોતાની ઉદારતાનો બીજાના હિત અર્થે કોઇને કોઇ ઉપયોગ કરે છે. તેમજ એ પણ સત્ય છે કે વધારે નહિ તો પજુસણના દિવસોમાં નિત્ય અને તેમ નહિ તો છેવટે સંવત્સરીને દિવસે અવશ્યમેવ બધાજ નાના મોટા ગૃહસ્થ અને ત્યાગી પ્રતિક્રમણ કરી સૌની સાથે મૈત્રીભાવ દર્શાવતા કહે છે કે અમારે કોઇની સાથે વૈરવિરોધ નથી. આ બધું છતાં આપણે જૈન સમાજની આંતરિક સ્થિતિનો તટસ્થપણે અભ્યાસ કરીએ, રાષ્ટ્રમાં અને સમગ્ર માનવસમાજમાં તેનું શું સ્થાન છે એનો વિચાર કરીએ તો આપણને જણાયા વિના નહિ રહે કે આપણે મહાવીરના સિદ્ધાંતના બાહ્ય બોખાનાં જ આચરણમાં ધર્મનું વાસ્તવિક પાલન માની આત્મવંચના કરીએ છીએ. તપ, વ્રત, વિનય, દાન અને પ્રભાવના આદિદ્વારા ચોથો આરો વર્ત્યાની કે તેના ઉદ્યોતની જે કુંકુમપત્રિકાઓ અરસ પરસ સંઘોને લખવામાં આવે છે, તેનું પોકળપણું આપણે તે જ ગૃહસ્થ અને સાધુસંઘોના જીવન જીવવાના બાપદંડ દ્વારા સરળતાથી જાણી શકીએ છીએ.

ઉકેલ માગતી સમસ્યાઓ: પજુસણ જેવું ધર્મપર્વ જે ખરી રીતે આત્મશુદ્ધિનું પર્વ છે તેમાં સમાજ પ્રવેશ કરી રહ્યો છે. જૈન સમાજ એ શિષ્ટ સમાજોમાંનો એક છે. રાષ્ટ્રીય અને માનવ સંસ્કૃતિમાં અહિંસાના કટ્ટર અનુગામી તરીકે તેનો મોભો છે. તેને કેટલાયે સુસંસ્કારો પેઢીઉતાર અનાયાસે પ્રાપ્ત થયા છે. તેથી આત્મશુદ્ધિનું પર્વ ઉજવવા ઉત્સુક એ જૈન સમાજ પાસે થોડી પણ તાત્કાલિક સમસ્યાના ઉકેલની કોઇ આશા રાખે તો તે જરાયે અસ્થાને નથી. ખરી રીતે સમાજના જીવિત ધર્માત્માઓની તો તેના ઉકેલની દિશામાં વધારેમાં વધારે પ્રયત્ન કરવો એ સ્વયંસિદ્ધ ફરજ બની રહે છે. કેમકે સમાજગત મુખ્ય લાલચો અને દોષોનું નિવારણ કર્યા સિવાય યુગાનુરૂપ સામાજીક પ્રતિક્રમણ અગર આત્મશુદ્ધિ કદી શકય જ નથી. આવી સમસ્યાઓ મુખ્યપણે આપણી સામે ત્રણ છે. (૧) તંગી અને ગરીબી (૨) કાળાં બજાર (૩) અસ્પૃશ્યતા.

તંગી અને ગરીબી: આ સમસ્યાઓના ઉકેલની એક ચાવી તો ગુરૂવર્ગના જીવનપરિવર્તનમાં રહેલી છે. આખા દેશમાં વ્યાપક રૂપે વર્તતી તંગી અને ગરીબીનો અનુભવ એક પણ જૈન ત્યાગી

દ્વારો કરતી ભિન્ન ભિન્ન પ્રજાઓને સંપૂર્ણશે લાગુ પડે છે. **પરમાનંદ**

(જગ્યાના અભાવે આ નોંધનો અવશિષ્ટ ભાગ આવતા અંકમાં)

હોય એવો દાખલો અદ્યાપિ જાણમાં નથી. તેથી ઉલટું શ્રાવકોમાં કોઇ વિરલ મળી આવવાના કે જેમણે એ તંગી અને ગરીબીનો ચોક્કસ અનુભવ કરેલો છે અને જેઓ મુંગી સેવા આપી છે. આપણે જોઇએ છીએ કે દરેક ફિરકાના ત્યાગી ગુરૂઓ ત્યાં રહેવું અને જીવન ગાળવું પસંદ કરે છે કે જ્યાં પુરેપુરી સુખ સગવડ પ્રાપ્ત થતી હોય. પરદુઃખે દુઃખી થવાના સિદ્ધાંતોપર જે જીવન-પદ્ધતિ સ્વીકારેલી તેજ જીવનચર્યાને આદર્શ માની ધરબાર છોડી ભેખ ધારી ભિક્ષુગણ જે સાદગી, સહિષ્ણુતા અને અચ્છિક વાસ્તવિક ગરીબી કૃતાર્થતા માનવાને બદલે સુખસગવડમાં જ ત્યાગ માનવાની ભૂલ કરે તો તે કદી બીજાપર નૈતિક વજન પાડી શકે નહિ. ગમે તેટલી ગીતા ભણવા છતાં અનુયાયી ભક્તો મનમાં તો જાણતા જ હોય કે આ ગુરૂવર્ગને કશી તંગી અને ગરીબીનો સાચો અનુભવ છે નહિ. એમ જાણવા છતાં ભક્તો પણ એક અથવા બીજા કારણે વર્ગની બધી જ અસ્વાભાવિક, ખર્ચાળ અને વધારે પડતી જરૂરિયાતો પોષાડતા રહે છે અને ત્યાગને પોષણ આપ્યાનો ખોટો સંતોષ લે છે. આ એક ગુરૂ અને ભક્તોની ત્યાગ વિષેની માન્યતાનું દુશ્ચક્ર છે. આ ચક્રના દોષનું નિવારણ કર્યા સિવાયનું પ્રતિક્રમણ તે નથી જીવનશુદ્ધિ નથી શુદ્ધિ પર્વની સાચી ઉજવણીનું મુખ્ય અંગ. કયાં તે ઐચ્છિક વસ્ત્ર વહોરી લેનાર ભગવાનની જીવનકથા, અને કયાં ઐચ્છિક સુખસગવડની શોધમાં પડેલ ગુરૂવર્ગનું એ કથાવાચ્ચન અને ભક્તોનું એ કથાશ્રવણ! આંતર બનતે પ્રયત્ને નિવારવું એમાંજ પજુસણ પર્વની શુધ્ધિ છે.

કાળા બજાર: જૈન પરંપરામાં ધર્મપ્રાપ્તિની પ્રાથમિક શરત જેને છત્રીસ માર્ગાનુસારી ગુણો બતાવ્યા છે તેમાં ન્યાયપૂર્વક ધનોપાર્જન કરવું એ પ્રથમ અને મુખ્ય ગુણ મનાયેલ છે. યુદ્ધ દરમ્યાન ચાલતાં કાળા બજારોમાં જૈન વ્યાપારીઓનો હાથ નાનો સૂનો કેટલાંક નિખાલસ જૈન ભાઇઓએ એ વાતનો જાહેરપણે સ્વીકાર કરેલો છે. જેલમાં પડયા પડયા પણ રાષ્ટ્ર પુરૂષોને કાળા બજારની ચીડ થયેલી અને મુકત થતાં જ તેઓ બધાએ એકી અવાજે કાળાં કારનાં કૃત્યને ધુતકાર્યું છે. તેમ છતાં અત્યાર લગીમાં કોઇ પણ સંઘના એક પણ જૈન ગુરૂએ કાળા બજારની ચોરી વિરૂદ્ધ સામાન્યપણે પણ અવાજ ઉઠાવ્યો હોય એવું જાણવામાં આવ્યું નથી. શું એ ગુરૂઓ કાળા બજારની કમાણીને અન્યાયોપાર્જિત છે એમ નથી માનતા? અને માનતા હોય તો તે વિરૂદ્ધ અવાજ ઉઠાવતા કેમ ડરે છે? આ પ્રશ્ન-ઉત્તર આપણને તેમની સુખ સગવડની વૃત્તિ અને તે સગવડ પૂરી પાડનાર ભક્તોને રાજી રાખવાની મનોવૃત્તિમાંથી મળે છે. જેની પાસેથી આ અન્યાયના વિવેકની દોરવણીની આશા રાખી શકાય તેજ ગુરૂવર્ગ જો અંતર્મુખ થઇ જીવન-વિચાર ન કરે તો તેઓ ભાવ પ્રતિક્રમણ દ્વારા શુધ્ધિપર્વને સાચી રીતે ઉજવે છે એમ કોણ કહી શકે? આ માટેનો અહિંસક સરળ ઉપાય ભગવાન મહાવીરે પોતાના મુખથી જ દર્શાવ્યો છે અને તે એ કે ગમે તેવી અગવડમાં જીવન-નિર્વાહ માણવો, પણ લૂંટ અને ચોરીના ધનથી મળતી કોઇ પણ જાતની સગવડ લેવાનો સદંતર વિચાર ત્યજવો. જો એક પણ ગુરૂ આમાં યોગ્ય પગલું ભરશે તો સાચેજ તે પજુસણ પર્વને અજવાળશે એટલું જ નહિ પણ તે જૈન સમાજના મોભા અને વારસાને પોષશે. પોતાને મળતી દોષમૂલક સગવડ સ્વીકારવામાં અસહયોગ એ જેવા લોભી અને લાલચુ વ્યાપારીઓની ન્યાયવૃત્તિ જાગૃત કરવાનો પ્રધાન ઉપાય છે. પેઢીઓ થયાં ચોરીનો ધંધો કરતી અને ચોરી, પરાક્રમ ભર્યા જીવનને નબાલું સમજતી ધારાળા જેવી મોટી કોમની એ વૃત્તિમાં પલટો રવિશંકર મહારાજની તપસ્યાએ પલટો આણ્યો તો દીર્ઘતપસ્વીના સદારની યથાર્થ તપસ્યા કાળા બજારની વૃતિ પર થોડો પણ કાબુ ન લે એ કદી માની શકાય નહિ. જરૂર હોય તો એટલી જ છે કે એકાદ સૂરિ આર્યમહાગિરિનું અનુકરણ કરી આર્યસુહસ્તિને લે ચાલતા આજના સુખશીલ અને રાંક મનના મુનિગણને યોગ્ય વાળે. તેથી આપણે આશા રાખીએ કે ગુરૂવર્ગ વરઘોડા, અર્ચા પાવના, અને શાસ્ત્રોની પૂજા ઉપર ભાર આપે છે તે કરતાં વધારે કાળા બજારની ચોરીના મૂળગત દોષ નિવારવા તરફ આપે. અથવા તેઓ એવી ચોરીનો ભોગ બનતા લોકોના મૌન આશીર્વાદ પણ મેળવશે અને પોતાના અનુયાયીઓને કમાણીની હરીફાઇની અવિચારી પાપની જાળમાં પડતાં અંશતઃ પણ બચાવી શકશે. યુધ્ધજન્ય પરિસ્થિતિનો વધારેમાં વધારે લાભ લેવાની હરીફાઇનાં વાતાવરણમાં અર્થવૃત્તિથી ટેવાયેલો જૈન વ્યાપારી કાળાબજારમાં લોભનું સંવરણ કરી ન શકે એવી દલીલ કરનારે પણ વિચારવાનું રહ્યું કે ખરે ટાંકણે જ અન્યાય લાલચોનો સામનો કરવો એમાં જ ધર્મવૃત્તિ-સત્પુરૂષાર્થ-છે. સંતતિને અન્યાયોપાર્જિત ધનનો વારસો સોંપનાર પિતા વારસામાં માત્ર ધન જ નથી આપતો, પણ તે ધન કરતાંયે અતિ સુક્ષ્મ એવી અન્યાય વૃત્તિને પણ વારસામાં આપે છે. ધનનો વારસો નાશ પામશે ત્યારે પણ એ અન્યાય-દુર્બુધ્ધિના સંસ્કારો પેઢીઉતાર સંતતિમાં ચાલુ રહેશે. એટલે કાળાબજાર કરનાર એકંદર કુટુંબ અને સંતતિનું તો એકાન્ત અહિત જ કરે છે. અન્યાય્ય ધનમાં ઉછરેલી, તાલીમ પામેલી સંતતિ કદી લાંબો વખત તેજસ્વી રહી શકે નહિ. ચોરીના ધનની ગાદી ઉપર બેસનાર કદી ધર્મારાધન કરી શકે નહિ. તેથી પજુસણની આરાધના કરવા ઇચ્છનાર વ્યાપારી વર્ગે પણ કાળા બજારના કૃત્યનું પ્રતિક્રમણ પ્રથમ કરી તે પછી જ પરંપરાગત પ્રતિક્રમણની સાર્થકતા લેખવી જોઇએ.

અસ્પૃશ્યતા: અસ્પૃશ્યતાની બાબતમાં બુદ્ધ અને મહાવીરે વૈદિક પરંપરા વિરૂદ્ધ ભારે સાહસપૂર્વક આંદોલન શરૂ કરેલું. એ આંદોલનના મૂળો એટલે સુધી ઉંડાં ગયાં કે તે બન્ને મહાત્માઓની પછી પણ એ દિશામાં અનેક સંતોએ અનેકવિધ પ્રયત્ન કર્યા. મહાવીર પછી લગભગ ૧૫૦૦ વર્ષે દક્ષિણ હિંદુસ્તાનના વૈષ્ણવ સંત આલવારોએ અસ્પૃશ્યતાનું કલંક ટાળવા પુરૂષાર્થ કર્યો. ત્યારબાદ રામાનંદ, કબીર અને નાનક વગેરેએ પણ પ્રયત્ન કર્યા, પરંતુ સૌથી છેલ્લો અને સર્વદેશીય પ્રયત્ન મહાત્માજીનો અને તેને લીધે કોંગ્રેસનો છે. અહિંસા જૈન પરંપરાનો મુખ્ય સિધ્ધાંત છે. ગાંધીજીએ નાના મોટા તમામ ક્ષેત્રોમાં અહિંસાનો પ્રયોગ સૌથી પહેલાં જ શરૂ કર્યો છે. અહિંસાતત્ત્વ માત્ર ધાર્મિક ક્ષેત્ર પુરતું જ ન રહેતાં તે સમાજ, અર્થકારણ અને રાજકારણના પ્રદેશ સુધી વિસ્તર્યું છે. એની સમજ, વ્યાખ્યા અને પ્રયોગના પ્રકારો ભૂતકાળના સંસ્કારોમાંથી વિકાસ પામ્યા છતાં સાવ અપૂર્વ છે. જૈન પરંપરાને તો અનાયાસે પોતાના પ્રાણભૂત સિધ્ધાંતને વિસ્તારનાર, વિશદ કરનાર અને તેની વિશ્વભરમાં પ્રતિષ્ઠા કરનાર એવા સંત મળી આવ્યા છે તે કાંઇ જેવો તેવો લાભ ન કહેવાય. આપણે પોતે અહિંસાને બહલાવી લોકપ્રિય કરી ન શકીએ અને કોઇ બીજો જીવને જોખમે તે કામ કરે તો તેને પોતાનો કરતાં પાછા પડીએ તો તેનાથી વધારે વિનિપાત બીજો કયો હોઇ શકે? મહાવીરે તે અહિંસાના વિચારમાંથી જ અસ્પૃશ્યતાનો ધર્મપ્રદેશ પુરતો વિરોધ કરેલો. ગાંધીજીએ તેજ અહિંસાના આધારે અસ્પૃશ્યતાનો સર્વ ક્ષેત્રમાં વિરોધ કર્યો છે અને તે પૂરા સફળ પણ થઇ રહ્યો છે. સનાતન ધર્મના બહુમત અને બીજા બળો સામે જૈનો અસ્પૃશ્યતાના વિરોધની બાબતમાં ટક્કર ઝીલી શકયા ન હતાં. તેમને એ સાચા સિધ્ધાંતની બાબતમાં પણ વ્યવહાર દૃષ્ટિએ વૈદિક પરંપરા સામે હાર ખાવી પડી હતી. પરંતુ સત્ય લાંબો વખત દબાવ્યું દબાતું નથી. એટલે અસ્પૃશ્યતાના પાપ નિવારણનું પરમ સત્ય આજે પૂરી પ્રતિષ્ઠા પામી રહ્યું છે. ગાંધીજી અને કોંગ્રેસ જ નહિ પણ પ્રાચીન કાળના કટ્ટર વૈદિકોના અનેક બ્રાહ્મણ વંશજો પણ આ સત્યની પડખે છે. એટલે બીજી રીતે વિચારીએ તો બુધ્ધ અને મહાવીરના વાવેલાં બીજ આજે ફાલ્યાં ફૂલ્યાં છે. તેવી દૃષ્ટિ પામેલા સંખ્યાબંધ જૈનો અસ્પૃશ્યતા-નિવારણમાં સીધો સાથ આપી પ્રતિક્રમણને સફળ કરી રહ્યાં છે. પાછી પાની કરતા હોય તો તે માત્ર અહિંસાધ્વજધારી ગુરૂઓ અને તેમને પગલે ચાલતા રૂઢિચુસ્તો. હવે તેમણે વખત ઓળખવો જોઇએ. એક બાજુ તેમને કયારેકના પોતાના વિરોધી કટ્ટર વૈદિકોનો સાથ છે અને બીજી બાજુ તેમની પોતાની નવી પેઢી તેમની પડખે છે. એટલે અત્યારે અસ્પૃશ્યતાનું કલંક ધોઇ નાખવાની જે સોનેરી તક જૈનોને સાંપડી છે તેનો રૂઢ દૃષ્ટિવાળા નિર્ભયપણે સત્કાર નહિ કરે તો પુનઃ પુનઃ પ્રાયશ્ચિતનું સ્મરણ કરાવતાં પ્રતિક્રમણના બધાં સૂત્રો એ માત્ર બકરાંના ગળાના આંચળ જેવાં અર્થ વિનાનાં થઇ પડશે અને તેઓ યુગ તેમજ પોતાની જ પેઢી દ્વારા ઉપહાસ પામશે. આપણે આ વર્ષના શુધ્ધિપર્વ પ્રસંગે ઉપરની સમસ્યાઓના ઉકેલ તરફ કદમ ઉઠાવીએ એટલું જ વાંછનીય છે. **પંડિત સુખલાલજી**

કયે માર્ગે ?

પ્રશ્ન : આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી ?

ઉત્તર : આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે, તેને તે (ઉત્તર) ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે, નીતિ અનીતિ પણ તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે, અને એજ આત્માને કર્તવ્ય છે. સર્વ જીવ આશ્રી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી. કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.”

સન ૧૮૯૪ માં મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રીકાથી શ્રીમદ્ રાજચંદ્રને ૨૭ પ્રશ્નો પૂછેલા જેના શ્રીમદે જવાબ આપેલા. ઉપર તેમાંનો એક પ્રશ્ન છે. ગાંધીજીનો પ્રશ્ન હું સમજું છું ત્યાં સુધી, એમ હતો કે જગતમાં જે અનીતિ અત્યારે પ્રવર્તે છે અને કાયમ થેડી ઘણી દેખાય છે તેમાંથી કાયમી સુનીતિ થાય કે નહિ ? શ્રીમદ્નો ઉત્તર મિતાક્ષરી અને મુમુક્ષુ માટે છે. ઉત્તરની શરૂઆતમાં જ એમણે ચેતવણી આપી છે કે જે જીવ અનીતિ ઇચ્છે છે, એટલે કે જેને અનીતિને પંથે જવું જ છે તેને આ ઉત્તર ઉપયોગી થવા દેવો યોગ્ય નથી. આ ઉત્તરનો આશ્રય લઇ તેવા જીવે અનીતિના પંથે જવું અનુચિત છે. પછી જવાબ આપે છે કે સર્વ ભાવ અનાદિ છે, નીતિ અનીતિ પણ. વ્યક્તિએ તો અનીતિ ત્યાગી નીતિ સ્વીકારવી એજ કર્તવ્ય છે; પણ જગતમાં સર્વથા અનીતિનો નાશ થઇ કાયમી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી.

આ ઉત્તર ખૂબ વિચારણીય છે. જગત પ્રગતિને પંથે છે કે અવનતિને પંથે એવા સવાલો ઘણી વખત પૂછાય છે. એક વર્ગ એમ માને છે કે જગત એકધારી પ્રગતિ કરી રહ્યું છે. બીજો વર્ગ એમ માને છે કે જગત એકધારી અવનતિને પંથે છે. અહીં પ્રગતિ અથવા અવનતિ કોને કહેવી એ વિષે મતભેદ હોવા સંભવ છે. વૈજ્ઞાનિક શોધ-ખોળની પ્રગતિ કે નૈતિક પ્રગતિ—શું સાચી ? અહીં આપણે સ્વીકારીશું કે નૈતિક પ્રગતિ તેજ સાચી પ્રગતિ છે. જો જગતમાં “સર્વ જીવ આશ્રી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી” તો સમાજ સુધારણા, લોક કલ્યાણની સર્વ પ્રવૃત્તિઓ તેનો કાંઇ અર્થ અર્થ છે ખરો ?

આવી દૃષ્ટિનું એક સીધું પરિણામ તેરાપંથ. સંસાર કાળો કોલસો છે, તેને ગમે તેટલો ધોઇએ તોપણ તે કાળો જ રહેવાનો, તેને સુધારવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે, માટે આત્મકલ્યાણ ઇચ્છતી વ્યક્તિએ સંસારનો ત્યાગ કરી, પોતાના કલ્યાણની ઇચ્છા કરવી—એ જ આત્માનું કર્તવ્ય છે. સંસાર અનાદિ, અનંત છે. તે છે તેવો જ રહેવાનો. વ્યક્તિને મોક્ષ મળે, પણ તે માટે સમાજ સુધારણાની પ્રવૃતિ અથવા બીજી રીતે કહીએ તો પારમાર્થિક પ્રવૃતિઓ વ્યર્થ છે.

શ્રીમદના જવાબનો આવો અર્થ કરવામાં આવે તો તે સાચો નથી લાગતો. એ વાત ખરી છે કે “સર્વ જીવ આશ્રી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી.” સંસાર અનાદિ અનંત છે તે વાત પણ સાચી છે. પણ તેથી નિરાશાને કોઈ અવકાશ નથી. હું જવાબને કેવી રીતે સમજું છું તે જણાવું.

સંસાર એટલે સદ્ અસદ્ તત્વોનું સતત અને તુમુલ યુદ્ધ; વ્યક્તિના અંતરમાં તેમ બાહ્ય જગતમાં. આ દૈવી અને આસુરી વૃત્તિ-ઓનો પુંજ એટલે માનવી. તેનો વિકાસ અને મોક્ષ એટલે એ અસદ્ વૃત્તિઓ ઉપર વિજય અને તેનો અંતિમ નાશ. અસદ્ વૃત્તિઓ હોવાં છતાં માનવી ટકે છે અને પ્રગતિ કરે છે સદ્ વૃત્તિઓથી અને તેના વિકાસથી. તેવી જ રીતે જગતમાં નીતિ અનીતિ બંને છે, પણ જગત ટકે છે અને પ્રગતિ કરે છે નીતિના સ્વીકારથી, અનીતિના ત્યાગથી. વ્યક્તિ માટે આ આંતર્ યુદ્ધનો એક દિવસ અંત આવે છે તે તેનો મોક્ષ. જગત માટે એવો કાયમી અંત નથી. તેથી જગત—સંસાર અનંત. જગત નથી એકધારી પ્રગતિને પંથે કે નથી એકધારી અવ નતિને પંથે. તેની થાય છે ચડતી પડતી. જગતના ઇતિહાસમાં કોઇ સમયે નીતિનું તત્વ વધારે વિજયવંત દેખાય છે, ત્યારે જગત સંસ્કાર અને પ્રગતિને પંથે જણાય છે. કોઇ સમયે અનીતિનું તત્વ વિજય વંત દેખાય છે ત્યારે જગતમાં હિંસા, અસત્ય, દંભ વિગેરે પ્રસરે છે પણ અસત્યથી જગત ટકે નહિ. તેનો આત્યંતિક નાશ પણ નથ એટલે જ્યારે જગતમાં અનીતિનું તત્વ વધતું જણાય છે ત્યારે ગીતામ કહ્યું છે તેમ:

> **परित्राणाय साधूनाम्, विनाशाय च दुष्कृताम्।**
> **धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे॥**

એવે સમયે મહાત્માઓ, સંત પુરુષો, પયગમ્બરો, ઓલીયાઓ જગતને ચેતવે છે; પોતાના ચારિત્ર્યથી, ત્યાગથી, જીવનથી અને છેવ મૃત્યુથી ધર્મભાવનાની પુનઃ સ્થાપના કરે છે.

દરેક જીવનું એક કર્તવ્ય છે કે પોતાના વિકાસ માટે અ જગતના કલ્યાણ માટે આ ધર્મભાવનાને સતત જાગ્રત રાખે, પોતાન જીવનમાં અને પોતાની આસપાસના વાતાવરણમાં પોતાની શક્તિ મુજ તેની સ્થાપના કરે. પારમાર્થિક પ્રવૃત્તિ એટલે આવી ધર્મભાવના જાગૃ રાખવી. વ્યક્તિનાં અંતરમાં સદ્ અસદ્ વૃત્તિઓનું જે યુદ્ધ ચાલે છે તેમાં સતૃત જાગૃત રહી નીતિના તત્વને સર્વોપરી બનાવવું તે તેન કર્તવ્ય છે. તેમ કરવામાં દરેક સંસારી જીવને પોતાની આસપાસન રાજકીય, સામાજીક આર્થિક વિગેરે સંબંધો નકકી કરવા રહ્યાં. પોતાન જાતની ઉન્નતિ કરવા માટે પોતાનું જીવન વિશિષ્ટ સ્વરૂપે ઘડવું જોઇશે તેમ કરવામાં સમસ્ત સમાજનું સ્વરૂપ પોતે વિચારવું જોઇશે અને પોતાની સાચી ઉન્નતિને અનુરૂપ તેને બનાવવું પડશે. એમ સંભવ છે કે આમ કરવાં જતાં સમાજની પ્રગતિ ન જોઇ શકતો માણસ નિરાશ થાય અને સામાજીક પ્રગતિના પ્રયત્નોને મૃગજળવત્ માને. પણ જેને સત્યના અંતિમ વિજયમાં એટલે કે ઇશ્વરમાં શ્રદ્ધા છે તે માણસ કોઇ દિવસ નિરાશ નહિ થાય. સંસારની પ્રગતિ તુરત દેખાતી નથી, પણ વ્યક્તિને પોતાને તેનો અનુભવ થાય છે. એક સમય એવો આવે કે વ્યક્તિ એમ કહે કે આ સંસારમાં મેં ઘણી પ્રવૃત્તિઓ કરી, હવે મારે ઇશ્વરના સાન્નિધ્યે જઇને હું તેના ચરણે બેસીશ. આવી સ્થિતિ દરેક વ્યક્તિના જીવનમાં આવતી નથી અને જેને આવે છે તેને પણ લાંબા સમયના અભ્યાસ, વૈરાગ્ય અને જીવન અનુભવ પછી આવે છે. વિરલ વ્યક્તિઓ અપવાદ રૂપ હોય. વ્યક્તિના વિકાસ માટે આ જગત રણ-ગણ છે. તેમાં રહીને સતત પડતો આથડતો એ જીવ આગળ વધે છે. પોતાની શક્તિનું માપ કાઢવાનું આ ક્ષેત્ર છે. તેનો સહસા ત્યાગ કરી વિરલ વ્યક્તિઓ જ પોતાનો વિકાસ સાધી શકે છે. જગત એ વ્યક્તિની સાધનાનું અને તેની પ્રગતિનું માપ કરવાનું સાધન છે વ્યક્તિનો વિકાસ મોટે ભાગે ક્રમિક હોય છે અને તેના પોતાના સ્વભાવને આધીન રહીને જ તે સાધી શકે છે. પોતાના સ્વાભાવ વિરુદ્ધ આચરણથી કરવાથી દેખાવને ખાતર બીજાના અનુકરણથી પ્રગતિ શક્ય નથી. દરેક વ્યક્તિએ પોતાની શ્રદ્ધા મુજબ પોતાનો સ્વભાવ કેળવવો રહ્યો.

ચીમનલાલ ચકુભાઈ શાહ.

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

ધી બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૩-૯-૪૫ સોમવારથી તા. ૧૧-૯-૪૫ મંગળવાર સુધી યોજવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

સ્થળ–	તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
આનંદભુવન	તા. ૩ સોમવાર	પંડિત સુખલાલજી	ઐતિહાસિક દૃષ્ટિએ ભગવાન મહાવીર
,,	,, ,,	કાકાસાહેબ કાલેલકર	સ્યાદ્વાદ અને સર્વધર્મસમભાવ
,,	૪ મંગળવાર	,, ,,	,, ,,
,,	,, ,,	શ્રી. કાનજી કરસનદાસ (કાકુભાઇ)	ગાંધીયોજના
,,	૫ બુધવાર	,, મોતીચંદ ગી. કાપડીઆ	'બહેત ગઇ થોડી રહી'
,,	,, ,,	,, શાન્તિલાલ હ. શાહ	कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम्
,,	૬ ગુરૂવાર	ડો. તારાપોરવાળા	મુક્તિના ત્રણ માર્ગો
,,	,, ,,	ડો. જગદીશચંદ્ર જૈન	ભગવાન મહાવીર
,,	૭ શુક્રવાર	શ્રી. બળવંતરાય ક. ઠાકોર	પ્રાગ્‌શ્રીશ ગુજરાત
,,	,, ,,	,, ચીમનલાલ ચ. શાહ	કાઉન્ટ લીઓટોલ્સ્ટોય
,,	૮ શનિવાર	,, મગનભાઇ દેસાઈ	ધર્મશિક્ષણ
,,	,, ,,	,, જૈનેંદ્રકુમાર જૈન	સેવા અને ધન
,,	૯ રવિવાર	,, કનૈયાલાલ મા. મુનશી	ભગવદ્ ગીતા
,,	,, ,,	,, મગનભાઇ દેસાઈ	જગતના મહાપુરૂષો.
મહાવીર જૈન વિદ્યાલય	,, (બપોરના ૩॥ વાગે)	મહાસતીજી ઉજ્જવળકુમારી	ભગવાન મહાવીરનો સંદેશ
ભાંગવાડી થીએટર	૧૦ સોમવાર	પંડિત સુખલાલજી	જૈન ધર્મની રૂપરેખા
,,	,, ,,	શ્રી. શંકરરાવ દેવ	શાશ્વત સુખના માર્ગો
આનંદભુવન	૧૧ મંગળવાર	,, જૈનેંદ્રકુમાર જૈન	મત અને ધર્મ
,,	,, ,,	,, અશોક મહેતા	હિંદી અસ્મિતાના ચિરન્તન તત્વો.

વ્યાખ્યાનસ્થળ અને સમય:–શરૂઆતના સાત દિવસના તેમજ નવમા દિવસના વ્યાખ્યાનો શ્રી. વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનની વ્યાખ્યાનશાળામાં હંમેશા સવારના ૯ થી ૧૧ સુધી અને આઠમા દિવસનાં વ્યાખ્યાનો કાલબાદેવી રોડ ઉપર આવેલ ભાંગવાડી થીએટરમાં સવારના ૯॥ થી ૧૧॥ સુધી આપવામાં આવશે અને મહાસતીજી શ્રી ઉજ્જવળકુમારીજીનું વ્યાખ્યાન તા. ૯ રવિવારના રોજ બપોરે સાડા ત્રણ વાગે ગોવાલીયા ટેંક રોડ ઉપર આવેલ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયમાં આપવામાં આવશે. સમસ્ત વ્યાખ્યાનમાળા દરમિયાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી અધ્યક્ષ સ્થાને બીરાજશે. આ પ્રમાણે ગોઠવાયલા કાર્યક્રમમાં વક્તાઓની કોઇ ખાસ અનુકુળતા પ્રતિકુળતાના અંગે જરૂરી ફેરફારો થવાનો સંભવ રહે છે, જે બાબતની જાહેરાત ચાલુ વ્યાખ્યાનસભાઓ દરમિયાન કરવામાં આવશે. આ વ્યાખ્યાનો નિયત કરેલા સ્થળે અને નિયત કરેલા સમયે બરોબર શરૂ કરવામાં આવશે. જૈન-જૈનેતર સર્વબાઇ બહેનોને આ વ્યાખ્યાનમાળાનો લાભ લેવા નિમંત્રણ આપવામાં આવે છે અને તે માટે વખતસર હાજર રહેવા અને વ્યાખ્યાન દરમિયાન પુરી શાન્તિ અને શિસ્ત જાળવવા વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
વ્રજલાલ ધરમચંદ મેઘાણી
રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

'શબ્દોના સાથીઓ'

તા. ૨-૯-૪૫ રવિવાર રાત્રીના આઠ વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોના રંજન તેમજ ઉદ્‌બોધન અર્થે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ વિદ્યાલયના જ વિદ્યાર્થી શ્રી વાડીલાલ ડગલીએ રચેલ ૧૯૪૨ ના ઓગસ્ટ માસની ક્રાન્તિને સ્પર્શતું 'શબ્દોના સાથીઓ' નામનું નાટક ભજવશે. સર્વ સભ્યોને આ પ્રસંગે સહકુટુંબ આવવા વિનંતી કરવામાં આવે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ

પ્રબુદ્ધ જૈન: આજે સાત વર્ષથી પ્રબુદ્ધ જૈન પ્રગટ થઇ રહ્યું છે અને માત્ર જૈન સમાજની જ નહિ પણ સમસ્ત રાષ્ટ્રની અનેકવિધ સેવા કરી રહેલ છે. જૈન સમાજમાં અવારનવાર ઉપસ્થિત થતા પ્રશ્નો વિષે પ્રબુદ્ધ જૈનમાં સ્પષ્ટ, સચોટ તેમજ વિશાળ માર્ગદર્શન આપવામાં આવે છે તેમ જ રાષ્ટ્ર તેમ જ વિશાળ સમાજની અનેક સમસ્યાઓનું હાર્દ સામાન્ય જનતાની બુદ્ધિ સરળપણે ગ્રહણ કરી શકે એ રીતે રજુ કરવામાં આવે છે. રાજકારણની નિડર ચર્ચા પ્રબુદ્ધ જૈનનું એક પ્રધાન અંગ છે. નવા વિચારોને વેગ આપવો, સંસ્કારિતાનો પ્રચાર કરવો અને સમાજના નાના કે મોટા પ્રશ્નોનું માનવતા અને રાષ્ટ્રીયતાની વિશાળ ભૂમિકાને અનુલક્ષીને સુગમ્ય ભાષામાં નિરૂપણ કરવું–આ પ્રબુદ્ધ જૈનનું લક્ષ્ય છે. પ્રબુદ્ધ જૈન વિષે જે કોઇ ભાઇ બહેનને આવી પ્રતીતિ થઈ હોય તે તેનો ફેલાવો કરવામાં અને ગ્રાહકો વધારવામાં બને તેટલા મદદરૂપ થાય. પ્રબુદ્ધ જૈનનું લવાજમ રૂ. ૩ છે. ગ્રાહક થવા ઇચ્છનારને વાર્ષિક લવાજમ રૂ. ૩ મોકલી આપવા અથવા રૂ.૩. ૪. ૦ નું વી.પી. માંગવવા વિનંતી કરવામાં આવે છે.

આ ઉપરાંત પ્રબુદ્ધ જૈનની પ્રવૃત્તિ ચલાવવા પાછળ સંઘને દર વર્ષે રૂા. ૫૦૦ થી ૬૦૦ જોડવા પડે છે તો તે ભાર બને તેટલો હળવો કરવા પ્રબુદ્ધ જૈનના વાંચકોને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય: આ વાંચનાલય અને પુસ્તકાલય પણ છેલ્લાં સાત વર્ષથી ચલાવવામાં આવે છે. સંઘના કાર્યાલયની સાંકડી જગ્યામાં હમેશાં લગભગ ૧૨૫ ભાઇઓ વાંચનાલયનો લાભ લઇ રહ્યા છે અને પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૮૦૦ ની છે. આ પ્રવૃત્તિના અંગે સંઘના શિરે પહોંચતી ખર્ચ તેમજ નવા પુસ્તક ખરીદવાને અંગે આશરે રૂા. ૨૦૦૦ ની જવાબદારી છે. આ પ્રવૃત્તિ શુદ્ધ અર્થમાં સાર્વજનિક છે અને તેનો લાભ લેનાર પાસેથી કશું પણ લવાજમ લેવામાં આવતું નથી. આ સાર્વજનિક કાર્યમાં બને તેટલી મદદ કરવા જાહેર જનતાને વિજ્ઞપ્તિ છે.

રાહત પ્રવૃત્તિ: સંઘની કાર્યશક્તિ પરિમિત હોઇને આ પ્રવૃત્તિ મુંબઇ તથા પરાંઓમાં વસતા જૈન સમાજ પુરતી મર્યાદિત રાખવામાં આવી છે. આ પ્રવૃત્તિદ્વારા ૬૫ કુટુંબોને રોકડ અથવા રેશન રાહત દ્વારા દર માસે આશરે કુલ રૂા. ૭૦૦ જેટલી મદદ આપવામાં આવે છે. આ ઉપરાંત કોઈ અસાધારણ પરિસ્થિતિ કે માંદગી જેવા સંયોગો લક્ષ્યમાં લઇને સંઘ તરફથી છુટક મદદો પણ આપવામાં આવે છે. આ પ્રવૃતિને પુષ્ટ કરવા પાછળ જૈન સમાજ પોતાનો ઉદાર હાથ લંબાવે એવી પ્રાર્થના છે.

માંદાની માવજતનાં સાધનો પુરાં પાડવા: આ સાધનો કશા પણ નાતજાતના ભેદ સિવાય પુરાં પાડવામાં આવે છે. સંઘના કાર્યાલયમાં આ સાધનો પુરતા પ્રમાણમાં રાખવામાં આવે છે અને ચોક્કસ અનામત રકમ સામે જોને જરૂર પડે તે આ સાધનો લઇ જઇ શકે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા: દર વર્ષે સંઘ તરફથી પર્યુષણ પર્વ દરમિયાન આ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે અને આ પ્રસંગે મુંબઇ તેમજ બહારથી સુપ્રસિદ્ધ વિદ્વાનો, વિચારકો તેમજ સમાજસેવકોને ધાર્મિક, આધ્યાત્મિક તેમજ સામાજિક વિષયો ઉપર વ્યાખ્યાનો આપવા માટે નિમંત્રણ આપવામાં આવે છે. આ વ્યાખ્યાનમાળા જો કે પર્યુષણ પર્વના અનુસંધાનમાં ગોઠવવામાં આવે છે એમ છતાં પણ કોઈ પણ સાંપ્રદાયિકતાના ખ્યાલથી આ પ્રવૃત્તિને હંમેશા મુક્ત રાખવામાં આવે છે. સદ્વિચાર અને ઉન્નત ભાવનાઓનો સાર્વજનિક પ્રચાર એજ માત્ર આ વ્યાખ્યાનમાળાનો હેતુ છે. આ વ્યાખ્યાનમાળાનો પ્રબંધ પણ રૂા. ૫૦૦ થી ૬૦૦ સુધીના ખર્ચનો વિષય બને છે.

સંઘના સભ્યો બનો: સંઘની આ વિવિધ પ્રવૃત્તિઓ ધ્યાનમાં લઇને જે કોઇ જૈન ભાઇ કે બહેન સંઘનો સભ્ય થવા ઇચ્છે તે સંઘનું બંધારણ વાંચી વિચારી સમજીને તેમજ તેમાં રહેલા શિસ્તના નિયમોનું બંધન સ્વીકારીને સંઘના સભ્ય થઇ શકે છે. સાધારણતઃ વાર્ષિક લવાજમ ભાઇઓ માટે રૂા. ૪ અને બહેનો માટે રૂા. ૩ છે. પર્યુષણથી આગામી વર્ષના આસો વદ અમાસ સુધી સભ્ય થવા ઇચ્છનાર ભાઇને રૂા. ૫ અને બહેનને રૂા. ૪ લવાજમ આપવાનું રહે છે. સંઘના દરેક સભ્યને પ્રબુદ્ધ જૈન વિના લવાજમે મળે છે.

'આળાં હૈયાં'

પ્રબુદ્ધ જૈનના વાંચકોને ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીનું નામ સુપરિચિત છે. તેમની કરૂણાપ્રધાન હૃદયસ્પર્શી અને સમાજના નીચલા થરના દુઃખ, દર્દ અને યાતનાઓથી ભરેલા જીવનની ઝાંખી કરાવતી કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આમાંની કેટલીક કથાઓ પ્રબુદ્ધ જૈનના અંકોમાં પ્રગટ થઇ ચુકી છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીમત રૂા. ૨।। રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧।। માં આપવામાં આવશે. ભાઇ મેઘાણીની વાર્તાઓની લોકપ્રિયતા તેમજ પ્રસ્તુત પુસ્તકની પ્રતોની પરિમિત સંખ્યા ધ્યાનમાં લેતાં આ પુસ્તક બહુ જલ્દિથી ખપી જશે એમ ધારણા રાખવામાં આવે છે તો પુસ્તકના ગ્રાહક થવા ઇચ્છનારને જલ્દિથી નામ નોંધાવવા વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

સભ્યોનાં લવાજમ

આ વર્ષનો શ્રાવણ માસ પુરો થવા આવ્યો છે, એમ છતાં હજુ સંઘના ઘણા સભ્યોના લવાજમ વસુલ થવા બાકી છે. આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વ્યાખ્યાનો સાંભળવા આવતા સભ્યો પોતપોતાનાં લવાજમો સાથે લેતા આવે અને એ રીતે સંઘના વહીવટી કાર્યને બને તેટલું સરળ કરે એવી સર્વ સભ્યોને ખાસ વિજ્ઞપ્તિ છે.

રાષ્ટ્રવીર સુભાષબાબુના અવસાન સંબંધે ઠરાવ

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની તા. ૨૭–૮–૪૫ સોમવારના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાએ સદ્‌ગત સુભાષબાબુના અકાળ અવસાન સંબંધે નીચે મુજબનો ઠરાવ કર્યો છે, "રાષ્ટ્રવીર સુભાષબાબુના અકાળ અવસાનની આ સભા અત્યન્ત ખેદપૂર્વક નોંધ લે છે. તેમની કાર્યપધ્ધતિ વિષે ગમે તે મતભેદ હોય, પણ રાષ્ટ્રની આઝાદી એ જ તેમના જીવનનું એક માત્ર ધ્યેય હતું અને તે ધ્યેયની પાછળ તેમને પોતાના આખા જીવનનું બલિદાન આપ્યું છે એ વિષે લેશમાત્ર મતભેદ હોવા સંભવ નથી. તેમના સ્વર્ગગમનથી દેશને એક મહાન કર્મવીરની ખોટ પડી છે. આગામી પેઢીઓને તેમનું જીવન અખંડ પ્રેરણારૂપ બનશે અને તેમની નિડરતા અને વીરતા હંમેશાને માટે યુવક જનતાને દૃષ્ટાંત રૂપ રહેશે. પરમાત્મા તેમના તેજસ્વી છતાં અસ્વસ્થ આત્માને પરમ શાન્તિ આપે એવી આ સભા પ્રાર્થના કરે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સૂર્યકાન્ત પ્રિં. પ્રેસ, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.

પારકી મા

(ગામડામાં જન્મેલો અભણ અને અપ્તરંગી બ્રાહ્મણ ભીખના ધંધા અને ગામના તિરસ્કારથી કંટાળી પંડ ચાપરી પેટ ભરવાની ઈચ્છાથી મુંબઈ આવવા નીકળે છે. રસ્તામાં તેને પોતાની જેવા જ જગાનો પરિચય થાય છે. સમાન ગરીબી, અને સમાન શ્રમ તેમને નજદીક લાવે છે. તેમાંથી સહાનુભૂતિ જન્મે છે. ક્રુર કાળ આ સબંધ અચાનક તોડે છે. ખીમો મા'રાજ પોતાના ઉપકારક જગલાનું આખર વખતનું હૃદયમંથન અને મા માટેની તેની વળગણું સ્વઆંખે જુવે છે. તેનું માવીહોણું આળું હૈયું ધવાય છે—અને જગલાની માને પોતાની મા બનાવી પોતે તેનો ખરો પુત્ર બની જગાનું મિત્રઋણ ફેડે છે ત્યારથી જ તે નફિકરો, રંગી ભંગી મસ્ત માણસ પોતાના જીવન વહેનને પલટી નાંખે છે. બધી ઉપાધિ માંથી મુક્ત રહેવા ઈચ્છતો તે માનવી માને સુખી કરવા સંસારનો બોજો ઉપાડે છે, સખ્ત મજુરી કરે છે અને જગાની સદ્‌ગતિનો ભાર પણ વેંઢારે છે. આ મા–દીકરા–આજે હૈયાત છે. **પ્ર. ધ. મેઘાણી.**)

છેલ્લાં કેટલાંયે દિવસ થયાં જગલો સવાર સાંજ થઇ રહ્યો છે. જ્યારથી મરકીનું નામ પડયું ત્યારથી જ સૌના મનમાં એક વાત તો નક્કી છે કે "ઇશ્વર કૃપા હોય તો જ માણસ આવા દરદમાંથી ઉગરે." અને તેમાંય જ્યારે ખીમાએ દુકાનનો ગલ્લો ખંખેરી તેનો બેરીચો અને પોતાનો ચાંદીનો કંદોરો વેચીને બોલાવેલા મોટા ડાકટરે, સારવાર કર્યા વિના માત્ર જોઇને જ મરાઠા હોસ્પીતાલમાં લઇ જવાની શાણી સલાહ આપી અને બદલામાં જગલા અને ખીમાની સામટી મુડી પોતાના ગજવામાં મૂકતાં મૂકતાં નિર્લેપ ભાવે કહ્યું કે "કેસ સુધરવાની આશા નથી, તમારે વહેલું ચેતવું જોઇતું હતું, હવે તો ઘણું મોડું થઇ ગયું છે." ત્યારથી તો પાકે પાયે જગલાની મા અને ખીમા મા'રાજને ખાત્રી થયેલી કે "હવે જગલો આપણો નથી, ભગવાનનો છે. એ પોતાની થાપણ કયારે ઉપાડી લે તે કાંઇ કહેવાય નહિ. આપણે જરા ગફલતમાં રહ્યા, જો વહેલા ચેત્યા હોત તો જરૂર ડાકટર કહે છે તેમ કાંઇ ફેર પડત." દેખીતી નિરાશામય સ્થિતિમાં પણ જીવન, મૃત્યુ કે તેવી બીજી કેટલીયે બાબતો અનિશ્ચિત જ રહેલી છે અને આવી અનિશ્ચિત બાબતોમાં આશા જ નિશ્ચિતતા જેવું જ આશ્વાસન આપી માનવીને ગતિશીલ રાખી પરિણામના બીજા છેડા સુધી ખેંચે છે. આથી જ જગત કે જીવન જીવવાં કે ખેંચવા જેવું રહેલું છે. મોંઘી ડોશી અને ખીમો મા'રાજ ભરપૂર નિરાશા અને હતાશામાં પણ તે સામાન્ય આશાના દોરથી ખેંચાયા અને જગાની શારીરિક સ્થિતિ અને પોતાના આર્થિક સંજોગની કલ્પના કર્યા વિના જ તેને હોસ્પીતાલમાં લઇ ગયા.

જુવાનીમાં જગલાના બાપ કાના ઠક્કર સાથે જાત્રાએ ગયેલી, ત્યારે ગયુરામાંથી ખરીદેલી, અનેક મીઠાં સ્મરણોથી ભરેલી અને ભગવંત્ ભાવથી ડોકમાં નાંખેલી પોતાની શ્રીનામી જ્યારે ડોશીએ વેચી નાંખી ત્યારે તેની આંખના ખૂણાં ભીનાં થયાં. કારણકે પતિ અને તેની પાછળ ઘરની એક પછી એક વસ્તુઓ જતાં બાકી તેનાં સ્મરણ જેવાં બે વાનાં જ રહ્યાં હતાં અને તે એક જગલો અને બીજી શ્રીનામી.'

દીકરાની ભયંકર માંદગી અને મનમાં જાગેલી આ શંકાથી થયું કે હવે પતિના સ્મારક જેવો દીકરો અને શ્રીનામી બન્ને જતાં, તેનું ઘર અને હૈયું, એટલે તેનું જગત્ અને જીવન ખાલી ખમ થઇ જશે ! પતિના નામ માત્ર સિવાય બીજું કોઇ સ્મરણચિન્હ બાકી નહિ રહે. વર્ષો પહેલાં મરેલા પતિ આજે જ તેને મન પુનઃ મૃત્યુ પામ્યા !

દવાખાનાને ઓટલે અર્ધ ભૂખી તે પડી રહેતી અને પ્રતિક્ષણે દીકરાની ભીતિથી ડરી વારંવાર સનેપાતમાં લવતાં છોકરાને જોઇ આવતી. ખીમો પણ હાથમાં માળા લઇ જગલા પાસે જડભરત જેવો કંઇક ગણુગણુતો બેસી રહેતો. અને મનમાં ભગવાનને આરજુ કરતો કે "હે ! ભલા ભગવાન ! આ રાંકડી વિધવાના એકના એક છોકરાને ઉગારજે. જો તને પુગતું હોય તો મારૂં આજ સુધીનું પૂજા–પાઠનું ફળ એને આપું છું. હું ગરીબ એ વિના બીજું શું આપી શકું ?" એ પૂજા એટલે શું તે તો તે નહોતો જાણતો પણ નિત્ય નાહીને કંઇ કરતો તે પાઠ પણ તે નહોતો જાણતો, તોય ગીતાનો ગુટકો પોથીમાં રાખી મૂકતો અને પૂજા વખતે અનિમિષ આંખે તેની સામે જોઇ ભક્તિભાવે "વત્ કૃપા તમહં વંદે પરમાનંદ માધવમ્" બોલી નમન કરતો. આવી પૂજા કર્યા પછી કેટલીયે વાર તે આનંદમાં દેખાતો અને તેની મારકણી પ્રકૃતિ નરમ બની જતી. એને મન પોતાના રંગીભંગી, તરંગી અને અક્ષરમી જીવનમાં આ જાતની પૂજા અને ભક્તિ મોટી મુડી હતી. તે માનતો કે ભગવાનના ચોપડામાં તે જમા થાય છે અને ખપ પડે ઉપયોગમાં આવે છે. આવતા ભવની સારી ગતિ માટે આ મુડી ઉપર તેનો મોટો મદાર હતો. આ મુડીની તેણે જગલાને ભગવાન ઉપર હુંડી આપી. રે ! ભોળા ભામણ !

* * *

જગલો અને ખીમો સગા તો નહિ, પણ એક નાતના કે ગામના પણ ન હોતા. જગલો લુહાણો અને ખીમો બ્રાહ્મણ. પણ ખરી રીતે તો બન્ને મજુરની જાતના અને એક સરખી ગરીબ સ્થિતિના હતા. સવારથી સાંજ સુધી મજુરી કરનારા, મજુર જેવું અગવડતા ભર્યું આકરૂં તાપસ જીવન જીવનારા, મજુરને મળે તેવો લુખો સુકો રોટલો મળતો તે ખાઇ પ્રભુનો આભાર માની બીજાની દખ્યાં વગર જીવન ખેંચનારા માનવ પ્રાણીઓ હતા. સમાન ગરીબીએ તેમને એક બીજાની નજદીક આણ્યાં. નિર્વાહ માટેના સમાન શ્રમે એક બીજાને જોડયા. અને તેમાંથી સહાનુભૂતિએ જીવનની કડવાશ ભૂલાવી તેને જીવવા જેવું રાખ્યું

ખીમાનો જન્મ બ્રાહ્મણના ઘરમાં થયો એટલો જ એ બ્રાહ્મણ હતો; બાકી તો એકકેય આચાર, વિચાર કે સંસ્કાર ગરીબીએ તેનામાં બ્રાહ્મણના રાખ્યાં નહોતાં, બીજા ઉપર સરસાઇ ભોગવવા જેમ મુડીવાદીઓને મુડીનું સાધન હોય છે તેવું જ અભણ અને અજ્ઞાન ઉપર સરસાઇ ભોગવવા સંસ્કાર, શિક્ષણ અને અમુક પ્રકારના આચાર વિચારનું બળ તેની પાસે નહોતું. ઉપરાંત મસ્ત, લાપરવાહી અપ્તરંગી જીવનને કારણે સમાજમાં પણ તેનું જોઇએ તેવું સ્થાન નહોતું. નિશાળ વગરના એના નાના ગામડાની અભણ વસ્તીમાં પંડિત મનાતા બે ચોપડી જેટલું ભણેલા તેના બાપે તેને પોતાની જેવો પંડિત બનાવવા ઘણી મહેનત કરી, પણ જડ ભરત ખીમાના કરમમાં વિદ્યા જ લખેલી નહિ હોય એટલે તેને કંઇ આવડયું જ નહિ. આ વાતનો બાધા ભટ્ટને ઝાઝો ધ્રોખો નહોતો. કારણ કે તે માનતા કે ન ભણ્યો તોય શું બગડી ગયું. ભામણ તો સરસ્વતી માતાનો દીકરો ગણાય ! એને તો વગર ભણ્યે પણ કોઠા વિદ્યા હોય ! જ્યાં સુધી જજમાન જીવતા છે ત્યાં સુધી થોડો ભામણનો છોકરો ભૂખે મરવાનો છે ! અમારૂં તો આ એકજ ગામમાં સાત પેઢી થયાં એકધારૂં ચાલ્યું. એમ એનું'ય ચાલશે આથી બાધાભટ્ટે નમાયા ખીમાને કોચવીને ભણાવ્યો નહિ અને ખીમો ભણ્યો નહિ. પણ નફીકરો મસ્ત બની ગામમાં ગમે તેની સાથે કજીઓ કરવામાં અને પારકાના કામ કરી આપવામાં પાવરધો થયો. તેને અને તેના બાપને રોજ સવારના પહોરમાં ટપાટપી થાય જ. બાપ ઇચ્છે કે "ખીમો તાંબડી લઇ પોતાના ગરાસ જેવા જજમાનોને ત્યાં લોટે જઇ આવે." આ ગરાસ માટે તો નાતમાં મોટા કજીઆ થયેલા, માથાં ફૂટેલાં અને ગોળાના પાણી હરામ થયેલા પછી જ તેને ભાગ આવેલો, આવા એ કીંમતી ગરાસનો ભોગવટો ખીમાએ કરવો અને કુટુંબનું નાક સાચવી રાખવું એટલી આશા બાધાભટ્ટે રાખેલી.

ખીમાને આ ગરાસ કે ભીખનો ભોગવટો કરી ભામણવેડા કરવા ન ગમતાં. તે ગામમાં બધા છોકરાઓનો, સરદાર અને કાંટીયા વરણને

પણ મારે એવો બળાયો હતો. બધા તેનાથી ડરે તેવું પહેલવાન જેવું તેનું શરીર હતું, તેથી તેને ભીખ માગતાં શરમ આવતી. તેમાં તેનું બળ અને સ્વમાન ઘવાતું તેને લાગતું. આપનારને પણ આવા તગડાને આપતાં ઘૃણા આવતી. તે કોઇના ખેતરમાં મજુરી કે કોઇની ખેપ કરતો, પણ ભીખ માગતો નહિ. ભામણની દુનિયામાં તે પાકેપાકો અકરમી હતો !.

તેનો બાપ નિશ્વાસ મૂકતો કે "નશીબ છે ને કે ચાર ભાઇ વચ્ચે એકનો એક છોકરો છે, પણ તેનામાં ભામણનું એકેય લક્ષણ નથી. રાજવળા જેવો વડિલનો ગરાસ નથી ગમતો, પણ મજુરી ગમે છે. પૂજા પાઠ નથી ગમતા અને મારામારી ગમે છે, ભામણ જેવું ઉત્તમ ખોળીયું ભુંડો લજવે છે. નક્કી છોકરાનો જનમ કોઇ ચોઘડિયા ફેર થયો લાગે છે. નીકર જાદવ ભટ્ટને ઘરે આવો કુળાંગાર હોય કે જેને સુખની બેહી આવકને બદલે કાળી મહેનત ગમે?" દીકરા-પાંતીની આશા મૂકી બળતી લ્હાયે થોડા વખતે માધવજી ભટ્ટ સીધાવ્યા સ્વર્ગે. એટલે ભીખના ભાગવત જેવો ગરાસનો ચોપડો અને માગણવટાના અમરપટા જેવું લખત પીત્રાઇને સોંપી, મુઆ બાપની સદ્ગતિ કર્યા વગર જ, ખીમો મુંબઇના માર્ગે પડયો. ગામે શીટકાર દીધો !

રસ્તામાં રેલ્વેના ડબ્બામાં જ જગલાની ઓળખાણ થઇ. જગો મુંબઇનો જાણીતો હતો. માંડવી ઉપર તે બારદાન શીવવાનું કામ કરતો, એટલે તેને સુવા માટે વખારનો ઓટલો હતો. ખીમો પહેલવહેલો મુંબઈ જતો હતો. તેને કોઇની ઓળખાણ કે ઓથ નહોતી. અને ગાંઠે પૈસાય નહોતા. ઘેરથી લીધેલ ધરસીયો, સાથવો અને થોડીક દક્ષમીનો તેને પાંચ દિવસ પૂરતો આધાર હતો ! બાકી તો મુંબઇ તો ભાંગ્યાનો ભેરૂ મનાય, તેમાં હાથપગવાળો ભૂખે ન મરે. એવી શ્રદ્ધાએ તેને આંહિ ખેંચ્યો હતો. ત્યાં તો જગલાએ રસ્તામાં જ કહ્યું કે "મા'રાજ ! જો ઉતરવાનું કોઈ ઠેકાણું ન હોય તો મારી સાથે આવજો. આપણે સુવા બેસવાની સગવડતા છે અને બાજુમાં એક ભામણની વીશી છે. કામધંધો મળે ત્યાં સુધી તમે મારા મે'માન ! તમારા નશીબે મને એટલું મળી રહેશે."

મુંબઇમાં ખીમો જગલા સાથે જ ઉતર્યો. જગલાએ મજુરીનું કામ ગોતી આપ્યું. આ બન્નેની ઓળખાણ, સંબંધ કે સગાઇ. થોડા વખતે બંનેએ ભેગા મળી ભજીઆની નાની દુકાન કરી, ખીમો રસોઇમાં હુશિયાર અને જગલો ઘરાક સાચવવામાં. એટલે એક તાવડે બેસે અને બીજો બેસે થડે. નવરા પડે ત્યારે મોટી હોટેલ કે વીશી કાઢવાના, ઘર સંસાર માંડવાના અને એવાં એવાં અનેક સ્વપ્નાં સેવે ! પણ વર્ષ પુરૂં થાય તે પહેલાંજ જગલાને મરકી થઈ અને ભજીઆનો મેલો તવો અને નાનકડી ત્રાજુડી પાળીની કોથળાની ગાદી સુનાં થઈ ગયાં. સૌ સ્વપ્નાંઓ વીખરાઇ ગયાં !

* * *

દવાખાનામાં ડો. નોશીરે છેલ્લું ઇન્જેકશન આપ્યા પછી ખીમાને કહ્યું કે દર્દી બચશે નહિ. કલાક બે કલાક માંડ કાઢે તો. હૃદય ધીમે ધીમે ઘસાતું જાય છે.

ખીમાએ માને પાસે બોલાવી લીધી અને જોરથી જગાના કાનમાં રામરામ રટવા મંડયો. પડખે ડોશી દુઃખમાં હીબકતી હતી અને જગલો સનેપાતમાં માને જ ઝંખતો હતો. ખીમાએ, તે સમજે છે કે નહિ તેની પરવા વગરજ કહ્યું કે "જગા, ભાઇ, રામ રામ કર. કૃષ્ણ કૃષ્ણ કર. ભગવાનનું નામ લે. આખરી એનો આશરો સાચો છે, બોલ રામ, કૃષ્ણ રામ કૃષ્ણ." જગો લવતો હતો. "મા.....મા...કયાં ગઇ? હું જગો માડી તારો જગલો....બોલને મા...કયાં ગઇ...?..."

ખીમો-"જગલા, ભગવાન ભગવાન કર. સંસારની વળગણા તજી રામ રામ કર. બાપુ ! મરદ થા ! આખર વખતે મા કેવી અને આંખમાં આંસુ કેવાં? મરદ જેવો મરદ થઇને આખર વખતે મોળો પડછ-અને આંખમાં આંસુ લાવછ? ભગવાન, ભગવાન કર. રામ, રામ કર !-"

જગલો ચકળ વકળ આંખે કોઇને ગોતતો હોય તેમ તેજહીન આંખો ચારે તરફ ફેરવતો હતો અને આંખમાંથી આંસુની ધારા ચાલી જતી હતી. "માં...તું ન આવી. હું જાઉછું...મારી મા....કયાં ગઇ?... .....મા.....મા.'.....

ખીમો પોતાની અને જગલાની આંખના આંસુઓ ધોતીયાના છેડે લૂછતાં લૂછતાં "સમજ્યો ! સમજ્યો ! માની વળગણા ! આખરી બંધન ! જો જગા, તારા જીવને સદ્ગતિ કર. તને માની ચિંતા છેને? જા હું માને જીવતાં પાળીશ અને મુઆ બાળીશ ! મારે નાનપણથી મા નથી. અને તું તો જવા બેઠો એટલે માને હવે દીકરો નથી. એટલે આજથી એ મારી મા. અને હું એનો દીકરો ! લે તને આખરનું પાણી દઉં છું." એમ કહી એક ચમચી ભરીને પાણી તેનાં મોંમાં મૂકયું. તે ગળતાં ગળતાં જ જગાનો પ્રાણ પ્રયાણ કરી ગયો !

ખીમા મા'રાજે નોધારી સ્થિતિમાં માને તજી જતાં પુત્રનું આખર વખતનું હૃદયદ્રાવક મંથન દેખ્યું. બાળરંડાપો અને કારમી ગરીબીના દુઃખો પત કરી જીવનને ભાંગી પડતું બચાવવા અનેક આશાઓ જેનામાં કેન્દ્રિત કરી રાખી હતી તેવા પુત્રને આંખ સામે જતો જોનાર નોધારી માતાની હૃદયવિદારક સ્થિતિ દેખી એને એની પોતાની મા યાદ આવી. મા જતાં તેના જીવનમાં વ્યાપેલ એકાંતની અને પોતાને વીલો મૂકી મરી જનાર એ માતાના દુઃખની કરૂણ કલ્પના આજે જ તેને પહેલીવાર થઇ. એ પુત્ર બન્યો. એટલે તેના જીવનમાં ખૂટતું સહજ તેને મળી ગયું.

* * * *

સૌ દુઃખનું ઔષધ સમય. દુઃખના કેક મહિના વીતી ગયા. એક દિવસે માએ કહ્યું.

"ખીમા. આજે જગાની મરણતિથિ છે. તું વાસ નાંખીશને બાપુ !"

"મારી વાસ તેને પહોંચશે? મા ! હું તો બીજી જાતનો, બીજા ગોત્રનો. તમેજ નાંખોને !"

"માડી ! જો જગતમાં ભગવાન હોય તો તારી વાસ પહોંચવી જોઇએ ! જો તારી વાસ ન પહોંચે તો બીજા કોઇની નજર પહોંચે !"

"ભલે મા ! ત્યારે હું નાંખીશ. માડી. જગાએ તો મારા જેવા રખડુ, રંગીમંગી અને અજાણ્યાને પ્રભુપ્રિત્યર્થે આશરો આપ્યો, હૈયાની હુંફ આપી, ભાઇ વગરનો ભાઇ બની મારૂં ઉજડ દીલ ફરી વખત વસાવ્યું અને મને માણસ બનાવ્યો એટલે હુંય એનો નાનો ભાઇ જ છુંને !'

* * *

છેલ્લા અઢાર વર્ષ થયાં ખીમો જગાનું શ્રાદ્ધ કરે છે. અને તે દિવસે મા દીકરા બન્નેની આંખમાંથી પ્રેમ અને કૃતજ્ઞતાના આંસુઓ વહે છે અને આખા ઘરનું વાતાવરણ તે દિવસે ગંભીર બની જાય છે.

વ્રજલાલ ધ. મેઘાણી.

મ. મો. વાચનાલય પુસ્તકાલયને મળેલી મદદો

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલયને નીચે મુજબની રકમો ભેટ મળી છે જે માટે દાતાઓનો આભાર મનવામાં અવે છે.

૧૦૦	શ્રી.	મંગળદાસ જેઠાભાઇ મીસ્ત્રી
૫૧	,,	કનૈયાલાલ મુળજી કાણકીઆ
૫૦	,,	નેમચંદભાઇ વાલજી
૫૦		ઇસ્ટ ઇન્ડીયન ટ્રેડીંગ કું.
૨૫	શ્રી.	કેશવલાલ કરમચંદ સંઘવી
૧૧	,,	ચંપકલાલ જમનાદાસ
૧	,,	પનાલાલ હેમરાજ

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૦

મુંબઈ: ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૫ શનિવાર.

લવાજમ
રૂપિયા ૩

સ્યાદ્વાદ અને સર્વધર્મસમભાવ

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રયે યોજાયલી પર્યુષણ-વ્યાખ્યાનમાળામાં શ્રી કાકાસાહેબ કાલેલકરે પહેલા બે દિવસો દરમિયાન આપેલાં વ્યાખ્યાનોનો તેમણે પોતેજ લખી આપેલો સાર નીચે આપવામાં આવે છે. તંત્રી.]

શ્રી પરમાનંદભાઇ જેવા સંસ્કારી સ્નેહીનો દીર્ઘકાળનો સમાગમ હોવા છતાં, અને પંડિત સુખલાલજી જેવા પ્રગાઢ પંડિતનો પરિચય હોવા છતાં, અને શ્રી ગોપાળદાસે તૈયાર કરેલી જૈન ગ્રંથોની ચોપડીઓ વાંચ્યા છતાં, હું એવો દાવો ન જ કરી શકું કે જૈન ધર્મનાં સિદ્ધાંતોનું મેં અધ્યયન કર્યું છે. મેં જે કાંઇ થોડું વાંચ્યું હશે તે પણ ભુલી ગયો હઇશ. એવી સ્થિતિમાં જૈનધર્મી સુશિક્ષિત સમાજ આગળ સ્યાદ્વાદ જેવી દાર્શનિક વિચારપદ્ધતિ વિષે બોલવા ઉભા થવું એ ધૃષ્ટતાની સીમા છે એ હું જાણું છું. એટલે પ્રથમ જ કહી દઉં કે મારે સપ્તભંગી ન્યાયનું અહિં શાસ્ત્રીય વિવેચન કરવું નથી. ગેરસમજ પેદા કરનારૂં મથાળું મારા વ્યાખ્યાનને આપવા માટે મારે પ્રારંભમાં જ ક્ષમા માંગવી રહી. જીવનધર્મ વિષેનું મારૂં જે ચિન્તન ચાલે છે તેની કેટલીક બાજુઓ રજુ કરવા માટે સ્યાદ્વાદ શબ્દ મને કાંઇક ફાવતો આવ્યો એટલે એજ મથાળું મેં પસંદ કર્યું છે.

સ્યાદ્વાદ વિષેનું મારૂં જ્ઞાન પેલા સાત આંધળા અને એમણે 'જોયેલા' હાથી વિષેની પેલી પ્રખ્યાત વાર્તાથી સીમિત છે. આપણી દૃષ્ટિ એકાંગી જ હોય છે. આપણે કોઇ પણ વસ્તુ એકી સાથે બધી બાજુથી જોઈ સમજી શકતા નથી. આપણું જ્ઞાન તે તે સ્થળ અને કાળથી મર્યાદિત હોય છે. તેથી એકાંગિતાનો શાપ આપણા જ્ઞાનને ચોંટેલો જ છે. એ વસ્તુ જાણવી અને સ્વીકારવી અને તે દૃષ્ટિના સ્વીકાર સાથે જે વિચારજાગૃતિ અને બૌદ્ધિક ઉદારતા ફલિત થાય છે તે કેળવવી એનું નામ તે જૈનધર્મ, એટલું મેં જાણ્યું છે. મારી આ સમજણ તમારાં શાસ્ત્રવચનો સાથે બંધ બેસે છે કે નહિ તે મેં તપાસ્યું નથી. તે દૃષ્ટિનો સાક્ષાત્કાર મને થયો છે અને તે જીવનમાં ઉતારવાનો હું પ્રયત્ન કરૂં છું. એટલું મારે માટે બસ છે. તે સાક્ષાત્કાર કેટલો છીછરો છે અને તે પ્રયત્ન કેટલો શિથિલ છે તેનું મને ભાન છે; તેથી સાધકને માટેની મોટામાં મોટી મુડી જે નમ્રતા તે છોડવા હું તૈયાર નથી. એટલે જીવનનો વિચાર કરતાં જેવા વિચારોની ભૂમિકા ઉપર હું આવ્યો છું તે નમ્રભાવે અહિં હું રજુ કરીશ. એમાં કાંઇ ગ્રાહ્ય તત્વ હોય તો તેનો સ્વીકાર કરશો અને મારી ભૂમિકા સમજીને મને સમજાવવા જેવું કંઇ લાગે તો સમજાવશો એવી પ્રાર્થના છે.

માણસનું જ્ઞાન એકાંગી હોય છે તેનો તો ઇલાજ નથી. પણ એ જો સમજે કે પોતાનું જ્ઞાન એકાંગી છે, અમુક વસ્તુનો વિચાર જેમ પોતે કરે છે તેમ બીજાને પણ કરવાનો હક્ક છે, પોતે એક બાજુથી જોયું અને એક નિર્ણય ઉપર આવ્યો તે જ પ્રમાણે બીજાઓ બીજી બાજુઓથી જોશે અને એમને એ રીતે બીજું જ દર્શન થવાનો સંભવ છે અને એને માટે એ દર્શન સાચું માનવાનો એને એટલો જ હક્ક છે એટલું આપણે સ્વીકારીએ તો આપણા મનમાં સંપૂર્ણ સત્યની ઉદારતા આવશે. મારી જ વાત સાચી છે, મારી દૃષ્ટિ શુદ્ધ છે, અને બીજાની વાત કે તેની દૃષ્ટિ તદ્દન ખોટી છે, મિથ્યા છે, એમ જે કહે છે તે અજ્ઞાની છે. ગીતાએ પણ કહ્યું છે કે એક અંશને સંપૂર્ણ માની લેવો એ તમોગુણી જ્ઞાન છે, એટલે કે અજ્ઞાન દશાની ભૂમિકા છે. એવું જ્ઞાન અલ્પ એટલે કે છીછરૂં હોય છે. તેમાં તત્વાર્થ સમાઇ શકતો નથી. જીવનના પ્રયોજનનો ખ્યાલ એમાં પકડાતો નથી.

જ્યારે આપણે કહીએ છીએ કે અમુક વિચાર એકાંગી છે ત્યારે આપણે બે વસ્તુનો સ્વીકાર કરીએ છીએ. એક એ કે એકાંગી વસ્તુમાં પૂર્ણ સત્ય આવી જતું નથી અને બીજું એ કે એકાંગી વસ્તુ તદ્દન સત્ય શૂન્ય હોતી નથી. વસ્તુ એકાંગી છે તેમાં એક અંગ પુરતું તો સત્ય હોય જ છે, અને તેથી, તેટલે દરજ્જે, એનો આદર હોવો જ જોઇએ. એ જ સત્ય જ્યારે પોતાનું બીજું અંગ લક્ષને દર્શન દે છે ત્યારે પ્રથમ અંગ સાથેનો વિરોધ કલ્પી એનો ધિક્કાર કરવા બેસીએ છીએ ત્યારે જ આપણે સત્યનો દ્રોહ કરીએ છીએ. જો કોઇ પણ એવા અંગ દ્વારા આપણે સત્યનું હૃદય પીછાણી શકયા હોઇએ, તો બીજું અંગ આપણી આગળ રજુ થતાં વેંત ભલે આપણે ભડકી જઇએ, ભલે આપણને એ અડવું અડવું લાગે, પણ આપણે એનો માનસિક વિરોધ તો ન જ કરીએ. જો આપણી નિષ્ઠા સત્ય પ્રત્યે જ હોય, જો આપણે સત્યનું જ ધ્યાન ધર્યું હોય તો ગમે તે રૂપે એ આપણને દર્શન દે તોયે આપણે એને ઓછેવધતે અંશે ઓળખી તો શકવાના જ. સત્ય છોડીને જો બીજી કોઇ વસ્તુનો સ્વાદ આપણામાં જાગ્યો હોય, આપણાં હૃદયના સિંહાસન પર સત્યને છોડીને બીજી કોઇ વસ્તુની આપણે સ્થાપના કરી હોય, તો સત્યને એના વિવિધ અંગોમાં ઓળખવાની શક્તિ આપણે ખોઇ બેસીએ છીએ. પછી આપણી દૃષ્ટિ મિથ્યા દૃષ્ટિ થઇ જાય છે.

"મારી દૃષ્ટિ સાચી અને બીજાની દૃષ્ટિ મિથ્યા" એમ ઝટ ઝટ જે કહી બેસે છે તેની જ દૃષ્ટિ મિથ્યા હોય છે એમ સમજતા કે સ્વીકારતા વાર ન લાગવી જોઇએ. દર્શન શાસ્ત્રમાં દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટ અદ્વૈત જેવા ભેદ છે, વિવર્તવાદ, પરિણામવાદ જેવા ભેદ છે. ઉપાસના પદ્ધતિમાં પણ શૈવ, વૈષ્ણવ, શાકત આદિ ભેદ છે. એ બધામાં અંતિમ સત્યનું એક યા બીજું રૂપ પ્રગટ થયેલું હોય જ છે.

માણસ ભલે દર વખતે સત્યની એક જ બાજુ જોઇ શકતો હોય, પણ એનામાં સ્થળાંતર અને કાળાંતર કરવાની શક્તિ છે, એક ભૂમિકા છોડીને બીજી ભૂમિકા પર આરૂઢ થવાની શક્તિ એને મળેલી છે અને તેથી જ જે જે વસ્તુનો કે બાજુનો એ વિચાર કરવા માંડે તે તે વસ્તુ પરત્વે એ તત્રત્ય અને તદાનીંતન બની શકે છે. તત્રત્ય એટલે તે સ્થાનનો અને તદાનીંતન એટલે તે કાળનો.

જે કલ્પના શક્તિ વડે માણસ સ્થળકાળ ફેરવી ગમે તે ભૂમિકા સુધી પહોંચી શકે છે તે કલ્પના શક્તિનું દાર્શનિક અને આધ્યાત્મિક મહત્ત્વ નાનું સુનું નથી. એ કલ્પનાશક્તિ શ્રદ્ધાની જ એક વિભૂતિ છે, આત્મશક્તિનો જ તે એક આવીર્ભાવ છે. એ કલ્પનાશક્તિ કેળવવી એ

માણસજાતિનો સનાતન ધર્મ અને અધિકાર છે. આજનો તો એ વિશેષ યુગધર્મ છે. દરેક ભૂમિકા ઉપર પહોંચી જવું, તે તે ભૂમિકાની આંશિક સત્યતા અને સુંદરતા ઓળખી લેવી, એ ભૂમિકાનો સ્વીકાર કરી એનો બધો રસ ચૂસી લેવો અને એનો સ્વીકાર કાયમ રાખવા છતાં એનાથી ભિન્ન ભૂમિકા ઉપર ફરી આરૂઢ થવું, અને ત્યાં શ્રદ્ધા-ભક્તિપુર્વક એનો પણ સ્વીકાર કરવો, અને એ નવી ભૂમિકાનો જૂની ભૂમિકા સાથે અનુભવના અદ્વૈતને જોરે સમન્વય સાધવો એજ આ યુગધર્મનો પુરૂષાર્થ છે. આમ સ્યાદ્‌વાદની ભૂમિકા પરથી જ આપણે સર્વધર્મસમભાવની ભૂમિકા તરફ સરી પડીએ છીએ.

સર્વધર્મ-સમભાવનું આસન સહેજ જુદું છે. સ્યાદ્‌વાદ દર્શનની પરિભાષામાં બોલે છે, જ્યારે સર્વધર્મ-સમભાવ ધર્મ અને સંસ્કૃતિની ભૂમિકા સ્વીકારે છે. ધર્મમાં દાર્શનિક તત્વજ્ઞાન પણ આવે છે અને શાસ્ત્રીય ગ્રંથપ્રામાણ્ય પણ આવે છે, સદાચારનો ધર્મ પણ આવે છે અને આધ્યાત્મિક સાધના પણ આવે છે. ઉપાસના પણ આવે છે અને સામાજિક આચાર ધર્મ પણ આવે છે. ધર્મમાં આમ બધા પાસાઓનો સમાવેશ થતો હોવાથી સર્વધર્મ-સમભાવ કેળવવા માટે અસાધારણ સંસ્કારિતા કેળવવી પડે છે. એવી સંસ્કારિતા ફક્ત આપણા દેશમાં જ મોટા પાયા ઉપર ફેલાયલી છે એમ માનીએ તો તેમાં જરાય અતિશયોક્તિ કે પક્ષપાત નથી.

સર્વધર્મસમભાવ કહે છે કે દુનિયામાં જે નાના મોટા ધર્મો મનુષ્ય સમાજમાં પ્રતિષ્ઠા પામ્યા છે, અને મનુષ્ય હૃદય કેળવવાનું કામ કરે છે તે બધા જ ધર્મો સત્યપરાયણ છે, બધા જ કલ્યાણકારી છે, બધા જ પ્રભુગામી છે, અને તેથી બધા જ એક બીજા પ્રત્યે ખરેખર જોતાં અવિરોધી છે. લોકોની ભિન્ન ભિન્ન પરિસ્થિતિને લીધે, સમજણભેદને લીધે અને જીવનના આદર્શમાં ભાર મુકવામાં ઉત્પન્ન થતા ફેરફારને લીધે જુદા જુદા દેખાઈ આવે છે, પણ અંદરખાનેથી બધાનો પ્રાણ એક જ છે. તેથી બધા જ ધર્મો સાચા છે, બધા જ સારા છે, અને બધા પ્રત્યે આપણું વળણ આદરભાવનું જ નહિ, પણ સ્વીકારનું હોવું જોઈએ.

આપણે અમુક ધર્મમાં જન્મ્યા, અથવા અમુક ધર્મ સ્વીકાર્યો, એટલે સ્વાભાવિક રીતે એને વિષે આપણે વધારે જાણીએ, એને વિષે આપણા મનમાં વધારે મમતા જાગે, એ ધર્મમાં માનનારા આપણને વધારે પડતા આત્મીય જેવા લાગે. આપણે જો એને બદલે બીજા ધર્મમાં ઉછર્યા હોત, તો એ પણ આપણને એટલો જ વહાલો અને આત્મીય લાગ્યો હોત. જો આપણે સંસ્કારી હોઈ, શુદ્ધ દૃષ્ટિવાળા હોઈએ તો સહેજ વિચાર સાથે આપણે એવી દૃષ્ટિ જરૂર કેળવી શકીએ કે જ્યારે બધાજ ધર્મોમાં એક યા બીજી ખૂબી છે જ કે જેને સંપૂર્ણ જીવનમાં સુંદર સરખું સ્થાન છે જ, તો બધાં જ ધર્મો પોતાના છે એમ આપણને સમજતા અને લાગતા વાર ન લાગવી જોઈએ. જેમ વ્યક્તિ વિષે, તેમ જ ધર્મો વિષે પણ કહી શકાય

"अयं निजः परो वा इति गणना लघुचेतसाम्।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम्" ॥

આવી ઉદારતા એટલે કે સત્યદૃષ્ટિ કેળવ્યા પછી આખું વિશ્વ એક કુટુંબ તો શું એક નાનકડા માળા જેવું થઈ જાય છે-'यत्र भवति विश्वं एक नीडम्'

બધા જ ધર્મો સાચા છે, બધા જ મારા છે, એમ નિશ્ચય થયા પછી ધર્માંતર કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. જ્યાં છીએ ત્યાં બધા ધર્મોના છીએ, આખું ઘર મારું હોય ત્યાં અધિકાર જમાવવા માટે મારે એક ઓરડીમાંથી બીજી ઓરડીમાં જવું નથી પડતું. પણ જો કોઈ પણ કારણે બીજી ઓરડીમાં હું ગયો, તો મેં ઘર છોડયું એમ તો કોઈ મને કહે નહિ. એવી જ રીતે આપણામાંથી કોઈ જો ધર્માન્તર કરે તો એ આપણા મટીને પરાયા થયા એમ કેમ કહેવાય? ઘરમાં એક ભાઈ ડુંગળી ખાતો હોય, અને બીજો ન ખાતો હોય, તો તેટલા પરથી કાંઈ એ પરાયો નથી થતો.

જ્યાં જ્ઞાતિભેદ છે, ત્યાં લોકોએ યાદ રાખવું ઘટે છે કે જ્ઞાત ભિન્ન હોવા છતાં ધર્મ તો એક જ છે અને એક ધર્મમાં કોઈ ઉચ્ચ અને કોઈ નીચ એવો ભેદ ન જ હોય. નાનો ભાઈ ઉમરે નાનો છે, એટલા માટે કોઈ કાળે હડધૂત થયો છે? એક વાર મને પૂછવામાં આવ્યું હતું કે "અસ્પૃશ્યતા-નિવારણની હીલચાલ સફળ થઈ એમ તમે કયારે ગણશો?" મેં કહ્યું કે "હરિજનો વચ્ચે અને સવર્ણો વચ્ચે રોટી-બેટી વ્યવહાર થાય, એટલું જ નહિ, પણ શ્રી શંકરાચાર્યની ગાદી ઉપર કોઈ ધર્મજ્ઞ હરિજન બેસે, અને બધા હિન્દુઓ વગર સંકોચે એને શંકરાચાર્ય તરીકે નમે, ત્યારે માનીશ કે અસ્પૃશ્યતા હવે નસ્તો નાબૂદ થઈ છે."

ધર્માંતર કરવું બીન જરૂરી છે એમ તો હું સ્વીકારું છું. સાથે સાથે કોઈ ધર્માંતર કરે, તો તે પાપ કરે છે, એ ધર્મભ્રષ્ટ થાય છે, એમ પણ મને લાગતું નથી, ન લાગવું જોઈએ. આ સ્થિતિ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે ભિન્ન ધર્મી લોકો વચ્ચે વિવાહ થવા માંડે એટલું જ નહિ, પણ એવા વિવાહોને લોકો ઉત્તેજન આપે. ભિન્નધર્મીઓ વચ્ચે વિવાહો થવાથી ધર્મો તુટી જશે એમ માનવાનું કારણ નથી. તુટી જવાના હશે તો તુટી જશે. પણ આંતરધર્મી વિવાહોને કારણે ધર્મો તુટી જવાનું કશું કારણ નથી. ભિન્ન ગોત્રોમાં જ થાય એવો નિયમ અનાદિકાળથી ચાલતો હોવા છતાં જો ગોત્રો તુટયાં નથી, તો ધર્મો તુટશે, એમ માનવાનું કશું કારણ નથી. વિવાહો થવાથી ધર્મો વચ્ચેનો ઉચ્ચનીચ ભાવ દૂર થશે.

આજે વૈષ્ણવ અને જૈનો વચ્ચે વિવાહ થાય છે, દ્વૈતી અને અદ્વૈતી વચ્ચે વિવાહ થાય છે. બ્રાહ્મણ વાણીઆ વચ્ચેના વિવાહો પણ આપણે વધાવવા લાગ્યા છીએ, શૈવ, શાકત, વૈષ્ણવ એવા ભેદો વિવાહને આડે આવતા નથી. ટુંકામાં જ્ઞાતિભેદ, ઉપાસ્યભેદ, દર્શનભેદ, કે ગ્રંથભેદ આજે વિવાહમાં નડતરરૂપ નથી, તો બધા ધર્મો સાચા અને પોતીકા માન્યા પછી, ધર્મભેદ આડે શા માટે આવવા જોઈએ?

એક જમાનો હતો જ્યારે વ્યક્તિગત તેમજ સામાજિક, તમામ જીવનનો કબજો ધર્મના હાથમાં હતો. જીવન વ્યવસ્થાની સર્વોપરી સત્તા ધર્મની હતી. આજે એવી સ્થિતિ રહી નથી કેમકે ધર્મો સંકુચિત થવા લાગ્યા છે. ઘરમાં ચાર ભાઈઓ રહેતા હોય, તો એમના ઉપર એમના પિતાનો અંકુશ હોય છે. ઘરમાં કર્તા પુરૂષ છે ત્યાં સુધી એના દીકરાઓ સંપીને જ રહે છે, છૂટા પડતા નથી. એવી જ રીતે કોઈ પણ દેશમાં એક કરતા વધુ ધર્મો પ્રચલિત હોય તો એ બધા ધર્મો સંપીને રહે એને માટે એ ધર્મો કરતાં પણ વ્યાપક અને શક્તિશાળી કોઈ પણ શ્રેષ્ટ વસ્તુ કે મુરબ્બી સંસ્થા હોવી જોઈએ.

એ છે આપણી હિંદુસ્તાની સંસ્કૃતિ.

હિંદુસ્તાનની ભારતીય સંસ્કૃતિ પરાપુર્વથી અનેક જાતિઓ, અનેક ધર્મો અને અનેક પ્રજાઓ વચ્ચે સમન્વય કરતી આવી છે. હિંદુસ્તાનની સભ્યતા, હિંદુસ્તાનની સંસ્કૃતિ પહેલેથી બહુજીન્સી છે-Complex Civilisation છે-માટે જ એને હું સંગમસંસ્કૃતિ કહું છું. આર્ય અને દ્રાવિડ એક થયા, ભારતીઓ અને નાગલોકો એક થયા, શક, હૂણ, યુએચી, પલ્લવ, પુલિન્દ, પુલકસ ઇત્યાદિ અસંખ્ય જાતિઓ અહિ એક બીજા સાથે ભળી ગઇ છે. જ્યાં સુધી આપણે એ બધાને મેળવતા ગયા, એક બીજામાં ભળવાની કળા કેળવીને જ્યાં સુધી આપણે એને જીવતી રાખી, ત્યાંસુધી આપણે ચઢયા, અને દુનિયાને મોખરે રહી દુનિયાની સેવા કરી શકયા. હવે ફરી એ જ ભાગ આખી દુનિયાના રંગમંચપર ભજવવાનો વારો આપણે ભાગે આપણા સદ્‌ભાગ્યથી આવ્યો છે. એ આપણું મિશન આપણે જો વખતસર ઓળખીએ તો સૃષ્ટિના પ્રારંભથી આજ સુધી આપણું જીવ્યાનું સાર્થક થશે.

આજે વિજ્ઞાન અને હિંસા એ દંપતિનું તાંડવ આખી ધરતી ઉપર ભયાનક રીતે ચાલ્યું છે. એ દંપતિને પેટે એક બાળક જનમ્યું છે જે ભસ્માસુરનો નવો અવતાર છે. એનું નામ તે એટોમિક બોમ્બ (Atomic bomb). આ અણુસ્ફોટક હિંસક રાષ્ટ્રોનો ભોગ લીધા

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી. સાવરકુંડલા દશા શ્રીમાળી જૈન યુવક મંડળ

આ સંસ્થાનું કાર્યક્ષેત્ર કાઠિયાવાડમાં આવેલ સાવરકુંડલા છે. તે જ સંસ્થાની મુંબઇમાં વસતા કેટલાક સાવરકુંડલાના ભાઇઓએ શાખા ઉઘાડી છે. મુંબઇમાં વસતા પોતાના સહવતની ભાઇઓ પાસેથી દ્રવ્ય ઉઘરાવી સાવરકુંડલામાં ચાલતી પ્રસ્તુત મંડળની પ્રવૃત્તિઓને પોષવી એ આ શાખાનું મુખ્ય કાર્ય છે. આ શાખાએ તા. ૨૬-૮-૪૫ રવિવારના રોજ પોતાના મંડળની વિવિધ પ્રવૃત્તિઓને વિશેષ જાહેરાત મળે એ હેતુથી શ્રી. દુર્લભજી ખેતાણીના પ્રમુખપણા નીચે મનોરંજક કાર્યક્રમથી ભરેલો એક વાર્ષિક સમારંભ યોજ્યો હતો અને સંસ્થાનો વાર્ષિક વૃત્તાન્ત એ પ્રસંગે રજુ કરવામાં આવ્યો હતો. એ વૃત્તાન્ત જોતાં માલુમ પડે છે કે આ યુવક મંડળ પોતાની કોમના કુંડાળામાં જ પોતાની સર્વ પ્રવૃત્તિઓ મર્યાદિત કરીને બેઠું છે એમ નથી, પણ એ મંડળની પ્રવૃત્તિઓનો મોટો ભાગ સાવરકુંડલાની સામાન્ય જનતાના સુખ તેમ જ શ્રેયને સાધવા તરફ ઢળેલો છે. મંડળના કાર્યવાહકો આખા ગામને વૈદ્યકીય રાહત મળે તેવી કેટલીક પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે અને તેને વિશેષ અને વિશેષ વિકસાવવી એ તેમનું લક્ષ્ય છે. રેંટીયા પ્રવૃત્તિને પણ તેઓ સાર્વજનિક ધોરણે વિવિધ પ્રયત્નો વડે પ્રોત્સાહન આપી રહ્યા છે. ધાર્મિક શિક્ષણ અને કેળવણી વિષયક સહાય પોતાની જ્ઞાતિ અને સંપ્રદાય પુરતી તેમણે હજુ મર્યાદિત રાખી છે. જ્યાં હજુ કોમી વાડાઓ અને વર્તુલોનો સર્વથા ઉચ્છેદ શક્ય બન્યો નથી એવા આપણા દેશમાં આવા કોમી યુવક મંડળો પોતાની કોમી પ્રવૃત્તિ ઉપરાંત સાર્વજનિક શ્રેય અને સ્વાસ્થ્યની પ્રવૃત્તિઓ હાથ ધરે એ આવકારદાયક છે, એમ છતાં પણ વ્યાપક લક્ષ્ય અને સંસ્થાનું કોમી સ્વરૂપ આ બન્ને વચ્ચે કોઇ સંગતિ સંભવતી નથી અને ઉદાત્ત ધ્યેય ધરાવતા યુવકોએ આવા કોમી વર્તુલોમાંથી છુટા થવું જોઇએ અને કોમી સંગઠનને ધ્યેયના સ્થાને રાખતી પોતાને હસ્તક ચાલતી આવી સંસ્થાઓનું નામ અને રૂપ-ઉભયનું રૂપાન્તર કરી નાખવું જોઇએ એ બાબત ઉપર ઉપર જણાવેલ સમારંભ પ્રસંગે પોતાના વિચારો રજુ કરતાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે ખુબ ભાર મુક્યો હતો. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાન જણાવ્યું હતું કે:-

"હું જોઉં છું કે તમારી પ્રવૃત્તિઓ સાર્વજનિક છે. તેમાં કોમ કે જ્ઞાતિનો ભેદ નથી. પણ તમારી સંસ્થાનું નામ જ્ઞાતિ અને કોમ (દશા શ્રીમાળી જૈન) બંનેની મર્યાદા સુચવે છે. દરેક સંસ્થાનું નામ પોતાની પ્રવૃત્તિઓને અનુરૂપ જોઇએ. તેથી જનતા ભ્રમમાં ન પડે. તે સાથે આપણા વિચારોની સ્પષ્ટતા રહે. નવી ભાવનાઓ જુનાં બીબાંઓમાં ગોઠવી શકાતી નથી. નામ, બંધારણ, વાતાવરણ વિગેરે દરેક સંસ્થાએ પોતાની ભાવનાને અનુકુળ રાખવું જોઇએ. તેથી મારી તમને સૂચના છે કે તમારા મંડળનું નામ સાવરકુંડલા યુવક મંડળ રાખશો તો વધારે સાર્થક લેખાશે. તેથી તમોને સમસ્ત સાવરકુંડલાની જનતાનો સાથ મળશે અને તમારી ભાવના વધારે વિશદ થશે.

"તમારા અહેવાલ ઉપરથી હું જોઉં છું કે જ્ઞાતિનું સંગઠન કરવું એ પણ તમારી એક ભાવના છે. તે સાથે રાષ્ટ્રીય કાર્ય પણ તમે કરો છો. આ બે વસ્તુ સંગત નથી, તેનો મેળ નથી. જ્ઞાતિ સંસ્થાની કોઇ ઉપયોગીતા હું હવે માનતો નથી. તે સંસ્થાનો અંત આવવો જોઇએ. તેનું સંગઠન થાય અને જ્ઞાતિભાવના વધે એવું કોઇ કાર્ય યુવક મંડળે કરવું ન જોઇએ. જ્ઞાતિમાં રહેલાં અનિષ્ટોનો મક્કમ વિરોધ કરવો અને જ્ઞાતિ સંસ્થાનો અંત લાવવો એ આવા યુવક મંડળનું કર્તવ્ય હોવું જોઇએ. ગાંધીજી તો આંતરજ્ઞાતિય લગ્નોને પણ આવકારે છે."

પ્રસ્તુત પ્રસંગનો લાભ લઇને જ્ઞાતિ, કોમ, ધોળ વગેરે નાના નાના વાડા વર્તુળોમાં કામ કરતા અને સીધી કે આડકતરી રીતે આ જ્ઞાતિની દિવાલોને જ વધારે મજબુત કરતા અનેક યુવકોને તેમજ યુવક મંડળોને શ્રી. ચીમનભાઇએ સ્પષ્ટ માર્ગદર્શન કરાવ્યું છે. આ માર્ગદર્શનનો સ્વીકાર કરીને ઉપર જણાવેલ 'શ્રી. સાવરકુંડલા દશા શ્રીમાળી જૈન યુવક મંડળ' 'શ્રી સાવરકુંડલા યુવક મંડળ'માં પોતાનું સત્વર રૂપાન્તર પામીને એક અનુકરણીય દાખલો બેસાડશે એવી આશા રાખવામાં આવે છે.

અણુબોંબ અને ઈશુ ખ્રીસ્તના વારસદારો

અણુબોંબના ઉપયોગે આજે આખા જગતને ઉંડા વિચારમાં નાંખી દીધું છે અને માનવ જાતના સમગ્ર ભાવીને ચિન્તાગ્રસ્ત બનાવ્યું છે. આ અણુબોંબના ઉપયોગ સામે અનેક દિશાઓથી વિરોધના સુરો ઉઠ્યા છે, જ્યારે કોઇ કોઇ દિશાઓથી તેને અનુમોદન પણ મળ્યું છે.

આજના પાદરીઓ ઇશુ ખ્રીસ્તના ચુસ્ત અનુયાયીઓ અને તેમના અમૂલ્ય ઉપદેશના સીધા વારસદાર હોવાનો દાવો કરે છે. આ વર્ગમાંથી કેટલાકે અવશ્ય અણુબોંબના આ ભયાનક અને નિષ્ઠુર ઉપયોગ સામે સખ્તમાં સખ્ત વિરોધ ઉઠાવ્યો છે. તેમની આંતરડી શહેર જેવા શહેરનો અણુબોંબથી ક્ષણ માત્રમાં સંહાર થયો સાંભળીને કકળી ઉઠી છે, અને આ અણુબોંબ ઉપર કડકમાં કડક આન્તરરાષ્ટ્રીય મર્યાદા મૂકવાનો તેઓ આગ્રહ કરી રહ્યા છે. પણ બીજા એવા પણ કેટલાક પાદરીઓ-ખ્રીસ્તી-સાધુઓ પ્રગટ થયા છે કે જેઓ બેશરમ રીતે અને પુરી નફટાઇથી આ અણુબોંબના ઉપયોગનું સમર્થન કરી રહ્યા છે. દાખલા તરીકે કેન્ટોનેલના રેવરન્ડ ગેલેમિયલ જણાવે છે કે "અણુબોંબના ઉપયોગથી મને આશ્ચર્ય થયું છે એમ હું કહી શકતો નથી. એક ભલા દયાળુ માણસની વાત છે કે તેને એક કુતરાની પુંછડી કાપવી હતી, પણ આખી પુંછડી એક સાથે કાપી નાંખવાની તેની હીંમત નહોતી ચાલતી, તેથી તે હંમેશા તે પૂંછડી કટકે કટકે કાપતો હતો. હું પોતે છુટક છુટક હિંસા કરતાં સામુદાયિક હિંસાને વધારે પસંદ કરું છું." અન્ય ધર્માધિકારી સેન્ટજોન એર્વાન જેઓ એક જાણીતા નાટકકાર પણ છે તેઓ જણાવે છે કે "અણુબોંબ વિષે કેટલાક લોકો એવકુરી ભરેલી ચર્ચા કરી રહ્યા છે. જો મારું એવી જ કોઇ રીતે મૃત્યુ થવાનું હોય તો બંદુકના

(અનુસંધાન પૃષ્ઠ ૭૯. જુઓ)

વિનાં અને અન્તે પોતાની માતા હિંસાનો જ ભોગ લીધા વિના શમવાનો નથી. વિજ્ઞાને હિંસા સાથે પરણીને ભારેમાં ભારે ભૂલ કરી છે. એ શાપમાંથી દુનિયાને ઉગારવાનું કામ આપણું છે, પણ તેને માટે પ્રથમ આપણે આપણો પોતાનો ઉદ્ધાર કરવો રહ્યો. તે શક્તિ કેળવવા માટે, પ્રેમથી દ્વેષને જીતવા માટે આપણે માનવતાની નવરચના કરવી રહી.

આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે—મહાભારતમાં છે કે-સત્યયુગમાં અનેક દેવો ન હતા. એક પુરૂષોત્તમ નારાયણની જ ઉપાસના થતી. મનુષ્યજાતિમાં રહેલા શ્રેષ્ઠ તત્વની,—ઉત્તમતાની—ઉપાસના જ થતી અને વર્ણ પણ એક જ હતો. વર્ણોની અનેકતા તે તે યુગની આવશ્યકતાને લીધે પાછળથી જન્મી. આજે આપણે ત્યાં ચાતુર્વર્ણ્યને ઠેકાણે અનંત વર્ણોનો ગોટાળો જન્મ્યો છે અને આપણે છિન્નભિન્ન થઇ દુનિયાના તિરસ્કારના પાત્ર થયા છીએ. જે લોકો પોતીકાનો ઇનકાર કરે, તેઓ બધે તિરસ્કારને પાત્ર ન થાય તો શું થાય? હવે આપણે બધાનો વગર શરતે સ્વીકાર કરવો રહ્યો. તે માટે જાતે પીલાઇ જઇને એમાંથી નીકળતું પોતાનું તેલ (સ્નેહ) સામાજિક ઘર્ષણ મટાડવા વાપરવું રહ્યું. એવા રસાયણથી જ આપણે એક થઇશું. આજના Confusion સામે આપણી આગળ એક જ ઓસડ છે અને તે છે Fusion નું કલિયુગ ટાળીને એકવર્ણી સત્યયુગ સ્થાપવાનું.

ધંધાપરત્વે આપણા વર્ણો ભલે ગમે તેટલા હોય, પણ જીવનપરત્વે આપણે બધાએ એકજિન્સી (homogenious) એકવર્ણી પ્રજા થવું ઘટે છે. દુનિયા આગળ આજે એક જ સવાલ છે. કાં તો ગાંધીનો સ્વીકાર કરે. નહિ તો અણુસ્ફોટકની આંધીનો. આપણા માટે એક ક્ષણનો પણ વિચાર કરવા જેવું નથી રહ્યું. સ્યાદ્વાદ અને સર્વધર્મસમભાવ જાણનારા આપણે, આપણું મિશન ઓળખી, બધાનો જ સ્વીકાર કરીએ, અને બધાના જ સહકારથી વિશ્વકલ્યાણની યાત્રાએ સ્થિર પગલે આગળ વધીએ.

કાકા કાલેલકર

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

સપ્ટેમ્બર ૧૫ ૧૯૪૫

તળાજા–મૂર્તિખંડન

ઓગસ્ટ માસની અઠ્ઠાવીશમી તારીખની રાત્રીના તળાજાની ટેકરીના શિખર ઉપર આવેલ ચોમુખજીના મંદિરની ચારે મૂર્તિઓની ખંડનઘટનાએ આખા હિંદુસ્થાનના જૈન સમાજમાં અત્યન્ત દુઃખ અને ધૃણાની લાગણી પેદા કરી છે. હિંદુસમાજ પણ આ ઘટના પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ તેમજ સંમસંવેદન દાખવી રહ્યો છે. સ્થળે સ્થળે જૈન-જૈનેતર સમાજોની તેમજ સંસ્થાઓની સભાઓ ભરાઈ રહી છે અને પ્રસ્તુત ઘટના વિષે ધૃણા દાખવતા અને આ બાબતમાં સખ્ત પગલાં લઈને ગુનેહગારોને પકડી તેમને યોગ્ય નસીયત પહોંચાડવા અને આવી ઘટના ફરીને બનવા ન પામે તેવો સખ્ત પ્રબંધ કરવા ભાવનગરના નામદાર મહારાજાને આગ્રહ કરતા ઠરાવો પસાર થઈ રહ્યા છે. આ બાબત પોલીસ તપાસ ચલાવી રહી છે અને બે ત્રણ મુસલમાનોની આ સંબંધમાં ધરપકડ કરવામાં આવી છે.

કેટલાંક અપકૃત્યો સ્વતઃ કોઇને પણ ધૃણા અને કંપારી ઉપજાવે તેવાં હોય છે, પણ પરિણામની દૃષ્ટિએ એટલાં બધાં મહત્વનાં હોતાં નથી. દાખલા તરીકે ખુન, ચોરી, લુંટ, છેતરપીંડી વગેરે. સમાજમાં આવા બનાવો બન્યા કરે છે; માનવતાની દૃષ્ટિએ સૌ કોઈ તેને નિંદ્ય ગણે છે. એમ છતાં પણ તેના આઘાત–પ્રત્યાઘાત પ્રમાણમાં અલ્પકાલીન હોય છે. સમાજ આથી ટેવાયેલ છે. રાજ્ય આ બાબતમાં જરૂરી અનુશાસન કરતું રહે છે અને આવા બનાવોની સમાજના સમધારણ ઉપર બહુ મોટી અસર પડતી નથી. બીજી બાજુએ તળાજામાં બની છે એવી ઘટના એવા પ્રકારની છે કે જેનો કેવળ સ્થુળ દૃષ્ટિએ જ જો વિચાર કરવામાં આવે તો પ્રમાણમાં બહુ સામાન્ય અપકૃત્ય લાગે; તેનો ક્ષોભ જે સમાજ સાથે તેનો સીધો સંબંધ હોય તેથી વધારે વ્યાપક ક્ષેત્રને સ્પર્શતો ન હોવાથી અમુક વર્ગ તેને અસાધારણ મહત્ત્વ આપે તો અન્ય વર્ગો તેને એક સામાન્ય ઘટના તરીકે લેખીને બહુ મહત્ત્વ ન પણ આપે. આમ છતાં પણ પરિણામની દૃષ્ટિએ આવી ઘટનાઓ અત્યન્ત દારૂણ અને ભયાનક હોય છે. કારણ કે પ્રસ્તુત ઘટનાનો બરોબર વિચાર કરતાં આપણને લાગ્યા વિના નહિ રહે કે અમુક મૂર્તિઓના ખંડન દ્વારા આ અપકૃત્ય આચરનાર દુષ્ટ માનવીઓએ એક મોટા વર્ગના ધર્મપ્રાણના મર્મભાગમાં એક અત્યન્ત દારૂણ પ્રહાર કર્યો છે. આવી ઘટનાઓથી સહેજે ન શમાવી શકાય એવા રોષ અને ધૃણાની લાગણીઓ એક મોટા સમાજમાં પેદા થાય છે અને એના આઘાત–પ્રત્યાઘાતોની સહેજે ન ટાળી કે વારી શકાય એવી દુઃખદ પરંપરા શરૂ થાય છે. સમાજ આખો આવા બનાવથી એટલો બધો ક્ષુબ્ધ થાય છે કે તેને સમધારણ ઉપર લાવવો એ અત્યંત કઠિન કાર્ય બને છે. આવી ઘટનાને સમભાવથી જોવાનું સમાજ માટે શક્ય રહેતું નથી અને આવા બનાવથી સામાજિક ઐક્ય–કોમી સૌહાર્દ–મોટા જોખમમાં આવી પડે છે. પ્રસ્તુત ઘટના પાછળ કોનો હાથ છે અને એ કાર્ય કરવામાં કોણે શું ભાગ ભજવ્યો છે અને તેઓ કઇ નાત કે જાતના છે એ વિષે આપણે હજુ કશું જાણતા નથી. પણ જેણે આ અપકૃત્ય કર્યું હોય અને જેણે જેણે આવું કરવાની પ્રેરણા આપી હોય તે સર્વેએ વિશાળ જન-સમાજનું આત્યન્તિક અકલ્યાણ કર્યું છે, કોમી એકતાનો મોટો દ્રોહ કર્યો છે અને ન કલ્પી શકાય એવી અનેક દુર્ઘટનાઓની શક્યતાઓને–ખાસ કરીને જે કાઠિયાવાડ શાન્ત અને સ્વસ્થ સૂતું હતું તેવા કોમી એખલાસથી ભરેલા કાઠિયાવાડમાં–જન્મ આપ્યો છે. આ દુર્ઘટનાઓ ટાળવાનો–એના દુષ્પરિણામોથી બચવાનો–એક જ ઉપાય છે કે કોમ કોમના લોકો હિંદુ અને મુસલમાન સૌ કોઈ પોતાના સંઘ અને જમાત દ્વારા આ દુષ્ટ કૃત્યને જાહેર રીતે અને અન્તઃકરણ પૂર્વક વખોડી નાંખે અને આ પીશાચી કૃત્ય કોઇ મગજ ભમી ગયેલા અને ગેરરસ્તે દોરવાયલા બે પાંચ બેવકુફ માનવીઓનું છે અને એ સાથે કોઈ નાત જાત કે કોમને કશી પણ લેવાદેવા નથી એવી સાર્વજનિક પ્રતીતિ આમ પ્રજામાં ઉત્પન્ન કરે.

આ પ્રસંગે કાઠિયાવાડના તેમજ અન્યત્ર વસતા મુસલમાન ભાઈઓનું એક બાબત તરફ ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. પ્રસ્તુત મૂર્તિખંડન કોણે કર્યું છે તે વિષે હજુ કોઇ પણ ચોક્કસપણે કહી શકે તેમ નથી; એમ છતાં પણ પરાપૂર્વના ઇતિહાસના સંસ્કારો એવા છે કે આવું જ્યારે કાંઇ બને છે ત્યારે હિંદુ સમાજનું માનસ રખેને આ પાછળ કોઇ મુસલમાનોનો તો હાથ નહિ હોયને એવી કલ્પના ઉપર સહજપણે ઢળી ગયા વિના રહેતું નથી. વસ્તુતઃ આવી ભૂતકાળમાં બનેલી દરેક ઘટનાઓ પાછળ મુસલમાનોનો જ હાથ હોય છે એમ માનવાને કશું પણ કારણ નથી. જૈન જૈનેતર વચ્ચે પણ વૈર વૈમનસ્યના બનાવો બનતા આવ્યા છે. વળી જ્યારે આવી ઘટના પાછળ અમુક મુસલમાનોનો હાથ હોય છે ત્યારે પણ આખી મુસલમાન કોમનું આવા કીસ્સાને અનુમોદન હોય છે એમ માની લેવું એ પણ મુસલમાન ભાઇઓના દિલમાં રહેલી માનવતાનો ધનકાર કરવા બરોબર છે. કોમી એકતા અને પરસ્પર સદ્‌ભાવભર્યો સંબંધ જેટલો હિંદુ જનતાની ચિન્તાનો વિષય છે તેટલો જ મુસલમાન જનતાની ચિન્તાનો વિષય હોવો જ જોઇએ. પરસ્પરનું હિત અને સ્વાર્થ પણ કોમ કોમના મીઠા સદ્‌ભાવભર્યા સંબંધ ઉપર જ અવલંબે છે. આ બધું હોવા છતાં આવો બનાવ બને છે ત્યારે જે સમાજના ધર્મપ્રાણને આવી ઘટનાથી અત્યન્ત આઘાત લાગ્યો હોય છે તેનું હૈયું અસામાન્ય રીતે આળું અને સંશયગ્રસ્ત બને છે. આવી પરિસ્થિતિમાં મુસલમાન ભાઇઓ પોતાના પાડોશી સમાજની સાથે જ છે અને તેમના મંદિર કે મૂર્તિનો જે ઘાત કરવામાં આવ્યો છે તે પોતાની મસજીદને તોડવા બરોબર જ તેઓ લેખે છે એની હમદર્દીની પ્રતીતિ–જો પરસ્પરનો ભાઇચારો મુસલમાનોને પણ એટલી જ ઇષ્ટ વસ્તુ હોય તો–સભાઓ, જાહેર નિવેદનો તેમ જ અન્ય સર્વ વ્યવહાર રીતો વડે મુસલમાન ભાઇઓએ હિંદુ સમાજના દિલમાં ઉત્પન્ન કરવી જોઇએ. આવા પ્રસંગે કેવળ મૌન ધારણ કર્યાથી ન ચાલે. મૌન તો ઉલટું કોઇ કોઇ વાર અનર્થપરિણામી અને વિપરીત કલ્પનાઓને જન્મ આપનાર બને છે. આવી ઘટનાઓ પ્રસંગે તેઓ આ બાબત બરોબર ધ્યાનમાં લે અને કોમી સ્વાસ્થ્યમાં ભંગાણ પડવાની જે ભીતિ આજે સેવાઇ રહી છે તે ટાળવામાં બને તેટલા મદદરૂપ થાય એવા જે મુસલમાનભાઇઓને વિનંતિ કરવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય. પ્રબુદ્ધ જૈન જેવા એક નાના સરખા પત્રના ખુણેથી વ્યકત કરવામાં આવતી આ સૂચના તેમજ અભ્યર્થના મુસલમાનભાઇઓને પહોંચશે કે કેમ એ એક પ્રશ્ન છે. પણ આ વિષમ અવસર ઉપર જે વર્ગને અને જે સમાજને ઉદ્દેશીને જે કાંઇ કહેવા યોગ્ય ભાસે તે સ્પષ્ટ અને નિડરપણે કહેવું એ પ્રબુદ્ધ જૈનના એક સંચાલક તરીકે મારો ધર્મ બને છે એમ સમજીને આટલી વાત મુસલભાઇઓને ઉદ્દેશીને કહેવાની મેં ધૃષ્ટતા કરી છે. જૈન સમાજે આ પ્રસંગે યોગ્ય ધૈર્ય ધારણ કરવું જરૂરી છે અને આવેશ કે રોષથી એક યા બીજી બાજુએ ખેંચાઇ ન જતાં પુરી દીર્ઘદૃષ્ટિ વાપરીને જે કર્તવ્ય લાગે તેને અનુસરવા કટિબદ્ધ થવું ઘટે છે.

આ સંબંધમાં ભાવનગર રાજ્ય સામે એક અસાધારણ વિષમ ફરજ આવી પડી છે અને તે અદા કરવામાં ભાવનગર રાજ્ય નિષ્ફળ ચુકે એવી હિંદુસ્થાનનો જૈન સમાજ આશા રાખે છે. દરેક ધર્મનાં દેવસ્થાનોનું સંપૂર્ણ રક્ષણ આપવું એ દરેક રાજ્યનો એક વિશિષ્ટ

ધર્મ છે. એ ધર્મના અનુપાલનમાં રાજ્ય જો ચુકે અને દેખીતી ગુંડાગીરીને નીભાવી લેવાની નીતિ સ્વીકારે અથવા તો ઉપર ઉપરના ગુનેહગારોમાંથી બે ચારને શિક્ષા કરી ઉપરછલ્લાં થીગડાં મારીને આ બાબત પતી ગઇ એમ માનીને જો રાજ્ય ચાલે તો રાજ્ય ભારેમાં ભારે ગફલતીનું ભોગ બને છે અને પરિણામે ગુંડાગીરીની નવી આવૃત્તિ ઓને નોતરે છે એમ સમજવું. આ તપાસ પ્રસ્તુત અત્યાચારના માત્ર કર્મચારીઓને પકડી પાડવા સાથે પુરી નથી થતી, પણ એના મૂળમાં જઇને આવા અત્યાચારની પ્રેરણા આપનાર અને સૂત્રસંચાલન કરનાર કોણ કોણ છે તેના ઉંડાણમાં રાજ્યે જવાની જરૂર છે અને હવે પછીથી આવી ગુંડાગીરીની બીજી આવૃત્તિ કદિ પણ થવા ન પામે એવી પરિસ્થિતિ રાજ્યમાં હંમેશાને માટે ઉભી કરવાની અને એ ધોરણે ચાલતા જરૂર જણાય તેટલી કડકાઇથી કામ લેવાની રાજ્યની ખાસ ફરજ છે. થોડાં વર્ષો પહેલાં આજ રાજ્યમાં આથી અન્ય પ્રકારની ગુંડાગીરીની એક ઘટના બની હતી અને તે વખતે જે સખ્તાઇથી રાજ્યે કામ લેવું જોઇતું હતું તેવી સખ્તાઇથી કામ લેવામાં રાજ્યે મન્દતા દર્શાવી હતી. આજે સમાજ જીવનના બીજા પ્રદેશમાં એવા જ પ્રકારની ગુંડાગીરીએ દેખાવ દીધો છે. રાજ્યસત્તા નીચે સૌ કોઇ સરખી રીતે સુરક્ષિત હોવા જોઇએ; મંદિર કે મસજીદ કોઇ પણ પવિત્ર દેવસ્થાન કે ધર્મસ્થાનને કોઇ આંગળી પણ અડાડી ન શકે એવી સુરક્ષિતતા અને નિર્ભયતાનો પ્રત્યેક પ્રજાજનને રાજ્યે પુરો વિશ્વાસ આપવો જોઇએ. રાજ્ય આ રીતે પોતાના કર્તવ્ય ધર્મનું પુરી મક્કમતાથી પાલન કરે અને એ રીતે અત્યન્ત દુભાયલી જૈન કોમને શાન્ત, સ્વસ્થ અને નિશ્ચિન્ત કરે એવી માત્ર જૈન સમાજ જ નહિ પણ સમસ્ત હિંદુ આલમ ભાવનગર રાજ્ય અને ભાવનગર મહારાજા વિષે આશા સેવે છે અને અપેક્ષા ધરાવે છે. આવી રીતે પ્રત્યેક પક્ષ પોતપોતાના કર્તવ્યધર્મનું યોગ્ય રીતે પાલન કરીને તળાજાની દુર્ઘટનાના માઠાં અને ભયાનક પરિણામોમાંથી રાજ્યને, પ્રજાને તેમજ કાઠીયાવાડની જનતાને બચાવી શકે છે.

પરમાનંદ.

પુરવણી : તળાજા ખાતે બનેલ મૂર્તિખંડનની દુર્ઘટના પ્રત્યે અત્યન્ત ધૃણા વ્યકત કરતા અને ભાવનગર મહારાજાને આ બાબતમાં સત્વર પગલાં ભરવાની વિનંતિ કરતા અનેક ઠરાવો જાહેર સંસ્થાઓ તેમજ સભા તરફથી અમને પ્રકાશન માટે મળ્યા છે. એ સર્વ ઠરાવો લગભગ એક જ મતલબના છે અને તેમાંના ઘણા ખરા અન્ય સામયિકોમાં પ્રગટ થઇ ચુકયા છે. તે સર્વ ઠરાવો તળાજાના બનાવે ઉપસ્થિત કરેલ તુમુલ આન્દોલન અને અસાધારણ સમાજક્ષોભ વ્યકત કરે છે.

તંત્રી.

કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ઠ ૭૭ થી ચાલુ)

કટાઇ ગયેલા ભાલાથી વીંધાઇને મરવા કરતાં અણુબોંબથી ખલાસ થઇ જવાનું હું વધારે પસંદ કરું. બે અણુબોંબે આખા વિગ્રહનો અન્ત આણ્યો છે અને લાખો માણસોને મૃત્યુના મોઢામાં હોમાતાં બચાવી લીધા છે. એક માણસને મારવા કરતાં એક લાખ માણસને એક સાથે મારવા એ વધારે ધૃણાપાત્ર છે એમ કહેવામાં આવે છે; પણ આ વાત મારી તો બુદ્ધિમાં જ ઉતરતી નથી.” “જો તારા એક ગાલ ઉપર તને કોઇ એક તમાચો મારે તો તેની સામે તારો બીજો ગાલ ધરજે” આવો શાન્ત અવરોધનો સંદેશો આપનાર અને એજ રીતે આજથી બે હજાર વર્ષ પહેલાં જીવી અને મરી જાણનાર ભગવાન ઇશુ ખ્રીસ્તના વારસદાર અને ધર્માધિકારીના મોઢામાં આવી વાણી સ્વપ્ને પણ સંભવે ખરી ? એમ છતાં પણ આવા ઉદ્ગારો અને તે પણ ધર્મની વ્યાસપીઠ ઉપરથી આપણે છડેચોક નીકળતા સાંભળીએ છીએ, ત્યારે આ આસુરી સંસ્કૃતિ અને તેના સ્વાભાવિક પરિણામરૂપ વિગ્રહે માત્ર સામાન્ય જનતાની જ નહિ, પણ વિશ્વબંધુત્વને મોખરે રાખનાર ધર્મના અનુયાયી સાધુગણ જેવા વિશિષ્ટ વર્ગના ચિત્તની પણ કેટલી ભયંકર વિકૃતિ કરી નાંખી છે તેનો આપણને કાંઇક ખ્યાલ આવે છે. આ વિગ્રહે નિપજાવેલું ભૌતિક દુઃશાન તો દશ પંદર કે પચ્ચીશ વર્ષમાં ભરપાઇ થઇ જશે, પણ એથી નીપજેલા દારૂણ આધ્યાત્મિક હ્રાસની પુરવણી થતાં કોણ જાણે કેટલો સમય વીતી જશે એ કહી શકાતું નથી. આજે તો ધર્મના સ્થાનમાં અધર્મની; અહિંસાના સ્થાનમાં સંહારની અને વિશ્વબંધુત્વના સ્થાનમાં વૈરતૃષ્ણિની પ્રતિષ્ટા થઇ રહી છે. માનવી પશુથી પણ નીચેની કોટિએ પહોંચ્યો છે; ધર્માધિકારીઓ નિષ્ઠુરતાના ઉપાસક બન્યા છે; સાધુઓ જાણે કે સેતાનની ઉપાસના કરી રહ્યા છે. ભગવાન ઇશુ આજે પોકાર કરી રહેલ છે કે “આજથી બે હજાર વર્ષ પહેલાં તો મારા વિરોધીઓએ મને ક્રોસ ઉપર લટકાવ્યો હતો. પણ આજે તો મારા અનુયાયીઓ જ મને ફરીથી ક્રોસ ઉપર લટકાવી રહ્યા છે. ખરેખર તેઓ શું કરી રહ્યા છે તેની તેમને ખબર નથી. ઓ પરમ પિતા ! તેમને સન્મતિ આપ !”

ભાઈ અનિલકાન્ત હેમચંદ અમરચંદને અભિનંદન

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ભાંગરોળનિવાસી સ્વર્ગસ્થ શેઠ હેમચંદ અમરચંદનું નામ તેમની ઉદારતા તેમજ કેળવણીપ્રચાર પ્રત્યે તેમની વિશિષ્ટ અભિરૂચિને અંગે બહુ જાણીતું છે. મુંબઇમાં આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આદ્ય સંચાલકોમાંના તેઓ એક હતા. તેમના ત્રીજા પુત્ર ભાઇશ્રી અનિલકાન્ત મુંબઇ યુનીવર્સીટીની બી. એસ. સી. ની પરીક્ષા પસાર કરીને ટેકસ્ટાઇલના વિષયનો વિશિષ્ટ અભ્યાસ કરવા માટે ૧૯૩૭ ની સાલમાં ઇંગ્લાંડ ગયેલા અને મેનચેસ્ટરમાં રહેલા. ત્યાં તેમણે બી. એસ. સી. ટેક.ની તેમજ એમ એસ. સી. ની

પરીક્ષાઓ પસાર કરી. એમ. એસ. સી. માટે તેમણે કૃત્રિમ રેશમના સંશોધનનો વિષય પસંદ કર્યો હતો. તેમનો અભ્યાસ તો ઘણા સમય પહેલાં પુરો થયો હતો; પણ વિશ્વવિગ્રહે તેમને અહિં આવવામાં મોટો અન્તરાય નાંખ્યો. તેઓ ઇંગ્લાંડમાં ઇમ્પીરીયલ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝમાં બે વર્ષ પહેલાં જોડાયા હતા અને એ જ કંપનીમાં આજે પણ તેઓ અહિં કામ કરે છે. ચાલુ વર્ષના જાન્યુઆરી માસમાં તેઓ હિંદ ખાતે પાછા ફર્યા છે અને લગભગ સાત વર્ષના ઇંગ્લાંડ ખાતેના તેમના ચાલુ નિવાસને લીધે અને યુદ્ધ પ્રવૃત્તિને લગતા અનેકવિધ રોકાણોને લીધે તેમણે વ્યાપાર તેમજ ઉદ્યોગના ક્ષેત્રમાં બહોળો અનુભવ પ્રાપ્ત કર્યો છે. તેમના મોટા ભાઇ શ્રી. પ્રવીણચંદ્ર મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય છે તેમજ બીજી અનેક જૈન સંસ્થાઓમાં જોડાયલા છે. ભાઇશ્રી અનિલકાન્તનું અભિનન્દન કરવા માટે તા. ૧૧-૮-૪૫ ના રોજ ભાંગરોળ શ્રીમાળી સમાજ તરફથી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. પોતાના વડિલોને પગલે ચાલીને ભાઇશ્રી અનિલકાન્ત પોતાના ઉત્કર્ષ સાથે જૈન સમાજને તેમજ વિશાળ રાષ્ટ્રને પોતાની શકિત અને વિશાળ અનુભવનો પુરો લાભ આપશે એવી આશા રાખવામાં આવે છે.

વિપુલ વિદ્વત્તા અને વિસ્મયજનક સંકુચિતતા!

સ્વ. ચંપતરાય જૈન દિગંબર સમાજના એક બાહોશ ધારાશાસ્ત્રી હતા. તેઓ ભારે વિદ્વાન અને તત્વસાહિત્યના અભ્યાસી હતા. તેમનું Key of Knowledge નામનું મોટું દળદાર પુસ્તક તેમના વિપુલ પાંડિત્યનો પુરાવો છે. આ ઉપરાંત બીજું પણ તેમણે ઘણું લખ્યું છે. શ્વેતાંબર તેમજ દિગંબરો વચ્ચે વર્ષોથી ચાલી રહેલ સમેતશિખર તીર્થને લગતો ઝગડો બહુ જાણીતો છે. દિગંબર પક્ષે તેઓ જ હંમેશના સલાહકાર અને ધારાશાસ્ત્રી તરીકે વગર મહેનતાણે કામ કરતા હતા. આવી વિપુલ વિદ્વત્તા અને દેશ પરદેશનો બહોળો અનુભવ ધરાવનાર વ્યક્તિના સંબંધમાં શ્રી કાવ્યપ્રસાદ જૈન તરફથી થોડા સમય ઉપર બહાર પડેલ 'બેરિસ્ટર શ્રી ચંપતરાય જૈન' એ નામની એક પુસ્તિકામાં દિગંબર સમાજના જાણીતા આગેવાન સજ્જન શ્રી નાથુરામ પ્રેમીની નીચે મુજબની એક સ્મરણનોંધ જોવામાં આવે છે.

"એક વાર તો મને લાગ્યું કે સ્વ. ચંપતરાયજી માત્ર જૈન નથી. પાકા દિગંબર જૈન છે. એ દિવસોમાં તેઓ સુખાનંદ ધર્મશાળામાં ઉતર્યા હતા. મેં એમની સાથેની વાતચિતમાં સૂચવ્યું કે જૈનધર્મનું પુરેપુરું જ્ઞાન મેળવવું હોય તો એકલા દિગંબર જૈન સાહિત્યનો અભ્યાસ પૂરતો નથી. શ્વેતાંબર આગમો અને બૌદ્ધ સાહિત્ય પણ વાંચવું જોઇએ. એ વિના શ્રમણ સંસ્કૃતિના ક્રમવિકાસનો અને જૈનધર્મના સિદ્ધાન્તોની વિશેષતાઓનો ખ્યાલ ન આવે." મારા આ કથનના જવાબમાં શ્રી ચંપતરાયજીએ કહ્યું કે "ના બાપુ! શ્વેતાંબર આગમાદિ વાંચીને હું મારા સમ્યક્ત્વને મલીન કરવા નથી માંગતો" મેં તે સાંભળીને ટકોર કરી કે "તો તો તમારું સમ્યક્ત્વ બહુ સુકુમાર હશે. એને ખુબ સંભાળજો." શ્રી ચંપતરાયજીને એ ટકોર ન ગમી"

ક્યાં શ્રી ચંપતરાયની અગાધ વિદ્વત્તા અને ક્યાં પોતાનું સમ્યક્ત્વ શ્વેતાંબર આગમો વાંચવાથી મલીન થવાની ભીતીદ્વારા વ્યક્ત થતી તેમની સાંપ્રદાયિક સંકીર્ણતા! આ કોયડો ઉકેલ માંગે છે. આપણે એમ માનીએ છીએ કે વિશેષ અને વિશેષ જ્ઞાનપ્રાપ્તિથી માનવીનું મન હંમેશા વધારે વિશાળ અને ઉદાર બને છે. પણ આ સર્વ-સાધારણ નિયમ નથી. જ્ઞાનનો ઉપયોગ આન્તર નિરીક્ષણ તરફ વળે અને સંસ્કાર-પ્રાપ્ત અને પરંપરાગત અંગત અધ્યાસો અને અભિનિવેશોનું પૃથક્કરણ અને પદચ્છેદ કરવા તરફ ઢળે તો જરૂર માનવીની દૃષ્ટિ વધારે વિશદ, વિશાળ, વિવેકયુક્ત અને ઉદાર બને. પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા જ્ઞાનનો આત્મગત અધ્યાસો અને અભિનિવેશોના કેવળ સમર્થન અર્થે જ જો ઉપયોગ કરવામાં આવે તો તેનું પરિણામ તેની સંકીર્ણતાને જ સુદૃઢ કરવામાં આવે. આ ધોરણે જ્ઞાન-સંચય કરનાર વ્યક્તિમાં કદિ સાચી ઉદારતા, વિશાળતા કે અનેકાન્ત વૃત્તિ જન્મે જ નહિ, તેનું જ્ઞાન તેની પોતાની જ બેડી અને બંધન બને. તેના પાંડિત્યમાં અને એક બુકસેલરના વિપુલ ગ્રંથ સંગ્રહમાં કશો પણ ફરક ન રહે. ઉપર જણાવેલ પ્રસંગ દ્વારા સ્વ. ચંપતરાયજીમાં આપણને જે આશ્ચર્યજનક સાંપ્રદાયિકતાનું દર્શન થાય છે તેનો આ રીતે ખુલાસો થઇ શકે છે.

તમારું નામ મતદાર પત્રકમાં નોંધાવો

પ્રાન્તિક તેમજ મધ્યસ્થ ધારાસભાની ચુંટણીઓ જેમ બને તેમ જલ્દિથી કરવાનો સરકારે નિર્ણય જાહેર કર્યો છે અને આ બન્ને ચુંટણીઓ આગામી વર્ષના માર્ચ માસ પહેલાં પતાવી દેવામાં આવશે કે જેથી નવા વર્ષની ધારાસભામાં નવા ચુંટાયલા સભ્યો ભાગ લઇ શકે આવી અટકળ કરવામાં આવે છે. આ ધારાસભામાં પ્રજા પોતાની બહુમતીથી પોતાના પ્રીતિપાત્ર અને વિશ્વાસપાત્ર સજ્જનો અને સન્નારીઓને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલી શકે છે. આ પ્રતિનિધિઓ હિંદના ભાવી રાજકારણમાં અસાધારણ અગત્યનો ભાગ ભજવવાના હોઇને આ વખતની ચુંટણીઓ વિશિષ્ટ મહત્વ ધરાવે છે અને તેથી પ્રત્યેક મતનું પણ આ સમયે ખાસ મહત્વ છે. તેથી સરકારી મતદાર પત્રકમાં જેનું નામ નોંધાયલું હોય તેણે પોતાના મતનું મહત્વ બરોબર સમજી લઇને યોગ્ય વ્યક્તિઓને મત આપવાની બાબતમાં પુરા જાગ્રત થવાની જરૂર છે અને જે કોઇ ભાઇ કે બહેન સરકારે નક્કી કરેલા ધોરણ અનુસાર મત આપવાની યોગ્યતા ધરાવતા હોય એમ છતાં પણ જેમનું નામ મતદાર પત્રકમાં નોંધાયલું ન હોય એ સર્વ કોઇએ વેળાસર પોતાનું નામ સરકારી મતપત્રકમાં નોંધાઇ જાય એ માટે જરૂર અરજી કરવાની તેમજ તે માટે જરૂરી પ્રમાણ-પત્રો મેળવી લેવાની કાળજી ધરવાની ખાસ આવશ્યકતા છે. સરકારી મતપત્રકોની છેલ્લી યાદી પ્રસિદ્ધ થવાને આજે દશ વર્ષ ઉપર મુદ્દત થવા આવી છે અને તેથી એ મતપત્રકમાં મતની યોગ્યતા ધરાવનાર અનેક ભાઇ બહેનોનાં નામ નોંધાયલાં નથી: આ બાબતની જરૂરી અરજી કરવાનો છેવટનો દિવસ સરકારે આગામી ઓક્ટોબર માસની પંદરમી તારીખનો નક્કી કર્યો છે. તો મતપ્રદાનની યોગ્યતા ધરાવતા સર્વે ભાઇ બહેનોને વિનંતિ કે તેઓ વિના વિલંબે પોતપોતાના સ્થાન સાથે ધરાવતા મહાસભા સમિતિના કાર્યાલયમાં જઇને પોતાનું નામ સરકારી મતપત્રકમાં છે કે નહિ તેની તપાસ કરે અને પોતાનું નામ નોંધાયલું નથી એમ જેને માલુમ પડે તે આ સંબંધમાં શું કરવાનું છે તેને લગતી પુરી માહીતી મેળવીને તે મુજબ અમલ કરવામાં જરા પણ વિલંબ ન કરે. મતપ્રદાનની યોગ્યતા સંબંધમાં સર્વસામાન્ય એ બાબતો તો એ છે કે એક તો કોઇ પણ મત આપનાર સ્ત્રી કે પુરૂષની ઉમ્મર એકવીશ વર્ષની નીચે ન હોવી જોઇએ અને બીજું મત આપનાર મતદારનો મતદાર ક્ષેત્રમાં ૬ માસથી વધારે સમયનો નિવાસ હોવો જોઇએ. આ ઉપરાંત જે કોઇ વ્યક્તિ નીચેમાંની કોઇ પણ એક પ્રકારની યોગ્યતા ધરાવતો હોય તે વ્યક્તિ મતદાર બની શકે છે.

(૧) મુંબઇ શહેરમાં માસિક રૂા. ૫ અને બહાર ગામ કે ઉપ-નગરમાં માસિક રૂા. ૭॥ ભાડું ભરતા હોય અગર તો.

(૨) જેમણે કોઇ પણ યુનીવર્સીટીની મેટ્રીક કે સ્કુલ લીવીંગની પરીક્ષા પસાર કરી હોય અગર તો

(૩) જે રીટાયર્ડ પેન્શનર કે મુકત કરાયેલ મીલીટરી અધિકારી અગર નોન-કમીશન્ડ અધિકારી હોય અગર તો

(૪) જેમણે આગલા હિસાબી વર્ષમાં ઇન્કમટેકસ ભર્યો હોય

આ ઉપરાંત સ્ત્રીઓ સંબંધમાં મતપ્રદાનની યોગ્યતાનું ધોરણ નીચે મુજબ વધારે વ્યાપક રાખવામાં આવ્યું છે. એકવીશ વર્ષ ઉપરની અને મતદારક્ષેત્રમાં ૬ માસથી વધારે સમયથી રહેતી કોઇ પણ સ્ત્રી મતદાર થઇ શકે છે, જો તે સ્ત્રી-

(૧) કોઇ પણ ભાષામાં લખી વાંચી શકતી હોય અગર તો

(૨) તેનો પતિ મતદાર થવાની ઉપર જણાવેલ ધોરણે યોગ્યતા ધરાવતો હોય.

એ જ રીતે હરિજનો સંબંધમાં જે કોઇ હરિજન એકવીશ વર્ષ ઉપરનો અને મતદાર ક્ષેત્રમાં ૬ માસથી વધારે સમયથી રહેતો હોય તેઓ હરિજન કોઇ પણ ભાષામાં લખી વાંચી શકતો હોય તો તે હરિજન મતદાર બની શકે છે.

વિશેષમાં અવિભક્ત કુટુંબ માટે એવી ગોઠવણ છે કે જ્યાં બે કરતાં વધુ માણસો એક ઘરમાં રહેતા હોય ત્યાં દરેક માણસ દીઠ ભરાતું ભાડું આ પ્રમાણે ગણવામાં આવશે;-ઘરનું જે ભાડું હોય તેને ઘરમાંના માણસોની સંખ્યાવડે ભાંગવામાં આવશે અને જે આંક આવે તે રકમ તે પ્રત્યેક માણસ ભાડપેટે આપે છે એમ ગણાશે.

આ બધી બાબતો ધ્યાનમાં લઇને જે કોઇ ભાઇ બહેન મતદાર થવાની યોગ્યતા ધરાવતા હોય તે પોતાનું નામ આગામી ઓકટોબર માસની પંદરમી તારીખ પહેલાં પોતપોતાના સ્થાન, જીલ્લા કે પ્રાન્તને લગતા મતદાર પત્રકમાં દાખલ કરાવી લેવાનું ન ચુકે.

પરમાનંદ.

ચરણસ્પર્શ

કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ પ્રતિષ્ઠાને પામેલા અને લોકાદરને પાત્ર બનેલા મહાપુરુષોનો ચરણસ્પર્શ કરવાની પરંપરા પ્રજાજીવનમાં કંઈ કાળથી રૂઢ થયેલી છે. આ પરંપરાનો સખ્ત વિરોધ કરતાં થોડા સમય પહેલાં લાહોરમાં મળેલી એક જાહેર સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ જણાવ્યું હતું કે; "એક વખત સીમલામાં હું ફરવા નીકળ્યો હતો. એટલામાં અચાનક એકજણ બહાર નીકળી આવ્યો. એ મારા પગમાં એવી રીતે ઝુકી પડયો કે જો હું સાવધ અને સાવધાન ન હોત તો સીમેલા બાજુની એક ઉંડી ખાઇમાં જ હું ગબડી પડયો હોત. સારા નસીબે હું બચી ગયો. આ ચરણસ્પર્શની પ્રથાનો પ્રજાએ એકદમ ત્યાગ કરવો જોઈએ. એ માણસે જે કાંઇ કર્યું હતું એ મારી પ્રત્યેના પ્રેમના લીધે જ કર્યું હતું એ હું કબુલ કરું છું. પણ પોતાના પ્રેમ કે આદરને વ્યકત કરવાની આ પધ્ધતિને હું જંગલી અને ગુલામી મનોદશાની સૂચક ગણું છું. આ ચરણસ્પર્શની પ્રથા આઝાદીની ભાવનાની છેક વિરુદ્ધ છે. હિંદના સ્ત્રી પુરુષો! આ પ્રથાને તિલાંજલિ આપો! ચરણસ્પર્શ કરવાના અને લળી લળીને નમવાના આચારનો સત્વર પરિત્યાગ કરો! એ આપણી પ્રતિભાને તદ્દન પ્રતિકુળ છે. માથું ઉંચું રાખીને અને છાતી કાઢીને ટટ્ટાર થઇને ચાલો! આપણે પામર છીએ, આપણામાં કાંઇ નથી એમ માનવાનાં અને એવી રીતે વર્તવાના દિવસો હવે ચાલી ગયા છે."

ધર્મકારણમાં ગુરૂજનનો ચરણસ્પર્શ કરવાનો વ્યવહાર આપણા દેશમાં કંઈ કાળથી ચાલ્યો આવે છે. ગુરૂજન સમક્ષ ગુંઠણભર થઇને માથું જમીનને સ્પર્શે એવી રીતે વંદન કરવાનો વિધિ જૈન પરંપરામાં પણ પરાપૂર્વથી રૂઢ થયેલ છે. આને પંચાંગી પ્રણામ કહેવામાં આવે છે. જૈનેતર સંપ્રદાયોમાં ગુરૂજન સમક્ષ ભોંય ઉપર લાંબા થઇને જમીનને પગ, પેટ તથા માથું સ્પર્શે તેવા રીતનો વંદન કરવાનો વ્યવહાર પ્રચલિત છે. આને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કહે છે. આ ઉપરાંત ગુરૂના પ્રગતું પ્રક્ષાલન કરીને ચરણામૃત લેવાનો વિધિ પણ અમુક સ્થળે વ્યવહારગત જોવામાં આવે છે. જૈન સમાજમાં ગુરૂજનપૂજાના અનેક પ્રકારો દૃષ્ટિગોચર થાય છે. ગુરૂની મૂર્તિઓ કરવી, ગુરૂમંદિરો ઉભાં કરવાં, ગુરૂનાં સામૈયાં કરવાં, ગુરૂસમક્ષ નાણાં ધરવાં, ગુરૂનાં પગલાં પડાવવાં, ગુરૂને મોતીથી વધાવવા વગેરે. ઉપર જણાવેલ વંદનવિધિ કરતો કે ગુરૂપૂજા આચરતો જનસમુદાય અને આવી વિધિનો કે પૂજાનો આચાર સ્વીકારતો સાધુગુણ–આ બન્નેમાંથી કોઇ પણ વર્ગ આમાં કોઈ અતિશયતા થતી હોય એમ સ્વપ્ને પણ માનતો નથી કે ચિન્તવતો નથી.

કેટલાયે વર્ષ પહેલાં એક સારા અને સુપ્રતિષ્ઠિત સાધુને મેં પ્રશ્ન કરેલો કે "અમે શ્રાવકો તો ભકિત, શ્રધ્ધા અને પરંપરાને વશ થઇને આપને ત્રિવિધ વંદન કરીએ છીએ, પણ આપને કોઇ દિવસ એવો પ્રશ્ન નથી થતો કે આ બધા લોકો અમને આમ શા માટે વન્દન કરે છે? અમારામાં તે એવી શી યોગ્યતા છે કે આ લોકો આમ ઝુકી ઝુકીને અમને નમન કરવા પ્રેરાય છે? અને કોઇ વ્યકિતમાં એવી કોઇ વિશિષ્ટ યોગ્યતા હોય તો પણ તેથી તે વ્યકિત પોતાની જાતને આવા વિધિપૂર્વકના વન્દનની અધિકારી શા માટે લેખે? આવું ક્રિયાકાંડી સમુહવન્દન આપને અકળાવતું અને મુંઝવતું નથી? અને આપને એમ પણ નથી લાગતું કે ઓછી પાત્રતા કે યોગ્યતાવાળા સાધુઓ કે જેની આજે સમાજમાં કોઇ કમીના નથી, તેમનું તો આવા ચાલુ વન્દનવ્યવહારથી મગજ જ ભમી જાય?" આ પ્રશ્નનો તેમણે એમ ઉત્તર આપેલો કે "આ વન્દન અમને પોતાને વ્યકિતગત નથી કરવામાં આવતું, પણ અમારા વેશદ્વારા વ્યકત થતા સાધુધર્મના આદર્શને કરવામાં આવે છે. તેથી તેમાં અમને કશું વાંધા પડતું નથી લાગતું" પણ આ ઉત્તરથી મને સંતોષ નહોતો થયો.

મને લાગે છે કે રાજકારણમાં ચરણસ્પર્શના વેવલાપણાથી અળગા રહેવાનો જેમ પંડિત જવાહરલાલે હિંદી જનતાને આદેશ આપ્યો છે, તેવી જ રીતે આપણી અને ભકિતપાત્ર બનતા ગુરૂજનો વચ્ચે કોઇ અભેદ્ય અસમાનતા રહેલી છે એમ સૂચવતો આજનો વધારે પડતો વંદનવ્યવહાર, સાષ્ટાંગ પ્રણામ, ચરણસ્પર્શ કે કેવળ વેવલાપણું દાખવતા ગુરૂજન–પૂજાના વિવિધ પ્રકારો–આ સર્વનો સૌ કોઇએ અને ખાસ કરીને આજની નવયુવક જનતાએ પરિત્યાગ કરવો જ જોઇએ. ભકિત અને આદર દિલની વસ્તુ છે. તેને જાહેરમાં વ્યકત કરતાં આપણે પ્રમાણબુદ્ધિ અને વિવેકવિચારણા ધારણ કરવાની ખાસ જરૂર છે. પ્રચલિત વંદનવિધિ અને ચરણસ્પર્શની પ્રથા વંદનસ્પર્શ કરનારમાં પામરતાની પ્રતીતિ સુદૃઢ કરે છે અને વન્દાતા ગુરૂજનમાં પોતે કોઇ અસાધારણ–અસામાન્ય વ્યકિત છે એવો ખ્યાલ જ સદા દૃઢીભૂત કરે છે. માનવી તરીકેની સમાનતાનો ખ્યાલ બંનેમાંથી અલોપ થવા માંડે છે. આનું પરિણામ એક બાજુએ હીનતા, દીનતા, અંધશ્રદ્ધા, આત્મવિશ્વાસનો અભાવ, પરાવલંબીતા અને આધ્યાત્મિક ગુલામીમાં આવે છે; અન્ય પક્ષે અહંકાર, સત્તાપ્રિયતા, દંભ અને પાખંડ પોષવામાં અને સંવર્ધિત કરવામાં આવે છે. પરિણામે સામાજીક અનારોગ્ય વધે છે અને ગુરૂવર્ગ અને અનુયાયીવર્ગ ઉભય આત્મવિનાશને માર્ગે ધસડાતા ચાલે છે. આ બધાનું મૂળ વન્દન વ્યવહાર અને ગુરૂ પૂજાના અતિરેકમાં રહેલું છે; તેથી તે અતિરેકથી સૌ કોઇ દૂર રહે એ આવશ્યક છે, ઇષ્ટ છે. તેથી રાજકારણ કે ધર્મકારણ–ઉભય ક્ષેત્રમાં ચરણસ્પર્શ અને તત્સદૃશ ભકિતભાવપ્રદર્શક પ્રથાઓ સત્વર પરિત્યાગ–યોગ્ય બને છે.

અહિં કોઇ એવી દલીલ જરૂર આગળ કરે છે કે એકની અન્ય પ્રત્યે રહેલી ઉંડા દિલની ભકિત વ્યકત કરવામાં આવી મર્યાદા શા માટે? દિલની ભકિત ફાવે તેવી રીતે વ્યકત કરવાની સૌ કોઇને છુટ હોવી જોઇએ. પોતપોતાના અંગત અને ખાનગી વ્યવહારમાં આ વિષયમાં જેને જેમ ઠીક લાગે તેમ તે ભલે કરે અને વર્તે; પણ આપણે અહિં તો જે પ્રકારના વ્યવહારે સામાજિક પ્રથાનું સ્વરૂપ પકડયું છે તેનો જ વિચાર કરીએ છીએ. આ બાબતમાં આપણી આગળ એક જ ધોરણ હોવું જોઇએ અને તે એ કે આપણે જેમને આપણા ગુરૂજન લેખતા હોઇએ, જેઓ ચારિત્ર્ય કે વિદ્વત્તાની બાબતમાં આપણાથી ઘણા ઉંચા અને આગળ વધેલા અને તેથી જ અસાધારણ આદર અને સન્માનને યોગ્ય આપણને લાગતા હોય તેઓ પણ આખરે આપણી સમકક્ષાના માનવીઓ છે એ હકીકત પરત્વે એક યા અન્ય પક્ષે કોઇ કદિ પણ ભુલમાં કે ભ્રાન્તિમાં ન પડે એ રીતે આપણો તેમની સાથેનો વિનયવ્યવહાર નિર્માણ થવો જોઇએ. પ્રસ્તુત ચરણસ્પર્શ અને તત્સદૃશ નમસ્કાર વિધિમાં આ જોખમ રહેલું છે. તે કારણસર જ પંડિત જવાહરલાલે આ બાબત તરફ જન સમુદાયનું ધ્યાન ખેચ્યું છે. આપણે પણ રાજકારણમાં તેમ જ ધર્મકારણમાં આ મર્યાદા સ્વીકારીને ચાલીએ.

પરમાનંદ.

'આળાં હૈયાં'

પ્રબુદ્ધ જૈનના વાંચકોને ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીનું નામ સુપરિચિત છે. તેમની કરૂણાપ્રધાન હૃદયસ્પર્શી અને સમાજના નીચલા થરનાં દુઃખ, દર્દ અને યાતનાઓથી ભરેલા જીવનની ઝાંખી કરાવતી કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આમાંની કેટલીક કથાઓ પ્રબુદ્ધ જૈનના અંકોમાં પ્રગટ થઇ ચુકી છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીમત રૂા. ૨॥ રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧॥ માં આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

વિશ્વ–આત્મોત્થાનની વિરાટ પ્રયોગભૂમિ

વિશ્વયુદ્ધે પ્રત્યેક દેશના વતનીઓમાં જાતજાતનાં ફેરફારો આણ્યા છે. લોકોનું જીવનપ્રતિનું દૃષ્ટિકોણ બદલાયું છે. પ્રત્યેક માનવી માત્ર પોતાના જ સ્વાર્થો જોતો હતો, તે દિવસો ભૂતકાળના બની ગયા છે. અમુક અંશે પ્રત્યેક સમાજ પોતાની ટુંકી મર્યાદાના વિચારવર્તુલની બહાર જોતાં શીખ્યો છે. પ્રત્યેક સમાજ આજે સ્પષ્ટ જોઈ જાણી શકે છે કે તેનું કાર્ય તેના સંપ્રદાયની મર્યાદામાં રહીને પણ રાષ્ટ્રિય હિતમાં હોવું જોઈએ. જે સમાજ રાષ્ટ્રિય વિધાનપ્રતિ નિર્લક્ષ છે તેનું સ્થાન પ્રાગતિક તત્ત્વોના સંઘમાં હોઈ શકે જ નહિ. આજના વિશ્વયુદ્ધે પ્રત્યેક રાષ્ટ્રોને પણ ભાઇચારાની નજીક લાવવામાં મદદ કરી છે. પ્રત્યેક નાનું સ્વતંત્ર રાષ્ટ્ર આજે જાણે છે કે બળવાન રાજ્ય સામે તે એકલું ટકી શકવાનું નથી. તેની આર્થિક, નૈતિક કે સામાજિક પ્રગતિ પોતાના રાષ્ટ્રની એકાકી દિવાલો વચ્ચે શક્ય નથી. એટલે એવા પ્રત્યેક રાષ્ટ્રે એક યા બીજા બળવાન "આદર્શ વિશ્વસંઘની જોડાણ યોજનામાં" જોડાયેજ છુટકો છે. તે સિવાય તેની સ્વતંત્રતાની કે અસ્તિત્વની કોઇ કિંમત રહી નથી. પ્રત્યેક રાષ્ટ્ર પોતાના આંતરવહિવટ તથા વ્યવહાર માટે સ્વતંત્ર હોવા છતાં વ્યાપાર અને વિનિમય માટે આંતરરાષ્ટ્રીય સંઘના બંધનમાં છે. આજની બ્રામીભરી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં બળવાન રાજ્યો સર્વાધિકાર પચાવી પોતાના રાષ્ટ્રીય સ્વાર્થો સાધવામાં મશગુલ છે એ નિર્વિવાદ છે–પરન્તુ વહેલે કે મોડે વિશ્વસમસ્તના રાષ્ટ્રોની એક નિસ્વાર્થ સંયુક્ત સ્વતંત્રસંસ્થા સ્થપાય તો જ માનવજાતિનો વિકાસ થશે. તેમ નહિ થાય તો આજે મોટાં રાજ્યો પોતપોતાનાં આર્થિક હિતોની શોધમાં ઘૂમે છે અને પરિણામે ત્રીજો વિશ્વવિગ્રહ અવશ્યપણે આવવાનો છે. માણસજાત મૂળે તો સ્વાર્થપ્રતિ ઢળી જનારી છે, એટલે જ્યાં સુધી આંતરરાષ્ટ્રિય સંઘના મોવડી તરીકે કોઇ નિઃસ્વાર્થ બળવાન માનવી નહિ જન્મે, ત્યાં સુધી માનવ માત્ર પોતે સ્વતંત્ર બની બીજાઓની સ્વતંત્રતાને માન આપી તેને સન્માનશે નહિ–ત્યાં સુધી સ્વાર્થલોલુપ માનવી પોતાની અદીર્ઘ બુદ્ધિ, દૃષ્ટિના કારણે માનવજાતિનાં વિનાશને નોતર્યા જ કરવાનો.

બીજા વિશ્વયુદ્ધે માણસ જાતને કોઇ બોધપાઠ આપ્યો છે ખરો? એ બોધપાઠ માનવજાતિ પોતાના રોજીંદા જીવનમાં અને નાની નાની સમાજ વ્યવસ્થામાં ઉતારી–આચરી રહેલ છે કે નહિ? આ પ્રશ્નો હાલને તબક્કે અત્યંત મહત્ત્વના છે; કારણ કે અન્તે તો રાષ્ટ્રો, સમાજ તથા વ્યક્તિસમૂહોનો સંઘ માત્ર છે. એટલે જ્યાંસુધી માનવજાત વ્યક્તિગત રીતે તથા સામાજિક રીતે જીવનમાં વ્યવસ્થિત નહિ બને, ત્યાં સુધી વિગ્રહો ચાલુ રહેવાના જ. વિશ્વના બળવાન સમાજો તથા તેના 'આદર્શો' જોતાં ઘડીભર તો આપણને નિરાશા લાગે છે કે માનવી સ્વાર્થથી ઉપરની પગથી હજુ સ્થિરપણે શોધી શક્યો નથી. અમેરિકાની 'ડોલરની' ભૂખ, ઇંગ્લેન્ડની 'સામ્રાજ્યનીતિ' અને રશિયાની 'સ્વસલામતી' માટેની યોજના જોતાં ઘડીભર તો એમજ લાગે છે કે દરેક રાષ્ટ્ર બીજા નાના પ્રજાસમુહને ભોગે પોતે ધનવાન અને માલદાર બનવા માગે છે. આંતરરાષ્ટ્રિય રાજકારણનો પ્રવાહ આમ સ્પષ્ટ રીતે પોતાના 'વિશિષ્ટ હક્કોની સ્વાર્થી' લડતપ્રતિ વળી રહ્યો દેખાય છે, ત્યારે બીજીબાજુ વિગ્રહની અમાનુષી ખાનાખરાબીને કારણે એક એવો બળવાન વિચારક વર્ગ જન્મ્યો છે કે જે વૈયક્તિક સ્વાર્થોને દફનાવી સમસ્ત માનવજાતના ઉદ્ધાર માટે જાગૃત છે. આ વર્ગ નાનો હોવા છતાં તેનાં મૂળ ઘણાં જ ઉંડા છે અને સમાજના વ્યક્તિગત હિતો સચવાય છતાંય સ્વાર્થી વિગ્રહની જડ સદાને માટે દૂર કેવી રીતે કરવી તેનો તે વિચાર કરી રહેલ છે. આ બળવાન વર્ગના પ્રતિનિધિ તરીકે ગાંધીવાદ કાર્ય કરી રહેલ છે. મહાત્મા ગાંધીજીના સિદ્ધાંતો ઉપરક નજરે જોનારને આધિભૌતિક દૃષ્ટિએ ઘડીભર બળવાન ન લાગે, પરંતુ તેની આધ્યાત્મિક કિંમત ઘણી મોટી છે. ગાંધીવાદની મહત્તા, સફળતા તથા ઉત્કૃષ્ટ બળભાવના તો એ છે કે એણે માનવીને આધ્યાત્મિક જીવન જીવવાની કળા દર્શાવી છે અને એ સિદ્ધાંત દ્વારા માનવીની આધિભૌતિક વર્તમાન જીવન વ્યવસ્થાને સર્વોપરી બનાવવા પ્રયત્ન કરી રહેલ છે. માનવી પોતાના થોડા જ હિનદીન સ્વાર્થો જતાં કરે તો તે પોતાના રોજીંદા જીવનનો વ્યવહાર ઓછામાં ઓછા કે નહિવત ધર્ષણદ્વારા ચલાવી શકે છે. 'જેટલું હોય તેટલું મારે માટે'–એ મુડીવાદી સૂત્રને તેમણે 'જેટલું છે તેમાંથી ઓછામાં ઓછું જરૂરી મારે માટે અને બીજું સમાજના ઉત્કર્ષ માટે'–એ સમાજવાદી સૂત્રમાં ફેરવી બતાવ્યું છે. પ્રત્યેક માનવી પોતાની જરૂરીયાત એવી રીતે ઓછી કરે કે જેથી સમાજ રાષ્ટ્ર કે વિશ્વમાં કોઇને જીવનની જરૂરીયાતો વિના ચલાવવું ન પડે અને કોઇને આર્થિક યુદ્ધની અઘોરતાને જીવનમાં આચરવી ન પડે. એટલે કે પ્રત્યેક માનવી પોતાનું જીવન પ્રામાણિક ધોરણે, પ્રામાણિક પ્રયત્નોથી પ્રમાણ જાળવી જીવે કે જેથી બીજાઓને અન્યાય ન થાય. જો આમ થાય તો વ્યકિતની, સમાજની, ને રાષ્ટ્રની વ્યવસ્થા તથા વલણ બીજી વ્યકિત, સમાજ કે રાષ્ટ્રપ્રતિ એવાં રહે કે જેમાંથી 'બહુજન કલ્યાણ હેતું' સફળ થાય, સ્વાર્થી સંઘર્ષણ ન થાય અને દરેકને જોઇતી ચીજો વિનિમય અને પ્રમાણિક અંગ મહેનત દ્વારા મળી રહે.

ઉપરોકત સિદ્ધાંત પર રચાયેલ ઉદ્યોગો વ્યકિતના સ્વાર્થનું કાર્ય ન કરતાં જનસમાજની ઉપયોગીતા વિચારતા થશે. સમાજમાં આજે દૃશ્ય થતી આર્થિક અસમાનતા દૂર થતાં વિશ્વમાત્રનો માનવી પછી તે કાળો હોય કે ગોરો હોય, પછી તેનો દેશ સોનાની ખાણો ધરાવતો હોય કે લોખંડની,–તે વિચાર્યા સિવાય વિશ્વસમગ્રના બંધુત્વમાં માનતો થશે અને પોતાના રાષ્ટ્રની ઉપજ બીજા રાષ્ટ્ર સાથે વિનિમય કરી પરસ્પર ભૌતિક સુખસગવડમાં ફાળો આપતો થશે. વિશ્વનો સમસ્ત માનવસમાજ જ્યારે સમાન વહેંચણી દ્વારા ભૌતિક સુખસગવડ અને શાન્તિ પ્રાપ્ત કરશે ત્યારે તે અવશ્ય આધ્યાત્મિક ઉન્નતિની પ્રાથમિક વિકાસ પગથી પર ઉભો હશે, અને તે વખતે માનવી, માત્ર વધુ ધન માટે, વધુ સત્તા માટે, બીજાઓને ગુલામ બનાવી તેનું શોષણ કરવા માટે ઉન્મત્ત નહિ હોય; પરન્તુ નૈતિક પ્રગતિની નિર્દોષ હરિફાઇમાં રાચતો હશે; કોણ સમાજ માટે વધુ નિસ્વાર્થી બની શકે છે તેવી હરિફાઇ દ્વારા આત્મિક પ્રગતિના સુવર્ણશિખરે માનવસમાજ રાચતો હશે. આજનો ગાંધીવાદ તેના હાર્દમાં ખરેજ એક અદ્‌ભૂત પ્રયોગ છે કે જે દ્વારા માનવજાતનું ઉજ્જવળ ભાવી પ્રગટશે અને વિશ્વ સમાનતા, શાન્તિ અને પ્રેમદ્વારા જીવન જીવવાની એક સર્વશ્રેષ્ઠ અને વિરાટ પ્રયોગભૂમિ બની રહેશે. **ચુનિલાલ કામદાર**

કયાં ધર્મનો આદર્શ અને કયાં આપણો આજનો જીવનવ્યવહાર?

[જગ્યાના અભાવે ગતાંકમાં અવશિષ્ટ રહેલ નોંધનો ભાગ]

એક બાજુએ આપણા જીવનમાંથી ધર્મનો આત્મા અદૃષ્ય થયો છે અને ચાલુ ક્રિયાકાંડ અને બાહ્ય ધાર્મિક વ્યવહારના અનુપાલનમાં મનની માનેલી ધાર્મિકતા સંતોષાઇ રહી છે અને બીજી બાજુએ જો કે એવો એક પણ ધર્મ નથી કે જે વિશ્વબંધુત્વને ધર્મપાલનના એક અગત્યના અંગ તરીકે સ્વીકારતો ન હોય એમ છતાં પણ અન્ય ધર્મીઓને પોતાથી અલગ અને ઉતરતા ગણવા એ જ આજે ધાર્મિકતાનું એક અગત્યનું અંગ બની રહેલ છે. આમ એક બાજુ પોલી ધાર્મિકતા અને બીજી બાજુ ખોટું ધર્માભિમાન–આવા ઢાપણા ચાલુ જીવનમાં વ્યાપક બનેલા આ બે અંશો–આજે અનેક અનર્થોનું મૂળ બની રહેલ છે અને કોમી અથડામણનાં વિષવૃક્ષો વાવી રહેલ છે. સર સ્ટ્રેફર્ડ ક્રીપ્સ જણાવે છે તેમ આપણા ધર્મતત્ત્વોને આજના જીવનની સર્વ સમસ્યાઓ ઉપર લાગુ પાડીએ અને એ દ્વારા આજની સમસ્યાઓનો આપણે ઉકેલ શોધવા લાગીએ અને તદનુસાર આપણા સર્વ જીવનવ્યવહારનું રૂપાન્તર કરવા પ્રયત્નશીલ બનીએ તો આજની આપણી અનેક ગુંચળામણનો અન્ત આવે અને નિરાશા ભરેલી ચોતરફની પરિસ્થિતિમાં સુખ, સ્વાસ્થ્ય અને શાન્તિની આગાહી આપતો આશાસૂર્ય ઉદય પામે. **પરમાનંદ**

સંઘ સમાચાર

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને મળેલું આર્થિક સીંચન

તા. ૧-૮-૪૫ પછી અને ખાસ કરીને પર્યુષણપર્વ દરમિયાન જુદી જુદી વ્યક્તિઓ તરફથી સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃ મુજબ રકમો મળી છે.

સંઘની રાહત પ્રવૃત્તિ

૨૦૧) શ્રી. પોપટલાલ ગીરધરલાલ
૧૫૦) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી.
૨૫) ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી.
૧૦૧) ,, વનમાલીદાસ ગુલાબચંદ.
૧૦૧) ,, માનબાઇ પદમશી.
૧૦૧) ,, નરોતમદાસ અમરચંદ.
૧૦૦) ,, ચંદુલાલ સારાભાઈ મોદી.
૧૦૦) ,, ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી.
૭૫) ,, કેશવલાલ કરમચંદ સંઘવી.
૫૧) ,, નાનચંદ પરમાનંદ.
૫૧) ,, મોહનલાલ રતનલલ પારેખ
૫૧) ,, જેચંદ કુંવરજી હા. જગજીવનદાસ જેચંદ
૫૧) ,, ગુલાબચંદ આણંદજી કાપડીઆ.
૫૧) ,, ચંદનબહેન ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
૫૧) ,, નથુભાઇ નેમીદાસ પારેખ
૫૧) ,, પી. બી. શાહ
૫૦) ,, એમ. જે. થાણાવાલાની કું.
૫૦) ,, ચંદુલાલ એસ. વૈદ.
૩૦) ,, પી. બી. શાહ.
૩૧) ,, મંગળદાસ નાગરદાસ તલસાણીયા.
૨૬) ,, ખુશાલદાસ એન્ડ કું.
૨૫) ,, મોહનલાલ નગીનદાસ જરીવાલા.
૨૫) ,, ચંદુલાલ મણિલાલ.
૨૫) ,, મેનાબ્હેન ન. શેઠ.
૨૫) ,, મણિબ્હેન સવચંદ.
૨૫) ,, લીલાવતીબેન ચીમનલાલ વીરચંદ શેઠ.
૨૫) એક ગૃહસ્થ તરફથી હા. શ્રી ચંદુલાલ પ્રેમચંદ.
૨૫) શ્રી હીમતલાલ હરિચંદ ખંધાર.
૨૦) ,, કપુરચંદ માધવજી વોરા.
૧૫) ,, કાંતાબ્હેન કસ્તુરચંદ ઝવેરી.
૧૫) ,, પાસુભાઇ ખીયસી કુરીયા
૧૦) એક ગૃહસ્થ તરફથી.
૫) શ્રી પી. એચ. દેસાઈ.

---

૮૩૯) રા. વસુલ.

એ ઉપરાંત નીચે મુજસનાં વચનો મળ્યાં છે.

૧૦૧) શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ.
૧૦૧) શ્રી. રસિકલાલ માણેકલાલ અમદાવાદવાળા.
૧૦૧) ,, મણિબ્હેન અમીચંદ ખેમચંદ.
૧૦૧) ,, ચીમનલાલ પી. શાહ
૫૧) ,, દુર્લભજી ઉમેદચંદ પરીખ
૫૦) ,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા

---

૫૦૧)

પર્યુષણ વ્યાખ્યાન માળા

૧૦૦) શ્રી. મણિલાલ મોહનલાલ ઝવેરી
૭૫) ,, પોપટલાલ ગીરધરલાલ
૫૧) ,, નથુભાઇ નેમીદાસ પારેખ
૫૦) ,, ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી
૨૫) ,, રમણીકલાલ મોહનલાલ ઝવેરી
૨૫) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી.
૧૦) ,, ખુશાલદાસ એન્ડ કું.

---

૩૩૬) રા. વસુલ

ઉપરાંત નીચે મુજબ વચનો મળ્યાં છે.

૫૧) શ્રી. સુમતિલાલ શિવજીભાઇ
૫૦) ,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા
૫૦) ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૦) ,, સ્વરૂપચંદ એન શ્રોફ
૫૦) ,, ચીમનલાલ પી. શાહ

---

૨૫૧)

પ્રબુદ્ધ જૈન

૫૧) શ્રી વનમાળીદાસ ગુલાબચંદ
૫૧) ,, નથુભાઇ નેમીદાસ પારેખ
૫૧) ,, પી. બી. શાહ
૨૫) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૨૫) ,, કેશવલાલ કરમચંદ સંઘવી
૨૫) ,, એમ. જે. થાણાવાળાની કું.
૨૪) ,, નાનચંદ શામજીભાઇ
૧૫) ,, ખુશાલદાસ એન્ડ કું.
૧૦) ,, મંગળદાસ નાગરદાસ તળસાણી

---

૨૭૭) રા. વસુલ.

સંઘની સામાન્ય પ્રવૃત્તિ

૧૦૧) શ્રી સુન્દરજી દેવચંદ
૫) ,, મુળચંદ હીરજીભાઇ

શ્રી. મ. મો. શાહ સ વાંચનાલય અને પુસ્તક

૫૧) શ્રી. પી. બી. શાહ
૫૧) ,, વનમાળીદાસ ગુલાબચંદ
૫૦) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૨૫) ,, મોહનલાલ નગીનદાસ જરીવાળ
૨૫) ,, એમ. જે. થાણાવાળાની કું.
૨૫) ,, કાન્તિલાલ નાનાલાલ
૧૦) ,, મંગળદાસ નાગરદાસ તલાસાણીઆ

---

૨૩૧) રા. વસુલ.

આ ઉપરાત નીચે મુજબનું વચન મળ્યું છે.

૫૧) શ્રી. દુલભજી ઉમેદચંદ પરીખ

આ વાંચનાલય પુસ્તકાલયને નીચે જણાવ્યા મુજબ પુસ્તકો મળ્યાં છે.

૮ શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી
૩ ,, વિમળાબ્હેન બાપાલાલ શેઠ
૬ ,, અંબાલાલ લલ્લુભાઇ પરીખ.
૧ ,, જયન્તીલાલ વીરચંદ
૧ ,, નરોત્તમદાસ ભવાનદાસ શાહ
૩ ,, દમયંતીબ્હેન મનમોહનદાસ
૩ ,, વી. કે. શાહ
૨ ,, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
૧ ,, મણિલાલ મોહનલાલ
૧ ,, વીરજી લધાભાઇ
૧ ,, મુંબઇ જૈન સ્વયં સેવક મંડળ
૧ એક ગૃહસ્થ તરફથી

૩૧

તળાજા મૂર્તિખંડન

તળાજામાં બનેલ મૂર્તિખંડનની દુર્ઘટના સંબંધમાં ખબર મળતાંવેંત આ દુષ્કૃત્ય પ્રત્યે અસીમ ઘૃણા દાખવતો અને આ સંબંધમાં સત્વર પગલાં ભરીને ગુનેહગારો શોધી કાઢી તેમને યોગ્ય નસીયત પહોંચાડવાની ભાવનગરના નામદાર મહારાજાને વિનંતિ કરતો તાર શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી કરવામાં આવ્યો હતો.

આ સિવાય શ્રી. પી. બી. શાહ અને શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીએ રાહત પ્રવૃત્તિ ચાલે ત્યાં સુધી તેમાં દર મહીને રૂા. ૧૫) આપવાનાં વચનો આપ્યાં છે. તેમાં શ્રી પી. બી. શાહના ભાદરવાના અને આસો માસના રૂા. ૩૦) આવી ગયા છે જે રાહતમાં આવેલી રકમોમાં ઉપર દર્શાવ્યા છે. એ ઉપરાંત પર્યુષણ દરમિયાન પ્રબુદ્ધ જૈનના ૪૦) ગ્રાહકો નવાં થયાં છે અને ૩૨) બત્રીશ સંઘના સભ્યો થવા માટેની અરજીઓ આવી છે.

કુલ આવક એકંદરે નીચે મુજબ થઈ છે.

રૂા. ૨૭૬૨ રોકડા મળ્યા અને રૂા. ૮૦૩ નાં વચનો મળ્યાં છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

'ન યુવક સંઘના આશ્રયે યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાન-
મ ગતાંકમાં જણાવ્યા મુજબ બહુ થોડા ફેરફારો સાથે
પાર પડયો હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં જણાવેલ વ્યાખ્યાતા-
વલિમાંથી બે વ્યાખ્યાતાઓ (૧) શ્રી. કનૈયાલાલ માણેકલાલ
ને (૨) શ્રી. શંકરરાવ દેવ અન્યત્ર અનિવાર્ય રોકાણને અંગે
કયા નહોતા. કાર્યક્રમમાં નહિ જણાવેલ એવા હિંદુ યુની-
ા માજી અધ્યાપક શ્રી. નાગરદાસ ગાંધીએ 'વિજ્ઞાન અને ધર્મ'
તા. ૮-૯-૪૫ ના રોજ વ્યાખ્યાન આપ્યું હતું. આ વખતની
યાનમાળામાં શ્રી. કાનજી કરસનદાસ, શ્રી. બળવંતરાય ક. ઠાકોર,
ા. જૈનેંદ્રકુમાર, શ્રી. નાગરદાસ ગાંધી અને શ્રી. અશોક મહેતા નવા
ાગન્તુકો હતા. સંઘના નિમંત્રણને માન આપીને કાકાસાહેબ કાલેલકર
વર્ધાથી, શ્રી. મગનભાઇ દેસાઇ અમદાવાદથી, અને શ્રી. જૈનેંદ્ર-
કુમાર દીલ્હીથી આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે
ખાસ આવ્યા હતા. ૧૯૪૨ ના ઓગસ્ટ માસથી લગભગ આજ દિન
સુધી જેલમાં પુરાઇ રહેવાને લીધે જેમનો લાંબા ગાળે શ્રોતાઓને
આ વખતે લાભ મળ્યો હતો તેવા ત્રણ વકતાઓ હતા. કાકાસાહેબ
કાલેલકર, શ્રી. શાન્તિલાલ શાહ, શ્રી. મગનભાઇ દેસાઇ. આ વખતે
પહેલી વાર આ વ્યાખ્યાનમાળામાં સાથ આપનાર શ્રી. અશોક મહેતા
પણ તાજેતરમાં જ લાંબા કારાવાસથી મુકત થઇને આવ્યા હતા. વકતા
તેમ જ વિષય ઉભયની બાબતમાં વૈવિધ્યની દૃષ્ટિએ આખી વ્યાખ્યાન-
માળાને પુરી સફળતા મળી હતી અને જ્યાં જ્યાં વ્યાખ્યાનો ગોઠવવામાં
આવેલાં ત્યાં ત્યાંની વ્યાખ્યાનશાળાઓ પ્રારંભથી શ્રોતાઓની હાજરીથી
ભરચક રહેતી હતી. ખાસ કરીને તા. ૯-૯-૪૫ રવિવારના રોજ શ્રી. મહા-
વીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં યોજાયેલ મહાસતીજી શ્રી ઉજ્જવળ
કુમારીના વ્યાખ્યાન સમયે તેમ જ તા. ૧૦-૯-૪૫ ના રોજ ભાંગવાડી
થીયેટરમાં યોજાયેલ વ્યાખ્યાન સભામાં સાંભળવા આવનાર શ્રોતાઓની
એટલી બધી ભીડ જામી હતી કે તેમનો સમાવેશ કરવાનું અશકય
થઇ પડયું હતું. ભાંગવાડી થીયેટરની વ્યાખ્યાન સભામાં પંડિત
સુખલાલજીનું 'જૈન ધર્મની રૂપરેખા' ઉપર અને શ્રી. જૈનેંદ્રકુમારના
'મત અને ધર્મ' ઉપરનું વ્યાખ્યાન પુરું થયા બાદ કર્વે કોલેજના અધ્યા-
પક શ્રી. ઉમેદભાઇ મણિયારે વાજિંત્રોના સાજ સાથે જાણીતા ભકત-
જનોનાં ખાસ પસંદ કરેલાં સાત ભજનો સંભળાવીને શ્રોતા મંડળીના
ચિત્તનું સુમધુર રંજન કર્યું હતું. દર વર્ષ માફક આ વર્ષે પણ ભાંગવાડી
થીયેટરના તેમજ શ્રી દેશી નાટક સમાજના માલીકોએ કશું પણ ભાડું
લીધા સિવાય તા. ૧૦-૯-૪૫ની વ્યાખ્યાન સભા માટે ભાંગવાડી થીયેટરનો
ઉપયોગ કરવાની અનુમતિ આપી હતી અને એ પ્રસંગે સર્વ પ્રકારની
સગવડ આપી હતી. આખી વ્યાખ્યાનમાળા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના
પ્રમુખપણા નીચે ચલાવવામાં આવી હતી અને પંડિતજીએ પૂર્વ
નિયોજિતક્રમ પ્રમાણે બે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપીને પ્રસંગો-
ચિત વકતવ્યો તેમ જ માર્ગદર્શન દ્વારા વ્યાખ્યાનમાળાને સફળતા-
પૂર્વક પાર પાડવામાં બહુ મોટો ફાળો આપ્યો હતો. સંઘના
નિમંત્રણને માન આપીને જુદી જુદી સભાઓમાં ઉપસ્થિત થયેલા
વકતાઓનો, ભજન સંગીત માટે અધ્યાપક શ્રી. ઉમેદભાઇ મણિયારનો,
ભાંગવાડી થીયેટરના તેમજ શ્રી દેશી નાટક સમાજના માલિકોનો તેમજ
જેઓ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને હંમેશાં દોરવણી આપતા રહ્યા છે
એવા પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો
સર્વ કોઇના સાથ અને સહકાર માટે અંતઃકરણપૂર્વક ઉપકાર
માનવામાં આવે છે.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં કેટલાંક ભાઇ બહેનો તરફથી નાની મોટી આર્થિક મદદો મળી હતી, જેની વિગતો અન્યત્ર પ્રગટ કરવામાં આવી છે. સંઘની જવાબદારીઓને આ રીતે હળવી કરવા માટે મદદ આપનાર સર્વ ભાઇ બહેનોનો પણ આભાર માનવામાં આવે છે.

શ્રી. જૈનેંદ્રકુમાર સંઘના કાર્યાલયમાં

હિંદી ભાષાના સુપ્રસિદ્ધ લેખક, વિવેચક અને 'લોક જીવન' ના મુખ્ય સંચાલક શ્રી. જૈનેંદ્રકુમાર જેઓ પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે મુંબઇ આવ્યા હતા તેમના પરિચયનો સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોને તેમજ જૈન સમાજના અન્ય કાર્યકર્તાઓને લાભ મળે તે માટે તા. ૧૨-૯-૪૫ ના રોજ સંઘના કાર્યાલયમાં તેમની સાથેનું એક પરિચયસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી જૈનેંદ્ર-કુમાર સાથે દિગંબર સમાજના જાણીતા આગેવાન શ્રી. શ્રેયાંસપ્રસાદ સાહુ પણ પધાર્યા હતા. સંમેલનના પ્રારંભમાં સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ શ્રી જૈનેંદ્રકુમારને આવકાર આપતાં તેમનો સભાજનોને પરિચય કરાવ્યો હતો. ત્યાર બાદ શ્રી. જૈનેંદ્રકુમારે પ્રસંગોચિત વિવેચન કરતાં જૈન સમાજની એકતા કેવળ ખ્યાલી વસ્તુ ન રહેવી જોઇએ અને તેને કોઇને કોઇ રીતે ચોકકસ મૂર્ત સ્વરૂપ મળવું જોઇએ, અને તો જ આવી વ્યાખ્યાનમાળાઓનો કાંઇ અર્થ છે એ બાબત ઉપર ખુબ ભાર મૂકયો હતો અને ત્યાર પછી એ વિષયને અનુલક્ષીને કેટલીક ચર્ચા થઇ હતી. શ્રી. શ્રેયાંસપ્રસાદજીએ પોતાના વિચારો જણા-વતાં જુદા જુદા સંપ્રદાયના આગેવાનો અને કાર્યકર્તાઓ વચ્ચે વધારે ને વધારે સંપર્ક સધાવાની ખાસ જરૂર છે અને તે માટે બધા વિભાગના ભાઇબ્હેનો સાથે મળીને ભાગ લઇ શકે તેવી પ્રવૃત્તિઓ યોજવાની ખાસ આવશ્યકતા છે એ બાબત ઉપર સભાનું ધ્યાન કેંદ્રિત કર્યું હતું. અલ્પ ઉપાહાર અને આભારનિવેદન સાથે સભા વિસર્જન કરવામાં આવી હતી.

'શબ્દોના સાથીઓ'

તા. ૨-૯-૪૫ રવિવારના રોજ રાત્રિના શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં ઓલાવાયેલી સભા સમક્ષ વિદ્યાલયના જ વિદ્યાર્થીઓએ શ્રી. વાડીલાલ ડગલીએ તૈયાર કરેલું શબ્દોના સાથીઓ નામનું નાટક ભજવી બતાવ્યું હતું. વ્યાખ્યાનશાળા પ્રેક્ષકજનોથી ભરાઇ ગઇ હતી અને વિદ્યાર્થીઓએ સુંદર અભિનય પૂર્વક એ એક અંકની નાટિકા રજુ કરી હતી. નાટકનું લેખન તેમજ ભજવણી બન્ને વિશિષ્ટ પ્રકારના હોઇને પ્રેક્ષકોનાં ચિત્ત ખુબ રંજિત થયાં હતાં અને નાટકના અન્તે નાટકના લેખક ભાઇશ્રી ડગલીને અને નાટકમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને સભાજનો તરફથી ધન્યવાદ આપવામાં આવ્યો હતો અને સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી નાટકના લેખક તેમજ અમુક વિશિષ્ટ પાઠ ભજવનાર વિદ્યાર્થીઓમાં રૂા. ૧૦૦ વહેચી આપવામાં આવ્યા હતા.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

ધી બોમ્બે પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પસાર કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૧

મુંબઈ: ૧ ઓક્ટોબર ૧૯૪૫ સોમવાર.

લવાજમ
રૂપિયા ૩

કાયદાનો કડક અમલ!

કોઇ અનુભવીએ સત્તાની ખુરશીને ઠઠ્ઠર ટીંબા (Heartless Soil) સાથે સરખાવી છે. આ વાત સર્વથા ખોટી નથી જ. જ્યાં અનેક ચડતી ઉતરતી પાયરીના અમલદારોની કતારો વચ્ચે, નર્યા કાયદાથી જ એકધારું કામ લેવાનું હોય છે, ત્યાં તો માણસે પોતાની જાત, ભાવના અને આજુબાજુનું બધું ભૂલીને મશીનવત્ કાયદાકાનુનો અને તેની પેટા કલમોને વધુ વફાદાર રહેવું પડે છે. કોઇ વખતે જો વિવેકબુદ્ધિ વાપરવાની હોય તો તે કામ ઉપરી અધિકારીનું, પણ નાના અમલદારોએ તો કાયદાનો સંપૂર્ણ ઉપયોગ કરી તેની મર્યાદા બરાબર જળવાય તેટલા માટે અંગત માન્યતા, ભાવના કે લાગણીને દૂર મુકવી જ રહે છે. ધીમે ધીમે માનવી Robot–યંત્રમાનવી–બનતો જાય છે.

સમજણો થયો ત્યારથી જ મારી દૃઢ માન્યતા હતી કે "વ્યવસ્થા, શાન્તિ કે તેવા બીજા બહાના નીચે કાયદાની કલમથી કોઇને કોઇ પણ જાતનું નુકસાન પહોંચાડવું તે નરાધમ અમાનવતા છે. કાયદો હોય તો ભલે હોય, પણ તેનો અમલ જડતાથી કરતાં પહેલાં જેની ઉપર તે અજમાવવો પડે તેના સંજોગ અને ભાવિ પરિણામનો પણ વિચાર કરવો ઘટે છે. જનતાને કાયદેસરનું નાગરિક જીવન જીવતાં શીખવવાનો પ્રયત્ન કર્યા પછી જ કાયદાનો કડક ચાબુક વીંઝવો યોગ્ય ગણાય." આવી આવી અનેક ભાવનાઓ અને મારા જીવનના પ્રત્યક્ષ પદાર્થ પાઠે મને ખૂબ ભાવુક કરી મૂક્યો હતો. ત્યારે તો હું વિદ્યાર્થી હતો એટલે વિચાર કરવા ઉપરાંત બીજું કંઇ અમલી કામ કરવાની તક મને નહોતી. પણ જ્યારે અભ્યાસ પૂરો થયો અને નોકરીમાં દાખલ થયો, ત્યારે મારા હાથમાં કાયદો અને તેનો અમલ કરી શકાય તેવો જનતાનો એક ભાગ આવી પડયા. ત્યારે તો મને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે "ભાવના અને સત્તાને બહુ ઓછો મેળ હોય છે. અને દલીલ અને શાહી કાગળની વિપુલતાના આ જમાનામાં કુણાં હૈયાં ઉપર લખાયેલી દિલની ભાષા ભાગ્યે જ વંચાય છે." કાયદાએ મારું શરીર, બુદ્ધિ અને ભાવના બધું ખરીદી લઇનેજ મને નોકરીમાં રાખ્યો હતો, એટલે તેની ઉપર મારો કાબુ નહોતો. એ વાત તો બહુ મોડી જાણવામાં આવી, છતાં પણ એ વખતે તો મળેલી અમલદારીથી હું બહુ રાજી થયો હતો.

તાજી અમલદારી અને તાજાં અથાણાં હમેશાં તેજદાર હોય છે. મારા મનની ખુમારી પણ આવી જ હતી. તેથી આવતી વહુ અને બેસતા રાજની માફક "છાપ" બેસાડી મારું કામ "સરળ" કરવાનું મેં મારા મનોમન નક્કી કર્યું. અમલદારી છાપ બેસાડવી એટલે "હું કંઇ છું અને કાયદાથી લાભાલાભ આપવાની ચાવી મારા હાથમાં છે એની પ્રતીતિ આડકતરી રીતે થાય તે ઢબે સખ્ત હાથે કામ લેવું તે!" આમાં કામની "સરળતા" કરતાં પોતાની છાપ અને રૂવાબ પાડી, કાયદાના ભયનું વાતાવરણ જગાવી લોકોને કાયમ ઓશીયાળા રાખવાનો અને એ રીતે ભવિષ્યમાં ઓછા શ્રમે પણ તંત્ર ચાલ્યા કરે તેવી પાકી યોજના કરી નાંખવાની વૃત્તિ હોય છે. મેં "છાપ" પાડવી શરૂ કરી. એટલે બીજા કરે છે તેમ કાયદાનો કોરડો વીંઝવા માંડયો, અને લોકોમાં એક માન્યતા દૃઢ કરાવી દીધી કે 'હું કડક અમલદાર છું. આ કાયદાના કોરડાના બીજાને આળાં સોળ ઉઠતા હતા, લોકો ત્રાસતા હતાં, ગરીબો રેંસાતા હતા, છતાં પણ મને છૂપો છૂપો આનંદ થતો હતો કે હવે હું પણ કંઇક છું." અને જ્યારે મારા ઉપરી અધિકારીએ મને સગર્વ કહ્યું કે "That's the way to improve the City. I am glad that you have picked up the right point." (શહેર સુધારવાની આજ સાચી રીત છે. મને આનંદ થાય છે કે તમે બરાબર મુદ્દો પકડી શકયા છો.) ત્યારે તો મને કેટલોયે આનંદ થયો હતો.

લોકો કાયદાના મારથી ડરતા, "કડક અમલનો સરળ ઉપાય પણ તેઓ જાણતા હતા કે પેટવાળો અમલદાર ગમે તેવો કડક હોય તો પણ 'ભૂખ લાગે' એટલે 'નરમ' બની જાય. બે પીઠવાળો જ કડક રહી શકે." મારે પેટ તો નહોતું. બીજી ભાવનાઓ સાથે જ મેં પ્રમાણિકતા અને નીતિ માટે પણ વિચારો બાંધી રાખ્યા હતા; એટલે "કડક અમલનો સરળ ઉપાય" તો મારા ઉપર કામ ન આવ્યો. પણ મારી પ્રમાણિકતાની ભાટાઈ–ખુશામતનું એક વિપરીત પરિણામ મારા અનુભવમાં આવ્યું છે. લોકો મારી પ્રમાણિકતાના વખાણ કરતા. આથી મારા મનમાં મિથ્યા ગર્વ થયો કે "જેમ હું મારી ફરજમાં કડક છું તેમ નીતિની બાબતમાં પણ છું." આ જાતની શેખીથી ધીમે ધીમે જે ભાવના એક નિર્મળ ગુણ સમ હતી તે ગર્વ અને મિથ્યાઅભરનું કારણ બનતી ગઇ. આજ સુધીનો પ્રમાણિકતાનો ખ્યાલ સહજ હતો. તેથી મનથી લાગતું કે "કુદરતે હાથ, પગ અને શક્તિ આપી છે તો કોઇના હકકનું–કોઇના શ્રમનું–લઇ લેવું અને પછી સુસ્ત અને કામચોર બની જઇ બીજાને અન્યાય થઈ જાય તેમ વર્તવું તે યોગ્ય નથી–તે માનવતા નથી." આ સીવાય બીજો કોઇ ખ્યાલ મારી પ્રમાણિકતાની ભાવના પાછળ ન હતો. પણ જ્યારે અમલ કરવાનો કસોટીકાળ આવ્યો ત્યારે આ સહજ ભાવને સ્થાને મારું અહં, મિથ્યા ગર્વ આવી બેસી ગયાં. મારી નીતિના વખાણ મને રીઝવતા અને જ્યાં તે નીતિ તોડાવવાના પ્રયાસ થતા ત્યાં મારામાં તિરસ્કાર અને ક્રુરતા આવી જતી, અને વિવેકબુદ્ધિ અને સરળતાનો લોપ થઇ જતો. જ્યારે કોઇ લાંચ આપવા આવતું ત્યારે તેવું હીણું કામ કયા સંજોગને વશ થઇને તે કરી રહ્યો છે તે જાણવાનો કે તેને સાચી વસ્તુ સમજાવવાનો પ્રયત્ન ન કરતાં લાગલો જ તેને કોઇ ભયંકર ગુનેહગાર માનતો. આ રીતે મારા સૌમ્ય જીવનમાં ખુશામત, ક્રુરતા અને લઘુતાગ્રંથીનું ઝેર પ્રવેશતું ગયું. ધીમે ધીમે મારા પ્રમાણિકતાના ખ્યાલો માનવોચિત સહજ ગુણ રહેવાને બદલે મારામાં એક જાતનું અહં, ઘમંડ અને છીછરાપણું ઉત્પન્ન કરનારા વિષારી વૃક્ષો બની ગયા. એટલે એક સારી ભાવનાથી બીજાને સારા બનાવવાને બદલે હું તેના જેવો દોષિત બનતો ગયો. બીજા કરતાં હું ઉંચો છું, લાંચ લેતો નથી, આવો એક ફાંકો મગજમાં જન્મ્યો. આજે અનુભવથી લાગે છે કે જે ગુણ એક દિવસે મારા મનની મસ્તી અને મઝામાંથી નિર્મળ ભાવે જન્મ્યો હતો, જ્યાં મારી આંખ સામે મારા મનનો અમૂલ્ય આનંદ હતો, ત્યાં આજે લોકેષણા,

આબરૂનો ખ્યાલ અને આત્મવંચનાનો ઝેરી સાપ છુપાઈને પડયો છે અને મારે નિશદિન તેની ચોકી કરવી પડે છે. આથી કરીને જ્યાં ત્યાં મેં વગર ખ્યાલે અનેક નબળાઈઓ આચરી છે, ખુશામતથી અનેક વાર મુરખ બની બીજાને અન્યાય કર્યો છે. ખુશામત ના કરનાર માની માણસ તરફ ક્રુર થઈ તેને કારણવગર નુકસાન પહોંચાડયું છે. હવે મને લાગે છે કે ભાવના અને સત્તા બન્ને સાથે જીરવવા આ યુગમાં દુષ્કર છે. કારણ કે બન્નેને તોડનારાં પ્રબળ બળો વિશ્વમાં આજે એક સરખાં કામ કરી રહેલાં છે. જ્યાં સુધી એક ગુણ જીવનના અંશ જેવો સહજ રહે છે, ત્યાં સુધી જ તે શુદ્ધ ગુણ છે. તેનું અભિમાન પાડનારૂં છે. મહાન્ માણસોને પોતાની મહત્તા કે પવિત્રતાના કવખતનો ખ્યાલે પાડયા છે, ત્યારે હું કોણ ? કાયદાના કડક પાલનના ઘમંડમાં મારી ભાવના મરતી હતી, હું પડતો હતો, પણ .....તેનું મને ભાન નહોતું– હું અમલદાર હતો–ઉઠ્ઠર ટીંબા ઉપર બેઠેલો હતો !

એક તરફથી મનમાં પુરાણી ભાવના હતી; બીજી તરફથી કાયદાનું પાલન કરાવવાનું સાચું કે માની લીધેલું મહૈવ દબાણ હતું. એક તરફથી મનમાં કાયદાથી ઉભાં થતાં દુઃખ અને નુકસાનનો ખ્યાલ હતો અને બીજી તરફથી નીતિમત્તાનું ધમંડ હતું. એટલે આ દ્વિધામાં મેં નિશદિન ખોયું જ છે. મારૂં મન દ્વિરંગી બન્યું છે. જ્યારે અમલ ઉપર હોઉં ત્યારે મન કઠોર અને અન્યથા કોમળ બનતું ગયું છે.

* * *

માતબર ચર્મ ઉદ્યોગના કારણે ધારાવીનો ગરીબ અને ગંદો લત્તો પણ મુંબઇવાસીઓને ઠીક ઠીક પરિચિત છે. ચામડાં, આંતરડાં, અને સરેસ બનાવવાના કારખાનાઓની દુર્ગંધ કેમ જાણે કમતી ન હોય તેમ આખા શહેરનું મેલું લઇ જતી એક મોટી ગટર ત્યાં ખૂલ્લે ખૂલ્લી નિરંકુશ વહી રહી છે. આવા લત્તામાં પણ દેશને કરોડોનું ધન ઉભું કરી આપનારા ચામડકામ કરતા ગરીબ મદ્રાસી મજુરો ગટરના કાંઠે જેવાં તેવાં ઝુંપડાં બાંધીને પડયાં રહે છે. આવી જગ્યામાં શા માટે રહેતાં હશે ? તેઓને દુર્ગંધ, ભેજ વિગેરે નહિ લાગતાં હોય ? આવી જગ્યાથી કમકમાં નહિ આવતાં હોય ? આ પ્રશ્નો અસ્થાને છે. એ પૂછવાની કે વિચારવાની કોઇને જરૂર પણ શું ? લાખોનું ધન રળતાં કારખાનાના માલિકો તો ઠીક, પણ મરણ પ્રમાણ, તંદુરસ્તી વિગેરેના કામનો મેળ રાખતી સુધરાઇને પણ પૂછવું કયારે સુઝે છે ! "એ જંગલીઓ જ્યાં જગ્યા મળે ત્યાં સુધરાઇના કાયદાનો વિચાર કર્યા વિના ઝુંપડા બાંધી બેસે છે, ઘાણ કરે છે, પછી માંદા પડીને ગામના સુખી માણસોમાં માંદગી ફેલાવે છે તે અટકાવવું જોઇએ." આટલો ખટકો સુધરાઇના માણસોને હોવો જોઇએ અને હોય છે. કાયદાની મર્યાદામાં કોણ આવે છે તે વાતનું તેઓની દૃષ્ટિમાં જેટલું મહત્ત્વ છે તેટલું શા માટે કાયદાની ચુંગાલમાં તેઓને આવવું પડે છે તે વાતનું નથી હોતું અને હોવું જરૂરનું પણ શું છે?

આજનું એકલપેટું વ્યવહાર ડહાપણ તો જરૂર કહે છે કે "શહેરમાં તાજમહાલ હોટેલ છે, બીજા અનેક આલિશાન મહેલો છે, ગંજાવર મકાનો છે તેની બરાબર સામે જ આ ઝુંપડાં છે, ગટરનો ગંધ મારતો કાઠો છે, ભેજથી કચકચી ગયેલી જમીન છે અને પારાવાર મચ્છર, માંખી અને ડાંસનો કંટાળાભર્યો ગણગણાટ છે. તેમાં આ નાદાનો કશાય કચવાટ વગર, કશીય ફર્યાદ વગર પડયા રહે છે તે તેની લાપરવાહી નહિ તો બીજું શું ?"

અનેક કારણે શહેરને ગરીબો, શ્રમજીવીઓ જોઇએ છે. ધનિકો તેઓને રોજીની લાલચ આપી બોલાવે છે. તે બિચારા જીવન ટકાવવાનું સાધન મેળવવા દોડતાં આવે છે. પોતાના પંડને કુરૂપ કરી નાંખીને પણ શહેરની સુંદરતા સરજે છે. પોતાની અતિ અલ્પ જરૂરિયાતની અફળ આશાએ બીજાની જરૂરિયાત પૂરી પાડવા તુટી મરે છે. પછી તે જ બોલાવનારાઓ તેઓની ગરીબીજન્ય પામરતા, હેવાનિયત, કુસંસ્કાર કે પતનથી ત્રાસે છે અને કાયદાના કોરડા વીંઝે છે. તેમ ધારાવીના ચામડાના કારખાના જીવતા રાખવા શહેરને મજૂરો જોઇતા હતા. ગરીબોને રોટી અને રહેવા આશરો જોઇતો હતો. અડધી પડધી રોટલી તો મળતી. પણ આશરો જ્યારે મીલિકોએ, રાજ્યસત્તાએ કે Housing Problem ને અગત્યની સમસ્યા ગણતી સુધરાઇએ ન આપ્યો ત્યારે જ તેમણે ગટર કાંઠે ઝુંપડાં બાંધ્યાં અને પોતાના દુર્ભિક્ષ પરિવાર સાથે પડયા.

આમ પડવું એ તો દેખીતો કાયદાનો ભંગ. સજાગ સુધરાઈ એવું માથાભારેપણું કેમ ચલાવી લે ? તેની પાસે મહુમ સર ફિરોજશાહ મહેતાનો તૈયાર કરેલો એકટ હતો; તેની એકે એક કલમનું પુરેપુરૂં રહસ્ય સમજી ચુકેલા માણસો હતો; તેના ભંગની ચાડી ખાનાર અનેક પગારદાર ચાડિયા હતા; અને શહેર સુધારવાની અનેક યોજનાઓ દફ્તરમાં તૈયાર પડી હતી ત્યાં નવીન ઘાણ તો કેમ થવા દેવાય ? પણ શહેર કયારે સુધરે. સુધારેલું શહેર ? લોકોને સુધારશે કે સુધારેલા લોકો શહેરને સુધારશે એનો હજુ **घृताधारे पात्रं वा पात्राधारे घृतम्** । ની જેમ અણઉકેલ્યો કોયડો જ રહ્યો છે !

સ્વર્ગસમ ગણાતા મુંબઇમાં નર્ક જેવો ગણાતો ધારાવીનો લતો મને સોંપાયો હતો અને તે સુધારવા કાયદાનો અમલ મારે જ ત્યાં કરવાનો હતો. આની અગાઉ જ્યાં કલરવ કરતો દરિયો અને મહેલો છે, જ્યાં પુષ્પોથી હસતા બગીચા અને મહાલયો છે, જ્યાં શાન્તિદાયક પ્રુવારા અને પ્રાસાદો છે એવા સુંદર લતામાં, સુખી અને કેળવાયેલા લોકોની વચમાં અને જ્યાં શહેર સુધારવાના પ્રથમ અખતરા પાછળ સુધરાઇએ વધુમાં વધુ ખર્ચ કરેલ છે ત્યાં મેં કામ કર્યું હતું. ત્યાંના તાજા ખ્યાલો ભરીને જ હું ધારાવીના ગંદા ગટર–કાંઠાના પ્રદેશને સુધારવા ગયો, એટલે ગરીબોના સંજોગો, ખાતાનો પક્ષપાત અને ઉદ્યોગકેન્દ્રની ગંદકીનું સ્વાભાવિકપણું મને સમજાય તે પહેલાં ત્યાંની ગંદકી અને માણસોની પામરતા મારી આંખમાં વધુ વસી ગયા. આ પૂર્વગ્રહે ખરી વસ્તુસ્થિતિથી મને ખૂબ દૂર રાખ્યો.

જ્યારે પહેલો તે જગ્યાએ ગયો ત્યારે તો મને ખૂબ ગ્લાનિ થઈ. હું નથી કહી શકતો કે આ ગ્લાનિ મારી ઘ્રાણેન્દ્રિયને પહોંચેલા આઘાતથી થઇ કે ગરીબોને આવા ખરાબ સ્થળમાં સમાજની વિકૃત વ્યવસ્થાથી રહેવાની ફરજ પડે છે તે દુઃખે થઈ ? પણ એટલું ખરૂં કે જ્યાં સુધી હું ત્યાં ઉભો હતો ત્યાં સુધી મારો રૂમાલ મારા નાક આડે જ મેં રાખ્યો હતો. અને અગાઉ એક વખતે જ્યારે 'સેવા મંડળ' તરફથી યોજાયેલા "દરિદ્રનારાયણનાં દર્શન" નામના પ્રસંગનો સંચાલક બનીને હું ત્યાં ગયો હતો ત્યારની મૃદુ પ્રેમાળ વાણી આ ખરા અમલ કરવાને ટાણે મારામાં નહોતી. મેં સહજ પણ તેમના સંજોગનું ન પૂછ્યું, તેના બાળબચ્ચાની હાલતનું ન પૂછ્યું, આંહિથી જવું પડે તો કયાં જઇને તેઓ પડશે તે પણ ન પૂછ્યું. તેઓની રોજની આવક શી છે અને તેમાં આટલો પરિવાર કેમ નભે છે તે પણ ન પૂછ્યું. પણ તે વખતે તો જેમ વીંછી ચડાવનારના મનમાં વીંછી ચડાવવાનો મંત્ર સહજ આવે તેમ આ ઝુપડાંભંગનો ૩૮૦ નંબરનો સુધરાઇના કાયદાનો મંત્ર મારા મનમાં ઘોળાતો હતો. આખરે અમલદારશાહી વાણીમાં મેં કહી દીધું કે "આ ઝુપડાં આઠ દિવસમાં કાઢી નાંખજો. નહિતર કોર્ટમાં દંડ થશે."

ઘરે ગયો ત્યાં વળી બીજા જ વિચારો આવ્યા કે "ગરીબો કયાં કયાં, કેવા ગંદા લત્તામાં પડયા છે ? કેવી અગવડતા ભોગવીને જીવન પૂરૂં કરે છે ? ઝુંપડા કાઢી નાંખે તો પછી જાય કયાં ? છે બીજે કયાંય આશરો ? સરકારે સસ્તા મકાનો પૂરાં પાડવાં જોઇએ. સુધરાઇ ખાતાએ કાયદાના અમલમાં વધુ નરમ અને રહેમદીલ થવું જોઇએ. નહિતર ગરીબો મરી જશે." આ રીતે ઘરનો "હું" અને અમલદાર "હું" ભિન્ન બની ગયા. એક "હું" બીજા "હું" ને છેતરતો હતો. એક "હું" બીજા "હું" સામે બળવો જગવતો હતો. બીજો "હું"

(અનુસંધાન પૃષ્ઠ ૯૨ જુઓ)

સંઘ સમાચાર

શ્રી ચંદ્રોદયસાગર સંબંધે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે કરેલી જાહેરાત

શ્રી. સાગરાનંદ સૂરિના પ્રશિષ્ય શ્રી ચંદ્રોદય સાગરના સંબંધમાં તા. ૧૮-૮-૪૫ શ્રાવણ શુદ ૧૦ ના રોજ ભાયખલાના જૈન ઉપાશ્રયમાં બનેલી ઘટના વિષે છેલ્લા પખવાડીયા દરમિયાન મુંબઇમાં વસતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ખુબ ચકચાર ચાલી રહેલ છે. આ બાબત વિષે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ તપાસકાર્ય હાથ ધર્યું હતું અને સંઘના મંત્રીઓ તરફથી આ બાબતમાં મળેલી કેટલીક વિગતો ધ્યાનમાં લઇને તા. ૧૩-૯-૪૫ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની સભાએ આ ઘટના સંબંધમાં વધારે માહીતી મેળવવા માટે ત્રણ સભ્યોની એક પેટા સમિતિ નીમી હતી. આ પેટા સમિતિએ પ્રસ્તુત ઘટના વિષે સાચો પ્રકાશ પાડી શકે એવી સર્વ વ્યક્તિઓને જાતે મળીને જરૂરી સર્વ વિગતો એકઠી કરી હતી અને તે સર્વ વિગતોનો સાર તા. ૧૯-૯-૪૫ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કર્યો હતો. આ બધી વિગતો વિષે પુરો વિચાર કરીને શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ શ્રી ચંદ્રોદયસાગર સંબંધમાં પોતાનો નીચે મુજબનો નિર્ણય જાહેર કરે છે:-

"શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ ત્રણ સભ્યોની બનેલી એક પેટા સમિતિ દ્વારા ચલાવાયલી તપાસના પરિણામે જે હકીકતો રજુ કરવામાં આવી છે તે ઉપરથી શ્રી ચંદ્રોદય સાગરના ગેરવર્તન સંબંધે જે આક્ષેપ કરવામાં આવે છે તે સત્ય હોવાની સંઘની કાર્યવાહક સમિતિને ખાત્રી થઇ છે અને પ્રસ્તુત આક્ષેપનું ગાંભીર્ય ધ્યાનમાં લેતાં શ્રી. ચંદ્રોદયસાગર જૈન સાધુ રહેવાને લાયક નથી એમ સંઘની કાર્યવાહક સમિતિ જાહેર કરે છે.

"આવી ઘટનાનો ઢાંકપીછોડો કરવાનો પ્રયત્ન કરવો એમાં સમાજ અને ધર્મનો દ્રોહ રહેલો છે. તેથી આ સંબંધમાં જવાબદાર વ્યક્તિઓની અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓની ફરજ છે કે શ્રી ચંદ્રોદય સાગરને જૈન સાધુ તરીકે જૈન સમાજના ધર્મગુરૂ કહેવરાવવાની કોઇ તક રહેવા દેવી ન જોઇએ. આવા સાધુને કોઇ પણ જૈન ઉપાશ્રયમાં સ્થાન હોવું ન જોઇએ-તેમ જ તેમના ગુરૂએ આવા સાધુનો પોતાના સંઘાડા, માંથી બહિષ્કાર જાહેર કરવો જોઇએ. આમ કરવાથી સાધુ સંસ્થાને હીણપત લાગશે એમ માનવું ભુલ ભરેલું છે. બલકે જેમના જેમના અધિકારનો આ વિષય છે તેઓ ઉપર જણાવેલ પગલાં નહિ ભરે તો જૈન સમાજ અને જૈન ધર્મની અવહેલના થશે અને જવાબદાર વ્યક્તિઓ ખરે વખતે પોતપોતાના કર્તવ્યધર્મથી ચુકયા ગણાશે એમ મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ માને છે અને જણાવે છે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ
પ્રમુખ, મુંબઈ જૈન યુવક સંઘ

ભાયખલા મંદિર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓનો શ્રી ચંદ્રોદયસાગર સંબંધે ઠરાવ

ભાયખલા જૈન મંદિર અને ઉપાશ્રયનો વહીવટ કરનાર 'શેઠ મોતિશા રીલીજીયસ અને ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તા. ૧૫-૯-૪૫ ના રોજ મળેલી ટ્રસ્ટીઓની સભામાં ઉપર જણાવેલ બાબત વિષે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

"અમોને મળેલી હકીકતો તથા પુરાવાઓ ઉપરથી અમારી પુરેપુરી ખાત્રી થઇ છે કે ચંદ્રોદયસાગર પોતાના સાધુપણાના કર્તવ્યને ચુકી જઇને તેઓએ પોતાના સાધુપણામાં મહાવ્રતનો ભંગ કર્યો છે. તેથી અમોએ (ભાયખલાના ટ્રસ્ટીઓએ) સર્વાનુમતે ચંદ્રોદયસાગરને ભાયખલાના દેરાસરજીના ઉપાશ્રયમાં સાધુ તરીકે દાખલ થવા દેવાની મનાઇ કરનારો ઠરાવ પસાર કર્યો છે."

સંઘે યોજેલું સ્નેહસંમેલન

મુંબઇમાં અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક ભરાય તે દરમિયાન મુંબઇના તેમજ બહારગામથી આવેલ જુદા જુદા વિભાગના કેટલાક જૈન આગેવાનો તેમજ કાર્યકર્તાઓ વચ્ચે સંપર્ક કેળવાય એ હેતુથી તા. ૨૩-૯-૪૫ રવિવાર સાંજના ૬॥ વાગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સમયે અખિલ હિંદ મહાસભા સમિતિનું કામકાજ પુરૂ થઇ ગયું હશે એવી ધારણા હતી. પણ તે બેઠકનો પહેલો દિવસ ધ્વનિવર્ધક યંત્ર બગડી જવાથી લગભગ નિરર્થક ગયો હતો અને મહાસભાનું કામકાજ ચાલુ હતું, તેથી નિમંત્રણોના પ્રમાણમાં સ્નેહસંમેલનમાં ઓછાં ભાઇ, બહેનો હાજર રહી શકયા હતા. એમ છતાં પણ પ્રસ્તુત સંમેલનમાં લગભગ સાઠેક ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. પ્રારંભમાં સંઘના પ્રમુખ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ આ સ્નેહસંમેલન ભરવા પાછળ રહેલો હેતુ સમજાવ્યો હતો અને જૈન સમાજને સંપ્રદાયના ભાગલામાં વહેંચી રાખનારી બાબતો કેટલી થોડી છે અને સર્વસામાન્ય બાબતો કેટલી બધી વધારે છે એ બાબત ઉપર ભાર મૂકીને જૈન સમાજમાં પરસ્પર એકતાની બુદ્ધિ વધારેને વધારે સુદૃઢ કરવા માટે જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવા સંમિલિત ભાઇબહેનોને વિજ્ઞપ્તિ કરી હતી. તેમને અનુસરતાં શ્રી જૈનેન્દ્રકુમારે જણાવ્યું હતું કે આપણામાં એટલે કે જૈન સમાજમાં સંપ્રદાયબુદ્ધિની જડ એટલી બધી ઉંડી પેઠેલી છે કે સ્થાનકવાસી જૈન કે દિગંબર જૈન કે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન એટલું શું એ સૌ કોઈ બરોબર સમજે છે અને જે જે વિભાગના હોય તે તે વિભાગના જૈન તરીકે પોતાને બરોબર ઓળખે છે અને ઓળખાવે છે, પણ પોતે એક જૈન હોવાના અંગે પોતાની શી વિશેષતા છે તેનો કોઇ પણ કહેવાતા જૈનને કશો ખ્યાલ હોતો નથી. આ સર્વસામાન્ય જૈન તરીકેની અસ્મિતા આપણામાં સક્રિયપણે જાગ્રત થવાની ખાસ જરૂર છે. આમ કરીને તમને હું સંકુચિત બનવાનું નથી કહેતો, પણ દેશકાળના ભેદે જે વર્ગીકરણ આપણી જાત સાથે જોડાયલું છે તેની આપણાથી ઉપેક્ષા થઇ શકે તેમ નથી. આ વર્ગીકરણ બે પ્રકારનું છે. રાષ્ટ્રીય અને ધાર્મિક. ધર્મની વિશાળ ભૂમિકા છોડીને સાંકડા વાડાઓમાં બંધાયલી આપણી મનોદશાને વિશાળ જૈનત્વના ખ્યાલથી આપણે સચેત અને સક્રિય કરવી જોઇએ. આગ્રાવાળા શ્રી. અચલસિંહજી અને પંજાબનાં બહેન શ્રી. લેખવતી જૈને પણ જૈન સમાજની એકતાના ખ્યાલને જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી પુષ્ટ કર્યો હતો. તેમજ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ અને શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ પણ એ જ વિષયનું સમર્થન કર્યું હતું. આ સંમેલનમાં પુનાવાળા શ્રી. પોપટલાલ, રામચંદ શાહ, જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના પ્રમુખ શ્રી. મેઘજી સોજપાલ નિંગાળા કોન્ફરન્સના પ્રમુખ શ્રી. છોટાલાલ ત્રીકમદાસ પારેખ, શ્રી. ધીરજલાલ તુરખીઆ, શ્રી રતનચંદ ચુનીલાલ ઝરીવાળા તેમજ અન્ય જાણીતા ભાઇ બહેનોએ હાજરી આપી હતી. એકત્ર થયેલી મંડળીનું ઉપાહાર વડે સ્વાગત કરવામાં આવ્યું હતું અને આભાર નિવેદન સાથે સંમેલન વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સંમેલનની સર્વ વ્યવસ્થા મહાવીર જૈન વિદ્યાલયના સુપ્રીન્ટેન્ડન્ટ અને સંઘના સભ્ય શ્રી કાન્તિલાલ કોરાએ કરી હતી તે માટે તેમનો ખાસ ઉપકાર માનવામાં આવે છે.

કોંગ્રેસના સભ્ય બનો!

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો દરેક સભ્ય રાષ્ટ્રીય મહાસભાનો સભ્ય હોવો જ જોઇએ એ સંઘના શિસ્તનિયમોમાંનો એક છે. આજ સુધી કોંગ્રેસની સંસ્થાઓ ગેરકાયદેસરની સ્થિતિમાં હોવાથી સંઘના આ શિસ્તનિયમનો અમલ શક્ય નહોતો. હવે કોંગ્રેસની સર્વ સંસ્થાઓ કાયદેસરની જાહેર થઇ છે, તેથી ઉપર જણાવેલ બાબત ઉપર સંઘના દરેક સભ્યનું ધ્યાન ખેંચવું જરૂરી છે. આગળ ઉપર થનાર કોંગ્રેસ સમિતિઓ અને અધિકારીઓની ચુંટણીમાં જેઓ આગામી નવેંબર માસની ૩૦ મી તારીખ પહેલાં કોંગ્રેસના સભ્ય થઇ ચુકયા હોય તેઓ જ માત્ર ભાગ લઈ શકશે તેમ થોડા સમય પહેલાં મળેલ અખિલ હિંદ મહાસભા સમિતિએ નક્કી કર્યું છે. તો સંઘના દરેક સભ્યે તે પહેલાં કોંગ્રેસના રજીસ્ટર ઉપર પોતાનું નામ નોંધાવી લેવું જોઇએ. આ બાબતમાં કોઇ સભ્ય પ્રમાદશીલ ન રહે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

ભક્તિનો પ્રસાદ

(પ્રબુદ્ધ જૈનનાં ગતાંકમાં પ્રગટ થયેલ 'ચરણસ્પર્શ' શિર્ષક લેખ કાકાસાહેબના વાંચવામાં આવ્યો અને તેમાં ચર્ચેલ વિષય સંબંધે તેમની સાથે ચર્ચા કરવાનું બન્યું તે દરમિયાન તેમણે પણ આજ વિષયને અન્ય દૃષ્ટિકોણથી ચર્ચ્યો હતો એવા-કેટલાક સમય ઉપર લખાયલા-તેમના એક લેખનું તેમને સ્મરણ થયું અને તેમણે જણાવ્યું કે "સાધારણ રીતે હું ગાંધીજીને મળું છું ત્યારે તેમને નમસ્કાર યા તો પ્રણામ કરું છું, પણ જ્યારે લાંબા ગાળે તેમને મળવાનું બને છે ત્યારે સ્વાભાવિક રીતે મારાથી તેમના પગે પડી જવાય છે. ૧૯૩૩ ના અરસામાં જ્યારે ગાંધીજીનો હરિજન પ્રવાસ ચાલતો હતો અને એજ કારણે તેઓ સિંધ હૈદ્રાબાદ આવી ચઢેલા અને હું પણ એજ અરસામાં હૈદ્રાબાદ જેલમાં લાંબો કારાવાસ ભોગવીને છુટેલો તેમને મળવા ગયો અને તેમના પગે પડયો કે તુરત જ તેમના પગે ઉઝરડા પડેલા અને તેમાંથી રક્ત-બિન્દુઓ સવતાં મારી નજરે પડયાં. મેં બાપુજીને પૂછ્યું કે "બાપુ આ શું?" બાપુજીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે "આ તો ભક્ત-જનોનો ચરણસ્પર્શની પ્રસાદી છે." આ અનુભવના પ્રત્યાઘાતમાંથી એ લેખનો પ્રસવ થયો હતો. એ લેખ 'ભક્તિનો પ્રસાદ' તા. ૨૨-૭-૧૯૩૪ ના 'હરિજનબંધુ'માંથી અહિં નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ)**

નમ્રતા એ ધાર્મિકતાની નિશાની છે સાચી નમ્રતા હોય તો જ બીજા પાસેથી જ્ઞાન મળી શકે, બોધ લઈ શકાય અને પોતાના જીવનમાં સુધારો કરી શકાય. જેની પાસેથી આપણે ધર્મજ્ઞાન મેળવવા માંગતા હોઇએ તેના પ્રત્યે અમુક વિશ્વાસ, નિષ્ઠા અને શ્રદ્ધા હોવાંજ જોઇએ, કેમકે ધર્મ એ કેવળ બુદ્ધિનો વિષય નથી, પણ નિષ્ઠાનો વિષય છે.

એ નમ્રતા વ્યક્ત કરવા ખાતર જ શુશ્રૂષા એટલે કે 'કહ્યું સાંભળવા'ની ને માનવાની તૈયારી જિજ્ઞાસુ પાસે માંગેલી છે. 'તમારું કહ્યું માનીશ. જીવનમાં જરૂરી ફેરફારો કરવા તૈયાર છું. તમારા સહ-વાસમાં રહીને તમારા જીવનમાં ઓતપ્રોત થઇને જ જીવનરહસ્ય સમજી શકાય એમ હોઈ તમારાં કામોમાં પણ હું ભાગ લઇશ.' એ બધો સંકલ્પ બતાવવા માટે ઉપનિષદ્ કાળના જિજ્ઞાસુઓ હવનની સમગ્રી ને સમિધો હાથમાં લઇને ગુરૂ પાસે જતા.

ત્યાર પછી ભક્તોએ એ નમ્રતામાં વધુ ઉમેરો કર્યો. જ્ઞાની માણસના ચરણ જ્યાં છે ત્યાં પોતાનું માથું પહોંચે તો પણ પોતે ઉન્નત થાય એવી લાગણી વ્યક્ત કરવા ખાતર પગે લાગવાનો, પગ પર માથું મૂકવાનો રિવાજ દાખલ થયો. પછી તો નમ્રતાની હરિફાઇ ચાલી. 'હું દાસના દાસનો દાસ છું', ગુલામનો ગુલામ છું', આપ ગુરૂના ગુરૂ છો, વગેરે વિવેક વધવા લાગ્યો. પછી તો ચરણને છોડીને ચરણની રજને લોકો વળગ્યા. ઇશ્વર અને ઇશ્વરનાં નામમાં જે ચમત્કારી શકિત છે તેવી શકિતનો આરોપ જ્ઞાની, ભકત અને પંડિતોના ચરણ-સ્પર્શ વિષે પણ થવા લાગ્યો. એક જણે તો પોતાના માનેલા ગુરૂના પગ પરની ધૂળ રોજ થોડી થોડી ભેગી કરી એક કોથળી ભરી કાઢી. એના પર રેશમનાં અને જરીનાં કપડાં વીંટાળી એને રોજ માથા પર મૂકવા લાગ્યો. એટલાથી એને સંતોષ ન થયો. ઘરની પૂજની મૂર્તિઓ પણ એને એ ચરણરજની કોથળી આગળ તુચ્છવત્ લાગવા માંડી. એટલે એણે એ મૂર્તિઓ થોડી દક્ષિણા સાથે પોતાનો ગોરને આપી દીધી, અને પછી એ કોથળીની જ પૂજા કરવા લાગ્યો.

ભકિત એ સારી વસ્તુ છે; પણ જીવન જો પ્રાકૃત હોય તો ભકિતથી કેવળ વેવલાપણું જ આવી જાય છે. ચરણસ્પર્શ એ નમ્રતા વ્યકત કરવા માટે પ્રથમ યોજ્યો હતો. એને બદલે ચરણસ્પર્શમાં કંઇ જાદુઇ અસર છે, એમાંથી ધાર્મિકતાની વીજળી, વગર મહેનતે, આપણા શરીરમાં પ્રવેશ કરી શકે છે, એવો એક વહેમ પેદા થયો અને પછી લોભી વૃત્તિ જ્યાં ત્યાં આવો મફતનો લાભ મેળવવા દોડવા લાગી. એક તરફ ભકતો ચરણસ્પર્શનું માહાત્મ્ય દહાડે દહાડે વધારવા લાગ્યા. બીજી તરફ લોકોનો આ સહેલી ધાર્મિકતા માટેનો ક્ષોભ વધવા લાગ્યો. અને જેને વિષે મનમાં પૂજ્યભાવ હોય તેને અકળાવીને પણ લોકો આવા ચરણસ્પર્શની હરીફાઇ કરવા લાગ્યા.

પથ્થરની કે ધાતુની મૂર્તિને પૂજા માટે ગમે તેટલી વાર નવરાવીએ, ગમે તેટલી વાર ખવરાવીએ, અને ગમે તેવા ઉપચાર એના પર લાદીએ તોયે એ મૂર્તિને અકળામણ થાય એમ નથી. તેથી ભકિતનાં વહાલ મૂર્તિ ઉપર ઠાલવવામાં કશી મુશ્કેલી નથી. મંદિરના મુખિયાઓ જેમ ઇચ્છે તેમ મૂર્તિઓની પૂજા કરી શકાય. ત્યાં ભકતો એક બીજાને હેરાન કરે તેનો જ વિચાર કરવાનો રહ્યો. પણ કોઇ દેહધારીને ઇશ્વરનો અવતાર માનવા આપણે બેસીએ અને આપણી ઘેલછામાં એનાં સુખ દુઃખનો કે એની લાગણીનો વિચાર ન કરીએ, એ તો અવિવેકની સીમા થઇ, સ્પર્શ અને સ્પર્શની વીજળી ઉપરનો વિશ્વાસ એ તો ધાર્મિક રિવાજોમાં ઘૂસેલો જડવાદ છે. ઘણા લોકો ભેગા થાય એટલે એક બીજાનું જોઇને એમનું ગાંડપણ વધી જાય છે. પછી તો સત્પુરૂષના આર્ષ જીવનનો વિચાર કરવાને બદલે એના પ્રત્યેની પોતાની ભકિતની જ એ કદર કરવા લાગે છે. અને અંતે ઇશ્વરને નામે પોતાની નબળી પણ ઉશ્કેરાયેલી લાગણીની જ તે ઉપાસના કરતો થાય છે.

ગાંધીજીની હરિજન યાત્રામાં આ વાતનો અનુભવ-અત્યંત કડવો અનુભવ-ડગલે ને પગલે થાય છે. ગાંધીજીના દર્શન અર્થે લોકો મધરાતે પણ સ્ટેશને આવે. રાતના બે ત્રણ વાગે પણ છોડે નહિ. ગાંધીજી સૂતા છે એમ કહીએ તો એમને ઉઠાડવા કાન ફાડી નાંખે એવા મોટા જયધ્વનિ ચલાવે. એમની તબિયત ચિંતાજનક છે એમ સમજાવીએ તો પોતે દૂર દૂરથી આવ્યાની વાતો કરી એની જ કદર માંગે છે. 'આમ ગાંધીજીને દિવસ રાત હેરાન કરશો તો તમે એમને બોધ બેસશે' એમ કહીએ તો અવાજ ઓછો કરવાને બદલે, અને એમને વિશ્રાંતિ આપવાને બદલે, 'ત્યારે તો હમણાં જ એમનું દર્શન કરવા દો' એ જાતની વૃતિ બતાવનાર લોકો પણ આપણે ત્યાં પડેલા છે. આ ધાર્મિક લોભમાં ધાર્મિકતા લેશ પણ નથી હોતી એ વાત આ લોકો કયારે સમજશે? સભાની ભીડમાંથી પસાર થતાં કેટલાયે લોકો ચરણસ્પર્શ માટે દોડી આવે છે. ગાંધીજી ઠોકર ખાઇને પડી જશે એવો વિચાર કરવા જેટલી જાગૃતિ એ વિવેકશૂન્ય ભકિત-ઘેલા લોકોમાં નથી હોતી. પુણ્ય મેળવવાનો લાગ છે, એ છોડીએ તો આપણે બેવકુફ ગણાઇએ, એ એક જ વૃત્તિ ઊછળી આવેલી હોય છે.

હજારવાર ચરણસ્પર્શ કર્યા છતાં મનનો મેલ ગયો નથી, હૃદય ઉન્નત થયું નથી, એવો અનુભવ થયા છતાં માણસ એટલું સ્પષ્ટ જોતો નથી કે હૃદયમાં પલટો જ્યાં સુધી થયો નથી ત્યાં સુધી આ સ્પર્શની વીજળી ભાગ્યે જ કંઇ કરી શકવાની છે.

ભકતો આગળ આવી વાત કોઇ કરે તો તેને નાસ્તિક ગણી કાઢતાં એમને વાર લાગતી નથી. કવિઓ અતિશયોકિત કરી વર્ણનો લખે છે. સિદ્ધાંતવાદીઓ છેક છેલ્લી ટોચે પહોંચીને એ વચનોનો બચાવ કરે છે અને સામાન્ય લોકો એ બધાં વચનોના અક્ષરાર્થને વળગી રહેવામાં જ ધાર્મિકતા જુએ છે. લોકોને પોતાના સંત મહંતો અને ધાર્મિક સેવકો પણ ભોગવવા હોય છે. આ વૃત્તિમાં ખરી ધાર્મિકતા નથી, હીનતા નહિ તો જડતા તો છે જ. એથી ધર્મનો વિજય નથી થવાનો.

હમણાં જ સિંધમાં લોકોએ ચરણસ્પર્શ કરવા જતાં ગાંધીજીના પગને ઉઝરડા કાઢયા. એનો ઇલાજ હજુ ચાલે છે. [સાચી વાત એમ જણાય છે કે ભકિતઘેલા લોકોને ખસેડવા દોડનાર પણ એમના જેટલા જ ભકિતઘેલા એવાં સ્વયંસેવકોથી યે ઉઝરડા થયા હતા. આ સુધારાથી પણ મૂળ વાત બદલાતી નથી.] લોકોની ગાંડી ભકિતનો આવો પ્રસાદ ગાંધીજીને ઘણી વાર ચાખવો પડે છે. માટીના રસ્તા પરથી ઉઘાડે પગે ચાલવાનો જ્યાં રીવાજ છે ત્યાં પગના ઉઝરડા

કેટલાક સમાચાર અને નોંધ

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળનો રજત મહોત્સવ

શ્રી. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે સપ્ટેમ્બર માસની તા. ૨૦ થી ૨૩ સુધીના દિવસો દરમિયાન વિવિધ કાર્યક્રમ વડે પોતાનો રજત મહોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે મુંબઇ જૈન સ્વયંસેવક મંડળને પોતાની આજ સુધીની અનેકવિધ સેવાકાર્યોથી અંકિત થયેલી ઉજ્જવળ કારકીર્દી માટે જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. આ મંડળની સદ્‌ગત વિજયધર્મ સૂરિની પ્રેરણાથી ઇ. સ. ૧૯૨૦ માં સ્થાપના થઇ હતી. આ મંડળના સભ્યો સર્વથા નહિ તો ઘણા મોટા ભાગે શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના છે. એમ છતાં પણ આ મંડળની પ્રવૃત્તિઓએ અને સેવાઓએ કોઇ નાત, જાત કે ધર્મના ભેદ જાણ્યા નથી અને જ્યારે જે સંસ્થાને તેમની સેવાની જરૂર પડી ત્યારે તે સંસ્થાને આ મંડળે પુરા તન અને મનથી જોઇતી સેવા આપી છે. સામાન્યતઃ જૈન વરઘોડામાં, જમણવારોમાં તેમજ પર્વ દિવસોએ જૈન મંદિરો પાસે વ્યવસ્થા જાળવવાનું કાર્ય આ મંડળ કરે છે; મંડળ એક સુવ્યવસ્થિત બેંડ ધરાવે છે; સભાઓ, તેમજ પરિષદોમાં પણ આજ મંડળ વ્યવસ્થા જાળવવાની જવાબદારી માથે લે છે. છેલ્લી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની બેઠક દરમિયાન તેમણે જે તન તોડીને અને જોખમ વહોરીને વ્યવસ્થા જાળવી હતી તે સૌ કોઇની પ્રશંસાને પાત્ર બની હતી. રાષ્ટ્રીય મહાસભાની દરેક જાહેર સભામાં પણ જૈન સ્વયંસેવક મંડળ ઘણું ખરૂં હાજર થયેલું જ હોય. આવી જ રીતે કોમી હુલ્લડો દરમિયાન પણ આ મંડળ બહુ સુંદર રીતે રક્ષણ કાર્ય કરતું આવ્યું છે. ગયા વર્ષે મુંબઇમાં થયેલ અગ્નિસ્ફોટની આંધીએ જ્યારે કેટલાયે કુટુંબોને ઘરબાર વિનાના કરી દીધાં હતાં, ત્યારે મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે નાતજાત કે ધર્મના કશા પણ ભેદભાવ સિવાય બહુ મોટા પાયા ઉપર રાહતકાર્ય બજાવ્યું હતું. જેના સેવાકાર્યની આવી અનેકવિધતા છે તે મંડળ પોતાનો રજત મહોત્સવ પુરા ગૌરવપૂર્વક ઉજવી શકે છે અને એ પ્રસંગે સૌ કોઇના દિલમાં આ મંડળ પ્રત્યે સદ્‌ભાવ અને શુભેચ્છાની લાગણીઓ સ્વાભાવિક રીતે પ્રગટ થાય છે.

આ મંડળની જે બે ત્રણ વિશેષતાઓ છે તે આજના કાળમાં અસ્તિત્વ ધરાવતી સર્વ કોમી સંસ્થાઓએ ધ્યાનમાં લેવા યોગ્ય અને અમલમાં ઉતારવા યોગ્ય છે. એક તો નિર્ભયતા. ગમે તેવું જોખમ ખેડીને હાથમાં લીધેલું સેવાકાર્ય પાર ઉતારવું. બીજી વિશાળતા. આ મંડળનાં મૂળ છે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં, પણ તેની પ્રવૃત્તિઓની ડાળીઓ અને પાંદડાં પહોંચે છે રાષ્ટ્રીય મહાસભા સુધી અને જેમાં હિંદુ મુસલમાનનો કોઇ ભેદ નથી એવી સર્વ સામાન્ય માનવજાતની આરાધના સુધી. આ નિર્ભયતા અને વિશાળતા સાથે આ મંડળે પોતાની ચોક્કસ મર્યાદા પણ જાળવી રાખી છે અને તે છે શુદ્ધ સેવાના ખ્યાલને જ વફાદારીથી વળગી રહેવાની. આ મંડળ કોઇ પક્ષાપક્ષીમાં ઉતરતું નથી. તેને નથી નવા કે જુના વિચારના કોઇ ભેદભાવ સાથે કશો સંબંધ અને તેથી સર્વ પક્ષોના મમત્વનું આ મંડળ અધિકારી બન્યું છે. તે તો અઠ્ઠાઇ મહોત્સવમાં પણ વ્યવસ્થા જાળવે, યાત્રાસંઘને પણ સંભાળે, કોન્ફરન્સ અને યુવક પરિષદમાં પણ વ્યવસ્થા કાર્ય માટે જાય અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં પણ એજ કાર્ય માટે હાજર હોય. આ મર્યાદા એજ તેના સ્વત્વની રક્ષા છે, અને તેથી તેના કાર્યવાહકોને ઉપર જણાવી તે મંડળની વિશેષતાઓ જાળવી રાખવા માટે સદા કટિબદ્ધ રહેવા આપણે વિનંતિ કરીએ, તેમજ કોઇ પણ કોમના કે દેશના તકરારી પ્રશ્નોથી સદા અલગ રહી, જેમ પરબ તો જે આવે તેને પાણી જ પાય એ રીતે, આ મંડળ તો કેવળ સેવા આપીને જ છુટે—આવી તેની મર્યાદાની તેઓ બરોબર ચોકી કરે અને તેને બાધક કે વિરાધક એવી કોઇ પ્રવૃત્તિ કે યોજનાના પ્રલોભનોમાં કદિ ન પડે એમ પણ આપણે જરૂર ઇચ્છીએ.

આત્મનિર્ણય સંબંધે સ્પષ્ટતા

અખંડ હિંદુસ્થાન વિરુદ્ધ આત્મનિર્ણયના પ્રશ્ન વિષે રાષ્ટ્રપતિ મૌલાના અબુલકલામ આઝાદ, શ્રી. અસફઅલી, પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ તેમજ અન્ય દેશનેતાઓના છેલ્લા બે માસ દરમિયાન બહાર પડેલાં જુદાં જુદાં નિવેદનોને લીધે લોકોમાં પાકીસ્તાનને અનુલક્ષીને કોંગ્રેસનું શું મન્તવ્ય છે તે વિષે ખુબ ગેરસમજુતીઓ ફેલાવા લાગી હતી. આ હકીકત ધ્યાનમાં લઇને મુંબઇમાં એ. આઇ. સી. સી. ની બેઠક મળી તે પહેલાં પુનામાં મળેલી કોંગ્રેસની કારોબારીએ આ પ્રશ્ન વિષે સ્પષ્ટતા કરતું નીચે મુજબનું નિવેદન પ્રગટ કર્યું છે.

"હિંદના ભાવી બંધારણના સંબંધમાં ઇ. સ. ૧૯૪૨ માં પસાર કરવામાં આવેલા કોંગ્રેસની કારોબારીના અને એ. આઇ. સી. સી. ના કેટલાક ઠરાવો અંગે કેટલીક ગેરસમજુતી ઉભી થઇ છે. તેથી કોંગ્રેસની કારોબારી નીચે મુજબની સ્પષ્ટતા કરે છે.

એ. આઇ. સી. સી. ના ૧૯૪૨ ના ઓગસ્ટ માસના ઠરાવ મુજબ પ્રજાના સર્વ વર્ગોને સ્વીકાર્ય બને તેવું હિંદી સરકારનું બંધારણ નક્કી કરવાનું કામ લોકશાસનના ધોરણે ચુંટાયલી 'કોન્સ્ટીટ્યુઅન્ટ એસેંબ્લી'—બંધારણ સમિતિ—ને હસ્તક રહેશે. આ બંધારણ કોંગ્રેસના અભિપ્રાય મુજબ નિર્ણીત અધિકારવાળું સમવાયતંત્ર સ્વીકારશે અને અવશેષ રહેતી સર્વ સત્તાઓ ભિન્ન ભિન્ન પ્રાંતોને અથવા તો અન્તર્ગત ભિન્ન

ગંભીર સ્વરૂપ લે છે. અસ્વચ્છ માટીનું ઝેર લોહીમાં પ્રવેશ કરે છે. એમાંથી ભારે માંદગી પણ પેદા થાય. રૂઝ આવતાં ઘણી વાર લાગે.

એકવાર મધરાતે ગાંધીજીને ન સતાવવાનું સમજાવવા જતાં કેટલાક લોકો કહે, 'ગાંધીજી તો ઇશ્વરના અવતાર છે. એમને વળી થાક કેવો?" મેં કહ્યું, 'તેઓ પોતે જ કહે છે કે હું થાક્યો છું. તેઓ જો સાચું ન કહેતા હોય તો તેઓ મહાત્મા નથી અને જો સાચું કહે છે એમ કબુલ કરો તો આવા થાકમાંથી એમને જરૂર બચાવો.' મેં માન્યું કે આવી દલીલથી એ લોકો સમજે નહિ તોયે નિરુત્તર તો થશે જ. પણ પુરાણકારો અને ભાષ્યકારોની તાલીમમાં તૈયાર થયેલા આપણા લોકો એનો પણ જવાબ આપવાના જ. એમણે કહ્યું, 'એ તો લીલા કરે છે. પોતે અવતારી પુરૂષ છે એ એમને છુપાવવું છે, એટલે પોતે થાકયાની વાતો કરે છે. શ્રી રામચંદ્રજી સીતાજીના વિરહમાં રડતા હતા અને બેબાકળા થઇ આમતેમ ફરતા હતા. ત્યારે એ શું જાણતા નહોતા કે સીતા તો પોતાની ચિત્‌શક્તિ છે, તે ગુપ્તરૂપે પોતાની પાસેજ છે?'

આવી દલીલ આગળ જવાબ શો? ભગવાને પોતે બુદ્ધનું રૂપ ધારણ કરી દુનિયાને છેતરવાનો ધંધો કર્યો એમ કહી નવમા અવતારનું રહસ્ય સમજાવનાર ધર્મવાચસ્પતિઓ આગળ બુદ્ધિને સ્થાન જ નથી. અક્કલને સાચવી ધર્મનું રહસ્ય ઉકેલી શકાય એમ કોઇને લાગતું નથી, ત્યાં બીચારી દલીલો શું કરે?

દર્શનની અભિલાષા સ્વાભાવિક છે. સરઘસો, યાત્રાઓ, સભાઓ અને સંમેલનોમાં વિચારોની આપ લે થાય છે, એટલું જ નહિ પણ વિચારના પ્રચારનું તે ઉત્તમ પ્રતિબિંબ છે. લાગણી કેળવવાનું અને લોકમાનસ નિહાળવાનું તે એક જબરદસ્ત સાધન છે. હજારોની સંખ્યામાં લોકો ભેગા થાય એ અનિષ્ટ નથી. વિરાટ જનતાની જાગૃતિ એવા જનસમુદાયથી જ દેખાઇ આવે છે. મોટા સમુદાયમાં બધા સાત્વિક ભાવો કૂટવા માંડે તો તે જેટલું સ્વાભાવિક છે તેટલું જ ઇષ્ટ પણ છે. પણ એની સાથે લોકોમાં અમુક તાલીમ તો આવવી જ જોઇએ. બીજાનાં સુખ દુઃખ વિષે, બીજાની લાગણી વિષે એવે વખતે વધારે કોમળતા પ્રગટ થવી જોઇએ. અને સામાજીક જીવનનો વિવેક તો એવે પ્રસંગે પ્રધાન ધર્મ થવો જોઇએ. ઘેલછામાં ઉપર વર્ણવી તેવી ભક્તિનો પ્રસાદ ચખાડીએ એ તો જુલમ જ કહેવાય.

કાકાસાહેબ કાલેલકર.

ભિન્ન કેન્દ્રોને સુપ્રત કરશે. કરાંચીના ઠરાવમાં મુકરર કરાયલા અને ત્યારબાદ તેમાં જે કાંઇ ઉમેરવામાં આવ્યા હોય તે પ્રજાગણના મૌલિક હકો બંધારણમાં અંતર્ગત થવા જ જોઇએ. વિશેષતઃ ૧૯૪૨ ના મે માસમાં અલાહાબાદ ખાતે મળેલી એ. આઈ. સી. સી.એ જાહેર કર્યા મુજબ હિંદી સમવાયી તંત્ર કે યુનીયનમાંથી કોઇ પણ અન્તર્ગત રાજ્ય કે ભૌગોલિક કેન્દ્રને અલગ રહેવાની છુટ આપીને હિંદુસ્થાનને છિન્ન ભિન્ન કરે એવી કોઇપણ દરખાસ્ત કોંગ્રેસ સંમત કરી શકે નહિ. ૧૯૪૨ ના એપ્રીલ માસમાં કોંગ્રેસની કારોબારીએ જણાવ્યું છે તે મુજબ હિંદની આઝાદી અને એકતાના આદર્શનો કોંગ્રેસે સ્વીકાર કર્યો છે અને આજની દુનીયામાં કે જ્યારે લોકમાનસ વધારે અને વધારે વિશાળ રાષ્ટ્રોની કલ્પના સ્વીકારતું થયું છે ત્યારે એ એકતામાં નાનું સરખું પણ ભંગાણ પડે તો સૌ કોઇને અત્યન્ત હાનિકર્તા નીવડે અને આવા કોઇ પણ ભંગાણની કલ્પના પણ ભારે દુઃખદ બને. આમ છતાં પણ એ કારોબારીએ જણાવ્યું હતું કે કોઇ પણ ભૌગોલિક કેન્દ્રને તેની રીતસર પ્રગટ કરેલી અને નિર્ણીત થયેલી ઇચ્છા વિરૂધ્ધ હિંદી મધ્યસ્થ તંત્રમાં રહેવાની ફરજ પાડવાનો કોંગ્રેસની કારોબારી કદિ વિચાર કરી શકે નહિ. આ સિદ્ધાન્ત ધ્યાનમાં લઇને સર્વસામાન્ય પરસ્પરાવલંબી રાષ્ટ્રીય જીવનને વિકસાવવા તરફ ભિન્ન ભિન્ન કેન્દ્રો આકર્ષાય એવી પરિસ્થિતિ ઉભી કરવા માટે બને તેટલા પ્રયત્નો હાથ ધરવા જોઇએ. આ સિદ્ધાંતના સ્વીકારમાંથી સ્વાભાવિક રીતે એ પણ ફલિત થાય છે કે એવા કોઇ પણ ફેરફાર કરવા ન જોઇએ કે જેના પરિણામે કોઇપણ ભૌગોલિક કેન્દ્રમાં નવા પ્રશ્નો ઉભા થાય અથવા તો એ ભૌગોલિક કેન્દ્રમાં રહેતા વિપુલ વસ્તીવાળા અન્ય પ્રજા વર્ગોને જુદા પડવા માગતા કેન્દ્રમાં જોડાયેલા રહેવાની ફરજ પડવામાં આવે. મધ્યવર્તી રાષ્ટ્રીય તંત્રની મજબુતી જળવાઇ રહે એ રીતે દરેક ભૌગોલિક કેન્દ્રને મધ્યવર્તી રાષ્ટ્રીય તંત્ર નીચે શકય તેટલી સ્વાધી નતા હોવી જોઇએ.

સોશીયલ વેલફેરના તા. ૨૧-૯-૪૫ ના અંકમાં આ નિવેદનનું પૃથઃકરણ કરતાં નીચેના પાંચ મુદ્દાઓ તારવવામાં આવ્યા છે.

(૧) હિંદુસ્થાનને એક મજબુત મધ્યવર્તી રાષ્ટ્રીય રાજતંત્ર હોવું જોઇએ.

(૨) સમન્વીત થતાં કેન્દ્રોને શકય તેટલી સ્વાધીનતા આપવા સાથે બંધારણ સમવાયી (federal) હોવું જોઇએ.

(૩) અવશિષ્ટ સર્વ સત્તાઓ સમન્વીત કેન્દ્રોને સુપ્રત કરવી જોઇએ.

(૪) બંધારણમાં પ્રજાના મૌલિક હકકોને લગતી કલમ દાખલ કરીને લઘુમતી વર્ગોના હકકોને પુરૂં રક્ષણ આપવું જોઇએ.

(૫) આ હિંદી મધ્યવર્તી તંત્રમાં કોઇ પણ ભૌગોલિક કેન્દ્રના લોકોને જોડાવાની કે જોડાયલા રહેવાની ફરજ પાડવી ન જોઇએ એ સિદ્ધાન્ત સ્વીકારવામાં આવ્યો છે. પણ આ સિદ્ધાન્તના અમલને એ રીતે મર્યાદિત કરવામાં આવ્યો છે કે ઉપર જણાવેલી છુટ આપવા જતાં કોઇ નવા પ્રશ્નો ઉભા થવા ન જોઇએ, તેમજ એજ ક્ષેત્રમાં રહેતા બીજા મહત્ત્વના વર્ગો ઉપર જુદા પડતા કેન્દ્રમાં જોડાયલા રહેવા માટે કોઇ પણ પ્રકારનું દબાણ લાવવું ન જોઇએ."

આજે આત્મનિર્ણય અને પાકીસ્તાનના પ્રશ્ને દેશના રાજકારણમાં જલ્દી ન ઉકેલી શકાય એવો કોયડો ઉભો કર્યો છે. આ બાબતમાં રાષ્ટ્રીય મહાસભાનું વળણ કયા પ્રકારનું છે એ બાબતનો ખ્યાલ રહે એ હેતુથી કોંગ્રેસની કારોબારીનું નિવેદન અને તેનું વિશેષ સ્પષ્ટીકરણ ઉપર આપ્યું છે. આ પ્રશ્નની વિશેષ ચર્ચા આગળ ઉપર કરીશું.

સરકારની નવી દરખાસ્તો

નામદાર વાઇસરોય ફરીથી ઈંગ્લાંડ જઇ આવ્યા અને ત્યાંના પ્રધાન મંડળ સાથે વાટાઘાટ કરીને પાછા આવ્યા. ત્યાર બાદ તેમણે કરેલી જાહેરાતનો સાર એટલો જ છે કે આવતા શિયાળામાં મધ્યસ્થ અને પ્રાન્તિક ધારાસભાઓની ચુંટણી કરવામાં આવશે અને ત્યાર બાદ કેવું બંધારણ મંડળ ઉભું કરવું અને તે બંધારણ મંડળે પોતાનું કામ કેવી રીતે ચલાવવું એ બાબતનો નિર્ણય કરવા માટે સીમલા પરિષદના ધોરણે નેતા પરિષદ બોલાવવામાં આવશે અને સાથે સાથે મુખ્ય રાજકીય પક્ષોને સંમત થાય એવી વચગાળાની મધ્યસ્થ સરકારની કારોબારી ઉભી કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવશે. ઉપર જણાવેલ બંધારણ મંડળે હિંદની ભાવી રચનાનો ૧૯૪૨ માં રજુ કરવામાં આવેલી સ્ટ્રેફર્ડ ક્રીપ્સની દરખાસ્તોના ધોરણે વિચાર કરવાનો રહેશે. આ જાહેરાતના પરિણામે છ મહીના સુધી તો આજના રાજકીય વહીવટમાં કશો ફેરફાર થઇ શકશે જ નહિ અને પછી તો આગે આગે ગોરખ જાગે! આ જાહેરાત પ્રજાની આશા ઉપર ઠંડું પાણી રેડે છે અને સમીપ દેખાતું સ્વરાજ્ય પાછું ક્ષિતિજને પેલે પાર હડસેલાતું દેખાય છે. આશા આપવી, મુદત નાંખવી અને વિઘ્નો ઉભા કરવા–એ સામ્રાજ્યવાદી સર્વ કોઇ સરકારની સર્વમાન્ય નીતિ છે. ઉપરની જાહેરાતમાં આપણને સત્વર સ્વાધીન બનાવવાની વૃત્તિને બદલે રાષ્ટ્રની સ્વાધીનતાના પ્રશ્નને એક યા બીજા કારણે દૂર ને દૂર ઠેલ્યા કરવો–આવી ઠેલણનીતિ જ નજર ઉપર તરી આવે છે. સામ્રાજ્યવાદીઓની આ ઠેલણનીતિનું નીચેના શ્લોકમાં બહુ સુન્દર નિરૂપણ જોવામાં આવે છેઃ—

आशां कालवतीं दद्यात्, तांच विघ्नेन योजयेत् ।
विघ्नं निमित्तभावेन, निमित्तं चापि हेतुतः ॥

(મુદત–બાંધી આશા આપવી, તે આશામાં વિઘ્ન ઉભું કરવું, વિઘ્ન સાથે કોઇ નિમિત્ત જોડવું અને તે નિમિત્ત પાછળ કોઇ હેતુ ઉભો કરવો.)

અંગ્રેજ સરકારની આજ સુધીની રાજ્યનીતિનો ઇતિહાસ પણ લગભગ આવો જ માલુમ પડે છે. બહુ દૂર ન જઇએ તો પણ ૧૯૧૮ માં સરકારે આપણને જવાબદાર રાજતંત્રના માર્ગે લઇ જવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો હતો, પણ તે સાથે જ તે માટે તેમણે દશ દશ વર્ષની મજલો નકકી કરી હતી. દર દશ વર્ષે આપણી જેટલી યોગ્યતા વધે તેટલા પ્રમાણમાં આપણને રાજ્યસત્તા સુપ્રત કરતા જવાની તેમણે આશા આપી હતી. આમ ૧૯૨૦ આસપાસ મોન્ટેગુ–ચેમ્સફર્ડના મામુલી રાજકીય સુધારાઓ અમલમાં મુકાયા. દશવર્ષ બાદ આપણી યોગ્યતાનું માપ નકકી કરવા માટે સાઇમન કમીશન નીમાયું. તેનો આખા દેશે સખ્ત વિરોધ કર્યો. સવિનય ભંગની લડત આવી અને આખરે પંદર વર્ષના ગાળે ૧૯૩૫ માં સ્વાધીન રાજ્યતંત્રના માર્ગે એ ડગલાં આગળ ભરતો બીજો હપ્તો સરકારે આપણા હવાલે કર્યો. મુકમ્મીલ આઝાદી–સંપૂર્ણ સ્વાધીનતા–તો હજુ દૂરની દૂરજ રહી. ૧૯૩૯ માં બીજો વિશ્વવિગ્રહ મંડાયો; હિંદના સહકારની સરકારને ખુબ ગરજ પડી. લોકશાસનના અને આત્મનિર્ણયના અંગ્રેજ સરકારે ચોતરફ ખુબ બણગા ફુંકવા માંડયાં. હિંદુસ્થાનની પ્રજા ઉંચી નીચી થવા લાગી. સરકાર વચન આપવામાં તો હંમેશાં શુરી પુરી રહી છે. ૧૯૪૩ માં ક્રીપ્સને મોકલ્યો. યુદ્ધબાદ બધા પક્ષો એકત્ર થઇ સંમત કરે એવું રાજ્યબંધારણ સ્વીકારવાનું વચન આપવામાં આવ્યું. પ્રજાના સર્વ રાજકીય પક્ષોને આમાં વિશ્વાસ ન પડયો અને તત્કાલ કાંઇને કાંઇ અમલી કાર્ય થવું જોઇએ અને પ્રજા સ્વાધીન બની રહી છે એવી પ્રતીતિ પ્રજાને થવી જોઇએ–એવો પોકાર ચોતરફથી ઉઠવા લાગ્યો. યોગ્યતા–અયોગ્યતાની દલીલ જરી પુરાણી થઇ ગઇ. હવે વળી નવી વાત સરકારે શરૂ કરી. "તમારામાં એકતા કયાં છે? એક થઇને આવો અને માંગો તે મળશે." આ ધુંચ ઉપર સીમલાપરિષદ સરકારે ભાંગી નાંખી અને ભવિષ્યમાં પણ સરકાર જ્યાં સુધી સત્તાની ફેરબદલી કરવાને તૈયાર નહિ હોય ત્યાં સુધી આજ ધુંચ સરકારને કામગાર નીવડવાની છે. આવડા મોટા દેશમાં સરકાર માંગે છે તેવી એકતા શકય જ નથી, અને એવી સામાન્ય એકતા ઉભી થાય તો પણ આ દેશમાં કોઇને કોઇ વિરોધી સુર ઉભો કરવો એ બહુજ સહેલી વાત છે, અને એ બહાના હેઠળ પ્રજાની આઝાદીની માંગણીને સરકાર બહુજ આસાનીથી ઠેલી શકે છે. આજે

હિંદુ મુસલમાનની એકતાનો પ્રશ્ન આગળ ધરવામાં આવશે તો આવતી કાલે બ્રીટીશ હિંદ અને દેશી રાજ્યોની એકતાની મુશ્કેલી આગળ ધરવાની જ છે. દેશમાં આજે એકતા નથી એ હકીકતનો કોઇ ઇનકાર કરી શકે તેમ નથી. પણ એ હકીકત નિર્માણ કરવામાં સરકારનો કેટલો ફાળો છે એ બાબત હવે અજાણી રહી નથી. યોગ્ય બનો એમ કહેવું અને યોગ્યતા આવવા જ ન દેવી, એક બનો એમ કહેવું અને એકતા કેળવાવા જ ન દેવી– આવી દુષિત રાજ્યનીતિના અવલંબન વડે રાજ્યસત્તા હતી એમને એમ હજુ નભ્યે જાય છે અને પ્રજા કદમ ઉઠાવી ઉઠાવીને પાછી જ્યાં હતી ત્યાં આવીને ઉભી રહે છે. આ વિષમ વર્તુલમાંથી પ્રજાનો ત્યારે જ મોક્ષ થાય કે જ્યારે રાજ્ય કરતી સત્તાની સર્વ કરામતો પ્રજા આરપાર સમજી જાય અને 'કરેંગે યા મરેંગે' એવી પ્રબળ ભાવનાપૂર્વક પ્રજાનો મોટો ભાગ એકરૂપ બની સ્થાપિત સત્તાનો પુરેપુરો સામનો કરવાની તાકાત કેળવે. એ દિવસ ન આવે ત્યાં સુધી આપણુ સર્વ માટે 'દીલ્હી હજુ દૂર છે' એ હકીકત સ્વીકાર્યે જ છુટકો છે.

મુંબઈમાં ભરાયલી એ. આઈ. સી. સી. ની બેઠક

ગયા સપ્ટેમ્બર માસની ૨૧, ૨૨ અને ૨૩ ના રોજ અખિલ હિંદ મહાસભા સમિતિની આજ સુધીમાં કદિ જોવામાં નહિ આવેલી એવી વિરાટ સભા મળી ગઈ. આજથી ત્રણ વર્ષ પહેલાં જે સ્થળે સરકારને પડકાર કરતી એ. આઇ. સી. સી. ની યાદગાર બેઠક મળી હતી એ જ સ્થળ ઉપર આગલી બેઠક કરતાં પણ ત્રણગણા વિશાળ મંડપમાં આ બેઠક ભરવામાં આવી હતી. દેશદેશાવરથી સંખ્યાબંધ નરનારીઓ આ બેઠકમાં ભાગ લેવા મુંબઇ ઉતરી આવ્યાં હતાં અને મુંબઇની જનતા પણ આ બેઠક પાછળ ઘેલી ઘેલી બની ગઇ હતી. પરિણામે અનેક ભાઈ બહેનોને ટીકીટ નહિ મળવાના કારણે નિરાશ થવું પડયું હતું. લાંબા ગાળે મળવાનું બનતાં લોકોમાં અપાર ઉત્સાહ ઉછળી રહ્યો હતો અને ત્રણે દિવસ બેઠકના સમય દરમિયાન સભા સ્થાન તરફ જનતાનો અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો હતો. પરિણામે આ બેઠક વિષયવિચારિણી સમિતિનું સ્વરૂપ છોડી એક વિરાટ રાષ્ટ્રીય જલસામાં પરિણામ પામી હતી.

આ બેઠકમાં બનેલી ઘટનાઓ વિષે દૈનિક પત્રોમાં એટલાં બધાં વિગતવાર વર્ણનો પ્રગટ થયાં છે કે તેની વિગતો અહિં પુનઃ રજુ કરવાની જરૂર નથી. તેમાં પસાર થયેલા લાંબા લાંબા ઠરાવો પણ અહિં વિગતથી આપી શકાય તેમ નથી. પણ તેનો સંક્ષિપ્ત સાર ધ્યાનમાં રાખવો જરૂરી છે. પહેલો ઠરાવ ૧૯૪૨ ની લડત અને ત્યારે પછીની પરિસ્થિતિ સંબંધે કરવામાં આવ્યો છે. આ ઠરાવ ૧૯૪૨ ની લડત દરમિયાન પ્રજાએ જે પાર વિનાનાં બલિદાનો આપ્યાં છે અને સરકારના અમર્યાદ દમન સામે જે અજબ ધૈર્ય, સહનશીલતા અને બહાદુરી દાખવી છે તે માટે પ્રજાને ધન્યવાદ આપે છે, પરાધીન પ્રજાઓની મુક્તિ પુરતો છેલ્લો વિશ્વવિગ્રહ પરિણામ–શૂન્ય નિવડયો છે એમ જાહેર કરે છે, અને ૧૯૪૨ ના ઓગસ્ટ માસની આઠમી તારીખે કરેલા ઠરાવવામાં જણાવેલા રાષ્ટ્રીય તેમજ આન્તર રાષ્ટ્રીય મન્તવ્યોનું પુનઃ સમર્થન કરે છે. બીજો ઠરાવ છેલ્લા સાઠ વર્ષથી ચાલી રહેલી આઝાદીની લડતનું અને કોંગ્રેસની સમયે સમયે પરિવર્તન પામતી આજ સુધીની નીતિનું નિરૂપણ કરે છે અને છેવટના ભાગમાં જણાવે છે કે "કોંગ્રેસ જેમ રાષ્ટ્રની આઝાદી હાંસલ કરવા ખાતર જરૂર પડયે સંપૂર્ણ કે મર્યાદિત, અસહકારનો ત્યાગ કરી શકે નહિ તેવી જ રીતે ગમે તેટલાં ઉશ્કેરાટનાં કારણો ઉભા થાય તોપણ અહિંસાત્મક નીતિની મર્મ રૂપ વાટાઘાટ અને સમાધાનીની પદ્ધતિનો પણ કોંગ્રેસ કદિ ત્યાગ કરશે નહિ. આમ હોવાથી શકય હોય ત્યાંસુધી વાટાઘાટ અને સમાધાની, અને જરૂર પડે ત્યારે અસહકાર અને સીધી લડત–આ કોંગ્રેસનો સદા માર્ગદર્શક નિયમ રહેવો જોઇએ." એક ઠરાવ બર્મા તેમજ દૂરપૂર્વના અન્ય દેશોમાં ઉભાં થયેલાં 'હિંદી રાષ્ટ્રીય સેનાના સૈનાપતિઓને અને સૈનિકોને મુકત કરવાની અને આઝાદ હિંદ લીગમાં જોડાયેલા હિંદીઓને જરા પણ હેરાનગતીમાં નહિ મૂકવાની સરકાર પાસે માંગણી કરે છે. હિંદુસ્થાનમાં રાષ્ટ્રીય સરકાર સ્થપાય તે પહેલાં અંગ્રેજ સરકાર જે કાંઇ હિંદના નામે આર્થિક કે અન્ય પ્રકારની જવાબદારીઓ સ્વીકારે તે હિંદુસ્થાનને બંધન કર્તા નહિ ગણાય એમ બીજો એક ઠરાવ જણાવે છે. અન્ય એક ઠરાવ દ્વારા કોંગ્રેસ વિર્જિત થયેલા વિશ્વયુધ્ધ દરમિયાન હિંદ બાતે ઇંગ્લાંડમાં જ થયેલી મોટી સ્ટર્લીંગ પુરાંત હિંદને હવાલે કરવાની માંગણી કરે છે. એક ઠરાવ મારફત કોંગ્રેસના બંધારણમાં છેલ્લાં ત્રણ વર્ષની અસાધારણ પરિસ્થિતિને અંગે જરૂરી એવા કેટલાક કામચલાઉ સુધારાઓ મંજુર કરવામાં આવ્યા છે. બીજા એક ઠરાવ વડે આગામી ચુંટણીઓની વ્યવસ્થા કરવા માટે, ઉમેદવારો નક્કી કરવા માટે તેમજ ચુંટણીને લગતી જરૂરી પ્રવૃત્તિઓનું સંચાલન કરવા માટે અમુક આગેવાનોની એક ધારાસભા–ચુંટણી–સમિતિ નીમવામાં આવી છે. રચનાત્મક કાર્યક્રમને વેગ આપવાને લગતો, દેશી રાજાઓની આપખુદીને વખોડતો અને દેશી રાજ્યની પ્રજાઓનું છેલ્લી લડતમાં ભાગ લેવા માટે અભિનન્દન કરતો, બર્મા અને મલાયામાં વસતી હિંદી પ્રજાના હકકોની રક્ષા ઉપર ભાર મૂકતો, ચીનનું અભિનન્દન કરતો અને દૂર પૂર્વના દેશોની આઝાદી રક્ષા વિષે ચિન્તા દાખવતો તેમજ બલુચીસ્તાનની અંજુમને વતનની સંબંધતા સ્વીકારતો–આ મુજબના કેટલાક ઠરાવો પણ મંજુર કરવામાં આવ્યા છે. સૌથી વધારે અગત્યનો ઠરાવ અંગ્રેજ સરકારની નવી દરખાસ્તો અને આગામી ચુંટણીને લગતો છે. આ ઠરાવ દ્વારા સરકારની તાજેતરમાં પ્રગટ થયેલી દરખાસ્તો વિષે કોંગ્રેસ પોતાની અત્યન્ત નાપસંદગી અને અસંતોષ વ્યકત કરે છે અને એમ છતાં પણ આગામી ચુંટણીમાં ભાગ લેવાનો પોતાનો નિર્ણય જાહેર કરે છે. આ ઠરાવ ઉપર પંડિત જવાહરલાલ નહેરૂએ અને સરદાર વલ્લભભાઇ પટેલે બહુજ ઉગ્ર ભાષણો કર્યા હતાં અને એ ભાષણો દરમિયાન તેમણે મોસ્લેમ લીગ અને જનાબ ઝીણા સાથે આજ સુધી અખત્યાર કરવામાં આવેલી કોઇ પણ રીતે સમાધાન કરવાની નીતિનો હવેથી ત્યાગ કરવામાં આવે છે એમ સ્પષ્ટપણે જાહેર કર્યું હતું.

એ. આઇ. સી. સી. ની બેઠકનો આ ટુંક સાર છે. આ વખતના ઠરાવો કાંઇક નરમ હતા જ્યારે ભાષણો ગરમ હતાં. ઠરાવોમાં ઉગ્રતા ઓછી દેખાય છે, સમાધાનીનું માનસ વધારે પ્રગટ થાય છે, જ્યારે દેશનેતાઓનાં વ્યાખ્યાનો પહેલેથી છેડે સુધી અત્યન્ત ઉગ્રતાથી ભરેલાં અને લડાયક માનસને જ વ્યકત કરતાં હતાં અને એ સાંભળતાં આગામી આઝાદી જંગ–જો સરકાર હજુ પણ સમયસર આજની મડાગાંઠનો નિકાલ ન લાવે તો–બહુ દૂર નથી એવી છાપ સૌ કોઇનાં મન ઉપર પાડતા હતા. એ. આઇ. સી. સી. ની બેઠકના પરિણામે લોકોના જુસ્સામાં નવો જુવાળ આવ્યો છે; જનતામાં નવી ચેતના પ્રગટી છે, આઝાદીની તમન્ના ચોતરફ તરવરવા લાગી છે, અને આવતા ચુંટણી–જંગ ઉપર સમસ્ત ભારતની જનતાનું ચિત્ત કેન્દ્રિત થવા પામ્યું છે. પ્રચંડ આન્દોલન ઉભું કરવાની દૃષ્ટિએ એ. આઇ. સી. સી. ની આ બેઠકે અસાધારણ સફળતા પ્રાપ્ત કરી છે.

આવતી આંધી !

તા. ૨૭-૯-૪૫ ના ફ્રી પ્રેસ જર્નલમાં નીચે મુજબ સમાચાર આપવામાં આવ્યા છે.

"મોસ્લેમ લીગ આગામી ચુંટણીમાં કેવી રીતે કામ લેવા માંગે છે તેનો કાંઇક ખ્યાલ અખિલ હિંદ મોસ્લેમ લીગના મંત્રી નવાબઝાદા લિયાકતઅલી ખાને જે ચુંટણી સંબંધી માર્ગદર્શન આપતો પરિપત્ર જુદી જુદી પ્રાન્તિક સમિતિઓ ઉપર મોકલ્યો છે તે ઉપરથી આવી શકે તેમ છે. આ પરિપત્ર બીજી બાબતો સાથે જણાવે છે કે "આ ચુંટણી જંગ એ લીગના જીવન મરણનો સવાલ છે. જ્યારે એક પ્રજાના જીવનમાં આવો કટોકટીનો સમય આવે છે ત્યારે કોઇ પણ

રીતે અને પ્રકારે પોતાની રક્ષા કરવી એજ તેનો મુખ્ય ધર્મ બને છે, અને તે હેતુ સિધ્ધ કરવા માટે કોઇ પણ રીત કે કાર્ય પધ્ધતિ—ગમે તે પ્રકારની—તદ્દન વ્યાજબી છે." આનો અહિંની લીગી મંડળોમાં એમ અર્થ કરવામાં આવે છે કે ચુંટણીનું કામકાજ ચલાવવામાં યોગ્યા—યોગ્યતાનો કશો વિચાર રાખ્યા સિવાય સારા ખરાબ બધાં જ સાધનો વાપરવાની પ્રાન્તોને નિરપવાદ છુટ આપવામાં આવી છે. પરિણામે રાષ્ટ્રવાદી મુસલમાનો વિષે ખોટા અહેવાલો ફેલાવવામાં આવે છે. ઉપર જણાવેલ માર્ગદર્શક પરિપત્ર આગળ ચાલતાં જણાવે છે કે લીગના મુદ્દાઓ તરફ મુસલમાનોની સહાનુભૂતિ વધતી રહે તે હેતુથી જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં કોમી પ્રશ્નો બધી સ્થાનિક લીગોએ એકદમ ઉભા કરવા. આવા પ્રશ્નો ઉપસ્થિત કરવાથી કોંગ્રેસ અને રાષ્ટ્રીય મુસલમાનોનો પક્ષ નબળો પડશે અને હિંદુ મહાસભા અને લીગને મજબુતી મળશે તેથી આવા મુદ્દાઓ ઉપસ્થિત કરવાથી અનિષ્ટ પરિણામો આવે તો તેની જરા પણ ચિંતા નહિ ધરવાનું મુસલમાનોને સૂચવવામાં આવ્યું છે. લડાઇ પહેલાં કોંગ્રેસ પ્રધાન મંડળો કેટલાક પ્રાંતોનો વહીવટ ચલાવતાં હતાં તે દરમિયાન કોંગ્રેસ પ્રધાન મંડળોના હાથે વાસ્તવિક રીતે બનેલા કે કલ્પનાથી ઉભા કરેલા અત્યાચારોના અતિશયોકિતભરેલા અહેવાલો પુસ્તિકાઓ અને પત્રિકાઓ દ્વારા પ્રગટ કરવાનું પણ પ્રાન્તિક સમિતિઓને કહેવામાં આવ્યું છે. સાથે સાથે લીગની મધ્યસ્થ પાર્લામેન્ટરી કમીટી પણ આવી પુસ્તિકાઓ અને પત્રિકાઓની હારમાળા પ્રાંતોમાં પ્રચાર કરવા માટે તૈયાર કરી રહી છે. 'મુસલમાનોને જીવવા માટે જરૂરી જગ્યા' 'બંગાળાના દુષ્કાળ માટે લીગ જવાબદાર નથી' 'લીગી પ્રધાન મંડળોની કાર્યસિદ્ધિઓ' 'પાકીસ્તાનમાં લઘુમતી વર્ગોનું સ્થાન' 'પાકીસ્તાનના ફાયદાઓ' 'ક્રીપ્સની વાતો' 'સીમલા પરિષદ' અને 'સીકંદર—ઝીણા—તહનામું"—આવાં એ પુસ્તિકાઓનાં નામ રહેશે. પ્રસ્તુત માર્ગદર્શક પરિપત્ર એ પણ જણાવે છે કે રાષ્ટ્રવાદી મુસલમાનો વિરૂદ્ધ પ્રચાર કરવા માટે તેમજ તેમને 'કાફર' તરીકે જાહેર કરવા માટે મૌલવી અને ઉલેમાઓની જેટલી બને તેટલી મોટી સેનાને ગામડાંઓમાં રવાના કરવી જોઇએ."

જો આ પરિપત્રને લગતી હકીકતો પ્રમાણભૂત હોય તો આપણે એમ જ માનવું રહ્યું કે આપણી કોમી એકતાની ગમે તેટલી ઉંડી અને પ્રમાણીક નિષ્ઠા હોય તો પણ અને આપણે સર્વનું સર્વતોમુખી કલ્યાણ ગમે તેટલું ઇચ્છતા હોઇએ તોપણ આ પરિપત્ર જે પ્રકારના ઝેરી પ્રચારને વેગ આપી રહેલ છે તેના પરિણામે અરાજકતા અને આન્તર વિગ્રહને નોતરતી કોઇ ભયંકર આંધી આ દેશ ઉપર આવી રહી છે. ઉપર જણાવેલ પરિપત્ર પાછળ કોઇ પિશાચી મનોદશા કામ કરી રહી છે. પોતાની કોમની અજ્ઞાન અને ધર્માંધ જનતાને પાકીસ્તાનનો શરાબ પાયે રાખવો એ જ તેની નીતિ છે. આપણે આશા રાખીએ કે મુસલમાનોનો સમજુ અને વગદાર વર્ગ પરસ્પર વિનાશના માર્ગે ધસડાઇ રહેતી પોતાની કોમને સાચા માર્ગે ટકાવી રાખવા જેટલું સામર્થ્ય અને શકિત દાખવશે અને રાષ્ટ્રશકિતનો અત્યન્ત હ્રાસ કરતી અને સરકારી હકુમતની જ આવરદા લંબાવતી આ ઘાતક પ્રચારનીતિનો યોગ્ય સામનો કરશે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષેની વિગતો આગળના એ અંકમાં પ્રગટ કરવામાં આવી છે. આવી વ્યાખ્યાનમાળાઓ યોજવાનો અને તે દ્વારા નવા વિચાર—પ્રદેશો તરફ જૈન સમાજને આકર્ષવાનો ખ્યાલ વેગ પકડતો જાય છે અને સ્થળે સ્થળે પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆતો થતી જોવામાં આવે છે. અમદાવાદ જૈન યુવક સંઘે દર વર્ષ માફક આ વર્ષે પણ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સુન્દર યોજના પુરી સફળતાપૂર્વક પાર પાડી હતી અને જૈન જૈનેતર જનતાએ તેનો ખુબ લાભ લીધો હતો. અમદાવાદના સાક્ષર વર્ગે આ વ્યાખ્યાનમાળાને હંમેશ માફક સારો સહકાર આપ્યો હતો. મુંબઇમાં પણ બે એક વર્ષથી ચાલુ થયેલી કચ્છી દશા ઓશવાળની વાડીમાં ભરાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ ચાલુ રહી હતી. ઘાટકોપરના સ્થાનકવાસી સંઘે આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાન માળા ગોઠવવાની પહેલ કરી હતી અને તેને ત્યાંની જૈન જનતાએ ખુબ ઉત્સાહ અને સહકારથી આવકારી હતી. ભાવનગરમાં પણ શ્રી. ત્રીભોવનદાસ ભાણજી કન્યાશાળાના સંચાલકો શ્રી નર્મદા બહેન રાવળ અને ગૌરી બહેન ત્રિવેદીએ આ વખતે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવાનું સાહસ કર્યું હતું અને આશરે દશેક વ્યાખ્યાનોનો ક્રમ ગોઠવ્યો હતો. આ બતાવે છે કે જુની પરિપાટી મુજબ ચાલતાં જૈન ઉપાશ્રયમાં જૈન સાધુઓનાં વ્યાખ્યાનોમાંથી જૈન સમાજનો અને ખાસ કરીને ઉગતી પ્રજાનો રસ ઘટતો જાય છે અને લોકો કાંઇ નવું જાણવાનું—વિચારવાનું—માંગે છે, શોધે છે. આ ભુખ દિન પ્રતિદિન વધતી જાય છે અને તેને જુના ચીલે ચાલતી સાધુસંસ્થા કોઇ પણ રીતે પહોંચી શકતી નથી. કલ્પસુત્રનાં પઠન પાઠનમાં લોકોને હવે રસ રહ્યો નથી. જૈન આચાર્યોની જુનવાણી શૈલી લોકોને અને ખાસ કરીને શિષ્ટ વર્ગને હવે જરા પણ આકર્ષતી નથી. કાળ બદલાયો છે, વાતાવરણ બદલાયું છે, લોકમાનસ બદલાયું છે. એને ઝીલે અને નવું જીવનદર્શન આપે એવી વ્યાખ્યાન પ્રવૃત્તિ જ આજે આવશ્યક તેમજ આવકારદાયક બને તેમ છે. જૈન સાધુઓ આ બરોબર સમજે, પોતાનાં દૃષ્ટિકોણ બદલે, જુના વિચારનાં જીર્ણ વસ્ત્રોનો પરિત્યાગ કરે, નવરચના તરફ લઇ જતા નવ વિચારના વાઘા ધારણ કરે અને એ મુજબ પોતાના માનસને અને બાહ્યજીવનને સંસ્કારે તો જ તેમનું ઉગતી પ્રજામાં સ્થાન રહેવાનું છે. એમ જો બની ન શકે તો જનતાને દોરવાના મોહને હંમેશાને માટે તેઓ તિલાંજલિ આપે.

મતપ્રદાનનો અધિકાર અને સંયુક્ત કુટુંબ

ગયા અંકમાં આ સંબધમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:—"વિશેષમાં અવિભક્ત કુટુંબ માટે એવી ગોઠવણ છે કે જ્યાં બે કરતાં વધુ માણસો એક ઘરમાં રહેતા હોય ત્યાં દરેક માણસ દીઠ ભરાતું ભાડું આ પ્રમાણે ગણવામાં આવશે;—ઘરનું જે ભાડું હોય તેને ઘરમાંના માણસોની સંખ્યા વડે ભાંગવામાં આવશે અને જે આંક આવે તે રકમ તે પ્રત્યેક માણસ ભાડા પેટે આપે છે એમ ગણાશે." આ માટે વિધાન ભૂલભરેલું હતું એમ મને માલુમ પડયું છે. આ સંબંધમાં સરકારી નિયમ એવો છે કે સંયુક્ત કુટુંબ એક ઘરમાં સાથે રહેતું હોય અને તે ઘરનું મુંબઇ શહેરમાં માસિક રૂા. ૫ અથવા તેથી વધારે અને બહારગામ કે ઉપનગરમાં માસિક રૂા. ૧૫ અથવા તેથી વધારે ભાડું હોય તો તે ઘરના ભાડુઆત તરીકે તે ઘરમાં વસતા સંયુક્ત કુટુંબના મુખ્ય માણસને જ મત આપવાનો અધિકાર રહેશે.

આ તેમજ આગળના અંકમાં જણાવેલી અન્ય બાબતો ધ્યાનમાં લઇને જે કોઇને મતાધિકાર પ્રાપ્ત થતો તે પ્રત્યેક ભાઇએ અને બહેને પોતાનો આ અધિકાર મતદાર પત્રકમાં રજીસ્ટર થયો છે કે નહિ તેની ખાત્રી કરી લેવી અને એ મુજબ જેનો અધિકાર રજીસ્ટર થયો ન હોય તેણે ચાલુ માસની પંદરમી તારીખ પહેલાં પોતાનો મતાધિકાર રજીસ્ટર કરાવવા સંબંધમાં જે કાંઇ જરૂરી ક્રિયાકાંડ હોય તે કરી લેવામાં જરા પણ આળસ કે પ્રમાદ સેવવો નહિ. કોંગ્રેસે આગામી ચુંટણીમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે અને આ ચુંટણીજંગ ઉપર હિંદની ભાવી રાજકીય ઘટનાનો ઘણો મોટો આધાર રહેલો છે. તેથી આ જંગમાં કોંગ્રેસને પહેલાં કરતાં પણ ઘણી મોટી સફળતા મળે એ માટે જરૂરી સર્વ પ્રયત્નો કરી છૂટવું એ આજે દરેક દેશવાસીની પ્રથમ ફરજ બને છે.

પરમાનંદ.

આળાં હૈયાં

પ્રબુદ્ધ જૈનના વાંચકોને પરિચિત ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીની કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીમત રૂા. ૨॥ રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧॥ માં આપવામાં આવશે.

શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલનું પ્રમુખસ્થાનેથી પ્રવચન

[મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના રજત મહોત્સવના અંગમાં તા. ૨૩-૯-૪૫ રવિવારના રોજ મુંદરાબાઇ હોલમાં પ્રમુખસ્થાનેથી શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલે એક પ્રેરક અને જૈન સમાજના કેટલાક પ્રશ્નો ઉપર માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું જે નીચે આપવામાં આવે છે. તંત્રી.]

"મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના રજત મહોત્સવમાં ભાગ લેતાં આપણને અત્યંત આનંદ થાય છે. જૈન અને જૈનેતરબંધુઓને ડગલે અને પગલે પોતાની હાર્દિક સેવા આપવા જે મંડળ છેલ્લા પચ્ચીસ વર્ષથી ખડે પગે ઉભું રહ્યું છે તે મંડળને આજે તેનો રજત મહોત્સવ ઉજવવાનો સંપૂર્ણ અધિકાર છે. જૈન સ્વયંસેવક મંડળે સમાજના હૃદયમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેની પચ્ચીસ વર્ષની કાર્યવાહી જોતાં એની સેવાઓનો સરવાળો આપવો કઠીન છે. સેવાભાવી યુવકોથી સંગઠીત બની પોતાની સર્વ શક્તિઓ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં રચનાત્મક રીતે ખર્ચવા બદલ આ સંસ્થા આગળ દરેક જૈનનું મસ્તક નમવું જોઇએ. સ્વયંસેવક મંડળનો રજત મહોત્સવ તે મુંબઇના જૈનોનો ખાસ કરી ગૌરવનો વિષય છે.

પચ્ચીસ વર્ષની તમારી કારકીર્દી સેવાથી ખીચોખીચ ભરેલ છે. તમને લોક સમુહમાં ભળવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે. આ પ્રસંગોનો પૂરેપૂરો લાભ લેવા જેવો છે. હવે આ જ્ઞાનપિપાસાનો યુગ ચાલે છે. લોકોને નવું જાણવાની જિજ્ઞાસા વધતી જાય છે તેવા સમયે તમારી સેવાના અવસર પ્રસંગે નાનાં ચોપાનીઆં દ્વારા કેટલોક પ્રચાર કરવાની જરૂર છે. આપણું આરોગ્ય, વ્યાયામ, જમણવારોમાં આપણી અસ્વચ્છતાનાં કારણો, કેળવણી પ્રચાર, શિસ્તપાલન, વ્યાપક ધર્મભાવના, સ્વદેશી, રાષ્ટ્ર અને ધર્મ, આવા અતિશય ઉપયોગી વિષયો ઉપરનાં બહુજ નાનાં સાહિત્યનો મફત ફેલાવો આવા સમુહમાં કરવાની જરૂર છે.

રાષ્ટ્રીય કાર્યોમાં પણ તમારો હિસ્સો નાનો સુનો નથી. આપણી રાષ્ટ્રીય મહાસભાની દરેક પ્રવૃત્તિઓમાં તમો જે રસ લઇ રહ્યા છો તે માટે જૈન કોમ ખરેખર મગરૂબ થઇ શકે છે. તમારા મંડળના અનેક સભ્યોએ દેશના કટોકટીના સમયે, અમૂલ્ય હાકલ વખતે, જરૂર પડે ત્યારે જેલ નિવાસ ભોગવવાનું પણ હસતે ચહેરે સ્વીકાર્યું છે. તમારી આ ઉદાર ભાવના જૈનત્વને શોભા આપનારી છે. રાષ્ટ્ર સુખી અને સંતોષી હશે તો જ ધર્મ બરાબર સચવાઈ શકશે. એ આદર્શને તમોએ પૂર્ણ રીતે સ્વીકાર્યો છે.

પચ્ચીસ વર્ષની કાર્યવાહીમાં તમારે માટે જો કોઇ દુઃખદાયક ઘટના મારી નજરમાં આવી હોય તો તે ફકત એક જ છે. જૈન સમાજને જેની આજે વધુમાં વધુ જરૂર છે તેવી વ્યાયામશાળાનું કાર્ય ઘણા જ દુઃખી હૃદયે તમારે બંધ કરવું કરવું પડયું છે અને તે પણ એક જૈન સંસ્થા દ્વારા કે જેને અનેક વિનંતિઓ કરવા છતાં એક લશ્કરી હુકમ માફક આવી વ્યાયામશાળા બંધ કરાવી. એ ઘટના તમારા માટે જેટલી ખેદજનક છે તેટલી જૈન સમાજ માટે શરમજનક છે. મંડળનો સુવર્ણ મહોત્સવ ઉજવાય તે સમયના અરસામાં જૈન કોમને વધુમાં વધુ જરૂર હવે વ્યાયામની રહેશે. આપણી સાર્વજનિક સંસ્થાઓ કે જેની પાસે જગ્યાની છુટ હોય તેમના કાર્યકરોએ આ અતિ મહત્વના કાર્ય માટે મંડળ માટે તરત હાથ લંબાવવાની જરૂર છે.

સ્વયંસેવક બંધુઓ! જે સમાજમાં તમારો જન્મ થયો છે અને જેની સેવા માટે તમને તમન્ના લાગી છે તે સમાજ માટે આ સ્થાને બે બોલ બોલું તો તે અસ્થાને નથી. જૈન કોમની સામાજિક સ્થિતિ દિન-પ્રતિ-દિન જીર્ણ અવસ્થામાં પહોંચતી હોય તેમ જણાય છે. આપણા જૈન સમાજમાં આંતરવિગ્રહો પણ તેટલા જ ઉંડા ઉતરેલા છે. તળાજાનું પ્રકરણ, મુંબઇ ઇલાકામાં ભિક્ષાના કાયદામાં આપણા ત્યાગી વર્ગને થતો સ્પર્શ, છેલ્લા એકાદ વર્ષથી મુંબઇ અને અમદાવાદના વર્તમાનપત્રોમાં નજરે પડતાં આપણાં સાધુ વર્ગમાંથી કેટલાકના શિથિલાચારના બનાવો, આ દરેક હકીકતો ઉપર વિચાર કરતાં આપણને રડવું આવે તેમ છે. તળાજામાં જૈન મુર્તિઓનું ખંડન તે આ વીસમી સદીની અજબ ઘટના છે. મારી બુદ્ધિ મુજબ તો મુર્તિ ખંડન કરનાર વ્યકિત કરતાં ચરિત્ર ખંડન કરનાર સાધુ જરા પણ, ઓછા ગુન્હેગાર નથી. આની પાછળ ગમે તે કારણ હોય, પણ આપણી નબળાઈ અને આપણી વધુ પડતી કહેવાતી ઉદારતાને હું મુખ્ય કારણ ગણું છું. આપણે ફરીથી ભાવનગર રાજ્યને આપણી માધવબાગની સભાના નરમમાં નરમ શબ્દોમાં વિનંતિ કરીશું કે સખ્તમાં સખ્ત હાથે આ પ્રકરણને તેઓ હાથ ધરે.

મુંબઇ પ્રાંતના ભિક્ષાના કાયદામાં જૈન સાધુ આવી જાય છે. આ વાકય સાંભળતાંજ ઉંડા અપમાનની અસર આપણને થાય છે. જૈન ધર્મ અંગેના સાહિત્યનો જ્યાં સુધી આપણે બહોળો પ્રચાર દરેક ભાષામાં છુટા હાથે ન કરીએ, ત્યાં સુધી આવી ધુંચવણો ઘણી વખત ઉભી થવા સંભવ છે. અને આપણાં કેટલાક સાધુઓના શિથિલાચારના પ્રકરણો વર્તમાન પત્રોમાં નજરે પડે છે ત્યારે તો મને તળાજા પ્રકરણ જેટલીજ કંપારી છૂટે છે. મૂર્તિખંડન અને સાધુનાં ચારિત્ર ખંડનમાં જરા પણ ફેર સમજવાની મારી સામાન્ય બુદ્ધિ ના પાડે છે. જૈન ધર્મને ટકાવી રાખનાર આપણો સાધુ વર્ગ છે તેવું મેં જાહેર પ્લેટફોર્મ ઉપરથી ઘણી વખત કહ્યું છે. તેટલા જ માટે આ વર્ગ પવિત્રમાં પવિત્ર રહે તે જોવાની આપણી પહેલી ફરજ છે. આવાં પ્રકરણોને યોગ્ય ન્યાય આપવાનો સૌથી પ્રથમ અધિકાર દરેક સંઘાડાના આચાર્યોનો છે. સાધુ સમાજની મર્યાદાઓ આપણા ગૃહસ્થ વર્ગ કરતાં અનેક રીતે ટુંકી છે, એટલે આવી હકીકતો ઉપર છેલ્લા નિર્ણય ઉપર આવતાં ગૃહસ્થ વર્ગ કરતાં તેમને વધારે સમય લાગે તે બનવાજોગ છે. પણ કમનસીબે આટલી ધીરજ ગૃહસ્થ વર્ગે રાખ્યે જ છુટકો છે. આવા સમયની મર્યાદા પછી જો સાધુ વર્ગના અધિકારીઓ જરા પણ સમય બરબાદ કરે અથવા તો ઢાંકપીછોડો કરવા પ્રયત્ન કરે, તો જરૂર ગૃહસ્થ વર્ગે આ કાર્યમાં સંગઠન કરી પક્ષાપક્ષીના ભેદને તિલાંજલિ આપી યોગ્ય ન્યાય આપવાનું કાર્ય હાથ ધરવા જેવું છે. આવા મહત્વના કાર્યોમાં સાધુવર્ગના અધિકારી કે સમાજની જવાબદાર વ્યકિતઓ ઢાંકપીછોડો કરવા પ્રયત્ન કરે તો જૈન શાસનને જોખમમાં મુકવાનું પાપ તેઓ પોતાના માથે વહોરે છે.

સ્વયંસેવક બન્ધુઓ! જે સમાજસેવાની તમને તમન્ના લાગી છે, જે સમાજ માટે તમારી જેવા સેવાભાવી યુવકો દરેક જાતની શક્તિ ખરચવા તત્પર થયા છો તે સમાજ જો આટલી પણ પ્રગતિ ન સાધી શકે તો તમારી સેવા નિષ્ફળ જાય અને તમારી શક્તિનો ખોટો વ્યય થયેલો ગણાય. તમારી સેવા અને શક્તિ સફળ નીવડે તે માટે જ મેં ઉપરના ઉદ્‌ગારો તમારી સમક્ષ રજુ કર્યા છે.

હવે હું બેસી જાઉં તે પહેલાં તમો સ્વયંસેવક બંધુઓ પ્રત્યે તેટલી જ શુભેચ્છા છે કે જૈન ધર્મ અને જનતાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરનારનું ચારિત્ર કેટલું નિર્મળ હોવું જોઇએ તે જૈન ધર્મના અનુયાયીને શિખવવાનું ન હોય. સેવાભાવી યુવક સાચો સ્વયંસેવક તો જ બની શકે કે જો ચારિત્રને તેણે તેના જીવનમાં મુખ્ય સ્થાન આપ્યું હોય. તમે સમાજના સાચા સેવક બજો! જેને તીર્થંકરો પણ નમે છે તે સંઘની સેવાનું બીડું તમોએ ઝડપ્યું છે તે તમારા અહોભાગ્યની નિશાની છે. જૈન જનતામાં ધાર્મિક પ્રસંગોમાં પૂર્ણ મદદગાર બનશો. તેના સામાજિક ક્ષેત્રોમાં તમારી શુભ ભાવનાઓ રેડજો! વર્તમાન અને ભવિષ્ય કાળનો વિચાર કરી તેની પાસે નાના મોટા રચનાત્મક કાર્યો રજુ કરજો! લાભાલાભની દૃષ્ટિએ કયા કાર્યો ધર્મ અને સમાજને વધુ ફળદાયી છે તે દેખાડવા પ્રયત્ન કરશો. જૈન સમાજ પાસે દ્રવ્ય છે, પણ તમારી જેવા નકકર સેવાભાવી યુવકોની ખામી છે તે પૂરી પાડજો. આ પ્રમાણે જનતાના હૃદયમાં પ્રવેશ કરજો! સંઘનો એક એક માનવી ભગવાન થવાને સરજાયો છે. તેની અનુપમ સેવા કરજો અને આજનો સેવક તે આવતી કાલનો સાચો અગ્રેસર થવાને કુદરતી જ રીતે નિર્માણ થયો છે તે પ્રચલિત સૂત્રને ન વિસરતા."

કાયદાનો કડક અમલ! (પૃષ્ઠ ૮૪ થી ચાલુ)

વ્યવહાર ડહાપણની મદદથી પહેલા 'હું' ને શમાવતો હતો! આ રીતે મારા આત્મામાં બળવો અને છેતરપીંડી નિશદિન ચાલ્યા જ કરતા. રોજ હું સત્તા અને ભાવનાની હડફેટે ચડતો હતો અને જીવન વહતો હતો.

"આવો તો હું કયારેય નહોતો. ત્યારે આમ કેમ થયું? મને કોણે આવો કરી નાંખ્યો? આ તો અસહ્ય છે" એમ માની ઘણી વખત ઘરનો "હું" ખોલી ઉઠતો કે "મૂકી દેને એવો હૃદયવિદારક ધંધો અને કાયદો! તને કયાં સત્તા અને પૈસાનો એટલો બધો મોહ છે?" ત્યારે મન કહેતું કે "ખોટું, તદ્દન ખોટું. કોણ કહે છે કે મને સત્તા અને પૈસા નથી ગમતા? મેં કયારે ખાવામાં કુરિયાવાળું પોરબંદરી ઘી અને કેસરી દુધના કટોરા નથી ઢીચ્છયાં? મને ગાલીચા અને સારી સજાવટ વગરના ઘરની શરમ કયારે નથી આવી? પોતાની નહિ તો પારકાની મોટરકારની સહેલગાહ મને કયારે મીઠી નથી લાગી? મોંઘી કેરી ન ખરીદી શકાણી ત્યારે રડતાં છોકરાઓને જોઇ મારી ધનહીન દશાએ મને નથી રડાવ્યો? સારાં કપડાનાં અભાવે સગા ભાણેજના લગ્નમાં જતાં હું નથી અટકી ગયો? રસ્તામાં નીકળતા મારા લતાના માણસોની સલામોનો મને ગર્વ નથી થયો? મને દુનિયામાં ધનિકોના જેવું જે બધું જોઇએ છે. લોકોની સલામો અને બીજા ઉપર મારી છાપ પડે તેમ જોઇએ છે. એ બધું આવે છે મારા આ કાયદાના અમલવાળા હૃદયવિદારક ધંધામાંથી. તે છોડીને આટલા વર્ષે કોને આધારે જાઉં! ક્યાં જાઉં! ભાવના ઠીક છે, પણ.....હું ફકીર નથી. સંન્યાસી નથી એટલે લાચાર છું! આજે તો હું નર્યો Robot યંત્રમાનવી છું. તે ખરૂં છે. પણ કરૂં શું?....."

મારી ઓફીસમાંથી ઝુંપડાં પાડી નાંખવાની, અને જો તેઓ જાતે ના પાડે તો સુધરાઇએ તેના ખર્ચે પાડવાની નોટીસ છુટી હતી. આ નોટીસનો સામનો કરવાની બળવાખોર વૃતિથી તો નહિ, પણ બીજી કોઇ યોગ્ય જગ્યા નહિ મળી હોય તેથી અગર તો "સુધરાઇ જેવા કલ્યાણક" સંસ્થા, કોડી ઉપર કટક લઇ, પારેવડાં જેવાં રાંકને રંજાડવા દોડતી ન જ આવે એવી શ્રદ્ધાથી તેઓએ ઝુંપડાં પાડયાં નહિ. કદાચ થોડો વધુ સમય નીકળી જાત, પણ બાજુમાં થયેલી મીલના શ્રીમંત માલિકે ફરિયાદ કરી એટલે એક દિવસે મજુરો અને પોલીસોનું ટોળું લઇ ગયાં. અને ઝુંપડાં પડાવી નાખ્યો તે દિવસ હું કદિ નહિ ભૂલું. હૈયું કહેતું હતું ગરીબોના ઝુંપડાં રાખવાનું અને હાથ ચલાવતો હતો ઝુંપડાં પાડવા કાતીલ કુહાર! ભાવના કહેતી હતી કે "બુરૂં થયું", નોકરિયાત માનસ કહેતુ હતું કે "હાશ પત્યું! ઘાણ ગઇ"!

ઝુંપડાં પાડવાની સાથે થોડી ઘણી કચરાપટીમાંથી વીણીને કામમાં લીધેલી તેઓની ભાંગી તુટી ઘરવખરી પણ માટીમાં મળી ગઇ. એક તરફથી છોકરાંઓ ભૂખે રડતાં હતાં; કારણકે ઝુંપડાં પાડવા આવશે તે ભયથી તેઓ મજુરી કરવા ગયા નહોતાં. સ્ત્રીઓ રડતી રડતી કંઇક અસ્પષ્ટ શાપો વરસાવતી હતી. એક બે બાળા પહેરેલા વૃદ્ધો સજળનેત્રે આકાશ સામે જોઇ ભગવાનને ઠપકો આપતા હતા. મલ્લાપા અને તેની સ્ત્રી નાગામા બધાને ધમકાવતા ધમકાવતા ભાંગેલી વસ્તુઓ વીણી એકઠી કરતાં હતાં. અને અમે સૌ સ્થિરભાવે ઉભા ઉભા ગરીબોની હાલતનો કરૂણ તમાસો જોતા હતા. મને લાગે છે કે તે દિવસે તે કોઇએ ખાધું નહિ હોય. ભૂખ્યા ભૂખ્યા કાં તો રોષમાં ભાન ભૂલી આપસ આપસમાં ઝઘડયા હશે; બાળકોને ઢીબ્યાં હશે અને પછી થાકયાં હશે ત્યારે ભૂશૈયા ઉપર લાંબા થઇને સુતાં હશે!

ઝુપડાં પાડતાં લાગેલી પોણી કલાક સુધી ત્યાં ઉભા રહેતાં વળેલો પસીનો લૂંછી લુંછીને મારો આખો રૂમાલ ભીંજાયો હતો; સૌ ખૂબ અકળાયા હતા; તો પણ તે વખતે જરાય ખ્યાલ ન આવ્યો કે 'ભર ઉનાળાનો બધો તડકો માથે લેતાં આ ગરીબોને શું વીતશે? તેના માંદલા છોકરાં અને વૃદ્ધોનું શું થાશે? તેની તોડી ફોડી નાંખેલી વસ્તુઓ તેઓ ફરી વખત કેમ વસાવશે? અને ઝુંપડા તોડવાની મજુરીના રૂપીયા ચાર તે કયાંથી ભરશે?"

આ વાત પણ ભૂલત, પણ તે ઝુંપડાંની નજદીકમાં એક ધનિકે પોતાની જમીન ઉપર ભાડા ખાવા માટે બનાવેલા ઝુંપડા આજે બે ત્રણ વર્ષ થયાં જેમના તેમ ઉભાં છે. તે પડાવવાના કાગળો તૈયાર થાય છે, કેસ મંડાય છે, મુદત લંબાવાય છે અને આખરે કોઇ અદ્રષ્ય કારણે તે માંડી વાળવામાં આવે છે. તે તરફ નાગામાયે નજર કરી વિશ્વાસ નાંખી તેના પંડના ચામડા ચૂંસતા બોળામાં પડેલા છોકરાને ગુસ્સામાં નીચે પછાડયો ત્યારે ખરૂં ભાન થયું કે આ ગરીબો છે માટે પીલાય છે. તે ધનિક છે માટે બચી જાય છે.! ત્યારેજ મને કાયદાનો વિવેકહીન અમલ કાયદાના હેતુને જ કેવી રીતે હણે છે તે સમજાયું. મારી શુષ્ક કાયદાપ્રીતિમાં નરી પશુતા જ દેખાણી.

ઝુંપડાં પાડી ગરીબોને ભગવાન ભરૂંસે છોડી ચડેલો થાક ઉતારવા ધરાનીની હોટેલમાં જઇ "હાશ! ઇશ્વરકૃપાથી બધુ નિર્વિઘ્ને પતી ગયું"! એવા આશ્વાસન સાથે ચહાનો પ્યાલો ખાલી કરી તે વાત ઉપર પડદો પાડી દીધો.

* * * *

થોડાક દિવસ પછી તેજ લતામાં ફરી વખત જવાનું થયું ત્યારે તે લોકોને રસ્તા ઉપર એક ઝાડ નીચે પડેલાં જોયાં. એક છોકરો તુરતમાં મરી ગયો હતો અને તેનું શબ ખૂલ્લું કફન વગર ત્યાં પડયું હતું અને મલ્લાપા અને નાગામા તેની પાસે બેઠા બેઠા રડતાં હતાં. એક આધેડ વયનો માણસ તેની આખરી ક્રિયા માટે રસ્તા ઉપર જતા માણસો પાસે ભીખ માંગતો હતો. બીજા ત્રણ ચાર માણસો એક બીજી બિમાર બાઇ પાસે બેઠા હતા. પૈસા ઉધરાવનાર માણસે મારી પાસે આવી પૈસા માગ્યા. હું જવાબ કે પૈસા આપું તેટલામાં તો મલ્લાપાયે આવી તેને વાર્યો કે "ધૂલ્લાપા! એ તો આપણાં ઝુપડાવાળા સાહેબ છે. નથી ઓળખતો? માણસ તો ઓળખતો જા કે કોની પાસે માગું છું? સાહેબ, મનમાં કાંઇ ન લાવતા. તમ તમારે જાવ. એ માણસ તો મુરખ છે. એને ખબર નથી કે કયાં મગાય અને કયાં ન મગાય! એની વતી હું મારી માગું છું." આમ કહી નીચો નમી મારા પગની રજ માથે ચડાવી ધૂલ્લાપાને લઇને ચાલી ગયો.

હું ત્યાં કયાંય સુધી ઉભો રહ્યો. મેં ઝાડ નીચે બેઠેલા માણસોને મારી તરફ તાકીને જોતાં જોયાં અને મને લાગ્યું કે કેમ જાણે તેઓની આંખો મને ઠપકો આપતી ન હોય કે "કાયદાના રક્ષક ભાઇ! અમારા ગરીબના ઝુંપડા પડાવી નાંખ્યા તેનો હવે તો તને સંતોષ છેને? હવે તો ગામની તંદુરસ્તી સુધરી ગઇ છેને? ગામના ધનિકો મરતા બચી ગયા છેને? ટાઢ, તડકા, પવન, ધૂળ અને વરસાદથી અમને થોડું ઘણું રક્ષણ આપતા, અમારી અર્ધનગ્ન દેહને ઢાંકી મર્યાદા જાળવતા, અને વિશાળ સૃષ્ટિમાં કંઇક અમારૂં ગણી શકાય તેવા એ રંક ઝુંપડા જતાં હવે તો ઘાણ નહિ થાય ને? આ ઝાડ નીચે જો તારા કાયદાની કલમ લાગુ પડતી હોય તો ભલો થઇને અગાઉથી કહી દેજે એટલે કોઇ પાતાળમાં જઇને પડીએ! નહિતર તારા સરકારી ખર્ચના બીલ ચૂકવતાં અમ ગરીબનાં ચામડાં ચીરાઇ જશે! ઝુંપડાં ગયાં, તેની પાછળ આ યંકાપ્પા ગયો, બીજા અમલ્લામા જાવા બેઠી છે. તેમ બાકીના પણ ચાલ્યા જશું. પછી તું અને તારો કાયદો સુખે જીવજો"! મારી આંખનાં આંસુઓ બેધ્યાનપણે લહોતાં લહોતાં આ દીવાસ્વપ્ન મે કયાંય સુધી જોયાં કર્યું અને જ્યારે મારા મદદનીશે બૂમ પાડી ત્યારે યંત્રવત્ તેની પાછળ હું ચાલી નીકળ્યો. પણ કયાંય સુધી મારા કાનમાં અવાજ ગુંજતો હતો કે "ઝુંપડા ગયાં, યંકાપ્પા ગયો, અમલ્લામાં જશે..... પછી કોઇ કાયદો નહિ ભાંગે!" અહા! શી કરૂણ અસંગતતા!!!

વ્રજલાલ ધ. મેઘાણી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૨

મુંબઈ : ૧૫ ઓક્ટોબર ૧૯૪૫ સોમવાર.

લવાજમ
રૂપિયા ૩

ભગવાન મહાવીરનો ત્રિવિધ સંદેશ : 'અહિંસા, અપરિગ્રહ, અનેકાન્ત'

[શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે ચૌપાટી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૯-૯-૪૫ રવિવારના રોજ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના અધ્યક્ષપણા નીચે મહાસતીજી શ્રી ઉજ્જવલ કુમારીએ આપેલ વ્યાખ્યાનનો નીચે સંક્ષિપ્ત સાર આપવામાં આવે છે.]

પુરાણની એક કથા છે કે એકવાર દેવ, દાનવ અને માનવોએ તપશ્ચર્યા કરી. તપ પૂર્ણ થયા પછી પ્રથમ દેવો બ્રહ્મા પાસે આદેશ માંગવા ગયા. બ્રહ્મા સમાધિમાં લીન હતા. સમાધિ પૂર્ણ થયે દેવોને આદેશ માંગતા જોઇને બ્રહ્માએ 'દ' અક્ષર નું ઉચ્ચારણ કર્યું અને પુનઃ સમાધિમાં લીન થઇ ગયા. દેવતાઓ સમજી ગયા કે અમે વિલાસી છીએ, તેથી બ્રહ્માએ 'દ' અક્ષરથી ઇંદ્રિયોનું દમન કરવાનો ઉપદેશ આપ્યો છે. પછી દાનવો બ્રહ્મા પાસે આવ્યા અને આદેશ માગ્યો. તેમને પણ બ્રહ્માએ પૂર્વવત્ 'દ' અક્ષર સંભળાવ્યો. તેઓ સમજી ગયા કે અમે ક્રૂર છીએ, તેથી બ્રહ્માએ દયા નો પાઠ શિખવ્યો છે. ત્રીજી વાર તેમની પાસે માનવો આવ્યા અને તેમને પણ તેજ 'દ' અક્ષર સંભળાવી બ્રહ્મા સમાધિસ્થ થયા, માનવો કૃપણ અને સંગ્રહખોર હોવાથી તેમણે 'દ' નો અર્થ દાન કર્યો. આ રીતે બ્રહ્માએ એક 'દ' અક્ષરમાં જ સર્વેને શાંતિનો સંદેશ આપી દીધો.

બ્રહ્માની માફક ભગવાન મહાવીરે પરસ્પરની અથડામણથી ત્રસ્ત બનીને ત્રાહી ત્રાહી પોકારતી દુનિયાને ત્રણ 'અ' કહી શાંતિમાર્ગનો દિવ્ય સંદેશ સંભળાવ્યો છે. તે ત્રણ 'અ' એટલે 'અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત.' ભગવાન મહાવીરની આપણી દુનિયાને આ મહામૂલી ભેટ છે. પરસ્પર અથડાતા માનવો માટે અને માનવસમુહો માટે આ એક જ રામબાણ ઉપાય છે. જેમ ગુરૂત્વાકર્ષણનો નિયમ અધ્ધર રહેલા ચંદ્ર, સૂર્ય, ગ્રહમંડળ અને તારાગણને તથા પૃથ્વી, સમુદ્ર, ઉતુંગ શિખરવાળા મહાકાય પર્વતને તથા નદીઓને સમતુલામાં રાખે છે, કોઇને દોરવા પણ ચસકવા દેતો નથી અને પોતાના પ્રબળ પ્રભાવથી પરસ્પરનાં સંઘર્ષણને અટકાવે છે, તેમજ આ ભગવાન મહાવીરે ઉપદેશેલ અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત માનવસમાજને સંઘર્ષણમાંથી બચાવી લેવાનું પૂર્ણ સામર્થ્ય ધરાવે છે.

અન્ય પ્રાણીઓ કરતાં માનવની એક વિશેષતા છે અને તે તેમાં રહેલી પ્રજ્ઞા છે. પશુ પક્ષીમાં પણ એક જાતનું જ્ઞાન હોય છે, પણ તે પ્રજ્ઞા ન કહેવાય. પૂર્વાનુભવથી જે જ્ઞાન વિકાસ પામે તે પ્રજ્ઞા. એવી પ્રજ્ઞા મનુષ્યમાં જ દેખાય છે. હાથી આદિ પ્રાણી પાંચ હજાર વર્ષ પૂર્વે જેમ જુથમાં રહેતાં હતાં તેમ આજ પણ રહે છે. પાંચ હજાર વર્ષ પૂર્વે પક્ષીઓ જે જાતનો માળો બનાવતાં હતાં, તેજ જાતનો આજે પણ બનાવે છે. તેમના જ્ઞાનમાં પૂર્વાનુભવથી કોઇ વૃદ્ધિ થઇ દેખાતી નથી. પણ માનવી એવો નથી. એ પૂર્વાનુભવનો ઉપયોગ કરે છે અને એની પ્રજ્ઞા સતત વિકાસ પામતી રહે છે.

પરન્તુ પ્રજ્ઞાનાં વિકાસ સાથે અહિંસાનો વિકાસ ન થાય તો પ્રજ્ઞા જોઇએ તેટલી લાભપ્રદ થતી નથી. માનો કે એક જંગલી જાતિએ નવું હથિયાર શોધ્યું. તેના વડે શિકાર કરી પોતાનો નિર્વાહ કરે છે, પણ જો તેમની પ્રજ્ઞાના પ્રમાણમાં દયાનો વિકાસ થયો નહિ હોય તો તે જાતિ પશુ સાથેના વર્તાવ જેવોજ બીજી માનવજાત સાથે વર્તાવ કરશે. તાત્પર્ય એ કે પ્રજ્ઞા માનવ સમાજની ઉન્નતિનું કારણ હોઇ પરિણામે તારક બને છે, પણ જો તેને અહિંસાનો સાથ ન હોય તો તે મારક પણ બને છે.

મનુષ્ય સમાજના આધુનિક ઇતિહાસમાં પણ આવી જ ઘટનાઓ દેખાય છે. અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં યુરોપની ગોરી જાતિએ જઇ ત્યાંનાં મૂળ રહેવાસીઓનો લગભગ નાશ કરી નાંખ્યો છે. આફ્રિકામાં હબસી લોકોનો તેમણે સંહાર નથી કર્યો તો પણ તેમના પર ભયંકર જુલ્મો ગુજર્યા છે. હિંદુસ્થાનમાં આવો વર્તાવ તેઓ કરી ન શકયા તો પણ ધનશોષણ અર્થે તેમણે અહિં પણ ઘણા અત્યાચારો કર્યા છે. આ બધું શા માટે ? કારણ તેમની પ્રજ્ઞા વધી, પણ દયા દેશના સીમાડામાં જ રહી. પ્રજ્ઞા અને અહિંસામાં સામંજસ્ય ન થયું, તેથી તેમના હાથે સર્વત્ર આવા ભયંકર અત્યાચારો થયા અને થઇ રહ્યા છે. આપણા વ્યાપારી વર્ગે ઉભા કરેલાં કાળા બજારોનું આજ કારણ છે. તેમની પ્રજ્ઞા અને દયા વચ્ચેની વિષમતા. તેથી એમ સિદ્ધ થાય છે કે માનવ સમાજના કલ્યાણ અર્થે પ્રજ્ઞાના વિકાસ સાથે અહિંસાનો વિકાસ અનિવાર્યપણે આવશ્યક છે. અહિંસા જીવન શાસ્ત્રનું સારસર્વસ્વ છે. સર્વ ગુણોમાં ગુણતમ અને આધ્યાત્મિક સાધનોમાં શિરોમણિ છે. અહિંસાનો સંદેશ છે કે કોઇએ પણ બીજા કોઇની ખાંધ ઉપર ચડી બેસીને ઉંચા થવાનો પ્રયત્ન કરવો ન જોઇએ. બધાએ સમાનપણે જમીન પર ઉભા રહેવું અને પોતાની કરામત કે તાકાતથી પોતાનું માથું જોઇએ તેટલું ઉંચું કરવું. પગની સમતા રહેવી જોઇએ. માથાં ઓછાં વત્તા ઉંચા નીચા રહે તેનો વાંધો નહિ.

'જીવો અને જીવવા દો' એ અહિંસાનું મુખ્ય સૂત્ર છે. પણ એ કહેતાંની સાથેજ કહેવત યાદ આવે છે તે **'जीवो जीवस्य जीवनम्'** આ બન્ને વિરોધી દેખાય છે. આવુંજ એક અંગ્રેજ તત્વજ્ઞાનીએ લખ્યું છે કે ' Living is killing. ' જો જીવવું એટલે મારવું એ સાચું હોય તો અહિંસા કેમ પાળી શકાય એ પ્રશ્ન થાય છે. જીવવું એટલે મારવું એ પ્રકૃતિનો નિયમ છે ખરો, પણ એ માનવ જીવનનો ધર્મ હોઇ ન શકે. એ તો પ્રાણીજીવનને લગતી એક સાર્વત્રિક હકીકતનું વિધાન છે. પણ માનવી એ માત્ર પશુ કે પ્રાણી નથી. એથી કાંઇક વિશેષ છે. ઉપર જણાવેલ સર્વ સામાન્ય હકીકત સાથે માનવીની વિશેષતાઓનો મેળ મેળવતાં આપણને ઉપર જણાવેલ સર્વ સામાન્ય નિયમનું Killing the least is Living the best– ઓછામાં ઓછી હિંસા એજ ઉંચામાં ઉંચુ જીવન છે–એ મુજબ રૂપાન્તર કરવાની ફરજ પડે છે. ન મારવા તરફ–બધાને બચાવવા તરફ–હૃદયને વાળો એજ જીવનનું રહસ્ય છે. શરીરને વિશાળ કે બળવાન કરી આવરદા લંબાવવા માટે આપણે જીવતા નથી, પણ હૃદય વિશાળ

કરવા માટે આપણે જીવીએ છીએ. આપણું જીવવું કે મરવું હૃદયના વિકાસ અર્થે જ હોવું જોઇએ.

સંયમ ને તપ એ ભગવતી અહિંસાના બે પગ છે. આ બે પગ વડેજ અહિંસા વિકાસ પામી શકે છે. અહિં સંયમનો અર્થ ભગવા, કેશરીયાં કે ધોળા કપડાં પહેરવાં યા કપડાં વિના રહેવું નથી તેમજ તપનો અર્થ ઉપવાસો કરવા, એકાદશી કરવી અને ચાંદ્રાયણ આદિ તપ કરવા એટલો જ નથી. અહિં સંયમ અને તપનો કંઇક વિશેષ અર્થ થાય છે તેનો ખ્યાલ એક દાખલાથી હું સ્પષ્ટ કરું

એક વ્યાપારી નીતિપૂર્વક ધંધો કરે છે, ખોટું બોલતો નથી, માલમાં સેળભેળ કરતો નથી, જરૂરીયાતથી વધારે ખર્ચ રાખતો નથી, વિશ્વાસના માર્ગે ધસડાતો નથી. કુટુંબમાં ત્રણ ચાર નાનાં મોટાં છે તેમને પણ તેણે એજ રીતે કેળવ્યા છે. એક વખતે આ વ્યાપારીએ કોઇ અમુક માલ અમુક સમયે બીજા એક વ્યાપારી પાસેથી ખરીદવાનો સોદો કર્યો અને એ માટેના ભાવતાલ પણ નક્કી કર્યા. હવે એ માલ પુરો પાડવાનો સમય આવ્યો એટલામાં એ માલના ભાવ પાંચ ગણા વધી ગયા અને એ માલ પુરો કેમ પાડવો એ બાબતની વેચનાર વ્યાપારીને ભારે મુંઝવણ ઉભી થઇ.

બીજી બાજુએ પેલા નીતિમાન વેપારીએ પોતે જે માલ નીચા ભાવે ખરીદવાનો સોદો કર્યો હતો તે માલના ભાવ અનેકગણા વધી જવાની ખબર પડતા તેણે વિચાર્યું કે એ માલ પુરો પાડતા સામેનો વેપારી હેરાન થઇ જશે અને તેથી તેણે પોતાનો સોદો રદ કર્યો. આ સોદો રદ કરવામાં જે પ્રબલ ભાવનાએ કાર્ય કર્યું હતું તેનું જ નામ અહિંસા. અન્યને બચાવી લેવાની ભાવનામાં અહિંસા સમાયેલી છે. તેમ કરવા જતાં તેણે જે અલોભવૃતિ દાખવી તેજ સંયમ છે અને અલોભવૃતિ દાખવતાં જે ભૌતિક લાભોનો તેણે ત્યાગ કર્યો તે તપ છે. એ વેપારીએ જો અલોભવૃતિ રૂપ સંયમ ન દાખવ્યો હોત અને ભૌતિક સુખોને ત્યજવાનું તપ ન આચર્યું હોત તો કદિ પણ સામેનાં વ્યાપારીને બચાવી લેવાની અહિંસા પાળી શકયો ન હોત. આ રીતે આવા સંયમ અને તપ એ બે અહિંસાને ચાલવાના પગ છે.

કેટલાક લોકો પશુપક્ષીઓ પર દયા રાખી શકે છે, પણ માણસ ઉપર પ્રેમ રાખવાનું તેમનાથી બનતુંજ નથી. માણસને તે જુએ છે અને તેનામાં તેની પાસેથી કંઇક ફાયદો ઉઠાવવાની વૃતિ જાગે છે અને જો તે અનુકુલ ન થાય તો તેની સાથે વેર બાંધવાની વૃતિ જાગે છે. કોઇની પણ બુરી અવસ્થાના પરિણામે તેની સ્થિતિનો ફાયદો ઉઠાવી શકાય તેમ હોય તો તેને બને તેટલો નીચોવી લેવો એનું નામ શોષણવાદ છે. આ શોષણવાદ માનવ સમાજને કોરી ખાનારો રોગ છે. આજકાલ એ રોગ દુનિયાભરમાં ફેલાયેલો છે. તે હિંસાનો જ એક પ્રકાર છે. કાળા બજારો દ્વારા થતાં આવા શોષણકાર્યનો ત્યાગ કરવામાં આવે તો જ માનવજાત પરસ્પરનાં ઘર્ષણમાંથી બચી ભગવતી અહિંસાની આરાધના કરી શકે.

ભગવાન મહાવીરનો બીજો સંદેશ અપરિગ્રહનો છે. અપરિગ્રહ એ અહિંસાનો પાયો છે. જ્યાં પરિગ્રહ હોય ત્યાં અહિંસા સંભવતીજ નથી. કારણ કેવળ હિંસાત્મક બુદ્ધિબળથી સંપત્તિ ઉપાર્જિત થાય છે અને હિંસાબળથી તેનું રક્ષણ થાય છે. અંગ્રેજોના હાથમાં હિંસાબળ એકત્ર થયેલું છે, એટલે સંપત્તિવાળાને અંગ્રેજોની મદદ લેવી પડે છે અને જો હિંસાનો આશ્રય લેવાય તો અહિંસાનાં સામ્રાજ્યમાં કેમ પ્રવેશી શકાય ?

બાયબલમાં એક કથા આવે છે કે એક વાર ભગવાન ઇશુ ખ્રીસ્ત પાસે એક ધનવાન યુવક આવ્યો અને તેણે પૂછ્યું કે "મહારાજ! ચિરંજીવ કેવી રીતે થવાય ?" ઇશુએ કહ્યું કે "ઇશ્વરની આજ્ઞાનું પાલન કરવાથી." તેણે ફરી પૂછ્યું "ઇશ્વરની શી શી આજ્ઞાઓ છે?" હત્યા ન કરવી, માતા-પિતાનો વિનય કરવો, પાડોશી પર પ્રેમ કરવો ઇત્યાદિ ઇશ્વરની આજ્ઞાઓ ઇશુએ બતાવી પણ તે યુવકે આ બધું પોતે બાલ્યાવસ્થાથી જ પાળે છે એમ કહી તેણે વધુ જાણવાની જિજ્ઞાસા દર્શાવી. ઇશુએ તેને પૂર્ણ નિર્દોષ થવા માટે બધી સંપત્તિ ગરીબોને આપી દઇ અપરિગ્રહી થવા કહ્યું, પણ તે તેને ન રૂચ્યું અને તે હતાશ થઇને ચાલી ગયો. પછી ઇશુએ પોતાના અનુયાયીઓને કહ્યું "હું કહું છું કે ઉંટને સોયના નાકામાંથી નીકળવું સહેલું છે, પણ ધનવાનોને ઇશ્વરનાં રાજ્યમાં પ્રવેશવું અસંભવ છે." જેમ ઇશુએ પરિગ્રહધારી માટે સ્વર્ગનાં દરવાજા બંધ કરી દીધા તેમ ભગવાન મહાવીરે પરિગ્રહીને અહિંસાની આરાધનાનો અધિકાર આપ્યો નથી, તેથી જેટલા પ્રમાણમાં અપરિગ્રહનો પાયો મજબુત હશે તેટલા જ પ્રમાણમાં અહિંસાની ઇમારત મજબુત બનશે.

આના અનુસંધાનમાં બીજી વાત એ જણાવવાની છે કે સંપત્તિ પરિગ્રહ ઉપરાન્ત બીજો ત્યજવા યોગ્ય પરિગ્રહ છે અને તે છે સાંપ્રદાયિકતાનો પરિગ્રહ. જે સંપત્તિનો પરિગ્રહ છોડે છે તે પણ આ સાંપ્રદાયિકતાના પરિગ્રહમાં સપડાઇ જાય છે. સંપ્રદાય ભલે હોય, પણ સાંપ્રદાયિકતા ન હોવી જોઇએ. માણસે સિદ્ધાંત સેવી બનવું જોઇએ, સિદ્ધાંતપક્ષી નહિં. સાંપ્રદાયિકતાનો પરિગ્રહ પણ સ્થુલ નહિ તો સુક્ષ્મહિંસા તો ઉત્પન્ન કરે જ છે અને સાંપ્રદાયિકતાના પરિણામે નિપજેલી સ્થુલ હિંસાના પણ ઘણા દાખલાઓ આપણા જાણવામાં આવે છે. સમાજવાદીઓ સાંપ્રદાયિકતાને એક પ્રકારનુ અફીણ કહે છે. મોસ્કોમાં તો ઘણાં મકાનો ઉપર કાર્લ માર્કસનું 'ધર્મ એ અફીણ છે' એ વાકય મોટા અક્ષરોથી લખેલું હોય છે.

વળી જે સુધારકોએ સાંપ્રદાયિકતાને ફગાવી દીધી છે તેમને ગળે ત્રીજો પરિગ્રહ વળગી પડયો છે અને તે છે રાષ્ટ્રિયતાનો. રાષ્ટ્રિયતા પણ પરિગ્રહ છે. તેનાં લીધેજ આ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું છે. પોતાના રાષ્ટ્ર માટે ગમે તેવું કુકર્મ કરવું એ અયોગ્ય નથી એવો અવળો પાઠ રાષ્ટ્રિયતા શીખવે છે. સાંપ્રદાયિકતા જો અફીણ હોય તો રાષ્ટ્રિયતા શરાબ છે તેમાં જરાય શક નથી. આપણો આદર્શ રાષ્ટ્રિયતાનો નહિં પણ વિશ્વબંધુત્વનો છે. ધનવાનોનો સંપત્તિ પરિગ્રહ, સામાન્ય જનતાનો સાંપ્રદાયિકતાનો પરિગ્રહ અને શિક્ષિત વર્ગનો રાષ્ટ્રિયતાનો પરિગ્રહ—આ ત્રણે સમાન રીતે અહિતકર્તા છે. અહિંસાનાં આરાધન માટે આ ત્રણેમાંથી મુકત થવાનો ભગવાન મહાવીરનો સંદેશ છે.

ભગવાન મહાવીરનો ત્રીજો સંદેશ અનેકાન્તનો છે. ધાર્મિક અસહિષ્ણુતાથી થતાં વેરઝેરને અટકાવવા માટેનો આ સંદેશ છે. અન્ય પ્રકારની અસહિષ્ણુતાનો અંત ગમે તે રીતે આવી શકે છે, પરન્તુ ધાર્મિક અસહિષ્ણુતા તો ધર્માભિમાનની પોષક હોઇને આવકારદાયક અને ઉત્તેજવા યોગ્ય મનાય છે. ભલે આથી સમાજમાં વિક્ષેપ થાય, જંગ મચે, માનવસંહાર થાય, તો પણ ધર્માભિમાનના બહાને ધાર્મિક અસહિષ્ણુતા સુરક્ષિત રહે છે. અન્ય અસહિષ્ણુતા કરતાં આ અસહિષ્ણુતા વધુ ભયંકર છે.

ભગવાન મહાવીરે અનેકાન્ત સિદ્ધાંતથી સર્વ દર્શનોનો સમન્વય કર્યો હતો. દ્વૈત-અદ્વૈત, નિત્યત્વ-અનિત્યત્વ આદિ વિરોધી સિદ્ધાંતોને પણ અવિરોધી સિદ્ધ કર્યા હતા. એકજ વસ્તુ જુદા જુદા દૃષ્ટિબિન્દુઓ દ્વારા જુદી જુદી કેવી રીતે દેખાય છે તે બતાવ્યું હતું. બીજાના દૃષ્ટિકોણને સમજી સર્વધર્મો સાથે સમભાવ રાખવાનો પાઠ અનેકાન્ત શિખવે છે. પણ ખેદની વાત છે કે અનેકાન્તના પુજારી ઓ જ અનેકાન્તનું ખુન કરી પરસ્પર લડી રહ્યા છે અને સરકારી અદાલતો સુધી ઝગડવામાં અને ખૂનખરાબી કરવામાં પણ ધર્મરક્ષણ માની બેઠા છે.

અનેકાન્તમાં બે શબ્દ છે. અનેક અને અંત. અંતનો અર્થ ધર્મ થાય છે. અનેક ધર્મોનો સમુહ તે અનેકાન્ત. એક પણ ધર્મ છુટી જાય તો અનેકાંત અધૂરો કહેવાય. બધા મતો અનેકાંતનાં અંગ છે. અનેકાંતને સ્વીકારનાર કોઇનું ખંડન ન કરે. બીજાનું ખંડન કરવું તે પોતાના જ ખંડન જેવું છે. પોતાના અંગોને કાપવા કોણ પ્રસંદ કરે? એક હાથ બીજા હાથને તોડે અથવા એક પગ બીજા પગને

(અનુસંધાન પૃષ્ઠ ૬૫ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

ગાંધીજી ધણું જીવો !

આ મહીનાની બીજી તારીખે ગાંધીજીનો જન્મ દિવસ આખા દેશમાં ઘેર ઘેર ઉજવાયો અને તેમના દીર્ઘાયુષ્ય માટે લાખો નરનારીઓએ એકલાં અને સમુહમાં મળીને પ્રાર્થના કરી. એ જગદ્‌વંદ્ય વિભૂતિને આપણાં પણ અનેક વંદન હો. અને તેમના દિલમાં આપણુ સ્થાન અને આપણા દિલમાં તેમનું સ્થાન સદા અવિચળ રહો ! તા. ૭-૧૦-૪૫ ના 'પ્રજ્ઞાબંધુ'ની પ્રાર્થના આપણા અંતરમાં સદા પ્રતિધ્વનિત થતી રહો !

મન-વચન-કાય કેરી અહિંસા થકી, જીત્યું દુષ્કૃક હિંસાનું જેણે,
ક્રોધ અક્રોધથી, મોહ નિર્મોહથી, અસત જીત્યું સતત સત્ય વેણે,
નિર્મમત્વે પરિગ્રહ જીતી ભાન પ્રગટાવ્યું જગમાં મનુષ્યત્વ કેરૂં,
તેહ ગુરૂદેવના પુનિત પાદારવિંદે ચિરસ્થાન હો નિત્ય મારૂં !

સામ્યવાદીઓના કોંગ્રેસ સાથે છુટાછેડા

તા. ૫-૧૦-૪૫ ના રોજ સામ્યવાદી પક્ષના પ્રમુખ શ્રી. પી. સી. જોષીએ રાષ્ટ્રીય મહાસભામાંથી નીકળી જવા હિંદુસ્થાનના સર્વ સામ્યવાદીઓને આવ્હાહન કર્યું છે. ૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં અંગ્રેજ સરકાર જો હિંદી પ્રજા સાથે કોઈ યોગ્ય સમાધાની ન કરે તો એ સરકારનો અસહકાર અને સવિનય ભંગ વડે સાર્વત્રિક સામનો કરવાનો જ્યારે રાષ્ટ્રીય સહાસભાએ ઠરાવ કર્યો ત્યારે સામ્યવાદીઓ કોંગ્રેસના એ ઠરાવનો અસ્વીકાર કરીને તેમ જ એ વખતે ચાલતા મિત્રરાજ્યોના ધરી સત્તાઓ સામેના યુદ્ધને 'લોકયુદ્ધ' તરીકે જાહેર કરીને સરકારના પક્ષે ઉભા રહ્યા હતા અને રાષ્ટ્રીય મહાસભાનો કટોકટીના વખતે તેમણે એક મોટો દ્રોહ કર્યો હતો. આ પ્રકારના તેમના વર્તન અને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાનના તેમના વર્તાવ સંબધે કોંગ્રેસની કારોબારી વિચાર ચલાવી રહી હતી અને આવા સામ્યવાદીઓને કોંગ્રેસના કોઇ પણ અધિકારસ્થાનો ઉપર ચાલુ રહેવા દેવા કે નહિ એ બાબત ઉપર પોતાનો નિર્ણય થોડા સમયમાં જાહેર પાડવાની હતી એ અરસામાં 'Grapes are sour'–દ્રાક્ષ કોણ ચાખે ? એ તો તદ્દન ખાટી અને બેસ્વાદ છે–એ ન્યાય મુજબ સામ્યવાદી પક્ષે પોતે જ કોંગ્રેસમાંથી નીકળી જવાનો નિર્ણય કર્યો છે અને એ નિર્ણય સાથે કોંગ્રેસ ઉપર અનેક અસત્ય અને અયોગ્ય આક્ષેપોથી ભરેલું શ્રી. પી. સી. જોષીએ એક નિવેદન જાહેર પાડ્યું છે. એ નિવેદનમાં કોંગ્રેસને આપખુદ, 'ફેસીસ્ટ,' પ્રત્યાઘાતી, કોમ કોમ વચ્ચે ટંટાફીસાદ અને ઝઘડા વધારનારી અને રાષ્ટ્રમાં આન્તર્વિગ્રહને ઉત્તેજનારી સંસ્થા તરીકે વર્ણવવામાં આવી છે અને આવી નીતિથી દેશનું સત્યાનાશ વળશે એવી આગાહી કરવામાં આવી છે. આ સાથે બીજા એક જવાબદાર નિવેદનમાં કોંગ્રેસ–વિરોધી મોસ્લેમ લીગના ઉમેદવારોને આગામી ચુંટણીમા રાષ્ટ્રવાદી મુસલમાનો સામે ટેકો આપવાનો સામ્યવાદી બીરાદરોને આદેશ કરવામાં આવ્યો છે. આમ સામ્યવાદી પક્ષ કોંગ્રેસથી સદાને માટે છુટો થાય છે અને સાથે સાથે પુરી કડવાશ ફેલાવતો જાય છે. શ્રી. પી. સી. જોષીના નિવેદનમાં વ્યકત થાય છે તેવી જ જો સર્વ કોઇ સામ્યવાદીઓની મનોદશા હોય તો તેમના છુટાછેડાથી કોઇ પણ કોંગ્રેસવાદીને લેશમાત્ર દિલગીર થવાનું કારણ રહેતું નથી.

૧૯૪૨ માં 'લોકયુદ્ધ'ની આપણે પહેલી આવૃત્તિ જોઇ અને તે શાહીવાદી સરકારપક્ષે બેસીને રાષ્ટ્રીય ક્રાન્તિને બને તેટલી નિર્બળ બનાવવા પુરતી હતી. આજે એ જ 'લોકયુદ્ધ'ની બીજી આવૃત્તિ શરૂ થાય છે અને તે છેલ્લા પચ્ચાસ વર્ષથી રાષ્ટ્રીય આઝાદીના એકધારી સાધના કરી રહેલી, અને કોમ કોમ વચ્ચે એકતાને બને તેટલી પુષ્ટ કરનારી રાષ્ટ્રીય મહાસભા સામેજ મોરચા માંડવાનું રૂપ ધારણ કરે છે, અને જે મોસ્લેમ લીગ અને તેના નેતા જનાબ ઝીના આ દેશની આઝાદી અને અખંડતાના પરમ શત્રુનું કામ કરી રહ્યા છે તેમની કદમબોસી કરવામાં પરિણમે છે. જે સામ્યવાદી પક્ષ પ્રગતિવાદી વિચારોના મોખરે ઉભેલો હોવો જોઇએ તે આજે પ્રત્યાઘાતી બળો અને દેશને છિન્નભિન્ન કરી રહેલ શક્તિઓનો સાથ શોધી રહેલ છે. જ્યારે અનેક પક્ષો અને વ્યક્તિઓ કે જે એક વખત કોંગ્રેસમાં બળવાખોર તત્વો ગણાતાં હતાં તેઓ આજે કોંગ્રેસમાં એકરૂપ થઇ રહ્યા છે ત્યારે આ પક્ષ અને તેના નેતાને કોંગ્રેસ સામે જ બળવો કરવાનું સુઝ્યું છે. આ સામ્યવાદી પક્ષની અત્યન્ત વિકૃત માનસ ધરાવતી નેતાગીરીનું શોચનીય પરિણામ છે. આના પરિણામે કોંગ્રેસને તો કશુંજ નુકસાન થવાનું નથી. પણ સામ્યવાદી પક્ષે તો તેના પ્રમુખના નિવેદનથી પોતાના અસ્તિત્વને જ અત્યન્ત જોખમાવ્યું છે.

શકુન્તલા કાન્તિલાલ ઈશ્વરલાલ કન્યાશાળા અને 'માતૃભૂમિ'ના તંત્રીનું વાણીતાંડવ

છેલ્લા કેટલાક દિવસથી માતૃભૂમિના તંત્રી શ્રી ચીમનલાલ વાડીલાલ શાહ શકુન્તલા કા. ઇ. કન્યાશાળા અને તેમનાં કાર્યકરો સામે અમુક એક ઘટનાને અનુલક્ષીને એક પ્રકારની જેહાદ ચલાવી રહ્યા છે. આ મૂળ ઘટનાની વિગતો નીચે મુજબ છે :–

શ્રી. શકુન્તલા કા. ઇ. કન્યાશાળા તરફથી તા. ૭-૧૦-૪૫ રવિવારના રોજ સવારના ૯॥ વાગે 'નંદા' નામનું નાટક ભજવવામાં આવનાર હતું અને તેના આગલા બે દિવસે એજ થીએટરમાં સવારના વહેલાં તે નાટકની 'રીહીઅર્સલ' રાખવામાં આવી હતી. આ નાટકમાં ભાગ લેતી નાની મોટી બહેનોને આ માટે સવારના સાત વાગે થીએટર ઉપર હાજર થવું જરૂરી હતું. મુંબઇમાં એ દિવસો કોમી ધર્ષણના હતા અને રાત્રે કરફયુ ઓર્ડર ચાલતો હતો. સાંજના વખતે સરળતાથી જરૂરી 'પ્રેકટીસ' થઇ શકે અને સવારના વહેલાં થીએટર ઉપર વખતસર પહોંચી શકાય એ હેતુથી ત્રણ રાત્રી માટે સંસ્થાના પ્રીન્સીપાલ બહેન, અન્ય બે ત્રણ શિક્ષિકાઓ તેમજ પચ્ચીશ ત્રીશ બહેનો માટે કન્યાશાળાના મકાનમાં સુવાની સગવડ કરવામાં આવેલી અને શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલને ત્યાં સાંજની જમવાના સગવડ કરી આપવામાં આવેલી. આટલી હકીકતને સંસ્થાના મંત્રી શ્રી ચીતુભાઇ લાલભાઇ શેઠ કન્યાશાળાના મકાનમાં પહેલે માળે કેટલાય સમયથી રહે છે એ બાબતને જોડી દઇને અનેક તર્ક વિતર્ક અને કુતર્કોથી ભરેલી અને સંસ્થાના પ્રમુખ શ્રી કાન્તિલાલભાઇ અને મંત્રી શ્રી ચીતુભાઇના ચારિત્ર્ય વિષે પણ સીધી તેમજ આડકતરી રીતે આક્ષેપો અને કટાક્ષો કરતી લેખમાળા માતૃભૂમિમાં તે પત્રના તંત્રી શ્રી ચીમનલાલ વાડીલાલ શાહ પ્રગટ કરી રહ્યા છે. એ લેખમાળાના પ્રત્યેક મુદ્દાનો અહિં વિગતવાર ઉત્તર આપવાનો કોઇ આશય નથી. પણ આવા લેખો વાંચીને સામાન્ય જનતા પ્રસ્તુત કન્યાશાળા કે તેના કાર્યકરો સંબધે કોઇ ભ્રમમાં ન પડે એ હેતૂથી મૂળ હકીકતો અહિં આપવી જરૂરી ભાસી છે. અનેક અનર્થોથી ભરેલી, સત્ય અને સભ્યતાની, સંયમ અને ઔચિત્યની સીમા વટાવી જતા લેખો વડે શ્રી માતૃભૂમિના તંત્રી જૈન સમાજનું ભારેમાં ભારે અકલ્યાણ કરી રહ્યા છે. સ્ત્રી કેળવણીના કાર્યને પોષતી એક ઉગતી સંસ્થા, તેની મુખ્ય અધ્યાપિકા, તેમાં ભણતી નિર્દોષ બહેનો, આવડી મોટી જવાબદારી વહન કરતા તેના પ્રતિષ્ઠિત અને ચારિત્ર્યશાળી કાર્યકર્તાઓ–આ સર્વ ઉપર તેમણે ઉપર જણાવેલ લેખોદ્વારા ફાવે તેમ કાદવ ઉડાડ્યો છે, અને આ કાર્ય માટે પોતાના હસ્તક ચાલતા સામાયિકોનો ઉપયોગ કરીને પત્રકારત્વને કલંકિત કર્યું છે. જૈન સમાજના જવાબદાર આગેવાનોએ તેમજ આજના પત્રકારોએ આવી મલીન લેખનીતિ સામે પોતાનો સખ્ત વિરોધ સ્પષ્ટ ભાષામાં રજુ કરવો જોઇએ અને ભોળી જનતા અનેક છળોથી ભરેલી તેમની વાણીથી ન ભરમાય એ માટે જાહેર જનતાને સાચું માર્ગદર્શન કરાવવું જોઇએ.

આપઘાત વિરૂદ્ધ આમરણાન્ત અનશન

સ્થાનકવાસી સંપ્રદાયમાં જૈન સાધ્વીઓને 'મહાસતી' કહેવામાં આવે છે. આવી એક મહાસતી શ્રી. રંભાકુંવરનું લગભગ ૯૦–૯૨

(અનુસંધાન પૃષ્ઠ ૯૮ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

ઓક્ટોબર ૧૫ ૧૯૪૫

અણુબૉંબનો મલકાટ

"સ્થુળ દૃષ્ટિએ અણુબૉંબ નવી વસ્તુ છે. નૈતિક દ્રષ્ટિએ અણુબૉંબ આજ સુધીમાં વપરાયેલા લડાયક સાધનોથી કોઇ જુદા પ્રકારની વસ્તુ નથી પણ તેની હિંસક શક્તિ અત્યંત ભયાનક અને આગળનાં હિંસક સાધનોથી પ્રમાણમાં ઘણી વધારે છે. એક ક્ષણમાં દશ લાખ માણસોનો એક સાથે સંહાર કરવાની ભયંકર શક્તિ ધરાવનાર આ બૉંબદ્વારા આ મહાન યુદ્ધ વિદાય થવા સાથે સમસ્ત જગતને એવી ચેતવણી આપતું ગયું છે કે હવે પછીથી કોઇ પણ માનવી ગમે તેટલા પવિત્ર કારણસર પણ આપણી જેમ કેવળ પવિત્ર માનવજીવનની રક્ષા કરવાના હેતુથી પણ પાપથી ખરડાયા સિવાય લડાઇની કલ્પના સરખી પણ કરી શકશે નહિ." (લંડનમાં સેટ પૉલના કેથેડ્રલમાં ઑગસ્ટ માસની ૯ મી તારીખે ઇશ્વરનો આભાર માનવાના સમારંભ પ્રસંગે કેન્ટરબરીના વડા ધર્મગુરૂએ ઉચ્ચારેલા ઉદ્‌ગારોમાંથી ઉધ્ધૃત.)

* * *

"હિટલર એ તે ગમે તેવો નીવડે પણ અત્યારે હિટલરશાહીનું રૂપ કેવું પ્રકાશી રહ્યું છે તે આપણે જાણીએ છીએ. નર્યા દયાહીન પશુબળનું ઝીણામાં ઝીણી વિગતની ચોકસાઇવાળું શાસ્ત્ર બનાવવામાં આવ્યું છે, અને તેનો વૈજ્ઞાનિક ઝીણવટ અને ચોકસાઇથી અમલ કરવામાં આવે એ આજે હિટલરશાહીનો અર્થ થઇ પડયો છે. એની અસર એવી નીપજે છે કે એની સામે ટક્કર ઝીલવી અશકય થઇ પડે છે × × × હિટલરશાહી એ સામી હિટલરશાહીથી કદી હારે એમ નથી. એમ કરવાથી તો પારાવાર ઉગ્રતાવાળી આંજના કરતાં કૈંક ચડિયાતી એવી હિટલરશાહી જ પેદા થવા પામે."

(ગાંધીજી, હરિજનબંધુ, તા. ૨૩-૬-૧૯૪૦).

* * *

"દરેક બ્રિટનવાસીને... હું અપીલ કરૂં છું કે ભલા થઇ તલવાર મ્યાન કરો અને પ્રજાઓ વચ્ચેના અરસપરસ સંબંધ તેમજ આપનોની સમજૂતીને સારૂ લડાઇને બદલે અહિંસાનો માર્ગ અખત્યાર કરો !

"તમારા રાજદ્વારીઓએ પોકારીને જાહેર કર્યું છે કે આ લડાઇ લોકશાસનની રક્ષાને ખાતર છે....મારો મુદ્દો એ છે કે લડાઇને અન્તે ગમે તે પક્ષ જીતે તોયે લોકશાસનનું પ્રતિનિધિત્વ કરવા કોઇ લોકશાસન જ રહેવા પામશે નહિ. આ લડાઇ માનવજાતિ ઉપર શાપ અને ચેતવણી રૂપે ઉતરી છે.

"આ લડાઇ શાપરૂપ છે, કારણ કે આજ સુધી કદી ન જાણેલી હદ સુધી એ માણસને હેવાન બનાવી રહી છે. એમાં લડનારા, ન લડનારા એવા ભેદભાવ ભુંસાઇ ગયા છે. કોઇ માણસને કે કોઇ ચીજને મૂકવાની વાત નથી.....

"આ લડાઇ ચેતવણીરૂપે પણ છે. ચેતવણી એમ કે માણસ... પશુજ બની જશે. સાચેજ, આજે એ પોતાના કરતૂકોથી હેવાનને પણ શરમાવી રહ્યો છે.....

"હું હથિયાર મ્યાન કરવા તમને અપીલ કરૂં છું. તમારે નાઝીવાદનો નાશ કરવો છે- અધકચરી રીતે એને સ્વીકારીને તમે તેમ કદી નહિ કરી શકો...તમારા સિપાઇઓને પણ જલદી જ તેમના (જર્મનોનાં) કરતાં વધુ નહિ તો તેમના જેવા પાંચરધા બન્યે જ છૂટકો. બીજી કોઇ સરતે તમારાથી લડાઇ જીતાવાની નથી. બીજા શબ્દોમાં કહું તો તમારે નાઝીઓને માથે પછાડો એવા ઘાતકી થવું રહ્યું. ગમે તેવા ન્યાય્ય કાર્યને સારૂ પણ અત્યારે...ચાલી રહી છે તેવી ઘાતકી ક્રિયાઓ કરવી પડે તે કાર્ય ધર્મ્ય કે ન્યાયસરનું કહી શકાય નહિ....

.....અસંખ્ય સુંદર મકાનો સાથેનો તમારો સુંદર ટાપુ પણ ભલે તેઓ કબજે લે. એ બધાનો તમે એમને સુખે કબજો લેવા દેજો. એક માત્ર તમારા આત્માનો કબજો ન આપજો. તમારા મનનો કબજો ન આપજો....તમે પુરૂષ, સ્ત્રી, બાળકો ભલે કતલ થઇ જજો, પણ એનું શરણું ન કબૂલજો." (ગાંધીજી, હરિજનબંધુ, ૭-૭-૧૯૪૦)

"પાશ્ચાત્ય લોકશાસન આજે જેવું છે તે સ્વરૂપમાં હળવા નાઝીવાદ કે ફાસીસ્ટવાદથી જુદું નથી. બહુ તો સામ્રાજ્યવાદની નાઝી કે ફાસીસ્ટ વળણોને ઢાંકવાનો એ માત્ર એક અંચળો છે." (ગાંધીજી, હરિજન બંધુ, ૧૮-૫-૪૦)

મહાભારતકાર વ્યાસ જણાવે છે કે પરાજયને પામેલા કૌરવોના બાકી રહેલા સેનાનીઓ કૃપાચાર્ય અને અશ્વત્થામા પાંડવ કૌરવો વચ્ચેનું યુદ્ધ ખલ્લાસ થઇ ગયા બાદ એક મધ્યરાત્રીએ પાંડવોની છાવણીમાં છુપી રીતે દાખલ થયા અને આખી છાવણીને તેમણે સળગાવી મૂકી અને પાંડવોના બાકી રહેલા નિદ્રાવશ સૈનિકોની કતલ કરી નાખી. આ વખતે શ્રી કૃષ્ણે અગમચેતી વાપરી તે રાતે પાંડવોનું કોઇ બીજા સ્થળે રહેવાનું ગોઠવ્યું ન હોત તો પાંડવોની પણ એજ દશા થાત. કૃપાચાર્ય ને અશ્વત્થામાના ઉપર જણાવેલા કાર્યને મહાભારતકારે સૌથી વધારે, હલકું અને વખોડવાયોગ્ય વર્ણવ્યું છે. જો આપણે કૃપાચાર્ય અને અશ્વત્થામાની અસહાય પરિસ્થિતિનો વિચાર કરીએ અને દુર્યોધનને મારી નાખવા માટે ભીમે જે વાંધાપડતી રીતો અખત્યાર કરી હતી અને મૃતપ્રાય બનેલા મુગટધારી રાજા પ્રત્યે જે દુષ્ટતામર્યો વર્તાવ કર્યો હતો તે જોતાં પાંડવો પ્રત્યે તેમને જે રોષ ઉપજ્યો હશે તેની સ્વાભાવિકતા આપણે ધ્યાનમાં લઇએ તો આજની યુદ્ધ-નીતિ આગળ આ બન્ને સેનાનીઓનું ઉપર જણાવેલ કૃત્ય આપણને એક બનેલ બીના હોવા ઉપરાન્ત જરા પણ વધારે વિચાર કરવા યોગ્ય લાગશે નહિ. પણ એ દિવસોમાં તો તેમને શિક્ષા કરવામાં આવી હતી, એટલું જ નહિ પણ તેમને કરવામાં આવેલી શિક્ષા પણ વિલક્ષણ પ્રકારની હતી. એ વખતના કાયદા મુજબ તેમને દેહાંત દંડની શિક્ષા થઇ શકે તેમ નહોતું, અને તેથી તે વખતના નીતિનિપુણ પુરૂષોએ તેમના માટે એ શિક્ષા જાહેર કરવાની હતી કે જે દેહાંતદંડ જેવીજ લેખાય, એમ છતાં તેમના પ્રાણને કશી પણ હાનિ થવા પામે નહિ. અશ્વત્થામાને તેની ચોટલી કાપીને બ્રહ્મબ્રુત્વ થી ભ્રષ્ટ કરવામાં આવ્યો, અને તેના માથામાં એક એવો સખ્ત પ્રહાર કરવામાં આવ્યો કે તે જીંદગીના અન્ત સુધી અસહ્ય શિરોવેદનાથી જ પીડાયા કરે. કૃપાચાર્ય કે જે આજના માર્શલ પેંતાથી પણ વધારે વયોવૃધ્ધ હતા અને જે પાંડવ તેમજ કૌરવ ઉભયના ગુરૂ હતા, તેમનું સખ્ત અપમાન કરીને તેમને દેશનિકાલ કરવામા આવ્યા અને કથામાં જણાવવામાં આવ્યું છે તે મુજબ તે બન્નેને ચિરંજીવ રહેવાનો શાપ આપવામાં આવ્યો. પરિણામે જે શાન્તિ મૃત્યુદ્વારા સૌ કોઇ પ્રાણીને પ્રાપ્ત થાય છે તે શાન્તિથી તેમને સદાકાળ વંચિત કરવામાં આવ્યા. કૃપાચાર્ય અને અશ્વત્થામા વિષે હિંદમાં એટલો બધો અભાવ અને અણગમો છે કે હું જાણું છું ત્યાં સુધી હિંદુઓમાં કોઇ પણ માતપિતા પોતાના બાળકનું કૃપાચાર્ય કે અશ્વત્થામા એવું નામ કદિ પાડતાં નથી. લોકમાન્યતા એવી છે કે તેઓ હજુ જીવતા જ છે.

યુદ્ધને લગતી નીતિના આ ધોરણ સાથે આજે આપણે આપણા કાળમાં જે નીતિનું ધોરણ નિહાળી રહ્યા છીએ તેની સરખામણી કરીએ. હીરોશીમા અને નાગાસાકી એ બે શહેરોનો નાશ આંખના

પલકારામાં કરી નાખવામાં આવ્યો અને છાપામાં સમાચાર આવ્યા કે જ્યારે અમેરિકન પ્રેસીડેન્ટે આ સમાચાર સાંભળ્યા ત્યારે તેમણે મલકાઈને દાંત દેખાડયા; તેઓ રાજી થયા. અને ચર્ચહીલ અને એટલી પણ રાજી થયા અને હું ધારું છું કે સ્ટેલીન પણ રાજી થયા હશે. સૌ કોઈ એમ સમજીને કે બે કે તેથી વધારે લાખ જાપાનીઝોને મારીને હજારો અમેરીકનો, અંગ્રેજો અને રશિયનોને બચાવી શકાયા.

માનવતા સામેના આ ભયંકર અપરાધનું પરિણામ શું આવશે? અમેરિકાના પ્રમુખે દાંત દેખાડયા તે મલકાટે જ હિટલરનો પુનઃ જન્મ જાહેર કરી દીધો. આજના ચીનના આગેવાનોનું ગમે તે વળણ હોય તો પણ આ બે શહેરોના આવા વિનાશના પરિણામે ચીન અને જાપાન વચ્ચે પહેલા કદિ સ્વપ્ને પણ સંભવતી નહોતી એવી ગાઢ મૈત્રી જો ઉભી થવા પામે તો મને આશ્ચર્ય નહિ થાય. જાપાનના પોતાના બળાત્કારથી જે સાધી ન શકાયું તે આ મોટી સત્તાઓ જ કદાચ જાપાનને સિદ્ધ કરાવી આપે. જે જીતથી ન થઈ શકયું તે હારથી થાય.

સુલેહ અને શાન્તિ! એને આવીને વસવાયોગ્ય સ્થાનજ કયાં છે? એશીયામાં, આફ્રીકામાં અને રંગીન પ્રજાઓ જ્યાં વસે છે એવા રાષ્ટ્રોમાં તો ખચિત છે જ નહિ. અને ગોરી પ્રજાઓમાં પણ તે શી રીતે વસી શકે? તો તો પછી ઘેટું વરૂઓ વચ્ચે પણ વસી શકે. દારૂગોળાના ભંડારો જ મુકત થવા માટે પોકાર કરી ઉઠશે. ચેતનાશકિતની મદદ વડે બનેલી સંહાર સામગ્રી ચેતનાવિહોણી છે એમ માની લેવું ભુલભરેલું છે. માણસની પ્રાણહાનિ અને મિલ્કતહાનિ કરવાના હેતુથી જ તે તૈયાર કરવામાં આવેલ છે અને એવી શકિતઓ જરૂર જન્મ લેશે કે જે ધરાદા પૂર્વક કે અજાણપણે એ હેતુને પાર પાડયા વિના નહિ રહે. મને તો પુરો ભય રહે છે કે ગઇ આખી લડાઇ દરમિયાન જાપાનીઝ શહેરોનો નાશ અને બીજું જે કાંઇ નુકશાન થયું છે તે સર્વ કરતાં પણ ઘણું વધારે નુકશાન એ અણુબોંબ અને એ લોકશાહી તથા મજુરશાહીઓના મલકાટથી થવાનું છે.

ગાંધીજીએ દુનિયાને વખતસર ચેતવી હતી. તે સો ટકા ડહાપણની સલાહ હતી. પણ કમભાગ્યે સો ટકા ડહાપણની સલાહ બહુ મોડું થવા પહેલાં ભાગ્યે જ માણસજાત ધ્યાનમાં લે છે. ઇશ્વર માણસને ડહાપણ તો આપે છે, પણ તે ડહાપણ કમનસીબે બા યે જ વખતસર આપવામાં આવે છે. લડાયક મનોદશાવાલા દેશો સંબંધે તો મને ભય રહે છે કે તેમણે સંપૂર્ણ નાશના પલ્લામાં પોતાનું ભાવી ખડકયું છે.

હિંદુસ્થાન હજુ પણ બચી શકે તેમ છે. તુરતના ભૂતકાળ સામે દૃષ્ટિપાત કરતાં સીમલા પરિષદ નિષ્ફળ નીવડી, અને આ મહાપાપની ધરાદાપૂર્વકની ભાગીદારીમાંથી હિંદની પ્રજા બચી ગઇ એ એક ઇશ્વરી કૃપા જ થઇ કહેવાય. જો રાષ્ટ્રીય પ્રધાનમંડળો આજે અમલ ઉપર આવી ગયા હોત તો અણુબોંબના હત્યાકાંડની જવાબદારીથી તેઓ દૂર રહી શકત નહિ. ગાંધીજીના ભાગે પણ આ મહાપાપની થોડી ભાગીદારીનો હીસ્સો આવ્યા વિના રહેત નહિ. જો કે આપણે તો આપણી અહિંસાની પ્રતિજ્ઞાનો એટલે સુધી પરિત્યાગ કરવાને તૈયાર થઇ ગયા હતા કે પોતે આ બાબતનો વિરોધ કરવા જેટલી તાકાત ધરાવતા નથી એમ ગાંધીજી પણ અનુભવી રહ્યા હતા, એમ છતાં પણ જે ઇશ્વરી કૃપાથી હિંદ આ વિગ્રહનું સ્વેચ્છાપૂર્વકનું ભાગીદાર બનતું બચી ગયું એ ઇશ્વરી કૃપામાં હું તો એક નવા ધર્મનાં અને નવી સંસ્કૃતિના જન્મની શકયતા જોઉં છું.

કિશોરલાલ ધ. મશરૂવાળા.

આળાં હૈયાં

પ્રબુદ્ધ જૈનના વાંચકોને પરિચિત ભાઈ વ્રજલાલ ધરમચંદ મેઘાણીની કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીમત રૂા. ૨॥ રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧॥ માં આપવામાં આવશે.

સંઘ સમાચાર

એક ગલીચ પત્રિકા

થોડા સમય પહેલાં 'જૈન યુવક સંઘ'ના નામથી પ્રગટ કરવામાં આવેલી 'આ નવયુગ જમાનામાં ચોર કોટવાલને દંડે તે કેમ નભાવાય' એ મથાળાની એક ગલીચ પત્રિકાનું બંડલ અમને ટપાલ મારફત મળ્યું હતું. સંભવ છે કે આ પ્રકારની પત્રિકા બીજી વ્યકિતઓના હાથમાં પણ આવી હોય. એ પત્રિકા છાપનાર પ્રેસનું પણ કશું નામનિશાન નથી. આવી બીનજવાબદાર પત્રિકાઓ જવાબદાર વ્યકિતઓ તેમજ સંસ્થાઓ સંબંધે સમાજમાં પાયાવિનાની ભ્રમણાઓ ઉભી કરતી હોઇને સમાજસ્વાસ્થ્યને અત્યન્ત હાનિકર્તા બને છે અને તેથી આવી પત્રિકાઓથી ચેતતા રહેવાની અને મુંબઇ જૈન યુવક સંઘના જવાબદાર અધિકારીઓની સહી વિનાના કોઇ પણ લખાણને કે ઉપર જણાવી તેવી બીન જવાબદાર રીતે પ્રગટ કરવામાં આવેલી કોઇ પત્રિકાને મુંબઇ જૈન યુવક સંઘ સાથે નહિ જોડવાની જૈન જનતાને અમારી ખાસ વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

ભૂલ સુધારણા

ગતાંકમાં શ્રી ચંદ્રોદયસાગરને ભાયખલાના ઉપાશ્રયમાં પ્રવેશબંધી ફરમાવતો ભાયખલાના મંદિર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓનો ઠરાવ તા. ૧૫-૯-૪૫ ના રોજ કરવામાં આવ્યો હતો એમ ભૂલથી જણાવવામાં આવ્યું છે. મજકુર ઠરાવ તા. ૨૨-૯-૪૫ ના રોજ કરવામાં આવ્યો હતો એમ સુધારીને વાંચવું. **તંત્રી, પ્રબુદ્ધ જૈન**

સંઘની પ્રવૃત્તિઓને દ્રવ્યસીંચન

તા. ૧૫-૯-૪૫ પછી જુદી જુદી વ્યકિતઓ તરફથી સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓમાં નીચે મુજબ રકમો મળી છે. આ યાદીમાં પર્યુષણ દરમિયાન જેનાં વચનો અપાયાં હતાં અને જે પાછળથી વસુલ થઇ છે એવી પણ કેટલીક રકમોનો સમાવેશ થાય છે.

રાહત પ્રવૃત્તિ

૧૦૧) એક બહેન
૧૦૧) ધી રૂબી થ્રેડ કું.
૧૦૦) શ્રી ચીમનલાલ પી. શાહ
૧૦૦) ,, રસિકલાલ માણેકલાલ પ્રેમચંદ
૫૦) ,, વલ્લભદાસ પ્રભુચંદ મહેતા
૫૦) ,, જેઠાલાલ રામજીભાઇ
૪૦) ,, કેસરીસિંહ અમૃતલાલ દલાલ

પર્યુષણ વ્યાખ્યાન માળા

૫૧) શ્રી સુમતિચંદ્ર શિવજીભાઇ.
૫૦) ,, સ્વરૂપચંદ એન. શ્રોફ.
૫૦) ,, ચીમનલાલ પી. શાહ.
૫૦) ,, વલ્લભદાસ પ્રભુચંદ મહેતા.

માવજત સાધન સામગ્રી

૧૩) એક ગૃહસ્થ તરફથી
૫) શ્રી કેશવલાલ ચંદુલાલ

શ્રી મ. ઝા. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

૨૫) શ્રી જેઠાલાલ રામજીભાઇ

પ્રબુદ્ધ જૈન

પ્રબુદ્ધ જૈનનો બહોળો ફેલાવો થાય તે હેતુથી યોગ્ય વ્યકિતઓને તેમ જ સંસ્થાઓને પ્રબુદ્ધ જૈન વિના લવાજમે મોકલવા માટે નીચે જણાવેલ રકમો મળી છે. આ રીતે દર ત્રણ રૂપીના હીસાબે લવાજમ ભરનાર વ્યકિત તરફથી તે જણાવે અથવા તો પ્રબુદ્ધ જૈનના સંચાલકો નકકી કરે તે વ્યકિતને યા સંસ્થાને એક વર્ષ સુધી પ્રબુદ્ધ જૈન વિના લવાજમે મોકલવામાં આવશે.

શ્રી ચત્રભુજ સુંદરજી દોશી ૨૫ લવાજમના રૂા. ૭૫
,, ચુનીલાલ કામદાર ૫ ,, રૂા. ૧૫
,, પ્રભુચંદ માણેકચંદ ૫ ,, રૂા. ૧૫

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

કેટલાક સમાચાર અને નોંધ (પૃષ્ઠ ૯૫ થી ચાલુ)

વર્ષની ઉમ્મરે આમરણાન્ત અનશનના પરિણામે ગયા જુલાઇ માસની ૨૬ મી તારીખે ૪૩ દિવસના ઉપવાસના પરિણામે અવસાન નિપજ્યું હતું. તેમના સંબંધમાં 'ચિત્રમય જગત્' જણાવે છે કે:

"આધુનિક કાળમાં આવા પ્રકારની ધાર્મિક નિષ્ઠાપૂર્વક પ્રાણ-ત્યાગ કર્યાના બનાવો ભાગ્યે જ બને છે. જ્યારે દેહ ઉપરની આસક્તિ છુટે છે અને આત્મતત્વમાં દૃષ્ટિ એકાગ્ર થાય છે, ત્યારે જ મોક્ષ-પ્રાપ્તિની ખરી તાલાવેલી લાગે છે. એક જૈન સાધ્વીદ્વારા આવું એક અસાધારણ દૃષ્ટાન્ત જે ધર્મને પાળતા સમાજમાંથી આપણને પ્રાપ્ત થાય એ ધર્મ ખરેખર ધન્ય છે. શ્રી રંભાકુંવરજીનો જન્મ માળવા પ્રાન્તમાં આવેલ પ્રતાપગઢમાં વસતા એક વૈષ્ણવ કુટુંબમાં થયો હતો. નવ વર્ષની ઉમ્મરે તેમનો વિવાહ થયો હતો અને તેર વર્ષની ઉમ્મરે તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું હતું. વૈધવ્યના પરિણામે તેમને વૈરાગ્ય આવ્યો અને કોઇ જૈન સાધુના ઉપદેશની તેમના ચિત્ત ઉપર ખુબ અસર પડી અને જૈન દીક્ષા લેવાનો તેમણે નિશ્ચય કર્યો. તેમના મા બાપે આ સામે વિરોધ કર્યો, પણ તેમનું કહેલું તેમણે માન્યું નહિ. પંદર વર્ષની ઉમ્મરે તેમણે જૈન દીક્ષા અંગીકાર કરી અને મરણપર્યંત જૈન મુનિએ દર્શાવેલ દીક્ષાવ્રતનું એક સરખી રીતે તેમણે આચરણ કર્યું. પગે ચાલીને વિહાર કરવો, ઇશ્વરના નામનો જપ કરવો, ગરીબગરબાંની સેવા સુશ્રુષા કરવી, અસંગ્રહ, અહિંસા, શાન્તિ, ત્યાગ, સંયમ વગેરે તત્ત્વોનું તેમણે પુરી કડકતાપૂર્વક પાલન કર્યું. છેવટે જૈન ધર્મની અનુજ્ઞા મુજબ આમરણાન્ત ઉપવાસ કરી પોતાના દેહનો ત્યાગ કર્યો. વિરક્તિ, ભક્તિ અને સંયમનું તેઓ મૂર્તિમંત ઉદાહરણ હતાં. છેલ્લા પંદર વર્ષથી તેઓ પુનામાં જ રહેતાં હતાં."

સાધારણ રીતે આવાં આમરણાન્ત અનશનો આપણને એક પ્રકારના હઠયોગ જેવા લાગે છે. એમ છતાં પણ લોકનિર્દિત આપઘાત અને આવા અનશન વચ્ચે આસમાન જમીનનો ફરક છે એ બાબત આપણા લક્ષ્ય બહાર રહેવી ન જોઇએ. આપઘાત સાધારણ રીતે વાસ્તવિક પરિસ્થિતિનો સામનો કરવાની અશક્તિ અને તાત્કાલિક આવેગનું પરિણામ હોય છે. માથા ઉપર આવેલી કોઇ આફતના કે કોઇ માનસિક મુંઝવણના અતિશયતાભર્યા ખ્યાલમાંથી જ આપ-ઘાતની ઘટના બનવા પામે છે. આપઘાત કરવાના પ્રયત્નમાં એક વાર માણસ ચુકે છે પછી તેનામાં આપઘાત કરવાની બીજી વખત હીંમત આવતી જ નથી. વળી એકાએક આવી ઉભેલા મૃત્યુને કોઇ ચોક્કસ આવેગ, લાગણી કે ભાવનાને વશ થયેલો માણસ ગભરાયા વગર પુરી વીરતાપૂર્વક સ્વીકારી શકે છે, પણ આમરણાન્ત અનશનના પરિણામે ધીમે ધીમે આવતા મૃત્યુને શાન્તિ અને સમભાવથી ભેટનાર માનવી વિરલ જ હોય છે. ઉપર જણાવેલ અનશન તો આપણા દિલમાં કોઇ જુદા જ આદર અને સન્માનની ઉર્મિ ઉત્તેજિત કરે છે. ૯૦-૯૨ વર્ષની ઉમ્મર એવી છે કે મૃત્યુ તો ગમે ત્યારે આવીને ઉભું રહે અને માનવીને આ સંસારમાંથી વિદાય લેવાની ફરજ પાડે. એમ છતાં પણ માનવીના માનસ ઉપર દેહનો અધ્યાસ એટલો બળવાન હોય છે કે માનવી સ્વેચ્છાએ આવતા મૃત્યુને સ્વીકારવાને ભાગ્યેજ તૈયાર હોય છે. આમ માથે ઝઝુમતું મૃત્યુ હુકમ કરે અને દેહનો ત્યાગ કરવાની ફરજ પાડે એના બદલે જ્યારે દેહની કાર્યશક્તિ અત્યન્ત ક્ષીણ થતી જતી લાગે, અને જીવન લંબાવવાનું કશું પણ પ્રયોજન ન ભાસે ત્યારે માનવ પ્રકૃતિમાં રહેલી સ્વાભાવિક જીજીવિષાને વશ ન થતાં મૃત્યુને પ્રેમપૂર્વક નિમંત્રણ આપવું, અન્ન જળનો સ્વેચ્છાએ ત્યાગ કરવો અને એમ કરતાં જ્યારે મૃત્યુની ઘડિ આવે ત્યારે મૃત્યુને પ્રેમપૂર્વક ભેટવું–એ અસાધારણ વીરતા છે, અને આવી વીરતા જેણે સ્થિતપ્રજ્ઞ જેવી સ્થિતિ પ્રાપ્ત કરી હોય તે જ માત્ર દાખવી શકે છે. આવું સ્વેચ્છાએ સમાધિમૃત્યુ સ્વીકારનાર પરમ પવિત્ર મહાસતી રંભાકુવરને આપણાં અનેક વન્દન હો!!!

એક વિલક્ષણ લગ્નવિધિ

તા. ૧૫-૯-૪૫ ના જ્યોતિર્ધરમાં સેવાગ્રામ ખાતે થયેલ એક લગ્ન વિધિનો નીચે મુજબ સાર આપવામાં આવ્યો છે :—

"સેવાગ્રામમાં ગાંધીજીએ થોડા દિવસ ઉપર ડો. એ. જી. તેન્ડુલકર અને શ્રીમતી ઇન્દુમતી ગુણાજીનું 'લગ્ન' કરાવી આપ્યું, એવા સમાચાર છાપામાં પ્રગટ થયા હતા. ગાંધીજીએ એ 'લગ્ન' કરાવી આપ્યું એનો અર્થ એ કે 'લગ્ન' પ્રતિજ્ઞાઓનો વિધિ ગાંધીજીએ યોજેલો હતો. આ લગ્નમાં કેટલીક 'અભૂતપૂર્વ' પધ્ધતિ અનુસરવામાં આવી હતી. પ્રથમ તો આ લગ્ન કરાવનાર પુરોહિતને સ્થાને બ્રાહ્મણ નહિ પણ સેવાગ્રામની હૉસ્પીતાલમાં કામ કરતા આંધ્રના એક હરિજન ગૃહસ્થ હતા. શ્રી. કાલેલકર અને શ્રી. વિનોબા ભાવેએ હિન્દુસ્તાનીમાં તૈયાર કરેલા લગ્નવિધિનો આ 'લગ્ન' માં આશ્રય લેવાયો હતો એ બીજો ફેરફાર હતો. સપ્તપદીને બદલે કન્યાને દશ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને તેના યોગ્ય ઉત્તરો મળ્યા પછી ગાંધીજીએ પોતે કાંતેલ સૂતરને તાંતણે એ બેને જોડયા હતા. પ્રતિજ્ઞારૂપ દશ પ્રશ્નો વરકન્યાને પુછાયા હતા તે નીચે પ્રમાણે છે :–

(૧) આજે તમે લગ્નગ્રંથીથી જોડાવા તૈયાર થયા છો, ત્યારે તમે માનસિક રીતે સ્વસ્થ છો ને?

(૨) તમે સાત યજ્ઞો (ગોપૂજા, જલપૂજા, આદી) કર્યા છે?

(૩) લગ્ન એ કામવાસના તૃપ્ત કરવાનું સાધન માત્ર નથી એમ તમે માનો છો?

(૪) તમે ધર્મભાવના, ત્યાગભાવના અને સેવાભાવનાથી લગ્ન સંબંધે જોડાઓ છો ને?

(૫) આથી તમે તમારા સેવાકાર્યમાં પરસ્પરને વિઘ્નરૂપ નહિ થવાની અને મનસા, વાચા, કર્મણા પરસ્પરને સહાય કરવાની પ્રતિજ્ઞા લ્યો છો?

(૬) હિન્દ સ્વતંત્ર ન બને, ત્યાં સુધી પ્રજોત્પત્તિ નહિ કરવાનો તમે પ્રામાણિક પ્રયાસ કરશો ને?

(૭) કહેવાતા અછૂતો સાથે એક પંગતે બેસી જમવામાં કે અછૂતો સાથે લગ્નસંબંધે જોડાવામાં તમે માનો છો? એવાં લગ્નોને તમે યોગ્ય ગણો છો?

(૮) સ્ત્રી અને પુરૂષોની સમાનતામાં તમને શ્રધ્ધા છે?

(૯) તમારો સંબંધ સેવક અને સેવ્યનો નહિ પણ મિત્ર તરીકેનો રહે એવું તમે માનો છો?

(૧૦) સાત યજ્ઞો સપ્તપદીને સ્થાને છે એવું તમે માનો છો?"

આ લગ્નવિધિ સૌ કોઇને અનુસરવા યોગ્ય છે એવું પ્રતિપાદન કરવાના હેતુથી અહિં આપવામાં આવી નથી. મારી દૃષ્ટિએ તો આજના કાયદા મુજબ 'સીવીલમેરેજ' કરવાની જે વિધિ છે તે એક સ્ત્રી અને પુરૂષને લગ્ન સંબંધથી જોડવા માટે પુરતી છે. તેમાં લગ્નના સ્થાયીત્વનું યોગ્ય સમર્થન છે તેમજ અસાધારણ સંયોગ નીચે તેમાં લગ્નવિચ્છેદને પણ અવકાશ છે. પણ આજે આટલી ટુંકી વિધિથી સામાન્ય જનતાને સંતોષ થતો નથી. સામાન્ય કરારનામાથી લગ્ન સંસ્કાર કોઇ વિશિષ્ટ વસ્તુ છે અને તેની સાથે અનેક ભાવનાઓ જોડાયલી છે એ સૂચવતી અને લગ્નઘટનાની ભવ્યતા દાખવતી કોઇ વિશિષ્ટ વિધિની સામાન્ય જનતા અપેક્ષા રાખે છે. જુની લગ્નવિધિ આજે કોઇને સંતોષતી નથી. નવી કોઇ લગ્નવિધિ હજુ સર્વસ્વીકાર્ય બની નથી. આવા સંયોગોમાં કાકાસાહેબ કાલેલકરે અને શ્રી. વિનોબા ભાવેએ યોજેલી અને ગાંધી-જીએ સંમત કરેલી લગ્નવિધિ જનતા જે કાંઇ શોધી રહી છે તે દિશાએ માર્ગદર્શક બનશે એવી કલ્પનાથી ઉપરની લગ્નવિધિનો સંક્ષિપ્ત-સાર આપ્યો છે. તેમાં લગ્ન કરાવનાર પુરોહિતના સ્થાને બ્રાહ્મણ નહિ પણ એક સેવાભાવી હરિજન ગૃહસ્થ હતા એ હકીકત ખાસ ધ્યાન ખેંચે તેવી છે અને સમાજનું કંઇ કાળથી ચાલી આવતું અને ચાતુ-વર્ણ્યના નામે રૂઢ બનેલું વર્ગીકરણ આમૂલ પુનર્ઘટના તરફ ગતિ કરી રહેલ છે એમ સૂચવે છે. વર્ણપ્રતિષ્ઠાના સ્થાને આ રીતે આજે સમાજ જીવનના અનેક પ્રદેશોમાં જે ગુણપ્રતિષ્ઠા થઇ રહી છે એ અનેક રીતે આવકારદાયક છે. **પરમાનંદ.**

ચંદ્રોદયસાગર પ્રકરણ અને જૈન સાધુઓનો શિથિલાચાર

મુંબઇ શહેરના જૈન સમાજના શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં ચંદ્રોદયસાગર પ્રકરણે ભારે ઉહાપોહ ઉપસ્થિત કર્યો છે. છાપાઓમાં આ પ્રકરણ સંબંધે નાના મોટા લેખો, પત્રકારોની મુલાકાતો અને જવાબદાર વ્યક્તિઓનાં નિવેદનો બહાર પડી રહ્યાં છે. ભાયખલાના મંદિર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓના ઠરાવો અનુસરીને વાલકેશ્વર જૈન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી તરફથી પણ એ મંદિરના ઉપાશ્રયમાં ચંદ્રોદયસાગરને દાખલ થવા દેવાની મનાઇ કરવામાં આવી છે અને સેન્ડહર્સ્ટ રોડ ઉપર આવેલા મંદિર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓની સભા પુરતા કોરમના અભાવે હજુ બોલાવી શકાઇ નથી, પણ બહારગામ ગયેલા ટ્રસ્ટીઓ મુંબઇ આવી પહોંચતાં કોરમની મુશ્કેલી દૂર થતાંવેંત ટ્રસ્ટીઓની સભા બોલાવવામાં આવશે અને તેઓ યોગ્ય પગલાં આવશ્ય લેશે જ એમ તેમનામાંના એક ટ્રસ્ટી શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીએ છાપા મારફત જણાવ્યું છે. ભાયખલાનાં ઉપાશ્રયમાં તેમણે ચલાવેલું ગેરવર્તન તો બહુ જાણીતું થઇ ગયું છે. પણ એ ઉપરાંત વાલકેશ્વર મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી ઝવેરી ભોગીલાલ લહેરચંદ મુંબઇ સમાચારના એક ખબર-પત્રી સાથેની લાંબી મુલાકાત દરમિઆન જણાવે છે કે "આ મુનિએ વાલકેશ્વરના ઉપાશ્રયમાં એક કરતાં વધારે વખત નહિ રહેવા યોગ્ય વર્તન ચલાવેલું છે અને તેની અમને સંગીન ખાત્રી થઇ ચુકી છે." બીજી બાજુએ પ્રસ્તુત મુનિ ચંદ્રોદયસાગરે ભાયખલાના ટ્રસ્ટીઓને પોતે કયા મહાવ્રતનો ભંગ કર્યો છે તે બાબત સ્પષ્ટ કરવાની સોલીસીટરની નોટીસ દ્વારા માંગણી કરી છે. આમ આખો કીસ્સો કોર્ટના આંગણે ધસડાય અને મહારાજા બાઇબલ કેસની એક નાની આવૃત્તિ જન્મ પામે એવી સંભાવના ઉભી થઇ છે.

આ પ્રકરણે જૈન સાધુઓમાં જ્યાં ત્યાં નજરે પડતા અને અવારનવાર સાંભળવામાં આવતા શિથિલાચારના બનાવો તરફ આખા જૈન સમાજનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને સાધારણ રીતે સ્થિતિ-ચુસ્ત ગણાતા અને ઘરની વાત ઘરમાં સમજી લેવી અને સમાવી દેવી એવી વૃત્તિ અને વળણવાળા લેખાતા કેટલાક આગેવાનોનાં દિલ પણ ચંદ્રોદયસાગરને લગતી ઘટનાથી આજે હલી ઉઠયાં છે અને સમગ્ર સાધુ સમાજમાં આજે વ્યાપક બની રહેલા સડાનો જરા પણ ઢાંકપીછોડો કરવો ન જોઇએ એ મતલબના ઉદ્‌ગારો તેમના તરફથી પ્રગટ થઇ રહ્યા છે. દાખલા તરીકે શાસનપક્ષના કટ્ટર આગેવાન શેઠ જીવતલાલ પરતાપસી તા. ૧-૧૦-૪૫ મી ના મુંબઇ સમાચારમાં જણાવે છે કે:—

"હાલમાં બનેલા ચંદ્રોદયસાગરના બનાવથી તેમજ ભુતકાળમાં કોઇ વખતે ખુણે ખાંચરે આવી બાબતની અફવાઓ સાંભળવામાં આવે છે ત્યારે અતિ દુઃખ થાય છે. અને તે કરતાં વધારે તો જ્યારે પક્ષાપક્ષીના કારણે સાધુપણામાં મહાવ્રતનું ખંડન કરનારની પડખે ચડી તેને ટેકો આપી રહ્યાનું જોતાં શાસનની થતી હેલના અને સમાજ વિનાશના પંથે ધસડાઇ રહેલું જોઇ પારાવાર દુઃખ થાય છે. આવા પ્રસંગો અગાઉ કવચિત બની ગયેલ હોવાનું કહેવાય છે અને તેવા વખતે ધર્મનિષ્ટ પુરૂષોએ શુધ્ધ આશયથી શાસનની હેલના ન થવાના કારણે દબાવી ચલાવેલ, પણ તેનું પરિણામ આજે શું આવ્યું છે તે સમાજ સમજી શકે છે અને આજે પણ જો અગાઉના દાખલાને લઇને ઉપસ્થિત બનેલ બનાવને દબાવી દેવામાં આવે તો તેનું પરિણામ કેટલું ભયંકર નીવડે તે નહિ કલ્પી શકાય તેમ છે, અને તેથી આ સમયે ધર્મનિષ્ટ માણસોએ શુધ્ધ ભાવનાથી પક્ષાપક્ષીમાં ગયા સિવાય જ્યાં જ્યાં આવો સડો દેખાય અને પુરવાર થાય ત્યાં તેને ખેંચી કહાડી નાંખેથી આ પવિત્ર સંસ્થાની પવિત્રતા જળવાઇ રહે એજ શુભ ભાવના. શાસનદેવ સર્વને સદ્‌બુધ્ધિ આપે!"

એવીજ રીતે દેશવિરતિ ધર્મારાધક સમાજના પ્રમુખ શ્રીમાન કાન્તિલાલ ઇશ્વરલાલ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના રજત મહોત્સવને લગતી જાહેર સભાના પ્રમુખસ્થાનેથી વ્યાખ્યાન આપતાં જણાવે છે કે "આપણા કેટલાક સાધુઓના શિથિલાચારનાં પ્રકરણો વર્તમાન પત્રોમાં નજરે પડે છે ત્યારે તો મને તળાજા પ્રકરણ જેટલીજ કંપારી છૂટે છે. મૂર્તિખંડન અને સાધુના ચારિત્રખંડનમાં જરા પણ ફેર સમજવાની મારી સામાન્ય બુધ્ધિ ના પાડે છે. જૈન ધર્મને ટકાવી રાખનાર આપણો સાધુ વર્ગ છે તેવું મેં જાહેર પ્લેટફોર્મ ઉપરથી ઘણી વખત કહ્યું છે. તેટલા જ માટે આ વર્ગ પવિત્રમાં પવિત્ર રહે એ જોવાની આપણી પહેલામાં પહેલી ફરજ છે. 'આવાં પ્રકરણોને યોગ્ય ન્યાય આપવાનો સૌથી પ્રથમ અધિકાર દરેક સંઘાડાના આચાર્યોનો છે. સાધુસમાજની મર્યાદા જો આપણા ગૃહસ્થવર્ગ કરતાં અનેક રીતે ઉંચી છે. એટલે આવી હકીકતો ઉપર છેલ્લા નિર્ણય ઉપર આવવામાં ગૃહસ્થ વર્ગ કરતાં તેને વધારે સમય લાગે તે બનવા જોગ છે. પણ કમનસીબે આટલી ધીરજ ગૃહસ્થ વર્ગે રાખ્યે જ છુટકો છે. આવા સમયની મર્યાદા પછી જો સાધુવર્ગના અધિકારીઓ જરા પણ સમય બરબાદ કરે અથવા ઢાંકપીછોડો કરવા પ્રયત્ન કરે તો જરૂર ગૃહસ્થવર્ગે આ કાર્યમાં સંગઠ્ઠન કરી પક્ષાપક્ષી ને ભેદને તિલાંજલિ આપી યોગ્ય ન્યાય આપવાનું કાર્ય હાથ ધરવા જેવું છે. આવા મહત્વના કાર્યોમાં સાધુવર્ગના અધિકારી કે સમાજની જવાબદાર વ્યક્તિઓ ઢાંકપીછોડો કરવા પ્રયત્ન કરે તો જૈન શાસનને જોખમમાં મૂકવાનું પાપ તેઓ પોતાને માથે વહોરે છે."

એવી જ રીતે અનેક જૈન સંસ્થાઓ, તેમજ દેરાસર-ઉપાશ્રયના ટ્રસ્ટી શેઠ ભોગીલાલ લહેરચંદ તા. ૩-૧૦-૪૫ ના મુંબઇ સમાચારમાં જણાવે છે કે:-

"સાધુસંસ્થામાં આવો જે સડો પેઠો છે તે ઢાંકપીછોડો કરવાની નીતિરીતિને જ આભારી છે અને સમાજ જો જાગૃત થઇ જાય તો આ સડો વધતો અટકશે. તો સમાજે આ બાબતમાં સંગઠિત બનીને કડક હાથે કામ લેવું જોઇએ. આવા બનાવમાં પગલાં લેવાથી શાસનની હેલના થશે એમ માનીને ઢાંકપીછોડો કરનારાઓ જ શાસનની મોટી કુસેવા કરી રહ્યા છે."

સુધારક વર્ગની આ બાબતમાં શી માન્યતા અને કેવું વળણ છે એ તો બહુ જાણીતું છે. સાધુઓનો સડો દૂર કરવાની બાબતમાં આવી રીતે જુના અને નવા, મધ્યસ્થ અને ઉગ્ર ગણાતા સર્વ આગેવાનોની એકવાક્યતા અત્યન્ત આવકારદાયક છે. એ બધાંની પાછળ એકજ મન્તવ્ય નજરે પડે છે કે આજસુધી આપણે આવી બાબતમાં બહુ ઢાંકપીછોડો ચલાવ્યો; અને પરિણામે સડો જ વધતો ચાલ્યો. હવે આ ઢાંકપીછોડાની નીતિ છોડીને સડો દુર કર્યેજ છુટકો છે. જૈન સાધુની બીજી કોઇ પણ ત્રુટિ ચલાવી લેવાય નીભાવી લેવાય, પણ શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલના શબ્દોમા ચારિત્રખંડન કરનાર સાધુ મૂર્તિખંડન કરનાર કરતાં જરા પણ ઓછા ગુનેહગાર નથી એમ સમજીને કોઇપણ સાધુની ચારિત્રત્રુટિ નીભાવી કે સહન કરી શકાય જ નહિ.

વિચાર પ્રદેશમાં રહેલી આવી મક્કમતા અને દૃઢતા જૈન સમાજના આગેવાનો ગેરવર્તન ચલાવતા સાધુઓ સામે કામ લેવામાં અને તેમનું નિયમન કરવામાં યથાર્થપણે દાખવે અને, તેવા પ્રસંગે 'આ મારા સાધુ અને આ અન્યના સાધુ' એવી કોઇ પક્ષાપક્ષીમાં ન ઉતરતાં પોતપોતાના સત્તાક્ષેત્રમાં અને વર્ચસ્વના પ્રદેશમાં આવતા શિથિલાચારી સાધુઓ સામે કડક હાથે કામ લેવા માંડે એજ આપણી સમાજના સ્થિતપ્રતિષ્ટ આગેવાનો પ્રત્વે આપણી અપેક્ષા છે. આપણે કેવળ વાણીશૌર્યથી આગળ વધી શકવાના નથી કે સાધુઓનો સડો દૂર કરી શકવાના નથી એ આપણે કદિ ન ભૂલીએ તેમજ તેઓ પણ ન ભૂલે.

પરમાનંદ

ભગવાન મહાવીરનો ત્રિવિધ સંદેશ (પૃષ્ઠ ૯૪ થી ચાલુ)

લાત મારે તો શરીરની કેવી દુર્દશા થાય? અનેકાંત કોઇનું પણ ખંડન ન કરે. માત્ર હિંસા, અસત્ય કે પાપનું જ ખંડન કરે. તે સર્વધર્મ સમભાવનો પાઠ શીખવે છે.

ભગવાન મહાવીરના આ સિદ્ધાંતો અમલમાં મુકવાના છે. એ કંઇ પૂજવાની વસ્તુઓ નથી. એની મૂર્તિ બનાવી ઘરમાં બેસાડી ઘરને મંદિર બનાવવાની જરૂર નથી. એના ગીતો બનાવી પુસ્તકોમાં લખી તેના પર ફુલ ચડાવવાની પણ આવશ્યકતા નથી. પરન્તુ અન્યના દ્રષ્ટિકોણને સમજીને, સહિષ્ણુ બની, જડવસ્તુના અનુપયોગી સંગ્રહને ફેંકી દઇ, કોઇને સતાવ્યા વિના જીવનવ્યવહાર ચલાવવો એજ તે સિધ્ધાંતોની સાચી પૂજા છે. દુનિયાનાં શાન્તિતરસ્યા લોકો નમ્ર થઇ, નિર્લોભ થઇ, નિરહંકાર થઇ, જ્યારે આ દિવ્ય સંદેશ અમલમાં મૂકશે ત્યારેજ દુનિયામાં શાન્તિનું સામ્રાજ્ય સ્થપાશે.

મહાસતી ઉજ્જવળકુમારી

(ત્યાર બાદ સભાના અધ્યક્ષ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ આપેલ વ્યાખ્યાનનો નીચે સંક્ષિપ્ત સાર રજુ કરવામાં આવે છે.)

સાધ્વી શ્રી ઉજ્જવલકુમારીજીએ ત્રણ મુદ્દાઓ ઉપર જે સરલ અને સ્પષ્ટ વિવેચન કર્યું છે તેને હરકોઇ સરળતાથી સમજી શકે તેવું છે. તે બદલ હું મારા તરફથી અને સંઘ તરફથી તેમનો આભાર માનું છું. ગયે વર્ષે સાધ્વીજી ગાંધીજીને રોજ બીરલા હાઉસમાં મળતાં. તેમની સાથે અહિંસા અને તેને લગતા મુદ્દાઓ વિષે ચર્ચા કરતાં. મારો પણ સાધ્વીજી સાથે પરિચય તે વખતે તાજો જ હતો. હું તેમની અને ગાંધીજી વચ્ચે થયેલી ચર્ચાઓ વિષે તેમનીજ પાસેથી કાંઇક જાણી લેતો. તેના સંસ્કારો મારા મન ઉપર પડેલાજ છે. તેને ધ્યાનમાં રાખી અત્યારે તેમના પ્રવચન-શ્રવણ ઉપરથી જે વિચારો સ્ફૂર્યા છે તેનેજ ટૂંકમાં દર્શાવવા ધારું છું.

જે અનેકાંત અહિંસા અને અપરિગ્રહની પૃષ્ઠભૂમિકા છે તે અનેકાંત કેવળ શાસ્ત્રીય વાદોના સમન્વયમાં જ સમાતો નથી. તે તો જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શે છે. વ્યવહાર જીવનની દરેક બાજુને અવિવેકી આત્યંતિકતા તરફ ઢળતાં રોકવી એ જ સાચી અનેકાંત દૃષ્ટિ છે. એવી દૃષ્ટિ ન હોય તો અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતો વ્યક્તિગત અને સામાજિક જીવનમાં વિકૃત થયા વિના રહે જ નહિ. સામાજિક જીવનને સંવાદી અને સુરીલું બનાવવા માટે આ ત્રણે સિદ્ધાંતો અગત્યના હોઇ તે સમગ્ર જીવનમાં ધ્રુવ સ્થાને છે. આમ છતાં અને તે ઉપર વારંવાર થતાં વિવેચનો સાંભળવા છતાં આપણે જ્યાંના ત્યાં છીએ, તેનું શું કારણ? એ પ્રશ્ન મારી પેઠે સૌને થતો હશે.

એના ઉત્તરનો ઊંડો વિચાર કરતાં એમ લાગે છે કે આપણે સિધ્ધાંત અને તેના બાહ્ય ખોખા વચ્ચેનું અંતર જાણી શકયા નથી. એટલે એક કાળે તેવા સિદ્ધાંતોને જીવનમાં સિધ્ધ કરવા અમલમાં મૂકાયેલા અને અત્યારે નિરર્થક બની ગયેલા આચારોના ચીલાનેજ અનુસરી આપણે તેવા સિધ્ધાંતો પ્રમાણે જીવન જીવ્યાનો ખોટો સંતોષ માની લઇએ છીએ અને પ્રસંગ આવે ત્યારે તે સિધ્ધાંતોનું ગૌરવ ગાઇ પાછા એજ નિરર્થક સિધ્ધ થયેલ બાહ્ય આચારના ખોખાનો બચાવ કરીએ છીએ.

ભગવાન મહાવીરે અહિંસા અને અપરિગ્રહના જીવનગત બીજોને વિકસાવવા તેમજ સિદ્ધ કરવા ઘરબાર છોડયાં, જંગલનો રાહ લીધો અને બીજાના શ્રમ ઉપર જીવવાનું બાજુએ મૂકી માત્ર સ્વાવલંબી અને સહિષ્ણુ ત્યાગી જીવન સ્વીકાર્યું. તેમણે એ જીવનદ્વારા તે કાળે અનેકાંત દૃષ્ટિ અને અહિંસા-અપરિગ્રહ સિદ્ધ કરી તેનો વારસો બીજાને આપ્યો. પણ અનુયાયીઓ બદલાતી પરિસ્થિતિમાં પણ ભગવાનના તે વખતના બાહ્ય જીવનના ખોખાનેજ વલગી રહ્યા અને ઊંડાણથી એ જોવું ભૂલી ગયા કે વસ્તુતઃ મૂળ સિદ્ધાંતો પ્રમાણે જીવન જીવાય છે કે નહીં. પરિણામ એ આવ્યું કે ભગવાનના સીધા વારસદાર ગણાતા ત્યાગીઓ જ એ ધ્રુવ સિદ્ધાંતથી સાવ વેગળા જઇ પડયા. અને હજારો વર્ષ પહેલાના ત્યાગીના આચાર-બોખાને મજબુતપણે વળગી રહ્યા. ગૃહસ્થો કે જે મુખ્યપણે ત્યાગીઓના જીવનને આદર્શ માની ચાલે છે અને તેમનું અનુકરણ કરે છે તેઓ પણ એવાજ શુષ્ક આચારના બોખાને મજબુતપણે વળગી રહ્યા અને અનેકાંત તેમજ અહિંસા-અપરિગ્રહની જાગતી દૃષ્ટિજ લગભગ ગુમાવી બેઠા.

બીજાના શ્રમ ઉપર ન જીવવાની દૃષ્ટિએ કયારેક યોજાયેલો અનગાર-માર્ગ આજે એટલો બધો વિકૃત થઇ ગયો છે કે તેનું પાલન એક માત્ર બીજાના શ્રમને જ આભારી થઈ ગયું છે. ઉઘાડે પગે ચાલવું, હાથે વાળ ખેંચી લઇ લોચ કરવો વગેરે કઠણ આચારો અને મીલમાં તૈયાર થયેલ ઝીણાં તેમજ રેશમી-ભોગી જનને શોભે તેવાં-કપડાં એ બેનો ત્યાગીજીવનમાં મેળ શો? એ વિચારવું ઘટે છે. અહિંસા અને અપરિગ્રહ માટે જ નગ્નત્વ કે અર્ધનગ્નત્વ સ્વીકારનાર ત્યાગી-વર્ગ જમાનો બદલાતાં વસ્ત્ર ધારણ કરે અને શહેરમાં પણ રહે તો તે એ જ સિદ્ધાંતને અનુસરી પોતાનાં કપડાં પોતે તૈયાર કેમ ન કરે? આ પ્રશ્ન અઘરો અને ધર્મઘાતક લાગતો હોય તો તેનું કારણ એ છે કે આપણામાં એ ધ્રુવ સિદ્ધાંતો વિષેની સાચી અને ઊંડી સમજણ જ નથી. નિર્દોષ ગણાય એવા નિરક્ષરતા-નિવારણ અને સામાજિક જ્ઞાનદાનનું કાર્ય કોઇ ત્યાગી જવાબદારીપૂર્વક કરે તો તેને સમાજ ત્યાગચ્યુત થયેલ માને છે. આનું કારણએ છે કે આપણે નિવૃત્તિને જ પૂર્ણ ધર્મ માની લીધો અને એ ભૂલી ગયા કે દોષનિવૃત્તિ એ તો ધર્મ માત્રની એક બાજુ જ છે અને તે પણ સામાજિક કલ્યાણની પ્રવૃત્તિ કરવાની માત્ર પ્રાથમિક શરત છે. પરિણામે સત્પ્રવૃત્તિનો આગ્રહ જતાં જ નિવૃત્તિ પણ બનાવટી બની ગઇ. ગૃહસ્થો કાળાં બજાર અને શોષણ કરે તે તેમનો દોષ છે જ, પણ એ જાણવા છતાં એવી આવકમાંથી ત્યાગી જીવન પોષવું એ શું કાળાં બજાર અને શોષણથી ઊતરતું છે? ત્યાગીઓ ગૃહસ્થોના ધંધાને દૂષિત કહે છે જ્યારે ગૃહસ્થો ઊડે ઊંડે સમજતા હોય છે કે ધંધો દૂષિત છે, પણ એની શુધ્ધિ ત્યાગીઓના પોષણદ્વારા થઇ જાય છે. એટલે સામાજિક અશુદ્ધિનું ચક્ર ચાલુજ રહે છે.

પરિસ્થિતિ બદલાતાં સિદ્ધાંતની વ્યાખ્યા બદલવી જરૂરી બને છે એનો એક દાખલો વિચારીએ. સ્વદારસંતોષ એ ગૃહસ્થોનું બ્રહ્મચર્ય વ્રત છે. હવે આજે આવા વ્રતને ધારણ કરનાર કોઇ ગૃહસ્થ પરસ્ત્રી તરફ કદી પણ નજર ન કરતાં માત્ર સ્વસ્ત્રીમાં સંતુષ્ટ રહે અને તે પોતે પોષણ અને સંસ્કાર દાનનો પ્રબંધ કરી ન શકે એટલી સંતતિ પેદા કર્યા કરે તો દેખીતી રીતે તે સ્વદાર-સંતોષનું વ્રત પાલવા છતાં તાત્ત્વિક રીતે તેનો ભંગજ કરે છે, એમ આજની પરિસ્થિતિમાં કહેવું જોઇએ, કારણ કે સ્વસ્ત્રીમાં સંતુષ્ટ રહેવું એ તો સ્વદાર સંતોષનો અર્થ છે જ, પણ તેથી આગળ વધી એમાં એ પણ ગર્ભિત અર્થ સમાયેલો છે કે પોતાનું, સંતતિનું અને સમાજનું જીવન ન વણસે એટલી જ હદે દામ્પત્ય જીવનમાં જાતીય સંબંધને અવકાશ આપવો.

સાધ્વીજીએ કહ્યું કે કુમારિલ ભટ્ટે બુધ્ધ અને મહાવીર જેવા ક્ષત્રિયોના મુખેથી ઉપદેશાયેલી અહિંસાને ચર્મપાત્રમાં ભરેલ દૂધ જેવી કહી છે. તેમનું આ કથન સાચું છે; પણ આ ઉપરથી શ્રોતાઓ રખે એમ માની લે કે બ્રાહ્મણ કુમારિલે મહાવીર જેવા અહિંસક ક્ષત્રિયોની નિંદા કરી છે અને તેથી બ્રાહ્મણો માત્ર નિંદકજ છે. વાત એમ છે કે કુમારિલ તો સાતમા સૈકામાં થયા, જ્યારે તેથી કેટલીયે શતાબ્દિઓ પહેલાં જૈનોએ બ્રાહ્મણ કુળને અંતપ્રાંત અને તુચ્છ કુળ કહેલું છે. કુમારિલે જૈનોએ બ્રાહ્મણકુળ ઉપર કરેલ આક્ષેપનો ઉત્તરજ આપ્યો છે અને આગળ જતાં બારમા સૈકામાં આ. હેમચંદ્રે કુમારિલને તેથીયે વધારે સખત જવાબ આપ્યો છે. તેથી આપણે અહિંસક દૃષ્ટિએ તો એ વિચારવું ઘટે કે ગમે તે પક્ષ તરફથી આક્ષેપ શરૂ થાય પણ એમાં તટસ્થજ રહેવું જોઇએ અને બીજા કરતાં પોતાનાજ દોષોને જોવાની વૃત્તિ કેળવવી જોઇએ. **પંડિત સુખલાલજી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૨૩

મુંબઈ: ૧ નવેમ્બર ૧૯૪૫ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૪

"विषम् अपि अमृतायते"

[તા. ૧૧ મી સપ્ટેમ્બરને દિવસે નેશનલ થીએટરવાળાઓ તરફથી મીરાં નામની એક નૃત્યનાટિકા ભજવાઈ. નૃત્ય મારફતે નાટ્યની અસર પેદા કરવાનો એ એક સારો સરખો નવો પ્રયોગ હતો. નૃત્ય અને નાટ્ય એ બંને કળા કેવળ ધંધાદાર લોકોના હાથમાં જ રહે તો સમાજની તે તે કળાઓ મારફતે સંસ્કારિતા મેળવવાની તક ન મળે. એ ઉણપ દૂર કરવા માટે સંસ્કારી સમાજનાં સ્ત્રીપુરૂષો શૌખ તરીકે એ કળાઓ કેળવવા લાગ્યા છે એ આનંદની વાત છે. મીરાંની નૃત્યનાટિકા આ જ ઢબનો પ્રયોગ હોઇ, એની ખૂબી સમજાવવાની દૃષ્ટિએ મારા મિત્રો સાથે એ જોવા ગઇ ગયેલા. ત્યાં મીરા રાણાજી તરફથી મોકલેલો ઝેરનો પ્યાલો હાથમાં લઇ એ ભગવાનને બારણે રાખે છે, અને રાધેશ્યામની ધુનમાં તલ્લીન થઇને નૃત્ય કરે છે, અને પછી જ્યારે રાધેશ્યામ સાથે તદાકાર થવા સુધી ધુનની અસર ચઢે છે, ત્યારે પ્યાલામાંનું ઝેર પી જાય છે. એ નાટિકામાં ભાગ ભજવતી બહેનો સાથે ઉપરના પ્રસંગના રહસ્યની ચર્ચા કરતાં જે વિચાર ઉપજ્યો, તે જ અહિં નોંધેલો છે. મીરાંની જીવનસિદ્ધિનું રહસ્ય આમાં આવી જાય છે એમ હું માનું છું.

કાકા કાલેલકર]

મીરાંને ખબરે નહિ કે એની પાછળ કેવું ઝેરી કાવતું રચાયું છે. એને ખબર હતી કે રાણાજીનો પંથ ન્યારો છે, અને પોતાનો પંથ જૂદો છે. એને કારણે જે કલેશ પેદા થયો હતો તે તો એ કયારની પી ચૂકી હતી. એણે માન્યું હતું કે સંસારની અસંખ્ય વહુઓ જેમ સહન કરે છે તેમ આપણે પણ આ કલેશ સહી લઇશું. આપણા માટે તો એ કલેશ જેવો રહ્યો જ નથી. જ્યાં સર્વ જગ ખારૂં થયું છે, ત્યાં રાણાજીની કડવાશ વધારે શું અસર કરવાની હતી? પણ રાજા લોકો તો જાણે છે કે એમની પાસે દરેક અગવડ માટેનું છેલ્લું ઓસડ મરણ જ છે. મરણ કેટલું નિર્વીર્ય છે એ સમજી લેવા જેટલી બુદ્ધિ સત્તા આગળ હોતી જ નથી. દુનિયાના પ્રારંભથી આજ સુધી, મરણની મદદથી કોઇએ સારી કે નરસી એકે વસ્તુનો નાશ કર્યો નથી. આવેલું મરણ અથવા આપેલું મરણ બધી રીતે નિષ્ફળ નીવડે છે. સ્વેચ્છાએ સ્વીકારેલું મરણ અને વધાવી લીધેલું મરણ એ જ જીવનની પરિપૂર્તિ છે. એ જ જીવનની કૃતાર્થતા છે. એવું મરણ જ અમરતાનું એક માત્ર બારણું છે.

રાણાજીએ મરણ વાટે મીરાંની અગવડ મટાડવાનો વિચાર કર્યો અને એને માટે ઝેરનો પ્યાલો મોકલી દીધો.

અહિં મીરાં શ્યામસુંદરના ધ્યાનમાં અને રાધેશ્યામની ધુનમાં મગ્ન હતી. એની આગળ જ્યારે ઝેરનો પ્યાલો આવ્યો ત્યારે એ શું છે એ સમજવા પૂરતી એ નીચે ઊતરી, એને ખબર પડી કે રાણાજી અકળાયા છે, એને એના પ્રાણ લેવા છે. કોઇ માણસ આપણી પાસે આપણાં ઘરનો કચરો ભરવા આવે ત્યારે જેમ "હાશ, સારૂં થયું, ઘરની અગવડ ગઇ અને કોકને એનો ઉપયોગ થયો," એવી લાગણી પેદા થાય છે, તેવી જ રીતે મીરાંને થયું. એ જાણતી હતી કે એના શરીરમાં રમતા પ્રાણ એ કાંઇ જ વસ્તુ નથી. હવાનું કેવળ ચલનવલન છે. એ તો કોઇના હાથમાંયે આવવાના નથી. એનાં હૃદયનાં પંચપ્રાણ તો એણે એના રાધેશ્યામને કયારના અર્પણ કર્યા હતા. એ પ્રાણો સુધી દુનિયાના કોઇ પણ રાણાજીની પહોંચ હતી નહિ.

રાણાજીનો હેતુ સમજતાંવેંત મીરાંએ ઝેરનો પ્યાલો હાથમાં લીધો, અને મંદિરની મૂર્તિ આગળ ભક્તિભાવે મૂકી દીધો.

પ્યાલો મૂકીને એણે પોતાનું ધ્યાન, પોતાની ધુન, અને એની સાથેનું સર્વાંગીણ નૃત્ય ચાલતું રાખ્યું.

એ વખતે મીરાંના ધ્યાનમાં શું ચાલતું હતું? કૃષ્ણની ધુનથી નીચે ઉતરાય જ નહિ. અને રાણાના સંકલ્પના અર્ક રૂપી એ ઝેરને પણ ભૂલાય નહિ. એ દ્વૈત વચ્ચે મીરાંએ રસ્તો શી રીતે કાઢયો હશે? ધ્યાનમાં દ્વૈત ચાલે નહિ, અને અહિં તો આ બે વસ્તુમાંથી એકેનો તિરસ્કાર કરાય નહિ.

મીરાંએ મનમાં કહ્યું–

'આ રૂપે આવ્યા છો, મારા શ્યામ? આ ઝેરનો રંગ શ્રી કૃષ્ણના રંગથી જરાય જૂદો નથી. હળાહળે વિશ્વનો સંહાર કર્યો, શ્રી કૃષ્ણે પણ મારી દુનિયાનો કયારનો નાશ કર્યો. એ અદેખાએ મારે માટે કશું જ રહેવા ન દીધું. બસ એકલા પોતે જ રહેવા માગે છે. મને લાગતું હતું કે અમે બે છીએ–શ્રી કૃષ્ણ અને એની મીરાં. પણ એ તો મીરાંને પણ કેમ રહેવા દે? હોય તો એ કૃષ્ણ જ હોય. આ ઝેર શરીરનો નાશ કરશે અને આત્માને મુકત કરશે. શ્રી કૃષ્ણ પણ બીજું શું કરે છે? દુનિયાને નષ્ટ કરે છે. માટે જ તો એને 'હરિ' કહે છે, 'જનાર્દન' કહે છે, 'ભવરોગદન' કહે છે. આમ કરે છે ત્યારે જ તો ભકતો મુકત થાય છે. રાણાજીએ મોકલેલું આ ઝેર ઝેર નથી, પણ પોતે શ્રી કૃષ્ણ જ છે. એની વાટે પણ હું તો મારા શ્યામનું જ ધ્યાન કરવાની. દુનિયાની ધારા ઉલટાવવાનું આનું કામ છે. માટે જ તો રાધાની સૃષ્ટિ થઇ. એ રાધા સાથે હું એકરૂપ થાઉં અને રાધા થઇને શ્રી કૃષ્ણને પી જાઉં. ત્યારે જ તો હું અમર થવાની.

મીરાંએ રાધા સાથે અભેદ સાધ્યો. રાધા થઇને શ્રી કૃષ્ણ સાથે અભેદ સાધ્યો. આમ કરીને ઝેરનું અમૃત કર્યું. મીરાંએ એ ઝેરને અમૃત કરીને પી ગઇ. ત્યારથી તમામ ભકત–હૃદયમાં એ અવતરી અને અમર થઇને દરેક ભકત–હૃદયને રાધેશ્યામની દીક્ષા આપતી રહી છે.

મીરાં એટલે જ અભેદ ભકિત, જીવન સાથે મરણ ભેળવીને તૈયાર કરેલું અમૃત રસાયણ.

કાકા કાલેલકર

બહેનોને સરદારનું ઉદ્બોધન

[લાંબા જેલવાસ બાદ સરદાર વલ્લભભાઇ પટેલ ગયા ઓગસ્ટ માસમાં પહેલી વાર અમદાવાદ ગયા ત્યારે અમદાવાદના સ્ત્રીસમુદાય તરફથી યોજાયલા સન્માન સમારંભ પ્રસંગે સરદાર વલ્લભાઇ પટેલે એક પ્રેરણાત્મક વ્યાખ્યાન આપેલું તેમાંનો મહત્વનો ભાગ તા. ૧૨-૮-૪૫ ના પ્રજાબંધુમાંથી ઉધ્ધૃત કરીને અહિં આપવામાં આવે છે. તંત્રી]

રક્ષણ કરતાં શીખો

સ્ત્રીઓની સંસ્થા ચલાવવા માટે જુવાન છોકરીઓએ તૈયાર થવાની જરૂર છે. ત્રણ વર્ષમાં તમે ટીયરગેસનો સામનો કર્યો છે, લાઠીઓ ખાધી છે, ગાળો ખાધી છે, અપમાનો સહ્યાં છે, અત્યાચારો અને જુલ્મો સહ્યાં છે. એ તો એક પ્રકારનું શિક્ષણ મળ્યું છે. હિંદુસ્થાન પરતંત્ર છે, કારણ કે એકલા પુરૂષો જ કાર્ય કરે છે. આપત્તિ વખતે સ્ત્રીઓએ માની લીધું છે કે પુરૂષો જ તેમનું રક્ષણ કરી શકે. તે ખોટું છે. ગુંડાઓથી તમારે તમારૂં રક્ષણ કરતાં શીખવું જોઇએ.

પતિ મારે ત્યારે...

અગાઉ એક સભામાં પ્રશ્ન પુછાયે હતો કે બૈરીને ધણી મારે તો શું કરવું ? મેં કહ્યું "તું સામું માર". પતિ પરમેશ્વર છે તે વાત સાચી પણ જ્યારે તે રાક્ષસ થાય તો તેનો સામનો કરવો જોઇએ, ગુસ્સો કરે તો તેમને સ્પષ્ટ શબ્દોમાં કહેવું કે તમે તો ભણેલા છો કે એવકુફ–ગમાર છો ? મારવું તે ગમારનું કામ છે. એવો માર ના ખાવો જોઇએ. એવા ધણીને સુધારવાની શક્તિ તમારામાં હોવી જોઇએ. સહન કરશો તો તો તે પાપના ભાગીદાર તમે પણ થશો. તમારે ગુંડાઓનો મુકાબલો કરવો જોઇએ. વિલાયતથી મિશનરીઓ અને પાદરીઓની સ્ત્રીઓ અને છોકરીઓ ગામડાંઓમાં દવાખાનાં ચલાવે છે. ગામડે ગામડે ઘોડા ઉપર બેસી જાય છે. રસ્તામાં કોઇ નાગો કે ગુંડો મળે તો તેનો સામનો કરે છે. ગોરી ચામડીથી બધા ડરે છે. પણ આપણનેય એવા પુરૂષોની સામે થતાં આવડવું જોઇએ. પણ તમે બ્હાર નીકળો તો ને ? જાહેર કામમાં હિસ્સો લેશો તો બધું આવડશે. આ વખતે જુલ્મો કરનારા આપણા જ માણસો હતા. ગોરા નહોતા. પણ પેટિયા ગુલામો જ જુલમ કરતા હતા. પણ તમે પોળોમાં સંગઠન કરી એને કહ્યું હોત કે "ધૂળ કેમ ખાતો નથી ? તે આવું પેટિયા ગુલામોનું કામ કરે છે ?" સંગઠન કરી તમે એનાં ઘરની બૈરીઓ પાસે ગયાં હોત અને તેને કહ્યું હોત કે 'તે આવું કામ કરે છે એને અટકાવો.' તે વખતે સ્ત્રી પુરુષો બરાબર જાગૃત થઇ ગયાં હોત તે બધા સીધા થઇ જાત.

વિધવાઓ કામ શીખે તો...

હવે સ્વરાજ આવવાનું છે. તેમાં પુરુષના જેટલો જ હિસ્સો સ્ત્રીઓએ આપવાનો છે. યુરોપમાં જુવાનીઓ તો લડાઇમાં કપાઇ મુવા કામ પણ સ્ત્રીઓએ પણ તેટલું જ, કર્યું. ડોકટરો તો મલમપટ્ટા કરે, પણ પાછળનું નર્સિંગ કામ તો સ્ત્રીઓ જ કરતી હતી. એટલું જ નહિ પણ દારૂગોળાના કારખાનામાં પણ કામ કરતી હતી.

હિંદમાં બાળવિધવાઓ તો અનેક છે અને તે ઘેર ઘેર છે. એ બધું સ્ત્રીધન ગુમાવી નહિ દેવું જોઇએ. તેઓને આ બધું શિખવવું જોઇએ અને તે કામ કરતી થાય તો એને વૈધવ્ય નહિ સાલે. એના જીવનનો વિકાસ થશે અને બધું ઉલ્લાસમય બની જશે અને ન શિખવીએ તો તે અપંગ જ બની રહેશે, અનીતિને રસ્તે ચઢી જશે, લુચ્ચા લફંગાઓ તેને ફસાવશે. એ બધી વિધવાઓ કામ શીખે તો મુલકનું કેવું કામ થઇ જાય ?

માયકાંગલી પ્રજા પેદા કરવાનો શો અર્થ ?

ગામડાંઓમાંથી નાની નાની અભણ બાળાઓને ફોસલાવીને ગુંડાઓ ઉઠાવી લાવી અનીતિને રસ્તે લઇ જાય છે. તેમને બધાંને બચાવવી જોઇએ. કસ્તુરબા ફાળામાંથી જે કામ કરવાનાં છે તે સ્ત્રીઓના કલ્યાણ માટે જ છે. એને તમારે સાથ આપવો જોઇએ. નાની નાની છોકરીઓને પરણાવી દેવી ના જોઇએ. છોકરી મોટી થઇ કુંવારી રહે તેની શરમ નહિ આવવી જોઇએ. મારી છોકરી કુંવારી છે અને ચાલીસ વર્ષ થયાં છે. તે રાત દિવસ મુલકનું કામ કરે છે. એવાં લગ્નથી તો ગુલામ મુલકમાં વધુ ગુલામો પેદા કરીશું. દેશ આઝાદ હોત તો ઠીક છે. માયકાંગલા જેવી ઓલાદ પેદા કરી ધરતી પર ભાર નાંખવો એનો અર્થ શો ? છોકરીઓને ભણાવવી પણ તરત પરણાવી દેવી. તેને છોકરાં થાય. ઘરનો બોજો ય તે ના ઉપાડી શકે. તે મુલકનું કામ શું કરે ? કેટલીક બાઇઓને વર્ષે છોકરાં થાય છે. તે બિમાર થઇ જાય છે. તેનું શરીર ભાંગી જાય છે, તૂટી જાય છે એટલે એ બધું બોજારૂપ છે. એમાં થી નીકળી જવા સ્ત્રીઓને તરકીબ આપવી જોઇએ. લાચારી ભોગવવી ના જોઇએ. પુરૂષોને તમારે કહેવું જોઇએ 'તમે નહિ કરી શકોતો અમે કરીશું'. માતામાં હિમ્મત હોય તો પુત્રો અને પુત્રીઓમાં આવે. પણ માતામાં હિમ્મત ના હોય તો શું થાય ? બાપમાં હિમ્મત ના હોય તો છોકરાઓમાં નહિ આવે. નકામું ખાલી દૂધ લાજશે, તમે તો માતાઓ છો અને જે ભવિષ્યમાં બનવાની છો તેણે તો બિલકુલ ડર કાઢી નાખવો જોઇએ.

ગરીબ પર દયા કરો, અને પાડોશી ધનવાન હોય તો તેની ઇર્ષ્યા ના કરો. પાડોશીને મદ ચઢયો હોય અને એની સ્ત્રી ખૂબ શણગાર કરતી હોય, દાગીનાનો ઠઠારો કરતી હોય, રંગબેરંગી સાડીઓ પહેરતી હોય તો એના ઢંગે આપણે ના ચઢવું. એનો મદ તોડી નાંખીએ. આપણી શોભા એ આપણું ચારિત્ર્ય. ઘરેણા એ સ્ત્રીનું આભૂષણ નથી. સ્ત્રીનું સ્ત્રીપણું, સાધ્વીપણું, ઉદારતા, વગેરે ગુણો તે ખરો શણગાર છે. માતાઓએ નિર્ભય બનવું જોઇએ અને છોકરીઓએ દેશસેવાની તાલિમ લેવી જોઇએ. એ બધું કરો । મુલકનું કામ આગળ ચલી શકે.

સાચું ઘર

તમે બધા બ્હાર નીકળ્યા છો તેથી. ખૂબ રાજી થયો છું. હું ઘેર જઇને બીજી બહેનોને પણ મારો સંદેશો સંભળાવજો. થોડું થોડું સુતર રોજ કાંતો, હિંમત લાવો, વિચાર કરતાં થાઓ તો હું ખૂબ રાજી થઇશ. આજે મળ્યા તે ફરી મળીએ એવું નહિ કરતાં પણ આપસઆપસ વિચાર કરો, સંસ્થાઓમાં જાઓ, મંદિરોમાં ખૂબ ધન આપ્યું છે, કરોડો રૂપિયાના ટ્રસ્ટો કેટલાંક મંદિરો પાસે છે. તેનાં દાવ ઓ પણ થાય છે. હવે એ આપવું બંધ કરો. તેમાં પૈસા ભેળાય છે. દેશમાં દેરાં ખૂબ છે. અને સાચવનારા પણ ઘણા છે. પણ આ એક દહેરું છે કે જે જાગૃત ના કર્યું તેથી એ સડી ગયું છે. પણ એ સાચું છે. તેમાં પ્રભુનો વાસ છે. એ સાફ ના કર્યું, એ ધોયું નહિ તો તેમાં ભગવાન નહિ રહે. ભગવાન તો હૃદયમાં હોય તો પત્થરમાં દેખાય અને હૃદયમાં ના હોય તો પત્થરમાંય ન દેખાય. તમે ઘરમાં જઇને ભરાઇ ના જશો. સ્ત્રી સંસ્થાઓના દરેક કામમાં સાથ આપજો.

"અાળાં હૈયાં"

પ્રબુદ્ધ જૈનના વાંચકોને ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીનું નામ સુપરિચિત છે. તેમની કરૂણાપ્રધાન હૃદયસ્પર્શી અને સમાજના નીચલા થરનાં દુઃખ, દર્દ અને યાતનાઓથી ભરેલા જીવનની ઝાંખી કરાવતી કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આમાંની કેટલીક કથાઓ પ્રબુદ્ધ જૈનના અંકમાં પ્રગટ થઇ ચુકી છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીંમત રૂા. ૨॥ રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧॥ માં આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

કેટલાક સમાચાર અને નોંધ

'દેવી નંદા'

જાણીતા નાટ્યકાર શ્રી. પ્રભુલાલ દ્વિવેદીએ રચેલ 'દેવી નંદા' નામની એકાંકી નાટિકા અને શ્રી. અવિનાશ વ્યાસે રચેલ માલકૌંસ રાગ–રાગિણી નામની નાટિકા શ્રી. શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ કન્યાશાળાની બાળાઓએ મુંબઇની જનતા સમક્ષ ગયા માસ દરમિયાન બે વાર ભજવી બતાવી હતી. 'દેવી નંદા'માં રાજગૃહીના રાજા શ્રેણીક અથવા તો બીંબીસારનું નંદા નામની વણીક પુત્રી સાથેનું લગ્ન, અભયકુમારનો જન્મ અને અભયકુમારનું મંત્રીપદારોહણ વિગેરે કથાનકનું નિરૂપણ કરવામાં આવ્યું હતું અને માલકૌંસ રાગ–રાગિણી નાટિકામાં માલકૌંસ રાગને સર્વ રાગોના રાજા કલ્પીને તે દ્વારા ભિન્ન ભિન્ન રાગરાગિણીની રજુઆત, પ્રતિસ્પર્ધી દીપક રાગે માલકૌંસના શરીરમાં ઉપજાવેલો દાહ અને અન્તે ભૈરવ અને ભૈરવીએ મેઘરંજનીની મદદથી કરેલું દાહપ્રશમન આવી એક કાલ્પનિક વસ્તુનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. આ બન્ને નાટિકા તૈયાર કરવા માટે કન્યાશાળાના સંચાલકોએ ખુબ શ્રમ લીધો હતો અને ખર્ચ પણ સારી રીતે કર્યો હતો. સાધારણ રીતે સંગીત, નાટક, નૃત્ય વિગેરે પ્રવૃત્તિઓમાં જૈન સમાજ બીજા વર્ગો કરતાં બહુજ પાછળ છે અને તેનું પ્રતિબિંબ તે સમાજ હસ્તક ચાલતી જૈન શિક્ષણ સંસ્થાઓ દ્વારા રજુ થતા આવા કાર્યક્રમોમાં જોવામાં આવે છે. ઘણી વખત આવા સંગીત–નૃત્ય–નાટકને લગતા કાર્યક્રમો નિરૂપણ અને અભિનયની બાબતમા બીજી આગળ વધેલી સંસ્થાઓનું નકલી અનુકરણ જેવાં અને વીશ પચ્ચીશ વર્ષ પાછળની ભૂમિકાનો જોવામાં આવે છે. દેવી નંદા અને રાગરાગિણી નાટિકા જોતાં શકુન્તલા કાં. ઇ. કન્યાશાળાએ છેલ્લા પાંચેક વર્ષ દરમિયાન બહુ સારી પ્રગતિ સાધી હોય અને અન્ય શિક્ષણ સંસ્થાઓની હરોળમાં આવી રહેલ હોય એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિનો કોઇ આક્ષેપ કરે એવો સંભવ નથી. આમ છતાં પણ દેવી નંદાની નાટ્યવસ્તુ બહુજ સાધારણ લાગી અને તે ભજવવાની રીત પણ. આજે દેશી નાટક સમાજ અને અન્ય નાટકમંડળીઓ ભજવે છે તેને તદ્દન મળતી–વધારે પડતા હાવભાવથી ભરેલી અને એ રીતે કાંઇક કૃત્રિમતાનો જ્યાં ત્યાં અનુભવ કરાવતી લાગી. આજે નાટકો ભજવવાની આપણી જુની શૈલીમાં ઘણો વિકાસ થયો છે, જેનો ખ્યાલ મુંબઇની રંગભૂમિ ઉપર ટાગોરનાં નાટકો જે રીતે ભજવાય છે તે ઉપરથી અથવા તો થોડા સમય ઉપર ભજવાયેલ 'મીરાં અને ભૂખ' ઉપરથી, હાલ ભજવાતા 'દીવાર' ઉપરથી તેમજ પીપલ્સ થીયેટર તરફથી અવારનવાર ભજવાતા અને જુદા જુદા નૃત્ય–નાટકો ઉપરથી આવી શકે તેમ છે. દેવીનંદાની સરખામણીએ માલકૌંસ–રાગ રાગણી નાટિકાનું નિરૂપણ વધારે ઉત્તમ પ્રતિનું અને આજ સુધીમાં રજુ થયેલા આવા નાટ્ય પ્રયોગોમાં એક નવી ભાત પાડે તેવું હતું અને તે માટે તેના પ્રયોજક શ્રી અવિનાશ વ્યાસને સંસ્કારપ્રિય જનસમાજના જરૂર ધન્યવાદ ઘટે છે. વસ્તુતઃ 'દેવી નંદા' ચાલુ પદ્ધતિએ ભજવાતા એક નાટક જેવું હતું, જ્યારે 'માલકૌંસ' એક નૃત્ય નાટિકા હતી. દેવી નંદામાં છાયાચિત્રો દ્વારા કેટલીક ઘટનાઓ નૃત્ય નાટિકાની પદ્ધતિએ બતાવવામાં આવી હતી તે ખરેખર આકર્ષક હતી. સમગ્રપણે જોતાં અને આગળનાં વર્ષોમાં આજ સંસ્થા તરફથી રજુ થયેલા સંગીત કાર્યક્રમો સાથે પ્રસ્તુત નાટ્યપ્રયોગોને સરખાવતાં આ સંસ્થાએ બહુ આવકારદાયક અને પ્રોત્સાહક પ્રગતિ સાધી છે એમ જરૂર કહી શકાય. અને તેથી આજે આ સંસ્થા આ વિષયમાં હજુ બીજી સંસ્થાઓ પાછળ પગલાં ભરી રહી છે એવી આજની સ્થિતિથી આગળ ચાલીને નૃત્ય અને નાટ્યપ્રયોગના પ્રદેશમાં અન્ય સંસ્થાઓને અનુકરણીય બને એવાં નવાં સીમાચિહ્નો આ સંસ્થા નિર્માણ કરવા માંડે એવી આશા અસ્થાને નહિ લેખાય.

ચંદ્રોદય સાગર પ્રકરણ

કાર્તક શુદ પુનમ સુધી જૈન સંઘથી સ્થાનાન્તર થઇ ન શકે એ નિયમ ધ્યાનમાં લઇને સેન્ડહર્સ્ટ રોડના મંદિર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓએ આગામી કાર્તક શુદ પુનમ બાદ તુરત જ સેન્ડહર્સ્ટ રોડનો ઉપાશ્રય છોડી જવા મુનિ ચંદ્રોદય સાગરને ફરમાન કર્યું છે. પ્રસ્તુત મુનિએ એક લાખ રૂપીઆની બદનક્ષીની મુંબઇ સમાચારના તંત્રીને નોટીસ આપી છે. આ સર્વ કાળની બલિહારી છે.

કાળી ચૌદશ

આ દેશની એવી કોઇ વિચિત્ર ખાસીયત છે કે કોઇ અમુક મહાન વ્યક્તિ કે સુપ્રતિષ્ઠિત સંસ્થાની અમુક નિષ્ઠા વિષે કોઇને પણ લેશમાત્ર અન્યથા વિચારવાનું કારણ જ ન હોય, તે નિષ્ઠા એ જ તે વ્યક્તિનો યા તો તે સંસ્થાનો પ્રાણમંત્ર હોય, એમ છતાં પણ તે નિષ્ઠા વિષે જ શંકા ઉઠાવનાર કોઇને કોઇ વ્યક્તિ કે સંસ્થા દેશના કોઇ ખુણેથી ઉભી થયા વિના રહે જ નહિ. દાખલા તરીકે અસ્પૃશ્યતા–નિવારણ અને ગાંધીજી વચ્ચેની એકરૂપતા વિષે કોઇને પણ સ્વપ્ને પણ શંકા કરવાનું કારણ હોઇ શકે જ નહિ. એમ છતાં પણ ડો. આંબેડકર અને તેના અનુયાયીઓ ગાંધીજીની આ નિષ્ઠા કબુલ કરવાના જ નહિ. હિંદુ મુસલમાન એકતાથી અન્ય કોઇ તત્ત્વ ગાંધીજીને કે રાષ્ટ્રીય મહાસભાને અધિકતર ચિન્તાનો વિષય હોઇ ન જ શકે. એમ છતાં પણ જનાબ ઝીણા અને પી. સી. જોષી, મોસ્લેમ લીગ અને સામ્યવાદી પક્ષ ગાંધીજીની કે કોંગ્રેસની આ બાબતની નિષ્ઠા કદિ સ્વીકારવાના જ નહિ. અથવા જ રીતે હિંદુ મહાસભા પણ ગાંધીજી અને કોંગ્રેસનો વિરોધ કર્યા કરવામાં જ પોતાના અસ્તિત્વની સાર્થકતા સમજવાના. અન્ય દેશોમાં ભિન્ન ભિન્ન પક્ષો હોય છે, મતભેદો હોય છે, પણ આવી વિલક્ષણ મનોદશા ભાગ્યેજ જોવામાં આવે છે. હિંદની આ એક મોટામાં મોટી કમનસીબી છે.

બીજી બાજુએ કોઇ પણ મહાન પ્રવૃત્તિને તોડી પાડનારાં આપણે ત્યાં પ્રત્યાઘાતી બળો ચાલુ કામ કરતાં જ હોય છે અને પરિણામે આપણી પ્રગતિ ચોવિશે કલાક ગતિના ઘણીવાર બળદની પ્રગતિ જેવી જાણે કે ભ્રામક હોય અને દોડી દોડીને હતા ત્યાંના ત્યાં જ આવીને ઉભા રહેતા હોઇએ એમ ઘણીવાર લાગે છે અને આપણું દિલ ઘેરી નિરાશા અનુભવે છે. અસ્પૃશ્યતા ટાળવાની ગમે તેટલી ઝુંબેશ ચલાવવા છતાં અસ્પૃશ્યતા ટળતી નથી; કોમી એકતા સાધવાની ગમે તેટલા પ્રયત્નો છતાં હિંદુ મુસલમાન વૈમનસ્ય ઘટતું નથી અને આઝાદી જંગની એક બે ત્રણ એમ અનેક આવૃત્તિઓ નિર્માણ થવા છતાં અંગ્રેજી સલ્તનતની હકુમત આજે પણ આપણને ઓટલીને ઓટલીજ ગુંગળાવી રહી છે. આપણી આ કમનસીબીનો કયારે અન્ત આવશે? પ્રત્યાઘાતી બળો કયારે નિર્મૂળ થશે? અને સમસ્ત પ્રજામાનસમાં સમ્યગ્ દ્રષ્ટિનો અનેસમ્યગ્ વલણનો કયારે ઉદય થશે? આમ ગાઢ નિરાશામાં ગરકાવ બનતું દિલ પોકાર કરી ઉઠે છે. આમ છતાં પણ મધ્યરાત્રીના પ્રગાઢ અંધકાર પછી ઉષાનો પ્રકાશ, નિમિરનો વિનાશ અને સૂર્યનો ઉદય અનુક્રમે આવે જ છે એવી જ રીતે અભેદ્ય લાગતી નિરાશા પાછળ સમ્યગ્ દ્રષ્ટિનો પ્રકાશ, પ્રત્યાઘાતી બળોનો વિનાશ અને સાર્વત્રિક આઝાદીના સૂર્યનો ઉદય નિર્માયેલો જ છે એ શ્રદ્ધાપૂર્વક સ્વપ્રાપ્ત કર્તવ્યધર્મનું આપણે અનુપાલન કરતા રહીએ અને પોતાના વ્યક્તિગત જીવનમાંથી અસ્પૃશ્યતા નાબુદ કરીએ, અને આઝાદીની તમન્નાને ચોતરફ ફેલાવતા રહીએ. વ્યક્તિનું રૂપાન્તર સમષ્ટિના રૂપાન્તરનો પાયો છે. એક દિવસ એવી એક વિરાટ ક્રાન્તિનો જન્મ થશે કે જ્યારે આજે દેખાતી અભેદ્ય દીવાલો ભાંગીને ભુકકો થઇ જશે, અને અનેક જટિલ સમસ્યાનો આખના પલકારામા નિચ્છેદ થઇ જશે, અસ્પૃશ્યતા અલોપ થઇ જશે, પ્રત્યાઘાતી તત્ત્વો ભસ્મીભૂત થશે, અને અખંડ અને અવિભાજ્ય હિંદનો સ્વતંત્ર અને સ્વાધીન રાષ્ટ્ર તરીકે જગતૂભરમાં સ્વીકાર થશે. સંભવ છે કે એ બહુ દૂર દેખાતો દિવસ અત્યન્ત સમીપમાં જ હોય. કાળના ગર્ભમાં શું છે તે કોણ કહી શકયું છે?

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૪ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

નવેમ્બર ૧ ૧૯૪૫

નૂતન વર્ષના મંગળ પ્રભાતે

शिवमस्तु सर्वजगतः
परहितनिरताः भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं
सर्वत्रसुखी भवन्तु लोकाः ॥

વિક્રમ સંવત્ ૨૦૦૧ નું વર્ષ ગઇ કાલે અવસાન પામ્યું છે. વિક્રમ સંવત ૨૦૦૨ નો આજે પ્રારંભ થાય છે. નૂતન વર્ષના મંગળ પ્રભાતે પ્રબુદ્ધ જૈનના વાંચકગણનું અભિનંદન કરવામાં આવે છે. આવતું વર્ષ સૌ કોઇને સુખ, ઐશ્વર્ય અને શ્રેયની વૃધ્ધિ કરનારું નીવડો એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવામાં આવે છે.

છેલ્લાં છએક વર્ષથી જગદ્‌વ્યાપી વિગ્રહની ચુડમાં આખી દુનિયા ફસાયલી હતી અને ભારતવર્ષના તો ગળે પ્રાણ આવ્યા હતા. પાંચ પાંચ વર્ષની દીવાળીઓ કશા પણ આનંદ કે ઉલ્લાસ વિના આપણે પસાર કરી હતી. હજુ પણ આપણે ત્યાં આનંદ, શાંતિ કે ઉલ્લાસનો સૂર્ય ઉગ્યો નથી; હજુ પણ અનેક અનવધિ યાતનાઓ આપણને ચોતરફથી પીડી રહી છે અને પરદેશી સત્તાની ગુલામી આપણી પ્રગતિનાં સર્વ દ્વારો રોકી રહી છે. એમ છતાં પણ વિશ્વયુધ્ધનું કાળચક્ર વિદાય થતા વર્ષ દરમિયાન વિરામ પામ્યું છે અને કેટલાય સમયથી વિનાકારણ ચાલી રહેલ પારવિનાની માલમીલ્કતની ખુવારી અને સંખ્યાબંધ માનવીઓની પ્રાણહાનિ અટકી છે. માનવજાત છુટકારાનો ઘેડો સરખો દમ ખેંચી રહી છે અને એ કાળમુખ યુધ્ધ હવે બંધ થયું છે એટલા પુરતી કાંઇક રાહત આપણે સૌ અનુભવી રહ્યા છીએ.

છેલ્લાં છ વર્ષ કેવી કેવી યાતનાઓમાંથી માનવજાતને પસાર કર્યા, કયા કયા દેશો ઉપર કેવી રીતે આફતો ગુજરી ગઇ, એક ઠેકાણે સંહારક શસ્ત્રાસ્ત્રોએ સંખ્યાબંધ માનવીઓનો ભોગ લીધો તો બીજે ઠેકાણે ભુખમરાના કાળમુખમાં કેટલાંયે નરનારીઓ હોમાઇ ગયાં–આ બધું વિચારતાં આપણને કમકમાં આવે છે અને કાળચક્રની ગહનગતિ લક્ષ્યમાં લેતાં આપણી બુદ્ધિ મૂઢ બની જાય છે.

યુદ્ધ તો પુરું થયું; શસ્ત્રો મ્યાન થયાં; જળવિનાશિકાઓ કીનારે આવી ઉભી, અને સંહારક વિમાનો પાછાં ભૂતળ ઉપર આવીને આરામ લેતાં થયાં. આ બધું થવા છતાં શું દુનિયામાં ખરી શાન્તિની સ્થાપના થઇ છે ખરી? શું ભિન્ન ભિન્ન રાષ્ટ્રો એકમેકની દુશ્મનાવટ ભૂલીને સદ્‌ભાવ અને સદ્‌ભાવનો હાથ લંબાવતા થયાં છે ખરાં? શું સામ્રાજ્યવાદનો અન્ત આવ્યો છે અને પારધીન દેશો સ્વાધીન બન્યા છે? શું સરમુખત્યારીનો યુગ અવસાન પામ્યો છે અને સાચા લોકશાસનનો ઉદય થયો છે? શું મુડીવાદનું સ્વામિત્વ લય પામ્યું છે અને સામ્રાજ્યવાદની પ્રતિષ્ઠા થઇ છે? શું કાળા અને ગોરાનો ભેદ નાશ પામ્યો છે? શું શસ્ત્રબળ ઉપરની શ્રદ્ધા ઓછી થઇ છે અને અહિંસાની ભાવના વધારે પ્રતિષ્ઠિત થઇ છે? ના હજુ તો આવું કશું જ બન્યું દેખાતું નથી. રશીઆના રાજકારણી ગૂઢ હલનચલનનો અને સરમુખત્યારીનો હજુ અન્ત આવ્યો નથી; બ્રીટનનો શાહીવાદ આજે પણ એટલો જ જીન્દાબાદ દેખાય છે; અમેરિકાના એટમ બોમ્બની પીસ્તોલ માનવજાતને બેચેન બનાવી રહી છે. જર્મની તેમજ જાપાનને બને તેટલા દબાવવા સિવાય દુનિયામાં શાન્તિનું પાકે પાયે સામ્રાજ્ય સ્થપાય એવી કોઇ નીતિની સર્વસત્તાધીશ રાષ્ટ્રત્રિપુટિને આજે બીજી કોઇ કલ્પના હોય એમ જોવામાં આવતું નથી. હિંદની ગુલામી હજુ એના એ સ્વરૂપે કાયમ જ છે. બર્મા અને મલાયા જાપાનની અલ્પકાલીન હકુમતમાંથી પાછા બ્રીટીશ સત્તા નીચે આવી ગયા છે. જાવા અને હિંદી ચીન માથું ઉંચકી રહ્યા છે તેનો ડચ અને ફ્રેંચ સત્તાધીશો અનુક્રમે કચડી નાંખ રહ્યા છે અને અંગ્રેજ સરકાર જાવા અને હિંદી ચીનની પ્રજાના દમનકાર્યમાં પોતાનાં પિત્રાઇ ભાઇ ડચ અને ફ્રેંચને મદદ કરી રહેલ છે. આપણા પોતાના દેશમાં હજુ પણ ભુખમરો જરૂરી વસ્તુઓની તંગી અને પારવિનાની બીમારીઓ લોકોના પ્રાણને સેષી રહેલ છે અને લંચરશ્વતથી સડેલો રાજકારભાર હજુ પોતાની પુરાણી રીતે વહીવટ ચલાવી રહેલ છે. આમ વિશ્વયુધ્ધનો વિરામ થવા છતાં હજુ નથી કોઇ ઠેકાણે શાન્તિ, નથી કોઇ ઠેકાણે સ્વસ્થતા, નથી કોઇ ઠેકાણે આબાદી.

આમ હજુ ચોતરફ અંધકાર ફેલાયલો હોવા છતાં આત્યન્તિક નિરાશા ચિન્તવવાનું કોઇ જ કારણ નથી. નવનિર્માણનાં કેટલાંયે ચિહ્નો દૃષ્ટિગોચર થઇ રહ્યાં છે. વિશ્વયુધ્ધનું એક મેટું અને અત્યન્ત આવકારદાયક પરિણામ છે ચીન જેવા એક મહારાષ્ટ્રને પ્રાપ્ત થયેલી આઝાદી. જાપાનની આજની શરણાગતિ સંભવ છે કે પરિણામે તેને અને તે દ્વારા આખા એશીયાને લાભપ્રદ નીવડે. જાપાનનો અહંકાર શમન પામે અને એશીયાનાં અન્ય રાષ્ટ્રો સાથે મિત્રભાવ કેળવવાની અગત્ય તેને બુધ્ધિગત થાય. જાવા, હિંદી ચીન, મલાયા કે બર્મા ઓછા જ હવે દબાતા છે? અને હિંદુસ્થાન આજે ભયંકર યાતનાઓમાંથી પસાર થતાં જે નવચેતના પામ્યું છે, જે નવી અસ્મિતા અનુભવી રહેલ છે તે નવચેતના અને નૂતન અસ્મિતાની જ્યોત હવે થોડી જ ઓલવાઇ શકે તેમ છે? અન્ય દેશો માફક આખું હિન્દ પણ આરપાર સળવળવા લાગ્યું છે. પ્રજાકીય જાગ્રતિને આજે કોઇ ખાળી કે ટાળી શકે તેમ નથી. આપણે ત્યાં આઝાદી આવી રહી છે. આપણે તેને યોગ્ય બનીએ, આપણે તે માટે કટિબદ્ધ બનીએ, આજે પૂર્વાકાશમાં ઉષાનો ઉદય થઇ ચૂંકયો છે; અરૂણનાં અજવાળાં હિંદની પુણ્યભૂમિને અજવાળી રહ્યાં છે; આઝાદીનો સૂર્ય પૂર્વાકાશને સ્પર્શતા ક્ષિતિજ પાછળ ટમટમી રહ્યો છે. આજે નૂતન વર્ષના મંગળ પ્રભાતે આપણે એકમેકનું અભિનન્દન કરીએ, પ્રાણી માત્રનું કલ્યાણ ચિન્તવીએ, ઐહિક અને આધ્યાત્મિક મોક્ષ સાધવા ઉદ્યુકત થઇએ, નમ્ર ભાવે છતાં દ્રઢતાપુર્વક આગળ વધીએ, સ્વાતંત્ર્યસાધના જે બલિદાન માંગે તે હસતા મોઢે આપતા રહીએ. ગઇ કાલ પારકાની હતી, આવતી કાલ આપણી છે. નૂતન વર્ષના મંગળ પ્રભાતે આ જ આપણી ભાવના હો! અને આ જ આપણી પ્રતિજ્ઞા હો. ! ! !

પરમાનંદ

કેટલાક સમાચાર અને નોંધ

(પૃષ્ટ ૧૦૩ થી ચાલુ)

સાહિત્યોપાસક શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈની સેવાઓનો સન્માન પ્રબંધ

મુંબઇના જૈન શ્વે. વિભાગના એક આગેવાન કાર્યકર્તા તરીકે જ માત્ર નહિ પણ ગુજરાતી સાહિત્યના એક આજીવન ઉપાસક તરીકે શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇનું નામ બહુ જાણીતું છે. તેમણે આજસુધીમાં અનેક જૈન સંસ્થાઓની તો ખુબ સેવા કરી જ છે એટલું જ નહિ પણ આજે જે કાંઇ જૈન કાવ્ય સાહિત્યપ્રગટ થયું છે તે સર્વ લગભગ તેમની જ સતત સાહિત્યઉપાસનાને આભારી છે. તેઓ મુંબઇની સ્મોલ કોઝીઝ કોર્ટમાં વકીલાત કરતા હતા અને નવરાશનો બધો વખત સાહિત્ય વાંચન, લેખન અને સંશોધન પાછળ વ્યતીત કરતા હતા. એવી કોઇ જૈનોની કે સાહિત્યવિષયક સભા ન હોય કે જ્યાં તેમની હાજરી તેમ જ અગ્રભાગ ન હોય. છેલ્લાં બે વર્ષથી તબિયતની નાદુરસ્તીના કારણે તેઓ મુંબઇની વકીલાત સંકેલીને રાજકોટ જઇને વસ્યા છે. ત્યાં જવા બાદ તેમની તબિયત ઉત્તરોત્તર લથડતી ચાલી છે

અને આજકાલ તો તેમની શરીરસ્થિતિ બહુ ચિન્તાજનક છે અને ન કોઇને એળખે કે ન કશું સમજે એવી તેમના મગજની સ્થિતિ થઇ પડી છે એવા સમાચાર આવ્યા છે. આવા એક સાહિત્યસેવકનું તેમની હયાતી દરમિયાન યોગ્ય સન્માન કરવું એ દરેક જૈનની ખાસ ફરજ છે. તાજેતરમાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ તરફથી તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓનું સન્માન કરવાના હેતુથી એક સમિતિ ઉભી કરવામાં આવી છે અને આ નિમિતે ફાળો ઉઘરાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. અને તેમાં લગભગ રૂા. ૬૦૦૦ જેટલી રકમ ભરાઇ ચુકી છે. આ ફાળામાં યથાશક્તિ રકમ ભરવા અને એ રીતે જૈન સમાજના એક કાર્યકર્તા અને સાચા સાહિત્યોપાસકની ઉજ્જ્વળ કારકીર્દી ની યોગ્ય કદર કરવા જૈન તેમજ જૈનેતર બાઇ બહેનોને પ્રાર્થના કરવામાં આવે છે. આ સન્માન-કાર્યમાં સહકાર આપવા ઇચ્છતા ભાઇ બહેનો પોતાનો ફાળો કાં તો જૈન શ્વે મૂ. કોન્ફરન્સના મંત્રી ઉપર ગોડીજીની ચાલ, પાયધુની એ ઠેકાણે મોકલી આપે અથવા તો મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી ઉપર પોતાનો ફાળો આવશે. મોકલી આપશે તો પણ તે રકમ યોગ્ય સ્થાને પહોંચાડવામાં આવશે.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મદિન જયંતી

મુંબઇ શહેરે સરદાર વલ્લભભાઇ પટેલની સીત્તેરમી વર્ષગાંઠનું શહેરની પ્રતિભાને અનુરૂપ ઉદ્યાપન કરીને એક મહાન રાષ્ટ્રસેવકના આજ સુધીના ભવ્ય પુરૂષાર્થની યોગ્ય કદર કરી છે. સરદાર વલ્લભભાઇ આજે કેવળ ગુજરાતના સરદાર નથી રહ્યા, પણ પોતાની રાજકારણી કુશળતા અને એકધારી દેશવ્યાપી સેવાઓ વડે કોંગ્રેસી રાજકારણના એક અપ્રતિમ સૂત્રધાર બન્યા છે. હિંદી રાજકારણના ક્ષેત્રમાં ગાંધીજી, જવાહરલાલ અને વલ્લભભાઇની ત્રિપુટિનું સ્થાન અદ્વિતીય અને અજોડ છે. અનેક વિસંવાદી તત્વોનો સમન્વય કરતા અને સમસ્ત રાષ્ટ્રને સત્યું માર્ગદર્શન કરાવતા ગાંધીજી હિંદી રાજકારણના વિષ્ણુ છે; પ્રજામાં નવા પ્રાણનું નિર્માણ કરતા જવાહરલાલ હિંદી રાજકારણના બ્રહ્મા છે; પણ પ્રાન્તિક તેમજ મધ્યસ્થ ધારાસભાઓના નવનિર્માણ અને એ કારણે ઉભી થતી પારિસ્થિતિની કડવાશ અને મતદુઃખોનાં ઝેરનું હસતે મોઢે પાન કરતા સરદાર વલ્લભભાઇ હિંદી રાજકારણના મહેશ્વર છે. આવા વિશિષ્ટ પુરૂષના વિરાટ કાર્યની હિંદી જનતા જેટલી કદર કરે તેટલી ઓછી છે. સેવા કરતે કરતે તેમણે પોતાનું શરીર ઘસી નાખ્યું છે અને જેનો જલ્દિથી ઉપાય થઇ ન શકે એવા આંતરડાના વ્યાધિથી તેઓ પીડાઇ રહ્યા છે. આમ છતાં પણ સુખમાં કે દુઃખમાં જેમના મોઢામાંથી એકસરખી વીરવાણી નીકળી રહી છે અને હિંદી જનતાને શૌર્ય અને બલિદાનની પ્રેરણા આપી રહી છે એવા પુરૂષસિંહ વીર વલ્લભભાઇને તેમના જન્મ દિન પ્રસંગે સૌ કોઇ અન્તઃકરણનો શુભેચ્છા પાઠવી રહ્યું છે. પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય અને નિરામયતા આપો અને સ્વરાજ્યનો પાયો નાખવાનું સદ્ભાગ્ય તેમને પ્રાપ્ત થાઓ એવી સૌ કોઇના દિલની પ્રાર્થના છે. **પરમાનંદ.**

કોંગ્રેસનો ઐતિહાસિક ઢંઢેરો

હિંદના ઇતિહાસમાં મશહુર થઇ ગયેલ ૧૯૪૨ ના ઓગસ્ટ ૮ ના ઠરાવના આધારે અને પોતાની રણહાક સાથે કોંગ્રેસ મધ્યસ્થ અને પ્રાંતિક ધારાસભાઓની ચૂંટણીમાં ઝંપલાવે છે. મધ્યસ્થ વડી ધારાસભાના ચૂંટણી બોર્ડ ને નીચેનો ઢંઢેરો પ્રસિદ્ધ કરવાની સત્તા આપવામાં આવી છે અને કોંગ્રેસે દેશભરના મધ્યસ્થ ધારાસભાના તમામ મતદારોને હાકલ કરી છે કે આગામી ચૂંટણીઓમાં બધી જ રીતે કોંગ્રેસી ઉમેદવારોને જ મત આપવા અને અત્યારની કટોકટીની પળે જે ભાવિ શક્યતાઓ સભર ભરી પડી છે તેના કોંગ્રેસની પડખે ઉભા રહેવું.

કોંગ્રેસના ચૂંટણીના ઢંઢેરાના મહત્વના મુદ્દાઓ નીચે મુજબ તારવામાં આવ્યા છે.

(૧) કોંગ્રેસ હિંદના પ્રત્યેક શહેરીના સમાન હકકો અને તકની હિમાયત કરે છે. (૨) તમામ કોમો અને ધાર્મિક જુથેની એકતા અને તેઓમાં સદ્ભાવના તેમજ શુભેચ્છની ભાવનાઓની હિમાયત કરે છે. (૩) સમગ્ર પ્રજા પોતપોતાની ઇચ્છા અને બુધ્ધિ શક્તિ પ્રમાણે વિકાસ સાધી શકે એટલા માટે એને સંપૂર્ણ તકો મળે એવી હિમાયત કરે છે. (૪) પ્રત્યેક જુથ અને પ્રદેશિક વિભાગને વિશાળતર ધોરણમાં પોતપોતાનું જીવન અને સંસ્કૃતિ વિકસાવવાની સ્વતંત્રતાની હિમાયત કરે છે. (૫) પ્રાન્તોનું ભાષા તેમજ સંસ્કૃતિના પાયા ઉપર ફરીથી વર્ગીકરણ કરવાની તે હિમાયત કરે છે. (૬) સામાજીક ત્રાસ અને અન્યાયથી પીડાઇ રહેલા તમામ લોકોના હકકો ની હિમાયત કરે છે અને સમાનતાની આડે આવતી પાળોને દૂર કરવા મથે છે. (૭) તમામ શહેરીઓના મૂળભૂત હકકો અને છૂટછાટોની બંધારણમાં જ બાંહેધરી આપતું એક આઝાદ લોકશાહી રાજ્ય સ્થાપવા કોંગ્રેસ ચાહે છે. (૮) કોંગ્રેસ એક એવા સમવાયી બંધારણની હિમાયત કરે છે જેમાં સમવાયી તંત્રમાં જોડાયેલાં એકમોને સારા પ્રમાણમાં સ્વતંત્રતા હોય (૯) કોંગ્રેસ હિંદના સૌથી વધુ તાકીદના અને પ્રાણસ્પર્શી પ્રશ્નો જેવા કે ગરીબાઇનો શાપ નાબુદ કરવાનો તથા આમ જનતાનું જીવનધોરણ સુધારવાના પ્રશ્નોનો ઉકેલ કરશે. (૧૦) કોંગ્રેસ ઉદ્યોગો અને ખેતીનું અદ્યતનીકરણ કરવાની હિમાયત કરે છે અને સંપત્તિના તથા ઉત્પાદન અને વહેંચણીની પદ્ધતિઓનાં તમામ સાધનો ઉપર સમાજિક અંકુશ મૂકવા માગે છે કે જેથી કરીને હિંદ સહકારી કોમનવેલ્થ બની શકે. (૧૧) આંતરરાષ્ટ્રીય બાબતોમાં કોંગ્રેસ તમામ આઝાદ ઉદ્દેશોનું સમવાયી તંત્ર સ્થાપવાની હિમાયત કરે છે. (૧૨) કોંગ્રેસ તમામ ગુલામ રાષ્ટ્રોની મુક્તિ તથા સર્વ સ્થળેથી શાહીવાદની નાબુદીની હિમાયત કરશે. 'પ્રજાબંધુ'માંથી ઉધ્ધૃત.

જૈન આરતી

(આજકાલ જૈન શ્વે. મૂ. મંદિરોમાં 'જય જય આરતી આદિ જીણંદા ! નાભિરાયા માદેવકા નંદા !' એ ધ્રુવ પદવાળું કેવળ અર્થશૂન્ય–ભાવનાશૂન્ય–પદ જિન મૂર્તિની આરતી ઉતારતાં સાધારણ રીતે ગાવામાં આવે છે તેનું સ્થાન નીચેનું ભક્તિપૂર્ણ–ભાવપૂર્ણ–પદ લે તો કેવું સારૂં ! **પરમાનંદ**)

જય અન્તર્યામી સ્વામી જય અન્તર્યામી।
દુખહારી સુખકારી ત્રિભુવન કે સ્વામી ॥ જય અન્તર્યામી ॥ ટેક ॥
નાથ નિરંજન સબ દુખ ભંજન, સન્તન આધારા।
પાપ નિકંજન ભવિજન, સમ્પત્તિ દાતારા ॥ જય૦ ॥ ૧ ॥
કરુણાસિન્ધુ દયાલુ દયાનિધિ, જય જય ગુણભારી।
વાંછિત પૂરણ શ્રી જિન, સબ જન સુખ કારી ॥ જય૦ ॥ ૨ ॥
જ્ઞાન પ્રકાશી શિવપુર વાસી, અવિનાશી અવિકાર।
અલખ અગોચર શિવમય, શિવરમણી ભરતાર ॥ જય૦ ॥ ૩ ॥
વિમલ કૃતારક કલમલ હારક, તુમ હો દીનદયાલ।
જય જય કારક તારક, ષટ જીવન રક્ષપાલ ॥ જય૦ ॥ ૪ ॥
ન્યામત ગુણ ગાવે પાપ નશાવે, ચરણન શિર નાવે।
પુનિ પુનિ અરજ સુનાવે, શિવ કમલા પાવે ॥ જય૦ ॥ ૫ ॥

સરનામાં–સુધારણા

પ્રબુધ્ધ જૈનનાં છાપેલાં સરનામાં પુરાં થવા આવ્યાં છે અને તેથી સંઘના સભ્યોની અને પ્રબુધ્ધ જૈનના ગ્રાહકોની આખી યાદી સંશોધિત કરીને ફરીથી છપાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે તો જે કોઇ સભ્ય કે ગ્રાહકના સરનામામાં ભૂલ થતી હોય તે સભ્યને તેમજ ગ્રાહકને પોતાનું સુધારેલું સરનામું તુરત જ સંઘના કાર્યાલય ઉપર લખી મોકલવા ખાસ વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. છાપેલાં સરનામાં સુધારી સુધારીને મોકલવામાં ઘણી તકલીફ પડે છે તો આ બાબતમાં જે કાંઇ ભૂલ સુધારવાની હોય તે જણાવવામાં જરા પણ વિલંબ નહિ કરવા ખાસ વિનંતી છે. **તંત્રી પ્રબુદ્ધ જૈન.**

સંઘ સમાચાર

દીવાળીની ખોણી આપો !

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને દ્રવ્યસિંચન કરો !

પ્રબુદ્ધ જૈનદ્વારા સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો અવારનવાર પરિચય આપવામાં આવે છે. આ સર્વ પ્રવૃત્તિઓ સમાજ તરફથી થતા ચાલુ મળતી મદદો વડે ચાલી રહી છે. સંઘ પાસે કોઈ મોટું એવું ભંડોળ નથી કે જેના આધારે આ બાબતમાં સંઘના કાર્યવાહકો ચિંતામુક્ત રહી શકે. આ અંક દિવાળીના દિવસે પ્રબુદ્ધ જૈનના વાંચકોના હાથમાં આવશે. એ પ્રસંગે દીવાળીની ખોણી તરીકે નીચે જણાવેલી સંઘની કોઇ પણ પ્રવૃત્તિમાં બને તેટલી આર્થિક મદદ મોકલવા વિનંતિ કરવામાં આવે છે.

મ. મો. સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

સંઘ તરફથી ચલાવવામાં આવતા વાંચનાલયમાં હંમેશા લગભગ ૧૨૫ ભાઇઓ વાંચવા આવે છે અને જણીના લગભગ સર્વ દૈનિકો, સાપ્તાહિકો, પાક્ષિકો તેમજ માસિકો વાંચવા માટે મૂકવામાં આવે છે. વાંચનના સમયે સંઘના કાર્યાલયમાં વાંચવા આવતા ભાઇઓને સમાવવા મુશ્કેલ પડે છે. એટલું જ વાંચકોનું ધ્યાણ પુસ્તકાલય ઉપર રહે છે. પુસ્તકો વાંચવા લઇ જવા માટે અનામત મુકનારાની સંખ્યા ૭૦૦ ઉપરની છે. આ બન્ને સૌ કોઇના માટે ખુલ્લાં છે અને તેનો લાભ વિના લવાજમે આપવામાં આવે છે. આ સંસ્થાના નિભાવ પાછળ સંઘને વાર્ષિક રૂા. ૨૨૦૦ લગભગનો ખર્ચ છે. આ જ્ઞાનની પરબમાં જે કાંઇ દ્રવ્યની પુરવણી કરવામાં આવે તે જ્ઞાનની જ આરાધના છે. સંઘ તા માટે આ જવાબદારી સૌથી મોટી છે. તેને બને તેટલી હળવી કરવા અને આ જ્ઞાનપ્રચારની પ્રવૃત્તિને ટેકવવા જાહેર જનતાને તેમજ ખાસ કરીને વાંચનાલય અને પુસ્તકાલયનો લાભ લેતા ભાઇઓને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

રાહત પ્રવૃત્તિ

સંઘની કાર્યશક્તિ મર્યાદિત હોઇને જે પ્રવૃત્તિ જૈન સમાજ પુરતી છેલ્લાં બે વર્ષથી ચલાવવામાં આવે છે તેનો આજે ૬૫ ઉપર જૈન કુટુંબો લાભ લે છે, અને દર માસે લગભગ રૂ. ૭૦૦ ની વહેંચણી આ કાર્ય પાછળ કરવામાં આવે છે. સાધારણ રીતે આ યોજનાનો લાભ લેતા કુટુંબને તેના માસિક રેશન બીલની જે રકમ આવે તે ના ૫૦ ટકા અને કેટલાક કુટુંબોને ૭૫ ટકા સુધી રકમ ચુકવવામાં આવે છે. આ પ્રવૃત્તિ સવંત્ ૧૯૯૯ના ભાદરવા મહીનામાં શરૂ કરવામાં આવી હતી. તે કાર્યને ચલાવવા માટે આજ સુધીમાં જૈનસમાજ તરફથી લગભગ રૂ. ૧૭૦૦૦ મળ્યા છે અને બીજી બાજુએ જુદા જુદા કુટુંબોમાં દીવાળી સુધીમાં રૂ. ૧૫૦૦૦ ઉપર વહેંચાયા છે. આ પ્રવૃત્તિ દર છ મહીના માટે નકકી કરવામાં આવે છે અને સંયોગોનો વિચાર કરીને તેમજ સમાજનો કેટલો સહકાર મળે છે તે ધ્યાનમાં લેઇને બીજા છ મહીના માટે લંબાવવામાં આવે છે. આ મુદત આ દીવાળીથી પુરી થતી હતી તો ત્યારબાદ આ પ્રવૃત્તિ ચાલુ રાખવી કે નહિ તે પ્રશ્ન થોડા સમય પહેલાં મળેલી સંઘની કાર્યવાહક સમિતિ સમક્ષ ઉપસ્થિત થયો હતો, જે વખતે દીવાળી સુધીની જવાબદારીને પહોંચી વળતાં આ ખાતે રૂા. ૧૮૦૦ લગભગ વધશે એમ અડસટ્ટો આવ્યું હતું. આજસુધી જૈન સમાજના ધનિક તેમજ સાધારણ સ્થિતિના ભાઇઓએ સ્વેચ્છાથી મોટી નાની મદદો મોકલીને આ પ્રવૃત્તિને જે સહકાર આપ્યો છે તે સહકાર ચાલુ રહેશે એવી શ્રદ્ધા ઉપર સંઘની રાહત પ્રવૃત્તિને હવે પછીના છ મહીના લંબાવવાનો નિર્ણય કર્યો છે. સમય હવે બદલાતો જાય છે અને જે સરળતાથી અને છુટથી આ કાર્યમાં આજ સુધી મદદ ચાલી આવતી હતી એ રીતે હવે નાની મોટી રકમો ચાલી આવતી નથી એ જોતાં આ રાહત પ્રવૃત્તિ ચાલુ રાખવામાં સંઘે મોટું આર્થિક જોખમ ખેડયું છે. એમ છતાં પણ આ દેખાતી ના છતાં મદદ લેતા કુટુંબો માટે અતિ મહત્વની માસિક રૂા. ૧૦-૧૫ થી ૨૫ કે ૩૦ સુધીની મદદ એકાએક બંધ કરવામાં આવે તો તેમની મુંઝવણ કેટલી બધી વધી જાય તે ધ્યાનમાં લઇને આ પ્રવૃત્તિ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. ઉપર જણાવી તેવી રેશન રાહત ઉપરાંત રોકડ માસિક મદદ તેમજ છુટક મદદો પણ આપવામાં આવે છે. સાંપ્રદાયિક કક્ષા પણ ભેદભાવ સિવાય ચલાવવામાં આવતી આ રાહત પ્રવૃત્તિમાં આર્થિક પુરવણી કરવા જૈન સમાજને અમારી આગ્રહભરી વિનંતિ છે.

'પ્રબુદ્ધ જૈન'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ થતું પ્રબુદ્ધ જૈન છેલ્લા સાત વર્ષથી માત્ર જૈન સમાજની નહિ, પણ વિશાળ માનવ સમાજની સેવા કરી રહ્યું છે. આ પત્રનો આજ સુધીમાં ઉત્તરોત્તર વિકાસ થઇ રહેલ છે અને ગ્રાહક સંખ્યામાં પણ ઉત્તરોત્તર વૃધ્ધિ થઈ રહેલ છે. વચગાળે પ્રબુદ્ધ જૈન સરકારી કાનુનોને લઇને માત્ર ચાર પાનાની જ વાંચનસામગ્રી આપી શકતું હતું, અને તેની થોડી અસર ગ્રાહક સંખ્યા ઉપર પડી હતી, આજે સાધારણ રીતે આઠ અને કદિ કદિ દશ અને બાર પાનાં સુધી વાંચનસામગ્રી આપવામાં આવે છે. અને પરિણામે ગ્રાહક સંખ્યા પણ હવે ઠીક ઠીક વધવા લાગી છે. પ્રબુદ્ધ જૈન નો પ્રચાર આમ જનતામાં વધારે પ્રમાણમાં થાય એવી ઇચ્છાથી વાર્ષિક લવાજમ રૂા. ૩ લેખે પાંચ, દશ પંદર કે પચ્ચીસ લવાજમની રકમ પ્રબુદ્ધ જૈનના પ્રશંસકો તરફથી ભરવામાં આવે છે અને તેના બદલામાં તેઓ જણાવે તેમને અથવા તો અમને ઉચિત લાગે તેવી સંસ્થાઓ, વાંચનાલયો તેમજ વાર્ષિક લવાજમ ન ભરી શકે તેવી વ્યક્તિઓને પ્રબુદ્ધ જૈન વિના લવાજમે મોકલવામાં આવે છે. પ્રબુધ્ધ જૈનને જાહેર ખબર દ્વારા કે બીજી કોઇ રીતે આવકનું અન્ય કોઇ સાધન નથી તેમ જ સંઘના સભ્યોને વિના લવાજમે પ્રબુદ્ધ જૈન મોકલવામાં આવે છે, તેથી આજની અસાધારણ મોંઘવારીના સમયમાં પ્રબુદ્ધ જૈન હજુ પગભર થઇ શકતું નથી. તેથી ઉપર જણાવ્યું તે રીતે અથવા તો સીધી રીતે મદદ કરીને પ્રબુધ્ધ જૈનને બને તેટલો આર્થિક ટેકો આપવા વિનંતિ કરવામાં આવે છે. પ્રબુધ્ધ જૈનમાં વધારે ને વધારે વાંચન સામગ્રી આપતા રહેવાની અમને ખુબ ઇચ્છા રહે છે, પણ એ ઇચ્છા પાર પાડવાનો આધાર એક તો ઉપર જણાવી તેવી આર્થિક પુરવણી ઉપર રહે છે. બીજું વિદ્વાનો, વિચારકો અને સમાજસેવકો પોતાની વિદ્વતા, વિચારણા અને અનુભવનો લાભ લેખો દ્વારા પ્રબુદ્ધ જૈનને આપતા રહે તેના ઉપર પ્રબુદ્ધ જૈનનો ભાવી વિકાસ અવલંબે છે. પ્રબુદ્ધ જૈનની આજ સુધીની શૈલી ઉપરથી જેનના દિલમાં પ્રબુધ્ધ જૈનની સત્યનિષ્ઠા અને ઉદાત્ત વિચારસરણી વિષે વિશ્વાસ બંધાયો હોય તે સર્વને પ્રબુધ્ધ જૈનને અર્થસમૃધ્ધ અને વિચારસમૃધ્ધ બનાવવાની દિશાએ બનતો સહકાર આપવા અમારી નમ્રભાવે વિજ્ઞપ્તિ છે.

નર્સ થવા ઇચ્છતી જૈન બહેનને

બી એએ પ્રોવીન્સીયલ નર્સીંગ એસોસીએશનનો અભ્યાસક્રમ પ્રમાણે કરીને નર્સ થવા ઇચ્છતી કોઇ પણ જૈન બહેનને દર માસે રૂા. ૨૦ ની શિષ્યવૃત્તિ આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ મળ્યા છે. જે બહેનને આ શિષ્યવૃત્તિનો લાભ લેવાની અપેક્ષા હોય તેણે પોતાની ઉમ્મર, આજ સુધીનો અભ્યાસ તથા આર્થિક સ્થિતિની વિગતો સંઘના મંત્રી ઉપર ૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ મુંબઇ ૩ એ સરનામે તુરત અરજી મોકલવી. આવેલી અરજીઓમાંથી સૌથી વધારે યોગ્યતા ધરાવતી બહેનને ઉપરની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

એ પ્રેરણા કયાંથી મળી?

['જ્યોતિર્ધર'ના તંત્રી શ્રી ગટુલાલ ગોપીભાઇ કુ થોડા સમય પહેલાં વર્ધા ગયેલા. ત્યાં તેમણે જે જોયું અને જાણ્યું તેનાં કેટલાંક સંસ્મરણો તેમણે જ્યોતિર્ધરમાં લખ્યાં છે. આ સંસ્મરણોમાં તેઓ વર્ધા ખાતે શ્રી. મનોહર બલવંત દિવાન નામના સેવાપરાયણ ગૃહસ્થ એક રક્તપિત્ત આશ્રમ ચલાવે છે તેની સવિસ્તર નોંધ આપવામાં આવી છે, જે પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. તંત્રી]

વર્ધામાં જે જે મેં જોયું તેમાં મારા ચિત્ત ઉપર જેથી સૌથી ઉંડી અસર થઈ તે ત્યાંનું રક્તપિત્ત આશ્રમ. રક્તપિત્ત અને સફેદ કોઢ એ બે જુદા વ્યાધિ છે અને એ બંનેની વ્યાધિ તરીકેની ઉત્કટતામાં પણ મોટો તફાવત છે.

રક્તપિત્તનો રોગ અતિ પ્રાચીન છે. આપણા દેશમાં ઇ. સ. પૂર્વે બે ત્રણ હજાર વર્ષ પૂર્વે પણ એ રોગનો ઉલ્લેખ મળી આવે છે. અતિશય ત્રાસજનક એ રોગ છે, ઘણો જ ચેપી છે અને એનો ઉપાય હજી સુધી કોઇ ઠેકાણે જડેલો જણાતો નથી. બીજા રોગના દર્દીની સુશ્રુષા કરનાર ઘણે ભાગે મળી આવે છે, પરંતુ રક્તપિત્તના દર્દીની સારવાર કરનાર બહુ જ જવલ્લે મળી આવે છે.

બૌદ્ધ સાધુસાધ્વીઓ અને ઇસુખ્રિસ્ત તથા તેના શિષ્યો અને અનુયાયીઓ આ રોગના દર્દીઓની સારવાર પોતાના પ્રાણના જોખમે કરતા હતા, એ હકીકત વાંચીને આપણને તેમના પ્રત્યે પૂજ્ય ભાવ ઉત્પન્ન થાય છે. એ રોગની સારવાર કરનારને જીવનું જોખમ છે, એટલું જ નહિ પણ એ રોગનો ચેપ લાગવાથી એની ત્રાસદાયક અસરથી થતી પીડા જીવનભર ભોગવવી પડે છે એ સૌહુથી વધારે અસહ્ય છે.

આપણા દેશમાં રક્તપિત્તના આશ્રમ મોટે ભાગે ખ્રિસ્તિ મિશનરીઓ ચલાવે છે. ખ્રિસ્તિ મિશનરીઓને હસ્તક ચાલતી ૩૭ સંસ્થાઓ છે અને બીજી ખાનગી વ્યવસ્થાથી ચાલતી ૧૫ સંસ્થાઓને આ સંસ્થાઓ મદદ કરે છે. આ બધામાં થઇને કુલ દશ હજાર રોગીઓને ખાવાપીવાનો, રહેવાનો અને સારવારનો બંદોબસ્ત કરવામાં આવે છે. પરંતુ દેશભરમાં આ સંખ્યાના બસોમાં ભાગના દર્દીઓને જ આ રીતે સારવારનો અવકાશ મળે છે–અર્થાત્ આખા દેશમાં આશરે લાખ જેટલા રક્તપિતના દર્દીઓ છે, એવી ગણતરી કરવામાં આવી છે.

વર્ધા જીલ્લામાં અને મધ્યપ્રાન્તના બીજા જીલ્લાઓમાં આ રોગનો ફેલાવો વિશેષ પ્રમાણમાં હોય એમ જણાય છે. એકલા વર્ધા જીલ્લામાં જ લગભગ છ હજાર જેટલા આ રોગના દર્દીઓ છે. અર્થાત્ દર હજારે દસ માણસો આ રોગથી પીડાય છે એવી ગણતરી કરવામાં આવી છે. વર્ધા જીલ્લામાં જે સારવારની સંસ્થાઓ છે, તેમાં માત્ર ત્રણસો જેટલા દર્દીઓની સારવાર થઇ શકે છે. એવા ઉગ્ર ચેપી રોગના દર્દીઓને કાંઇ પણ સારવાર વિના સમાજને આશરે મૂકી દેવાની અને એ રીતે આખા સમાજમાં એ ત્રાસદાયક રોગનો ચેપ ફેલાવનારની સંખ્યા કેટલી મોટી છે તે આ ઉપરથી જણાશે.

વર્ધામાં અમને જે સંસ્થા જોવાનો લાભ મળ્યો તે ગાંધીજીના સેવાગ્રામના કાર્યકર અને શ્રી વિનોબાના શિષ્ય મનોહર બલવંત દિવાન નામે એક ખરેખરા પરોપકારી અને સાચા સાધુચરિત ગૃહસ્થચલાવે છે.

આપણા દેશમાં ભૂતદયા, સેવાભાવના અને માંદાની સારવારની ફરજની લાગણીનું પ્રમાણ ઓછું નથી. માણસ ઉપરાંત જનવરની પણ સારવાર કરવામાં આવે છે. તેમ છતાં આ રોગની સારવાર કરનારા આપણા હિંદીઓના હસ્તક ચાલતી સંસ્થા આંગળીને વેઢે ગણાય એટલી જ છે.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં, વર્ધામાં જ્યારે મેં સાંભળ્યું કે અહીં પાસે જ એક રક્તપિત્ત।। રોગથી પીડાતા માણસો માટે આશ્રમ છે અને તેના સંચાલક અહીંના જ એક સેવાભાવી સદ્‌ગૃહસ્થ છે. ત્યારે મને એ સંસ્થા જોવાની ખૂબ જિજ્ઞાસા થઇ. અમારે જે સંસ્થાઓ જોવા જવાનું નક્કી કરવામાં આવ્યું હતું, તેમાં આ સંસ્થાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. અમે લગભગ ચાળીશેક માણસો એ સંસ્થા જોવા ગયાં. વર્ધાથી એ સ્થળ લગભગ ત્રણેક માઇલ દૂર છે. ત્યાં અમને સંસ્થાના સંચાલક શ્રી. મનોહર બળવંત દિવાને બધું ફરીને બતાવ્યું અને કોઢ તથા રક્તપિત્તની સારવારની પદ્ધતિ સમજાવી. આ સંસ્થામાં આશરે ચાલીસ જેટલા દરદીઓની સારવાર કરવામાં આવે છે અને અઠવાડીઆમાં ત્રણ વખત બહારના દર્દીઓને દવા તથા સૂચના આપવામાં આવે છે. આવા દર્દીઓ દર અઠવાડીએ આશરે બસો જેટલા થતા હશે. શ્રી. મનોહરને સૌએ આ સંસ્થાને અંગે ઘણા પ્રશ્નો પૂછ્યા અને તે સર્વના તેમણે બહુ સંતોષકારક ઉત્તર આપ્યા. તેમના કહેવા ઉપરથી જણાયું કે આ રોગ મોટે ભાગે ત્રીસ વર્ષની ઉંમર પહેલાં થાય છે. સ્ત્રીઓ કરતાં પુરૂષોમાં એનું પ્રમાણ ઓછું હોય છે. સ્ત્રી-પુરૂષના સહવાસથી એ રોગનો ફેલાવો વિશેષ થાય છે. પરંતુ એ વારસામાં ઉતરતો નથી. કોઢવાળી સ્ત્રીના બાળકને, તેની પ્રસૂતિ થતાં જ જો માતાથી અલગ કરી દેવામાં આવે તો તે આ રોગથી બચી જાય છે. માતાનું દૂધ એના પીવામાં આવે તો રોગ લાગવાનો ઘણો સંભવ છે. ચાળીસ વર્ષના ઉંમરનાં માણસોને આ રોગ નવો ઉત્પન્ન થવાનો સંભવ ઘણો ઓછો છે, જો કે સંસર્ગના ચેપથી તો કેટલીક વખત થવા પામે છે. અમે સૌ એ સંસ્થા જોતા હતા, તેવામાં પુષ્કળ વરસાદ આવવાથી અમારે ત્યાં વધારે રોકાવું પડ્યું, એટલે આ સંસ્થા અમારાથી સારી રીતે જોવાઇ અને શ્રી. મનોહરને ખૂબ પ્રશ્નો પૂછી એને વિષે સારી માહિતી મેળવી શકાઇ.

લગભગ બધા પ્રશ્નો આ રોગ અને આ સંસ્થા વિશે પૂછાયા પછી મેં પ્રશ્ન કર્યો કે આ કાર્ય કરવાની પ્રેરણા (Inspiration) આપને કયાંથી મળી? આ મારો પ્રશ્ન ઘણાને રૂચ્યો નહિ. ઘણાને એમ લાગ્યું કે ગાંધીજીના સેવાગ્રામમાં રહેલાં, સેવાવૃત્તિવાળા, અને શ્રી. વિનોબાના શિષ્યને માટે "કોની પાસેથી પ્રેરણા મેળવી" એ પ્રશ્ન સર્વથા અસ્થાને હતો. એટલે મેં આ પૂછ્યું તેથી ઘણાં મારી સામે જોઇ રહ્યા. જાણે કે જે અત્યંત સરળ અને સ્પષ્ટ રીતે સમજાય એવું (obvious) હતું તેને વિશે પ્રશ્ન શા માટે કરવો? પરંતુ જ્યારે એમણે ઉત્તર આપ્યો, અને જે ઊંડા ઉપકારભાવથી ઉત્તર આપ્યો, ત્યારે સૌને થયું કે આ પરમાર્થી સેવકના હૃદયમાં કેટલી ઊંડી સેવાવૃત્તિ ભરેલી હતી.

"આ પ્રશ્ન તમે બહુ સારો પૂછ્યો" શ્રી. મનોહરે જણાવ્યું, "ગાંધીજીના સેવાગ્રામમાં કાર્ય કરવાથી અને શ્રી. વિનોબાના સહવાસથી મને સેવા કરવાની વૃત્તિ ઉત્પન્ન થઇ હતી. પરંતુ આ કાર્ય પ્રત્યે મારી વૃત્તિ વળવાનું કારણ બીજું છે. આશરે વીસેક વર્ષ ઉપર અહીં એક કેનેડીયન મિશનરી બાઇ આવ્યાં હતાં. તે મિશનનું, ધર્મપ્રચારનું અને કન્યાશિક્ષણનું કામ કરતા હતાં. એક દિવસ એમના બંગલાના બટલરે એમને ખબર આપી કે બંગલાના એક નોકરને કોઢ જણાય છે. આ બાઇ ગભરાઇ ગયાં અને એ નોકરને તત્કાળ રજા આપવાનો વિચાર કર્યો. પરન્તુ થોડીજ વાર પછી એમને એ નોકરની બધી હકીકત જાણવાનું મન થયું. તપાસ કરતાં જણાયું કે એ નોકરનો એક ભાઇ કોઢ નીકળવાથી, અને તે મટે એમ ન હોવાથી આપઘાત કરીને મરી ગયો હતો. બીજો એક ભાઇ કોઢને લીધે કુંટુમ્બ છોડી નાસી ગયો હતો. આ મિશનરી બાઇને લાગ્યું કે આ નોકરને જો રજા આપવામાં આવે, તો તે નાસી જાય અને બીજે ચેપ ફેલાવે એટલે એને છૂટો મૂકવો એ સમાજ માટે જોખમભરેલું હતું. આ ઉપરથી "I dismissed the idea of dismissing him" એમ એ બાઇએ પોતાની ડાયરીમાં લખ્યું છે. તેણે આ નોકરને માટે કોમ્પાઉંડમાં એક ઓરડી અલગ કાઢી અને એની સારવારની તજવીજ કરી એ બાઇને એમ લાગ્યું કે આવા બીજા બે ચારની પણ સારવાર થઇ શકે તો સારૂ, કારણ કે એ પ્રદેશમાં આ દર્દથી પીડાતા ઘણા માણસો એના જોવામાં આવ્યા. ધીમે ધીમે રક્તપિત્તના દર્દીઓ માટે ખાસ હસ્પિતાલ અને આશ્રમ બાંધવાનો એમને વિચાર આવ્યો. એટલે અમેરિકાથી પૈસા

જૈન સંઘનું સંવત્સરી પ્રતિક્રમણ

(જૈન સંપ્રદાયમાં 'પ્રતિક્રમણ' એ સવાર સાંજ કરવાની એક દૈનિક ક્રિયા છે. ચાલુ જીવનની પર્યાલોચના કરવી, થયેલા દોષો વિષે પશ્ચાત્તાપ ચિન્તવવો અને વધારે નિર્મળ જીવન જીવવાનો નિશ્ચય કેળવવો એ આ પ્રતિક્રમણ ક્રિયાનો હેતુ છે. આ જ ભૂમિકા ઉપર સંવત્સરિ પ્રતિક્રમણ નામની દર વર્ષે એક વખત કરવાની ધર્મક્રિયા જૈન આચારશાસ્ત્રમાં નિર્માણ કરવામાં આવી છે. આ દિવસ સાધારણ રીતે જૈનોના પર્યુષણ પર્વના છેડે આવે છે. આવી આન્તરનિરીક્ષણપૂર્વક કરવામાં આવતી દોષપર્યાલોચના અને ઉચ્ચતર જીવન નિર્માણ કરવા માટેનું ચિન્તન માત્ર જૈનો માટે જ ઉપયોગી છે એમ નથી, પણ જે કોઇ માનવીને ઐહિક તેમજ આધ્યાત્મિક મોક્ષ સાધવાની કામના હોય તે દરેકને માટે આદરણીય છે. આ વર્ષના પર્યુષણ પર્વના પ્રારંભ પહેલાં તા. ૧-૯-૪૫ના પ્રબુદ્ધ જૈનમાં 'શુદ્ધિપર્વ' એ મથાળાનો પંડિત સુખલાલજીનો લેખ પ્રગટ થયો હતો. તેમાં રજુ કરવામાં આવેલી વિચારસરણીને અનુરૂપ વિચાર પ્રદેશનું નિરૂપણ કરતો અને એમ છતાં એ લેખ જોયા સિવાય તદ્દન સ્વતંત્ર રીતે નિર્માણ થયેલો મારા મિત્ર શ્રી. દેવચંદ અમરચંદ શાહનો ચિન્તન પ્રેરક લેખ આજે જ્યારે એક વિક્રમ સંવત્સર પુરો થાય છે અને અન્ય વિક્રમ સંવત્સર શરૂ થવાની અણી ઉપર છે ત્યારે પ્રગટ થઇ રહ્યો છે. એ લેખદ્વારા માત્ર જૈન સમાજને જ નહિ, પણ સમસ્ત ભારતવર્ષની જનતાને સંવત્સરિ પ્રતિક્રમણ કરવાનું અને પોતાનો જીવનમાર્ગ નિર્ણીત કરવાનું નિમંત્રણ કરવામાં આવે છે. **પરમાનંદ.**)

અમુક સમયના અંતરે પ્રતિક્રમણદ્વારા સૂક્ષ્મ આત્મનિરીક્ષણ કરી જાગ્રત રહેવાની પ્રથા એ જૈનોની અગત્યની વિશિષ્ટતા છે અને પ્રગતિની પોષક છે. ઘણાખરા જૈનોને માટે પ્રતિક્રમણ પરિણામદાયી આત્મનિરીક્ષણ મટી હાલ માત્ર રૂઢિ રૂપે રહ્યું હોય તો તે પ્રતિક્રમણની પ્રથાનો દોષ નથી, પણ સમય પ્રમાણે તેમાં ફેરફારો ન કરી તેમાનું ચેતન ખુઝવી દેનાર સંઘના નેતાઓનો દોષ છે. જે રૂપમાં પ્રતિક્રમણ હાલ થાય છે તે રૂપમાં પણ સંવત્સરી પ્રતિક્રમણે નીતિધર્મ પ્રત્યે સાચા અનુરાગવાળી સંખ્યાબંધ વ્યક્તિઓને આત્માભિમુખ કરી તેમની પ્રગતિમાં જરૂર સહાય કરી હશે.

વ્યક્તિઓને માટે તો હાલ છે તેવા સંવત્સરી પ્રતિક્રમણ દ્વારા ધર્મની દૃષ્ટિએ વાર્ષિક સરવૈયું કાઢી નફા તોટાનો હિસાબ કાઢવાનો પ્રસંગ થોડા દિવસ પહેલાં જ આવી ગયો. પરંતુ જેમાં સાધુ, સાધ્વીઓ, શ્રાવક, શ્રાવિકાઓ, નાનાં, મોટાં, ગરીબ, તવંગર બધાંનો સમાવેશ થાય છે તેવા સમસ્ત જૈન સંઘ અથવા જૈન સમાજવતી તેના જૂદા જૂદા ઘટકોની અને આખા સંઘની, સંવત્સરીના દિવસે પૂરા થતા વર્ષ દરમ્યાનની સ્થિતિ, પ્રવૃત્તિ, પ્રગતિ, પીછેહઠ વગેરેનું પધ્ધતિસર નિરીક્ષણ કરી તે વર્ષનું સરવૈયું જૈન અને અન્ય જનતા સમક્ષ મૂકવાનો કોઇ આગેવાન વ્યકિત અથવા સંસ્થાએ પ્રયત્ન કર્યો છે? હિંદની અવનતિ ગમે તે કારણોને લીધે થઇ હોય, પણ તે અવનતિ વધવાનું, ચાલુ રહેવાનું કે પૂરતા પ્રમાણમાં ન ઘટવાનું એક મુખ્ય કારણ એ છે કે દરેક માણસ અથવા કુટુંબ પોતપોતાનું ફોડી લે છે, અને સમાજ કે તેના જૂદા જૂદા વ્યવસ્થિત વિભાગોનું ઝીણવટથી તટસ્થ નિરીક્ષણ કરી, જગતના પ્રવાહો તપાસી ભવિષ્યનો માર્ગ આંકી તે માર્ગે સમાજને દોરવાનો પ્રયત્ન કરનાર વ્યકિતઓ કે સંસ્થાઓની હિંદમાં ઘણી અછત હોય છે. વ્યકિતગત પ્રતિક્રમણ કરવામાં જૈનો પહેલા હોવા છતાં સંઘ કે સમાજનું પ્રતિક્રમણ કે સરવૈયું કરવામાં તેઓ બહુ પાછળ રહી ગયા હોય એમ લાગે છે. એ સરવૈયામાં સ્વાભાવિક રીતે અનેક બાબતો આવે. સાધુ, સાધ્વીઓ, શ્રાવક, શ્રાવિકાઓની સંખ્યામાં વધારો થયો કે ઘટાડો, જૈન સંસ્થાવતો કેટલી અને કયા કયા કામ માટે થઇ, તેનો ઉપયોગ કેવો થયો, દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ વગેરે કેટલાં કયાં કયાં બંધાયાં, તેનો વહીવટ કેવો હતો, વિદ્યાલયો, છાત્રાલયો, પાઠશાળાઓ વગેરેની સંખ્યામાં અને કામકાજમાં કેટલી પ્રગતિ થઇ વગેરેની છણાવટ જરૂર થાય. પણ આ બધુ એકંદરે ગૌણ ગણાય. કારણ કે કોઈ પણ ધર્મનું ધ્યેય કેટલે અંશે સધાયું છે અને સધાતું જાય છે તેનું માપ તે ધર્મના અનુયાયીઓની સંખ્યાથી કે તે ધર્મના નામે ચાલતી સંસ્થાઓથી કાઢી શકાય નહિ. મહાનુભાવ ખ્રિસ્ત મનુષ્ય પૂરતી તો સંપૂર્ણ અહિંસા જરૂર ઉપદેશતા. તેમના કહેવાતા અનુયાયીઓની સંખ્યા મોટી છે છતાં તેમણે પ્રરૂપેલા ધર્મના કહેવાતા અનુયાયીઓ યુદ્ધના નામે મનુષ્યો પ્રત્યે વધારેમાં વધારે હિંસા આચરે છે. જૈન ધર્મના અનુયાયીઓની સંખ્યા ઘણી નાની છે, છતાં જો તે ધર્મના વિશિષ્ટ સિદ્ધાંતો જગતમાં જૈનો અને અજૈનો વધારે અને વધારે પ્રમાણમાં માન્ય કરે અને આચારમાં મૂકે તો જૈન ધર્મની પ્રગતિ થઇ એમ ગણાવું જોઇએ. તેથી ઉલટું, જૈનોની સંખ્યા વધે અને છતાં જૈનો અને અજૈનો જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોને આચરણમાં ઓછા પ્રમાણમાં મૂકે તો જૈન ધર્મે પાછાં પગલાં ભર્યા એમ ગણાવું જોઇએ. એટલે જગતની મુખ્ય ઘટનાઓ તપાસી તેમાં જૈનો અને જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોએ શું ભાગ ભજવ્યો તે જાણી શકાય તો જૈન વ્યક્તિઓ અને સંસ્થાઓની ખરી ઉન્નતિ, અવનતિનું માપ આપોઆપ નીકળી જાય. આમ હોવાથી બીજી હકીકતોની સાથે સાથે નીચે જણાવેલ જગતના ત્રણ મુખ્ય પ્રવાહોની બાબતમાં ગયા વર્ષ દરમ્યાન જૈનોએ શું શું કર્યું તે જૈન અને અન્ય જનતાને જાણવાનો હક્ક છે. અને તેનું ખાસ કારણ તો એ છે કે એ ત્રણે પ્રવાહોને યોગ્ય રસ્તે વાળી મનુષ્યના ઐહિક અને પારલૌકિક જીવનને અનુકૂળ પોષક બનાવવામાં જૈન ધર્મ સારો ફાળો આપી શકે તેવું હતું અને છે.

પાપ પુણ્યથી આત્માને એક પ્રકારનું બંધન થાય છે એજ એક વાત ઉપર અણઘટતો ભાર મૂકી જાણે જૈન ધર્મમાં નીતિને મહત્ત્વ ન જ હોય એવી ગેરસમજ કેટલાક જૈનો ભલે ઉત્પન્ન કરતા હોય, તો પણ એ વાત તો નિર્વિવાદ છે કે જૈન ધર્મમાં મનુષ્યના આ દુનિયામાંના યોગ્ય આચરણ અથવા નીતિ ઉપર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેટલો ભાર બીજા કોઇ ધર્મમાં ભાગ્યે જ મૂકવામાં આવ્યો હશે. તેથી જ મહાવ્રતો, અણુવ્રતો, તપશ્ચર્યા વગેરે રૂપમાં જૂદી જૂદી કોટિના જૈનો માટે આચરણના કડક નિયમો રાખવામાં આવ્યા છે. યુદ્ધકાળમાં

એકઠા કરાવી આને પોતાનું જીવનકાર્ય બતાવવાનો એમણે નિશ્ચય કર્યો. પૈસા મળી રહ્યા અને એમણે ધરપીતાલ તથા આશ્રમ શરૂ કર્યા. પચીસ વર્ષ સુધી આ બાઇએ આ હરિપતાલની અને આશ્રમની અસ્ખલિત સેવા કરી, વચમાં એમને ફરજો રજામાં વતન પાછા જવાનું કહેવામાં આવ્યું, તે પણ તેમણે સ્વીકાર્યું નહિ. આ બાઇને તેનાં છેલ્લા વર્ષોમાં મેં જોયેલી. ભયંકર વ્યાધિથી પીડાતા અહીંના સમાજે ત્યજી દીધેલા માણસોની શુશ્રૂષા કરવામાં જીવન વીતાવી આ બાઇએ અહીં જ પોતાનો દેહ ત્યજ્યો. એકનિષ્ઠા અને અગાધ સેવાવૃત્તિવાળી આ બાઇના પરોપકારી કાર્યની મારા ઉપર બહુ ઊંડી છાપ પડી અને મને લાગ્યું કે જે કાર્ય આ પરદેશી બાઇ હજારો માઇલથી આવીને, કેવળ ઇશ્વરપ્રીત્યર્થે કરી ગઇ, તે કાર્ય મારે મારા દેશબન્ધુઓ માટે કરવું એ મારૂં પરમ કર્તવ્ય છે. આ પ્રેમથી મેં આ કાર્ય મારા જીવનકાર્ય તરીકે સ્વીકાર્યું છે.'

શ્રી. મનોહર દિવાને પોતાની હકીકત ખૂબ સરળતાથી અને કોઇ પણ પ્રકારના અહંભાવ વિના તેમજ અસર કરવાના જરા પણ હેતુ સિવાય અમને જણાવી હતી. હું કાંઇ સેવા કરૂં છું એવી પણ લેશમાત્ર લાગણી વગરના આ સાચા સેવક પ્રત્યે મારા હૃદયમાં પૂજ્યભાવ ઉત્પન્ન થયો અને ધર્મના સાચા વાસ્તવિક સ્વરૂપની મારી માન્યતા વિશેષ દૃઢ થઇ. સેવાગ્રામ અને વર્ધાના મારા પ્રવાસમાં આ સંસ્થા અને તેના પરદુઃખભંજન સંચાલકના કાર્યની અસર મારા ઉપર ચિરસ્થાયી રહે એ મારી અંતરની ઇચ્છા છે. **ગટુલાલ ગોપીભાઈ ધ્રુ.**

શૌર્ય, આત્મભોગ, દેશાભિમાન વગેરે અનેક સદ્‌ગુણો ખીલે છે. પણ તેની સાથે સાથે જ વેરઝેર, સ્ત્રી પુરુષો વચ્ચેના જાતીય સંબંધોમાં શિથિલતા, લાંચ રૂશવત, કાળા બજાર, સંઘરાખોરી વગેરે દ્વારા પ્રજાના નબળા વર્ગોનું નિર્દય શોષણ વગેરે ઘણા અવગુણો પણ પોતાના પ્રચંડ ફાંસામાં મનુષ્ય સમાજ વધારે અને વધારે જકડે છે. મનુષ્યોનું યુદ્ધકાલીન આચરણ તે ગયા વર્ષનો જગતનો વર્તમાન પૂરતો એક અત્યંત અગત્યનો પ્રવાહ. અમુક ધ્યેય માટે અથવા પોતાના દેશની ખાતર જે માણસો લડતા હોય અથવા તો લડાઇને મદદ થાય તેવું કામ કરતાં હોય તેમનામાં અમુક સદ્‌ગુણો જરૂર ખીલે છે. એ રીતે પોતામાં સદ્‌ગુણો ખીલાવવાનો પ્રસંગ થોડાક જૈનોને જ પ્રાપ્ત થયો હશે. જૈનોનો મોટો ભાગ વેપાર ઉદ્યોગથી પોતાનું ભરણપોષણ કરતો હોવાથી ઘણા જૈનોને રણાંગણથી દૂર રહી હિંદમાં ચાલતા લડાઇથી ઓછા અથવા વધારે રંગાયેલા આર્થિક વ્યવહારોમાં પોતાના સ્વાર્થને ખાતર સક્રિય ભાગ લેવાનું બન્યુ હશે. તે ભાગ લેતી વખતે જૈન ધર્મને શોભે તેવું જૈનોએ વર્તન રાખ્યું હતું કે નહિ? લાંચરૂશવત, કાળા બજાર, સંઘરાખોરી વગેરેથી દૂર રહી તેમણે બીજાને દાખલો બેસાડયો હતો? પોતાની બધી વગ અને શકિત વાપરી બીજાને નીતિધર્મને માર્ગે જ ચાલતા રાખવાની તેમણે મહેનત કરી હતી? શ્રાવકના બાર વ્રતમાંના એકથી શ્રાવકે પોતે વધારેમાં વધારે કેટલો પરિગ્રહ રાખવો તેની મર્યાદા બાંધવાની હોય છે. આવી મર્યાદા તો બહુ થોડા શ્રાવકોએ બાંધી હશે, પણ તેનાથી ઉતરતા દરજ્જાની પણ દરેક સામાન્ય સજ્જને પણ પાળી જોઇએ તેવી અનીતિથી ધન ન મેળવવાની મર્યાદા પણ તેમણે પાળી છે? કે ધનના-પરિગ્રહના લોભથી આંધળા બનીને હરકોઇ રસ્તે, બીજા જૈન અજૈન દેશબાંધવોનું ગમે તે થાય તે જાણીને અથવા જાણવાની દરકાર ન રાખીને ધન-પરિગ્રહ મેળવવાનું જૈનને ન છાજે તેવું એકજ ધ્યેય તેમણે રાખ્યું હતું? કસાઇ પશુ, પંખીઓનેજ મારે છે. મનુષ્યભક્ષી માણસો મનુષ્યોને મારતી વખતે સામાન્ય રીતે તેમને રીબાવતા નથી. પણ લડાઇ દરમ્યાન નર્યા પરિગ્રહ લોભને લીધે લાંચ રૂશવત, કાળાબજાર સંઘરાખોરી વગેરેનો અશ્રય લઇને તેને પોષનાર માણસો તો ગરીબોને રિબાવી રિબાવીને મારવામાં કારણભૂત બન્યા હોવાથી કસાઇ અને મનુષ્યભક્ષી માણસો કરતાં પણ વધારે ખરાબ લેખાય. આવા માણસો જૈનો હોય તો તેમને વિશેષ શરમાવા જેવું છે અને જૈન ધર્મ ને તો મુળમાંજ તેમણે કુહાડાના ઘા માર્યા ગણાય. એ પરિસ્થિતિ અટકાવવા માટે સાધુ અને શ્રાવક નેતાઓએ શું કર્યું હતું? શ્રાવકોને બાજુએ મૂકીએ તોપણ કંચન અને કામિનીના ત્યાગી સાધુ સાધ્વીઓએ તો તેમના શ્રાવક અનુયાયીઓને આવા અધઃપતનમાંથી બચાવી લેવા માટે તનતોડ પ્રયત્ન કરવો જોઇતો હતો. તે તેમણે કર્યો છે? કે અધમ રીતે પ્રાપ્ત કરેલો શાપિત ધનનો ઘણો થોડો ભાગ કહેવાતા શ્રાવકોએ દેરાસર, ઉપાશ્રય, વરઘોડા, ઘી, લાણી વગેરે પાછળ ખર્ચવાથી તેમણે ધર્મનો પ્રભાવ વધાર્યો વગેરે વાતો કરી સાધુ વર્ગે તે શ્રાવકોની પીઠ થાબડી, તેમનું બહુ માન કરી જૈનોને ઉંધે માર્ગે દોરવી જૈન ધર્મનો દ્રોહ કર્યો હતો? અનીતિથી મેળવી શકાતા ધનને લાત મારી જાણી જોઇને ગરીબ રહેલા થોડા શ્રાવકો કે જેઓ પોતાની ગરીબીને લીધે ધાર્મિક ક્રિયાઓ પાછળ ધન ન ખર્ચી શકયા હોય તેમનું તેમણે બહુમાન કરવું જોઇતું હતું તે કર્યું છે? કંચનના ત્યાગી સાધુવર્ગમાંના કેટલાક પોતાના અનુયાયીઓ પાસે કેટલા લાખ કે કરોડની દોલત છે, કેટલા બંગલા છે, કેટલી મોટરો છે તેનો હિસાબ રાખી જેમ ધનવાન અનુયાયીઓ વધારે એમ તેમની પે તાની મોટાઇ વધારે એમ માને, મનાવે તેમાં તેઓ જૈન ધર્મનો કયો સિદ્ધાંત પાળતા હશે તે સમજવું મુશ્કેલ છે. દેશમાં ફેલાયેલાં લાંચ રૂશવત, કાળા બજાર, સંઘરાખોરી વગેરેને નાબૂદ કરવામાં અથવા કાબુમાં રાખવામાં મહાવીર ભગવાનના અનુયાયીઓ જો સફળ થયા હોત, તેમ નહિ તો પોતે તે અધમતાથી દૂર રહ્યા હોત તો જૈન ધર્મનો પ્રભાવ કેટલો વધત? એ પ્રસંગનો સદુપયોગ કરવાને બદલે જૈનોએ તેનો દુરૂપયોગ કર્યો હોય તો ગયા વર્ષના સરવૈયામાં જૈન સંઘને મોટી ખોટ ગઇ એમ પ્રતિક્રમણથી જણાવું જોઇએ.

બીજો જગતનો પ્રવાહ તે મનુષ્ય પૂરતી અહિંસાને વ્યવહા કેવી રીતે બનાવવી તે વિષેની વ્યાપક વિચારણા એ છે. એક બા જોતાં મનુષ્યોની હિંસા નાબૂદ કરવાની જરૂર ઉપર બુધ્ધ, મહાવ અને ખ્રિસ્તે બહુ ભાર મૂકયો છે. છતાં બૌધ્ધ, જૈન અને ખ્રિ રાજાઓ, સેનાપતિઓ અને સૈનિકો હિંસાત્મક યુધ્ધો ખેડતા આવ છે. અને કેટલીક વખત તો યુધ્ધનું કારણ ધર્મ પણ બન્યો છે. આ સુધી યુધ્ધમાં મનુષ્ય હિંસા ઓછી થવાને બદલે વધતી ચાલી માત્ર મનુષ્ય મનુષ્ય વચ્ચેના બીજા વ્યવહાર જેવા કે ગુન્હેગારે તેમણે કરેલા ગુન્હાનો બદલો આપવામાં, નોકરો પાસેથી કામ લેવા પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચેના સામાન્ય વ્યવહારમાં કે બાળકોને કેળવ આપવામાં વધ અથવા શારીરીક શિક્ષાના રૂપમાં હિંસાનો આશ્ર ન લેવો જોઇએ તે બાબતમાં પ્રગતિની થોડી શરૂઆત પણ થ છે, અને તેટલા પ્રમાણમાં હજારો વર્ષ પહેલાં હિંસાથી ભર વાતાવરણમાં અહિંસાની જરૂર જોઇ તેનો બોધ કરનાર બુદ્ધ પુરૂષોના વિચારને મૂર્ત સ્વરૂપ મળતું જાય છે એમ માનવા હરકત નથી. પણ બીજી બાજુ વિજ્ઞાને મનુષ્યના હાથમાં ઘણી મો હિંસક-સર્વનાશ કરનારી-શકિત મૂકી દીધી છે, અને થોડા વખત તે શકિત અનેકગણી વધી જાય તેવો સંભવ છે. તે શકિત ભવિષ્યમાં ઉપયોગ થાય તો લગભગ આખી મનુષ્ય જાત અને મ બ્યજાતની સાથે તેના ધર્મો, સંસ્કૃતિઓ, અને બીજું જે કાંઇ સા નરસું હોય તે નાશ થઇ જવાનો પૂરો સંભવ છે. સુવિખ્યાત લેખ બર્નાડ શૉ તો એટલે સુધી જાય છે કે પરમાણું બોમ્બ દ્વારા છો મૂકવામાં આવેલી પરમાણું ભંગની શકિત આપણી આખી પૃથ્વી હાલના સ્વરૂપનો નાશ કરી તેને માત્ર વાયુના રૂપમાં ફેરવી નાખે એ પણ કદાચ બને. આવા કોઇ ઘોર પરિણામને માટે મનુષ્યની હિં જવાબદાર ન બને એવો કોઇક રસ્તો શોધી કાઢવાની હાલ સૌ વધારે જરૂર છે એમ બધાં વિચારશીલ સ્ત્રી પુરૂષોને હવે લાગ માંડયું છે, અને સૌને માથે ઝઝૂમતી આ આફતમાંથી મનુ જાતને કેવી રીતે બચાવવી એ માટે લેખકો, રાજનીતિજ્ઞો, સમાજ સેવકો વગેરે સૌ પ્રયત્ન કરવા મંડી પડયા છે. ભેગી મુશ્કેલી એ છે કે જૂદાં જૂદાં રાજ્યો વચ્ચેની તકરારોનો છેવટનો નિકાલ આજ સુધી હિંસાથીજ થતો આવ્યો છે. અને દરેક દેશમાં દેશની ધર્મની કે બીજા કોઇ ધ્યેયની ખાતર સામા પક્ષના મનુષ્યોને મા વાના પ્રયત્નમાં મરનારને આ જગતમાં બહુ ઉંચું સ્થાન આપવા આવ્યું છે. એટલુંજ નહિ, પરંતુ મરણ પછી પણ એવી રીતે મરના રને સ્વર્ગમાં ખૂબ મોજ માણવાની મળે છે વગેરે અર્થનાં લોકગીતે વાર્તાઓ અને બીજું સાહિત્ય પુષ્કળ હોય છે. આ મૂળભૂત માન્યતાનો પૂ નાશ ન થાય ત્યાં સુધી હિંસાના માનસનો નાશ ન થાય. અને હિંસા માનસનો નાશ ન થાય ત્યાં સુધી મનુષ્ય જાત સહિસલામત બની શ નહિ. આવું ઘોર વાતાવરણ જ્યારે દુનિયા ઉપર ફેલાયેલું છે. તે વખ અહિંસાને પોતાની વિશિષ્ટતા અને કદાચ ઇજારાની વસ્તુ છે એ માનતા જૈનોના નેતાઓએ મનુષ્ય જાતિને માર્ગદર્શન કરાવવા માટે શું કર્યું? મહાવીર અમુક ઉપદેશ આપી ગયા છે એટલુંજ માત્ર કહેવાથ કાંઇ અર્થ સરે નહિ. તેમના ઉપદેશનો વર્તમાન દેશ, કાળ અને ભા વિચારમાં લેતાં કેવી રીતે વ્યવહારૂ ઉપયોગ કરી શકાય તે બતાવવાન પ્રયત્ન કરવો એ જૈન નેતાઓનું કામ છે. તેમણે વિચાર કરી કો યોજનાઓ ઘડી, પરસ્પર ચર્ચી જૈન અને અજૈન સમાજ પાસે મુ છે? વળી મનુષ્ય મનુષ્ય વચ્ચેના વ્યવહારમાં હિંસાને સ્થાન ન હો જોઇએ એ સિદ્ધાંત સ્વીકારી કાર્યકારી સાધનોનો મોટામાં મોટો પ્રયો ગાંધીજીને હાથે હિંદનાં થયો છે. તે પ્રયોગમાં જૈનના કેટલા નેતાઓ ભાગ લીધો? જૈન ધર્મે બાંધેલો અહિંસાનો સિદ્ધાંત જો જૈન ધર્મ નેતાઓ અને અદના અનુયાયીઓને સાચે જ ગળે ઉતર્યો હોત તો પ્રયોગમાં તેમણે કુરબાની કરી ઝંપલાવ્યું હોત. તે પ્રયોગમાં પણ જે ઊણપો માલુમ પડી છે તે પોતાના આચરણથી ટાળવાનો તેમનો સત પ્રયત્ન હોત, કાંઇ નહિ તો બીજા ધર્મના નેતાઓ અને અનુયાયીઓ

કરતાં ઘણા મોટા પ્રમાણમાં જૈન ધર્મના નેતાઓ અને અનુયાયીઓએ એ પ્રયોગમાં સક્રિય ભાગ લીધો હોત. તે પ્રયોગ તદ્દન બાલ્યાવસ્થામાં છે, અને વિવિધ સંયોગોમાં તે કેવી રીતે યશસ્વી થાય તે હજુ આચરણ અને અનુભવથી નક્કી કરવાનું છે. આવા જે જે પ્રયોગો થાય તેમાં સાચા દિલથી ભાગ લેનારને વિશેષ નહિ તો ભાગ લેવાની મુદ્દત દરમ્યાન અહિંસાની સાથે સાથે જ સત્ય, શૌર્ય, પરિગ્રહ પ્રત્યે ઉદાસીનતા, ન્યાયવૃત્તિ વગેરે ગુણો કેળવવા પડે છે. તેથી તેવા માણસો અજૈન હોય તો પણ મહાવીરના મુખ્ય સિદ્ધાંતોને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરતા હોવાથી હાલના સામાન્ય જૈનો કરતાં વધારે અંશે જૈન ગણાય. આવા ખરા જૈનોની સંખ્યા વધારવામાં અને જૈન ધર્મના અનુયાયીઓને ખરા જૈન બનાવવામાં આગેવાન આચાર્યો અને શ્રાવકોએ ગયા વર્ષ દરમ્યાન શું ભાગ ભજવ્યો ? જો તે ભાગ નજીવો હોય અને અહિંસાને વ્યવહારમાં શ્રેષ્ઠ પદે સ્થાપવાની કોઇ યોજના તેમની પાસે ન હોય તો જૈન ધર્મ પાસેથી મળેલી મિલકતનો યોગ્ય વહીવટ કરી તેને અનેકગણી વધારવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો હોવા છતાં તે અવસરનો જૈનો લાભ લઈ શકયા નથી અને તે માટે પૂરતી તૈયારી પણ નથી એમ સંવત્સરી પ્રતિક્રમણમાં ગયા વર્ષનું સરવૈયું તપાસતાં આપણને માલુમ પડે. એ હકીકતની નોંધ લઇ દરેક જૈને તેનો ઉપાય યોજવા મહેનત કરવી ઘટે.

ત્રીજો અગત્યનો જગતનો પ્રવાહ તે નવરચનાનું આયોજન. માત્ર થોડા માણસના પ્રયત્નથી નહિ પણ સામાન્ય જનતાના સંગઠિત પ્રયત્નથી મિત્રરાજ્યો જીત્યાં છે. તે યુદ્ધ અમુક ધ્યેયો માટે લડવામાં આવ્યું હતું એમ તે મિત્ર રાજ્યોની સામાન્ય જનતાનો સારો સરખો ભાગ માને છે. રાજકારણમાં સામાન્ય જનતાનું જોર વધતું જાય છે. વિજ્ઞાને મનુષ્યને સાધનોની વિપુલતા કરી આપવા છતાં મનુષ્ય સમાજના મોટા ભાગને ખોરાક, કપડાં, ઘર, વૈદ્યકીય મદદ, શિક્ષણ, વગેરે જીવનની મૂળભુત જરૂરિયાતો યોગ્ય પ્રમાણમાં પૂરી પડતી નથી, મનુષ્ય મનુષ્યનું શોષણ કરે છે, વર્ણ, જાતિ અને વર્ગના ભેદો હજુ ચાલુ છે. આ અને બીજા અનેક અનિષ્ટો નાબુદ કરી દરેક દેશમાં મનુષ્યજીવન લાંબુ, સુખી અને સમૃધ્ધ થાય તેવી કાંઈક વ્યવસ્થા લડાઇ પછી કરવાનો યુદ્ધમાં જીતનારી પ્રજાઓનો ઉદ્દેશ છે એમ કહેવામાં આવે છે. અને તે વિષે અનેકવિધ વિચારણાઓ ચાલી રહી છે. આંતરરાષ્ટ્રીય વિચારણામાં એક અગત્યના દેશ તરીકે હિંદ આવી જાય. તે ઉપરાંત હિંદ અને તેના જૂદા જૂદા પ્રાંતો પૂરતી પણ અનેક યોજનાઓ થઇ છે અને થતી જાય છે. એ યોજનાઓ અમલમાં મૂકાશે ત્યારે તેના પરિણામમાંય જૈનો કે બીજું કોઇ બાતલ રહી શકશે નહિ. આ યોજનાઓના ઘડતર કે વિચારણાઓમાં જૈન ધર્મના વિશિષ્ટ સિદ્ધાંતોનો વ્યવહારૂ ઉપયોગ કરી કાંઇ સૂચનાઓ કરવાનું ગયા વર્ષમાં જૈનોના સાધુ કે શ્રાવક આગેવાનોથી બન્યું હતું કે નહિ ? તૈયાર થયેલી અને થતી યોજનાઓ સંપૂર્ણ ન જ હોઇ શકે. વળી તે યોજનાઓને અમલમાં મૂકવાનું કામ પણ જે અને જેવા મનુષ્યો હાલ છે તેમના હાથમાં આવવાનું છે. એટલે તે યોજનાઓને બને તેટલી સારી અને હાલના સંજોગોને અનુકુળ બનાવવી તેટલું જ બની શકે. અને તે અમલમાં મૂકતી વખતે જેટલાં સાચા, નિસ્વાર્થ અને જ્ઞાનસંપન્ન માણસો મળી શકશે તેટલા પ્રમાણમાં તે યશસ્વી બની શકશે. આ યોજનાઓ જૈનો અને અજૈનોનું ઐહિક જીવન સુધારે અને છતાં જૈન ધર્મના મુખ્ય સિધ્ધાંતોને અનુકુળ રહે અને અધ્યાત્મ દૃષ્ટિ પોષે એ માટે જૈન ધર્મના નેતાઓનો પ્રયત્ન હોવો જોઇએ. બને તેટલાં ઐહિક સુખનાં સાધનો એકઠાં કરી દરેક માણસ વધારે ને વધારે મોજ માણે એટલું જ જો આ યોજનાઓનું એકનું એક ધ્યેય બની જાય તો અંતે આ દુનિયા ઉપર આફત ઉતરે જ એમ કેટલાક પાશ્ચાત્ય વિચારકોને લાગવા માંડયું છે. કારણ કે એવી મોજને કોઇ છેડો હોતો નથી, અને તેનાથી સંતોષ પણ થતો નથી. અને એક વખત એટલું જ દૃષ્ટિ સમક્ષ રાખવાની ટેવ પડી એટલે પછી તેની ખાતર બીજા પ્રાણીઓ અથવા જડ વસ્તુઓની ખાનાખરાબી કરવામાં પણ બાકી રહે નહિ અને છેવટે તો પ્રાણીઓની ખાનાખરાબીમાં મનુષ્યો પણ આવી જાય. હજુ બધા દેશોમાં ગરીબી, આર્થિક અસમાનતા અને અનિશ્ચિતતા, રોગ, અજ્ઞાન વગેરે એટલા મોટા પ્રમાણમાં છે કે તે દૂર કરવા માટે કસીને યત્ન વર્ષો સુધી થશે ત્યારે માંડ તેમાં થોડો ઘણો સુધારો થવાનો સંભવ છે. તેથી હાલ તુરતના પ્રયત્ન માટે તો ધર્મમાં શ્રધ્ધાવાળા અને ધર્મમાં શ્રધ્ધા વગરના બધાને એકજ માર્ગે સાથે ચાલવામાં અડચણ ન હોવી જોઇએ. પણ તે જ વખતે છેવટનું ધ્યેય પણ બને તેટલું નકકી થયું હોય અને વિસરાઇ ન જવાયું હોય તો શિક્ષણ, સંસ્કૃતિ વગેરેનો પ્રવાહ આડે રસ્તે વળી મનુષ્ય સમાજની પ્રગતિ તરફની સફરને ભયાવહ ન નીવડે તે માટે જે જે ખબરદારી રાખવી ઘટતી હોય તે વિષે અત્યારથી જ વિચાર અને વ્યવસ્થા થાય તો સારૂં. આ વિચાર અને વ્યવસ્થામાં જૈનોનો હિસ્સો કેટલો હતો તે સંઘનું સંવત્સરી પ્રતિક્રમણ બતાવે. રાજદ્વારી અને સામાજિક વંટોળીયાની ધૂળમાં પણ પોતાનો માર્ગ અને પોતાનું લક્ષ્ય સ્પષ્ટ રીતે જોનાર અને યાદ રાખનાર તે હિંદના મહાપુરૂષ ગાંધીજી જ છે. તેમની યોજનાઓમાં પંચ સંયોગ અનુસાર ફેરફાર થવાના જ, પણ તેમની વિચારણાના સામાન્ય સિધ્ધાંતો એકંદરે જૈન ધર્મને અનુકૂળ છે, તેથી ગમે તે ધંધાદારી પ્રવૃત્તિમાં પૈસા મેળવવામાં હંમેશાં મોખરે રહેતા જૈનો, જે યોજનાઓ જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોને અનુકૂળ ન હોય તેને સાથ આપવો છોડી દઇ પૈસા સંબંધે ઓછું વધારે નુકસાન સહન કરવું પડે તો તે સહન કરવા તૈયારીમાં રહે તેવો પ્રબંધ જૈન નેતાઓ કરવાનો પ્રયત્ન ન કરી શકે? તેજ પ્રમાણે નવરચના માટેની યોજનાઓ યશસ્વી બનાવવા માટે યોગ્ય માણસોની મોટી સંખ્યામાં જરૂર પડશે. તેમાં પણ જૈનો પોતાની વસ્તીના પ્રમાણમાં ઘણો મોટો ફાળો આપે તો જૈન ધર્મ બહુ શોભે આ માટે ગયા વર્ષ દરમ્યાન કેવીક પ્રગતિ થઈ હતી તે સંઘના વાર્ષિક સરવૈયામાં દેખાવું જોઇએ.

જૈન ધર્મનું ધ્યેય મોક્ષ છે, દુનિયામાં શું થાય છે તેની જૈનોને કોઇ પરવા નથી, દરેક જૈન વ્યક્તિ પોતાને માર્ગે સ્વતંત્ર રીતે ચાલી પુરૂષાર્થથી આત્માને મોક્ષ મળે તે માટે મથે એટલે બસ છે, અને તે માટે જૈન નેતાઓનો પ્રયત્ન છે અને ચાલુ રહેશે, આવી જૂનવાણી દલીલ આગળ ધરી વાસ્તવિકતાને નેવે મૂકવાથી કાંઇ વળશે નહિ. મનુષ્યનું કોઇ પણ જૂથ મનુષ્ય સમાજથી તદ્દન સ્વતંત્ર રહી શકતું જ નથી. કાં તો સમાજ તેને રંગે છે, કાં તો તે સમાજને રંગે છે. અથવા ઘણી વાર તો ઓછા વધતા પ્રમાણમાં એય એક બીજાને રંગે છે. જે સંયોગોને લીધે લાંચ રૂશવત, કાળાં બજાર, સંઘરાખોરી વગેરેનું વાતાવરણ ઊભું થયું તે સંયોગો માટે જૈનો જવાબદાર નહોતા. છતાં જ્યારે તે વાતાવરણ અસ્તિત્વમાં આવ્યું ત્યારે જૈન ધર્મ તેમને તે વાતાવરણની અનિષ્ટ અસરમાંથી બચાવી શકયો નહિ, અને. ઉલટું એ વાતાવરણને વધારે ઘેરૂં બનાવવામાં જૈનો કારણભૂત થયા એ એક દાખલો જ બતાવી આપે છે કે જગતમાં શું ચાલે છે તેની સામે આંખમીંચામણાં કરી મનુષ્યોનું કોઇ પણ મોટું જૂથ સ્વતંત્ર રીતે અધ્યાત્મને કે બીજે કોઇ માર્ગે ચાલી શકતું નથી. પરમાણુ બોમ્બ પડે તો તેનાં પરિણામો જૈનો અને જૈનોનાં દેરાસરો ઉપાશ્રયો વગેરેને ભોગવવાંજ પડશે. તેજ પ્રમાણે નવરચના માટેની જે યોજનાઓ અમલમાં આવશે તે યોજનાઓનાં સારાં નરસાં ફળ જૈનોને ચાખવાંજ પડશે. જૈન સંઘના નાવને પણ જગતના સમુદ્રમાં જ ચલાવવાનું છે અને કોઇપણ નાવિક તે પ્રવાહોની ઉપેક્ષા કરી પોતાનું નાવ ચલાવવાનું ઇચ્છે નહિ, કારણકે તેમ કરવાથી નાવ અવશ્ય ખરાબે ચડી જાય. મહાવીરનું આચરણ અને તેમનો ઉપદેશ બંન્ને બતાવે છે કે તેમના સમયની સમાજવ્યવસ્થા વગેરેમાં અત્યંત ફેરફારની તેઓ હિમાયતી હતા. આજે તેમની હયાતી હોત તો તેઓ સામાન્ય જૈનો અને અજૈનોને ક્રાંતિકારક લાગે તેવા ફેરફારો જરૂર સૂચવત. આવા મહાવીરના અનુયાયીઓએ જગતની અગત્યની ઘટનાઓમાં જૈન ધર્મના મુખ્ય સિધ્ધાંતો બને તેટલા વધારે સચવાય અને અનિષ્ટોમાંથી જૈન અને અજૈન સમાજ બચી જાય એ હેતુથી સવિશેષ ભાગ લેવો જોઇએ, અને એ બાબતમાં જૈન સંઘે પોતાની ફરજ બજાવી કે નહિ તે વિષે સામયિક સૂક્ષ્મ વિચારણા કરવામાં આવે તોજ પ્રતિક્રમણની તેમની વિશિષ્ટ સંસ્થાનો પૂરો ઉપયોગ જૈનોએ કર્યો એમ કહેવાય. **દેવચંદ અમરચંદ શાહ**

જ્યારે સમાજમાં ન્યાય ન દેખ્યો....

અરૂણા છેલ્લા ત્રણ માસ થયાં પતિનું ઘર તજીને તેના બાપને ત્યાં ચાલી ગઇ છે. તેના જેવી એક ઉચ્ચ જ્ઞાતિની હિન્દુ કન્યા પતિના ઘરનો સર્વથા ત્યાગ કરી દેશે તેવો તો કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહતો. પણ જ્યારે તેણે પોતાનો નિર્ધાર તેના સસરાને લખી જણાવ્યો ત્યારે જ વાતની ગંભીરતા તેને સમજાણી, અને તુરત તેણે અરૂણાને તાકીદે મોકલી આપવાનું વેવાઇને દબાણ કર્યું. અરૂણાએ તેના બાપને સ્પષ્ટ કહી દીધું કે "મારે તે ઘર સાથે કંઇ લેવાદેવા નથી. ત્યાં મારું કોઇ નથી. ત્યાં જવા કરતાં તો બહેતર છે કે હું કોઇ અંધારો કુવો પુરું કે ઝેર પીને સુઇ રહું. જો હું ભારે પડતી હોઉં તો કહેશો ત્યારે અહિંથી પણ ચાલી જઇશ. પણ જ્યાં મારું કોઇ નથી, જ્યાં મારો સંસાર નથી, ત્યાં સીતમ અને શરમની સળગતી ભઠ્ઠીમાં ભૂંજવા નહિ જાઉં." અરૂણા અગાઉ કદી આટલી હદે ગઇ નહોતી તેથી તેના બાપ મુંઝાયા અને તેને ધનિક સગાની, મહાજનની અને પોતાનો વ્યવહાર અટકી પડવાની ભાવી મુશ્કેલીની કલ્પનાથી કમકમાં આવી ગયાં. પડતી મુંઝવણમાં પુત્રીની મુંઝવણનો વિચાર કરવો પણ તેને ન સુઝયો. ગામમાં પણ ધીમે ધીમે આ વાત પ્રસરી ગઇ. સૌ પોતપોતાની રીતે તેમાં રસ લેતા અને તેને વિચારતા થઇ ગયા.

શિખામણ અને ઠપકો જગતમાં મુખ્યત્વે કરીને બીજાને અપાય છે. તેથી અરૂણાની આવી હઠની પાછળ શું ગંભીર કારણ પડયું છે અને તેને આવા નિર્ણય પર જવા જેવી સ્થિતિ ઉભી કરનારા કોણ કોણ છે, તે જાણ્યા કે જોયા વગર ઘરની અંગત વ્યક્તિથી માંડીને મહાજન અને ધર્મગુરૂ સુદ્ધાં સૌએ તેને ગુનેહગાર ગણી ઠપકો આપવા માંડયો. કોઇ ઠપકામાં મુરબ્બીપટ, કોઇ ઠપકામાં સત્તાનો આકરો સાદ તો કોઇમાં નિષ્ક્રિય સહાનુભૂતિ હતી. પણ કયાંય ન્યાય નહોતો, નિખાલસતા નહોતી કે અનુકંપા નહોતી. કોઇએ કહ્યું કે "અરૂણા, આવી છોકરમત શું કરછ! આપણો તો વાણિયા બ્રાહ્મણનો અવતાર, થોડા કોળી વાધરી છીએ કે આ એક મુકયો પડતો અને માંડયુ બીજાનું ઘર!" તો બીજાએ કહ્યું કે "ઘરમ કરવાની ખામીનું આ પરિણામ. મારી જોતીએ પાકા કલાંઢ સાથે આખું જીવન એમને એમ મુંગા મુંગા કાઢી નાંખ્યું, પણ જાણ્યું છે કોઇએ કે એના હૈયામાં કેવા અંગારા પડયા હતા?" એક ધર્માત્માએ તો કહી દીધું કે "ન જોયાં હોય તો જાજા આજકાલના વિકારનાં પૂતળાં? છે કાંઇ શરમ ધણીના પંડની ખામીની વાત કરતાં? ચણામાં ખામી હોય તો શું થઇ ગયું? ચોકું કુંભારના ઘરનું હાંડલુ કે કે બદલી નાંખીએ. નશીબે આપ્યું તે નીભાવી લઇ જીંદગી કાઢી નાંખવી જોઇએ. અમે ચોથા વ્રતની બાધા હાથે કરીને લીધા તો શું નથી જીવતા! ઘરમમાં પ્રીતિ હોય તો ગમે તેવો પુરૂષાતનહીન પતિ પણ જીરવી લેવાય! પણ હાડોહાડ વિકાર વ્યાપ્યો હોય ત્યાં શું થાય? ઘરમથી નથી સમજાતું તે સરકારનો હિન્દુ કાયદો સમજાવશે ત્યારે કેમ જખ મારીને સમજવું પડશે?" ડાહ્યા મહાજને અરૂણાના બાપને ચેતવણી આપી કે "લક્કો મારીને કાઢય ઘરની બહાર જો ન સમજે તો, અને ઠાંસી આવ એના સાસરે! ઢીલા થયે કાંઇ નાતનો બંધો ન રહે! ગામની આબરૂ ખોવરાવવી નથી!".

અરૂણાએ આ બધું સહન કર્યું. કોઇને કંઇ કહ્યું નહિ. એને મન તો એ સૌ હતા સંસારની ઘટમાળમાં ફરતા સ્વાર્થપટુ માનવીઓ, પાપપુણ્યનાં પૂતળાં. પણ જ્યારે જૈન આર્યાજીએ ન્યાયને બદલે દીક્ષા લઇ તેની ચેલી બની જવાની છૂપી સલાહ આપી, ત્યારે તેનો પુણ્યપ્રકોપ પ્રગટી ઉઠયો કે "મહાસતીજી! મારામાં ત્યાગ વૈરાગ્ય આવ્યો છે માટે સાસરે નથી જતી એમ તો કાંઇ નથી, પણ ત્યાં મને મારો સાસરવાસ ગોતતાંય નથી જડતો, માટે નથી જતી. મને મારો ધણી જોઇએ છે, મારું ઘર જોઇએ છે, પણ તે ત્યાં નથી, એટલે તો આ સંતાપભર્યો કપરો કલહ જાગ્યો છે. વિકારરહિત જીવન ગાળવું હોય કે ગમે તેવું વિલાસી જીવન જીવવું હોય તો તો વાણિયાની પાંચ લાખની પૂંજી ઉપર બેઠાં બેઠાં બધું કરી શકાય તેમ છે. તમારી માફક લાકડા જેવું સુકું જીવન જીવવાની પણ જરૂર નથી. પણ હું સંસારથી કે ચારિત્ર્યથી પરવારી નથી એટલે તો સંસાર ગોતું છું. આ અપાવવાની ત્રેવડ હોય તો શીખામણ આપજો"

શીખામણ આપનારાં સૌ કોઈ ને કોઇ બહેનના ભાઇ અને પુત્રીના પિતા હતા. સૌને અયોગ્ય લગ્ન સામે સુગ હતી. સૌને સારાં જોડાણ ગમતાં હતાં, છતાંય જ્યારે બીજાનો ન્યાય તોળવાનો સમય આવ્યો ત્યારે જ તેઓની વિવેકબુદ્ધિ કેમ બહેર મારી ગઇ તે એક અગમ્ય કોયડો છે. લગ્ન પહેલાંજ સૌ જાણતાં હતા કે માધવ કુદરતી રીતે કોઇ શારીરિક ખામીવાળો છે, પુરૂષાતન વગરનો છે, એટલે લગ્ન માટે તદ્દન અયોગ્ય છે, છતાંય કોઇએ એક માનવ તરીકે પણ તેવા લગ્નનો વિરોધ તો ન કર્યો, એટલું જ નહિ પણ લગ્ન પછી દુભાયેલી લાચાર અરૂણા એવા પતિનું ઘર તજે છે, અને ગુપચુપ બાપના ઘરનો ખૂણો પકડી જીવન પુરૂં કરવા માગે છે, ત્યારે તેના તરફ સહાનુભૂતિ બતાવવી તો દૂર રહી પણ નશીબ, ત્યાગ, ધરમ, ઉચ્ચ કોમ આદિ કારણો આગળ કરી તેવા નમાલા પતિનું ઘર વસાવી છતી આંખે અન્યાય નીભાવી રડતાં રડતાં જીવન પુરૂં કરવાની સલાહ આપે છે. બંધારણ અને કાયદા આધારે દબાણ કરે છે ત્યારે તો હદ થાય છે. કોઇ ખ્યાલ પણ નથી કરતું કે પુરૂષાતનહીન પતિ સાથે તે કેવી રીતે જીવન વીતાવશે? ઘરના વિકારી વાતાવરણ વચ્ચે તે કેમ સુરક્ષિત રહી શકશે? યોગ્ય દાંપત્ય સિવાય તેનો વિકાસ કેમ થશે? અને આ નિર્ણયની પાછળ તે કેટલી ઉત્તરદાયી છે તે જાણ્યા વગર, પખાલીના વાંકે પાડાને ડામ પડે તેમ પરણવા નીકળેલ નમાલા વરરાજા, ઠાઠમાઠથી જાન જોડી પરણાવવા નીકળેલ તેના બાપ અને તે સૌના કામને મહોર મારી દેનાર મહાજનને એક ગભરૂ બાળાના જીવન સાથે આવી ક્રૂર રમત રમવાના ગુના માટે આકરામાં આકરી સજા કરવાને બદલે જ્યારે તે સૌ કન્યાને જ સજા કરવા નીકળે છે ત્યારે તો માનવતાનું દીવાળું નીકળી ગયું હોય તેમ લાગે છે. આજનો આખો સમાજ દીવાળાની સ્થિતિમાં છે. માનવજાતની આ કરૂણાની અવધિ છે!

* * *

અરૂણાનાં લગ્ન એક વર્ષ પહેલાં જ રાજપુરના શ્રીમાન રામશેઠના પુત્ર માધવ સાથે થયાં હતાં. પણ વેવિશાળ થયું ત્યારથી આખા ગામમાં તે પ્રસંગ સૌની કડવી ચર્ચાનો વિષય બની ગયો હતો. કે માધવમાં પુરૂષાતનનો સર્વથા અભાવ છે. તેની મુખાકૃતિ, વાણી, ચેનચાળા અને બીજા લક્ષણો ઉપરથી સામાન્ય માણસ પણ વહેમાય તેમ હતું. છતાં પણ કોઇ કન્યાદલાલની દરમીયાનગીરીથી, કંઇક પૈસાના તેજમાં ભાન ભૂલીને અને કંઇક ઘોળામાં મુરતિયાની અછતને કારણે, વેવિશાળ કરવા તૈયાર થતા બાપને અરૂણાએ માધવની શારીરિક સ્થિતિ માટે ચેતાવ્યો હતો. ત્યારે તો મનહરલાલને પોતાના ડહાપણ અને પુત્રીની બાલિશતાની પાકી ખાત્રી હતી. એટલે તેનો વિરોધ અને લોકચર્ચા અવગણીને પણ તેણે અરૂણાનું વેવિશાળ માધવ સાથે કર્યું. અને મૂઢ મહાજને તેને મહોર મારી આપી. ત્યાર પછીનો વિરોધ ઘરેણાં, કપડા, આદિ ભેટો લઇને વેવાઇની મોટરના અવાજમાં દબાઇ જતો! અને મનહરલાલમાં લાંબી અકલ પણ નહોતી, તેથી તે માનતો કે ધનિકોની સૌ કોઇ કરે છે અને આવું સારૂં કોકાણું છોડાવવાના તે હરામખોરોનાં આ પ્રયત્નો છે.

લગ્ન લખતી વખતના વિરોધનું તેણે પશુન્યાયે કામ લીધું, એટલે કઠોર શબ્દો અને માર સિવાય બીજું કંઇ પરિણામ ન આવ્યું. પશુ પણ માર પાસે રાંક થઇ જાય તેમ પંદર વર્ષની બા વગરની અરૂણા રાંક બની ગઇ.

જાન આવી. ઝાંપે બેઠેલા વરરાજાને જોઇ આવેલી છોકરીઓની ટીકાથી તે સળગી ગઇ. અને બાપને આંસુ સહિત વિનવ્યો કે લગ્ન થઇ ગયા પછી કંઇ નહિ બને. હિન્દુ લગ્નનો કાયદો અને કુળની આબરૂ આડા આવીને ઉભા રહેશે, ત્યારે મારા ભાગ્યમાં કાયમ રોવા

વિનાં બીજું કંઈ નહિ રહે. કોઇ સારા ડોકટર પાસે તમે તપાસ તો કરાવો કે તે લગ્ન જીવન માટે લાયક છે કે નહિ ? આમ વગર વિચાર્યે મારી જીંદગી ધૂળ મેળવો મા !" આ વખતે પણ તે મૂઢ બાપને કુળની આબરૂ અને નાતની બીક આડે આવ્યાં. તેને લાગ્યું કે આંગણે આવેલા લાખેણા સગાની આબરૂ માથે એક છોતા જેવડી છોકરીના કહેવાથી થોડો હાથ નંખાય ! પાછળ મોટો વ્યવહાર પડયો છે, નાત મને વીંખી જ નાખેને ! જોયું જશે. ભાગ્ય મોટી વાત છે. લગ્ન થયાં હીબકતે હૈયે અને અશ્રુપૂર્ણ મૂર્છિત દશામાં:—

છેલ્લો વિરોધ જાન વળાવતી વખતે પણ અરૂણાએ કર્યો; પણ તેનો અર્થ કંઇ ન હતો. લગ્ને તેને પારકી કરી નાંખી હતી. લગ્ને તેને હિન્દુ કાયદાના ચોગઠામાં જકડી લીધી હતી. લગ્ને તેની ઉપર તેના ભાવિત્રોને બદલે કોઇ બીજાનો અધિકાર સ્થાપી દીધો હતો. એટલે જ્યારે સગા બાપે તેની ધા ન સાંભળી ત્યારે તે અબળાએ, આબરૂભૂખ્યો શ્રીમાન તેનો પોકાર કેમ સાંભળે ! નાના જુનવાણી ગાનસવાળા ખુશામતીયા ગામડામાંથી ગરીબની છોકરીનો સાદ કાણ સાંભળે ?

અરૂણા સાસરે ગઇ ! અને લોકચર્ચાની સત્યતાનો પરિચય મેળવી પાછી આવી: —

આટલો અરૂણાનો પૂર્વ ઇતિહાસ.

* * *

માધવ અને તેનો બાપ ચાહતા હતા પોતાના કુળની આબરૂ-રક્ષા. અરૂણાનો બાપ ચાહતો હતો પોતાના છોકરા માટે સહ્યર ઓથ, છોકરી માટે સાકરના ચોશીકાં અને ગોઠણપુર જર અને ભાવિ વ્યવહારો માટે પોતાની ખાનદાનીની રક્ષા ! મહાજન ચાહતું હતું સમાજના બંધારણનું કડક પાલન અને જુનવાણી તત્ત્વની જાળવણી ! કાયદો ચાહતો હતો સ્ત્રીના ભોગે પુરૂષજાતને પંપાળી મોટી હિન્દુ કોમને રીઝવી રાજ્યના પાયા સુરક્ષિત રાખવાનું ! અને આ બધાની સામે માત્ર અરૂણા એકલી જ ઇચ્છતી હતી પોતાનું ઘર, વર અને સંસાર! તે મેળવવા માટે તેણે માનવતાને નામે ન્યાયની ધા નાંખી. પણ આ ધા કોઇએ ન સાંભળી. જો માધવને સાંભળવી હોત તો નામરદ હોવા છતાં પણ પરણવા નીકળત નહિ; તેનો બાપ તેને લાડે કોડે કોઇનો ભવ બાળવા જાન જોડી આવત નહિ; જો તેના બાપને સાંભળવી હોત તો બંધારણના નામે અન્યાય કરવા જેવું કરત નહિ !

દેવી અને ભક્ષની વચ્ચમાં ઉભેલા બકરા જેવી અરૂણાની સ્થિતિ હતી. દેવી રીઝાય કે ખીજાય ભક્ષ કેર અને ભોગ બની જાય બિચારો બકરો—તેમ સમાજની જડતા અને પોતાના સંસારની વિષમતાની વચ્ચે અરૂણા હતા. બેઇ રીતે તેને જ ભોગવવાનું હતું.

.....એક દિવસે શાન્ત, રાંકડી અરૂણાના ધૈર્યની સીમા આવી ગઇ. તેણે સમાજની શરમનો પડદો ફેંકી માથું ઉંચકયું. માધવ અને તેના બાપની આપેલી અરજીનો વિચાર કરવા મળેલી ન્યાતને તેણે જણાવી દીધું કે. "નબાલાની નારી બનવાની મને ફરજ પાડનાર તમો કોણ છો ? તમને પુછું છું કે તમે તમારી પુત્રીને, બહેનને કોઇ નપુંસકની સાથે પરણાવશો ? "બાયલાની બાયડી" કરતાં બીજી કોઇ મોટી ગાળ સ્ત્રી માટે નથી અને તે સહન કરવી કેટલી અધરી છે, હૃદયવિદારક છે તે ઘરમાં તમારી પત્નીઓને પૂછશો તો સમજાશે ? પુરૂષાતનહીનની પત્ની બની જગતમાં શરમજનક જીંદગી ગાળવા કરતાં મારો માર્ગ હું જ વિચારી લઉં તે યોગ્ય છે. મને દુઃખ છે કે આજે મારે આટલી બધી હદે જવું પડે છે. તમારે મન તમારી સામે આ બળવો હશે, પણ મારો તો આ જન્મ મરણનો પ્રશ્ન છે. તે જ્યારે તમે ઉકેલવા મને દયાભાવે પણ મદદ ન કરી ત્યારે મારે જાતે તે ઉકેલવો રહ્યો છે. આજ સુધી હું મારા દુઃખને રોતી બેઠી હતી, તેને ભોગવી નાંખવા માગતી હતી, પણ તમે સૌએ મારી મર્યાદા મુકાવી મને આગની રમત રમવાનું ફરમાણ કર્યું એટલે હવે એ રમત એક વખત મારે રમી નાંખવી છે. ત્યારે જેને શરમ આવતી હોય તે ભલે આંખ વીંચી જાય; જે અકળાતા હોય તે ભલે દૂર હટી જાય ; હું છું. અને જગત છે. તમારા સમાજની, ધરમની કે કાયદાની મને પરવા નથી. જગતભરમાં જ્યાં મારૂં ખૂટતું તત્ત્વ પૂર્ણ થતું લાગશે ત્યાં જઇને ઠરીશ પણ "બાયલાની બાયડી"ની શરમજનક ગાળ તો નહિ ખાઉં !" "ગંગી ! ઉતાવળી થામાં, તારા સાસરા ડોકટર પાસેથી માધવની તબિયતનું સર્ટીફીકેટ પણ લાવ્યા છે, એથી વધુ તો તે બિચારા શું કરે ? અને ડોકટર કાંઈ બેટું લખી આપે ? નાતના બેઠા થોકું કોઇનું ઘર ભાંગશે ! સમજી જા, તારા સસરા વીસ હજારનું પલ્લું મુકવા તૈયાર છે."

"બોલાવો મા મને! સર્ટીફીકેટ કેમ મળે છે તે જાણું છું. મારો મહિનાનો જાતી અનુભવ છે. તે કરતાં શું કાગળનું ચીથરૂં વધે ? મૂકો એ સર્ટીફીકેટ તમારા દફ્તરમાં ? કામ આવશે."

મહાજને સર્ટીફીકેટના આધારે માધવની તરફેણમાં ચુકાદો આપી દીધો.

* * *

અરૂણાને સમજનાર એક જ ચક્રમ જેવો માનવી તે ગામમાંથી નીકળ્યો. તે તેનો પીત્રાઇ હતો. નિશાળમાં મહેનાજી હતો. પણ ગરીબી અને ધુની પ્રકૃતિના કારણે સમાજમાં તેની કંઇ વિશેષ ગણતરી નહોતી. તેનું દીલ આ જાતના અન્યાયથી રડી ઉઠયું. કાયદાનું, આબરૂનું અ ધંધાનું જોખમ ખેડીને પણ બહેનને મદદ કરવાને તૈયાર થયો. તેણે મહાજનને સ્પષ્ટ સંભળાવી દીધું કે "અરૂણા મારી બહેન છે અને એક ભાઇ તરીકે ગમે તે ભોગે હું મદદ કરીશ. પછી ભલે ન્યાત કે કાયદાને કરવું હોય તે કરી લે."

એક દિવસે તેઓ ઘર છોડીને ભાગ્યા. જ્યોતિસંઘની મદદથી... ગુરૂદ્વારામાં શીખ વિધિથી એક લાયક યુવક સાથે અરૂણાનાં લગ્ન કરાવી આપ્યાં. અને પોતે કન્યાદાન આપ્યું.

* * *

થોડા વખતે અરૂણાના પિતા મનહરલાલને એક જ દિવસે બે પત્રો મળ્યા. એક હતો અરૂણાના આગલા સાસરાનો અને બીજો અરૂણાનો. માધવના બાપે લખ્યું હતું કે :—

.....તમારા ઉતરેલ ગામને જાણતો હતો અને અનેક જણાની ના હોવા છતાં પણ કરમે મને ભૂલાવ્યો એટલે ત્યા તમારા જેવા હલકટ કુટુંબ સાથે સંબંધ બાંધીને સમાજમાં અમે બહુ ગુમાવ્યું છે અને જ્યાં સુધી તે સંબંધ ઉભો રહેશે ત્યાં સુધી ખોવાનું જ છે. એટલે સડયું ત્યાંથી કાપી નાંખવું તે ન્યાયે અમે તમારી અને તમારા ઉખડેલ છોકરી સાથેનો સંબંધ છોડીએ છીએ. મારા ચી. માધવના હાથ અક્ષરની ફારગતી આ સાથે છે .....

અરૂણાના પત્રમાં લખ્યું હતું કે :—

.....જ્યારે મને તમારા કોઇના ન્યાયમાં શ્રદ્ધા ન રહી ત્યારે જ મારો પોતાનો ન્યાય જાતે કરી લેવા ભગવાન ભરૂંસે નીકળવું પડયું છે. અનિલ ભાઇની મદદથી મેં.....ની સાથે શીખ વીધિથી લગ્ન કર્યાં છે. જો તમારી ખાનદાની અને કુળમર્યાદાને વાંધો ન હોય તો અને કરેલા પાપનો પસ્તાવો થતો હોય તે હવે તો મનથી આશીર્વાદ આપી મારા પગલાને ન્યાયથી જોજો અને મને મદદ કરનાર અનિલ ભાઇને માફ કરજો. એટલું માંગું છું.....

* * *

અરૂણા તો સુખી થઇ, પણ મનહરલાલે નાતના નિર્ણય છતાંય પોતાની પુત્રીને સાસરે ન વળાવી અને અનિલે તેને ભગાડી બીજે પરણાવી દીધી તે ગુના માટે તેમનો જ્ઞાતિબહિષ્કાર થયો એટલે અનિલના સાસરાએ અનિલ સાથેનું પોતાની પુત્રીનું વેવિશાળ ફોક કર્યું છે અને તેજ કન્યા સાથે શ્રીમાન્ માધવના બીજા લગ્નની તડામાર તૈયારી ચાલી રહી છે !!!..... **ભજલાલ મેઘાણી.**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૪

મુંબઈ: ૧૫ નવેમ્બર ૧૯૪૫ ગુરૂવાર.

લવાજમ
રૂપિયા ૩

અહિંસાનું સ્વરૂપ અને વિકાસ.

[ભારતીય વિદ્યાભુવન દ્વારા પ્રગટ થતી શ્રી. બહાદુરસિંહજી સીંધી ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થયેલ શ્રીમદ્ યશોવિજયજી રચિત 'જ્ઞાનબિંદુ'ની પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ હિંદી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે તેમાંથી નીચેનો ભાગ ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. તેનો અનુવાદ શ્રી. શાંતિલાલ મણિલાલે કર્યો છે. આ અવતરિત વિભાગમાં અહિંસા તત્વના સ્વરૂપ અને વિકાસની વિદ્વદ્ગ્રાહ્ય ચર્ચા કરવા સાથે અહિંસા પરત્વે શ્રમણ પરંપરાના અને બ્રાહ્મણ પરંપરાના ખ્યાલોનો સુંદર સમન્વય રજુ કરવામા આવ્યો છે જે અહિંસા તત્વના અભ્યાસીઓને જરૂર વિચારપ્રેરક નિવડશે એવી આશા રાખવામાં આવે છે. પરમાનંદ]

અહિંસાનો સિદ્ધાંત આર્ય પરંપરામાં ઘણો જ પ્રાચીન છે અને તેનો આદર બધી આર્યશાખાઓમાં એકસરખો રહ્યો છે. તો પણ પ્રજાજીવનના વિસ્તાર અને વિભિન્ન ધાર્મિક પરંપરાઓના વિકાસની સાથે સાથે તે સિદ્ધાંતના વિચાર તથા વ્યવહારમાં પણ અનેકમુખી વિકાસ થયેલો જોવામાં આવે છે. અહિંસા વિષયક વિચારના મુખ્ય બે પ્રવાહ પ્રાચીનકાળથી જ આર્ય પરંપરામાં વહેવા લાગ્યા એમ જણાય છે. એક પ્રવાહ તો મુખ્યતયા શ્રમણજીવનના આશ્રયથી વહેવા લાગ્યો, જ્યારે બીજો પ્રવાહ બ્રાહ્મણ પરંપરાના-ચતુર્વિધ આશ્રમના જીવન સંબંધી વિચારનું અવલંબન લઈને પ્રવાહિત થયો. અહિંસાનો તાત્ત્વિક વિચાર વિષે ઉક્ત બન્ને પ્રવાહમાં કોઈ મતભેદ જોવામાં નથી આવતો, પરંતુ તેની વ્યાવહારિક બાજુ અથવા જીવનગત ઉપયોગ વિષે ઉક્ત બન્ને પ્રવાહોમાં જ મતભેદ જોવામાં આવે છે એટલું જ નહિ પણ પ્રત્યેક શ્રમણ અને બ્રાહ્મણ પ્રવાહની નાની મોટી અવાન્તર શાળાઓમાં પણ અનેક જાતના પારસ્પરિક વિરોધ જોવામાં આવે છે. તાત્ત્વિક રીતે અહિંસા બધાને એકસરખી માન્ય છે, તોપણ તેના વ્યાવહારિક ઉપયોગમાં અને તદનુસારી વ્યાખ્યાઓમાં જે મતભેદ અને વિરોધ દેખાય છે તેનું મુખ્ય કારણ જીવનદૃષ્ટિનો ભેદ છે.

શ્રમણ પરંપરાની જીવનદૃષ્ટિ પ્રધાનતયા વૈયક્તિક અને આધ્યાત્મિક રહી છે, જ્યારે બ્રાહ્મણ પરંપરાની દૃષ્ટિ મુખ્યતઃ સામાજિક અથવા લોકસંગ્રાહક રહી છે. પહેલીમાં લોકસંગ્રહ ત્યાંસુધી જ ઇષ્ટ છે જ્યાંસુધી તે આધ્યાત્મિકતાનો વિરોધી ન હોય. જ્યાં તેનો આધ્યાત્મિકતાની સાથે વિરોધ દેખાયો ત્યાં પહેલી દૃષ્ટિ લોકસંગ્રહ તરફ ઉદાસીન બની જશે અથવા તેનો વિરોધ કરશે, જ્યારે બીજી દૃષ્ટિમાં લોકસંગ્રહ એટલા વિશાળ પાયા ઉપર કરવામાં આવ્યો છે કે જેથી તેમાં આધ્યાત્મિકતા અને ભૌતિકતા એક બીજાની સાથે અકળાતાં નથી.

શ્રમણ પરંપરાની અહિંસા સંબંધી વિચારધારાનો એક પ્રવાહ પોતાના વિશિષ્ટરૂપે વહેતો હતો. તે વિચાર-પ્રવાહ કાળક્રમે આગળ જતાં દીર્ઘતપસ્વી ભગવાન મહાવીરના જીવનમાં ઉદાત્તરૂપે વ્યક્ત થયો. આપણે એ પ્રકટીકરણ આચારાંગ, સૂત્રકૃતાંગ આદિ પ્રાચીન જૈન આગમોમાં સ્પષ્ટ જોઇએ છીએ. અહિંસાધર્મની પ્રતિષ્ઠા તો આત્મૌપમ્યની દૃષ્ટિમાંથીજ થઇ હતી. પરંતુ ઉક્ત આગમોમાં તેનું નિરૂપણ અને વિશ્લેષણ આ રીતે થએલ છે-

૧. દુઃખ અને ભયનું કારણ હોવાથી હિંસામાત્ર વર્જ્ય છે-આ અહિંસા સિદ્ધાંતની ઉપપત્તિ થઇ.

૨. યદ્યપિ હિંસાનો અર્થ પ્રાણનાશ કરવો અથવા દુઃખ દેવું એવો છે તથાપિ હિંસા કરવાથી જે દોષ લાગે તેનો આધાર તો માત્ર પ્રમાદ અર્થાત્ રાગદ્વેષાદિ જ છે. જો પ્રમાદ અથવા આસક્તિ ન હોય તો કેવળ પ્રાણોનો નાશ હિંસાની કોટિમાં નથી આવી શકતો – આ અહિંસાનું વિશ્લેષણ છે.

૩. જેમની હિંસા કરાય છે તેવા વધ્ય જીવોનું કદ, તેમની સંખ્યા અને તેમની ઇન્દ્રિય આદિ સંપત્તિના તારતમ્ય ઉપર હિંસાના દોષનું તારતમ્ય અવલંબિત નથી; પરંતુ હિંસકના પરિણામ અર્થાત્ વૃત્તિની તીવ્રતા-મંદતા, સજ્ઞાનતા-અજ્ઞાનતા અથવા બલ પ્રયોગની ન્યૂનાધિકતા ઉપર અવલંબિત છે — આ કોટિક્રમ થયો.

ઉપર્યુક્ત ત્રણે વાતો ભગવાન મહાવીરના વિચાર અને આચારમાંથી ફલિત થઇને આગમોમાં ગ્રંથિત થઈ છે. કોઇ એક વ્યક્તિ અથવા વ્યક્તિસમૂહ ગમે તેટલો આધ્યાત્મિક હોય તોપણ જ્યારે તે સંયમલક્ષી જીવનધારણનો પણ પ્રશ્ન વિચારે છે ત્યારે તેમાંથી ઉપર્યુક્ત વિશ્લેષણ અને કોટિક્રમ પોતાની મેળે જ ફલિત થાય છે. આ દૃષ્ટિથી આપણે જોઇએ તો કહેવું પડશે કે પાછળના જૈન વાઙ્મયમાં અહિંસા વિષે જે વિશેષ ઊહાપોહ થયો છે તેનો મૂળ આધાર તો પ્રાચીન આગમોમાં પહેલેથી જ હતો.

સમગ્ર જૈન વાઙ્મયમાં જે અહિંસા વિષયક ઉહાપોહ મળે છે તેના ઉપર જ્યારે આપણે દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આપણને સ્પષ્ટ દેખાય છે કે જૈન વાઙ્મયનો અહિંસા સંબંધી ઉહાપોહ મુખ્યત્વે ચાર બળો પર અવલંબિત છે. પ્રથમ તો એ કે તે પ્રધાનતયા સાધુજીવનનો જ અને તેથી નવકોટિક અહિંસા (અર્થાત્ મન, વચન અને કાયાથી કૃત, કારિત અને અનુમોદિત હિંસાનો ત્યાગ)-પૂર્ણ અહિંસાનો જ વિચાર કરે છે. બીજું એ કે તે બ્રાહ્મણ પરંપરામાં વિહિત મનાતી અને પ્રતિષ્ઠિત ગણાતી યજ્ઞીય આદિ અનેકવિધ હિંસાનો વિરોધ કરે છે. ત્રીજું એ કે તે અન્ય શ્રમણ પરંપરાના ત્યાગીજીવન કરતાં પણ જૈન શ્રમણનું ત્યાગીજીવન વિશેષ નિયંત્રિત રાખવાનો આગ્રહ રાખે છે. ચોથું એ કે તે જૈન પરંપરાના જ અવાન્તર ફિરકાઓમાં ઉત્પન્ન થતા પારસ્પરિક વિરોધના પ્રશ્નોના નિરાકરણનો પણ પ્રયત્ન કરે છે.

નવકોટિક અર્થાત્ પૂર્ણ અહિંસાના પાલનનો આગ્રહ પણ રાખવો અને સંયમ અથવા સદ્ગુણોના વિકાસની દૃષ્ટિએ જીવનનિર્વાહનું સમર્થન પણ કરવું-આ વિરોધમાંથી હિંસાના દ્રવ્ય, ભાવ આદિ ભેદોનો ઉહાપોહ ફલિત થયો અને અંતે એક માત્ર નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત થયો કે છેવટે તો પ્રમાદ જ હિંસા છે. અપ્રમત્ત જીવનવ્યવહાર જોવામાં હિંસાત્મક લાગે તોપણ તે વસ્તુતઃ અહિંસક જ છે. જ્યાં સુધી આ અંતિમ નિશ્ચયનો સંબંધ છે ત્યાં સુધી શ્વેતાંબર-દિગંબર આદિ કોઇ પણ જૈન ફિરકાનો આમાં જરા પણ મતભેદ નથી. બધા ફિરકાની વિચારસરણી, પરિભાષા અને દલીલો એકસરખી જ છે.

વૈદિક પરંપરામાં યજ્ઞ, અતિથિ શ્રાદ્ધ આદિ અનેક કારણોને લીધે હિંસા થતી હતી. અને તે ધાર્મિક કાર્યોમાં કરાતી હોવાથી પ્રતિષ્ઠિત

અને અવશ્ય કરવા યોગ્ય મનાતી હતી. તેનો વિરોધ જો કે સાંખ્ય, બૌદ્ધ અને જૈન પરંપરાએ એકસરખો કર્યો છે તો પણ આગળ જતાં આ વિરોધમાં મુખ્ય ભાગ તો બૌદ્ધ અને જૈનનો જ રહ્યો છે. જૈન વાઙ્મયગત અહિંસાના ઉહાપોહમાં ઉક્ત વિરોધની ઊંડી છાપ અને પ્રતિક્રિયા પણ છે. જૈન સાહિત્યમાં ડગલે ને પગલે વૈદિક હિંસાનું ખંડન જોવામાં આવે છે. સાથે જ વૈદિક લોકો જ્યારે જૈનો સમક્ષ આવી આશંકા કરે છે કે ધાર્મિક હિંસા પણ અકર્તવ્ય છે તો તમે જૈન લોકો તમારી સમાજરચનામાં મંદિર-નિર્માણ, દેવપૂજા આદિ ધાર્મિક કૃત્યોનો સમાવેશ અહિંસકરૂપે કેમ કરી શકશો ? આ પ્રશ્નનો ખુલાસો પણ જૈનવાઙ્મયના અહિંસા સંબંધી ઉહાપોહમાં સવિસ્તર મળે છે.

પ્રમાદ-માનસિક દોષ જ મુખ્યત્વે હિંસા છે અને એ દોષમાંથી થતો પ્રાણનાશ જ હિંસા છે. આ વિચાર જૈન અને બૌદ્ધ પરંપરામાં એકસરખો માન્ય છે. તો પણ આપણે જોઇએ છીએ કે પ્રાચીન કાલથી જૈન અને બૌદ્ધ બન્ને પરંપરાઓની વચ્ચે અહિંસા વિષે ઘણું જ ખંડન થયું છે. સૂત્રકૃતાંગ જેવા પ્રાચીન આગમમાં પણ અહિંસા વિષયક બૌદ્ધ મંતવ્યનું ખંડન છે. એ જ રીતે મજ્ઝિમનિકાય જેવા પિટકગ્રંથોમાં પણ જૈનસંમત અહિંસાનું સપરિહાસ ખંડન જોવામાં આવે છે. પાછળના નિર્યુક્તિ આદિ જૈન ગ્રંથોમાં અને અભિધર્મકોષ આદિ બૌદ્ધ ગ્રંથોમાં પણ એજ પ્રાચીન ખંડનમંડન નવા રૂપમાં જોવામાં આવે છે. જ્યારે જૈન, બૌદ્ધ બન્ને પરંપરાઓ વૈદિક હિંસાની એક સરખી વિરોધી છે અને જ્યારે બન્નેની અહિંસાની વ્યાખ્યામાં પણ કોઇ તાત્ત્વિક મતભેદ નથી ત્યારે શરૂઆતથી જ બન્નેમાં પરસ્પર ખંડનમંડન કેમ શરૂ થયું અને આગળ વધતું ગયું — આ એક પ્રશ્ન છે. આનો જવાબ જ્યારે આપણે બન્ને પરંપરાઓના સાહિત્યનું ધ્યાનથી અધ્યયન કરીએ છીએ ત્યારે મળે છે. ખંડનમંડનનાં અનેક કારણોમાંથી પ્રધાન કારણ તો એ જ છે કે જૈન પરંપરાએ નવકોટિક અહિંસાની સૂક્ષ્મ વ્યાખ્યાને અમલમાં લાવવા જે બાહ્ય પ્રવૃત્તિને વિશેષ નિયંત્રિત કરી તેમ બૌદ્ધપરંપરાએ ન કર્યું. જીવનસંબંધી બાહ્ય પ્રવૃત્તિઓનું અતિ નિયંત્રણ અને મધ્યમમાર્ગીય શૈથિલ્યના પ્રબળ ભેદમાંથી જ બૌદ્ધ અને જૈન પરંપરાઓ પરસ્પર ખંડનમંડનમાં પ્રવૃત્ત થઇ. આ ખંડનમંડનનો પણ જૈન વાઙ્મયના અહિંસા સંબંધી ઉહાપોહમાં ખાસો હિસ્સો છે. જ્યારે આપણે બન્ને પરંપરાઓના ખંડનમંડનને તટસ્થભાવે જોઇએ છીએ ત્યારે નિઃસંકોચ કહેવું પડે છે કે બહુધા બન્નેએ એક બીજાને સમજવામાં ભૂલ કરી છે. આનું એક ઉદાહરણ 'મજ્ઝિમનિકાય'ના ઉપાલિસુત્ત (૧, ૧, ૨, ૨૪-૩૨) અને બીજું ઉદાહરણ સૂત્રકૃતાંગ (૨, ૬, ૨૬-૨૮) નું છે.

જેમ જેમ સાધુસંઘનો વિસ્તાર થતો ગયો અને જુદા જુદા દેશ તથા કાળમાં નવી નવી પરિસ્થિતિઓને લીધે નવા નવા પ્રશ્નો પેદા થતા ગયા તેમ તેમ જૈન તત્ત્વચિંતકોએ અહિંસાની વ્યાખ્યા અને વિશ્લેષણમાંથી એક સ્પષ્ટ નવો વિચાર પ્રકટ કર્યો. તે એ કે જો અપ્રમત્તભાવથી કોઇ જીવવિરાધના-હિંસા થઇ જાય અથવા કરવી પડે તો તે માત્ર અહિંસાની કોટિની અને તેથી નિર્દોષ જ છે એટલું જ નહિ પણ ગુણ (નિર્જરા) વર્ધક પણ છે. આ વિચાર પ્રમાણે પૂર્ણ અહિંસાનો સ્વીકાર કર્યા પછી પણ સાધુ અગર સંયત જીવનની પુષ્ટિ અર્થે વિવિધ પ્રકારની હિંસારૂપ મનાતી પ્રવૃત્તિઓ કરે છે તો તે સંયમવિકાસમાં એક ડગલું આગળ વધે છે. આ જ જૈનપરંપરા પ્રમાણે નિશ્ચય અહિંસા છે.

જે ત્યાગી વસ્ત્ર આદિ રાખવાના બીલકુલ વિરોધી હતા તે મર્યાદિત રીતે વસ્ત્ર આદિ ઉપકરણો (સાધન) રાખનારા સાધુઓની જ્યારે હિંસાને નામે નિંદા કરવા લાગ્યા ત્યારે વસ્ત્રાદિના સમર્થક ત્યાગીઓએ એજ નિશ્ચય સિદ્ધાંતનો આશ્રય લઇને જવાબ આપ્યો કે માત્ર સંયમ ધારણ અને તેના નિર્વાહ વાસ્તે જ શરીરની જેમ મર્યાદિત ઉપકરણ આદિ રાખવાથી અહિંસાનો બાધ નથી આવતો. જૈન સાધુસંઘની આચારના ભેદને લીધે થયેલી આવી પરસ્પરની ચર્ચાથી પણ અહિંસાના ઊહાપોહમાં ઘણો વિકાસ થયો છે. જે ઓઘનિર્યુક્તિ આદિ ગ્રંથોમાં સ્પષ્ટ જોવામાં આવે છે. કયારેક અહિંસાની ચર્ચા શુષ્ક તર્ક જેવી નીરસ જણાય છે. એક વ્યક્તિ પૂછે છે કે "જો વસ્ત્ર રાખવું જ છે તો તે ફાડયા વગર અખંડ જ કેમ ન રાખવું ? કેમકે તેને ફાડવામાં જે સૂક્ષ્મ અણુ ઉડશે તેનાથી જીવનો ઘાત અવશ્ય થવાનો." આ પ્રશ્નનો જવાબ પણ એવીજ રીતે આપવામાં આવ્યો છે. જવાબ આપનારો કહે છે કે "જો વસ્ત્ર ફાડવાથી ચારે બાજુ ફેલાતા ત્રણુઓથી જીવનો ઘાત થાય છે તો તમે અમને વસ્ત્ર ફાડતા રોકવા માટે જે કાંઈ કરો છો તેથી પણ જીવઘાત તો થાય જ છેને ?" આવી આવી નિરસ અને બાલીશ ચર્ચા પણ જોવામાં આવે છે.

પરંતુ જૈન પરંપરાસંમત અહિંસાનું પૂર્ણસ્વરૂપ જિનભદ્રગણિની સ્પષ્ટ વાણીમાં આપણને જોવા મળે છે. તેઓ કહે છે કે સ્થાન સજીવ હોય અથવા નિર્જીવ, એમાં કોઇ જીવ ઘાતક દેખાતો હોય અથવા અઘાતક જણાતો હોય પરંતુ એટલા માત્રથી હિંસા યા અહિંસાનો નિર્ણય નથી થઇ શકતો. વસ્તુતઃ હિંસા પ્રમાદ-અયતના-અસંયમમાં જ છે. પછી ભલે કોઇ જીવનો ઘાત ન પણ થતો હોય. એવી જ રીતે જો અપ્રમાદ અથવા યતના-સંયમ સુરક્ષિત હોય તો જીવઘાત દેખાતો હોય છતાં વસ્તુતઃ તે અહિંસા જ છે.

ઉપર્યુક્ત વિવેચન ઉપરથી અહિંસા સંબંધી જૈન ઉહાપોહની નીચે લખેલી ક્રમિક ભૂમિકાઓ ફલિત થાય છે—

(૧) પ્રાણનો નાશ હિંસારૂપ હોવાથી તેને રોકવો એ જ અહિંસા છે.

(૨) જીવનધારણની સમસ્યામાંથી ફલિત થયું કે જીવન અને ખાસ કરીને સંયમીજીવન માટે અનિવાર્ય મનાતી પ્રવૃત્તિ કરતાં યદિ જીવનો ઘાત થાય તો પણ જો અપ્રમાદ હોય તો તે જીવઘાત હિંસારૂપ ન હોઇ અહિંસા જ છે.

(૩) જો પૂર્ણપણે અહિંસક રહેવું હોય તો વસ્તુતઃ સૌથી પહેલાં ચિત્તગત કલેશ (પ્રમાદ)નો જ ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાદનો ત્યાગ થયો તો અહિંસા સિદ્ધ થઇ. અહિંસાનો બાહ્ય પ્રવૃત્તિઓ સાથે કોઇ નિયત સંબંધ નથી. તેનો નિયત સંબંધ તો માનસિક પ્રવૃત્તિઓ સાથે જ છે.

(૪) વૈયક્તિક અથવા સામુદ્રિક જીવનમાં એવાં પણ અપવાદસ્થાન આવે છે જ્યારે હિંસા કેવળ અહિંસા જ નથી રહેતી, પણ ઉલટી તે ગુણવર્ધક બને છે. આવા અપવાદના સ્થાનોમાં જો કહેવાતી હિંસાથી ડરી એને આચરણમાં ન મૂકે તો ઉલટો દોષ લાગે છે.

ઉપર હિંસા-અહિંસા સંબંધી સંક્ષેપમાં જે વિચાર કર્યો છે તેની પૂરેપૂરી શાસ્ત્રીય સામગ્રી ઉપાધ્યાય યશોવિજયજીને પ્રાપ્ત હતી. તેથી તેઓએ 'વાક્યાર્થ વિચાર'ના પ્રસંગે જૈન સમ્મત અને ખાસ કરી સાધુજીવન સમ્મત અહિંસાને લઇ ઉત્સર્ગ-અપવાદભાવની ચર્ચા કરી છે. ઉપાધ્યાયજીએ જૈન શાસ્ત્રમાં ઉપલબ્ધ થતાં અપવાદોનો નિર્દેશ કરીને સ્પષ્ટ કહ્યું છે કે આ અપવાદો ગમે તેવા અહિંસા વિરોધી કાં ન ભાસે છતાં તેમનું મૂલ્ય ઔત્સર્ગિક અહિંસા જેટલું જ છે. અપવાદ અનેક બતાવ્યા છે અને દેશ, કાળ પ્રમાણે નવા અપવાદોની પણ સૃષ્ટિ થઇ શકે છે તો પણ બધા અપવાદોનો આત્મા મુખ્યત્વે બે તત્ત્વોમાં સમાઇ જાય છે. તેમાં એક તો છે ગીતાર્થત્વ અર્થાત પરિણત શાસ્ત્રજ્ઞાન (જે શાસ્ત્રજ્ઞાન જીવનના અનુભવથી પરિપક્વ થયું હોય તે) અને બીજું છે કૃતયોગિત્વ અર્થાત્ ચિત્તસામ્ય યા સ્થિતપ્રજ્ઞતા.

ઉપાધ્યાયજીએ બતાવેલી જૈન અહિંસાના ઉત્સર્ગ-અપવાદની આ ચર્ચા ઠીક ઠીક પ્રમાણમાં અક્ષરશઃ મીમાંસા અને સ્મૃતિના અહિંસા સંબંધી ઉત્સર્ગ-અપવાદની વિચારસરણીને મળતી આવે છે. ફેર છે તો તે માત્ર એટલો જ કે જ્યાં જૈન વિચારસરણી સાધુ અથવા પૂર્ણ ત્યાગીના જીવનને લક્ષમાં રાખીને પ્રતિષ્ઠિત થઇ છે, ત્યાં મીમાંસક અને

કેટલાક સમાચાર અને નોંધ

ડૉ. ટી. એ. શાહનું અકાળ અવસાન

ડૉ. ટી. એ. શાહના થોડા સમય પહેલાં નીપજેલ અવસાનથી એક બહુ જાણીતા અને કુશળ સર્જનની વિશાળ સમાજને ખોટ પડી છે. તેમની ડાકટરી કુશળતા સાથે તેમના મીઠા સ્વભાવને લીધે તેઓ અત્યંત લોકપ્રિય હતા. તેઓ જૈન હોઇને તેમની ખ્યાતિ જૈન સમાજને ગૌરવ રૂપ હતી. અનેક સાધુ સાધ્વીઓની તેમણે સેવાભાવે ઉપચર્યા કરી હતી. તેમનાથી આરામ અને રાહત પામેલા અનેક દર્દીઓ તેમની ભલમનસાઇ બદલ તેમને જીંદગી સુધી જરૂર સંભારશે. તેમના આત્માને પરમાત્મા પરમ શાન્તિ અર્પો!

તળાજા મૂર્તિખંડન અને ભાવનગર રાજ્યની શિથિલ કાર્યવાહી

તળાજા મૂર્તિખંડનને આજે લગભગ ત્રણ માસ થવો આવ્યા એમ છતાં એ મૂર્તિનું ખંડન કરનાર કોઇ પણ ગુનેહગારનો ભાવનગર રાજ્યની પોલીસ હજુ સુધી કશો પત્તો મેળવી શકી નથી એ ભારે આશ્ચર્યજનક છે. આ બાબતમાં ભાવનગર રાજ્યનું શું વળણ છે એ વિષે જૈન સમાજના દિલમાં અનેક તર્કવિતર્કો પેદા થઇ રહ્યા છે. આ અત્યાચાર કરનાર કોણ વર્ગના છે એનો નિર્ણય કરવા માટે બહુ કલ્પના કરવાની જરૂર છે જ નહિ અને તેથી જ જો આ બાબતમાં રાજ્ય કશું પણ કડક વળણ અખત્યાર ન કરે, દુભાયેલા સમાજને પુરી તકેદારી રાખીને અને ચાંપતા ઉપાયો લઇને નિશ્ચિન્ત ન બનાવે અને આ અત્યાચારના નિષ્પાદન સાથે જે વર્ગનો સંબંધ હોવા સંભવ છે તેને પણ પોતાના રાજ્યમાં આવો કોઇ પણ અખતરો બનશે તો રાજ્ય હવે ક્ષણભર સહન નહિ કરે અને એ માટે આખા વર્ગને રાજ્ય જવાબદાર ગણશે; એવું સચોટ ભાન નહિ કરાવે તો ભાવનગર રાજ્ય અને પ્રજા ઉભયનું ભાવી ભારે ભયાનક છે અને કોઇ નિર્બળ કે નરમ વર્ગને ભાવનગર રાજ્યમાં રક્ષણ મળવાનું નથી એમ ભાવનગર રાજ્યના અધિકારીઓ તેમજ પ્રજાના આગેવાનો બરોબર સમજી લે. આ પ્રશ્ન પરત્વે જે જે સમાચારો આવે છે તે ઉપરથી ભાવનગર રાજ્યના દીવાન સાહેબનું વલણ ભારે વિચિત્ર, તીવ્ર અસંતોષ ઉત્પન્ન કરાવનારું લાગે છે. દીવાન સાહેબ મુંબઇ આવે છે અને જાય છે. મુંબઇના જૈન આગેવાનો તેમને મળવાની માંગણીઓ કરે છે પણ દીવાન સાહેબ તેમને મળી શકતા નથી, મળવા માંગતા નથી. ભાવનગર મહારાજાને પણ આ પ્રશ્ન ઉપર મળવા દેવાનું હજુ શકય બનતું નથી. આ અત્યન્ત દુઃખદ છે. જાણે કે આવેલી આફત ઉપર ઠંડુ પાણી નાંખીને રાળી ટાળી નાંખવી અને આગળ બનશે તે જોયું જશે એવી રાજ્યનીતિ નજરે પડે છે અને તેથી આખા હિંદના જૈન સમાજમાં અત્યન્ત અસંતોષ ફેલાતો જાય છે. હજુ પણ આપણે આશા રાખીએ કે આ પ્રશ્ન પરત્વે નિરાંતે સુતેલા દીવાન સાહેબ અને મહારાજા સાહેબ જાગે, પોતાની પોલીસને આ બાબતમાં સખ્ત તાકીદ કરે, અવિશ્વાસગ્રસ્ત અને શંકાગ્રસ્ત બનતી જતી માત્ર જૈન સમાજ જ નહિ પણ આખી હિંદુ સમાજને વિશ્વાસમાં લે અને ભાવનગર રાજ્યના આ બાબતને આંગે ક્ષુબ્ધ બનતા જતા વાતાવરણને શાન્ત અને સ્વસ્થ બનાવે. આજે જૈન મૂર્તિઓનો પ્રશ્ન છે; આવતી કાલે કોઇ શિવલિંગ, વિષ્ણુ, ગણપતિ કે હનુમાનની મૂર્તિનો પ્રશ્ન ઉભો થશે. થોડા સમય પહેલાં સરદાર વલ્લભભાઇ પટેલ ઉપર હુમલો થયો હતો. આવતી કાલે બીજા કોઇ નેતા કે આગેવાન કાર્યકર્તા એવી જ કોઇ ગુંડાગીરીનો ભોગ નહિ જ બને એમ માનવાને કાંઇ કારણ નથી. વસ્તુતઃ આવી ગુંડાગીરીને નિર્મૂળ કરવા માટે રાજ્યે શકય તેટલા ઉપાયો હાથ ધરવા જોઇએ. જેમણે ગુંડાગીરીને ઉત્તેજન આપ્યું છે, તેઓ રાજ્ય શું કરે છે તે જોયા કરે છે અને રાજ્ય જેટલી નબળાઇ, ભીરૂતા અને ચશમપોષી દાખવશે એટલા પ્રમાણમાં ગુંડાગીરી પોતાનાં કદમ આગળ ઉઠાવવાની જ છે. ગુંડાગીરીનો પુરો સામનો એ જ ગુંડાગીરી ટાળવાનો સાચો ઉપાય છે. આંખમીંચામણાની આજની નીતિ અત્યંત જોખમી છે. ભાવનગરના નામદાર મહારાજા સાહેબ તેમજ દીવાન સાહેબને આ અમારું તત્ર વિજ્ઞાપન છે.

શ્રી વેણીબહેન કાપડીઆને અભિનન્દન અને ધન્યવાદ

હિંદી અખિલ હિંદની રાષ્ટ્રભાષા છે. આ ભાષાવડે હિંદુસ્થાનનો કોઇ પણ ખુણે આપણો વ્યવહાર ચાલી શકે છે. આ રાષ્ટ્રભાષાનું ગાંધીજીએ આપણને ખરૂં મહત્વ સમજાવ્યું છે અને ગાંધીયુગમાં એ ભાષાનો ખુબ પ્રચાર થયો છે. આજના શિક્ષણક્રમમાં પણ અનેક સ્થળોએ અને અનેક વિદ્યાપીઠોએ એ ભાષાના અભ્યાસને ફરજિયાત બનાવેલ છે. રાષ્ટ્રની વ્યાપક સેવા કરવાનો મનોરથ ધરાવનાર સર્વ કોઇ યુવક યુવતીને માટે આ ભાષાનું જ્ઞાન અને આ ભાષાદ્વારા બોલવા લખવાની આવડત અત્યન્ત જરૂરી છે. આ ભાષાનો ચોકકસ અભ્યાસક્રમ નકકી કરવામાં આવેલ છે અને તેને લગતી ભિન્ન ભિન્ન કોટિની પરીક્ષાઓ લેવામાં આવે છે અને એ પસાર થનારને જુદી જુદી પદવીઓ આપવામાં આવે છે. આ અભ્યાસની અન્તિમ કોટિ પસાર કરનારને **'રાષ્ટ્રભાષારત્ન'ની** ઉપાધિ આપવામાં આવે છે. અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય, મુંબઇ જૈન મહિલાસમાજના તેમ જ ભગિની સમાજના એ કાર્યકર્તા અને દેશસેવિકા ઇલાના સભ્ય શ્રી વેણીબહેન વિનયચંદ કાપડીઆ રાષ્ટ્રભાષા રત્નની પરીક્ષામાં પસાર થયા છે અને એ માટે તેમનું અમે સહર્ષ અભિનંદન કરીએ છીએ. શ્રી. વેણીબહેન અંગત તેમજ જાહેર જીવનની અનેક જવાબદારીઓનું વહન કરવા સાથે ભાષા સાહિત્યનો તેમજ સંગીતનો અભ્યાસ ચાલુ રાખી રહેલ છે. અસાધારણ ખંત અને ઉત્સાહભરી જ્ઞાનોપાસના માટે તેમને ધન્યવાદ ઘટે છે.

મણિલાલ મોકમચંદ શાહ
તંત્રી, પ્રબુદ્ધ જૈન

સ્મૃતિઓની વિચારસરણી ગૃહસ્થ અને ત્યાગી બધાંના જીવનને કેન્દ્રસ્થાનમાં રાખી પ્રચલિત થઇ છે. બન્નેનું સામ્ય આ પ્રમાણે છે—

૧ જૈન

(૧) सव्वे पाणा न हंतव्वा.

(૨) સાધુ જીવનની અશકયતાનો પ્રશ્ન.

(૩) શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં હિંસાદોષનો અભાવ અર્થાત્ નિષિદ્ધાચરણ જ હિંસા

૨ વૈદિક

(૧) मा हिंस्यात् सर्वभूतानि.

(૨) ચારે આશ્રમના સર્વ પ્રકારના અધિકારીઓના જીવનની તથા તત્સંબંધી કર્તવ્યની અશકયતાનો પ્રશ્ન.

(૩) શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં હિંસાદોષનો અભાવ અર્થાત્ નિષિદ્ધાચાર જ હિંસા છે.

અહિં આ ધ્યાનમાં રહે કે જૈન તત્ત્વજ્ઞ 'શાસ્ત્ર' શબ્દથી જૈન શાસ્ત્રને અને ખાસ કરી સાધુજીવનના વિધિ-નિષેધનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રનું ગ્રહણ કરે છે, જ્યારે વૈદિક તત્ત્વચિંતક શાસ્ત્ર શબ્દથી તેવા બધાં શાસ્ત્રોને લે છે જેમાં વૈયકિતક, કૌટુંબિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય વગેરે સર્વ કર્તવ્યનું વિધાન છે.

જૈન	વૈદિક
(૪) છેવટે અહિંસાનો મર્મ જિનાજ્ઞાના અર્થાત્ જૈનશાસ્ત્રના યથાવત્ અનુસરણમાં જ છે.	(૪) છેવટે અહિંસાનું તાત્પર્ય વેદ અને સ્મૃતિઓની આજ્ઞાના પાલનમાં છે.

ઉપાધ્યાયજીએ ઉપર્યુકત ચાર ભૂમિકાવાળી અહિંસાનું ચતુર્વિધ વાકયાર્થ દ્વારા નિરૂપણ કરી તેના ઉપસંહારમાં જે કાંઇ લખ્યું છે તે વેદાનુયાયી મીમાંસક અને નૈયાયિકની અહિંસા વિષેની વિચારસરણીની સાથે એક રીતે જૈન વિચારસરણીની તુલના માત્ર છે. અથવા એમ કહેવું જોઇએ કે વૈદિક વિચારસરણી દ્વારા જૈન વિચારસરણીનું વિશ્લેષણજ તેઓએ કર્યું છે. જેમ મીમાંસકોએ વેદવિહિત હિંસાને મૂકી દઇને બાકીની હિંસામાં અનિષ્ટ ફળનું કારણપણું માન્યું છે તેમ ઉપાધ્યાયજીએ પણ છેવટે સ્વરૂપ હિંસાને અલગ રાખીને જ માત્ર હેતુ–પરિણામ હિંસામાં જ અનિષ્ટજનકત્વ સ્વીકાર્યું છે. પંડિત સુખલાલજી

સર્વધર્મ સમભાવ

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે ગોળવલી વિ. સં. ૧૯૯૭ ની પર્યુષણ વ્યાખ્યાન માળામાં પંડિત દરબારીલાલજીએ આપેલ વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર)

સમભાવ અનેક જાતનો હોય છે. સર્વની સાથે પ્રેમ કરવો, સર્વને લાતો લગાવવી, સર્વની ઉપેક્ષા કરવી એ પણ સમભાવ છે પણ દુનિયાને આજે સૌથી પ્રથમ પ્રકારના સમભાવની જરૂર છે.

જગતમાં જેટલા ધર્મો છે, તે બધાને હું સાંપ્રદાયિક માણસની જેમ ઉંચે લઈ જવા માગતો નથી, તેમ કોઈ નાસ્તિક લઈ જાય તેટલે નીચે પણ લઇ જવા માગતો નથી. ધર્મ એ માણસે બનાવેલી વસ્તુ છે તેની આપણા સામાજિક જીવન ઉપર સર્વ પ્રકારની અસર છે. પણ મનુષ્ય ઘણીવાર એક ધર્મને પોતાનો માનીને બીજાને મિથ્યાત્વ માની લે છે, તેને તિરસ્કારવા મંડે છે, અને ઝનુનથી તેનું ખંડન પણ કરે છે અને ધર્મને નામે ધર્મની જ વગોવણી શરૂ કરે છે.

બજારના આર્થિક વ્યવહારમાં ગ્રાહક અને વેપારી બન્ને અરસપરસનો લાભ લેવા ઇચ્છે છે, છતાં બન્ને પરસ્પર આદર, પ્રેમ, સત્કાર કરી જાણે છે, પરંતુ બજારની આ લડાઇ અટકાવવા માટે જે ધર્મને લાવવામાં આવ્યો છે તે ધર્મની જ જ્યાં વાત આવે છે ત્યાં માણસ આદર સહિષ્ણુતા બધું ભુલીને લડવા લાગી જાય છે.

આ બધાનું મુળ કારણ અહંકાર છે. પણ ખરી રીતે જગતમાં માણસ પાસે કોઇ એવી ચીજ નથી કે જેને માટે તે અહંકાર કરી શકે. દુનિયામાં શ્રીમંત, બહાદુર કે બીજા ગમે તેટલા ગુણશાળીને પણ સવાયો મળતાં તેનો અહંકાર ચુર્ણ થઇ જાય છે. પણ છતાં માણસ ધર્મને એવી રીતે વળગે છે કે જેમાં અહંકારનો નાશ ન થાય. આ ખરી રીતે ધર્મને બદલે અહંકારની જ પૂજા છે.

ધર્મના વિષયમાં યુરોપમાં શું બન્યું છે તે આપ જાણો છો. અહિં હિંદમાં બહાર કદાચ ન દેખાયું હોય તોપણ અંતરમાં તો તે જ અગ્નિ અહંકાર ભર્યો છે. સારા કે બુરાનો વિવેક આપણે કરી જાણ્યો નથી. બાપનો ધર્મ તે સદાય સારો એ માન્યતાને વળગીને જીવનભર ચાલીએ છીએ. પણ હું કહું છું કે કોઇ પણ ધર્મ સંપૂર્ણ નથી, તેમ કોઇ ધર્મ બુરો નથી. વાદળામાંથી જેમ પાણી પૃથ્વી ઉપર પડીને મેલું બન્યા પછી આપણી પાસે આવે છે અને આપણે તેને શુધ્ધ કરીને પછી પીવું પડે છે, તેમ ધર્મ ઉપર પણ આપણા સમાજ સંજોગોરૂપી મટ્ટીની અસર પડી છે, તે શુધ્ધ સ્વરૂપમાં આપણને પ્રાપ્ત થતો નથી, અને છતાં દરેક પોતાના ધર્મને સંપૂર્ણ શુધ્ધ માને છે અને બીજાને અશુધ્ધ માને છે. પોતાને સર્વસત્ય પ્રાપ્ત થયું છે, અને બીજાને સત્યનું એક કણ પણ પ્રાપ્ત થયું નથી એમ જોરશોરપૂર્વક પ્રતિપાદન કરે છે.

પણ ધર્મ તો એક શરીર છે. જૈન ધર્મ તરીકે જીવવાની જેને આદત પડી છે, તે જૈન ધર્મ પ્રમાણે જીવે. ઇસ્લામ ધર્મની આદત પડી તે ઇસ્લામ ધર્મ પ્રમાણે જીવે. પાણી તો સર્વ સ્થળે એક છે, પણ જુદા જુદા પ્રદેશની માટી પ્રમાણે તેના સ્વાદમાં ફરક પડે છે, આપણે પાણીને બદલે માટીના સ્વાદને માટે ઝઘડીએ છીએ અને માટીના સ્વાદને તેની ખુબી તરીકે ઓળખવામાં આવે છે પણ તેનું મૂળ સ્વરૂપ જે પાણી છે, તેને ખુબી તરીકે ઓળખવામાં નથી આવતું. સત્ય પાળવું, ઇમાન રાખવું, અલ્પ પરિગ્રહ સેવવો, પ્રાણી માત્રની સેવા કરવી એ બધા જે ધર્મના મૂળ તત્વો છે, તે તો બધા ધર્મમાં સમાન છે. તે આપણે જાણતા નથી, કે મુનિઓનો આચાર શું છે, કપડાં ભગવાં છે કે પીળાં છે, એવી જાતી અને બાહ્ય બાબતોને ભેદના કારણો ગણીને તેને માટે ઝઘડીએ છીએ. સાધ્વીરીયામાં સાધુઓ માટે આચાર જુદો હોય, અરબસ્તાનમાં જુદો હોય, હિંદુસ્તાનમાં જુદો હોય તે ભૂલી જઇએ છીએ. સ્થળ કાળ પ્રમાણે પેગંબરોએ પોતાના જમાનાને ઓળખીને ધર્મનું બાહ્ય સ્વરૂપ ઘડવું પડે છે. જૈનધર્મ અહિંસક દૃષ્ટિએ અતિ સૂક્ષ્મ હોવા છતાં વ્યાજનો તેમાં નિષેધ નથી, જ્યારે મુસ્લીમ ધર્મમાં બીજી હિંસા હોવા છતાં તેમાં વ્યાજ ખાવાને હરામ ગણવામાં આવે છે. આ બધા સંજોગો અને સ્થળ કાળના તફાવતને બાદ કરીને જોશો તો ધર્મ માત્રનું મૂળ તત્વ એક છે. જો તમે સાચા જૈન હો તો તમે સાચા મુસ્લીમ પણ બની શકશો, સાચા ક્રીસાઇ પણ બની શકશો. ધર્મોમાં આપણને જે અંતર દેખાય છે એ તો પાણી સાથે મળેલી માટીની અસર છે. મૂળ પાણીમાં કશો ફરક નથી.

મૂર્તિપૂજક કે અમૂર્તિપૂજકમાં કશો ફરક નથી. આ વસ્તુ તો કેવળ અવલંબન માટે છે. ચાર પૈસાનું ગાંધીજીનું ચિત્ર ખરીદનાર જાણે છે કે તે કાગળ અને ચિત્ર છે, અને ચાર પૈસામાં ગાંધીજીને તે ખરીદતો નથી, પણ તેનું નામ અવલંબન લે છે. તેમ ધર્મનું બાહ્ય સ્વરૂપ એ અવલંબન માટે છે. પણ ઝઘડા એ માટે થાય છે કે અમુક અવલંબન શા માટે લીધું અને બીજું અવલંબન શા માટે ન લીધું? કિતાબમાં કાગળ અને શાહી છે, છતાં તેના સહારો લઇને આપણે જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ.

તામિલવાસીઓ સાથે કામ લેવું હોય તો તામિલ શિખી લેવું જોઇએ, ગુજરાતીઓમાં વસવું હોય તો ગુજરાતી અને મહારાષ્ટ્રમાં વસવું હોય તો મરાઠી શિખી લેવું જોઇએ કે જેથી આપણે તેમને સમજી શકીએ. પણ જો આ ન શિખાય તો તેમના પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર શા માટે રાખવો જોઇએ? આવી જ રીતે બીજા ધર્મને આદરપૂર્વક જાણીએ, અને ન જાણી શકાય તો તેનો તિરસ્કાર તો ન જ થાય.

આપણા દેશમાં હિંદુ અને મુસ્લીમો વચ્ચે અનેક વખત ઝઘડા થયા છે. નજીવા કારણોસર કોમ કોમ વચ્ચે અનેક પ્રકારના કલહો થયા છે. ઘણા વર્ષો થયાં છતાં સુમેળ સાધી શકયા નથી, તેથી ગભરાવાની જરૂર નથી. એક વ્યકિતના જીવનમાં પલટો લાવવો હોય તો પાંચ દશ વર્ષમાં થઇ શકે, પણ મોટા સમાજના જીવનમાં પરિવર્તન લાવવું હોય તો વર્ષો જોઇએ. તેથી નિરાશ થવાની જરૂર નથી. કદાચ આપણા જીવનમાં આ વસ્તુ પરિપૂર્ણ ન થાય તો પણ શું?

હિંદમાં અનેક સંસ્કૃતિઓ અને પ્રજાઓ બહારથી આવી છે, તે બધીને હિંદ પચાવી ગયું છે, અને આ મીલનમાંથી હિંદી સંસ્કૃતિ ખીલતી રહી છે, પુષ્ટ બનતી રહી છે અને સમન્વયનો નવો સંદેશ જગતને આપતી રહી છે. હિંદુ ધર્મ આજે શું છે? અનેક વસ્તુઓનો શંભુમેળો. તેમાં જણાય છે. અનેક દેવ અને અનેક રીતની પૂજા તેમાં છે. શિવ અને વિષ્ણુના–આર્યો અનાર્યોના–આપણે ત્યાં ભેદ રહ્યા નથી. સાધારણ હિંદુ તો બધાનો પૂજારી છે, તે મુસ્લીમ પીરને નમશે, જૈન મંદિરમાં પ્રણામ કરશે, ગમે તે ધર્મના દેવ હોય તો મારા તો પૂજ્ય છે એવી તેની પ્રમાણિક માન્યતા છે, અને આજ સાચી વસ્તુ છે. તારા બાપ તો મારા તો કાકા એવો સાદો અને સરળ ન્યાય તેમના મનમાં છે. રાષ્ટ્ર કલ્યાણ અને એકતા માટે આ જ ન્યાયની જરૂર છે.

પ્રેમમૂર્તિ ઇસુ ખ્રિસ્તના નામ પર અનેક સંહાર અને ઝગડા થાય છે, મનમાં અહંકાર અને ઝઘડાની વૃત્તિ હશે ત્યાં સુધી ઝઘડવાની ચીજો તો બળતી જ રહેશે. એટલે બધા જૈન કે મુસ્લીમ બની જશે તો ઝઘડા મટી જશે એમ માનવાનું કારણ નથી. પંડિતાઇ પંડિતો અને વિદ્વાનો ઉપર છોડો, પણ મૂળ તત્વને વળગો. ઇમાનદાર હોય તે જૈન, ઇમાનદાર હોય તે મુસ્લીમ–એ સાચી વ્યાખ્યા છે. પણ આવું સ્વર્ગ હોય, આવો આત્મા હોય એમ માને તે જૈન અથવા મુસ્લીમ એ કલ્પના ખોટી છે. સદાચાર અને સમ્યકૃત્વને માર્ગે લઇ જાય તે જ સાચો ધર્મ છે, આચરણીય છે, તે જ શ્રધ્ધેય છે.

આપણે જો જરાક ઉદાર વૃત્તિ કેળવીએ તો સાચો જૈન, સાચા હિંદુ સાચા મુસ્લીમ બની શકીએ અને છતાં ઝઘડા વગર રહી શકીએ.

આગામી ચૂંટણી: કૉંગ્રેસનું જાહેરનામું

હિંદી કૉંગ્રેસની મધ્યવર્તી ચૂંટણી બોડને નીચેનું જાહેરનામું પ્રગટ કરવાની સત્તા મળી છે. આ જાહેરનામું મધ્યસ્થ ધારાસભાની આવતી ચૂંટણીઓના સંબંધમાં મુંબઇ ખાતે મળેલી કૉંગ્રેસની મહાસમિતિએ આપેલી દોરવણી મુજબ કૉંગ્રેસની કારોબારી સમિતિએ બહાર પાડયું છે.

૬૦ વરસ લગી હિંદી કૉંગ્રેસે દેશની સ્વતંત્રતા માટે મહેનત કરી છે. આ લાંબા વરસો દરમ્યાન કૉંગ્રેસનો ઇતિહાસ, પોતાને જકડી રહેલાં બંધનોને ઢીલાં કરવાનો સદા પ્રયાસ કરી રહેલી હિંદી પ્રજાનો ઇતિહાસ બન્યો છે. નાની શરૂઆતોથી એ ધીમે ધીમે મોટી થઇ છે અને હિંદનાં નગરો તેમજ છેક ખુણે ખાંચરે આવેલાં ગામોમાં રહેતી આપણી પ્રજામાં સ્વતંત્રતાનો સંદેશો પહોંચાડીને એ આ વિશાળ દેશમાં ફેલાઇ ગઇ છે. એ જનતામાંથીજ એણે તાકાત અને સત્તા મેળવી છે અને એક શક્તિશાળી સંસ્થામાં પરિણમી છે. તે છુટાપણા અને સ્વતંત્રતા માટેની હિંદી પ્રજાની ઇચ્છાના જવલંત પ્રતીક સમી છે.

આ દેશમાં હિંદુ, મુસ્લીમ અને જૈનધર્મ એ ત્રણ મુખ્ય ધર્મો છે. આ ત્રણે ધર્મોનો સમન્વય કરીને જો તેમાંથી ત્રણ ચીજ લઇ શકીએ તો આપણે ઘણું મેળવી શકીએ. હિંદુ ધર્મમાંથી આપણે સમન્વય લઇ શકીએ, મુસ્લીમ ધર્મમાંથી આપણે જાતિ સમભાવ અને બિરાદરી લઇ શકીએ, માનવતા અને બિરાદરી વગર આપણે રાષ્ટ્રીયતાને પ્રાપ્ત નહિ કરી શકીએ. જૈનધર્મે અનેકાંત સિદ્ધાંતનો સંદેશ આપીને જગતને સહિષ્ણુતાનો પાઠ આપ્યો છે. આમ ત્રણે ધર્મમાં સર્વધર્મ સમભાવનાં બીજ છે. જૈનધર્મમાં સિદ્ધાંત સ્વરૂપે છે, હિંદુ ધર્મમાં વ્યવહાર રૂપે છે, અને ઇસ્લામ ધર્મમાં આજ્ઞા રૂપે છે.

ઇસ્લામ વિષે આપણે ત્યાં ઘણી ગેરસમજુતિ છે. મંદિરો ભાંગવા અને ફોડવા એ મુસ્લીમ ધર્મનું લક્ષણ છે એમ માનવાનું કારણ નથી. ઇસ્લામને કુરાનની નજરથી, મહંમદ પેગંબરની દૃષ્ટિથી અને તેના ત્રણ ખલીફાની નજરથી જોવા જોઇએ. આપણા ચશ્માથી તેને ન જોઇએ. ઇસ્લામ ધર્મે તો સાફ કહ્યું છે કે દુનિયામાં દરેક કોમમાં, દરેક સ્થળ અને દરેક કાળમાં ખુદાએ પેગંબરો બનાવ્યા છે, અને આ પેગંબરોને ન માને તે નાસ્તિક છે. આમ હોવા છતાં જે મુસ્લીમ આ વસ્તુ ન સમજતાં પેગંબરો બધા અરબસ્તાનમાં જ આવી ગયા, અને હિંદુસ્તાનમાં કે દુનિયામાં બીજે પેગંબરો નથી એમ માને તેને સાચો મુસ્લીમ કેમ કહી શકાય? તે રામ, કૃષ્ણ કે મહાવીરની જય શા માટે ન બોલે? ન બોલે તો તે સાચો મુસ્લીમ કેમ કહેવાય? અનેક મુસ્લીમોએ રામ, કૃષ્ણ અને કાલી અને ગંગા મૈયાનાં ગીતો ગાયાં છે, પણ આપણે તેમનું સાહિત્ય જાણ્યું નથી, તેમણે આપણું સાહિત્ય જાણ્યું નથી. આપણે બધાએ મીસ મેયોની નજરથી બીજાની ગંદકી શોધી છે. આ માટે આપણે આપણી દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. બાહ્ય કવચ, પડળ, મેલ અને કુરૂઢિઓની હેઠળ આદમિયત એક છે, અને કુરૂઢીઓને વગોવતાં આપણે આદમિયતને ન અવગણીએ એ જ જોવાનું રહે છે.

આપણે વિશ્વાસ રાખવો જોઇએ કે આ ભેદ, દંગા બધું ક્ષણિક છે, અને આપણી આદમિયત તેમાંથી અચુક જાગૃત થવાની છે, એવી શ્રદ્ધા રાખીએ.

આ વસ્તુને બજાર સોદાની વસ્તુ ન બનાવવી જોઇએ. મુસ્લીમ મંદિરમાં આવે તો હું મસ્જીદમાં જાઉં એવી ગણતરી ન થવી જોઇએ. જે ખુદા મુસ્લીમોને બનાવે છે, તો હિંદુ બનાવવા માટે તેણે જુદું કારખાનું કાઢયું હશે એમ માનવું એ મૂર્ખાઇ છે. આપણને જે સાચું લાગે તે અપનાવવા તૈયાર રહીએ. બીજાને મોઢું સૂઝે તો ભલે તે મોઢું લ્યે, તોજ સાચી સમદ્રષ્ટિ અને સમભાવ કેળવાય અને દેશધર્મનું ખરૂં કલ્યાણ સધાય.

પંડિત દરબારીલાલજી

એક પેઢીથી બીજી પેઢી સુધી એણે આ પવિત્ર ધ્યેય માટે પોતાની કુરબાની કરી છે અને એના ઝંડા હેઠળ આ દેશના અસંખ્ય સ્ત્રી પુરૂષોએ પ્રીતાના જીવનોની આહુતી આપી છે અને પ્રતિજ્ઞાના પાલન માટે કષ્ટો વેઠયાં છે. સેવા અને ભોગ થકી એણે આપણી પ્રજામાં ઉચ્ચ અને પવિત્ર સ્થાન મેળવ્યું છે. આપણા દેશની માનહાનીને આધીન થવાનો ઇનકાર કરીને એણે પરદેશી શાસનનો સામનો કરવાની એક જબરજસ્ત ચળવળ ઉભી કરી છે.

બે મુખ્ય અંગો

કૉંગ્રેસની કારકીર્દી બે પ્રકારની રહી છે. તેણે લોકોના ભલા માટે રચનાત્મક પ્રયાસ પણ કર્યો છે અને સ્વતંત્રતા મેળવવા માટે પણ અવિશ્રાંત સંગ્રામ ચલાવ્યો છે. આ સંગ્રામ દરમ્યાન એની સામે ઘણીવાર કટોકટીઓ આવી છે અને એક મહાન સામ્રાજ્યના સશસ્ત્રબળની સાથે સીધી અથડામણમાં તેને આવવું પડયું છે. અહિંસક ઉપાયોનું અનુસરણ કરીને એ આ અથડામણોમાંથી જીવતી બહાર આવી છે એટલું જ નહિ એણે એ અથડામણોમાંથી બળ પણ મેળવ્યું છે. ત્રણ વરસની તાજેતરની અપૂર્વ પ્રજા-ઉત્ક્રાંતિ અને તેના ક્રુર અને નિર્દયી દમન પછી કૉંગ્રેસ પહેલાં કરતાં વધુ મજબૂત બની છે અને જેની પડખે એ આંધી અને સંકટોમાં ઉભી હતી એ જનતા એને વધુ ચાહવા લાગી છે.

કૉંગ્રેસની કલ્પનાનું તંત્ર

કૉંગ્રેસ હિંદના પુરૂષ કે સ્ત્રી દરેક શહેરીને માટે સમાન હકો અને તકોની હીમાયત કરે છે. તે બધી કોમો અને ધાર્મિક જૂથોની એકતા અને તેમની વચ્ચે સહિષ્ણુતા તથા શુભ નિષ્ઠાની હિમાયતી છે. તે લોકોની પોતાની ઇચ્છા અને બુદ્ધિપ્રભા અનુસાર વૃદ્ધિ અને વિકાસ કરવાની સમગ્ર પ્રજા માટેની સંપૂર્ણ તકોની હિમાયતી છે. તે રાષ્ટ્રમાંના પ્રત્યેક જૂથ અને પ્રાદેશિક વિસ્તારની વધુ વિશાળ માળખાની અંદર, પોતાના જીવન અને સંસ્કૃતિને વિકસાવવાની સ્વતંત્રતાની પણ હિમાયતી છે અને આ હેતુને માટે આવા પ્રાદેશિક વિસ્તારો અથવા પ્રાંતોની શક્ય હોય ત્યાં સુધી ભાષા તથા સંસ્કૃતિના ધોરણે રચના થવી જોઇએ. જેઓ સામાજિક જુલ્મ અને અન્યાય સહન કરે છે તે બધાના હકો માટે તેમજ એવા લોકો માટે સમાનતાની આડે આવતા તમામ અંતરાયો દૂર કરવા માટે પણ કૉંગ્રેસ હીમાયત કરે છે.

કૉંગ્રેસે એવા સ્વતંત્ર લોકશાહી રાજ્યની કલ્પના કરી છે કે જેના બંધારણમાં જ બધા શહેરીઓના મૂળભૂત હકો અને નાગરિક સ્વાતંત્ર્યોની બાંહેધરી અપાયલી હોય.

કૉંગ્રેસના મંતવ્ય મુજબ આ બંધારણ સમવાયી હોવું જોઇએ અને એ સમવાય તંત્રના અંગભૂત એકમો માટે સારી પેઠે સ્વશાસનની જોગવાઇ હોવી જોઇએ અને એની ધારાસભાઓ સાર્વજનિક પુખ્ત મતાધિકારથી ચૂંટાવી જોઇએ.

સામ્રાજ્યવાદનો શાપ

દોઢસો ઉપરાંત વર્ષોથી પરદેશી શાસને દેશના વિકાસની રૂકાવટ કરી છે અને એવી સંખ્યાબંધ મહત્વની સમસ્યાઓ ઉપજાવી છે જે તાત્કાલિક ઉકેલ માગી રહી છે. આ મુદ્દત દરમ્યાન દેશના અને પ્રજાના થયેલ વિસ્તૃત શોષણને લીધે આમજનતા કંગાલીયત અને ભૂખમરાની ગર્તામાં ધકેલાઇ ગઇ છે. દેશને રાજદ્વારી રીતે ગુલામીમાં રાખવામાં અને માનભંગ કરવામાં આવ્યો છે એટલું જ નહિ બલ્કે દેશે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક અધોગતિ સહન કરી છે. યુધ્ધના વર્ષો દરમ્યાન અને હમણાં પણ બીનજવાબદાર સત્તાદ્વારા આ શોષણની ક્રિયા તેમજ હિંદી હિતો અને મંતવ્યોની સંપૂર્ણ અવગણના નવી પરાકાષ્ટાએ-વહીવટમાંની બીજી કુશળતાએ-પહોંચી છે, જે આપણા લોકોમાં ભયંકર દુકાળ અને બહોળી કંગાલીયતમાં પરિણમી છે. સ્વતંત્રતા અને આઝાદી સિવાય આ તાકીદની સમસ્યાઓ ઉકેલવાનો બીજો કોઇ ઉપાય નથી. રાજદ્વારી સ્વાતંત્ર્યનો વિસ્તાર આર્થિક અને સામાજિક હોવો જોઇએ.

જનતાનું કલ્યાણ

હિન્દની સમસ્યાઓમાં સૌથી અગત્યની અને તાકીદની સમસ્યા ગરીબાઇના શાપને કેવી રીતે દૂર કરવો અને જનતાનું જીવનધોરણ કેમ ઉંચું લાવવું તે છે. આમ જનતાના શ્રેય અને પ્રગતિ પ્રત્યે કોંગ્રેસે પોતાનું ખાસ લક્ષ અને પોતાની રચનાત્મક પ્રવૃત્તિઓ વાળી છે. જનતાના શ્રેય અને પ્રગતિ દ્વારા જ તેણે પ્રત્યેક દરખાસ્ત અને પ્રત્યેક ફેરફારને નિહાળ્યાં છે અને તેણે જાહેર કર્યું છે કે અમારા દેશની જનતાના શ્રેયની આડે જે કંઇ આવતું હોય તેને દૂર કરવું જોઇએ. ઉદ્યોગ અને ખેતી, સામાજિક સેવાઓ અને જાહેર ઉપયોગિતાનાં ખાતાંઓને પ્રોત્સાહન મળવું જોઇએ, તેમને અર્વાચીન ધોરણ પર મુકવાં જોઇએ અને તેમને ઝપાટાબંધ વિસ્તારવાં જોઇએ, જેથી કરીને દેશની દોલતમાં વધારો થાય અને દેશને બીજાઓ પર આધાર રાખ્યા વિના સ્વવિકાસ માટેની શક્તિ મળે.

પણ આ બધું આપણી પ્રજાના આમસમુદાયનું ભલું કરવાના, તેમના આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ધોરણ ઉન્નત બનાવવાના, બેકારી ટાળવાના અને વ્યક્તિના ગૌરવમાં વધારો કરવાના પ્રાથમિક હેતુ અને સર્વોપરી કર્તવ્યદ્વારા થવું જોઇએ. આ હેતુ માટે સામાજિક આગેકુચ અંગે તેના બધા સંખ્યાબંધ ક્ષેત્રોનું આયોજન અને સમીકરણ કરવાની, દોલત અને સત્તાને વ્યક્તિઓ તથા જુથોના હાથમાં કેન્દ્રિત થતી અટકાવવાની, સમાજના શત્રુ સમા સ્થાપિત હિતોનો વિકાસ રોકવાની અને ખનીજ સાધનો, વ્યવહારના સાધનો તેમજ જમીન ઉદ્યોગ અને રાષ્ટ્રીય પ્રવૃત્તિના બીજાં ખાતાંઓમાંના ઉત્પાદન અને વહેંચણીની મુખ્ય પદ્ધતિઓ પર સામાજિક અંકુશ મેળવવાની જરૂર પડશે, જેથી સ્વતંત્ર હિન્દ વિકાસ પામીને સહકારી રાષ્ટ્રસમૂહ બને.

વિશ્વસમવાયતંત્ર

આંતરરાષ્ટ્રીય બાબતોમાં કોંગ્રેસ સ્વતંત્ર રાષ્ટ્રોના વિશ્વ સમવાયતંત્રની સ્થાપનાની હિમાયતી છે. આવું સમવાયતંત્ર સરકાર ધારણ કરે ત્યાં સુધીના સમયમાં હિંદે તમામ રાષ્ટ્રો સાથે અને ખાસ કરીને પૂર્વ, પશ્ચિમ તથા ઉત્તરમાંના પોતાના પાડોશીઓ સામે મૈત્રીભર્યા સંબંધો વિકસાવવા જોઇએ. દૂરપૂર્વમાં, અગ્નિ-એશિયામાં અને પશ્ચિમ એશિયામાં હિંદને વર્ષોથી વ્યાપારી અને સાંસ્કૃતિક સંબંધો હતા અને સ્વતંત્રતા મળે ત્યારે તે આ સંબંધો નવેસરથી બાંધી વિકસાવે એ અનિવાર્ય છે. સલામતીના કારણો અને વ્યાપારના ભાવિ પ્રવાહો પણ આ પ્રદેશો સાથે ગાઢતર સંપર્કો માગી લે છે. અહિંસક ધોરણે સ્વતંત્રતા માટેની પોતાની લડત ચલાવનાર હિંદ હંમેશાં પોતાનો ટેકો વિશ્વશાંતિ અને સહકારને પક્ષે આપશે. તે બીજા બધા ગુલામ રાષ્ટ્રો અને લોકોની આઝાદીનો પક્ષ પણ લેશે, કારણ કે આ સ્વતંત્રતા અને દરેક સ્થળે શાહીવાદના નિકંદનને ધોરણે જ વિશ્વશાંતિ સ્થાપી શકાય.

આગામી ચૂંટણી

તા૦ ૮ ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ અખીલ હિંદ મહાસભા સમિતિએ એક ઠરાવ પસાર કર્યો હતો, જે તે પછીથી હિંદના ઇતિહાસમાં પ્રખ્યાત થઇ ગયો છે. આ ઠરાવના ધોરણ પર અને તેના મુદ્દાનાદથી કોંગ્રેસ મધ્યસ્થ અને પ્રાંતિક ધારાસભાઓ માટેની ચૂંટણીઓનો સામનો કરે છે. મધ્યસ્થ ધારાસભા એ કશીયે સત્તા કે અધિકારી વિનાની સંસ્થા છે અને તે લગભગ સલાહકારી સંસ્થા છે, જેની સલાહ સતત રીતે ધુત્કારવામાં અને અવગણવામાં આવી છે. તે તદ્દન સમયાતીત છે અને ખુબજ મર્યાદિત મતાધિકાર પર રચાયલી છે. એ ધારાસભા માટેના મતદારપત્રકો ભૂલચુકથી ભરપૂર છે અને તેમાં સુધારાવધારા કરવા માટેની કોઇ તકો આપવામાં આવી નથી. આપણા દેશબાંધવોની મોટી સંખ્યા હજી કારાવાસમાં છે અને જેમને છોડયા છે તેમાંના ઘણા ચૂંટણી માટે ઉભા રહેવાને લાયક નથી. ઘણી જગ્યાએ હજી જાહેર સભાઓ ભરવાના માર્ગમાં અંતરાયો ચાલુ છે. છતાં આ અને બીજા અંતરાયો અને ઉણપો સાથે પણ કોંગ્રેસે ચૂંટણીઓમાં હરીફાઇ કરવાનું ઠરાવ્યું છે તે એમ બતાવી આપવા માટે કે ચૂંટણીઓ ગમે તેટલી મર્યાદિત હોય તો પણ તેમનું અનિવાર્ય પરિણામ આઝાદીના મુદ્દા પર મતદારોના અભિપ્રાયનું અતિ ભારે પીઠબળ દેખાડવાનું હોવું જોઇએ. તેથી આ ચૂંટણીમાં નજીવા મુદ્દાઓની કે વ્યક્તિઓની કે વિભાગીય પોકારોની કંઇજ ગણના નથી. ગણના છે માત્ર એક વસ્તુની-આપણી માતૃભૂમિની સ્વતંત્રતા અને આઝાદીની, જેમાંથી બીજી બધી સ્વતંત્રતાઓ આપણી પ્રજા પ્રત્યે વહી આવશે.

તેથી દેશભરના મધ્યસ્થ ધારાસભા માટેના મતદારોને કોંગ્રેસ અપીલ કરે છે કે આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસ ઉમેદવારોને દરેક રીતે ટેકો આપજો અને ભાવી શક્યતાઓથી સભર એવા આ કટોકટીના તબક્કે કોંગ્રેસની પડખે ઉભા રહેજો. અનેકવાર હિન્દની પ્રજાએ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞા લીધી છે, એ પ્રતિજ્ઞાને હજી સિદ્ધ કરવાની છે અને જે અતિપ્રિય ધ્યેયને માટે એ પ્રતિજ્ઞા છે અને જે ધ્યેયે આપણને અનેકવાર હાકલ પાડી છે તે હજી આપણને હાકલ પાડી રહ્યું છે. પરંતુ એવો સમય આવી રહ્યો છે કે જ્યારે આપણે એ પ્રતિજ્ઞા સંપૂર્ણ રીતે સિદ્ધ કરશું-ચૂંટણીથી નહિ પરંતુ ચૂંટણી પછી જે આવવાનું છે તેનાથી. દરમ્યાનમાં ચૂંટણી એ આપણે માટે એક નાનકડી કસોટી છે, આવનારી મહાન વસ્તુઓ માટેની તૈયારી છે. હિંદની મુક્તિ અને આઝાદી માટે જેમને દરકાર અને તલસાટ હોય તેઓ બધા આ કસોટીને શક્તિ અને વિશ્વાસથી પહોંચી વળે અને આપણા સ્વપ્ન મુજબના સ્વતંત્ર હિન્દ પ્રત્યે એકીસાથે કુચ કરે.

ગામની દીકરી

અલબત્ત હું એક સૌંદર્યભૂખ્યા લક્ષ્મીનંદનની ભાડુત પત્ની બની હતી, છતાં પણ ગૃહસ્થીજીવન મેં કેટલું વાંચ્છ્યું હતું તે તો મારો પરમાત્મા જ જાણે છે. મારૂં આજનું જીવન કોઇ શોખનું નહોતું પરંતુ પરાણે લદાયેલું હતું.

હજુય મને સાંભરે છે મારી બાલ્યાવસ્થામાં ઘરના આંગણે ગીતડાં ગાતા અને સતીઓના રાસ લેતા તે. મારા બાપુની વાંચેલી રામાયણ મહાભારતની કથા અને માતા પાસેથી સાંભળેલી વીરાંગનાઓની ગાથા પણ એવી ને એવી સાંભરે છે. ભડભડ બળતી ચિતા અને તેમાં 'જય અંબે જય અંબે' બોલતી છૂટા કેશ અને ભાલમાં કંકુની પિયળ સાથે કુદી પડતી સતીઓ હજુ પણ આંખ સામે તરવરે છે. પણ હુ કયાં છું? હું એક 'વેશ્યા રાંડ' 'ભરમાંગના' છું! આ ભાન મારા હૃદયને સતત કોરી ખાય છે. છતાં પણ તેથી થોડી છૂટી શકું તેમ છું? તેમાથી કાંઈ મારો થોડો ઉદ્ધાર થઇ શકે તેમ છે?

કદાચ તમે પૂછશો કે આટલી સમજ અને ભાવના હોવા છતાં પણ કેમ માર્ગ ભૂલી? બાપુની કથા કે સતીઓની ગુણગાથા કામ ન આવ્યા? શું બધું નિરર્થક ગયું? ના, કંઇ નિરર્થક નથી ગયું. આજના જીવનમાં પણ પ્રમાણિક થવાની વૃત્તિ એ જ્ઞાનનું પરિણામ નથી લાગતું? સુખ, સાહ્યબી અને યૌવન છતાં પણ આજનું જીવન સાલે છે તે જૂના સંસ્કારનું ફળ નથી લાગતું? આજે હૃદયમાં રડું છું, પ્રતિક્ષણે મારી બીજી બહેનો જેવી બની રહેવા દિલ ઝંખે છે, પણ સમાજ કયાં બનવા દે છે? આ તો જગત સામે ગુનેહગારરૂપે પતિતા તરીકે ઉભી છું! 'મને મારા પાપની સજા થવી જ જોઇએ' એમ કહી દુનિયા પોતાની સદ્વર્તન તરફની અભિરૂચિ પ્રગટ કરે છે, ત્યારે મારે મારી વાત કહેવા જેવું કયાં છે?

મારા બાપુ એક રાજ્યમાં નોકર હતા, પરંતુ રાજ્ય ખટપટના શિકાર બની એ ઘરે બેઠેલા અને માલ-મિલકત વગેરે ગુમાવી નિરાધાર દશામાં આવી પડેલા. આ અરસામાં જ મારી દુઃખદ સ્થિતિની શરૂઆત થઇ.

અમારા ગામમાં ગરીબોની છોકરીઓને ઉપાડી જઇ મોટા શહેરોમાં વેચવાનો ધંધો કરતી એક છૂપી ટોળી હતી. આ ટોળીની જાળમાં હું સપડાણી. રેલ્વે-સ્ટેશન પર કામ કરતા મારા બાપુ મને બોલાવે છે

એવા બહાના નીચે મારો પાડોસી મને સ્ટેશન પર લઇ ગયો. મેં મારા બાપુને ત્યાં ન જોયા ત્યારે તેણે કહ્યું કે, 'આ પછીના સ્ટેશન પર કામ કરે છે અને ત્યાં તેને અકસ્માત થયો છે, માટે ત્યાં જવું પડશે.' મને ગાડીમાં બેસાડી બીજા મુસાફરને ભલામણો કરી તે ઉતરી ગયો. મારી ઉમર તે વખતે ચૌદ-પંદર વરસની હતી. ગાડી ચાલી. મને ખ્યાલ ન હતો કે તે કયાં જતી હતી! જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ હું મૂંઝાવા લાગી. આથી મારી સાથેના માણસોએ મને કહ્યું કે, 'આપણે બધાં મુંબઈ જઇએ છીએ.' હું ગભરાઇ ગઇ અને રડવા માંડયું. પણ મારું રૂદન ત્યાં કોણ સાંભળે? બીજાઓએ મને પહેલી વખતે સાસરે જતી વહુ કલ્પેલી હશે એટલે મારું રૂદન તેઓ ન સમજ્યા હોય તેમ માનું છું.

બીજે દિવસે સવારે મુંબઇ આવ્યું. સામે બે-ત્રણ માણસો આવ્યા હતા, જે અમને એક અગોચર જેવી જગ્યાએ લઈ ગયા. છઠ્ઠે દિવસે મારો પાડોશી પણ ત્યાં આવ્યો, જેણે બહુ માયાળુપણે મને કહ્યું કે, 'રાધા, જરાય ગભરાઇશ નહિ. તને કોઇ સુખી પૈસાવાળાને ત્યાં પરણાવશું, અહીં તને સુખ મળશે. દેશમાં શું હતું? થોડો વખત ડાહી થઇને વર્તજે તો બધું ઠીક થઈ જશે.' હું પૂરેપૂરૂ પામી ગઇ, પણ ઉપાય શું? દિવસ-રાત જીવતા માણસની અને મજબૂત તાળાની ચોકી રહેતી, ડગલે ને પગલે ધમકી મળતી, એટલે એટલી બધી દબાઇ ગઇ કે કશું બોલી શકી જ નહિ. બીજા દિવસથી જ મારા પંડ ઉપર કંઇક સોદાઓ ગોઠવાવા માંડયા. કંઈક રંગીલા છેલબટાઉ અને માલેતુજાર ખખડધજ્જે આવવા માંડયા. દરેક પાસે મને રજૂ કરતા અને જાણે પશુ કેમ ન હોઉં તેમ મારી કિંમત નકકી કરતા. આ રીતે દોઢ માસ વીતી ગયો. આ દરમિયાન મારા પર વીતેલી કાળી કથા હું નથી કહી શકતી-એ સાંભળવા જેવી પણ નથી. દેશમાં મારું વેવિશાળ થયેલું હતું. હું દોઢ માસ થયાં ગુમ થઇ છું એ વાત જાણ્યા પછી તે માણેકનો પૂત મારો હાથ ગ્રહશે નહિ, સમાજ મારો દોષ જોયા વિના જ મારો તિરસ્કાર કરશે, એવી ભીતિએ છેવટે મેં ન છૂટકે ધરધરની બજાર વેશ્યા બનવાને બદલે એક સુરતી વણિકની ભાડૂત પત્ની તરીકે રહેવું કબૂલ કર્યું. આટલી જ મારી કાળી કથા. આ મારો દોષ કે મારા સંજોગ!

* * *

હું મારા આ નવીન જીવનમાં આજ સાત વર્ષ થયાં પડી છું. તે સુરતી મારે ત્યાં ખુલ્લી રીતે રહેતો, સમાજ તે વાત જાણતો-ખુદ તેનાં મા-બાપ અને ધર્મગુરૂ પણ જાણતાં. તોપણ તેની આબરૂમાં વાંધો નહોતો આવતો. પણ જો મારી સાથે લગ્ન કરે તો તેની આબરૂ ન ટકે, કારણકે તેના જેવા ખાનદાન, આબરૂદાર અને સમાજના નેતાથી મારા જેવી વેશ્યા સાથે લગ્ન ન કરી શકાય-તેથી તો કુળ ઊતરી જાય! ઉપપત્ની અને પત્નીમાં કાયદાના રક્ષણ સિવાય બીજો શું ફેર છે કે ત્યાં આબરૂ કે ખાનદાનીનો પ્રશ્ન આડે આવે છે? જવા દો! તેણે લગ્ન ન કર્યું!

મેં સાત વર્ષ સુધી એક પત્નીને છાજે તેવા ભાવથી તેની સેવા કરી છે. તેના ભટકેલ મનને ઠેકાણે લાવવા અને અન્ય કુટેવો છોડાવવા મારાથી શકય બધા પ્રયત્નો કર્યા છે. તેનું મન આજે મારામાં ઠર્યું છે. હું હવે તેના કુટુંબની વચમાં જ રહું છું. છતાં પણ લગ્નની બધી વાતો તેણે ટાળ્યા જ કરી છે. પણ મેં તો લગ્નના પ્રચલિત બાહ્ય સ્વરૂપથી મળતા સાંસારિક કે આર્થિક લાભોની દરકાર કર્યા વિના તેની સાથે માનસિક લગ્ન કર્યાં છે. તેનું વર્તન પણ મારી સાથે એક શાસ્ત્રાધારે નક્કી કરેલા પતિ જેવું જ છે. પણ સમાજની આંખમાં અમારો આ સંબંધ સારો નથી ને!

* * *

વતન તજ્યું હતું, પણ વતનની મમતા તો જેવી ને તેવી ઊભી હતી. જ્યારે ત્યાં હતી ત્યારે જેટલો પ્રેમ હતો તે કરતાં વતનથી દૂર થતાં એ પ્રેમ ઘણો વધ્યો હતો. મારી આંખ સામે માબાપ, જૂના પાડોશીઓ, નાનાં બાળકો, તેનાં પશુઓ અને આંગણામાં ઊભેલાં ઝાડો તરવરતાં અને મારું જીવન ઘડીભર દુઃખમય થઇ જતું. જ્યારે અમારા પાડોશી ખેમરાજ શેઠના કુટુંબને તેના વતન તરફ જતું જોયું ત્યારે મારું મન હાથ ન રહ્યું. શું હું મારા વતનમાં ન જઇ શકું? મારા વતનનાં ભાઇ-બહેનોને આ આંખથી ન જોઇ શકું? મારાં માતપિતા જીવતાં હોય તો તેના ચરણમાં માથું મૂકી મારી દુઃખદ કથા કહી તેનો ભ્રમ ન ભાંગી શકું? મારા પતિ મારી ઇચ્છા સમજી ગયા અને મારું વતન જવાનું નક્કી થયું.

હું એક સ્ત્રી-નોકર સાથે મારે વતન જવા ઉપડી. આખી મુસાફરી આશા-નિરાશા, સુખ-દુઃખ, ઉત્સાહ અને હતોત્સાહની મિશ્ર લાગણીઓની ભિન્ન ભિન્ન ગતિઓ વચ્ચે પસાર થઇ. પાછું ફરવાનું અને એક વખત મરી જવાનું પણ મન થઇ આવ્યું. મારાં માબાપ શું કહેશે? ગુમ થયેલી પુત્રીના અચાનક લાંબા કાળે પાછા આવવાથી તેને આનંદ થશે કે તેની વર્તમાન કથાની ખબર પડી હશે તો જીવનમાં રહેલો શેષ આનંદ પણ નષ્ટ થઇ જશે? મારો સમાજ શું માનશે? આવા આવા અનેક તરંગો મનમાં ઉઠતા અને શમતા.

મારે ગામ રાત્રે પહોંચાતું હોવાથી હું ચુપચુપ ઘરમાં દાખલ થઇ. મારાં માબાપ જીવતાં હતાં. ઘરમાં ટમટમતા એક ઝાંખા દીવાથી હું જોઇ શકી કે ત્યાં દારૂણ ગરીબી હતી. ઘરમાં થોડાંક માટીનાં વાસણો, ચીથરાં જેવાં કપડાં, ગોદડાંના ગાભા અને અર્ધતૂટેલી કાથાની ખાટલીઓ સિવાય કાંઇ પણ ઘરવખરી ન દેખાણી. મેં સજળનેત્રે મારા વૃદ્ધ કાન્તિહીન બાપુને એક ખાટલી ઉપર સૂતેલા જોયા. આંખો ઉંડી ઉતરી ગઇ હતી, ચહેરા ઉપર વિષાદની ઘેરી છાયા ફરી વળી હતી. મેં પાસે જઇ પ્રણામ કર્યા. મને અચાનક આવેલી જોઇને તે ડધાઇ ગયા અને આવેશમાં અનેક પ્રશ્નો જવાબની રાહ જોયા વિના એક પછી એક પૂછવા માંડયાઃ 'રાધા, તું આવી? કયાં ગઇ હતી? તને કોઇ લઇ ગયું હતું? આવ બેટા, આવ! ત્યાં દુઃખી તો નથી થઇ ને? બેલ, બોલ! અરે, તું રડે છે કેમ? શું દુઃખ છે, રાધા? સારૂં થયું કે તું જીવતી છો એમ અમે મર્યા પહેલાં જાણ્યું, અને સાત-સાત વર્ષે જ્યાં તારી તો આશા જ મૂકી દીધી હતી ત્યાં તારા મોં-મેળા થયા! મારા વાલાની માયા છે ને, કે મરતાં મરતાં પણ સુખી કરતો ગયો! બેટા, સુખદુઃખનો કાગળ તો કોઇ દી લખવો હતો કે વાંચીને જરા શાન્તિ થાય? પણ તેં ન લખ્યો તેમાં તારો શું વાંક! તને એ હરામખોરોએ લખવા જ નહિ દીધો હોય! જોને બેન, હવે નબળી ન પડતી. દુનિયા તો બૂરી છે. તારા માટેની અનેક કડવી વાતો ગામના નવરાઓએ કરેલી, પણ મને તો ખાતરી હોય ને કે મારૂં ફરજંદ હરામખોર નજ્નીવડે! બાપુ, જરાય ગભરાઇશ મા, અહીં તારૂં કોઇ નામ નહિ લે.' મારાથી રડી પડાયું કે મારા જીવનને આ બીચારો વૃદ્ધ નથી સમજતો કે મારૂં વર્તમાન જીવન શું છે! અસીમ દયા અને વાત્સલ્યે મારી આંખ આજે ખોલી નાખી કે જગત હજુ પણ જીવવા જેવું છે! મારી બા બધો વખત ચુપચાપ સાંભળતી સાંભળતી રડતી હતી. મારા પાછા આવવાથી હવે સમાજ સુખે રહેવા નહિ દે એવું સ્પષ્ટ ભાન તેના મુખ ઉપર તરવરતું હતું. તેણે માત્ર એટલું જ કહ્યું કે, 'રાધા, દુનિયાએ દાઝયા ઉપર ડામ દેવામાં બાકી નથી રાખી. માંડ માંડ જખમ રૂઝાયા હતા ત્યાં હવે ફરી વખત કોણ જાણે કેવાયે ડામ હૈયે દેશે! અમારી જિંદગી તો બગડી હતી, હવે મોત પણ બગડશે! જેવાં નસીબ! બધું એક જ ભવમાં ભોગવી લઇએ એટલે પછી ભોગવવાનું બાકી ન રહે.' આનો જવાબ આંસુના અસ્ખલિત પ્રવાહ સિવાય બીજો હું શું આપું? મોડી રાત્રી સુધી મેં, મારા બાપુએ અને બાએ રડયા જ કર્યું.

દુનિયાનો સામાન્ય નિયમ છે કે સારી વાત કરતાં નબળી વાત લાંબો વખત યાદ રહે છે અને જલ્દી ફેલાય છે. રાધા નાની હતી ત્યારે થોડા જ માણસો તેને જાણતા, પણ તેના ગુમ થયા પછી લગભગ આખું ગામ તેને અને તેનાં માબાપને જાણતું થઇ ગયું.

ન્યાયના નામે પોલીસે આખા કુટુંબને જગન્નત્રીસીએ ચડાવ્યું, પણ કોઇએ ન વિચાર્યું કે રાધા ભાગી ગઇ છે કે ગામના કોઇ હરામખોરોએ તેને ભગાડી છે? જ્યાં લઇ ગયા હશે ત્યાં તેની ઉપર શું શું વીત્યું હશે? તેનાં મોતને કાંઠે બેઠેલાં ગરીબ માબાપની હૃદય-વ્યથા શી હશે? આજે સાત વરસે જ્યારે તે પછી ત્યારે પુનઃ ભુલાઇ ગયેલી વાતો ફરી વખત તાજી થઇ અને તે વૃદ્ધ માનવીઓએ પોતાનો અધૂરો રહેલો દુઃખનો વિષકટોરો ફરી વખત ભરાતો જોયો અને તેઓ હતાશ થઈ ગયાં. સૌ પોતપોતાને કારણે ભાંગી પડવાની અણી ઉપર હતાં–બાપ પોતાની દીકરી ઉપર અને કુટુંબ ઉપર થતી ક્રૂર ટીકાને કારણે, મા આ દુઃખનો ભાર તેનો વૃદ્ધ પતિ કેમ સહી શકશે તે ભીતિએ, અને રાધા વતન જ્યારે જાકારો ભણે છે ત્યારે ક્યાં જાઉં–કોને આધારે જાઉં તે દુઃખે. પણ સૌને ઉગારી લીધાં ભોળા શેઠે.

'દીકરી, ઘણીવાર પાપ પણ કોઇ કાળચોઘડિએ થઇ જાય, પણ જો દિલમાં તેનો ખટકો હોય તો ગમે તેવું પાપ પણ બળીને ભસ્મ થઇ જાય. માણસનું જીવન ઘડીઘડીનું, તેમાં અનેક પલટા આવે, ત્યાં કોઇનો ગર્વ થોડો ટકી રહે છે કે તે કાયમ એવો ને એવો સારો રહેશે! વાંસો રાખે તેમ રહેશે, બાકી તો વાનું! બધાંય સમય અને સંજોગ પ્રમાણે નાચતાં પુતળાં! બેટા, તેં ભુલ કરી હોય તોય આજે કયાંય એ ભુલ નથી. તારાં આંસુએ એ તો કયારની ધોઇ નાખી છે. સુખેથી ઉચાટ વગર રહેજે. મનને જરાય મોળું પડવા દઇશ નહિ.

'માણસ માત્ર ઓછી-વધતી નબળાઇ થી ભરેલો છે જ. પૂર્ણ મનુષ્ય તો કયાંય મળે તેમ નથી, ત્યાં જગતના અભિપ્રાયનો અર્થ પણ શું? ભૂલો, નબળાઇઓ ભૂલી ભૂલીને જ માણસ આગળ વધે છે-કુદરત વધવા દે છે. જો આપણી ભૂલો સામું ધરતીમાતા જુએ તો તેની ઉપર ઊભા રહેવાનો કોઇનો અધિકાર ન રહે. જો કુદરત ભૂલો માફ કરતી ન હોત તો કોઇ ઘડીભર પણ જીવી ન શકે.

'બેટા! આજે દુનિયાભરમાં એવું તો ઘોર અંધારું જામ્યું છે કે માણસ પાપ કર્યા વિના એક ડગલું આગળ જઇ શકે તેમ નથી. એટલી હદ સુધી સમાજવ્યવસ્થા બગડી ગઇ છે કે માણસને માણસજાત તરફ પ્રેમ નથી. આપણા કાંથડ ખુમાણ, કાળો નાગ અને કાદુ મકરાણી જ્યારે દુઃખનો-અન્યાયનો તાપ નહિ જીરવાણો હોય ત્યારે જ બહારવટે નીકળ્યા હશે ને! એને શું દોષ દઇએ? નર્મદા બ્રાહ્મણી અને માધા શેઠની વિધવા ઝબક વટલી ગયાં તે કાંઇ સુખે બન્યું હશે? ખુબ મૂંઝાણાં હશે, કોઇએ વાર કરી પડખામાં લીધાં નહિ હોય, ત્યારે જ બોટ બાંધી હશે ને? કોઇ થોડું સુખે વટે છે કે વટલે છે, મા!

'દિલમાં દયા હોય તો શું ભાર છે પાપના કે માણસમાં ટકયું રહે? આ તો આપણે જ વંઠાડીએ અને આપણે જ રોઇએ કે જગત વટે છે! ભાંગ્યાના ભેરુ થવાની સમાજમાં વૃતિ હોય તો કોઇ ભાંગે જ નહિ, સમજી ને દીકરી!

'રાધા, આજે તો દુનિયા ઉપર પરમાત્મા રૂઠેલો છે. આખા ગામમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ ભર્યાં છે, પણ કોઇ ને કોઇ ની પડી નથી. એક ગામમાં વસ્યાં, ભાઇભાંડુની પેઠે રહ્યાં, ત્યાં આજે આંખની શરમ નથી, કોઇની આંખમાં અમી નથી; તો ગામવાળો બીજે કયાં જઇ ને ઠરે? ધરતીનાં ઢાંકણ દેવાઇ ગયાં અને પાપનો પોરો આવ્યો!'

ભોળા શેઠે રાધાને પોતાનું દુઃખ તો ભુલાવી દીધું, પણ તેને સ્થાને તેથીયે મોટું ગામનું દુઃખ આવીને બેઠું કે, ગામ દુઃખી છે, નાશને આરે ઉભું છે, તેને ઉગારવું જોઇએ. જો ગામ ગામનું દુઃખ ન ભાંગે તો દુઃખિયાં જાય કયાં? પતિતને જો તેનું વતન પાવન કરી ન અપનાવે તો તે કયાં જઇ ને ઠરે?

પોતે આજે કોણ છે, તેની શાખ ગામમાં શી છે, કેવી રીતનું જીવન પોતે જીવી રહી છે, તે બધું તે ભૂલી ગઇ. એક વાત યાદ રહી કે તે ગામની પુત્રી છે, આ ભૂમિનું અન્નજળ અને પ્રેમ તેણે પણ પીધાં છે, અને આ માટીમાંથી જ તેનો દેહ બન્યો છે, તો તેણે પણ કંઇ કરવું ઘટે.

ગઇ કાલની વેશ્યા જેવી રાધા ગામની પુત્રી બની ગઇ!

તેણે પોતા પાસેની બધી રકમ ગામના ગરીબ, બીમાર અને અનાથો માટે ખર્ચી નાખી. મુંબઇના તેના લાંબા વસવાટે આપેલું જ્ઞાન તેને માંદાની માવજત માટે ખૂબ ઉપયોગી થયું. તેણે જાતે સેવા કરી અને સમાજના નીચલા થરનાં બાળકોમાં ઠીક રસ લીધો અને ભોળા શેઠને પછીનું કામ સોંપી પોતે મુંબઇ ગઇ. પછી તો તે વારંવાર આવતી અને પોતાથી શકય બધી નાની મોટી સેવા કરી છૂટતી.

છેલ્લાં ત્રણ વર્ષ થયાં દેશભરમાં લગભગ દુષ્કાળ જેવી સ્થિતિ હતી. ગામમાં પાણીની તાણ હતી. રાધાએ દેશમાં આવી થોડાક કૂવા સમરાવ્યા અને એક કૂવો નવો ખોદાવ્યો. પાણી પાછળ લગભગ પાંચથી છ હજાર રૂપિયા અને અનાજ પાછળ પણ તેટલી રકમ તેણે ખર્ચી તેના કૂવામાં પાણી મીઠું અને પુષ્કળ હતું.

રાધાને જીવનમાં કદી ન થયો તેવો આનંદ આ વખતે થયો. જ્યારે તેના કામની કોઇએ તારીફ કરી ત્યારે તે માત્ર એટલું જ બોલી કે, 'દીનાનાથ! હું તો જગતની ઉતાર છું, પણ તારી દયા અસીમ છે!'

'કૂવો સુંદર છે, પાણી ખૂબ મીઠું છે, બંધાવનારનું ભગવાન ભલું કરે. ભગવાને તેને આપેલો પૈસો લેખે લાગ્યો છે.' એક અજાણી વ્યકિતએ કૂવાની નજદીકમાં આવેલા શિવાલયના ઓટલા ઉપર બેઠાં બેઠાં સહજ પોતાનો આભારભાવ વ્યકત કર્યો. બાજુમાં બેઠેલ બીજી યુવાન વ્યકિતએ તુરત જવાબ આપ્યો કે, 'પૈસો લેખે જ લાગે ને, ? કયાં રળતા પરસેવો વળ્યો છે! આ કૂવો મુંબઇની પેલી નામચીન રાંડ રાધાએ બંધાવ્યો છે. ઘણાં કાળાંધોળાં કરીને હવે ધરમ કરવા નીકળી છે એટલે તેનાં પુણ્યનાં પાણી મીઠાં જ હોય ને! એણે તો ગામમાં એકાકાર કરી દીધું. ઢેડ-ભંગી બધાને પાણી ભરવાની છૂટ. ગામમાં પાણીની તાણ છે, નહિતર એ રાંડ પાતરના કૂવાનું પાણી પીવે કોણ? કોઠોય ભ્રષ્ટ થઇ જાય અને ધરમ ચાલ્યો જાય. હલકટનું દાન ગામ આખાનું નખ્ખોદ કાઢી નાંખશે.

'રાંડ ઢેઢ-ભંગીને ઘેર જઇ માંદાના ખાટલા પાસે આખી રાત ઉજાગરા કરે છે. ગામમાં હલકા વરણને ભેગા કરી શું'ય પારાયણ વાંચે છે. મુંબઇથી થોડીક દવા લાવી છે તેનું દવાખાનું રાંડે કાઢયું છે. કળજુગ છે ને! ગામની જુવાન છોકરીઓને મુંબઇ કસબ શીખવવા ન લઇ જાય તો સારું.'

મંદિરમાં દર્શને આવેલી રાધાએ આ કઠોર શબ્દો સાંભળ્યા. તેનું આળું દિલ ઘવાયું. એટલે આવી એ એટલું જ બોલી:

'મારા વીર! ભલે હું જગતની વેશ્યા હઇશ, રાંડ હઇશ, પણ મારા આ ગામની તો દીકરી જ છું! ભલે બીજે સ્થળે મારા આશકો આવતા હશે, પણ આંહીં તો બધે મારા માડીજાયા ભાઇ જ જોઉં છું! મારા જીવનમાં સહરાના રણ જેવી ધીખતી રેતી જ ભરી છે, તેમાં વતનનો પ્રેમ-મારાં બાંધવ-બહેનીનો પ્રેમ-જ એક મીઠી વીરડી જેમ મારા જીવનને રસમય રાખે છે. જીવનની કડવી-મીઠીથી ભરી તો રહી છું તેમાં અને વતન અને તેનાં માનવીઓની મીઠી પ્રીતિ જ જીવન જીવવા જેવું રાખી રહી છે. આટલું પણ જગત નહિ રહેવા દે? મને મારા જીવનની કાળી યાદી નહિ ભૂલવા દે?'

આંસુભરી આંખે જ્યારે રાધા મંદિરનાં પગથીયાં ઉતરતી હતી ત્યારે ભોળો ભોળો શેઠ શિવાલયમાં પ્રાર્થના કરતા હતા:

'કરજો માફ હજારો પામર પાપને
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો.'

પ્રજલાલ ધ. મેઘાણી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૫

મુંબઈ: ૧ ડીસેમ્બર ૧૯૪૫ શનિવાર.

લવાજમ
રૂપિયા ૩

વજરેશ્વરી અને વીઠ્ઠલદાસ જેરાજાણી

હિંદુસ્થાનમાં અનેક મોટાં શહેરો છે અને વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ કલકત્તા મુંબઈ કરતાં પણ વધારે વિશાળ છે, પણ મુંબઇ શહેરની આસપાસ જે અપૂર્વ સૃષ્ટિ સૌન્દર્ય નિર્માણ થયું છે તેવું સૃષ્ટિ સૌન્દર્ય હિંદુસ્થાનના અન્ય કોઇ એટલા મોટા શહેર આસપાસ દૃષ્ટિગોચર થતું નથી. મુંબઇને વીંટળાઇને વિશાળ અરબ્બી સમુદ્ર પથરાયલો પડયો છે. સૌભાગ્યવંતી સ્ત્રીના કપાળ ઉપરના તિલક સમાન ગણાતો હેંગીંગ ગાર્ડન મુંબઇની એક કોરને અત્યન્ત રમણીય બનાવી રહ્યો છે. બહુજ નજીકમાં આવેલ એલીફન્ટાની ગુફાઓ અને કેનેરીની ગુફાઓ અને આસપાસનો પ્રદેશ અનુપમ સૃષ્ટિસૌન્દર્યના તેમજ પ્રાચીન હિંદના શિલ્પનૈપુણ્યના અદ્‌ભુત નમુનાઓ રજુ કરે છે. વિહાર અને પવઇ જેવાં વિશાળ સરોવર અને ગોડબંદર રોડ આજે મુંબઇની જનતાનાં સહેલગાહનાં સ્થળો થઈ પડયાં છે. વિપુલ જળવિસ્તાર ધરાવતાં તાનસા અને તુલસી પણ મુંબઇથી બહુ દૂર ન ગણાય. મુંબઈ પશ્ચિમઘાટની તળેટીમાં વસેલું હોઇને આસપાસની અનેક શિખરમાળાઓ મુંબઇથી બહાર જતાં કે અંદર આવતાં કોઇનું પણ ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી. બહુ દૂર નહિ એવું માથેરાન એક નાની સરખી સ્વર્ગભૂમિ જ છે. માથેરાનથી પાંચ પચીસ ડગલાં આગળ ચાલીએ અને ભવ્ય સભામંડપ ધરાવતી કાર્લાની ગુફાઓ આવે છે એ પણ એક અદ્‌ભુત સ્થળ છે. આવી જ રીતે મુંબઈથી પચાસેક માઇલ દૂર આવેલ વજરેશ્વરીનું અત્યન્ત રમણીય સ્થળ પણ અનેક વિશેષતાઓ ધરાવે છે જેનો પરિચય કરાવવો અને સાથે સાથે ત્યાં એક, ગ્રામોદ્યોગકેન્દ્રનું નિર્માણ કરીને કેટલાક સમયથી વસી રહેલા શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી સાથેના એક અઠવાડીઆના સહવાસનાં થોડાં સ્મરણો આલેખવા એ આ લેખનો ઉદ્દેશ છે.

કેટલાંક વર્ષ પહેલાં કેટલાક મિત્રો સાથે વજરેશ્વરી જવાનું બનેલું, પણ તે તો કેવળ ઉડતું પરિભ્રમણ હતું. સવારના દશ અગિયાર વાગ્યા લગભગ અમે ત્યાં પહોંચેલા અને સૂર્યાસ્ત પહેલાં તો ત્યાંથી મુંબઇના માર્ગે મોટારમાં વિદાય થયેલા. આ જાતનું પરિભ્રમણ 'એ સ્થળ પણ અમે જોયું છે' એવું અભિમાન ચિન્તવવા પુરતું ઠીક છે, પણ એથી વિશેષ તેનો કોઇ અર્થ નહોતો. ઉપર જણાવેલ પ્રસંગે વજરેશ્વરીનું ઝાંખું દર્શન થયેલું અને જ્યારે પણ આગળ ઉપર તક મળે ત્યારે આ સ્થળનો વિશેષ પરિચય સાધવો અને ત્યાંની રમણીયતાનો વધારે નિકટ અનુભવ કરવો એવી કામના મનમાં ઉદ્‌ભવેલી.

આ તક થોડા દિવસ પહેલાં મને સાંપડી. કાંઇક અઠવાડીયું બહાર જઇએ એવા વિચારમાંથી વજરેશ્વરી તરફ ધ્યાન ખેંચાયું અને એ સ્થળ મને અપરિચિત હોઇને મેં શ્રી વીઠ્ઠલદાસભાઇને અમારી સગવડ કરવા લખ્યું. તેમણે અન્યત્ર સગવડ કરવાને બદલે પોતાના ગ્રામોદ્યોગ કેન્દ્રમાંજ તેમની સાથે રહેવા માટે આગ્રહ કર્યો અને અમે વજરેશ્વરી જવા ઉપડયાં.

વજરેશ્વરી કલ્યાણ સ્ટેશનથી જવાય છે તેમજ વસઇરોડથી પણ જવાય છે, પણ ત્યાં જવા માટે વસઇરોડ વધારે અનુકુળ પડે છે. વસઇરોડ અને વજરેશ્વરી વચ્ચે ૧૮ માઇલનું અન્તર છે અને દિવસના ભાગમાં જુદે જુદે સમયે ત્યાં જવા માટે બસ ઉપડે છે અને કલાક સવા કલાકમાં પહોંચાડે છે. વજરેશ્વરીનું મંદિર એક ટેકરીના મધ્ય ભાગમાં આવેલું છે. આ મંદિરની આસપાસ કીલ્લો છે અને પેશ્વાના વખતમાં એ મંદિર બંધાયલું છે. ફરતો લશ્કરી કીલ્લો અને વચ્ચે વજરેશ્વરી માતાનું મંદિર—આને લીધે મંદિરનું દૃશ્ય અન્ય મંદિરો કરતાં ભારે વિલક્ષણ લાગે છે. આ મંદિરથી લગભગ એક માઇલ દૂર અકલોલી નામના ગામડાની નજીકમાં સુવિખ્યાત ગરમ પાણીનાં કુંડો છે. એક નાજુક ઘાટના શિવાલયની સમીપ નાનાં નાનાં ત્રણ કુંડો બાંધવામાં આવ્યાં છે. એક કુંડ કરતાં અન્ય કુંડમાં વધારે ગરમ પાણી હોય એવી રચના કરવામાં આવી છે. આ કુંડો માત્ર હિંદુઓને નહાવા માટે છે. બાજુએ નજીકમાં બીજાં ત્રણ કુંડો છે તે સાર્વજનિક છે. આ કુંડમાં નીચેથી ગરમ પાણી કુદરતી રીતે ઉપર વહી આવે છે અને એ રીતે છલકાયા કરતું પાણી ઉપરની નીકમાંથી બહાર વહ્યા કરે છે. પાણી ગરમ અને સતત વહેતું હોવાના કારણે આ કુંડોમાં ગમે તેવા ચામડીનાં દર્દોવાળા તેમ જ બીજા દર્દોવાળા માણસો નહાતા હોવા છતાં આ પાણીમાં કોઇને ચેપ લાગવાની ધાસ્તી રાખવાનું કારણ નથી એવી માન્યતા ધરાવવામાં આવે છે. આ પાણી માત્ર ગરમ હોય એટલું જ નથી પણ તેમાં ગંધક તેમજ બીજાં અનેક રસાયણિક દ્રવ્યો હોય છે, તેમજ આ પાણીમાં રેડીયમનું તત્ત્વ પણ મિશ્રિત છે એમ માનવામાં આવે છે. આ કારણે ચામડીનાં અનેક દર્દો તેમજ સાંધાના દુખાવાને લગતા વ્યાધિઓ દૂર કરવામાં આ પાણીનો ખુબ ઉપયોગ રહેલો છે. સ્ટ્રેચર ઉપર લાવવામાં આવેલા અનેક દર્દીઓ આ જળસ્નાનથી સારા થઇને ગયા છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ આ જળસ્નાન ખુબ લાભકર્તા છે આસપાસના બે પાંચ માઇલના પ્રદેશમાં આવા ગરમ પાણીના કેટલાંએ ઝરણાંઓ જોવામાં આવે છે. અકલોલીથી ત્રણ માઇલ દૂર અને વજરેશ્વરીથી બે માઇલ દૂર ગણેશપુરી નામની એક જગ્યા છે. ત્યાં પણ આવાજ ત્રણ કુંડો છે, જેની એક બાજુએ ધર્મશાળા છે. આ કુંડનો વપરાશ ઓછો હોવાથી આનું પાણી વધારે નિર્મળ લાગે છે. તેની જ બાજુએ ડો. કોઠાવાળાએ આ પ્રકારના ગરમ પાણીનો વૈજ્ઞાનિક પદ્ધતિએ ઉપચાર આપવાના હેતુથી એક નર્સીંગ હોમ બાંધ્યું છે અને તેમની હકુમત નીચેના કુંડમાં તો અત્યન્ત નિર્મળ ગરમ પાણી જોવા મળે છે. અહિં પણ ઓછા વધતા ગરમ પાણી ધરાવતા ત્રણ કુંડો બાંધવામાં આવ્યા છે અને તે પાણીને નળવાટે બાજુએ બાંધેલી નહાવાની ઓરડીઓમાં મૂકેલા મોટા બાથ ટબમાં લાવવાની ગોઠવણ કરવામાં આવી છે. અહિં આ પાણી ઇચ્છા મુજબનું ગરમ ભરીને નાહી શકાય છે. ડો. કોઠાવાળાના કહેવા મુજબ બીજા અનેક દર્દો ઉપરાંત બ્લડપ્રેસર—લોહીના દબાણ—ના વ્યાધિનું પણ આ ગરમ પાણીના વૈજ્ઞાનિક ધોરણસરના ઉપચારથી નિવારણ થઇ શકે છે. આ નર્સીંગ હોમમાં રહેવા આવનારને ખાવાપીવા તેમ જ રહેવાના દૈનિક આઠ રૂપીઆ આપવા પડે છે અને તે ઉપરાંત દવાદારૂ તથા ઉપચારનો ખર્ચ આવે તે જુદું. ડો. કોઠાવાળાને

આ વખતે મેં પહેલી જ વાર જોયા અને જાણ્યા. તે ઉમ્મરે વૃદ્ધ, છતાં શરીરે ખડતલ અને તેજસ્વી આકૃતિવાળા એક પારસી ગૃહસ્થ છે. પહેલાં તો તેઓ મુંબઇમાં ડાકટરી કરતા હતા અને ખુબ કમાતા હતા. તેમાંથી તેમને ગરમ પાણીના ઉપચારને જાણવા સમજવાની ક્ષત લાગી અને એ વિષયનો જર્મની આદિ દેશોમાં જઇને અભ્યાસ કર્યો. અને કેટલાંક વર્ષ પહેલાં આ એકાન્ત પહાડી મુલકમાં તેમણે પોતાનું થાણું નાંખ્યું. પોતાના કાર્યમાં તેઓ મસ્ત છે. શિકારનો તેમને શોખ છે. કોઇ પણ ઠેકાણેથી કોઇ વાઘ, વરૂ કે દીપડાએ કોઇ ગાય ભેંસ માર્યાના ખબર સાંભળે છે તો પોતાની બંદુક લઇને તેઓ દોડી જાય છે. શહેર છોડીને તેઓ જંગલના વાસી બન્યા છે. માનવ-કુળમાં તેઓ એક વનરાજ જેવા લાગે છે. તેમને જોવા જાણવા એ જીવનનો એક લહાવો છે.

ઉપર જણાવેલ ગણેશપુરીમાં એક સન્ત પુરૂષ રહે છે. તેમનું નામ નિત્યાનંદસ્વામી. તેઓ મદ્રાસ ધલાકાની બાજુના છે. ગણેશપુરીના મંદિર, ધર્મશાળા વગેરેની રચના તેમને આભારી છે. વજરેશ્વરીના મંદિરની બાજુએ તેમણે હમણાં જ એક ધર્મશાળા બંધાવી છે. અકલોલીના કુંડા પાસે મીઠા પાણીનો એક મોટો કુવો પણ તેમણે બંધાવી આપેલ છે. તેઓ બહુ ઓછું બોલે છે. એક અભ્યુત યોગીની માફક તે ત્યાં પડયા રહે છે. અનેક લોકો તેમનાં દર્શને આવે છે અને પુષ્કળ નાણું તેમને ભેટ ધરે છે, જેનો ઉપર જણાવ્યા તેવા સાર્વજનિક કામોમાં ઉપયોગ કરવામાં આવે છે. તેમના મેં પણ દર્શન કર્યાં. તેઓ એક વિલક્ષણ વ્યક્તિ લાગ્યા. આથી વિશેષ તેમના વિષે કાંઇ પણ જણાવવા કે અભિપ્રાય વ્યકત કરવા જેવો કોઇ પરિચય કે અનુભવ મને થયો નહિ. આ સ્થળમાં આવી એક નિસ્પૃહી વ્યક્તિ વસે છે એ ઘટના ગણેશપુરી અને વજરેશ્વરીનાં ગૌરવમાં વધારો કરે છે.

વજરેશ્વરીની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી જાય છે તેમ માણસોનો અવરજવર પણ વધતો જાય છે. કેટલાય માણસો ત્યાં હવા ફેરે આવે છે. મુંબઇની જનતા માટે રવિવાર કે રજાના દિવસોમાં સહેલગાહ કરવાનું આ એક મોટું મથક થઇ પડયું છે. આને લીધે આ સ્થળ આસપાસ બે ત્રણ આરોગ્ય ભુવનો ઉભાં થયાં છે. ભાડાનાં મકાનો પણ મળી શકે છે. હોટેલો અને લોજો પણ ગોઠવાયાં છે. ચાલુ જીવનની જરૂરિયાતની ઘણી ખરી ચીજો મળી શકે એવી કેટલી દુકાનો તેમ જ ઉપાહારગૃહો પણ નિર્માણ થયાં છે.

વજરેશ્વરીની આસપાસનો પ્રદેશ પહાડી છે; ઝાડપાનથી ભરેલો છે. મંદિર ઉપરથી દેખાતું ચોતરફનું દૃષ્ય અત્યન્ત મનોહર છે. દૂરના ભાગમાં આવેલ તાનસા સરોવરમાંથી વહેતો પ્રવાહ અકલોલી અને વજરેશ્વરીને સ્પર્શીને ચાલ્યો જાય છે. આ પ્રવાહ તાનસા નદીના નામે જ ઓળખાય છે. એક તો પહાડી પ્રદેશ; બીજું આસપાસ અનેક વનરાજીઓ અને ઝાડપાનથી ભરેલુ પૃથ્વીતળ અને ત્રીજું મધ્ય ભાગમાં આમ તેમ સર્પાકારે વહેતી સમુદ્રોન્મુખી તાનસા નદી—આને લીધે આખો પ્રદેશ અપૂર્વ રમણીયતાનો અનુભવ કરાવે છે. મુંબઇના ધીચ, અને અત્યન્ત અશાન્ત જીવનમાંથી અહીંના ગ્રામીણ, શાન્ત, અને રમ્ય વાતાવરણમાં પ્રવેશ કરવો એ એક દુનિયામાંથી કોઇ બીજી જ દુનિયામાં દાખલ થવા જેવું લાગે છે. શિયાળો હોઇને રૂતુ તો આલ્હાદક અને પ્રોત્સાહક હતી જ. તેમાં વળી શુકલ પક્ષની રાત્રીઓ ચાલતી હતી, અને ચંદ્રબિંબ ઉત્તરોત્તર મોટું બનતું જતું હતું અને વિશેષ અને વિશેષ રોશનીથી રાત્રીના પ્રસુપ્ત જગતને અજવાળતું હતું. એટલે સ્થળ અને સમયની દૃષ્ટિએ ત્યાંનો સપ્તાહનિવાસ અત્યન્ત આનંદજનક અને રોમાંચક બન્યો હતો.

પણ આટલામાંજ આ ટૂંકા પરિભ્રમણની વિશેષતા પર્યાપ્ત થતી નથી. વજરેશ્વરી અને સાન્નિધ્યમાં આવેલ ગણેશપુરી માથેરાન કે મહાબળેશ્વર જેવાં કેવળ હવાફેરનાં સ્થળો નથી. પણ આસપાસ વસતી જનતાનું તો આ એક યાત્રાસ્થળ છે અને તેથી આ પ્રદેશમાં વિચરતાં આપણને એક પ્રકારનું તીર્થનું વાતાવરણ અનુભવવા મળે છે. અને એને લીધે આ સ્થળ અને પ્રદેશ આપણને વિશિષ્ટ રીતે અલૌકિક લાગે છે. આ ઉપરાન્ત ગણેશપુરીમાં વસતા નિત્યાનંદ સ્વામી જેમને તેમનામાં શ્રદ્ધા છે તેમના માટે એક જંગમ તીર્થ સમાન છે. મારે માટે અકલોલીની બાજુમાં આવી વસેલા અને ગ્રામોદ્યોગ કેન્દ્રના અધિષ્ટાતા અને આટલી વૃદ્ધ ઉમ્મરે પણ જેમનો કર્મયોગ જીવતો અને જાગતો છે એવા શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણી એક જંગમ તીર્થ સમા હતા. તેમનો સાત દિવસનો સહવાસ મારા માટે એક તીર્થના વાતાવરણમાં વસવા બરોબર બન્યો હતો. આમ જ્યાં સ્થાવર અને જંગમ તીર્થનો એક સાથે સમાગમ થયો હતો એવા આ સ્થળની મહત્તા—વિશિષ્ટતા—માત્ર શબ્દોમાં શી રીતે રજુ કરી શકાય ?

અપૂર્ણ

પરમાનંદ

કેટલાક સમાચાર અને નોંધ

આ લક્ષ્મી તે કોણ છે ?

બર્માની આઝાદ હિંદ ફોજ ઉપર આજે સમગ્ર હિંદવાસીઓનું ચિત્ત એકાગ્ર થયું છે. તે ફોજની એક અગ્રણી સેનાની, 'ઝાંસીની રાણી'ની ટુકડીની સરદાર લક્ષ્મી આજે સૌ કોઇનું ખુબ ધ્યાન ખેંચી રહેલ છે. અને તેના આજ સુધીના જીવનની વિગતો જાણવા સૌ કોઇના દિલમાં તીવ્ર આતુરતા પ્રગટી છે.

એ વીરાંગના લક્ષ્મી મૂળ મદ્રાસ ધલાકાની વતની છે અને આજે તેની ઉમ્મર વર્ષ ૩૨ ની છે. એક ધનાઢય કુટુંબનું તે એક સન્તાન છે. તેના પિતાનું નામ સ્વામિનાથમ્. તેઓ મદ્રાસના એક જાણીતા બેરીસ્ટર હતા. પોતાની બાળવયમાં જ તેના પિતા સ્વર્ગવાસી થયેલા. તેની માતા પણ મલયાલી સંસ્કૃતિને મૂર્તિમન્ત કરતાં એક સન્નારી છે. લક્ષ્મીને નાનપણથી જ રમતગમતનો બહુ જ શોખ હતો. તેની વિદ્યાભ્યાસની કારકીર્દી પણ અત્યન્ત ઉજ્જવળ હતી. ટેનીસ રમવામાં તે બહુ જ હુશિયાર લેખાતી. પ્રવાસનો તેને અત્યન્ત શોખ હતો. મોટર ચલાવવામાં તે અત્યન્ત કુશળ હતી. ઇન્ટર મીડીયેટની પરીક્ષા પસાર કર્યા બાદ તે મદ્રાસની મેડીકલ કોલેજમાં દાખલ થઈ. મેડીકલ કોલેજમાં તે અભ્યાસ કરતી હતી તે દરમિયાન એક ક્ષત્રાણુ યુવાન સાથે પરણી. એ યુવાન વિમાની હતો અને તેથી લક્ષ્મીને વિમાનની અનેક સફરો કરવાનો યૌવનના પ્રારંભથી જ સુયોગ પ્રાપ્ત થયો હતો. આ લગ્ન સંબંધ કમનસીબે અલ્પાયુષી નીવડયો. તેનો મેડીકલ કોર્સ જનો અભ્યાસ તો ચાલુ જ રહ્યો હતો. આ દરમિયાન તે ઇંગ્લાંડના પ્રવાસે ગયેલી. અહિં તેમ જ ત્યાં તેને અનેક નામી મિત્રો પ્રાપ્ત થયા હતા. તેણે ડાકટરી અભ્યાસ પુરો કર્યો અને ડીગ્રી મેળવીને સીંગાપુરમાં ગઈ અને ત્યાં તેણે પ્રેકટીસ શરૂ કરી. તેની આજસુધીની જીવન કારકીર્દીની હજુ આટલી ટુંકી માહીતી મળી શકી છે.

લક્ષ્મી બાળપણથી જ કોંગ્રેસ પ્રત્યે આકર્ષાયલી હતી. પંડિત જવાહરલાલને પણ કેટલાક સમયથી સુપરિચિત હતી. જાપાનીઝ લોકોએ જ્યારે મલાયામાં એક કામચલાઉ સરકાર નીમી હતી ત્યારે લક્ષ્મીને અમુક રાજ્યાધિકાર ઉપર નિયુકત કરવામાં આવી હતી. સુભાષબાબુની સેનામાં ઝાંસીની રાણીની ટુકડીના તેને સરદારી આપવામાં આવી હતી. આ સરદારી તેણે કેવી બહાદુરીથી બજાવી એની કેટલીક વિગતો અનેક સામાયિકોમાં પ્રગટ થઇ ચુકી છે. આ વીરાંગનાની વિશેષ ઓળખાણ એ આપી શકાય કે તેની નાની બહેન મૃણાલ શ્રીમાન અંબાલાલ સારાભાઇની પુત્રવધૂ છે. ૩૨ વર્ષની આ વીરાંગનાએ ભારતવર્ષના નારીકુળને સવિશેષ ઉજ્જવળ બનાવ્યું છે અને દુનિયા ભરમાં હિંદની પ્રતિષ્ઠા વધારી છે. આખા દેશને મુકમ્મીલ આઝાદી અપાવનારો જંગ બહુ જલ્દિથી સમીપ આવી રહ્યો છે. એ જંગમાં લક્ષ્મીદેવી દેશના સ્ત્રી સમુદાયની એક નેત્રી બને અને અનેક પરાક્રમો વડે આઝાદીને હસ્તગત કરવામાં મોટો ફાળો આપે એમ આપણે અન્તરથી ઇચ્છીએ અને પ્રાર્થીએ !

દેવાજી મહારાજ અને પચ્ચીસ બોકડાને મંત્રપ્રદાન

સ્વર્ગસ્થ જૈનાચાર્ય યોગનિષ્ઠ શ્રી. શાન્તિવિજયજી મહારાજનું નામ નામ માત્ર જૈન સમાજમાં જ નહિ પણ વિશાળ હિંદુ સમાજમાં પણ બહુ જાણીતું હતું. તેમના વિષે અનેક લોકોને અત્યન્ત શ્રદ્ધા હતી અને તેઓ તેમને એક પૂર્ણ પુરૂષ તરીકે લેખતા હતા. તેઓ આજના અન્ય જૈન સાધુઓમાં જોવામાં આવતા શિષ્યમોહ કે પુસ્તકપરિગ્રહથી મુક્ત હતા અને જે ખટપટનું વાતાવરણ આજના ઉપાશ્રયોમાં જોવામાં આવે છે તેથી પણ તેઓ દૂર રહેતા હતા. તેમને કોઈ શિષ્ય નહોતો; કોઇ ગાદીવારસ નહોતો.

આમ હોવા છતાં તેમના અનુયાયીગણે દેવાજી નામના એક સોળસત્તર વર્ષના લગભગ નિરક્ષર છોકરાને શાન્તિવિજયજીનો ગાદીપતિ અને વારસદાર તરીકે ઉભો કર્યો છે અને તેની પ્રતિષ્ઠા વધારવાના કેટલાક પ્રયાસો ચાલી રહ્યા છે.

આ દેવાજી મહારાજ સંબંધે હજુ બહુ જ ઓછી માહીતી ઉપલબ્ધ છે. તેઓ કયાં જન્મેલા અને કોણ માબાપના સન્તાન છે એ વિષે કોઇ જાણતું નથી. તેમના વિષે એમ કહેવામાં આવે છે કે તેઓ માંડોલીના નિવાસી છે. આ માંડોલી શાન્તિવિજયજીનું પણ ઉગમસ્થાન છે અને તેમની અવસાન સમાધિ પણ ત્યાં જ કરવામાં આવી છે. આ દેવાજી મહારાજે ગયા વર્ષે માહ શુદ ૬ ના દિવસે માંડોલીની નજીકના ગામમાં પોતાનું વેવીશાળ કરેલું તે રદ કર્યું અને પોતા સાથે વિવાદિત કન્યાને ચુંદડી આપીને બહેન તરીકે સ્વીકારી હતી. દેવાજી મહારાજની આ વૈરાગ્ય વૃત્તિથી ગામના લોકો બહુ પ્રસન્ન થયા હતા અને તેની ખુશાલીમાં ગામવાળાએ પચ્ચીશ બોકડાને દેવાજી મહારાજ પાસે મંત્રાદિ શ્રવણ કરાવ્યું હતું અને અભયદાન અપાવ્યું હતું. આ દેવાજી મહારાજ હાલ બનારસ રહે છે અને શાસ્ત્રો મૂળશંકર વેદાન્તાચાર્ય નામના એક પંડિત તેમને જગદ્‌ગુરૂ બનવાની તાલીમ આપી રહ્યાં છે. તા. ૮-૨-૪૫ ના રોજ ગુરૂદેવ શાન્તિવિજયજીના સ્મરણમાં માંડોલી (મારવાડ) ખાતે ઉભું કરવામાં આવેલ ભવ્ય ગુરૂમંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવેલી, તે સમયે ગુરૂદેવના અગ્ર અનુયાયી શેઠ પુહુમલ કીસનચંદે જાહેર સભામાં જણાવ્યું હતું કે "ગુરૂદેવ ભગવન્તના ઉત્તરાધિકારી શિષ્ય તરીકે આ દેવાજી મહારાજે દીક્ષા લેવાનો નિરધાર કર્યો છે." શિષ્યના અભાવે કમનસીબે નિર્વંશ બની જવાની આફતમાંથી સ્વર્ગસ્થ શાન્તિવિજયજી મહારાજને બચાવી લેવાની અને તેમનો વંશવેલો ટકાવી રાખવાની તેમના અનુયાયી ગણની આ યોજના આજના સમયમાં જરા વિસ્મય પેદા કરે તેવી છે. બીજું આવી યોજનાથી અનુયાયીગણને ગુરૂદેવના અભાવે આશ્વાસન લેવા માટે એક કેન્દ્રીભૂત મૂર્તિ ઉભી કરી શકાશે પણ કોઇ ઘેરું સિંહની ચાદર ઓઢવા માત્રથી કોઇ હાથીનો સામનો કરવા શક્તિમાન થતું નથી—**गजस्तत्र न हन्यते**—તેમ જ શાન્તિવિજયજીની ચાદર ઓઢવાથી દેવાજી મહારાજમાં કોઇ કાળે શાન્તિવિજયજી મહારાજની પ્રતિભા ઉગવાની નથી આટલું તેમના અનુયાયીઓ સમજી લે અને આવા બનાવટી જગદ્‌ગુરૂઓ ઉભા કરવાની ઉપાધિથી દૂર રહે એવી તેમને નમ્ર વિનંતિ છે.

તિથિચર્ચામાંથી ઉભો થઈ રહેલો એક મોટો મુકદ્દમો

એક પક્ષે શ્રી વિજયરામચંદ્રસૂરિ અને અન્ય પક્ષે શ્રી. સાગરાનંદસૂરિ—આ બે આચાર્યો અને તેમના અનુયાયીઓ વચ્ચે પરસ્પર વિખવાદ વધારનારો તિથિચર્ચાનો ઝગડો કેટલાક સમયથી ચાલે છે તેના અનુસંધાનમાં શ્રી જૈન ધર્મ પ્રભાવક સમિતિ તરફથી 'પર્વતિથિ નિર્ણય' નામનું સાગરાનંદસૂરિના પક્ષને રજુ કરતું એક પુસ્તક બહાર પડયું છે. આ પુસ્તકમાં પ્રગટ થયેલા અમુક પત્રો બનાવટી છે અને એ રીતે વાદીની બદનક્ષી કરનારા છે એ મુદ્દા ઉપર મુંબઇની હાઇકોર્ટમાં એક કેસ દાખલ કરવામાં આવ્યો છે જેને લગતી વિગત તા. ૧૨-૧૦-૪૫ ના નૂતન ગુજરાતમાં નીચે મુજબ પ્રગટ કરવામાં આવી છે:—

"મુંબઇની હાઇકોર્ટમાં મી. જસ્ટીસ બ્લેગડન આગળ લખમીચંદ હીરજીએ ચીમનલાલ મંગળદાસ, કાંતીલાલ લખુભાઇ પરીખ અને પંડીત મફતલાલ જવેરચંદ ગાંધી સામે માંડેલા દાવામાં વાદીએ કઢાવેલી નોટીસ ઓફ મોશનની સુનાવણી નીકળી હતી. વાદીએ પોતાની બદનક્ષી માટે રૂા. ૨૫,૦૦૦ ની નુકસાની મેળવવા આ દાવો માંડયો હતો. તેમાં વધુમાં એવી માંગણી કરી હતી કે, તેણે લખેલા કહેવાતા બે પત્રો 'પર્વતિથિ નિર્ણય' નામના પુસ્તકમાં અથવા એવીજ જાતના બીજા કોઇ લખાણમાં પ્રગટ કરતાં અટકાવવાનું ઇન્જંકશન પ્રતિવાદીઓ સામે આપવું. વાદીએ જણાવ્યું હતું કે સંવત ૧૯૯૨ થી શ્રી વિજયરામચંદ્ર સુરીશ્વરજી અને શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી—એ બે જાણીતા જૈન આચાર્યો વચ્ચે જૈનો પવિત્ર માને છે એવી ક્ષીણ તિથિઓ અને વૃદ્ધ તિથિઓ સંબંધી ઝઘડો ચાલતો હતો. છેવટે અમદાવાદના મીલમાલીક શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ વચ્ચે પડી એવો તોડ કાઢયો કે આ ઝઘડો પુનાના મહાન વિદ્વાન ડો૦ પી. એલ. વૈદ્યની લવાદી ઉપર લઇ જવો. ડો૦ વૈદ્યે તપાસ ચલાવી શ્રી. વિજયરામચંદ્ર સૂરીશ્વરજીના મતની તરફેણમાં ચુકાદો આપ્યો. આથી શ્રી. સાગરાનંદના અનુયાયીઓએ એવી દલીલ કરી કે આચાર્ય વિજયરામચંદ્રે અયોગ્ય રીતે ચલાવેલી તરકટી રીતને પરિણામે લવાદે પક્ષપાતી ચુકાદો આપ્યો હતો.

વાદીએ વધુમાં જણાવ્યું હતું કે એપ્રીલ ૧૯૪૫ માં પ્રતિવાદીઓએ શ્રી. જૈન ધર્મપ્રભાવક સમીતિ તરફથી "પર્વતિથિ નિર્ણય" નામનું પુસ્તક પ્રગટ કર્યું, જેનો હેતુ લવાદનો ચુકાદો નિષ્પક્ષપાત અને ખરો નહોતો એમ સાબીત કરવાનો હતો. આ પુસ્તકના છઠ્ઠા એપેન્ડીક્ષમાં વાદીએ તા. ૫-૪-૪૩ અને તા. ૯-૪-૪૩ ને રોજ લખેલા કહેવાતા બે પત્રો પણ છાપવામાં આવ્યા હતા, અને તે સાથે તેના પર ટીકા પણ કરવામાં આવી હતી, વાદીએ આ પત્રો લખ્યા જ નહોતા અને એ પત્રમાં જણાવેલી બીના વાદીની બદનક્ષી કરનારી હતી.

આ સંજોગો હેઠળ વાદીએ રૂ. ૨૫,૦૦૦ ની નુકસાની મેળવવા તથા તે પત્રો અને તેના ઉપરની ટીકા પ્રગટ કરતાં કે ડીસ્ટ્રીબ્યુટ કરતાં અટકાવવાનું ઇન્જંકશન મેળવવા આ દાવો માંડયો હતો અને દાવાનો નિકાલ થતાં સુધી વચગાળાનું ઇન્જંકશન મેળવવા વાદીએ આ નોટીસ ઓફ મોશન કઢાવ્યું હતું.

મોશનની સુનાવણી વખતે બન્ને પક્ષોની સંમતિથી ના. જજે એવો હુકમ કર્યો હતો કે દાવાનો નિકાલ થતાં સુધી પ્રતિવાદીએ મજકુર પત્રો પ્રગટ કે ડીસ્ટ્રીબ્યુટ કરવા નહિ.

વાદી તરફથી મેસર્સ મીનોચેહર મંચેરશાહ હીરાલાલની કંપનીની ફરમાશથી શ્રી. કરાણી, પહેલા પ્રતીવાદી તરફથી શ્રી. પી. એસ. બદામી, બીજા તરફથી શ્રી. જે. સી. ભટ્ટ અને ત્રીજા તરફથી શ્રી. એમ. એસ. માણેકશાહ હાજર થયા હતા. બધા પ્રતિવાદીઓના વકીલ શાસ્ત્રીઓ મેસર્સ પુર્ણાનંદ એન્ડ જસુભાઇની ફરમાસથી હાજર થયા હતા."

જે ઘટના ચુકાદા માટે કોર્ટના દરવાજે રજુ કરવામાં આવી છે તેની ટીકા કરવી યોગ્ય નથી. અહિં તો એટલું જ જણાવવાનું રહે છે કે બન્ને મહાન સૂરિસમ્રાટોને પરસ્પર સાઠમારી અજમાવવાની આ મુકદ્દમા મારફતે એક નવી તક સાંપડી છે અને સોલીસીટર બેરીસ્ટરોને પણ ખીસ્સા ભરવાનો આ એક નવો અવસર પ્રાપ્ત થયો છે. જેના મૂળમાં વિષ છે તેના ફળુગાઓ પણ ધન, શકિત, શાન્તિ અને ઐકયની બરબાદી કરનારા નીવડે છે એ સનાતન અનુભવનો આ ઘટના એક વિશેષ પુરાવો છે.

શ્રી. ઉમાભાઈ ઝવેરીનું બેદજનક અવસાન

વડોદરાવાસી શેઠ ઉમાભાઇ લીલાભાઇ ઝવેરીના બેડા સમય પહેલાં નીપજેલ અકાળ અવસાનના સમાચાર પ્રગટ કરતાં અત્યન્ત દિલગીરી થાય છે. તેઓ વડોદરાના જૈન સમાજના જાણીતા આગેવાન હતા અને ત્યાંના જૈન યુવક સંઘના તેમજ જૈન વિદ્યાર્થી આશ્રમના પ્રમુખ હતા.

ભાવ, કાવ્યતત્ત્વ અને સંગીતની દૃષ્ટિએ નકલખોર આજનાં

રચાતાં સ્તવનો

ભર્તૃહરિએ પેલા શ્લોકમાં કહ્યું છે કે જે એક વાર વિવેકથી ભ્રષ્ટ થયો એનું પતન, એનો વિનિપાત ક્ષણે ક્ષણે વૃદ્ધિ જ પામે આ વાત જેટલી વ્યક્તિ માટે એટલી જ સમષ્ટિ માટે–સમાજ માટે પણ સાચી છે. જૈન સમાજની વિવેકહીન દશાથી એનો વિનિપાત પણ આજે આવી જ ત્વરિત ગતિએ થઈ રહ્યો છે. આ લેખમાં તો એ સમાજને ઘડનાર આપણા જૈન સાહિત્યની થઈ રહેલી અધોગતિનો જ ઉલ્લેખ કરું.

જૈન સાહિત્ય ગૂજરાતી સાહિત્યમાં ઘણું અગત્યનું અને ઉત્કૃષ્ટ સ્થાન ધરાવે છે અને જૂની ગૂજરાતી ભાષાનો તથા અપભ્રંશ સાહિત્યનો ઘણો મોટો ભાગ તો જૈન સાહિત્યથી જ ભરપૂર છે એ હકીકત સાથે આજના રચાતા જૈન સાહિત્યની તુલના કરીએ તો સમાજ અને સાહિત્યનો તથા એ રીતે આખી પ્રજાનો વિનિપાત કેમ થાય છે તે સ્પષ્ટ દેખાઈ આવશે.

ભૂતકાળ ગમે એટલો ભવ્ય હોય, પણ વર્તમાન એની સાથે જરા સરખો પણ સુમેળ ન રાખી શકે, ભૂતકાળની ભવ્યતાને સાચવવાની શક્તિ પણ ન ધરાવી શકે તે ધર્મ, તે સમાજ કે તે પ્રજાનું અનિવાર્ય પરિણામ પતન સિવાય બીજું કશું જ ન હોઈ શકે.

જૈનોના સર્જનાત્મક સાહિત્યમાં સ્તવનો, સજ્ઝાયો ઇત્યાદિએ ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અને આજના રચાતા સાહિત્યમાં તો સ્તવનો જ બહોળા પ્રમાણમાં છે. સાહિત્યનું આ અંગ ઘણું લોકપ્રિય અને પ્રચાર પામેલું પણ છે. એટલે એનો વિસ્તારથી વિચાર કરીએ.

જૂના કાળમાં જૈન સાધુઓએ એક ક્રાન્તિકારી પગલું ભરી લોકભાષામાં જૈન સાહિત્ય રચવાની પ્રણાલિકા ચાલુ કરી. લોકોને ગળે સરળતાથી ઉતરી જાય એવી સાદી છતાં આકર્ષક નિરૂપણ શૈલિએ જૈન ધર્મનાં તત્ત્વોનો એમણે પ્રચાર કર્યો. ધર્મના પ્રચાર માટે કયા સાહિત્ય જેવો લોકપ્રિય સાહિત્યપ્રકાર ઉપયોગી થઈ પડશે એમ ધારી એનો એમણે છુટથી ઉપયોગ કર્યો. સ્તવનો, સજ્ઝાયો રાસ ઇત્યાદિ પદ્ય સાહિત્યમાં પણ પ્રચલિત લોકપ્રિય રાગો અને ઢાળોનો એમણે ઉપયોગ કર્યો. પણ લોકપ્રિયતાની પાછળની આ દોડ આટલેથી અટકી જે સાહિત્ય રચાયું તેમાં પ્રાણ તો આ કર્તાઓએ પોતે જ પોતાની રીતે બરાબર પૂર્યો. ધર્મનાં તત્ત્વો, કાવ્યશક્તિ, સંગીત–એ સૌ અંગોનો યોગ્ય સમન્વય એ કરી શકયા અને પરિણામે એમની કાવ્યકૃતિઓ સાહિત્યની ચિરંજીવ કૃતિઓ થઈ શકી. માત્ર પદ્ધતિ પૂરતો લોકપ્રિયતા ઉપર આધાર રાખી સાહિત્યના આંતરિક ગુણોને તો એમણે સ્વતંત્ર રીતે જ વિકસાવ્યા.

આ ક્રાન્તિકારી પ્રણાલિકાનું એક અત્યન્ત નિર્માલ્ય અને નિર્બળ અનુકરણ આજે થઈ રહ્યું છે. વધુ વેદનાની વાત એ છે કે એવું અનુકરણ કરનાર મોટે ભાગે જૈન મુનિરાજો છે.

આપણાં જુનાં સ્તવનોની રચનાને એના ભાવ, કાવ્યતત્ત્વ કે સંગીતની દૃષ્ટિએ પહોંચી શકે એવી રચના કરવાની શક્તિ તો મહદંશે આજકાલ જોવામાં આવતી જ નથી. આવા સમયમાં પ્રાચીન સ્તવનોને સાચવી રાખવાનું અને એનો પ્રચાર કરવાનું કાર્ય હાથ ધરવું યોગ્ય હતું. પણ એને બદલે આજના કેટલાક મુનિરાજોએ જુદો જ માર્ગ ગ્રહણ કર્યો છે.

જુનાં સ્તવનોનો પ્રચાર કરવાનું એમણે પસંદ નથી કર્યું. નવું રચવાની એમની ઇચ્છા જરૂર પ્રશસ્ય છે. પણ એમની આ રચવા પાછળ કાંઇક સારું સર્જન કરી જનતાના લાભાર્થે એનો પ્રચાર કરવાની દૃષ્ટિ છે કે કેવળ પોતાના નામથી ગમે તેવું પણ કાંઇક બહાર પાડી પોતાની નામના જ વધારવાની દૃષ્ટિ છે તે વિચારવું ઘટે છે. એ સ્તવનોનું જરા પૃથક્કરણ જ કરીએ.

એ સ્તવનોમાં ભાવ કેવા હોય છે? એ સ્તવનોમાં વળી ભાવ? એની ચર્ચા જ નકામી છે, કારણકે કોઇ ભાવોર્મિથી એ લખાતાં જ નથી. એકાદ ચાલું નાટક કે સિનેમાનું ગીત, એમાં કૃષ્ણને સ્થાને વીરપ્રભુ કે પાર્શ્વપ્રભુ, પ્રેમને સ્થાને ધર્મ કે આત્મા અને એવા જ બીજા બે ચાર ફેરફારો કર્યા કે નવું સ્તવન તૈયાર. આમાં ભાવનો તો વિચાર કરવો જ મુશ્કેલને?

અને સાચાં કાવ્યતત્ત્વોનું? મૂળે આ સિનેમા ગીતોમાંથી કોઇકમાં જ બહુ ઉચ્ચ પ્રકારનાં કાવ્યતત્વો મળે છે. તેમાં પણ તેનું આવું ક્ષુદ્ર અનુકરણ! આમાં સારાં તત્ત્વો તે કયાંથી આવે?

અને સંગીત? આજના ફિલ્મ સંગીતમાં સારું સંગીત નથી જ એમ તો હું ન કહું. પણ સફળ અનુકરણની શક્યતા તો એમાં ઘણી જ ઓછી છે. ઉપરાંત સ્તવનોમાં જે ગીતોનાં અનુકરણ થાય છે તે તો સંગીતની દૃષ્ટિએ પણ નિકૃષ્ટ કક્ષાનાં હોય એવાં ગીતોનાં. ફિલ્મમાં કોઇક જગ્યાએ ભાવને અનુકૂળ સંગીત પણ કયારેક સારી રીતે રજુ થાય છે. પણ એ જ ગીતનું સ્તવન માટે અનુકરણ કરવાથી જે રચના ઉપલબ્ધ થાય એમાં તો ભાવ અને રાગનો કેવળ ભયંકર વિસંવાદ જ થાય છે.

મૂળે અનુકરણ એટલે જ કાકા સાહેબ કાલેલકર કહે છે તેમ કલાનું મરણ. તે છતાંયે સર્વશ્રેષ્ઠ કૃતિઓનું અનુકરણ કાંઇક ઉતરતી કક્ષાની સારી કૃતિ પણ આપી શકે. પણ જે જાતે જ નિકૃષ્ટ કૃતિ છે અને ક્ષણજીવી છે, તેનું તેથીયે વધારે નિર્બળ–ભોળું–અનુકરણ અને તેય કોઇ વાર તો બેચાર શબ્દોના ફેરફાર સાથેનું શબ્દશઃ અનુકરણ કલાની કેટલી અધોગતિ કરાવે? સાહિત્યકળાનો–કાવ્યકળાનો–તો એમાં સર્વનાશ જ થાયને? આથી આગળ વધીને એવા અનુકરણનાં પણ અનુકરણ કરનારા મળી આવ્યા છે. તેમને માટે તો ભર્તૃહરિની પેઠે ते के न जानीमहे 'એમને શું કહેવું તે જ સમજાતું નથી' એટલું જ કહી શકાય.

ઉપરની વાતો કેવળ કલ્પિત નથી. આજનાં રચાતાં સ્તવનોનો મોટો ભાગ આવાં જ અનુકરણોનો છે. "તુમીને મુજકો પ્રેમ સિખાયા" એ ફિલ્મની દુનિયામાં પણ કચરા જેવા ગણાતા ગીતનું અનુકરણ કરીને લખાયેલું "તુમીને મુજકો ધર્મ દિખાયા" એ સ્તવન શો ભાવ ભાવકના હૃદયમાં પ્રેરી શકે? 'પિયા મિલનકો જાના'નું 'પ્રભુમિલનકો જાના' કે "આ તો ખાખેણી લજ્જા કહેવાય"નું "આ તો લાખેણી આંગી કહેવાય" એવું અનુકરણ કરવાથી કેવી હીન કૃતિઓ થાય છે એ ખ્યાલની એમના રચનારા સન્માન્ય મુનિરાજો કેમ ઉપેક્ષા કરે છે?

જૈન ધર્મ તો વૈરાગ્યને જ પ્રધાનપદ આપનાર ધર્મ છે. આપણે તિર્થંકરની પૂજા કરીએ છીએ એમની વીતરાગ દશા માટે, એમની વિમુકત દશા માટે; એમની સુંદર કાયા માટે નહિ, એમનાં સુંદર વસ્ત્રાભૂષણો માટે નહિ, કે નહિ એમના રાજપદ માટે કે એમની શારીરિક શકિત માટે. આની સાથે મધ્યયુગના ભક્તિમાર્ગની અસરથી આપણે પણ તિર્થંકરોનાં સ્થૂળ વર્ણનો કયાંક કરવા લાગ્યા હોઇએ એ શકય છે. પણ આવાં કેવળ સ્થૂળ વર્ણનો જ સ્તવનનો વિષય થઈ બેસે એ ઇષ્ટ નથી એ વાતમાં કોઇનો વિરોધ ન હોઇ શકે. તેમાંયે કૃષ્ણનાં શારીરિક વર્ણનોને એજ રીતે વગરફેરફારે વીર કે પાર્શ્વપ્રભુનાં વર્ણનો તરીકે ઘટાવી સ્તવનો રચી દેવાય તે તો અક્ષમ્ય ગણાવું જોઇએ. 'મસ્તકે મુગટ સોહે કાને કુંડળિયાં' જેવાં કેવળ સ્થૂળ વર્ણનો આપણાં સ્તવનોને અને આપની ભકિતને બન્નેને નીચાં પાડે છે એ રચયિતાઓએ હવે વેળાસર સમજી લેવું ઘટે.

કેટલાંક વર્ષો પહેલાં અયોગ્ય દીક્ષા અને બાળ દીક્ષા સામે જ્યારે જૈન સમાજમાં મોટી ઝુંબેશ ઉપડી હતી ત્યારે તેમણે વડોદરાના યુવકોની આગેવાની લીધી હતી અને વડોદરા રાજ્યમાં બાળ દીક્ષા પ્રતિબંધક કાયદો કરાવવામાં તેમણે અસાધારણ પરિશ્રમ ઉઠાવ્યો હતો. તેમના અકાળ અવસાનથી તેમના કુટુંબને મુખ્ય સ્થાન ધરાવતા કુટુંબી જનની અને જૈન સમાજને એક ઉદાત્ત વિચાર ધરાવતા યુવક કાર્યકર્તાની ખોટ પડી છે. પરમાત્મા તેમના આત્માને પરમ શાન્તિ અર્પો એવી આપણે સૌ પ્રાર્થના કરીએ! પરમાનંદ

આટલાં ખંડનાત્મક વિચારો પછી કાંઇક મંડનાત્મક વિચારો રજુ આવશ્યક ગણાય. આજની આ સ્થિતિમાંથી બહાર નીકળવાનો ઉપાય શો એ મહત્ત્વનો પ્રશ્ન છે. એ ઘણી લાંબી વિચારણા માગે તેવો પ્રશ્ન છે. હું તો એકાદ બે નમ્ર સૂચનો જ કરી શકું.

પ્રથમ ઉપાય છે આવી ક્ષુદ્ર કૃતિઓને બદલે ઉચ્ચ કૃતિઓનું સર્જન કરવાની શક્તિ પ્રાપ્ત કરવાનો. જુની કૃતિઓ સમી પ્રથમ કૃતિઓ આજે ન જ થઈ શકે એવું કશું નથી. માત્ર એ માટેની ઉત્કટ ઇચ્છા અને ઇચ્છાને પાર પાડવા માટે પૂરતી સાધના જોઇએ. ગૂજરાતી સાહિત્ય જ આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે. અત્યારના શ્રેષ્ઠ કવિઓ અને લેખકોની રચનાઓ ઉત્કૃષ્ટ કૃતિઓ બની શકી છે. પણ એ ઉત્કૃષ્ટ કૃતિઓ માટે જૂનાના અનુકરણને બદલે જૂનાનો વિવેકપૂર્ણ અભ્યાસ અને એ અભ્યાસને અંતે પુષ્ટ થએલી ઉન્નત કાવ્યદૃષ્ટિવાળી છતાં ગુણવત્તા દૃષ્ટિએ એટલી જ કીંમતી કૃતિની રચનાનો માર્ગ એમણે લીધો છે. એટલે નવાં સ્તવનો પણ ક્ષુદ્ર અને નકલિયા થવાને બદલે ઉચ્ચ કક્ષાનાં થાય તે માટેનો અભ્યાસ અને તે અર્થેની સાધના એ આજની આ સ્થિતિનો એક ઉપાય છે.

બીજો ઉપાય જૂનાનું પુનરુત્થાન કરવાનો છે. જે રીતે પ્રવાહ વહી રહ્યા છે તે જ રીતે વહ્યો કરશે તો મને ભય લાગે છે કે થોડા વખત પછી આપણાં જૂનાં સ્તવનો વિસ્મૃતિમાં વિલીન થઇ જશે અને એનું સ્થાન આવાં નકલી સ્તવનો લઇ બેસશે. આ સ્તવનો દીર્ઘજીવી તો થવાનાં નથી જ. એટલે પેલા સંસ્કૃત શ્લોકની પેઠે **ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ અધ્રુવં નષ્ટમેવાહિ** । તેની સ્થિર વસ્તુઓ નાશ પામે છે અને અસ્થિર વસ્તુઓ તો નાશ પામેલી છે જ.

પુનરુત્થાન કરવાનો ઉપાય એ છે કે પ્રાચીન સ્તવનો પૂરી સમજુતી સાથે, એના ગુણદોષના વિવરણ સાથે, બને તો જુના રાગોની જ સ્વરલિપિ સાથે સમૃદ્ધ પ્રકાશકો પ્રસિદ્ધ કરે તથા જૈન મુનિરાજો એનો બને એટલો પ્રચાર કરે. સર્જન શક્તિ જેમનામાં નથી એવા માણસો પોતાના નામનો ખોટો મોહ જતો કરી પ્રાચીન સમૃધ્ધિનો પ્રચાર કરવાનો પ્રયત્ન કરે. આ દિશામાં થતા પ્રયત્નો પ્રજામાં આવકારપાત્ર થશે અને વિવેચકોની સહૃદયતા પણ પ્રાપ્ત કરશે.

યશવન્તકુમાર દૈાધિક

જીવનની સાધના

(એક મિત્રના પત્રમાંથી ઉધ્ધૃત)

"જીવનની ધરમૂળથી જે ઉથલ પાથલ થયાં કરવાની હોય અથવા તો જે થયાં કરવા માટે પ્રભુ કૃપાથી જે પ્રસંગો સાંપડે તેમાં સભાન અવસ્થાવાળા આપણે જો ન રહી શકીએ તો આપણને કશો લાભ મળી શકતો નથી.

.....આપણે જો જીવનની સાધનાને પંથે જવું હોય તો આ આપણા પ્રત્યેક વર્તન ને કર્તવ્યથી આપણે કેટલા ઉંચા થઇશું કે જઇશું તે સાથે સાથે આપણા વર્તન કે કર્તવ્યથી બીજાના જીવન પર શી અસર થશે તે પણ સાધકના ખ્યાલમાં જ્ઞાનપૂર્વક ઉદ્ભવવું ઘટે. જીવનની સાધના એ કંઈ આંધળી ન'પી. એ તો સહસ્રરશ્મિ સૂર્યનારાયણની પેઠે પૂણે પૂણે પ્રકાશને પ્રગટાવનારી છે. એ ખ્યાલને પણ અથવા એ ભાવનાને પણ સાધકે જીવનમાં મહત્વ આપ્યાં કરવાનું છે.....

આપણને હજી માનવ જીવનની મહત્તા અને તેની ગંભીરતા દિલમાં ઠસી ગઇ નથી. જીવનની પ્રત્યેક ઘરેડમાંથી સમજણ નીકળ્યા વિના કે નીકળવાનું બળ કર્યા વિના આપણે જીવનને સાચી રીતે સમજી શકવાની-કલામાં પણ આવી શકવાના નથી તે જાણશો. ભગવાનની કૃપાથી જે પરિસ્થિતિ કે વાતાવરણમાં આપણે હોઇએ તે સારાય વાતાવરણને પ્રભુકૃપાથી જ્યાં સુધી બની શકે ત્યાં લગી આપણા જીવનકર્તવ્યધર્મથી સહજ મેળે જરાકપણ ઉંચું લાવવાનું બની શકે તો તે પ્રભુનું જ કર્તવ્ય થવાનું છે એમ જાણશો. જીવનની સાધના જીવનના કોક એક ક્ષેત્રમાં સમાઇ શકતી હોતી નથી. જીવનના પ્રત્યેક પાસામાં સાધનાનો ભાવ જે અસર ન કરી શકે તો તે સાધના પણ સંકુચિત છે, વિસ્તૃત નથી. એમ હું તો માનું છું. ભલે આવી સાધના સાધકને બહુ મુશ્કેલ લાગે, પણ કૃતનિશ્ચયી દૃઢાત્મભાવવાળા સાધકને જીવનમાં કશું મુશ્કેલ નથી. એ પણ હકીકતની વાત છે. આપણને મુશ્કેલી લાગે છે એનું કારણ આપણે જાગૃતિ, કાળજીવાળા ને સભાનદશાના પ્રત્યેક સ્થિતિમાં રહી શકતા નથી. અથવા તે તે કાળે એવો પ્રયત્ન કરી કરીને જેની હુંફ, કૃપા, મદદ આર્તભાવે પોકાર પાડીને માંગવી જોઇએ તેવું પ્રત્યક્ષ તે ક્ષણે આપણને ઉદ્ભવતું હોતું નથી. એટલે બીજું કોઇપણ શું કરી શકે ?...

પ્રશ્નઃ–"સંસારમાં રહીને ઇશ્વરની સાધના કરવી એ અતિ કઠીન લાગે છે. તેમજ એકાંત અલગતા પણ જરૂરાશે કેવી રીતે તે પણ રામ જ જાણે. જીવનની સરળતામાં–સલુકાઇમાં શું પુરૂષાર્થ હશે ? હોઇ શકે તે પણ પ્રશ્ન છે. આમ બન્ને બાજુથી નિરાશા મને સાંપડે છે."

ઉત્તરઃ–"સંસારમાં રહીને સાધના કરવી એ કઠીન તમને ભલે લાગે. પરંતુ મને પોતાને તો તે જ સાચો માર્ગ સમજાય છે. સાધનાની જે રીત સમાજના સર્વ માણુસોને લાગુ પડી શકે, સમાજની ભિન્નતા જોથી કરી દેખીતી રીતે ન થઇ શકે એ રીતે સાધના કરવા જતાં જ આપણામાં ધીરજ, ખંત, જાગૃતિ, કાળજી, સહાનુભૂતિ, હિંમત, સાહસ, શક્તિ, વિ. કેળવાતાં જવાનાં છે. સંસાર એતો સાધનાની experimental practical ground છે.

અજ્ઞાની માણસ કે સંત પુરૂષ સમાજની સાથે યોગ્ય ધર્મ રીતે વર્તનો હોતો નથી. સાધકજ એવી વ્યકિત હશે કે જે સમાજના સર્વ અંગો સાથે પોતાની જીવન સાધનાની દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પ્રમાણે ધર્મ ગણીને વર્તશે, સાધકનું એવું વર્તન સમાજને માટે પણ કલ્યાણકારીજ છે. અજ્ઞાની માનવી પોતાનો ધર્મ યોગ્ય રીતે સમજી શકતો હોતો નથી, અને સંત લોકોને સંસ્કારી રીતે ધર્મ પ્રમાણે વર્તવાની આકાંક્ષા હોતી નથી. એ લોકો તો કોઇ અનેરી રીતે વર્તે છે. એટલે સામાજના કલ્યાણ અર્થે પણ સાધકનું જીવન એજ એક ઉત્તમ પ્રકારનું છે એમ મને પોતાને તો લાગ્યું છે.

કોઇપણ વસ્તુને કઠણ કઠણ માન્યાં કરવાથી કે ધારવાથી તે વધારે કઠણ બને છે. પરંતુ તે કઠણ હોય કે ગમે તેવી હોય પરંતુ તે પ્રત્યે કમર કસીને ડગલાં ભરવાનું જો આપણે રાખીએ તો કઠણની કઠણાઇ તો ઉડી ગયા વિના રહેતી નથી. "પત્થરના ભાર તળે ચીમળાઇને દબાઇ કે મરી જતા છોડવાઓનું શું ?" એમ જે ઉપમા આપી છે તે દેખીતી રીતે વાસ્તવિક છે. પરંતુ જે ભગવાનને રસ્તે જાય છે કે જવાનો પ્રયત્ન કરે છે તેમને સંસાર રૂપી પત્થરનો ભાર ચીમળાવી શકતો નથી કે દબાવી શકતો હોતો નથી. જાણ્યે અજાણ્યે પણ જેણે મન કર્યું તે આજ નહિ તો કાલ ભગવાનમાં ખેંચાવાનો જ છે એની મને તો દૃઢ પ્રતીતિ છે. વળી સંસારમાં રહેવાથી કરીને આપણે કેટકેટલે ઠેકાણે કેટકેટલાનું ઠીક કરાવવા મદદ રૂપ થઇ પડતા હોઇએ છીએ એનું આપણને ભાન પણ હોતું નથી. અને એક રીતે જોઇએ તો આપણે સંસારથી અલગ જ છીએ ને ? અને ખરી રીતે વિચારીએ તો સંસારનો સંબંધ મન સાથે વધારે છે. એટલે એ મન જ્યાં જઇશું કે હોઇશું ત્યાં કંઈ બીજું થઇ જવાતું નથી. એટલે આપણે જ્યાં હોઇએ ત્યાં મનને જાગૃત કરીને કેળવ્યાં કરવાનું રાખીશું તો જ જે તે કંઇ થઇ શકવાનું છે.

* * *

જીવનમાં જે જે ભાવનાથી સહુ કોઇ ભેળાં હોય તે તે ભાવનાના ધર્મ પ્રમાણે સૌ કોઇ વાસ્તવિક અને યોગ્ય રીતે સંકળાયેલ રહે અને તેવી તેવી પરિસ્થિતિમાં સૌ કોઇ પોતપોતાનો ધર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે અદા કરતાં પ્રભુ પ્રિત્યર્થે બની જાય–એવું જોવાનું મને તો મન છે. મારા જીવનની સાધનામાં પતિપત્નિ અલગ થઇને રહી શકે કે માતા પિતા કે ભાઇ ભાંડુઓથી વિરકતપણે રહી શકે એવું આવતું નથી. મને તો–જગત કે વિશ્વ એ બધું એકજ પ્રભુભાવનાથી ઓતપ્રોત રંગાયેલું છે તેવી રીતે આપણને મળેલાં બધાં સગાંવ્હાલાં પણ એજ ભાવનાથી ઓતપ્રોતપણે સંકળાયેલાં છે–એટલે આપણા જીવનનો ધર્મ એકાગ્ર–એકાંગી કરતે કરતે છતાં તેનો વ્યાપક ધર્મ આપણા વાતાવરણમાં જો પસરતો ન બની શકે તો તે મને યોગ્ય લાગતું નથી.

આન્તરરાષ્ટ્રીય રાજકારણ

આંતરરાષ્ટ્રીય રાજકારણી શેતરંજના પાસાઓ ઝડપથી ફરી રહ્યા છે. મિત્રરાજ્યો વચ્ચેની મૈત્રીમાં તડ પડી છે અને તે વધતી જાય છે. એંગ્લો-સેકસન પ્રજા (બ્રીટન અને અમેરીકા) દુનિયા ઉપર પોતાનું સામ્રાજ્ય–આર્થિક અને રાજકારણી–જમાવવા એક થઇ રહી છે. રશિયા સાથેના તેમના મતભેદો ઉગ્ર બનતા જાય છે. ત્રણે રાજ્યોના વિદેશ મંત્રીઓની કૉન્ફરન્સ નિષ્ફળતામાં પરિણમી પછી એક બીજા સામેના આક્ષેપો વધતા રહ્યા છે. અણુબોમ્બ તેમની મૈત્રી માટે ખરેખર અણુબોમ્બ નીવડ્યો છે. બ્રીટનની પરદેશનીતિ હતી તે જ રહી છે. તેના તંત્રમાં થયેલ ફેરફારથી તેમાં કાંઇ સુધારો થયો નથી. શ્રી. ચર્ચીલ રશિયા સામેના મક્કમ વલણ માટે શ્રી. બેવીનને અભિનંદન આપે છે. શ્રી. બેવીન પૂર્વ અને પશ્ચિમ યુરોપના બે વિભાગોનો તો ખુલ્લો એકરાર કરે છે. પૂર્વ યુરોપમાં રશિયાને વર્ચસ્વ આપવા તૈયાર છે, પણ બળતરમાં પશ્ચિમ યુરોપમાં પોતાનું વર્ચસ્વ માગે છે. બાલ્કન અને બાલ્ટીક પ્રદેશોમાં શું થઇ રહ્યું છે તે કોઇ જાણતું નથી. ગ્રીસનો મામલો તોફાને ચડ્યો છે. ભૂમધ્ય સમુદ્ર ઉપરનો પોતાનો કાબુ કાયમ રાખવા બ્રીટન ગ્રીસ અને તુર્કીને કાબુમાં રાખવા માગે છે, જ્યારે રશિયા, બીજા રાજ્યો યુગોસ્લેવીયા, બલ્ગેરીયા, વિગેરે મારફત દબાણ લાવી ગ્રીસનું રાજકારણ સામ્યવાદી બનાવવા પ્રયત્ન કરે છે અને તર્કી પાસે ડાર્ડેનલ્સમાં માર્ગ અને કાબુ માગે છે. દરેક રાજ્ય વિશ્વાસ રાખવાની વાતો કરે છે અને દરેક પૂર્ણ અણવિશ્વાસથી કામ કરે છે. જર્મનીના પુરા બેહાલ છે. ત્રણ વિભાગની નીતિ જુદી રહી છે અને 'મિત્ર રાજ્યો' વચ્ચે જર્મનીના ભાવિ વિષે કોઇ એકમત જણાતો નથી. ફ્રાન્સમાં જનરલ ડ'ગોલે ઉંચાડે છોગે સામ્યવાદીઓ સામે વિરોધ કરી બ્રીટનના પક્ષમાં ફ્રાન્સને હાલ તો મૂકયું છે. આટલાન્ટીક ચાર્ટર અને પ્રજાશાસનની વાતો નીચે સત્તા પ્રાપ્ત કરવાના ખેલ રમાય છે–Spheres of Influence and Power politics જેણે વિશ્વ યુધ્ધને જન્મ આપ્યો તે બન્ને તત્ત્વો એટલાજ સબળ છે, એટલુંજ નહિ પણ વધારે સબળ થતાં જણાય છે. રાજરમત અને સામ્રાજ્ય જમાવવામાં રશિયા બ્રીટન અને અમેરિકાની પુરી હરિફાઇ અને અત્યારે તો સફળતા પૂર્વક કરી રહ્યું છે. પશ્ચિમના કોઈ રાજ્ય કે પ્રજામાં કે તેના નેતામાં સમગ્ર માનવજાતના કલ્યાણ અને શાન્તિ માટે પ્રમાણિક પ્રયત્ન જણાતો નથી.

ચુંટણી જંગ

સીમલા કૉન્ફરન્સની નિષ્ફળતા પછી, ઇંગ્લાંડના મુત્સદીઓએ ચુંટણીનો ગોળો ગબડાવ્યો અને છ માસની મુદત મેળવી. કૉંગ્રેસને આ ચેલેન્જ સ્વીકાર્યા સિવાય અત્યારે કોઇ માર્ગ ન હતો. પણ હિન્દની આઝાદીની લડતમાં આ ચુંટણી કેટલું ગૌણ સ્થાન ભોગવે છે તે કૉંગ્રેસના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે. ધારાસભાઓ મારફત સ્વરાજ્ય મળે એ માન્યતા કયારની ઉડી ગઇ છે. ગાંધીજીની દૃષ્ટિ મુખ્યત્વે રચનાત્મક કાર્યક્રમ ઉપર જ રહી છે અને સીમલા કૉન્ફરન્સ પછી તેમણે લગભગ મૌન સેવ્યું છે, જાણે આ ચૂંટણીમાં એમને કાંઇ જ રસ ન હોય. સરદાર વલભભાઇ અને પંડીત જવાહરલાલે પુરા વેગથી આ ચુંટણી જંગમાં ઝુકાવ્યું છે, પણ તેને વધારે પડતું મહત્ત્વ ન અપાય તે સામે સાવચેતીના સૂર પૂકાર્યા છે. નાલાયક માણસો પ્રજાના પ્રતિનિધિ કહેવડાવીને ધારાસભામાં ન જાય, ૧૯૪૨ ના ઓગસ્ટ ૮ ના ઠરાવને પ્રજાનો પુરતો સાથ છે, અને કૉંગ્રેસનું પ્રજામાં જે સ્થાન છે તે પૂરવાર કરવા પુરતું જ આ ચૂંટણીનું મહત્વ છે. કૉંગ્રેસને જ્વલંત વિજય મળશે તે વિષે કોઇ શંકા નથી. મુસ્લીમ લીગ સામેની નીતિની સ્પષ્ટતાથી હિન્દુ મહાસભાને હવે કોઇ સ્થાન રહ્યું નથી. લીગ સાથે કોઇ વાટાઘાટ કરવાની કૉંગ્રેસે સાફ ના પાડી છે. મુસ્લીમ લીગ સામેનો વિરોધ વધારે સંગઠિત અને જાહેર બન્યો છે, તેથી લીગના મોવડીઓમાં ખૂબ ચિન્તા પેઠી છે અને લીગના સરનશીનના ભાષણોમાં ઉગ્રતા અને અસભ્યતા વધી છે. બ્રીટનમાં મજુર પક્ષનું તંત્ર થવાથી હિન્દ પ્રત્યેની નીતિમાં કોઇ દેખીતો ફેરફાર થયો નથી. લેબર્ડપેથીક લોરેન્સ કે મી. આર્થર હેન્ડરસન, મી. એમેરીની જ ભાષા વાપરે છે. મજુર પક્ષના કેટલાક નેતાઓ કૉંગ્રેસને સબૂરી પકડવાની સલાહ આપી રહ્યા છે; પણ આ સલાહનો કોઇ સ્વીકાર થાય તેમ નથી. બ્રીટનની શુભ નિષ્ઠાની કોઇ ખાત્રી ન થાય ત્યાં સુધી તેનાં વચનો ઉપર હિન્દને હવે વિશ્વાસ રહ્યો નથી. ચુંટણી પછી બ્રીટન શું કરવા માગે છે? હિન્દુ–મુસ્લીમ એક થાય તો તુરત સ્વરાજ આપીએ અને તે સાથે મી. ઝીણાની પીઠ થાબડતા રહેવું એ દંભ હવે ટકે તેમ નથી. ચુંટણીના પરિણામે બ્રીટન માગે છે એવો કોઇ નિર્ણય થવાનો નથી. મુસ્લીમ લીગનું સ્થાન અથવા પાકીસ્તાનની માગણીનો નિર્ણય ચુંટણીના પરિણામે થવાનો નથી. એટલે ચુંટણી પછી હિન્દ ઉપરનો કાબુ છોડવા બ્રીટન તૈયાર નહિ હોય તો કૉંગ્રેસ માટે તો લડત ઉભીજ છે.

એશીયા જાગે છે

જેલમાંથી બહાર આવ્યા પછી સરદાર વલભભાઇ પટેલે "એશીયા છોડો" ની હાકલ કરી તે કોઇ અકસ્માત કે તરંગ નથી. સરદાર પટેલ ખોટી હાકલ કરવામાં માનતા નથી. કરવું હોય તે જ કહેવું તે તેમનો જીવનમંત્ર છે. કૉંગ્રેસની વર્ષોની લડત પછી ૧૯૪૨ માં એ લડતના ફલસ્વરૂપ 'હિન્દ છોડો' નો મંત્ર ગાંધીજીએ પ્રજાને આપ્યો અને આટલા વર્ષની લડતને બે શબ્દોના સૂત્રમાં પૂરી. ત્યાર પછીના ત્રણ વર્ષના અનુભવે–અને વર્ષોનો અનુભવ આ ત્રણ વર્ષમાં મળી ગયો છે–'એશીયા છોડો'નો નાદ સ્વાભાવિક અને અનિવાર્ય પરિણામ રૂપ છે. પશ્ચિમની પ્રજાએ સદીઓ સુધી એશીયાની પ્રજાને લૂંટી છે. હવે માત્ર બ્રીટને હિન્દ છોડવું એટલું જ નહિ પણ પશ્ચિમની બધી પ્રજાએ એશીયા છોડવું એ માનવ જાતના કલ્યાણ માટે જરૂરી છે. પ્રજાશાસન, જગતનું કલ્યાણ અને શાન્તિની વાતો ઘણી કરી. હવે તેને અમલમાં મૂકવાનો સમય આવ્યો છે. એશીયાની પ્રજાનો વિરાટ આત્મા હવે જાગ્યો છે. હિન્દ તેના નેતૃત્વને માટે લાયક છે. એટલે હિન્દે તે હાકલ કરી છે. પણ બ્રીટન અને અમેરિકાના કૃત્યો તેના વચનોથી વિરોધી છે. ઇન્ડો-ચાઇના, ઇન્ડોનેસીયા, બરમા, મલાયા અને ચીનમાં બ્રીટન અને અમેરીકાની કામગીરી તેને ઉઘાડા પાડી રહી છે. તે દરેક દેશ અને પ્રજા માગે છે કે વિદેશી સૈન્ય અને વિદેશી સરકાર તેને છોડી જાય. પણ ફ્રાન્સ અને ડચનું સામ્રાજ્ય ટકાવવા બ્રીટન પોતાનું અને હિન્દનું લોહી રેડી રહ્યું છે કારણ કે તેનું પોતાનું સામ્રાજ્ય તે વિના ટકે નહિ. પાપને ટેકો જોઇએ. સ્વતંત્રતાની પેઠે સામ્રાજ્ય પણ અવિભાજ્ય છે. એશીયાની બીજી પ્રજાઓ મુક્ત હોય તો બ્રીટન હિન્દમાં એક ક્ષણ પણ ટકી ન શકે. પશ્ચિમ યુરોપનું જે સંગઠન કરવાની યોજના બ્રીટનના વિદેશમંત્રી રજુ કરે છે તેમાં ફ્રાન્સ અને હોલેન્ડનું અગ્રસ્થાન છે. એટલે બ્રીટને તેમનું સામ્રાજ્ય ટકાવવા મદદ કરવી જ રહી. પણ દુનીયાને છેતરવા કાંઇક બહાનું શોધવું જોઇએ. તેથી કહે છે કે ઇન્ડો-ચાઇના અને દક્ષિણ-પૂર્વ એશિયાના મુલ્કો જાપાન પાસેથી કબજે કરી, જાપાની લશ્કરની શરણાગતિ સ્વીકારવાનું, લશ્કરી કેદીઓની સલામતીનું અને તે તે દેશોમાં કાયદો અને વ્યવસ્થા સ્થાપવાનું કાર્ય 'મિત્ર રાજ્યો'એ બ્રીટનને સોંપ્યું છે એટલે બ્રીટને એ ફરજ બજાવવી રહી, બ્રીટનને બીજો કોઇ સ્વાર્થ નથી. દંભની પણ હદ હોય છે. આ પ્રદેશોની પ્રજા કહે છે કે 'ભાઇ તમે જાવ, અમારૂં ગમે તે થાય, અમે ફોડી લઇશું.' પણ બ્રીટનથી કાંઇ આ પ્રજાઓને એમ રઝળતી મૂકાય? પણ એ વિરાટ શક્તિ પાસે હવે કોઇનું ચાલવાનું નથી અને પશ્ચિમની બધી પ્રજાએ એશિયા છોડયે જ છુટકો છે.

ચીમનલાલ.

સુભદ્રા

(એક સત્ય ઘટના)

(નીચેની વાર્તા શ્રી. ગટુભાઇએ ભુલથી ભગિની સમાજ પત્રિકા ઉપર મોકલી હોય એમ લાગે છે. કારણ કે વાર્તાનો વિષય જોતાં તેનું સ્વાભાવિક સ્થાન પ્રબુદ્ધ જૈન જ હોઇ શકે એમ પ્રબુદ્ધ જૈનથી પરિચિત સૌ કોઇ કહેશે. એ કારણથી એ વાર્તાનો ભગિની સમાજ પત્રિકામાંથી અહિં ઉધ્ધાર કરવામાં આવ્યો છે. તાજેતરમાં ચંદ્રોદય સાગરના પ્રકરણે ખાસ કરીને મુંબઇના જૈન સમાજને ઠીક ઠીક ક્ષુબ્ધ કર્યો છે. એ ઘટનાના અનુસંધાનમાં આ એક સત્યઘટના જૈન સમાજ જાણે અને અંધશ્રદ્ધા વડે બીડાયલી આંખો કાંઇક ઉઘાડે અને આખી સાધુસંસ્થાનું સંમાર્જન કરવા ઉદ્યુકત થાય એવી આશા સાથે આ કથા અહિં રજુ કરવામાં આવે છે. પરમાનંદ)

"એ બહેનને માટે દીક્ષા એજ એક ઉપાય છે. હવે એ સંસારમાં શું મોહું લઇને ફરે? એના કર્મની શિક્ષા તરીકે પણ એણે હવે સંસાર ત્યાગ કરી સાધ્વી બનવું એજ યોગ્ય માર્ગ છે". અનાથાશ્રમમાં આવેલી એક બાળાના કાકાએ મારે ઘરે આવી મારી સાથે એ બાળાના ભવિષ્ય વિશે ચર્ચા કરતાં ઉપરના શબ્દો ઉચ્ચાર્યા.

હકીકત એવી હતી કે ગુંજરાતના...જીલ્લાની આશરે એકવીસ વર્ષની એક જૈન બાળા અનાથાશ્રમમાં આશ્રય લેવા આવી હતી. એ બાળાના કાકા એને આશ્રમમાં મૂકી ગયા હતા. આશ્રમમાં મૂકવા આવ્યા ત્યારે એમણે એ બાળા વિધવા છે, અને કોઇ બદમાશને હાથે ફસાઇ ગયતું જણાંવ્યું હતું. આશ્રમમાં આઠેક માસ રહ્યા પછી, પોતાના બાળક પુત્રને આશ્રમમાં જ રાખી ઘરે જવાની એણે માગણી કરવાથી, તેને મૂકી જનાર કાકાને મેં પત્ર લખી તેડાવ્યા હતા.

એ બાળાની માસી તથા માસો અમદાવાદમાં રહેતાં હતાં અને તેમને ખબર પડવાથી એક દિવસ એ બાળાને મળવાની રજા લેવા મારી પાસે આવ્યાં. 'તમે જણાવો છો તેવી કોઈ બાળા આશ્રમમાં હોય તોપણ મારાથી તમને એ વાત જણાવાય નહિ" મેં કહ્યું. 'અમારે ત્યાં જે આશ્રય લેવા આવે છે, તે, પોતાની બધી વાત ગુપ્ત રહેશે એવો વિશ્વાસ રાખીને આવે છે. એટલે તમે કોઇ બાળાના નજીકના સગાં થતા હો, તો હું આશ્રમમાં તમે કહો છો તે નામની અને ગામની કોઇ બાળા છે કે નહિં તેની તપાસ કરું. એવી કોઇ બાળા હોય, તોપણ તેનાં સગાંને તે મળવા ઇચ્છે છે કે નહિં તે પણ મારે તેને પૂછવું જોઇએ. અને તે હા કહે તોજ મારાથી તમારો મેળાપ તેની સાથે કરાવી શકાય. વળી બીજી એક મુશ્કેલી છે. અહિં જે આવે છે તે હંમેશ પોતાનું સાચું નામ ઠામ આપે એમ પણ બનતું નથી. એટલે તમે બાળાનું જે વર્ણન કર્યું છે તે ઉપરથી મારે શોધી કાઢવાનું રહ્યું.'

એ દંપતીને ત્રણ દિવસ પછી ફરી આવવાનું કહી મેં તેમને વીદાય કર્યા. આશ્રમમાં તપાસ કરતાં, મને મળેલા વર્ણન પ્રમાણેની એક બાળા ત્યાં હતી એમ મને જણાયું. હું તે બાળાને મળ્યો અને તેને પ્રશ્નો પૂછતાં તેનાં સગાંએ મને જણાવ્યું હતું તેજ ગામની એ બાળા નીકળી. એ માણસો એનાં સગાં હતાં એ વાત પણ સાચી જણાઇ. પણ આશ્રમમાં એણે પોતાનું નામ સુભદ્રા લખાવેલું અને તેનાં સગાંએ મને એનું નામ સવિતા કહેલું. એમનાં સગાંએ કુંવારી હોવાનું જણાવેલુ અને આશ્રમમાં એ વિધવા તરીકે નોંધાયલી.

સુભદ્રાએ પોતેજ મને જણાવ્યું કે તેના કાકાના કહેવાથી એણે નામ ફેરવ્યું હતું અને પોતે વિધવા છે એમ જણાવ્યું હતું. પોતાની માસી અને માસાને મળવા એણે ખુશી બતાવી હતી.

ત્રીજે દિવસે એ બન્ને સુભદ્રાને માટે તપાસ કરવા મારી પાસે આવ્યાં ત્યારે મેં એમને જણાવ્યું કે તમે એ બાળાને મળી શકશો, પણ આશ્રમમાં એનું નામ સુભદ્રા લખાયલું છે તેમજ એ વિધવા છે એવું નોંધાયલું છે માટે એ પ્રમાણે નામ વગેરે તમે આશ્રમનાં લેડી સુપરિન્ટેન્ડન્ટને જણાવજો.

સુભદ્રાની માસી આ સાંભળી ખૂબ રડી પડી. "શા માટે એના કાકાએ આવું ખોટું નામ આપ્યું હશે? એ બિચારી કુંવારી કન્યાને વિધવા જણાવવાથી શો લાભ થવાનો હતો? એના નસીબમાં જે હતું તે બની ગયું. હવે એની આખી જીંદગી ધૂળધાણી કરવાથી એના કાકાના હાથમાં શું આવવાનું હતું?"

મેં એ બાઇને શાન્ત પાડીને, સુભદ્રાનું હવે શું કરવાની એમની ઇચ્છા છે તે પૂછ્યું. સુભદ્રાને મળી આવ્યા પછી એ બાબત પોતાનો વિચાર જણાવવાનું કહી એ દંપતિ આશ્રમમાં સુભદ્રાને મળવા ગયાં.

બે દિવસ પછી સુભદ્રાના માસા મને મળવા આવ્યા. એમણે કહ્યું "સાહેબ સુભદ્રાની સાચી હકીકત આપને જણાવવાનું સુભદ્રાએ તથા એની માસીએ મને કહેવાથી આપની પાસે હું આવ્યો છું. અમે એને માટે જે વિચાર ધાર્યો છે. તે પણ આપને જણાવું છું. અને પછી આપ એ બાબતમાં મને યોગ્ય સલાહ આપજો.

"સુભદ્રાનું કુટુંબ અમારા ગામમાં જાણીતું આગેવાન જૈન કુટુંબ ગણાય છે. એના બાપની વેપારી તરીકે અને જ્ઞાતિમાં સારા ગૃહસ્થ તરીકે બહુ સારી આબરૂ છે. એના કાકા જે એને અહિં મૂકવા આવ્યા હતા તે અમારા જૈનોના ધર્મગ્રન્થોના સારા વિદ્વાન અભ્યાસી ગણાય છે. અમારા ગામના જૈનના મોટા ભાગના લોકો રામવિજયજીના અનુયાયીઓ છે. થોડાં વર્ષ ઉપર અમારા ગામના દશ બાર છોકરા અને આઠ નવ છોકરીઓને સમુહદીક્ષા આપવામાં આવી હતી. ગામમાં તે વખતે મોટો સમારંભ થયો હતો. સુભદ્રા તે વખતે બાર વર્ષની હતી. એને પણ દીક્ષા આપવામાં આવી. સુભદ્રાના બાપની આમાં સંમતિ હતી, પણ એની મા નારાજ હતી. સુભદ્રા તો બિચારી શું સમજે? પણ એણે પણ વાદે વાદે આ કાર્યમાં સમંતિ દર્શાવી. દીક્ષા લઇ સાધુ સાધ્વીઓનું ટોળું અમારા ગામમાંથી નીકળ્યું ત્યારે વરઘોડો કાઢયો હતો. આ બધાં અમારા ગામમાંથી તો વખત જતાં ભૂલાઇ ગયાં. આજ આ વાતને દશ અગીયાર વર્ષ વીતી ગયાં છે. ગયે વર્ષે અમને ખબર પડી કે સુભદ્રા સાધ્વીઓના અપાસરામાંથી ચાલી ગઇ છે. તપાસ કરતાં જણાયું કે એ અહિં આશ્રમમાં આવેલી છે. મેં એની બાબતમાં તપાસ કરી તો જણાયું કે એમની સંઘેના એક સાધુએ એને ફસાવી હતી. એ સાધુને પણ અપાસરામાંથી કાઢી મુકવામાં આવ્યો છે. આ છોકરી બિચારી હવે બહુ મુંઝાય છે. એનાં માબાપ તો એનું મોં જોવા પણ માંગતા નથી. એણે હવે કયાં જવું ને શું કરવું? એકવીસ બાવીસ વર્ષની એ જુવાન છોકરી આખો ભવ કેમ કરીને કાઢશે? સંસારની મોહજાળમાં ન પડાય માટે માબાપે એને દીક્ષા લેવડાવી–સાધ્વી બનાવી–તો ત્યાં બદમાશ સાધુએ જ એના જીવનનું સત્યાનાશ વાળ્યું! એની વાત તમે સાંભળો તો તમને આ દીક્ષાના તૂતની સાચી ખબર પડે. એ તો કહે છે કે સંસારીઓ કરતાંએ આ કહેવાતા સાધુઓમાં વધારે સડો છે. સાધુ સાધ્વીઓના નામથી જ એ તો હવે ત્રાસે છે."

"તમે હવે એની બાબતમાં શો વિચાર કર્યો છે? એને તમે કયાં લઇ જવા માગો છો? એની પોતાની શી ઇચ્છા છે?" મેં પૂછ્યું.

"મારો તો એવો વિચાર છે કે એને કોઇ સારૂં ઠેકાણું જોઇ પરણાવી દેવી. અમારી જ્ઞાતિ તો નાની છે એટલે એમાં એની વાત ઘણે ઠેકાણે જણાઇ ગયેલી છે, એટલે, અમદાવાદ કે મુંબઇ જેવા કોઇ મોટા શહેરમાં કોઇપણ જ્ઞાતિના જૈન સાથે એને પરણાવી દેવી એવી મારી તો ઇચ્છા છે. એની બધી હકીકત આપણે જણાવવાની કોઇ જરૂર નથી."

"એને પરણાવવાની ગોઠવણ તમે કરો, કોઇ સારો જૈન યુવક શોધી કાઢો એ તો બરાબર છે, પણ આની બધી હકીકતથી એને અંધારામાં રાખવો એ બાબતમાં હું સંમત થઇ શકતો નથી" મેં કહ્યું.

"અરે! પણ એ બધું જાણે તો એને પરણે કોણ? એવું હાથે કરીને આપણું લાંછન જાહેર કરવાનું કારણ શું? એની વાત એના પોતાના સિવાય કોઇ જાણતું નથી. એ તો એ વાત બહાર પાડે જ નહિં. એટલે હાથે કરીને આપણે એ વાત પહેલેથી કહીને એનું ભવિષ્ય બગાડવું એ મને તો વ્યાજબી લાગતું નથી."

'જુઓ ભાઇ,' મેં કહ્યું 'અમારે ત્યાં તો જે વિધવાઓ અહિંથી જતા અગાઉ લગ્ન કરીને જાય છે તે દરેકની હકીકત–એમની દુઃખની અને ફસાયાની બધી વાત–અમે તો પરણનાર ઉમેદવારને જણાવીને જ લગ્ન કરીએ છીએ, અહિં પ્રસૂતિ માટે આવેલી વિધવાની એ હકીકત જાણ્યાં છતાં એની સાથે લગ્ન કરવા જે તૈયાર હોય તેને જ અમે એને પરણાવીએ છીએ. જેનામાં એ જાતની હિમ્મત ન હોય તે એને લાયક નથી એવો મારો મત છે. એ બાબત એ માણસ સિવાય બીજા કોઇને પણ–એનાં માબાપ કે સગાં વહાલાં કે મિત્રને–અમે કદિયે વાત કરતાં નથી; એટલું જ નહિ પણ એ ન જાણે એવી ખાસ કાળજી રાખીએ છીએ. પણ એણે પોતે તો એ સત્ય હકીકત જાણવી જ જોઇએ એમ મેં અનુભવથી નક્કી કર્યું છે. આવી વાત ગમે ત્યારે પણ એના ધણીના જાણવામાં આવ્યા વિના રહેતી નથી. અને પાછળથી એ જાણે તો એને એમ લાગે છે કે મને છેતર્યો. આથી એને આઘાત થાય છે એટલું જ નહિં પણ એ પતિપત્ની વચ્ચે ઝગડો થાય છે અને બન્નેનું ભવિષ્યનું જીવન–જો એ પત્નીને હાંકી ન કાઢે તો–હંમેશને માટે ખાર થઇ જાય છે. માટે આ બાબતની સ્પષ્ટતા પહેલેથી કરવી એ જ ડહાપણ ભરેલું છે, એટલું જ નહિ પણ એ જ સાચો પ્રમાણિક માર્ગ છે એમ મને લાગે છે."

મારી વાત આ ભાઇને ગળે બરાબર ઉતરી હોય એમ મને ન લાગ્યું. સુભદ્રાનો પોતાનો એ બાબતમાં શો મત છે તે પૂછીને પછી એ વિશે નિર્ણય કરવાનું એમણે મને જણાવ્યું. દરમિયાન કોઇ સારા ઉમેદવારની શોધમાં રહેવાનું મને એ કહેતા ગયા.

એક બે માસ પછી સુભદ્રાના કાકા મને મળવા આવ્યા, તેમણે તો એક જ નિશ્ચય કરી નાખ્યો હતો કે એને પાછી દીક્ષા લેવડાવી સાધ્વી બનાવી દેવી. એમનું કહેવું હતું કે સુભદ્રાએ જે 'પાપ' કર્યું હતું તેનું એણે પ્રાયશ્ચિત કરવું જોઇએ અને તે પ્રાયશ્ચિત એટલે સંસાર ત્યાગ.

મેં એમની સાથે બહુ દલીલ કરી. બળાત્કારે કોઇને વૈરાગ્ય ઉપજાવી શકાતો નથી, મરજી વિરૂધ્ધ સાધુ બનાવવાથી મન સાધુનું બનતું નથી વગેરે અનેક રીતે દલીલ કરી, પણ એમને તો આ બાળા ઉપર અંતરથી ક્રોધ ચઢયો હતો એટલે એને શિક્ષા કરવી હતી.

'દીક્ષા લઇને સાધ્વી બનાવવાનું તો આ પરિણામ આપણે જોયું' મેં કહ્યું 'હજી તમને એટલાથી સંતોષ થયો નથી? દીક્ષા લઇ સાધુ સાધ્વી બનેલાંમાંથી કેટલાંએ સંસારના મોહમાયા ત્યજ્યાં છે? અમારા આશ્રમમાં અત્યાર સુધીમાં તમારી જૈન સાધ્વીઓ ત્રણ ચાર આવી ગઇ છે એ હકીકત છે. સુભદ્રાને પોતાને, એ જીવનનો વિચાર કરતાં પણ ત્રાસ થાય છે. એને બળાત્કારે એ જીવનમાં વાળવાથી એનું મન તમે કેમ ફેરવી શકશો? અને એ યુવાન સ્ત્રીએ, સંજોગવશાત્, એકવાર ઠોકર ખાધી, તે માટે એણે સારે સ્થળે લગ્ન કરી સ્વસ્થ, શાન્ત અને આનંદમય લગ્ન જીવનનો હક હંમેશ માટે ગુમાવ્યો? એને તમે બધાએ અણસમજમાં દીક્ષા લેવડાવી અને દીક્ષા જેમણે આપી તેમને, સર્વને એના સ્ખલન માટે જવાબદાર; હું તો ગણું છું. અને તે જ તમે પાછા એનો હંમેશનો સ્થિર જીવનનો હક પણ છીનવી લેવા માગો છો? તમો ને હું એનું શિક્ષા કરનાર કોણ? એને જે સંજોગો આવી પડયા તેમાં તમે કે હું કેવી રીતે વર્તન કરત તે તમે ખાતરીથી કહી શકો છો? હું તો નથી કહી શકતો. આપણે સહુ સંજોગો અનુકૂળ મળવાને લીધે જ મોટે ભાગે સીધા ચાલીએ છીએ. સહુ નિર્બળ માનવી છીએ. તેમાં આપણને એનો ન્યાય કરી એને શિક્ષા કરવાનો હક શી રીતે મળ્યો? વળી એની માસી તથા માસા મને મળ્યાં હતાં તે પણ એના લગ્ન કરાવવાની તરફેણમાં છે."

'એના માસા માસીને શું? એ પારકા ઘરનાં કહેવાય. દીકરી તો અમારા કુટુંબની એટલે અમને લાગે તેટલું એમને ન લાગે. આબરૂ તો અમારા કુટુંબથી ગઇને? એમને કોઇ આંગળી કરવાનું છે?'

મેં એમને બહુ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો; પણ એમના ધ્યાનમાં વાત ઉતરી નહિં. પછી જ્યારે મેં એમને કહ્યું કે એનાં માતપિતા, કાકા કે માસા, માસી, હું કે બીજું કોઇ, એને પોતાને લગ્ન કરવાની ઇચ્છા હોય તો રોકી શકીએ નહિં, કારણ કે એ ઉંમર લાયક છે–એ કાંઇ સગીર નથી–ત્યારે એ ઠંડા પડયા. પણ મને બહુ નવાઇ લાગી કે એમણેજ મને ખાસ આગ્રહપૂર્વક કહ્યું કે જો સુભદ્રા લગ્ન કરે તો તેની બધી હકીકત સંપૂર્ણ રીતે તેને પરણનારને જણાવવી જોઇએ! 'આવી બાબતમાં છેતરપીંડી કરવી એ અધર્મ છે. ભલે, એમ કહેવાથી કદાચ પરણનાર ન મળે તો, ત્યાં સુધી એ કુંવારી રહે, પણ કોઇને અંધારામાં રાખી આપણે એને પરણાવી દઇએ તો આપણે દોષમાં પડીએ."

મને આ માણસની મનોવૃત્તિમાં પ્રથમ દૃષ્ટિએ વિરોધાભાસ જણાયો. પણ વધારે વિચાર કરતાં લાગ્યું કે સુભદ્રાના કાકાને ધર્મગ્રન્થોના એકમાર્ગી અભ્યાસથી "પાપ" માટે અસહિષ્ણુતાની વૃત્તિ ઉત્પન્ન થઇ હતી, પણ એજ અભ્યાસે એમની ન્યાયવૃત્તિ પણ સતેજ કરી હતી.

બે માસ પછી એક વીમા કંપનીમાં કામ કરનાર હિંમતવાન જૈન યુવકની સાથે સુભદ્રાની પોતાની મરજીથી, અને તેના માસા માસીની સંમતિથી સુભદ્રાનું લગ્ન થઇ ગયું. અત્યારે એ બંનેનું સારૂં સુખી જીવન છે અને એનાં માસા માસી હવે સુભદ્રાનાં માતાપિતાના સંબંધ સાચવે છે.

ગટુભાઈ ધ્રુવ.

(ભગિની સમાજ પત્રિકામાંથી સાભાર ઉધ્ધૃત)

સંઘને મળેલી મદદો

રાહત પ્રવૃત્તિ

૧૦૧) શ્રી. મણીલાલ મોકમચંદ શાહ
૯૦) ,, પી. બી. શાહની કું. (કારતક સુદી ૧ થી ૭ માસ માટે
૫૧) ,, પોપટલાલ નરસીદાસ વોરા
૫૧) ,, ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
૫૧) ,, કાન્તિલાલ ભોગીલાલની કું.
૪૦) ,, વાડીલાલ ગગલભાઇ દોશી
૨૫) ,, કેતકચંદ ઝવેરભાઇ હા–શ્રી જસુમતિ બ્હેન
૧૫) ,, વિજયાબ્હેન પરીખ

પ્રબુદ્ધ જૈન

૫૧) શ્રી. બાબરભાઇ રાંદેરી
૨૫) ,, મે. દીવાન બ્રધર્સ

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

૧૦૦) શ્રી. બાબરભાઇ રાંદેરી
૫૧) ,, ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
૫૧) ,, કાન્તિલાલ ભોગીલાલની કું.
૫૦) ,, મે. દીવાન બ્રધર્સ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૬

મુંબઈ : ૧૫ ડીસેમ્બર ૧૯૪૫ શનિવાર.

લવાજમ
૩ રૂપિયા ૩

વજરેશ્વરી અને વીઠ્ઠલદાસ જેરાજાણી

(ગતાંકથી ચાલુ)

પૂજ્ય ગાંધીજીની ખાદી પ્રવૃત્તિ સાથે વર્ષોથી જેમનું નામ જોડાયલું છે એવા શ્રી. જેરાજાણીને કોણ ન ઓળખે? હું પણ તેમને ઘણાં વર્ષથી જાણતો હતો, પણ તે કાલબાદેવી ખાદીભંડારના મુખ્ય સંચાલક તરીકે. થોડા સમય પહેલાં તેઓ અમારા મુંબઇ જૈન યુવક સંઘનાં આવ્યા હતા અને અકલ્પેલી ખાતે તેઓ જે ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તેને લગત અનુભવો તેમણે અમને સંભળાવ્યા હતા. આ વખતે તેમનું મને ખરૂં દર્શન થયું, અને તેમના વિશેષ સહવાસની આકાંક્ષા મારા દિલમાં જન્મી. આ આકાંક્ષા સદ્‌ભાગ્યે આ સમય પુરી પાડી.

શ્રી. જેરાજાણીની આજે લગભગ ૬૪ વર્ષની ઉમ્મર છે. અભ્યાસ તો તેમણે માત્ર બીજા અંગ્રેજી ધોરણ સુધીજ કર્યો છે. ૧૩ વર્ષની ઉમ્મરે તેમના પિતાશ્રી સાથે તેમણે પૂર્વ આફ્રીકાનો પ્રવાસ કરેલો; ૧૭ વર્ષની ઉમ્મરે એક કાપડના વ્યાપારીને ત્યાં તેમણે ધંધાની ઉમેદવારી શરૂ કરી; પછી વળી એક ચીની રેશમના કાપડના વેપારીને ત્યાં તેમણે થોડી તાલીમ લીધી; અને સને ૧૯૦૨ માં વિલાયતી કાપડની એક દુકાન માંડી. સને ૧૯૦૬ માં બંગભંગની હીલચાલ શરૂ થઇ અને સ્વદેશીનો પહેલો જુવાળ આવ્યો. ભાવનાશાળી શ્રી. જેરાજાણીએ પોતાનો પરદેશી કાપડનો વ્યાપાર સંકેલી લીધો અને સદ્‌ગત સુરેન્દ્રનાથ બેનરજીના હાથે ઉદ્‌ઘાટન પામેલ કાલબાદેવી રોડ ઉપરના સ્વદેશી સ્ટોરના તેઓ મેનેજર નીમાયા, જ્યાં એક વર્ષ કામ કર્યા બાદ સદ્‌ગત શ્રીમાન મનમોહનદાસ રામજી અને લોકમાન્ય તિલકની પ્રેરણા તથા અને પ્રયાસથી ઉભો કરવામાં આવેલ–બોરીબંદર સામેના–સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સના તેઓ મેનેજર નીમાયા. આ સ્ટોરમાં તેમણે અગિયાર વર્ષ કામ કર્યું અને તેમની કુશળ કામગીરી નીચે તેનો અનેકવિધ વિકાસ થયો અને કેટલાયે સ્વદેશી હુન્નર ઉદ્યોગોને આ સ્ટોર દ્વારા અવલંબન મળ્યું. આ સમય દરમિયાન રાજકારણી પ્રવૃત્તિ સાથે તેઓ ઠીક ઠીક જોડાયલા રહેતા હતા. લોકમાન્ય તિલક સાથે તેમને ખૂબ ગાઢ સંબંધ હતો. એ વખતના રાષ્ટ્રીય નેતા શ્રી. અરવિન્દ ઘોષના પણ તેઓ સારા સંપર્કમાં આવેલા અને શ્રી. અરવિન્દ ઘોષ ઉપર જે મુકદ્દમો ચલેલો તેના અંગમાં પોલીસની ધરપકડથી બચવા માટે તેમને મુંબઇ છોડીને પહેલાં કરાંચી અને પછી અરબસ્તાન બાજુ કેટલાક માસ ગાળવા પડેલા. સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સમાં તેઓ કામ કરતા હતા તે દરમિયાન પૂજ્ય ગાંધીજીનું હિંદુસ્થાન આવવું થયું. સ્વદેશીની સર્વ પ્રવૃત્તિના કેન્દ્ર સમા આ સ્ટોરને મુલાકાત આપવા માટે પૂજ્ય ગાંધીજીને નિમંત્રણ આપવામાં આવેલું. પોતાના આટલા મહત્વભર્યા કાર્ય અને કુશળ સંચાલન વિષે ખૂબ સાબાશી મળશે એવી આશા રાખતા શ્રી. જેરાજાણીએ જ્યારે પૂ. ગાંધીજી આખા સ્ટોરમાં બધે ફરીને જવાની તૈયારી કરતા હતા ત્યારે તેમનો અભિપ્રાય જણાવવા વિનંતિ કરી, જેના જવાબમાં પૂ. ગાંધીજીએ એટલું જ જણાવ્યું કે, 'આ લંડનના કોઇ સ્ટોર જેવો એક સ્ટોર છે.' પૂ. ગાંધીજીના આ ઠંડા જવાબે શ્રી. જેરાજાણીને વિચાર કરતા કરી મૂકયા.

સ્વદેશી સ્ટોર એ સમયમાં ખૂબ ધીકતી કમાણી કર્યે જતો હતો અને તે સર્વ શ્રી. જેરાજાણીની નિપુણતાનું જ પરિણામ હતું. આમ છતાં શ્રી. જેરાજાણીને આર્થિક લાભ બહુ જ ઓછો મળતો હતો. હતુ તેઓ આજીવન સેવાવ્રતધારી બન્યા નહોતા. એટલે ૧૯૨૭ માં તેમણે સ્વદેશી કો–ઓપરેટીવ સ્ટોર્સ છોડયો અને તે વખતના બહુ જાણીતા મોટા કાપડના વ્યાપારી સદ્‌ગત શ્રી. નારણદાસ પુરષોત્તમના ભાગમાં મૂળજી જેઠા માર્કેટમાં તેમણે કાપડનો વ્યાપાર શરૂ કર્યો. લડાઇના એ દિવસો હતા. લાખો રૂપીઆની તેમણે ઉથલપાથલ કરી; આમ છતાં સ્વદેશીની પ્રવૃત્તિ તરફનું તેમનું આકર્ષણ કમી નહોતું થયું. પૂ. ગાંધીજીના ખાદીવિજ્ઞાને સ્વદેશીના ખ્યાલોમાં મોટું પરિવર્તન કરવા માંડયું હતું. તે તરફ શ્રી. જેરાજાણી આકર્ષાયા. બે વર્ષથી ચાલતી કાપડની ભાગીદારી અને ધમધોકાર ચાલતો વ્યાપાર જેવો તે તેવો છોડીને કશું પણ લીધા સિવાય તેઓ પૂ. ગાંધીજી સાથે જોડાયા અને પૂર્વ તાલીમ તરીકે ચારેક માસ સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં જઇને તેઓ રહ્યા. શ્રી. જેરાજાણી કેવળ શુષ્ક વ્યાપારી ન હતા. તરવાનો તેમજ ઘોડેસ્વારીનો તેમને ભારે શોખ હતો. આજ સુધીના તેમના જીવનમાં વૈભવ અને શ્રીમંતાઇ ભર્યાં પડયાં હતાં. આ વૈભવશાળી જીવનનો હંમેશને માટે તેમણે ત્યાગ કર્યો અને માસિક ૪૦ રૂપીઆમાં સહકુટુંબ રહી શકાય છે એવા આશ્રમનિવાસના જાતઅનુભવપૂર્વક તેઓ ખાદીભંડારમાં જોડાયા અને ત્યારબાદ અસ્તિત્વમાં આવેલ અખિલ ભારત ચરખા સંઘના પણ તેઓ એક પ્રમુખ કાર્યકર્તા બન્યા. ખાદી અને શ્રી. જેરાજાણી જાણે કે પર્યાય શબ્દો બની ગયા. કાલબાદેવી ખાદીભંડાર આખા દેશની સર્વ ખાદીપ્રવૃત્તિનું સૌથી વધારે મહત્વનું કેન્દ્ર છે, જે માત્ર શ્રી. જેરાજાણીની આજ સુધીની તપશ્ચર્યાનું ફળ છે. કાશ્મીરના કાપડને લગતા ગૃહઉદ્યોગને અને કારીગરીને શ્રી. જેરાજાણીએ નવો પ્રાણ અને નવી ચેતના આપી છે. ખાદી ભંડારમાં કામ કરતે કરતે તેમને શ્રી. કાકુભાઇ જેવા એક સેવાનિષ્ટ સાથી કાર્યકર્તા મળી ગયા અને તેમની જવાબદારીનો ભાર હળવો થતો ગયો. તેમની ઉમ્મર તો વધતી જતી હતી. વૃદ્ધાવસ્થાની શરીર ઉપર તો અસર થયા વિના રહે જ નહિ. ખરજવાની તેમને થોડી ઉપાધિ હતી. આનું નિવારણ કરવા માટે તેઓ વજરેશ્વરી જઇને રહ્યા. ગરમ પાણીના કુંડમાં ચાલુ સ્નાન કરવાથી તેમને બહુ ફાયદો જણાયો અને તબિયત પણ સારી થવા લાગી. અહિં રહેવાનું મન કરવા લાગ્યું અને કોઇ ગામડામાં કામ કરવાનું તેમનું લાંબા વખતનું સ્વપ્ન અહિં મૂર્તિમંત કરી શકાશે એમ તેમને લાગ્યું. અહિં અકલ્પેલીના કુંડોની બહુ નજીકમાં જ તેમણે એક 'નિવાસસ્થાન' બાંધ્યું અને ૧૯૪૨ ના જુન માસમાં પોતાનું કાર્ય શરૂ કર્યું. કાલબાદેવી પરના ખાદીભંડારનો બોજો તેમણે શ્રી. કાકુભાઇના માથે નાખ્યો અને પોતે અહિં રહીને નિરાંતે કામ કરી શકશે એમ તેમણે માન્યું. પણ ૧૯૪૨ ના ઓગસ્ટના વિપ્લવે તેમના આ વિચારને તુરત બર આવવા ન દીધો. શ્રી. કાકુભાઇ થોડા સમયમાં પકડાયા અને જેરાજાણીને પાછું

ખાદીભંડારના થડા ઉપર આવીને બેસવું પડયું. દોઢ વર્ષે શ્રી. કાકુભાઇ છુટયા અને તેમણે તેમને ખાદીભંડારની જવાબદારીથી મુક્ત કર્યા.

આજે જ્યારે શ્રી. જેરાજાણીનો હું સવિસ્તર પરિચય આપી રહ્યો છું ત્યારે સાથે સાથે મારે એ પણ જણાવવું જોઇએ કે તેઓ ખાદી પ્રવૃત્તિમાં જોડાયા ત્યારથી આજ સુધી તેમણે વિના વેતન કેવળ સેવાભાવથી અને ખાદીપ્રીતિથી પ્રેરાઇને જ બધું કામ કર્યું છે. તે પહેલાના સમયમાં તેમણે જે કાંઇ બેકઠું કરેલું તે જ તેમના ચાલુ નિર્વાહખર્ચનો આધાર છે અને તે પોતાની ચાલુ જરૂરિઆતો માટે પુરતું છે એમ તેઓ માને છે. આજે અકલોલી ખાતેનું બધું મંડાણ તેમણે હજુ પોતાની જવાબદારી ઉપર કરેલું છે અને તેમાં પોતાનું જ દ્રવ્ય રોકેલું છે. તે વ્યવસ્થિત પાયા ઉપર મુકાયા બાદ જ તેને જાહેર સંસ્થાનું રૂપ આપવા તેઓ ધારે છે.

હાલ તેઓ મોટે ભાગે અકલોલી રહે છે, અને આસપાસનાં ગ્રામવાસીઓના સંપર્કમાં આવે છે. ગ્રામોદ્યોગ તરીકે આસપાસનાં ગામડામાંથી ભાત ખરીદે છે અને ત્યાંના લોકોને મહેનતાણું આપીને હાથછડના ચોખા બનાવે છે અને મુંબઇના નવજીવન સંઘને અને બીજી સંસ્થાઓને આ ચોખા પુરા પાડે છે. ખેતરમાં ઉગતા ભાત સીધેસીધા મીલવાળાને વેચી દેવાથી તેમાંનાં બીજા કેટલાક ઉપયોગી દ્રવ્યો તેઓ ગુમાવે છે તે ગામડાના લોકોને સમજાવે છે અને પોતાના ભાત પોતે જ છડી લેવા તેમને બને તેટલું પ્રેરે છે. ભાતના ફોતરાની રાખમાંથી દંતમંજન બનાવી શકાય. મુળા ડાંગરને ભરડીને અને તેને બે વાર છડીને ચોખા કરવામાં આવે છે. આ છડેલા ચોખા સાથે ચોખાની કણી અને માવા જેવો પદાર્થ છુટો પડે છે. આ માવા જેવો પદાર્થ ચોકખું ઘી વીટામીન છે. મીલમાં ચોખા છડતાં આવું ઉપયોગી પોષણ-તત્વ આપણે ગુમાવીએ છીએ. પોષણ અને પ્રાણધારણની દ્રષ્ટિએ એક વાર છડેલા ચોખા એટલે કે કરડનો ઉપયોગ કરવો યોગ્ય છે. પણ લાંબા વખતથી પૉલીશ કરેલા ચોખા ખાવાને ટેવાયેલા આપણને કરડ ફાવતી નથી; કરડના ઉપયોગની આપણને આવડત હોતી નથી. આમ છતાં પણ બે વાર હાથે છડેલા ચોખામાં કરડના હિસાબે પચાસેક ટકા વીટામીન જળવાઇ રહે છે, જ્યારે મીલમાં છડેલા ચોખા આમ સુંદર અને રૂપાળા હોવા છતાં પોષણની દૃષ્ટિએ નિર્માલ્ય બની જાય છે. હાથછડના ચોખાની આ વિશેષતાનું આ વખતે જ મને પુરું ભાન થયું. આ ગ્રામોદ્યોગકેન્દ્ર હજુ બીજા ઉદ્યોગો હસ્તગત કરી શકયું નથી. કાંતવા વણવા તરફ ત્યાંના લોકોને પલોટી શકાતા નથી. એ કેન્દ્ર તરફથી એક દેશી ઔષધોનું દવાખાનું ચલાવવામાં આવે છે, જે વડે ગ્રામજનો સાથેનો સંપર્ક વધારે સુલભ બને છે. આ કેન્દ્ર સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ તો ગ્રામજનતા સાથે સંપર્ક સાધવાનો, તેમનાં સુખ-દુઃખ સગવડ અગવડ સમજવાનો અને તેમને બને તેટલા સમાન, સાવધાન અને નિર્ભય કરવાનો છે. એક સરકારી અમલદારે શ્રી. જેરાજાણીને પૂછયું કે "આ બધું ઉભું કરીને તમે અહિં શું કરવા માંગો છો?" શ્રી. જેરાજાણીએ તેમને ટુંકમાં જવાબ આપેલો કે "આ લોકો તમારાથી ખૂબ બીએ છે, તેમને હું ન બીતા કરવા માંગું છું." સરકારી અમલદારે કહ્યું કે "એ બનવું અશકય છે." શ્રી. જેરાજાણીએ પ્રત્યુત્તર આપ્યો કે "એ હું જોઇ લઇશ."

એક દિવસે શ્રી. જેરાજાણી સાથે અમે અકલોલી ગામમાં ગયા હતા અને કેટલાક કુટુંબોના પરિચયમાં આવવા પ્રયત્ન કર્યો હતો. પણ આવા ઉડતા પરિભ્રમણ અને ઉપરછલા પ્રયત્નનો બહુ અર્થ નથી એમ મને એ વખતે લાગ્યું. આપણી અને તેમની વચ્ચે કેટલું બધું અંતર છે? આપણી અને તેમની કેવળ શાબ્દિક નહિ પણ માનસિક ભાષામાં પણ કેટલો ફરક છે? આપણા અને તેમના જીવનપ્રશ્નો પણ કેટલા અસમાન છે? આ વારંવારની વકતાનું આ પ્રસંગે મને સચોટ ભાન થયું. આ બધું હોવા છતાં તેઓ આપણા છે અને તેમના લીધે આપણે છીએ એ હકીકતનો આપણાંથી ઓછો ઇનકાર થઇ શકે તેમ છે? તેમાંના કેટલાક સુખી લાગ્યા તો કેટલાક કંગાળ દેખાયા. કદરૂપાપણું અને અસ્વચ્છતા તો આ લોકોના જીવનમાં વણાયેલાં તત્વો હોય એમ જણાયું. તેમના બેઠા ઘાટના ઘરોમાં પણ કેટલેક ઠેકાણે પોતાની રીતે કરેલું છતાં કળાપૂર્ણ કહી શકાય એવું ચિત્રામણ જોઇ ચિત્ત પ્રસન્ન થયું.

આ તો શ્રી. જેરાજાણીની પ્રવૃત્તિની અને તેમના ગામડાની વાતો થઇ. શ્રી. જેરાજાણીના પ્રેમાળ સ્વભાવનો તો સાક્ષાત્ પરિચય સિવાય ખ્યાલ આવવો અશકય છે. તેમનો ઉમળકો, વિનોદી સ્વભાવ, નાના મોટા પ્રત્યેનું વાત્સલ્ય, આસપાસ વસતી જનતામાં તેમણે જમાવેલી મીઠાશ—આ બધું આ ઉમ્મરની અને આખી જીંદગી એક મોટા શહેરમાં જેણે પસાર કરી છે તેવી આ વ્યકિતમાં નિહાળતાં આશ્ચર્ય તેમ જ આનંદનો એક સાથે અનુભવ થાય છે. કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિ પાછળ એક યુવાનમાં પણ ભાગ્યે હોય તેવો ઉત્સાહ અને તરવરાટ અને દેશકલ્યાણની ઉંડી દાઝ અને બળતરા તેમના પ્રતિભ પૂર્ણ વ્યકિતત્વને અનોખી વિલક્ષણતા અર્પે છે. તેમના આજ સુધીના અનેક અનુભવો, પૂ. ગાંધીજી સાથેની વિવિધરંગી પરિચયકથાઓ, સુખ દુઃખ અગવડ સગવડની અનેક કહાણીઓ તેમના મોઢે સાંભળવી એ મારા માટે જીવનના ધન્ય પ્રસંગ સમાન હતું. આ ઉમ્મરે તેઓ ખડતલ જીવન જીવી રહ્યાં છે અને લોકસેવા સધાય એ માટે શું કરું અને શું ન કરું એવું ચિન્તાવ્યાકુળ પરમાર્થ—પરાયણ જીવન જીવી રહ્યા છે. તેમની સાથેનો સહવાસ ખરેખર એક શિક્ષણપ્રક્રિયા છે. તેમનામાં જેમ મેં અપૂર્વ કાર્યદક્ષતા જોઇ તેવી જ રીતે આકર્ષક રસિકતા પણ અનુભવી. તેમના સુઘડ નિવાસ સ્થાનમાં અને આસપાસ નિર્માણ કરેલા સુન્દર બગીચામાં મેં તેમનામાં રહેલી ઉંડી રસદૃષ્ટિનું આરપાર પ્રતિબિંબ નિહાળ્યું અને તેમના વિષેના આદરમાં વિશેષ વૃદ્ધિ થઈ. જે ઘણા સમયથી છોડી દીધું હતું તે કાંતવાની ત્યાં મેં શરૂઆત કરી. મુંબઇના જીવનમાં જેની ઘડ બેસતી નથી તે ત્યાં તદ્દન સ્વાભાવિક લાગ્યું. ત્યાંનું જીવન સાદું છતાં સરસ હતું. પાછળના દિવસોમાં શ્રી. જેરાજાણી જમવાનું બહાર ખુલ્લી જગ્યામાં ગોઠવતા. દિવસના વૃક્ષની છાયા નીચે અને રાત્રીના નીતરતી ચાંદની નીચે. આવું ઉપવન ભોજન અનેક પ્રકારના વાર્તાવિનોદથી સવિશેષ આલ્હાદક બનતું. ભોજન તો ગમુક સમયે પુરું થતું, પણ અમારો વાર્તાલાપ તો અણખૂટ પ્રવાહ માફક ચાલ્યા જ કરતો. કોંગ્રેસ, ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ, સ્વદેશીની હીલચાલ, ખાદીને લગતી નવી યોજના, ગામડાના લોકો, આપણી સામાજીક પરિસ્થિતિ, અંગત જીવનની કંઈ કંઈ વિગતો, દેશના આગેવાન નેતાઓ સાથેના પરિચયસંસ્મરણો—આવી અનેક બાબતો અમારા વાર્તાલાપના વિષયો બનતા, ત્રીશ ચાળીસ વર્ષના ભૂતકાળ સુધી અમારી સ્મરણદૃષ્ટિ લંબાતી અને કંઈ કંઈ ઘટનાઓનાં ચિત્રો એ લાંબા સ્મરણપટ ઉપર આલેખાતાં અને ભુંસાતાં. આમ એક અઠવાડીયું અમે તેમની સાથે ખુબ આનંદ અને શાન્તિમાં પસાર કર્યું; શરીરને તેમ જ મનને ખુબ તાજગી મળી; અનેક મીઠાં સ્મરણો સંગ્રહીને અમે મુંબઇ પાછા ફર્યા, અને ચાલુ જીવનપરિક્રમામાં અમે પાછા પૂર્વવત્ જોડાઇ ગયાં. આટલાં દુઃખ નિવારે વજરેશ્વરીને અને શ્રી વિઠ્ઠલદાસભાઇને અમારા દિલમાં જલ્દીથી ન ઉખેડાય એવી રીતે જડી દીધા. સમાપ્ત **પરમાનંદ**

"આળાં હૈયાં"

પ્રબુદ્ધ જૈનના વાંચકોને ભાઇ વજલાલ ઘરમચંદ મેઘાણીનું નામ સુપરિચિત છે. તેમની કરૂણાપ્રધાન હૃદયસ્પર્શી અને સમાજના નીચલા થરનાં દુઃખ, દર્દ અને યાતનાઓથી ભરેલા જીવનની ઝાંખી કરાવતી કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આમાંની કેટલીક કથાઓ પ્રબુદ્ધ જૈનના અંકમાં પ્રગટ થઇ ચુકી છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીંમત રૂા. ૨॥ રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧॥ માં આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સદ્‌ગત મોહનલાલ દલીચંદ દેસાઈ

શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇના અકાળ સ્વર્ગગમનથી જૈન સમાજને તેમજ ગુજરાતી સાહિત્યને બહુ જલ્દિથી ન પુરાય એવા એક કાર્યકર્તાની અને સાહિત્ય સેવકની ખોટ પડી છે. તેઓ મારાથી લગભગ એક વર્ષ મોટા હતા. તેથી તેઓ મારા મુરબ્બી ગણાય. એમ છતાં પણ અમારો સંબંધ લગભગ બે મિત્રો જેવો હતો અને સમાન ક્ષેત્રમાં સાથે કામ કરવાના એટલા બધા પ્રસંગો અમને પ્રાપ્ત થયા હતા કે તેમના અવસાનથી એક સાથી કાર્યકર્તા ગુમાવ્યો હોય એવો મર્મસ્પર્શી અનુભવ મને થાય છે અને મારા દિલમાં ઉંડી શોકની લાગણીઓ ઉદ્‌ભવે છે.

તેમનો જન્મ કે ઉછેર કોઇ સુખશય્યામાં થયો નહોતો. ગરીબ કુટુંબમાં તેઓ જન્મ્યા અને અનેક અગવડો વચ્ચે તેમણે વિદ્યાર્થી જીવન પુરૂં કર્યું હતું. કોલેજના અભ્યાસ દરમિયાન તેઓ મુંબઇની ગોકળદાસ તેજપાળ બોર્ડીંગમાં રહેતા હતા બી. એ. થયા, એલ એલ. બી. થયા અને મુંબઇની સ્મોલ કોઝીઝ કોર્ટમાં તેમણે વકીલાત શરૂ કરી. તેમની પાસે કોઇ સાધનસંપત્તિ નહોતી; પોતાનો માર્ગ તેમણે પોતે જ કરવાનો હતો; વકીલાત દ્વારા દ્રવ્યોપાર્જન કરવું અને પોતાના કુટુંબનો જીવનનિર્વાહ કરવો એ ઉપાધિથી તેઓ કદિ મુક્ત થયા નહોતા. શ્રીમંતાઈ તેમણે જીવનમાં જોઇ નહોતી. ભોગ વિલાસ તેમના નસીબમાં નહોતા. તેમજ તે તરફ તેમનું લેશમાત્ર વલણ પણ નહોતું. વકીલાતના પ્રારંભ સાથે તેઓ જૈન સમાજને લગતા જાહેર જીવનમાં પણ પડેલા અને સાથે સાથે સાહિત્યપ્રીતિ પણ તેમને મૂળથી વરેલી. વકીલાત અને સાહિત્ય ઉપાસના એ બે જ તેમના જીવનના મુખ્ય વ્યવસાયો હતા અને સાથે સાથે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તેમજ બીજી અનેક જૈન સંસ્થાઓના એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. વિશાળ જાહેર જીવનમાં તેમજ કોંગ્રેસમાં પણ તેમને ખુબ જ રસ હતો. જૈનોની કોઇ પણ એવી જાહેર સભા ન હોય કે જ્યાં તેઓ હાજર ન હોય એટલું જ નહિ પણ જ્યાં તેમના ભાગે કાંઇને કાંઇ કામ આપવામાં આવ્યું ન હોય અને તેમની સાહિત્ય ઉપાસના કેવી હતી એ તો તેમનું મુંબઇનું નિવાસસ્થાન જેણે જોયું હોય તેને જ તેનો ખરો ખ્યાલ આવી શકે. બે કે ત્રણ ઓરડાનો બ્લોક તેમાં તેમને વાંચવા લખવા તથા મળવા હળવાનો ઓરડો ચારે બાજુ પુસ્તકો, પોથીઓ અને લખાણોથી ભરેલો રહેતો. એ ઓરડામાં દિવસ રાતનો વિચાર કર્યા સિવાય તેમણે અખંડ સાહિત્ય ઉપાસના કરેલી. તેમની સાહિત્ય ઉપાસના પાસે વકીલાતનું તેમનું કામ ગૌણ બની જતું. જ્યારે તેમને મળવા જાઓ ત્યારે તેઓ પોતાના સંશોધન કાર્યમાં મશગુલ બનેલા નજરે પડે. વાંચતાં લખતાં મધરાત વટાવી જવી એ તો તેમનો સામાન્ય કાર્યક્રમ હતો. સાહિત્યના ક્ષેત્રમાં તેમનું કાર્ય એક સમર્થ સંગ્રાહક અને સંશોધકનું હતું. ગુજરાતી જૈન સાહિત્ય આજે જે વિપુલ પ્રમાણમાં બહાર પડયું છે અને સમગ્ર ગુજરાતી સાહિત્યમાં તેને જે પ્રતિષ્ઠિત સ્થાન મળ્યું છે તેનો યશ મોટા ભાગે તેમના ફાળે જાય છે. જૈન પદ્ય સાહિત્યનો તો તેમણેજ જીર્ણોદ્ધાર કર્યો છે. જૈન સાહિત્યના ક્ષેત્રમાં તેઓ જે સંશોધનની પરિપાટી મૂકતા ગયા તેને ઉપાડી લે અને આગળ ચલાવે એવો આજે કોઇ જૈન હજુ નજરે પડતો નથી. જૈન સમાજને લગતા જાહેર જીવનમાં પણ તેમનું સ્થાન અતિ મહત્વનું હતું તેમની સ્થિતિ સાધારણ હોવા છતાં ખુશામત કે વાકપટુતા તેમનામાં કદિ જોવામાં આવી નહોતી. સ્પષ્ટ વકતૃત્વ એ તેમની વિશેષતા હતી. તેનો અમલ કરવા જતાં તેઓ અનેકની સાથે અથડામણમાં આવતા અને કદિ કદિ વાગ્‌યુદ્ધ પણ ખેલતા. આમ છતાં પણ તેમના દિલમાં કદિ પણ કોઇ વ્યક્તિ વિષે ઇર્ષ્યા કે દ્વેષ નહોતો. તેમનામાં એક પ્રકારની બેલદીલી. હતી. તેમનું દિલ સદા સાફ હતું અને સમાજની સાચી સેવા એજ તેમની અનન્ય નિષ્ઠા હતી. કોઇ કુડકપટ તેમને કદિ સ્પર્શતા નહોતા તેમજ એવી કોઇ મહત્વાકાંક્ષા પણ તેમને પીડતી નહોતી. પોતાના ક્ષેત્રમાં રહીને પોતાના સંયોગો અને તાકાતની મર્યાદા ધ્યાનમાં રાખીને નિઃસ્વાર્થ ભાવે શકય તેટલી સેવા કરવી, જ્યાં આગેવાની ભરેલો ભાગ ભજવવાનો આવે ત્યાં તે રીતે અને અન્યત્ર એક સામાન્ય અનુયાયી તરીકે પોતાની શક્તિનો સમાજને બને તેટલો લાભ આપવો એ જ કેવળ તેમના સમગ્ર જીવનનું પરમ લક્ષ્ય હતું. એવો કોણ જૈન હશે કે જેણે તેમની ગર્જનાઓ આજ સુધીમાં અનેકવાર જૈન સમાજની ભિન્ન ભિન્ન વ્યાસપીઠો ઉપરથી નહિ સાંભળી હોય? તેઓ જે કાંઇ બોલતા તેમાં સ્પષ્ટતા હતી, નિડરતા હતી, નિખાલસતા હતી. આવી જ રીતે ભિન્ન ભિન્ન સંસ્થાઓની કાર્યવાહીમાં તેમની બાજુએ બેસીને કે સામા બેસીને કામ કરવું, સહમતી અનુભવવી કે વિચારોની અથડામણમાં આવવું, અને એવી જ રીતે એકલા હોઇએ ત્યારે જૈન સમાજ, સાહિત્ય, કોંગ્રેસ, રાજકારણ, ધર્મરૂઢિઓ, સાધુસંસ્થાની વિશેષતાઓ અને વિકૃતિઓ વગેરે વિષયો ઉપર ચર્ચા કરવી, વિચાર વિનિમય સાધવો આ જીવનનો એક લ્હાવો હતો. તેઓ એક જીવતા માણસ હતા. આગળની પેઢીમાં તેઓ ઉછરેલા; વિનીત વલણોને સાધારણ રીતે વરેલા અને એમ છતાં નવા વિચારો સાથે મેળ મેળવવાનો સતત પ્રયત્ન કરતા. જુના પણ ખરા અને નવા પણ ખરા–અને એ બધી બાબતો ઉપરાન્ત એક નવયુવાન જેટલા ઉત્સાહ, ખન્ત અને ઉમળકાથી ભરેલા મોહનભાઇ–આવી એક વ્યક્તિને આમ અકાળે ઝુંટવી લઇને વિધાતાએ આપણુ સર્વ ઉપર ખરેખર અત્યન્ત નિષ્ઠુર પ્રહાર કર્યો છે. આજે જ્યારે આ સ્મરણોનોંધ લખું છું ત્યારે તેમનું ભાવભર્યું વ્યક્તિત્વ, સદા આવકાર આપતી તેમની સોહામણી મુખમુદ્રા, કાંઇ પણ નવીન વાત, વિચાર કે વસ્તુ જાણવાની તેમની હોંસ આ બધું કલ્પના પટ ઉપર આલેખાય છે અને આવી એક પ્રાણવાન વ્યક્તિએ આપણી વચ્ચેથી સદાને માટે હવે વિદાય લીધી એ હકીકતનું ભાન ચિત્તને શોકાતુર કરી મૂકે છે. આવી એક વિશિષ્ટ વિભૂતિ પોતાનો જીવન સંગ્રામ પુરો કરીને, અનેક મીઠાં સ્મરણો, અને પ્રેરક જીવનતત્વો મૂકીને અસીમ અનન્તતાના સાગરમાં વિલીન થઇ છે! આપણા તેમને અનેક વન્દન હો! પરમાત્મા તેમને પરમ શાન્તિ અર્પો!! તેમની જીવન ચર્યા આપણને અનેક રીતે બોધપ્રદ અને માર્ગદર્શક બનો!!!

પરમાનંદ

આઝાદ હિંદ ફૌજનાં યુદ્ધગીતો

સર પર તીરંગા, ઉંચા રહો જહાં મેં!

કૌમી ત્રિરંગે ઝંડે ઉંચા રહો જહાં મેં!
હો તેરી સરમ બંદી જ્યું ચાંદ આસમાં મેં?

તુ માન હય હમારા, તુ સાન હય હમારી,
તુ જીતકા નિશાં હો, તુ જાન હય હમારી.

હર એક બસરકી લત પર, ઝારી હય યે દુવાયે,
કૌમી ત્રિરંગી ઝંડા હમ શોખસે ઉડાયેં!

આકાશ ઔર જમીં પર હો તેરા બોલબાલા!
ઝુક જાયે તેરે આગે હર તાજ તખ્તવાલા!

હર કૌમકી નજરમેં તુ અમનકા નિશા ઓ!
હો ઐસે મુસ્સર સાયા તેરા જહાં હો.

મુસ્તાક બે નવાબી ખુશ હોકે ગા રહા હૈ,
શિર પર ત્રિરંગા ઝંડા જલવા દિખા રહા હૈ!

કૌમી ત્રિરંગે ઝંડે ઉંચા રહો જહાં મેં!

રાષ્ટ્રની આઝાદી

એજ અમારી પ્રેરણા હતી: એજ અમારી તમન્ના હતી

(બર્માની ઐતિહાસિક આઝાદ હિંદ ફૌજની કેટલીયે વિગતો આજે સામયિક પત્રોમાં પ્રગટ થઇ ચુકી છે. તે ફૌજના ત્રણ અગ્રગણ્ય સેનાનીઓ ઉપર કેટલાક આરોપોસર દીલ્હીમાંના લાલ કીલ્લામાં યોજાયલી લશ્કરી કોર્ટમાં આજે કેટલાક દિવસથી અતિ મહત્વનો મુકદ્દમો ચાલી રહેલ છે. સરકાર પક્ષે સર નસરવાનજી એન્જીનિયર અને બચાવ પક્ષે એડવોકેટ ભુલાભાઇ દેસાઇ, બેરીસ્ટર અસફઅલી, પંડિત જવાહરલાલ નહેરૂ અને અન્ય ધારાશાસ્ત્રીઓ ઉભા રહ્યા છે. જગ્યાના અભાવે આ કેસની વિગતો આ પત્રમાં પ્રગટ થઇ શકતી નથી. પ્રસ્તુત મુકદ્દમાં દરમિયાન કેપ્ટન શાહનવાઝખાન, કેપ્ટન સહગલ, અને લેફ્ટેનન્ટ ધીલન એ ત્રણ આરોપીઓએ જે બચાવનામા રજુ કર્યા છે તે ભારે પ્રેરક અને ચેતના પ્રદીપક હોઇને તેનો અનુવાદ અહિં પ્રગટ કરવામાં આવે છે. આ અનુવાદ કરી આપવા માટે શ્રી. સરલાબહેન સુમતિચંદ્ર શાહનો આભાર માનવામાં આવે છે. તંત્રી)

કેપ્ટન શાહનવાઝનું નિવેદન

કેપ્ટન શાહનવાઝખાને કોર્ટ સમક્ષ પોતાનું નિવેદન કરતાં જણાવ્યુ કે "મેં અપરાધ કર્યો નથી કે જેને માટે કોર્ટ મર્શલ કે બીજી કોઈ કોર્ટ તરફથી તપાસ થવી જોઇએ. બ્રીટન સામે યુધ્ધમાં ભાગ લેવાના મારી સામેના આરોપનો હું ઇન્કાર કરતો નથી. પરંતુ મેં આઝાદ હિન્દની કામચલાઉ સરકારના સભ્ય તરીકે એ કાર્ય કર્યુ હતું. એ સરકારે માતૃભૂમિ હિન્દની મુકિત માટે આધુનિક યુધ્ધના કાયદા પ્રમાણે યુધ્ધ જાહેર કર્યુ હતું અને એ સરકારના સૈન્યોને અમારી સામે લડતા બ્રીટીશ સૈન્યોએ પ્રતિપક્ષી તરીકે સ્વીકાર્યા હતા.

"જ્યારે મેં આઝાદ હિન્દ ફૌજમાં જોડાવાનો નિશ્ચય કર્યો ત્યારે મેં મારૂં જીવન મારૂં ઘર, મારૂં કુટુંબ અને વંશવારસાની રીતરસમરૂપ બ્રીટીશ તાજ પ્રત્યેની વફાદારીનું બલિદાન આપવાનો નિશ્ચય કર્યો. અને જો મારો સગોભાઇ પણ મારા માર્ગ વચ્ચે આવે તો તેની સામે પણ લડવાનું મેં નકકી કર્યુ. ૧૯૪૪ માં થયેલા યુધ્ધો દરમ્યાન અમે સામ-સામા લડયા હતા અને એ ઘવાયો હતો. શીન ટેકરીઓમાં થયેલા યુધ્ધ સમયે હું અને મારો પિત્રાઇ લગભગ દરરોજ બે મહિના સુધી સામસામા લડયા હતા. અમારી સામે એકજ પ્રશ્ન હતો કે રાજાને વફાદાર રહેવું યા દેશને? મેં મારા દેશને વફાદાર રહેવાનું નકકી કર્યુ અને મારા નેતાજી સુભાષચંદ્ર બોઝને વચન આપ્યું કે હું મારા દેશને ખાતર મારી જાતનું બલિદાન આપીશ."

ખુનને ઉત્તેજન આપવાના આરોપનો ઇન્કાર કરતાં કેપ્ટન શાહનવાઝ ખાને જણાવ્યું કે "તાજના ધારાશાસ્ત્રીએ રજુ કરેલી હકીકતો ખરી હોય તો પણ મારો અપરાધ સાબીત કરી શકાય તેમ નથી. મહમદ હુસેન સ્વેચ્છાએ આઝાદ હિન્દ ફૌજમાં જોડાયો હતો અને એના શિસ્તને તાબે થયો હતો. કટોકટીની ક્ષણે એણે એ ફૌજ-માંથી નાસી જવાનો પ્રયત્ન કર્યો હતો અને બીજાઓને તેમ કરવા ઉશ્કેર્યા હતા. એ જો પોતાના પ્રયાસમાં સફળ નિવડયો હોત તો મારી સરદારી હેઠળના દળોની માહીતી બ્રીટીશો પાસે તે લઇ ગયો હોત જે અર્થ અમારે માટે પૂરેપૂરી આફત રૂપ નીવડત. આઝાદ હિન્દ ફૌજના કાયદા પ્રમાણે અને બધા સભ્યદેશોના લશ્કરી કાયદા પ્રમાણે પણ આ ગુન્હો મોતની સજાને યોગ્ય ગણાય એટલો ગંભીર અને ઘૃણા-પાત્ર હતો. આમ છતાં મેં એને મોતની સજા કરી અથવા મારા હુકમથી એને હાર કરવામાં આવ્યો એ ખોટું છે. મહમદ હુસેન અને તેના સાથીદારોને ઔપચારિક રીતે મારી સમક્ષ ઉભા કરવામાં આવ્યા હતા. તેમની સામે તહોમતનામું ઘડવામાં આવ્યું નહોતું. મેં મહમ્મદ હુસેનને સખ્ત ચેતવણી આપતાં જણાવ્યું કે તેણે એવો અપરાધ કર્યો છે કે તેને માટે તે હાર થઇ શકે અને તેને હાર કરવો જોઇએ. ગમે તેમ મેં તે વાત લાંબ પડતી મૂકી અને આરોપીને ફરી મારી સમક્ષ યા તો રેજીમેંટના સરદાર સમક્ષ ઉભો કરવા જણાવ્યું. રેજીમેંટના સરદારને આવા કેસો તપાસવાની સત્તા આપાઇ હતી. કેસ મારી સમક્ષ ફરી આવ્યો નહિ કારણ કે એવી પરિસ્થિતિ પાછી ઉપસ્થિત થઈ નહિ."

પોતાના કુટુંબની બ્રીટીશો સાથેના સંબંધની ઉપરેખા વર્ણવતા કેપ્ટન શાહનવાઝ ખાને જણાવ્યું કે "મારા પિતાએ ત્રીસ વર્ષ સુધી હિંદી લશ્કરમાં સેવા કરી હતી. પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં મારા કુટુંબના તમામ સશક્ત માણસો લશ્કરમાં જોડાયા હતા. અત્યારે એમાંના ૮૦ કુટુંબીઓ ઓફીસર તરીકે હિંદી લશ્કરમાં સેવા બજાવી રહ્યા છે. પોતે એ કુટુંબનો છું કે જેમની તાજ પ્રત્યેની વફાદારી એ એક અણમોલી પરંપરા ગણાય. જાપાનને હાથ કેદ પકડાયા બાદ મેં મારી નીચેના માણસોના લાભ માટે આઝાદ હિન્દ ફૌજમાં સ્વયંસેવક તરીકે જોડાવાનો નિર્ણય કર્યો હતો. જો એ ફૌજ જાપાનની શોષણનીતિ આગળ નમતું આપે તો એમાં ભાંગફોડ કરવાનો અથવા તો એ ફૌજને છિન્નભિન્ન કરી નાંખવાનો મેં મકકમ નિર્ણય કર્યો હતો."

આગળ ચાલતાં શાહનવાઝખાને જણાવ્યું કે 'નેતાજી સુભાષચંદ્ર બોઝને મેં હિન્દમાં કદી જોયા નહોતા તેમજ એમની પ્રવૃત્તિ વિષે પણ હું જાણતો નહોતો. પણ મલાયામાં મેં બોઝના સંખ્યાબંધ ભાષણો સાંભળ્યાં એની મારા પર ગંભીર અસર થઇ. એમના ભાષણો અને વ્યકિતત્વે મારા પર જાદુઇ અસર કરી એમ કહેવામાં હું જરાપણ અતિશયોકિત કરતો નથી. એમણે અમારી સામે હિન્દુસ્તાનનું સાચું ચિત્ર રજુ કર્યુ. જીવનમાં પહેલીજવાર હિન્દને એક હિંદી ની નજરે જોયું. સુભાષ બોઝનો સ્વાર્થત્યાગ, એમની દેશ પ્રત્યેની ભકિત એમની નિખાલસતા, જાપાનની ઇચ્છાઓ આગળ નમતું આપવાની એમની સાફ ના, એ બધાએ મારા પર ખુબ અસર કરી.'

શાહનવાઝખાને જણાવ્યું કે 'અમને ગમે યા ન ગમે પણ જાપા-નીઓએ હિંદમાં આવવાનો ચોકકસ નિર્ણય કર્યો હતો અને હિંદની ધરતી પર યુદ્ધ થવાની પુરી સંભાવના હતી, કારણ કે બ્રીટીશ દળો જાપાનીઓની આગેકુચ અટકાવી શકશે એમ હું માનતો નહોતો. અમે મલાયા પરનું આક્રમણ નિહાળ્યું હતું અને એનું પુનરાવર્તન હિંદમાં જોવા અમે ઇચ્છતા નહોતા. અમે ધ્યાર્યું મલાયામાં લાચાર યુધ્ધ કેદી તરીકે પડયા રહેવા કરતાં માસા દેશના સ્વમાન, માલમિલકત અને જીવનના રક્ષણ માટે હાથમાં રાઇફલ લઉં તો હું વધું ઉપયોગી નિવડીશ. આઝાદ હિન્દ ફૌજમાં અમે એવા માણસોની ભરતી કરી હતી કે જે જરૂર પડતાં–જાપાનીઓ બેવચની નિવડે તો–તેમની સામે લડવા તૈયાર રહે. આ વસ્તુસ્થિતિ ફરીયાદ પક્ષના સાક્ષીઓએ પુરવાર કરી આપી છે." આઝાદ હિન્દ ફૌજમાં જોડાવા માટે યુદ્ધકેદીઓ પર દબાણ કરવાનો એમણે ઇન્કાર કર્યો હતો અને આઝાદ હિન્દ ફૌજમાં જોડાવા માટે કોઈ પર દબાણ ન થાય એ જોવા માટે એમણે ઓફીસરોને સખ્ત સજા થશે એવી ચેતવણી આપી હતી. નેતાજી સુભાષચંદ્ર આઝાદ હિન્દ ફૌજમાં જે માણસો સંપૂર્ણ આત્મભોગ આપવા તૈયાર ન હોય તેમને ફૌજ છોડી જવાની ચેતવણી આપી હતી અને ફૌજમાં રહેનારાઓને તેમણે ભૂખ, તરસ સખ્ત કુચ અને છેવટે મૃત્યુનો સામનો કરવા તૈયાર રહેવાની ચેતવણી આપી હતી.

કે. શાહનવાઝ ખાને આગળ ચાલતાં જણાવ્યુ કે "મેં મારી નજરે દૂરપૂર્વના ગરીબ હિન્દીઓને પોતાનું સર્વસ્વ આપતાં જોયા અને આખા કુટુંબો આઝાદ હિંદ ફૌજમાં જોડાતા અને પોતાના દેશને માટે ફકીર બનતાં જોયા. મને લાગ્યું કે અમને એક ખરેખરો નેતા

મળ્યો છે. જ્યારે એમણે લાખો ગરીબ નિઃશસ્ત્ર અને લાચાર હિન્દીઓ વતી તેમની મુક્તિ માટે આત્મભોગ આપવાની અમને વિનંતિ કરી ત્યારે કોઈપણ સ્વમાનશીલ હિંદી તેમને માટે આટલો ત્યાગ કરવાની ના પાડી શકે તેમ નહોતું.''

મને ખરા નેતા પ્રાપ્ત થયા અને તેમને અનુસરવાનો મેં નિશ્ચય કર્યો. મારા જીવનનો એ મહાન નિર્ણય હતો. એમાં બ્રીટીશ લશ્કરમાં લડતા મારા સંખ્યાબંધ સ્નેહી સંબંધીઓ કે જેમને હું મારી દૃષ્ટિએ વસ્તુસ્થિતિ સમજાવી શકું તેમ નહોતું તેની મને ખાત્રી હતી. તેમની સાથે મારે લડવાનું હતું.''

લશ્કરમાં ચાલતી ભેદભાવની નીતિ વિષે એમણે લંબાણ નિવેદન કરતાં જણાવ્યું કે ''જ્યારે મેં બ્રીટીશોના હાથે શોષાઇ રહેલા અને ભૂખે મરતા કરોડો હિન્દીઓ અને એ શોષણ સરળ બનાવવા ખરાદાપૂર્વક તેમને અજ્ઞાન અને અભણ રાખવા માટે થતા પ્રયાસો જોયા ત્યારે મારા દિલમાં હિન્દની રાજ્યપદ્ધતિ સામે તિરસ્કાર પેદા થયો. એ રાજ્ય પધ્ધતિ મને કેવળ અન્યાય પર રચાયેલી જણાઇ અને એ અન્યાય દૂર કરવા મેં મારા સર્વસ્વનો બલિદાન આપવા નિર્ણય કર્યો. હું તમારા અને મારા દેશબંધુઓના ધ્યાન પર એ વસ્તુ લાવવા માગું છું કે જે મુશ્કેલીઓનો સામનો આઝાદ હિન્દી ફોજે કર્યો હતો તે કોઇ પણ ભાડુતી લશ્કર કરી ન જ શકત. અમે હિન્દની આઝાદી માટે લડતા હતા.''

કેપ્ટન સહગલનું નિવેદન

કેપ્ટન સહગલે પોતાને કેવા સંયોગોમાં આઝાદ હિન્દ ફોજમાં જોડાવાની ફરજ પડી તેનું બ્યાન કર્યું હતું. તેમણે ૧૯૪૨ ના ફેબ્રુઆરીની ૧૭ મી તારીખે સીંગાપુરમાં ફરાર પાર્કમાં મળેલી સભાનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું કે ત્યાં લેફ્ટ. કર્નલ હંટે, હિંદી ઓફીસરો તથા સૈનીકોને ઘેટાંઓના ટોળાની જેમ જાપાનીઓને સોંપી દીધા. કેપ્ટન સહગલે આગળ ચાલતા જણાવ્યું. કે ''અમને આ બાબત મોટા ફટકારૂપ નિવડી. હિન્દી સૈન્યે અનેક મુશ્કેલીઓ સામે લડાઇ કરી હતી અને તેના બદલામાં બ્રીટીશ વડા સત્તાધારીઓએ તેમને સંપૂર્ણપણે જાપાનીઓની દયા પર છોડી દીધા. અમને લાગ્યું કે બ્રીટીશ સરકારે પોતાની મેળેજ બ્રીટીશ તાજ સાથે સાંકળતાં બધાજ બંધનો તોડી નાખ્યા અને તેના પ્રત્યેની જવાબદારીમાંથી અમને મુક્ત કર્યા. જાપાનીઓએ અમને કેપ્ટન મોહનસિંગને સુપ્રત કર્યા. કે. મોહનસિંગને હિંદી આઝાદ સેનાના વડા સેનાપતિ તરીકે ગણવામાં આવતા હતા. અમને અમારૂં ભાવી ઘડવા તેમના હાથ નીચે મુક્તપણે મૂકવામાં આવ્યા હતા. અમે માન્યું કે બ્રીટીશ તાજે અમને રક્ષણ આપવાનું બંધ કર્યું હોવાથી અમારી પ્રત્યેની વફાદારીની તે તાજ અપેક્ષા રાખી ન શકે.'

કે. સહગલે ૧૯૪૨ ના 'હિંદ છોડો'ના ઠરાવ બાદ હિંદમાં બનેલા બનાવોનો નિર્દેશ કરતાં કહ્યું કે 'ઓલ ઇન્ડીયા રેડીઓ અને બી. બી. સી. એ હિંદમાં બનતા બનાવો પર પડદો નાખી દીધો હોવા છતાં હિંદમાં કયાંક કયાંક કામ કરતા છૂપા રેડીઓ સ્ટેશનો અને જાપાનીસ તથા બીજા ઘરી પ્રદેશોમાં ચાલતા રેડીઓ સ્ટેશનો હિંદના બનાવો અને આઝાદીની લડતને દાબી દેવા સરકાર તરફથી લેવાતા પગલા વિષે છૂટથી ખબર આપતા હતા. આ ખબરો ઉપરથી જણાતું હતું કે ૧૮૫૭ ના બળવા પછી જેવું દમનરાજ શરૂ થયું હતું તેવું જ હિંદમાં શરૂ થયું હતું. આ વિષય સંબંધે બ્રીટીશ અને હિંદી પત્રો અને સત્તાવાર બ્રોડકાસ્ટીંગ એજન્સીએ સંપૂર્ણ ચુપકીદી સેવી હોવાથી બીજા બ્રોડકાસ્ટની સચ્ચાઇ વિષે અમને શંકા કરવાનું કંઇ કારણ નહોતું. એ કહેવાની જરૂર નથી કે આને લીધે અમે જે સગાંસ્નેહીઓને પાછળ મૂકી આવ્યા હતા તેમના સંબંધી ભયંકર ચિંતાએ અમારા દિલમાં વાસ કર્યો અને અમારા દેશને શાશ્વત ગુલામીમાં રાખવાનો નિરધાર કરી બેઠેલા બ્રીટીશ સામ્રાજ્યવાદ પ્રત્યે કટ્ટર રોષની લાગણી પેદા થઇ.''

'હિંદના બચાવને લગતી અમારી પાસે જે માહિતી હતી તે કોઇપણ રીતે ઉત્સાહજનક નહોતી. અમારામાંના ખુબ આશાવાદીઓ પણ જાપાનીઓની આગેકુચને અટકાવવાની બ્રીટીશ તાકાતમાં ખાત્રી ધરાવતા નહોતા. લાંબી વિચારણા પછી અમને એકજ ઉપાય જણાયો, તે એ કે જાપાનીસ લશ્કરની સાથેજ હિંદમાં કુચ કરી શકે તેવું બળવાન અને શિસ્તબધ્ધ લશ્કર ઉભું કરવું કે. જે અત્યારના પરદેશી શાસનમાંથી હિંદને મુક્ત કરવા ઉપરાંત જાપાનીઓ તરફની સંભવિત પજવણીમાં પોતાના દેશબંધુઓને રક્ષણ આપી શકે અને બ્રીટીશોને સ્થાને હિંદમાં રાજકર્તા બનવાનો જાપાનીઓ પ્રયત્ન કરે તો તેમને તેમ કરતા રોકે.'

''હું આઝાદ હિન્દ સેવામાં જાપાનીસોની ગેરવર્તણુકના ભમને કારણે યા તો સ્વાર્થ કે ભાડુતી હેતુઓ માટે જોડાયો નહોતો. ૧૯૪૨ ના સપ્ટેમ્બરમાં આઝાદ હિન્દ સેનાના કેપ્ટન તરીકે મને મહિને માત્ર ૮૦ ડોલર જ મળતા હતા. જો હું એમાંથી બહાર રહ્યો હોત તો ૧૨૦ ડોલર મેળવી શકયો હોત. હું માત્ર દેશ પ્રેમથી ખેંચાઇને જ આઝાદ હિન્દ સેનામાં જોડાયો હતો.''

કે. સહગલે યુધ્ધ કેદી તરીકેના બધા અધિકારો પોતાને મળવા જોઇએ એવો દાવો કરતાં જણાવ્યું કે ''તા. ૯ મી એપ્રીલ, ૧૯૪૫ ના બ્રીટીશ દળોના સેનાપતિ, કે જેને તેઓ પોતે અને બીજા ઓફીસરો અને પોતાના હાથ નીચે લડતા માણસો શરણે થયા હતા તેમના પર એક યાદી મોકલી હતી.'' (આ યાદીની પહોંચનો બહાદુરગઢ વિસ્તારના મુખ્ય મથકેથી તા. ૧૨-૧૦-૪૫ ના પત્રમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. પણ તેની મૂળ નકલ મળી શકતી નથી તેવું જણાવવામાં આવ્યું હતું.) કે. સહગલે તેમાં ખુલ્લી રીતે જણાવ્યું હતું કે 'અમે ફકત યુધ્ધકેદીઓ તરીકેજ શરણે આવવા તૈયાર છીએ. આ યાદીના જવાબમાં શરણાગતિ વિષે અમે રજુ કરેલી શરતો સામે વાંધો ઉઠાવ્યા વિના શરણાગતિ પછી અમને યુધ્ધકેદીઓ તરીકેજ ગણવામાં આવ્યા હતા. જો અમને જણાવવામાં આવ્યું હોત કે અમારી શરણાગતિની શરતો બ્રીટીશ સેનાપતિને કબુલ નથી તો અમે લડાઇ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો અને અમે તેમ કરવાની સ્થિતિમાં હતા. અમે લગભગ ૬૦૦ સૈનિકો સંપૂર્ણ શસ્ત્રસજ્જ હતા અને અમારામાંનો પ્રત્યેક સૈનિક અમારા દેશને માટે લોહીના છેલ્લા ટીપા સુધી લડવા તૈયાર હતો.''

ખુનને ઉત્તેજન આપવાના આરોપ સંબંધે કેપ્ટન સહગલે કહ્યું કે ''આરોપનામામાં જણાવેલા ચાર સીપાઇઓની સામે મેં કામ ચલાવ્યું હતું. તેઓ અપરાધી સાબિત થયા હતા અને તેમને મોતની સજા કરવામાં આવી હતી. જો કે સજાનો અમલ કરવામાં આવ્યો નહોતો. પણ એવાજ પ્રકારના મુકદ્દમામાંથી પસાર થયેલા અને લગભગ એજ સમયે સજા પામેલા બીજા ગુન્હેગારોની માફક તેમને પણ દિલગીરી જાહેર કરવાથી અને ભવિષ્યમાં એવી ગેરવર્તણુક નહિ ચલાવવાની ખાત્રી આપવાથી માફી આપવામાં આવી હતી. સજા થયાની હકીકતનો પ્રચાર માટે અને બીજા ભાગી જતા અટકે એ હેતુથી ઉપયોગ કરવામાં આવતો હતો. આ સજાનો અમલ કરવામાં આવ્યો હોય તો પણ મારા પર ખૂનનો આરોપ મૂકી શકાય નહિ. ચારે અપરાધીઓ સ્વેચ્છાએ આઝાદ હિન્દ સૈન્યમાં જોડાયા હતા અને તેના શિસ્તને તાબે થયા હતા અને સ્વેચ્છાએ અને ખુશીથી તેમણે આવતી લડાઇમાં ભાગ લેવાનું સ્વીકાર્યું હતું. તેઓ શરમજનક રીતે, જ્યારે કાર્ય ચાલુ હતું ત્યારે દુશ્મનના સૈન્ય તરફ નાસી ગયા હતા. તેમણે એવો અપરાધ કર્યો કે જેને માટે આઝાદ હિન્દ ફોજના અને દુનિયાના લશ્કરી કાનુન પ્રમાણે મોતની સજાને પાત્ર ગણાય.'

આઝાદ હિન્દ ફોજનું રક્ષણનું કાર્ય

'આઝાદ હિંદ ફોજ હિંદને મુક્ત કરવાના પોતાના પ્રાથમિક કાર્યમાં નિષ્ફળ નિવડી તો પણ અમારામાંના પ્રત્યેકને એ વાતનો સંતોષ હતો

કે આ. હિં. ફોજે મલાયા, બર્મા અને અગ્નિ એશિયાના બધા જ મુલકોના આક્રમણકારોની સામે હિંદીઓના જાન, માલ મિલ્કત અને આબરૂનું રક્ષણ કરવાનું કાર્ય સિદ્ધ કરી બતાવ્યું હતું. આ મુકદમાની શરૂઆત થયા પછી રંગુનની ક્રિશ્ચિયન એસોસીએશનના તથા બર્મા ઇન્ડીયન એસોસીએશનના પ્રમુખ તરફથી મને જે તારો મળ્યા છે તે આ હકીકતનો પુરાવો આપે છે."

લેફ્ટેનન્ટ ધીલનનું નિવેદન

લેફ્ટ. ધીલને પોતાના નિવેદનમાં જણાવ્યું કે "દેહરાદુનની લશ્કરી શાળાના ચેટવુડ હોલમાં આ શબ્દો કોતરેલા છે: 'હંમેશા દર વખતે તમારા દેશની સલામતી, સ્વમાન અને કલ્યાણનો પ્રશ્ન મોખરે રહેવો જોઇએ. તમે જે માણસોના સેનાપતિ છો તેમની સ લામતી, સુખ-સગવડ અને ભલાઇનો પ્રશ્ન હંમેશા અને હર પ્રસંગે છેલ્લો હોવો જોઇએ.' આ આદર્શને મારી સમક્ષ રાખીને હું આઝાદ હિંદ ફોજમાં એક અમલદાર તરીકે જોડાયો હતો અને મારા દેશની મેં સેવા બજાવી છે." ત્યારબાદ સિંગાપુરની શરણાગતી અને કે. મોહનસિંહને હાથે આઝાદ હિંદ ફોજની રચના થઇ ત્યાર સુધીના બનાવોનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું કે "જેમનું રક્ષણ કરવાની જવાબદારી બ્રીટીશ સરકારે માથે લીધી હતી તે મલાયાના લોકોની જાપાનીસ આક્રમણથી જે દુર્દશા થઇ તે જોતાં હિંદ પર આક્રમણ થાય તો મારા દેશબંધુઓની કેવી દુર્દશા થાય તેનો મને વિચાર આવ્યો અને ધુજારી છુટી."

"દોઢસો વર્ષના બ્રીટીશ અમલ દરમ્યાન મારા કમનશીબ દેશની જે પાયમાલી થઇ છે તે પણ તે વખતે મને સમજાયું. મેં મનમાં વિચાર કર્યો કે બ્રીટીશોએ પોતાના લાભાર્થે અમારી સાધન સામગ્રીનું ભારે શોષણ કર્યું છે. પોતાના શાહી યુદ્ધો માટે અમારી માનવશક્તિનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે. જરૂરને સમયે અમારા દેશનું રક્ષણ કરવા એમણે અમને તૈયાર કર્યા નથી પણ અમને હંમેશા ગુલામીમાં રાખ્યા છે અને દુર્બળ બનાવ્યા છે."

"કે. મોહનસિંગે જે આઝાદ હિંદ સેના ઉભી કરવાની યોજના કરી હતી તેમાં મને હિંદ માટે નવી આશાનાં કિરણો દેખાયાં. મને લાગ્યું કે આ ક્ષણે એક બળવાન અને સ્વયંપ્રેરિત રાષ્ટ્રીય લશ્કર ઉભું કરી શકાય તો એ હિંદને પરદેશી શાસનથી મુકત કરી શકે એટલું જ નહિ પણ જો જાપાનીસો વચનભંગ કરે અને આપણને આઝાદી પ્રાપ્ત કરવામાં મદદ કરવાને બદલે પોતાના લાભાર્થે આપણા દેશનું શોષણ કરવા ધરછે તો તેનો પણ સામનો કરી શકે. ભારત-માતાનો સાદ જાણે કે મને સંભળાતો હોય તેમ મને લાગ્યું અને એ અવાજને માન આપવાનો મેં નિર્ણય કર્યો. અને કે. મોહનસિંગ સાથે મેં મારૂં ભાગ્ય જોડી દીધું."

કે. ધીલને શ્રી. સુભાષચંદ્ર બોઝના સેનાપતિપણા નીચે ઉભી કરાયેલી બીજી આઝાદ હિંદ ફોજમાં ચાલુ રહેવાના નિર્ણય વિષે સમજાવતાં જણાવ્યું કે "આઝાદ હિંદ ફોજમાં જોડાવા માટે કોઈ પણ યુદ્ધકેદી પર દબાણ કરવામાં આવ્યાનું મારી જાણમાં નથી. આવા હેતુ માટે બળ કે દબાણની બીલકુલ જરૂર જ નહોતી કારણ કે અમારી પાસે સંખ્યાબંધ સ્વયંસેવકો હતા કે જેમને બધાને અમે શસ્ત્રો પણ પૂરા પાડી શકવા અસમર્થ હતા અને સાધનોના અભાવે પૂરી તાલીમ પણ આપી શકતા ન હતા."

પોતે આપેલાં ભાષણો વિષે કહેતાં લેફ્ટ. ધીલને કહ્યું કે "હું સભાજનોને કહેતો કે જો તમને તમારા દેશ પ્રત્યે પ્રેમ હોય અને બધી મુશ્કેલીઓ અને હાડમારીઓનો સામનો કરવા તમે તૈયાર હો તો જ તમારે આઝાદ હિંદ ફોજમાં જોડાવું. મોરચા પર જતી વખતે પણ હું મારા માણસોને ચેતવણી આપતો. કેટલાક ઓફીસરો અને માણસો કે જેમની સંખ્યા ૨૦૦ જેટલી હતી તેમણે નાખુશી બતાવતાં મારી રેજીમેંટે મીંયાન છોડયું તે પહેલાં તેમને પાછા રંગુન મોકલી આપવામાં આવ્યા હતા."

"ફરીયાદપક્ષના કેટલાક સાક્ષીઓએ એમ જણાવ્યું છે કે આઝાદ હિંદ ફોજમાં જોડાવા માટે દબાણ કરવા અટકાયતી છાવણીઓમાં યુદ્ધ કેદીઓને મોકલવામાં આવ્યા હતા તે તદ્દન જુઠું છે. અટકાયતી છાવણીનું અસ્તિત્વ જ નહોતું. પણ જેઓ શિસ્તભંગ યા બીજા કોઇ ગુન્હા માટે અપરાધી ઠર્યા હોય તેમને માટે એક છાવણી રાખવામાં આવી હતી. તેમને સજા માટે ત્યાં રાખવામાં આવતા. એને આઝાદ હિંદ ફોજની ભરતી સાથે કંઇ સંબંધ નહોતો એથી ઉલટું અહિં રાખવામાં આવતા યુદ્ધ કેદીઓને તેઓ માગણી કરે તોપણ સ્વયંસેવક તરીકે આઝાદ હિંદ ફોજમાં લેવામાં આવતા ન હતા, તેમને એ છાવણીમાં રાખવામાં આવ્યા એ બતાવે છે કે એમના ચારિત્રમાં કંઇક એબ હતી તેથી તેમને આઝાદ હિંદ ફોજમાં જોડાવા માટે નાલાયક ગણવામાં આવ્યા હતા. ફરીયાદ પક્ષના સાક્ષીઓએ પોતાની જાતને બચાવવા અને સરકારની કૃપા મેળવવા આ અંગે જુઠ્ઠી અને બનાવટી હકીકતો રજી છે. યુદ્ધના દરેક તબક્કે સૈનિકોને જો ઇચ્છે તો ફોજ છોડી જવાની તેમને છૂટ આપવામાં આવી હતી અને આજ કારણે અઢવાડિયાઓ સુધી દુશ્મનની હરોળથી બે માઇલની અંદર રહેવા છતાં મારા કોઇ પણ માણસે દુશ્મનને પોતાના સ્થાન વિષે બાતમી પહોંચાડી ન હતી ઘણી વાર મારે ૨૦ થી ૩૦ કલાક સુધી પાણી વગર અને બેથી ત્રણ દિવસ ખોરાક વગર ચલાવવું પડતું. બ્રીગેડ કમાન્ડર તરીકે મારે આટલી હાડમારીઓ વેઠવી પડતી તો મારા માણસોને તો આનાથી કેટલું વધારે સહન કરવું પડયું હશે? આમ છતાં પણ તેઓ મારી સાથે જ રહ્યા. બળજબરી અને દબાણથી જોડાયેલા માણસો આ પ્રમાણે સહન કરે જ નહિ."

"એ ખરૂં છે કે ચાર માણસોને ફોજ છોડી જવાના અને દુશ્મન સાથે સંપર્ક સાધવાના આરોપસર સજા કરવામાં આવી હતી. પણ એ તદ્દન બોટું છે કે તેમને મારા કહેવાથી કે મારા હુકમથી ઠાર કરવામાં આવ્યા હતા. જે દિવસે એમને ઠાર કરવામાં આવ્યાનું કહેવાય છે તે દિવસે અને તે સમયે હું તો પથારીવશ હતો અને હલન-ચલન કરવા અસમર્થ હતો. હકીકત એ છે કે જે માણસોને મૃત્યુની સજા કરવામાં આવી હતી તે ડીવીઝનલ સેનાપતિએ રદ કરી હતી. તેનો અમલ કરવામાં આવ્યો ન હતો."

"મેં જે કંઇ કર્યું છે તે આઝાદ હિન્દુસ્થાનની કામચલાઉ સરકારના આશ્રય નીચે લડતા એક વ્યવસ્થિત લશ્કરના સભ્ય તરીકે કર્યું છે. એટલે હિંદી લશ્કરી કાનુન પ્રમાણે તેમજ હિંદના ફોજદારી કાયદા પ્રમાણે ઉપરોક્ત સૈન્યના સભ્ય તરીકે ફરજો બજાવવા માટે મારા પર કામ ચલાવી શકાય નહિ."

"મને સલાહ આપવામાં આવી છે કે લશ્કરી દૃષ્ટિએ મારી તપાસ ગેરકાયદેસર છે. હું આઝાદ હિંદ ફોજમાં શુદ્ધ ભાવથી જોડાયો હતો. આઝાદ હિંદ ફોજના સભ્ય તરીકે હું ઘણા યુદ્ધ કેદીઓને પૈસા અને સાધન સામગ્રીની મદદ કરી શકયો હતો. આઝાદ હિંદ ફોજ દૂર પૂર્વમાં વસતા હિંદીઓના જાન-માલ અને સ્વમાનનું રક્ષણ કરી શકી હતી. જાપાનીસો દ્વારા-જુદા જુદા આરોપ માટે મોતની સજા પામેલા નાગરિકો તથા યુદ્ધકેદીઓના જાન મેં બચાવ્યા હતા. જાપાનીસોને હિંદ પર બોંબમારો ન કરવા સમજાવ્યા હતા. મેં જાપાનીસોને હિંદના શહેરોમાં વસતા નાગરિકો અને તેમના માલમિલ્કત પર બોંબમારો કરતા અટકાવ્યા હતા. અને દૂર પૂર્વમાં વસતા હિંદીઓએ આઝાદ હિંદ ફોજે બજાવેલી તેમની સેવાની કદર તરીકે આઝાદ હિંદ ફોજની કામચલાઉ સરકારના ફંડમાં કરોડો રૂપિયા ભર્યા હતા."

અનુવાદક **સરલાબહેન સુમતિચંદ્ર શાહ.**

ચલો દિલ્હી પુકારકે નિશાં લહરાય જા

કદમ કદમ બઢાય જા ખુશીકે ગીત ગાયે જા!
યહ જીંદગી હય કૌમકી તો કૌમપે લૂટાયે જા!
તું શેરે હિંદ આગે બઢ મરનેસે શીર ભી તુ ન ડર!
આસમાન તક ઉઠાયે સર જોશે બતન બઢાયે જા!
તેરી હિમત બઢતી રહે ખુદા તેરી સુનતા રહે!
જો સામને તેરે ચડે તે ખાકમેં મિલાયે જા
ચલો દિલ્હી પુકારકે કૌમી નિશાં સંભાલકે!
લાલ કીલે ગાઢકે લહરાય જા, લહરાય જા!

બાલજીવનનાં રહસ્યો

(ડૉ. મોન્ટેસોરીનાં અદયારનાં પહેલાં ૭ ભાષણો ઉપરથી)

(૧)

અત્યાર સુધી એમ મનાતું આવ્યું છે કે બાળક શક્તિવિહીન છે, અને પુખ્ત વયના માણસો તેમનો વિકાસ સાધે છે. આ માન્યતા બરાબર નથી. બાળકનું શરીર જેમ એની મેળે દિવસે દિવસે વધતું જાય છે, બાળકના ભાષાજ્ઞાનમાં જેમ દિવસે દિવસે વૃદ્ધિ થતી જાય છે, તેમ બાળકના સમગ્ર જીવનમાં દિવસે દિવસે વિકાસ થતો જાય છે.

આ વિકાસ અમુક જાતનો જ થાય છે. જે વખતે જે જાતનો વિકાસ બાળકના જીવનમાં થવાનો શકય હોય તે વખતે તે વિકાસને અનુકૂળતા ન મળે તો તે વિકાસ થતો રહી જાય છે. બાળકમાં અમુક વસ્તુના વિકાસનો કાળ ગયા પછી બીજી વસ્તુના વિકાસનો કાળ આવે છે; બીજી વસ્તુના વિકાસકાળ પછી ત્રીજી વસ્તુનો વિકાસકાળ આવે છે; અને આમ ઉત્તરોત્તર વિકાસની પરંપરા ચાલ્યા કરે છે. બાળકના આ વિકાસના પરિણામે બાળકમાંથી મનુષ્ય પરિણમે છે.

વિકાસની આ શક્તિ બાળકમાં રહેલી છે તે આપણે શારીરિક તેમજ માનસિક બાબતમાં જોઇ શકીએ છીએ. બાળકના દાંત પડી જતાં તેની જગ્યાએ નવા દાંત આવે છે. આ ઉપરથી જોઇ શકાય છે કે બાળકમાં શારીરિક વિકાસની શક્તિ રહેલી છે. તદ્દન નાનું બાળક બે અઢી વર્ષમાં જ નવી આખી ભાષા શીખી લે છે. આ બતાવે છે કે બાળકમાં માનસિક વિકાસ કરવાની પણ શક્તિ રહેલી છે.

બાલ્યકાળથી માંડીને માણસ જેમ જેમ આગળ પગલાં માંડતું જાય છે, તેમ તેમ આ વિકાસની શક્તિનું જોસ દિવસે દિવસે ઓછું થતું જાય છે. ઉપર જણાવ્યું કે બાળકના દાંત પડી જતાં તેની જગ્યાએ નવા દાંત આવે છે; પરંતુ આપણે જાણીએ છીએ કે મોટા માણસના દાંત પડી જતાં નવા દાંત આવી શકતા નથી. વળી બાળક અઢી વર્ષમાં આખી ભાષા શીખી શકે છે; પણ મોટો માણસ નવી ભાષા તેટલા વખતમાં બરાબર શીખી શકતો નથી.

બાળક વિકાસને અનુકૂળ તત્ત્વો વાતાવરણમાંથી મેળવે છે. બાળકનું વ્યકિતત્વ વાતવરણને જ આધીન છે એમ નથી. બાળક ઊલટું વાતાવરણને પોતાને અનુકૂળ રીતે વાપરે છે. આ પ્રમાણે જોઇ શકીએ છીએ કે બાળક એ વિધેય નથી, પણ વિધાતા છે. ટૂંકામાં બાળક એ મનુષ્યનો જનક (નિર્માતા) છે.

(૨)

પ્રાણીઓનાં બચ્ચાં જન્મે છે તે વખતે તેમની જે પરિસ્થિતિ હોય છે તેના કરતાં જુદી જ પરિસ્થિતિ મનુષ્યબાળના જન્મ વખતે હોય છે. પ્રાણીઓનાં બચ્ચાં જન્મે છે તે વખત તેમાંનાં ઘણાંખરાં ઊભાં થઈ શકે છે, ચાલી શકે છે, તરી શકે છે, વગેરે. આ પ્રમાણે જે જે જાતની ક્રિયાઓ કરવાની શકિત મોટાં પ્રાણીઓમાં હોય છે, તે તે જાતની ક્રિયાઓ તેમનાં બચ્ચાં જન્મતાંવેંત કરી શકે છે. મનુષ્યબાળ જન્મતાંવેંત પુખ્ત મનુષ્ય જે ક્રિયાઓ કરી શકે છે, તેમાંની ઘણીખરી કરવાને અશકત હોય છે. તે ચાલી શકતું નથી, તે બોલી શકતું નથી, તે કંઇ પકડી શકતું નથી, વગેરે.

મનુષ્ય-બાળ જન્મતી વખતે પ્રાણીના બચ્ચા કરતાં પછાત જોવામાં આવે છે; તેમ છતાં પ્રાણીના કરતાં ઘણી જ વધારે શકિતઓ તેનામાં અંતર્ગત શકિતઓ રહેલી હોય છે. એ અન્તર્ગત શકિતઓ બહાર લાવવા માટે મનુષ્યબાળ દિવસે દિવસે પ્રયત્ન કરતું જોવામાં આવે છે. તે આજુબાજુની પરિસ્થિતિનો અભ્યાસ કરવા માંડે છે. પોતાના અંગના વિવિધ અવયવોમાં રહેલી તાકાત કેળવાય તે માટે તે અવયવોનો ઉપયોગ કરવા માંડે છે. બાળ- કનો સ્વભાવ વિકાસશીલ હોવાથી મનુષ્યજાતીએ ઉપજાવેલી સંસ્કૃતિ પચાવવાનું તે પસંદ કરે છે. પરિણામે બાળક ભાષા, ચિત્ર, સંગીત, સ્નેહસંબંધ વગેરેમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધે છે.

મનુષ્યબાળમાં ઇચ્છાશકિત, બુધ્ધિ વગેરે હોવાથી તે પ્રાણીઓ કરતાં ઘણું જ આગળ વધેલું છે. મનુષ્યપ્રાણી પોતાના હાથનો ઉપયોગ અનેક દિશાઓમાં કરી શકે છે. તે પોતાની ઇચ્છાશકિત દ્વારા વિવિધ કાર્યો પાર પાડી શકે છે. બીજાં પ્રાણીઓ મનુષ્યને મળતી કેટલીક ક્રિયાઓ કરતાં દેખાય છે ખરાં, પરંતુ તે બધી ક્રિયાઓ મનુષ્યબાળની ક્રિયાઓ માફક બુધ્ધિપ્રેરિત ન હોતાં પ્રેરણાગત હોય છે. મનુષ્યપ્રાણી અને બીજાં પ્રાણીઓ વચ્ચે મહત્ત્વનો ભેદ એ છે કે મનુષ્ય એ પોતે પોતાનો સ્વામી છે, અને બીજાં પ્રાણીઓ એ કુદરતી આવેગોને જ આધીન છે.

(૩)

બાળક વિકાસ સાધી શકે તે માટે તેને પોતાના સ્નાયુઓની જુદી જુદી તેમ જ એકબીજા સાથે સહકારી ખિલવણી કરવી આવશ્યક હોય છે. સ્નાયુઓની માફક જ્ઞાનતંતુઓ, શરીરનાં જુદાં જુદાં અંગો, વગેરેનો વ્યકિતગત તથા સમુહગત વિકાસ સાધવાની પણ તેને જરૂર રહે છે. આમ થવા માટે બાળક એ બધાંનો ઉપયોગ કરવા માંડે છે; અને એ ઉપયોગને પરિણામે તે તેમ કરી શકે છે. બાળકને ઉપર બતાવ્યું તે પ્રમાણે વિકાસ સાધવાની આવશ્યકતા હોવાથી તે પોતાની પરિસ્થિતિમાં જે જે ક્રિયાઓ થતી જુએ છે તે તે ક્રિયાઓ કરવા માંડે છે. આ ક્રિયાઓ તે બીજાં પ્રાણીઓની માફક તદ્દન વગર સમજ્યે કરતું નથી. તે જે જે ક્રિયાઓનું અનુકરણ કરે છે, તે તે ક્રિયાઓ પાછળનું રહસ્ય તે સમજતું હોય છે. જેમકે બાળક બીજા લોકો જે ભાષા બોલતા હોય છે તે ભાષા તે વગર સમજ્યે બોલવાને બદલે તે ભાષા સમજવા ઇંતેજાર હોય છે, અને તે સમજે પણ છે.

બાળક પરિસ્થિતિમાંની પોતાને ઉપયોગી ક્રિયાઓ કેવી રીતે કરવી તે બરાબર સમજી શકે તે માટે મોટાંએ તે ક્રિયાઓ અસંદિગ્ધ રીતે, સ્વાભાવિક રીતે તેમ જ સંપૂર્ણ રીતે કરવી જોઇએ. વળી બાળક આજુબાજુ થતી ક્રિયાઓમાંની જે કોઇ ક્રિયાઓ કરવા ચાહે તે ક્રિયાઓ બાળકની વતી મોટેરાંઓએ કરી ન લેતાં તેને કરવાની તક આપવી જોઇએ; કારણ કે બાળકનો હેતુ બીજા મારફત ક્રિયા થાય તે જોવાનો ન હોતાં પોતે ક્રિયા દ્વારા ક્રિયા કરવાની શક્તિ મેળવે તે હોય છે.

જો કે બાળકને માટે ક્રિયા કરી દેવી તે બાળકને જાતે ક્રિયા કરતું કરવું તેના કરતાં વધારે સરળ છે; તેમ છતાં બાળકનું હિત ઇચ્છનારે બાળકને માટે કામ નહિ કરી લેતાં બાળક પોતે કામ કરી શકે તેવી અનુકૂળતા તેને કરી આપવી જોઇએ. બાળક પોતે પણ પોતાના વિકાસને અંગે જે ક્રિયાઓ કરતું હોય છે તેમાં બીજાનો વિક્ષેપ તે નાપસંદ કરે છે, અને પોતે સ્વતંત્ર રીતે કામ કર્યાનો સંતોષ અનુભવવા ઇચ્છે છે.

આનો અર્થ એમ નથી કે બાળકને બિલકુલ મદદ જ કરવી નહિ અથવા તેની ઉપેક્ષા કર્યા કરવી. આમ કરવાને બદલે બાળકની પોતાની શક્તિઓ કુંઠિત ન થાય અને તે વિકાસને માર્ગે વધારે સરળતાથી કેવી રીતે પગલાં માંડી શકે તેનો વિચાર મોટેરાંઓએ સતત કરવો જોઇએ. આનો અર્થ એમ છે કે બાળકને કયા કામમાં કેટલી કયારે મદદ કરવી અને કેટલી કયારે મદદ ન કરવી, તેનો સૂક્ષ્મ વિવેક મોટેરાંઓએ અર્થાત્ બાળકની માતાએ, પિતાએ, શિક્ષકે વગેરેએ કેળવવો જોઇએ.

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ થશે કે બાળકના વિકાસ માટે બાળક પોતે સ્વતંત્ર બનતું જાય તે, તથા તે સ્વતંત્ર રીતે પોતાનો વિકાસ સાધી શકે તે જાતનું વાતાવરણ ખડું કરવું એ બાલવિકાસના અગત્યના પ્રશ્નો છે. આ સંબંધી કેટલીક ઉપયોગી માહિતી 'બાલ-જીવનનું રહસ્ય' (Secret of Childhood) નામના પુસ્તકમાંથી મળી શકે તેમ છે.

(૪)

અત્યાર સુધી માનસશાસ્ત્રીઓએ મોટી ઉંમરના માણસોનું અવ-લોકન કરી માનસશાસ્ત્રના સિદ્ધાન્તો ખોળી કાઢેલા છે; પણ હવે માનસ-

શાસ્ત્રીઓએ બાલજીવનનું અવલોકન કરવા માંડયું છે. એ અવલોકનને પરિણામે મોટી ઉંમરના માનસની ખાસિયતો કરતાં જુદી જ ખાસિયતો બાલમાનસની જોવામાં આવી છે.

બાલમાનસનો અભ્યાસ કરનારને એમ સમજાયું છે કે બાળપણથી જ વાતાવરણ તેને અસર કરે છે. બાળપણમાં જેટલી શક્તિ વાતાવરણમાંથી યોગ્ય પસંદગી કરવાની હોય છે, તેટલી શક્તિ બાળપણ જતું રહેતાં પ્રાણીમાં રહેતી નથી. મનુષ્યજીવનના બાળપણ સંબંધી જ આવું બને છે એમ નહિં, પણ સમગ્ર પ્રાણીજીવનને આ વસ્તુ લાગુ પડે છે.

બાળકના ઉપર વાતાવરણ તેને અસર કરે છે એટલા માટે બાળકના વાતાવરણ સંબંધી વિચાર થવો જોઇએ. આ સંબંધી અનેક પ્રયોગો—અનુભવોને પરિણામે એમ સમજી શકાયું છે કે બાળકને વાતાવરણમાં વ્યવસ્થિતતા ગમે છે. અવ્યવસ્થિત વાતાવરણમાં બાળક ઘણું મૂંઝાય છે, અને વાતાવરણમાંથી પસંદગી કરી વિકાસ કરવાની બાળકની જે પ્રવૃત્તિ છે તે ઘણી અટકી પડે છે.

એક વર્ષનું બાળક વાતાવરણની વ્યવસ્થિતતા કે અવ્યવસ્થિતતા તરફ પસંદગી—નાપસંદગી બતાવે છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ વ્યવસ્થિતતા તરફનો એનો આદર એટલો સચોટ રહેતો નથી. માણસમાં જે વ્યવસ્થા તરફનો આદર છે અને એને પરિણામે માણસ જીવનકાર્ય વધારે સરળતાથી સાધી શકે છે, તેનો ઘણોખરો યશ એના બાળપણમાં વ્યવસ્થા તરફનો આદરભાવ કુદરતે મૂકેલો છે તેને ભાગે જાય છે. બાળકને વ્યવસ્થા પ્રિય છે તે આપણે અમુક વસ્તુઓનું ચોક્કસ સ્થાન બદલાતાં તેના તરફ તે જે નાપસંદગી દર્શાવે છે તથા કેટલીકવાર મૂંઝાય છે તે ઉપરથી જોઇ શકીએ છીએ.

(૫)

બાળક એ વિધાતા છે. એ પોતાનું જીવન—પ્રગતિનું કાર્ય હરહંમેશ કર્યા કરે છે. એ કાર્ય એ જન્મતાં પહેલાં પણ કરતું હોય છે. પોતાના શરીરનું બંધારણ બાંધવા માટે માતાના શરીરનાં તત્ત્વોમાંથી પોતાને જરૂરી તન્તુઓ તે ગ્રહણ કરે છે. આ ક્રિયા બાળકના જન્મ પછી જુદે સ્વરૂપે દેખાય છે. અત્યાર સુધી એ પોતાના શરીરની રચના કરતું હતું, તેને બદલે તે હવે આ ઉપરાંત જીવનની સર્વ શક્તિઓ ઘડવા પ્રયત્નશીલ બને છે. બાળકના આ રચના કરવાના સ્વભાવને પરિણામે આપણે જે વિવિધ શક્તિયુક્ત મનુષ્ય જોઇએ છીએ તે પરિણમે છે. આને લીધે જ બાળક મનુષ્યનો જનક કહેવાય છે.

બાળક રચનાનું કાર્ય સતત કરતું દેખાય છે. એને એ કાર્યમાં રચના કર્યાનો ઉચ્ચ આનંદ આવે છે. આ રચનાની ક્રિયા વડીલો સમજે તો બાળકના કાર્યમાં તેઓ અવરોધ નહિ કરતાં તેને અનુકૂળ બને.

બાળક પોતાના જીવનના નિર્માણ માટે પ્રવૃત્તિ કરતું ઘણીવાર જોવામાં આવે છે. તે પોતાના શરીર, મન અને બુદ્ધિ વચ્ચે સહકારી સંબંધ ખીલવવા માટે વિવિધ કાર્યો કરે છે. કેટલીકવાર તે પાણીનો કૂંજો લઇ જવાનો પ્રયાસ કરતું હોય છે; કેટલીકવાર તે વસ્તુ કેમ પકડવી તે શીખવા માટે પદાર્થો સાથે ગડમથલ કરતું હોય છે; કેટલીકવાર અમુક વસ્તુ એક જગ્યાએથી બીજી જગ્યાએ તે લઇ જતું દેખાય છે; તેમ જ કોઈ કોઇ વાર તે વસ્તુઓની ગોઠવણી કરતું હોય છે. આ બધાની પાછળ જીવનપ્રગતિ સાધવી એજ હેતુ રહેલો હોય છે.

બાળક પોતાના જીવનની રચના શરીર, મન અને બુદ્ધિનો ઉપયોગ કરવો પડે તેવાં કાર્યો મારફત જ સાધી શકે. આ કાર્ય તેણે પોતે જ કરવું રહ્યું. તરતાં શીખવા માટે માણસે જાતે જ પ્રયત્ન કરવો પડે છે તેમ બાળકે પોતાનું જીવન ઘડવા માટે તેણે પોતે જ પ્રયત્ન કરવો પડે છે. જીવનપ્રગતિ સાધવાના આ કાર્યની અંદર બાળકને દુઃખ થતું મોટેરાંઓને કેટલીકવાર દેખાય છે. વળી બાળકના કાર્યની ગતિ ઘણી ધીમી હોવાને લીધે પણ મોટેરાંઓની ધીરજ ખૂટી જાય છે. આથી મોટેરાંઓએ બાળકની જીવનપ્રગતિનું સ્વરૂપ સમજી વારંવાર વચ્ચે પડવાનું ત્યજી દેવું જોઇએ. બાળકના જીવન સાથે સુમેળ સાધતાં મોટેરાંઓએ શીખવું જોઇએ. બાળક મોટેરાંના વિક્ષેપ સિવાય જીવનપ્રગતિ સાધી શકે તો તે વિજયપ્રાપ્તિનો ઉચ્ચ આનંદ અનુભવે છે.

(૬)

મનુષ્યજીવનમાં તેમ જ ઇતર પ્રાણીઓના જીવનમાં બાલ્યકાળ એ જીવનના બંધારણનો કાળ છે. તે વખતે પરિસ્થિતિમાંથી ગ્રહણ કરી જીવનનું બંધારણ ઘડે છે. આ બંધારણ ઘડવાની ક્રિયા પુખ્ત-ઉંમરની પહેલાં થઇ જાય છે. અમેરિકામાં એક પ્રાણીશાસ્ત્રી છે. એણે મધમાખીઓની જાત સુધારવા માટે ઘણા અખતરા કર્યા છે. એ અખતરાઓમાંનો એક અખતરો મધમાખીઓના ડંખનો નાશ કરી તેને જોખમ સિવાયની બનાવવી અને તે વધારે પ્રમાણમાં તેમ જ વધાર મીઠું મધ બનાવી શકે તેવી બનાવવી એ હતો. આ અખતરો તેણે મોટી મધમાખીઓ ઉપર કરી જોતાં તે નિષ્ફળ નીવડયો, પરંતુ માખીઓનાં બચ્ચાં પરનો તેનો પ્રયોગ સફળ નીવડયો. આ ઉદાહરણમાંથી એટલું ફલિત થાય છે કે બાલ્યકાળ એ બંધારણનો કાળ હોવાથી તેના બંધારણના કાર્યમાં અનુકૂળ થઇ પડે એવી જાતના વાતાવરણમાંથી તેને ગ્રહણ કરવા દેવું જોઇએ. વળી વાતાવરણ બાળકના વિકાસને યોગ્ય રચવાની પણ કાળજી લેવાવી જોઇએ,

બાળકના જીવનઘડતરના કામમાં કયું ઉપયોગી છે અને કયું બિનઉપયોગી છે, તે બાળક જાતે જ નક્કી કરી શકે. બીજાઓ એના ઉપર પોતાની દૃષ્ટિએ અમુક વસ્તુઓ લાદવા જાય તે બાળક પસંદ કરતું નથી, તથા તેથી તેને લાભ થવાને બદલે નુકસાન થાય છે.

બાળક બીજા વર્ષમાં મોટે ભાગે વાતાવરણમાંનું સમગ્ર પકડવાને બદલે વાતાવરણમાંની અમુક ઝીણી બાબત ગ્રહણ કરવી પસંદ કરે છે. બાળક ઘણાં ચિત્રોમાંથી અમુક જ ચિત્રની નાની વસ્તુઓ તરફ પોતાનું ધ્યાન દોરે છે. ઘણી વાર એવી વસ્તુઓ મોટેરાંના ધ્યાન બહાર જ હોય છે. બાળક સમગ્ર વાર્તા સમજવા છતાં એનું ધ્યાન વધારે કેંદ્રિત તો વાર્તાના અમુક પ્રસંગ ઉપર જ થાય છે. બાળક પરિસ્થિતિમાં રહેલાં ફળ, ફૂલ, પશુ, પંખી વગેરે સમગ્રમાં રસ લેવાને બદલે કેટલીક વાર નાના જીવડા જેવી બાબતમાં જ પોતાનું ધ્યાન કેંદ્રિત કરે છે. જિસસ ક્રાઇસ્ટના જીવન સંબંધી ચિત્રોમાંથી એકાદ ચિત્રની અમુક વિગત ઉપર બાળકનું ધ્યાન ગયેલું હોવાનું નોંધાયું છે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે મોટાંઓને જે વસ્તુઓ અસર કરે છે, તે વસ્તુઓ કરતાં જુદી જ વસ્તુઓ ઘણી વાર બાળકોને અસર કરે છે. આથી બાળકના આ જાતના સંવેદનકાળનું સ્વરૂપ સમજી મોટેરાંઓએ તેને પોતાના રસની વસ્તુઓ તરફ આકર્ષવાને બદલે એના સંવેદનને અનુકૂળ થાય તે જાતની પરિસ્થિતિ ઉભી કરવી જોઇએ.

આથી કરીને જ પાંચ વર્ષની ઉંમર થતાં સુધી બાળક બીજાનું દોરવ્યું દોરાઇ બીજા પાસે ખાસ શીખી શકતું નથી. આને લીધે કેટલાક એમ માને છે કે પાંચ વર્ષ સુધી બાળક ઠોઠ હોય છે; પરંતુ વસ્તુતઃ બાળક ઠોઠ હોતું નથી. તે તો જીવંત રહી દિનપ્રતિદિન જીવનસિદ્ધિ પ્રાપ્ત કરતું હોય છે. આ કામ મહત્ત્વપૂર્ણ હોવાથી મનુષ્યે તેના તરફ આદર બતાવવો જોઇએ; અને આમ જો થાય તો મનુષ્યજાતનું સ્વરૂપ ઘણી ઉંચી જાતનું બને, અને પરિણામે પૃથ્વીનું રંગ બદલે. શિક્ષણ પત્રિકાઓમાંથી સાભાર ઉધ્ધૃત. વિ. છ. મ. અને શાં. સેા. પ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨